ઉપદેશમાળા.

ભાગ ૨ જો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દલપત કાવ્ય.

ભાગ ૨ જો.

છબી વિષે દોહરો.

શું જોશો તનની છબી, એમાં નથી નવાઈ;
નિરખો મુજ મનની છબી, ભલા પરીક્ષક ભાઈ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી તરફથી

હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ.,

આસિ. સેક્રેટરી—અમદાવાદ.

આવૃત્તિ ચોથી　　　　પ્રત ૧૦૦૦

ઈ૦ સન ૧૯૨૪.　　　　સંવત્ ૧૯૮૧.

કિંમત [redacted]

P. P. Ac. Gunratnasuri M.S.　　　　Jin Gun Aaradhak Trust

ધી 'ગુજરાત' પ્રિન્ટિંગ પ્રેસમાં શાહ સોમાલાલ
મંગળદાસે છાપ્યું, ઠે. પાંચકુવા—અમદાવાદ.

સર્વ હક્ક ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીએ સ્વાધીન રાખ્યા છે.

અનુક્રમણિકા.

પ્રકરણ ૧ લું-અંગ્રેજી રાજપ્રકરણ.

રાજ પ્રશંસા ૧
માગ્યા વગર મળે નહિ તે વિષે ૨
વેઠે કામ ન કરવા વિષે...નગર ચર્ચા ૨
જુના અમલદારોની દીલગીરીનું વર્ણન... ... ૪
પ્રજાનું દુઃખવર્ણન ૫
મધ્યમ જુલમ ૮
અંગ્રેજી કાયદા વિષે... ... ...૧૨
પીડાહરણ સ્તોત્ર ૧૨
વિક્ટોરિયા રાણી વિષે ૧૩
ગુજરાતમાં મહારાણીનું રાજ્ય સ્થપાયા વિષે ...૧૪
પ્રીન્સ ઓફ વેલ્સના લગ્ન વિષે ૧૫
ગવર્નર જનરલ લૉર્ડ મેઓનું મૃત્યુ ૧૫
પ્રીન્સ ઑફ વેલ્સ વિષે પ્રભુ પ્રાર્થના ૧૬
ગવર્નર સાહેબ રાજકોટ પધાર્યા તે વિષે... ...૧૮
પ્રીન્સ ઓફ વેલ્સ મુંબાઇમાં આવ્યા તે વિષે ...૧૮
કૈસરે હિંદ વિષે ૧૮
મહારાણીની પ્રશંસા... ... ...૨૨

પ્રકરણ ૨ જું.

સ્વદેશવાત્સલ્ય તથા કળાકૌશલ્ય ૨૩
સુધારો કરવા વિષે ૨૩
સ્વદેશાભિમાન વિષે ૨૫
હિંદુસ્તાન ઉપર હુન્નરખાનની ચડાઇ ૨૬
સમાચારપત્રને વિનંતિ ૩૨
પ્રભાકરપત્રને વિનંતિ ૩૨
જે બાપથી લક્ષ્મી સમુદ્રમાં પડી તે ૩૩
કપાસ વિષે ૩૪
દેશ સુધારા વિષે ૩૫
હુન્નરનાં સાધનો વિષે ૩૫
છાપખાના વિષે ૩૫
બંબાષ્ટક ૩૬
આગગાડી વિષે ૩૬
ઉદ્યમ તથા કર્મ વિષે ૩૭
કર્મવાદ ૩૭
કર્મવાદ ખંડન ૩૮
ધીમે ધીમે કામ કરવા વિષે ૪૦
ફાંસ કાઢતાં પેસે સાલ ૪૧
દેખાદેખી કરવા વિષે ૪૧
અપૂર્ણ ઉપાય વિષે... ... ...૪૨
આળસ વિષે ૪૨
વિદ્યા મહિમા... ... ...૪૩
નિબંધ લખવાની રીત ૪૪
નિશાળ ૪૪
દેશાટન વિષે ૪૫
સંપ વિષે. ૪૫
સંપલક્ષ્મી સંવાદ ૪૬
દુઃખી જીવતર વિષે ૫૨
સુખી જીવતર વિષે... ... ...૫૩
કેફ વિષે. ૫૫
જાદવાસ્થળીનું વર્ણન ૫૬
પંડિત મિત્રાચારી ૫૭
મૂર્ખની મિત્રાચારી ૫૭
લડાઈનું મૂળ... ... ...૫૮
વર્તમાનપત્રો વિષે ૬૧
સ્ત્રી વિષે ૬૨
ઘરસૂત્ર વિષે ૬૫
પતિવ્રતા ૬૫
નઠારી સ્ત્રી ૬૬
શુકસંદેશો ૬૮
ઉત્તમ કુળ વિષે ૬૯
મરનારની પછવાડે રોવા વિષે ૭૦
બુદ્ધિવર્ધક વિષે ૭૩

પ્રકરણ ૩ જું.

ફાર્બસ વિલાસ—... ... ... ૭૪
ફાર્બસ વિરહ— ૧૧૭

પ્રકરણ ૪ થું.

લક્ષ્મી સંબંધી ૧૨૭
મોટા માણસ વિષે... ... ...૧૨૮
રાજા વિષે,—દ્રીઅર્થી ૧૨૯
રાજનીતિ ૧૨૯
ભોજરાજા વિષે ૧૩૦
કુરાજ વિષે... ... ...૧૩૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શૂરવીર છત્રીશી... ... ...૧૩૨
હિંમત વિષે ૧૩૫
રાજ વિદ્યાભ્યાસ ૧૩૬
લાંચ વિષે ૧૪૫
જુલ્મ વિષે ૧૪૬
જોર વિષે ૧૪૬
જોબનનું જોર ૧૪૬
નિર્બળ વિષે ૧૪૭
પેટ ભરવા વિષે... ... ...૧૪૭
ચડતી પડતી દશા વિષે ૧૪૭
દુઃખ વિષે ૧૪૮
કરજ વિષે ૧૪૯
અંગ ઉધારનો ઝઘડો ૧૫૦
કરજ ન કરવા વિષે ૧૫૨
ફુલણજી વિષે ૧૫૨
કરકસર કરવા વિષે ૧૫૩
કંજુસ વિષે ૧૫૪
ગરજ વિષે ૧૫૪
કીંમત વિષે ૧૫૫

પ્રકરણ ૫ મું.

વિજય વિનોદ ૧૫૭
કાવ્યતરંગ-અનેકાર્થ કાવ્ય ૧૫૭
વિરોધાભાસ અલંકાર ૧૭૧
વક્રોક્તિ અલંકાર ૧૭૩
રત્નાવળી અલંકાર ૧૭૩
પ્રશ્નોત્તર વિષય ૧૭૫
સમશ્યાપૂર્ત્તિ ૧૭૭
સમસ્યાઓ ૧૭૭
વચન વિવેક બાવની ૧૭૯
ભાઇ વિષે ૧૮૨
વરસ માસ તથા દહાડા વિષે ૧૮૩
અતિશય સર્વ અસાર ૧૮૪

પ્રકરણ ૬ ઠું.

વેનચરિત્ર ૧૮૫

પ્રકરણ ૭ મું.

નામાંકિત જનો વિષે ૨૪૯
મુંબાઇના પારસીઓની ગરબી ૨૪૯
સર જમશેદજીનો રાસડો ૨૫૦
ધનજી કામાની ગરબી ૨૫૧
મુંબાઇના દરજીનો ગરબો... ... ...૨૫૧
મુંબાઇના શેઠ નાનાશંકર વિષે ગરબી ...૨૫૪
રાવ સાહેબ મહીપતરામ રૂપરામ વિષે ...૨૫૪
મુંબાઇના સર મંગળદાસ નથુભાઈ વિષે ...૨૫૬
નગરશેઠ પ્રેમાભાઈ વિષે ૨૫૭
રાવબહાદુર જગજીવનદાસ ખુસાલદાસ વિષે ...૨૫૮
ડાક્તર વાયલી સાહેબ વિષે ૨૫૮
ઇડરના મહારાજા જુવાનસિંહજી વિષે ...૨૫૯
મિસ મેરી કાર્પેંટર વિષે ૨૫૯
દફતરદાર દાજીભાઈ સુંદરલાલ વિષે... ...૨૬૦
મિસ્તર કસનદાસ મુળજી વિષે ૨૬૦
રાવ બહાદુર બહેચરદાસ અંબાઇદાસ વિષે ...૨૬૧
લીંબડી મહારાણા જશવંતસિંહજી વિષે ...૨૬૨
કવિ નર્મદાશંકરના સરસ્વતી મંદિર વિષે ...૨૬૨
રાવ બહાદુર ભોળાનાથ સારાભાઇ વિષે ...૨૬૩
રા. બા. ભોળાનાથ સ્ત્રી વિદ્યાલય વિષે ...૨૬૩
અહીંના જડજ ટાગોર સત્યેંદ્રનાથ બાબત ...૨૬૪
ભાવનગરની ગરબી ... .૨૬૫
નવી દુનિયા વિષે-અદ્દભુત રસ ૨૬૫
કાળના વેગ વિષે ૨૬૬
લોર્ડ રીપન વિષે ૨૬૭
ધી ઇમ્પીરિયલ ઇન્સ્ટીટયુટ વિષે કવિતા ...૨૬૭
આવાંબાઇ નરસીંગ હોમ વિષે ગરબી ...૨૭૨
આયુષ ઘટવા વિષે ગરબી ૨૭૨
લોર્ડ રે વિષે ૨૭૩
સર ટી. સી. હોપ સાહેબ અમદાવાદ પધારેલા
તે વખતે કહેલી કવિતા ૨૭૪
ખાન બહાદુર નવરોજજી વિષે કવિતા ...૨૭૪
મી. દાદાભાઇ નવરોજજી વિષે ૨૭૫
ખાન બહાદુર જહાંગીરજી પેસ્તનજી વિષે ...૨૭૬

પ્રકરણ ૮ મું.

હોપ વાંચન માળામાંની કવિતાઓ... ...૨૭૭
માંગલિક ગીતાવલી ૩૦૧-૩૬૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દલપત કાવ્ય.

ભાગ ૨ જો.

प्रकरण १ लुं.

ઇંગ્રેજી રાજ્ય પ્રકરણ.

રાજ્યપ્રશંસા.

મનહર છંદ.

આદિત્ય ઉદય સમ અંગ્રેજી રાજ્ય થયું,[૧]
વિવિધ વિદ્યા ભણવા લાગિયા વિદ્યારથી;
અનેક પ્રકારના ઉદ્યમે લાગ્યા લોક સઉ,
ધારી ધર્મક્રિયા કરે લોક ધરમારથી;
ત્રાસ મટયો તસ્કરનો સૌએ ખુલ્લાં દ્વાર મુકયાં,
ખાય પીએ સુખે સુએ વિચરે સુખારથી;
બાગ બંગલા બનાવે ભોગવે વૈભવ ભલા,
પુન્યકાળ જાણી પુન્ય કરે પરમારથી. ૧

ઘોર ચોર ઘુવડ તો ઘરમાં ઘલાઇ રહ્યા,
ઘાતક તે ઘાત ભૂલ્યા ભૂલ્યા રીત રાતની;
ધનહીન ધનવાન ધીમે ધીમે ધંધે ધાયા,
ધૈર્ય ધરી ધાક તજી કપટી કજાતની;
કમળ સમાન મુખ કમળ અમળ ફુલ્યાં,
સમળ શીકલ યે અબુધ બુધતાતની[૨];
ભાનુ શો ભભકદાર ભાળ્યો અંગરેજ ભૂપ,
ભાળો ભલી ભૂમિ મધ્ય શોભા ભાતભાતની. ૨

દોહરા.

નૃપ રૈયતને લૂટતા, વળિ તસ્કરની જાત;
વાડ ખેતરો ખાય ત્યાં વનચરની શી વાત ! ૩

કેમ સુજે વિદ્યા કળા, પ્રતિદિન જ્યાં ગભરાટ;
વરૂઓ જ્યાં વિંટી વળે, કેમ સુજે શુભ વાટ. ૪

કોઇ દવાખાનાં કરે, કિતાબખાનાં કોઇ;
ઉલટ વધી શુભ કામની, એક એકનું જોઇ. ૫

વસ્ત્ર બોળિયે રંગમાં, તેવો લાગે રંગ;
અસર થઇ અંગ્રેજની, તેમ પ્રજા નૃપ અંગ. ૬

રાજકુમાર ભણાવિયા, કર્યા અધિક હુશિયાર;
સુખ રસ સિંચ્યો મૂળમાં, ઉત્તમ એજ પ્રકાર. ૭

વિસર્યા વિક્રમ ભોજ નૃપ, વિસર્યું રઘુકુળ રાજ;
થયું નથી થાશે નહીં, એવું રાજ્ય છે આજ. ૮

કર્મ કરે તે ભોગવે, સર્વ બીજાને સૂખ;
કુકર્મ જમણો કર કરે, ડાબાને નહિ દુઃખ. ૯

એવું છે આ રાજ્યમાં, સર્વ પ્રજાને આજ,
તે કારણ સૌકો કહે, નિશ્ચય નેકી રાજ. ૧૦

મનહર છંદ.

હતા મોટા મોટા જે અમીર કે ફકીર હતા,
હતા વળી પીર કે પીરાન પીર જાગતા;
દેવ મહાદેવ નરદેવ કે ભૂદેવ હતા,
પુજારીને પુત્ર આપે એવા મૂખ માગતા;
ભાગ લેવા ભોગ લેવા નિરોગીને રોગ દેવા,
લાલચુ થઇને જોરે લોકો કેડે લાગતા;
આવ્યું નેક રાજ્ય તેથી આજ સર્વે ઊંઘી ગયા,
કાં તો ભારે ભયથી ફરે છે દૂર ભાગતાં. ૧૧

---

૧. અંગ્રેજની કંપની ઈ. સન ૧૬૦૦ ના સૈકામાં વેપાર વાસ્તે આવી અને અંગ્રેજે મુંબઇ ૧૬૬૨ માં અને અમદાવાદ ૧૭૮૦ માં જીતી લીધું.

૨. બુધતાત—ચંદ્રમા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માગ્યા વગર મળે નહીં તે વિશે.

દોહરા.

આ શાણી સરકારનો, નિર્મળ છે શુભ ન્યાય;
પણ બોલ્યા વિણ કોઈનાં, બોર નહીં વેચાય. ૧
માગે તેને તો મળે, અદલ રૂડો ઇનસાફ;
એ અંતરજામી નથી, કેમ કરે દરિયાફ. ૨
માતા પણ માગ્યા વિના, આપે નહીં અનાજ;
ઘટમાં ઘુંટાઇ રહે, કશું સરે નહિ કાજ. ૩

ચોપાઇ.

બોર વેચવા નિસરી બહાર, ચાલી સ્ત્રિયો મળીને ચાર;
અણબોલી અમથી અથડાય, બોલે તેનાં બોર વેચાય. ૪
પડતો જુલમ ખમે જે પ્રજા, વાંક વિના વેઠે તે સજા;
અરજ કરે દુઃખ અળગું થાય, બોલે તેનાં બોર વેચાય. ૫
જમતાં માગે તે જન જમે, નવ માગે તે ભૂખ્યો ભમે;
માગ્યા વિના ન પિરસે માય, બોલે તેનાં બોર વેચાય. ૬
ભણતર ગણતર ભારે ભણ્યો, ઘર બેસી રહે થઇ ઘરજણ્યો;
ગુણ તેના ક્યાંઇ ન ગણાય, બોલે તેનાં બોર વેચાય. ૭
ઉરમાં અતીશે ઉમેદવાર, બોલિ શકે નહિ બોલ લગાર;
એહા સદા બગાસાં ખાય, બોલે તેનાં બોર વેચાય. ૮
કોઇ પડયો અંધારે કુવે, રહે ત્યાંજ જો છાનો રૂવે;
સોર કરે તો મળે સહાય, બોલે તેનાં બોર વેચાય. ૯
અંતરમાં આશા ધરિ રહે, જો કોઇ આગળ નવ કહે;
શી રીતે તે જાણિ શકાય, બોલે તેનાં બોર વેચાય. ૧૦
લૂટાયો વસ્તીમાં વસી, કોઇને વાત કહે નહિ કશી;
તેનું તો વળતર ન વળાય, બોલે તેનાં બોર વેચાય. ૧૧
એક શેરિયે કરિને સોર, બોલે કે બાઇયો લો બોર;
ફરી[1] ન બોલે ફોગટ જાય, બોલે તેનાં બોર વેચાય. ૧૨
કષ્ટ ફરી ફરિ કોઇને કહો, રે માણસ શિદ મૂગાં રહો.
એમ કીધે જડશે ઉપાય, બોલે તેનાં બોર વેચાય. ૧૩
આહાર ને ઉદ્યમનાં કર્મ, સમે માગતાં શાની શર્મ;
પડે શરમ નહિ પેટ ભરાય, બોલે તેનાં બોર વેચાય. ૧૪
કલ્યા વિના તો ન સરે કામ, દિલથી કહે દલપતરામ:
ગાંડો હૈયામાં ગોટાય, બોલે તેનાં બોર વેચાય. ૧૫

---

૧. એકજ વાર બોલીને બેશી રહેવું નહિ પણ એકથી વધારે વાર પણ બોલવું.

વેઠે કામ ન કરાવવા વિશે.

નગર ચર્ચા.

ગવરનર એલફીન્સ્ટન સાહેબ આગમવર્ણન

ભાગ ૧ લો.

સંવત ૧૯૧૨ ના માગશર સુદ ૧૩ સને ૧૮૫૫ ના ડીસેંબર માસની તા. ૨૫ મી ભોમવાર :–તે માસમાં સુદ પુનમને રોજ અમદાવાદમાં હાઇસ્કુલમાં સભા ભરી હતી. તેમાં ગવરનર સાહેબના કારભાગી આજમ વિનાયકરાવ વાસુદેવજી, મહિકાંઠાના દફતરદાર હીરાલાલ બાળકૃષ્ણ, તથા હીમતરામ મૂળજી વગેરે તથા શહેરના ગૃહસ્થો, મળીને આશરે ૧૫૦ સભાસદો હતા, તે વખતે આ કવિતા વાંચી સંભળાવી હતી; પછી અમદાવાદના વર્તમાનપત્રમાં છપાઇ હતી.

દોહરા.

શ્રી જગપતિને સ્નેહથી, વંદું વારંવાર;
વાત નગરચરચા તણી, પ્રગટ કરૂં આ ઠાર. ૧
વિક્રમ સરખા ભુપતી, પલટી પોતે વેશ;
ચરચા શુણવા નગરની, હરખે જતા હમેશ. ૨
ચૌટે ચોરે ચોવટે, પનઘટ દરજી ઘેર;
તહાં નગર ચરચા જઇ, શુણતા રૂડી પેર. ૩

ચોપાઇ.

જે સુખિયા કે દુખિયા લોક, સદા હરખ કે ઝાઝો શોક;
જશ અપજશ પોતાનો થાય, કેવો લોક વખાણે ન્યાય. ૪
કોણ જુલમ કો ઊપર કરે, એ શુણવા આપે વીચરે;
એવી રીત અસલ જે હતી, આજ અહિયાં થઇછે છતી. ૫

દોહરા.

ઇચ્છા કરી ગવરનરે, જોવા સઘળો દેશ;
સાથે લીધા સજ્જનો, જેની બુદ્ધિ વિશેષ. ૬
બેશી અગ્નીબોટમાં, પરવારયા જળપંથ;
આવ્યા સુરત શહેરમાં, લખતાં વાધે ગ્રંથ. ૭
જોયું અમદાવાદ ભણિ, આવ્યાની કરિ આશ;
તુરતજ તેની દૃષ્ટિયે, રવિસમ થયો પ્રકાશ. ૮
કચરા કાદવ ઉડિ ગયાં, ગયા ટેકરા ખાડ;
ગઇ રસ્તાની ગંદકી, ગયાં હરકતી ઝાડ. ૯

ભુજંગી છંદ.

ઘરે ઘેર ચોંપે થયાં ચિત્ર સારાં,
ગયા ઊડિ ટર્દા દરિદ્રિ નઠારાં;
થયાં ઊજળાં બારણાં ગોખ જાળી,
બની વર્ષમાં જેમ બીજી દીવાળી. ૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરા.

ગપ્પ [1]દિવાળીને દિને, વહેમીએ કો ઠાર;
પ્રગટિ હુતાશનિ તેથિ થઇ, દીવાળી આ વાર. ૧૧
કાં અથવા પૂરી થઇ, જાણી ઇસ્વી સાલ;
તેથી દીવાળી કરી, લઇ અંગ્રેજી ચાલ. ૧૨

ભુજંગી છંદ.

જહાં ત્યાં મળી લોક વાતો બનાવે,
કહે સર્વથી શ્રેષ્ટ સાહેબ આવે;
ઇહાં આવીને કાંઇ કર્શે નવાઇ,
લુચા ચોરટાની થશે ચોકશાઇ. ૧૩
નિશાળે કરે છોકરા વાત એવી,
ભણીને પરીક્ષા ભલી રીત દેવી;
ભણે બાળકો ચોંપથી ચિત્ત લાવી,
ઇનામો ભલાં આપશે ભૂપ આવી. ૧૪
થઇ છાપખાના તણી આતુરાઇ,
સુધારો વધારો થશે એવું ચાઇ;
ઘણી રીત શોભા કરી શેઠ લોકે,
તહાં લોક જોવા મળે થોક થોકે. ૧૫

દોહરો.

મૃગશિર શુદિ તેરશ તિથી, ઓગણીસેં ને બાર;
આવ્યા અમદાવાદમાં, મુંબઇના સરકાર. ૧૬

ભુજંગી છંદ.

મળીને ગયા લોક સાહેબ સામા,
છેટે તોપ બંદૂક વાજે દદામા;
કહે વાત ન્હાના વડા સર્વ હર્ખી,
વધે સ્નેહ નેણાં ભરી મૂખ નર્ખી. ૧૭

દોહરા.

પંડિત એક ઉદાર મતિ, પરોપકારી નામ;
કરવા તેણે મન કર્યું, નામ બરાબર કામ. ૧૮
ફરિ અવસર આવો વળી, ક્યાં મળશે કઇ વાર;
દુઃખ પ્રજા પોતાતણું, ક્યાં કરશે પોકાર. ૧૯
આપ દુઃખ સૌકો કહે, પરદુઃખ કહે ન કોય;
એ કારજ હું આદરૂં, જેથિ પુન્ય સહુ હોય. ૨૦
પરમેશ્વરની પ્રીતથી, જો કરૂં એવું કામ;
મળે મને સહુ લોકથી, પરોપકારી નામ. ૨૧

ચોપાઇ.

એમ વિચારી ઉભો થયો, પુર ચરચા જોવાને ગયો;
જઇ બેઠો ચૌટા મોઝાર, તહાં કરે લોકો વેપાર. ૨૨
ગાંધી તંબોળી મણિયાર, નાણાવટિ નેસ્તી સોનાર;
જડિયા ફડિયા ને કંસાર. કાપડિયા સુખડિયા સાર. ૨૩
માળી મોચી ઘાંચી ઘેર, એ સરવેની પૂછી પેર;
આજ રાજ અંગ્રેજી થયું, દુખ સુખ તેથી તમને રહ્યું ૨૪
મિત્રપણાથી સુજને કહો, હું સહેજે સાંભળવા રહ્યો;
તે લોકોએ એવું કહ્યું, આગળ દુઃખ અમે બહુ સહ્યું. ૨૫
રાજાની હરકત બહુ હતી, તેતો કાંઇ કહી નવ જતી;
મૂલ વિના લઇ જાતા માલ, હાથ ધરે કરતા બેહાલ. ૨૬
જે કારીગર બહુ હુશિયાર, તે તો દહાડી ખાતા માર;
એવા દહાડા આગળ ગયા,હવે અમે સૌ સુખિયા થયા.૨૭
કહું પ્રભૂને બેઉ કરજોડ, રહો રાજ આ વરસ કરોડ;
ગયું સર્વદુનિયાનું દુઃખ, પ્રભુએ આપ્યું પૂરણ સૂખ. ૨૮
જો નહિ કરિયે કાંઇ કુચાલ, તો આપણ પંડે ભૂપાળ;
જુવો આજનો એવો ન્યાય ગુનેગારને હુકમજ થાય.૨૯

દોહરા.

મ્હો આગળ થઇ મારજે, જાય સ્વયં સરકાર;
મરજી હોય જો આપણી, કરિયે ઉઠી જુહાર. ૩૦
બાંધી ઢીંચણ બેશિયે, જો નહિ મરજી હોય;
આપણને આ રાજમાં, કહે ન ભિડો કોય. ૩૧
સાહેબનો સાહેબ વડો, હોય રાજનો રાજ;
વણ વાંકે નહિ આંગળી, શકે અડાડી આજ. ૩૨
એકારે પાણી પિયે, જ્યાં બકરી ને વાઘ;
સીધે રસ્તે ચાલતાં, લેશ ન લાગે ડાઘ. ૩૩
થયું નથી થાશે નહીં, આવું રાજ કોઈ કાળ;
રામરાજ કરતાં ભલો, આ પ્રગટ્યો ભૂપાળ. ૩૪
સાંભળિ પરોપકારિયે, એવિ વાત સહુ હાટ;
હરખ વધ્યો હૈયે ઘણો, ચાલ્યો બીજી વાટ. ૩૫
આવ્યો ચોરો એક ત્યાં, તુરત ગયો તે ઠોર;
જહાં મુસાફર માનવી, ઉતરે આઠે પહોર. ૩૬

૧. કોઇ વહેમીએ એવી ગપ ચલાવી હતી કે આ વરસમાં રોગચાળો આવવાનો છે માટે આ દિવાળીને રોજ હોળી પ્રગટે તો રોગ ન આવે તેથી કેટલાંએક ગામડાંઓમાં હોળી પ્રગટી હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જુલમસિંહ નામે જહાં, બેઠો રાજા એક;
ધરી હેઠી તરવાર છે, વદન ઉદાશી છેક. ૩૭

ચોપાઇ.

પરોપકારી કરી જુહાર, બોલ્યો તે સાથે તે વાર;
આજરાજદ સુંદર આ થયું, દુઃખ સરવ દુનિયાનું ગયું. ૩૮
તમે ઉદાસી બેઠા કેમ, કહિયે હોય જથારથ જેમ;
ભલું રાજ સૌને ભાવિયું,તમશિર શું સંકટ આવિયું ૩૯

જુના અમલદારોની દિલગિરીનું વર્ણન.

દોહરા.

જુલમસિંહ રાજા કહે, સાંભળ પંડિત રાજ;
અમને આ રાજ્યે કર્યા, નિરબળ જેવા આજ. ૪૦
કશો હુકમ ચાલે નહીં, રઇયત થઇ બેકેદ;
અમે વણિક જેવા થયા, એથી ઉપજે ખેદ. ૪૧
અમલદારનો દાસ પણ, રહું કરતો રાજ;
કોટીધજ પણ તુચ્છ હતા, એ વાતો ગઇ આજ. ૪૨
એક તેહનો દાખલો, કહું ધરજો કાન;
મોટો મહિમા અમલનો, સુણો ધરીને ધ્યાન. ૪૩

ચોપાઇ.

[1]જગત શેઠ જાત્રાએ ગયા, કરિ તીરથ ઘર સામા થયા;
વનમાં રથની ભાગી ધરી, દીઠી દુરથી વસ્તી ખરી. ૪૪

દોહરા.

મુનીમને ત્યાં મોકલ્યો, બોલાવા લૂહાર;
લુહાર વરણી આવિયો, એજ ઘડી એ વાર. ૪૫
મુનીમ કહેતાં લાજિયો, લુહારને એ કામ;
વાત કહી જઇ શેઠને, શું કરવું આ ઠામ. ૪૬
શેઠ કહે સોનાતણી, મ્હો માગી દ્યો મ્હોર;
એક હજાર હજાર બે, આપો આણે ઠોર. ૪૭
ધનથી શું નહિ બની શકે, જે ધાર્યું તે કામ;
મુનિવરનાં પણ મન ચળે, દેખે જ્યારે દામ. ૪૮
મુનીમ જઇ લુહારને, કહે કરો આ કામ;
મુખથી માગે એટલા આપું તુજને દામ. ૪૯
જગતશેઠ વળિ જાણશે, એ હમેશ ઉપકાર;
તે માટે રથની ધરી, સ્નેહે કરી સુધાર. ૫૦

૧ નમીરાબાદમાં હતા.

ચોપાઈ.

કહે લુહાર સુણો આ વાર, એવું બોલ્યા વગર વિચાર;
ચાર દિવસ વીવાના જોય, ઢેઢતણા પગ રાતા હોય. ૫૧
મનુષમાત્ર આખા ભવમાંય, એકવાર તો રાજા થાય;
એવી રીત અસલથી રહે, સૌ લોકો વરરાજા કહે. ૫૨
મળે ચક્રવર્તી જો રાય, રસ્તો છોડી અળગો થાય;
વરરાજા છોડે નહિ વાટય, રાજાથી મોટો તે માટય. ૫૩
મળે વરેવર સામા સામ, રસ્તો અર્ધ તજે તે ઠામ;
રાજાથી પણ અદકી લાજ, એવો હું વરરાજા આજ. ૫૪
શેઠ શરમ નહિ આવી તને, કામ કર્યાનું કહે છે મને,
આપે શેઠતણાં ઘરબાર, પણ નહિ કામ કરૂં આ વાર. ૫૫
આખો ભવ રળિ ભેળું કરે, વીવાની વખતે વાવરે;
મરી ફરી માણસ અવતરી, વખત જુવે વીવાની ફરી.૫૬
શું કરવું તારૂં ધન ઘણું, હું છોડું વરરાજાપણું;
મુનિમ સાંભળી દુખિયો થયો,જગતશેઠપાસે તે ગયો.૫૭

દોહરા.

વાત સર્વ કહિ શેઠને, શો કરવો ઉપાય;
કેમ લુહાર કહ્યું કરે, કેમ ધરી સજ થાય. ૫૮
રાજાનો મહેતો રહે, એહ ગામ મોઝાર;
તે પાસે મુનીમ તહાં, તુર્ત ગયો તે વાર. ૫૯
વાત કહી સહુ વિગતથી, સુણિ મેતો કહે સોય;
આવી શેઠ કહે મને, તુર્ત ધરી સજ હોય. ૬૦
મુનીમ જઈ કહે શેઠને, શેઠે સુણિને કાન;
ઉતારે મહેતા તણે, તુર્ત ગયા તજિ માન. ૬૧
મહેતાને મહિને મળે, [1]મહોર પગારે ચાર;
જુઓ અમલની આબરૂ, એવી હતી એ વાર. ૬૨
સુણી વાત એ શેઠની, કરી હુકમ તતકાળ;
મહેતો કહે લુહારને, કરો ધરી સજ હાલ. ૬૩

ચોપાઇ.

કહે લુહાર આજ નહિ કરૂં, મારો તો આ ઘડીયે મરૂં;
કહેતો તજું તુરતઆગામ, કહો તોતજુંલુહારનુંકામ.૬૪
કહેતો છૂટું ડંડજ દઇ કહો તો બેસું કેદમાં જઇ;
જો ઉતરે આકાશથિ દેવ, પણ નહિકામ કરૂં આખેવ.૬૫

૧. રૂપામહોર અથવા રૂપૈયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરો.

મહેતો કહે સિપાઇને, બાંધો એહ લુહાર;
લટકાવો ઊંધે શિરે, મારો છડિના માર. ૬૬
તુર્ત સિપાઇએ તે કર્યું, માર્યા ફટકા બાર;
ત્રાહ્ય ત્રાહ્ય મુખ ઓચરે, જોનારાં નરનાર. ૬૭
મારે આંકડ લોહની, તે પણ પાંશરી થાય;
મારે હાથી વશ કરે, મારે સિંહ પળાય. ૬૮
શાહ ન ચોરે કોઈ દિન, કશી જણુશ હરગીસ;
માર મહોડે તેહ પણ, ખોટિ ચોરિ લે શીશ. ૬૯
કરે મારથી કામ નર, નહિ કરવાનું છેક;
જતી સતી ને સૂર પણ, તજે મારથી ટેક. ૭૦
ધરિ સજ કરવા હા કહી, છુટયો તેહ લુહાર;
એ વર કન્યાએ મળી, કરિ ધરિ સજ તૈયાર. ૭૧
એક દામ આપ્યો નહીં, કશો ન માન્યો પાડ;
મહેતાને મજરો કરી, વણિક ગયા તે વાર. ૭૨
જગતશેઠ સમજ્યા તહાં, કરવાથી એ કાજ;
કોટીધ્વજ કરતાં ઘણી, અમલદારની લાજ. ૭૩
શેઠાઇ તજિ શેઠ તે, મહેતાગરિ ચહે મંન;
એવી અમલની આબરૂ, સુણો હતી એ દંન. ૭૪
જુલમસિંહ મુખ ઓચરે; જુઓ તમે મહારાજ;
ગઇ અમલની આબરૂ, થયે વિલાયતિ રાજ. ૭૫
માગે છે મુજ આગળે, એક વાણિયો દામ;
અહિં અરજી એણે કરી. હું આવ્યો એ કામ. ૭૬
સસલે દોર્યો સિંહને, [1]દાદુર [2]અહિને [3]સાય;
બકરે હાથી બાંધિયો; જોઓ આજનો ન્યાય. ૭૭
પરોપકારી ઓચરે, સાંભળ રાય સુજાણ;
એતો આજના રાજનાં, કીધાં તમે વખાણ. ૭૮
સિંહ બકરિ ભેળાં રમે, એ તો રામનું રાજ;
સઘળી પ્રજા સુખી થઇ; દૈવ કૃપા થઇ આજ. ૭૯
હવે મને નિશ્ચય થયો, સુખી પ્રજા છે સર્વ;
સાચો સત યુગ વરતિયો, ગળ્યા દુષ્ટના ગર્વ. ૮૦

ચોપાઈ.

પરોપકારી એવું કહ્યું, એવામાં એક કૌતક થયું;
રસ્તામાં જાતી હતિ નાર, કરવા લાગી તે પોકાર.૮૧

૧. દાદુર–દેડકો. ૨. અહિ–સાપ. ૩. સાય–પકડે.

પ્રજાનું દુઃખ વર્ણન.

ભાગ ૨ જો.

ચોપાઇ.

જુલમ જુલમરે જુલમઅપાર, કરે જુલમ કંપનિ સરકાર;
ગરિબતણા દુખનો પોકાર, પરમેશ્વર ન શુણે આ વાર.૮૨
પરોપકારી વિસ્મિત થયો, ઉઠીને એ આગળ ગયો;
અરે બેન શું બોલી તુંય, વિગત સમજવા ઇચ્છું હુંય.૮૩
કામનિ કહે કાળૂપર માંહિ, ગામડિગો ગાડું લઇ ત્યાંહિ;
જતા સિપાઇએ પકડયો ઠાર,મારે છે સોટાના માર. ૮૪
જુવો તમે જઇ પંહિતરાય, એ નજરે જોયું નહિ જાય;
પરોપકારી જોવા ગયો, તે દેખીને વિસ્મત થયો. ૮૫

વચનિકા.

પટાવાળો—(ગામડીયા ગાડાવાળાને કહે છે) ચલતા હે કે નહિ તેરી ભેણકુ (એમ કહીને બેહેન સામી કે મા સામી બેઅદબી ગાળ દઇને કેડમાં ફડદઇને સોટો માર્યો.)

ગાડાવાળો--વોયરે, વોયરે, મરી ગયોરે; બાપલીયા મરી ગયોરે, આવું છું શાબ્ય, આવુંછું શાબ્ય, પણ મારા સાત વરસના છોકરાને દરવાજા બહાર બેસારી આવ્યો છું, તે રોઇ મરશે.

પરોપકારી--શું છે, શા વસ્તે એને મારો છો ? મીઆં સાહેબ એને કયાં લેઇ જવો છે ?

પટાવાળો--ચલ, ચલ, તું તેરે રસ્તે ચલ્યા જા, તેરે કયા કામ હે ?

ત્યાં ભેળા થયેલા લોકો બોલ્યા--નહીં નહીં ભાઇ તમે એને બોલાવશો નહિ, એને સારા નરસા માણુસની વિગત નથી, ભટ લેઇને ગાળ દેશે.

કાળુપરનો ચકલેદાર બોલ્યો—એતા લોક કાયકું જમા હુવા હે મારો સાલેકું; (એમ કહી લોકોના પગ ભણી ધોકો ફેંકયો એટલે ભરરર લોકો નાઠા ને કોઇના પગમાં ધોકો વાગ્યાથી પડી ગયા, કોઈ એક બીજાની આંટીમાં આવ્યાથી પડી ગયા, તેમાં કોઇની પાઘડિયો ગઈ, કોઇનાં ખાસડાં પડયાં રહ્યાં, એક પાણીવાળીને માથેથી બેડું પડી ગયું, એક સાત આઠ વરસનો છોકરો ભીત સાથે અથડાયાથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેનું માથું ફુટયું, અને લોહી નીકળ્યું. પેલો ચકલેદાર અને બીજો પટાવાળો ગાડાવાળાને ગાડા સુધાં પકડી ગયા.)

પરોપકારી લોકોને પૂછે છે—એ ગાડાવાળે કંઇ ગુનો કર્યો છે કે શું ?

લોકો—ભાઇ, પરમેશ્વરનો ગુનો કરીને એ લોકો અવતર્યા છે તે પટાવાળાનો માર હમેશાં ખાય છે. કોઇ સાહેબને ત્યાં કે કારકુનને ત્યાં ભાર ભરવા ગાડું જોઇતું હશે, તે સારૂ પકડી ગયા.

પરોપકારી—આ શહેરમાં ૫૦૦૦ ગાડાં હશે અને પરગામના ગાડાને શા વાસ્તે પકડી ગયા હશે ?

લોકો—શહેરના તો કેટલાક ખેડુ પણ કાયદામાં ભોમિયા થયા છે, તે પાંચ દહાડા ફેરા ખાઇને પણ ભાડાના પૈસા મુકે નહિ; અને ગામડિયો બિચારો જાણે કે ક્યારે છુટકો થાય અને નાશી જાઉં, તેથી ભાડું લેવા ઉભો રહે નહિ, એટલાજ સારૂ ગામડાનાં ગાડાંને પકડે છે અને શહેરના ખેડુને આટલો માર્યો હોય તો તેનાં પાડોશી,સગાં વહાલાં ભેળાં થાય, અને ઠેઠ સુધી બૂમ પહોંચાડે. પછી પરોપકારીએ વિચાર્યું કે દરવાજે જઇને એના છોકરાની હકીકત જોઉં. પછી ત્યાં ગયો.

(દરવાજા બહાર એક ઓટલા ઉપર છોકરો બેઠા બેઠા દરવાજા સામું જોઇ રહ્યા હતા તેને.)

પરોપકારી-છોકરા તું કોણ છું, અને અહીં કેમ બેઠો છું?

છોકરો—કણબી સું, મારો ભા ગાડું લેઇને ગામમાં જયાસે; તે મને આંહી બેહારી જ્યાસે, તે હમણાં આવશે.

પરોપકારી-તું કીયા ગામનો છું ? અને તારા ગામનું બીજું કોઇ અહીં છે ?

છોકરો—હરસોલનો સું. મારો કાકો ગાડું લઇને આવ્યા હતા; તે સિપાઇની બીકથી જતા રહ્યા, તે એ ગાડું જાય.

પરોપકારીએ દોડીને તે ગાડાવાળાને ઉભો રાખીને કહ્યું કે પટેલ તમારા ભત્રીજાને ઘેર લઇ જાઓ. અને એના બાપને તો પટાવાળો પકડી ગયો, માટે આજ કે કાલે ઘેર આવશે.

પટેલ બોલ્યો—અરે પ્રભુ, અરે પ્રભુ, એ છોકરાની મા ઘેર માંદી છે, ને એક દહાડાનું ખાવાનું એના ઘરમાં નથી, માટે એક વણીએ બે મણ બાજરી ભાડાને પેટે આપીને કહ્યું કે શહેરમાં આટલો મારો ભાર નાંખી આવ, તેથી બિચારો આવ્યો હતો. જ્યારે અમે શહેરમાં આવીએ છીએ, ત્યારે એ રીતે પકડાઇએ છીએ. એક બેવાર તો પટાવાળાને બે આના આપીને છુટયા, એકવાર એક મહેતાને ઘેર અમને પકડી ગયા, તે ગાડામાં બોજો ભરીને એક પોળમાંથી બીજી પોળમાં ગાઉ સુધી લઇ જ્યા, ત્યારે મહેતે પૈસા ચાર આપ્યા તેમાંથી વળી પટાવાળે પૈસો એક પડાવી લીધો.

એકવાર તો એક સાબ્યને બંગલે સવારમાંથી લઇ જઇને, બેસારી રાખ્યા અને રાત પડી એટલે કહે કે જાઓ, તમારૂં કંઇ કામ નથી. પછી દાણાપીઠમાં રાત રહ્યા, ભુખે હેરાન થયા, અને વળી રાત્રે ફડકમાં ને ફડકમા ઊંઘ આવી નહીં; કે જો વળી પકડાશું તો શા હાલ થશે. પછી દરવાજા ઉઘડતાં શહેર બાહાર સારા નશીબથી નીસરી ગયા.

એકવાર બે વરસ ઉપર અમારા ગામનાં ગાડાં આ શહેરમાંથી નીમજના સાબે પકડાવ્યાં, અને રસ્તામાં ગારદીઓ અમારા બળદને મારે, અમને મારે, મા બેન સામી ગાળો દે, અને ખરચી ખાવા આપે નહીં. પછી ૪૦ ગાઉ સુધી જ્યા, પણ છુટકો ન કર્યો, તેથી અમે ગાડાં, બળદ મેલીને નાશીને ઘેર આવ્યા, અને અમારાં ગાડાં બળદએ ગારદીએ નીમજમાં વેચી ખાધાં. પછી અમે તો જીવતા છુટયા, એટલે એ ગાડાં બળદને ચહાતા નહોતા, પણ અમારા ગામના ઇજારદારે એ વાત જાણી તેથી તેણે સાદરાના સાબ્યને લછ્યું, અને સાદરાના સાબે નીમજથી ગાડાં બળદની કીમતના થોડા ઘણા રૂપિયા મંગાવી આપ્યા.[1] અને વળી અમને હુકમ લછયો જે હવેથી એ રીતે નાશી આવશો તો તમને શિક્ષા કરશું.

મહેતાજી, આ વખતમાં અમારી ગરીબ લોકની બૂમ સાંભળનાર કોઇ નથી. અમે દીકરાના સમ ખાઇએ પણ બળદના સમ ખાઇએ નહીં, એવા અમને બળદ વહાલા છે, તેને મૂકીને નાશી આવવું અમને સારૂં લાગ્યું હશે ? પણ પુરી હરકત હશે ત્યારે અમે

૧. આ હકીકત સને ૧૮૪૩ માં બની હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમ કરતા હૈશું, અને જેને ભાડું આપવું હોય, તો હજાર ગાડાવાળા તેને ઘેર પુછવા જાય કે તમે મારૂં ગાડું ભાડે રાખશો ? પણ સરકારનું ભાડું આપવાનો અમને ભરસો નથી. પછી પટાવાળાના ડરથી ગાડું તો ત્યાંજ ઉભું રાખ્યું, અને પોતે ચાલીને પેલા છોકરા પાસે આવીને કહ્યું કે છોકરા સાલ્ય, તને ઘેર તેડી જાઉં. છોકરાની આંખ્યમાં આંસુ આવ્યાં અને રોતો રોતો બોલ્યો.

છોકરો—મારો ભા ચાણે આવશે ?

(હે સભાસદો આ વાત જ્યારે મને સાંભરે છે, ત્યારે મને ઘણી દિલગિરી ઉપજે છે.)

પરોપકારી—છોકરા તું જા, અને હમણાં તારી પછવાડે તારો ભા આવશે.

પટેલ તમે સાચવીને એ છોકરાને લઇ જજો; અને જ્યાં એનો ભા હશે, ત્યાં જઇને હું તેને કહીશ. પછી છોકરાને લઇને તે ગયો, અને પરોપકારી શહેરમાં જોતો જોતો, કલેક્ટર સાહેબના બંગલા પાસે ત્રીજે પહોર આવ્યો. ત્યાં ત્રણ ગાડાં છુટયાં હતાં, તે બેઉ લોકોનાં મ્હો અતીશે ઉદાસી હતાં. જેમ હરણ પાસલામાં પકડાયાં હોય તેમ, એક બીજાના સામું જોતા હતા. એક તો નિસાસા મુકીને પરમેશ્વરને સંભારતો હતો, એક તો સાહેબના બંગલા સામું જોઇને વારે વારે કહેતો હતો કે હવે કયારે છુટકો કરશે, અને પેલો તો પોતાના છોકરાને સંભારીને દિલગિર થઇને કહેતો હતો કે માહરો છોકરો રોઇ મરતો હશે.

પરોપકારી—પટેલ તમારા દીકરાને તમારો ભાઇ ગાડામાં બેસારીને તમારે ગામ લેઇ ગયો, અને તમારી વાત મેં તેને કહી છે, માટે છોકરાની તમે ફિકર રાખશો નહીં.

પટેલ—સારૂં ભાઇસાબ, એનો તમે ઠીક કર્યું. પણ મારી બાયડી માંદી છે. આજ તો આંહીંથી સ.જ-વેરો છુટકો થશે તો કાલે ઘેર જવાશે.

પરોપકારી—આગળ તો આ અમલની તારીફ કરીને કહેતા હતા, કે તમારાં દુઃખ હોય તે જઇને અમલદારને ઝાહેર કરો, તે તમારી વાત સાંભળશે. તેથી પોતાની મરજી એવી થઇ કે આ વાત સાહેબને હું જાહેર કરૂં. પછી કોઇને પુછયું કે કલેક્‌ટર સાહેબ કયાં બેસે છે ?

જવાબ—દીધો કે આ બંગલાના મેડા ઉપર બેસે છે.

પરોપકારી—ત્યારે કોઇને ફરિયાદ કરવી હોય, તે શી રીતે કરે છે ?

જવાબ—અરજી લખીને પેલી પેટીમાં નાંખો, એટલે કાલે અથવા પરમ દહાડે સાહેબ પાસે વંચાશે. પછી સાહેબના શીરસ્તેદારને અથવા કારકુનને ઘેર જઇ મુલાકાત કરો, અને પુછો કે મારા કામનું શું થયું ? એટલે ત્યાંથી ખુલાસો મળશે.

પરોપકારી—કોઇ વાત તુરત જાહેર કરવા જેવી હોય, તો સાહેબ પાસે કોઇ જઇ શકે છે ?

જવાબ—પૈસાવાળા લોકોને જતા દેખીએ છીએ ખરા. પણ ગરીબને તો કોઇ પેસવા દેતું નથી.

પરોપકારી—સાહેબ બંગલાથી કોઇ વખતે હેઠે ઉતરે છે ?

જવાબ—ચાર વાગી ગયા પછી ફરવા સારૂ અહીં થઇને જાય છે ખરા.

પરોપકારી ચાર વાગી ગયા સુધી બેઠો, એવામાં કલેક્ટર સાહેબ ધમ ધમ ધમ ધમ પગ માંડીને હેઠા ઉતરીને ચાલ્યા. એટલે પછવાડે પટાવાળા બે ત્રણ ચાલ્યા. તે વખતે પરોપકારીએ જઇને સાહેબને સલામ કરી, એટલે સાહેબે આડું જોયું, પણ સામું જોયું નહીં, અને દારૂનો અથવા અમલનો કેફ ચડયો હોય એવું દીઠું, તેથી તે વખત પરોપકારીની બોલવાની હિંમત ચાલી નહિ. સાહેબ તો વાઘ જેવો લાગ્યો, અને તેની પાસેના માણસ તો શિયાળ, દીપડા, નાહર, રીંછ, જેવા લાગ્યાં, પણ તેમાં કોઇ માણસ દીઠું નહીં, અને જાણ્યું કે હમણાં હું કાંઇક બોલીશ તો તે આવીને મને બચકું ભરશે એવું લાગ્યું, એટલે પટેલને બોલાવીને કહ્યું કે તું બુમ પાડ, નહિ તો જઇને આડો ઉભો રહે, અને તારૂં દુઃખ ઝાહેર કર. એટલે તે પટેલે ડર તો ઘણો ખાધો પણ દુઃખને મારે હિંમત ચલાવીને પોકાર કરતો સાહેબની પાસે ગયો; એટલે પટાવાળા બોલ્યા દુર, દુર, દુર, દુર. સાહેબ તો ચાલ્યો ગયો એટલે બીજા લોકો કહેવા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાગ્યા કે એમ તે ફરિયાદ સાંભળે કે? સાહેબ ક્યારે આપણી બોલીમાં સમજે છે; અને મહેતા કરે તે થાય છે, સાહેબ તો ઓઠું છે.

પરોપકારી—ઓહો! હો! આ રાજ્યમાં જુલમ નથી એમ હું જાણતો હતો, પણ જુલમ છે ખરો.

ગાડાંવાળા—અરે હજી તો ક્યાં તમે જુલમ દીઠો છે? સરકારનો જુલમ જોવો હોય, તો સવારમાં કાળુપરા દરવાજા બાહાર જોવા જજો.

પછી પરોપકારી પોતાને ઘેર ગયો.

——:૦:——

મધ્યમ જુલમ.

ભાગ ૩ જો.

દોહરા.

ઉઠી પ્રભાતે ચાલિયો, પરોપકારી એહ;
દરવાજા બાહર ગયો, ચરચા જોવા તેહ. ૧
શહેર થકી કાંઇ વેગળે, દાદાહરિની વાવ;
તે જોવા સહેજે ગયો, ધરી ભલેરો ભાવ. ૨
બળતણનાં ગાડાં ભરી, દશ ગામડિયા લોક;
છાના બેઠા છે તહાં, આણી અતિશે શોક. ૩
પુછ્યું પરોપકારિયે, ઇહાં રહ્યા છો કેમ;
શુણિને ગામડિયે કહી, વાત જથારથ જેમ. ૪
સદા વેચવા આવવું, વણુ આવ્યે અણુ ચાલ;
ત્રાસ ઘણો સરકારનો, લહે પડાવી માલ. ૫
મારિ કુટિ લઇ જાય છે, ન કરે મૂલ જરૂર;
એ ડરથી ઉભા છિયે, ઇહાં શહેરથી દૂર.

ચોપાઇ.

પરોપકારી બોલ્યો તહાં, એવિ વાત કેમ માનું ઇહાં;
વનમાં લૂટી લેતા ચોર, તેનું પણ ભાગ્યું છે જોર. ૭
વસ્તીમાં લૂટે સરકાર તે તો સાચું નહીં લગાર;
એવી વાત કરે છે જહાં, પટ્ટાવાળા આવ્યા તહાં. ૮
બે જણ ધોકા લઇને ફર્યા, ચલો ચલો એવું ઉચ્ચર્યા;
એક જણે પંચાયત કરી, બે બે પૈસા લીધા ફરી. ૯
લઇ પૈસા ને પાછા ગયા, બીજાં ગાડાં કેડે થયા;
પરોપકારી પૂછે વાત, ગાડાં એહ કહાં લઈ જાત. ૧૦
બેહુ કહે સાહેબને તહાં, કાંતો કોઇ મહેતાને ઇહાં;
કોઇ વખત દે અરધા દામ,કોઇ વખત નહિ ફુટી બદામ.૧૧
દામ દેઇને લેવું હોય, તો સોઘે કહિયારો કોય;
મફત પડાવી ન લહે લેશ, અમે જઇ પૂછિયે હમેશ. ૧૨

દોહરા.

લાવે છે સૌ મહાજનો, મુંબઇના બહુ માલ;
પકડિ ગયા વણુ મૂલ્યે, તે ન સુણ્યું કોઈ કાળ. ૧૩
સુખદાયક ધનવંતને, છે સદાય આ રાજ;
જુલમ ઘણો છે ગરિબ શિર, એવું જાણો આજ.૧૪
આથી હજાર ગણિ વળી, હરકત જોવી હોય;
લશ્કર આવે તે સમે, જુઓ ગામડે જોય. ૧૫
પરોપકારી ઘેર ગયો, અંતર થઇ ઉદાસ;
વાત સુણી જે કાલથી, સાહિબ જશે પ્રવાસ. ૧૬
સાહિબનું જે ગામડે, સાંભળ્યું થશે મુકામ;
પરોપકારી ત્યાં જઇ, પ્રથમજ કર્યો વિરામ. ૧૭
લશ્કરના સામો તહાં, પરોપકારી જાય;
બેહુ જહાં ખેતી કરે, ગોપ ચરાવે ગાય. ૧૮
દીઠું લશ્કર આવતું, ત્યાં બોલ્યો ગોવાળ;
આજ આપણા ગામના, લોક થશે બહુ ન્યાલ. ૧૯
સંઘ દિસે ક્યાંઇકનો, રહેશે આંહી રાત;
વેચાશે બહુ વસ્તુઓ, ઘણી હરખની વાત. ૨૦

ચોપાઇ.

પૈસા મળશે દૂધજતણા, એમ કહીને કૂદે ઘણા;
વેચાશે બળતણ ને ઘાસ, વેચાશે ગોરસ ઘી છાશ.૨૧
બેહુ હરખ ધરીને કહે, મારૂં ગાડું ભાડે લહે;
બાજરિ બેમણ મુજને મળે,મહિનો એક સુખે નિકળે.૨૨

દોહરા.

એવી વાત થતે સમે, મોદી કચરો નામ;
લશ્કર ભણિથી આવતો, દીઠો એણે ઠામ. ૨૩
પૂછે બેહુ મોદિને, સંઘ જાય છે ક્યાંય;
શેઠ તમારી વગતણો, છે કોઇ તે માંય. ૨૪
ભાડે ગાડું માહરૂં, રખાવશો આ વાર;
દવા દઇશ તમને ઘણી, અતિ માનિશ આભાર. ૨૫
સંઘ નથી મોદી કહે, સાંભળ મારી વાત;
છે સરકારી માણસો, રહેશે આંહી રાત. ૨૬
આજ રોજ મહારે ઘણો, ખપશે આટો દાળ;
મહેર કરી પરમેશ્વરે, દિધી કમાણી હાલ. ૨૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખેડુ કહે મોદી સુણો, થયાં અસલ જે રાજ;
તમને પણ તે લૂટતાં, તમે સુખી છો આ આજ. ૨૮
હરકત નથિ આ રાજમાં, ધનવાળાને શીઘ્ર;
પૂરણ પીડા ગરિબની, જુવે ન શ્રી જગદીશ. ૨૯

ચોપાઇ.

મોદી ગામ ભણી તે ગયો, ખેડુ નાસવા તતપર થયો;
ગાયો લઇ નાઠો ગોવાળ, જાણે આવી પહોંચ્યો કાળ. ૩૦
તહાં ગામમાં વાગી હાક, રહ્યા ગરિબના રાંધ્યા પાક;
ખેડુ કરે બહુ નાસાનાસ, તહાં ઢેડને પડિયો ત્રાસ. ૩૧
કુંભાર જાણે આવી ધાડ, સ્ત્રીને કહે વાસણ સંતાડ;
પટાવાળા જે આવશે, તે તો સઘળાં લૂટી જશે. ૩૨

પટાવાળો—અબે હવાલદાર, અરે તેરી મા (એમ કહીને ગાળ દે છે). સાલા કહાં સંતાઇ ગયા હે.

હવાલદાર—હાજર હું શાબ, હાજર હું, જો ફરમાવો સો તૈયાર.

પટાવાળો—અરે ગામકા પટેલ સુખી કહાં મર ગયા? હે કે નહિ? લસ્કર આતા હે ને સાલા ઘરમેં છુપ રહા હે.

પટેલ—આ રીયો શ્યાબ આ રીયો, જે જોઇએ તે તૈયાર છે.

પટાવાળો—દોસેં મેખાં લાઓ.

પટેલ—આ સુતારને ઘેર બસેં મેખો તૈયાર કરાવીને રાખી છે.

પટાવાળો—અરે ઢેડ કહાં ગયા? મારો સાલેકું પકડી લાઓ.

પટેલ—શ્યાબ, અહીં તો ઢેડાંનું ઘર નથી. એક ભંગીયોજ છે.

ભંગીયો—આવ્યો શ્યાબ આવ્યો, શું કોસો? શું કોસો?

પટાવાળો—ઉઠાઓ મેખાં, (મેખો ઉપાડીને ભંગીયો લશ્કરના મકાનમાં નાંખવા ગયો.)

પટાવાળો—(સુખીને કહે છે) ઘાસ કહાં હે? લકડાં કહાં હે? લાઓ, લાઓ જલદી લાઓ, નહિ તો મારતા હું.

સુખી—મારશો શા વાસ્તે શ્યાબ, જે જોઇએ તે તૈયાર છે. આ ઘાસના ભારા અને લાકડાં ઘેરઘેરથી ઉઘરાવીને અમે ભેળાં કરી રાખ્યાં છે, જોઇએ તેટલાં લેઇ જાઓ.

પટાવાળો—દુસરા ભંગીઆ લાવ.

સુખી—શાબ અહીં તો ભંગીયાનું એકજ ઘર છે, બીજું નથી, માટે પેલો મેખો નાંખીને હમણાં આવશે એટલે ઘાસના ભારા અને લાકડાં પહોંચાડશે.

પટાવાળો—ઘસકી ઓરત ઓરત હે કે નહિ, સાલેકી!

સુખી—બાયડી છે, પણ બિચારી માંદી છે.

પટાવાળો—માંદી હે તો કયા હુવા? એ કોણ ઘસકા બાવા ઉઠાવેગા? અબે ભંગડી, ચલ ચલ તેરી ભેણ- (એમ કહીને ગાળ દે છે.)

ભંગડી—શાબ હું તો માંદી મરૂં છું.

પટાવાળો—અરે નિકલતી હે કે નહિ? સાલી ચલ, લકડાં ઉઠાઓ. (ભંગડી થોડાં ઘણાં લાકડાં ઉપાડીને નાંખવા ગઇ.)

પટાવાળો—અબે સુતાર કહાં મર ગયા? ચલો લકડા ફાડનેકું. (સુતાર કહોવાડો લઇને આગળ થયો.)

પટાવાળો—અબે સુખી.

સુખી—હં સાહેબ.

પટાવાળો—અબે રાતકી બખત સાહેબકું અધમણ દૂધ ઓર ચાર શેર મસકા ચૈયેગા.

સુખી—કેટલા સાહેબ છે?

પટાવાળો—એક સાહેબ હે.

સુખી—એક સાહેબ એટલું બધું શું કરશે?

પટાવાળો—જા સાહેબકું પુછનેકું. તકરાર કરતા હે સાલા? (એમ કહીને ફડ લાત મારી.)

સુખી—અરે સાબ મારો છો શા સારૂ? જે જોઇએ તે લ્યો, આપતાં કરતાં શા વાસ્તે મારો છો? ચાલો ભરવાડને ઘેર દૂધ અપાવું.

સુખી—એલા ગોકળીયા, અધમણ દૂધ ને ચાર શેર માખણ અત્યારે શાબને વાસ્તે જોઇશે.

ભરવાડ—અત્યારે તે માખણ ક્યાંથી લાવું? સવારે તો મળશે અને અધમણ દૂધ તો નથી, આ દહશેર દૂધ મારે ઘેર તો થાય છે.

સુખી—લશ્કરમાં સો માણસ છે, ને દસ શેર દૂધે શું થાશે?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભરવાડ—મારૂં ઘર રહ્યું, તમે જોઇ લ્યો, અને નો હોય તે ત્યાંથા લાવું? ત્યાંઇ ચોરવા જાઉં?

મુખી—હશે, સ્યાબ આટલે દૂધે અતારે તો ચલાવો અને સવારે વધારે અપાવશું. (વળી પટેલ પાઘડી ઉતારીને મિયાંને પગે લાગે છે) મીયાં સ્યાબ અમારી આબરૂ તો તમારા હાથમાં છે; તમારૂં ગળ્યું મોહો કરાવશું. તમે કાંઈ ફિકર રાખશો નહિ.

પટાવાળો—અબે કુંભાર, વીસ મટકા ને ૪૦ ઘડા લાઓ, ઓર પચીસ હંડીયાં ને પચાસ સકોરાં. સાહેબ કે વાસ્તે લાઓ.

કુંભાર—સ્યાબ હું તો એકલવાયો છું; મારાથી ઝાઝું ઘડાતું નથી; માટે આ હોય તેટલાં લઇ જાઓ. પણ સ્યાબ થોડાંક વાસણ રહેવા દેજો; નહિ તો તમારા ને તમારા બીજા પટાવાળા આવશે, તે મને મારશે.

પટાવાળો—અબે મુખી, ૫૦ ખાટલા ઓર સો ગોદડાં લાઓ.

મુખી—આ સ્યાબ, પચીસ ખાટલા અને ૫૦ ગોદડાં ઉઘરાવીને ભેળાં કર્યા છે, તે લેઇ જાઓ.

પટાવાળો—અબે ઢેડ, ચલો, ચલો, તંબુ ખડા કરના હે; ઓર સબ જગો સફા કરની હે.

પટાવાળો—અબે મોદી, સીધા લાઓ, ચલો પોંચાનેકું.

મોદી—પહોંચાડવા કોઇ આવતું નથી, ગરજ હોય તો લઇ જાઓ; અને નહિ તો ચાલો તમારા સાહેબ પાસે જવાપ દેવા આવું. અને મોહોડે વિચારીને બોલજો. મિયાં અમે ગાળ નહિ સાંખીએ.

પટાવાળો—અચ્છા અમારા દુસરા ભાઈ સીધા લેનેકું આયગા. સીધા અચ્છા દેઇઓ, ઓર પૈસેકી ફિકર મત રખો.

મોદી—પૈસાની કોણ ફિકર રાખે છે; મુંબઇ જાઓ તો ત્યાંથી પણ અરજી મોકલીને પૈસા મગાવી લેવાની અમારી ત્રેવડ છે.

પટાવાળો—તમારા સામાન અચ્છા નહિ હે વાસ્તે લશ્કરમેં હમારા મોદી હે વાંસે અચ્છા સીધા મિલતા હે, અબ વાંસે લેગા.

મોદી—તમારી મરજી.

પટાવાળો—અબે મુખી, બારખાનેકા ગાડા ૨૫ ફજરમેં ચૈયેગા.

મુખી—અરે સ્યાબ પચીસ ગાડાં આ ગામમાં ક્યાંથી મળે?

પટાવાળો—ગાડાં બિના તો નહિ ચલેગા.

મુખી—એ તો બધું તમારા હાથમાં છે; અમે સમજીએ તો તમારે સાહેબને કહેવું, કે આંહી નથી મળતાં માટે આવતે મુકામે બદલાવજો. અમે તમારો ગણ નહિ ભૂલીએ.

પટાવાળો—અચ્છા એ તો હમ કહેગા, લેકીન ૧૦ ગાડા તો જરૂર ચૈયેગા.

મુખી—સારૂં સ્યાબ, સાત આઠ ગાડાં જે થશે તે કરશું પણ તમારે અમારા ઉપર મહેરબાની રાખવી. (પટેલે રાતની વખતે સઘળા ખેડુતને પોતાને ઘેર ભેગા કર્યા.)

પટેલ—કહો ભાઇ આ ફેરે કેહેનો વારો છે?

મુળો પટેલ—મારો વારો છે, પણ કાલ તો કોઇ બીજાને મોકલો; હું વળી બીજી વાર જઇશ.

મેઘો પટેલ—બીજો તે કુણ જાય વારૂ? જેનો વારો હોય તે જાય, પારકી ચેમાં બીજો કુણ બળે? સૌને ગારદીની બંદુકના કુંદા, અને સિપાઇની ગાળો વહમી લાગે છે. અમદાવાદનો શંઘ આવ્યો હતો, ત્યારે મારૂં ગાડું ભાડે કરી ચુક્યું હતું, તેમાં વચમાં આડા પડીને બે આના ઓછા લેઇને પોતે જ્યા, એ ચેમ સટ લેઇને સારૂં લાગ્યું હતું.

મુખી—હવે બીજી તકરાર જવાદ્યો, અને આ કરતા હૈયે તે વાત કરોને. મોત આવ્યું તે હવે મુવાવિના સુટકો સે? પેલા* જાત્રાવાળા આવ્યા હતા તે જોયા કે નહિ, વળી માર ખાઇને જશો તેથી સામે મહોડે જાઓને.

મુળો પટેલ—અમારા બે બળદ તો માંદા થયા સે; અને બે બળદ ને ગાડું સે તે લેઈ જાઓ.

મુખી—ધણી વિના સુના બળદ તે રહે વારૂ? એવું ગાંડું ગાંડું બોલીએ તે શા કામનું?

મુળો—ત્યારે શું મરીએ? ખેડા ને અમદાવાદનો મારગ ઠર્યો તે લશ્કર તો રોજને રોજ લાગુ છે; એક

* પટાવાળા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દહાડો જંપ કરીને બેઠા નહિ; હવે તો પરમેશ્વર મોત આપે તો સારૂં, એટલે છુટકો થાય. માર ખાઇ ખાઇને હાડકાં તો ભાજી ગ્યાં સે.

મુખી—આપણા બાપદાદા માર ખાતા આવ્યા સે અને આપણે ખાઇએ છીએ, એમાં કાંઇ નવાઇ સે? પછી અરધી રાત ગઇ ત્યારે પાંચ ગાડાં તૈયાર કર્યાં તેમાં ચાર ઘરના ચાર બળદ અને પાંચમા ઘરનું ગાડું, તે ગાડા સાથે ગાડીવાન જાય. એ રીતે પાંચે ગાડાં આવ્યાં, કારણ કે માર તથા ગાળો, વહેંચાતી ભાગ્ય આવે. ભંગીયાનો પહોર રાતે છુટકો થયો, તે ઘેર આવીને ખાવા બેઠો. ખાતો ખાતો કહે છે, કંપની સરકારનું નખોદ જજો, જે એકે દહાડો હાસ કરીને બેસવા દેતા નથી. લસ્કર ઉપર લસ્કર આવે છે. ખાઇને સુતો ત્યાં રાતના બાર વાગે સ્વાર બોલાવા આવ્યો; અબે ભંગીયા, ભંગીયા ચલ, આધા લસ્કર આગેકા મુકામે જાનેવાલા હે, રસ્તા બતાઓ. ભંગીયો ઉઠીને બે ગાઉ સુધી મૂકવા ગયો. ત્યાં બીજા સિપાઇ, અબે ભંગીયા, ભંગીયા બોલતા નહિ હે? સાલેકી ખીડકી તોડ ડાલો; એમ કહીને કમાડ ભાગવા માંડયા, એટલે ભંગડી બોલી, શ્યાબ એતો રસ્તો બતાવા જ્યાસે, અને હું એકલી ઘેર સું; મારૂં છોકરૂં રૂવે છે; હું માંદી છું. અબે નીકલ તેરી ભેણુકુ-(એમ કહીને ગાળ દીધી) ચલ આ બેજા હે સો કોન ઉઠાવેગા? તેરા બાવા? નીકળ નહીં તો મારતા હું. ભંગડી છોકરૂં તેડીને બહાર નીકળી એટલે દેખો સાલી નીકલતી નહીં હે: એમ કહીને ખાસડું માર્યું; ત્યાં પેલો ભંગીયો પાછો આવી પહોંચ્યો.

ભંગીયો—મારોછો શા વાસ્તે? મારોછો શા વાસ્તે? મરીએ કે હું? હમણાં એક ગાંસડો તો હું બે ગઉ સુધી મૂકીને આવ્યો; વળી કેટલાકને મૂકવા જાઉં? એ રીતે બે ત્રણ ફેરા થયા. ભંગીયો ઘેર આવીને પોકે પોક રોવા લાગ્યો. બાપલીયારે હું કયાં જાઉં? મને મારી નાંછોરે! મારા બાપ! પરોપકારી સવારના પહોરમાં ઉઠીને લસ્કર સામો ચાલ્યો, તહાં ભંગીયો સામો મળ્યો તેને પૂછે છે.

પરોપકારી—અલ્યા ભંગીયા, તારે કાંઇ કમાણી થઇ કે?

ભંગીયો—હા સાબ, તમે આ ધરમશાળામાં રાતે સુતા હતા, તે બધું સાંભળ્યુંજ હશે તો.

પરોપકારી—તને કાંઇ પૈસા મળ્યા કે નહિ?

ભંગીયો—આ શ્યાબ ચાલશે ત્યારે હું સાબની નજરે થઇશ; તો બે ગાઉના એકજ ફેરાના બે પૈસા મળશે. મારો મોટો ભાઇ હતો તે આ સરકારના જુલમથી સંસાર મુચીને ભગત થઇ ગ્યો.

પરોપકારી—તમને કેટલું મળે તો એ ધંધો કરવાને તમે ખુશી છો?

ભંગીયો—અમને ગાઉએ રૂ. ૧) આપે તોપણ અમે એ ધંધામાં રાજી નથી. એ વૈતરૂં કરવાનો અમારો ધંધો[1] કોઈ દહાડો નથી. અમે તમારો ભાર ઉપાડીએ તો તમે અભડાઓ છો; માટે વૈતરા લોકો તો બીજા છે; તથા કોઇ રજપુત અથવા કોળીને રાખેછે; પણ સરકાર જુલમથી અમારી પાસે તે કામ કરાવે છે. અમારા ગામનો એક વાણીઓ નેસ્તીનો વેપાર કરતો હતો, તે પડયો મુચીને કાપડનો વેહેપાર કરવા લાગ્યો, પણ સરકાર તેની પાસે જબરજસ્તીથી નેસ્તીનો વેપાર કરાવતા નથી, અને અમે વેઠ બેગાર તથા રસ્તો દેખાડવાનો ધંધો છોડીયે છીયે તો સરકાર અમને મારી મારીને એ ધંધો કરાવે છે. પૈસાવાળાનો સરકાર છે, ગરીબનો નથી, અને તમે દાનસ્તા છો માટે પરમેશ્વર માથે રાખીને સાચું બોલો કે એ ધંધો અમારો છે?

પરોપકારી—હું પરમેશ્વર માથે રાખીને કહું છું, કે કોઇ રઇઅત ભંગીયા પાસે ભાર ઉપડાવતી નથી અને રસ્તો તો પુછતાં પુછતાં શોધી કાઢવાનો દસ્તુર છે; કદાપિ કાંઇ બીક જેવું હોય તો સિપાઇ રજપુત અથવા કોળીને વળાવો લે છે, તેને ગાઉએ એક આનો આશરે આપવાનો દસ્તુર છે.

ભંગીયો—આગળનાં લસ્કર આવતાં તે હરકોઇ માણસને વેઠે પકડતાં હતાં; અને આ રાજમાં બીજા લોકને માથેથી હરકત ગૈ; એટલે બધીએ હરકત અમારે ગરીબને માથે પડી છે, માટે અમારે તો આગલાં રાજ સારાં હતાં. પછી પરોપકારી લસ્કરમાં જઇને, મોટો કારભારી દેશી માણસ હતો.

[1] માજી રાજ્યની વખતથી ભંગીયા વગેરેને માથે વેઠ કરવાનું કામ ચાલ્યું છે.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

તેને કહે છે, ભાઇ સાહેબ, આ ગરીબ લોકો ઉપર મહા જુલમ છે, માટે તમને કાંઇ દયા આવતી નથી ?

કારભારી—એ લોકો ઉપર પરમેશ્વરનો કોપ છે ત્યારે આપણે એના ઉપર દયા લાવીએ તો પરમેશ્વરના શત્રુ થઇએ કે નહીં ?

પરોપકારી—વાહ વાહ, બહુ સારૂં સમજ્યા છો. હવે તમને અમારે કાંઇ કહેવાનું રહ્યું નથી.

દોહરા.

પરોપકારી ઘર ગયો, બીજે દિવસ પ્રભાત;
નથી જુલમ આ રાજમાં, ભૂલ્યો એવી વાત. ૧
આવ્યા અમદાવાદમાં, એલફીન્સ્ટન આપ;
એ અવસર ભાષણ કરી, સકળ કલ્યો સંતાપ. ૨
બજારમાં સરકારની, જેવી વાધ છે લાજ;
એવી સઘળી જાતમાં, વધશે તો ઠિક આજ. ૩
ગયે વરસ સરકારને, ધન સાડી ત્રણ ક્રોડ;
જે કરજે જેઇતું હતું, કોઇને ન કહ્યું છોડ. ૪
ઝાહેરનામાં મોકલ્યાં, દેશ દેશ મોઝાર;
વણમાગ્યે તીજોરીમાં, આવ્યા દામ અપાર, ૫
તેમજ સઘળી વસ્તુઓ, માખણ દૂધ મજૂર;
વણ માગે નર આપવા, હરખે જાય હજૂર. ૬
એવિ વધે સરકારની, લોક સરવમાં લાજ;
જુલમ મટે હરકત ઘટે, એમ ચાહું છું આજ. ૭
દુઃખ ગરિબનાં આ સમે, મેં કીધાં પોકાર;
કોઇ વખત વળી ન્યાયની, અડચણ કરિશ ઉચાર.૮
બાર વરસ સુધી બને, મૂકદમાનાં કામ;
જોઇએ આટો આવણું, જોઇએ તજવું ગામ. ૯

અંગ્રેજી કાયદા વિષે.

મનહર છંદ.

કાયદાની કલમો ને આકટ અનેક થયા,
નિર્ણય ન તેથી સમજી શકાય ન્યાયનો;
જેમ સ્માર્ત ધર્મતણી સ્મૃતિયો અનેક થઇ,
નિર્ણય ન સમજાય સ્માર્ત સંપ્રદાયનો;
કાયદામાં શબ્દ પણ એવા તો કઠણ છે કે,
મોટા મોટા વકીલો ન જાણી શકે માયનો;
વેદનાં વચન વિષે ઉપજે અનેક અર્થ,
એવો કાયદો છે આજ અંગરેજ રાયનો. ૧૦

દોહરા.

આ અવસર એટલું કહી, પુરિ કરૂં છું વાત;
જે બોલો જગદીશની, ભાવ સહિત ભ્રાત. ૧૧
દેશીનાં દુઃખ ટાળવા, કહું છું કરી પ્રણામ;
તે ધરજો સૌ ધ્યાનમાં, દાખે દલપતરામ. ૧૨
બાજી રાજયોથી ઘણું, છે રૂડું આ રાજ;
પણ તેમાં જે ખામિ છે, તે ઉચરી મેં આજ. ૧૩
ઇશ્વર આગળ માગિયે, કર જોડીને એમ;
આવું રાજ રહેજો સદા, જન સુખ પામે જેમ. ૧૪

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

હે [1]હાથી શુણ તું ગવર્નરતણા, સાહેબનો હું કવિ
હું તું બે સમ ભાગ્યશાળી ભુમિમાં જે જીવિકા જ્યાંહવી;
રાજા ગાયકવાડ પાસ પણ જો, ત્યાં હોત સેવા મળી,
તો આરાહાણ હેમનું મળત ને, સો સ્વાર સાથે વળી.૧૫

એ ભાષણ સાંભળીને આજમ વિનાયકરાવ વાસુદેવજી બોલ્યા કે, તમે જે આ હકીકત વાંચી તેનો સાર હું મહેરબાન ગવરનર સાહેબને ઝાહેર કરીશ, અને તે વિષે કાંઈ બંદોબસ્ત થશે એવી હું આશા રાખું છું.

---

[2]પીડા હરણ સ્તોત્ર.

દોહરો.

આજ કરી મહારાજ તે, અમ પર કૃપા અમુલ્ય;
ટાળ્યો હિંદુસ્તાનથી, ટંટો ભારત તુલ્ય. ૧

---

૧. ગવરનર સાહેબના હાથી ઉપર બેશીને આ ભાષણ સાંભળવા સારૂ આજમ વિનાયકરાવ વાસુદેવજી તથા તેના ત્રણ મિત્રો આવ્યા હતા. તે હાથીની સાદાઇ જોઇને લોકો કહેતા હતા કે ગાયકવાડનો હાથી હોય તો તેની સાથે કેટલો ઠમાક હોય ! તે વખતે આ શ્લોક કહ્યો હતો.

૨. ઇસ્વી સન ૧૮૫૭ ના બળવો શમ્યા બાબત ૧૮૫૯ માં મુંબઇમાં ડાકટર ભાઉના ઘર પાસે પ્રભુ પ્રાર્થના કરવા સારૂ રામમંદિરમાં મોટી સભા મળી હતી, તેમાં બોલવા સારૂ ડાકટર ભાઉની ફરમાસથી આ સ્તોત્ર રચ્યું હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વૈતાળિય છંદ.

હરિ ભારત તુલ્ય ભૂતળે, ઝગડો ઝેર ભર્યો કર્યો ખળે;
પણ હે પ્રભુજી કૃપા કરી, હરિ તેં હેત ધરી પીડા હરી. ૨
જુગમાં ન ભુલાય જેવડો, અતિ કીધો ઉપકાર એવડો;
ખરચી કરૂણા ખરેખરી, હરિ તેં હેત ધરી પીડા હરી. ૩
ભય ભંજન તું પ્રભુ ભલો, ઉપકારી પણ તુંજ એકલો;
સ્મરતાં ક્ષણ સઘ સંચરી, હરિ તેં હેત ધરી પીડા હરી. ૪
જગતમાં વધિ બંડ જાત તો, વણ કલ્પાંત વિનાશ થાત તો;
દુનિયાં દિલમાં હતી ડરી, હરિ તેં ધરી પીડા હરી. ૫
સુખદાયક દેવ આ સમે, અતિશે શું કહિયે હવે અમે;
વિતિ તે નહિ જાય વીસારી, હરિ તેં હેત ધરી પીડા હરી.૬
પગલે પગલે કૃપાનિધી, અમને એજ રીતે કૃપા કિંધી;
દઇ ભોજન ભાજનો ભરી, હરિ તેં હેત ધરી પીડા હરી.૭
પ્રભુ તું જગમાત તાત છે, ઘણી શક્તિ તુજમાં અત્રાત છે;
તુજથી નથિ અન્ય ઉપરી, હરિ તેં હેત ધરી પીડા હરી. ૮
ભુલિ ભુધર ભક્તિ ભાનને, ધન ધંધે ધરિ નિત્ય ધ્યાનને;
પણ આપનિ આ પ્રજા સ્મરી, હરિ તેં હેત ધરી પીડા હરી.૯

દોહરા.

હે હરિ તેં પીડા હરી, કરી કૃપા આ કાળ;
તેમ તમે ત્રિભુવન ધણી, સદા કરો સંભાળ. ૧૦
દેજો સુખ સઉ દેશને, ગુણમય દેજો જ્ઞાન;
વિદ્યાની વૃદ્ધી થજો, શુભ ઈંગ્લાંડ સમાન. ૧૧
રાજ કરો વિક્ટોરિયા, નિર્મળ જેતું નામ;
આશિષ માગે એટલી, દિન દિન દલપતરામ. ૧૨
[૧]સંવત[૪]શ્રુતિ[૧]શશિ[૯]નવ[૧]વિધુ,સજિ, ઇશ્વર સ્તુતિસાર;
અવર પક્ષ આષાઢમાં તિથિ તેરશ ગુરૂવાર. ૧૩

વિક્ટોરિયા રાણી વિષે.

[૨]હરિગીત છંદ.

હે દેવના પણ દેવ તું તતખેવ દિલમાં ધર દયા,
જે રાણિજીના રાજથી થિર થૈ અમે સુખિયા થયા;
તું આપ નિત્યે નવિન વધતું તેજ તેના તાજમાં,
સુખમાં સદા વિકટોરિયાને રાખ પ્રભુ આ રાજમાં. ૧
વડિ પ્રેમવાળી દિલ દયાળી બુદ્ધિશાળી બાઇ છે,
ભરપૂર ખૂબ ભરાઇ જેના ચિત વિષે ચતુરાઇ છે;
નહિ દેશમાં લવલેશ દીસે કસુર જેના કાજમાં,
સુખમાં સદા વિકટોરિયાને રાખ પ્રભુ આ રાજમાં. ૨
જે દુષ્ટતામાં પુષ્ટ તેના શત્રુ છે સંસારમાં,
જે કષ્ટ જનને કરે ફરતા ફરે ભ્રષ્ટ વિચારમાં;
સંહાર તેનો સઘ તું કરનાર ઇશ્વર આજમાં,
સુખમાં સદા વિકટોરિયાને રાખ પ્રભુ આ રાજમાં. ૩
તું ઉઠ ઇશ્વર આવિ વખતે અરજ ઉરમાં ધારજે,
છળ કપટ ખળનાં [૧]ઝપટ છે તે ચપટ કરિ બેસારજે;
એ વેરિયોના વાસને વીખેરિ નાખી [૨]વાજમાં,
સુખમાં સદા વિકટોરિયાને રાખ પ્રભુ આ રાજમાં. ૪
દિન દિન વિશેષ પ્રતાપ વધતો ચંદ્રનો શુદિમાં ચઢે,
તેમજ રહે મહારાણિનું અતિ તેજ ચઢતું તુજવડે;
રિપુ કૂળને નિર્મૂળ કરજે છોડ જેવા છાજમાં,
સુખમાં સદા વિકટોરિયાને રાખ પ્રભુ આ રાજમાં. ૫
અતિ રિદ્ધિ સિદ્ધિ અખુટ તુજ ભંડારમાંથી આપજે,
મનના મનોરથ પૂરિને વળિ કષ્ટ સઘળાં કાપજે;
કરતાર આપો કુશળ એના સકળ રાજ સમાજમાં,
સુખમાં સદા વિકટોરિયાને રાખ પ્રભુ આ રાજમાં. ૬
બહુ વર્ષ સુધી અચળ એનું રાજ અમ ઉપર હજો,
વળિ વંશનો વિસ્તાર જન સુખકાર જગમધ્યે થજો;
ઇશ્વર પ્રતાપે અમલ જામો દેશ બેટ ઘણાજમાં,
સુખમાં સદા વિકટોરિયાને રાખ પ્રભુ આ રાજમાં. ૭
નિર્દોશ તેનો ન્યાય નિશ્ચળ થૈ જગતમાં જામજો,
પ્રતિ દિવસ વાર હજાર જયજયકાર વાણી પામજો;
કરિયે અમે ઊંચે સ્વરે ગુણગાન એના [૩]આજમાં,
સુખમાં સદા વિકટોરિયાને રાખ પ્રભુ આ રાજમાં. ૮
ધરિ પ્રેમ પ્રભુની પ્રાર્થના કરિ મુખથિ એવું માગજો,
જય થજો જગમાં રાણિજીની શત્રુતું બળ ભાગજો;
શુભ સ્નેહથી ગાજો તમે સૈ સજન ગામો ગામના,
છે છંદ સુંદર નવ નવીન રચેલ દલપતરામના. ૯

---

૧. ૧૯૧૪.

૨. સંવત ૧૯૧૫ ના કારતક શુદ ૧ ને દિવસે ઇસ્ટ ઇંડિયા કંપનીના હસ્તકથી મહારાણીએ હિંદુસ્તાનનો અમલ લીધો તેના ઓચ્છવની સભા અમદાવાદના કલેકટર સાહેબના બંગલામાં ભરાઈ હતી તે સમે આ કવિતા કહી હતી.

૧. બધાં. ૨. ઝડપમાં. ૩. ગર્જનામાં.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ગુજરાતમાં વિક્ટોરિયા રાણીનું રાજ્ય સ્થપાયા વિષે.

ભુજંગી છંદ.

શુભે સંવતે ઓગણી પંદરામાં,
વળી બેસતે વર્ષ સારા સમામાં;
જહાં ગુર્જરી રાજધાની બિરાજે,
રૂડું રાણિજીનું થયું રાજ આજે. ૧૦

ઉગ્યો સર્વને ઊર આનંદ એવો,
જડે રિદ્ધિ કે સિદ્ધિથી થાય જેવો;
વિવાથી વડો વાર છે એમ છાજે,
રૂડું રાણિજીનું થયું રાજ આજે. ૧૧

ફરે લોકના થોક મોટે ઉમંગે,
અતીશે દિસે ઉજળાં વસ્ત્ર અંગે;
ગયા શાહિબાગે સઉ એજ કાજે,
રૂડું રાણિજીનું થયું રાજ આજે. ૧૨

મળ્યો સર્વ સાહેબનો સાથ સારો,
મળ્યા હોંશથી શેઠ લોકો હજારો;
મળ્યા સ્વાર પાળા મહાશબ્દ ગાજે,
રૂડું રાણિજીનું થયું રાજ આજે. ૧૩

વધ્યો હર્ષ વાંચી સુણાવી વધાઇ,
રહ્યા વાગિ વાજાં રૂડા રાગમાંહી;
ઉઠી ગર્જના તોપને ત્યાં અવાજે,
રૂડું રાણિજીનું થયું રાજ આજે. ૧૪

જમ્યા ઘેર જૈ ભોજનો ભાત ભાતે,
રચી દીપમાળા રૂડી એજ રાતે;
રહ્યા અક્ષરો ઓપિ એમાં રચ્યા જે,
રૂડું રાણિજીનું થયું રાજ આજે. ૧૫

મળ્યા રાજ[1] મેહેલમાં લોક મોટા,
સુણી ભાષણો પામિયા પુષ્પ ગોટા;
કવીને[2] નવી પાઘશાલો નિવાજે,
રૂડું રાણિજીનું થયું રાજ આજે. ૧૬

રચ્યો દારૂખાનાતણો ખેલ ખાસો,
તકે તે જુએ લોક જૈ ત્યાં તમાસો;
દિસે જાણિયે દૈતનો દેશ દાઝે,
રૂડું રાણિજીનું થયું રાજ આજે. ૧૭

દોહરો.

એમ ભલો ઉત્સવ થયો, હરખ્યો સકળ સમાજ;
કર જોડી પ્રભુને કહે, રહો અચળ આ રાજ. ૧૮

ઇંદ્રવિજય છંદ.

લંકપુરી સળગી અળગી,
ભભકારથી રાવણની છબિ ભાજી;
કાં પ્રગટ્યો વ્રજ દેશ દવાનળ,
જ્વાળામુખી ગગને ચાઢ ગાજી;
લોચન ત્રિજું ત્રિલોચનનું,
ઉઘડ્યું દલપત્ત પઢે ઉપમાજી;
રાજ સમાજનિ આગળ આજનિ,
રાત સમે બનિ આતસબાજી. ૧૯

સંદેહાલંકાર.

મનહર છંદ.

મેલો ઘેલો પેલો જુઓ આગબોલમાં ઉભેલો,
ગોદડે ગુંથેલો એવો આવે હનુમાનજી;
કાળા હાથ દારૂવાળા દાઢી મોઢું દીસે કાળું,
પાઘડીનો પલ્લો પુંઠે પૂંછડા સમાનજી;
લોક નાસાનાસ કરે ત્રાસ પામી તેને ઠામે,
એને નાવે આંચ જેના રામજી જમાનજી;
ઠેકી ઠામ ઠામ આગ લગાડીને આઘો ખસે,
હશે હનુમાનજી કે સુલ્લાં સુલેમાનજી. ૨૦

ઇસ્ટ ઇંડિયા કંપનીના હસ્તકમાંથી મહારાણીએ હિંદુસ્તાનનું રાજ્ય લીધા પછી જ્યોર્જ ક્લાર્ક ગવરનર સાહેબ અહિં આવ્યા ત્યારે તેમને હોપ સાહેબની મારફતે સને ૧૮૬૧ ના અક્ટોબરમાં લખી મોકલેલું

કવિત.

શુણો સર જારજ ક્લાર્ક ગવર્નરજી,
આગે ઇસ્ટ ઇંડિયા ઇજારદાર થૈ ગયા;
સવાસો વરસ સુધી હિંદુસ્તાનમાં હુકમ,
ચલાવી ચોખૂટ રાણીજીને રાજ્ય દૈ ગયા;
ગામ ધામ દામ સેના સહીત તમામ સોંપી,
ચાહન ચોરી કરી અમુલ્ય ચીજ લૈ ગયા;

૧. કલેક્ટરને બંગલે. ૨. મને શાલ પાઘડીનો શીરપાવ આપ્યો હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહે દલપતરામ દેખાડી આપું આ ઠામ,
સઘળી સાબાશી તો લૂટીને તેઓ લૈ ગયા. ૧

સોરઠા.

શ્રી સરકાર ઉચાર, લખવા લાયક જાણિયે;
કદી હવે શ્રીકાર, ઉપમામાં નહિ આણિયે. ૨
વિક્રમ સમ જે વાર, પ્રજા પ્રેમ પામો તમે;
સુખથી શ્રી સરકાર, લાયક ગણિ લખશું અમે. ૩

આ કવિતા મુંબાઇમાં શેઠ પ્રેમાભાઇ હીમાભાઇના ફરમાવ્યાથી સભામાં બોલવા સારૂ ત્યાં રચી હતી.

પ્રિન્સ ઑફ વેલ્સના લગ્ન વિષે.

દોહરો.

લાયક લંડનનો પતી, પરણ્યો રૂડી પેર;
તે કારણથી ત્યાં થયો, ઘણો ઉત્સવ સૌ ઘેર. ૧

મનહર છંદ.

જે અલેકઝાંડરિઆ રાણી વખણાણી તેને,
પ્રીન્સ ઑફ વેલ્સ રાય પરનીઆ પ્રીતથી;
સર્વ સુખદાયક તે લાયક વિલાયતમાં,
મચ્યો મહોત્સવ જ્યાં રચ્યો વિવા સુરીતથી;
જોવાને અનેક જન મળ્યાં મીજલસમાંહી,
ખૂબ થયાં ખુશી તે ખરેખરાં ખચીતથી;
પામીને પ્રીતી અપાર આશીષ કરે ઉચ્ચાર,
હેતે નરનાર ત્યાં હજાર વાર હીતથી.

ઝૂલણા છંદ.

સ્નેહનાં ચિન્હ સમ અંક સન્મુખતણી,
સાલ ત્રેસઠતણી સરસ જાણી,
જોડ અક્ષર તિથે[1] પ્રેમથી પરણીયાં,
દસમી મારચ દિને રાય રાણી;
એજ શુભ કામનો સરસ ઉત્સવ થયો,
પ્રથમિ મે માસ તારિખ પ્રમાણી;
નિરખિ મુંબઇની શોભા ભલી નવનવી,
કવિત રચિ શું કવિ કહે વખાણી.

દોહરા.

સજ્જન સન્મુખ જો વસે, કિમત અધિક કહીશ;
વિમુખ થએ કિમત જુઓ, ત્રેસઠના છત્રીશ. ૪

૧. તિથે—તિથિમાં.

સરસ રિતે શણગારિયું, સઘળું મુંબાઇ શહેર;
મહાજનની મિજલસ મળી, પ્રીતે રૂડી પેર. ૫
આતસબાજીનો અધિક, ખાસો કીધો ખેલ;
અંતર અચરજ ઉપજે, રચના એવિ રચેલ. ૬

ઇંદ્રવિજય છંદ.

આતસબાજી ન જાણવિ એ,
ધરિ રાખિ મહાજને ધર્મનિ માજા,
હિંદુનિ રીત[1] કરી હરખી,
પરણ્યો ગણિને હિંદુસ્તાનનો રાજા;
દંપતિને સઘળો સુખદાયક,
લાયક હોમ કીધો શુભ લાજા,
દેવ રિઝી દલપત કહે,
કરૂણાથિ કરે, તન દ્રવ્યાથ તાજા. ૭

દોહરા.

ધજા પતાકાનાં ધર્યાં, ઘર ઘર સરસ નિશાન;
જાણે પ્રજા સ્વતંત્ર થૈ, સૌ થઇ ભુપ સમાન. ૮
દીપકમાળાની દિસે, રચના ઠામો ઠામ;
સ્વર્ગનિ શોભાએ કર્યો, વસુધામાં વિશ્રામ. ૯
એ વર કન્યાની અધિક, જીવે જગમાં જોડ;
એવી આશિષ ઉરથકી, કવિજન આપે કોડ, ૧૦
ભલિ ભાતે સુખ ભોગવો, કરો પ્રજાનાં કામ;
આશિષ આપે એટલી, દિલથી દલપતરામ. ૧૧
રાજ તેજ રિદ્ધિ વધે, વધે પુત્ર પરિવાર;
કીર્તિ ને કાંતી વધે, વધે સુખ સંસાર. ૧૨
ઇશ્વર આશા પુરશે, કરશે પૂરણ કામ;
એવી આશિષ અહરનિશ, દે છે દલપતરામ. ૧૩

ગવનર જનરલ લૉર્ડ મેયોનું મૃત્યુ.

તા. ૮ મી ફેબ્રુઆરી સને ૧૮૭૨. તેની દિલગિરી જણાવવા તા. ૧૫ મી ફેબ્રુઆરીએ હીમાભાઇ ઇન્સ્ટીટયુટમાં સભા ભરાઇ હતી, તે વખતે કહેલી કવિતા.

૧. મતલબ કે એ આતસબાજી નહિ પણ હિંદુઓની રીત પ્રમાણે લાજાહોમ કર્યો હોય એવો ભાવ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરો.

અરે પ્રભુ શું આ થયું, કહેતાં કહિ ન શકાય;
દુઃખ ભર આવી દિલગીરી, મનમાં કેમ સમાય ?૧

હરિગીત છંદ.

મનમાંહિ કેમ સમાય, દુખની દિલગિરી દિલ્લડાવિશે,
લાયક ગવનર લાર્ડ મેયો, મારિયો દુષ્ટે રિસે;
નિર્મળ મતીનો ન્યાયવાળો, નમ્ર નિર્દોશી ભલો,
દિલનો દયાળૂ દેખિયો, અંતઃકરણનો ઊજળો. ૨
અત્યંત પર ઉપકારિ તે, હિતકારી હિંદુસ્તાનનો;
ઔદાર્ય ઉરમાં આણતો, ગુણ જાણતો ગુણવાનનો;
અધિનાથ ક્રોડ અઢાર જનનો, પદવિ પામ્યો પુન્યથી,
જેનો અધિક જશ જામિયો, નહિ ખામી કશિયે ન્યૂનથી.૩
વિક્ટોરિયા મહારાણિનો સરદાર શૂર શિરોમણી,
તેનાથિ લાભ મળ્યાતણી, આશા અમારિ હતી ઘણી;
વગ ખૂબ તાણત વિધ વિધે, ઈંગ્લાંડ જઇ આ દેશની,
તે દૂર થયો દુરમરણથી, કહું શી કથા તે કલેશની. ૪
સર્વદા રહેશે સ્મરણમાં, નહિ નામ એવું વીસરે,
અતિ ગુણ અમારા ઉરથકી, નિશ્ચે કદી નહિ નીસરે;
શુભિ દિલ વિશે દિલગિર થયા, ગુણવાન જન ગુજરાતના
ભરિ સભા શોક જણાવિયે,કહિ બોલ બહુ એ વાતના.૫
શુભ કામ કરિઆ ઠામમાં એ, કીર્તિ પામ્યો છે અતી,
ઉપકારિ એવા પુરૂષની, આ ઇશ કરજે સદગતી,
સાક્ષી સકળ સંસાર, સાહેબના શુભ કામના,
માટે ભલું તું તેનું કરજે, દેવ દલપતરામના. ૬

પ્રિન્સ ઑફ વેલ્સ વિષે પ્રભુ પ્રાર્થના.

તા૦ ૨૭ મી ફેબ્રુઆરી સને ૧૮૭૨ ને રોજ આખા ભરતખંડમાં પ્રિન્સ ઑફ વેલ્સને સુખાકારી થઈ તે માટે પ્રાર્થના કરી હતી; ત્યારે સર મંગળદાસ નથુભાઇ વગેરે મુંબઇના નામાંકિત ગૃહસ્થોએ મંગાવ્યાથી અહીંથી જે કવિતા રચીને મોકલી હતી તે નીચે મુજબ,

દોહરો.

જય જય જીવન જીવના, નોધારાં આધાર;
જય જય ઝગમગ જ્યોતિમય, જય જય જગકર્ત્તાર.૧

હરિગીત છંદ.

જય જય જગત કર્ત્તાર, ભવભરતાર તું ભગવંત છે,
અત્યંત તું શ્રીમંત ને ઐશ્વર્યવંત અનંત છે;
તું તારનાર ઉગારનાર, નિવારનાર અનિષ્ટનો,
તું થાપનાર ઉથાપનાર, તું આપનાર અભીષ્ટનો. ૨
તું સકળ સ્વામી અચળનામી, ધામિ અવિચળ ધામનો,
શશિ સૂર્ય શૈલ સમુદ્ર સૌ, સૃજનાર તુંજ તમામનો;
પ્રભુ તુજ ચરિત્ર વિચિત્ર ચિત્રિત, ચિત્ર જગત પવિત્રછે,
ધ્વનિ વાયુ વારિ પ્રવાહની, દશદીશ તુજ વાજિત્ર છે.૩
તું તૃણતણો પર્વત કરે, પર્વતતણું તૃણ તું કરે,
સ્મરતાંજ સઘ સહાય થઇ, તું હદ વિના હરકત હરે;
તુંજઅકળ માયાસકળથળથળપ્રભુ, પ્રબળ બળછેતુજતણું,
ઘટ ઘટતણી ઘડિ સુઘડ, ઘટના ઘટિત કાર્ય કર્યું ઘણું. ૪
ભયભીતનો ભય ભાગિને, ભવ સુખ ભરે ભગવાન તું,
ગુણ ગાન સુણીને કાનથી, દે છે અમર પદ દાન તું;
પ્રભુ ગરિબના પોકાર તું, સુણનાર સત્ય સમર્થ છે,
બકવાદ તુજ જશ બાદ, વાદ વિવાદ સઘળા વ્યર્થ છે.૫
તું એક ઇશ હરેક જનનો, નામ ભિન્ન અનેક છે,
તું સર્વની અરજી સુણે છે, નિયમ તારો નેક છે;
તેં આ સમે મહારાજ અરજી, ધારિ ઉરમાં અમતણી,
વિક્ટોરિયા મહારાણિના, સુત, પ્રિન્સની પીડા હણી. ૬

દોહરો.

પીડા ટાળી પ્રિન્સની, હરખ્યો સકળ સમાજ;
કાજ અધિક ઉત્તમ કર્યું, આ પ્રભુજી તેં આજ. ૭

ઝુલણા છંદ.

ઓ પ્રભુ આજ તેં કાજ ઉત્તમ કર્યું,
રાજની રાખિ શોભાજ સારી;
કોટિ લોકોતણી અરજ ધરિ કાનમાં,
ધ્યાનમાં વાત સાક્ષાત ધારી;
ખૂદ તેં આ સમે ખાંતથી ખલક શિર,
ખડગ ધરિ આવતો ખેદ ખાળ્યો,
યોગ્ય નૃપ જાણિને ઉર દયા આણિને,
રાણિના પુત્રનો રોગ ટાળ્યો. ૮
કાળ જેવીજ વિકરાળ જ્વર ઝાળથી,
લાલને હાલ ઉગારિ લીધો;
એહ આભાર તલભાર નહિ ભૂલિયે,
પાર નહિ એટલો પાડ કીધો;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભયતણો ભંગ કરિ આજ અણુભંગ,
અમ અંગ ઉમંગનો રંગ ઢાળ્યો.
યોગ્ય નૃપ જાણિને ઉર દયા આણિને,
રાણિના પુત્રનો રોગ ટાળ્યો. ૯

રાજ્ય માલિક પ્રિય લોક પ્રત્યેકનો,
ટેક ધર એક વીવેકવાળો;
શોભિતો સર્વદા શ્રેષ્ટ જન સાથમાં,
જે રતીનાથ જેવો રૂપાળો;
પાળનારો ઘણા પ્રાણિનો પેખિને,
પ્રેમથી આ સમે તેંજ પાળ્યો,
યોગ્ય નૃપ જાણિને ઉર દયા આણિને,
રાણિના પુત્રનો રોગ ટાળ્યો. ૧૦

સૂક્ષ્મથી સૂક્ષ્મ જે જંતુ આ જગતમાં,
શ્રેષ્ઠથી શ્રેષ્ઠ વળિ જે વસે છે,
સર્વનો સ્વામિ તું છે અને સર્વની,
સર્વદા તુંજ સંભાળ લે છે,
ભૂપના ભૂપ તેં ભૂપસુત ભયથકી,
ભરતનો ખંડ ભયભીત ભાળ્યો;
યોગ્ય નૃપ જાણિને ઉર દયા આણિને,
રાણિના પુત્રનો રોગ ટાળ્યો, ૧૧

તારિ કરૂણાથિ ઉર આશ સઘળી ફળે,
તારિ કરૂણાથિ ભય નાશ ભાસે,
તારિ કરૂણાથિ સંસારિને થાય સુખ,
તારિ કરૂણાથિ સૌ કષ્ટ નાસે;
દાખિ દિલમાં દયા કુંવરના દેહને,
નેહની નજરથી તેં નિહાળ્યો,
યોગ્ય નૃપ જાણિને ઉર દયા આણિને,
રાણિના પુત્રનો રોગ ટાળ્યો. ૧૨

પ્રેમથી તુજ પગે લાગિને માગીએ,
કુંવરનાં કોટિધા કષ્ટ જાજો,
તેજ વરદાન દે તું મહા તેજધર,
અધિપતી એજ અંગ્રેજ થાજો;
હે હરિ હેતથી સર્વને હર્ષનો,
ખાંમુખાં આજ તેં ખંગ વાળ્યો;
યોગ્ય નૃપ જાણિને ઉર દયા આણિને,
રાણિના પુત્રનો રોગ ટાળ્યો. ૧૩

છપ્પો.

રાણિ તનુજનો રોગ, તરત અરજી સુણિ ટાળ્યો,
જનનો જીવન પ્રાણ, સ્નેહથી તેં સંભાળ્યો;
તેમજ તુજ જનતણી, હરિ હરકત તું હરજે,
વરસાવી અમિ વૃષ્ટિ, દૃષ્ટિ કરૂણામય કરજે;
આશા પરિપૂરણ પૂરજે, તું પ્રભુ પ્રજા તમામની,
આ અરજી ઉરમાં ધારજે, દિન દિન દલપતરામની. ૧૪

દોહરો.

સતાવિશમી તારિખે, ફેબ્રુઆરિ ઓતેર;
પ્રાર્થના પ્રભુની કરે, સ્નેહે મુંબઇ શહેર. ૧૫

એજ તારીખે અમદાવાદ ટ્રેનિંગ કૉલેજમાં સભા ભરાઇ હતી, તેમાં મેં કવિતા સંભળાવી તે નીચે પ્રમાણેઃ—

દોહરો.

ભક્તોનાં દુઃખ ભાગવા, તે છે તારી ટેવ;
સહાયતા કરિ આ સમે, દુખ હરનારા દેવ. ૧૬

હરિગીત છંદ.

હે દેવ દુખ હરનાર તું, તુંજ પરમ શક્તિ અપાર છે,
તું જગતનો કર્ત્તાર, અગણિત સૃષ્ટિનો આધાર છે;
તેં આજ અમ ઉપર પ્રભુ, બહુ કોટિધા કરૂણા કરી,
વિક્ટોરિયા મહારાણિના, સુત પ્રિન્સની પીડા હરી. ૧૭

હક સકળ હિંદુસ્તાનના, મળવાની આશા એ થકી,
પરિપૂર્ણ પ્યારો પ્રજા સૌને, તે કુંવર છે તે થકી;
તેં રોગ તેનો ટાળિયો, ઉપકાર એ બહુ માનિયે,
તેં જરૂર જીવતદાન દીધું, વાત નહિ તે ન્હાનિ એ,
તેમજ અમે વળિ તુજકને,નમિ મુખથી એવું માગિયે.૧૮

તે થાય રાજા અમતણો, તુજને પગે લાગ લાગિયે;
રૂડી રીતે રૈયતતણું, રક્ષણુ કરે દિન રાત તે;
અતિ સ્નેહથી સંભાળ રાખે, સર્વદા સાક્ષાત તે. ૧૯

સંકટ સરવે એ કુંવરનાં,પ્રભુ તું તતક્ષણ ટાળજે,
આવીજ રીતે ઉર ધરી, વળી સર્વદા સંભાળજે;
કરૂણા ઘણી થઇ સકળ ઉપર, અખિલ જગના ઇશની,
[1]જુગ હાથ જોડી સર્વ જન, જય કહો જગદીશની. ૨૦

૧. બે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગવર્નર સાહેબ રાજકોટ પધાર્યા તે વિશે.

(રાજકુમાર કૉલેજના રાજકુમારોએ રચાવી મંગાવેલી કવિતા. તારીખ ૩૦ મી નવેમ્બર સને ૧૮૭૪.)

દોહરો.

વિજયવંત વુડહાઉસ છે, મુંબઇના મહારાજ;
સોરઠ મધ્યે સંચર્યા, અધિક હેતથી આજ. ૧

હરિગીત છંદ.

સદભાગ્ય આ સોરઠતણાં, સાહેબ વિચર્યા સ્નેહથી;
કરુણા નજરથી નિરખશે, તાજે જણાશે તેહથી;
જેણે સુધારો સરસ કરિને, રાજ્યધર્મ રખાવિયા;
ગુણીયલ ગવર્નર ન્યાયી નરવર, સરસ અવસર આવિયા.૨
ચોપાસ પૂર્ણ પ્રકાશ પ્રસરે, ઉદિત રવિ આકાશમાં;
જનવૃંદ ત્યમ આનંદ પામ્યા, વિચરિ વિવિધ વિલાસમાં;
નિર્મળ વધારી ન્યાયને, અન્યાયને અટકાવિયા;
ગુણીયલ ગવર્નર ન્યાયી નરવર, સરસ અવસર આવિયા.૩
કૉલેજ રાજકુમાર કેરી, અધિક શોભી આ સમે,
મણિ જેમ કુંદનમાં મળે, જન જાતિને જોતાં ગમે;
પ્રીતિ ભલી પરીક્ષા કરી, વળિ પાઠ પણ વંચાવિયા;
ગુણીયલ ગવર્નર ન્યાયી નરવર, સરસ અવસર આવિયા.૪
સોરઠતણી શોભા દિસે, ઇંદ્રાપુરી સમ આજની;
અસ્વારિ આવી ઓપતી, મુંબાઇતણા મહારાજની;
પરમાર્થ મારગ પુષ્ટ કરિને, દુષ્ટ મારગ દબાવિયા;
ગુણીયલ ગવર્નર ન્યાયી નરવર, સરસ અવસર આવિયા.૫
ધન ધાન્યની વૃદ્ધિ થશે, વૃદ્ધિ થશે વિદ્યાતણી;
આપત્તિ ટળશે ને થશે, સંપત્તિ સંપતણી ઘણી;
વિદ્યા વધારી વિધવિધે, બહુ બુદ્ધિવંત બનાવિયા;
ગુણીયલ ગવર્નર ન્યાયી નરવર, સરસ અવસર આવિયા.૬
જ્યમ ચંદ્ર દેખિ ચકોર હરખે, મોર હરખે મેહથી;
ત્યમ હર મનુષ મન હરખિયાં, સાહેબના શુભ સ્નેહથી;
દર્શનતણો દે લાભ લોક, હરેકને હરખાવિયા;
ગુણિયલ ગવર્નર ન્યાયી નરવર, સરસ અવસર આવિયા.૭
દીપોત્સવીથી દશ ગણો, દસગ થકી દશ સો ગણો,
ઉત્સાહ ઉપજ્યો સર્વને ઉર, [1]ઘરમુહૂર્ત થકી ઘણો;
સંચરી સોરઠ દેશમાં, નિજ ગુણ વિશેષ ગજાવિયા;
ગુણીયલ ગવર્નર ન્યાયી નરવર, સરસ અવસર આવિયા.૮
લાયક લખાશે લેખથી, દિન આજનો ઇતિહાસમાં;
ઉગ્યો ભલે આદિત્ય આજ, અખંડ હર્ખ ઉજાસમાં;
ભગવાન તેનું ભલું કરે, ભૂપાળ કુંવર ભણાવિયા;
ગુણીયલ ગવર્નર ન્યાયી નરવર, સરસ અવસર આવિયા.૯
આવા દિવસ પ્રભુ નિત્ય આપે, એવિ ઇચ્છા આણિયે;
અંતરતણો ઉભરો અધો, વર્ણવિ ન શકિયે વાણિયે;
નિજ પ્રેમરૂપી પુષ્પથી, વિધવિધ પ્રકાર વધાવિયા;
ગુણીયલ ગવનર ન્યાયી નરવર, સરસ અવસર આવયા.૧૦

દોહરો.

વળિ જ્યાં જ્યાં વિચરો તમે, સુખ પામો સૌ ઠામ;
ઉરથી આશિષ એટલી, દે છે દલપતરામ. ૧૧

પ્રિન્સ ઑફ વેલ્સ મુંબાઈમાં આવ્યા તે વિશે.

દોહરો.

મહારાણીના મુગટના, જવાહીરમાં જેમ;
કોહિનર ચળકે ઘણો, દિવસ આજનો એમ. ૧
સન અઢાર પંચોતરે, વિમળ નવંબર માસ;
અષ્ટમદિન ઓપાવશે, અત્રેનો ઇતિહાસ. ૨
પ્રિન્સ વેલ્સ પગલું ભર્યું, પુર મુંબાઇ મોઝાર;
અતિ ઉત્સવ એથી થયો, હરખ્યાં સૌ નરનાર. ૩

કૈસરે હિંદ વિશે.

(તા. ૧ લી જાનેવારી સને ૧૮૭૭ ને રોજ અમદાવાદમાં શેઠ હઠીસિંગની બહારની વાડીએ દરબાર ભરાયો હતો, તે વખત કહેલી કવિતા.)

કવિત.

યજ્ઞતણો અશ્વ જેમ આજ અંગ્રેજતણો,
વિજળીનો તાર આખા ખંડમાં ફરી વળ્યો;

---

[1] એક વાસ્તુમુહૂર્ત કરતાં પણ.

૧. આ બાબતના ૧૫૦ છંદ રચીને અહિંની પ્રાક્ટિસિંગ સ્કૂલના માસ્તર મોહનલાલ કલ્યાણજીની મારફતે અંગ્રેજીમાં તરજુમો કરાવીને વિલાયતમાં મોકલ્યા હતા તેની નકલ પણ ગેરવલ્લે ગઈ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસ્તીમાં કે વન વિશે રાજા કે મેવાસી કોઇ,
અટકાવનાર નહિ ત્રાસ તે વિશે ટળ્યો:
એમ આખો ખંડ જીતી રાજસુય યજ્ઞ રચ્યો,
એથી ઘણા રાજનો સમાજ આજ છે મળ્યો;
કહે દલપતરામ અસલ કદી આ ઠામ,
આવો એક છત્રધારી સૃષ્ટિમાં ન સાંભળ્યો. ૧

જંગલનાં જળાશય ઝાડ ને જંગલી લોક,
કરતાં ખરાબ ભય ભૂપનો ન રાખતા;
તે માટે સિંદુરનાં ત્રિશુળ મૂળથી કરતા,
બાળી ભય પામી આ છે દેવ એમ ભાખતા;
આ જુઓ અચંભ આજ તારતણા થંભને તો
નથી જો ત્રિશૂળ તોય નથી તોડી નાંખતા;
એજ અંગરેજતણા તેજનો પ્રતાપ જાણો,
જેનું નામ સાંભળીને સામું નથી ઝાંખતા. ૨

દોહરા.

રાવણ સીતા લે ગયો, રામ આણુ હતી તોય;
આ અવસર અંગ્રેજની, આણુ ન લોપે કોય. ૩

[1]નભથી કે પાતાળથી, નીકળશે નૃપ દૂત;
એવું જાણી અંતરે, ભડકી ભાગે ભૂત. ૪

જેમ હાથિ લે સુંઢમાં, અનાયાસ [2]અરવિંદ;
તેમ રાણી આ દેશ લઇ, બની "કૈસરે હિંદ". ૫

ઝુલણા છંદ.

રાજ અધિરાજ વિક્ટોરિયા રાણિયે,
કૈસરે હિંદ ઇલકાબ લીધો:
પ્રીત પરિપૂર્ણથી આજથી પાળવા,
[3]કથનથી જાણિએ કોલ દીધો;
પરમ પ્રેમે હવે અધિક ગણિ પાળશે,
ટાળશે સર્વ સંતાપ પોતે;
એમ જાણી થઇ ભરતભૂમી ભલી,
જેમ શોભે શશી પૂર્ણ જ્યોતે. ૬

આજ આદિત્ય આભાસ ભાસે ભલો,
છે ભલી ભૂમિ સોનાથિ છાઇ;
જયાં જુઓ ત્યાં સુઆનંદ આનંદ છે,
વાયુની લહરિ એવીજ વાઇ;
શી કહું સરસ શોભા અતી આજની,
રાજસૂયજ્ઞની રીત કીધી;
ઇંદ્રિ દરબાર અનુસાર અતિ ઓપતા,
દિલ્હિને આજ શોભાવ દીધી. ૭.

લેખતાં દ્રવ્ય અધલાખનો ત્યાં વળી,
સરસ [1]હુતદ્રવ્યનો હોમ થાશે;
નાચશે અપસરા . રિ ગાંધર્વ જન,
પ્રીતથી ગીત ગુણ ગાન ગાશે;
સિંહ ને વાઘ ને નાગ [2]જાલમ વળી,
શેરખાં પાડખાં સર્વ મળશે;
જે કદી સંપથી નહિજ જોડે વસે,
તે તણાં વૈર તતકાળ ટળશે. ૮

સ્વર્ગ સમ ભરતની સર્વ ભૂમી બની,
ઠાઠ કીધો ભલો ઠામ ઠામે;
શહેર પ્રત્યેકમાં સરસ શોભા બની,
દીપમાળા ધરી ધામ ધામે;
અહમદાવાદમાં આજ રચના બની,
જીવિત જોનારનું ધન્ય જાણું;
છાવણીમાં થઇ છોળ આનંદની,
વિવિધ રચના ઘણી શી વખાણું. ૯

પાયદળ શસ્ત્ર ધરિ આવિ ઉભું રહ્યું,
જીત કરી જાણિયે સૈન્ય આવ્યું;
શોભિતે વેશ સરદાર સર્વે મળ્યા,
સર્વને સૈન્ય તે ભાળિ ભાવ્યું;
તોપ બંદૂકના ત્યાં ભડાકા થયા,
વિવિધ વાજીંત્ર ત્યાં ખૂબ વાગ્યાં;
જાણીએ પૃથ્વિને પર્વતો વન તરૂ,
લાભ ગણિ ગર્જવા ખૂબ લાગ્યાં. ૧૦

જે સમે સૂર્ય પશ્ચિમ ભણી સંચર્યો,
કૈસરે હિંદની ભેટ કરવા;
તે સમે શેઠ હઠીસિંગની વાડમાં,
માંડિ મિજલસ ભલી ભાત ભરવા;
સાહુકારો તથા સાહેબો સૌ મળ્યા,
લાયકી નિરખવા યોગ્ય લાગે;
રાજસુયજ્ઞના જેમ મંડપ વિશે,
પ્રિય જનો જોઇને પ્રેમ જાગે. ૧૧

બંગલામાં તથા બંગલા બહાર પણ,
દિપિ દીવાની ઓપે અતીશે;

૧ આકાશ. ૨ કમળ. ૩ વચનથી,

૧ રોશની. ૨ જાલમસિંહ નામ રજપુતોમાં પાડે છે, એટલે જુલમગારસિંહ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેમ આકાશ પ્રતિબિંબ જળમાં દિસે,
તેમ તખતા વિશે સર્વ દિસે;
હોજ વિશાળ ત્યાં વર્તુળાકાર છે,
શોભિતા દીપ શુભ કીધ શીરે;
ચંદ્ર ફરતું દિસે જેવું ચોમાસમાં,
વર્તુળાકાર આકાશ વીશે. ૧૨

[૧]વાંચિયો પત્ર પછિ શુભ સમાચારનો,
સાંભળી હર્ષ ઉભરાય હૈયે;
ચંદ્રનાં કિરણથી જેમ ઉભરાય નિધિ,
ઉપમા અન્ય શી એવિ દૈયે;
સરસ સરદારને માનપત્રો દઇ,
કવિ તણાં યોગ્ય [૨]સન્માન કીધાં;
સભ્ય લોકો તણાં તેમ સન્માન કરી,
પુષ્પ ગૂલાબજળ પાન દીધાં. ૧૩

દોહરો.

સભાસદોને માન દઇ, આપ્યાં બીડાં એમ;
માનપત્રનાં માન દઇ, આપે ખલિતા જેમ. ૧૪

ઝૂલણા છંદ.

આજ આકાશ મંડળ દિસે ઓપતું,
ભૂમિ મંડળ વળી સરસ ભાળ્યું;
રાજ મંડળ વળી રાજ દરબારમાં,
ભભકતું આજ અતિશે નિહાળ્યું;
લહરિ આનંદની આજ ત્રણ લોકમાં,
જાણિયે રાજનું તેજ ખૂલ્યું;
સરસ શોભા ઘણી કૈની હું વર્ણવું,
એકની નિરખતાં એક ભૂલ્યું. ૧૫

આજ આ શહેરમાં સરસ રચના રચી,
અવનીમાં જેમ વૈકુંઠ આવ્યું;
ધન્ય સાબરમતી નીર નિરમળ વહે,
ધન્ય શ્રીનગર ભૂપે ભજાવ્યું;
દીપમાળા ભલી ઠામ ઠામે દિસે,
લક્ષમાં લાવતાં ચિત્ત લોભે;

૧. કલેકટર બારોડેલ સાહેબે.

૨. નગરશેઠની તરફથી કવિને શાલનો સિરપાવ આપતાં કલેકટર સાહેબે કહ્યું કે કવિરાજ આજ સારા અવસર ઉપર હું તમને આ સિરપાવ આપું છું.

વાવટાની છબી શી કહું વર્ણવી,
મેઘના ધનુષ સમ સરસ શોભે. ૧૬

ઇહરિયે દ્વાર ને ઇહરિયે ચોક વળિ,
દીપમાળા બની લાલદ્વારે;
ભદ્રના દ્વાર ને ભદ્રના ચોકની,
દીઠિ શોભા સઉથી વધારે;
દીઠિ ત્રણ દ્વારની પંક્તિ સોહામણી,
એની કહું ઉપમા એક એવી;'
શોભિતા જેમ શણગાર સજીને ઉભી,
લક્ષ્મિ ને શારદા [૧]શક્તિ દેવી. ૧૭

હાર હિરા મણી રચિત હઇયે ધર્યા,
ઝૂંપ હીરાતણા શીશ શોભે;
લટકતાં લૂમખાં હોય હીરાતણાં,
નિરખવા સ્થિર થઇ લોક થોભે;
દ્વાર કેરી કમાનો દિવાથી ભરી,
દૈવિયે દામણી જેમ બાંધી;
દીપકો કમળ આકાર બે બાજૂએ,
[૨]શ્રવણમાં ઝાલ બે જેમ સાંધી. ૧૮

કૈસરેહિંદ જીવો ઘણું એ રિતે,
અક્ષરો ઠામ ઠામે જણાતા;
જાણિયે અચળ એ છટ્ઠીના અક્ષરો,
ધારિયા આવિ આપે વિધાતા;
ભદ્રનો ચોક છે યજ્ઞમંડપ ભલો,
વેદિકા સમ નવો બાગ તેમાં;
સર્વ શોભા શિરે જાણિયે મુગટ છે,
જુક્તિ છે સર્વથી સરસ જેમાં. ૧૯

ત્યાં પતાકા ધજા તોરણો બાંધિયાં,
બે ફુવારા દિસે કલશ થાપ્યા;
દીવડાં શીવડાં રત્ન દીપક રચી,
દીપ દીક્‌પાળને જેમ આપ્યા;
જાણિયે એજ જળપ્રલયના સમયનું,
[૩]મનુતણું નાવ ઘસડાઇ આવ્યું;

૧. જોરની દેવી જેને સિંહવાહિની અથવા વાઘેશ્વરી કહે છે તે. ૨. કાન. ૩. જાણે કે સાબ્રમતીની રેલરૂપી જળપ્રલયમાં નાહાનું નાવ ઘસડાઇ આવ્યું હોય એવે આકારે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પક્ષી પશુ ઝાડ વળિ [1]સપ્તરૂષિ સહિતને,
પ્રલયથકી હોય ઉગારિ લાવ્યું. ૨૦
સ્થીર છે ઝાડ કે તે કુવાથંભ છે,
વાવટા શઢ બન્યા સરસ તેમાં;
છે રૂડાં શિખરો સરસ સુકાન સમ,
દીપ મણિ માળ છે માલ જેમાં;
રક્ત ને પીત લીલા રૂડા રંગની,
ત્યાં પડે છે પ્રભા દીપ કેરી;
જેમ ભાનુતણાં કિર્ણના ભાસથી,
ઇંદ્રધનુ કાંતિ ઉપજે ઘણેરી. ૨૧

નિર્મિયો પૂલ દીસે નદી ઉપરે,
એવિ પણ યુક્તિ દેખાય એમાં;
કાચબા આદિ જળ જંતુ કૃત્રિમ તથા,
નાવ તરતું મૂકયું સરસ તેમાં;
ભદ્ર અવસર ભલો આજ આ આવિયો,
સરસ ભભકો કર્યો ભદ્રકાળી;
જાણવી તે કૃપા જગત કર્તારની,
ભરતની ભૂમિ થઇ ભાગ્યશાળી. ૨૨

ચળકતી સરસ ચૌટા અને ચોકમાં,
દેખિયે દીપતી [3]દીપમાળા;
જાણિયે ધરણિયે અંગપર ધારિયા,
હાર હીરામણીના રૂપાળા;
રાશિ નક્ષત્રનાં ચિત્ર રળિયામણાં,
ઇશ્વરે આભમાં જેમ કીધાં;
તેમ દીપાવડી દીપમાળાતણાં,
ચિત્ર વિચિત્ર શોભાવિ દીધાં. ૨૩

સૈકડો વર્ષમાં આજના દિવસ સમ,
દિવસ આનંદનો આજ આવ્યો;
હરખથી લૈ ઘણું હેમ હીરા મણી,
વરતિયે જાણિયે છે વધાવ્યો;
આવિયા દેવ આકાશથી ઊતરી,
જાણિયે આજ ઉછરંગ જોવા;
પૂર્વજો આજ શું અવનિમાં આવિયા,
પૂર્વ દીઠેલ તે ખેદ ખોવા. ૨૪

કે ભલિ ભૂમિયે નેત્ર લાખો કર્યાં,
નિરખવા આજ આનંદ આવો;
કે રૂડો રત્નભંડાર આ ઉઘડયો,
આપવા લોકને સરસ લાવો;
કે પૂરા પુણ્યથી આજ પૃથ્વી વિશે,
મણિતણો અધિક વર્ષાદ વર્શ્યો;
દીપમાળા તણો સરસ દેખાવ તે,
કવિતણે દીલ એવોજ દર્શ્યો. ૨૫

ઉજળાં વદન છે આજ સૌ લોકનાં,
ઉજળાં વસ્ત્ર પણ આ પ્રસંગે;
ઉજળાં ચોક ચૌટાં વળી આજ છે,
રંગિયાં રાણિનાં સુજસ રંગે;
[1]કેદખાનાતણી આજ કાળપ ગઇ,
વાત બીજાની ત્યાં શી કહેવી;
અવનિ આકાશ આભાસ છે ઉજળો,
જુક્તિ બનિ સરસ જોવાનિ જેવી. ૨૬

જીવજો અતિ ઘણાં વર્ષ વિક્ટોરયા,
પાળજો દેશને પ્રેમ આણી;
જગત કર્તાનિ કરુણાથકા તે થજો,
સર્વ સૃષ્ટી શિરે એક રાણી;
પુત્ર પરિવાર સૌ પરમ સુખ પામજો,
જામજો જગતમાં સુજસ તેનો;
ઇશ કરુણાથકી અધિક સુખપ્રદ થજો,
આ પ્રભુ વિશ્વમાં અમલ એનો. ૨૭

જેહના અમલથી અધિક વિદ્યા વધી,
જેહને અમલ ભય સર્વ ભાગ્યો;
ભાગ્યશાળી પ્રજા આજ સુખ ભોગવે,
જાણિયે આજ સતજુગ જાગ્યો;
વરતીને ઓપતા વિવિધ વૈભવ મળ્યા,
વાહનો આજ વીમાન જેવાં;

---

૧. તેમાં દિવા સપ્તરૂષિના તારા જેવા દેખાતા હતા. ૨. કલ્યાણકારી. ૩. તે દિવસ નગરશેઠને બંગલે તથા શેઠ માણેકજી મંચેરજી, શેઠ નવરોજજી પેસ્તનજી, ખાન સાહેબ નવરોજજી કેકોબાદજી, શેઠ ખરશેદજી નસરવાનજી વાડીયા, શેઠ શહાપુરજી સોરાબજી મોગલ, શેઠ ભગુભાઇ પ્રેમચંદ અને સ્વામિનારાયણના આચાર્ય એઓએ પોતાનાં મકાન દિવાથી તથા વાવટાથી શણગાર્યાં હતાં. કારંજવાળા શેઠ હાવસજી મંચેરજીએ સરસ રોશની બે દિવસ સુધી કરી હતી.

૧. અમદાવાદના કેદખાનાને ઘણાં વર્ષથી કાળો રંગ લગાવતા હતા પણ આ વર્ષથી ધોળો રંગ લગાવ્યો.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

જુલમ સરવે ગયો જેથિ જુલમીતણો,
કારમાં ઉપજ્યાં સૂખ કેવાં. ૨૮

પુત્રનું પ્રેમથી માત પાલન કરે,
આપણું હિત સદા એમ કરશે;
વિવિધ વિદ્યાતણી ખૂબ વૃદ્ધિ કરી,
હેતથી હરકતો સર્વ હરશે;
દેશિને શ્રેષ્ઠ અધિકાર તે આપશે,
પૂરશે આશ સૌ રૂડી રાણી;
ખૂબ દિલ ખુશિ થઇ બહુ સ્વરે બોલજો,
સજ્જનો સર્વ જયકાર વાણી. ૨૯

દોહરા.

ઇસ્વી વર્ષ અઢારસેં, ઉપર સત્યોતેર;
વર્ષ બેસતે દિન બની, લાયક લીલા લેહેર. ૩૦

ચળકે નભમાં ચંદ્રમા, અધિક તેજ આ વાર;
નિજ [1]દિનની છબિ નિરખિને, પામ્યો હર્ષ અપાર. ૩૧

અવર દિવસ કહિયે કિયો, ઉત્તમ આજ સમાન;
બંધિખાને બંધથી, છુટયા [2]બંધિવાન. ૩૨

દેજો હક આ દેશના, લેજો સુખે સલામ;
ઉરથી આશિષ એટલી, દે છે દલપતરામ. ૩૩

મહારાણીની પ્રશંસા.

મનહર છંદ.

પ્રથમ રઘુની પછી કહીએ કુરૂની જુની,
રહી હતી સુની રૂડી ગાડી ધર્મરાજની;
શુણી આજ વાણી વિકટોરિયા જે રાણી મહા,
રાણી કહેવાણી તેના તખત ને તાજની;
દેશમાં દોલત થાશે જનોનાં દરિદ્ર જાશે,
કથાઓ લખાશે તેના રૂડા રાજ કાજની;
જોઈ જેમ શશી નૂર સાગરમાં ચડે પૂર,
ઉપજ્યો આનંદ ઉર ધન્ય ઘડી આજની. ૩૪

વિશ્વમાં તો ક્યાંથી જોડ જડે વિકટોરિયાની,
દેવી જેવી હોય એવી સુંદર શોભીતી છે;
સતીપણું જેવું સર્વ કહે છે સીતા સમાન,
રૂપ જોઇ જાણીએ જે એજ દેવી રતી છે;
લાયક નશીબદાર જાણિયે લક્ષ્મી એજ,
વાણી વિષે શાણી તે સાક્ષાત સરસ્વતી છે;
કહે દલપતરામ જે જે ઉપમા તમામ,
કવિયો કહે છે તે તો તેનેજ લાગતી છે. ૩૫

મેઘના સમાન જેનું મન છે ઉદાર મોટું,
સાગર સમાન ગુણ ગંભીર ગણાઇ છે;
રાજનીતિ જાણવામાં જુઓ જે છે રામ જેવી,
પાંડવ સમાન શત્રુ જીતવા પંકાઇ છે;
ભૂગોળ ખગોળ વિદ્યા ભેદની ભણેલી ભલી,
સૃષ્ટિની રચના જેના મનમાં સમાઇ છે;
કહે દલપતરામ આ જગત કરનારે,
બસેં નરતત્વની બનાવી એક બાઇ છે. ૩૬

દોહરો.

મહારાણીના મુગટનું, તપો જગતપર તેજ;
સ્વતંત્રતા ને ન્યાય શુભ, આપે અમને એ[illegible]

૧. સોમવાર.
૨. આખા હિંદુસ્તાનમાંથી સઘળા મળીને ૧૫૯૯૮ કેદીઓ છોડવામાં આવ્યા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુનિરાજ શ્રી લાલતામ વિજયજી
પુસ્તક સંગ્રહ.

પ્રકરણ ૨ જું.

સ્વદેશવાત્સલ્ય તથા કળાકૌશલ્ય.

દોહરો.

રાજ થયું શુભ આજ તો, સરવે સુજન સમાજ;
સ્વદેશવત્સલ થઇ હવે, કરો સુધારા કાજ. ૧

મનહર છંદ.

સુધારો કરો સ્વદેશી સ્વદેશાભિમાન ધરો,
ચીન ને વિલાયતી હુનર લાવો ચાહીને;
આગગાડી જેવાં યંત્રો અનેક તૈયાર કરો,
ઉધમ આદરો કર્મનો દિલાસો દાહીને;[1]
ધીમે કામ કરો દેખાદેખી દ્રવ્ય ન વાવરો,
વિદ્યાને વધારો અન્ય દેશ અવગાહીને;[2]
સંપ સજો કેફ તજો વર્તમાનપત્ર વાંચો,
સ્ત્રીકેળવણી કરો ભણાવી કરી હાહીને. ૨

દોહરા.

બાળલગ્ન બહુધા તજો, શુભ ચાલે ઘરસુત્ર;
ઉત્તમ લક્ષણથી ગણો, ઉત્તમ કુળના પુત્ર. ૩
ઉગ્ર બુદ્ધિવર્ધક બનો, ધરો દેશની દાઝ;
સ્વદેશવત્સળ થૈ સહૂ, કરો એમ શુભ કાજ. ૪

સુધારો કરવા વિશે.

દોહરો.

હળી મળી હળવે રહી, પુરો જણાવી પ્યાર;
સંભળાવજો સજ્જનો, ધિરે સુધારો સાર. ૧

ભુજંગી છંદ.

લખું વિનતી વાંચિને દેશિ લોકો,
જતી રિદ્ધિને દૂર રસ્તેથિ રોકો;
અરે બોલનો તોલ માની અમારો,
કુધારો ન ધારો સુધારો વધારો.. ૨
ચડી ચાર પાસે બધી રિદ્ધ ચાલી,
ખજાના ખુટીને થયા ખૂબ ખાલી,
વિમાસી હવે વાત વેગે વિચારો,
કુધારો ન ધારો સુધારો વધારો. ૩
છુટા છેક થૈને તમે વ્હેમ છાંડો,
મહા હીમતી થૈ હવે પાય માંડો;
અરે આપણી સંતતીને ઉગારો,
કુધારો ન ધારો સુધારો વધારો. ૪
થશે કષ્ટ જો વ્હેમ મધ્યે કુટાશો,
ભર્યા લોકના થોક મધ્યે લુટાશો;
નહિ આવશે દુઃખનો એક આરો,
કુધારો ન ધારો સુધારો વધારો. ૫
પ્રજા જો તમારી સુધારો ન પામી,
ગરીબીથિ જીવે કરીને ગુલામી;
અમેરીકનોની દશા ઊર ધારો,
કુધારો ન ધારો સુધારો વધારો. ૬
જવું ચીન વીલાયતે લાભ જાણી,
નહિ તો થશે ધારણા ધૂળધાણી;
ન રાખો હવે હઠ્ઠ જૂઠો નઠારો,
કુધારો ન ધારો સુધારો વધારો. ૭
સજો મિત્રતા સજ્જનો સર્વ સાથે,
મટે આપદા આવતી આપ માથે;
અરે અંતરે વાત આ તો ઉતારો,
કુધારો ન ધારો સુધારો વધારો. ૮
ખશી જાય જો નચ્છ પાણી અખૂટે,
નહિ તર્દ્ડે ત્યાં તણી [1]સેર તૂટે;
નહિ તો પછી કષ્ટનો ક્યાં કિનારો,
કુધારો ન ધારો સુધારો વધારો. ૯
દશા દૂર દેશો તણી તો તપાસો,
તહાં વીચરીને વશી રાતવાસો;
સુરીતે શિખો જે રૂડા રોજગારો,
કુધારો ન ધારો સુધારો વધારો. ૧૦
વશી સૂખમાં લોક લે ખૂબ લાવો,
તમે ચોંપથી ચાલ તેવા ચલાવો;
વડા દુઃખના ચાલ વેગે વિહારો,
કુધારો ન ધારો સુધારો વધારો. ૧૧

---

૧. દાહીને-બાળીને, ૨. અવગાહીને-જઇને.

૧. સેરવા-પ્રાહ:

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છુટે દુઃખ છે જો ઉપાયો છતા તો,
સુખી સૌ વસો, શીદ દુઃખી થતા તો;
નચિંતે નડે તે પ્રબંધો[1] નિવારો,
કુધારો ન ધારો સુધારો વધારો. ૧૨

અરે સાંભળો સજ્જનો શુદ્ધ આ મેં,
રચ્યા છે રૂડા છંદ દલપત્તરામે;
શુણી રાખજો ચિત્ત વીચાર સારો,
કુધારો ન ધારો સુધારો વધારો. ૧૩

દોહરા.

લેશ ન આળસ રાખશો, જન વિદ્વાન વિશેષ;
મહેનત કરો હમેશ તો, સુધરે સઘ સ્વદેશ. ૧૪
ધાસ માંહિથી ધઉં થયા, પશુથી મનુશ સમાજ;
એમ સુધરતું આવિયું, છે નમુના હજી આજ. ૧૫
આગબોટ આ તો જુઓ, જૂનાં જુઓ જહાજ;
ફેરફાર કરતાં થયો, એમ સુધારો આજ. ૧૬
સુધરેલા સરખો ન થા, સુધરેલો થા વીર;
મીઠા[2] જેવું નહિ ભલું, મીઠું ભલુંજ નીર. ૧૭
સઘળા જન આ જગતમાં, કદી ન સૂધરનાર;
ખાડા ટિંબા વગરની, પૃથ્વિ નથી થનાર. ૧૮

કેતકી પ્રબંધ.

મનહર છંદ.

વેદના જપાવે મંત્ર વેદનાજ પામે રોગી,
વૈદ કને જોજો મટે વૈદકને જોરથી;
ભોજન ધરાવ્યા વિના ભોજ ન ધરાય રાય,
ગાયક દિશો દિશાથી ગાય કદી સોરથી;
વરસે ન વાદળી તે વરસે નવા ઉચ્ચારે,
ન દીઠા મેં મોટા ધરા નદી દામે [3]મોરથી;
ધારો દલ પક્ષાથી સુધારો દલપત કહે,
થાય દૂધ ઢોંગથી ન, થાય દૂધ ઢોરથી. ૧૯

કેતકી.



૧. પ્રબંધ-બંધી. ૨. મીઠા જેવું-લવણ જેવું.
૩. મોરના નવા ઉચ્ચારથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વદેશાભિમાન[1] વિશે.

ઉપેંદ્રવજ્રા વૃત્ત.

મળી રહે છે ખગ એક માળે,
કરે સહૂ સંપજ કષ્ટ કાળે;
તમે બધા તેમજ પક્ષ તાણો,
અરે સ્વદેશી અભિમાન આણો. ૧

કહું કથા શી મધમાખિ કેરી,
ઘરો બનાવે મળિને ઘણેરી;
વિચારીને વાત તમે વખાણો,
અરે સ્વદેશી અભિમાન આણો. ૨

વનેચરો જે વનમાં વસે છે,
હળી મળી શત્રુ સમા ધસે છે;
સ્વજાતિમાં સંપ રહે રચાણો,
અરે સ્વદેશી અભિમાન આણો. ૩

કુસંપથી કષ્ટ કરોડ માથે,
જુઓ દિસે જંપ સુસંપ સાથે;
ખરે ખરો છે ખપનો ઉખાણો,
અરે સ્વદેશી અભિમાન આણો. ૪

કુસંપથી પાંડવ કૌરવોએ
લડી પડી લાભ લિધો ન કોયે;
ઘણોજ તોટો ઘરમાં ઘલાણો,
અરે સ્વદેશી અભિમાન આણો. ૫

સુસંપથી સર્વ સમૃદ્ધિ પામે,
કુસંપથી વૈભવ વિત્ત વામે;
કરી પરીક્ષા પળમાં પિછાણો,
અરે સ્વદેશી અભિમાન આણો. ૬

સ્વદેશનું સર્વ પ્રકાર સારૂં,
તમે કરો તે ગણિને તમારૂં;
જરૂર એમાં જનધર્મ જાણો,
અરે સ્વદેશી અભિમાન આણો. ૭

મચે કદી સંકટ એક સાથે,
સજો તમે હિંમત તેહ સાથે;
વટાઇ જાવું કદિ તે વટાણો,[1]
અરે સ્વદેશી અભિમાન આણો. ૮

મળી રહ્યા હોત સ્વદેશિ રાજા,
કહો કદિ કેમ મુકાત માજા;
પછી કરે શું મુગલો પઠાણો,
અરે સ્વદેશી અભિમાન આણો. ૯

જુઓ લિધી દીલ્લિ ભલી સજોરી,
સુખે રહ્યો સાહેબદીન[2] ગોરી;
કુસંપથી શત્રુ નહીં કઢાણો,
અરે સ્વદેશી અભિમાન આણો. ૧૦

પિપીલિકા[3] સંપ કદી કરે છે,
મહા અહીનો પણ પ્રાણ લે છે;
ભલે અહી[4] હોય બળે ભરાણો,
અરે સ્વદેશી અભિમાન આણો. ૧૧

કરો બને તેમ ઉપાય કોટી,
તજો અરિસ્યા ઉરમાંથી ખોટી;
કુસંપથી અર્થ નથી સધાણો,
અરે સ્વદેશી અભિમાન આણો. ૧૨

કહી કથા આ નિજ દેશ કામે,
દિલ વિચારી દલપત્તરામે;
પ્રિયેચ્છુ પૂરાં વચનો પ્રમાણો,
અરે સ્વદેશી અભિમાન આણો. ૧૩

દોહરો.

સ્વદેહ તેમ સ્વદેશની, લે નહિ જે સંભાળ;
ચોંટે તેને ચાંદલે, ગાંડા કેરી ગાળ. ૧૪

આ નીચે લખેલી કવિતા સુરતની એંડ્રુસ લાઇબ્રેરીમાં પ્રથમ સંભળાવી હતી. શ્રોતા ૧૫૦ હતા. સભાપતિની ખુરશીએ સ્કુલના આસિસ્ટંટ માસ્તર મહેરબાન ટી. બી. કર્ટિસ સાહેબ બિરાજ્યા હતા. સન ૧૮૫૧.

---

૧. આ ઠેકાણે અભિમાનનો અર્થ મગરૂરી કરવો નહિ પણ ટેક જાણવો.

૧ જો કોઇ સ્વદેશી દુઃખથી પિલાયો હોય તો તેની મદદે આપણે પીલાઇ જવું તેની ફિકર નહિ.
૨. શાહાબુદીન. ૩. પિપીલીકા–કીડી: ૪. અહી–સાપ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હિંદુસ્તાન ઉપર હુન્નરખાનની ચઢાઈ.

સોરઠો.

વંદન કરી બહુ વાર, ગણિ વાળ પ્રભુ અગણિત ગુણો;
સઉ સજ્જન આ ઠાર, મળિ સુંદર ભાષણ સુણો. ૧

દોહરા.

સુણજો સજ્જન સૌ તમે, એક વિવેકની વાત;
અંતર આંખો ઊઘડે, જે સુણતાં સાક્ષાત. ૨
આજ આપણા દેશમાં, અફિણુ મજીઠ કપાસ;
એ ત્રણ અતિશય ઉપજે, એમાં ઉદ્યમ વાસ. ૩
એ થકિ દ્રવ્ય વિદેશનું, આવે છે આ દેશ:
એજ થકી આ દેશની, વધિ વિખ્યાતિ વિશેષ. ૪
પણ હુંનર નરમાં નથી, નથિ વળિ સઘળો શોધ;
કુળ ઉદ્યમ સઉકો કરે, બીજો ન ધરે બોધ. ૫
કુળ ઉદ્યમ તૂટે કદી, તો તૂટે નર તેહ;
અવર ન બુદ્ધિ ઉપજે, અચરજ જેવું એહ. ૬
ચીન વિલાયતમાં વધ્યા, હુંનર પ્રગટ હજાર;
એઓએ આ દેશની, નિર્ધન કરી બજાર. ૭
ગિજનીવાળો લઇ ગયો, સોમેશ્વર શોભાય;
એમ હુંનરખાં હરી ગયો, મોટી લક્ષ્મી-માય. ૮
હુંનરખાં વણરાજનો, ઉચર્યું ઝગડો આજ;
કાન ધરી પ્રીતે કરી, સુણજો સકળ સમાજ. ૯
સુંદર દેશ સુહામણો, તાજો હિંદુસ્તાન;
ઉદ્યમપુર એમાં વસે, સુખ સંપત્તિ નિધાન. ૧૦
સઉ રાજાનો રાજિયો, રાજ કરે વણુરાજ;
અફિણુ મજિઠ બે[૧] અનુજ છે, જેની જગમાં લાજ.૧૧
જમે ભરે પરદેશના, ભૂપતિ જેને ઘેર;
દશે દિશાઓ વશ કરી, ગઢપતિ કીધા જેર. ૧૨
સેવે ચાર વરણ સદા, કસુર કરે નહિ કોય;
અગણિત જેને આંગણે, હય હાથી રથ હોય. ૧૩
કહું તેની કુળ દેવિકા, લક્ષ્મી નામ લખાય;
જે આસોવદિ તેરશે, પ્રેમ સહિત પૂજાય, ૧૪
જેને નિજ પગ સ્પર્શતાં, હિંદૂ દિલ દૂભાય,
સભા વિષે સાચો થવા, લક્ષ્મીના સમ ખાય. ૧૫
કઇ દિન પ્રતિ દર્શન કરે, પોઢી ઉઠી પ્રભાત;
નિરખી બિજના ચંદ્રને, નિરખે લક્ષ્મી માત. ૧૬
પ્રભુની પટરાણી ગણે, જેથી જગત અશોક;
પ્રતિદિન કંઇ પૂજા કરે, હેતે હિંદૂ લોક. ૧૭
દરિયાની તે દીકરી, મોટી જગતની માત;
દમડી પૈસા રૂપિયા, પ્રગટ રૂપ પ્રખ્યાત. ૧૮
અધિકો એથી સ્વર્ગમાં, દેવ ન દીસે કોય;
ઈંદ્રિ સદા સેવક થઇ, લક્ષ્મીને વશ હોય. ૧૯

ચોપાઈ.

એ કુળદેવિ પ્રતાપે આજ, રાજ્ય ચલાવે શ્રીવણુરાજ;[૧]
કીર્તિ તેની સુણીને કાન, ખષ્ટ[૨] પડ્યો નૃપ હુંનરખાંન.૨૦
જેનું ચીન વિલાયત રાજ, ઘણી ઘણી ફોજોનો આજ;
યંત્રખાન જેનો પરધાન, ભારે બળિયો ભૂત સમાન. ૨૧
તે પ્રતિ બોલ્યો હુન્નરખાન, અંતરમાં આણી અભિમાન;
રોકડ આપણી લે વણુરાજ,તો શાલેખે આપણી લાજ.૨૨
સાચું બોલે તજીને સોર, શાથી કરે વણુરાજા જોર;
વદે પ્રધાન સુણો નૃપ વાત, મહાલક્ષ્મી એની કુળમાત.૨૩
સદા પ્રસન્ન છે તેને શીશ, તેથી વશ કીધી દશ દીશ;
ખુંખારી કહે હુંનરખાન, હાથ કરૂં હું હિંદુસ્તાન. ૨૪
તોડું દેવળ લક્ષ્મી તણું, પરમ પરાક્રમ છે આપણું;
લક્ષ્મી લાવું પકડી કેશ, નહિ તો દેહ તજું પરદેશ. ૨૫
સ્વારી જેમ સુલતાને કરી, સોમેશ્વરી શોભા હરી;
એજ રિતે વરતાવું આણ, તો બીબી જાયો મુજ જાણ.૨૬
પછિ કરજોડી કહે પ્રધાન, સમર્થ નહિ વણુરાજ સમાન;
અખિલજગતજેનેવશઆજ, મોટોતેમહિપતિમહારાજ.૨૭
લક્ષ્મી શી રીતે લાવીએ, કેમ કુશળ પાછા આવીએ;
અફિણુસિંહછે એનો ભ્રાત, વિશ્વવિષેતેપણુ વિખ્યાત. ૨૮
બળિયો એ બંનેથી કોય, હું જાણું જગમાં નહિ હોય;
મોટાજોદ્ધોચોળ[૩]મજીઠ, પાછો હઠી ન આપે પીઠ. ૨૯
સઉના શિરપર ધારે પાય, જોધ્ધો તે કયમ જીત્યો જાય;
એ છે ખરાખરીનો ખેલ, તે તલમાં નહિ પામો તેલ.૩૦

પધરી છંદ.

અતિઅગમદેશ હિંદુસ્તાન, વળિ વિકટ પંથ ભૂમી ભયાન;
સજિસૈન્યસંગજવુંદેશદૂર, અનહદ શહેર ઉદ્યમી પૂર.૩૧

---

૧. નાના ભાઇઓ.

૧. કપાસ. ૨. ઝાંખો. ૩. રાતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમધ્યધિગુ છે લક્ષ્મિધામ, હરિશકેકોણુ જનરાખિહામ;
વિઘા વિચિત્રનો કઠણુકોટ, રખવાળ કારિગરએનીઓટ.૩૨
ગજદંત દેવિ દ્વારે કમાડ, વેપાર થંભ પ્રૌઢા પહાડ;
સોનાની ખાણુશિખસુરંગ, નિર્મળ હિરામણિમોતીનંગ. ૩૩
ઉચરાય રાગ રૂડા રસાળ, વાજિત્ર નિત્ય વાજે વિશાળ;
ઝણુણાટ શબ્દઝાલર કરંત, ધણુણાટ ઘંટકેરા અનંત. ૩૪
મહાલક્ષ્મિ મધ્ય વીરજમાન, કહું રૂપતે તણું શુણો કાન;
સઉ વસ્તુ મેળવી શકે સાથ, હુંજાણુંજે હશે ચાર હાથ.૩૫
દરશીઅદર્શઅહુઠામથાય, તેમાટ લક્ષ્મિ ચપળા લખાય;
જેનેપ્રસન્નજગદંબઆપ, પરિપૂર્ણ તેજ પામે પ્રતાપ. ૩૬
જગદીશકેરિપટરાણિજાણિ, વડિરૂપવાળીકવિયેવખાણિ;
સેના અસંખ્ય રાખે સહાય, જનકોઇતે જીતીનજાય. ૩૭
હથિયાર જાત હાથે હજાર, તરવાર ઢાલ બરછી કટાર;
ત્રીશૂળ ને છરા ધનુષ તીર, ધારી શકે ન અરિકિરધીર.૩૮
દીઠા અનેક તે પાસ દાસ, એથી ન જીતવા થાય આશ;
મહારાજઆજરાખિયેઉર, કો સમે કાજ કરશું જરૂર. ૩૯
સહસા ન સુધરે કોઇ કામ, ધીરજે સાધીએ શત્રુ ધામ;
ધીરજે સાધીએ શ્રેષ્ટ ગ્રંથ, ધીરજે કાપિયે પ્રૌઢપંથ. ૪૦

પ્લવંગમ છંદ.

ક્રોધ પામિને પુનર હુનર નર ઉચર્યો,
રે ગુણવાન દિવાન, દિલે ક્યમ તું ડર્યો;
શુણુ મારૂં સામર્થ્ય, બ્યર્થ તજ શોક તું,
જુઠી જવા દે જિકર, ફિકર કર ફોક તું. ૪૧

હુનરતણો નર હોય, ફિટાડે ફોજને,
આપે ઉચકે એક, બહુ મણુ બોજને;
વાહન હય રથ હાથિ, લક્ષ્મિ ના લેખ તું,
બહુ અગ્નીરથ બોટ, અમારાં દેખ તું. ૪૨

પવન પ્રમાણે ગમન, જગતમા જેહનું,
વળતી હવે વિચાર, બહુ બળ કેહનું;
લક્ષ્મીના લખનાર, હજાર લખે મળી,
એક અમારો છાપ–ખાન લખિ દે વળી. ૪૩

લક્ષ્મીના જન લાખ, નજર ઉંચી કરે,
પર્વત શિર પર્યંત, વળી કદિ વીચરે;
ગ્રહ ઉપગ્રહનાં ભુવન, નહીં દેખે નકી,
તે સઉ દેખે તુરત, હુકમ મારાથકી. ૪૪

મારા જનની ગાડિ, જાય જળ અંતરે[1],
વસ્ત્રતણે વીમાન, ચડી નભ સંચરે;
કાષ્ટ પૂતળી પાસ, સુકામ કરાવિયે,
કાંઇ પડે નહિ કષ્ટ, વસ્તુ ઉપજાવિયે. ૪૫
લક્ષ્મીને ભુજ ચાર, અમારે વીશ છે,
ઉત્તમ કુળ અવતાર, ગતી દસ દીશ છે;
બુદ્ધી મારી માત, [2]ગણાધિપ તાત છે,
લાભ લક્ષ બે ભ્રાત, વિશ્વ વિખ્યાત છે. ૪૬
વય છોટીમાં વસ્યો છું હિંદુસ્તાનમાં,
કીધી કાંઇ સહાય, મનુષ્યના જ્ઞાનમાં;
શિખવ્યાં પટ હથિયાર, સુરીત સુધારવા,
ખેતી કરિ ખોરાક, અધિક ઉદ્ધારવા. ૪૭
ધાતુ ઔષધી શોધ, રાજની નીતિયો,
ગ્રહમંડળ અનુમાન, ખગોળની રીતિયો;
એ આદિક અતિ જુક્તિ, વધારી વેગથી,
સર્વે શિખવ્યો શોધ, ભલા રસ ભોગથી. ૪૮
જ્યાં મહમદિયન જોર જણાયું આકરૂં,
ઘણો ઉઠયો ગભરાટ, સુજ્ઞાન ઘટયું ખરૂં;
હું મારૂં લેઇ કુટુંબ, વસ્યો આ દેશમાં,
વધતે વર્ષે થયો છું; જોબન વેષમાં. ૪૯
હિંદ્ર મટી હું હાલ, થયો છું યુરોપિયન,
કોઇ ન જાણે મને, હતો આ હિંદુજન;
ચીન વિલાયત આજ, રાજ મારૂં ઠર્યું,
હિંદ્રની હરૂં દેવિ, અધિક તો આબરૂં. ૫૦

દોહરા.

મંત્રિ કહે મહિપતિ શુણો, તે ન તુરતનું કામ;
એ તો પુર નથિ આપનું, નથી બાપનું ધામ. ૫૧
હુન્નરખાં બોલ્યો હવે, કરો કહું તે પેર;
જેને આશા જીતની, બસ જઇ બેસો ઘેર. ૫૨
અફિણુસિંહ જે આપણું, જર જોરે લઇ જાય;
જેની બુદ્ધી જાગતી, ખુશિથી કેમ ખમાય. ૫૩
[3]ગભરૂને કર ગોળ દઇ, ઠગ જન ઠગે રતન;
તેમજ જ્યાં જન તુચ્છ મતિ, ધરખિુ રહે નિર્ધન. ૫૪
જાય હરી જર આપણું, અફિણુ મજીઠ કપાસ;
મન જાણો જીવતા મુઆ, અન્ન ન ખાધું ઘાસ ૫૫

---

૧. ટેમ્સ નદીનો પૂલ પાણીની નીચે બાંધેલો છે.
૨. ટાળાનો ઉપરી. ૩ છોકરૂં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માનાવ મારા મુલકનાં, અકલમંદ અતૂલ્ય;
પકડી અફિણ કપાસને, દામ ન દેવે મૂલ્ય. ૫૬
વણરાજાની વસ્તિના, સૂતા પુરૂષ સદાય;
જડે નહીં નર જાગતો, જે મુજને લઇ જાય. ૫૭
કોઇ પ્રબંધ ન બાંધશે, જ્યાં લગિ પીતળ પાત્ર;
આંખો મીચી ઉંઘશે, માણસ તે શા માત્ર. ૫૮
તે માટે ત્યાં મોકલો, વડો પરાક્રમિ વીર;
તોડે હિંદુસ્તાનને, એ વો કોઇ અમીર. ૫૯
શુણિ બોલ્યો સરદાર નર, પંડે માદરપાટ;
લાવું લક્ષ્મી લૂટિને, એ તો તજો ઉચાટ. ૬૦
શર તને સાબાશ છે, બોલ્યો હુનરખાંન;
ચોંપ કરીને ચાલજો, છો છળભેદ નિધાન. ૬૧

ભુજંગી છંદ.

રૂડી ફોજ ત્યાંથી ચડી શ્વેત રંગે,
ભરાયાં ઘણાં નાવ ભારે ઉમંગે;
સજ્યાં બાણુ ચીને પટાકા સહાઇ,
લઇ ફોજ ચાલ્યો મચાવા લડાઇ. ૬૨
તુટે જેથિ લક્ષ્મીતણો તુર્ત કીલ્લો,
હઠે શસ્ત્ર લૈ વીર ચાલ્યો હઠિલ્લો;
ઘણે જોર હિંદુ તણે દેશ આવ્યા,
હણી હદ્દયા હિંદુઓને હઠાવ્યા. ૬૩
કહે ત્રાહિ ત્રાહ મુખે હિંદુ ત્રાઠા.
ન ઉભા રહે હામ મેલીજ નાઠા;
દિશે દીશમાં બાણ ફેંકે ફડાકા,
જનો જાગતા શીર લાગે સડાકા. ૬૪
ઘણો દેશ હિંદુ તણો ઘેરિ લીધો,
ખરો કોટ લક્ષ્મી તણો ખંડ કીધો;
દિઠાં દેવળે શીખરો તોડિ દીધાં.
કમાડો વળી દ્વારનાં ખંડ કીધાં. ૬૫
રૂઠયો ફોજ લૈને ઉઠયો હિંદુ રાજા,
રચ્યો જુદ્ધ રાખી મહાદેવિ આજ્ઞા;
લડે લક્ષ રાખી હઠે કોણ હારી,
કરી ચોંપ ચાલે ભરી નાવ ભારી. ૬૬
મચી એક બીજાતણા દેશ માંહી,
કરે કીર્તિ વિસ્તાર પોતાને ત્યાંહી;
ન હારે ડરે કે ધરે પાવ પાછા,
કરે જુદ્ધ મારે મરે શર સાચા. ૬૭
લહે એક બીજાતણું દ્રવ્ય લૂટી,
ખજાનો ન એકે તણો જાય ખૂટી;
ન કો કોયને જુદ્ધમાં જાય જીતી,
ન કો કોયથી તે ફરે ફોજ બીતી. ૬૮
ગડુડે વડી તોપ જંજાળ ગોળા,
હડુડે મહા મેઘના જેમ ટોળા;
ધણેણે ધ્રૂજે ધમ્મકારાથિ ધર્તી,
ભણેણે ભલી જેમ સિંધુની ભર્તી. ૬૯
ઘણાં ઘૂઘવે આગનાં કોકબાણાં;
ખપ્યાં કૈક તેનાં ન લાધે ઠેકાણાં;
તહાં કાયરો લોક ખૂણા તપાશી,
તજી હામ તે ઠામથી જાય નાશી. ૭૦
ચડાવે મુછે તાર જે રાણિજાયા,
રહે શત્રુ સામા ભલા ક્ષત્રિરાયા;
તહાં ગાયકા નાયકા સિંધુ[1] ગાવે,
ઝુઝાઉ સ્વરે જુદ્ધ વાજાં બજાવે. ૭૧
શુરા શત્રુને સાંમસામા પ્રચારે,
તજી આશ જીવ્યાતણી શસ્ત્ર ધારે;
કહે માર મારો કરે આંખ ફાટી,
ખરા આગળે જાય તે કોણ ખાટી. ૭૨

દોહરા.

જાણુ થયું અસુરાણને, બોલ્યો તે બળવાન;
લક્ષ્મીને નહિ લહી શક્યા, તુટયો ન હિંદુસ્તાન. ૭૩
સાંભળ તું સેનાપતિ, શત્રુ મુલક મોઝાર;
આ અવસર છે આપણી, કોઈ મદદ કરનાર? ૭૪
શુણી સેનાપતિ ઉચર્યો, શુણો શાહ સુલતાન;
પ્રચ્છે છે શુભ આપણું, વહેમખાન ગુણવાન. ૭૫
જેને આપણી જમિનથી, કીધો દેશનિકાળ;
ભૂત જાદુ ને ભોળપણ, જેનો વંશ વિશાળ. ૭૬
હાલ વસે છે હિંદુમાં, કષ્ટ અધિક કરનાર;
અવળો નિત્ય ઉપદેશ દઇ, આપે કુમતિ અપાર. ૭૭
કામનિઓને તે કહે, વરજો[2] વિદ્યાભ્યાસ;
કરવો નહિ નર કોઇને, કદિ પરદેશ પ્રવાસ. ૭૮
ભણતર જે ઝાઝું ભણે, નિર્ધન નિશ્ચે થાય;
વળિ બહુ પુસ્તક વાંચતાં, વ્યર્થ વખત વહિ જાય. ૭૯

૧. સિંધુ રાગ. ૨. તજો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ રીતે ઉપદેશ બહુ, વધનો આપે વહેમ;
આળસ ને અજ્ઞાન પણ, આપણું ઇચ્છે ક્ષેમ. ૮૦

હરિગીત છંદ.

પણ એક શત્રૂ આપણો, થવા ન દે મન ભાવતું,
એથીજ ઝાઝું જોર આપણિ, ફોજનું નથી ફાવતું;
સરદાર સાહિબ લોક તે, એ લોકનું અતિ પ્રિય કરે,
સમભાવ રાખે સર્વ શિર, દિલમાં દયા ધરથી ધરે. ૮૧

અજ્ઞાન આળસ વહેમના, થઇ શત્રુ સમ લાગ્યા રહે,
હિત ચહે હિંદુસ્તાનનું, તજી કપટ નિત સાચું કહે;
પુસ્તકોશાળા પાઠશાળા, વિરચિ વિદ્યા વિસ્તરે,
કદિ ગરથ ખરચે ગાંઠનું, સઉ લોક જેથી સુધરે. ૮૨

અતિ ગુપ્ત વાતો આપણી, ભેદુ બની રહે ભાખતા,
સંચા ખજાના સર્વસ્થળ, રતિએ ગુપત નથિ રાખતા;
પેસાર ને નીકાળ તમ, દરબાર ચિત્રે ચિત્રમાં,
દેખાડિ દુનિયાને કરે છે, ચતુર હુનર ચરિત્રમાં. ૮૩

કોહાડી સાથે કાઠનો, હાથો મળે તરૂ નાશ છે,
અરિ તેમ દેશી આપણા, જેનો તહાં સહવાસ છે;
સાહિબ સલામત ગરિબપરવર, શુણો હુનરખાનજી,
કોઇ વખત તમને બાંધિને સોંપશે હિંદુસ્તાનજી. ૮૪

ભય ભારિ અમને એહનું, બીજાથકી બિહિતા નથી,
મન સાચિ કરીને માનજો, જે કથા તમ આગળ કથી;
શુણિ બોલ હુનરખાન બોલ્યો, છેક વાત ન છંડિયે,
પડિયે જહાંલગિ પરવશે, મન રાખી સામા મંડિયે. ૮૫

ખુદ મદદ તો કરશે ખુદા, ચિનદેશથી ચઢી ચાલવું,
લુટવું દેશ લક્ષ્મિનું, પોતાનું બોલ્યું પાળવું;
પણ જાણજે જો યંત્રખાં, તું પડિશ હિંદુ હાથમાં,
પડશે પછી તો આપણા, ભંગાણ સઘળા સાથમાં. ૮૬

દોહરા.

ચઢી ફોજ બડિ ચિનથી, બહુ ગાજ્યું બ્રહ્માંડ;
કાગળ કાચ બિલોર તજ, સોમલ રેશમ ખાંડ. ૮૭

ચાહ ફટકડી સાદડિ, કહ્લાઇ આદિ અનેક;
ચડિ ચાલ્યા હિંદુતણી, તરત તજાવા ટેક. ૮૮

તોટક છંદ.

ચડી ફોજ મહા બળિ ચીનતણી,
ભલિ ભાતથી હિંદુસ્તાન ભણી;
વણરાજ વિચાર કરી ઉચરે,
લડવા કુણ આજ ઉમંગ ધરે. ૮૯

શુણિને શુરવીર અફીણ ઉઠયો,
કર મેલિ મુછે રિપુ શીશ રૂઠયો;
ઘનશામ સ્વરૂપ સુગૂણ ઘણા,
તન રોગ હરે જન રોગિતણા. ૯૦

વણ કાજ ન રોજ મિલાપ ગમે,
દિન દીન મિલાપથિ દેહ દમે;
હણિ જોર વળિ ધન તુર્ત હરે,
કિરતી હણિ ગર્ધવ તુલ્ય કરે. ૯૧

સજિ સેન ચિતે ધરિ એજ ચઢયો,
ચિન ચોક વચે જઇ આપ અડયો;
ધન લુંટી ધરે નિજ પૂર પ્રતી,
પરદેશ વિશે કરિ પ્રૌઢ ગતી. ૯૨

દોહરો.

અફિણસિંહ ચિન ઊપરે, બહુ લડિયો નિર્બંધ;
ચિન હિંદુ વચ્ચે વધ્યો, ધરણી ઉપર ધંધ. ૯૩

શંખધારી છંદ.

ધરે ધંધ ભારી, મરે મદ નારી;
લડે ફોજ ટોળા, ઉડે આભ ગોળા. ૯૪

ડરે દીલ કાચા, મરે શૂર સાચા;
કહે માર મારો રિપુને વિદારો. ૯૫

તુટે હાથ માથાં, ખુટે ખૂબ બાથા;
પઢે જોર પૂરા, વઢે વીર શૂરા. ૯૬

હૈયે હામ પૂરે, તજે ત્રાસ દૂરે;
ખરે દીલ ખેલે, મહા બાણ મેલે. ૯૭

મળી મર્દ મંડે, રિપુ ખડ્ગ ખંડે;
ભયે ભૂમિ ભાસે ન મર્દોજ નાસે. ૯૮

પડે તૂટી પાળા, ખુદા કોણ બાળા;
ધરે લોહ ધારા, પડે આરપારા. ૯૯

લડી માર લાગે, ભલા અંગ ભાગે;
વિરો હાક વાગે, જહાં જુદ્ધ જાગે. ૧૦૦

પ્રલેકાળ કેવો, ઉઠે શબ્દ એવો;
ગિરી જેમ ફૂટે છતા ગર્ભ છૂટે. ૧૦૧

થયો તો ન થાશે, સુગ્રંથ ગવાશે;
વડો ધંધ વીત્યો, જુદ્ધો હિંદુ જીત્યો. ૧૦૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તોટક છંદ.

વરતી અતિ આણુ અરીણુતણી,
ચિન ભૂમિ પગે પણ ચાંપી ઘણી;
પછિ હુનરખાન પ્રજા સઘળી,
મળિ પ્રૌઢ વિચાર કરે પ્રબળી. ૧૦૩

હમણાં નાહ આપાણુ હામ રહે,
ઉલટું ધન લૂટિ અરીણુ લહે;
જગવ્યો વડ સિંહ સુતો સુખમાં;
કર કીધ મણીધરના મુખમાં. ૧૦૪

સમજ્યા વિણુ કામ અશુભ થયું,
કરિ કષ્ટ ચિનાધિશ એમ કહ્યું;
સજશે જન સંગ અરીણુ તણો,
ધન માલ લુટી વળિ પ્રાણુ હણો. ૧૦૫

લગરીક અરીણુ લહે ઘરમાં,
કરિ કેદ કસો પગ ને કરમાં;
બહુ પ્રાણિતણા ધન પ્રાણુ હર્યા,
દુખવંત અત્યંત મનુષ્ય કર્યા. ૧૦૬

ભડ તોય હઠયૈં ન અરીણુ ભજો,
કરિ હાથ રહ્યો ચિનદેશ કિલો;
પછિ હુનર ખષ્ટ બહૂ પડિયો,
ચિત ચાહિ વિલાયતથી ચડિયો. ૧૦૭

કરિ ક્રોધ દિલે બડ જોદ્ધ કહે,
રણખેત લડો જ્યમ લાજ રહે;
કહિ વેણુ મુખે નહિ જો કરિયે,
બકવા કરનાર બધા ડરિયે. ૧૦૮

દોહરા.

યંત્રખાન મંત્રી કહે, હવે ન હારો હામ;
સાહિબશ્રીના શુકનથી, કરિશ સિદ્ધ સઉ કામ. ૧૦૯
રચિ પર્વત જેવી પછી, અગણિત બોટો આચ્ય:
હિંદુસ્તાન તરફ જવા, આંધી સિંધપુર પાચ્ય. ૧૦૦

નારાચ છંદ.

વિચારિ મંત્ર મંત્રી યંત્રખાન ફોજ મેળવી,
તપાસિ કૈક શૂર વીર ધીર જોધ કેળવી;
અનેક રંગ અંગ નંગ છીંટનાં ચલાવિયાં,
અપાર તાજ તેજ વાર ધાતુના બનાવિયા. ૧૧૧

વિચિત્ર ચિત્રવંત વસ્ત્ર અસ્ત્ર શસ્ત્ર ધારીયાં,
અનેક રાચ કાચનાં અસાચનાં ઉતારિયાં,
ઘણાંક કાઠનાં ઘડી દડી બનાવિ સજની,
કરી ઘણી કરામતો પ્રસિદ્ધ [૧]પૃથ્વિપુત્રની. ૧૧૨

સપાટ પાટિયાં ખીલા કરેલ સંચ કુંચિયો,
સિવ્યાનિ સોય ચાકુ ભાત ભાત જાત ઉંચીયો;
ગણ્યાં નહીં ગણાય કે ન થાય લેખું લેખતાં,
મનુષ્ય મોહબંધ થાય અંધ તુર્ત દેખતાં. ૧૧૩

ફરી ઘણીજ ફોજ આવિ હિંદુ દેશ ફોડવા,
ઉજાડિ ઉદ્યમીપુરી તમામ ધામ તોડવા;
લુટી અનેક ઉદ્યમીતણી બજાર આવતે,
તુટી ઘણીક પેઢિયો હથ્યારથી હઠાવતે. ૧૧૪

ઉંચારિ હાય હાય લોક પંથ જાય પાંસરે,
કહેજ ત્રાય ત્રાય ત્યાં સહાય કોણુ જૈ કરે;
મ્લેચ્છ લૂટનાર લક્ષ્મિ મંદિરે મળી ચઢયા,
અરીણુ રૂ મજીદ તે બિતા ફરેજ બાપડા. ૧૧૫

સમૂળ કોટ પાડિને ઉપાડિ લક્ષ્મી મૂરતી,
ઝલાય કેમ હાથ ઉભિ હિંદુ ફોજ ઝુરતી;
સજેલ શસ્ત્ર તોય તે પડયા અપાર શોકમાં,
નહીં ઉગારનાર ચારખુંટ મૃત્યુ લોકમાં, ૧૧૬

સુશસ્ત્ર સાવળીતણાં વિશાળ શુદ્ધ સાળ તે,
કિધાં નકામ છીંટ પાટ પેખી તુર્ત કાળ તે;
લલીત શસ્ત્ર સાણુથી ને એરણી લુહારનાં,
પડયાં નિહાળિ લોહ પાટિયાં બહુ પ્રકારનાં. ૧૧૭

સુતાર શસ્ત્ર સારડી વાંસલા ને વીંઝણી,
થયાં ખરાબ પેખિ મેજ પેટિ ખુરશી ઘણી;
વિચિત્ર ચિત્ર દેખિ શસ્ત્ર વ્યર્થ ચિત્રકારનાં,
અનેક કાચ ઠામથી નકામનાં કુંભારનાં. ૧૧૮

છુટયાં હથ્યાર લેખનાંજ જોઇ છાપ યંત્રને,
થયા ખરાબ બેપિયા તપાસી ઠાગતંત્રને;
કુબુદ્ધિ રૂપિ કેદ છેક ફળ કામ છોડતાં.
થયા ખરાબ નાતના વરાનું ખર્ચ જોડતાં. ૧૧૯

સુઝે ન દીશ એક કે વિવેક આંખ ઉઘડે,
ઉશંદ ધુળ આંખ પૂરિ કર્જ ખાડમાં પડે;
થયા અનંત લોક શોકવંત આ વિરૂદ્ધમાં,
મુઆ સમાન માનવી ઘણા જણાય જુદ્ધમાં. ૧૨૦

૧. પત્થરની.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચોપાઇ.

લૂટિ મુલક હિંદુનો લીધો, દશે દિશામાં ડંકો દીધો;
વશ કરી જન ઉદ્યમ પુરવાળાં,તે ઘર જડયાં વિલાયતીતાળાં.

ઝૂલણા છંદ.

જીદ્ધ વણરાજ પરદેશિ નૃપસાજનો,
આજની વખતમાં અધિક એવો;
દિલ્હિ પ્રથિરાજને મ્લેચ્છના મુલકથી,
ધોમ જાગ્યો હતો ધંધ જેવો;
ધીર શૂરવીર તે નીર માગે નહીં,
સ્થિર ઠરિ નવ શકે એક ઠામે;
મેહેલમાં બેશિ જે મુછિયો મરડતા,
કરડતા દંત આવ્યા ન કામે. ૧૨૨
નાશિયા લોક વેપારિ ને ગ્રાસિયા,
હાસિયા નાસતાં ફરિ ન દેખે;
ઢાલ તરવાર તજિ ભડ નરો ભાગિયા,
લશ્કરી લોક ત્યાં કોણ લેખે;
ધમધમે ધરણિ ત્યાં કાયરો કમકમે,
ખમખમે ખડગ નર થાય ખેદી;
કૈકના હાથ પગ કૈકના ભાગિયા,
વાગિયાં બાણુ તનત્રાણુ[1] ભેદી. ૧૨૩
થાય ધડુડાટ રથ બાણુ સુડુડાટ વળી,
તોપ ધડુડાટ ગડુડાટ ગોળા;
કટક કડુડાટ પડિ શીશ દડુડાટ દડી,
વ્યોમ ફડુડાટ ધ્વજ રંગ ધોળા;
પુષ્પની સેજમાં જે નરો પોઢતા,
ઓઢતા સાલ દુસાલ અંગે;
તે નરો તરફડે ખુબ રણક્ષેત્રમાં,
ચડભડે કૈક ટકી એક ટંગે. ૧૨૪
ભાગિયાં હાડ પણ લાજમાં લાગિયા,
લાગિયા કૈક નર જીદ્ધ લડવા;
જાગિયા કૈક નર મોહમૂર્છા થકી,
પાગિયા ક્યાં કહી બેસે રડવા;
લૂટિયા કૈકને કૈકને કૂટિયા,
ચુંટિયા છોડ જ્યમ છાજ કેરા;
કોઇ નથિ વાર કરનાર આ વારમાં,
જેને દરબાર જન ખાય ફેરા. ૧૨૫

કોઇની જનનિયે સુઠ ખાધી નથી,
હામ હૈએ ધરે આજ ટાણે;
જે ફુનરખાનને પકડિ કર જકડિને,
આપણા દેશમાં તુરત આણે;
ક્યાં ગયા હિંદુમહારાજ પાટણપતિ,
જે લડયા ખુબ પરભાસ લૂટયે;
આ સમે કેમ એ તુરત નથી આવતા,
ગામમાં લક્ષ્મિનું ધામ તૂટે. ૧૨૬
હિંદુ વટલાવતાં જવન બળ ફાવતાં,
આવતા સઘ શીવાજી વહારે;
ક્યાં ગયા જે હવે હિંદુને જાળવે,
દરિદ્ર નિજ જાત જોરે વધારે;
કોણ હિંદૂ ધણી રાખિ ચિંતા ઘણી,
જાતું પરદેશ ધન બંધ કરશે;
હડહડી ચાલિયું કેમ રહેશે હવે,
તૂટિયું ટાંકું જળ કેમ ધરશે. ૧૨૭

દોહરો.

વિકળ સકળ હિંદુ હવે, સુજે ન એકે દીશ;
ભાષણકાર સુભાખીને, કહે નમાવી શીશ. ૧૨૮

પધરી છંદ.

મંડળી સિંહનર એક નામ,
ઉંઘે છે એજ આલસ્ય ધામ;
લઇ કુંભકર્ણની નીદ્ર જાણિ,
સૂતો છે સોડ તે શ્રેષ્ટ તાણિ. ૧૨૯
નહિ તો લિધેલ મુચકુંદ નીદ્ર,
પોઢયો પલંગ શૂરવીર ઇંદ્ર;
દીસે હજૂરમાં ચોકિદાર,
સઉ ભૂપ શેઠ ને સાહુકાર. ૧૩૦
તે સર્વેનેજ નિજ ધામમાંહિ,
આલસ્યખાન રોકે છે ત્યાંહિ;
આડા છે વીર અજ્ઞાન વહેમ,
કરે મંડળીક જાગે ન જેમ.
તે મંડળીક છે શૂરવીર,
બહુ બુદ્ધિવંત વજ્જર શરીર,
જાગતો થાય એકે ઉપાય,
તો જરૂર ફુનરખાં જિતાય.

[1] બખ્તર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લે યંત્રખાને ઉપાડિ ત્યાંથિ,
કપિ જેમ વૈદ્યધર લંકમાંથિ;
લડનાર લોકને દે ધ્રનામ,
તો ફરિ વસાય ઉદ્યમગ્રામ. ૧૩૩

થાણું થપાય વળિ ચિન વિલાત,
જાણવા શત્રુ છળભેદ ઘાત;
હુનરનાં લાવિ હથિયાર ખેંચી,
વળિ દેશિ લોકને દેજ વેંચી.

વણુ મંડળીક બ્રહ્માંડ મધ્ય,
નથિ હુનર જોડ કરનાર જુદ્ધ;
જાગતાં વીર જો જશે કાળ,
કરશે દરીદ્ર હિંદુ વટાળ. ૧૩૫

દોહરો.

ભાષકનાં ભાષણુ શુણી, કર્યા ઉપાયો ક્રોડ;
નર મંડળી જાગ્યો નહીં, સુતો તાણી સોડ. ૧૩૬

હરિગીત છંદ.

વદિ સોડ તાણી સુતો જાણી, નીદ્ર આણી નેણુમાં,
તેને જગાવા ગલમચાવા, વિવિધ આવા વેણુમાં;
ભુંગળ સમાને વર્તમાને, પત્ર કાને ધ્રુસવે,
ચોપાસ જ્યમકે ઢોલ ઢમકે, વિર ન ચમકે ઊંઘવે. ૧૩૭

ભાષક ઉચારે વારે વારે, જન પોકારે બહુ મળી,
ફિટકાર લાગે અંગ ભાગે, પણુ ન જાગે મંડળી;
ચિહકાર વાણી વદે તાણી, ઉઠે જાણી એ થકી,
તોપો વછોડે કાન જોડે, નીદ્ર તોડે તે થકી. ૧૩૮

ઉપાય ભારે કર્યા જ્યારે, પાસું ત્યારે ફેરવ્યું,
બોલ્યો ન વાણી ગ્નાન આણી, મન ન જાણી મેળવ્યું;
ઉડી ગયજ આશા જોઇ તમાસા, ભણે ભાષા ભાષકો,
તે તપી તનમાં દેશિ જનમાં, ધારિ મનમાં ધાશકો.૧૩૯

દોહરા.

જાગ જાગ ને જો હવે, મંડળીક મતિમાન;
લાવ લાવ તું લાગ લઇ, પકડી યંત્ર પ્રધાન. ૧૪૦

કવિત.

હુનર હજાર ફોજ પ્રેરી પરદેશી લોકે,
લીધો હિંદુ દેશ લુટી ખ્યાત થૈ ખરેખરી;
થાય ન ઉપાય કરો લોક હાય હાય ગાય,
મનમાં મુઝાય વાત જોય નહીં ઉચરી;
પૈસાનો જ્યાંથી પેસાર બહુ થયાં બંધ દ્વાર,
આળસ અપાર અતુદ્યોગ હાથીએ કરી;
એજ ગજરાજ આજ કુંભ કાપવાને કાજ,
જોઇએ જરૂર હઠીસિંહ સિંહ કેસરી. ૧૪૧

(પરિકરાલંકાર.)

દોહરા.

યંત્રખાનના દ્વારમાં, આળસ હસ્તી આજ;
કેસરિસિંહના સુત વિના, કોણુ હણે ગજરાજ. ૧૪૨

સુતો જગાડે મંડળીક, કરિ પૂરો પોકાર;
કર જોડી તેને કરૂં, વંદન હું બહુ વાર. ૧૪૩

સમાચાર પત્રને વિનંતિ.

કવિત.

વાર વાર નમસ્કાર તને સમાચાર પત્ર,
કરૂં છું ઉચ્ચાર તે વિચાર ચિત્ત ધારજે;
સર્વ લોક હિતકાર કહેજે આ સમાચાર,
અર્થ તારા નામનો સમર્થ થૈ સુધારજે;
જાણીશું અપાર ઉપકાર તારો તો આ વાર,
આપશું આશીષ આવા સમામાં ઉગારજે;
જાગશે જો મંડળીક વીર દુઃખ ભાગશે તો,
લાગશે અધિક પુણ્ય તુજને અપાર જે. ૧૪૪

દોહરા.

વર્ત્તમાન કાળે બની, વર્ત્તમાન જે વાત;
વર્ત્તમાન પ્રિય પત્ર તું, વેગે કર વિખ્યાત. ૧૪૫

એ ચાબુકના અધિપતિ, ચિતથિ ન કરજે ચૂક;
ઉઠાડ મંડળી ઉંઘથી, ચમકાવી ચાબૂક. ૧૪૬

જઇ જામે જમશેદ તું, શુભ ભાષણનો સાર;
કહે તારા નામેરિને[1] ચિતમાં કરે વિચાર. ૧૪૭

દરપણુ નામે દોસ્ત તું, જન મંડળિ જગાડ;
હાલ અવસ્થા હિંદુની, ડહાપણુથી દેખાડ. ૧૪૮

પ્રભાકર પત્રને વિનતી.

સવૈયો.

ગ્નાન પ્રકાશ અવાસ કરી કર નાશ અગ્નાન અંધારૂં,
ઊંઘ ઉડાડ ઉડાડ મહાબળિ, મંડળિ સિંહ મહાજુદ્ધ સારૂં;
ઉદ્યમસ્થાન નિરુદ્યમિને, દરશાવ શુણી પરણીપત મારૂં,
સાર્થક નામ સદા કરી લે તું,પ્રભાકર પત્ર પ્રભાકર તારૂં૧૪૯

૧. જામે જમશેદનો નામેરી સર જમશેદજી જીજીભાઇ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(શ્લેષાલંકાર.)

સવૈયો.

દેશ પ્રજા દિલને દહનાર, ઉઠયો ઉતપાત સમુદ્રથિ ગાજી,
લક્ષ્મિ હરી પરલોક ગયા લઇ,કોણુ હળાહળ લે થઇ રાજી;
આજધુરંધરતાધરિલે કોણ, આજગનો અનિમાતપિતાજી,
રક્ષણુવિશ્વવિચક્ષણુતે, કહાંઆજ ગયા મહારાજ શિવાજી.

નારાચ છંદ.

સુણી સ્વદેશી સર્વ આ વિચાર ચિત્ત રાખજો,
સભા વિષે સદાય ભાવ આજ રીત ભાખજો;
કરી ઉપાય ક્રોડ મંડળીકને જગાડવો,
પછી સ્વદેશમધ્ય યંત્રખાન લાવિ પાડવો. ૧૫૧
કપાસને કરોડ જોર આપવું સુધારિને,
વિશેષ તો સ્વદેશ જોર એ થકી વિચારિને;
ઘણી દુકાન ચીન ને વિલાતમાં ચલાવવી,
તથાપિ ત્યાંનિ રીત રોજગાર મધ્ય લાવવી. ૧૫૨

દોહરા.

કદી કહેશો તે કર્યું, નથી અમારૂં કામ;
સાચું તો પણ આ સભા, દિલ ખોલ્યાનું ઠામ. ૧૫૩
મંડળી આ મળવા થકી, કોટિ થશે ઉપકાર;
જ્ઞાન પ્રભાકર પ્રગટશે, હિંદ દેશ મોઝાર. ૧૫૪
રૂડા દેશ ગુજરાતમાં, જોડ વર્ષમાં જેમ;
બે [1]પુસ્તકશાળા બની, બનશે અદકી એમ. ૧૫૫

છપ્પો.

પુસ્તકશાળા થકી, નકી અજ્ઞાનજ ટળશે,
સમય સમયપર શુદ્ધ, સભા સજ્જનની મળશે;
માસ માસમાં નવિન, પ્રવિન જન ભાષણ કરશે,
શ્રોતા વધશે સદા, સકળ જન એમ સુધરશે;
પછિ જાણુશેજ રાજા પ્રજા, વર્તમાન લેઇ વાંચશે,
વળિ વિગતે વાત વિચારશે, પાંચ મળ્યા તો પાંચશે.૧૫૬

કવિત.

જન સુધારાનું મૂળ જાણવી વિદ્યા જરૂર,
વિદ્યાનું છે મૂળ શાળા પુસ્તકોની પાઠની;
પાઠની પુસ્તકોની શાળાઓને સહાય કરો,
કરો પરમારથ મળાવી મુદી ગાંઠની;
તારશે અજ્ઞાન નદી તમારી પ્રજાને તેહ,
પ્રૌઢ નદી પાર હોડી કરે જેમ કાઠની;
આજથી ઉદ્યોગ જ્યારે આરંભશો અહોનીશ,
સુધરશે સર્વ પ્રજા વર્ષ મધ્ય સાઠની[2]. ૧૫૭

જે પાપથી હિંદુસ્તાનની લક્ષ્મી સમુદ્રમાં પડી તેનો

છપ્પો.

સંપરૂષી એક સમે, પધાર્યા પૂનામાંહી,
રાજા બાજીરાવ, કિધું સન્માન ન કાંહી;
ચડયો ક્રોધ રુષિ ચિત્ત, ભૂપનો ધનમદ ભાળી,
શાપ દિધો રૂષિ આપ, બજાવી હાથે તાળી:
સાગરમાં હિંદુસ્તાનની, પડો લક્ષ્મિ આ પાપથી,
પછી તુરતજ લક્ષ્મિ ત્યાં પડી, સંપરૂષિના શાપથી.૧૫૮

લક્ષ્મી મળવાનો ઉપાય.

મુસલમાન ને હિંદુ, સુણો મુજ દેશિ સમસ્તો,
કહિયે કાળો નાગ, ચીન વિલાયત રસ્તો;
તેનું કરો નેતરૂં, રવૈયો બોટ બનાવો,
સાગર મંથન કરી, ફરી લક્ષ્મી ઉપજાવો;
નર હિંમતવાન સુખે રહો, પુછડે જે ડર ખાય છે,
લક્ષ્મિ મળવાનો અગ્રલથી, એકજ એ ઉપાય છે.૧૫૯

દોહરો.

જે દિન જાગે મંડળિક, દેશતણું દુઃખ જાય;
ભાષણ પરિપૂર્ણ થયું, જય બોલો જગરાય. ૧૬૦

पुष्पिताग्रा.

૭ ૦ ૯ ૧
मुनि नभ नव भू मितान्द पौषे,
सुकृतशकस्यहि विक्रमाजितश्च;
भवतु शुभदमंत्र भाषणंमे,
मदनतिथौ ज्ञदिनेच शुक्लपक्षे. १

૧. અમદાવાદમાં તથા સુરતમાં.

૧. આ કવિતા રચ્યાને ૨૭ વરસ થઈ ગયાં ને લખવાને ખુશી ઉપજે છે કે તે દિવસ કરતાં હાલ ઘણો સુધારો થયો છે. (આવૃત્તિ ૨ જી.)

૨. સંવત ૧૯૦૭ ના પોષ શુદ ૧૩ બુધવાર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગરબી.

દેશી મિત્રો દુઃખ સરવ ટાળોરે આપણા દેશનું;
કાંઇકાજકરો રાજનવલ આવ્યું છે હુનર નરેશનું. ટેક.
દોલત ગઇ પરદેશી હાથે,
તે મોટી ભૂલ તમો માથે,
તમે સંપ ન રાખ્યો કોઇ સાથે. દેશી મિત્રો. ૧
આ વખત જુવો તમે વિચારી,
નિરધન થઇ બેઠાં નરનારી,
કઇ ધુળ મળ્યા ધંધાધારી. દેશી મિત્રો. ૨
તમે દિવસે સૂવું દૂર ધરો,
ભલે વિદ્યાના ભંડાર ભરો,
હવે જાગૃત થઇ કાંઇ જુક્તિ કરો. દેશી મિત્રો. ૩
તમે સગા કુટુંબમાં સંપિ ફરો,
વળિ દેવાદાર થતાંજ ડરો,
તમે નિત્ય ઘટાડો નાતવરો. દેશી મિત્રો. ૪
ધન મળતાં તુરત ગરવ છાંડો,
તમે મોટાં કારજ નવ માંડો,
ગુણુ સમજો મદ મેલો ગાંડો. દેશી મિત્રો. ૫
સુધરાઇનો સ્વાદ સદા ચાખો,
મન ઉદ્યમમાં અહોનીશ રાખો,
શિદ ભાગ્ય લખ્યું થાશે ભાખો. દેશી મિત્રો. ૬
પડતર પૃથ્વિ તે ખેડાવો,
ઉગશે જો ત્રણ વખત વાવો,
નિર ઉધમિ ઉધમમાં લાવો. દેશી મિત્રો. ૭
અદાલત અરજી અળસાવો,
લુચાઓને લાંચ ન સોંપાવો,
દો ચુકવી ધરમેળે દાવો. દેશી મિત્રો. ૮
તમે ચીન વિલાત ભણી ચાલો,
ઉદ્યકરીને હિંમત આલો,
ઠીક સમજો વેહેમ તજો ઠાલો. દેશી મિત્રો. ૯
લક્ષ રાખીને ધંધે લાગો,
શિદ ભડકીને પાછા ભાગો,
મહા પ્રભુથી પૂરી મદદ માગો. દેશી મિત્રો. ૧૦
વળી હૈયામાં હિંમત આણો,
જન સઘળાને સરખા જાણો,
શિદ તુચ્છમતિથી મન તાણો. દેશી મિત્રો. ૧૧
પરદેશી હુનર પ્રગટ કરો,
સંચા ને યંત્રો સિદ્ધ કરો,
દલપતની વિનતિ દીલ ધરો. દેશી મિત્રો. ૧૨

દોહરા.

કઇક ભણી નોકર થયા, કમાય છે કઇ વ્યાજ;
દશા સુધારે દેશની, એ તો વિરલા આજ. ૧
કઇ જનને જાગીર છે, કઇક કરે છે રાજ;
દશા સુધારે દેશની, એ તો વિરલા આજ. ૨
એકલપેટા અતી ઘણા, કરે સ્વારથે કાજ;
દાઝ ધરે ઉર દેશની, એ તો વિરલા આજ. ૩
શું થયું ને શું થાય છે, શો થાશે પરિણામ;
ભવિષ્ય ભાવ વિચારતાં, દાઝે દલપતરામ.[1] ૪

કપાસ વિશે.

(સને ૧૮૬૩ માં અમેરિકામાં લડાઇ ઉઠયાથી હિંદુસ્તાનના કપાસનું ઘણું મુલ આવ્યું છે તે વિશે.)

દોહરા.

લડિ લડિને ઈંગલાંડની, આણી દોલત આજ;
હુનરખાન હરાવિયો, રંગ તને વણુરાજ. ૧
હિંમત ધરી તેં હાલમાં, કીધું અદ્‌ભૂત કાજ;
લાવ્યો લક્ષ્મી લૂટિને, રંગ તને વણુરાજ. ૨
બનિયાં મેડી માળિયાં, છેક હતાં જ્યાં છાજ;
તેં નિજ જન તાજા કર્યા, રંગ તને વણુરાજ. ૩
જુદ્ધ કરીને જીતનો, તેં શિર ધરિયો તાજ;
હારી હુનર હેઠો પડયો, રંગ તને વણુરાજ. ૪
વૈર ધરી બહુ વર્ષનું, દિલની કાઢી દાઝ;
વળતર સઘળું વાળિયું, રંગ તને વણુરાજ. ૫
હુનરતણાં હથિયાર પણ, લાવ્યો કરી ઇલાજ;
સાંચાનો સંગ્રહ કર્યો, રંગ તને વણુરાજ. ૬

---

૧. કોટમાં શેઠ બેરામજી જીજીભાઈના મકાનમાં મુંબાઇની જ્ઞાન પ્રસારક સભા ભરાઇ હતી તેમાં શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઈ વગેરે ઘણા પારસી ગ્રહસ્થો તથા ઠક્કર ગોકળદાસ તેજપાળ વગેરે ઘણા હિંદુ ગ્રહસ્થો બીરાજ્યા હતા. તેમાં પણ આ હુનરખાન વિષેની કવિતા સંભળાવી હતી. ઇ. સ. ૧૮૫૯ માં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેં પોતાના દેશની, સરસ કરી શોભાજ;
સુવરણથી શોભાવિયો, રંગ તને વણરાજ. ૭
આ અવસર તારી અધિક, લાખ ગણી વધી લાજ;
મરદ થઇ જશ મેળવ્યો, રંગ તને વણરાજ. ૮
વણરાજ જગમાં વડો, ઉઠયો એમ અવાજ,
અનત્ર કઇક નમાવિયો, રંગ તને વણરાજ. ૯
બાગ બગી ને બંગલા, શોભીતો ઘર સાજ;
તે મેળવિયાં તેં બહુ, રંગ તને વણરાજ. ૧૦
તું લાવ્યો બહુ આ તકે, જરનાં ભરી જહાજ;
મજુર કર્યાં શ્રીમંત તેં, રંગ તને વણરાજ. ૧૧
ભિક્ષુક પણ વૈભવપતી, કર્યાં ગૃહસ્થ ઘણાજ;
દિલ સાચે દલપત કહે, રંગ તને વણરાજ. ૧૨

દેશ સુધારા વિશે.

છપ્પા.

વીર વડો વણરાજ, આજ પંકાયો પૂરો,
લાખ ગણી થઇ લાજ, કાજ કીધું થઇ શૂરો;
જગમાં કીધી જીત, રીત રૂડી વળી રાખી,
ભલાં ગવાયાં ગીત, પ્રીત પામ્યો ભય પાખી;
પરવરિયો તે પરદેશમાં, ફોજ વિના પણ ફાવિયો,
તે દેશતણી દલપત કહે, લક્ષ્મી લૂટી લાવિયો. ૧૩
સઘળે ઉઠયો સોર, જોર એવુંજ જણાવ્યું,
વળતર વ્યાજ સહીત, વિત્ત આ દેશ અણાવ્યું;
કરી પરાક્રમ પુનર, હુનરને ખૂબ હરાવ્યો,
વણું અડચણ આ વખ્ત, તખ્ત ચડિ તાજ ધરાવ્યો;
બહુ નિજજનને બખશીશ દઇ, કઇ સાજાતાજા કર્યાં,
દેખીતા દીન દરિદ્રિને, ધનવંતા કરીને ધર્યાં. ૧૪

હુન્નરનાં સાધનો વિશે.

દોહરો.

ઓ ઇશ્વર આ દેશપર, નજર કરો દિનનીશ;
હુનર કળાનો હય હવે, દોડાવો જગદીશ. ૧

સ્વદેશિયો પ્રતિ ઉક્તિ.

કળથી કટક કપાય છે, ચિતમાં જુઓ વિચારી;
જોરથી જુદ્ધ જીતાત તો, સિંહ કરત સરદારી. ૨

મનહર છંદ.

સાધવા હરેક કામ સાધનનો શોધ કરો;
સાધનથી ગરીબ જીતે મોટા મહીશને;
સાધન વિનાનો શૂરો કહો તે શું કરી શકે,
સાધનથી એકલો પૂરો પડે પચીસને;
એક ઘોડો એકજ પુરૂષને ઉપાડી શકે,
વીશ ઘોડા હોય તો વાહન થાય વીશને;
દાખે દલપત શ્રેષ્ટ ગાડીનું[1] સાધન હોય,
બે ઘોડા ઉપાડી જાય પુરૂષ પાંત્રીશને. ૩

છાપાખાના વિશે.

દોહરો.

લહિયા સો લખતાં છતાં, વર્ષે એક વહી જાય;
એક દિવસમાં એટલું, છાપથી જુઓ છપાય. ૪

મનહર છંદ.

કાળાં કાળાં પ્રેત પણ પંડિતો કહે છે પ્રેસ,
આવેલાં યુરોપમાંથી ભાસે પંડે ભારે છે;
દીઠું તેનું ડાચું નથી દીસતા ઉપલા દાંત,
હેઠલા હરેક દાંત દાઢને આકારે છે;
ખવરાવે કોઇ તોજ ખાય છે ન ખાય હાથે,
ધરમ પરમહંસ જેવો પોતે ધારે છે;
ચાવી ચાવી ચાળવીને કુચા જે તે કાઢી નાંખે,
આંખે ચાવી લોકો રસ ઉરમાં ઉતારે છે. ૫

દોહરો.

વસ્ત્ર ઉપજ્યાં રૂવિના, તલવીણ નિપજ્યું તેલ;
ખલક જુઓ ભૂખંડમાં, એ ખોદાનો ખેલ. ૭

ચોપાઇ.

ખલક જુઓ ખોદાનો ખેલ, પાવક પાણી બનિયા બેલ;
થિર ગાડાં તે જંગમ થયાં, નીર નેવનાં મોભે ગયાં ૭
જે વિજળીનું ચપળા નામ, કરવા લાગી જનનું કામ;
સંદેશાનાં કથનો કહ્યાં, નીર નેવનાં મોભે ગયાં. ૮
મોચી ઘાંચી ઢેડ ચમાર, દીઠા પૂરા પૈસાદાર;
રાજતનુજ રડવડતાં રહ્યાં, નીર નેવનાં મોભે ગયાં. ૯
દેવ વિમાન પડે પીછાન, માનવિયો પામ્યા વૈમાન;
જન ઉડી આકાશે વહ્યાં, નીર નેવનાં મોભે ગયાં. ૧૦

---

[1] ગાડી—આગનીબસ.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

દિનમાં શ્લોક લખાણા લાખ, સહસ્ર લોકો પૂરે શાખ;
જડે[1] કામ લહિયાનાં લહ્યાં, નીર નેવનાં મોભે ગયાં. ૧૧
વણકર યંત્રે વસ્ત્ર વણાય, જુક્તિ તે અદ્ભુત જણાય
મનુષ્યશ્રમ દુખ સાંચે સહ્યાં, નીર નેવનાં મોભે ગયાં ૧૨
જે ચીંથરાં ઉકરડા જોગ, એનો પણ કીધો ઉપયોગ;
કામળકરી પુસ્તક પ્રગટિયાં, નીર નેવનાં મોભે ગયાં. ૧૩
હય, પાડા, બળદોનાં હાડ, જેથી ખૂબ ભરાતી ખાડ;
એ પણ ઉપયોગે આવિયાં, નીર નેવનાં મોભે ગયાં. ૧૪
જાતે નીચ હતા નાદાન, તે તો વડા થયા વિદ્વાન;
ઉત્તમ કુળ બગડી બુડિયાં, નીર નેવનાં મોભે ગયા. ૧૫
જે કુળનો કરતા ધિક્કાર, એ ઉત્તમ પામ્યા અધિકાર;
ચાહન તેને સૌએ ચહ્યાં, નીર નેવનાં મોભે ગયાં. ૧૬
જળ ઠેકાણે થળ થૈ રહ્યું, થળને ઠેકાણે જળ થયું;
એ કહેવતનાં ફળ પેખિયાં, નીર નેવનાં મોભે ગયાં ૧૭
પડતર ક્ષેત્ર થયાં ખેડાણ, વળી રેતીમાં ચાલ્યાં વહાણ;
જંગલમાં મંગલ થૈ રહ્યાં, નીર નેવનાં મોભે ગયાં. ૧૮
સઘળો સમય ફરી ગયો આમ, દેખો કહે છે દલપતરામ
અતિશય અચરજ ઉપજાવિયા, નીર નેવનાં મોભે ગયાં૧૯

બંબાષ્ટક.

ઉપજાતિ વૃત્ત.

શરીરમાં શોણિત સંચરે છે,
વાયૂ દબાણે સઘળે ફરે છે;
એ વાતથી જો ઉપજે અચંબો,
જુઓ જુઓ આ જળયંત્ર બંબો. ૧
પૃથ્વી વિષે આ જળ જે રહે છે,
વાયૂ દબાણે નદિયો વહે છે;
એ વાતથી જો ઉપજે અચંબો,
જુઓ જુઓ આ યંત્ર બંબો. ૨
જુઓ ફુવારે જળ નીકળે છે,
વાયૂ દબાણે અતિ ઉછળે છે:
એ વાતથી જો ઉપજે અચંબો,
જુઓ જુઓ આ જળયંત્ર બંબો. ૩
આકાશ મધ્યે જળ જે જમાય,
વાયૂ દબાણે વરસાદ થાય;
એ વાતથી જો ઉપજે અચંબો,
જુઓ જુઓ આ જળયંત્ર બંબો. ૪
વરાળ જે આ જળની બને છે,
વાયૂ દબાણે નભમાં ચઢે છે;
એ વાતથી જો ઉપજે અચંબો,
જુઓ જુઓ આ જળયંત્ર બંબો. ૫
કરે તળાવે જળપાન હાથી,
ધણું ઉછાળે જળ સુંઢમાંથી;
એ વાતથી જો ઉપજે અચંબો,
જુઓ જુઓ આ જળયંત્ર બંબો. ૬
પેખો વળી સુંદર પીચકારી,
વાયૂ દબાણે જળ ફેંકનારી;
એ વાતથી જો ઉપજે અચંબો,
જુઓ જુઓ આ જળયંત્ર બંબો. ૭
સુવાક્ય જો સજ્જનનાં શુણાય,
ત્રિધા તપેલું તન શાંત થાય;
એ વાતથી જો ઉપજે અચંબો,
જુઓ જુઓ આ જળયંત્ર બંબો. ૮

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

ટુંકામાં કહી વાત ભ્રાત તમને, છે મર્મ ઉંડો ઘણો;
વ્યાખ્યા વર્ણવતાં વિશેષ વધશે, વિસ્તાર તો તે તણો;
આ બંબાષ્ટકનો વિચાર ચિતે, જો કોઇ જાણી કરે,
દાખે છે દલપતરામ દિલમાં, અત્યંત અર્થો ઠરે. ૯

દોહરો.

અગ્નિ ઓલવવા કરો, બંબાનો ઉપયોગ;
અંતરગત અગ્નિ હરે, ધીરજનો સંયોગ. ૧૦

આગગાડી વિશે.

ભુજંગી છંદ.

સજોરે સુધારો તજો વાત આડી,
સુધારાથિ થૈ આ જુઓ આગગાડી;
જુનો રાહ મુંબઇ જતાં જે ન છોડે,
કહો તે કદી જૈ શકે કૃષ્ટ ઘોડે. ૧

1. જડે-નિર્જિવયંત્રે લહિયાનાં કામ લીધાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગીતિ વૃત્ત.

નિરઉપયોગિ ન ધારો, દાવાનળ સમ ધુણી ભલે દેખો;
છેજ સુધારો સારો, પાવક રથને સમીપ જઇ પેખો. ૨

ઉપજાતિ વૃત્ત.

સુધારતાં થાય સદા સુધારો,
ચઢે કળા ચાળવતાં વિચારો;
અરે જુઓ આ હતિ કયાં અગાડી,
સુધારકોએ સજિ આગ ગાડી, ૩

દોહરો.

રસ્તો પ્રથમ રચાવિયે, તો તે કારજ થાય;
ઉત્તમ રસ્તે અગ્નિરથ, જુઓ ઝડપથી જાય. ૪

ગીતિ વૃત્ત.

રે રે નિર્બળ બળદો, ગર્વ ન ધરશો અસત્ય આ ટાણે;
પેખો પાવક પાણી, તાણી ગાડી અહીં તુરત આણે. ૫

ગંગા અથવા આગગાડી વિશે.

દ્વિઅર્થી[૧]-મનહર છંદ.

જેમાં જુઓ ભરેલું છે ભલું નીરમળ જળ,
તે પાસે તપાસો હોમ ધુણીની ધુમાડી છે;
એની ઉપર થૈ બહુ બંદરોનો આવે માલ,
જેને વેગે જુઓ ઝાઝી ઝડપ દેખાડી છે;
જ્યાંની પ્રાપતી ચાહી જનો તેમાં પ્રવેશ કરે,
ત્યાંની પ્રાપતી તો તેણે તેઓને પમાડી છે;
ચક્રવાક[૧] જ્યાં બહુ બિરાજે દલપતરામ,
શુન્ય[૨] વિના સદા જેનું નામ આ ગંગાડી છે. ૬

દોહરો.

અનેક યંત્રોનો કરો, એ રીતે ઉપયોગ;
સજનો દેશ સુધારવા, આપ કરો ઉદ્યોગ. ૭

ઉદ્યમ તથા કર્મ વિશે.

દોહરા.

કલ્પવૃક્ષ કાને સુણ્યું, આપે ઇચ્છિત ભોગ;
મેં મનમાં નિશ્ચય કર્યો, કલ્પ વૃક્ષ ઉદ્યોગ. ૧
ઉપજે સુખ ઉદ્યોગથી, સુધરે વળી સ્વદેશ;
એ માટે ઉદ્યોગની, હીંમત ધરો હમેશ. ૨
ઇશ્વર પણ ઉદ્યોગિને, દે છે બક્ષિશ દાન;
આ અવસર યુરોપના, લોકજ ચડે વિમાન.[૩]
મળવાની પણ નવ મળે, વણ ઉદ્યોગે વસ્ત;
તરી તીર પામે નહીં, જો ન હલાવે હસ્ત. ૪
જેને આપ્યા હાથ પગ, છે તેને ઉદ્યોગ;
તરૂને જન્મે ત્યાંજ છે, ખાન પાન સુખભોગ. ૫
જો જન રાખત એકલો, ઇશ્વર કૃત આધાર;
તો વાસણ ને વસ્ત્ર વળી, બનત નહિ ઘરબાર. ૬
સુસ્ત થઇ નહિ બેશિયે, મગજ ન ધરિયે ક્રોધ;
ચરણ ગરમ શીતળ મગજ, લે વૈદકનો બોધ. ૭

કર્મવાદ.

ઉપજાતિ વૃત્ત.

રે સિંધુ રત્નાકર નામ તારૂં, કહે સહુ તે કુડ કેમ ધારૂં;
ફળ્યો નહીં જે સુજનેજ ફેરો, નકી હશે વાંક નશીબ કેરો.૮

દોહરા.

વાંક કરમના આંકનો, લાંકતણો[૧] નહિ વાંક;
મળે ન રાજા રાંકને, ટાંક લખે નવ ટાંક. ૯
કોણ કળિ શકે દૈવગતિ, બનશે કેમ બનાવ;
કોણ કહેતું જે જશે, મહિપતિ મલ્હારરાવ. ૧૦

છપ્પા.

નર નારી બે હોય, પ્રજા તો ત્યાં પ્રગટાશે,
જીવ દેહ બે હોય ક્રિયા તેથીજ કરાશે;
બીજ નીર બે હોય, તોજ તરૂવર ત્યાં થાશે,
દહન દારૂ બે હોય, જ્યોત થિર ત્યાંજ જણાશે;
એમજ ઉદ્યમ ને કરમનો, કરો વિચાર વિવેકથી,
જોડે જોડું તો જોઇએ, અર્થ સરે નહિ એકથી. ૧૧
નરનારી બે માંહિ, મરદનો મહિમા મોટો,
જીવ દેહ બે માંહિ, બીજ જોરાવર જાણો,
બીજ નીર બે માંહિ, બીજ જોરાવર જાણો,
દહન દારૂ બે માંહિ, દહનને મુખ્ય પ્રમાણો;
એમજ ઉદ્યમ ને કર્મમાં, ઉદ્યમ ઉત્તમ જાણવો,
દિલમાં સમજો દલપત કહે,ઉર સંશય નહિ આણવો.૧૨

સોરઠો.

કોઇ કહે છે કર્મ, કો ઇશ્વર ઇચ્છા કહે;
મર્મી જાણે કર્મ, કાંઇક પણ તે છે ખરૂં. ૧૩

૧. ચક્રવાક-પૈડાનો ઉચ્ચાર અથવા સારસ પક્ષી.
૨. ઉજડ વગર અથવા અનુસ્વાર વગર વાંચીએ તો આ ગંગાડીનું આગગાડી વંચાય.
૩. વિમાન-બલુન.

૧. કાઠીયાવાડના પોલિટિકલ એજંટ લાંગ સાહેબને લોકો લાંક સાહેબ કહેતા હતા તે સાહેબની તરફથી આશા ભંગ થવાથી આ દોહરો કહ્યો હતો. તેમાંથી સાર સમજવાનો એ છે કે કોઇ માણસની તરફથી આશા ભંગ થઇએ તો તેનો વાંક ન કાઢતાં પોતાના નશીબનો વાંક જાણવો; અને આ દોહરો યાદ લાવવો.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

કર્મવાદ ખંડન.

દોહરા.

નશીબ નશીબ સૌકો કહે, પણ નક્કી નહિ આશ;
ચુલા શા માટે કરે, જો નશીબ વિશ્વાસ. ૧૪

શોધ કિધાથી સાંપડે, નહિ નશીબ આધાર;
શોધ કર્યાથી સાંપડયાં, આગગાડી ને તાર. ૧૫

કુંડળિયો.

આદરવો ઉદ્યોગ પણ, ઇશ્વર પર આધાર,
રાખીને રહેવું ખુશી, લલચાવું ન લગાર;
લલચાવું ન લગાર, ધારવી ધીરજ ધરથી,
સજી સંતોષ સદૈવ, ન ડરવું જોખમ ડરથી;
દાખે દલપતરામ, ક્લેશ લવલેશ ન કરવો,
ઇશ્વર પર આધાર, ધરી ઉદ્યમ આદરવો. ૧૬

દોહરા.

જન શ્રમ ને ઇશ્વર કૃપા, સદૈવ જોઇએ સાથ;
ખેતર વાવે શ્રમ કરી, ઉગાડવું હરિ હાથ. ૧૭

દીઠી તેજ દિશા સુજે, ઓછી અકલે આમ;
વિદ્યા ભણી વેપારની, હામ ન ધરે હજામ. ૧૮

નિજ ઉધમ સૌ આદરે, ડરે ન દિલમાં કોય;
હાથી માવતને હણે, બીજો તુરતજ હોય. ૧૯

સૌ સૌના ઉધમ વિશે, ફાવે સૌનો દાવ;
થળમાં ચાલે ગાડલી, જળમાં ચાલે નાવ. ૨૦

જે કામે જેને સજ્યો, તેણે કરવું તેજ;
જગ નાટકમાં નાટકી, ઉત્તમ ગણાય એજ. ૨૧

નિજ નિજ કારજમાં કુશળ, વિશેષ તે વખણાય;
નાચે બહુ તે નટ ભલો, ન્યાય કરે તે રાય. ૨૨

દુઃખ દિન હલકા કામની, લાજ ન ધરિયે લેશ;
જીવ્યો સર્પણ વેચિને, નર હરિશ્ચંદ્ર નરેશ. ૨૩

ભલો ભણેલો ભૂપતી, રૂડો હતો નળ રાજ;
તોય અધમ ધંધો અતી, કર્યો પેટને કાજ. ૨૪

ભણતરથી ભાગે નહીં, ભૂખ તરશના ભોગ;
દિલગિરી ઉપજે દસ ગણી, જો ન જડે ઉદ્યોગ ૨૫

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

વાયૂ ને વળિ અગ્નિ મિત્ર મળિને, ધંધો ધર્યો દોરનો,
દીઠો મેં જળદેવ ધંટિ દળતાં, જે સ્વામિ છે જોરનો;
દોડી દોડિ કરેજ દેવિ વિજળી, કાશીદનાં કર્મ ત્યાં,
શાસ્ત્રી પુત્ર સુતારકામ શિખતાં, શાની ધરે શર્મ ત્યાં.૨૬

દોહરો.

ગણે જીજવી આબરૂ, આપ આપને ઊર;
ભિક્ષુક લાજે મજુરિયે, ભિખતાં મરે મજૂર. ૨૭

હોય પ્રમાણિકપણું ઘણું, વળી ઉદ્યોગી અંગ;
દરિદ્રતાને દુર કરી, સુખનો પામે સંગ. ૨૮

ચોપાઈ.

વેપારે લક્ષ્મીનો વાસ, કાં તો પૃથ્વીપતિની પાસ;
કદિ ખેતીમાં પામે કોય, નિશ્ચે ભીખ વિષે નવ હોય.૨૯

દોહરા.

વાટે જતાં વિદેશમાં, ગરવો ભણતાં ગ્રંથ;
આપદમાં ઉદ્યોગનો, જડે પૂછતાં પંથ. ૩૦

આશ્રય કરિયે કોઇનો, એ છે રૂડી રીત;
વેલા પણ વાડે ચઢે, નિર્ભય થવા નચિંત. ૩૧

બેસે ઉંચે આસને, વાયસ પક્ષ પ્રતાપ;
પક્ષ વિના ગજરાજ પણ, ભોંય ઉભો રહે આપ.૩૨

વિદ્યા બીજ વિગત વડે, વાડી વિનય વવાય;
આવી મળે ઉદ્યોગજળ, તો ધનનાં તરૂ થાય. ૩૩

શહેર વસતા કુળ વિષે, થાય ધનપતિ કોય;
સાગર વગર તળાવમાં, મોટો મગર ન હોય. ૩૪

ધંધો ન મળે ધનવિના, ધનવિણ મળે ન ધાન;
ધાન વિના ધીરજ તજે, વિણ મતિ ને વિદ્વાન.૩૫

સૂમતણી સેવા થકી, કે ભિક્ષાથી ભ્રાત;
વળી વસતાં કુગ્રામમાં, જાય ન દરિદ્ર જાત. ૩૬

સુધરાઇ ઉદ્યોગનો, વિશ્વ વિષે છે વાસ;
મૂળ તેહનાં એજ છે, કાં આશા કે ત્રાસ. ૩૭

સહાયતાથી સર્વદા, કરાય ઝાઝું કામ;
ચસ્માંથી દેખે ઘણું દ્રષ્ટિ દલપતરામ. ૩૮

મનહર છંદ.

હોડી તુટી હોય તોય તેમાં લે ઉતારૂઓને,
એ તે ખાડીમાં ઊંડા ઉતારવા કે તારવા;
વૈદક ભણ્યા વિનાનો વૈદ બની વૈદું કરે,
એ તે એનું શરીર સમારવા કે મારવા;
કામમય કથા કહી કહે જીતો કામ ક્રોધ,
એ તો અગ્નિ ભારેલો ઉભારવા કે ભારવા;
દાખે દલપત શસ્ત્ર વિના જે સંગ્રામ સજે,
એ તે શત્રુસૈનને સંહારવા કે હારવા. ૩૯

દોહરા.

આળસ તજિ ઉધમ કરો, ચિતમાં કરી વિચાર;
સુખ પામે જન સર્વદા, વળી સુધરે સંસાર. ૪૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વૃક્ષ પ્રબંધ.

મનહર છંદ.

દોડતું દરિદ્ર જવા આમ કરો આમ કરો,
દેખો જ્યાં ઉદ્યોગ ત્યાં સુકામ કરો કામ કરો;
રળીને બે રૂપૈયાનો ઠામ કરો ઠામ કરો,
નવા ગ્રંથો રચાવા ઇનામ કરો નામ કરો;



નબળાને દાન બે બદામ કરો દામ કરો,
રહો નહિ સુસ્ત હૈયે હામ કરો હામ કરો;
દેશ પ્રીતિ દેશિયો તમામ કરો મામ[1] કરો,
દોસ્ત ખરો દલપત રામ કરો રામ કરો.

૧ મામ-મમતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરા.

જો નર તું આ જગતમાં, ધનની ઇચ્છા ધાર;
તો વસજે વાસો કરી, વિશેષ જ્યાં વેપાર. ૪૨

ધીમે ધીમે કામ કરવા વિશે.

ઇંદ્રવિજય છંદ.

ન ખણાય કુવો ક્ષણમાં ખણતાંજ,
ખણાય કુવો ખણતાં ખણતાં;
ન ચણાય હવેલિ પુરી પળમાંજ
ચણાય પુરી ચણતાં ચણતાં;
ન વણાય પુરૂં પટ તો પળમાંજ,
વણાય પુરૂં વણતાં વણતાં;
ન ભણાય ઘણું દિનમાં દલપત,
ભણાય ઘણું ભણતાં ભણતાં. ૧

દોહરા.

ઝટ ફેરવી શકાય નહીં, સદા ચાલતો રાહ;
ઢાળે ફેરવતાં ફરે, પાણી તણો પ્રવાહ. ૨
કેંક કામ વખતે બને, ઉતાવળે નવ થાય;
રતવિણ ફળ લાગે નહિ, કરતાં કોટિ ઉપાય. ૩
જે કારજ રસ્તે પડે, પછી એમાં શ્રમ અલ્પ;
જો પૈડાં ફેરે ચડે, ઘોડાને શ્રમ સ્વલ્પ. ૪
ઝડપ થાય ઘડિ અધ ઘડી, કામ તે ના ગણાય;
ઘડિ અધ ઘડિ દોડાય પણ, દિનભર નહિ દોડાય.૫
કામ અજાણ્યું કારમું, કરવા ન ધરો ચંત;
આવ્યો કોઠે સાતમે, અભિમન્યુનો અંત.
પ્રથમજ છેલ્લે પગથિયે, પગ કદિ નહિ પરઠાય;
એક એક ઉલંઘતાં, ચઢિયે તેમ ચઢાય. ૭
સાહસ કારજ જે કરે, તેની નિંદા થાય;
પણ જો આવે ફાવતું, તો વિશેષ વખણાય. ૮
સિદ્ધિ ન પામે સમય વિણ, કેંક કામ કરનાર;
રસાળ[1] ન ફળે રત વિના, રોતાં રાજકુમાર. ૯
કૈંક કામ કરનારનો, પછિ જશ વધે અપાર;
દેખે નહિ ફળ દષ્ટિયે, રાયણ રોપણહાર. ૧૦
અપક્વ ફળનાં બીજને, વાવે ફળ નહિ થાય;
બીજ બિચારૂં બગડશે, મિથ્યા મહેનત જાય. ૧૧

૧. આંબો.

ઉત્તમ રચના એકદમ, સૃષ્ટિ વિરૂદ્ધની વાત;
જળચર પછિ તરૂ પછી પશુ, પછી રચી જનજાત. ૧૨
સુઘડ ઘડે નહિ એકદમ, જુઓ જગતનો તાત;
હબસણ ને વિકટોરિયા, જુઓ બેય જન જાત. ૧૩
અણઘડ થઇ પછિ સુધરે, પછી બગડતું જાય;
જનમે બાળ જુવાન થઇ, પછી શિથિલતા થાય. ૧૪
વણ રસ્તે જન વિચરતાં, પાછો પડે સદાય,
દડો જેટલા જોરથી, અથડાયો હઠિ જાય. ૧૫
કૈક કામ અભ્યાસના, પણ નહિ બુદ્ધિપ્રકાશ;
નટડી નાચે દોર પર, અકલ નહિ અભ્યાસ. ૧૬
જુગતે કરાવી જાણિયે, જડપણ કરશે કામ;
વરાળ યંત્રો વિશ્વમાં, દેખો દલપતરામ. ૧૭
કળથી કારજ નીપજે, બળથી તે ન કરાય;
આગગાડી દિન એકમાં, જુઓ દૂર બહુ જાય. ૧૮
અપજશ[1] પણ શુભ કામનો, અપજશ નહીં ઉજાસ;
અક્ષરમાં સો શુભ ગણે, કાજળની કાળાશ. ૧૯
પ્રતિપક્ષીને પણ ગમે, ભલો શિરસ્તો ભાળિ;
પરધર્મી પ્રીતે કરે, હિંદુ તણી દિવાળી. ૨૦
નિજકૃત સૌ નર નારને, વહાલું હોય વિશેષ;
ચાંદનિ આડો ચંદ્રવો, બાંધે જાણી બેશ. ૨૧
નિરખે ફરિ ફરિ નિજ કૃતિ, આપે ગણી અનૂપ;
સુતનિજ જાણ્યો સિંધિયે, [2]રાજકુંવર અનુરૂપ. ૨૨
તેને કામ ન સોંપિયે, જે દિલગીર જણાય;
આંખે પાટો બાંધિયે, જો તે દુખણી થાય. ૨૩
વગર વિચાર્યું કામ કરિ, ધન મેળવવા ધાય;
તે ગમારની ગાંઠનું, ગોપીચંદન જાય. ૨૪

૧. સારૂં કામ કરવામાં અપજશ મળે તોપણ પરિણામે વખણાય.

૨. સિંધિ—સીદી, એક રાજાના કુંવરને વરઘોડે ચડાવવો હતો ત્યારે રાજાએ સીદીને કહ્યું કે આખા શહેરમાં ફરીને સૌથી રૂપાળું છોકરૂં શોધી લાવ એટલે તેના હાથમાં ચમર આપીને કુંવરની જોડે બેસારીએ, પછી સીદીએ ત્રણ દિવસ શહેરમાં ફરી આવીને કહ્યું કે મારા છોકરા જેવો કોઈ રૂપાળો છોકરો મારા લેવામાં આવતો નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચોપાઇ.

જોગી પાસે ઠગ જન જઇ, સ્થિર રહે ત્યાં ચેલા થઇ;
દુઃખ પડે તો થાય વિદાય, ગાંઠનું ગોપીચંદન જાય.૨૫
મતલબિયા થઇ આવે મિત્ર, પ્રથમ જણાવે પ્રેમપવિત્ર;
મતલબ સાધી માર્ગે થાય, ગાંઠનું ગોપીચંદન જાય. ૨૬
લલચાવી દેખાડે લાભ, અડપે ઉંઘલ લેવા આભ;
ખુશી કરીને ફોલી ખાય, ગાંઠનું ગોપીચંદન જાય.૨૭
જગમાં જોયા ઠગ જન જેહ,સ્વાર્થ સૂધી રાખે સ્નેહ;
અંતેઅતિશયઅવગુણગાય, ગાંઠનું ગોપીચંદન જાય. ૨૮
કરજ કરી પરણાવે પૂત્ર, તે જુદું માંડે ઘરસૂત્ર;
પીડા પામે માતપિતાય, ગાંઠનું ગોપીચંદન જાય. ૨૯
છેતરિ લે છે છાના છેક, અવર મનુષ્ય ન જાણે એક;
કોઇ આગળ નહિ વાત કરાય,ગાંઠનું ગોપીચંદન જાય.૩૦
કિમિયાગરનાં એવાં કામ, દેખાડે નજરે બહુ દામ;
લોભી ધન લેવાને ધાય, ગાંઠનું ગોપીચંદન જાય. ૩૧
જે ચોરીનો રાખે માલ, તેમાં નશાતણો ગણિ તાલ;
લાભ,લાજ, ને માલ લુટાય,ગાંઠનું ગોપીચંદન જાય.૩૨
કૃપણ મનુષ્યની નોકરિ કરે, અતિ આશા અંતરમાં ધરે,
ભુખે મરે, નહિ પેટ ભરાય,ગાંઠનું ગોપીચંદન જાય. ૩૩
દે પૈસાવાળાને દાન, ભલિ વિધ રાજી થયા ભગવાન;
પુણ્ય કર્યું તેથી ન પમાય, ગાંઠનું ગોપીચંદન જાય. ૩૪
ખાર જમીનમાં વાવે ક્ષેત્ર, નિરખે નહિ ઉઘાડી નેત્ર;
લાભ કશો ત્યાંથી ન લણાય, ગાંઠનું ગોપીચંદન જાય.૩૫
અરે સરવ સમજી લ્યો આમ, દિલથી કહેછે દલપતરામ;
વગર વિચાર્યું ધન વવરાય,ગાંઠનું ગોપીચંદન જાય. ૩૬

દોહરા.

એવું કામ ન કીજીએ, મળે ન જેમાં માલ;
ઉલટું પેસે અંગમાં, ફાંસ કાઢતાં સાલ. ૩૭

ફાંસ કાઢતાં પેસે સાલ.

ચોપાઇ.

ગરીબ જનની હરકત ગણી, જો જઇએ જોરાવર ભણી;
તેનો દાબ વધે વિકરાળ, ફાંસ કાઢતાં પેસે સાલ. ૧
રદ કરવાને નાનો રોગ, કરે રસાયણનો ઉપભોગ;
બગડે શરિર કરે બેહાલ, ફાંસ કાઢતાં પેસે સાલ. ૨
એક વખત ઉગરવા આંચ, લુચ્ચાને જો દઇએ લાંચ;
ખચિત પછી નહિ છોડે ખ્યાલ, ફાંસ કાઢતાં પેસે સાલ.૩
જે રાજા જાણે નહિ ન્યાય, ત્યાં જઇ જો ફરિયાદી થાય;
કદિયે ત્યાંથી ન થાય નિકાલ, ફાંસ કાઢતાં પેસે સાલ. ૪
વરને વશ કરવા ઉર ધરે, કામનિ ભોળી કામણ કરે;
ઉલટું વેર વધેજ વિશાળ, ફાંસ કાઢતાં પેસે સાલ. ૫
ધનની મનમાં ઇચ્છા ધરે, જુગટા જેવો ધંધો કરે;
ઉલટી તનની ઉતરે ખાલ, ફાંસ કાઢતાં પેસે સાલ. ૬
લોભી વૈદ કને જે જાય, ઓસડનો કરવા ઉપાય;
ઉલટો રોગ વધારે વાલ, ફાંસ કાઢતાં પેસે સાલ. ૭
દિલમાં શિયાળિયાથી ડરી,સિંહ શરણ ઇચ્છે ઉર ધરી;
હાણ કરે તનની તે હાલ, ફાંસ કાઢતાં પેસે સાલ. ૮
સાચવવા સોનાની મહોર, ચોકી કરવા રાખે ચોર;
મૂરખ ખોઇ બેસે માલ, ફાંસ કાઢતાં પેસે સાલ. ૯
દુષ્ટ ગુરુને દઇને માન, સુધારવા સોંપે સંતાન;
ચોગણિ ઉલટી વધે કુચાલ, ફાંસ કાઢતાં પેસે સાલ. ૧૦
કૃતઘ્ન જનની સેવા કરે, ઉરમાં અતિશય આશા ધરે;
તે ધીંગી મન જાણે ઢાલ, ફાંસ કાઢતાં પેસે સાલ. ૧૧
કરે વિચાર વિના જે કામ, દીલથી કહે છે દલપતરામ;
તુરતજ તેનો બગડે તાલ, ફાંસ કાઢતાં પેસે સાલ. ૧૨

દેખા દેખી કરવા વિશે.

દોહરા.

દેખા દેખી જે કરે, વણ સમજ્યો તે વ્યર્થ;
વગર ભણ્યો લીટા લખે, એમાં ન મળે અર્થ. ૧
ઇશ્વર દત્તક ગુણ વિના, દેખા દેખિ ન થાય;
સોનું તરે ન જળ પરે, કાષ્ટ થકી જ તરાય. ૨
જેનું કારજ જે કરે, બીજો કરે બગાડ;
તાળું ઉઘાડી નવ શકે, કડકા કરે કુહાડ. ૩

ચોપાઇ.

લાંબા જોડે ટુંકો જાય, મરે નહીં પણ માંદો થાય;
તે માટે તક જોઇ તમામ, શક્તિ વિચારી કરિયે કામ. ૪
દેખાદેખી સાધે જોગ, પડે પંડ પણ વાધે રોગ;
ગણે મૂર્ખમાં સઘળું ગામ, શક્તિ વિચારી કરિયે કામ.૫
સીંચાણો[1] જળ મધે ધાય, મચ્છી પકડી પાછો જાય;
કાગ મરાય કરે જો આમ, શક્તિ વિચારી કરિયે કામ.૬

૧. સીંચાણો–શકરો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શૂર મળી સંગ્રામે જાય, બાળકનું મન ઉશ્કેરાય;
ઠોકર ખાઇ મરે તે ઠામ, શક્તિ વિચારી કરિયે કામ.૭
શ્રીમંતો બહુ લાગ્યાં લાલ્ય, કુલણજી દેખી કુલાય;
દુખે મરે ખરચીને દામ, શક્તિ વિચારી કરિયે કામ. ૮
જ્યાં વાગે તરઘાયા ઢોલ, બોલે સૌ હિંમતના બોલ;
માંદો મરે ધરે જો હામ, શક્તિ વિચારી કરિયે કામ.૯
સહસા કામ ન કરવું નહીં, અનુભવવું એકાંતે રહી;
પછી થશે કેવો પરિણામ, શકિત વિચારી કરિયે કામ.૧૦
આગળ ચાલી પાછો ફરે, માણુસ તેની મશ્કરી કરે;
વળતી ન પડે પળ વિશ્રામ, શકિતવિચારી કરિયે કામ.૧૧
નાગા બાવાથી જે થાય, સંસારીથી કદી ન કરાય;
બાવાને શેનું બદનામ, શકિત વિચારી કરિયે કામ. ૧૨
જાગો[1] કે નાગો જન જેહ, તમા વગરનો હોયજ તેહ;
શીદ કોઇને કરે સલામ, શકિત વિચારી કરિયે કામ. ૧૩
નટ દોરે નાચે ને ફરે, જો બીજો જન એવું કરે;
જાય જરૂર તે જમને ધામ,શકિત વિચારી કરિયે કામ.૧૪
સમજી લ્યો શીખામણ સાર, કહું છું સાચું કોટીક વાર;
દાખે મુખથી દલપતરામ, શકિત વિચારી કરિયે કામ.૧૫

અપૂર્ણ ઉપાય વિશે.

દોહરા.

કદી અપૂર્ણ ઉપાયથી, કામ ભલું ન કરાય;
થૂંકે કાગળ સાંધિયે, જોતાં ઉખડી જાય. ૧
તળાવ નદિયો તૂંબડે, આરપાર ઊતરાય;
સાગર સંપૂરણ ભર્યો, તે તો નહિ તરાય. ૨

શેલ છંદ.

નદી નાળુ તો તુંબડાથી તરાય,
કહો સિંધુ તેથી તર્યો કેમ જાય:
શિશૂ રોગને સોયનો ડામ થાય,
નહિં ઊંટના રોગનો એ ઉપાય. ૩
કુવો એક ઘાએ કદી ના ખણાય,
ભમતા નહિ વેદ આખો ભણાય;
ચડે પેગડે કેમ કિલ્લો ચણાય,
ઘડીમાં નહિ અન્ન વાવી લણાય. ૪

૧. જાગો–મોટા જગન કરી શકે તેવો શ્રીમંત.

દોહરા.

બે જણ નીમ્યા હોય ત્યાં, એકે સરે ન અર્થ;
બે કમાડ ને બારણે, વાસ્યું એક તે વ્યર્થ. ૫
કશું ન નિપજે એકથી, ફોગટ મન ફુલાય;
કમાડ તાળું બે મળી, ઘરનું રક્ષણ થાય. ૬
જોઇએ તેમાં એક પણ, ઓછે નહિ નિભાય;
પાયા ઇસો ઉપળાં, મળી ખાટલો થાય. ૭
એક રૂપૈઓ સાંપડે, નાણાવટું ન થાય:
મળે સુંઠનો ગાંગડો, ગાંધી નહિ થવાય. ૮
કારજ સહાયતા વિના, કરી શકે નહિ કોય;
કહો હથોડો શું કરે, જો નહિ હાથો હોય. ૯
નિશ્ચે નિયમ પ્રમાણમાં, કસર કરી ન શકાય;
રંગ જેટલો નાંખિયે, તેવું પટ રંગાય. ૧૦
ચાકર અલ્પ પગારનો, હોય ન ચોખી ચાલ;
જરૂર જાણો જગતમાં, મૂલ પ્રમાણે માલ. ૧૧
પોતે કરવા યોગ્ય તે, પરને સોંપે કામ;
તે પણ પછી પસ્તાય છે, દિલમાં દલપતરામ. ૧૨

આળસ વિશે.

દોહરા.

આળસ ભૂંડી ભૂતડી, વ્યંતરનો વળગાડ;
પેસે જેના પંડમાં, બહુધા કરે બગાડ. ૧
જન આળસના જખમથી, જે કોઇ ઝખમી થાય;
પડે પથારી પાથરી, જીવન રહિત જણાય. ૨
ભ્રષ્ટ કરે ભણનારને, ઉપજી આળસ અંગ;
ભાક્ત કરતા ભક્તને, કરે ભજનમાં ભંગ. ૩
અધ ઘડી પછી જઇશ હું, દેતી દિલાસા એમ;
વગર ખસેડી નવ ખસે, જળોજ વળગે જેમ. ૪
આળસમાં દુઃખ અતિ ઘણાં, ભર્યાં રહે ભરપૂર;
તે માટે સજ્જન તમે, કરો દેહથી દૂર. ૫
કદી આપણા કામનો, કોઇ કરે અટકાવ;
તે જુલમી પર કીજીયે, જઇ રાવણે રાવ. ૬
જુલમી આળસ ઉપરે, ક્યાં કરિયે ફરિયાદ;
વ્યર્થ અમુલ્ય વખત કરે, ફોગટ કરી ફિસાદ. ૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિદ્યા મહિમા.

દોહરો.

વિદ્યા બીજ વિગત વડે, વાડી વિનય વવાય;
આવી ઠરે ઉદ્યોગ જળ, તો ધનનાં તરૂ થાય. ૧

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

વિદ્યા વેલડિને વિચાર જળથી, સીંચી સદા કાળમાં;
શાખા પાન સમાન જ્ઞાન પસર્યું, આકાશ પાતાળમાં;
ફૂલ્યાં ફૂલ કળા કુશલ્ય ફળ તો, ફાલ્યાં ભલી ભાતનાં,
અગ્નીના રથ આગબોટ બહુનો, યંત્રો જુદી જાતનાં ૨

મનહર છંદ.

વિલાયતી વાજાં તાજાં સરસ રચેલાં સાજાં,
આવીને બિરાજ્યાં જેણે શોભા અતિ આણી છે;
બીજા પદારથો સુખે સુખે મોઢે બેશી રહે,
એથી શું આ ભૂમિકા વિશેષ વખણાણી છે;
શું થયું જો અંગ અંગ રૂપના તરંગ પણ,
વાણી શુણી જાણિયે જે શાણી ઠકરાણી છે;
જેમ રૂડો રાજમાં સુધારો કર્યો હોય તોય,
વાણીખાતા વિના તોં સુધારો ધૂળધાણી છે. ૩

દોહરો.

જેમ વધે વિદ્યા ધણી, તેમ કરો તતકાળ;
તો કરૂણા તમ ઉપરે, કરશે દીનદયાળ. ૪

મનહર છંદ.

આહાર મેળવવા ઉપાય કામ કરવાને,
શત્રુ સામે પોતાના શરીરને ઉગારવા;
કોઇ પ્રાણીને તો પરમેશ્વરે આપ્યાં છે શિંગ,
કોઇને તો દાંત દીધા જોરથી વિદારવા;
કોઇને પ્રભુએ આપ્યું પુંછડે પરમ બળ,
કોઇને તો નખ આપ્યા મહા બળે મારવા;
કહે દલપતરામ જગકરતારે આપી,
માણસને વિદ્યા સર્વ કારજ સુધારવા. ૫

દોહરો.

સાંભળ માત સરસ્વતી, તુજને લક્ષ્મી તુલ્ય;
ભણનારા ઉપમા ભણે, ભણનારાની ભૂલ. ૬

મનહર છંદ.

કોથળી કથન કહે કાગળને હિંમતથી,
કિંમત વિચારી તારી દીસે બે બદામની;
હું તો સુખે વસું કદી ખસું ન હવેલી મેલી,
તું કરે ગુલામ જે ગુલામી બધા ગામની;
કાગળ કહે છે મારી પ્યારી તું વિચારી બોલ,
કથની કમાઇથી કલોલ કરે કામની;
કાગળ જો આગળ નજર રાખતો ન હોય,
હોય તું તો એવી જેવી કોથળી હજામની. ૭

દોહરા.

ધન વિદ્યા અધિકારની, જોતાં હદ ન જણાય;
અંત નહિ આકાશનો, ગરૂડો ગોથાં ખાય. ૮
સર્વે કળાનું કોઇથી, ધરાય નહિ અભિમાન;
જુઓ કળા કુંભારની, શું જાણે વિદ્વાન. ૯
જે વિદ્યામાં જે કુશળ, તે જાણે તે મર્મ;
પંડિત જન જાણે નહિ, કુંભકારનું કર્મ. ૧૦
આવે જે ઉપયોગમાં, ઉત્તમ વિદ્યા એહ;
ભણ્યો ગણ્યો ભૂખે મરે, તો નર ન ભણ્યો તેહ.૧૧
વિદ્યા, વનિતા, વેલિ, ધન, જુઓ એ ગુણ કે જાત;
જેને સહવાસે વસે, રહે તેથી રળિયાત. ૧૨
ગુણ દુર્ગુણ દિલ નવ ગણે, રૂપે નહિ રીઝાય;
વિદ્યા, વનિતા, વેલ, વસ્., જ્યાં વળગે ત્યાં જાય.૧૩
બુદ્ધિ ને તરવાર તે, વાવરે ત્યાં વપરાય;
સ્નેહીનાં કે શત્રુનાં, છેદે શિર છેદાય. ૧૪

ઇંદ્રવિજય છંદ.

બાળક તું પ્રતિપાળકને, દુઃખ ટાળક દેખિ ભલે ભજિ લેજે
જાણિ શકીશ અજાણપણું,તજીજાણીશ જુગતી અતિ જેજે
લોક અને પરલોકતણી ગતિ, તેમ ત્રિલોક તણી ગતિ તે જે;
દીન બની દલપત્ત કહે નિત્ય,દેવિ સરસ્વતિમાં દિલ દેજે.૧૫

દોહરા.

દશે ન વિદ્યા આદરે, સોળે ગુણ ન પ્રકાશ;
વીશે સુત સુધર્યો નહિ, તો સુધર્યાનિ ન આશ. ૧૬
ભણિને સુધરે બાળપણ, તો જીવતર ઉત્કર્ષ;
ચોમાસું સુધર્યા થકી, સુધરે આખું વર્ષ. ૧૭
નહિ લૂખી છે ચોપડી, રસ જો હૃદય ધરીશ;
પોષણ થાશે પંડનું, અક્ષર પદ પામીશ. ૧૮
વિદ્યા ભણાવનાર કે, જો ઓસડ પાનાર;
પ્રથમ શત્રુ સમ લાગશે, પણ અંતે ઉપકાર. ૧૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તૂટે દરિદ્ર તેહનું, ભલિ વિધ હોય ભણેલ;
ફીકી છે તો કોઇ દિન, મટે આંખનો મેલ. ૨૦

મનહર છંદ.

કાચલીમાં ખાતો તેણે કાચ લીધો જોવા મુખ,
નાચતો પંડે તે ઘેર નાચ તો પડાવે છે;
કાવાદાવા કરતો તે કેવી રાખે કાવાદાની.
કોઠીઆ[1] વેડતો તે તો કાઠિયો ઘડાવે છેઃ
કોશ હાંકતો તે જવા કોશ હામ ઘાલે નહિ,
કોટ વાળતો તે કોટવાળને અડાવે છે ;
કેળ વાવતો તે કેળવાઇને થયો છે કેવો,
કેવડો પાતો તે ઘોડો કેવડો દોડાવે છે. ૨૧

દોહરા.

તે નર સુધર્યો તે ભણ્યો, બુદ્ધિમાન પણ તેહ;
ભુલે નહિ ભગવાનને, ડરે દોષથી જેહ. ૨૨
વિદ્યા સઘળી વાંચિને, અંતર સમજે આમ;
પ્રીતે નીતી પાળવી, દાખે દલપતરામ. ૨૩

મનહર છંદ.

અરે મનસુખા થાણું થાપવા ઠેકાણું શોધી,
કુ ઠેકાણું તજી સુ ઠેકાણું જોઇ ઠશીએ;
હર ઘડી ચાલતી રમૂજ રૂપી હવા હોય,
જ્યાં સુબોધની ઉજાસ વારૂ ત્યાં વિલસીએ;
કુટિલ કપટી ન કપટ કરી શકે કોઇ,
નીતિ ખુશબોઇ જોઇ ખોઇ કેમ ખશીએ;
ઠરવાનું ગણી ઠામ કહે દલપતરામ,
તજી અન્ય આલય વિદ્યાલયમાં વશીએ. ૨૪

દોહરો

સોનું ને શ્રીમંત જન, મોંઘાં હજો હમેશ;
પણ પંડિત પાણી પવન, સોંઘાં હજો સુરેશ. ૨૫

નિબંધ લખવાની રીત.

મનહર છંદ.

શેનું બને છે ને તેથી બનાવાનું કારણ શું,
કારણ બતાવો અંગો અંગના આકારનું;
આવે શા શા ઉપયોગે એ વિના શી અડચણો,
હોય તે બતાવો બીજું જે જે એની હારનું;
જંગલીથી સુધરેલા જનોમાં જેવું જણાય,
વદો એવું વર્ણન તે એના અનુસારનું;
કહે દલપતરામ ક્યાં ક્યાં છે લખેલું નામ,
જો લખો લખાણુ લખો એટલા વિચારનું. ૨૬

દોહરો.

દાઇએ જો દષ્ટાંત તો, શોભે સઘળી વાત;
જેમ ભલાં ભૂષણ થકી, શોભે જુવતી જાત. ૨૭

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

જે વિદ્યા ધન ધાન્ય માન્ય ફળદા, જે દેશકાળે જુઓ;
તે વિદ્યા સુતને સદવ શિખવો, ખાલી ન વેળા ખુઓ;
જે વિદ્યા ભણવાથી ભિક્ષુક રહે, તે તો કહ્યા કામની,
જૂની જેહ નદી થઇ જળવિના, તે તો નદી નામની.૨૮

નિશાળ.

આર્યા વૃત્ત.

સુપાત્ર કરિ શોભાવે, સુઘડ ઘડી ઘાટ સૌ થકી સારા;
કુપાત્રતા દૂર કાઢે, શિક્ષક કે શ્રેષ્ઠ કંસારા. ૨૯

મનહરછંદ—દ્વિઅર્થી

ઘડાતાં ઘડાતાં અણઘડ જ્યાં સુઘડ થાય,
કઠણનાં કાળજાં અભેદ જ્યાં ભેદાય છે;
વાંકાં મટી સીધાં થાય મલિનતા મટી જાય,
ચોપડીને રહે તે ચળકતાં કરાય છે;
જુદી જુદી જાત એક સ્થાનમાં જોડાઇ જાય,
અને પછી જુઓ એના અંગમાં ખીલાય છે;
રથ ઘડા બીજે ઠામ કહે દલપતરામ,
આ તો શાળા અરથ ઘડાની ઓળખાય છે. ૩૦

ઉપજાતિ વૃત્ત.

ખગોળ ભૂગોળતણાજ ગોળા, દિસે રૂડા નારિ નિશાળ ડોળા
જુઓ નકશાપટ ચિત્રવાળાં, વિચિત્ર વસ્ત્રો રચિયાં રૂપાળાં.૩૧

દોહરો

શિક્ષક કહે છે શિષ્યને, ભણ વિદ્યા ભૂગોળ;
ખુમ એશિયા ખંડની, ખરી કરી લે ખોળ. ૩૨

હરિગીત છંદ.

રૂશિયન તુર્કસ્થાન ચીન ઇરાન એ તો ચાર છે,
જાપાન ને અફગાન વળી તીબેટ ને તાતાર છે;
સીયામ હિંદુસ્તાન અર્બસ્તાન એ અગ્યાર છે,
બ્રહ્મદેશ સુદ્ધાં એશિયામાં પેશિયા એ બાર છે.

---

1. કાઠીનાં ઝાડ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરા.

બારે દેશ બધા ફરે, ઉદ્યમ કરે અપાર,
પણ પ્રભુની કરૂણાવિના, લાભ ન થાય લગાર. ૩૪
માટે સૌ ઉદ્યોગમાં, પુરો ધરીને પ્રેમ;
પ્રભુની કરૂણા માગવી, મળે તે થકી ક્ષેમ. ૩૫

દેશાટન વિશે.

દોહરા.

વિદેશમાં વિચર્યા વિના, પેટ ન પૂર્ણ ભરાય;
પશુઓ પણ પરભાતથી, જંગલ ચરવા જાય. ૧
ઘેર રહે લંક્ષ્મી ઘણી, હોશે કેમ હમેશ;
રાજા રાજ્ય વધારવા, વિચરે દૂર વિદેશ. ૨
વિદ્યા સદ્‌ગુરુ વિનયતા, હોય ચપળતા હામ;
ડરે ન પરદેશે જતાં, દેખે તે નર દામ. ૩
વિદેશમાં વિચર્યા વિના, મળે ન મોટું માન;
સમુદ્રમાં વખણાત શું, સીપ તણાં સંતાન. ૪
સુખે વિદેશે સંચરો, કરો ભલેરાં કામ;
પ્રેમ ધરી વિધિ પાળતાં, નિર્મળ કરવું નામ. ૫
જો ધનની ઇચ્છા ધરો, તો ખરૂં માનિ ખચીત;
મહા સમુદ્ર મથન કરો, એજ અનાદિ રીત. ૬
પ્રયાણ કરિ પરદેશમાં, પરવરિ લાંબે પંથ;
કોટિ કળા કૌશલ્યના, ગુણિજન લાવો ગ્રંથ. ૭

મનહર છંદ.

શૌર્ય ધરી શૂરવીર સંચરી સંગ્રામ સજે.
ઢાલ આડી ના ધરે તો કેમ રહે કોટમા;.
ઝાલી સમસેર પછી ઝાલતાં ન ઝાલ્યા રહે,
શત્રુતણું છેદે શીર ચાહી ચડિચોટમાં;
હાર જીતનો વિચાર હોય ન લગાર હૈયે,
ખુશી ખુશી રહે ખુબ ખુબ લાભ ખોટમાં;
તેમ જો વિશેષ દાઝ દિલ લે સ્વદેશતણી,
વેષ લે વિદેશિનો ને બેશ આગબોટમાં. ૮

દોહરા.

સો જોજન સમચોરસે, દૂર તજ્યો જ્યાં દેશ;
સમજૂ પુરૂષ શા માત્ર છે, વેંત સાતનો વેષ. ૯
દુઃખમાં મોટમ મેલિયે, દુઃખમાં તજિયે દેશ;
અળગો કરિયે અતિ દુઃખે, વરણ જાતિનો વેષ. ૧૦

ઇંદ્રવિજય છંદ.

વાંચિ પ્રવાસની વાત વિશાળ, અહો ધનવંત વિચાર ધરોરે,
ઉંદર જેમ રહે દરમાં, ઘરમાંજ ભલાઇ તમે ન ઠરોરે;
દેશ વિદેશ વિશેષ જુઓ, દલપત્ત કહે દિલમાં ન ડરોરે.
બુદ્ધિ પ્રકાશ પ્રકાશિત તેમ, તજી ઘરવાસ પ્રવાસ કરોરે. ૧૧

દોહરો.

મુકામ કે વિશ્રામથી, છેટે જતાં ખચીત;
સર્વ ચીજ સંભાળવી, આ બે બોલિ ક્વીત. ૧૨

મનહર છંદ,

પાણી પાત્ર, ગળણું, ને દોરી પાણિયારૂં મારૂં,
ભોજન માટે રસોડું ભોજન ભાતાનું છે;
નાવણિયું એજ મારે નિત્યનો નાવાનો ચોક,
અબોટિયું એજ શણુગાર સજવાનું છે;
દેવપુજા દિવાસળી, તે તો દેવસ્થાનક છે,
પલંગ સમાન સંગે સુંદર બિછાનું છે;
દેખી લે મુસાફર તું કહે દલપરામ,
કોથળો મુસાફરીનું મંદિર મજાનું છે. ૧૩
ખરચીનું નાણું છે તે જાણું છું ખજાનો ખાસો,
દફતર ને દવાત તે દિવાનખાનું છે;
નકી પાન સોપારીનો વાટવો નજરબાગ,
દવાખાનું ખાસું પ્રૌઢ પોટકુ દવાનું છે;
સોટી, સોય, દોરા, છરી, તે તો અસ્ત્ર શસ્ત્ર સારાં,
છત્રિ છત્રપતિ તણું, ચિન્હ તે કયાં છાનું છે;
દેખી લે મુસાફર તું કહે દલપતરામ,
કોથળો મુસાફરીનું મંદિર મજાનું છે. ૧૪

દોહરો.

પુરૂષ જાય પરદેશમાં, રળતાં પામે ઋદ્ધિ;
જન્મ ભૂમિમાં જઇ પછી, શોભાશે સમૃદ્ધિ ૧૫

સંપ વિશે.

દોહરા.

સંપ સજો સજ્જન સહુ, સંપે સૌ સુખ થાય;
સંપ વિના ઉદ્યોગ સૌ, જરૂર નિષ્ફળ જાય. ૧
જથા બંધ સંપી વસે, તેને દુઃખ ન થાય;
કદી દળાય ન કણસલું, છુટી જુવાર દળાય. ૨
શ્રેષ્ઠ કાજ પણ સહજમાં, ઝાઝા મળી કરાય;
લાખ જણા એકેક દે, લાખ તણો ઢગ થાય. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિચરે અતડો એકલો, તેને હરકત થાય;
મરે એકુલી સોગઠી, જુગ નહિ માર્યો જાય. ૪

ઇંદ્રવિજય છંદ.

ચોસરમાં ચતુરાઇ ઘણી, સમજે નહિ તે અમથું શિર ફૂટે,
એકલિ સોગઠિને હણવા, છળ ભેદ ભરી બહુ સોગઠિ છૂટે;
જો જુગતે જુગ જાય મળી, પછિતેતણું મસ્તકતેનહિ તૂટે;
દોસ્ત શુણો દલપત્ત કહે, ફરિ જાય મરી ખરિ જો જુગફુટે.૫
ત્રાહિત વીર વચ્ચે ન પડે, વચમાંહિ પડેલ મટે નહિ વાંધો,
દાળ મળી રસરૂપ દિસે ન, વિના જળ જો રૂડીરીતથીરાંધો;
કાપડ સાજુ કાદ ન બનેજ, ગમે ત્યમ ગાંઠ બરાબર બાંધો,
ત્રાહિત તંતુ મળે દલપત, મળે સુખદાયક સુંદર રાંધો. ૬

દોહરા.

અણબનાવવાળાં મળે, મરે એક કે બેય;
પાણી ને પાવક મળ્યાં, કહોજી કેમ રહેય. ૭
બેની લડાઇમાં પડે, જન તે માર્યો જાય;
ઘંટીના બે પડ વિષે, દાણા પડયા દળાય, ૮
સજ્જન આ સંસારમાં, સગાં ભલાં કે સંપ;
પડી ફાટ પાષાણમાં, લાગ્યું વચમાં લંપ.[1] ૯
સંપ કરે કીંમત વધે, ઘટે કરે મન રીસ;
થાય અંક મુખ ફેરવે, ત્રેસઠના છત્રીસ. ૧૦

સંપલક્ષ્મી સંવાદ.

દોહરા.

પ્રગટ જગત જેણે કર્યું, ધરૂં તેહનું ધ્યાન;
સંપલક્ષ્મિ સંવાદની, કથા શુણો સઉ કાન. ૧
આ અવસર આ દેશમાં, સંપ ન દીસે લેશ;
ઘરમાં કુળમાં નાતમાં, કરે કુસંપ ક્લેશ. ૨
બને ન ધણિધણિયાણિને, બીજા તણી શી વાત;
દુઃખમાં તેથી દેખિયાં, દેશી જન દિન રાત. ૩
સૌ જન મન ધનને ચહે, ન ચહે સંપ જરૂર;
કાંઇ ન ડરે કુસંપથી, એ અજ્ઞાનજ ઊર. ૪
તે કારણ કહું કલ્પિને, સંપલક્ષ્મિ સંવાદ;
શુણિને સજ્જન સમજશે, વળિ તજશે વિખવાદ. ૫

શેહેર સરસ મનસાપુરી, જીવક રાજા જ્યાંહ;
નિર્ધનશા નામે કરી, વસે વણિક તે માંહ. ૬
કલેશી તેની કામિની, ઇચ્છે ભૂષણ અંગ;
કડવાં કથન કહી કહી, સદા લડે પતિ સંગ. ૭
પીટયા તુજને પરણીને, શું પામી હું સૂખ;
ખાવા પૂરણ પેટ નહી, ભોગવું અરધી ભૂખ. ૮
હાથે ચૂડો હેમનો, હઇડે મુક્તાહાર;
તે સ્વપને નહિ સાંપડયાં, એળે ગયો અવતાર. ૯
બહુ રળિ રળિને નર બીજા, ઘણા ઘડાવે ઘાટ;
હું રાખું તુજ જીવતાં, અન્નતણા ઉચાટ. ૧૦

ચોપાઇ.

કહ્યાં કથન કામનિયે મૂખ, શેઠ શુણી દિલ દાખ્યું દુઃખ;
વસ્તિતજી વિચર્યો તે વાર, માંડયું તપ જઇ વન મોઝાર. ૧૧
કિધું જતન શિવ મળવા કાજ, રિઝયા રૂડા રામેશ્વરરાજ;
કહે મહેશ વણિક વર માગ, ભલાંજ પ્રગટયાં તારાં ભાગ્ય.
શાહ કહે શિવ થયા પ્રસન્ન, ધારૂં એટલું આપો ધન;
સઘળું જે થકિ પામું સૂખ, દેખું નહિ કો દિનમાં દુઃખ. ૧૩
એ શુણિ શંભુ વિચારે ઊર, જણાય આ અજ્ઞાની જરૂર;
માગે મુખથી ધન મુજ પાસ, સમજેછેધનમાં સુખવાસ.૧૪
સંપ વિના ધન શું સુખ કરે, ધીરજ ધારી વિચાર ન ધરે;
વળી શિવજી ઉચર્યા શુભ વેણ, દાસતણા દિલમાંસુખદેણ૧૫
જા તું વણિક નગર કર વાસ, પરિપૂરણ હું પૂરીશ આશ;
વળિ સાંભળ શુભ બીજીવાત, પ્રગટે જ્યારે કાલપ્રભાત. ૧૬
નજરે તું નવિ દેખિશ નાર, :પછી પુરૂષ પેખિશ તે વાર;
તે પાસે માગીશ તું જેહ, તુરત તને સાંપડશે તેહ. ૧૭
એમ કહી શિવજી થયા અદર્શ, હઇડે વાણુક ન પામ્યોહર્ષ;
ઉર ધરી મેં શંકરની આશ, તેણે બતાવ્યું બીજા પાસ. ૧૮
શિવ પણ દીસે લોભી સહી, કોડી ઘરની કાઢે નહીં;
માગે માનત રોકડિ સાર, આપે ફળ ધંધે ઉધાર. ૧૯
એમ ઉચરતો જન તે જાય, થિરતા તો મનમાં નવ થાય,
દ્રવ્યવિના દુઃખ દેશે નાર, એમ વિચારી વસ્યો પુરબહાર.૨;

દોહરા

સ્ત્રી બાળક પક્ષી પશૂ, એમજ પુરૂષ અધીર;
તરૂફળ કાચું તોડતાં, ધરે ન ઘડિયે ધીર. ૨૦

---

૧. પથરામાં ફાટ પડે તો ત્યાં લાંપડું ઘાસ ઉગીને પોતાનું વતન કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે જન ફળ પાકે જમે, સ્વાદ સરસ લે સાય;
બહુ તરૂ ઉપજે બીજથી, હાણુ અપકવે હોય. ૨૨
વડો અધારો વાણિયો, બેઠો નગર બહાર;
જામની કાઢી જાગતાં, વિધવિધ કરી વિચાર. ૨૩
આદિત્ય ઉગે ઉઠિયો, ત્યાં જઇ ગંગાતીર;
કર પદ મુખ શુદ્ધી કરી, નાહ્યો નિર્મળ નીર. ૨૪
વસ્ત્ર ધરિ વિચારિયું, વળી તપ કરૂં વિશાળ;
તેજ વખતમાં ત્યાં કણે, સ્ત્રી દીઠી તત્કાળ. ૨૫

ચરચરી છંદ.

ધરતી પદ ધમધમાક, ઝાંઝર ધ્વનિ ઝમઝમાક;
ઠણણણણણ ઠમઠમાક, ઘોરે ઘ્રણી ઘુઘરી;
ઝળળળ મુખ કાંતિ ઝળક, ખળળળ ભુજ ચૂડ ખળક
ભળળળ શશિ ભાલ ભળક, નથડી નાકે ધરી:
થનગન તન ચાલ ચપળ, બણિઠણિ શણગાર સકળ.
ધણણણણણ ઘોર અકળ, કીધો ચાલે કરી;
તાતા થૈ કરતી ગાન નાચતી નટની સમાન;
તિગડ તિગડતાક તાન, સજતી તે સુંદરી. ૨૬

દોહરા.

ભાળી આંખો મદભરી, ભૂલી તનનું ભાન;
શરમ ધરમ સંક્ષેપ છે, અતિ ઝાઝું અભિમાન. ૨૭
દુનિયાને નહિ દેખતી, ઠરે ન પગ થિર ઠામ:
વૈદ[૧] વૈદ મુખ બોલતી, ભાળી સુંદર ભામ. ૨૮
પાછળ પટ સંકોરતી, આગળ ઢાંકે અંગ;
પગ ઉઘાડા પાછલ્યા, ધરી ન જુએ ઢંગ. ૨૯
પૂછ્યું વણિકે પ્રીતથી, તે નારીને ત્યાંહિ;
કોણ તમે છો કયાં થકી, આજ પધાર્યા આંહિ. ૩૦
શુણિ બોલી તે સુંદરી, હું લક્ષ્મિ જગમાત;
આવી તુજ કારણ અહીં, શિવ પ્રેરી સાક્ષાત. ૩૧

ચોપાઈ.

આવીશ તુજઘરભણીહુંઆજ, સારીશધનનાં સઘળાંકાજ;
શુણિહરખ્યો શાનિર્ધન નામ, ત્યાં પુરૂષ દીઠો તે ઠામ.૩૨
નેણ શિતળ સ્નેહે ભરપૂર, દેખી આનંદ ઉપજે ઊર;
સુખમાં વાણી મધુરી ઘણી,તોડે અડચણ[૨]રસ્તાતણી.૩૩

સવૈયો.

પોપટ કોકિલ મોરની વાણી, કહે સઘળા કવિરાજવખાણી,
કામની કંઠ વખાણુ કરે કઇ, બાળક બોલીશું તોતળીજાણી;
મોરલીનાદ ધિમો ઘનગાજ, કહે કઇ મીઠી કવિની કહાણી,
એસહુવાદવૃથાજગમધ્ય, મીઠી સઘળાથકીસંપનિવાણી.૩૫

દોહરો.

મોરલિ નાદે નાગ જ્યમ, ડોલે દ્વેષ વિસારી;
સંપનિ વાણિ સાંભળી, સૌ રીઝે સંસારી. ૩૫

સવૈયો.

કુત્સિતકાગકપોતનિવાણિ, કહે સઘળાકવિયોઅવખાણી,
શ્વાનમહીષ મની અજશબ્દ, કહે વળી, ભ્રષ્ટ કવિનીકહાણી;
ગર્ધવગીધઉલૂકગીરા, જગમાં અપશુકન કરીજનજાણી,
એ સહુ વાદ વૃથા દલપત્ત, કહે બડી ક્રૂર કુસંપનિ વાણી.૩૬

ચોપાઇ.

નર રૂડો નિરખી નિરધાર, એ પ્રતિ વણિકે કર્યો ઉચાર;
શ્રાથિ પધાર્યા શું તમનામ, કહો અહીં આવ્યા શે કામ.૩૭
હું છું સંપ હરીનો દાસ, પુરારિયે[૧] પ્રેર્યો તુજ પાસ;
જો હું ને લક્ષ્મિમાં જેહ, તત્વ સમજ તું તો લે તેહ. ૩૮
શાહ કહે તુજમાં શો માલ, લક્ષ્મિ લઇને થાઉં નિહાલ;
બોલ અધિક તારૂં બળ હોય,વળી વિચારી સમજુંસોય.૩૯

દોહરા.

સંપ કહે છે શેઠ તું, વિચાર મારી વાત;
સંપતણો મહિમા સદા, વિશ્વ વિષે વિખ્યાત. ૪૦
સૃષ્ટી સમે સૌ માનવી, વસતાં વન મોઝાર;
ડરતાં એક બીજા થકી, નોતો સંપ લગાર. ૪૧
પહેરણ છાલો પાંદડાં, ખાવા વનફળ ફૂલ;
વનમાં વશીને વેઠતાં, દેહે દુઃખ અતૂલ. ૪૨
પછી આપી પરમેશ્વરે, સંપતણી મતિસાર;
એક બીજાની સહાયથી, બન્યાં ભલાં ઘરબાર. ૪૩
જેમ સુસંપ વધ્યો ઘણો, અડચણ ભાગી એમ;
બાંધ્યા બંદોબસ્ત બહુ, જન દુખી થાય ન જેમ. ૪૪
અબળ સબળ સૌ સુખી થયાં, દુઃખ થયું સૌ દૂર;
તે કારણ સૌ સંપનું, જાણો તમે જરૂર. ૪૫

૧ જ્યાં લક્ષ્મિ હોય ત્યાં વૈદનો બહુ ખપ પડે છે.
૨. સંપ હરેક રીતેરસ્તાની અડચણો તોડી નાંખે છે.

૧. શિવ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંપ થકી સુખ ઉપજે, સંપથી જાય કલેશ;
જે નરને ઘર સંપ નહિ, લેશે સુખ નહિ લેશ. ૪૬
તે માટે તુજને કહું, અંતર રાખ્ય ઉમંગ;
લાલચ મેલી લક્ષ્મિની, સંપ તણા સજ સંગ. ૪૭
સાંભળી ભાષણ સંપનું, ચઢી રમાને રીસ;
બોલી ઉઠી બેબાકળી, કોપ્યો જાણે ફણીશ. ૪૮
સાંભળ મુરખા સંપ તું, આણે કેમ અભિમાન;
નિર્ધનિયો નર લોકમાં, કયાં પામ્યો સન્માન. ૪૯
ધનથી મન ગમતું મળે, સુખ સૌ ધનને સાથ;
સર્વ રહે સેવક થઇ, હોય દ્રવ્ય જો હાથ. ૫૦
થળ થાનકે જળ ધન કરે, જળ થાનક થળ થાય
ઉજડ વડા અરણ્યમાં, ધનથી શેહેર વસાય. ૫૧
વણકર ધનને વાસતે, આપે વસ્ત્ર અપાર;
ધનકારણ સોનાર પણ, સરસ ઘડે શણગાર. ૫૨
પામર ઉચકે પાલખી, બેસે ધનિનાં બાળ;
હુકમ ચલાવે હામ ધરી, પૈસાથી મહિપાળ. ૫૩
સંપ કરીને શુદ્ર જન, ઉપજાવે તરુ થોક;
ભલાં ભલાં ફળ ભોગવે, લક્ષ્મિવાળા લોક. ૫૪
આજ પછી અભિમાનના, બોલીશ માં મુખ બોલ;
નહિ તો નિર્લજ તું થશે, તરણા સરખો તોલ. ૫૫

છપ્પા.

સંપ કહે શુણ રમા, જનમ તારો હું જાણું;
વળી જાણે સૌ વિશ્વ, કેમ વિસ્તારી વખાણું;
પય ખારાની પુત્રી, ભયંકર વિષની ભગની,
વિષ કરતાં વિશેષ, ઉઠે સંભારે અગની;
વિષ પ્રાણ હરે પોતે મરી, કરે એકને કલેશ છે;
તેં જીવતી રહીને જગતમાં, દિધા ઉજાડી દેશ છે. ૫૬
કૌરવ પાંડવ કુળ, મૂળથીં નાંખ્યાં મરડી,
રાવણનું પણ રાજ, ઝડપ તેં નાંખ્યું ઝરડી;
બહુ રાજાનાં રાજ, સંપ તજવાથી તૂટયાં;
સરસ હતા સુલતાન, સંપ ફીટે ઘર કુટયાં;
પરિપૂરણ લક્ષ્મિ પામિને, સંપ વિના નહિ સુખી રહે,
નિજ ઘરમાં ઘણા કુસંપથી, મોટા પણ મરવા ચહે. ૫૭

દોહરો.

હરના ઘરમાં હરવડી, થતું હશે તોફાન;
સંપ ન દેખી શંકરે, કીધું હશે વિષપાન, ૫૮

છપ્પા.

ગિરિજા ગંગા સોક્ય, હશે હરરોજે લડતી;
ઇંદુ અગ્નિની જ્યોત, પરસ્પર નિશ્ચય નડતી;
વાઘ વૃષભને વેર, મોર મણીધરને મારે,
સિંહ હાથિનું શીર, તોડવા તુરત વિચારે.
શિવ સેવક દાનવ દેવ બહુ, મારામારી કરિ મરે
ઘરમાં એવો કજિયો ઘણો, સહન થયો નહિ શંકરે.૫૯
સપ્ત ધાતુમય સરસ, શૈલ કૈલાસ વસે હર;
ધનપતિ ધાર્યો મિત્ર, કરે આશા કિંનર નર;
લંકા સરખાં લાખ, દાસને બખશિશ દે છે,
ગરૂઓ પુત્ર ગણેશ, રિદ્ધિ જેથી જન લે છે;
પણ બે બૈયર ચઢબડ કરે, પલંગ ત્યાં કુણ પાથરે,
શિવશયન કરે સમશાનમાં, ભીખમાગિ ભોજન કરે.૬૦

દોહરો.

તન રોગી શિર શત્રુતા, જર આવે ને જાય;
પણ જો સંપ કુટુંબમાં, શીતળ રહે સદાય. ૬૧

છપ્પા.

જુઓ ઇંદુને અંગ, રોગ ક્ષય લાગિ રહે છે,
રાહુ સમો શિર શત્રુ, વાર ઘણી ઘેરી લે છે.
કાળું લાગ્યું કલંક વિહોણી ગાળો આલે;
ચોથ તિથીમાં લોક, ચક્ષુ આડાં કરિ ચાલે,
વળિ તેજ પ્રતાપ વધે ઘટે, કલેશ કદી નવ મન કરે;
જોઇ સંપ કુટુંબ નક્ષત્રપતિ, સદા શિતળ થૈને ફરે. ૬૨

દોહરો.

સંપ વિના સુખિ હોય જન, સૌ પૂરે જો સાખ;
તો પરિપૂરણ પેટ ભરિ, રમા ગરવ તું રાખ. ૬૩
જગમાં બહુ જન ધન વિના, સંપ થકી સુખવંત,
સાખ પુરે સંસારમાં, એવી લોક અનંત. ૬૪
તો તારૂં અભિમાન તજી, રહેજે શરમ સમેત;
વગર વિચાર્યું બોલતાં, ફોગટ થઇશ ફજેત. ૬૫
સાખ ન પૂરે સર્વ તો, બહુ બકવે શું થાય;
આપ બડાઇ આપ મુખ, ગંડક લોકો ગાય. ૬૬

ચોપાઇ.

કર બકવા તું સંપ કુપાત્ર, મુજ આગળ તું છે કુણમાત્ર;
વસું વિષ્ણુને અરધે અંગ, નહિ લવવા લાયક તુજ સંપ.
અતિ જનમાં પામ્યો અપમાન, સમજ્યો નહીં આવી સાન
કાઢયો રાવણે પકડી કેશ, દુરજોધને તજાવ્યો દેશ. ૬૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાદવના કુળમાં પણ જઇ, નાઠો અંતે નિર્લજ થઇ;
રહિ ન શકયો જ્યાં મારૂં રાજ, નિર્લજ તને ન આવે લાજ.
જે જગમાં જન તારા હોય, તે મુજ સેવક તુલ્ય ન કોય;
તેને કર તું ચિત્ત વિચાર, એ પછી અદકો કર ઉચ્ચાર. ૬૯
જો ધનવંત સભામાં જાય, સ કળ સભાસદ ઉભા થાય;
આપે વળી ઉત્તમ આસન, નહિ સન્માન લહે નિર્ધન. ૭૦
ધનિનાં બાળક નહાનાં વરે, નિર્ધનનાં કુંવારાં ફરે;
સૌકો સગા સધનના હોય, નિર્ધનિયાનું ન થશે કોય. ૭૧
વસે શ્રીમંત હવેલી, કરી, નિર્ધનની દીસે છાપરી;
સરે સિપારસ રાજદ્વાર, ગાંઠે જેને ગરથ અપાર. ૭૨
નિવડે ધનવંતાનો ન્યાય, જન નિરધનિયો માર્યો જાય;
લક્ષ્મિ વિના શ્રીવિષ્ણુ જેહ, સમર્થ રહિ શકે નહિ તેહ. ૭૩

દોહરો.

સંપ કહે તે સર્વ તુજ, ફંદનિ વાતો ફોક;
સંપ વિના શ્રી વિષ્ણુ પણ, સદાય પામે શોક. ૭૪

છપ્પા.

સંપ વિના ગોલોક, શોક રાધા વિરજાનો
સંપ વિના સંતાપ, રૂકમણિ સત્યભામાનો;
સંપ વિના શ્રી રામ, વસ્યા સીતા લઇ વનમાં
સંપ વિના મૃગ મારિ, ખોઇ સીતા ખળ જનમાં;
મહા સમર્થ તે પણ સંપ વિણ, લહે દુઃખ લક્ષ્મીપતિ,
એવાને આંસું આવિયાં, કહો મનુષની કુણ ગતિ. ૭૫

કોશળદેશ નરેશ, જગત દશરથને જાણે;
સહિત રામ સુત ચાર, વડા કવિ વિવિધ વખાણે;
લક્ષ્મી મળી અલક્ષ ભલા જન કિરતી ભાખે,
કૈકૈ ને કૌશલા, રાણિયો સંપ ન રાખે;
નૃપ મોત વિના મૃત્યુક થયું, સંપ વિના સુત વન ગયા,
વળિ જગમાંજુઓ વિચારિને, સંપતજીસુખિકો થયા. ૭૬

દોહરો.

સંપ શુણ કમળા કહે, તજ અભિમાન અભંગ;
સ્વતંત્ર સુખ જન જે ચહે, તજે તુરત તુજ સંગ. ૭૭

છપ્પા.

કિસકિંદાપુરિ ભૂપ વળિ સુગ્રિવ એ વાનર,
સેવ્યો જ્યાં લગિ સંપ, સૂખ પામ્યા ન સ્વતંતર;
કાપી સંપતું નાક, તજયો સુગ્રિવને જયારે,
રાખ્યું સ્વતંત્ર રાજ, વાળિ સુખિ વસિયો ત્યારે;
સુગ્રીવ વાળિને મારી વળી, નિષકંટક સુખ અનુસરે,
નર ચહે પદવિ પૃથિનાથની, સંપ રાખીને શું કરે. ૭૮

જો લંકાપુરીનાથ, રાય રાવણ જગ જાણે,
કુંભકરણ ભડ ભ્રાત, વિભિશણ બિજો વખાણે;
સેવ્યો એક સંપ, મુઓ તે રાવણ સાથે,
તજ્યો વિભીષણ સંપ, છત્ર માંડયું નિજ માથે;
જે તજે સંપ તે નૃપ બને, ન તજે નોકર થઇ ફરે,
નર ચહે પદવિ પૃથિનાથની, સંપ રાખીને શું કરે. ૮૦

દોહરા.

સ્વાદ હશે જો સંપમાં, હરડે જેવી હોય;
કરશે ગુણ કોઇ અવસરે, કહે તુરત નહિ કોય. ૮૧
ધનનો સ્વાદ સરસ ઘણો, સાકરને અનુસાર;
મીઠી લાગે મૂખમાં, લઇ ચાખતાં લગાર. ૮૨
સંપ કહે સાકર વિષે, કુસંપ ગંધક તેલ;
મળતાં કાળો કોયલો, નિરખ્યો નકી બનેલ. ૮૩

છપ્પા.

સંવત તેર ત્રેપન, સાલ વિક્રમની જ્યારે,
દિલ્લિ અલાઉદ્દીન, તખ્ત પર બેઠો ત્યારે;
મંત્રી મલેકજેબ, રાજ્ય લેવા રૂચિ જોડી,
વિખ દઇ માર્યો શાહ, શાહજાદા ચખ ફોડી;
પણ એક માસ દિન પંચ સુખ, ભોગવી ભુંડી રીતે મુઓ,
તઊઁ સંપ નહીં સુખ ઉપજે, જરૂર વિચારીને જુઓ. ૮૪

દિલ્લિ આદિક દેશ, થયા જગમાં નૃપ જે જે,
સેવ્યો નહિ જો સંપ, મુઆ વણમોતે તે તે;
કોઇને કુંવરે હણ્યો, હણ્યો કોઇને નિજ ભ્રાતે,
કોઇને પ્રધાને હણ્યો, હણ્યો કોઇને પિતુમાતે;
શુભ રીતે સંપ ન સેવતાં, રાજા રંક પિડાય છે,
ધનથી સુખકો નથિ ધારતુ, સંપ થકી સુખ થાયછે. ૮૫

દોહરા.

નારદ ને પર્વત રૂષિ, મતિવંતા બે મિત્ર;
કન્યા કાજ કુસંપથી, આપ થયા અપવિત્ર. ૮૬
થતો સ્વયંવર સાંભળી, ઉર ધરીને અભિલાષ;
એક બિજાથી અણછતાં, પહોંચ્યા વિષ્ણુ પાસ. ૮૭
જૈ નારદ જગદીશને, ભણે શુણો જગભૂપ;
સમે સ્વયંવરને વધે, રૂડું મારૂં રૂપ. ૮૮
પર્વત રૂષિનું ત્યાં પ્રગટ, મુખ મર્કટનું થાય;
વનિતા તેને નવ વરે, પર્વત પાછો જાય. ૮૯

P. P. Ac. Gunratnasuri M.S.　　　　Jin Gun Aaradhak Trust

'તથાસ્તુ' બોલ્યા ત્યાં હરિ, નારદ ગયા નૃલોક;
પર્વતરૂષિ આવ્યા પછી, ફજેત થવા ફોક. ૯૦

કર જોડી હરિને કહે, દો મુજને વરદાન;
કાયાની કાંતી વધે, સૂરજ કોટિ સમાન. ૯૧

નારદનું ત્યાં નકિ, મર્કટ સમ મુખ થાય;
'તથાસ્તુ' બોલ્યા તે શુણી, રાજી થયા મુનિરાય. ૯૨

મંડપમાં મુની બે ગયા, સંપ તજી ચહી સૂખ;
સુંદર રૂપ શરીરનાં, મર્કટ જેવાં મૂખ. ૯૩

ભય પામી બહુ ભાળતાં, કન્યા તો તે કાળ;
પાછી નાઠી પદમણી, વદન દેખી વિકરાળ. ૯૪

તે તો ત્રીજાને વરી, રૂષિ બે ગયા નિરાશ;
કુસંપ કીધે નવ સરી, એકે જણની આશ. ૯૫

એમજ જન આ દેશના, ગુણ પોતાના ગાય;
અવગુણ અન્યોઅન્ય કહી, બે મર્કટ મુખ થાય. ૯૬

ચોપાઇ.

નિર્ધન એક હતો નરનિત્ય,વન વિચર્યો સુત નારી સહીત;
ધરિ તપ બેઠાં રાખી ધ્યાન, દેવે પછી દીધાં વરદાન. ૯૭

ઉમર માંહિ અકેકિજવાર, ઇચ્છા ધરી કરજો ઉચ્ચાર;
ઇચ્છા પૂરણકરીશએજ, અધિકનઆપું કશો અનેજ. ૯૮

પ્રસન્ન થઇ પાછાં જ્યાં જાય, રસ્તામાં દીઠો કોઇ રાય;
તેની રાણી થવા તતખેવ, દીલમાં સ્ત્રીયે સમર્યા દેવ. ૯૯

રમા બરોબર પ્રગટયું રૂપ, ભાળીને લોભાણો ભૂપ;
ધણિયે મનમાં ક્રોધજ ધર્યો, ઇચ્છા કરી એવુંઉચર્યો.૧૦૦

રંડા રીંછડી રૂપે થાય, તતક્ષણ તેમ થયું પળમાંય;
પછી રહી પુત્રપતીનીપાસ, અંતરમાંત્રણથયા ઉદાસ.૧૦૧

પછી કીધી પુત્રે ઇચ્છાય, પ્રથમ હતી તેવી તે થાય;
સંપૂરણ કદી દેવ પ્રસન્ન, સંપવિના નહિ સુખસંપન્ન. ૧૦૨

વળી કહું વાત અલૌકિક એક, સાંભળી કરજે શેઠ વિવેક;
વાડવએકગયો શિવપાસ, પ્રીતે પુજ્યાશ્રાવણમાસ. ૧૦૩

દેવ કહે માગો વરદાન, બ્રાહ્મણ બોલ્યો ધરીને ધ્યાન;
જે ટાણે હું ચિતવું જેહ, તુરત મળે મુજ વસ્તુ તેહ. ૨૦૪

ત્રિનયનકહે જાતેમજથાય, ઘણોહરખીદ્વિજઘરભણીજાય;
સ્મરતાં વસ્તુ જડેસાક્ષાત, ભેદજ જાણ્યો તેને ભ્રાત. ૧૦૫

તેપણ ગયો ત્રિલોચનસ્થાન, પૂજી શિવ પામ્યો વરદાન;
મારો વિર માગે જે પેર, બમણુંતેથીમળે મુજ ઘેર. ૧૦૬

દીધું એજ વચન મહાદેવ, તે પછિ ઘેર ગયો તતખેવ;
મોટે માગ્યા સાતજ માળ, આને ચૌદ થયા તે કાળ. ૧૦૭

મોટે માગી પંદર ગાય, આને એથી બમણી થાય;
હય હાથી પાલખી પલંગ, સાંપડીયાં બે જણનેસંગ.૧૦૮

સંપ વિના ઇર્ષા થઇ ઉર, દેખી દાઝયું દીલ જરૂર;
મોટોકહેમારૂંઘરઆજ, અરધોઅરધબળો મહારાજ.૧૦૯

તેનું અરધ બળ્યું તતકાળ, આના બળ્યા સમૂળા માળ;
મોટો કહે મુજઘરનાં જન, સૌનું ફુટે એક લોચન. ૧૧૦

તેની આંખ અકેકી જાય, આનાં સઘળાં અંધાં થાય;
હવે વિચારો એના હાલ, લક્ષ્મીમાં શો મોટો માલ. ૧૧૧

દોહરા.

સાંભળિ મનમાં શેઠને, સંપથી થયો સનેહ;
લક્ષ્મી જોઇ લાજી ઘણી, ઉચરી અવસર એહ.૧૧૨

સાંભળ નિર્ધન શાહ તું, સો વાતે એક વાત;
ભાસે તુજને જે ભલું, તે તું લે સાક્ષાત. ૧૧૩

શા માટે તું શેઠિયા, વસ્યો આવી વનવાસ;
કીધું તપ શા કારણે, શું માગ્યું શિવ પાસ. ૧૧૪

છપ્પો.

પાણીની જો પ્યાસ, દૂધથી કયમ દુઃખ ભાગે,
હોય અન્નની ભૂખ, મૂખ મોતી કયમ માગે;
સુધરે લુણથી શાક, માંહિ સાકર શું કરવી,
આગથિ પાકે અન્ન, ફુલમાળા કયમ ધરવી;
કહે કમળા નિર્ધનશાહ શુણ, જેનું કામ તે જે કરે,
તેં કીધું તપ ધન કારણે, સંપથિ ઇચ્છા શું સરે. ૧૧૫

સવૈયો.

મોર ચહે ઘનઘોર ઘટા, શશિતેજ છટા થકિશુંસુખપામે
દર્શન ચંદ્ર ચકોર ચહે, ઘનઘોર ઘટા થકી તેજ વિરામે;
દીપક સંગ પતંગ ચહે, નહિ ગંગ તરંગ થકી દુખ વામે,
નીરજ નીરથિદૂર થઇ, નહિ ધીરધરેકદિ ક્ષીરનેઠામે.૧૧૬

દોહરા.

વેઠયું દુખ તેં ધનવિના, એ ન વિસારીશ આપ;
જો ચૂકિશ આ અવસરે, પછી થાશે પરિતાપ.૧૧૭

સાંભળિ નિરધનશાહની, કાયા ઉપજ્યો કંપ;
લક્ષ્મી લેવા લાગિયો, સજ થૈ બોલ્યો સંપ. ૧૧૮

વાત છેલિ તું વાણિયા, ઉર ધર ધરી ઉમંગ;
પછિ હું રસ્તે પરવરૂં, તું જા તેને સંગ. ૧૧૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક નગરિ ઉજણુપુરી, રાજા વિક્રમરાજ;
નગરશેઠ નિમચંદજી, લાયક જેની લાજ ૧૨૦
સુખ સંપત્તિ સુમાર નહિ, મહિમા બહુ જગમાંહિ:
હવેલિ ઘોડા હાથિયો, કસુર ન દીસે કાંહિ. ૧૨૧
વખત એક રજની વિષે, સુખસજ્યા મોઝાર;
પોઢયાં પિયુ ને પ્રેમદા, ઇંદ્ર શચી અનુસાર. ૧૨૨
પલંગ રૂડા રંગનો, કરેલ મેનાકાર;
શોભે ઘર સૂત્રાતણું, ભાગ્યતણો ભંડાર. ૧૨૩
કાચ જડયા કંચન વિષે, ઝગમગ ઝાકઝમાળ;
તારા સારા તુલ્ય ત્યાં, દીપે દીપકમાળ. ૧૨૪
શેઠ કહે શુણુ સુંદરી, પગ મારા પીડાય;
જો તું ચાંપે જોરથી, તો સુખ શાંતી થાય. ૧૨૫
કામનિ ક્રોધ કરી કહે, નહિ એ કામ કરાય;
શું સુખ તમથી સાંપડયું, પ્રિને ચાંપું પાય. ૧૨૬
નથમાં મેં મણિ નિરખિયો, પટરાણીની પાસ;
ઉપજે જેથી અતિઘણો, પાવક વિના પ્રકાશ. ૧૨૭
તે લેવા તમને કહ્યું, હઠ કરિ વાર હજાર;
કહિ કહી થાકી કાનપર, લિધી ન વાત લગાર.૧૨૮
માગી ચીજ મળે નહીં, નિષ્ફળ મોટું નામ;
શું કરૂં તારી સાહિબી, કાંઇ મારે નથિ કામ. ૧૨૯

ચોપાઇ.

શેઠ કહે સાંભળ ધરિ સૂખ,મણિ જે દિનતેં માગ્યોમૂખ
જગમાં શોધુંછું જતનથી,મણિએવોતોમળતો નથી.૧૩૦
પૃથવિપતિની પત્ની પાશ,એ મણિની કયમ કરિયે આશ;
જો જાણું કોઇએનીજોડ,કરૂંખરિદાઇ લાખ કરોડ. ૧૩૧
ન મળે તેનો નહિ ઉપાય, ઠાલો હઠ લીધે શું થાય;
હઠકરિયેનિજં કંથ હજુર, જેવી તેની શક્તિ જરૂર.૧૩૨
કામનિ કહે ન મળે મણિ કેમ, જૂઠું કહિ સમજાવે જેમ;
જાણોહું ભોળી નહિજાત,વરતું બધી કપટની વાત.૧૩૩
જે નરનું પરસ્ત્રીમાં ચિત્ત, પરણી સંગ ન બાંધે પ્રીત;
એમાંઆવી અનેક વાત,જનમદુઃખણીઅનેક જાત.૧૩૪
પૂર્વ જન્મનું પાપજ નડયું, પાનું તમ સાથે જે પડયું
આપે જન્મ જનેતા જેહ,કર્મ ન આપેકોઇપણ તેહ ૧૩૫
ભવ પૂરો સુખ દુઃખથી ભરૂં, કશી આશા તમથીનકરૂં;
સ્વપનેહું નહિ પામી સુખ, દૈવે મુજને દીધું દુઃખ. ૧૩૬

દોહરા.

મળિને મામા મામિયો, મળી મારાં મા બાપ;
ભાઇ અને ભોજાઇએ, પરણાવ્યું આ પાપ. ૧૩૭
મામા[1] મામી ભુમિમાં, પામ્યાં પાપે પાપ;
ભાભી પાપે પામિ ભે, ભે પામ્યાં મા બાપ. ૧૩૮
જે[2] ખાશે તે જાણશે, શેર અટકળે અન્ન;
કદિ કન્યાનાં નહિ કરે, લખેશરીથિ લગન. ૧૩૯
શેઠ કહે શેઠાણિ તું, શા માટે ધર શોક;
મુખે જેટલા માગ તું, રૂપૈયા દઉં રોક. ૧૪૦
સદાય મારૂં શિયળવ્રત, પટે ન પડતાં પ્રાણ;
મેણું પરસ્ત્રીનું મને, બહુ સાલે જેમ બાણ. ૧૪૧
એવાં કેમ તું ઉચરે, વાલી વાંકાં વેણ;
રાતાં આવાં રીસથી, ન ઘટે કરવાં નેણ. ૧૪૨
સુખમાં વશિયે સંપથી, ભામની ને ભરથાર;
મધુરે વચને માગિયે, સંપતિને અનુસાર. ૧૪૩
નારી તું પ્યારી ઘણી, અરધું જેવું અંગ;
મિલકત સઘળી માહરી, આપું તને અભંગ. ૧૪૪
તોપણ નિત્ય તું કરે, કારણ વિના કલેશ;
ચંદ્ર ન આવે ચપટીમાં, હઠ લે બાળ હમેશ.૧૪૫
આપણ થકી અભાગિયાં, દેખી તેનાં દુઃખ;
સંગ્રહિયે સંતોષ તો, સદાય ઉપજે સુખ. ૧૪૬
પામ્યો નહિ જે પગરખાં, દુઃખ પોકારે મૂખ;
પણ બીજાને પગ વિના, દેખી વિસારે દુઃખ. ૧૪૭
તૃષ્ણા ઝાઝી તેજ જન, હઇડે બળે હમેશ;
તૃષ્ણાથી ત્રિભુવન ધણી, લઇ ન શકે સુખલેશ.૧૪૮
ગુણિયલ વિક્રમ નૃપ ગયો, પંડે પાંડવ દેશ;
ઇંદ્રપ્રસ્થ અવતોષિને, કરવા લાગ્યો કલેશ. ૧૪૯
પસ્તાવો બહુ પામીને, બોલ્યો મેલી લાજ;
આ દોલતની આગળે, રાંક તુલ્ય મુજ રાજ. ૧૫૦
દોષ કશો નહીં દૈવનો, નહીં મુજ ભલાં નશીબ;
ધરાવિ નામ ધરાપતિ, ગતિમાં રહ્યાં ગરીબ. ૧૫૧
ગરિબી પોતાની ગણી, અતી અંતર ધરી આશ;
સેવે વિર વૈતાળને, દીનપણે થઇ દાસ. ૧૫૨

૧ આ દોહરામાં એવો એકે અક્ષર નથી કે બે હોઠ એકઠા કર્યા વગર બોલી શકાય.

૨. આ દોહરામાં એક એવો અક્ષર નથી કે જેનો ઉચ્ચાર કરતાં બે હોઠ અડકે. એને નિરોષ્ટક કહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચોપાઈ.

તે માટે રમા તજ રોષ, સુખ નહિ લેશ વિના સંતોષ;
સુખ પિયરતું તું સંભાર, શરિરે વસ્ત્ર ન મળતું સાર.૧૫૩
કરતી મજુરી જેવાં કામ, વળિ ધડિયે ન મળે વિશ્રામ;
એથીતો સુખ અદકુ આજ,કિંકર કરે હુકમથી કાજ.૧૫૪
ભામનિ શુણિથઇ ક્રોધ ભરેલ,જયમંજળ રેડયું તાતેતેલ;
મારાં દુર્બળ માને બાપ, એ મેણું મુજને કયમ આપ૧૫૫
કુવે પડું જીવ દઉં તતકાળ, વિખડાં વાટિ પીઉં વિકરાળ;
કુટે શીશ કરે પાખંડ, પાપણિ બોલે વચન પ્રચંડ. ૧૫૬
વળતી શેઠ વિચારે વાત, જુવતી મૂર્ખ જનાવર જાત;
સમજાવ્યોસમજેનહિન્યાય,મારવિનામારગનહિથાય.૧૫૭
ડર દેખી પશુ કરે વિચાર, પણ ન વિચારે નિરલજ નાર;
શિક્ષા કરી વળિથાશે શોક, ક્રોધીમુજને કહેશે લોક.૧૫૮
ધીરજ તે માટે મન ધરૂં, ચાર ઉપાય ચતુર થઇ કરૂં;
સામદામને ભેદ ગણાય, પછિથી ચોથો દંડ ઉપાય. ૧૫૯

દોહરા.

સમજણ દેવી સામ તે, દેવી લાલચ દામ;
ભેદે ભય ઉપજાવવો, દંડ સજે સંગ્રામ. ૧૬૦
નારિ મારી વાત શુણ, સારી ધારી સ્નેહ;
મળવો ફરિ આ મુલકમાં, દુર્લભ મનુષા દેહ. ૧૬૧
આયુષ તો વળિ અલ્પ છે, ધડિ ધડિ ઘટતું થાય;
પછિ તે પળ નહિ પામિયે, જે પળ વીતી જાય૧૬૨
માટે મોટું મન કરો, સદાય રહિયે શાંત;
કાંઇ વખત કરિયે નહીં, કલેશ બુદ્ધિ કલ્પાંત.૧૬૩
એ રીતે અતિશય કર્યો, શેઠે સામ ઉપાય,
કાન ધરે નહિ કામની, શી રીતે સમજાય. ૧૬૪
મન માન્યાં આગળ મુકયાં, ચરણા ચોળી ચીર;
સામું ન જુવે સુંદરી, જયમ વિતરાગી વીર. ૧૬૫
તારૂણિ છેક ન તાણ તું, તાણે તૂટી જાય;
સ્નેહ તુટે તો સાંધતાં, વચમાં ગાંઠ વળાય. ૧૬૬
તજશું જો તમને અમે, કરશો શું પછિ કાજ;
પસ્તાશો બહુ પ્રેમદા, માટે માનો આજ. ૧૬૭
એમ કહી અવળે મુખે, સૂતો રાખી રીશ;
અંક ફર્યા જયમ એ ધડી, ત્રેસઠના છત્રીશ. ૧૬૮
તોપણ રહિ નહિ તે વળી, બકયા કરતી બાળ;
શુણતાં દિલમાં શેઠને, ઝાઝી પ્રગટી ઝાળ. ૧૬૯
બહુ કહ્યું જે બોલ નહિ, ધરિ શકતો નથિ ધીર;
તોપણ મારે તારૂણી, તિક્ષણ વાયક તીર. ૧૭૦
શેઠ ઉઠી સોટી લઇ, માર્યો પૂરણ માર;
બાળા તોપણ બોલતી, લે નહિ થાક લગાર. ૧૭૧
પછી ઘરની પડોશના, આવ્યા લોક અધીક;
સૌ ઠપકો દે શેઠને, કામ ન કીધું ઠીક. ૧૭૨
દીલ સંભારી દૈવને, નર નાંખે નિશ્વાસ;
બેઠો આવી બારણે, અતર થઇ ઉદાસ. ૧૭૩
મૃત્યુ માગે મુખ થકી, પરમેશ્વરની પાસ;
સંપવિના સંપત્તિપતિ, તજિ જિવતરની આશ. ૧૭૪

ચોપાઇ.

વળી ત્યાં કૌતકની વાત. નજરે ત્ય નિરખી સાક્ષાત;
પરદેશી નરને વળિ નાર. સુતાં ઓટલે શેઠ દુવાર. ૧૭૫
પિયુના પ્યારી ચાંપે પાય, હેતે વાત કરી હરખાય;
ઘરૂણીપ્રીત જણાવે ઘણી, ધન્યજન્મમનધારેધણી.૧૭૬
સ્વામિ કહે સુંદરી શુણઆપ,બહુ ધનવંતો છે તુજ બાપ;
ત્યાંજઇનેસુખથીવસતુંય,દુખસુખથીદિન કાઢીશ હુંય.૧૭૭
શામાટે દુઃખમાં મુજ સંગ, વસી વણસાડે તનનો રંગ;
હુંપામીશ સુખનાદીનનવા, તોતુજને આવિશ તેડવા.૧૭૮
નારિ કહે સુણિયે હો નાથ, હું નહિ તજુ તમારો સાથ
ભોગવુંસુખમાંઆવીભાગ, દુખમાં કરૂં તમારોત્યાગ.૧૭૯
પૂરી ઠરૂં પ્રભુના ચોર, કયાં તે છુટું કર્મ કઠોર;
વસું વિજોગ દિન એટલા, જીવવું જગમાં દીન કેટલા.
સગપણ સત્ય ઘણામાં ઘણું, તેતો ધણિ ધણિયાણી તણું;
પિયરતણીપાલખીદુખકાર,સસરાની શુળી સુખકાર. ૧૮૧
એમ કરે વાતો ઘણી, જાણે એજ ઉજણનાં ધણી;
શુણિશુણિશેઠનુંઅંતરબળ્યું,સુખ આવું સ્વપને નહિમળ્યું.
અતિધિકધિકમારોઅવતાર, સુખથી નહિ માંડયો સંસાર;
આ ધનમાં અંગારા પડો, હે પ્રભુ સંપમને સાંપડો.૧૮૩
જેસુખમાં આ બે જણવસે, એ સુખ વિક્રમને નહિ હશે;
જીવતરધન્યએનુંજગમાંહી,એથી સુખનથી અધિકું કાંહિ.

દુઃખી જીવતર વિષે.

છપ્પો.

રહે શરીરમાં રોગ, વ્યસન આવી કોઇ વળગ્યું;
થયો ન વિદ્યાભ્યાસ, કરજ છુટે નહિ અળગું;
વસે કુટુંબ કુસંપ, કલેશ કામની નહિ છાંડે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાપી પુત્ર કુપાત્ર, પુત્રી બાળાપણુ રાંડે;
અહોનિશ વસવું ઉદ્યમવિના, તૃષ્ણા અધિક અપાર છે,
આજગમાં એવા પુરૂષનું, જિવતર તે દુખકાર છે. ૧૮૫

સુખી જીવતર વિશે.

રોગ રહિત તન રહે, અધિક વિદ્યા અભ્યાસી,
પાળે આજ્ઞા પુત્ર, સદા પરઆશ નિરાશી;
મધુર વાચ માનની, કરજ શિરપર નહિ કોડી,
ચિત્ત સદા સંતોષ, પ્રીત સજ્જન સંગ જોડી;
વળી દિવસ દિવસ વધતો દિસે, સંપ કુટુંબી વર્ગમાં,
પછી તેથકી હું નથીપ્રીછતો,સરસ કાંઇસુખસ્વર્ગમાં.૧૮૬

દોહરો.

સઘળાં સંકટ સાંખિયે, કાઢી કર્મનો વાંક;
ભૂંડી જેની ભારજા, એ દુઃખ આડો આંક. ૧૮૭

રાગ વેરાડી.

ભાઇઓ જેની ભારજા ભુંડીરે,તેને પીડ અંતર ઉંડી; ટેક.
લાજ તજીને લડાઇ કરે નિત્ય, ભાળવા લોક ભરાય;
સારા મનુષ્યના ઘરનું વગોણું, જોણું જગતને થાય.ભા. ૧
જેમ બિલાડી ઉંદરને જુવે એમ, નાથ સામા કરી નેણ;
પગથકી પ્રગટે માથા લગી એવાં, વાંકાં કાઢે વેણ.ભા. ૨
ચાર ઘડી પીયુ ગ્રોટે ટળે ત્યારે, સુખ બંનેને થાય;
ઘડિયે આવીને ઘેર બેસે ત્યારે, શેર લોહી સુકાય.ભા.૩
પંડિત શાસ્ત્ર ભણેલ પુરાણી, મોટી સભામાં મનાય;
માન તજી મુરખીના મોઢાના, તેજ ટુંકારા ખાય. ભા.૪
પીયુ થકી તો ઘણીજ પોતાની, સમજણ જાણે સદાય;
દૈવથાકે તો મનુષ્યના સુખની, શીખામણે શું થાય. ભા.૫
પહોર ચઢે દિન પોઢીને ઉઠે, ચાંપે લડાઇનો ચાલ;
જો લડનાર બીજું ન જડેતો,પડતાળેપોતાનાં બાળ.ભા.૬
સ્નેહ કરી કદી સ્વામિની સાથે, બેશી ન બોલે વાત;
ધુમાડાની પેઠે ધુંધવતી રહે. રોષભરી દિનરાત. ભા. ૭
જેને વીતી હોય તે નર જાણે, આણે બિજા અહંકાર;
ડહાપણ કેરો કોઇ દુનીઆમાં ગર્વ ન કરશો લગાર. ભા.૮

દોહરા.

પછી પરદેશી બોલિયો, ભાવ સહિત શુણ ભ્રાત;
દોષ ઘણા નર દુષ્ટના, તે તું જાણુછ વાત. ૧૮૮
શેઠ કહે સાંભળ કહું, દુષ્ટ પુરૂષના દોષ;
તે મુજમાં તલ માત્ર નથી, રખે ધરે તું રોષ. ૧૮૯

રાગ વેરાડી.

કહું નર દુષ્ટની કહાણીરે, શુણો સૌ સ્નેહજ આણી; ટેક.
મોહું વહેલું કામ સુધરે કે બગડે, માણસ માત્રની રીત;
પોતે કર્યું તેતો પાંશરૂં સમજે,નારીને મારે નિત્ય. કહુંનર.૧
સાસુ નણંદ દેરાણી જેઠાણીના, સાચા જુઠા શુણી બોલ;
વાંક વિના વનિતાને તજે તો. તે નર ખરને તોલ.કહુંનર.૨
કાગડે ઘેર્યું ઘુડ ફરે તેમ, ગોરી સદા ગભરાય;
ઘરનાં કરે સૌ દ્વેષ ઘણેરો, તેથી જુદો નવ થાય. કહુંનર.૩
માનવિનું અપમાન કરે નિત્ય, ગાય નઠારી ગાળ;
તુચ્છ ગણી તિરસ્કાર કરે તો, તેનરનું મહો બાળ.કહુંનર.૪
સાસરિયાની સાથે લડી, કાઢે રાંડ ઉપર તે રીશ;
સારામનુષ્યની શિક્ષા ન માને જેનેરૂઠયાજગદીશ. કહુંનર ૫
સમજુનો ટંટો તુરત ટળે, કોઇ ઘરકું આવી કહે ઘેર;
ઊહું કહેકે આડું જુએ તેનો,પારઆવે શી પેર. કહુંનર. ૬
સ્વામિ સાંભળતાં વાંક વિના આવી, કામનિને લડે કોય;
સમજાવીને સમાધાન કરેનહીં, હીજડાજેવો હોય કહુંનર.૭
પોતેતો ખાય પિયે ઘણું સારૂં, ને વસ્ત્ર ધરે શુભ રીત;
નારિને આપે નિત્ય નઠારૂંતો, કહો કેમ પ્રગટે પ્રીત.કહુંનર.૮
પીયરિયાં પટકુળ ન પૂરે તો, સ્વામિ કરે સંતાપ;
સાચું કહુંછું એ કંથસ્વરૂપે, પૂર્વ જનમનું પાપ. કહુંનર.૯

દોહરા.

વળિ પરદેશી નર વદે, જીવમાં રાખી જંપ;
બહુ મીઠું જો બોલિયે, શાથી વણસે સંપ. ૧૯૦
વિનય થકી વશ થાય છે, રાજા ને વળિ રાંક;
કદી ન સુઝે કોઇને, પણ પોતાનો વાંક. ૧૯૧
એમ કહ્યું એ અવસરે, ત્યાં નર એક નઠોર;
મિયાં નીસર્યો મારગે, ખરોજ ટંટાખોર- ૧૯૨
પરદેશી પ્રત્યે પછી, ભણે શેઠ ધરી ભાવ:
વાલપણા ને વિનયથી, લે આને બોલાવ. ૧૯૩
પછી તેણે ત્યાં પૂછિયું, સ્નેહે કરી સલામ;
સાહિબ ખુદનું નામ શું ? કયા તેરે હે કામ ? ૧૯૪

રૂચિરા છંદ.

સુત તેનો સાથે દેખીને, પૂછયું પુત્ર તુમારા હે ?
બહુજ રીસ કરી તે બોલ્યો,નહિ મેરા તો તેરા હ ?
પુત્ર તમારા ને પરમેશ્વર, અધિક અધિક આયુષ આલો,
મિયાંકહેજોમરજિ તુમારી, અબી ઇધરમારી ડાલો. ૧૯૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાલમપાક શિયાળે કરશો, થાશો પુષ્ટ સરસ ચેરા;
સુકા સુકા હમ લકડી હોગા, સાલે ક્યા લેતા તેરા ?
માણસ સાથેમાણસ બોલે, દોસ્તી કરે ન રહે મુંગા;
દોસ્તી તેરીજહાનમમેં ગઇ,અબ બોલે તો મારૂંગા.૧૯૬

દોહરા.

પરદેશી સમજ્યો પછી, કાજ કઠણ છે એહ;
જેનો જન્મસ્વભાવ જે, ટળવો દુષકર તેહ. ૧૯૭
પછી તે પોતે શેઠ પણ, પ્રભુને કરી પ્રણામ;
લક્ષ્મી સાટે સંપને, જાચે આઠે જામ. ૧૯૮
સાંભળ નિર્ધનશાહ તું, અંતર ધરી ઉમંગ;
સંપ તજી સંપત્તિનો, સ્વપ્ને ન કરીશ સંગ. ૧૯૯
પૂર્ણ તારૂં તપ પેખીને, ત્રુઠયા ત્રિલોચન રાજ;
તે માગ્યું ધન તુચ્છ પણ, મને મોકલ્યો આજ. ૨૦૦
શુણીને નિર્ધનશાહ મન, નિશ્ચય થયો નિશંક;
સમજ્યો મહિમા સંપનો, ગણી રમાને રંક. ૨૦૧

ભુજંગી છંદ.

પછી સ્નેહથી સંપની હાથ ઝાલ્યો,
લઇ સંપ સંગે ઉમંગેથિ ચાલ્યો;
જઇ દૂરથી જોયું પાછું નિહાળી,
ધિમે ચાલતી આવતી લક્ષ્મિ ભાળી. ૨૦૨
પુછ્યું સંપને એજ ક્યાં ચાલિ જાશે,
કહે સંપ તે આવશે તુજ પાસે,
જઇ હું વસું જ્યાં ભલું સ્થાન જોઇ.
કરે વાસ લક્ષ્મી જુએ સર્વ કોઇ. ૨૦૩
પછી વેર તે મૂજ સાથે વધારે,
તજાવી મને સ્થાન પોતે પધારે.
કહું તૂજને આજથી એજ માટે.
કદી સંપ મેલીશ માં લક્ષ્મિ સાટે. ૨૦૪
સદા બોલજે સ્નેહથી સારિ વાણી,
વધે સંપ સંસારમાં જેથિ જાણી;
ક્ષમા રાખવી સાંખવી ભૂલ છોટી,
દયાથી વળી રાખવી દષ્ટિ મોટી. ૨૦૫
કદી ભ્રાત પુત્રો જુદા ભાગ માગે,
ભલે ભાગ લેતો નહી સંપ ભાગે;
વસે એકઠા ને જુદાં દીલ જાણો,
નહીં સંપનું રૂપ એવું વખાણો. ૨૦૬

દિલે એકતા દૂર દેશે રહે છે,
કવિ સંપનું રૂપ તેને કહે છે;
કહું મૂળ કૂસંપનું સાંભળ કાને,
જુદા વાદ તાણી જુદા ધર્મ માને. ૨૦૭
રહે દેશમાં એ થકી સંપ રૂઠયો,
તજો તેજ માટે વૃથા વાદ જુઠો;
રૂદેમાં રૂચે તે તમે ધર્મ પાળો,
તજી દ્વેષ ટંટા બધા તુર્ત ટાળો. ૨૦૮
થશે એક ધર્મી હરી જો કરે તો,
ન થાશે મનુષ્યો મથીને મરે તો;
વડો કોઇ કુટુંબીમાં મુખ્ય થાપો,
વળી નાતમાં મુખ્યતા એમ આપો. ૨૦૯
પછી તે તણી નિત્ય મર્યાદ પાળો,
નહીં દેખશો તો દહાડો દુખાળો;
સમાધાનિ તે રાખશે સર્વ વાતે,
સદાકાળ તો પામશો સૂખ સાતે, ૨૧૦

દોહરા.

એ શીખામણ ઉર ધરી, શુણીને નિર્ધનશાહ;
સંપ સહિત ઘર સંચર્યો, અલખત મળી અથાહ. ૨૧૧
સંપે સ્ત્રિના શરિરમાં, પૂરણ કર્યો પ્રવેશ;
અમૃત દષ્ટી ઉપજી, વ્યાપ્યો સ્નેહ વિશેષ, ૨૧૨
સુખ બહુ પામ્યાં સંપથી. વિસ્તરિ કીર્તિ વિશાળ;
પ્રસન્ન પરમેશ્વર થયા, દુખહર દીનદયાળ. ૨૧૩
સંપલક્ષ્મી સંવાદ આ, જે શુણશે નરનાર;
સંપ પ્રસન્ન થયા થકી, સુખ લેશે સંસાર. ૨૧૪
ઓગણિસેંને સાતને, ભાદરવે ભરપૂર;
પૂર્ણ કથા કહિ પૂનમે, અધિક હરખ ધરિ ઉર. ૨૧૫
વાસી શ્રી વઢવાણનો, પ્રભુને કરી પ્રણામ;
શ્રીમાળી બ્રાહ્મણ સદા, દાખે દલપતરામ. ૨૧૬

ગરબી.

દેશમાં સંપ કરો સંપ કરો,
દીસે દેખી કુસંપથી ડરો રે; દેશમાં૦
હાંરે જે કોઇ સંપ તજીને સુખ માગે,
તેના સૂતેલા શત્રુ જાગેરે; દેશમાં૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હાંરે તજ્જે સંપ લડાલડી આવે,
તેમાં તુર્ત ત્રીજાને ફાવેરે;　　　　દેશમાં સંપ. ૨
હાંરે જે કોઇ વિઘા જમીન સારૂ લડતા,
રાજ ખોઇને રહ્યા હવે રડતારે;　　દેશમાં સંપ. ૩
હાંરે હજી હઠઉે વિચારી નહીં જોશો,
ખરેખાતે છે હાથમાં તે ખોશોરે;　દેશમાં સંપ. ૪
હાંરે તમે ટંટા ધરમના ટાળો,
જેજે પ્યારો લાગે તે ધર્મ પાળોરે;　દેશમાં સંપ. ૫
હાંરે છળ દગા કપટ દો છોડી,
આખા દેશની થઇ આબરૂ થોડીરે: દેશમાં સંપ. ૬
હાંરે કરી સંપ કાંઇ હુનર હલાવો,
ફરી દેશની વખત ફેરવાવોરે;　　દેશમાં સંપ' ૭
હાંરે કોઇનું સારૂં દેખીને શીદ દાઝો,
તેને ખુડાડી મારવા ન બાઝોરે;　　દેશમાં સંપ. ૮
હાંરે વાંચો દલપતરામની વાણી,
પક્ષપાતવિના સત્ય પ્રમાણીરે;　　દેશમાં સંપ. ૯

(સુરતની એંડ્રુસ લાઇબ્રેરીની સભામાં ઘણીવાર કવિતા સંભળાવવાથી ત્યાંના વિદ્વાનો તથા અમલદારોએ તા. ૧૯ મી આગષ્ટ સને ૧૮૫૧ ને રોજ મોટી સભા ભરીને માનપત્ર આપ્યું અને ફરમાશ કરી કે છેલીવારનું હવે એક સારા વિષય ઉપર કવિતાનું ભાષણ અમને સંભળાવવું જોઇએ. તે ઉપરથી સંપલક્ષ્મી સંવાદ રચીને સંભળાવ્યો હતો અને તે માનપત્ર સુરત સમાચારમાં છપાયું હતું.)

કેફ વિશે.

દોહરો.

કેફ કિરીટ[1] ધરો કરે, કે ફકિરીધર ફોક;
નરકે ફીકે મુખ પડે, નર કેફી કહે લોક.　૧

મનહર છંદ.

ગાંજો તજ ગાંજો તારાં ગાતરને ગાજનાર,
ભાંગ તજ ભાંગ તારૂં ભવન ભમાવશે;
માજમ નહિ રે એતો દુતી છે મહાજમની,
માજમ તો કદી તને મોતને મેળાવશે.

1. કીરીટધર–મુગટ ધરનાર.

તાડીને લગાડી આગ, પાસેથી નસાડી મૂક,
તાડી તને કદી ઊંચા તાડથી પડાવશે;
મદિરાનો મેલ સંગ મદિરા તો મહા ભૂંડી,
મદિરા માણુસપણું સઘળું મુકાવશે.　　૨

દોહરો.

જે હોકાનો કાન છે, તે આગળ ધરિ મૂખ;
પૂછેછે પીનાર જન, સુખ આપીશ કે દૂખ.　૩

મનહર છંદ.

ઉલખામાં પાણી જુઓ ઉકળે છે જેમ જેમ,
તેમ તેમ પીનારના લોહીને ઉકાળે છે;
પાવકમાં ગાંજો કે ગડાકુ જેમ પ્રજળે છે,
તેમ તેમ પિનારનું કાળજું પ્રજાળે છે;
અધિક અધિક જેમ જેમ ધુમ્ર ઉછળે છે,
પિનારની અક્કલના કાંકરા ઉછળે છે;
સુખ મળવાની વાતતણો ગુડ લઇ ખાજે,
ગુડ ગુડ ઉચારી હોકો ઉત્તર એ વાળે છે.　૪

ગીતિ વૃત્ત.

માજમ મહાજમ જેવી, કરે અચેતન, હરે શરિર શુદ્ધિ;
માજમના જમનારા, બનશે મુરખ ગુમાવિને બુદ્ધિ. ૫

ઇંદ્રવિજય છંદ.

પ્રશ્ન પુછયો નિજપ્રીતમને,એક જામનિમાં એક કામનીએ;
અક્કલ હીણુ બને કે બને નહિ,જે મુખ માંહિ અફીણુ લીએ,
કંથ કહે ઘટતી નથિ અક્કલ, કારણ હું કહું ધાર્ય હીએ,
કોઇ પ્રવીણુ અફીણુ પિયે નહિ, અકલ [1]હીણુ અફીણુ પીએ.

દોહરો.

અફીણીઆના અંગના, નજરે નિરખો હાલ;
એ ઉપરથી જાણજો, અફીણમાં શો માલ.　૭

ઇંદ્રવિજય છંદ.

રામ ચડયા રણુ રંગ વિષે ખળ રાવણને રણમાં રગદોળ્યો,
કંસતણો નિરવંશ કર્યો હરિ, ચાંચણુની સમચાણુર[2]ચોળ્યો;
ભારથમાં પણ પારથ [3]ભૂપ, જુઓ દુરજોધનને રણ રોળ્યો.
કોરજપૂત જવા રણકારણ, કયાંઇ કદાપિ કસુંબો ન ઘોળ્યો. ૮

1. જેનામાં અક્કલ ન હોય તેવાજ અફીણ પીએ છે માટે તેવાની અક્કલ ઘટેજ કયાંથી. જેમ કે નાગો લુટાય નહિ, તેમ.
2. ચાણુર—કંસનો મલ.
3. પારથ—અર્જુન.

P. P. Ac. Gunratnasuri M.S.　Jin Gun Aaradhak Trust

દોહરા.

ચાહે જે ચૂંડલને, બુદ્ધિ નહિ બિલકુલ; ૯
જો જરિયે મતિ હોય તો, ડુલ કરે ચંડૂલ.
દેશતણી પડતી દશા સુજે ન સવળી સાન;
તજશી ભાંગ અફીણ તો, પીશે બહુ મધુપાન. ૧૦
નિર્ભાગીને નાસતાં, વિપરિત સુજે વિચાર;
ચૂલમાંથી ચાલિને, ઓલામાં પડનાર. ૧૧

જાદવાસ્થળીનું વર્ણન.

दोहरो.

केफ न करशो कोइ कदि, केफ क्लेशनुं मूळ:
जुओ केफ करि सो जादवे, कर्यूं निकंदन कूळ.१

ચોપાઇ.

પ્રથમ પ્રભુને કરૂં પ્રણામ, સુધરે જે થકી સઘળાં કામ;
કેફતણા અવગુણ તે કહું, સ્નેહ ધરી સાંભળજો સહુ.૧

દોહરા.

પુરાણ શ્રીમદ ભાગવત, એકાદશમો સ્કંધ;
તેનો અધ્યા ત્રીશમો, સુણો સહિત આનંદ. ૨
જાદવ જાત્રાએ ગયા, પવિત્રસ્થાન પ્રભાસ;
કેફ કરીને પરસ્પર, નિરમુલ કીધો નાશ. ૩
તે સાંભળી સઉ સજ્જનો, વળી વિચારો વાત;
સુપને સોબત કેફની, કદી ન કરશો ભ્રાત. ૪
કેફ થકી ઘર કૈકનાં, ઉડી ગયાં અપાર;
દેવ સરીખા દુખિ થયા, શી ગણતી સંસાર. ૫
ભાંગ અફીણ ગાંજો તજો, તજો મદીરા તાડિ;
પ્રગટ વસ્તુ પેશાબ જેમ, દેખો નજરે દાડી. ૬

ચોપાઇ.

નથી જગમાં કેફીની લાજ, કરિ વિશ્વાસ ન સોંપે કાજ;
ભંગી અફીણી કેફી હોય, કન્યા તેને નવ દે કોય. ૭
સોબત કરતાં સઉ જન ડરે, રખે લોક નિંદા ઉચ્ચરે;
કદી વસ્તુ ચોરી લે કોય, કેફીને શિર ભ્રાંતિ હોય. ૮
ભલું મનુષ હોય કીરતીવંત, તુરત ન કોઇ વિશ્વાસ કરંત;
જો કોઇ કેફી વ્યસની થાય, પછી ઘણો મનમાં પસ્તાય.૯
કેના ઉપર કાઢે રોષ, રોગતણે શિર દે છે દોષ;
હોય એકલો ત્યાં લજવાય, વધવા નાત કરે ઉપાય. ૧૦
તે માટે સઉ ચેતો ચિત્ત, ન કરો એવા નરથી પ્રીત;
જે પરણી કેફીને નાર, તેના જીવતરને ધિક્કાર. ૧૧
કેફી વસ્તુનો ન કરો સંગ, ઉડી વળગશે આવી અંગ;
સાપ કેફ ને જળની રેલ, તેની સાથે ન કરો ખેલ. ૧૨

દોહરા.

ધનનો મનમાં મદ ધરી, કેફ ન કરશો કોય;
જાદવ કુળ થઇ જે ગતિ, સદા વિચારો સોય. ૧૩
કૃષ્ણ સરીખા કુલપતિ, જે રાજા અધિરાજ;
દેવપુરી સમ દ્વારિકાં, સુર વૈભવ સમ સાજ. ૧૪
છપન કોટિ વિસ્તાર નર, જગમાં કીધી જીત;
નરપતિ સઘળા આવિને, શીશ નમાવે નીત. ૧૫

ચોપાઇ.

સકળ હિંદનાં રાજ્યસ્થાન, નહિ કોઇ દ્વારામતી સમાન;
શક કરનાર યુધિષ્ટિર કહ્યા, તેતો જેના સેવક થયા. ૧૬
શોભાપુરની શી કહું ભણી,કવિજન કોઇશકયા નહિ ગણી,
મંદિર મેડી જરૂખાં માળ, સુવરણમય શોભીત વિશાળ.૧૭
બન્યા ઘરોઘર આગળ બાગ, પક્ષી કરે કલોલ અથાગ;
નિત્ય પ્રતિ થાએ નાટારંભ દેખી દેવદિલ થાય અચંબ ૧૮
કાઢે દિન આનંદે રહી, દૈવતણો દિલમાં ડર નહીં;
ખાયપીયે ને કરે વિનોદ, મનમાં પૂરણુ ધરે પ્રમોદ.૧૯
એક સમે સઉને થઇ આશ, તીરથ નાવા જવું પ્રભાસ;
સ્ત્રી બાળક વૃધજન કહેવાય, શંખોદ્ધાર તીરથ તે જાય.
એવો ઠીક કીધો ઠેરાવ અંતરમાં ઉપજ્યો ઉચ્છાવ;
કૃષ્ણતણી આજ્ઞા તે લહી શણગાર્યા ગજ ઘોડા તહીં.૨૧
ઘુઘરિયાળા રથ છે ઘણા, બળદ ભલા ચીત્રેલા બણ્યા;
શોભિત મેના ને સુખપાલ, તેનો બન્યો અલોકિક તાલ.૨૨

હરિગીત છંદ.

બહુ ગડગડે નીશાન નોબત, ઘોર શબ્દ કરે ઘણો;
વળી ઢોલ ભેરી ભૂંગળો, સ્વર થાય શરણાઇ તણો.૨૩
મરદંગ તાલ ઉપંગ ચંગ, ઉમંગથી વાગે જ્યાંહાં;
સારંગી વેણા વાંસળી, મંજીરા પંજરીઓ ત્યાંહાં.૨૪
નાચે સુરંભા નાયકા વળી, ગાયકા ગાવે ઘણા;
અગણિત દીસે અસવાર, ધરી હથિયાર કુળ જાદવતણા.
તરવાર ઢાલ કટાર બરછી, વજ્ર ગુપ્તી ને ગદા;
ત્રીશૂળને તીરકામઠાં, હળ મુશળ ફરશી લહી તદા.૨૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છંદ ભુજંગ પ્રયાત.

લીધા સાથ સીસા ભર્યા મદ્ય ભારી,
નથી જાણતા વંશ નિર્વંશકારી;
લીધા ધાતુ પ્યાલા પીવા કાજ પાસે,
જહેમાં સહુ જાદવો ડુબી જાશે. ૨૭

તહાં હોત જો કોઇ પરહેજગારી,
તજાવંત તે વસ્તુઓ કેફકારી;
ન બોલ્યાજ શ્રીકૃષ્ણ ચિત્તે વિચારી,
નહીં માનશે મૂર્ખ શિક્ષા અમારી. ૨૮

કઈ તો હતા બાળ જોબંન વેશે,
કઇ તો હતા ઊગતે મુછ કેશે;
કઇ વર્ષ મધ્યેજ વિ'વા કરેલા,
હતા સૂખ સંસાર આશા ભરેલા. ૨૯

કઈ બેનના એકનાએક ભાઇ,
કઈ એટલા માતુને સુખદાઈ;
કઇ તો હતા પ્યારિને ખૂબ પ્યારા,
ન જાતા કદી દૂર નેત્રોથિ ન્યારા. ૩૦

જતા દૂર જાણી ભર્યાં નેત્ર પાણી,
અતી આગ્રહેથી દિલે ધૈર્ય આણી;
ભલે તીર્થ જઇ આવશે કાલ પાસે,
નથી જાણતાં કેફથી જીવ જાશે. ૩૧

મહા મત્ત ઘોડે ચડયા જોધવંકા,
બડી નોબતે ત્યાં દિધા ઘાવ ડંકા;
ધરા ધંધમે શબ્દ સૃષ્ટિ ન માયો,
ઉડી ધૂળ આકાશમાં સૂર્ય છાયો. ૩૨

ઘણા નાવમાં બેસીને પાર પોત્યા,
લઇ સૈન્યનો સર્વ સામાન સોતા;
ગઈ ફોજ જ્યાંથી સરીતાની તીર,
અનીરે[1] કીધું નીર, નીરે અનીર. ૩૩

ફરૂકે ધ્વજા ને પતાકા જરીના,
હદે દેખી હર્ખે કુટુંબી હરિના;
પ્રભાસે જઇને દિધા શ્રેષ્ઠ ડેરા,
ઉદયા મંનમાં મેઘ આનંદ કેરા. ૩૪

મહા વંશ વિસ્તારના ગર્વ વાળા,
વળી રાજ્ય વૃદ્ધિ સમૃદ્ધિ સુખાળા;
ધણી પ્રીતની રીતનો શોખ જાણી,
ત્યહાં મદ્ય પીવા મનોવૃત્તિ આણી. ૩૫

દોહરો.

સ્નેહનું લક્ષણ સમજીને, ધરી અંતર અજ્ઞાન;
પ્રેમ કરીને પરસ્પર, પીવા ચલ્યા મધુપાન. ૩૬

પંડિતની મિત્રાચારીનો
છપ્પો.

પંડિત મિત્રો મળે, વદે મુખ મધુરી વાણી,
પ્રથમ કરી પરણામ, પાય ગંગા જળ પાણી;
પછી સોપારી પાન, આપી કુશળતા પૂછે,
કહે પછી કરજોડી, આગમન કારણ શું છે;
કરી જ્ઞાન વાત ચિત શાંત થૈ, સ્નેહ સહિત જૂદા પડે;
મન મગ્ન રહે મિત્રાઇમાં, પંડિતની પ્રીતિ વડે. ૩૭

મૂર્ખની મિત્રાચારીનો
છપ્પો.

મૂરખ મિત્રો મળી, ગાળ દઈ ગમત કરશે,
મારી પરસ્પર લાત, વાતમાં મશકરી ધરશે;
મિત્રાચારી મૂલ, કેફ પીશે ને પાશે,
ખેલી બાજી ખેલ, લડાલડી કરી ઘેર જાશે;
મુખ મીઠાં ને મનમાં કપટ, સ્વારથલગી સગાઇ છે,
કદિ જોખમકારી જીવને, મૂરખની મિત્રાઇ છે. ૩૮

ચોપાઈ.

જાદવનાં દુરભાગ્યો જાગ્યાં, કેફ પરસપર પીવા લાગ્યા;
કોઇને સારી ન આવી શુદ્ધિ, વિનાશકાળે વિપરીતબુદ્ધિ. ૩૯
શપથ પરસ્પર દેવા લાગી; પાય પિયે મધુપાન અભાગી;
નહિ જાણ્યા પરમેશ્વર સાખી, પીવામાં કાંઈ કસર ન રાખી.
સઉના દિવસ થયા છે ખોટા, રહ્યા ન બાકી નાના મોટા;
પાન કરી ગુલતાન થઇને, ગાન કીધું બહુ તાન લઇને.
પછી પરસ્પર વળગ્યા વાતે, આપ વખાણી ચડયા ઉદમાતે;
એક બીજાની મશકરી માંડી, છેવટ આવ્યું તોય ન છાંડી.
મૂળ હતું દ્વારામતિ માંહી, તે તતક્ષણ પાલેયું ત્યાંહી;
હાસ્યથી મૂળ હતું ઉપજેલું, અંતરમાંહી અદર્શ રહેલું.

૧. એટલી બધી ફોજ હતી કે તેના ચાલવાથી નદી કોરી પડી ગઈ અને સુકી જમીનમાં કાદવ થયો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લડાઈના મૂળનો છપ્પો.

હાસ્ય ઋષિ જ્યાં હતા, એક અવસર એ દીશે,
જાદવ બાળક જઇ, કીધું અપમાન અતીશે;
નહીં છંડી છંછેડ, ક્રોધ ઋષિયે બહુ કીધો,
જશે તમારો વંશ, શાપ સરવેને દીધો;
જે જાદવનું જડમૂળ જશે, હાસ્યથી નિશ્ચે લેખજો,
તે માટે શ્રોતા સઉ તમો, હાસ્ય દિશે નહિ દેખજો. ૨૪

ચોપાઇ.

હાંસી કરતા હદપર આવ્યા, લડવાની ઈચ્છા ઉર લાવ્યા;
એક કહે મુજમાં બળ ઝાઝું, બીજો કહે તુજ સાથે બાઝું.
ત્રિજો કહે તું ગદ્ધા તોલે, ચોથો મમ્મો ચચ્ચો બોલે;
પકડયા એક બીજાના કાનો, મંડયા ઉઠી મરદ જુવાનો
કેનાં કપડાં નાખ્યાં ફાડી, કૈને કુટયા આડા પાડી,
લઇ શસ્ત્રને લડવા લાગ્યા, નહીં શરમ લાવે થઈ નાગા.
સુણજો શ્રોતા કેફની કાણી, કેવી સખાવત એ વખણાણી,
લીધાં ધનુષને તીક્ષણ તીરો, ભાલા લઈ મંડયા ભડવીરો
ગુરજ ગદા ને ફેરવી ફરશી, પથરાની વૃષ્ટિ રહી વરસી,
હળ મુસળ ને ભુંગળ ભારી, પાડયા કૈને વજ્ર પ્રહારી.
જે શસ્ત્રે જગ વશ કરી લીધું, તેથી કુળ નિકંદન કીધું;
શત્રુ રૂધિર મદિરા થૈ આપે, વાળ્યું વેર એજ શર ચાંપે.

હરિગીત છંદ.

પ્રદ્યુમ્ન સાંબ શ્રીકૃષ્ણના સુત સામસામા તે લડે;
અક્રૂર સામા ભોજ છે, અનિરૂદ્ધ ને સાત્યકી અડે. ૫૧
સુભદ્ર ને સંગ્રામજીત, વળિ સુરથ ને સુમિત્ર છે;
નર નિશઠ ઉલમુક સહસ્રજીત, શતજીત નામ પવિત્ર છે;
દાશાર્હ વૃષ્ણી ભોજ અંધક, સાત્વતા મધુ અર્બુદા;
માથૂર કુકુરા શૂરસેના, વર્ગ જાણો એ જુદા. ૫૩
ભાઇ સગાને ભાઇ મારે, પુત્ર મારે બાપને;
ભાણેજને મામા વિદારે, પણ ન જાણે પાપને. ૫૪
સસરો હણે જામાતને, જામાત સસરાને હણે;
સાળો બનેવીને હણે, દુઃખ બેહેનનું દિલ નહિ ગણે.૫૫
નહિ પક્ષપાત વિચાર, કરવા ઘાત ઇચ્છે છે ઘણા;
મદ અંધ થૈ નિરબંધ લાગ્યા, ધંધમાં ન રહી મણા;
જે પ્રાણથી પ્યારા હતા, તેને હણ્યા બેભાનમાં;
નિજ પુત્રના પણ પ્રાણ હણતાં, ધારિ વાત ન ધ્યાનમાં.
રથ હાથિ ઘોડા ભાગિ તોડયા, સારથિ નહિ સટકિયા;
નાસતા નાના બાળને, પગ ઝાલી ભૂતળ પટકિયા. ૫૮
જેમ વાંસ વનમાં આગ ઉઠે, એમ ફુટે અંતરે;
મધુપાનથી તન ભાન ભૂલ્યા, ચિત થયાં પરતંતરે. ૫૯
કામઠાં તૂટે તીર ખૂટે, દાંત ચુંટે હાથિના;
રથ કાપ ધારે ને પ્રહારે, પ્રાણ લે નિજ સાથિના. ૬૦
શ્રીકૃષ્ણ વારે બહુ પુકારે, કોણ ધારે કાન ત્યાં;
નહિ બચ્યા નોકર ચાકરો, એવું ઉઠયું તોફાન ત્યાં. ૬૧
બળભદ્ર સામા બળ કરી, મદમત્ત ચાલ્યા મારવા,
આવતા દેખી એહને, હળધર ઉઠયા સંહારવા. ૬૨
જે બીજ માંદરા રોપિયું, તે વેલ ઉગી લોહિની;
ધડ શીશ જુદાં ફળ થયાં, ચાલી નહીં મતિ કોઈની. ૬૩

ભુજંગી છંદ.

પડયા તરફડે ભૂતલે કેક શૂરા,
થયા કેક પૂરા રહ્યા કે અધૂરા;
સુતા નિત્ય જે પુષ્પસજ્જા બિછાઇ,
સુણો કેફ કીધાતણાં સૂખ ભાઈ. ૬૪
ચખે જે પ્રિયાનાં સદા રૂપ જોતાં,
બહુ પ્રીત દેખાડીને ચિત્ત પ્રોતા;
ગયા કાગડા તેમનાં નેત્ર ખાઇ,
સુણો કેફ કીધાતણાં સૂખ ભાઈ. ૬૫
રુડા હાથમાં હેમ પોંચી બિરાજે,
ભલા બાજુ બાંધી છબીવંત છાજે;
ઉડયા બાજ આકાશ તે હાથ સાઇ,
સુણો કેફ કીધાતણાં સૂખ ભાઈ. ૬૬
મુખે જે નરો નિત્ય તંબોલ ખાતા,
ભલાં તાન લૈ ગાનમાં ખ્યાલ ગાતા;
મુખે તેમના ધૂળ ઉડી ભરાઈ,
સુણો કેફ કીધાતણાં સૂખ ભાઈ. ૬૭
ખમાજી ખમાજી છડીદાર કેતા,
સદા પાસ સેવા વિષે દાસ રેતા;
કિધાં રાજ્ય નિષ્કંટ શત્રુ નસાઈ,
સુણો કેફ કીધાતણાં સૂખ ભાઈ. ૬૮
ભલો વંશ વિસ્તારનો ગર્વ ધર્તા,
નહીં દૈવથી દીલમાં લેશ ડર્તા;
નહી અગ્નિ દેવા રહ્યું કોઈ ત્યાંઈ,
સુણો કેફ કીધાતણાં સૂખ ભાઇ. ૬૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બધા દેશ મધ્યે ઘણો ત્રાસ વાગ્યો,
સુણી સર્વને અંતરે શોક જાગ્યો;
જુઓ જાદવોની થઇ ખૂરખાઇ,
સુણો કેફ કીધાતણાં સુખ ભાઇ. ૭૦
સુખે સંપિને સર્વ તીર્થે ગયાતા,
બડા ઘેરથી હર્ષવંતા થયાતા;
રહી હામ હૈયાની હૈયે સમાઇ,
સુણો કેફ કીધાતણાં સુખ ભાઇ. ૭૧

દોહરો.

માંહોમાંહિ લડી મુવા, કરમ હિણા થઇ ક્રોધી;
બળદેવે બાકી હણ્યા, શર સરવને શોધી. ૭૨

હરિગીત.

સર્વને શોધિ મારિને, બળદેવે દેહ તજ્યો જ્યાંહાં;
શ્રીકૃષ્ણ થૈ ઉદાસ, પીંપલ પાસ જ સુતા ત્યાંહાં. ૭૩
એવે સમે એક પારધી આવ્યો અચાનક જેટલે;
મૃગ જાણી માર્યો તીર તાકી કૃષ્ણ કાયા તેટલે; ૭૪
છાનો ખસ્યો એક સારથિ, તે આવી પાસ ઉભો રહ્યો.
તે સાથ કૃષ્ણે અંતકાળે, ઘેર સંદેશો કહ્યો. ૭૫
મધુપાનથી જે હાણ થૈ અરજુનને દેજે કહી;
પરિવાર લઈ આગરે જજે, દ્વારિકાં રહેશે નહી. ૭૬

દોહરો.

કૃષ્ણ કહે સુત સાંભળો, મધુમાં મોટું પાપ;
જેથી જાદવકુળ મુઉં, માટે દોષ અમાપ. ૭૭
જે મદિરા મુખમાં લહે, તે નહિ હિંદુ સોય;
મહા નેષ્ટ ગોમાંસથી,[1] સમજો મનમાં હોય. ૭૮
જુઠી પુરે શાહેદી, કરે ચોરિ વ્યભિચાર;
ખુની પ્રાયશ્ચિત કરી, વસે હિંદુ મોઝાર. ૭૯
પણ મદિરા પીનાર નર, શુદ્ધ કદી નહીં થાય;
શીસું રેડકાળી પીયે તો તેનું અઘ જાય. ૮૦
ઓખડ મદિરા જુક્ત જે, જેથી જીવ બચાવ;
તે પણ સ્પર્શે તેહનો, ન કરો ધારી ભાવ. ૮૧
સુકા ચર્મ ઉપર પડે, તિલભર છાંટો તેહ;
એ પશુ નિશ્ચે નરકમાં, પોહોંચે અવસર એહ. ૮૨
જપ તપ વ્રત બહુ દિન કરે, કરે તીરથ બહુ દાન;
પુણ્ય બળે તે પલકમાં, પિયે મદિરા પાન. ૮૩
દેવ નહિ પૂજા લહે, ગ્રહ ન લહે બલિદાન;
પૂર્વજ શ્રાદ્ધ ન સંગ્રહે, જો પિયે મધુપાન, ૮૪
મધુ પીનારો પતિત છે, માનુષ મૃતક સમાન;
[2]બાપની મિલકતમાં થકી, ભાગ ન યોગ્ય નિદાન. ૮૫
બ્રાહ્મણ જો મદિરા પિયે, ઉડે વેદ અધિકાર,
રાક્ષસ રૂપે જાણિને, તુરત કરો તિરસ્કાર. ૮૬
પાણી પિયે ચાંડાળનું, શુદ્ધ કદાપિ થાય;
પણ મદિરા પીનારનું, પાપ કદી નહીં જાય. ૮૭
જો ચાંડાળ ન મધુ પિયે, પિયે વિપ્ર મધુપાન;
ઉત્તમ એ ચાંડાળ છે, ભાખે શ્રી ભગવાન. ૮૮

ચોપાઇ.

કૃતઘ્નતણા અવગુણ બહુ કીધા, સારથિએ સઘળા સુણી લીધા;
કૃષ્ણ ગયા વૈકુંઠે જાણી, સારથી શક્યો ન ધીરજ આણી.
પડ્યો પૃથ્વિમાં મુરછા પામી, ખેદ થવામાં નહીં રહીખામી;
કરી પોકારને રડવા લાગ્યો, કોઇ આંસુ લોનાર ન જાગ્યો.
શુદ્ધિ આવ્યે ઉઠીને ચાલ્યો, દ્વારામતિનો મારગ ઝાલ્યો;
નાવે બેસી ઉતર્યો પારે, કરવા લાગ્યો વિચાર ત્યારે,
જાવું પુરમાં શું મુખ લૈને, સઉને સમજાવીશ શું કહીને;
સઘળી વાતો કહેવી પડશે, એ કહેતાં કેમ જીભ ઉપડશે.
એમ કરતો પુર દ્વારે આવ્યો, દરવાને દેખી બોલાવ્યો;
બોલી શક્યો નહિમુખથીવાણી;આંસુ પ્રવાહેઆંખભરાણી
દોરિ ગયા જન મળિદરબારે,પરિજન મળ્યા પૂછવા ત્યારે;
વસુદેવ ને દેવકિ આવ્યાં, ઉગ્રસેનને સાથે લાવ્યાં.
અરજુન આવી ઉભા સામા,રૂકમણી આદિક સઘંગી રામા
કહે ભાઇ સાજું માંદુ કોએ, છપ્પનક્રોટિ જાદવમાં હોયે.
બહુ નૌકામાંથી દુખિ કોઈ,કેમ આવ્યો તુ ધીરજ ખોઇ;
સુણી સારથી ઉચરવા લાગે,અક્ષરાશુધ્ધ બોલાય ન આગે;
રૂદન કરે લાંબો સ્વર તાણી,સુણી આવી સઉ જાદવરાણી.
એક જણી તો એમ વિચારે, કાંતો ચક્ર ફર્યું શિર મારે.
નિજપતિ સંકટ સમજે બીજી,તનુજવિનાશ વિચારેત્રીજી;
રામકૃષ્ણ દુઃખ દેવકી જાણે, એ અનુમાનકરી દુઃખઆણે.

---

૧ यःशतकृत्वेगोवधकरोतिसमहापातकी स्यात्सुरापानंतुसकृत्कृत्वेति मिताक्षरायां.

અર્થ—૧૦૦ ગૌહત્યા કરે અથવા એકવાર દારૂ પીએ તે પાપ બરાબર છે, એવું મિતાક્ષરામાં લખ્યું છે.

૨ मनुः ॥ सुरां पीत्वा द्विजो मोहादग्निवर्णां सुरा पिवेत्

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફરિફરિ પુછે ધીરજ આપી, તે નહિ બોલી શકયો તથાપિ;
હાય રામ કૃષ્ણ પુકારી, રૂદન કીધેથી સમજી નારિ,
મરણથયુંએમ પુછ્યુંજ્યારે,મુખ નીચું કરિ હા કહી ત્યારે;
રામકૃષ્ણનું મૃત્યુ જાણી, હાહાકાર થઇ પુરવાણી.
ઘર ઘર શોક થયો અતિભારી, રૂવે ઘણાં બાળક નરનારી;
સુણતાં તુરત પડયા કૈ ધરણી, વાતલખાઇશિકે નહિવરણી.

દોહરા.

વરણુની વાત બને નહીં, જાણે સઉ જોનાર;
રાંધી રહી રસોઇઓ, ઉપજ્યો શોક અપાર. ૧૦૨
રૂકમણી આદિક રાણીનો, વચન વિલાપ પ્રકાર;
કોણ સુણીને નહિ કરે, મદિરાને ધિક્કાર. ૧૦૩
રૂદન કરે બહુ રેવતી, હાય હાય કહિ મૂખ;
કંપે નહિ દિલ કેહનું, દેખી તેહનું દુઃખ. ૧૦૪
સારથિએ તે સરવની, ભેદન કરવા ભ્રાંત;
જે રીતે જાદવ મુવા, વરણવિયું વૃત્તાંત. ૧૦૫
શોકાતુર સરવે થયાં, દુઃખનો વાર ન પાર;
ફેરી વસ્તુને કર્યો, શિર ધુણિ ધુણિ ધિક્કાર. ૧૦૬
મદિરા ભાંગ્ય અફીણ પીએ, ગાંજાખોર ગમાર;
તે નરને ધિક્કાર છે, ધિક તેની જણનાર. ૧૦૭
પછી સૌના મનમાં વસ્યું, કરો પ્રભાસ પ્રયાણ;
પ્રીતમનાં મુખ પેખીને, ત્યાં જઇ તજીએ પ્રાણ. ૧૦૮
પ્રભાસ જૈ પોહોચ્યાં સઉ; રણથલ જોઈ વિકરાળ;
દેવકી ને વસુદેવજી, તજ્યાં પ્રાણ તતકાળ. ૧૦૯
ગીધ બાજ ને કાગડા, બગલાં મુડદાં ખાય;
જોઇ જોઇ જાદવ રાણિયો, બહુ મુર્છાગત થાય. ૧૧૦
કુટે નામ લૈ કેફનું, શાપે ફેરી સંગ;
જેણે ભોગ વિલાસનો, કિધો અચાનક ભંગ. ૧૧૧
નિજ પ્રીતમનાં નારીઓ, નિરખીં મનોહર મુખ;
ખૂબ રૂવે ખોળે લઇ, અનહદ ઉપજ્યું દુઃખ, ૧૧૨
સ્વામી હું સમજી નહીં, પીને ખોશે પ્રાણ;
ઘોડે ચડીઆ જે ઘડી, બાંધિ ધનુષ ને બાણ. ૧૧૩
નિરગે હતી હું નાથજી, શત્રુ ન જાણી શીશ;
મદિરા વેરણ માહરી, રહી હતી કેઈ દીશ. ૧૧૪
રૂકમણી આદિક[1] રાણિયો, તજી જીવત ઉછરંગ;
પાવક મધ્યે પરજળી, નિજ નિજ સ્વામી સંગ.૧૧૫

ચોપાઇ.

મરણ થયાં બહુ માનવી કેરાં, ઘાત કરીને મુવાં ઘણેરાં;
મદિરાને જીવ અર્પણ કીધો, ભોજનઉપર ભાતજદીધો.
માત વિનાનાં બાળક નાનાં,રોઈ મરે કોણ રાખે છાનાં;
અરજુનઉચર્યા ધીરજઆણી, શેષ સ્વજનને અનાથજાણી.
બહુજનશિક્ષા આપી બચાવ્યાં, મૃતકસરવનાં કૃત્ય કરાવ્યાં.
એવે સમે રત્નાકર રેલ્યો, ગઢ દ્વારિકાં ડુબાવી મેલ્યો.
વજનાભ રાજ્યાસન થાપ્યા, દેશ પ્રજાને પાલક આપ્યા,
બાકી રહ્યા બાળક વૃદ્ધ બાળા, તેને સંગ લઈ તતકાળા;
અરજુનપછીઆગરેસિધાવ્યા,મારગજ્યારેસોગાઉઆવ્યા;
કાબાએ કામનીઓ લુંટી, નહીં અરજુને ખણાઈ ચુંટી,
જૈને કહ્યું યુધિષ્ઠિર પાસે, તુરત હિમાલે ગયા ઉદાસે;
દીલીપતી પરીક્ષત કીધા, તેને દેશ પોતાના દીધા.
ખૂબ ખરાબ થયા સૌ હિંદુ, ઉડયા બધે મદિરાના બિંદુ
પુરેપુરે ને ગામે ગામે, રડે મનુષ મદિરાને નામે.
ધરે નિસાસા શીશ ધુણીને,મોત વિના કૈ મુવા સુણીને,
તે માટે તજજો સૌ તેને, આદરમાન ન દેશો એને.
ભાંગ્ય અફીણ ને ગાંજો જાણો,તે મદિરાની પ્રજા પ્રમાણો;
દુઃખનાં મૂળ ઉપજે એથી, જાય મનુષની બુદ્ધિ જેથી.
કેફીનો વિશ્વાસ ન કીજે, સારૂં મનુષ નહીં સમઝીજે;
જાદવ હતા બહુ જશવાળા,કેફ કીધાથી થયા મુખકાળા.
કિંચિત કરતાં કોઇદિન ભૂલ્યા,સેવી કેફ નહી ફરશો ફુલ્યા;
જે નર સાપ જતનથી ઝાલે, પણ મૃત્યુ પામે કોઈ કાળે.

દોહરા.

જો જાદવાસ્થળી સુણી, સમઝી સાચે મંન;
કરશે બાધા કેફની, તો પ્રભુ થશે પ્રસંન. ૧૨૭
જાદવનું દુઃખ સાંભળી, કેફ ન તજશે જેહ;
થઇ શત્રુ શ્રીકૃષ્ણનો, જશે નરકમાં તેહ. ૧૨૮
જો જાદવાસ્થળી સુણી, કરશે ચીત વિચાર;
પ્રભાસની જાત્રા થશે, બેઠા ઘરને બાર. ૧૨૯

---

[1] रामपत्न्यश्चतद् देहम् गुह्याग्निमाविशत्।
कृष्णपत्न्योऽविशन्नग्निरुक्मिण्याद्यास्तदात्मिक॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જો જાદવાસથળી સુણી, તજે કેફનો સ્વાદ;
પૂર્વજ થાય પ્રસન્ન બહુ, આપે આશિરવાદ. ૧૩૦
ઓગણીસેં ને સાતની, ત્રીજ તિથી ગુરવાર;
સુરતમાં[1] શ્રાવણ વદે, કરિ કવિતા સુખકાર. ૧૩૧
મૂળ વાસ વઢવાણ છે, ગુણવંતું જે ગામ;
શ્રીમાળી બ્રાહ્મણ કહે, નામે દલપતરામ. ૧૩૨
ઓછું અધિકું જો કહ્યું, ક્ષમા કરો તજી રીશ;
શ્રોતા જન સઉકો કહો, જય જય શ્રી જગદીશ. ૧૩૩

રાગ ધોળ.

સજ્જન સઘળાએ, કેફીનો સંગ ન કરવો;
સમજી કાળા સાપ સરીખો,પાપ ગણી પરહરવોરે,સજ્જન.
દારૂ પીએ તે દૈત સરીખો, કદી વિશ્વાસ ન કરીએ;
ભાંગ્યપીએતેભંગીઆજેવો, તેથીવેગળાતરીએરે. સજ્જન૧
પીએ તાડી તે પ્રેત સરીખો અફીણ ખાય તે એવો;
ગાંજાખોરતેગંડીઆજેવો, તેપણતજીએતેવોરે સજ્જન. ૨
સંગ કર્યાથી અંગ વળગશે, રંગ જશે બદલાઇ;
મનમાંહશેઉમંગઘણાતે,ભંગ થશે સઉ ભાઇરે, સજ્જન. ૩
પ્રથમ અફીણના પૈસા નહીં લે ઘરનું પાશે ઘોળી;
વળગાડીને થશે વેગળા, રહેશો ચક્ષુ ચોળીરે. સજ્જન. ૪
ખાશે કેફ ઘણા ગુણ ગાશે, પીશે ને તે વળી પાશે;
જાશે જરજોબનદુઃખથાશે, પછી ઘણા પસ્તાશેરે.સજ્જન.૫
સઊને સરખા કરવા ડોલે, બોલે વાત બનાવી.
નાક કટે જેમ નાત વધારી,ભોળાને ભરમાવીરે.સજ્જન.૬
આવા બોધને મેલી ઊંચા, લુચ્ચા દુરગુણ લેશે;
સારા જન સંતોષથી સુણીને,દોષ વિસારીદેશેરે.સજ્જન.૭
દોષ તજે સંતોષથી સુણીને, રોશ ગમે તો રાખે;
દલપતરામ તો દુનીયા મધ્યે,દેખે તેવું દાખેરે. સજ્જન. ૮

વર્તમાનપત્રો વિષે.

દોહરા.

વર્તમાન પત્રોથકી; સ્વદેશહિત થાનાર;
પણ જો તેના હોય શુભ, લાયક જન લખનાર. ૧
ન લખે નિંદા કોઇની, ન લખે જૂઠ વખાણ;
પક્ષપાતથી નવ કરે, કશિયે ખેંચાતાણ. ૨
કડવાં કથન લખે નહિ, દિલ નવ રાખે દ્વેષ;
સગાં ગણી સૌ લોકને, દે મધુરો ઉપદેશ. ૩
પ્રાંત પ્રાંતમાં પરવરી, વિચરી વાટે ઘાટ;
સારી નરસી ઉચરતા, ચરચા ચારણ ભાટ. ૪
એ પણ કામ અગત્યનું, ગણાય ગામો ગામ;
વર્તમાનપત્રો તણું, એ છે ઉત્તમ કામ. ૫
ભલિ વિધિ ચારણ ભાટને, દેતા છૂટ નરેશ;
આડું અવળું ઉચરતાં, રીસ ન ધરતા રેશ. ૬
રાજા તથા પ્રજા વિષે, સંપ થવા સર્વત્ર;
કરે સદા ઉશ્કેરણી, વર્તમાનનું પત્ર. ૭
જેમ ભર્યા ઘરમાં નહિ, દિવા વિના દેખાય;
વર્તમાનપત્રો વિના, જગ ચરચા ન જણાય. ૮
સો પુસ્તક ઇતિહાસનાં, સમાચારનું એક;
તે સમજો સમતુલ્યતા, વાંચો ધરી વિવેક. ૯
ચકચકતી ચઢતી કળા, દેશ તણી દેખાય;
વળિ વિદ્યા ને હુનરનાં, સ્થાનક ઘણાં સ્થપાય. ૧૦
મળે વળી મુજ દેશિને, અતિ ઉત્તમ અધિકાર;
વાતો એવી વાંચીએ, કરે જગત કર્તાર. ૧૧
વહેમ ઘટે વિદ્યા વધે, બને સુધારો થાય;
દેશાટન કરવા વળી, જન હિંમતથી જાય. ૧૨
સમાચાર એવા સરસ, વાર વાર વંચાય;
એવો અવસર આણજે, રૂડા જગના રાય. ૧૩
પ્રતિ દિન પ્રગટે પત્રમાં, વધામણીની વાત;
ઓ ઇશ્વર તું એટલું, દેજે દિન ને રાત. ૧૪
અતિ એ પત્ર અગત્યનું, ગણાય ગામો ગામ;
આશિષ એવી ઉચરથી, દે છે દલપતરામ. ૧૫

(ગુજરાત ગેઝીટને વાસ્તે કલેકટર સાહેબની ફરમાસથી આ કવિતા રચી હતી. તા૦ ૨૯ મી નવેમ્બર સને ૧૮૭૦)

સ્ત્રી વિષે.

સ્ત્રી કેળવણી.

દોહરો.

ભલું ભણાવો પુત્રિને, તો શાણી થાનાર;
સદૈવ સુખ પામી કરે, આશિર્વાદ ઉચાર. ૧

---

[1] ૧. ત્યાંની પરહેજગાર સભાને વાસ્તે આ કવિતા કરી હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભુજંગી છંદ.

ભલી તો થશે જો હશે તે ભણેલી,
બહુ સદ્ગુણો શિખિ સારી બનેલી;
વિચારી વિવેકે વસ્રૂ વાવરીને,
દિયો દાન વિદ્યા તણું દીકરીને. ૨
ઘણું આપિયે જો ઘરાણું ઘડાવી,
પતિ તેનિ પાસેથી લેસે પડાવી;
નહિ ઊતરે પાર તેથી તરીને,
દયાથી વિદ્યાદાન દ્યો દીકરીને. ૩
સદા સદ્ગુણી જ્યાં હશે ત્યાં સમાશે,
ખરાબોલિ જે બોલશે તે ખમાશે;
સ્વભાવેથી શોભાવશે સાસરીને,
ભલા જ્ઞાનનું દાન દ્યો દીકરીને. ૪
ઠગાઈ થકી તે કદી ના ઠગાશે,
દગાથી ન વૃત્તિ કદાપી ડગાશે;
છળે કોણ તેને જશે છેતરીને,
ભલા જ્ઞાનનું દાન દ્યો દીકરીને. ૫
મળે મોટિ વિદ્યાથકી માણસાઈ,
ટળે તેથિ અજ્ઞાન ને આળસાઇ;
નહિ ફેલ મધ્યે ફસે તે ફરીને,
દિયો દાન વિદ્યા તણું દીકરીને. ૬
ન પ્હોચે હમેશાં પુરૂં હોય પલ્લું,
કદી કાળ કાંડા થકી જાય કલ્લું;
નિજો તોય ભંડાર વિદ્યા ભરીને,
દયાથી વિદ્યાદાન દ્યો દીકરીને. ૭
સુ વિદ્યાર્થી સંતોષ ને સૂખ પામે,
સુ વિદ્યાર્થી સારી સદા કીર્તિ જામે;
સુ વિદ્યા થકી ધૈર્ય રાખે ધરીને,
દિયો દાન વિદ્યા તણું દીકરીને. ૮
સુ વિદ્યા સખીની પઠે સૂખ આપે,
સુ વિદ્યા કુમારીતણાં કષ્ટ કાપે;
સુ વિદ્યાર્થી સંભાળી દેખે ડરીને,
દયાથી વિદ્યાદાન દ્યો દીકરીને. ૯
ભણેલી ભલી ભાત ચાલે સમાળી,
ભણેલી ગણાશે સદા સદ્ગુણવાળી;
સુખે સંપને રાખશે સંઘરીને,
દયાથી વિદ્યાદાન દ્યો દીકરીને. ૧૦
ભલીભાત જેણે ન વિદ્યા ભણાવી,
પિતા માતને પાપથી પેટ આવી;
અતી શાપ આપે પિડા ઉચરીને,
દિયો દાન વિદ્યાતણું દીકરીને. ૧૧
નહિ જે ભણી તે નકી નેણુ હીણી,
સતી સદ્ગુણો તે શકે કેમ વીણી;
અરે એજ માટે અતી આદરીને,
દયાથી વિદ્યાદાન દ્યો દીકરીને. ૧૨
અહો આપ દેશી જનો આજ આમે,
રચ્યા છે રૂડા છંદ દલપત્તરામે;
હવે હોંશથી રાખીં હૈડે હરિને,
દયાથી વિદ્યાદાન દ્યો દીકરીને. ૧૩

દોહરા.

સ્રિયો સુધરશે તોજ ફળ, ઉત્તમ થશે અથાક;
પૃથ્વિ સુધરશે તોજ ત્યાં, પાકે સારો પાક. ૧૪
મણીતણી શોભા ઘણી, બણી ઠણી રહીં તોય;
નારી સારી નહિ દિસે, ભણી ગણી નહિ હોય. ૧૫

સોરઠો.

ભણતરથી ભ્રમ જાય, તો ભણતર સાચું ભણી;
ભણેલીં ભોળી થાય, તો ભણતર ભંડકો ઉઠયો. ૧૬

ખુરશી પ્રતિ પ્રશ્ન.

દોહરા.

તું તનુજા ધનવંતની, કે તુજ પિતુ કુળવાન;
શાકારણ સરવે તને, મહીપતિ આપે માન. ૧૭

ઉત્તર.

બે શાળામાં બાઈ હું, પામીં સરસ સુધરાઇ;
જાત અસલ છું જંગલી, ગૃહસ્થ જોગ ગણાઇ. ૧૮

મનહર છંદ.

જંગલની ઝાડીઓમાં ઉપજી ઓલાદ મારી,
ભીલપાસે ભાળીને સોદાગરે સોદો કર્યો;
સોદાગર પાસેથી સુતારે પછી સોદો કરી,
શાળામાં સુધારી તોય સ્વારથ નહિ સર્યો;
પામવાને નેતર બેસારી બીજી શાળાવિષે,
પામી ત્યાર પછી વર શ્રીમંત મને વર્યો;
કોણ પુછે કુળતણું મુલ દલપત કહે,
પામી માન તે પ્રતાપ કેળવણીનો ઠર્યો. ૧૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇંદ્રવિજય છંદ.

તાત તમેદિનરાતદયાકરિ, નિતિનિનિત્ય કહી કવિતાજી,
જેમજુઓજદુનંદનેજુક્તિથી,અર્જુનઆગળગાઇગિતાજી
તેમતમારિશિખામણહું,શુણીશીખિશિખામણજેમસિતાજી
તેભવમાંનહિભૂલિશકુ, પઢિરાખિશપાઠપવિત્રપિતાજી. ૨૦

પરિસંખ્યાલંકાર

મનહર છંદ.

ત્રણ ચણોઠિયો તુલ્ય વદે લોક વાલ થાય,
તેતો વાલ તોળવાનો નહિ જાત દાળની;
ગજથી ભરાય લાંબી થાય બેશ બસે ગજ,
પાટી તેતો પલંગની નહિ તે નિશાળની;
ઘડીઓ તો પાણીથી ભરાય અને ખાલી થાય;
તેતો ઘટમાળ તણી કહો નહિ કાળની;
સુયાણી[1] સકળ કળાવાળી દલપત કહે;
તેતો વિદ્યાવાળી ન જણાવ નારી બાળની. ૨૧

દોહરા.

ચતુરા બીજી ચોપડી, જો નીતિ ગુણ ગાય;
સુધરે તેનો સોબતી, નહિ તો તે રહી જાય. ૨૨
ભામનિયોમાં ભોળપણ, ખરે ખરો એ ખેદ;
મટાડવામાં મન ધરો, એ સિરપાવ ઉમેદ. ૨૩

બાળલગ્ન નિષેધ વિષે

બાળ લગ્નના ચાલથી, થાય ઘણાં નુકસાન;
પ્રજા બધી નિર્બળ બને, થઇ ન શકે વિદ્વાન. ૨૪

પ્રતિષેધ અલંકાર.

મનહર છંદ.

સમજુ સમજુ મળી સમજુને સમજાવો,
કરો સારાં કામ તે અન્યાય નથી કરવો;
રૂડે દાડે ઘેર ઘેર રોવા કુટવાની રીત,
તોડી નાંખવી તેતો સમુદ્ર નથી તરવો;
કરજ કરીને વરા કરવાનું કાઢી નાંખો,
તે તો ખોદી ડુંગરને દૂર નથી ધરવો;
બાળલગ્ન બંધ કરો કહે દલપતરામ,
તેતો કોઇ પ્રાણીતણો પ્રાણ નથી હરવો. ૨૫

---

૧. સુયાણી અથવા પ્રસવ કરાવનારી તે પણ સુયાણી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વૃક્ષ પ્રબંધ કવિત.

બાળ પણ પરણાવે પણ ન વિચારે વાત,
નવીનજ ક્રૂર ફળ નજરે નિહાળિયે;
રે નિલાજ લોક તમો લાજ લેશ કાં ન રાખો
લેશ બુદ્ધિ હોય તો કુબુદ્ધિ એવી ટાળિયે;

Leaf (left)	Trunk	Leaf (right)
યે ળિ બા	મન	
જ આ જ મો	જન પસ	બા ળ કો ના
યે ળિ ભાં	ભાવી છેસં	ચા લ વા નો
રો ક શી બે	પમ ઘડી	ર ણુ હ ઠે
યે ળિ ટા	ચાર પવી	આ ગ ળ થી
ખો રા ન કાં	બુદ્ધિ લેશ	હો ય તો કુ
યે ળિ હા	લાજ રેની	લો ક ત મો
ત વા રે ચા	નજ નવી	ક્રૂ ર ફ ળ
	પણ બાળ	પ ર ણા વે

એ વિચાર આગળથી ચારઘડી બેશી કરો,
ઘડીએ મરણ હઠે એમ છે? સંભાળિયે;
છે સંભાળી ચાલવાનો ભાળીએ સમોજ આજ,
એ સજન બાળકોના જનમ ન બાળિયે. ૨૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇંદ્રવિજય છંદ.

બાળપણે પરણાવિયે બાળક આવક તે મહિ શી બતલાવો.
મોટપણે કરતાં પરણેતર, જાવક તે મહિ શી સમજાવો;
જો ઉલટું સુલટું કશુએ થયું, પૂરણ પાછળથી પસતાવો,
આવકજાવકભાવિક[1]બાળિપ્રજાપછિપાવકમાં[2]પધરાવો:૨૭

ઘરસૂત્ર વિશે.

મનહર છંદ.

પ્રમદારૂપી પ્રધાન સાથે મળી પ્રજાપાળ,
સંભાળે જે ઉપજ ને ખરચ શું થાય છે;
કદી બાળકો લડે કે કુટુંબમાં કલેશ થાય,
ફોજદારી દિવાનીના ફેંસલા ચુકાય છે;
જેને જેમ ઘટે તેને તેવી રીતે રાખવાને,
સામ દામ ભેદ દંડ એ ચારે ઉપાય છે;
રાજ ચલાવે કે ઘર ચલાવે તે બરાબર,
ઘરધણી પણ નિજ ઘરતણો રાય છે. ૧

દોહરા.

આંટી કાઢે અકલથી ઘુંચ પડે ન મુંઝાય;
તાણીને તોડે નહિ, તો ઘરસૂત્ર ચલાય. ૨
ઘર સૂતરને ફાળકે, ઘણી ઘુંચવણ વીર;
તાણી તોડે આકળો, ધિમે ઉકેલે ધીર. ૩
તંત અત્યંત ન તાણિયે, તાણે તૂટી જાય,
જો તૂટ્યાં મન સાંધિયે, વચે ગાંઠ પડિજાય. ૪
પરણીને ઘર માંતાં, સદા સહનતા તાક,
પરણ્યા પહેલું પોંખતાં, સાસુ તાણે નાક. ૫
ચાખે કે ચાખે નહિ, તે બંને પરતાય;
એવું છે સંસાર સુખ, લક્કડ લાડુ પ્રાય[3]. ૬

પતિવ્રતા.

ઉપજાતિવૃત્ત.

પતિવ્રતા સુંદર વસ્ત્ર દારા, પતિપ્રિયા તે શણગાર સારા;
સજ્યાથકીજેમકઢુંજ શોભે, તો તે વિનાનું નર ચિત્ત લોભે.

મનહર છંદ.

સ્વામી વશ થતો નથી સોળ શણગાર સજે;
સ્વામી વશ થતો નથી અંગતણા રંગથી;
સ્વામી વશ થતો નથી પિયરના પૈસાથકી,
સ્વામી વશ થતો નથી સદા રહે સંગથી;
સ્વામી વશ થતો નથી પુત્રનો પ્રસવ થયે,
સ્વામી વશ થતો નથી ધૂર્ત જેવા ઢંગથી;
કામનીને વશ કંય થાય દલપત કહે,
પ્રેમ ઉર આણી પાળે આગના ઉમંગથી. ૮
જ્ઞાનીને તો વશ કરે જ્ઞાનની ગાથાઓ ગાઇ,
માનીને તો કરે વશ નિત્ય નમ્રતાઇથી;
કૃપણને કરે વશ કરીને કસર ઘણી,
ક્રોધીને તો કરે વશ ખામુખા ક્ષમાઇથી;
મુરખને કરે વશ મીઠી મીઠી વાતો કહી,
ફૂલણને કરે વશ ફુલાવી ફુલાઇથી;
કહે દલપતરામ કામની ચતુરા કંય
ચતુરને કરે વશ ચિત ચતુરાઇથી. ૯

છત્રીઉક્તિ.

ઇંદ્રવિજય છંદ

જો શિર છત્ર કરી મુજને, પકડે પતિ પ્રેમથી હાથથી હાથે,
તો મુજ પંડ પ્રફૂલ્લિત થાય, સમાય્ શકાય ન બે ભુજ બાથે;
હું પતિનો પરિતાપ હરૂં, વળી જોડ જણાય સુશોભિત સાથે,
કાય કરોચલિયો વળી જાયજ, જો પદ નીચ દિધું નિજનાથે.

દોહરા.

નિશ્ચળ મન જે જનતણું, ટળે ન તેની રીત;
ગુસ્સો કર્યે ઘટે નહિ, પતિવ્રતાની પ્રીત. ૧૧
પતિ મુખ[1] રવિ શશિ પતિ મુખ, પરસ્ત્રિ પૃથ્વિપ્રમાણ;
ચંદ્ર ગ્રહણ નહિ ચાહિયે, સૂર્ય ગ્રહણ શુભ જાણ. ૧૨

સોરઠા.

જેવું મન જે સાથ, લક્ષ્યાઇ લાગી રહ્યું;
અમે ન બીજી ગાથ, રહે લીન તદરૂપ થૈ. ૧૩
દૃઢ જ્યાં લાગ્યું ધ્યાન, વળતી બીજું વીસરે;
ભૂખ તરસનું ભાન, હૃદયામાંહિ રહે નહીં. ૧૪

---

૧. ભાવિક–ભવિષ્ય. ૨. પાવક–બાળલગ્ન રૂપી દેવતામાં. ૩. પ્રાય–ઘણું કરીને.

૧. પતિ મુખ સૂર્ય જેવું અને પત્નીમુખ ચંદ્ર જેવું છે. તે ચંદ્ર સૂર્યના તેજથી પ્રકાશિત થાયછે, એ બેની વચમાં પરસ્ત્રીરૂપી પૃથ્વી આવી પડે તો ચંદ્ર ગ્રહણની પેઠે, પત્નીનું મુખ નિસ્તેજ થઇ જાય; અને તે ચંદ્ર ગ્રહણ થયું કહેવાય; પણ જો પરસ્ત્રીરૂપી પૃથ્વી ઉપર પતિ રૂપી સૂર્યનો પ્રકાશ પડતો હોય, તે બેની વચમાં પત્નીરૂપી ચંદ્ર આવે તો સૂર્ય ગ્રહણના જેવો દાખલો બને, મતલબ કે પૃથ્વી નિસ્તેજ થાય; માટે તેમ થાય તો સારૂં.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

મનહર છંદ.

સંસાર તરુનાં મૂળ પતિ અને પતની છે,
ગણી જોતાં ગણત્રીમાં પ્રત્યક્ષ ગણાય છે;
સંપ ને સલાહ હોય એકમાં સડો ન હોય,
તોજ તાજું તરુવર જોતાં તે જણાય છે;
ફાલીને ફેલાય સુખી સદૈવ દેખાય વળી,
વિશ્વ વિષે વિવિધ પ્રકારે વખણાય છે;
બંનેમાંથી એકતું જો અંતર સડેલું હોય,
તો તે દુઃખી દીસે ક્યાં તો હયાતી હણાય છે. ૧૫

પતિઉક્તિ.

સોરઠો.

પ્રથમ સરસ પંકાય, ઝલે કસુંબાની જુઓ;
જલદી ઉડી જાય, કહો રંગ શા કામનો. ૧૬
"મતલબ કે તમારી પ્રીતિ પહેલાંહતીતેવીહમણાંનથી."

ઉત્તર–મનહર છંદ.

આપણા કસુંબગર કસુંબો ચઢાવે છે તે,
થોડાજ દિવસ સુધી શોભા સારી ધારે છે;
વિલોકો વિલાયતી કારીગરોની કારીગરી,
પાકા રંગે કેવાં સારાં વસ્ત્ર શણગારે છે;
ટુક ટુક થાય તો શું થાય રંગ જાય નહિ,
એવું કોણ છે કે એના રંગને ઉતારે છે;
આપતણી પાઘડીમાં કસુંબાનો કાચો રંગ,
પાકા રંગવાળી અંગ ઓઢણી અમારે છે. ૧૭

ઇંદ્રવિજય છંદ.

રંગતણી ચટકી ચડી જે દિન,જ્યાં અડકાવ કરી અટકી;
પાણિઉકાળિપખાળિજુઓ, વળિપત્થરસાથજુઓપટકી;
તોડી વછોડી મરોડી જુઓ, કદિકાતરે કાપિ કરો કટકી;
કોટી ઉપાય કિયે દલપત, ન ટાળિ ટળે ચઢિ તે ચટકી.

મનહર છંદ.

આ ગતિ હું અહોનીશ માગતી, માતાને પગે
લાગતી લગાર ભેદ ભાગતી ભરમમાં;
ધારતી રૂદેમાં દેવી ભારતીનું ભલું રૂપ,
આરતી ઉતારતી ઉતારતી મરમમાં;
કાનમાં ધરતી કથા ગાનમાં હું ગાતી ગુણ,
દાનમાં માગતી પતિ ધ્યાનમાં ધરમમાં;
રાતમાં પોઢી ઉઠી પ્રભાતમાં પ્રભુને ભજી,
આતમમાં ઇચ્છતી મહાતમા કરમમાં. ૧૯

દોહરો.

મુજ પતિ મળ્યો મહાતમા, જ્ઞાની ગુણ ભંડાર;
પામી પ્રભુ પ્રતાપથી, ઇચ્છિત સુખ સંસાર. ૨૦

નઠારી સ્ત્રી વિશે.

મનહર છંદ.

કામનીના કામની કહેલી જે કથા મનીશી,
કામની છે શિક્ષા તે તો કામની તમામની;
કામની જે કરે નહિ ચિંતા ઘર કામની તે,
નિર્લજ નકામની કિમત બે બદામની;
કામની કામની જેવી કંથમાં ન કરે પ્રીત,
કુંભારના કામની તે ગદ્ધિ જેવી ગામની;
સારાં કામ કાજ નિત્યે કરવા કામની કીધી,
કામની જે આળસુ તે કામની શા કામની. ૨૧
સારી સુઘરાઇથી ઘરાઇ સુઘરાઇ બાઇ,
સંસારમાં તે તો સદભાગણ ગણાય છે;
ભણી ગણી નહિ ભરથારથી ભુંડાપો પામી,
વિશ્વમાં તે વનિતા વેરાગણ ગણાય છે;
ખારીલી જે નારી વાણી નઠારી ઉચારી જાણે,
નારી નહિ એ તો કાળી નાગણ ગણાય છે;
કુલટાના કંથને તો કહે દલપતરામ,
ફકત સદૈવ માસ ફાગણ ગણાય છે. ૨૨

વ્યાઘાતાલંકાર.

કુભારજા કંથને મનાવા માટે કહે કેણ,
હું તો તુંથી હારી હવે માટે મારી માગું છું;
માણસો મળી મને કહે છે કંથને મનાવ,
માટે હું મનાવા આવી ભ્રાંત તારી ભાગું છું;
તેં તો વાળ્યો આરો આંક ટાંક મારો વાંક નથી,
રંક બની બધી રીસ રૂદયાની ત્યાગું છું;
રોયા તારી બધી રીસ મૂક કર્યું તારૂં કાળું મોઢું,
પીટયા તને હું પચાસ વાર પગે લાગું છું. ૨૩

ઇંદ્રવજ્રા છંદ.

જેસુંદરીગોરિગુલાબજેવી, આખીપ્રજામાંવખણાયએવી;
કાંટાપતીનુંદિલમેદિનાંખે, તેકોણજાણેપતિદુઃખસાંખે. ૨૪

ઇંદ્રવિજય છંદ.

શંખણિનારિનકી સુધરે ન, સહસ્ર ઉપાય સજેમનસાચે,
અંતર ટેક ટરે ન શિખામણ, દંભથી[1] ભેદભણેભચિડાચે;

[1] દંભ–રાજી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોટિ પ્રયત્નકરે કદિકોઇ, કહો જળ કેમરહે ઘટ કાચે,
કાળું કલેવર જન્મથકી થયું,તોમુખ રાતુંરહે ન તમાચે.

દોહરા.

પગમાં તો નેવળ[1]ધર્યા, નાકે ઘાલી નાથ;
હાથે નાંખ્યાં ડસકલાં, ત્યારે રહી સ્ત્રી હાથ. ૨૬
લાજ શરમ તો આંખને, તે તો કાળી કોધ;
મુખ ઉપર પણ મૂછ નહિ, પછી શરમ શી વીધ.૨૭
કાળું ઓનું કાળજું, ઓઠે ટપકું શ્યામ;
હૈયે તે ઓઠે વસે, એ કહેવત છે આમ. ૨૮

ઇંદ્રવિજય છંદ.

પંડપ્રયત્ન વિના પટનોનટળે, મળ જોજળપૂર જતાથી,
પાણિવિનાપરિપૂર્ણઉપાયથી, છોડઉગેનહિબીજછતાથી;
દષ્ટિ ધરેનહિતોદલપત્ત, લવિંગમળે ન લવિંગ લતાથી,
બુદ્ધિખરીપણબોધવિના, દિલમાંઅતિખેદઉઠે નખતાથી.

દોહરો.

પતિ કરતાં પૂરો ધરે, પલ્લા ઉપર પ્યાર;
એક સખીએ એવિને, દિધી શિખામણ સાર. ૩૦

સખી વચન.

છત્ર પ્રબંધ સવૈયો.

થીરઘરાણું રહે ન તમારૂં, લડાઇ ન રોજ લડો વરથી
રાખવું થીર શરીર ઘરે, ખિણવાર ન બાર ખસો ડરથી
સર્પ વિંછી પણજોસુખ, તે ન ગણોછકિ રાનતણું દરથી
ઉત્તર—થીરઘણુંતનરાખિસકીનનકીસખીરાનતણું ઘરથી

૧. કહ્ના રૂપી બેડી.

૧. આ ઘરના કરતાં નકકી જંગલનું સુખ થીરગણું છું.



દોહરો.

પુરુષ અને સઉ પ્રેમદા, જો સુખ ચાહો ચીત;
રામ સીતાની રીતની, કરો પરસ્પર પ્રીત. ૩૨

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

શુક સંદેશો.

ઉપજાતિ વૃત્ત.

સીતાસતી શોચતિ જે સમામાં, અશોક નામેવન પિંજરામાં;
ન નાસવાનો અવકાશ આવે, દશાસ્ય માંજાર દિલે ડરાવે. ૧

ફરેહરે ત્યાં ફળ ફૂલ ખાઇ, મુખે ન લે અન્ન અને મિઠાઇ;
તપોવને જેમ તપસ્વી તાપે, જીભે જગતપાલક નામ જાપે.૨

દિઠો સિતાએ સુડલો સ્વદેશી, સુબોલ બોલ્યો તરુ શીશ બેસી;
સમે વિચારી વચનો સુહાતા, જરૂર બોલી જનકાત્મ જાતા.૩

અરે સુડા હું અરજી ઉચારૂં, મટાડ મોટું દુઃખ દેખી મારૂં;
પિયુ વિનાની પરિપૂર્ણ પીડા, કરે દિલે દંશન જેમ કીડા.૪

વિહંગ સર્વે વર્ષાદ કાળે, વસે કુટુંબી મળિ એક માળે;
વસે વિદેશે તજી નારિ નાની, કહો સુડા તે કહું રીત ક્યાંની.૫

અરે સુડા ઉત્તમ અંગ તારૂં, કહું તને તે કર કામ મારૂં;
વિદેશમાં વલ્લભ જે વસ્યાછે, ઠગી મને ત્યાં થિરથૈ ઠસ્યા છે.૬

છમાસમાં આવન આશ આપી, તદે ગઇ તે નમળ્યા તથાપ;
વિજોગની પીડ વિશેષવ્યાપી, જતાનથીપ્રાણુ તથાપિ પાપી.૭

હવે જઇ તું પ્રિય નાથ પાસ, પીડાતણી વાત પુરી પ્રકાશ;
તમો વિજોગે તરૂણી તપે છે, પિયુપિયુ જાપ જિભે જપે છે.૮

કદી કળાપો મનમાં કરે છે, કદી અતીશે દુઃખ ઉચ્ચરે છે;
કદી વધીજાયવિજોગજ્વાળા, બળીબળીબોલશકે સુબાળા.૯

અને કરે શું અબળા બિચારી, અગાધ લજ્જા જળમાંઉતારી;
વદી શકે કેમમુખેથિ વાણી, મરે બિચારી મનમાં મુંઝાણી.૧૦

અપંગ અંગે અકળાયએવી, શુકી[1]પડી પિંજરબંધ જેવી;
ઉપાય એકે ઉરમાં ન આવે, મનોરથો યે મનમાં સમાવે.૧૧

વિજોગના વાસર કેમ વીતે, રહે સદા ચિંતવતીજ ચિત્તે;
ભૂખી મરે ભોજન કેમ ભાવે, અધીરતા તો ઉભરાઇ આવે.૧૨

જુએ વળી જ્યાં જલદાભ્ર[2] જાતે, રહે નહીં કષ્ટ કશું બકાતે
કહે વળી વાદળિને કહું કે, મને ઉપાડી પિયુ પાસ મૂકે. ૧૩

પિયૂ વિજોગે વધિ પ્રૌઢ પીડા, કહી શકે શું નહિ બાળક્રીડા;
વળી વિશેષે વિજળી ઝબૂકી, મનોજ તેં ઓળમણા ન મૂકી.૧૪

વિલાસ તે જ્યાં વિજળી કરે છે, સમીપ સ્વામી સુખઓસરેછે;
વિજોગણી કેમ સહે વિલોકી, રૂચીરૂદેની ન રહેજ રોકી.૧૫

તથા વળી મેઘધનુષ તાણ્યું, જરૂર તે તો સ્મરચાપ જાણ્યું;
દયા તજી મન્મથ માર દેશે, વિજોગણીનો ઝટ જીવ લેશે.૧૬

મયૂર તેવી તક માંહિ બોલે, ફરી ફરી કાળજડુંજ ફોલે;
ઉઠે સુણી અંતર માંહિઝાળ, કટારના ઘાવ થકી કરાળ.૧૭

સમુદ્ર સામી સરિતા વહે છે, સ્વનાથનો સંગ ચિત્તે ચહે છે;
વિજોગણી સ્ત્રી વરસાદ વારે, વિલોકિને ધીરજ કેમ ધારે.૧૮

દિલે દિવાનાથ[1] દયાળુ દીસે, અયોગ્ય દેખી નશકે અતીશે;
ઉપાય એનાથિબનીનઆવે, સ્વવક્ત્ર[2]લે વાદળમાં છુપાવે.૧૯

વિજોગણીયો વરસાદ લાગે, કરી સ્તુતી કંથ મિલાપ માગે;
યથાઅદાતા સુણિને કવીતા, તથા છુપે વાદળમાં સવીતા.૨૦

પ્રવાહ ને નાસ્તિક બોધ ગ્રંથો, સુપંથના જેમ કરે કુપંથો;
પ્રવાહ આંસૂ દગથી પડેછે, સુ ધૈર્યના મારગને નડે છે.૨૧

વળી વિલોકી વનવાળિ વેલી, તરૂતણે કંઠ તટે મળેલી;
વિજોગણી ઉરવિચાર આવે, મને પિયુ આમલઇ લગાવે.૨૨

દયા હવે તો દિલમધ્ય લાવો, હવે ધણી થઇ ઘર તર્ફ આવો;
સુવાક્યએવાંપિયુનેસુણાવી, સ્વધામમાં લાવસુડામનાવી.૨૩

વિજોગણીના દુઃખકેરિવાણી, વિશેષ સંક્ષેપ કરી વખાણી;
સુદંપતી કારણ છંદ આ મેં, રૂડા રચ્યા છે દલપત્તરામે.૨૪

સોરઠો.

વરસે બહુ વરસાદ, વળી ઝબૂકે વીજળી;
આવે સજ્જન યાદ, વધે વિરહની વેદના. ૨૫
નદી સ્વરૂપી નાર, સાગર સામી ઉલટી;
પિયુ મળવાનો પ્યાર, કર્તારે કેવો કર્યો. ૨૬

દોહરો.

ઇચ્છિત એક અરથ વિના, સઘળું અશુભ જણાય
પુષ્પ ચંદ ધન પતિવિના, વિરહણિયે ન સહાય. ૨૭

ઇંદ્રવિજય છંદ.

લંકપુરી સરખું નિરખું પુર, બાગ બન્યો તરુ થોકજતેવો,
તે ફરતું વરસાદ તણું જળ, કોઇ કહે રતનાગર કેવો;
સ્વામી વિના દુઃખપામિ પુરૂં, ધનઘોરચડ્યો ઉપજેભયએવો
જાણુંચડયોસજિસેનડરાવન, રાક્ષસશ્રાવણુરાવણુજેવો. ૨૮

---

[1] શુકી–પોપટની માદા. [2] વર્ષાદની વાદળી.

[1] સૂર્ય. [2] સ્વવક્ત્ર–મુખ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મનહર છંદ.

ધરૂં છું હું ધ્યાન ને વિચરૂં છું વિદેહી જેમ,
ફરૂં છું ફિકરમાં સમરૂં છું શ્રી કંથને;
ભરૂં છું હું શ્વાસ ને ઉચરૂં છું અરે મુરારી,
ડરૂં છું હું દેવથી આદરૂં છું જો અંતને;
ક્ષરૂં છું કંકાશ તો હું ઠરૂં છું હડીલી હવે,
મરૂં છું મુંઝાઇને છાવરૂં છું અત્યંતને;
હરૂં છું હિમત તો ઉગરૂં છું આ અવસરે,
ફરૂં છું ગાંડાઇમાં જો વરૂં છું[1] વસંતને. ૨૯

દોહરો.

એ રીતે સીતા સતી, ઉચરે નિજ દુઃખ આપ;
પ્રિયા વિજોગે રામ પણ, વનમાં કરે વિલાપ. ૩૦

ઉપજાતિ વૃત્ત.

પ્રિયાપ્રિયા શબ્દજપૂર્ણ પ્રેમે,કહ્યો મુખે અન્ય કહ્યુંનકેમે;
પ્રલેતણીપાવકજવાળજાગી, અપૂર્વએવીઉરઆગલાગી.૩૧

ઉપેંદ્રવજા વૃત્ત.

વસે વસુધા વિરહાગ્નિ કુંડ, પ્રલે પ્રમાણે પ્રજળે પ્રચંડ,
સદ સમેત્યાંસળગેસમિદ્ધ, પ્રિયાવિજોગીપુરૂષોપ્રસિદ્ધ. ૩૨
રટયોમુખેએકઅતીરતીયે[2], સિતાસિતાશબ્દસિતાપનીયે,
ગમેનજીજીકરવાનિકાંડા,પ્રિયાવિજોગવત્રિપ્રૌઢ પીડા. ૩૩

ઈંદ્રવિજય છંદ.

ચિંતનચિત્તચડયુંજ રહે, પકડયુંજ રહે કર પત્ર પ્રિયાનું,
સંકટ નિત્ય નડયુંજ રહે,અતડુંજ રહે સુખ સર્વ સમાનું;
અંતરધ્યાન અડયુંજ રહે,રખડયુંજરહે મનથૈમસતાનું,
પ્રેમનુંજોરજડયુંજરહે,ઉખડયુંજરહે મેજઆવરદાનું. ૩૪
શોકથિ નાહિ સ્વતંતરતા, પરતંતરતા પરિપૂર્ણ પમાઇ,
વૈદવિવેક અનેક કરે પણ, એક છટા રહે છેક છવાઈ
જંતર મંતર તંતરથી, પરતંતરતા ન પડે પલટાઇ,
જોતિષજાણનજાણિશકે, દલપતદશા દરસેદુઃખદાઇ. ૩૫

દોહરા.

જે જ્ઞાતી ને સદ્‌ગુણી, વર્તે દંપતિ એમ;
રૂદયે સીતા રામ સમ, ધરે પરસ્પર પ્રેમ. ૩૬
તમે વિચારીને તજો, મિથ્યા કુળ અભિમાન;
રામ સીતાસમ નિરખિગુણ, દ્યો કન્યાનું દાન. ૩૭

---

૧. વસંતનું સુખ ભોગવું તો ઘેલી ઠરૂં.
૨. પ્રીતિથી.

સુખ પામે જે સ્થળ સુતા, ઉત્તમ કુળ તો એહ;
દુહિતાને બહુ દુઃખ પડે, ગણો તુચ્છ કુળ તેહ. ૩૮

ઉત્તમ કુળવિશે.

દોહરો.

જે અબળા ઉત્તમ કુળે, પ્રીતે પરણી હોય;
પૂરણ સુખ તે પામશે, કષ્ટ ન પામે કોય. ૧

ચોપાઈ.

જે કુળમાં સંપૂરણ સંપ, જે કુળમાં જનને બહુ જંપ;
કરે સદા કીર્તિનાં કામ, ઉત્તમ કુળ તો એનું નામ.૧
અહોનિશા જેને આવાસ, વિદ્યા ને લક્ષ્મીનો વાસ;
જ્યાં સુખ દીસે આઠેજામ, ઉત્તમ કુળ તો એનું નામ.૨
ચોખાં ધારે અંગે ચીર, ભલુંજ જેનું મન ગંભીર;
તેવા જન ઘર માંહિ તમામ, ઉત્તમ કુળ તો એનુંનામ.૩
ઉત્તમ ધંધો જે આદરે, દ્વેષ કલેશ થકી દીલ ડરે;
દેણું નહિ શિર એકે દામ, ઉત્તમ કુળ તો એનું નામ.૪
અંતરમાં ન ધરે અભિમાન, કદી ધરે નહિ નિંદા કાન;
ઠરે નહીં દૂષણનું ઠામ, ઉત્તમ કુળ તો એનું નામ. ૫
કદીએ ચડયું નહોય કલંક, સત્યપણું પાળે નિઃશંક;
ધર્મ તણું તે નિર્મળ ધામ, ઉત્તમ કુળ તો એનું નામ.૬
અભ્યાગતને આદર કરે, સઉ જન સદાચરણ આચરે;
વહાલાં સગાંતણો વિશ્રામ, ઉત્તમ કુળ તો એનું નામ.૭
લોકોમાં લાખેણી લાજ, કરે સદા પરમારથ કાજ;
ભિક્ષુક કે ન ગણાયગુલામ, ઉત્તમ કુળ તો એનું નામ.૮
મહીપતિનું પામે સન્માન, ગણે બધા લોકો ગુણવાન;
હોય ઘણી હૈયામાં હામ, ઉત્તમ કુળ તો એનું નામ.૯
જેની સ્ત્રી માબાપો પાસ, અશન વસનની ન કરે આશ;
અતિસુખઅબળાપામેઆમ, ઉત્તમ કુળતો એનું નામ.૧૦
સુંદરિયોને સઘળું સુખ, દેખે નહિ સ્વપનામાં દુઃખ;
ગુણીને બધું વખાણે ગામ, ઉત્તમ કુળ તો એનું નામ.૧૧
નામે ઉત્તમ કુળ તો ઘણાં, આ લક્ષણઉત્તમ કુળતણાં;
દિલથી કહે છે કે દલપતરામ, ઉત્તમ કુળતો એનું નામ.૧૨

દોહરા.

સદ્‌વિદ્યા સદ્‌ગુણ સધન, સદાચરણ સુવિચાર;
ઉત્તમ કુળ તો એજ છે, જે ઘર સુખી નરનાર. ૧૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુસંપ ને કંજુસપણું, માનનિને નહિ માન;
એજ અધમથી અધમ કુળ, નિર્ધન નિર્વિદ્વાન. ૧૪

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

કન્યાવિક્રય જે કરે ધન લઇ, ધિક્કાર તેને ધરો,
કીર્તિના કદિ લોભથી કુળ જુએ, તે પાપિ પૂરો ખરો;
કીર્તિ દ્રવ્યતણો કશો જગતમાં, જે સ્વાર્થ સાધે નહિ,
કન્યાના સુખનો વિચાર કરશે, તે પુણ્યશાળી સહી. ૧૫

દોહરા.

હવે કહું આ દેશમાં, અવગુણ છે જે એક;
મરનારાની પાછળે, રૂવે કુટે બહુ છેક. ૧૬
તેથી તન દુઃખ ઉપજે, લાભ ન દીસે લેશ;
વિરૂદ્ધ તે છે શાસ્ત્રથી, વ્યર્થ કલેશ વિશેષ. ૧૭

ગરૂડ પુરાણનું અંગ.

મરનારની પછવાડે રોવા કુટવાના નિષેધવિશે.

દોહરા.

મોક્ષ પતિ મોક્ષે વસે, મોક્ષતણો દાતાર;
નરનારીનો નરકથી, એજ કરે ઉદ્ધાર. ૧
મુઆ પછી સૌ માનવી, બે સ્થાનક સ્થિર થાય;
સારાં ઉર્ધ્વ ગતિ સજે, અધમ અધોગતિ જાય. ૨
મુસલમાન અલ્લા કહે, ગોરા લોકો ગોડ;
હિંદુ માને હેતથી, પરમેશ્વરનો પાડ. ૩
એમ નરક ને મોક્ષનાં, નામો ભિન્ન અનેક;
પણ સૌ મનમાં પ્રીછજો, વસ્તુનાએ એક. ૪
મોક્ષ નરક માને નહીં, નાસ્તિક તેનું નામ;
એથી દુષ્ટ ન દેખિયે, દુનિયામાં કોઇ ઠામ. ૫
જૂઠું બોલે જગતમાં, કરે ચોરી વ્યભિચાર;
પ્રભુ આજ્ઞા પાળે નહીં, એજ નરક જાનાર. ૬
સત્ય દયા પાળે સદા, ગુણ કરતાના ગાય;
પસ્તાએ દિલ પાપથી, માનવી મોક્ષે જાય. ૭
જનમે ત્યાંથી જાણવું, એક દિવસ મરનાર;
રહ્યા ન રાજા રંક કો, શોધિ જુઓ સંસાર. ૮
ઉપાય ચાલે આપણો, તે કરિએ તતકાળ;
પાછળ રોવું પીટવું, તેમાં શો છે માલ. ૯
વહાલાના તનમાં વધે, વાત પીત કફ રોગ;
તેને તુરતજ ટાળિયે, કરી ઓસડ સંજોગ. ૧૦
દોરા, ચીઠી, આખડી, ભૈરવ, ભુતના જાપ;
વળગી એવા વ્હેમને, ઓસડ ન તજો આપ. ૧૧

ચોપાઈ.

કરતાં જતન કદી મરીજાય, એ કે નવ ચાલે ઉપાય;
જો તેનું હિત હૈડે ધરો, કામ સદા પરમારથ કરો. ૧૨
ભિક્ષુકને આપો ભોજન, અનાથ જનને આપો અંન;
તે પણ કરજ કરી નવ કરો, જો પરમેશ્વરથી દિલ ડરો. ૧૩

દોહરા.

દુનિઆને દેખાડવા, કૂટે રૂએ જે હોય;
નિશ્ચે એ મરનારનો, હેતુ શત્રુ હોય. ૧૪
પ્રગટ ગરૂડ પુરાણમાં, વર્ણવી છે તે વાત;
સાંભળજો સજ્જન સહુ, સ્નેહ ધરી સાક્ષાત. ૧૫
પુછે ગરૂડ પરિબ્રહ્મને, કહો પ્રભુ કરી પ્રીત;
પાપી નરકના પંથમાં, દુઃખ પામે શી રીત. ૧૬
ખાય પીયે શું વાટમાં, શોધે કેનો સાથ;
વાત સર્વ વિસ્તારીને, કહો કૃપાળુ નાથ. ૧૭
સુણીને બોલ્યા શ્રીહરિ, સુણ વિનતાના સુત;
પાપી જનને તેડવા આવે જમના[1] દૂત. ૧૮
ભ્રકુટી ભયંકર જેહની, મુસળ સરીખા દંત;
કાળા જેવા કોયલા, એવા દૂત અનંત. ૧૯
જેને જોતાં જીવને, તુરતજ ઉપજે ત્રાસ;
પકડી ચાલે પ્રાણીને, યમ રાજાની પાસ. ૨૦
વિઘન કરે બહુ વાટમાં, જમ કિંકર વિકરાળ;
સાંકળ[2] મારે શરીરમાં, જળહળતી જ્વઝાળ. ૨૧
મુદગળ માથામાં હણે, ભાલે પાડે ભંગ;
ખાય કુવાડે કાપિને, એ પાપીનું અંગ. ૨૨

ચોપાઈ.

પુણ્ય કરે પાછળ જે અહીં, તે ભાતું પામે છે તહીં;
પણ ખુંચી જમકિંકરખાય, તેનેતેથી વિસામો થાય. ૨૩
સગાં મળી સૌ રૂદનજ કરે, લીંટ લાળ આંસુ જે ઝરે;
તે આહું આવે છે તહીં, એ માટે નવ રોવું અહીં. ૨૪

૧. જમ તે મોત અને તેના દૂતતે ભયંકર રોગ.
૨. સાંકળ–પાપીને નરકમાં અનેક પ્રકારનું દુઃખ હોય છે, પણ આ જગતમાં જેટલાં દુઃખ કહેવાય છે, જો કવિની કલ્પનામાં જેટલાં દુઃખ આવી શક્યાં, તેટલાં કવિએ નરકનાં દુઃખ વર્ણવ્યાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહે ગરૂડ સુણજો શ્રીહરી, માનવ જે કોઇ જાયે મરી;
પાછળ જેવો જેને સ્નેહ, જો શિર છાતી કૂટે તેહ. ૨૫
તેથી મ્રતકને સુખ દુઃખ હોય, સાંભળવા ઇચ્છુંછું સોય;
કહે કૃષ્ણ સાંભળ ખગરાજ, એહ કહું તુજ આગળઆજ.
મરનારાને મનમાં ધરી, શિર છાતી કૂટે બળ કરી;
વાગે મરનારાને માર, તેથી પ્રાણી કર પોકાર. ૨૭
હાયહાય માતાઓ બાપ, પ્રગટ્યાં મારાં પૂરણ પાપ;
જમકિંકર મારે હથિયાર, દેખી ચોરૂં અંગ લગાર.૨૮
અદર્શ મુજને વાગે માર, એથી ઉપજે દુઃખ અપાર;
શું કરૂં ને ક્યાં જાઉં હવે, એમ પુકાર કરે ને લવે. ૨૯
સુણિ જમદૂત કહે તેહને, સગાં મળી સૌ કૂટે તને;
તેનો મુજને સાલે માર, એ અમતણાં નહીં હથિયાર.૩૦
બહુબળમાં જે વાગે ઘાય, તે તો કૂટે તારી માય;
છાતી માંહિં રૂધિર નીસર્યું, તે તો તારી સ્ત્રીએ કર્યું ૩૧
જેને તું વાલાં જાણતો, અંતર ઉમળકો આણતો;
દેખ હવે આ તેનાં કામ, શત્રુથૈ દુઃખ દે છે આમ.૩૨

દોહરા.

મુંઝાઇ એ મારથી, પાપી કરે પોકાર;
ધર મુજ ઉપર માવડી, દિલમાં દયા લગાર. ૩૩

ખમા ખમા મુખ બોલતી, ઠપકો લાગે લેશ;
આજ મને તું મારતાં, દયા ન લાવે લેશ. ૩૪

દિન પલટે જે પુરૂષનો, વહાલાં વેરી થાય;
રક્ષા કોણ કરે જહાં, વાડ વેલાને ખાય. ૩૫

મારૂં સારૂં વાંચતાં, કરતાં સદા સહાય;
મારે મુજને આજ તે, દિલથી તજી દયાય; ૩૬

જે કોઇ જન મુજને લડે, કહેતો જેની પાસ;
તે સર્વે શત્રુ થયાં, ક્યાં જઇ કરૂં પ્રકાશ. ૩૭

એમ કહે એ અવસરે, જમકિંકર વિકરાળ;
પાય પરાણે પાપીને, આંસુ લિંટ ને લાળ. ૩૮

ચોપાઇ.

સગ ચડે બહુ મન સંખાય, જમકિંકર મોં ફાડી પાય;
એ તારી માએ મોકલ્યું, તે તો તુજને લાગે ગળ્યું. ૩૯
સગાં મળી સહુ હેતજ કરે, તે પીધા વિના કેમ સરે;
અરેગરૂડ એથી દુઃખ થાય, તેતો કાંઇ કહ્યું નવ જાય. ૪૦
નાંખો જન વિશ્વાસી હતો, આવી વાત નહીં જાણતો;
સગાં મળી કરશે આ કામ, દુઃખમાંદુઃખદેશે આ ઠામ.૪૧
લીંટ લાળ મોકલશે દઇ, વળી કૂટશે ભેગાં થઇ;
અધિક સગાંઆગળ ઇચ્છતો, પૂરણ સુખ તેમાં પ્રીછતો. ૪૨
આ અવસર પોકારે મૂખ, ઓછાં સગાં તો ઓછું દુઃખ;
પૂછે જમકિંકરને વળી, શા માટે કૂટે સૌ મળી. ૪૩
મુજને દુઃખ દેવાને રડે, તેથી લાભ તેને શો જડે;
મેં કોઇનું બગાડ્યું નહીં, દુઃખમાં દુઃખ દે છે કેમ અહીં૪૪
કહે જમચર સુણ મૂઢ ગમાર, સ્વારથિયો સઘળો સંસાર;
જ્યારે તુજમાં સ્વારથ હતા, ત્યારે સૌ હેતે બોલતા. ૪૫
હવે ન સ્વારથ તુજમાં રહ્યા, તેથી સગા સૌ શત્રુ થયા;
તારૂં દુઃખ ન વિચારી જુએ, મનમાને તેમ કૂટે રૂએ. ૪૬
પછડાએ પાખંડ આચરે, લોકોમાં દેખાડો કરે;
જેમજેમ લોકો જોવા મળે, કોઇ ઝાલે તેમ કૂટે બળે.૪૭
લોકો સૌસૌને ઘર જાય, ત્યારે તે વિસામો ખાય;
રોજ સવારે સાંજે રડે, લોકોમાં શોભા તે વડે. ૪૮

દોહરા.

દિલમાં હેત અહેત પણ, રોજ રડ્યાનો ચાલ;
તેથી ઉપજે તુજને, દુઃખ મોટું વિકરાળ. ૪૯

સાંભળી શોકાતુર થૈ, પાપી કરે પોકાર;
કોઇ મારી માને કહે, દુઃખ મારૂં આ વાર. ૫૦

કુટ્યા રડ્યાનું દુર કરી, લે પ્રભુ કેરૂં નામ;
ઉપજે જેથી અંગમાં, સુખ મુજને આ ઠામ. ૫૧

હેત હૈયામાં રાખતી, તે નવ ભૂલે આજ;
મારા સુખ માટે તજે, એવી લોકની લાજ. ૫૨

ક્રોધે જમાકકર કહે, ચુપ રહી ચાલ ગમાર;
હવે ન ઉપજે એહને, તુજપર દયા લગાર. ૫૩

રહેવું નિશ દિન લોકમાં, હવે ન તુજથી કાજ;
ઘણું રૂએ કૂટે ઘણું, વધે લોકમાં લાજ. ૫૪

પોઢી ઉઠી પ્રભાતમાં, રોજ રડે નહીં એમ;
તો નિંદા લોકો કરે, માટે ચાલે કેમ. ૫૫

ગરૂડ પુરાણ સુણે ઘણા, જે ભટ વાંચે મુખ;
જાણે છે મરનારને, રડ્યા કુટ્યાથી દુઃખ. ૫૬

તોપણ દયા ન દિલ ધરે, સગાં સંબંધી કોય;
કૂટે રડે સૌકો મળી, જેમ વખાણુજ હોય. ૫૭

શ્લોક-શ્લેષ્માશ્રુબાંધવૈર્મુક્તં, પ્રેતાંભુક્તયતોवशः॥
तस्मान्नरोदितव्यहि, क्रियाकार्यायथाविधिः ॥१॥

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

રડ્યા કુટયાની રાંડને, પૂરણ હોયે પ્રીત;
ન્હાનપણથી નિરખિયે, રામા કેરી રીત. ૫૮
વ્રતના દિનમાં પણ કરે, કુટયા રડયાનું મન;
મરનારાનો મીશ[1] લઇ, કેમ ન કૂટે તન. ૫૯
વિવાહ દિન બોલાવતાં, નાવે ગાવા ગીત;
વણુ બોલાવી આવીને, કુટે રડે કરી પ્રીત. ૬૦
રાંડો જેવા રંડવા, નિર્લજ છે કોઇ ઠામ;
કુટે કરે પાખંડ બહુ, લઇ પ્રતકનું નામ. ૬૧
દક્ષિણ[2] દિશમાં જમપુરી, જોજન નેઉ હજાર;
પ્રતિદિન જાય હજાર ગાઉ, પહોંચે માસે બાર. ૬૨

ચોપાઇ.

કહેશ્રીહરિ સાંભળ ખગરાય, જીવનેજમપુરિમાં લઇજાય;
જેવું કર્યું હોય જેણે પાપ, તેવો ત્યાં પામે સંતાપ. ૬૩
રૈરવ મહા રૈરવ આદીક, કુંડ નરકના તહાં અધીક;
જેણે જુઠિ સાખો પૂરિયો, ચોર્યાં પરધન પરનારિયો.૬૪
પ્રભુ આજ્ઞાઓ પાળી નહીં, તેવા દુઃખ પામે છે તહીં;
જેવું દુઃખ એ નરકજતણું, રડ્યાકુટયાનું તેથી ઘણું. ૬૫
લાળ લીંટ જે પીવાં પડે, દુઃખ મોટું ઉપજે એવડે;
જેમ બાળકને ઓખડ પાય, મોમાં વેલણધાલી માય. ૬૬
નાક પકડીને રૂંધે શ્વાસ, પાય પછાડે થાય ઉદાસ;
એમ જમકિંકર અંકુશ હણી, તોડેછે દાઢો તે તણી. ૬૭
નાક દબાવી લીંટજ પાય, એ તો દુઃખ જોયું નવ જાય;
તે માટે નિજ હેતુ હોય, તો તેને નવ રોશો કોય.૬૮

દોહરા.

કુટે રડે કાંઇ દેખિયે, તો કરિયે તે કામ;
મનુષ્ય બહુ બોલાવિયે, દૈને ઝાઝા દામ. ૬૯
લાભ ન દિસે લેશ તો, રડે કુટે શું થાય;
દમની પીડા પામીયે, કાં તો આંખો જાય. ૭૦
મહા દુઃખ મરનારને, આપણને પણ એમ;
શોભા લેવા લોકમાં, કુટિયે રડિયે કેમ. ૭૧

૧. મીશ—આનું.

૨. દક્ષિણમાં રાક્ષસો રહેતા હતા તેમાટે દક્ષિણમાં જમપુરી કહી હશે; અને મરનારને જેમ જેમ વધારે દહાડા થાય, તેમનેમ દરરોજ હજાર ગાઉ દૂર ગયા જેટલો વિસારે પડતો જાયછે, અને ૩૬૦ દહાડા પછી લોકોની દીલગીરી છેક મટી જાયછે, તે ઉપરથી ૩૬૦ દહાડાનો જમપુરીનો રસ્તો કલ્પ્યો હશે.

ધીરજ મનમાં ધારિને, રિચે કાંઇ ઉપાય;
જેથી તેના જીવને, સુખ ને શાંતિ થાય. ૭૨
અગ ગરૂડ પુરાણનું, કથા કહી જે આજ;
સૈ જન સમજે સ્નેહથી, કરે વિચારી કાજ. ૭૩
સાંભળશે જે સ્નેહથી, દિલમાં દયા સહીત;
સંપૂરણ સુખ પામશે, તે નરનારી નીત. ૭૪
કથા સુણીને નહિ કરે, દિલમાં દયા લગાર;
પૂરણ પીડા પામશે, નિશ્ચે તે નર નાર. ૭૫
ઓગણીસે ને આઠમાં, સુદિ ચૌદશ શનિવાર;
માસ અધિકમાં મેં કહી, કથા અધિક સુખકાર.૭૬
ઘણાં વરસનાં કોટડાં, દેખો આ દેખાય;
વાવળ કે વરસાદથી, તેડ પડી નવ જાય. ૭૭
રહે ટકી રક્ષણ વિના, નિરુપયોગી નવ જાય;
રહે કોટડાં ડોકરાં, ખપ તેનો ક્ષય થાય. ૭૮
જો રડતાં બાળક તણા, ચાળા પાડે બાળ;
તો તે બાળકને ઘણી, રીસ ચડે તે કાળ. ૭૯
વગરસંગી મળી નારિયો, ફરી કુટે છે જેહ;
તે પણ ચાળા તુલ્ય છે, તેમાં નહિ સંદેહ. ૮૦

મરનારની પાછળ ન રોવાવિશે પદ.

જંજાળી જીવડે મુક્તિની જુક્તી ન જાણી. એ રાગ.

વાલાની વાંસે, રાગ તાણી નવ રોવું;
જેથીતેજંપનઉપજે, જીવમાંસમજીજોવુંરે; વાલાની. ટેક.
ગોવિંદજીએ કહ્યું ગરૂડને, કુટે રડે જે કોઇ;
મરનારાનેમહાદુઃખઉપજે, ધરેનિશાશારોઇરે; વાલાની. ૧
લીંટ લાળ ને આંસુ ઝરે, તે જમચર પાય પરાણે;
રોરવમહારૈરવનાદુઃખથી, એદુઃખઅદકું જાણેરે.વાલાની. ૨
કોઇ છતી કૂટે શીર કૂટે, ચુંટે કેશજ હાથે;
એ સઘળી પરિપૂરણ પીડા, મરનારાને માથેરે.વાલાની. ૩
લોક વખાણે કે ન વખાણે, તે સા સાંખી રહિયે;
જો હૈયામાં હેત વધે તો, દુઃખ તેને શિદ દૈયેરે;વાલાની. ૪
ચતુરતા સંપૂરણ હોય તો, રડો કુટો ન વિચારો;
જીવતાંવેરવળીનશકે તો, મરતાને વળિ મારોરે;વાલાની. ૫
કટયા થકી જો કાંઇ દેખો તો, કુટો લઇને પાણો;
શામાટેનમેકુટીશરીરમાં, રોગઉપાવી આણોરે; વાલાની. ૬
એવી શોભા મેલો અળગી, વળગી રહો ન વહેમે;
જેથીસુખ ઉપજે એ જીવને, પુણ્યકરોકાંઇપ્રેમેરે; વાલાની. ૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રેશો પણ તેને નહિ જોશો, ખોશો આંખ તમારી;
દલપતરામ કહે દિલ શોધી, માનો શિક્ષા મારીરે; વાલાની. ૮

બુદ્ધિવર્ધક વિશે.

(આ કવિતા સને ૧૮૫૧માં બુદ્ધિવર્ધક સભામાં કહી હતી. તે વખતે તેના સેક્રેટરી ભાઇ ગંગાદાસ કિશોરદાસ હતા.)

નારાચ છંદ.

સુણો સહુ સ્વદેશી જ્ઞાન ગ્રંથના સમર્થકો,
બનો બહુ હમેશ એશ દેશ બુદ્ધિ વર્ધકો;
સ્વદેશ સુધર્યાનિ સારિ વાત તે વિચારવી,
વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિવર્ધકે વધારવી. ૧

નવી નવી વિદ્યાળ તો નિશાળ જે કરાવવી,
ગણાવિ ગામ ગામ ઠામ ઠામમાં ઠરાવવી;
નૃપાળ ચિત્ત કવિ પ્રીતિ રીત તે સ્વીકારવી,
વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિવર્ધકે વધારવી. ૨

નિબંધ ને પ્રબંધ છંદ ચોપડી છપાવવી,
ખરેખરી ધરીજ ખૂબ ખંતથી ખપાવવી;
નિખાર છે અનેક જ્ઞાન નીરથી નિખારવી,
વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિવર્ધકે વધારવી. ૩

કવીત પોથિયો કવિની પાસ તો કરાવવી,
રસીકતા અધીક ઠીકઠાકથિ ઠરાવવી;
વિભૂષણો વિચિત્ર ચિત્ર પ્રાસથી શૃંગારવી,
વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિવર્ધકે વધારવી. ૪

રમુજદાર સાર શોભિતી સભા રચાવવી,
મહા મહા મનોરથોની ધુમ ત્યાં મચાવવી;
સુવારતા વિવેકની અનેકધા ઉચારવી,
વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિવર્ધકે વધારવી. ૫

ખરાબ ચાલ ખંડિ સારિ ચાલ તે ચલાવવી,
લડે કદાપિ લોક લેશ લાજ તો ન લાવવી;
સ્વદેશની અનેક જાત આખરે ઉગારવી,
વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિવર્ધકે વધારવી. ૬

વિવાતણા લજ્જામણા પ્રથા[1] ઘણા ઘટાડવા,
અપાર ઉદ્યમો રચી નિરૂદ્યમી મટાડવા;
થવા સહાય શ્રી પ્રભુનિ પ્રાર્થના ગુજારવી,
વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિવર્ધકે વધારવી. ૭

અભાગિયા ભિખારિયોનું ભૂખ દુઃખ ભાગવું,
હમેશ એ ઉપાયમાંજ લક્ષ રાખિ લાગવું;
દયા કરી દરીદ્રિની દરીદ્રતા વિદારવી,
વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિવર્ધકે વધારવી. ૮

પ્રવીણ રાખિ પંડિતો સ્વધર્મ શુદ્ધ થાપવા,
વિરોધ ક્રોધ કાઢવા સદા સુબોધ આપવા;
પછી પુરાણિ પોથિયો સમગ્ર તો સુધારવી,
વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિવર્ધકે વધારવી. ૯

વિલાયતી વરાળ યંત્ર મૂલ દે મગાવવાં,
વિવેકથી અનેક કામ કાજમાં લગાવવાં;
સ્વમિત્રને પવિત્ર વાત ઊરમાં ઉતારવી,
વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિવર્ધકે વધારવી. ૧૦

કુટુંબિમાંહિ કલેશ લેશ ઉપજેજ કોઇને,
મનાવિને મટાડવો જરૂર જાણિ જોઇને;
લગાર આગ લાગતાંજ ઠંડકેથિ ઠારવી,
વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિવર્ધકે વધારવી. ૧૧

સભા સમે શકે ન આવિ નામદાર નારિયો,
ખુણે પડી ખુવેજ કાળ બંધિમાં બિચારિયો;
ભણાવિ ભાત ભાત તોન વેદના નિવારવી;
વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિવર્ધકે વધારવી. ૧૨

સદા લિયો સહાયતા ભલા ભલા ભુપાળની,
કુબુદ્ધિ કષ્ટ કાપવા કરો સ્તુતિ કૃપાળની;
પ્રજા હિતેચ્છુ વાત પૂરિ પૃથ્વીમાં પ્રસારવી,
વિશેષ શુદ્ધ બુદ્ધિ બુદ્ધિવર્ધકે વધારવી. ૧૩

દોહરો.

બુદ્ધિ વિશેષ વધારવી, કરવાં મોટાં કામ;
હૈયામાં હિંમત ઘણી, રાખી દલપતરામ. ૧૪

છપ્પો.

કરૂણાનિધિ કરતાર, ધાર ઉર અરજ અમારી,
પ્રણમીને તુજ પાસ, પ્રગટ કહિયે પોકારી;
હિંદુ સભાની હામ, પરમ પ્રભુ કરજે પૂરી,
છે જે ઇચ્છા છેક એક નવ રહે અધૂરી;
સ્થિતિ સુધરે સૌ ગુજરાતની, કરે અધિક શુભકામને;
રૂદયામાં તે રજની દિવસ, રૂચિ છે દલપતરામને. ૧૫

દોહરા.

એકબિજાના ધર્મની, તજશે ખોદાખોદ;
ત્યારે દેશ સુખી થશે, વધશે સંપ વિનોદ. ૧૬

તે માટે ઇશ્વર વિષે, તથા ધર્મ સિદ્ધાંત;
હવે પછી હું તે કહિશ, ભાગે જેથી ભ્રાંત. ૧૭

૧. પ્રથા—ચાલ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકરણ ૨ જું.

ફાર્બસ વિલાસ.

દોહરો.

કાવ્ય કળાનો જો કરો, અતિ ઉત્તમ અભ્યાસ;
સજ્જન તો આ સાંભળો, કર્યું તે કવિતવિલાસ. ૧

સૂચના.

ગુજરાતમાં ઘણી ખરી નાતોમાં કવિયો થઇ ગયા છે. જેમકે પ્રવીણસાગર ગ્રંથમાં રાજકોટના રાજા મહેરામણજીની રચેલી પણ કવિતા છે એવું ઘણા લોકો કહે છે. જુનાગઢના દીવાનજી રણછોડજી-ભાઇ વડનગરા નાગર હતા, તેઓએ કવિતાના ગ્રંથો રચેલા છે. વસાઇના દેશાઇ વેણીદાસનો રચેલો સાહિત્યસિંધુ નામે મોટો ગ્રંથ વ્રજભાષામાં છે. એ રીતે કિસનબાવની એક વાણીએ રચેલી છે. એમ હરેક નાતમાં કવિયો થયેલા છે. તોપણ કવિતાનું કામ બ્રાહ્મણ, ભાટ તથા ચારણ એ મુખ્ય ત્રણ લોકોનું ગણાય છે.

ગુજરાતના મોટા મોટા કવિયો ભેળા થાય ત્યારે કેવી રીતે કવિતાની ચરચા ચલાવતા આવ્યા છે, અને કેવી રીતે સરદારોનાં મન રીઝવે છે, તેનો નમુનો બતાવવા સારૂ આ પ્રકરણ લખ્યું છે. ઘણું કરીને રાજાને ત્યાં લગ્નમાં ઘણા કાવયો એકઠા થાય છે. ભાવનગરમાં દસરાને રોજ કવિયોનો મેળો કરવાનો ચાલ ત્યાંના રાજાની કેટલીએક પેઢીઓથી ચાલ્યો આવે છે.

આ સમામાં તો કવિતા રચનારા જુના લોકો ઠંડા પડયા છે, પણ તેઓની અસલની તથા આજની રીત આ પ્રકરણમાં ભેળશેળ દેખાડી છે.

મહેરબાન અલેકઝાંડર કિન્લાક ફાર્બસ સાહેબે ઇડરમાં સન ૧૮૫૨ની સાલમાં કવિયોનો મેળો કર્યો હતો, તે મેળાનું વર્ણન કર્યું છે, પણ તે સમે ઘણું કરીને તે લોકોએ વ્રજભાષામાં તથા ચારણી ભાષામાં કવિતા કહી હતી, અને તે કવિતા મેં લખી રાખી નથી, તથા તે સમે મળેલા બધાનાં નામ મેં લખી રાખ્યાં નથી, માટે સાંભર્યાં તેટલાં નામ લખ્યાં છે, તથા બીજા, બીજે ઠેકાણે તે સાહેબને મળેલા હતાં તેમનાં નામ પણ આ પ્રસંગમાં આણ્યાં છે. એ મેળામાં બનેલી તેવીજ વાત લખી નથી, પણ તેમાં વધારે ઘટાડે કરી છે માટે આ વાત કલ્પિત મિશ્રિત છે એમ જાણવું.

પ્રથમ સાહેબે સઉને એવી ખબર આપી કે હાલ રજાના ત્રણ ચાર દિવસ[૧] આવે છે તેમાં આ દેશના કવિયોની ચરચા સાંભળવાની જેઓની મરજી હોય તેઓએ અમારા તંબુમાં દિવસના દશ વાગતાં સભા ભરાશે ત્યાં સુખેથી આવવું અને ત્યાં મરજી હોય ત્યાં સુધી બેસવું. વળી કવિયોને કહ્યું કે દેશી રાજાઓની ખાનગી સભામાં, કે જાહેર સભામાં જેવી રીતે તમે કવિતા બોલતા હો, અથવા જેવી રીતે વાદવિવાદ કરતા હો, તેવી રીતે બેધડકથી અમારી આગળ સભામાં બોલવાની તમને રજા છે, કેમકે આ દેશનો ચાલ જોવાની મારી ઇચ્છા છે.

પછી ઠરાવેલે દિવસે દસ વાગ્યાથી કવિયો તથા કેટલાએક સરદારો તે સભામાં આવવા લાગ્યા. સૌ કવિયોએ એવો ઠરાવ કર્યો કે, આ સભાનું માન સાહેબના કવિને આપવા સારૂ આપણી કવિતામાં રચનારને ઠેકાણે તેનું નામ લાવવું.

ફાર્બસ સાહેબ વિષે સન ૧૮૬૬ ના તથા ૬૭ ના બુદ્ધિપ્રકાશમાં છપાએલું છે, તથા મુંબઇની ફાર્બસ ગુજરાતી સભાના મંત્રી રા. મનસુખરામ સુરજરામે ફાર્બસ જીવનચરિત્ર રચીને તે સભાની તરફથી પ્રગટ કરેલું છે તેમાં સર્વ હકીકત છે, તથાપિ થોડી આ નીચે લખી છે.

ફાર્બસ સાહેબ તારીખ ૭ મી જુલાઇ સન

૧. સંવત ૧૯૦૮ ની દિવાળી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૮૨૧ માં લંડન શહેરમાં જન્મ્યા હતા. પછી તેમણે હેલીબરી પાઠશાળામાં અભ્યાસ કર્યો હતો.

તા. ૩૦ મી ડીસેંબર, ૧૮૪૨ ને દિને મુંબઇ પ્રાંતની સિવિલ સર્વિસમાં તેમની નીમણુંક થઇ. અને ૧૮૪૩ના નવેંબરની તા. ૧૫ મીએ હિંદુસ્તાનમાં આવ્યા. તા. ૧૦ જાન્યુઆરી ૧૮૪૪ માં પરીક્ષામાં પાસ થયા. પછી ત્રીજે દહાડે અહમદનગરના ત્રીજા આસિસ્ટન્ટ કલેકટરની જગ્યા મળી.

તા. ૧૦ મી અક્ટોબર ૧૮૪૪માં ખાનદેશના બીજા આસિસ્ટન્ટ કલેકટર થયા. તા. ૬ ઠ્ઠી એપ્રીલ ૧૮૪૬માં સદર અદાલતના આકટીંગ ડેપ્યુટી રેજીસ્ટ્રાર થયા. પછી ત્રીજે દિવસે અમદાવાદના આસિસ્ટન્ટ જજ્જ થયા, પણ મુંબઇમાં રહ્યા.

સન ૧૮૪૬ ના નવેંબરમાં અમદાવાદમાં આવ્યા. તા. ૨૨ મી નવેંબર ૧૮૪૯ થી તા. ૨ જી જાન્યુઆરી ૧૮૫૦ સુધી જજ્જ અને શેશન જજ્જનું કામ અમદાવાદમાં કર્યું.

તા. ૧૫ મી એપ્રિલ ૧૮૫૦ માં સુરતના આસિસ્ટન્ટ જજ્જ થયા.

તા. ૧ લી મે ૧૮૫૧ માં અમદાવાદના પહેલા આસિસ્ટન્ટ કલેકટર થયા.

સન ૧૮૫૨ ના ઓગસ્ટમાં મહીકાંઠાના પોલિટિકલ એજન્ટ થયા.

સન ૧૮૫૩ ના જુનમાં અમદાવાદના આકટીંગ જજ્જ થયા, અને તા. ૨૮ મી માર્ચ ૧૮૫૪ માં વિલાયત ગયા.

સને ૧૮૫૬ માં રાસમાળાનું પુસ્તક લંડનમાં રિચર્ડસન બ્રધર્સના છાપખાનામાં છપાવ્યું, ને તે વર્ષના નવેંબરમાં પાછા આવ્યા.

તા.૧૦ મી જાન્યુઆરી સન ૧૮૫૭ માં સુરતના જજ્જ થયા.

તા. ૨૪ મી માર્ચ ૧૮૫૮ માં ખાનદેશના જજ્જ થયા.

તા. ૧૧ મી અક્ટોબર ૧૮૫૯ માં કાઠીઆવાડના પોલિટિકલ એજન્ટનો ચાર્જ લીધો. તા. ૨૫ મી માર્ચ ૧૮૬૦ માં સુરતના જજ્જ થયા. તા. ૨૩ મી ડીસેંબર ૧૮૬૧ માં સદર અદાલતના જજ્જ થયા.

બહુ વિચાર કરવાથી, અને ઘણું કામ માથે લેવાથી મગજમાં રોગ થયો, તેથી તા. ૩૧ મી ઑગસ્ટ સન ૧૮૬૫ ને દિને પુનામાં દેહ મુકયો. ત્યારે તેમને ચાર પુત્રો ને બે પુત્રીઓ હતી. મોટાનું નામ જાન ફ્રેજર ફાર્બસ, તે ઓગણીસ વર્ષની ઉમરનો, બીજો હેનરી ડેવિડ અરસકીન ફાર્બસ, તે ભરૂચ સંગ્રહસ્થાનની વખતે વિલાયતથી ભરૂચ આવ્યો હતો. તેને સિંધમાં સરવે ખાતામાં નોકરી મળી છે. તેની ઉમર ફાર્બસ સાહેબે દેહ મુકયો ત્યારે સત્તર વર્ષની હતી.

આ કવિતાવિલાસના, નવ અંક સન ૧૮૬૭ના બુદ્ધિપ્રકાશમાં છપાયા હતા. તે ગુ. વ. સોસાઇટીના સેક્રેટરી મહેરબાન એમ. એચ. સ્કોટ સાહેબના હુકમથી તેમાં વધારો તથા સુધારો કરીને આ પુસ્તક સોસાઇટી તરફથી છપાવી પ્રગટ કર્યું છે. સન ૧૮૭૦

દલ. ડાહ્યા. ગુ. વ. સો. આ. સે.

અંક ૧ લો.

સાહેબ—(પોતાના કવિને પુછે છે) આ કોણ છે?

કવિ—એ [૧]ગોવિંદરામ શાસ્ત્રી છે. સુવેર નામના ગામમાં રહે છે, અને આ જીલ્લામાં નામાંકિત છે.

સાહેબ—શાસ્ત્રીબાવા, તમે કવિતા રચી જાણો છો કે?

શાસ્ત્રી—હું સાધારણ કવિના સંસ્કૃતમાં અને ગુજરાતીમાં પણ થોડી રચી જાણું છું. અને સર્વે કવિઓનો દાસ છું. હું એ વાતનું અભિમાન રાખતો નથી.

સાહેબ—વાહ, તમારી બોલવાની યોગ્યતા સારી છે. ઇશ્વર પ્રાર્થના વિષે કાંઇ કરેલું હોય તો બોલો. અને ગુજરાતી કવિતા બોલો તો સઉ સમજી શકે.

શાસ્ત્રી— માલિની છંદ.

ભવ ભય હરનારા, પ્રાણ પ્યારા અમારા,
ગુણનિધિ ગુણ તારા, સર્વ છે સૌથિ સારા;

---

૧. ગોવિંદરામ શાસ્ત્રીને દર સાલ ૧૫૦ કે ૨૦૦ રૂપીઆ આપવા કરીને ઇડરના મહારાજે રાખ્યા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચતુર જગચિતારા, ત્રાસના નાશકારા,

સકળ કર સુધારા, ભેદી દે ભીતિ ભારા. ૧

વસંતતિલકા છંદ.

ઓ ઇશ્વરા અગમ ઉત્તમ આપ ઉકિત,

જેથી જણાય જનરંજન યોગ્ય યુકિત;

ગાવા નથી સરસ રાગ શિખી ગળાથી,

સમ્ય પ્રસન્ન કરવા કવિતા કળાથી. ૨

રાગીતણાજ અનુરાગથિ રાગ જામે,

કારીગરી બિજી બધી શ્રમપાત્ર પામે;

અભ્યાસથી કવિત ઉત્તમતા ન આવે,

તે તો કૃપાનિધિ, કૃપા કરિ તું કરાવે. ૩

સાહેબ—"ગાવા નથી સરસ રાગ શિખી ગળાથી" એ ચરણનો ભાવાર્થ શો છે ?

શાસ્ત્રી—હું આ સભાને મારા રાગથી કે સ્વરથી રંજન કરવાને ચાહતો નથી. ગાનારીઓનો અને ગાનારાઓનો એ ધંધો છે, માટે મારા કરતાં ઘણા સરસ સ્વરથી ગાનારીઓ અહીં ઘણીઓ છે. હું તો કાવ્યકળાથી આ સભાસદોને રંજન કરવા ચાહું છું, એવો ભાવાર્થ છે.

શિવરામ ગાયક—સાહેબ, હું કાંઇ બોલવા ચાહું છું.

સાહેબ—બોલો.

શિવરામ— દોહરો.

કવિજન કાવ્ય કરી મરે, ગુણ ચાખે ગાનાર;

સોની ઘાટ ઘડી મરે, રાય સજે શણગાર. ૪

શાસ્ત્રી— વસંતતિલકા છંદ.

જો રકતચંચુ[૧] શિખવ્યાં વચનો ઉચ્ચારે,

કેનાં વખાણ કરિને કહિયે વધારે;

માધુર્ય તો શુકતણા સ્વરસારનું છે,

ચાતુર્ય તો વચનના રચનારનું છે. ૫

એક ઠાકોર—શાસ્ત્રી, તમે અમદાવાદ, વડોદરૂં, અને સુરત વગેરે ગુજરાત બધી જોઇ છે કે ?

શાસ્ત્રી—હાજી, હું ગુજરાતમાં સારી પેઠે ફર્યો છું.

ઠાકોર— ગીતિ છંદ.

રાય કહેરે કવિજન,

સરસ કિયું પુર સહુથી ગુજરાતે;

સરસ કિયા નર નિપજ્યા,

આજ અને વળી અગાઉ ગુજર્યા તે. ૬

શાસ્ત્રી—

ગુજરદેશ વિષે તો,

રાજનગરજ[૧] સઉથી સરસ દીસે;

સરસ નરસ કહું કેને,

રાજન, ગરજ સઉથી સરસ દીસે. ૭

સાહેબ—(આગગાડીનું ચિત્ર દેખાડીને પૂછે છે.) આ શું હશે ?

શાસ્ત્રી—અગ્નિરથ છે.

સાહેબ—એ વિષે તમે કાંઇ કવિતા કરેલી હોય તો કહો.

શાસ્ત્રી— શાર્દૂલવિક્રીડિત છંદ.

આ અગ્નીરથ ઓપતા અનુપ છે, કે યજ્ઞશાળા કહું,

આચાર્ય કપતાન રૂત્વિજ બિજા, જે સેવકો તે સહુ;

જે લોકો શુભ યજ્ઞમંડપ વિષે, બેઠા સુશ્રદ્ધા ધરી,

વાસો ઇચ્છિત લોક માંહિ વસશે, દાન પ્રભાવે કરી.૮

ઠાકોર—સારી નરસી સ્ત્રી વિષે બોલો.

શાસ્ત્રી—જે વેલનાં ઝેરી ફળ હોય, અને જે સ્ત્રીનાં દુષ્ટ સંતાન હોય, તે નઠારી જાણવી.

શિખરિણી છંદ.

ન દીસે પુષ્પાળી, ફળિત ફળવાળી પણ, વળી,

રૂપાળી કે કાળી, ગળિત ફળવાળી પણ ભલી;

ફળો ને સંતાનો, વિષમય વિશેષેજ છતમાં,

લતા, ને તે નારી, જરૂરજ નઠારી જગતમાં. ૯

માટે હું ઇશ્વર રૂપી સૂર્ય પાસે માગું છું.

આર્યા.

સુપતિ આપો ભવિતા, તેયિ તમારી રૂડી ગણું રવિતા;

કાંતો આપો કવિતા, એ પણ એવી અનુભવિતા. ૧૦

ઠાકોર—ત્યારે આપણા દેશમાં તો એવી રીત છે કે, ઉંચ કુળની કન્યા પરણવી, તેનું કેમ ?

---

૧. પોપટ.

૧. અમદાવાદ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શાસ્ત્રી— આર્યા.
વિવેક, વિનય, સુવિદ્યા, ગુણ અમૂલ્ય આ ચારે,
એ લક્ષણે પરખિયે, ઉત્તમ તે વંશ આચારે. ૧૧

સાહેબ—જે ભાષાથી ચોપડા તથા દફતર લખાતાં હોય તે જીવતી ભાષા કહેવાય છે, અને જે ભાષાથી કોઈ દેશમાં વ્યવહાર ચાલતો ન હોય, તે મુએલી કહેવાય. હિંદુસ્તાનમાં સંસ્કૃતથી દફતર લખાતાં હતાં, પણ તે ભાષા ક્યારે મરી ગઈ તે વિષે તમે કાંઇ જાણો છો?

શાસ્ત્રી— શાર્દૂલવિક્રીડિત છંદ.
ભોજે બ્રાહ્મણ ભોજનાદિ કરિને દીધાં મહાદાન જે,
ગીર્વાણ્ય અવસાન કાળ ગણિને કીધી ક્રિયા માનજે;
બાજીરાવ *પેશ્વાએ ઉત્તરક્રિયા કીધી અતી આદરી,
સારે દેશ નરેશ શ્રેષ્ટ દિવસે શ્રાદ્ધાદિ શ્રદ્ધા ધરી. ૧૨

મતલબ કે ભોજરાજાએ ગીર્વાણ વાણીના અંતકાળની ક્રિયા વૈતરણી આદિક મહાદાન કરવાની કરી, અને બાજીરાવ પેશવાએ એ વાણીની ઉત્તરક્રિયા કરી, અને હાલના દેશી રાજાઓ પ્રસ્તુત ઉપર શાસ્ત્રીઓની સભાઓ કરે છે, તે તો તે વાણીનું ક્ષયાશ્રાદ્ધ અથવા પાર્વણિક શ્રાદ્ધ કરે છે.

એટલી વાત થઇ એવામાં તે શાસ્ત્રીનો વિદ્યાર્થી પરભો જે બીજા પાસે અંગ્રેજી પણ શીખતો હતો, તે તંબુમાં ડોકાયો. તેને શાસ્ત્રી પોતાને ગામ મુકીને આવ્યા હતા, અને કહ્યું હતું કે, આપણા જજમાનનો સંઘ પ્રભાસ જાય છે તે સાથે તું જજે, દશવીસ રૂપિયાની પ્રાપ્તિ થશે.

શાસ્ત્રી—અરે, તું અહિં ક્યાં?

પરભો—હું સવારમાં ઉઠીને મારૂં અંગ્રેજી લેસન કરવા બેઠો તેથી વાર થઇ ગઇ અને સંઘ જતો રહ્યો, પછી આ મેળો જોવા સારૂ પરભાર્યો અહિં આવ્યો.

શાસ્ત્રી—(ઠપકો દે છે.)

વૈતાળીય છંદ.
પરભા પરભાતપોરમાં, પરભાષાપર ભાવ લાવિયો;
પરભા પરભાસની તજી, પરભાર્યો અહિં કેમ આવિયો.૧૩

સાહેબ—આવવા દો, એને સભામાં બેસારો. પછી તે બેઠો. શાસ્ત્રી, તમારી કવિતામાં સરસ યમક છતાં, નિર્ભ્રાંત સઉને સમજાય એવી થાય છે માટે મીઠાશ ઉપજે છે.

શાસ્ત્રી—ભ્રાંતવાળી કવિતા જમની કાંતા જેવી લાગે.

આર્યા.
અનુપમ અનુપ્રાસાંતા, યમકાંતા પણ ન હોય નિર્ભ્રાંતા;
તે કવિતા દુખદાતા, કહિયે સાચીજ યમકાંતા. ૧૪

શાસ્ત્રી—(પેલા ઠાકોરને પુછે છે) ઠાકોર, તમે ધોળી પાઘડી કેમ બાંધી છે?

કારભારી—૭ મહિના ઉપર ચાર મહિનાની ઉમરના કુંવર ગુજરી ગયા તેનો શોક ઝાઝા દહાડા રાખવો ઘટે નહિ પણ ઠાકોર શોક મૂકતા નથી.

શાસ્ત્રી—બાગનાં ફૂલ અને છોકરાં જોઇને રાજી થવું, પણ કાળે નાશ થાય તો દીલગીરી રાખવી નહિ.

શાર્દૂલવિક્રીડિત છંદ.
ભાળી બાળક ખેલકાં, મધુરતાવાળાં મહા મૂલડાં,
ભાળી બાગ ભલો, ભલાંજ ભભકાવાળાં પ્રુલ્યાં ફૂલડાં;
દાખે છે દલપત્તરામ, દિલમાં રે ખૂબ રાજી થજે,
કાળે જો કરમાય, થાય અછતાં, તો શોક તેનો તજે. ૧૫

સાહેબ—શાસ્ત્રી, કવિતામાં કેવા ચમત્કાર હોય?

શાસ્ત્રી— શાર્દૂલવિક્રીડિત છંદ.
જેવાં મીન વિજોગિયાં જળતણાં, એવા વિજોગી જનો,
પામે શાંતિ કવિત શુદ્ધ સુણતાં તેવા જનોનાં મનો;
આકાશે કવિ[1] નામ એકગ્રહ છે, આનંદમાં એ ઘણી;
રાશી મીન જીવે જુઓ જળ વિના, તે જાણજો તેથકી.૧૬

સાહેબ—શાસ્ત્રીબાવા, આજ આપના મેળાપથી હું પ્રસન્ન થયો.

શાસ્ત્રી—સાહેબ આપ જેવા સજ્જનના સમાગમથી અમારાં સર્વેનાં મન પ્રસન્ન થયાં છે અને સારા ભાગ્યથીજ આપનો મેળાપ અમારે થયો, એવું અમે જાણીએ છીએ, કેમકે બીજું બધું ઉદ્યોગથી મળે પણ સજ્જનનો સંગ તો સારા ભાગ્યથીજ મળે.

વસંતતિલકા વૃત્ત.
અભ્યાસથી અધિક શાસ્ત્ર ભણાય ભાઇ,
ચાપલ્યતાથિ ચડશે ચિત ચાતુરાઇ;

૧ કવિ—શુક્ર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉદ્યોગથી જર જમાવ જરૂર જામે,
સદ્દભાગ્યથીજ જન સજ્જન સંગ પામે. ૧૭

ઉપજાતિ વૃત્ત.

તિર્થોદકે શુદ્ધ થવાય અંગે, આત્મા શુચી સજ્જન શુદ્ધ સંગે;
વિશેષથી વાત કરીવખાણું, સર્વોપરીજ ગમતિર્થ જાણું. ૧

સાહેબ—વારૂ, શાસ્ત્રીબાવા, તમારે કાંઇ પુસ્તકની કે બીજી ઇચ્છા હોય તે મને કહેવું.

શાસ્ત્રી—આ દેશમાં આપનું મુખ્ય સંસ્થાન તો મુંબાઇ કહેવાય કે નાહ ?

સાહેબ—હાજી, આ ઇલાકો મુંબાઇ તાબામાં છે, માટે સરકારની મુખ્ય રાજધાની મુંબાઇ કહેવાય, અને હું પણ આશા રાખું છું કે થોડાં વર્ષમાં મુંબાઇની મોટી કોરટમાં મને નોકરી મળશે, અને મારે મુંબાઇમાં રહેવાનું થશે.

શાસ્ત્રી—તો મારે એટલી અરજ કરવાની છે કે, એક અમારી સગી છે તે ઘણા દેશમાં રખડતી, હાલ જઇને મુંબાઇમાં રહી છે, માટે આપ મુંબઇ જાઓ તો, તેની આપે સંભાળ રાખવી.

સાહેબ—તે બાઇ કોણ છે ? કિયા નામથી ઓળખાય છે ? અને પહેલાં કિયા શહેરમાં રહેતી હતી ?

શાસ્ત્રી—પર્યાયાલંકાર–શાર્દૂલવિક્રીડિત.

જે જૂના કવિલોક કેરિ, જિવિકા આગે અયોધ્યા હતી,
હસ્તીનાપુરમાં પછી વસી, પછી ઉજ્જેણમાં થૈ છતી;
ધારાપૂર વિષે વસી, પછી વસી પૂના વિષે એકદા,
તે મુંબૈપુરમાં નિવાસ વસી છે, સંભાળ રાખો સદા. ૧૯

સાહેબ—હું સમજ્યો, ખરી વાત છે; મુંબાઇના શાહુકારો, કવિયોને સારી મદદ કરે છે, અને મેં ગુજરાતી કવિતાના ગ્રંથનો સંગ્રહ કરવા સારૂ, તથા ગુજરાતી નવાં પુસ્તકો રચવા સારૂ, અમદાવાદમાં એક સોસાઇટી ઉભી કરીને ઉઘરાણું કર્યું, ત્યારે આશરે દશ હજાર રૂપૈઆ એકઠા થયા, પણ મુંબાઇના ગૃહસ્થો શ્રીમંત અને ઉદાર છે; માટે ત્યાં મારે રહેવાનું થશે તો, ત્યાં એક સભા ઉભી કરીશ, અને ઓછામાંઓછા એક લાખ રૂપૈઆ એકઠા થઇ શકશે તેના વ્યાજમાંથી ગુજરાતી ગ્રંથો રચવાનું કામ ચાલશે, અને ઘણા કવિયોને આશ્રય મળે એવું કરીશ તથા એ સિવાય બીજી રીતે પણ ગુજરાતના કવિયોનું માન વધારવાનો મારો ઘણો વિચાર છે, પછી તો ઇશ્વર ઇચ્છા.

પછી શાસ્ત્રીએ બે હાથે આશીર્વાદ કરીને પોતાના ભાષણની સમાપ્તિ કરી.

અંક ૨ જો.

પછી એક બારોટ બેઠા હતા તેના સામું જોઇને સાહેબ પૂછે છે.

સાહેબ—આ બારોટ ક્યાંના છે ?

કવિ—એ નડીયાદના લાલો બારોટ છે. તે પણ કવિતાથી સરદારોનાં મન સારી રીતે રીઝવી જાણે છે.

સાહેબ—બારોટ, બોલો જોઇએ તમે કેવી કવિતા રચેલી છે.

લાલો—સાહેબ મોટા મોટા કવિયોની આગળ હું તો હાથીની આગળ કીડી જેવો છું. પણ બે અક્ષર બોલું તે સાંભળો.

વિષમાલંકાર. છપય.

ક્યાં પારશ કર કાંતિ, કાંતિ ક્યાં દિપક કેરી,
ક્યાં મેરૂ મંડાણ, અને દશ તસુની દેરી;
ક્યાં છીલ્લર સર નીર, જુઓ ક્યાં જળધિતણું જળ,
ક્યાં જૂ માંકણ જોર, અને બાણાવળિનું બળ;
મદગળ ગજેંદ્રની આગળે, કોણ માત્ર કિડિની ગતી,
મતિમંત પાસ દલપત કહે, કોણ માત્ર મારી મતી. ૨૦

સાહેબ—તમે મુંબાઇ દીઠી છે ?

લાલો—હાજી, ત્યાંના ઘણા ગૃહસ્થોને રીઝવીને મેં સીરપાવ લીધા છે.

સાહેબ—મુંબાઇ વિષે એકાદ કવિતા બોલો.

લાલો— સમાલંકાર. ઝૂલણા છંદ.

શાહેર મુંબઇજ મોટાથિ મોટું,
જહાં છાપરૂં એક નહિ છેક છોટું;
શેઠિયા સર્વ જ્યાં મોટમોટા વસે,
કોટિ નાણાંતણું થાય કોટું;
દેહ મોટા ને દિલ મોટું દલપત કહે,
ખાણું પણ મોટું, નવ ખાય ખોટું;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કશણું[1] મોટાં, અને ભૂષણુ[2] મોટા
વળી હોય મોટાતણું સર્વ મોટું. ૨૧

એ કવિતાનો બધો મર્મ સમજીને સાહેબ મનમાં ખૂબ હસ્યા.

સાહેબ—તમે અહીં કોને ઘેર ઉતારો કર્યો છે ?

બારોટ—હું કાલે પહોર રાત જતાં આવ્યો. અને દિવાનજીનું માણસ સાથે આવીને એક ખવાસને ઘેર મારો ઉતારો કરાવી ગયું. પછી તે ખવાસે તો મારો સામાન નાંખી દેવા માંડયો, અને કહ્યું કે મારે દીવાનજીની કાંઇ ગરજ નથી. તમને અહીં ઉતરવા નહિ દેઉં. પછી મેં ઘણી આજીજી કરીને કહ્યું જે સવારે હું બીજે ઠેકાણે જઇશ, પણ આજની રાત મને અહીં રહેવા દે, ત્યારે મને રહેવા દીધો.

ખવાસ—(બહાર ઉભો હતો તે બૂમ પાડીને બોલ્યો) એ તો મેં ઓળખ્યા નહોતા, માટે એમ કહ્યું. પછી તો વાતો કરતાં બારોટને અને અમારે ઘણી માયા થઇ, અને તે અમારા સ્નેહી થયા.

લાલો—મનહર છંદ. વ્યાજસ્તુતિ.

સ્નેહીઓમાં સ્નેહી સાચો તારી તુલ્ય કેને કહું,
સજીવન શય્યા સોંપી સુવા સારૂ સ્નેહથી;
રહ્યો બેસી રાત સારી મહા ભય પામી મારી
ઊંઘ તો બિચારી હારી દૂર થઇ દેહથી;
ચાહ પીવી પડી ન કે બુંનની બદામ બેડી,
જામનીના ચારે પોર જાગી શકયો જેહથી;
ચિંતા તો તજી તમામ દાખે દલપતરામ,
તસકર તણો ત્રાસ રહ્યો નહિ તેહથી. ૨૨

ખવાસ—ખાટલામાં માંકણુ હશે તેમાં મારો વાંક શેનો ?

લાલો—હું તારો વાંક કાઢતો નથી, એ તો વિધાતાનો વાંક.

મનહર છંદ—વ્યાજનિંદા.

તારો વાંક નહિ તેમાં વાંક તો વિધાતાતણો,
પશુ ઘડતાં પુરુષ ઘડીઓ તે ઘડીએ;
પછી વાંક પ્રસુતાનો પાયું નહિ પોતે વિખ,
તેમાં શાનો તારો વાંક જપીએ જીભડીએ;
જાણીતી સુયાણી નહિ સુયાણી અજાણી હશે,
બોળ્યો નહિ તને ઉન્હા પાણીને બકડીએ;[1]
શીતળાએ સાન્ને શીદ ફાધો દલપત કહે,
લડવી ઘટે લડાઇ, જો તે સાથે લડીએ. ૨૩

સાહેબ—દિવાળીના વર્ણનનું કવિત બોલો.

લાલો—દિવાળીનું, કે દેવાળીઆનું બોલું ?

સાહેબ—તમારી મરજી.

બારોટ—પૂર્વ ગુજરાતમાં દેવાદાર ઉપરથી દેવાળીઓ કહેવાય છે, અને પશ્ચિમ ગુજરાતમાં જે કરજદાર પોતાની દુકાને ઝાઝા દીવા કરતો હોય તે બંધ કરીને એક દીવો મૂકીને અવળી પાઘડી મૂકીને બેસે છે. તે દીવા ઉપરથી દિવાળીઓ કહેવાય છે તે વિષે કવિત સાંભળો.

દિવાળીનું અથવા દિવાળીઆનું વર્ણન.

શ્લેષાલંકાર—મનહર છંદ.

મેવા ને મીઠાઇ ખાય ગીત ગાન તાન ગાય,
અતર ફુલેલે લોકો ભલકતા ભાળીઆ;
સાબુએ ધોએલા સાફ શરીરે પોશાક સજે,
સોનાએ રસેલા પેરે શોભીતા સોનાળીઆ;
નાયકા નચાવે ને રચાવે રંગ રાગ રૂડા,
દારૂખાનાં છોડે ઘેર ઘણા રંગ ઢાળીઆ;
દેણું ન દે દોકડો, ને લેણું તો ન લેવા[2] જાય,
દાખે દલપત દેખો દેખારે "દિવાળીઆ" ૨૪

સાહેબ—ગઇ દિવાળીને દહાડે તમે ક્યાં હતા ?

લાલો—એક રાજા મને વારે વારે કહાવતો હતો, કે તમે એકવાર મળવા આવજો, તેથી ગઇ દિવાળીને દહાડે હું તેને ગામ મળવા ગયો. મળ્યા પછી તેણે મને ઉતારો આંપ્યો અને તેના માણસે મને કહ્યું કે સીધું આવતાં વાર લાગશે માટે સુખડી મોકલીશું, તે હાલ ફરાળ કરજો, પછી ધીમે ધીમે રસોઈ કરાવજો. આ પાણીનું બેડું ભરાવી મુકયું છે. પછી તેણે જઇને ધાણીચણા મોકલ્યા અને સીધું મોકલવાનું ભૂલી ગયો, તેથી સાંજ સુધી હું તો ભુખ્યો રહ્યો. સાંઝે ઠાકોરની કચેરીમાં ગયો, ત્યાં પૂછયું ત્યારે મેં એક કવિત કહ્યું.

૧. અંગરખાની કસો.
૨. વૃધરાવળ, અને તેનો ભાવાર્થ એ કે, પોકળ પણ મોટું.

૧. બકડીયું તાંબાકુંડીના ઘાટનું વાસણુ હોય છે.
૨. સપરમે દહાડે દેણું લેણું આપવા, લેવાનો ચાલ નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાહેબ—તે કવિત બોલો જોઇએ.

લાલો—મનહર છંદ. અનુમાનાલંકાર.

રાજનો મેળાપ આજ ઘણે ઘણે રોજ થયો,
સરસ પરવ વળી તે દિવાળી સરખું;
જાણ્યું જે જરૂર ભલું ભાવતું ભોજન થશે,
ઉત્તમ પરવ આજ થાય ન અંગારખું;
પરવનો ગરવ તો સરવ વીસરી ગયો,
ખરે ખરૂં કહું કેણુ કહું ન ક્ષમારખું;
પરવમાં પાણી ધાણી ચણાનો ધરવ કર્યો,
સરવ મળીને કરો પરવનું પારખું. ૨૫

સાહેબ—તમે અમદાવાદમાં જોવા લાયક જગાઓ જોઇ છે ?

લાલો—હું પહેલવેલો એક સમે અમદાવાદમાં એટલાજ વાસ્તે ગયો હતો, કે ત્યાંની જોવા લાયક જગાઓ જોવી. તે વખતે મારે ત્યાં કોઈનું ઓળખાણ નહોતું તેથી એક ધર્મશાળામાં ઉતારો કર્યો હતો. ત્યાં ઢુંઢીઆ ધર્મના બે સાધુ મારી નજરે પડ્યા. તેઓને મેં પુછ્યું કે અમદાવાદમાં કઇ કઇ જગાઓ જોવા લાયક હશે ? તે જગાનાં નામ મને લખાવો, કેમકે અમારે જોવાની ઇચ્છા છે.

સાધુએ કહ્યું કે અમે નામ બતાવીએ તેથી તમે તે જોવા જાઓ ત્યારે રસ્તામાં તમારા પગતળે કીડી મંકોડી મરે તેનું પાપ અમને લાગે, માટે એ તો શું પણ તમે વગડામાં પાણીના તરસ્યા ખૂબ થયા હો અને અમે તમને સામા મળીએ, અને તમે અમને પૂછો કે ક્યાંઇ પાણી પીવાનું છે ? તે અમે જાણતા હોઇએ કે રસ્તાની ફલાણી બાજુ ઉપર કુવો કે વાવ છે, તોપણ અમારાથી તમને કહેવાય નહિ, એવો અમારો ધર્મ કઠણ છે. તમે અમારા બતાવ્યાથી જતાં રસ્તામાં પગતળે ઝીણા જીવજંત મારો, તથા કાચું પાણી પીઓ તેનું પાપ અમને લાગે. અમારા ધર્મનું એક કવિત અમે તમને શીખવીએ તે શીખો તો તે તમારા અર્થનું છે.

અમે કહ્યું કે તે કવિત બોલો જોઇએ. પછી તે કવિત બોલ્યા, તે તેમના કહ્યા પ્રમાણે ખરેખરૂં અમારા અર્થનું હતું, માટે અમે પેનસીલથી લખી લીધું.

સાહેબ—તે કવિત બોલો.

લાલો—પર્યાયોક્તાલંકાર—મનહર છંદ.

અંજનશલાકા[1], સ્વામિનારાયણની હવેલી
કાંકરીયું સરોવર જોવું નહિ કોઇએ;
શાહઆલમ, કે શાહીબાગ ન સિધાવીએ તો,
મકરબોર[2] કે જુમામસીદ શીદ જોઇએ;
ખતરના સાંચા, કન્યાશાળા, કે પુસ્તકશાળા,
વાવ દાદાહરની, જોતાં વખત ખોઇએ;
આવી અમદાવાદમાં એવું નહિ જોવું કશું,
સાધુ પાસે ધરમ શુણીને પાપ ધોઇએ. ૨૬
વળી તેણે એક દોહરો કહ્યો.

દોહરો.

સાત ગાઉ પર સરસ છે, જોવા લાયક જેહ;
વાવ અડાળજ આગળે, જશો ન જોવા તેહ. ૨૭

સાહેબ—પછી તમે શું કર્યું ?

લાલો—અમે સમજ્યા કે અમદાવાદમાં આટલા જગાઓ મુખ્ય જોવા લાયક છે, એવું આ કવિતામાં સાધુએ આપણને સમજાવ્યું. પછી અડાળજની વાવ સુધાં એ બધી જગાઓ અમે જઇને જોઈ આવ્યા. જો એવા હુશીઆર સાધુ મળ્યા ન હોત, તો એમાંની એકાદ જગા જોયા વિના રહી જાત.

સાહેબ—વારૂ, આગવાડીનું એક કવિત કહો જોઇએ.

લાલો—સંદેહાલંકાર—મનહર છંદ.

આ તે આગગાડી છે કે ગણીએ ગરૂડગાડી,
નીરખી નિરંજને, છે જનમન રંજની;
ઊંટને ઉપાડી જાય, અશ્વથી અગાડી જાય,
બેલ બાજ લાજ, ગજરાજ ગર્વ ગંજની;
ઝડપથી જાય, આખી ફોજને ઉપાડી જાય,
પામી મોટું માન તે, વિમાન માનભંજની;
કહે દલપત, મહીસાગરને કુદી જાય,
ઈંજન કહું, કે હનુમાનની મા અંજની. ૨૮

ઠાકોર—ગુજરાતમાં જુદા જુદા ધર્મ ઘણા છે, તેમાંના તમે કિયા ધર્મને માનો છો ?

લાલો—સઘળા ધર્મોનું બીજ એકજ સદાચરણ છે, અને ઉપરના વેષ જુદા જુદા છે.

---

૧. હઠીભાઇનાં દેરાં.

૨. સરખેજ પાસે મહમદ બેગડાનો રોજો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મનહર છંદ.

કોઇ મુંડ મુંડાવે ને કોઇ કાઢી નાખે,
કોઇ રાખે ચોટલી ને કોઇ રાખે ચોટલો;
સરવ ધરમનો મરમ સદાચરણ છે,
દુરાચરણ તે પ્રૌઢ પાપતણો પોટલો;
આંબાના અનેક ધાટ ઉપરથી ઓપે પણ,
જ્ઞાની જન જાણે જે આંબાનું બીજ ગોટલો;
ધર્મગુરુ ધમકારા કરી દલપત કહે,
તાણે જુદા મત જેને જેમાં જડે રોટલો. ૨૯

સાહેબ—મુંબાઇના શ્રીમંતોમાં ગુજરાતી કવિતાના નિયમો, તથા રસ અલંકાર વગેરેમાં સારી પેઠે સમજી શકે એવો કોણ છે?

લાલો—દેશી કવિતાની બરાબર પરીક્ષા કરીને ઉત્તમ, મધ્યમ, અને કનિષ્ઠ કવિતા જુદી કરી આપે એવો શ્રીમંતોમાં તો એક મારા જોવામાં આવ્યો છે, કેમકે તે પિંગળ વગેરેના નિયમો જાણે છે.

મનહર છંદ.

ઇદ્રના અનંત ગુણ એ તો જાણે ઐરાવત,
વિષ્ણુના વિશેષ ગુણ ગરુડ વખાણે છે;
નંદીપતિનો મહિમા નક્કી જાણે નંદીરાજ,
સૂરજના ગુણ સપ્તમુખો ઉર આણે છે;
સેનાની[1] સર્વ ગુણ માહીત મયૂરરાજ,
વાઘવાહિનીને વાઘ પૂરણ પીછાણે
વાણી દેવીનો વિવેક વદે દલપતરામ,
યથારથ જેમ છે તે હંસરાજ[2] જાણે છે. ૩૦

પછી તે બારોટે જવાની રજા માગી ત્યારે સાહેબે તેને એક નોટ આપી.

શાસ્ત્રી—બારોટ, તમે એનાં નાણાં લઇને શું કરશો?

લાલો—લખેશરી સાહુકાર હશે તેને ઘેર વ્યાજે મૂકીશ.

શાસ્ત્રી—તે કેટલું વ્યાજ આપશે?

લાલો—ઓછામાં ઓછું ચાર આના લેખે તે આપશેજ.

શાસ્ત્રી—ત્યારે તે કરતાં મારા જેવા કોઇ બ્રાહ્મણને આપીદ્યો તો પેલે ભવ તમને સો ગણા રૂપૈયા મળે.

પરભો—અરે આજ તો પર્વણી છે માટે આજ આપે તેને તો પેલે ભવ હજાર ગણા મળે.

લાલો—તમારી પાસે હું કાંઇ પુંજી દેખતો નથી, માટે તમારે નાણાં જોઇતાં હોય તો બેંકમાં લેવા જાઓ. એક જણનું ખાતું પડાવજો, અને એક જણ જામીન થજો, એટલે તમને નહીં પૂછે કે તમારી પાસે પુંજી છે કે નથી, પણ હું તો તમને નહિ ધીરૂં.

સાહેબ—એમ કેમ! તમને શાસ્ત્રીનો ભરૂંસો પડતો નથી?

લાલો—ઉપમાલંકાર—મનહર છંદ,
પાસે પુંજી પેખ્યા પાખી આપવું ઉધારે ધન,
એ તો બેંકવાળાઓનો કાયદો ઇલાયદો;
આપીએ આ ભવમાં તે પામીએ જો પેલે ભવ,
કેવો ધણી અકલથી ઘડી કાઢયો કાયદો;
એક કહે સો ગણા બીજો કહે હજાર ગણા
ફાવે તેમ બોલે ને બતાવ બડો ફાયદો;
કહો શાણા સરદાર કેમ વિશવાસ આવે,
એ તો જેવો જુગટાનો જુલાઇનો [1]વાયદો. ૩૧

પછી બારોટ સલામ કરીને ગયા.

અંક ૩ જો.

ત્યાં એક ગઢવી વેગળેથી બૂમ પાડીને એક સોરઠો વારે વારે બોલતો અને પોતાના મોટા ચોભા ઉપર હાથ ફેરવતો આવે છે.

સોરઠો.

કરેલ કીર્તિ મેર, દુનિયામાં તે દેખવા;
ફાર્બસ રૂપે ફેર, ભોજ પધાર્યો ભૂમિમાં. ૩૨

સાહેબ—આ કોણ છે?

કવિ—એના વૃદ્ધોને દેવરાસણ નામનું ગામ કવિતાના ઇનામમાં મળેલું છે. ત્યાં તે રહે છે, અને તેનું નામ રણછોડદાસ છે. તેણે શવરામંડપના વર્ણનનો રેણકી છંદ ઘણો સરસ કરેલો છે. તે

૧ સેનાની—કાર્તિક સ્વામી. ૨ હંસરાજ કરમશી.

૧. સને ૧૮૬૫ ના શેર સટ્ટાનો.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ગુજરાતમાં કવિતાના શોખી ગૃહસ્થોને મોઢેથી મેં ઘણે ઠેકાણે સાંભળ્યો છે.

પછી ગઢવીએ આવીને સાહેબને સલામ કરી, ત્યારે સાહેબે પણ સલામ કરીને ખુરશી સામી આગળી કરી, એટલે તે ઉપર ગઢવી બેઠા.

સાહેબ—ગઢવી, તમે સંસ્કૃતમાં સરસ કવિતા રચી શકો કે નહિ ?

રણછોડ—સર્વે પ્રાણીને અને પદાર્થોને, પ્રભુએ મુખ્ય એક એક ગુણ વહેંચી આપેલો છે, તેથી એક આંબાના ઝાડે ફરિયાદ કરી હતી તે સાંભળો.:—

અપ્રસ્તુત પ્રશંસાલંકાર—મનહર છંદ.

આંબો કહે મને ફૂલ ફુલાવો ગુલાબ જેવાં,
તો પ્રભુજી સૌથી શોભા પામું હું સંસારમાં;
ખાલી એટલીજ ખામી કીધી છે નકામી સ્વામી,
તેથી હું હારૂં છું હોડ કરી તેની હારમાં;
અરે આંબા મેં તો સૃષ્ટિ સર્વને ખુશી રહેવા,
નિરમ્યો એકાદ મુખ્ય ગુણ નર નારમાં;
દુનિયામાં કોઇ ઠામ, દાખે દલપતરામ,
ઠરાવ્યા નથી બધાય ગુણ એક ઠારમાં. ૩૩

માટે ગુજરાતી ભાષાની પદ્ય કવિતા રચવાનો મુખ્ય ગુણ ઈશ્વરે મને આપેલો છે, તે ગુણ મારામાં સારી પેઠે હોય, એટલે મારે સંતોષ પામવું. કેમકે સારામાં સારપ, અને ભુંડામાં ભુંડાઇ ખરેખરી હોય, તોજ તે ગુણ ઉત્કૃષ્ટ કહેવાય. તેમજ મારામાં ખરેખરો એક ગુણ જોઇએ.

સાહેબ—ભુંડામાં ભુંડાઇ પણ સંપૂર્ણ જોઇએ કે?

રણછોડ—એમ ન હોય તો તે ખરેખરો ભુંડો કહેવાય નહિ.

તુલ્ય યોગિતાલંકાર—મનહર છંદ.

જગતમાં જગદીશે જેને આપ્યો જેવો ગુણ,
તેવો ગુણ પૂરો હોય તોજ તેનું નૂર છે;
કાઠમાં કઠણતા, કપાસમાં કુમાશ, અને
સજ્જનમાં ક્ષમા ઓછી દૂષણ અંકુર છે;
લુચા લોક લુચાઇમાં કશી સંકોચાઇ કરે,
કહે દલપત એમાં એટલી કસૂર છે;
વિષમાં વિષમપણું જેટલું ઓછું જણાય,
એટલી કિંમત ઓછી જાણવી જરૂર છે. ૩૪

સાહેબ—તમે હાલ તમારે ગામથી આવ્યા કે બીજે ક્યાંહિંથી ?

રણછોડ—એક રાજા ઉદાર છે એવું સાંભળીને હું ત્યાં ગયો હતો, પણ ત્યાં જઇને જોયું તો તેનું નામ ઉદારજી હતું ખરૂં.

ઇંદ્રવિજય છંદ.

ખેલનિ, ખાંડનિ, ગાડિ ગણાય, કહો પણુ તેપર ભાર ભરેશું,
ચિત્રવિશે ચતુરાઇચિચિત્રિત, કામનિ તે ઘર કામ કરેશું;
કાષ્ટતણી તરવાર કરી પણ, તેથકિ શત્રુનું સેન મરેશું,
સુજ્ઞ સુણો દલપત કહે, નર નામ ઉદારથિ કામ સરેશું ? ૩૫

સાહેબ—ત્યારે તો તમારી ધારણા પૂરી થઇ નહિ હોય, અને વખત નકામો ગયો હશે.

રણછોડ— મનહર છંદ.

કામની સિદ્ધિ થવાને જક્ષણીનો જાપ કરી,
કાઢી ઘડી, તે કહો ન કામની કે કામની;
દામની લાલચે કરે દોસતી લુહારની, તે
આશા રાખે ઉના ઉના ડામની કે દામની;
નામની તારીફ કરી રથકારને રીઝાવી,
લુલો ઘોડી લેશે તે ઇનામની કે નામની;
જામની પદવી લેવા જાય જે હજામ પાસ,
કહે દલપત્ત લે હજામની કે જામની. ૩૬

સાહેબ—પછી તેણે તમને કાંઇ આપ્યું કે નહિ?

રણછોડ— મનહર છંદ.

અતિ અપમાન કરી દયા વિના દીધું દાન,
એવું દાન દીધાથી ન દીધું તેજ સારૂં છે;
આળસ ન કીધી પણ કપટનું કીધું કામ,
એવું કામ કીધાથી ન કીધું તેજ સારૂં છે;
પાણીની તરશ લાગે વિખતણું પીધું પાન,
એવું પાન પીધાથી ન પીધું તેજ સારૂં છે;
કહે દલપત્ત ઠગવા પ્રભુનું લીધું નામ,
એવું નામ લીધાથી ન લીધું તેજ સારૂં છે. ૩૭

સાહેબ—ત્યારે તેણે તમારી કવિતા સાંભળીને, તે સારી છે કે નરસી છે એવું કાંઇ કહ્યું કે નહિ ?

રણછોડ—એક સરણાઇવાળો સાત વર્ષ સુધી અભ્યાસ કરીને, રાગ રાગણી આલાપવા શીખીને, એક શેઠને રીઝવવા ગયો હતો તેવું મારે થયું.

સાહેબ—તે કેવી રીતે ?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રણછોડ— મનહર છંદ.

એક શરણાઇવાળો સાત વર્ષ સુધી શીખી,
રાગ રાગણી વગાડવામાં વખણાણો છે;
એકતેજ જાચું એવી ટેક છેક રાખી એક
શેઠને રીઝાવી મોજ લેવાને મંડાણો છે;
કહે દલપત પછી બોલ્યો તે કંજુસ શેઠ,
ગાયક ન લાયક તું ફોકટ ફુલાણો છે;
પોલું છે તે બોલ્યું તેમાં કરી તેં શી કારીગરી,
સાંબેલું બજાવે તો હું જાણું કે તું શાણો છે. ૩૮

વળી એક મેના અને પોપટના સોદાગરને પણ એમજ થયું હતું.

સાહેબ—તે શી રીતે?

રણછોડ— મનહર છંદ.

સોદાગર એક શુક સારિકાને સારી રીતે,
શીખવી કવિ નીત સારા સારા સ્વરમાં;
કોઇ ભારે ભૂપતિને ભેટ કરવાને ચાલ્યો,
ગામડામાં વાસો વસ્યો ગોવાળના ઘરમાં;
તારીફ સુણીને જોવા ત્યાં લોકો તમામ મળ્યા,
નોખી રીતભાત કશી ન આવી નજરમાં;
કહે દલપતરામ ગામનો ગમાર બોલ્યો,
આવાં ઘણાં તેતર તો છે મારા છેતરમાં. ૩૯

વળી તે રાજાના રાજ્યમાં એક એવો માણસ છે, કે સઉને હલકા બોલથી સંતાપીને, પોતે જાણે છે કે મનેજ બોલતાં આવડે છે.

સાહેબ—ત્યારે તમે તેને કાંઇ સમજાવ્યો કે નહિ?

રણછોડ—એક મુસાફર વનમાં જતો હતો, ત્યાં રસ્તામાં તેને એક રાજા સામો મળ્યો, તે રાજાને તેણે બોલાવ્યો ત્યારે રાજાના મુખમાંથી એવા અદબ ભરેલા શબ્દો નીકળ્યા કે જેથી તેને સાંભળીને અત્યંત આનંદ થયો. પછી આગળ જતાં એક ભીલ સામો મળ્યો. ત્યારે જાણ્યું કે, આવા વનમાં કોઇ સાથે બોલવા ચાલવાનું નથી, માટે આ ભીલ સાથે ટાઢી મીઠી વાત કરૂં અથવા તેને બોલાવું તો ઠીક. પછી તે ભીલને બોલાવવાથી ઉલટું પસ્તાવું પડયું.

સાહેબ—તે શી રીતે?

રણછોડ—અપ્રસ્તુત પ્રશંસાલંકાર—મનહર છંદ.

જંગલમાં જતાં એક દૂરથકી રાજા દીઠો,
બોલાવતાં તેના બોલ કાજુ લાગ્યા કાનને;
પછી એક ભીલ પેખી પ્રીતે તેની પાસ જઇ,
બોલાવ્યો ત્યારે તે બોલ્યો જાણે ભૂલી ભાનને;
તું કોણ છે કેનો છૈયો પિતા તારો મુઆ પછી,
માએ નાતરૂં કર્યું કે સાચે સાચું માનને;
દાખે દલપતરામ સાંભળી સંતાપ થયો,
દિલમાં લજાવું પડયું બોલાવી નાદાનને. ૪૦

માટે એવા લોકોની સાથે બોલવું નહિ તેજ ઠીક છે.

સાહેબ—ત્યારે શું કરવું?

રણછોડ— મનહર છંદ.

દેખવા પરાયા દોષ ચક્ષુ જો ચંચળ થાય;
અંચળ તો આપણીજ આંખ આડું ધરીએ;
મિથ્યા મુખ સ્વાદ માટે કરે જો વિવાદ કોઇ,
રાખીએ વદન બંધ વેણુ ન ઉચરીએ;
સમજી વિચારી કદી સંડાસ ઉઘાડીએ ન,
જો ઉઘાડીએ તો નાક બંધ કરી ફરીએ;
કહે દલપતરામ જો કદાપિ કોઇ ઠામ,
ખળ મુખ બોલે ત્યારે કાન બંધ કરીએ. ૪૧

વળી એક ગામના ભસકણા શ્વાનને એક કવિએ શિખામણ દીધી હતી.

સાહેબ—શી શિખામણ દીધી હતી?

રણછોડ—અપ્રસ્તુત પ્રશંસાલંકાર—મનહર છંદ.

માનવીઓ મધ્ય અભિમાન ધરી શ્વાન કહે,
નગરીના લોક છેક નબળા નરમ છે;
હું તો ભસું સર્વને મને ભસી ન શકે કોઇ,
કેવું મોટું મારૂં ચોખ્ખું ચઢતું કરમ છે;
ત્યારે તેને તેજ ઠામ કહે દલપતરામ,
ખોટો એવો મોટો તારા મનમાં મરમ છે;
ભસવાનો ભાઇ તે તો તારોજ ધરમ ધાર,
સજ્જનને ભસવાની અતિશે શરમ છે. ૪૨

સાહેબ—ત્યારે તેના રાજ્યમાં રૈયતને ઇનસાફ કેવો મળતો હશે?

રણછોડ—ત્યાં જડજ, કલેકટર, મુનસફ, વગેરે ઠરાવેલા છે ખરા, પણ તે જડજની કોરટમાં અમે જોવા ગયા હતા, તો તરેહવાર રીતે કામ ચાલતું દીઠું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાહેબ—કેમ વારૂ? વાદી પ્રતિવાદીની જુબાનીઓ શી રીતે લેવાતી હતી અને કેવા ધોરણથી ઇન્સાફ થતો હતો?

રણછોડ— નિરૂક્તિઅલંકાર-મનહર છંદ

અરજી લખાવી લાવી આપે જ્યાં અરજદાર,
આગળથી એને કહે જુઠી એ અરજ છે;
પામે લાંચ પછી પ્રતિવાદીપર પત્ર લખે,
પાસે આવે ત્યારે પૂછે કેટલું કરજ છે;
એની જો અધિક લાંચ આવે તો ઉડાવે કામ,
ગમે તેમ થાય પછી તેને શી ગરજ છે;
કામદો તો કદી નહિ દીઠો દલપત અને,
જડજ ગણાય છે તે જરૂર જડજ[1] છે. ૪૩

સાહેબ—વારૂ, સારામાં સારો રસ શેમાં હશે?

રણછોડ-પર્યસ્તાપહ્નુતિઅલંકાર-મનહર છંદ.

ઉત્તમ આ લોકોમાં કહે છે કૈક આમરસ,[2]
કામરસ ઉત્તમ કહ્યો છે શાસ્ત્ર કોકમાં;
રામકથામાં કહ્યો છે ઉત્તમ રામરસ,
દામરસ કૈંક તો રૂડો ગણે છે રોકમાં;
તુચ્છ જાણી બીજા બહુ તજીને તમામ રસ,
હરામી હરામ રસ ચાખી ફુલે ફોકમાં;
જેણે જેમાં સ્વાદ દીઠો દાખે દલપતરામ,
કવિ રૂડો કાવ્ય રસ લેખે છે આ લોકમાં. ૪૪

જે વસ્તુ પારકા ઉપયોગમાં આવે, તે વસ્તુનેજ ધન્ય છે. પશુનાં ચામડાં, પક્ષીનાં પીછાં કામમાં આવે છે, પણ માણુસની તો મહોબત, અને કવિનાં વચન બીજા લોકોના ઉપયોગમાં આવે છે.

દૃષ્ટાંતાલંકાર-મનહર છંદ.

પશુઓનાં પંડતણાં ચામડાંને ચાહે લોક,
પક્ષીઓની પાંખ કામ આવે કૈક ઠામમાં;
ઝાડતણાં ફુલ ફળ પાન રસ કાઠ ઠાઠ,
એ તો ઉપયોગનાં ગણાય ગામે ગામમાં;
કાંચળી સરપની ને કીડીઓની લાળ હીર,
માછલીનાં મોતી ગોતી ધરે લોક ધામમાં;
કહે દલપતરામ માનવીની મોહબત,
કવિયોનાં કથન આવે છે અતિ કામમાં. ૪૫

સાહેબ—વારૂ, કવિના મુખમાં અમૃત હોય એવું કહેવાય છે તે ખરી વાત હશે?

રણછોડ—હા સાહેબ, ખરી વાત છે.

સાહેબ—અમૃત શબ્દનો તો એ અર્થ છે કે તે મોતથી બચાવે.

રણછોડ—તે અમૃત કરતાં પણ કવિના મુખના અમૃતમાં વધારે ચમત્કાર હોય છે કેમકે પેલું અમૃત તો જીવવાળા પ્રાણીનેજ મોતથી બચાવે, અને કવિ તો ચાહે તો જડ પદાર્થને પણ મોતથી બચાવીને ઝાઝાં વર્ષ સુધી જીવાડી શકે.

સાહેબ—એ વાત આ બધી સભા કબુલ કરે, તેની ખાતરી શી રીતે કરી આપશો?

એવામાં સભાસદોને વહેંચવા સારૂ પાન સોપારી વગેરે લાવેલા તેમાં ઇલાઇચીનું પડીકું છોડીને ઇલાઇચી રૂપાની રકાબીમાં મૂકી હતી, અને તે પડીકાના કાગળો વતે, જનાવરની હગાર જાજમ ઉપરથી લોઇને તે કાગળો બહાર ફેંકી દીધેલા હતા, તે રણછોડદાસની નજરે પડયા. એટલે એક છોકરાને કહ્યું કે પેલા કાગળના ડુચા લાવ. પછી તેણે તે ડુચા લાવીને આપ્યા, એટલે રણછોડદાસે તે ઉકેલીને પહોળા કર્યા.

સાહેબ—નહિ નહિ, એવા ન્યુસપેપરના ખરાબ કાગળ શાવાસ્તે લ્યો છો? તમારે કાગળ જોઇતા હોય તો હું બીજા સારા આપું.

રણછોડ—નહિ સાહેબ, આનોજ મારે ખપ છે.

પછી તે ડુચામાંથી બે કાગળો નીકળ્યા તેમાં એક ન્યુસપેપરનો હતો અને બીજો લખેલો રદી હતો તે લઇને.

રણછોડ—જુઓ સાહેબ, આમાં લખેલી વાત હવે કેટલા દહાડા જીવશે?

સાહેબ—એ ન્યુસમાં છાપેલી વાત જેણે વાંચી હશે તે ઘણાએકને એકાદ વર્ષ સુધી સાંભરશે, પછી વીસારી દેશે, કેમકે એવાં તો ઘણાં છપાય છે, તેમાંથી બધાય કેટલાંક સંભારી રખાય? અને આ ચીઠીમાં લખેલી વાત તો ફક્ત બે કે ત્રણ જણે જાણી હશે માટે આજથીજ એ ડુચો ઉકરડામાં જશે એટલે તેનું મોત આવી ચૂકયું.

૧. મૂર્ખ. ૨. કેરીનો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રણછોડ—વારૂ, આ ચીઠી, વાંચો તો ખરા ! જોઇએ તેમાં શું લખેલું છે ?

પછી તે ચીઠી વાંચી તો સુરતના આતમારામ ભુખણની ત્યાં દુકાન હતી. ત્યાંના મુનીમે એક મુનસીને આબુ પહાડ ઉપર હવા ખાવાની જગા કેવી છે, તે જોવા સારૂ મોકલેલો હતો, કેમકે અહીં તાપ બહુ પડતો હતો, માટે ક્યાંઇ ઠંડી હવા હોય ત્યાં જવાની મરજી હતી. તે મુનસીએ આબુ ઉપર જઈ આવીને એ ચીઠી લખેલી હતી.

મુનીમનું નામ લખીને પછી લખ્યું હતું કે જ્યાં ઉન્હાળામાં ભલા ભલા રાજાઓ આવીને વસે છે, એવી સુંદર રસાળ પૃથ્વી મેં આબુ ઉપર દીઠી. વાહ વાહ શી રસાળ પૃથ્વી છે ! જ્યાં સારી હવાજ હવા મળી. જ્યાં પીક (કોયલ) ઇચ્છિત વાસો વસે છે, અને કપિ (વાનર) પણ ત્યાં ચાહીને વસવા જશે. અને કેંક વાદ કરે છે, પણ જે પહાડમાં હરેક તાજી દવાઓ છે તેનો ગણતાં તાગજ નથી આવતો. ઓ યાર, તું કહીશ કે આ તાશીર વાજબી છે, માટે હે યાર, ત્યાં જવાને શિતાબી કર.

પછી રણછોડદાસે તે મતલબનો એક દોહરો અને સવૈયો બનાવીને શીલેટ ઉપર લખ્યો.

દોહરો.

ઉન્હાળે આવી વસે, ભલા ભલા ભૂપાળ;
અવલોકી મેં આબુપર, રમણિક મહી[1] રસાળ. ૪૬

સવૈયો-બત્રીસો.

ગતાગત ભેદ. એટલે અવળો તથા સવળો વંચાય તે.

વાહરે વાહ રસાળિ મહીજ, જહીમળી સાર હવારે હવા
વાસ વસે જહિ ચાહિત પીક, કપિ તહિ ચાહી જશે વસવા,
વાદ કરે હજિ તાગ નહીંજ જહીં નગ તાજિ હરેક દવા,
વાજબી તાશિર યાર કહીશ સહી કર યાર શિતાબી જવા૪૭

એ સવૈયો ઉલટો સુલટો વાંચી સંભળાવ્યો તે સાંભળીને બધા સભાસદો અચરજ પામીને, એક બીજા પાસેથી શીલેટ ખેંચી લઇને વાંચવા લાગ્યા અને કારકુનોને ઉપરા ઉપરી કહેવા લાગ્યા કે, એ સવૈયો મને લખી આપો. કોઇ તો ઉમેદવાર છોકરાઓને કહે કે તું મને ઝટ લખી આપ, તો તેના લખામણીના બે આના કે પાયલું હું આપીશ. એ રીતે બધા સભાસદોએ તે સવૈઓ લખાવી લીધો.

રણછોડ—(સભાસદોને) હવે એ સવૈયો ક્યાં સુધી જીવશે ?

સભાસદો—અમે ધારીએ છીએ કે આખા ગુજરાત દેશના લોકોની ગુજરાતી ભાષા જ્યાં સુધી જીવશે; ત્યાં સુધી આ જીવશે.

સાહેબ—જેણે એ ચીઠી લખેલી, તથા જેના ઉપર લખેલી, તેઓનાં નામ કવિતામાં કેમ લાવ્યા નહિ?

રણછોડ—તેઓનાં નામ જીવતાં રાખવાની મારે શી ગરજ છે? પ્રેમાનંદ ભટે કવિતામાં ફક્ત એટલુંજ લખ્યું છે કે,

"વીરક્ષેત્ર વડોદરૂં, ગુજરાત મધ્યે ગામ;
ચાતુર્વેશા ન્યાતી બ્રાહ્મણ, ભટ પ્રેમાનંદ નામ."

પણ તે સમે ત્યાંનો રાજા કોણ હતો, તેનું નામ તેણે લખ્યું નહિ, તેથી જણાય છે કે, તે રાજાએ તે કવિના ગુણ જાણ્યા નહિ હોય, તેથી તે રાજાનું નામ કવિએ અમર રાખ્યું નહિ. નહિ તો જેમ હાલ આખા ગુજરાતની બાઇડીઓ અને છોકરાં સુધાં પ્રેમાનંદ ભટનું નામ જાણે છે, તેમ તે રાજાનું નામ પણ સઉ સંભારત. પ્રેમાનંદની વખતમાં તો કદાપિ ત્યાંનો રાજા જાણતો હશે કે, પ્રેમાનંદ કરતાં મારી કીર્તિ ઘણી છે, અને મને ઘણા લોકો ઓળખે છે, પણ આજ તો તેને કોઇ જાણતું નથી.

સાહેબ—સાબાસ સાબાસ, રણછોડદાસ ગઢવી તમે તો હદ વાળી. પછી રણછોડદાસે સાહેબને સલામ કરીને ભાષણ બંધ કર્યું.

એ સભામાં મુડેટીના ઠાકોર સુરજમલજી બેઠા હતા. તેઓ રણછોડદાસની કવિતાથી એટલા તો રંજન થઇ ગયા, કે તેમણે બીજે દહાડે રણછોડદાસને પોતાને ઉતારે બોલાવીને, પોતાને ચઢવાની રૂ. ૫૦) ની કીંમતવાળી ઘોડી શણગારીને બક્ષિસ આપી.

---

૧. પૃથ્વી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અંક ૪ થો.

એક ગૃહસ્થ કેટલીએક ધામધુમથી આવે છે, તેનો વેષ રાજાના જેવો. આગળ છડીદાર બોલે છે, કે નીધા રખો મહેરબાન સલામ.

સાહેબ—આ કોણુ આવે છે ?

દલ.—એ વીરમગામના નામાંકિત ભીમા બારોટના ચિરંજીવ પૃથીરાજ બારોટ છે. તે વીશ લાખ રૂપૈયાના આશામી કહેવાય છે.

ભાવનગર, ઝાલાવાડ, અને જામનગર વગેરેના રાજાઓ તેઓને ઘણું માન આપે છે, અને ઘણે ઠેકાણે તેમની નાણાવટાની દુકાનો ચાલે છે. તે હાલ અહીંના એક ગામમાં પરણવા આવેલા છે.

સાહેબ—હા હા, એમને તો હું સારી પેઠે ઓળખું છું, એ તો મારા દોસ્તદાર છે.

પછી બારોટ તંબુમાં આવ્યા, અને સલામ કરીને એક ખુરશી ઉપર બેઠા.

સાહેબ—બારોટ, તમે કાંઇ કવિતાનો અભ્યાસ રાખો છો કે નહિ ? કેમકે તે તમારા અને બ્રાહ્મણના કુળની વિદ્યા છે, માટે તમારે તો અભ્યાસ રાખવો જોઇએ.

પૃથીરાજ—અમારા મોટાભાઇ ત્રીકમ બારોટ છે, તેમને કવિતાનો થોડો ઘણો અભ્યાસ છે, અને હું રચી જાણતો નથી, પણ કેટલાંએક કવિત મેં શીખી રાખેલાં છે ખરાં.

સાહેબ—દેશીઓનું દુઃખ મટવાનું મૂળ શું છે ? તે વિશે કવિત આવડતું હોય તો બોલો.

પૃથીરાજ—કરણમાળાલંકાર—મનહર છંદ.

ભણતર ભણ્યાથકી ચિત્તમાં વિચાર પામે,
ચિત્તના વિચારથકી બુદ્ધિબળ થાય છે;
બુદ્ધિબળથકી કળા કુશળતા કોટી વધે,
કળા કુશળતાથકી ઉદ્યોગ કરાય છે;
ઉદ્યોગ કર્યા થકી ધંધા અનેક ધારી શકે,
ધંધાથકી દેશ વિશે દોલત દેખાય છે;
દેશની દોલતથકી દાખે દલપતરામ,
દેશની પ્રજાનું દેખો દુઃખ દૂર જાય છે; ૪૮

સાહેબ—તમારા જીલ્લામાં હાલ સુધારો છે, કે કુધારો ?

પૃથીરાજ—વિશેષાલંકાર—મનહર છંદ.

ગામમાં કુધારો કૈંક નામમાં કુધારો,
કૈંક કામમાં કુધારો કોટિ કષ્ટ કરનારો છે;
ન્હાવામાં કુધારો ખાવું ખાવામાં કુધારો,
ગીત ગાવામાં કુધારો છે તે કહો કશો સારો છે;
વીવામાં કુધારો પાણી પીવામાં કુધારો દીસે,
દીવામાં કુધારો નકી જાણો જે નઠારો છે;
કહે દલપતરામ ઠરી રહ્યો ઠામ ઠામ,
કયાંથી કયાંથી કાઢીએ જ્યાં ધારૂં ત્યાં કુધારો છે. ૪૯
ભણી ભણી ભેદ પામી નાસ્તિક ધરાવે નામ,
કહો પછી ત્યાં કશો કુધારાનો ઉધારો છે;
મળે જો બીજાને માન ઉપજે અરીખ્યા એવો,
લાયકીવાળા છે લોક ત્યાંય લાગુ ધારો છે;
કેળવણી નહીં હોય ત્યાંય છે કુધારો પણ,
કેળવણીવાળા વિશે શુદ્ધ કયાં સુધારો છે;
કહે દલપતરામ ઠરી રહ્યો ઠામ ઠામ,
કયાંથી કયાંથી કાઢીએ જ્યાં ધારૂં ત્યાં કુધારો છે. ૫૦

સાહેબ—પણ હાલ વિદ્યાનો અને કળા કૌશલ્યનો દુનિયામાં વધારો કેવો જણાય છે ?

પૃથીરાજ—અસંભવાલંકાર—મનહર છંદ.

પવનનો તોલ થયો તાપતણું માપ થયું,
માપ મેઘરાયનું કથનથી દીધું કહી;
ઉડગણની[1] ઊંચાઇ નકી કરીને ગણાઇ,
પૃથ્વીના પેટની કળાઇ જુગતી જહીં;
પચીસ હજાર મૈલ પૃથવી પ્રમાણ થયું,
જેહતું પ્રમાણ જોતાં કયું જડતું નથી;
કહે દલપત હજી તો કહી શકાતું નથી,
વિદ્યા દેવી જ્ઞાન કેવું કેવું આપશે અહીં. ૫૧
તેલ વિના દીવા થયા, તારમાં સંદેશા ગયા
બેલ ઘોડા વિના ચાલે ગાડીઓ એવી બણી;
ચિત્ર ભાનું[2] ચિત્રી આપે ચિંતવ્યાં વિચિત્ર ચિત્ર,
જુઓ યંત્ર જોર થકી ઘાણીઓ ફરે ઘણી;
વડો જે વરૂણ દેવ દુનિયામાં દાણા દળે,
સાંચાથી સિવાય ને નંખાય ક્ષિતિને ખણી;
કહે દલપત હજી તો કહી શકાતું નથી,
વિદ્યા દેવી કેવી શક્તિ ઉમેરશે આપણી. ૫૨

૧. આકાશના તારા. ૨ સૂર્ય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાહેબ—(ભૂગોળ ખગોળના ગોળા દેખાડીને કહ્યું કે) આ ગોળા તમે કોઈ સમે દીઠા છે ?

પૃથીરાજ—હા, સાહેબ ઘણીવાર દીઠા છે ?

સાહેબ—એ ગોળા વિષે કવિત આવડતું હોય તો બોલો.

પૃથીરાજ–ભ્રાંતાપહ્નુતિ અલંકાર–મનહર છંદ.

ભાઇ જુઓ ભીમતણી ગોફણના ગોળા જેવા,
ગોળા છે કે અવની આકાશના એ ઓળા છે ?
સાગર ને શૈલ, શશિ, સૂરજ સહિત, જેની
આંખમાં અંજાય એવી દેવીના એ ડોળા છે;
તોલાં ખાંડી તોળવાનાં, ગોળા મોટી તોપતણા,
ભાખે એવા ભૂમિ મધ્યે ઘણા ભાઇ ભોળા છે;
કથન વિચારી સત્ય કહે દલપતરામ,
ખચીત ખગોળ ને ભૂગોળનાજ ગોળા છે.　૫૩

સાહેબ—વારૂ, ભોજનું રાજ્ય ફક્ત માળવામાં હતું, અને ભોજના કરતાં બીજા મોટા રાજા તો ઘણા થઇ ગયા છે, તથાપિ ભોજનો જશ બહુ પ્રખ્યાત થઇ ગયો એનું શું કારણ હશે ?

પૃથીરાજ—હેતુ અલંકાર–મનહર છંદ.

કોઇ રાય શોખ રાખે જંગલી જનાવરોનો,
કોઇ શોખ રાખે મહા મલ્લના સમાજનો;
બહુ શોખ રાખી કોઇ બાગ બંગલા બનાવે,
કોઇ શોખ રાખે બહુ બેલ ગજ બાજનો;
કોઇ શોખ રાખે બહુ અસ્ત્ર શસ્ત્ર વસ્ત્ર કેરો,
કોઇ બહુ રાખે ભલાં ભૂષણો કે ભાજનો;
પાંચસેં કવિયો પૂરા પારખીને પાસે રાખ્યા,
ભૂમિમધ્યે તેથી જશ રહ્યો ભોજરાજનો.　૫૪

સાહેબ—મહારાણી વિકટોરીઆ સાહેબના હજુરી કવિને મારા કરતાં મોટો પગાર મળે છે, અને ત્યાં કવિની નીમનોકની જગા છે. ત્યારે આ દેશના હાલના રાજાઓને શું કવિતાનો શોખ નહિ હોય, કે તેઓની પાસે કોઇ નામીચો કવિ કયાંઇ જોવામાં આવતો નથી, તેનું શું કારણ હશે ?

પૃથીરાજ–વિનોકિત અલંકાર–મનહર છંદ.

હાથણી અમૂલ્ય હોય પણ જો પેદાશ એકે
ગામની ન હોય તો કહો તેને શા કામની;
મીલકત મળી પણ જીવવાની આશા એક
જામની[1] નહોય તો કહો તેને શા કામની;
કવિતા સરસ પણ જેને આશા અવિચળ,
નામની નહોય તો કહો તેને શા કામની;
દાખે દલપત સાડી સારી પણ સદનમાં
કામની[2] નહોય તો કહો તેને શા કામની.　૫૫

હાલમાં અંગ્રેજી જીલ્લાઓમાંથી કવિઓની કવિતાના અવાજ સંભળાય છે, પણ ગુજરાતમાં મોટું રાજ્ય ગાયકવાડ મહારાજનું છે; પણ ગુજરાતી ભાષામાં સર્વ લોકોપયોગી કવિતાનો ગ્રંથ હાલમાં બનેલો કોઇપણ ઠેકાણે જોવામાં આવતો નથી.

સવૈયો–ઇંદ્રવિજય.

ગાયકવાડની નોબત નાદ, મેં નર્મદા પાર સુણ્યો શુભ જાતો,
જીત તણો જરિયાનનો વાવટો, દારામતી લગિ દીઠો દેખાતો;
હાથિ અને હયનો હહણાટ,સુણ્યો વળિ મલ્લનો મામલો થાતો,
કોઇ કવીનો અવાજ વડોદરા શહેરની બ્હારનથી સંભળાતો.

રળીયો ગઢવી—તમે કવિતા બોલ્યા તે વિષે મારે એક સવાલ પૂછવાનો છે તેનું સમાધાન કરો.

પૃથીરાજ—તમારો સ્વભાવ હું જાણું છું. તમે વાદ વદવા સારૂ પૂછો છો અને તમારૂં મન હા કહેશે તોપણ તમારી જીભ હા કહેવાની નથી. માટે ઠાલા માથાકુટ કરવાનું મને ગમતું નથી. કહ્યું છે કે:—

મનહર છંદ.

રોગવાળો ઓસડના યોગથી આરોગ્ય થાય,
વિના રોગ રોગી બને તે રોગ શે ટળશે;
ઊંઘતો જે જન હોય તે જગાડયો જાગે પણ,
જાગતો જે ઉંઘે તેની ઊંઘ શે નિકળશે;
સંશયથી સ્વાલ પૂછે તેનું સમાધાન થાય,
વાદ વદવાને પૂછે તેમાં તો શું વળશે;
દાખે દલપતરામ મિથ્યા માથાકુટમાંથી,
દ્વેષ કે કલેશનાં વિશેષ ફળ ફળશે.　૫૭

રળિયો—મારે એટલુંજ પૂછવું છે કે તમે કવિતાને છેડે અનુપ્રાસ લાવો છો તે વિષે પિંગળમાં તો કાંઇ જણાતું નથી.

પૃથીરાજ—કઇ ભાષાના પિંગળની તમે વાત

[1] પહોરની.　[2] સ્ત્રી.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

કરો છો? ફારસીની, અરબીની, અંગ્રેજીની, સંસ્કૃતની, કે વ્રજભાષા વગેરે દેશી ભાષાના પિંગળની?

રળિયો—ગમે તે ભાષાનું પિંગળ હોય પણ નિયમ એકજ હોય કે નહિ?

પૃથીરાજ—ના ભાઇ, બધી ભાષાઓના વ્યાકરણના અને પિંગળના બધા નિયમો મળતા આવતા નથી.

વેદની કાંડીઓમાં ગુરૂ લઘુની ગણતીનો નિયમ નથી, એ તો સહુથી પહેલો વાલ્મિકે રામાયણમાં કર્યો. ત્યાર પછી દોહરા, ચોપાઇ, સોરઠા, કુંડળીઆ, છપ્પા, તથા કેટલાએક શ્લોકનાં વૃત લઇને તે બધાનાં છંદ નામ પાડીને વ્રજભાષા વગેરેમાં પિંગળો થયાં, તેઓમાં એક પિંગળ એવું મારા જોવામાં આવ્યું નથી કે, જેમાં છંદને છેડે અનુપ્રાસ મેળવ્યો નહોય. કદાપિ આપના જોવામાં આવ્યું હોય તો તે પિંગળનું નામ બતાવો, એટલે આજથી એટલી નવી વાત મારા જાણવામાં આવશે, અને વ્રજભાષા કે ગુજરાતી ભાષામાં પ્રાસ વિનાની કોઈ નામીચા કવિની કવિતા પણ મારા જોવામાં આવી નથી.

સાહેબ—એ તો રળિઓ ગઢવી ખાલી તકરાર કરે છે, એવી નકામી તકરાર સાંભળવાથી કોઇને કશો ફાયદો થાતો નથી. તે કરતાં રળિઓ ગઢવી કહે છે તેમ પોતેજ હમેશાં કરશે તો ઘણું સારૂં, પણ પોતે પ્રયાસ સારૂ ફાંફાં મારતા જશે અને પ્રાસને ધિક્કારતા જશે તે કાંઇ વાજબી કહેવાય નહિ. વારૂ, તમે ને રળિઓ ગઢવી બંને હિંદુ જાતિના છો તથાપિ તમારા બંનેના સ્વભાવ જુદા કેમ જણાય છે?

પૃથીરાજ—જુઓ, સોય અને કાતર બંને એક જાતિનાં છે, અને બંનેનો ગુરૂ પણ એક દરજી છે, તથાપિ તે બંનેના સ્વભાવ જુદા છે.

સવૈયો.

એકજ વંશ વિષે ઉપજ્યાં,સહવાસ સદૈવ નિવાસ વસાવે,
એક ગુરૂ ઉપદેશ તથાપિ,મિજાજ કદી મળતો નહિ આવે,
દેખી જુઓ દલપત્ત કહે, દરજી તણી પેઢી વિષે દરશાવે,
કાતર કાપી કરે અળગાં, પણ સોય સદૈવ સલાહ કરાવે.૫૮

સાહેબ—ત્યારે હવે તમારા બે વચે જે વાંધો હોય તે પતાવીને સલાહ કરો.

પૃથીરાજ—આપ જેવા ત્રાહિત વચમાં પડે તો સલાહ થાય. કહ્યું છે કેઃ—

સવૈયો.

ત્રાહિત વીર વચે ન પડે, વચમાંહિ પડેલ મટે નહિં વાંધો,
દાળ મળી રસરૂપ દિસે ન,વિના જળ જો રૂડી રીતથી રાંધો;
કાપડ સાજું કદી ન બનેજ, ગમે ત્યમ ગાંઠ બરાબર બાંધો,
ત્રાહિત તંતુ મળ્યે દલપત્ત, મળે સુખદાયક સુંદર સાંધો.૫૯

अंक ५ मो.

એક કવિ નીચે લખેલો સોરઠો બોલતો બોલતો આવે છે.

સોરઠો.

કવિતા વેલી વીર, ગૂમ થાત ગુજરાતથી;
નિર્મળ છાંટી નીર, ફેલાવી તેં ફારબસ. ૬૦

સાહેબ—એ કોણ આવે છે?

દલ૦—એ ભાવનગરના દરબારના કવિ છે, અને એનું નામ ગઢવી પાતોભાઇ છે. તે જુનાગઢ વગેરેના જુના ઇતિહાસની વાતો બહુ જાણે છે.

સાહેબ—ખરા ખરા, એમની પાસેથી રાસમાળામાં લખવા સારૂ આપણે ઘણી વાતો લીધી છે. એને એક મહિના સુધી આપણે સ્વારીમાં રાખ્યા હતા, અને પછી વળામાં તેમને વિદાયગીરી આપી હતી.

દલ૦—હા, સાહેબ, તે એજ છે.

પછી ગઢવી આવીને સલામ કરીને એક ખુરશી ઉપર બેઠા.

સાહેબ—કેટલાએક કવિ એવા હોય છે કે, તે પંડે તો લોકોનાં મનરંજન થોડાં કરી શકે, પણ તેની કવિતા વાંચીને લોકો ઘણુ રંજન થાય તેનું કારણ શું?

પાતોભાઈ—કેટલાએક રાજા કરતાં તેની પ્રજા સારી હોય છે. ગુરૂ કરતાં શિષ્ય, અને કારીગર કરતાં કારીગરી સરસ હોય છે. કહ્યું છે કેઃ—

મનહર છંદ.

રાજા કરતાં તો કેક પ્રજામાં પુરૂષ જોયા,
જેના પુણ્યથકી ઘણી પ્રજા પાણી પીવે છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પિતાથી તો પુત્ર પૂરા પરાક્રમી પ્રૌઢ પેખ્યાં,
શિક્ષકથી શિષ્ય ઘણો જશ પામી જીવે છે;
ભાળો આગ ભઠીતણો પૂરો ન પ્રકાશ પડે,
દાખે દલપત જેવો દીવો તાણે દીવે છે;
સાંચાનો બનાવનાર સાફ નહીં શીવી શકે,
શીવવાનો સાંચો સાફ એવું સારૂં શીવે છે. ૬૧

સાહેબ—તમારી નાતના બધા લોકો શો ધંધો કરતા હશે ?

પાતેભાઇ—કેટલાક વેપાર તથા નોકરી વગેરે કરે છે, અને કેટલાક કવિતાનો ધંધો કરે છે. જેમ પાણીની પેદાશ એકજ આકાશમાંથી થાય છે; પછી જેને જેવો સંગ તેવો રંગ લાગે છે. જેમકેઃ—

પર્યાયાલંકાર—અનહર છંદ.

ગંગામાં ગયું જે જળ ગણાયું તે ગંગાજળ,
ગટરમાં ગયું જળ ગંદું તે ગણાયું છે;
ખારે દરીયે ગયું તે ખરેખરૂં ખારૂં થયું,
છાશમાં પડ્યું તે છાશ રૂપે થૈ છણાયું છે;
શેલડીએ સોશ્યું થયું શેલડીના રસ રૂપે,
ચૂનામાં ભળ્યું તે ચૂના રૂપ થૈ ચણાયું છે;
એકજ આકાશની પેદાશ દલપત કહે,
જેવો જેવો જોગ થયો તેવું તે જણાયું છે. ૬૨

સાહેબ—જે માણસ બીજા લોકોની નિંદા કરે છે અને પોતાના દુર્ગુણ દેખતા નથી, એવા માણસને શિખામણનું એક કવિત બોલો.

પાતેભાઈ—અપ્રસ્તુતપ્રશંસાલંકાર–કવિત.

ઉંટ કહે આ સમામાં વાંકા અંગવાળાં ભુંડાં,
ભૂતળમાં પક્ષીઓ ને પશુઓ અપાર છે;
બગલાની ડોક વાંકા પોપટની ચાંચ વાંકી,
કુતરાની પુંછડીનો વાંકો વિસતાર છે.
વારણની શુંઢ વાંકી વાઘના છે નખ વાંકા,
ભેંશને તો શીર વાંકાં શીંગડાંનો ભાર છે;
સાંભળી શિયાળ બોલ્યો દાખે દલપતરામ,
અન્યનું તો એક વાંકું આપનાં અઢાર છે. ૬૩

સાહેબ—ઉડાઉ અને આળસુને શિખામણનું કવિત બોલો.

પાતેભાઇ—અસંભવાલંકાર—કવિત.

કમાઇ કમાઇને કમાણી ધૂળધાણી કરે,
એ તે સારો શ્રીમંત ક્યારે થશે સંસારમાં;
ભણી ભણી ભૂલી જાય ભણેલું સંભારે નહિ,
કહે દલપત થશે કુશળ કે વારમાં;
આંધળી દળે ને આટો ચાર શ્વાન ચાટી જાય,
એ તે આટો ક્યારે એને આવશે આહારમાં;
સાત ડગ સામાં ભરી પાંચ ડગ પાછો ફરે,
કહો એ તે સંઘ ક્યારે પહોચશે કેદારમાં. ૬૪

સાહેબ—વ્યભિચારીને શિખામણનું કવિત બોલો.

પાતેભાઇ—સૂક્ષ્માલંકાર—કવિત.

કીધાથકી જારકર્મ ચીતરાયું કાળું મુખ,
રાક્ષસ રાવણતણું રૂપ દેખડાવીએ;
વાળી બધું ટાળી બેઠો તે તમે સંભારી જુઓ,
લંપટને એવું કહી લાજ લગડાવીએ;
દુષ્ટ દુરજોધનનું દેહવટ વળી ગયું,
એવાં એવાં કથનોથી કાન જગડાવીએ;
એટલી શમશાથી ન સમજે અજાણ તો શું,
ઢંઢેરો પીટાવીએ કે ઢોલ વગડાવીએ ? ૬૫

દૃષ્ટાંતાલંકાર.

પાળો કે ન પાળો પણ પાપ પડ્યું મૂકવાને,
કહી છુટવાનું બળ વેદના ત્રિકાંડનું;
દેશપતિતણું બળ દેશીઓને દંડવાનું,
રોજ રોજ રીસાવાનું બળ ભુંડી રાંડનું;
સાહુકારને તો બળ ન્યાયની સહાયતાનું,
ભાંડણુંજ ભાંડવાનું બળ ભુંડા ભાંડનું;
દુનિયામાં દેખો ભાઇ દાખે દલપતરામ,
દુષ્ટતા ન છોડવી તે બળ દુષ્ટ ડાંડનું. ૬૬

સાહેબ—આ દેશમાં સરસમાં સરસ ઋતુ ક્યારે થાય છે ?

પાતેભાઇ—મિત્ર એટલે સૂર્ય જ્યારે મીન રાશીને મળે છે ત્યારે વસંત ઋતુ કહેવાય છે, અને તે સમે આ દેશમાં નવપલ્લવ થાય છે.

શ્લેષાલંકાર—કવિત.

પરિમળ અમળ, અમળ જળથળ રહ્યાં,
કવિકુળ કામળ કમળ અપકાશીને;

P. P. Ac. Gunratnasuri M.S.　　　Jin Gun Aaradhak Trust

ગુણીજન ભ્રમર ભ્રમણુ ભલી ભાત કરે,
કોકિલ કલોલ અંબ કદંબ નિવાસીને;
વસતી ફૂલવાડીમાં ફૂલી ફૂલી ફેલાયાં ફૂલ,
દેખે છે અશોક લોક શોક ગયો નાશીને;
પ્રગટ્યાં નવીન પત્ર[1] અત્ર સરવત્ર જ્યારે,
એકત્ર પવિત્ર મિત્ર[2] મળ્યો મીનરાશીને.[3] ૬૭

સાહેબ—પૃથ્વી વિષે એક કવિત કહો જોઇએ.

ઠાકોર—આ મોરની પીંછી વિષે કવિત કહો.

શાસ્ત્રી—આ પોથી વિષે એક કવિત કહો જોઇએ.

પાતોભાઈ— કવિત.

પ્રથમ પ્રકારનો ઉચારતાં ઉચાર થાય,
એજ અક્ષરો છે શુદ્ધ નકી જેના નામમાં;
અસલી વરણ બધા એ વિષે વસે છે, અને
જાતે ન જણાય વસ્ત્ર હાડમાં કે ચામમાં;
જેના વિષે વિદ્વાન વિવિધ વિચાર કરે,
શીખી રાખે તેને એ તો આવે બહુ કામમાં;
પછી જો જો બીજે ઠામ કહે દલપતરામ,
પ્રથમ તો ધારી ધારી જોઇલો આ ધામમાં. ૬૮

એ કવિતાના પૃથ્વી, પીંછી, અને પોથી વિષે જુદા જુદા અર્થ નીચે લખ્યા પ્રમાણે કહી સંભળાવ્યા.

પૃથ્વી વિષે અર્થ.

પૃથ્વી, આ શબ્દનો ઉચ્ચાર કરતાં, તેમાં પ્રથમ પકારનો ઉચ્ચાર થાય છે અને જેના નામમાં સાફ એજ અક્ષરો છે, અને પૃથ્વીમાં બધા અશલી બ્રાહ્મણાદિક ચારે વરણના લોકો વસે છે, અને તે પૃથ્વી જાતે લુગડામાં, હાડકામાં કે ચામડામાંજ ગણાતી નથી. એની જાત તો રજકણની છે. વળી જે પૃથ્વી વિષે વિદ્વાનો તરેહ તરેહના વિચાર કરે છે, તે વિચાર જે કોઇ શીખી રાખે તેને બહુ ઉપયોગમાં આવે છે. તે બીજે ઠેકાણે પછીથી જો જો પણ પ્રથમ તો આ તંબુમાંજ ધારી ધારીને જોઇલો.

પીંછી વિષે અર્થ.

તેના પણ એજ અક્ષરો છે અને પ્રથમ પકાર છે, અને બધા અશલી "વરણ" એટલે રંગ તેમાં છે. અને તે વસ્ત્ર, હાડકું, કે ચામડાની જાતમાં ગણાતી નથી. જે પીંછી વિષે વિદ્વાનો તરેહ તરેહના વિચાર કરે છે, અને તેને "શીખી" એટલે મોર રાખે છે, કેમકે તે તેના બહુ કામમાં આવે છે. તે પણ બીજે ઠેકાણે પછી જો જો, પ્રથમ તો આ ઘરમાં જોઇ લો.

પોથી વિષે અર્થ.

તેના પણ એજ અક્ષરો છે, અને પ્રથમ પકાર છે, અને અશલી "વરણ" એટલે બધા મૂળાક્ષરો તેમાં છે. તે પોથી વસ્ત્ર, હાડકું, કે ચામડાની જાત કહેવાતી નથી. જે વિષે વિદ્વાનો બહુ વિચાર કરે છે અને તે ભણી રાખે તેને બહુ ઉપયોગમાં આવે છે. તે બીજે ઠેકાણે પછી જો જો પણ પ્રથમ તો આ તંબુમાંજ જોઇ લો.

શાસ્ત્રી—બસ, એટલુંજ કે? આ પોથી તો અધિક માસના મહાત્મ્યની છે, એમાંથી સેંકડો વિપ્રોની આજીવિકા ચાલે છે. તેનું કવિત એટલુંજ હોય કે?

સાહેબ—આ કરોળીઆની જાળનું કવિત કહો જોઇએ.

પાતોભાઈ— કવિત.

ચતુર કરોળિયા તું ક્યાંથી શિખ્યો ચતુરાઇ,
સદાકાળ જેથી તારે ભક્ષનો સગાળ છે;
શબ્દવાદિયોના મુખમાં અસંખ્ય શબ્દ જેમ,
તેમ તારા પેટમાં અખૂટ ખૂબ લાળ છે;
પ્રાણીઓને પકડવા ગુંથે મોટા મોટા ગ્રંથ,
તેવી જુગતી જેવી જરૂર તારી જાળ છે;
કીધી ભલી કારીગરી કહે દલપતરામ,
સંસારમાં તેથી સુખી તારાં બચ્ચાં બાળ છે. ૬૯

સાહેબ—આ એક પગના મેજ વિષે કવિત બોલો જોઇએ.

પાતોભાઈ— કવિત—ગુપ્તોત્તર.

એક ટંગીઆતણી ઓલાદમાંથી ઉપજેલો,
અને વળી આજ જાતે હું છું એક ટંગીઓ;
સારો કે નઠારો જેવો ધારો તેવો મારે શિર,
ભાર ઉપાડું છું પણ જાતે નથી ભંગીઓ;

૧. પુસ્તકનાં પાનાં. ૨. દોસ્ત. ૩. દકાર નામવાળાને.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સારા સરદાર વચે બેસવાનો અધિકાર,
કહો પછી કોણુ મને કહેશે કુઢંગીઓ:
કહે દલપતરામ મીંડા વિના મારૂં નામ,
મેં જ કહ્યું તે તમે તપાસો મારા સંગીઓ. ૭૦

સાહેબ—સાબાસ પાતાભાઇ, તમે તો ભાવનગરના દરબારમાંનું એક રત્ન દીસો છો. પછી પાતોભાઇ સલામ કરીને સભામાં એક ખુરશી ઉપર બેઠા.

અંક ૬ ઠ્ઠો.

એક કવિની સાથે પાંચ સાત માણસ હતા. એવી રીતે તેમને આવતા જોઇને.

સાહેબ—આ કોણુ આવે છે?

દલ૦—એ કુવાના નામના ગામના વતનદાર કવિ ધીરજી છે. તેણે ભૂજની પોશાળમાં ભટ્ટાર્કજી પાસે રસ રહસ્ય આદિક કવિતાના ગ્રંથોનો સારો અભ્યાસ કરેલો છે, અને તે આ જીલ્લામાં સર્વોપરિ કવિ ગણાય છે. તેની તર્કશક્તિ વખાણવા યોગ્ય છે; અને તેણે ઘણાં રાજ્યસ્થાનોમાં માન મેળવ્યું છે.

પછી ધીરજી આવીને સમાલ કરીને ઉભા રહ્યા.

સાહેબ—(તે ઇતિહાસની શી શી વાતો જાણે છે તે જાણવા સારૂં પૂછ્યું કે) તમે શું શું જાણો છો?

ધીરજી—સાહેબ, એમ કેમ પૂછો છો કે તમે શું શું જાણો છો? અમે તો સરસ્વતી પુત્ર કહેવાઇએ, માટે અગમ નીગમની વાત જાણીએ, અમારૂં અજાણ્યું કશુંએ ન હોય.

સાહેબ—તમે કિયા કિયા રાજવંશીનો ઇતિહાસ જાણો છો?

ધીરજી—આખી દુનિઆમાં જેટલા રાજવંશી છે તે બધાના ઇતિહાસ અમે જાણીએ. આપના કુળનું નામ ફાર્બસ શાથી પડયું તે વાત પણુ અમે જાણીએ, અને આપને તો એ વાતની પૂરી ખબર હશે કે નહિ હોય.

સાહેબ—(થોડું હશીને) વારૂ, શાથી અમારા કુળનું ફાર્બસ નામ પડયું? કહો જોઇએ?

ધીરજી—દક્ષિણુ દેશનો મુખ્ય દેવ ખંડોબા, અને ગુજરાતની મુખ્ય દેવી બૈચરાજી, એ બંને એક સમે યુરોપખંડ જોવા સારૂં જઇ ચડયાં હતાં.

નિરૂક્તિઅલંકાર—મનહર છંદ.

ખંડોબા ને બૈચરાજી જે ચડયાં યુરોપખંડ,
દેખવા લાયક દેશ દેખવા સરસ તે;
પુરાતનમાં ફિન્લાક સાહેબના પૂરવજે,
હરખથી પૂછયું તે બંનેને સુખ હસતે;
પૃથવીમાં મારા પુત્ર પૌત્ર પરિવારવાળા,
મેળવશે કેવું માન, અને કેવો જશ તે,
ખંડોબા બોલ્યા કે "ફાર"બૈચરાજીબોલ્યાં"બસ"[1]
બંને મળી બીરદ[2] બતીયું "ફાર્બસ" તે. ૭૧

સાહેબ—તમે કિયા કિયા દેશ જોયા છે?

ધીરજી—"જ્યાં ન પહોંચે રવી ત્યાં પહોંચે કવિ." અત્યારે સૂર્યની નજર અર્ધા ભૂગોળમાં પહોચતી હશે, અને અમે અહિં ઉભા હઇએ પણુ અમારી નજરે ચારે ખંડ ફરી વળે.

સાહેબ—વારૂ, ચારે ખંડમાં અત્યારે શું છે, તે નજર ફેરવીને કહો જોઇએ.

ધીરજી—(આંખો મીંચીને થોડો વિચાર કરીને.)

અનન્વયાલંકાર—દોહરો.

અમેરિકા ને એશિયા, વળી આફ્રીકા યુરોપ;
કયાંઇ નથી ફિન્લાકસમ, અવર પુરૂષમાં ઓપ. ૭૨

મનહર છંદ.

કૌસ્તુભનો વીરો હીરો કોહીનુર[3] એક છેક,
બીજો ધરણીધરે ધરા મધ્યે ધર્યો નથી;
અચળામાં[4] અચળ[5] હિમાચળ સમાન ઊંચો,
ઠામ ઠામ જુઓ કોઇ ઠેકાણે ઠર્યો નથી;
ચીનનો પ્રાચીન કોટ એવો મોટો કોટ અને,
રૂસ દેશ જેવો દેશ બીજો પ્રસર્યો નથી;
ગુજરાતી ગુણીઓના ગુણુનો ગ્રાહક એક,
ફિન્લાક સાહેબ બીજો સાહેબે કર્યો નથી. ૭૩

સાહેબ—વારૂ, વિક્ટોરીયા મહારાણી અત્યારે શું કરે છે, તે તમે દેખતા હો તો કહો.

૧. પૂર્ણ. ૨. આવીજ રીતનાં કલ્પિત બીરદ કવિયોએ દેશી રાજાઓને આપેલાં છે, તે સાંભળીને ભોળા લોકો સાચી વાત માની બેઠા છે. ૩. તેનું તેજ હિંદુસ્તાન ઉપર પડે છે, માટે તે હીરો સર્વોપરી ગણ્યો છે. ૪. પૃથ્વી. ૫. પર્વત.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધીરજી—તે મહારાણીના હાથમાં કલમ છે, અને દુરબીન લઈને હિંદુસ્તાનભણી જુએ છે?

સાહેબ—શું જુએ છે?

ધીરજી—રૂપકાલંકાર—મનહર છંદ.

પૂરણ પ્રમાણિક જે રાણી વિક્ટોરિયા તે,
પોતાની પ્રજાને પૂરા પ્યારવડે પેખે છે;
ગરીબ તવંગર કે કાળી ગોરી કાયાતણો,
તેને મન તફાવત નહીં મીનમેખે છે;
કોણ કોણ સુખી છે ને કોણ કોણ દુખી છે તે,
લખી લખી લેખણથી લેખું તેનું લેખે છે;
દેશ હિંદુસ્તાન દીસે દાખે દલપતરામ;
દીલ અનુભવ રૂપી દુરબીને દેખે છે. ૭૪

સાહેબ—મહારાણીના મનની વાત પણ તમે જાણી શકો છો કે?

ધીરજી—અમે શું જાણી શકીએ? પણ અમને સરસ્વતી માતા પ્રસન્ન છે, તે બધી વાત કહે છે. જો તે વાતની ખાતરી થતી ન હોય તો હાલ આપના મનની વાત કહી આપું.

સાહેબ—મારા મનની વાત કહો જોઈએ.

ધીરજી—સ્વભાવોક્તિઅલંકાર—મનહર છંદ.

દેશ ગુજરાત વિષે વધારૂં વિદ્યા વિશેષ,
ઓપી કરૂં ઓપતો યુરોપના આકારમાં;
કોટિ કોટિ વિધિની વધારૂં કળા કુશળતા,
હિકમતી કરૂં ગ્રેટબ્રિટનની હારમાં;
ગુજરાતી કવિઓના ગુણને ગજાવું તે,
સજાવું વળી તેઓને શ્રીમંત આ સંસારમાં;
કહે દલપતરામ સાહેબ કિન્લાક સુણો,
આ સમે છે એવી વાત આપના વિચારમાં. ૭૫

તે સભામાં એક પાદરી સાહેબ બેઠા હતા તેઓને સભાસદોએ પૂછ્યું કે ફાર્બસવંશ વિષે આપના જાણવામાં કાંઇ હોય તો મહેરબાની કરીને અમને કહો.

પાદરી—"સરદારોનો ફરહંગ" એવા નામનું એક પુસ્તક અંગ્રેજીમાં ઇસ્કોયર જાન બરનાર્ડ બર્ક સન ૧૮૪૯ માં રચ્યું છે તે એજ વર્ષમાં લંડન શહેરમાં છપાયું છે. તેમાં ફાર્બસ વંશ વિષે લખેલું છે તથા "જીઓલોજીકલ અને હીરલ ડીક્શનેરી" જે સરદારોનાં નિશાન તથા સિક્કા વિષે છે, તેમાં પણ એ વિષે લખેલું છે.

આજથી આશરે ૭૦૦ વર્ષ ઉપર નૉરમંડી મુલક એટલે ઉત્તર ફ્રાંસ દેશમાંથી જાન નામનો પુરૂષ, લંડન શહેરથી ઉત્તરમાં ૬૧૦ મૈલ ઉપર ફાર્બસ નામના પરગણામાં એબરદીન તાલુકામાં આવીને રહ્યો. તે વખતમાં વિલાયતમાં પાદશાહ વિલિયમ ધી લાયન[1] સ્કોટલંડનો રાજા હતો; તેના લશ્કરી ખાતામાં જાન સાહેબે બહાદુરીથી નોકરી બજાવી, તેથી તે રાજાએ તેને એ તાલુકો બક્ષિસ આપ્યો, અને આશમાની રંગની ઢાલ ઉપર રૂપાનાં રીંછનાં[2] માથાં એવું રાજચિન્હ આપ્યું.

તે જાન સાહેબના વંશમાં ચોથી પેઢીએ એક સુબો થયો તે સ્કાટલંડના રાજાની દીકરીને પરણ્યો, અને તેને બીજાં કેટલાંએક ગામ મળ્યાં. તથા સોનાનો મુગટ અને સોનાનો કટિબંધ તથા લાર્ડનો ખેતાબ મળ્યો. એવો ચાલ છે કે જેને લાર્ડનો ખેતાબ મળે તે રાજાની હજુરમાં રહે. પછી તેનો એક પુત્ર તે રાજાનો બહુ માનીતો થયો તેથી તેને રાજચિન્હનો વાવટો મળ્યો, અને તેની ટોપી ઉપર કુકડાની નિશાની રાજાની તરફથી બક્ષિસ મળી. પછી તે સરદાર ગુજરી ગયા પછી તેની છબી ચીતરાવીને તેની જમણી બાજુએ રીંછ ચીતરાવ્યું. એવું ચિન્હ તે સરદારના પુત્રને રાજાએ આપ્યું તથા તેને જજજનો અધિકાર અને અલેકજાંડર વારીયરનો[3] ખેતાબ આપ્યો. પછી તેનો પુત્ર થયો તેણે મોટો કિલ્લો બાંધ્યો. તે પુરૂષનું નામ જેમ્સ ફાર્બસ હતું. અને તેનો પુત્ર રાજાના વાવટાનો અધિપતિ હતો, તેથી રાજાએ તેને જાગીર આપી. પછી તે વંશના કેટલાએક સરદારો રાજાની શસ્ત્રશાળાના અધિપતિ થયા પછી એક મોટો સરદાર આબરૂદાર તે વંશમાં થયો તેને આયરલંડમાં લાર્ડ આફ ગ્રેનાડ નામ મળ્યું. તેના વંશમાં "લાર્ડ બિશપ પ્યાત્રિક" નામનો ધાર્મિક પુરૂષ થયો; તે પરણ્યો નહિ, અને ધન હતું તે ધર્માદા ખાતે આપી દીધું. (અહાહા જુઓ પૂર્વજોની અસર હાલ સુધી કેવી ચાલે છે!!)

૧. સિંહ ૨. મતલબ કે જેમ રીંછ માણસને મારી નાંખે છે તેમ આ દુશ્મનોને ફાડી નાંખે છે. ૩. પટાવત.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યાર પછી તે વંશના કેટલાકને નાની પદવી સર નામની મળી. તેના વંશના સઘળા સાલસ ધર્મી થયા. એજ વંશમાંના આ કિન્લાક સાહેબ છે. તેમના બાપનું નામ જાન ફાર્બસ હતું, અને તેમની માતુશ્રી તે કરનલ બંગાલ આર્ટલેરીની દીકરી હતી. કિન્લાક સાહેબને સાત ભાઇયો છેઃ-૧ ડંકન, ૨ જાન, ૩ એદ્રુ, ૪ ડેવીડ, ૫ ફ્રેડરીક, ૬ જેમ્સ, ૭ પોતે અલેક્જાંડર કિન્લાક. વિલાયતના લોકો કહે છે કે જેને સાત પુત્રો હોય તે મોટા ભાગ્યશાળી કહેવાય. ૧ લા ડંકન ફાર્બસને રથેમષ્ટાન નામનું ગામ જે ફાર્બસપુરથી ૧૦ મૈલ છે તે મળેલું છે. ફાર્બસ વંશનો જે ટીલાયત સરદાર હાલ છે તે લાર્ડ ફાર્બસ નામે ઓળખાય છે, અને તેના તાબામાં ફાર્બસપુર છે તે પુર મોટું છે, અને ત્યાં ફાર્બસ નામનો કિલ્લો છે, તેમાં લાર્ડ ફાર્બસ રહે છે. તેમના કેટલાએક ફટાયા ભાઇઓને નાનાં નાનાં ગામ મળેલાં છે.

કિન્લાક સાહેબનો બીજો ભાઇ મુંબઇમાં ક્યાપ્ટન છે. ત્રીજાની બરાબર ખબર મને નથી. ચોથો પોતાના દેશમાં બારીસ્ટર છે. પાંચમો ત્રીજી પલટણનો ક્યાપ્ટન[1] મુંબઇમાં છે, છઠ્ઠો ભાઇ નહાનપણમાં ગુજરી ગયો. એ. કે. ફાર્બસ સાહેબે પોતાના શિક્કામાં પૂર્વજોની અસલ નિશાની કુકડાની રાખી છે. આ સાહેબની મડમ સાહેબનું નામ "મીસ ત્રેસમક્રિટ" છે. તેમના મોટા પુત્રનું નામ જાન ફાર્બસ, ૨ જો હેનરી, ૩ જો અલેક્જાંડર છે. બાકીનાં નામ મને માલમ નથી.

આ સમયે બીજો પ્રસંગ ચાલે છે માટે ટુંકામાં મેં તમને તેમના વંશની વાત કહી, તેમાં ભૂલ ચૂક થઇ હોય તો માફ કરશો.

સભાસદો—વિલાયતના દરજી, મોચી, માળી વગેરે વિદ્યા ભણીને મોટા દરજ્જે લઇને આ દેશમાં આવે છે, પણ સરદારી વંશનો હોય તેનો સ્વભાવ તથા રીતભાત જુદીજ તરેહની હોય છે. તે ઉપરથી અનુમાન થઇ શકે છે કે આ સરદારી વંશના છે.

એવામાં ત્યાં એક ઘોડો સામો બાંધેલો હતો, તે ઉભો ઉભો વારે વારે ભોંય ઉપર પગ ઠોકતો હતો; તે જોઇનેઃ—

સાહેબ—કવિરાજ આ ઘોડો વારે વારે પગ ઠોકે છે, તે ઘોડાની મનની વાત પણ તમે જાણી શકતા હશો !

ધીરજી—હા સાહેબ. એના મનની વાત પણ અમે જાણી શકીએ.

સાહેબ—તે કહો જોઇએ.

ધીરજી-નિદર્શનાલંકાર.—મનહર છંદ.

કેકના વિવાહના ઉછાહના દિવસ ગયા,
વિત્યા પછી વાત કોણ ચાહીને ઉચારશે ?
મોટા મોટા મેળા થાય ભારે ભૂપ ભેળા થાય,
વરસ દિવસ પછી વાત તે વિસારશે;
આ સભાની શોભાનાં ગવાશે ઘેર ઘેર ગીત,
વીસરશે નહિ વીત્યે વરસ અઢારસે;
ઠોકી ઠોકી પગ ઘોડો ઠેકાણું બતાવે છે જે,
આ ઠેકાણું ને આ ટાણું સૌ લોકો સંભારશે. ૭૬

સાહેબ—(સીપાઇને બોલાવવા સારૂ બજાવવાની ટકોરી જેવી ઘંટડીનો ટકોરો કરીને પૂછ્યું કે) આ અવાજની મતલબ કહો જોઇએ ?

ધીરજી—સૂક્ષ્માલંકાર-મનહર છંદ.

ચાકરના ચરણ તો ચારજ બદામના જે,
દિવસમાં દશ કોશ સુધી તે દોડાવે છે;
મહા મોંઘી મુલકમાં જીભ મોટા માણસની,
બોલતાં બે બોલ બહુ આળસ બતાવે છે;
દાસને હુકમ દેવા પાસ બોલાવવો પડે,
સાદ કરવાને સાટે નાદ સંભળાવે છે;
જો જો દલપત કહે જરાએક જીભતણું,
ટેરવું હલાવા સાટે ટકોરો બજાવે છે. ૭૭

સાહેબ—ગમે તેવો અજાણ્યો શબ્દ હોય તેનો અર્થ તમે જાણો ખરા કે ?

ધીરજી—જેમ પાણીમાં રહેનાર મગરની ગતિ ગમે તેવું અજાણ્યું અને ઊંડું પાણી હોય તેમાં થઇ શકે છે, તેમજ અમે સરસ્વતી પુત્ર કહેવાઇએ, માટે ગમે તેવો અજાણ્યો શબ્દ કે ઇશારત હોય તેમાં અમારા મનનો પ્રવેશ અમે કરી શકીએ.

[1] તે ગુજરી ગયો.

P. P. Ac. Gunratnasuri M.S.　　　Jin Gun Aaradhak Trust

સાહેબ—"સ્ટાર આફ ઇન્ડિયા" આ શબ્દ કઇ ભાષાનો છે? અને તેનો શો અર્થ છે?

ધીરજી—કોઇ માણસ ગુજરાતનું નામ છાનું સમજાવવા સારૂ એક અક્ષર ઊંચી લીટીમાં અને એક નીચીમાં એ રીતે બે લીટીમાં લખીને પુછે કે "ગુરા" અને "જત" એ બે શબ્દો કઇ ભાષાના છે! તો આપ શું કહેશો?

સાહેબ—એ ગુજરાતની ભાષાના વિકૃત શબ્દો છે.

ધીરજી—તો "સ્ટાર આફ ઇન્ડિયા" એ શબ્દ પણ ગુજરાતી ભાષાનો વિકૃત શબ્દ છે.

સાહેબ—વારૂ, એનો સારૂ અર્થ કહો જોઇએ?

ધીરજી—એક કવિને કોઇએ પ્રશ્ન પૂછ્યાથી તેણે નીચે લખ્યા પ્રમાણે ઉત્તર આપ્યો હતો.

મનહર છંદ-અંતર્લાપિકા.

સીતાપતી પાસ ચંડી ચેષ્ટા કરવાને ચાલી,
સીતાને સ્વરૂપે રૂપ આપતું સમારીને;
શંકરની ચંડી પ્રિયા પછી કેવું પામી ફળ,
જાણો તો લખો ઉત્તર અંતર ઉતારીને;
કવિએ વિચાર કરી કહે દલપતરામ,
લખી આપી બે લીટીઓ સરસ સુધારીને;
એક લીટીમાં લખ્યું જે "ચેકતાં પેસા ચંપ્રિ" ને,
બીજી લખી "સ્ટાર આફ ઇન્ડિયા" વિચારીને. ૭૮

સાહેબ—હું સમજ્યો. એમાંથી એવો ઉત્તર નિકળ્યો કે ચેષ્ટા કરતાં આપે ફસાઈ ચન્ડિ પ્રિયા.

ધીરજી—હા સાહેબ, એજ અર્થ છે.

એક સ્કાલર—નહિ નહિ, એનો અર્થ બીજો છે.

ધીરજી—હા, ખરી વાત. બીજો અર્થ પણ હું જાણું છું.

સાહેબ—કહો જોઇએ.

ધીરજી—નવ નિશાળીઆઓએ એક મહેતાજીને નવ પ્રશ્ન પૂછ્યા હતા. તેના ઉત્તરમાં મહેતાજીએ બે લીટીઓ લખી હતી.

મનહર છંદ.

પ્રશ્ન.	ઉત્તર.
સૃષ્ટિ સૃજનારનું શું નામ?	સૃષ્ટા
શું લોભીને પ્યારૂં.	જર
હિંદુસ્થાનદેશબીજોહશે? કોઇ ખંડમાં.	ના, આ
વ્યંજન રકાર તે શું?	રેફ
શી પૈસાની ત્રણ ચાલે	પાઇ
હવા કેવી હશે કહો હિમાળાનાકુંડમાં	ઠન્ડિ
વલ્લભ શી વસ્તુ?	કાયા
અનેકેણેકીધા?કોણછે જેવિદ્યાવાળા?	સૃજનારે, પાઠકા[1]
વળી જે લડે રિપુ પ્રચંડમાં.	સ્ટાર આફઇન્ડિયા.

સુણી પ્રશ્ન લખી લીટી "સૃજનારે પાઠકા" ને
સ્ટાર ઓફ ઇન્ડિયા ઉભી લીટી અખંડમાં. ૭૯

સ્કાલર—એ અર્થ પણ નહિ. એ શબ્દનો અર્થ તો એવો છે કે, હિંદુસ્તાનનો તારો.

ધીરજી—વારૂ, "મતી" એ શબ્દનો શો અર્થ છે?

સ્કાલર—'મતી' એટલે નાણું.

ધીરજી—વારૂ, અમે કહીએ છીએ કે મતી એટલે બિલાડી. માટે એક શબ્દના અનેક અર્થ થતા હોય તેમાંથી એકાદ અર્થ અમે કહી આપીએ એટલે બસ છે.

સાહેબ—વારૂ, યુરોપખંડ આદિકના બીજા દેશોના લોકો ટોપીઓ પહેરે છે અને હિંદુસ્તાનના લોકો પાઘડીઓ બાંધે છે, એ ઠરાવ ક્યારથી અને શાથી થયો હશે?

ધીરજી— મનહર છંદ.

ભૂતળના લોકે એક સમે ઇંદ્રભોવનમાં,
જૈને જુદી જુદી ભેટ ભાવથી ધરાવી છે;
ગ્રીકે તો ઇસાપનીતિ આરબે નાઇટ ઇંગ—
લીશ શેખ્સપીયરની પોથી પરઠાવી છે;
હિંદુએ હોંશ ધરી પંચતંત્રતણી પોથી,
આપી તે તો ઇંદ્રને અધિક ભલી ભાવી છે;
દાખે દલપતરામ બીજાઓની બંધ કરી,
હિંદુઓને હમેશાંની પાઘડી બંધાવી છે. ૮૦

૧. શિક્ષકો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરો.

ઈંદ્ર કહે યુરોપિયન, "હિંદુ-કવિત તદબીર;
બને ન" ત્યાં લગી બેસજો, સભા ઉધાડે શીર. ૮૧

એવામાં વાઘરી લોકોએ શહેરના કોઇ માણસનો ભૂતનો વળગાડ કાઢવા સારૂ વધામણું કાઢેલું, તે ડાકલું વગાડતા વગાડતા સીમાડા તરફ જતા હતા. ભૂતના વળગાડ વાળો ધુણતો જતો હતો. તે ટોળાને વેગળેથી જોઇને:—

સાહેબ—આ ડાકલું શું બોલતું હશે ? અને તેમાં શો અર્થ હશે ? તે તમે જાણતા હશો !

ધીરજી—હા સાહેબ, એ ડાકલાની ભાષા પણ અમે સમજીએ ખરા.

સાહેબ—કહો જોઇએ, તે શું કહે છે ?

ધીરજી—　　દોહરો.

મુંબઇના લોકે કર્યો, વહેમ તણો વિનાશ;
મુંબઇ સુણતાં ભૂતને, તેથી ઉપજે ત્રાસ. ૮૨

મનહર છંદ.

રામ નામ સુણી લાગે નાસવા લંકાના લોક,
ચંડ મુંડ ચંડી નામે ખેદ ઘણો ખોલે છે;
હેવલાક[1] નામે, ખાય હબક હરામખોર,
સિંહ સોર સુણી મૃગ ત્રાસે તેની તોલે છે;
કૈક કહે કાશી કાશી કહ્યે પાપ નાશી જાય,
દિલ્લી દિલ્લી સુણી દેવો નાસતાજ ડોલે છે;
દાખે દલપત તેમ ભૂતને ભગાડવાને,
બાંબે [2]બાંબે બાંબે બાંબે ડાખલું આ બોલે છે. ૮૩

એવામાં એક આંબા ઉપર કોયલ બેઠી બેઠી કૂ !!! કૂ !!! એવો મધુર સ્વર કરતી હતી. તે જોઇને:—

ઠાકોર—મોર, પોપટ, હંસ આદિક સુસ્વરવાળાં પક્ષીઓના શરીર ઉપર ઇશ્વરે સારા રંગ લગાવેલા છે, અને આ કોયેલનો મધુર સ્વર છતાં, તેના શરીર ઉપર કાળો રંગ કેમ લગાવ્યો હશે, તે પણ તમે જાણતા હશો !

ધીરજી—હા. એ પણ અમે જાણીએ છીએ.

ઠાકોર—ત્યારે તે કહો જોઇએ.

ધીરજી—જે કોઇ પોતાના ગુણના અભિમાનથી સઉને કુત્સિત કહે છે તેનું પોતાનુંજ કાળું મોં થાય છે.

મનહર છંદ.

કોકિલાની કાયા ઘડી કંઠ તેનો સારો કરી,
કેવો રંગ દેવો દેવે દીલમાં વિચાર્યો છે;
પછી તેને પાંચ પ્રશ્ન પૂછીને પરીક્ષા કરી,
જાણી ગરવિષ્ટ તેથી ગરવ ઉતાર્યો છે;
કેવો હંસ કેવો મોર કેવાં શુક સારિકા છે,
જે પુછ્યું તેનો જવાબ "કૂ"[1] કહી પોકાર્યો છે;
કહે દલપત તેજ કારણથી કરતારે,
કોકિલાની કાયા વિષે કાળો રંગ ધાર્યો છે. ૮૪

સાહેબ—તમને જે પુછીએ તેનો જવાબ દેવામાં તમે નકાર ભણવાના નહિ, કેમ વારૂ ?

ધીરજી—　　દોહરો.

કદી નકાર કરે નહીં, દિલ ઉદાર દાતાર;
તો ચતુરાઇ ઉચારતાં, કવિ કયમ કહે નકાર.
જો અણુસારે અધિપતિ, કરે નકાર પ્રકાર;
તો શુભ કવિની શારદા, જડ થઇ જપે નકાર. ૮૫

સાહેબ—હિંદુસ્તાનમાં બહુ પ્રખ્યાત ગ્રહસ્થો કિયા કિયા થઇ ગયા છે, તેઓનાં નામ કહો કેમકે મારે ઇતિહાસનું એક પુસ્તક રચવું છે.

ધીરજી— અનન્વયાલંકાર-મનહર છંદ.

પૃથીરાજરાસાથકી પડે છે પીછાન જો,
ચુહાણ પૃથીરાજને વડા કવિ વખાણતા;
ભૂપ ભોજરાજ આજ સુધી ભોજપ્રબંધથી,
દીશી આવે છે જે એને પંડિતો પ્રમાણતા;
આખા હિંદુસ્તાનમાં તો એવા એવા હતા નર,
ઉદારતા એની લોકો અંતરમાં આણતા;
ગુજરાતમાં જનમ્યો હતો [2]રખીદાસ, બીજો;
જનમ્યા ન જનમ્યા તે અમે નથી જાણતા. ૮૬

સાહેબ—ત્યારે હાલના વખતના કીતવાળા ગ્રહસ્થોની કીર્તિની નોંધ તમે કાંઇ લખી રાખી છે કે નહિ ? કેમકે દેશમાં ફરવા નીકળીને તપાસ કરીને તે લખી રાખવાનો કવિનો ધર્મ છે, કવિએ પોતાના ઘરમાંજ બેશી રહેવું તે ઠીક નહિ.

---

૧. અંગ્રેજનો સેનાપતિ.　　૨. મુંબઇ.

૧. ખરાબ. ૨. ગુજરાતી ભાષાના કવિને રખીદાસ સિવાય કોઇએ મદદ આપેલી જણાતી નથી.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ધીરજી— મનહર છંદ.

કિમત ન જાણે તેની કીરતી કરીએ કેમ,
કહો એના પિતાનું અમારે કયાં કરજ છે;
વગર તેડાવ્યા જઇ વદીએ વખાણ વડાં,
એ થકી તો ઘણું સારૂં અમારૂં હરજ છે;
જરતણા મદથી તે આંખો ખોલી જોતા નથી,
શારદાનો વર શીર અમારે જરજ છે;
જેને કવિજનની ગરજ નથી જણાતી તો,
એવા મગરૂરની અમારે શી ગરજ છે. ૮૭

પછી સાહેબે એક સર્ટિફીકેટ લખીને ધીરજીને આપવા માંડયું અને કહ્યું કે તમારી તર્કશક્તિ ઘણી સારી છે, અને તમારી કવિતા સર્વોપરી છે માટે હું તમને આ સર્ટિફીકટ આપું છું તે લો અને તેમાં મેં તમારી કવિતા તથા તર્કશક્તિની તારીફ લખી છે. તે કોઇને દેખાડશો એટલે તેની તરત ખાતરી થશે.

ધીરજી—સાહેબ, ગ્રંથમાં લખ્યું છે જે કસ્તુરીમાં સુગંધ છે, તે સાબીત કરવા સારૂ સોગન ખાઇને કે સાક્ષી આપીને કહેવું પડતું નથી. તેમજ મારી કવિતા વિષે મને ખાતરી ન હોય તો મારે આપ સરખા ગૃહસ્થોને આજીજી કરીને સાક્ષી લઇને સહીઓ કરાવવી પડે. પણ હું તો જાણું છું કે સાક્ષીઓની સહીઓ બતાવ્યાથી, તરત એવું જણાય કે તેમાં કાંઇ માલ નહિ હોય માટે આજીજી કરીને લોકોની સાહેદીઓ કરાવી લાવ્યો છે. તેથી ઉલટી મારી કવિતાની કિમત ઘટી જશે, અને મારી કવિતા છે તેજ મારે સર્ટિફીકટ રૂપ છે. બીજાની સાક્ષી આપવાની મારે જરૂર નથી. મારા મનમાં અંદેસો હોય તો હું સાક્ષીઓ કરાવું.

મનહર છંદ.

સાહેબ સોંપો છો સર્ટિફીકટ તે સારી વાત,
આપનું બોલેલું અંગીકાર હું બધું કરૂં;
પણ એક પ્રશ્ન પૂછું એનો તો ઉત્તર આપો,
કવિનું કથેલું તજી કેમ હું નવું કરૂં;
કવિતા ને કસ્તુરી તે સાક્ષી વિના સિદ્ધ થાય,
હરઘડી એવું પ્રતિપાદન તો હું કરૂં;
એ વિના ઉત્તમ કામ કહે દલપતરામ,
સમજાવી કહો સર્ટિફીકટથી શું કરૂં. ૮૮

દોહરો.

સંપ કરી કદી સો જણા, કહે કનકને તુચ્છ;
પણ અંતે જુઠા પડે, હોય હેમ જો સ્વચ્છ. ૮૯

સાહેબ—કોઈ સાહેબ લોક ગુજરાતી કવિતામાં પૂરૂં સમજતા ન હોય, તેવા પાસે તમારે જવું પડે તો આ સર્ટિફીકટથી તેના મનમાં કાંઇક અસર થાય.

પછી ધીરજીએ સર્ટિફીકટ લઇને ઉપકાર માન્યો.

અંક ૭ મો.

એક કવિ મોટા શોભાવાળો માથે મોટો તરફાળ બાંધેલો, અને કેડે કટારી ખોશેલી હતી તે નીચે લખેલા દોહરા બોલતો આવે છે.

દોહરો.

કુથ્થા[1] પુસ્તક કાપિને, એનો ન કરીશ અસ્ત;
ફરતો ફરતો ફાર્બસ, ગ્રાહક મળ્યો ગૃહસ્થ. ૯૦
પાટણ કેદ પડી હતી, અકળાઇ થઇ અંધ;
સરસ્વતીના ફાર્બસે, બહુ છોડાવ્યા બંધ. ૯૧

સાહેબ—આ કોણ છે ?

દલ૦—એ વઢવાણના દેશળ ગઢવી છે. જ્યારે સર અરસકીન સાહેબ રાજકોટમાં આવ્યા હતા, ત્યારે આ કવિએ એવી હિંમત ધારી કે મેં મારી કવિતાથી દેશી રાજાઓને રીઝવીને જાગીર તથા ઘણા શિરપાવ લીધા છે. પણ જ્યારે કોઇ સાહેબ લોકને રંજન કરૂં ત્યારેજ મારી કવિતાની ખાતરી થાય. એવું ધારીને તેઓ રાજકોટ ગયા. પોતાની કવિતાથી અરસકીન સાહેબને ખુબ રંજન કર્યો, એટલુંજ નહિ પણ તે સમે હજુરમાં બેઠેલા કેટલાએક કાઠિયાવાડના રાજાઓને પણ રંજન કર્યા. ત્યારે સાહેબે અતિ ખુશી થઇને રાજાઓને પૂછયું કે આવા કવિનું સન્માન કરવાની તમારા દેશમાં કેવી રીત છે ?

સરદારોએ કહ્યું કે તે રીત એવી છે જે મુખ્ય સરદાર હોય તે એક રકમ આપીને એક યાદીપત્રમાં પોતાના નામની સહી કરે. પછી બીજાઓ પોત-

૧. કાગળ ખાનારો જીવડો કુથ્થો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતાની ખુશી પ્રમાણે રકમો ભરીને તે નીચે સહીઓ કરે છે.

આ પછી અર્સ્કીન સાહેબે એમ કર્યું તેથી ગઢવીને આશરે બે હજાર રૂપિયા મળ્યા.

સાહેબ—આપણને વઢવાણ મુકામે તે મળ્યા હતા, અને તેમની પાસેથી એક પુસ્તક મળેલું છે.

દલ.—હા સાહેબ, એજ.

સાહેબ—ગુજરાતના કવિયોએ સાહેબ લોકોને રંજન કરેલા ખરા.

દલ.—ભર્તૃહરિશતકમાં કહ્યા પ્રમાણે "**अज्ञः सुखमाराध्यः**" કાં તો છેક અજ્ઞાની હોય તેને કે વિદ્વાનને રંજન કરી શકીએ. પણ થોડું ઘણું શીખીને મગરૂર થઇને અધબળ્યા લાકડાની પેઠે ધુંધવતો હોય તેને અમે રંજન કરી શકીએ નહિ.

ત્યાં દેશળગઢવી આવીને સલામ કરીને ઉભા રહ્યા.

સાહેબ—એવો કયો એક ગુણ છે કે જેથી બધા લોકો વશ થાય?

દેશળ—એવો તો વિનય ગુણ, અને જીભની મીઠાશ છે.

ઇંદ્રવિજય છંદ- વભાવનાલંકાર.

કીરતિ કોટિ ગણી વધી કારમી કીરતિ કારણદાનનદીધું
નામઅમૃતકર્યુંઅવનીતળ આપ અમૃતનું પાન ન પીધું,
દુર્જન જીતી લીધા દલપત ન હાથ વિષે હથિયારજ લીધું
જંત્રનમંત્રનતંત્રજપ્યાવિનબીજનવિશ્વ બધુંવશ કીધું૯૨

જીભની મીઠાશ વિષે-ભેદકાતિશયોકિત.

કામ સુણી અરધે કથને જઈ, કાશદ તુલ્ય કરો કદી કુદી,
શીતવૃષા ન વિચાર કરો, નવિચાર કરો રજની વદિસુદી
લાડુજલેબિજમાડી જુઓ, અછતે પીરસોકદળી ફળ છુંદી
કોડ કરો દલપતકહે પણ,જીભમિઠાશનીવાતજ જુદી.૯૩

સાહેબ—ગુજરાતમાં સુધારાવાળાએ શાં શાં કામ કર્યાં

દેશળ—સુધારાવાળાઓએ બડી બહાદુરી કરી છે. જે કામ થવાની આશા નહોતી એવાં એવાં કામ કર્યાં છે.

મનહર છંદ-નિદર્શનાલંકાર.

સૂતરના સાંચા લાવ્યા, સાંચા લાવ્યા છાપવાના,
તે તો વડી દેશ વિષે દોલત વધારી છે;
જંત્ર મંત્ર જાદુ તણી ભ્રમણા જે ભાંગી નાખી,
તે તો વડી વકરેલી વાઘણ વિદારી છે,
સારી સૈના અંતરમાં અસર ઉતારી છે જે,
એ તો અહીં આભમાંથી વાદળી ઉતારી છે;
કીધી કન્યાશાળાઓ જે કહે દલપતરામ,
તે તો મહા મણિધર માથે મેખ મારી છે.　૯૪

સાહેબ—તે જોઇને કુધારાવાળા દીલગીર થયા હશે.

દેશળ—

ઇંદ્રવિજયછંદ-અસંગતિઅલંકાર.

ઈંજિનમાં અગની ઉપજ્યો અગનાનીનું અંતર તેથિતપાયું
કામનિયો ભણી કાપ કુચાલ,કુલોકનું કાળજું તેથીકપાયું
માપથી મેદનીક્ષેત્ર મપાય, કુમંત્રી તણું મન તેથી કપાયું
છાપથિ પુસ્તક પત્રછપાય,છેકલનિછાતિએકષ્ટ છપાયું.૯૫

સાહેબ—દેશમાંથી હવે રાજ્યનું અંધેર મટયું કે નહિ?

દેશળ—આગળનાં રાજ્યો કરતાં તો ઘણું સારૂં છે, તોપણ હજી કેટલો એક બાબતમાં અંધેર છે ખરૂં.

મનહર છંદ—વિશેષાલંકાર.

લાંચીયાનું ગયું રાજ્ય તોય નથી ગઇ લાંચ,
જુલમી રાજા ગયા ને જુલમ જાહેર છે;
લાકડાનાં ગાડાં મૂલ થોડું આપી લુંટી લે છે,
કેર કરનારૂં રાજ્ય જતાં કાળો કેર છે;
નિરખનું નામ લઇ દામ નથી દેતા પૂરા,
લૂટારા પીંઢારા જતાં લૂટ ઠેર ઠેર છે;
કહે દલપત દીનનાથ તેં આ દેશમાંથી,
આંધળો અમલ કાઢ્યો તથાપિ અંધેર છે.　૯૬

સાહેબ—પણ મુસલમાનોના રાજ્યનો જુલમ તમે ભૂલી ગયા કે સાંભરે છે?

દેશળ—

મનહર છંદ-સ્મૃતિઅલંકાર.

હિંદુ મહીપાળતણી બેટીઓ બેગમો બની,
જોતાં તેની કબરો કંપારો ઉપજાવે છે;
જજીયાવેરાની વાત જુના જનો કહે જ્યારે,
ત્યારે અતિ હૈયામાંથી હીમત હઠાવે છે;
દેવળ ને દેવની મુરતીઓ ખંડિત પડી,
રૂદ્ર મહાલયમાં નિમાજ તો પઢાવે છે;

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

દેખી એવું ઠામ ઠામ કહે દલપતરામ,
જુલમી અમલની વખત યાદ આવે છે. ૯૭

સાહેબ—આ વાગતી ઘડીઆળનું એક કવિત કહો જોઇએ.

દેશળ—મહાકાળ (એટલે હમેશાંની વખત) અને એક માણસને સંવાદ થયો હતો તે સાંભળો.

મનહર છંદ—નિરૂક્તિ અલંકાર.

અરે મહાકાળ તને માપથી મપાય નહિ,
એવું અભિમાન મિથ્યા અંતરમાં ધરે છે;
સેકન્ડ મોન્યુટ ને કલાકના ટંકારા કરી,
આ જે ઘડીઆળ તારૂં માપ તો ઉચ્ચારે છે;
કહે કાળ, હું અમાપ; માપવા જે મને ઇચ્છે
માપતાં ને માપતાં ઉમર ખોઇ મરે છે;
પંડિતોને પુછી જુઓ પોતે દલપતરામ,
એ તો ઘડીઆળ માપ અવરનું[1] કરે છે. ૯૮

ઠાકોર—અમારી તરવાર અને તેની સાથે આ એક છરી છે તેનું કવિત કહો જોઇએ.

દેશળ—

મનહર છંદ-વિભાવનાલંકાર.

પેખી એક પાણી વાળી, કાંચળી ધરેલી કાળી,
રૂપાથી રૂપાળી, માયાવાળી છે મરદની;
આંખો જોતાં અણીયાળી, મજબુત મુકવાળી.
પડે જેના પંડ પર દેનારી દરદની;
પુત્રી કદી રાખે પાળી, હોય એક હાથ વાળી,
સ્વામી સંગ જવા સજ્જ થાય છે શરદમાં;[2]
દાખે દલપતરામ, નામ જોતાં નારી પણ,
મોટા મોટા મરદને મેળવે ગરદમાં. ૯૯

સાહેબ—વિચારવંત માણસનાં લક્ષણ કેવાં હોય!

દેશળ— **મનહર છંદ.**

ધારવાનું ધારે, ને ન ધારવાનું ધારે નહિ,
ધારવા ન ધારવાના ધારે જે આધારને;
બોલવાનું બોલે, તે ન બોલવાનું બોલે ન,
જે બોલવા ન બોલવાનો તોલ બોલનારને;
ભક્ષ્ય કરે ભક્ષ, ને અભક્ષ્યનો ન ભક્ષ કરે,
ભક્ષ્ય ને અભક્ષ્યનો જે લક્ષ ભક્ષકારને;
દેખવાનું દેખે, નત્ર દેખે દલપત કહે,
જે દેખ્યાથી દેખનાર દેખે જમદારને. ૧૦૦

રળિયો[1]—પરમેશ્વરે આંખો આપી છે તે સારૂં નરસું જોવા સારૂજ આપી છે. માટે તમે કહો છો તે ઠીક નથી. એ તો આંખનો ધર્મ આંખ કર્યે જાય અને મનનો ધર્મ મન કર્યે જાય, તેમાં આપણે શું?

દેશળ—સાઇ, આ તો રાજસભા છે માટે અહીં તો શુદ્ધ વાચા બોલો કે જેવો રાજાની નીતિ-સમાન તેનો બોજ પડે. અને જે બોલો તે કલમ ચાર લોકો શુદ્ધ જાણીને મનમાં ધરે નહિ, તો તે વાચા અને બધી વાત ગધાડાના જેવી અને તોલ વગરની, જેવી એક મજે ચાલે તેની માન. અને જે વિચાર વિનાની વાચા બોલો, તેનો લોકો તો તોલ કરે. અને શુદ્ધ વાચા ધરવાથી સુખ જેવો ધર્મ ચાલ છે. કદાપિ રાજાની વાત પણ જો બોલતાં બુદ્ધિ સજે નહીં તો, તે જક જેવી વાત જાણવી; માટે સાતેગમ મોકળી, એવી જેમ તેમ વાત બોલ નાહ, તે વિષે કવત સાંભળ.

સોળપાંખડીપ્રબંધ—વનાક્ષરી છંદ.

વાચા બોલો શુદ્ધ જેવો રાજાનીતિ સામો બોજ,
ચાર લોકો ધરે સુધ જાણી જે ન તે કશ્રમ;
જેવી તે તો વાચા ખરનીજ તે સઘળી વાત,
વિના તોલે ચાલે જેમ એક મજે માન તમ;
વાચા જે વિચાર વિના બોલો તે તો લોકો તોલે,
શુદ્ધ વાચા ધરે ચાલે જે સુખ જેવો ધરમ,
રાજાનીએ જાણી જકની જો તે મતિ ન સજે;
સાતેગમાં મોકળી ન બોલ વાક જમતમ. ૧૦૧

સાહેબ—એ કવિતામાં કંઇ ચમત્કારી અલંકાર છે કે?

1. કલાક અથવા અવર એટલે બીજાઓનું માપ કરે છે, કે તે કેટલું જીવ્યો. મારૂં માપ થઇ શકે નહિ.

2. શરદ ઋતુમાં દિવાળી ઉપર સ્ત્રી સાસરે જવા સજ્જ થાય છે અને તરવાર મુલકગીરીમાં જવા સજ્જ થાય છે.

1. જેમ વિલાયતમાં નામીચો મશ્કરો બરબેલ હતો, તેમ અમદાવાદ જીલ્લાના રાણિસરમાં નામીચો મશ્કરો રળિયો ગઢવી થઇ ગયો છે, તેની કેટલીએક વાતો આખી ગુજરાતમાં પ્રસિદ્ધ છે, માટે વિદૂષક જેવું બોલવું હોય ત્યાં અમે રળિયા ગઢવીનું નામ દાખલ કર્યું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેશળ—હા સાહેબ, એમાં ચમત્કારી ચિત્રાલંકાર છે. એમ કહી, આ નીચે પ્રમાણે સોળ પાંખડીનું કમળ ચીત્રીને તેની દરએક પાંખડીનો એક એક અક્ષર અનુક્રમે લઇને કવિતાનાં બે ચરણો વાંચ્યાં, પછી દરએક પાંખડીની આખી લીટીઓ વાંચીને બીજાં બે ચરણો વાંચી સંભળાવ્યાં.

સોળ પાંખડી કમળપ્રબંધ—ઘનાક્ષરી છંદ.



સર્વે સભાસદોએ તે ચિત્ર કવિતા હાથમાં લઇને વાંચી જોઇ, અને કહ્યું કે બહુ સારી યુક્તિ બનાવી છે.

સાહેબ—ક્ષમા વિષે એકાદ કવિત બોલો.

દેશળ—　　મનહર છંદ.

ક્ષમાથકી સદ્ય સર્વ શત્રુનો વિનાશ થાય,
ક્ષમાથકી સર્વ સુખ પામીએ પલકમાં;
ક્ષમાથકી જગતમાં જશ તો જરૂર જામે,
ઝેર ઝાળ ઝંપી જાય ક્ષમાની ઝલકમાં;
કુકૃત્યકેરી કદી કાળજે ગંઠાઇ ગાંઠ,
છુટી જાય છેકાછેક ક્ષમાની છલકમાં;
દીલ દીશ દૃષ્ટિ રાખી દેખો દલપત રાખે.
ક્ષમાની ખૂબી તો ખૂબ ખાસી છે ખલકમાં. ૧૦૨

કોઇ કહે સારો કે નઠારો કહે કોઇ કદી,
માન અપમાન નાંખે મનમાંથી મારી તે;
કનકનું પારખું કરે કનક કૂટનાર,
કાયામાં કનકને છે કેવું કષ્ટકારી તે;
છેદન, દહન તથા તાડન, ઘર્ષણ કરે,
દીપી દીપી દેહની દેખાડે તેજદારી તે;
દેખી દેખી દુનિયામાં દાખે દલપતરામ,
શાણા લોક શીખી લો સોનાની રીત સારી તે. ૧૦૩

પછી સલામ કરીને ખુરશી ઉપર બેઠા.

અંક ૮ મો.

એક બારોટ નીચે લખ્યા પ્રમાણે ઉંચે સ્વરે બોલતો આવે છે.

બાપ, આજ સુધી તું ક્યાં સંતાઇ રહ્યો હતો. અમારાં પુસ્તકોને ઉધેઇ વળી ગઇ, કેટલાંક વેચી ખાધાં, અને અમારાં છોકરાં બીજી નોકરી કરવા લાગ્યાં.

સાહેબ—આ કોણ આવે છે ?

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

દલ—એ વીજાપરના બારોટ ભગવાનદાસ છે. એમના ભાઇ ડુંગર બારોટ સારા કવિ અને ભકતરાજ થઇ ગયા. તેમનાં બનાવેલાં ગુજરાતી ભાષામાં જુદા જુદા રાગનાં સારાં પદ છે, અને આ બારોટને કવિતા બોલવાનો તથા વાતો કરીને સરદારોને રીઝવવાનો માવરો છે, તથા જમાનગીરી કરે છે તેથી ઘણું કરીને સાદરામાં રહેવું પડે છે.

સાહેબ—બારોટ તમારે કેટલા દીકરા છે ? અને તે શું કામ કરે છે ?

ભગવાન—મારો મોટો દીકરો લેંબો ઇડરના મહારાજ સાહેબની હજુરમાં નોકર છે, અને બીજો મંગળદાસ છે, તે આપની કીર્તિ સાંભળીને હવે કવિતાના ગ્રંથોનો અભ્યાસ કરે છે, તેનામાં કવિતાશક્તિ છે. ત્રીજો ભાઇબા છે, તે પણ એવું ધારે છે કે પરદેશમાં જઇને કવિતાનો ખુબ અભ્યાસ કરૂં. જો તેને પ્રભુ જીવતો રાખશે તો તે સારો કવિ થશે એવી આશા છે.

સાહેબ—વાદવિવાદ કરતાં અંતે કોણ હારે એ વિષે કવિત આવડતું હોય તો બોલો.

ભગ.—ગઇ રાતે ભવાયા રમ્યા તેમાં એક સરદારનો અને એક ફકડનો (રંગલાનો) વેષ આવ્યો હતો. પછી તે ફકડને પેલો સરદાર પકડવા ગયો એવામાં ફકડના પાયજામાનું નાડું સરદારના હાથમાં આવ્યું. તેથી ગાંઠ છુટી ગઇ, અને પાયજામો પડી જવા લાગ્યો. ત્યારે સરદારે કહ્યું કે નાડું બાંધ. ફકડે કહ્યું કે તું એમ બોલ, જે રંગલા બાપ, નાડું બાંધ, તો હું નાડું બાંધીશ, નહિ તો નહિ બાંધું. પછી સરદારે તેને બાપ કહેવાની ના પાડી, પણ વાદવિવાદ કરતાં અંતે સરદારે હારીને તેને બાપ કહ્યો; ત્યારે ફકડે ખુશી થઇને નાડું બાંધ્યું તે વિષે:—

મનહર છંદ.

ફકડને પકડવા શાણો સરદાર જતાં,
નાડું છુટયું ફકડનું ત્યાં પેલો પોકારે છે;
ફકડ કહે તું મને બાપ કહે તોજ બાંધું,
નહિ તો ન બાંધું તેની શરમ તો તારે છે;
મનાવતાં બીજી રીતે માને નહિ તેનું મન,
બાંધ બાપ નાડું, અંતે એમ તે ઉચ્ચારે છે,
હાર્યે દલપતરામ દેખી હ્યો એ દાખલાથી,
નિરલજ જીતે, અંતે લાજવંત હારે છે. ૧૦૪

સાહેબ—કેવી બહાદુરીને ધિક્કાર કહીએ ?

ભગ.—એક શિકારીએ વનમાં વાઘને અજાડીમાં નાંખ્યો હતો. તેને એક દયાળુ માણસે કાઢયો, ત્યારે વાઘે બહાદુરી કરીને તે માણસને મારી નાંખ્યો, પછી તે વાઘને એક પક્ષીએ ધિક્કાર કર્યો:—

અપ્રસ્તુત પ્રશંસાલંકાર—મનહર છંદ.

ઝાડીમાં અજાડી મધ્યે, પાડી મૂક્યો પારધીએ,
પાપી વાઘ, તને પીડા પૂરણ પમાડી છે;
દયાળુ મનુષ્યે દીઠો, દયા તેને દીલ આવી,
તેથી તેણે તારી બારી છુટયાની ઉઘાડી છે;
છાપો મારી છોડનારનાજ તેં છોડાવ્યા પ્રાણ,
તેમાં તે શી જગમાં બહાદુરી જગાડી છે;
કહે દલપતરામ, કૃતજ્ઞતા કરી નહી,
ખરેખરી કૃતઘ્નતા તેં કરી દેખાડી છે. ૧૦૫

સાહેબ—આળસ છે, તે એક દુર્ગુણ છે, તે અભિમાનની, લોભની કે ક્રોધની બરોબર કહીએ કે કેના જેવી કહીએ ?

ભગ.—

મનહર છંદ—અનન્વયાલંકાર.

આળસથી અભિમાન એટલું તો ઉત્તમ છે,
અભિમાનીને તો માન તાકવાનો ટેક છે;
લોભી પણ આળસુથી લાયક લેખાય લેશ,
લાલચથી લઇ બેસે ઉદ્યમ અનેક છે;
ક્રોધી જન કઠણ કથનથી કુચાલ ઢાંકે,
વધારે નહિ તોપણ એટલો વિવેક છે;
આળસને કેના જેવી કહું દલપત કહે,
આળસ સમાન ભુંડી આળસજ એક છે. ૧૦૬

સાહેબ—ત્યારે ચોર અને જુગારી એ બેમાં સારો નરસો માણસ કોણ કહેવાય ?

ભગ.—

મનહર છંદ—ઉપમેયોપમા.

ચોરી કરી ચોર પછી બોલે બહુ જુઠા બોલ,
જુગારીને જુઠા સમ ખાવા જીભે જાર છે;
ચોર ચોરી કર્મ કરીને પાપે પેટ ભરે,
જુગારી જગતમાં ખરો હરામખોર છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચોર ચીજ ચોરતાં ન લાવે લવલેશ લાજ,
જુગારી જુગારે જોતાં નિર્લજ નઠોર છે;
કહે દલપતરામ કેને ભલો ભુંડો કહું,
ચોર જેવો જુગારી જુગારી જેવો ચોર છે. ૧૦૭

સાહેબ—દુર્ગુણોને શી રીતે ટાળી શકાય?

ભગ.—

મનહર છંદ—ઉપમાલંકાર.

ઢાલ જેવી ધીરજ ધરી અડગ ઉભા રહી,
ખડગ સમાન ક્ષમા ખૂબ ખખડાવીએ;
બખતર જેવો સંપ સજીએ સગાંવાલાંમાં,
સેના જેવા સદા સદગુણો સંપડાવીએ;
તુરંગની તુલ્ય બુદ્ધિ તરંગ તૈયાર રાખી,
રથ જેવો મનોરથ ચંચળ ચલાવીએ,
દુશમનો જેવા દુરગુણો દલપત કહે,
હીમત રાખીને તે હઠીલાંને હઠાવીએ, ૧૦૮

સાહેબ—રાવણ અને ઐરાવણની રીતભાત કેવી હશે?

ઠાકોર—જમની જમાત કેવી હશે?

સ્કાલર—વ્યંતરીઓ કેવી હશે?

રાળયો—ચોર કેવા હશે? મેં દીઠા નથી.

ભગ.—

મનહર છંદ—પ્રતિપાલંકાર.

જુલમી રાજાની નીતિ જોઇ તો શી જરૂર છે,
રાવણ ઐરાવણની ભુંડી રીતભાતની;
જુલમી સિપાઇઓની જોઇ હોય જો જમાત,
જોવાની જરૂર શી છે જમની જમાતની;
ફુવડ નારીઓ જુઓ જેટલી નજરે ફરે,
જોવાની જરૂર મટે વ્યંતરીઓ જાતની;
કપટી વેપાર જુઓ કહે દલપતરામ,
ખાતરી તેથીજ થશે તસ્કર સાક્ષાતની. ૧૦૯

ઠાકોર—એક ધર્મગુરૂ એવું કહેતો હતો કે, જેનાં છોકરાં નહાનપણમાં ઘોડીઆમાંથી વરે તેની તો આબરૂ છે. વળી કહેતો હતો કે દેશાંતરમાં જવાથી ધર્મ સચવાય નહિ, અને સ્ત્રીઓને ભણાવવી નહિ, તેનું શી રીતે સમજવું?

ભગ.—

મનહર છંદ—અપન્હુતિઅલંકાર.

છોટાં છોકરાં વરાવી ફાવી શું ફુલાવાનું છે,
ફુલાવાનું ફોક એ તો કાંટા છે કલેશના;
પ્રવાસની ના પાડે તે દેશના શું હિતસ્વી છે?
હિતસ્વી ન હોય એ તો દુશમનો દેશના;
ધર્મનો ન મર્મ જાણે તે શું ધર્મગુરૂઓ છે,
ગુરૂઓ નહિ હરામખોર છે હમેશના;
વનિતાનો વિદ્યાભ્યાસ વારે તે શું વિદ્વજ્જન,
વિદ્વજ્જન નહિ મોટા વૃષભ મહેશના. ૧૧૦

રળિયો—તમે ગમે એવી કવિતા દેખાડો પણ હું તમને બદું નહિ, મારા જેવી કવિતા તમારાથી બની શકે નહિ.

ભગ.—તે કઇ કવિતા? અને સરસમાં સરસ કિયા વિષય ઉપર તમારી કવિતા છે, તે કહો, એટલે બીજાઓની કવિતા સાથે સરખાવી જોઇએ.

રળિયો—મારી કવિતા બધીએ સરખી વખાણવા જેવી છે. પણ મૂર્ખ હોય તે બીજાઓની કવિતાને વખાણે છે.

ભગ.—હંસનો અને કાગડાનો સંવાદ સાંભળ.

મનહર છંદ.

કાગ કહે રાગ મારો હંસથી રસીક રૂડો,
અંગતણો રંગ પણ જાણનાર જાણશે;
મરદની મુછે રંગ હોય હંસ અંશ જેવો,
રંગ બાંધી, રંગ મુજ અંગ તુલ્ય આણશે;
પતિવ્રતા પતનિનો પતિ પરદેશ હોય,
પતિજથી તે તો મારા બોલને પ્રમાણશે;
શું કહું વિશેષ વાત સુણો દલપતરામ,
વિવેક વિનાના લોક હંસને વખાણશે. ૧૧૧

હંસ—હંસ કહે હાડીયા તું ચાડીયાની ચાલ છોડ,
બાડીયા તારા તે બોલ ચાહી કોણ ચાખશે;
આપનાં વખાણ આપોઆપ કરે આપ મુખ,
દુનિયા તો દેખશે તેવા જ ગુણ દાખશે;
માન મળે તને, તો હું નથી અપમાન દેતો,
માન અપમાન જેમ માનવીઓ ભાખશે;
દાઝે બળ્યો દ્વેષ કરે તેથી દલપત કહે,
રાગ રંગ રૂડો ગણી તને કોણ રાખશે. ૧૧૨

ભગ.—જીવ ઘાલીને સારી પેઠે અભ્યાસ કર્યા વિના કશું કામ આવડે નહિ. ખાલી મમત કરવો તે ખોટો છે અને દૈવકૃપા પણ જોઇએ.

P. P. Ac. Gunratnasuri M.S.　　　　Jin Gun Aaradhak Trust

મનહર છંદ.—દૃષ્ટાંતાલંકાર.

સોની કદી શ્રીમંતપણાથી ધંધો શીખ્યો નહિ,
ઘડવા પડે તો પછી ઘાટ ન ઘડી શકે;
તરવા ન શીખ્યો નર તરવાની તક પડી,
પાણી તણા પુરથી તે પાર ન પડી શકે;
સુખપાલે બેશી ફર્યો, પછી પણ આવી પડે
ચપળતા લાવી નહિ ઘોડલે ચઢી શકે;
શસ્ત્રધારી હોય પણ શસ્ત્રવિદ્યા સાધ્યાવિના,
લશકર સાથે કદી તે નહીં લડી શકે. ૧૧૩
રસોઇ શીખ્યા વિના સરસ ન રસોઇ થાય,
બારી શકે તો કદાપિ બાફણું બફાય છે;
હોય નહિં તારૂ[1], તેણે હાથપગ હલાવ્યાથી,
પાર ન પમાય પણ પાણી ડખોળાય છે;
પંડિતના પુત્ર પાસે પુસ્તક અપાર હોય,
પઢ્યા વિના તો તેનાથી પાનાં ફેરવાય છે;
શસ્ત્રવિદ્યા સાધ્યા વિના દાખે દલપતરામ,
કટક કપાય નહિ, કોળાં તો કપાય છે. ૧૧૪

જોશી—બારોટ, તમારૂં શરીર દુબળું કેમ છે?

ભગ.—મારૂં શરીર એવું જ હમેશાં રહે છે.

જોશી—તમારે હાલ પનોતી છે, માટે કોઇ તીર્થને કાંઠે ગ્રહના મંત્ર જપાવો, કે હનુમાનની બાધા રાખો.

ભગ.— ઇંદ્રવિજય છંદ.

શીગણુતીગ્રહનીગણીએ,ગ્રહનાથ[2]થયોચિતચાહિ ચિતારો
માનઘટ્યુંહનુમાનતણું,હનુમાનપિતા[3]બન્યોબેલ વિચારો
તીરથ અર્થ ન સારિ શકે,સઉ તીરથ દેવ[4] દિઠો દળનારો
દેવતણોઅધિદેવ[5]ભજો,અન્યદેવઉપાસનસર્વ વિસારો ૧૧૫

પછી બારોટ સલામ કરીને ખુરશી ઉપર બેઠા.

अंक ९ मो.

એક કવિ આવીને સાહેબને સલામ કરીને ઉભો રહ્યો.

૧ તરનાર. ૨ સૂર્ય ફોટોગ્રાફી છબિયો પાડે છે.
૩ પવન ગાડી ખેંચે છે.
૪ પાણી, જળચક્કી ફેરવે છે.
૫ પરમેશ્વર.

સાહેબ—આ કોણ છે?

કવિ—એ દેવરાસણના જેતસી ગઢવી છે, તે વાતોડા કહેવાય છે.

સાહેબ—વાતોડા એટલે શું?

કવિ—કવિતા નહિ, પણ ફક્ત વાતો કરીને જ સરદારોનાં મન રંજન કરે છે. એ બાબતમાં તેણે ઘણું માન મેળવ્યું છે, અને તેના કુટુંબનું ગુજરાન પણ એમાંથી જ તે ચલાવે છે.

સાહેબ—કેમ જેતસી ગઢવી તમે કવિતા કંઇ શીખ્યા છો કે નહિ?

જેતસી—હા સાહેબ, વાતોમાં છુટક કવિત બોલવાં પડે છે, માટે કેટલાંએક કવિત મેં મોઢે કરી રાખ્યાં છે.

સાહેબ—ચાતુર્માસના વર્ણનનું એકાદ કવિત કહો જોઇએ.

જેતસી— ઇંદ્રિવિજય છંદ.

ઘેરિરહી ઘનઘોરઘટા, ચપળાનિ[1]છટા ચહુ પાસ તપાસું,
મોરકરેતતખીરથી તાંડવ,ખાડિવ[2] તુલ્ય બન્યુંવન ખાસું;
કુંજ[3]સમાન કહે દલપત્ત, વડુંઅરવિંદનું [4]વૃંદ[5]વિકાસું,
આતુરતાથી કરેવિરહાતુર,ચાતુરનુંચિત્તચાતુરમાસું. ૧૧૬

મનહર છંદ.

વાદળું કે ખુરશી ઇંદ્ર કે ઇનસાફદાર,
મેઘ ગર્જના કે ગિરા[6] છે શિરસ્તેદારની;
વીજળી કે વકીલ છે દાદુરા કે જોનારા લોક,
શશિ સૂર્ય છે કે છબિ સાક્ષી પૂરનારની;
ધરી જળધારાઓ કે લેખણો છે લખવાની,
મેદની[7] મંડાણ મોટી બુક છે તુમારની;
દાખે દલપતરામ દુકાળ સગાળ લઢે,
કળી શકે કોણ વાત ન્યાયના આકારની. ૧૧૭

સાહેબ—ચોમાસાની આઠમની રાતનું વર્ણન કરો.

જેતસી—ગયા શ્રાવણ સુદિ આઠમની રાતે વાદળાં દોડતાં હતાં પણ વર્ષાદ થતો નહતો. તે રાત એક સ્ત્રીના જેવી શોભતી હતી. તે સમે એક કવિત મેં રચ્યું હતુ.

૧ વીજળી. ૨ દેવતું વન. ૩ ગુંડ. ૪ કમળ.
૫ ટોળું. ૬ વાણી. ૭ પૃથ્વી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રૂપકાલંકાર—મનહર છંદ.

છુટા છુટા બુટાવાળી બહુ સારી સાડી ઓઢી,
કાળિકા સમાન રાત્રી બાળિકા બિરાજે છે;
અર્ધચંદ્રને આકારે કનકનું આભૂષણ,
છાજે એવું જુઓ એની છાતીપર છાજે છે;
અંચળને છેડે છાતી ઢાંકે છે ને ઉડી જાય,
પવનની ગતિ અતિ એવી વધી આજે છે;
ઠરીને જુઓ આ કામ દાખે દલપતરામ,
નાયક મરદને નિહાળી નારી લાજે છે. ૧૧૮

એવામાં એક કારભારી આવ્યો. તેણે સોનાનાં ઘરેણાં તથા ઉમદા પોષાક પહેર્યો હતો. તે સઉને સલામ કરીને, કવિને બેસવાની ખુરશી ઉપર પોતે બેઠો, અને કવિને સલામ પણ કરી નહિ. તેથી સઉ સભાસદોના મનમાં એવું આવ્યું કે તેનામાં વિવેક નથી.

સાહેબ—આ કોણ છે?

ઠાકોર—એ એક કારભારી છે. તે બહુ હુશીયાર ગણાય છે. એક સમે સોનું, રૂપું, વગેરે કેટલીએક ધાતુ અમે ખરીદ કરી હતી. તેનો હિસાબ કરતાં ઘણા લોકો ગુંચવાયા હતા, પણ આણે તરત હિસાબ કરી આપ્યો. ધાતુની ધાતો તેને બહુ યાદ છે, અને એકજ નહિ, પણ ઘણા ધંધા તે કરે છે. રાત ને દહાડો તેનાં કારખાનાં ચાલતાં હોય છે, તેથી તે ખુબ રળે છે. એને ભલાં ભલાં ઘરેણાં પહેરવા ઉપર બહુ ભાવ છે, તથા કશા અપલક્ષણની દુર્ગંધ તેનામાં નથી. વળી કચેરીના લોકો તેની આબરૂ ગણે છે. કવિના કામમાં આવે એવા પદ્યબંધ પ્રબંધો રચે છે, અને એવો ટેકવાળો છે કે, ઘણી તરેહના ટેક રાખે છે, તેમાંનો એક પણ કોઇ છોડાવી શકે નહિ.

સાહેબ—કવિરાજ, આટલા બધા ગુણવાળા પુરૂષનું એક કવિત કહો જોઇએ.

જેતસી—સાહેબ, એટલો બધો અર્થ એકજ કવિતામાં લાવવો મુશ્કેલ છે, તોપણ મારી શક્તિ પ્રમાણે કહું.

ઇંદ્રવિજય છંદ.

ધાતુની ધાતભણી ભલી ભાત, રળે દિનરાત ધરી બહુધંધો,
બાળભલેજ ભલાં ધરી ભૂષણ, દે તજી દૂષણની દુર ગંધો;
રાજસભાસદ લાજ ગણે, કવિરાજ કરે પદબંધ પ્રબંધો,
ટેક અનેક ન એક છુટે, પણ એક વિવેક વિના નર અંધો.

ઠાકોર—એક નવો મિત્ર હાલ અમને મળ્યો છે. તે પંડે ગમે તેવો હોય, પણ અમારૂં કામ એનાથી થાય એવું જણાય છે.

જેતસી— મનહર છંદ.

મીઠળ આહાર તે ન જાણીશ આહાર કર્યો,
કરેલા આહાર સુધાં બાહર કઢાવશે;
પાપણીને પરણી ન જાણીશ જે સુખ પામ્યો,
પામેલું એ સુખ દુખ રૂપ દેખડાવશે;
અનીતિનું નાણું તે ન જાણીશ કમાયો નાણું,
કમાયેલા નાણાનાય કાંકરા કરાવશે;
દુષ્ટ મિત્ર દેખીને ન રીઝો દલપત કહે,
ખરા મિત્ર સાથે પણ ખેદ ઉપજાવશે. ૧૨૦

ઠાકોર—સત્યવાદીની પરીક્ષા કેમ થાય?

જેતસી—ખરી પરીક્ષા કરવી હોય તો, તેને વર્તમાનપત્રનો એડીટર બનાવવો; પછી જોવું કે પોતાના વગવાળાની વાત કેવી લખે છે, અને બીજાની કેવી લખે છે. તે ઉપરથી તરત પરીક્ષા થાય, કે તેને ઇનસાફનું કામ સોંપ્યું હોય તો કેવું કરે? એક રાજા પાસે મુનસફની પરીક્ષા આપવા સારૂ પાનાચંદ નામે વાણીઓ ગયો હતો. તે સમે રાજા સોગટાંબાજી રમતો હતો.

મનહર છંદ

મુનસફી કામની કરો પરીક્ષા પૃથ્વીનાથ,
પાનાચંદ નામે કોઈ પુરૂષે કહ્યું જઇ;
પૃથવીપતિ તે પળે પાસા ખેલતો હતો ને,
પાસે બેઠો પાનાચંદ દૃષ્ટિ ખેલમાં દઇ;
રાયના ત્યાં પડ્યા બાર પક્ષ રાખી પાને કહ્યું,
પડ્યા છે પોબાર સામી સોગઠી મરી ગઇ;
કહે દલપતરામ પૃથવીપતિએ કહ્યું,
પાનાચંદ હવે તારી પરીક્ષા પૂરી થઇ. ૧૨૧

ઠાકોર—ધર્મ વિષે એક કવિત કહો જોઇએ.

જેતસી— ઇંદ્રવિજય છંદ.

શું થયું સાકર ખાંડ સહીત રસોઇ રૂડી ઘરમાં નિત્ય રાખે,
શું થયું જે નૃપ સર્વની સાથ સદૈવ નેહનું સાધણ સાખે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શું થયું આરસ[1] સુંદરથી, દર બંદર અંદર મંદિર બાંધ્યે,
ધર્મ ધર્યો ન દિલે દલપત, કુકર્મની કાવડ તો રહી કાંધે. ૧૨૨

રળીયો—જેતસી ગઢવીના દેવ તો મોચી છે.
(એમ કહી મશ્કરી કરી.)

જેતસી— દોહરો.

રચી ચરમનાં પૂતળાં, અખંડ સર્વ અવેવ;
જે પછી તે જીવતાં કરે, તે મોચી મુજ દેવ. ૧૨૩

મનહર છંદ.

ચામડાનાં પૂતળાં રચે છે ચતુરાઇ કરી,
ચામડાના બળદો ને બકરા બનાવે છે;
ચામડાના હાથી ઘોડા હજારો હજાર રોજ,
જુના ભાગી જતા જાય નવા નીપજાવે છે;
ચામડાની ગાયો ભેંસો શુદ્ધ દુધ દોવા દે છે,
ચામડાના પોપટને રાણીઓ પઢાવે છે;
કરે એવાં એવાં કામ કહે દલપતરામ,
એવા મોચીની અમોને ભક્તિ ભલી ભાવે છે, ૧૨૪

જેની જોતાં ગામો ગામ પેઢીઓ છે ઠામોઠામ,
ચામડાના ધંધાવાળો વડો તે વેપારી છે;
જુનાં જુનાં ચામડાનો છેક ચૂરેચૂરો કરી,
તે ચૂરાના તાજાં રચે તેવી હોંશીઆરી છે;
મોટા મોટા લોક તેના માલની સંભાળ રાખે,
ભૂપતિના ભૂપ જેવા જેના કારભારી છે;
દેશે દેશમાં છે નામ કહે દલપતરામ;
એવા મોચીને વિશેષ વંદના અમારી છે. ૧૨૫

હાડકાનો માળો માંસવાળો રૂધીરાળો રચી,
કાચ જોડ જડયા કોણ જાણે કેમ કાચીને;
ચતુરાઇથી ચડાવ્યું ચામડું રૂપાળું આળું,
ટેભો ન જણાય કેમ ઘાલ્યો આર ઘોચીને;
હાલે ચાલે હામ ધાલે ભાલે લડે ભેળ પાડે,
પ્રૌઢ જેવા પર્વતની પાડે ટોચ કાચીને;
કેવું ચામડાનું કામ કીધું દલપત કહે,
માન મેલી મોટો દેવ માનું છું તે મોચીને. ૧૨૬

ઠાકોર—જેણે જેમ માની લીધું તે ખરૂં.

જેતસી— ઇંદ્રવિજય છંદ.

માનિલીધાચિથયુંમનમાનતું,કયાંઇ કદાપિસુણ્યું નથીકાને,
સત્યજસત્ય ગણાય સદૈવ અસત્ય ગણાય અસત્ય નિદાને;
શું થયું જો દલપત્ત કહે કદી,લેખ લખ્યો શુભ પુસ્તક પાને,
વ્યર્થ કુટે શિર અર્થસરે નહિ, પથ્થરને મણી પારશ માન્યે.

સાહેબ—આ ઠેકાણે ચર્ચા ચાલે છે તેમાં કોઇના બોલવામાં શબ્દોનો ફેરફાર આવે તો તમે સુધારવાની સૂચના કરો કે નહિ ?

જેતસી— મનહર છંદ.

શિખામણ શુદ્ધ દેતાં વચન વિરૂદ્ધ માને,
તો શા માટે તેમ કરી વ્યર્થ વેડ વઢીએ;
ભાખીએ ભલાને માટે તોપણ તે ભુંડું ગણે,
રૂદયમાં રોષ રાખે તેથી દૂર રહીએ;
જેને મન ગમે જેમ ભલે કરે તે તો તેમ,
શા માટે સંતાપ એવો શ્રમ કરી સહીએ;
કહે દલપતરામ ચુપ રહીએ તે ઠામ,
કહેતાં ઉલટું માને તેને તો ન કહીએ. ૧૨૮

દોહરા.

જન્મતણી ભાષા તથા, ધર્મ અને પોષાક;
આપ આપનાં સૌ ગણે, સૌથી સરસ અથાગ. ૧૨૯
તેના દોષ બતાવતાં, ઝાઝું ઉપજે ઝેર;
સુણી સાંખે ગંભીર જન, હલકા રાખે વેર. ૧૩૦

અંક ૧૦ મો.

એક કવિ સભામાં ખુરશી ઉપર બેઠો હતો તે આ નીચે લખેલો સોરઠો બોલ્યો.

સોરઠો.

વિસરી જશે કો વાર, હકુમત [1]હનરાબલ તણી;
પણ નહિ પડે વિસાર, કીર્તિ કદી કિન્લાકની. ૧૨૧

સાહેબ—આ કયાંના કવિ છે ?

દલ૦—એ અમદાવાદના કવિ ઉત્તમરામ નૈતમરામ વીસળનગરા નાગર છે. તે અમદાવાદમાં આપને મળ્યા હતા, તેમના બાપના કાકા આદીતરામજી કવિને માનાજી ગાયકવાડ પાસેથી કવિતાના ઇનામમાં "છોગાળુ" એવા નામનું ગામ વીસનગર પરગણામાં મળેલું છે, તેની ઉપજ દરસાલ હજાર રૂપિયાની છે,

૧. આરસ પહાણ.

૧. હનરાબલ (હોનરેબલ) કંપની-ઇસ્ટ ઇંડિયા કંપનીને કહેતા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે આદિતરામ કવિની ભાણેજીના દીકરાને હજીસુધી મળે છે; અને આદિતરામજીના પિતા કેવળરામજીએ અમદાવાદના નવાબ કમાલખાંના હુકમથી હિંદુસ્તાની ભાષામાં "બાબી વિલાસ" નામે ગ્રંથ રચેલો છે, તેથી તે નવાબના વંશના જુનાગઢ, રાધનપુર, અને વાડાશીનોરના નવાબોએ વર્ષાસન કરી આપેલાં છે, તે અદ્યાપ સુધી આ ઉત્તમરામજીને મળે છે. ઉત્તમરામજીએ કવિતા રચવાનો મહાવરો રાખ્યો છે.

સાહેબ—કવિરાજ, વાણીમાં વધારે માલ હશે, કે વિચારશક્તિમાં ?

ઉત્તમરામજી— કવિત.

વાણી ને વિચારશક્તિ, વિશ્વમાં અમૂલ્ય વસ્તુ,
એ થકી અનેક જ્ઞાન મેળવે છે માણસો;
બંનેમાં બહુજ માલ બંનેનો તેવોજ તોલ,
એકેને અધિક ઓછી જરૂર ન જાણશો;
વાણી છે શરીર ને શરીર છે વિચારશક્તિ,
અંતરમાં એકેનો અનાદર ન આણશો;
સારી રીતે શણગારી બંનેને શોભાવો સારી,
કહે દલપત મિથ્યા મમત ન તાણશો. ૧૩૨

સાહેબ—વિલાયતી ગાડી વિષે બોલો જોઇએ.

ઉત્તમરામ— સવૈયો.

આગળહોય સિપાઇ ઉભા,અને અશ્વઅનુપમ હોય અગાડી,
સારથિ બે શણગાર સહિત, ચલાવે તુરંગમ ચોટ લગાડી;
પોઇશ, પોઇશ પાઠ કરે મુખ, પંથ જતાંજન કાન જગાડી,
દેખીજુઓદલપતકહે, સુવિમાન સમાનવિલાયતી ગાડી.૧૩૩

સાહેબ—જુઓ આ મહારાણીજીનો શિક્કો. એમાં લખેલું છે કે, "ભલું ચહાનારનું ભલું ને ભુંડું ચહાનારનું ભુંડું" એ કહેવત વિષે એક બે કવિત કહો.

ઉત્તમરામ— કવિત.

દાણા વેચનાર દાણા સંઘરી દુકાળ માગે,
દેખાશે દુકાળ એવા દાણા વેચનારને;
બીજાને બુડાડવાને ખરેખાત ખોદે ખાડ,
જાણશે જોખમ એવો ખાડ ખોદનારને;
કોઇકને કષ્ટ દેવા રસ્તા વચે કાંટા વેરે,
વાગશે વિશેષ કાંટા, કાંટા વેરનારને;
ભલું સૌનું ઇચ્છશે તેનું તો ભાઇ ભલું થશે.
બુરૂં થશે બીજાઓનું બુરૂં ઇચ્છનારને. ૧૩૪

સાબતીનો જીવ લેવા સિંહને જગાડે જાય,
જરૂર તો મોત થાય તે જગાડનારનું;
પારકી અપકીરતીનું વાજું જે વગાડે વડું,
વાજે અપજશ વાજું તે વગાડનારનું,
લોભથી કે દ્વેષથી જે લોકનું બગાડે ઘર,
લાગી ચુકયું ઘર જાણો તે લગાડનારનું;
સુધરે સુધારનારનું ને દલપત કહે,
બગડે બેશક બીજાનું બગાડનારનું. ૧૩૫

સાહેબ—મહારાણીના મુગટને આશીર્વાદ આપો.

ઉત્તમરામ— સવૈયો.

દિગ્વિજયી વિજયાકુંવરી, વિજયાદશમી શતસુધી વિરાજે;
શાજજહાજ,ગરીબનિવાજ, સદાશુભ રાજસમાજ ગણાજે
બાળકની પ્રતિપાળક માત છે, તેમ પ્રજા પ્રતિપાળક થાજે,
રાજકરોમહારાજ કૃપાથકી તાજરહોશિરઉપર તાજે. ૧૩૬

સાહેબ—વારુ, ફોટોગ્રાફી છબિ પાડનારની, અને ચિતારાની કળા ઉત્તમ કહેવાય કે કવિની ?

ઉત્તમરામ—વિક્રમ અને ભોજની પાસે હુંશીઆર ચિતારા હતા, પણ તે રાજાઓની કીર્તિ કવિયોએ જેવી અમર રાખી છે, તેવી ચિતારા રાખી શક્યા નથી. કહ્યું છે કે:—

સવૈયો.

ઉજ્જયિનીપાત પાસ હતા બહુ, ચંચળચિત્ત ચતુરચિતારા,
આકૃતિ ઉપરની અવલોકી, અતિ ચતુરાઇથિ ચીતરનારા;
એ છબિ આજ અહીં ન રહી કહીં,વાત કરે ન કહીંવસુધારા,
વિન ચરિત્રતણાંચળકે બહુ માંડીગયા કવિલોક અમારા.૧૩૭

સાહેબ—માણસની આશા કેવી છે? તે વિષે એક કવિત કહો.

ઉત્તમરામ—મધ્ય રેખાએ રહીને જોઇએ તો ધ્રુવનો તારો પૃથ્વીને અડકો હોય એમ દેખાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પછી તેના સામા સો સો મૈલ જઇએ, તેમ તેમ દર સૈકડે પા ઘડી દહાડો ચડયા. જેટલો ધ્રુવનો તારો ઊંચો જણાય. કહ્યું છે કેઃ—

કવિત.

ભૂમિ મધ્યરેખાપર રહીને જો ભાળીએ તો,
દીસે ધ્રુવ તારો જાણે અવનીને અડયો છે;
સનમુખ ચાલી મૈલ સોળમે જુઓ તો ઊંચો,
ચળકતો જાગે દિન ચાર ઘડી ચડયો છે;
જેમ જેમ જૈએ સામા તેમ દર સો સો મૈલે,
પાવડી પ્રમાણમાં ઊંચો નજરે પડયો છે;
એમજ આશાનો અંત આગળ રહે અત્યંત,
પાસે પાસે જઇ કહો કોઇએ પકડયો છે ? ૧૩૮

સાહેબ—વારૂ, કેવા જનો પોતે અમૂલ્ય હોય, પણ પછીથી સરતા થઇ જાય ?

ઉત્તમરામ—એકાવળી અલંકાર—સવૈયો.

ઠસતા ઠસતા ઠીક આબરૂ ઠાઠ, ધજા ધરી ધર્મતણી ધસતા;
ફસતા ફસતા ફરી ફેર વિષે વિષયી જન સંગ વિષે વસતા;
ખસતાખસતા પછી ખુબ ગયાજ,તજી રૂડીરીત તણારસતા,
પસતાય પછી દલપત કહે સસતા નહિ તે થઇ સસતા.૧૩૯

સાહેબ—બે સગા ભાઇઓ હોય, પણ તેઓની બુદ્ધિ અને નશીબ સરખાં હોતાં નથી તે વિષે કહો જોઇએ.

ઉત્તમરામ— સવૈયો.

પંખીથકી પ્રગટે પણ પંખીજ, ચારપગાં પશુ ચારપગાંથી
થાય વનસ્પતિમાંથી વનસ્પતિ માણસ તેમજ માણસમાંથી
ન્યૂનાધિક ન લક્ષ દસે તન, માત તથા તન તાતતણાથી
દેહ મળે દલપત કહે પણ બુદ્ધિ નશીબ બરાબર ક્યાંથી?૧૪૦

એવામાં એક બાવો ઠકરના મહારાજ પાસે રહેતો હતો તે બોલી ઉઠયો, કે અમારે ભભૂત લગાવવાનો, ગેરૂ લગાવવાનો, વગેરેના મંત્રો છે, માટે તમે આ ટીલું કર્યું છે તેનો મંત્ર જાણતા હો તો બોલો, નહિ તો ટીલું ભુંશી નાખો.

એક ઠાકોર—ત્યારે બાવાજી, લંગોટીનો પણ મંત્ર હશે કે ?

બાવો—લંગોટીનો મંત્ર તો નથી.

ઉત્તમરામ—લંગોટીનો મંત્ર હું જાણું છું.

ઠાકોર—બોલો જોઇએ.

ઉત્તમરામ—એક છોકરો તેના બાપના કહ્યામાં રહ્યો નહિ, અને કશું ભણ્યો નહિ, તેથી મોટો થઇને બાપથી જુદો થઇ રખડતો ફર્યો, અને છેલીવારે બાવો થયો. તેને દીક્ષા આપતી વખતે તેનો ગુરૂ પાનાં ફેરવતો હતો, ત્યારે પેલા છોકરાના બાપે પૂછયું કે પાનાંમાં શું જુઓ છો ? ગુરૂએ કહ્યું કે આ છોકરાને લંગોટી વળાવાનો મંત્ર ખોળું છું. છોકરાને બાપે કહ્યું કે તે મંત્ર મને આવડે છે. પછી નીચે લખ્યા પ્રમાણે કહી દેખાડયોઃ—

સવૈયો.

સારી શિખામણ તું ન શિખ્યોજ,
શિખ્યો ખળતાજ ખરેખરી ખોટી;
તેં કથનો કદી કાન ધર્યાં નહિ,
મેં તુજ કાજ કહ્યાં પણ કોટી;
બાવન અક્ષરની બરણી બની,
એથી બરાબર તેં નહિ ઓટી;
લક્ષ્મિ મળ્યાની હવે તજી લાલચ,
લાકડા સુત વાળ લંગોટી. ૧૪૧

એવામાં એક ઘરડી ડોશી, કેડેથી બહુ વાંકી વળેલી રસ્તે ચાલી જતી હતી તે સઉની નજરે પડી, ત્યારે બાવાએ કવિને પૂછયું કે પેલી ડોશીએ રસ્તામાં કાંઇ વસ્તુ ખોઇ હશે, તે ખોળતી જતી હશે, કે શા વાસ્તે આટલી બધી વાંકી નમીને ચાલતી હશે ?

ઉત્તમરામ—એક એવી ડોશીને તમારા જેવા કોઇ જુવાને પૂછયું હતું, તેનો ઉત્તર ડોસીએ આપ્યો હતો તેનું એક કવિત છે.

સાહેબ—બોલો જોઇએ.

ઉત્તમરામ— કવિત.

કેડેથી નમેલી ડોશી દેખીને જુવાન નર,
કહે શું શોધો છો કશી ચીજ અછતી રહી;
કહે ડોશી બાળપણું ખબર વિના મેં ખોયું,
જુવાનીમાં દીવાની તારા જેવી ગતી રહી;
છવાઇ જરાની છાયા, કાયાના વિખાયા બંધ,
ગાયા ન ગોવિંદરાયા, માયામાં માત રહી;
ઝુકી ઝુકી ડોકી વાંકી રાખી દલપતરામ,
જોતી હું ફરું છું જે જુવાની ક્યાં જતી રહી. ૧૪૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બાવો—(એક ઘરડા ઠાકોરને) કેમ કાકા, ખરી વાત કે?

ઠાકોર—(કવિને) કાકા સંસ્કૃતમાં કેને કહેવાય?

ઉત્તમરામ—કાગડાને.

બાવો—ત્યારે ઘરડા માણસને કાકા કેમ કહેતા હશે?

ઉત્તમરામ—નિરૂક્તિ અલંકાર.—સવૈયો.

જોબનમાં જુવતી જરકારણ, સાંખી રહ્યાશિર સંકટસાકા,
પ્રૌઢપણે દલપત કહે, તતબીર તણા ન તજ્યાજ તડાકા,
બેથ વિશેષ [1]મરાળ બરાબર, કેશ થયા પરિપૂરણ પાકા,
તોય કર્યો ન પ્રપંચનિવારણ, કારણ એજ કહે સહુ કાકા.

એવામાં તે ઠાકોરનો પગ બાવાજીને અડક્યો, તેથી બાવાજીને ક્રોધ ચઢ્યો.

સાહેબ—જગ્યાની સંકડાશ હોય તો મોકળાશ કરીએ. કેમ તમે એટલામાં સમાઇ શકતા નથી કે?

ઉત્તમરામ—હેત હોય તો એક વેંતમાં સમાય, અને હેત ન હોય તો આખી પૃથ્વીમાં પણ સમાય નહિ. કહ્યું છે કેઃ—

કવિત.

હોય જો હૈયામાં હેત, વેંતમાં વિરામ કરે,
દારૂ સાથે દારૂ રહે છે જુઓ જહાનમાં;
દારૂ અને દેવતાને દ્વેષ જો વિશેષ છે તો,
માય નહીં પાત્ર મોટા માટલા સમાનમાં;
શીમાડાને માટે મહીપતિયો સંગ્રામ સજે,
તો શી રીતિયે સમાય સાંકડા સંસ્થાનમાં;
કહે દલપતરામ રમા સાથે રમાનાથ,
પ્રીત છે તો પોઢી રહે પ્રાગવડ પાનમાં. ૧૪૪

સાહેબ—ધનમદ, વિદ્યામદ, જોબનમદ અને અધિકાર વગેરે દરએક મદથી આંધળા થઈ જવાય ત્યારે ચારે મદ ભેળા થાય તો કેમ થાય?

ઉત્તમરામ— સવૈયો.

જોબનનો મદ,ને ધનનો મદ,તેમ ત્રિજો અધિકાર તણોછે;
વિદ્વત્તામદ તેથી વિશેષ, હમેશ ઘટે નહિ એમ ભણો છે;
અંધ થવાય એકેક મદે, મદ બે મળતાં બદલો બમણો છે;
દેખીશકે દલપત્તકહે કેમ,ચારમળ્યે મદ ચારગણો છે.૧૪૫

દોહરો.

મદથી મનુષ્યતા મટે, હોય બુદ્ધિની હાણ;
જે એવા મદ જીરવે, જેવલા જન જાણ. ૧૪૬

સાહેબ—હિંદુશાસ્ત્રમાં એવો દાખલો હશે, કે મોટા સત્યવાદીને જુઠું બોલવું પડયું હોય?

ઉત્તમરામ—લાખોની લાંચ આપતાં જુઠું ન બોલે, એવા યુધિષ્ટિર રાજા, મિત્રોના પક્ષ માટે લગાર જુઠું બોલ્યા હતા, તેથી તેમની અપકીર્તિ આજસુધી રહી છે. લડાઇમાં અશ્વત્થામા પડવા, એવું યુધિષ્ટિર બોલે તો, તેમનું બોલ્યું સાચું માનીને કૌરવની ફોજ નાશી જાય એવું હતું માટે અશ્વત્થામા નામના હાથીને મારી નાખીને યુધિષ્ટિર પાસે સાખ પૂરાવી. ત્યારે યુધિષ્ટિરે કાને હાથ દઇને કહ્યું કે અશ્વત્થામા નામનો નર કે હાથી પડયો ખરો.

સ્રગ્ધરા વૃત્ત.

લાખોની લાંચ લેતાં જરયકિજનજે બોલ જુઠાન બોલ્યા,
સ્વાર્થે કે સંકટે ને સુખ દુખ સહીને સત્યતાથી ન ડોલ્યા;
સાતે સિંધુતરીને, પછી અપજશના ખાડમાં ક્યાંઈ ખેલ્યા,
મિત્રોના પક્ષમાટેઅસદ ચરીધા,કુંજરો વા નરોવા ૧૪૭

સાહેબ—માણસમાં દરેક ગુણ થોડા થોડા હોય તે ઠીક, કે એકજ ગુણ પૂરો હોય તો ઠીક?

ઉત્તમરામ—બીજા ગુણ થોડા થોડા હોય તો ઠીક, પણ એક ગુણ તો પૂરો જોઇએ. કહ્યું છે કેઃ—

દોહરો.

અધુરા ગુણો અનેકથી, ગુણિજન નહીં ગણાય;
પરિપૂરણ ગુણ એક પણ, વિશ્વ વિષે વખણાય.૧૪૮

સવૈયો.

મણિમાંહિનહીંસવાસ, સુવાસપ્રકાશતણોગુણએકઅનેક,
વળિ કસ્તુરી માંહિસુવાસવસે,પણરૂપ કે રંગછતે નાંહ છેક;
શુક કોકિલનારવરસુંદરથીજ વખાણ કરે સઉ વિશ્વવિશેક,
સમમાનસદાદલપત્તથશેજ,હશેગુણજેપરિપૂરણએક.૧૪૯

સાહેબ—કેવું સન્માન મળે?

ઉત્તમરામ—ઇશ્વર ઇચ્છાથી તેને જેવું સ્થાનક મળે તેવું તેને સન્માન મળે, કહ્યું છે કેઃ—

[1] હંસ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવિત.

કુંજરનું કુળ જાતે જંગલનું જનાવર,
વાનર હરણ રીંછ તુલ્ય ફરે વનમાં;
મહાવતે પકડીને પુરમાં પ્રથમ આણ્યો,
ઘાસ ભરી ભરી લાવે સદૈવ સદનમાં;
ધન આપી ધોબીએ ધોવા જવાને કાજે રાખ્યો,
રાજે રાખ્યો સેના શણગાર ગણી મનમાં;
કહે દલપતરામ જગતની રીત જુઓ,
સ્થાનક સમાન સનમાન મળે જનમાં. ૧૫૦

ઠાકોર—દુષ્ટ માણસ વિષે બોલો.

ઉત્તમરામ— સવૈયો.

શુણિઅંતર વાતધરેજ અનુત્તમ ઉત્તમ વાત ધરે અળગી,
ધરીનેશિરપાગ અધર્મ તણીજ, કુકર્મ તણીજ કરે કલગી;
શુભસજ્જનનીસુખકારિશિખામણ,સાંભળતાંજ ઉઠેસળગી,
દલપતકહેજમદુષ્ટસદા, વિષયી જનસાથ રહે વળગી.૧૫૧

એક સભાસદ—સ્ત્રી ઘણા શણગારથી શોભે કે લાજથી?

ઉત્તમરામ— કવિત.

ઝુમી રહ્યું ઝુમણું ને ઝળકી રહેલી ઝાલ,
ઝમક ઝમક પગે ઝાંઝરી ઝમકતી;
ઘરેણાં ઘણાંક સોની સુઘડે ઘડેલા ઘાટ,
ઘાઘરાને ઘેરે ઘણી ઘુઘરી ઘમકતી;
ધમક ધમક ધરે ચરણ ધરણી પર,
ધ્રૂજે ધમકારે બધી ધરણી ધમકતી;
સજ્યા શણગાર પણ લાજ જો લગાર નહીં,
લાગી શણગારે લાય ચોગણી ચમકતી. ૧૫૨

એ ભાઇ કોણ છે?

સાહેબ—એ એક વકીલ છે.

ઉત્તમરામ—કહો તો વકીલ વિષે એક કવિત કહું

સાહેબ—કહો જોઇએ.

ઉત્તમ— કવિત.

રોગ કરે ભોગ ત્યારે વૈદને વિશેષ લાભ,
દેશ ભંગ થતાં બેસે કોળી તો કમાઇને;
પડે જો દુકાળ રળે દાણાના દુકાનદાર,
લડે જો ભૂપાળ લાભ સો ગણો સિપાઇને;
માનવીઓ મરે ત્યારે ભલો લાભ ભંગીઆને,
અને અવસરે ત્યારે દામ મળે દાઇને;
દાખે દલપતરામ લડે લોક ઠામ ઠામ,
ભલો લાભ તે સમે મળે વકીલભાઇને. ૧૫૩

સાહેબ—પ્રીતિની રીતિ કેવી હોય તે વિષે બોલો જોઇએ.

ઉત્તમરામ— સવૈયો.

પાણિપિપાતળિજ્જાળિજગીનથિ, મેરૂગિમોટિઆણુથકિઝીણી;
સોમથિ શીતળ આગથિ ઉન્હિ, કુસુમથિ[1]કોમળકાઠકઠીણી;
થર્પનખા[2] થકિ સોગણીસૂરખી, પૂરિવળિપદ્મા થી[3]પ્રવીણી,
પ્રીતનિરીતકહેદલપત્ત, ભલાથિભલી હડકાઇથિ હીણી.૧૫૪

સાહેબ—સાબાશ, ઉત્તમરામજી, તમે તમારા વડીલોની વિદ્યાનો અભ્યાસ સારો રાખ્યો છે.

अंक ११ मो.

સાહેબ—(એક કવિને જોઇને) આ કોણ છે? અને ક્યાંના રહેવાશી છે?

દલપતરામ— દોહરો.

પુર મૂળી પરમારનું, જગત બધામાં જાણ;
નૌતમ જ્યાં બહુ નીપજે, કવિયો ને[4] કેકાણ.૧૧૫

એ ખેંગાર ગઢવી, સારા કવિ છે, અને કાઠીઆવાડના મૂળી ગામમાં રહે છે.

સાહેબ—તે આપણને મળ્યા હતા?

દલ.—આપનો મેળાપ કરવાની તેમને ઘણી આતુરતા હતી, પણ આજસુધી મેળાપ થયો નહોતો, તથાપિ તેમની તરફથી આપણને મદદ મળેલી છે.

સાહેબ—શી મદદ મળી છે?

દલ.—જ્યારે સન ૧૮૪૮ માં પુસ્તકોની ખોળ કરવા સારૂ આપે મને કાઠીઆવાડ તરફ મોકલ્યો હતો ત્યારે હું મૂળી ગયો હતો. તે વખતે જગદેવ પરમારના ગ્રંથની ભાળ, મને આ ખેંગાર ગઢવીએ કહી હતી, કે તેમનો મામો જેઠો ગઢવી વાંકાનેરમાં છે તેને ઘેર જગદેવ પરમારનો ગ્રંથ છે. તે ઉપરથી આપણે રાજકોટની એજન્સીમાં લખીને તે ગ્રંથ મંગાવી લીધો.

---

૧. ફૂલ; ૨. રાવણની બેન. ૩. લક્ષ્મી. ૪. ઘોડા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાહેબ—ત્યારે એંગાર ગઢવીનો આપણે જરૂર ઉપકાર માનવો જોઇએ.

દલ—તે કવિતા સારી કરી જાણે છે. અને એક મોટો ગ્રંથ વ્રજભાષામાં રચવાનો તેમણે આરંભ કર્યો છે.

સાહેબ—એંગાર ગઢવી, તમે ગઇ રાતે ક્યાં હતા ?

એંગાર—ગઇ રાતે મેં એક નાટકનો ખેલ જોયો.

સાહેબ—નાટકમાં કોના કોના વેશ જોયા ?

એંગાર-સવૈયો—અપ્રસ્તુત પ્રશંસા.

નાટકિ નાટકના થળમાં બહુ લાયક વેષ ભલાધરિલાવ્યો,
હોંશ થકી હરિચંદ નરેશ તણોધરિવેશ વિશેષસુહાવ્યો;
વેષ કર્યો પછી કર્ણતણોવળીવિક્રમભોજ સવાંગલજાવ્યો,
તે પછી તો દલપત્ત કહે, નરકાર્ણસરૂપધરીફરીઆવ્યો.૧૫૬

મતલબ કે તમેજ એ બધા દાનેશરીના અવતારી પુરૂષ છો.

સાહેબ—વારૂ, સરદારનો સ્વભાવ આકરો જોઇએ કે નરમ જોઇએ ?

એક ઠાકોર—સરદારનો સ્વભાવ જો નરમ પાણીના જેવો હોય તો પછી તેનો વક્કર પડે નહિ.

એંગાર— શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

શીળો નમ્ર સ્વભાવ-શુદ્ધ જળનો, ચાલે નમીને સહી,
રાખે ટેક અનેક આપ ઉરમાં, તે ટેક છોડે નહીં;
તારે છે હલકાજનને, પણ કરે ભારે તણા ભક્ષને,
જ્યારે જોર કરી જવાજ નિકળે, પાડે વડા વૃક્ષને.૧૫૭

સાહેબ—પૃથ્વીના જેવી ક્ષમા રાખનારા પુરૂષો કોઇ વખતે ક્ષમા છોડે કે ?

એંગાર—એક માટીખાણુમાં આઘે આઘે ખોદતાં, ઉપલી ભેખડ તૂટી પડવાથી બે ત્રણ ખાદ્ડીઓ દબાઇ મુઇ તે સમે એક કવિ અને પૃથ્વીનો સંવાદ થયો હતો.

સાહેબ—તે કહો જોઇએ ?

એંગાર— શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

રે ઉર્વી તુજમાં રહે બહુ ક્ષમા, જે સર્વ જાણે નકી,
માટીખાણુ વિષે દ્રાણ અબળા તો કેમ તારાથકી;
ડોલી બોલી ઉદાસિ એમ અવની શું ધૈર્ય રાખુંધરી,
એવા લોક, અનેકઆગ્રહ ધરી, ક્ષાંતી તજાવે ખરી. ૧૫૮

સાહેબ—જે નર ગધેડા જેવો, કે ગાડર જેવો અજ્ઞાની ગણાતો હોય, અને કશો હુનર ન આવડવાથી ડરમાં રહેતો હોય, તો કયા ઉપાયથી તે સારો થાય ?

એંગાર—વાંચવા અને લખવા શીખે તો સારો થાય. કહ્યું છે કે;—

સવૈયો— સિંહાવલોકન.

નરમાં ગુણજેનહિ હોયમીજા, પણ એકઉપાયધરે કરમાં;
કરમાંથી તજેનહિકાગળને,ઉગતાદિનથી દિન આખરમાં;
ખરમાં ન ખપે કદિ તેહ ખરેખર, તેમગણાયનગાડરમાં,
ડરમાં નરહે દલપત્ત કહે, હરરોજ ચડે ચિત્તહુનરમાં.૧૫૯

સાહેબ—કળથી કામ સિદ્ધ થાય કે બળથી અને છળથી ?

એંગાર—સવૈયો—સિંહાવલોકન.

કળથી કરિયે સિદ્ધ કારજસર્વ, પડે પસ્તાવુંનપાછળથી,
છળથીકરતાંકદિ, છેકબનેસુખકાળું, અકીરાત કાજળથી;
જળથી,નમટેકદિધોઇજુઓ,ઘશીલોહીજુઓકદીકાંબળથી,
બળથીદલપત્તકહ્યાનબને, સિદ્ધકાજકરાય સદાકળથી.૧૬૦

રળિયો ગઢવી—ઝટ સમજાઇ જાય, તે કવિતા મીઠી લાગે છે.

એંગાર—નવો અભ્યાસ હોય ત્યારે તાણી મેળાને શબ્દો બેસારવા પડે તે કવિતા ક્લિષ્ટાર્થ થાય. પછી સારો અભ્યાસ થાય ત્યારેજ સરળ કવિતા રચી શકાય, અને ગૂઢાર્થ કવિતા કરવી હોય તો કઠણ પણ થાય.

સાહેબ—રળિયો ગઢવી સમજી શકે નહિ એવો એક સવૈયો બોલો જોઇએ.

એંગાર—(પોતાના દફતરમાંથી કાગળ, ખડીઓ, અને લેખણ કાઢીને એક સવૈયો રચીને બોલ્યા.)

સવૈયો—ગુઢાર્થ.

સકરિને કરતાર ચણી, કરતાં વિનતિ ઘર તે કરી આપે,
સકરતાં ખડમાં પણ પૂખ,જુઓખસખોય ખરેખરીવ્યાપે;
સકરિને ખલ ખાયસદા, સળવા જન ઇશ્વરમાં મન થાપે,
સકરિને કરડીદલપત્તકહે, વળી કોકળીનાં ફળ કાપે.૧૬૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રળિયો—સાંભળો એનો ઉત્તર હું કહું.

સવૈયો.

ભક્તિ કરીકરતાં વિનતી,નચળે ઘર એવું પ્રભુકરિ આપે,
જો ખસખોઇ વિષેજખડ, તો ખડમાં ખસખોઇજ વ્યાપે;
ચોરિતણાધનથીકરિધર્મ, પંક્ષીખળખાય, પ્રભુમનથાપે,
દૃષ્ટિકરડી દલપત્ત [1]ક્રુધી નર ફોફળીનાં ફળ કાપે.૧૬૨

ખેંગાર—ગૂઢાર્થનો ઉત્તર એવો હોય નાહે. અને " શું કરીને " એમ મારા સવૈયામાં નથી, પણ " સૂ કરીને " એમ છે.

રળિયો—ત્યારે બીજો અર્થ તો મને સુજતો નથી.

ખેંગાર—જેમ વગડામાં જઇને જેણે જણુસ કાટી હોય, તે કાટનારનેજ જડે, તેમ ગૂઢાર્થ સરલ રચ્યો હોય તોજ બીજાને જડે, નહિ તો તે રચનારનેજ જડે.

સાહેબ—તમેજ અર્થ કરો જોઇએ.

ખેંગાર—એનો અર્થ એમ છે કે, "સૂ" અક્ષર કરીને પછી "તાર" કર. એટલે "સૂતાર" ની વિનતિ કરતાં, સૂતાર ઘર કરી આપે. અને પ્રથમ "સૂ" અક્ષર કરતાં ખડ પણ, એટલે "સૂખડમાં" ખરેખરી ખસખોઇ આવે છે, અને સૂ અક્ષર કરીને "ખ" લખાય એટલે "સુખ" મળવા સારૂ માણસ ઇશ્વરમાં મન થાપે છે. અને " સૂ " અક્ષર કરીને " ડી " કર, એટલે "સૂડી" સોપારીનાં ફળ કાપે છે.

એવી ચર્ચા ચાલે છે એવામાં એક ઠાકોરે ખેંગારની કલમ સુંદર હતી, તે જોવા સારૂ હાથમાં લીધી. અને તે લેખણુથી કેવા અક્ષર નીકળે છે, તે જોવાની મરજી થઇ તેથી કોરા કાગળમાં આ નીચે પ્રમાણે અક્ષરો લખ્યા. " હરાડ હોરીઓ હડી પૈસા ભાર ધુપેલ લઇને, માથાં હોળતી હતી. ત્યાં એક હોરે પોપટ ઉડાડી મુકયો. તે હોરીઓ ગોધાની તથા જુનાગડની હતીઓ. "

અક્ષર તો સારા નીકળ્યા. તે જોઇને ઠાકોરે કવિ ખેંગારને પુછ્યું, કે આ કલમ તમારી છે ?

ખેંગાર—(અક્ષર જોઇને) આ મારી કલમ ન હોય.

ઠાકોર—આ બધો લખવાનો સામાન તમારો છે, અને કલમ તમારી નથી એવું કેમ કહો છો ?

ખેંગાર— કવિત.

વહોરાને હોરા લખે, અઢીને તો હઢી લખે,
લાખ વસા લખે, વળી હરાડ અઢારને;
કાંશકીએ કેશતણી ઓળો પાડે અબળા તે,
ઓળવું ન લખે, લખે હોળવું હકારને;
ઉડ ધાતુ ઉપરથી ઉડાડવું લખવું, ત્યાં,
ઉરાડવું લખે તજી ધાતુના આધારને;
કહે દલપત મારી કલમ ન કહું તેને,
જીભ પણ પારકી જો લે એવા ઉચ્ચારને. ૧૬૩

દોહરો.

ઘોઘાના ગોઘા બને, ગડનો ઘડ થઇ જાય;
તો તેને મુજ કરતણી, કલમ કેમ કહેવાય ? ૧૬૪

સાહેબ—હરેક વસ્તુ કે માણસ મોંઘું અને સોંઘું શાથી થાય ?

ખેંગાર— કવિત.

હોય ઘણા હાથી, ત્યાં તો હાથી પશુ સાથી જેવા,
હોય થોડા હાથી, ત્યાં હાથી સેનાનું નાક છે;
થોડાં જ્યાં અંજીર, ત્ય વજીર કે અમીર ખાય,
ઘણાં જ્યાં અંજીર ત્યાં સૌને મન શાક છે;
મળે ન મકાઇ, ત્યાં મકાઇનો મેવો મનાય,
મળે જ્યાં મકાઇ ત્યાં તો રાંકનો ખોરાક છે;
કહે દલપતરામ જેની જ્યાં અછત અતિ,
ત્યાં તે મૂલ પામે, ને ન પામે જ્યાં ત્રણાક છે. ૧૬૫

સાહેબ—સજ્જનની શિખામણ કેટલાએકના અંતરમાં ઉતરતી નથી, તેનું કારણ શું ?

ખેંગાર—જેમ કોઇ સરદારની છબી પોટોગ્રાફ યંત્રથી કાચ ઉપર પાડે છે તેનાં બરાબર સાધનો જોઇએ. તેમજ સજ્જનના અંતઃકરણની છબી સામાના અંતઃકરણમાં પાડવાને તેવાં સાધનો જોઇએ. કહ્યું છે કેઃ—

કવિત.

કાચ જેવું સાફ કરી કાળજું કપટ કાઢી,
ચાંદીજળ જેવો વિશ્વાસ તેને ચોપડે;
સુવિચાર સુમતિ રૂપી બીજા રસે રસાવી,
વૃત્તિ રૂપી યંત્ર સ્થિર વચ્ચે રાખવો પડે;

[1]. ક્રોધી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રભુ–કૃપારૂપી રવિકિરણ સહાય હોય,
પ્રગટ પ્રબોધતણું પ્રતિબિંબ તો પડે;
પડે નહિ શુદ્ધ પ્રતિબિંબ દલપત કહે,
એમાં કશો અ તરાય અન્ય આવી જો પડે. ૧૬૬

સાહેબ—ઇશ્વરની માયા કેવી છે, તે વિષે ક કવિત કહો.

ખેંગાર— કવિત.

અજ્ઞાનના પટ ઓઢે કૃત્ય કરનાર રહ્યો,
કાન ન કળી શકે કે કેવી એની કાયા છે:
ભાત ભાત ચિત્ર તણો ભાળીએ ભલો આભાસ,
છેક ન કહી શકાય એ તે કેની છાયા છે,
ક્યાંથી આવ્યાં, ક્યાં ગયાં, ને દૃષ્ટિએ દેખાયાં તે શું ?
મોટા મોટા મતિમંત દેખીને મુઝાયા છે;
કહે દલપત જેવી જાદુતણી [1]ફાનસની,
છબીઓની છાયા એવી ઇશ્વરની માયા છે. ૧૬૭

ઉત્તમરામ—એક સમસ્યાનું કવિત છે, તેનો અર્થ હું ધારૂં છું કે ખેંગાર કવિ કરી શકશે:

ખેંગાર—તે કવિત બોલો. જો સમજાશે તો હું ઉત્તર કરીશ.

ઉત્તમરામ— કવિત.

પીછાંવાળો છે તથાપિ મોર કે [2]મરાળ નથી,
પંખો રાખે છે તથાપિ પક્ષી ન પ્રમાણીએ;
કંઠે ગળીયલ રંગ કહો નહિ નીલકંઠ,
સંચો પાડ્યો શીર, માટે શેવડો[3] ન જાણીએ;
ધનનો ભંડારી, પણ ભંડારી કુબેર નહિ,
છે ચતુરકર[4] પણ વિષ્ણુ ન વખાણીએ;
પાળે છે સરસ્વતીને પણ નહિ [5]પિતામહ,
કહે દલપત એ તે કોણ ઉર આણીએ. ૧૬૮

ખેંગાર— દોહરો.

પત્ર લખે પીંછા વડે, છે ત્રિજોરિપાત છાપ;
ચતુર કરે જન ચાહીને, એતો ફાર્બસ આપ. ૧૬૯

એવામાં એક મરતાનો ભિખારી આવીને ભીખ માગવા લાગ્યો. તેને કેટલાએકે કહ્યું કે, જા ગામમાં જઈને કણીક કે લોટ માગી ખા.

ખેંગાર— કવિત.

ભક્ષ માટે ભક્ત બની ખાવી હોય ભીખ માગી,
મોટી મોટી માળાઓ ને કંઠી ઘાલ કોટમાં;
ઉદ્યમ કરી અનાજ પામવાની ઇચ્છા હોય,
મારગ લે મુંબઇનો ચાલ ચકીચોટમાં,
જાવા ભણી જાવા માટે, પાસે પૂંજી ખાવા હોય,
વેષ લે વિદેશીનો ને બેશ આગબોટમાં;
કશુંએ ન સુજે તો તું કહે દલપતરામ,
કાંતો માગ કણીક, કે લક્ષ રાખ્ય લોટમાં. ૧૭૦

એક ઠાકોર—વારુ, ગાય કે ભેંશ રાખવી તે ઠીક, કે ઘોડું ઠીક ?

ખેંગાર—એક ધણી ધણીઆણીને એ વિષે વાત ચીત થઇ હતી, તેનો એક સવૈયો છે. તેનાં પહેલાં બે પદ ધણીએ કહ્યાં છે, અને બીજાં બે પદ ધણીઆણીએ કહેલાં છે.

ઠાકોર—બોલો જોઇએ.

ખેંગાર— સવૈયો.

ગાય ભલી,ભલિ ભેંશ વિશેષ,[1]તુરંગમજંગમજાતવખોડું,
દૂધ, દહીં, ઘૃત દેન–કદી, બિન કામ રહે કરી કારજ થોડું;
પ્યારિ કહેપિયુ, પવ તણે દિન, જો કદી જુદું પડેલ સજોડું,
ટાળિ વિજોગ,સંજોગ કરે,ધરમાંધરનાથવસાવવુંઘોડું,૧૭૧

સાહેબ—મનનો સ્વભાવ કેવો છે, તે વિષે એક કવિત બોલો.

ખેંગાર— કવિત.

મન રૂપી ઘોડો, જેનો વેગ નથી થોડો, જેનો—
જડે નહિ જોડો, એવો દોડ્યો જાય દૂર તે;
ગણે નહિ ટાઢ તાપ, ગણે નહિ પુણ્ય પાપ,
ગણે ન અમાપ પ્રૌઢ, પાણી તણું પુર તે;
ઉડીને આકાશ જાય, કુદીને કૈલાશ જાય,
પાતાળની પાસ જાય, જલદી જરૂર તે;
કહે દલપતરામ, શી રીતે લવાય હામ,
જો કદાપિ કરે આમ ફાવતું ફીતૂર તે. ૧૭૨

રળિયો—આવી કવિતા સાંભળીને આ સભાના લોકો રાજી થાય છે, પણ મને તો કંટાળો ઉપજે છે. અને વળી આનું નામ તે કવિતા કહેવાય કે ?

---

૧. મેજીકલેંટર્નની. ૨. હંસ. ૩. ગોરજી.
૪. ચાર હાથવાળો અથવા બીજાને ચતુર કરનારો.
૫. બ્રહ્મા.

૧. ઘોડું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્તમરામ— કવિત.

જળદનું જળ જોઇ જવાસો પ્રજળી જાય,
ભાનુનો આભાસ ભાળી ઘુડ ગભરાય છે;
સિંહનાં સંતાન દેખી હરણ્યું હબક ખાય,
[1]તાર્ક્ષ્યનો પ્રતાપ પેખી સાપ સંકોચાય છે;
ચઢેલો [2]ચકોર-મિત્ર દેખી દલપત કહે,
ચોરને ખચીત ચિત્ત ચટપટી થાય છે;
સોકયનાં સંતાન દેખી સોકયનું સુકાય તન,
સુકવિની કવિતાથી કુકવિ સુકાય છે. ૧૭૩

ખેંગાર—(એક કાગડાને જોઇને) પેલો કાગડો કોયલને ચાંચો મારે છે, તે વિષે કહો તો એક કવિત કહું.

સાહેબ—બોલો જોઇએ.

ખેંગાર— કવિત.

કહું તને સુણ્ય કાગ, રૂડો નથી તારો રાગ,
કોયલનો કશો વાંક કાઢીએ તે કારણે;
કોયલ સાથે કંકાસ મિથ્યા તું શામાટે કરે,
બકવાથી તને કોઇ બાંધશે–ન બારણે;
સુજનારે સજ્યો સ્વર, તથા તું સંતોષ પામે,
વૈર કર્યે તારો વાંક થશે-ન નિવારણે;
દાખે દલપતરામ, માન નહિ મળે આમ,
માર મનમાંની રીસ, ધાર મન ધારણે. ૧૭૪

સાહેબ—ખેંગાર ગઢવી, હાલ તમારા ગામમાં કોઇ તમારી પાસેથી કવિતા વિદ્યા શીખે છે કે ?

ખેંગાર—હા સાહેબ, કેટલાએક શીખે છે ખરા. પણ એક રવિદાસ નામે ચારણ છે તે મારૂં નામ રાખે એવો જણાય છે, કેમકે તે ઘણો હુંશીઆર કવિ થશે.

ખેંગાર કવિનાં કાવ્ય સાંભળીને એક ઠાકોર ઘણોજ ખુશી થયો, અને બોલ્યો કે કવિરાજ હું તમને એક સારી ઘોડી બક્ષિશ આપીશ. એમ કહીને પોતાના કારભારીને હુકમ કર્યો, અને તેજ વખતે પોતાને ઉતારેથી ઘોડી મંગાવીને કવિને કહ્યું કે આ ઘોડી તમે લ્યો. કારભારીએ કંજુસાઇથી ઘરડી ઘોડી મંગાવી આપી હતી. પછી ખેંગાર કવિયે ઘોડી પાસે જઇને તેના મોં આગળ કાન ધર્યો એટલે ઠાકોરે કહ્યું કે કેમ છે ગઢવી ?

ખેંગાર—સાહેબ, ઘોડી મારા કાનમાં કાંઇ વાત કહે છે.

ઠાકોર—શી વાત કહે છે ?

ગઢવી—મનહર છંદ—ભાવિકાલંકાર.

ઘોડી કહે છે જે મને ઘણા ઘણા જુગ થયા,
કૈરવ ને પાંડવ તો કાલે થઇ ગયા છે;
રાવણ ને રામના સંગ્રામમાં હું સાથે હતી,
રઘુ રાજા મારી આંખ આગળજ થયા છે;
સાગર વલોવ્યો તે તો સાંભરે છે સર્વે મને,
દેવ તથા દૈત તો નજરે તરી રહ્યા છે;
જોડાવીને લાવ ગાડી, બેશી બંને જણા જઇયે,
પ્રતિદિન પાળજે જો દિલમાંહી દયા છે. ૧૭૫

પછી ઠાકોર કારભારી ઉપર બહુ ગુસ્સે થયો અને પોતાને ચઢવાની ભારે ઘોડી હતી તે ગઢવીને બક્ષિશ આપી.

અંક ૧૨ મો.

એક કવિ નીચે લખેલો સવૈયો બોલે છે.

સવૈયો.

પાક [1]અથાક પિનાકપતી[2] સમ,
વાકપતિ[3] સમ વાક-વિલાસી;
ધારણ ધીર સંસાર સુધારણ,
કીર્તિ વધારણ કષ્ટ વિનાશી;
જૉન[4] તણા સુત જુક્તિ સુજાણ,
કૃપાણ[5] ને બાણ-કળા બળિયાસી;
ક્ષત્રિ તણો સુત તુંજ ખરેખર,
વાહરે વાહ વિલાયતવાસી. ૧૭૬

સાહેબ—(પોતાના કવિને) આ કોણ છે ?

દલ૦—એ ભાવનગરના રાજા વિજયસિંહજીના કવિ હમીર રાવળ છે. એણે તે રાજાનો ગ્રંથ "દસરા બનાવ" નામે રચેલો છે, તેથી રાજાએ તેને પુત્ર પૌત્રાદિક વંશપરંપરા ભોગવવાને જાગીર બક્ષિસ આપેલી છે. તે મોજે લાખેણીમાં રહે છે.

૧. ગરૂડ. ૨. ચંદ્ર.

૧. પવિત્ર. ૨. શિવ. ૩. બૃહસ્પતિ.
૪. જાન ફાબસનો પુત્ર કિન્લાક ફાર્બસ.
૫. તરવાર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ કવિ આપણને ધોધામાં મળ્યો હતો અને આપે પ્રસન્ન થઇને તેને પાઘડી અને શેલાં વગેરેનો સરપાવ આપ્યો હતો તે.

સાહેબ—હા હા, ખરા ખરા. એ તો સારા કવિ છે. એમણે બનાવેલો દસરા બનાવ ગ્રંથ આપણે લખાવી લીધો છે, તે આપણી પાસે છે. કવિરાજ, વક્રોક્તિ અલંકારનું એક કવિત બોલો જોઇએ.

હમીર—જ્યારે સીતાને લઇ જઇને રાવણે બાગમાં રાખી હતી, અને તેની પાસે રાક્ષસણીઓને મૂકી હતી, તેવામાં એક સમયે સીતાએ પોતાના સ્વામીને સંભારીને કવિતનું એક ચરણ કહ્યું, એટલે રાક્ષસણીએ વક્રોક્તિમાં બીજું ચરણ કહ્યું. વળી ત્રીજું ચરણ સીતાએ કહ્યું એટલે રાક્ષસણીએ ચોથું ચરણ કહ્યું. તે નીચે પ્રમાણેઃ—

કવિત—વક્રોકિત.

અરે દશરથ લાલ મળશે ક્યાં મને હવે,
તજ વિના મારૂં મુખ ઉદાસી અપાર છે;
એક લાલરથ બસ દસરથ શું કરીશ,
તજ સાટે મરી આવે તેમાં ગુણ સાર છે;
તારા વિના અતિ મારા તનમાં ઉતાપ થાય,
ઓ રસિયા આવ હવે કેટલીક વાર છે;
તારા ઘણા રાત્રિએ દેખાશે ન ફિકર કર,
આરસિયો શું કરીશ ચંદન તૈયાર છે.　　૧૭૭

બાવો—અરે આવી શી ખાલી માથાકુટ કરવી. ખટઊર્મિ જિતીને ખટશાસ્ત્ર તથા છ ભાષાઓ શીખીને પોતાનું ખટકર્મ કરવું તેજ ઠીક છે.

હમીર—તમે તે બધું શીખ્યા હશો, પણ હજી તમે ખટકામાં ને ખટકામાં છો.

સવૈયો.

ખટકર્મતણા ખટ-મર્મ શીખ્યો,
ખટ વાણિ વિચાર ધર્યો ખટવામાં;
ખટ સ્વાદ તજી ખટ અંગ ભણ્યો,
ખટ રીતુ વિષે ન વસ્યો ખટલામાં;
ખટ ઊર્મિ જિતી ખટ ચક્ર દીઠાં,
ખટ રાગ શીખ્યો ન સુતો [1]ખટવામાં;
ખટ શાસ્ત્ર પઢ્યો દલપત કહે,
ખટપટ મટી ન રહ્યો ખટકામાં.　　૧૭૮

બાવો—કોઇ રાજાએ સારો કવિ નરાખ્યો હોય અને સાધારણ કાવ રાખ્યો હોય તો શું તેનું કામ નભે નહિ ?

હમીર—શા વાસ્તે ન નભે? કોઇ દેવ ચંદન, કંકુ, કેસર, કે સિંદુર લેપન કરે છે અને શિવજી રાખ ચોળીને નિભાવે છે. કહ્યું છે કેઃ—

દોહરો.

ચંદન ચરચે અંગમાં, સકળ દેવનો સાથ;
નિત્ય નભાવી લે, જુઓ ભસ્મે ભોળાનાથ.　૧૭૯

બાવો—કવિ લોકો ગપ બહુ ચલાવે.

હમીર—ગમારને મન ગપ લાગે પણ સમજુને મન સાચું લાગે.

સાહેબ—તેનો દાખલો બતાવો જોઇએ.

હમીર—　દોહરો.

કવિ જૂઠું કદિ નવ કહે, જુઠા જેવું જણાય;
ગુંઝા માંહિ પડ્યું પડ્યું, વળી અંગરખું વણાય. ૧૮૦

સાહેબ—ગુંઝામાં પડ્યું પડ્યું અંગરખું શી રીતે વણાય ?

હમીર—"ગુહ્ય" એ શબ્દનો અપભ્રંશ ગુંઝું છે અને "ગુહ્ય" ઉપસ્થ ઇંદ્રિયનું નામ પણ છે, માટે ઉપલા દોહરાની મતલબ એ છે કે સ્ત્રીના પેટમાં બાળકના શરીર ઉપરની ઓર (**અંગરક્ષક**) વણાય છે એટલે તૈયાર થાય છે.

હમીર—　દોહરો.

સરિતાઓ સાગર મળી, વેંત સાત વિસ્તાર;
સમજે તે સાચું ગણે, ગપ સમ ગણે ગમાર. ૧૮૧

સાહેબ—બધી નદીઓ અને સમુદ્ર સાત વેંતમાં શી રીતે સમાય ?

હમીર—છેક નાના બાળકથી તે ઊંચામાં ઊંચા માણસ સુધીનાં શરીર પોતપોતાની સાત વેંતનાં હોય છે. તેમ બ્રહ્માંડને પુરૂષ કલ્પીને તેનું નામ વૈરાટ પુરૂષ પાડેલું છે, માટે તેનું શરીર તેની સાત વેંતોનું છે, અને તેમાં બધી નદીઓ ને સમુદ્રો છે.

[1] ખટવામાં—ખાટલામાં.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

હમીર— દોહરો.

બાર માંહિથી ત્રીસ ગત, બાકી રહ્યા અગ્યાર;
સમજે તે સાચું ગણે, ગપ સમ ગણે ગમાર. ૧૮૨

સાહેબ—બારમાંથી ત્રીસ જાય તો બાકી અગિઆર શી રીતે રહે?

હમીર—બાર મહીનામાંથી ત્રીસ દહાડા જાય, તો બાકી અગિઆર મહીના રહે.

દોહરો.

શણગારે સોની ઘડયો, એ આશ્ચર્ય અપાર;
સમજે તે સાચું ગણે, ગપ સમ ગણે ગમાર. ૧૮૩

સાહેબ—શણગારને સોની ઘડે પણ સોનીને શણગાર શી રીતે ઘડે?

હમીર—આ જગતનો શણગાર માણસ જાતિ છે. તે માણસો જગતકર્ત્તાની મૂર્તિ બનાવીને પૂજે છે.

દોહરો.

એક સતી વરસાતને, ઇચ્છતી હતી એક વાર;
સમજે તે સાચું ગણે, ગપ સમ ગણે ગમાર. ૧૮૪

બાવો—એક વારે સાત વરને ઇચ્છે, તે સતી કેમ કહેવાય?

હમીર—વરસાતને એટલે મેહને ચહાતી હતી.

દોહરો.

એક પુરૂષ ઊંચો ચડી, મુખ વિણુ કરે ઉચાર;
સમજે તે સાચું ગણે, ગપ સમ ગણે ગમાર. ૧૮૫

બાવો—ઊંચો ચડી મુખ વિના ઉચ્ચાર શી રીતે કરે?

હમીર—વરસાતને મુખ નથી, પણ ઊંચો ચડીને ગર્જના કરે છે તે.

દોહરો.

જનિતાને પુત્રે જણી, ચાતુર કરો વિચાર;
સમજે તે સાચું ગણે, ગપ સમ ગણે ગમાર. ૧૮૬

બાવો—દીકરે માને શી રીતે જણી?

હમીર—આંબલીનો દીકરો આંમલિયો (કચુકો) તે આંબલીના ઝાડને જણે છે.

દોહરો.

નર ઝુઝે નારી મરે, જુએ શોર્ખો સરદાર;
સમજે તે સાચું ગણે, ગપ સમ ગણે ગમાર. ૧૮૭

બાવો—ઝુઝે એટલે લડાઇમાં અથડાઅથડી તો મરદો કરે અને તેની મહેનતના બદલામાં મરે તો આઓ એવી વાત કેમ મનાય?

હમીર—પાસા ઝુઝે, અને મરે સોગઠીઓ તે.

એવામાં તે બાગમાં લાલ માળી અને લાલુ માળણ કેળો ઉપરથી કેળાં પાડતાં હતાં. કેટલાંએક લીલા રંગનાં, અને કેટલાંએક રાતા રંગનાં હતાં.

તે માળીના હાથ નીચે એક ચાકર ને ચાકરડી હતાં, તે બન્ને જણાને પગે થોડી થોડી ખોડ હતી. તેઓ પણ એજ કામ કરતાં હતાં, અને બધાં કેળાં એકઠાં કરતાં હતાં. તે બધાંને જોઇને દરબારના એક મહેતાએ કહ્યું કેઃ—

ઓ લાલુ તમે બે જણીઓ લીલાં લીલાં લો, અને લાલ રાતાં રાતાં લે, એમ કરો.

સાહેબ—આ મહેતે જે શબ્દો કહ્યા, તેમાં કંઇ મનોરંજક ચમત્કાર નથી તોપણ એજ મતલબનાં વાક્યો કવિની કલમથી લખાય તો તેમાં કંઇ ચમત્કાર આવે કે?

હમીર—હા સાહેબ; જો કવિ ચમત્કાર લાવવા ચ્હાય તો એવી સહેજ વાતમાં પણ લાવે.

સાહેબ—એજ મતલબનો દોહરો રચીને કહો જોઈએ.

હમીર— દોહરો.

લાલૂ લે લીલાં લીંલાં, લાલ લાલ લે લાલ;
લીલાં લીલાં લૂલિ લે, લૂલા લૈલે લાલ. ૧૮૮

સભાસદો—શાબાશ, શાબાશ, (એમ સૌ બોલી ઉઠયા.)

સાહેબ—સ્ત્રીઓની કે પુરૂષોની સભા બેઠી હોય, તેઓમાંથી ખાનદાનનાં ફરજંદો અને હલકા માબાપનાં ફરજંદો શી રીતે વરતાય?

હમીર— કવિત.

હાસ્યરસ હોય ત્યારે મુખ મલકાવે, પણ
દાંત ન દેખાડે તે તો સુંદરી સજાતની;
મરદ જે મરજાદ મેલી બોલ બોલે નહિ,
એની તો ઓલાદ ખાનદાન ખરેખાતની;
નિર્લજ નઠારા બોલ બોલે જે હુંકારા કરી,
ટોળી ભીલ કોળીની, કે હોળીની હમાવની;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કથન કથેલ થકી કહે દલપતરામ,
જાણીએ જરૂર જાત તેનાં માત તાતની. ૧૮૯

એવામાં એક ઝાડની ડાળ ઉપરથી ગુંદર જેવા રસના છાંટા હમીર રાવળ ઉપર પડ્યા, એટલે બધા સભાસદોની નજર તે તરફ ગઈ.

સાહેબ—શું થયું એ ?

હમીર— ઉપેંદ્રવજ્રા વૃત્ત.

નિદેર્શી સુએ કવિને નિવાજે,સ્વદેશી સૌકો નહિ કેમ લાજે;
નજીવજાળાં નહિ મર્મ જાણે,સજીવસર્વે સ્વરશેસુદાણે.૧૯૦

સાહેબ—(એક ભાટને જોઈને) બારોટ તમે કેમ કાંઈ કવિતા બોલતા નથી.

બારોટ—અમે તો રાણીમગા છીએ.

હમીર— સવૈયો—પરિકરાલંકાર.

જ્યાં વિદ્વાન મહાન મહાન,કરે કવિયો ચરચા કવિતાની;
શોધક જ્યાં વળી સારતણા,સરદારવિરાજિત મધ્યસભાની;
પંડતપકવર્થીવાર્ણીપદાથ,અપકવર્થી ઠોકર ખાયજ છાની;
રાવમગાની રહે નાહ હીંમત,કેમથકે રહીરાણીમગાની.૧૯૧

બારોટ—ગમે તેવો મોટો રાજા હોય, પણ તેના હાથનું અમે દાન લેતા નથી. અમે તો રાણીઓનેજ રીઝવીએ, અને તેઓની પાસેથીજ સરપાવ લઈએ, એવો અમારા કુળનો ચાલ છે માટે આ સભામાં અમારે કાંઈ બોલવાનું નથી. અમારી વિદ્યા જોવી હોય તો, મડમ સાહેબની આગળ જઈને વાદવિવાદ આપણે સૌ કરીએ; પછી અમારૂં પરાક્રમ જોઈ લો.

રળિયો—આટલા બધા કવિઓમાંથી હજી મને કોઈ જીત્યો નથી, તો બીજાને શું જીતશે ?

હમીર—તમને કેવી રીતે જીતીએ ?

રળિયો—તમે ગમે તે બાબતનો અરધો સોરઠો બનાવો તે હું પૂરો કરી આપું, તો હું જીત્યો કહેવાઉં અને જો તે મતલબનો પૂરો કરી શકું નહિ તો તમે જીત્યા કહેવાઓ.

હમીર—હું જે મતલબનો અરધો સોરઠો બનાવી આપું, તેની મતલબ બરાબર સમજીને તમારે પૂરો કરવો.

રળિયો—હા, તેમજ કરીશ.

હમીર—જો મતલબ સમજ્યા વિના કરશો, ને પછીથી કહેશો કે પ્રથમ હું સમજ્યો ન હોતો માટે ફરીથી કરૂં તો તે વાત મંજુર થશે નહિ.

રળિયો—વારૂ તે વાત મારે કબુલ છે પણ આપણે શાની સરત કરવી ?

હમીર—જે હારે તેણે આ સભામાં મુગા બેશી રહેવું, સભાનું કામ ચાલે ત્યાં સુધી એક અક્ષરે પછી બોલવો નહિ.

રળિયો—ઠીક છે. તમે અરધો સોરઠો રચીને બોલો.

હમીર— સોરઠાર્ધ.

जेसा करने जाय, फल सेवे तेसा सदा;

રળિયો—ઓહો, એમાં તે શું કઠણ છે.

कहा कहांसे खाय, निब बोइके अंबफल.

હમીર—તમને ખબર નથી કે આ સભામાં પ્રથમથીજ ઠરાવ થયેલો છે કે સઉએ ગુજરાતી ભાષાનીજ કવિતા બોલવી.

રળિયો—ત્યારે તમે અરધો સોરઠો હિંદુસ્તાની ભાષામાં કેમ કહ્યો ?

હમીર—મેં હિંદુસ્તાનીમાં કહ્યોજ નથી, એ તો સોરઠો ગુજરાતના વૈદ એક "સા" સાહુકારને કહેલો છે. તે નીચે પ્રમાણે છેઃ-

સોરઠો.

જે સાકર ને "જાયફળ" સેવે તે સા સદા;
પંડે પુષ્ટ જણાય, રોગ રહે નહિ રગ વિષે. ૧૯૩

તે સાંભળીને સૌએ તાળીઓ પાડી ને કહ્યું કે રળિયો ગઢવી હાર્યો. પછી રળિયાને મુગા થઈને બેશી રહેવું પડ્યું.

સાહેબ—હમીર રાવળ, તમે કયાંઇ જતાં, જ્યોતિષ પ્રમાણે ચંદ્રમાનું ઘર અને આનંદયોગ વગેરે જુઓ છો કે નહિ ?

હમીર— કાવત.

સારૂં કામ સાધવાને થરાને શુકન કશાં ?
ચંદ, ને આનંદયોગ, ફંદ ફાવે ફોશીને;
ઘર ચલાવામાં ઘરધણી ઘણો ઘેલો હોય,
પળ પળ પ્રતિ જાય પૂછવા પાડોશીને;
કયારે ન્હાઊં, કયારે ખાઊં, કયારે સેજે સુઈ જાઊં,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કયારે જાઉં કચેરી કલમ કાને ખોશીને;
જાણે તે તો સદ્ય કામ સાધે દલપતરામ,
જાણે નહિ તે તો જઈ પુછે જાણા જોશીને. ૧૯૪

સાહેબ—ફક્ત બીજાઓની સહાયતાથીજ સર્વ કામ સિદ્ધ થાય કે નહિ ?

હમીર— સવૈયો.

કોઈથીં થાય સહાય નહીં, કદીં શક્તિ નહોય કશું કરવાની,
શસ્ત્ર સહાય કરે શૂરવીરનીં, ધીરજ હોય દિલે ધરવાની;
વાયુવડે દલપત્ત વદે, ગતિ નાવની નીર વિષે ફરવાની,
[1]વાયોં સહાય નથાય કશી, નહિ નાવની ત્રેવડ જોતરવારની.

આ જગતમાં સર્વને એક બીજાનો આધાર છે. કહ્યું છે કેઃ—

કવિત–અન્યોન્યાલંકાર.

પુરૂષને પ્રમદાનો, પ્રમદાને પુરૂષનો,
પ્રજાને રાજાનો, રાજાને પ્રજાનો પ્યાર છે;
જડ ને ચૈતન્યતણો, ચૈતન્ય તે જડતણો,
હેમતણો હીરો, હેમ હીરાનો શૃંગાર છે;
ગરીબને તવંગર, તવંગરને ગરીબ,
શિષ્યને શિક્ષક, શિક્ષકને શીખનાર છે;
નાવને નાવિક નર, નાવિકને નાવ નામ,
આમ દલપત અન્યોઅન્યનો આધાર છે. ૧૯૬

વળી કોઈ સમે એવું પણ બને કે જે જીવાડનાર હોય તેજ મારી નાખે.

કવિત.

પવનથી દીપક પ્રજળતો ઓલાઈ જાય,
પવન વિના પણ પલકમાં બુઝાય છે;
પાવકથી પ્રાણિયોના પંડ તો પ્રજળી જાય,
પાવકે પકાવેલાથી પોષણ પમાય છે;
જળમાં જો ડુબી જાય, જીવનું જોખમ થાય,
જળ વિના પળમાં જરૂર જીવ જાય છે;
દાખે દલપતરામ દેખો ભાઈ દુનિયામાં,
જેથી કદી જીવ જાય, તેથીજ જીવાય છે. ૧૯૭

સાહેબ—આ જગતની માયા કેવી છે ? તે વિષે એક કવિત કહો.

હમીર— કવિત.

જેમ કોઈ ભોળો ભાઈ ભૂતનો આભાસ ભાળે,
એવોજ આભાસ જુઠો જગતનો જોઈએ;
દેખાય છે ત્યાં સુધી દેખાશે, પછી દૂર થાશે,
ગયું તે જરૂર ફરી જોયું નથી કોઈએ;
સાંઝે સાંઝે ફુલે ને સવારે તો સુકાઈ જાય,
કયા કયા રોજનાં સંભારી ફુલ રોઈએ;
કહે દલપતરામ, કીજીએ સુકૃત કામ,
ખાલી ખોટો ખેદ કરી વખત ન ખોઈએ. ૧૯૮

સાહેબ—જગત જુઠું છે અને મરી જવું છે માટે શું કરી લેવું જોઈએ ? તે વિષે તમારા દેશના લોકો શું કહે છે ?

હમીર— સવૈયો.

જાણવું જેજગજૂઠ જવું મરીં, જોગસજે જનજોગીં કહેછે;
ભોગવીંલોસુખ ભોગભલા, ભવજાયવહ્યો, જનભોગી કહેછે;
કામ કરો શુભ, નામ રહે નિત્ય, આમમનુષ્ય ઉદ્યોગીં કહેછે;
દાન કરો દલપત્ત કહે, ધન દ્યો સુજને, જન ઢોંગીં કહેછે.

દોહરો.

જરૂર જૂઠું જગત છે, સત્ય હરિનો સ્નેહ;
ઉદ્યમ કરીં ઉપકાર કર, તત્વ નીતિ યુત તેહ. ૨૦૦

સાહેબ—સાબાશ. તમારા વિચાર સારા છે.

સાહેબ—(પોતાના કવિને) વારૂ તમારી જાતિમાં અને તમારી જ્ઞાતિમાં અસલ કોઈ કવિ થએલા કે ?

દલ— સવૈયો.

આદિમ[1] આદિકવિ કહીએ, રચી વેદઋચા રસરૂપ રૂપાળી;
પાછળ ગોત્ર પરાશરજે સુજધર્મ સ્મૃતિરચીંશાસ્ત્ર સંભાળી;
વ્યાસ થયો સુત તેહ તણો કવિ, પ્રૌઢ પુરાણ વદી હદવાળી;
તે પછી તો દલપત્ત કહે, કવિ માગ્રથયો ભીંમમાળ શ્રીમાળી.

સાહેબ—ભગવાન બારોટ, તમારી નાતમાં કોઈ છોકરા, સારા કવિ થાય એવો અભ્યાસ કરે છે કે નહિ ?

ભગવાન—હા સાહેબ, વિજાપુરમાં ગિરધરભાઈ, નામે એક છોકરો છે તે સારો કવિ થશે, અને તે એવી ઉમેદ રાખે છે કે એક નવો ગ્રંથ રચીને મા-

[1] વાયુથી.

[1] બ્રહ્મા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લપુર તાલુકાના રાવળજીને રંજન કરીને તેમની પાસેથી કંઇ જાગીર બક્ષિસ મેળવવી.

સાહેબ—ઘણું સારૂં.

પછી સાહેબે સર્વેને યથાયોગ્ય શાલજોડા, પાઘડીઓ અને શેલાં વગેરેના સરપાવ આપીને વિદાય કર્યા.

ગ્રંથ સમાપ્તિ વિષે કવિત.

એક સો ને ૭ કવિત, સવૈયાં છે સાડત્રીસ,
દોહરા તો ત્રીસ, શ્લોક[1] બાવીસ પ્રકાશ છે;
સોરઠા છે પાંચ, છપ્પો એક, એક ઝૂલણો છે;
બધા મળી બસેં અને બે છંદનો વાસ છે;
નીતિતણી રીતિ, તથા પ્રીતિ પરિપક્વ પર,
તર્ક ને વિતર્ક મત માનતી મિઠાશ છે;
કહે દલપતરામ, કવિતાના કોડીલાને,
ફાવે એવો ગ્રંથ શુભ ફાર્બસ વિલાસ છે. ૨૦૨

દોહરો.

માપ શીખિએ છંદનાં, પઢતાં પીંગળ ગ્રંથ;
પણ આવા ગ્રંથો થકી, સુજે કાવ્યનો પંથ. ૨૦૩

ફાર્બસ વિરહ.

મિત્રની દીલગીરી—મનહર છંદ.

શાણા સુબા ફારબસે સ્વર્ગમાં કર્યો નિવાસ[2],
તેનો શોક તજી શાયકી સંતોષ વાળવો;
કવિતા જહાજનો તે ભાગી પડયો કુવાથંભ,
ખરેખરો ખેદ તે તો કેમ કરી ટાળવો:
પંડિતોના પારેખની પ્રાઢ પેઢી ભાગી પડી,
હવે કહો વ્યવહાર શી રીતે સંભાળવો;
દાખે દલપતરામ પાસરનો પાળનાર,
મુંબઇમાં હતો તે લુંટાઇ ગયો માળવો.

ઇંદ્રવિજય છંદ.

તે મુજ મિત્ર ગયો તદનંતર, અંતર દુઃખ નિરંતર આવે;
જાતું રહ્યું સુખ તો શતજોજન,ભોજન ભાવભલેનવભાવે;
તેનોં બીજ તરે નજરે, કદિ એક કલાક ન છેકશુપાવે;
કષ્ટ કથા દલપત કહે, કહું કોણ કને દુઃખ કોણ કપાવે. ૧
તર્ક વિતર્ક કવિત્વતણો,કવિનાદિલમાંહિ શિથિલ દેખાણો;
દેશતણીદરશાઇદશાકુરિ,જ્યાંતહાંલક્ષ્મીવિનાશ[1] જણાણો;
શુદ્ધ કરી બુદ્ધિમાનજનોની,ભલાજનનો પણજીવબ્રમાણો.
દેખિ એવું દલપત કહે, નરફાર્બસ સ્વર્ગ ગયોમનજાણ્યો.૩

દોહરો.

નિધન લોકો નિરખિયે, સદન સદન બહુ શોક;
સાહેબ ફાર્બસ સાથ ગઇ, લક્ષ્મી પણ પરલોક. ૪

મનહર છંદ.

સંધ્યા સમે વસુધા[2] ને વ્યોમતણા[3] સાંધાવિષે,
અવલોકયો રાતો આભ ચઢીને અગાશિયે;
જાણે કે કિન્લાક સુબો જગત તજી જવાથી,
ભૂમિએ ભગવો ભેખ ઓઢયો છે ઉદાસયે;
સૂર્ય શશિ સામસામા પશ્ચિમ પૂરવ પાસે,
તેના ઉપમા તો તેવા તર્કથી તપાસિયે;
જોગણી બની જરૂર જાણે દલપતરામ,
કાંધે ધરી કાવડ ધરણી ધાઇ કાશીયે. ૫

વાલાના વિજોગવાળી વેદનાની વિગત તો,
જે જને જાણેલી હોય તેજ જન જાણશે;
પ્રસવની પીડા અપ્રસુતા તો પીછાણે નહિ,
પ્રસવની પીડા તો પ્રસુતાજ પીછાણશે;
ઘાયેલના ઘટતણી ઘાયેલ ઘણીક જાણે,
અવર તો એ વિષે અંદેશો ઉર આણશે;
દાદુરનું દુઃખ દેખી દાખે દલપતરામ,
હાડિયો તો હશી ખેલી ખેલ તે વખાણશે. ૬

ઇંદ્રવિજય છંદ.

ગામ ગરાસ ધરાધન ધામનોં, ખોટનું દુઃખખરૂંપણખોટું;
સંતતિહીન કુટુંબ કુસંપનું, છાતિતણું દુઃખતેપણછોટું;
કોડરિપૂતણું કોણ ગણે,કદીયોગણુંઆવીં ચઢ્યુંદુઃખચોટયું;
મેં મનમાં અનુમાનકર્યું, દુખમિત્રવિજોગનુંસર્વથીમોટું.૭

દોહરો.

પૂછો ચાહિ ચકોરને, પૂછો જળચર કાય;
કાંતો પૂછો કમળને, સ્નેહિ ગયે શું થાય? ૮

---

૧ आर्या, गीति, स्रग्धरा, वसंततिलका, शार्दूलविक्रीडित, शिखरिणी आदिक.

૨ તા. ૩૧ મી. આગસ્ટ સને ૧૮૬૫ પુનામાં દેહ મુકયો.

૧ શેરસટ્ટાથી. ૨ પૃથ્વી. ૩ આકાશ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૂર્વાનુરાગ સ્મરણ.

મનહર છંદ.

કાવ્ય અલંકાર તણા ગ્રંથનો અભ્યાસ કરી,
જીવ જોડી રાખ્યો તો મેં કવિતાની જકમાં;
શોધતો હતો હું કોઇ શાણો સરદાર નર,
ખોળતો હતો હું મહાનાથને મુલકમાં;
કોઇ દીલદાર ને ઉદાર દરબારમાં હું,
રહેવાનો રૂચિ અતિ રાખતો ઇશકમાં;
દીલમાં વિચારતો હું હતો દલપત કહે,
ફારબસ તણું તેડું આવ્યું તેવી તકમાં. ૯

ખાનપરે[1] દ્વારે જ્યારે નદીને કિનારે સારે,
મેળો થયો મારે ચાંદા સુરજના મેળમાં;
ઇસ્વીસો અઢારે અડતાળીસની સાલ ત્યારે,
પ્યાર કીધો પ્યારે પરિપૂરણ પેહેલમાં;
પાસે રહ્યે પાંચ ગણો દૂર રહ્યે દશ ગણો,
થયો ઘણો ઘણો સ્નેહ સરસ સહેલમાં;
જેવો સ્નેહ કીધો તેવો અંત સુધી રાખી લીધો,
ફેરફાર નહિ કીધો મુખ કથન કહેલમાં. ૧૦

સોરઠા.

વચને પ્રીત વિવેક, એવા મિત્ર અનેક છે;
છાતીરંજન છેક, એકજ જડે અનેકમાં. ૧૧

સર્વ વચન સચવાય, ત્યાં સુધી પ્રીતિ ટકે;
ચૂક પડ્યે ચુંથાય, કાચી પ્રીતની રીત તે. ૧૨

મનહર છંદ.

લાડનો લડાવનાર દોસ્ત દીલદાર ગયો,
કોણ હવે મને લાડ કોડથી લડાવશે;
સુખ દુખવારનો પોકાર શુણનાર ગયો,
કોણ હવે સુખ કરી શોકને શમાવશે;
હિમતદાતાર હિમાયતુ હિતકારી ગયો,
કોણ હવે હૈયે મને હિંમત ધરાવશે;
કહે દલપતરામ સાહેબ કિન્લાક વિના,
કોણ માઇડીઅર કહી મને બોલાવશે. ૧૩

વિચારી વિચારીને વિસરી દૈયે વાત પણ,
વિસરતી નથી શું વિસારતાં વિસારીએ;
ધારી ધારી જોઇ ધારો[2] ધારીએ ધીરજ પણ,
ધારતાં ધરાતી નથી ધીરજ શું ધારીએ;
ઠરવાનું ઠામ ગયું માટે કોઇ ઠામે મન,
ઠરતું નથી કીએ ઠેકાણે ઠરી ઠારીએ;
દોસ્તદાર ફારબસ વિના દલપત કહે,
કાળજાનું કષ્ટ કેની આગળ ઉચારીએ. ૧૪

મિત્રપ્રતિ પ્રીતિવાકય.

સાદરાથી સ્વારીમાં સિધાવતા જ્યાં સાથે સાથે,
આવજો પછીથી એવું ભાવે મુખ ભાખતા;
આગળ સિધાવી આપ કરીને મુકામ સારે,
મારે કાજે સરસ મુકામ શોધી રાખતા;
પરલોક પંથે પણ પ્રથમથી પોતે ગયો,
એ પણ ગયો હશે શું એવું અભિલાખતો;
કહે દલપતરામ શોધીને સારો મુકામ,
રાખજે સંભારીને રખે વિસારી નાખતો. ૧૫

એક [1]વર્ષ અંતરે છે આપણો જનમ પણ,
હું તને પીછાણુતો નહીં કશી પીછાણુથી;
નામ મારૂં સાંભળી મુકામ મોકલી મનુષ્ય,
વાલા તેં મને તેડાવી લીધો વઢવાણુથી;
દેખાડી અપાર પ્યાર પંદરથી દૈ પગાર,
પાસે રાખ્યો પોતે મને પ્યારો ગણ્યો પ્રાણુથી;
કહે દલપત સર્વ લાયકથી લાયક તું,
લાયકી તારી લખી શકાય ન લખાણુથી. ૧૬

ઇંદ્રવિજય છંદ.

જન્મજુદીજમિમાંધરીનેપણ, તુંમુજજન્મભૂતર્ફ તણાયો,
એકથયુંમળીનેમનઆપણું,જીવમળી વળી એક જણાયો;
પંડજુદાપડવોનગમ્યો પ્રિય, અંતસમે ગુણએજ ગણાયો;
દેહ રહે એક દેશ વિષે ગણીં, તું મુજ દેશ વિદેષફ્ણાયો.૧૭
તેં મુજને તનનેમન મેળવા,લાડ અધીકર્યાં ખૂબલડાવ્યો;
હેત ધરી મુજ હાથ ગ્રહી, નિજઆરઠ ઉપરચાહીં ચઢાવ્યો;
ફેરવીયો પુરમાં પુર બાહાર, જાહેર જીરશું જીવજડાવ્યો;
આગળથી સુખઆપીંઅપૂરવ,રેપ્રિયપાછળકેમરડાવ્યો.૧૮
સાકરથી તનશાંતિથતીનથીં, શાંતિકરીનશકેજનિશાકર;[2]
પા કરં ઝાલીં પીંતિ રસ પ્રીતમ,કષ્ટ વિલોકીં કૃપાળુકૃપાકર;
ના કરતો કદીં તું મુજને દુખ, રે કરૂણા રસના રતનાકર;
ધા કરવો નજરે ઘટભીતર, ઓ પ્રિયફાર્બસનેહ નિધાકર.૧૯

મનહર છંદ.

ઉતરે નહિ ઉતારી તારી માયા મોહકારી,
કારીગરી તેની ન્યારી નારી અને નરથી;

---

૧ અમદાવાદમાં. ૨ સૃષ્ટિનો નિયમ.

૧ સને ૧૯૨૦ના જાન્યુઆરીની તા. ૨૪ ક.દ.ડા.નો ને સન ૧૮૨૧ ના જુલાઇ માસની તારીખ ૭ મીએ ફાર્બસ સાહેબનો જન્મ લંડનમાં થયો હતો. ૨ ચંદ્ર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિસરે નહિ વિસારી, સારી સંભવે સંસારી,
ભારી છળભેદ ધારી, ધારીએ શું ધરથી;
પ્રથમ પમાડી પ્રીત, પ્રીતમ પ્રિયા સહિત,
હિત મટ્યું વિપરીત, રીતની અસરથી;
વાલીડા કિન્લાક વીર, વિરહે કીધા અધીર;
ધીરજનું છૂટ નીર, નિરખી નજરથી.　　૨૦

ઘનાક્ષરી છંદ.

પાઇ પાઇ પ્રેમપાન પ્રથમ તેં પુષ્ટ કર્યો,
પછી પીડા પમાડી વિજોગ પાન પાઇ પાઇ;
ધામ ધાઇ ભેટવાને આવતો હું તારે ધામ,
ધીમે રહી સામો ઉઠી આવતો તું ધાઇ ધાઇ;
ગાઇ ગાઇ ગીત તને રીઝવતો રૂડી રીતે,
ગુજારૂં છું દિવસ હું હવે દુઃખ ગાઇ ગાઇ;
ભાઇ ભાઇ કહીને બોલાવતો તું ભાવ ધરી,
ભલો મિત્રતાનો ભાવ ભજાવ્યો તેં ભાઇ ભાઇ. ૨૧

મનહર છંદ.

જે જે જગા તારી જોડે જોતાં જીવ રાજી થતો,
તે તે જગા આજ અતિશે ઉદાશી આપે છે;
કાગળો કિન્લાક તારા દેખી દુઃખ દૂર થતું,
એજ કાગળો આ કાળે કાળજાને કાપે છે;
જે જે તારાં વચનોથી સર્વથા વ્યથા જતી　તે,
વચનો વિચારતાં વ્યથા વિશેષ વ્યાપે છે;
દૈવની ઉલટી ગતિ દીઠી દલપત કહે,
જેથી સુખ શાંતિ થતી તે સઉ સંતાપે છે.　૨૨
જો તું જળ સ્વચ્છ રૂપે તો હું બનું મત્સ રૂપે,
જો તું ચંદ્ર હોય તો ચકોર થવા ચાહું છું;
જો તું હોય દીવા રૂપે તો ધરૂં પતંગ અંગ,
તું વસંત રૂપ હું કોકિલ ગુણ ગાઉં છું;
જો તું હોય હીરા રૂપે તો હું બનું હેમ રૂપે,
તું-સુરજ ત્વના હું કમળ કરમાઊં છું;
કેવે રૂપે થયો ને કયાં ગયો તેની ગમ નથી;
એથી આ કિન્લાક મિત્ર મનમાં મુંઝાઊં છું.　૨૩

દોહરો.

અજર [1]જગતમાં જઇ રહ્યો, સુખમય જ્યાં સંસ્થાન;
જોતાં સજર જગતથકી; ગૂમ થયો ગુણવાન.　૨૪

નાગપાશપ્રબંધ—હરિગીત છંદ.

ગુમ થૈ ગયો વિદ્વાન, કીંધિ પક્ષી પરમ અહિં નામના;
રે ભ્રાત ભલ જશ ભાગ ભરિ, કરિ કિંમતવાચક કામના,
દુષ્કામ દુસ્તર તરિ તરત, ગત વાસમાં વિશ્રામના;
કિન્લાકકહિ જુદું અજર જગ,રે દોસ્ત દલપતરામના.૨૫

[1] બુઢ્ઢાઇ આવે નાહ એવી દુનીઆં.



P. P. Ac. Gunratnasuri M.S.　　　　Jin Gun Aaradhak Trust

ઇંદ્રવિજય છંદ.

કોણ હવે કરશે પ્રતિપાલન, સંકટના પડતાં શિર શાકા;
કોણ દિવાળી દિને દિલ પ્યારથી,મોકલશેફુલખાંડિફડાકા.
મિષ્ટ મિઠાઇનવાઇનીચીજ, અનેવળી ઉત્તમ અંચળતાકા;
મિત્ર હવેમુજબાળકડાં,કહેશેજઇકોણને સાહેબકાકા. ૨૬

મનહર છંદ.

અતડા રહી અમલ કરે અન્ય અંગરેજો.
તુચ્છ ગણી તેઓતણી તજી રીત તેજ તેં;
ભાઇ તુલ્ય સર્વસુ સગાઇ તેં સવાઇ સાહી,
અરે ભાઇ અતિશે નવાઇ કરી એજ તેં;
ગુજરાતી ગુણીઓના ગુણની ગણના કીધી,
ભલા ગુણ ભાળી વાળી આપ્યો અવેજ તેં;
કહે દલપતરામ નવે જુગે રાખ્યું નામ,
એ અલેકજાંડર કિન્લાક અંગરેજ તેં. ૨૭

અરવિંદમુખી છંદ.

બનવોજ અશકય બનાવ બને,
વરતાય નહીં [1]વિધિ કૃત્યનિ વાત;
[2]દિવમાંહિ દિવાકર દૂર વસે,
જળમાંહિ જુઓ જનમ્યું [3]જળજાત;
કદી કાગળ પત્ર પિછાન નહીં,
ઉપજી કશી રીતથી પ્રીત અઘાત;
પ્રિય ક્યાં તુજને મુજ મિત્રપણું થવું,
ક્યાં ઇંગ્લાણ્ડને ક્યાં ગુજરાત. ૨૮

મનહર છંદ.

મુલક મુલકમાંથી ક્યાં જતો મેળાપ થાય,
ક્યાં રાણીનો [4]કિરીટ ને કોહીનુર ક્યાંહિનો;
દેખો હાથીદાંત કોણ જાણે કિયા જંગલનો,
ચળકતો ચૂડો બન્યો બાઇયોની બાંહિનો.
અંતર અપાર પણ પ્યાર પરિપૂર્ણ થયો,
[5]કુમુદિની ક્યાંની ને [6]મયંક [7]નભમાંહિનો;
દાખે દલપતરામ, દેખી લેજો દૈવ ગતિ,
ક્યાં કિન્લાક અંગરેજ ક્યાંહિં વિપ્ર આંહિનો. ૨૯

સોરઠો.

તલના તરને જેહ, સ્નેહ, [1]તણો સંબંધ નહિ;
તલમાં ક્યાંથી તેહ, એ અકળિત ઇશ્વરકળા. ૩૦

મિત્ર ગુણસ્મરણ—મનહર છંદ.

કીરતિ કિન્લાક તારી સાંભરશે સદાકાળ,
વિધ વિધ વાતો તારી વિશ્વ વિષે વ્યાપશે;
કામ ક્રોધ લોભને કબજમાં કીધા હતા તેં.
કૃપાનાથ તેથી તારા કર્મબંધ કાપશે.
ઇશ્વર આરાધન, જે સ્વરગનું સાધન, તે,
અતિ કીધું છે તેથી અચળ સુખ આપશે;
આશીશ અમારી છેલી એ છે દલપત્ત કહે,
સૃષ્ટિપતિ સદા તને સમીપમાં થાપશે. ૩૧

ઇંદ્રવિજય છંદ.

પાક રિવાજ નિવાજ પઢયોતુજફોગટ ફંદ કરે છે ફકીરા;
બુદ્ધિથીશુદ્ધસ્વધર્મધર્યો,પરધર્મતણાન કર્યાં ચઢી ચીરા.
ધીરજનોધરનારધરાતળ તુજ, અને નર અન્ય અધીરા;
તેજભલીભણીનેભરીટેબલ,ઓઆનરેબલફાર્બસવીરા.૩૨

કૈક કલેકટરજજજગયા ને નવાવળી આવીજુનાવિસરાવે;
શી ગણતી રેસિડંટ તણી ગત કૈક ગવર્નર કોણગણાવે,
લંડનમાંનવલાખભર્યાં,અહિંઆવિજહાંગિરિજોર જણાવે;
દેશહિતેચ્છુકહેદલપત,સુબોફરી ફાર્બસ તો નહિ આવે.૩૩

મનહર છંદ.

મળ્યાં હશે બીજાઓને મોટાં મોટાં માનપત્ર,
ચીંથરાં થઇ જશે તે ચુંથાઇ ચુંથાઇને;
બનાવી બનાવી બેસાર્યાં હશે બાવલાં, તે
પાવલાંની કિમતે કદી જશે વેચાઇને;
મસીદો, મીનારા, કે કરાવેલા કીરતિ થંભ,
ઘણે દાડે તેતો જશે સમૂળા ઘસાઇને;
કવિતાથી ઠામ ઠામ કહે દલપતરામ,
ફાર્બસ તણા જશ રહેશે ફેલાઇને. ૩૪

સિદ્ધાચળે સિદ્ધના દેરામાં સારા શ્રાવકોનાં,
[2]પૂતળાં છે પણ એને યાદ કોણ આણે છે;
પાટણમાં પાટણના પાટવીનું[3] પૂતળું છે,

૧ દૈવ. ૨ આકાશ. ૩ કમળ. ૪ મુગટ. ૫ પોયણી. ૬ ચંદ્ર. ૭ આકાશ.

૧ તેલ. ૨ દેરાં ચણાવનારનાં. ૩ વનરાજ ચાવડાનું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાટણના પુરૂષ તે કોઇક પિછાણે છે;
મોટા મોટા માન મેળવીને કૈક મરી ગયા,
જુઓ આજ જગતમાં જન કોણ જાણે છે;
વિક્રમ ને ભોજના ચરિત્રનાં વિચિત્ર કાવ્ય,
વિશ્વવિષે વ્યાપવાથી વિશ્વ સૌ વખાણે છે. ૩૫

ઇંદ્રવિજય છંદ.

પારવિના ઉપકાર કર્યા, સરકારતણો અધિકાર ધરીને;
વાત જુની ઠકરાતતણી,દિન રાત લખી ગુજરાત ફરીને,
માન મળ્યું પણ માનવીનું, અપમાન કર્યું ન ગુમાનકરીને;
ઇંગ્લીશ કે રૂશઆર્ય વિષે પણ્યાર્યસતુલ્યથશેનફરીને. ૩૬
જ્ઞાનનિદાની,નહીંઅભિમાની,દિવાની અદાલતનો[1] શુભદીવો
લાખપ્રકાર કર્યાઅભિલાખ,પ્રજાજનપાસપ્રીતિરસ પીવો;
પ્યાર તથા કરતારતણો, સંધિકારસદાસુવિચારથીશિખ્યો;
દેહ ધરીદલપતકહે,પિસતાળિશવર્ષપુરાંનહિ જીવ્યો. ૩૭

મનહર છંદ.

વિશેષ જો વશો હોત દેશમાં વરસ દસ,
સુધારત વધારત ગુણ ગુજરાતનો;
અંગરેજી રાજમાં પ્રજાનો પૂરો પ્યાર થાત,
રૂદયમાં રહેત ન વાંધો કશી વાતનો;
સો ગણી સહસ્ર ગણી શોભા સારી પામી લેત,
શોભા પામે જેવી સારી સૂરજ પ્રભાતનો;
જગતમાં જેનો ખપ, ત્યાં અત્યંત તેનો ખપ,
તેવો આવ્યો હુકમ ત્રિલોકતણા તાતનો. ૩૮
કલમ તો રાખતો, ને કલમષ[2] કશું નહિ,
સાહેબ હતો તે નિત્ય સાહેબને ભજતો;
સરકાર સેવા સમે શરકાર[3] સમવૃત્તિ,
ત્રીજોરી તપાસતો, ને ત્રિજો રિપુ[4] તજતો;
બદન પહેરતો, ને બદ નજરનો નહિ,
પાટ લુણ હક કરી પાટલુન સજતો;
કહે દલપતરામ, કિન્લાક તો કરુણાનું,
પાતર હતો, ને જોવા પાતરને ન જતો. ૩૯
ટેક ધરીને વિવેક રાખતો વશેક લોક,
ચારમાં, ઉચ્ચારમાં આચારમાં, વિચારમાં;

૧ મુંબઇની હાઇકોરટનો જડજ. ૨ પાપ. ૩ તીરમડો, કે જેની આગળ થઇને રાજાની ફોજ ગઇ, પણ તેને ખબર પડી નહિ, એવો તેને પોતાના કામમાં જીવ હતો. ૪ લોભ.

ખચિત ન ધર્યું ચિત, અનુચિત કામના.
પ્રકારમાં, વિકારમાં, ધિક્કારમાં, નકારમાં;
માનવીને દેતો માન, ખાન પાન દાન મોત્ર-
વારમાં, તેવારમાં, સુવારમાં [1] સવારમાં;
ભાખતો ભલું કિન્લાક રાખતો તપાસ, તે આ-
હારમાં, વિહારમાં, સંહારમાં,[2] પ્રહારમાં. ૪૦
માત તાત તુલ્ય મહા સંકટ મટાડનાર,
ભ્રાત તુલ્ય ભારે ભયભીત કાજે ભાગિયો;
શિક્ષક સમાન દાન દાયક શિખામણનું,
મહીપાળ એવોજ પ્રજાયે મળી માગિયો;
માન મળ્યું મોટું પણ નહિ અભિમાન ઉર,
જાણે મહા જોગીરાજ જગતમાં જાગિયો;
કહે દલપતરામ કવિતાના કોડવાળો,
ક્યાં ગયો કિન્લાક સુબો સાહેબ સુહાગિયો. ૪૧

ઇંદ્રવિજય છંદ.

કોઇતનૂ તજવાથી થશે દુખી,આશ્રિતસ્વારથસાધનઆશી;
કોઇ તનૂ તજવાથી થશે, વિરહાતુર વાસ સમીપ નિવાસી;
કોઇ તનૂ તજવાથી થશે, નિજ નાતતણાંનરનારી નિરાશી;
કીરતિકોટકિન્લાકજવાથકી આખીથઇગુજરાતઉદાસી. ૪૨

મનહર છંદ.

સાંભળ્યું જે સાહેબ કિન્લાકે કર્યો સ્વર્ગવાસ;
બહુ નર નારીઓ નિસાસા લાગ્યાં નાંખવા,
મુંબઇમાં મોટા મોટા સાહેબો, ને શેઠિયાઓ,
સભા ભરી ભરી લાગ્યા દીલગીરી દાખવા;
સુરત, અમદાવાદ, ઇડર આદિક અને,
ભાવનગરનો ભૂપ ભાવે લાગ્યો ભાખવા;
આમ દલપતદામ ઠામ ઠામ કહે લોક;
દામ ઉઘરાવી કરો કામ નામ રાખવા. ૪૩

સોરઠો.

આવી ગયા અનેક, ઉમદા જન ઇંગ્લાંડથી;
આ અવસરમાં એક, ફતેહ પામ્યો ફારબસ. ૪૪

મનહર છંદ.—સહોક્તિ.

એક તો સાહેબ લોકતણો હિન્દુ સાથે સ્નેહ,
બીજું રૈયતને લાખો લાડ જે લડાવિયાં;

૧ સારા વારમાં એટલે રવિવારમાં. ૨ ફાંસી દેવાના કામમાં ખૂબ ઝીણી નજરથી તપાસ કરતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્રીજું દેશી રાજાઓનો માનમરતબો તથા,
ચોથું વાહવાહ રાજ્ય વેણુ ઉચરાવિયાં;
પાંચમું પ્રજાને ગમતાજ કાયદા કર્યાનું,
છઠ્ઠું કવિયોનાં માન ચઢતાં કરાવિયાં;
દાખે દલપતરામ સ્વર્ગના નિવાસી થવા,
ફારબસ સાથે વાનાં એટલાં સિધાવિયાં. ૪૫

તેના વિના કેવું લાગે છે.

આદિત્યનો અસ્ત થતાં થાય છે અંધારૂં ધબ,
ફારબસ વિના એવી દુનિયાં દેખાય છે;
બંગલા બજાર બાગ જંગલની ઝાડી જેવાં,
ધીરજ ધરાય નહિ એવાં ખાવા ધાય છે;
શોભતી સિધાવ્યાથી સિધાવ્યાનો સમય હવે,
સમીપમાં આવ્યો એવું શુદ્ધ સમજાય છે;
દેહ[1] ગેહ થકી સ્નેહ છુટયો દલપત કહે,
આશાના અંકુર ઉર થકી દૂર થાય છે. ૪૬

કવિતાને ઉત્તેજન વિષે.

કવિતાનો કોઇ ભૂપ ભાવ પૂછનાર નથી,
બીજે ધંધે ધાયા કવિ ધારી એવાં કારણો;
એવામાં કવિનો મેળા[2] ફિન્લાક સાહેબે કીધો,
સાંભળી કવિતા આપ્યાં ઇનામ સંભારણાં;
દીલનો ઉદાર દીઠો, દેવાંશી દાતાર દીઠો,
દાખે દલપત દીઠો દરિદ્ર વિદારણો;
અભણ પસ્તાવા લાગ્યા, ભણેલા ફુલાવા લાગ્યા
પુત્રોને પઢાવા લાગ્યા ભટ ભાટ ચારણો. ૪૭

બાળક જુવાન વૃદ્ધ નર અને નારીઓમાં,
કવિતાનો શોખ વધ્યો આ સમે અથાક છે;
ગોરા[3] લોકે ગુજરાતી કવિતાના ગુણ ગણ્યા,
કવિતાને જાણી જે કોવિદતાનું નાક છે;
ગામ ગામ ઠામ ઠામ કવિતા કવિતા દીસે,
વસંત વેળામાં જેવો પુષ્પ તણો પાક છે;
આ સમે થવાનું આમ કહે દલપતરામ,
કારણ કહું તો સાચું સાહેબ [3]ફિન્લાક છે. ૪૮

ઇંદ્રવિજય છંદ.

જો જરમાલનું જોખમ થાય, પમાય ઉપાય પુરો કરીને;
આબરૂમાન મહાન મળે, ધન દાન દિયે ધીરતા ધરીને;
જ્ઞાની મળેધર્નાદાન મળે, અભિમાની મળે ભભકો ભરીને;
રત્ન હરેક અનેક મળે પણ, ફાબ્સ કયાં મળશે ફરીને. ૪૯

દોહરો.

ગુણ ગ્રાહક ફાર્બસ ગયો, લડયા યુરોપ નૃપાળ;
કવિ કંપની કપાસની, કિંમત ઘટી આ કાળ. ૫૦

દુમિલા છંદ.

ગુણ ગ્રાહક વિક્રમભોજગયા,કવિતાતણી કિંમત જે કરતા;
[1]પ્રથિરાજઅને[2]ઇંદ્રજીતગયો[3]રંખિદાસગયોરસનોધરતા;
સરદારગયાશુભ ફાર્બસ સાહેબ,જે સઘળાગુણ સંઘરતા;
શુભનામીજવાથકીખામીપડી,કરનારાશુંનકામીકવીશ્વરતા૫૧
કવિતારસનો વકરોકરતાં, બહુ માલ પુરાત બકાતરહ્યો;
ઉપજ્યોઉરક્ષોભ અથોભહવે,અતિલોભકીધાથકીલાગગયો;
મનમાન્યુંહવે મળશે નહિમૂલ, જશેજળ પાડજરૂર વહ્યો.૩
કહિયેશું અનાહક,જેચિતચાહક,ગ્રાહક ફાર્બસગુમથયો.૫૨

મનહર છંદ.

શાણો સરદાર ગયો, હેતુ હિતકાર ગયો,
નોધારા આધાર ગયો, યાર અનુભવિનો;
દયાળુ ઉદાર ગયો, ગણી ગુણકાર ગયો,
બુદ્ધિનો બજાર ગયો, પાર નીતિ નાવીનો;
સુખ સજનાર ગયો, દેવાંશી દાતાર ગયો,
સૃષ્ટિનો શૃંગાર ગયો, સાર રૂડા રવિનો;
દિલ દોસ્તદાર ગયો, કાવ્યનો કોઠાર ગયો,
ફિન્લાક શીકાર ગયો, કાર[4] ગયો કવિનો. ૫૩

ઇંદ્રવિજય છંદ.

તે સુણતો કવિતા મુજ તેથીં, દિલે કવિતાકવતાં સુખદેતી.
આદર અન્ય કરે ન કરેપણ લાયક કીમત ત્યાં થકી લેતી;
મોંઘી હતી મણી માણકથી,રખડાતીથઇ રસતાતશી રેતી,
શી કવિતા દલપત્ત કહેકતું, ફાર્બસ જાણ વિનાનીફજેતી.૫૪
રે પ્રિય ફાર્બસ જો ફરીથી મળ,સારીકરીકવિતાસંભળાવું,
સ્નેહ વધારૂં શૃંગારરસે હદ,હાસ્યરસે ખુબખૂબ હસાવું;
વીરરસે વળી વલ્લભવીર, શરીર વિષે અતિ શૂર ચઢાવું,
કદરદાર ઉદાર વિના, દલપત્ત કહે ગુણ કયાં દરશાવું ૫૫

મનહર છંદ.

સમશાની પૂરતીને સારી રીતે સમજીને,

૧ બર. ૨ ઇડરમાં કર્યો હતો. ૩ પછી તેમના મિત્ર ટી. સી. હોપસાહેબને ગુજરાતી કવિતાનો શોખ થયો.

૧ ચંદ કવિનો. ૨ કેશવ કવિનો, ૩ શામળભટ કવિનો પાળનાર. ૪ કેસ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાહવાહ કહીને કિયો વખાણનાર છે;
અને રસ અલંકાર પેખીને રૂડા પ્રકાર,
અંતરમાં ઉમળકો કોણ આણનાર છે;
ઉત્તમ અધમ કાવ્ય તત્વથી તપાસ કરી,
મોજ આપીને રમુજ કોણ માણનાર છે;
કહે દલપતરામ સાહેબ કિન્લાક વિના,
કાવ્યની કીમત હવે કોણ જાણનાર છે. ૫૬

સમુદ્ર પ્રતિઉક્તિ.-ઇંદ્રવિજય છંદ.

રે રતનાગર સાગર સાંભળ, રત્ન કિયું સઘળાં થકી સારૂં;
કૌસ્તુભ કામદુઘા કરીરાજથી, રત્ન રૂડું ધનવંતરિ ધારૂં;
એકથકી ગુણ એક વશેક, વિવેકથકી કહીં વાત વિચારૂં;
ફાર્બસસાહેબ તો સરવોપરિ, રત્ન હતું રતનાગર તારૂં. ૫૭

મેઘરાજાપ્રતિ ઉક્તિ.-મનહર છંદ.

અરે મેઘરાય આઠ માસની મુસાફરીએ,
વેગળો ગયો તું પણ વેગે વળી આવજે;
સોબતમાં સારો શોધી લીધો મારા સોબતીને,
સોબતમાં સાથે પાછો લક્ષ રાખી લાવજે;
જગતના મિત્ર ને પવિત્ર છો જરૂર બંને,
રોજ રોજ રીત એવી રૂડીજ રખાવજે;
આવીને આ ઠામ વળી કહે દલપતરામ,
અંતર આરામ મને અતિ ઉપજાવજે. ૫૮

સાભ્રમતિ પ્રતિઉક્તિ.

સુણ સતી સાભ્રમતી ધીમી કેમ ધારી ગતિ,
[1]વિરતિની મતિ કેમ રાખી મારી [2]વીરી તેં;
કેમ થયું [3]કૃષ અંગ, કયાં ગયા તારા તરંગ,
સંગ હતા દાદૂર તે દૂર કર્યા શી રીતે;
બંને બાજુ ઓઢેલાં લીલાં રૂચિર ચીર હતાં,
ચિત્તમાં શી ચિંતા ચઢી ચીર નાંખ્યાં ચીરી તેં;
ઉદાસી દીસે છે આમ દાખે દલપતરામ,
કારબસ ગયો તેથી લીધી શું ફકીરી તેં. ૫૯

દુઃખ પ્રતિઉક્તિ,—ઇંદ્રવિજય છંદ.

રે દુખ રૂપી ભુંડા ભમરા તું, રખે કદી ભોળપણે ભમીં ભૂલે
પેખીં પડયો દિલ-પંકજમાં, [4] ચતુરાઇ ચતૂર પડી તુજ ચૂલે;
નીસરવાનીં ન રાખીંશ આશ, ખરેખરૂં બંધન ખોલ્યું ન ખૂલે;
તે દલપંકજતો દલપત્તનું, ફાર્બસ [1]મિત્ર વિના નહિ ફૂલે. ૬૦

૧ વૈરાગ્યની. ૨ બહેન; ૩ પાતળું. ૪ કમળ.

કુકડા પ્રાતઉક્તિ,—મનહર છંદ.

કાગળના બીડા પર [2]કુકડાની છાપ દેખી,
દૂર હોય દોસ્ત તોય ધારતો હું ઢુંકડા;
ત્યારે મને તારા જેવા પ્યારા કે ન સારા લાગ્યા,
ચિત્રના ચકોર, મોર, [3]સારિકા, કે [4]શુકડા;
મિત્રના લખેલા તે હું મોતી જેવા માની લેતો,
એમાં કદી કીધા હોય અક્ષર અધુકડા;
કહે દલપત, મિત્ર પત્ર વિના પાસે આવી,
કાયા ન દેખાડતો હું કહું તને કુકડા. ૬૧

મિત્રના પૂર્વપત્ર વિષે.

મિત્રતણો પત્ર જયારે તત્ર થકી અત્ર આવી,
પ્રાપ્ત થતો મને પ્રેમ પૂરણ ઘણાકનો;
વાંચી વાંચી વાળું વળી વાંચવાની વૃત્તિ થાય,
અતિશય એવી અર્થ રચના અથાકનો;
દોસ્તી ચિત્ર દેખરેખ, તેમાં નહીં મીન મેખ,
લાયક છે લેખ જાણું પ્રેમના [5]વિપાકનો;
લઇ સંકેલાય નહીં, તથા તજ્યો જાય નહી,
અક્ષિકાની આગળથી કાગળ કિન્લાકનો. ૬૨

હવે પત્રની નિરાશા વિષે.

પીંપળા પ્રતિઉક્તિ.—દોહરો.

પામીંશ પત્રો પિંપળા, નહીં તું થઇશ નિરાશ;
મિત્ર જતાં મારે થયો, પ્રૌઢ પાનખર માસ. ૬૪

કમળ પ્રતિઉક્તિ.

અરે કમળ કરમાય ઠાં, મળશે કાલે મિત્ર;
મિત્ર મળણ આશા મટી, દુઃખ મુજ દેખી વિચિત્ર. ૬૪

ઇંદ્રવિજય છંદ.

ચાતકતું શિદ આતકમાં અમથો પિયુ પીઉ પુકાર કરે રે;
ફોગટ તું ફરિયાદ કરે પણ એ અરજી ઉર કોણ ધરે રે;
સાંભળનાર ગયો સટકી પટકી પટકી શિર લીદ મરે રે,
દુઃખ સહો દલપત્ત કહે, ગણ્યું આપણું એવું અદષ્ટ અરેરે૬૫

૧ સૂર્ય, અથવા દોસ્ત. ૨ તેના સીક્કામાં કુકડો હતો. ૩ મેના. ૪ પોપટ. ૫ પરિણામનો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દીલગીરીની દીવાળી વિષે—મનહર છંદ.

દીવા દીવા નહિ, ભારે ભયતણા ભડકા છે,
રાક્ષસી આ રાત કાળા કાળ જેવી કાળી છે;
દારૂખાનું દેખી દેખી થાય છે દહન દીલ,
જાણું છું જે સગડીઓ શોકની પ્રજાળી છે;
હર્ષ થયો ભંગ રાગ રંગનો ઉમંગ ગયો,
સ્વાદહીન સુખડીઓ સેવ ને સુંવાળી છે;
દોસ્તદાર ફારબસ વિના દલપત કહે,
દીલગીરીવાળી આ દીવાળી ભુંડી ભાળી છે. ૬૬

છમાસ વિત્યા વિષે.—ઇંદ્રવિજય છંદ.

છેટું પડયાથી છમાસ જતા, છુટતું સુખશોકથી છાતીછવાતી;
પત્ર મળે નહિ તો દલપત્ત, અધીરણીથી નહિ ધીર ધરાતી;
ઉઠતી આંચ અચાનકમાં, નિજ થાનકમાં પણ થીર ન થાતી,
ફાર્બસમિત્રજતાનથી ફાટતિ, છેક કઠોર ઠરી મુજ છાતી. ૬૭

વિજોગનું ચોમાસું.—મનહર છંદ.

ગાજે છે ગગન ઘટા, છાજે છે વિજળી છટા,
આજે છે એલી, એ તો બિરાજે છે સુરીતમાં;
જાય છે પ્રવાહ, ને ભરાય છે નદી તળાવ,
થાય છે સૌ ખુશી, ગુણ ગાય છે સુગીતમાં;
ભાગે છે ભાળીને મન, માગે છે મેળાપી મિત્ર,
જાગે છે વિરહ, હૈયે લાગે છે અહિતમાં;
ધરે રે [1]જળદધાર; કરે રે [2]કેકી પોકાર,
અરેરે કિન્લાક વિના ચરેરે છે ચિત્તમાં. ૬૮
ઘરર ઘરર ઘણો ઘનતણો ઘોષ સુણી,
ચરર ચરર ચિત્ત દાઝે દીલગીરમાં;
ફરર ફરર ફરે પવન અવનીપર,
સરર સરર વાગે શિરમાં શરીરમાં;
ખરર ખરર જળ જમીનમાં ખરી પડે,
ઝરર ઝરર ઝરે નેવ નીર નીરમાં;
થરર થરર [3]સ્થૂળ સ્થિતિ તજી થથરે છે,
અરર અરર વૃત્તિ છે કિન્લાક વીરમાં. ૬૯

વર્ષ વિત્યાવિષે.—ઇંદ્રવિજય છંદ.

આવી વળી વરષાઋતુ તો, વરસાદ વિશેષ વળી વરસાવ્યો;
શ્રાવણના દિન સર્વ ગયા, પછી ભાદરવો ભલીભાત ભજાવ્યો;
વર્ષ પુરૂં દલપત વિત્યું, દસરા દિન દૈવગતે દરશાવ્યો;
આવી દિવાળી વળી ફરીથી, ફરીથી પ્રિય ફાર્બસતો નહિ આવ્યો. ૭૦

૧ વર્ષાદ. ૨ મોર. ૩ શરીર.

દ્વિઅર્થી—દોહરો.

[1]ફાગણ આગળ ગત અને આયો [2]ચૈતર અંત;
શરૂ [3]અજીવમાં સાંભરે, [4]પોષ અંત પર્યંત. ૭૧*

સોરઠો.

દિન ગણતાં ગત માસ, માસ ગણુત વરસે ગયું;
નિશ્ચય થઇ નિરાશ, કઠોર બનીયું કાળજું. ૭૨
કઇક કહે મહારાજ, મુઆં મનુષ્ય જગાડશે;
એ દિન ક્યાંથી આજ, મળીયે ફાર્બસ મિત્રને. ૭૩

બીજે વર્ષે દુકાળની ધાસ્તી વિષે.

ઇંદ્રવિજય છંદ.

દુષ્ટ દુકાળ [1]કરાળ કૃતિ તજ, ક્રોધ હવે ન કરીશ કદાપિ,
ફાર્બસ ઢાલ ધિંગી ગતથૈ મુજ, તર્ક [2]તુરંગ પડયોતનુકાંપી;
હીંમત ગૈ હથિયાર પડયાં, પછી તુંશીદ માંડછ તાકત થાપિ,
ચાહી ચલાવ ચડયા પરચોટ, પડ્યાપર પાટુ ન મારીશ પાપી.

મિત્ર પ્રતિઉક્તિ.—સોરઠો.

વાલા તારાં વેણ, સ્વપનામાં પણ સાંભરે;
નેહ ભરેલાં નેણ, ફરી ન દીઠાં ફારબસ. ૭૫
આજ કાલની વાત, જોડ વરસ જાતાં રહ્યાં;
ભેળા થઇને ભ્રાત, ફરી ન બેઠા ફારબસ. ૭૬
પામ્યો અતિ પવિત્ર, જઇને બેઠો જોખમાં;
મિત્ર તણી તેં મિત્ર, ફિકર ન રાખી ફારબસ. ૭૭
દિલ ન થશો દિલગીર, વેલેરા મળશું વળી;
વદીને એવું વીર, ફરીને મળ્યો ન ફારબસ. ૭૮
ઉચર્યો કદી ન એક, જુઠો દિલાસો જીભથી;
છેલીવારે છેક, ફોગટ બોલ્યો ફારબસ. ૭૯
દીઠા નહી દીદાર, સંદેશો નહિ સાંભળ્યો;
કાગળ પણ કો વાર, ફરી ન લખિયો ફારબસ. ૮૦
હેતે ઝાલ્યો હાથ, છેક કદી નહિ છોડતો;
મળ્યે સ્વરગનો સાથ; ફંટાયો તું ફારબસ. ૮૧
માનવ જાતિ માત્ર, ભલે વસે સઉ ભૂમિમાં;
પણ પ્રીતીનું પાત્ર, ફુટી ગયું રે ફારબસ. ૮૨
લાખ લડાવ્યાં લાડ, સુખ તે તો સ્વપને ગયું;
ઝાઝાં દુખનાં ઝાડ, ફળવા લાગ્યાં ફારબસ. ૮૩
અંતરની ગત એક, ઈશ્વર જાણે આપણી;
છેટું પડયાથી છેક, ફરે ઉદાશી ફારબસ. ૮૪
તારા બોલ તણાજ, ભણકારા વાગે ભલા;
ઉપજે ઘાટ ઘણાજ, ફરી કયાં દેખું ફારબસ. ૮૫

૧ વિકરાળ. ૨ ઘોડો. ૧ ૨ ૩ ૪
* ફા ર બ સ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નેણુ વરસે નીર, સ્નેહી જ્યારે સાંભરે;
વેલો આવી વીર, ફરીને મળજે ફારબસ, ૮૬

મન વાળવા વિષે.—મનહર છંદ.

અરે જીવ બન્યું જગજીવને બનાવ્યું જેમ,
તેનો પરિતાપ કીધે પાપ ફળ ફળશે;
કીધાથી હમેશ કલેશ વેદના વિશેષ થશે,
કાંતો તારૂં કાળજું ટકાવમાંથી ટળશે;
તે માટે તું તજ શોક, ભજ તું ત્રિલોકનાથ,
ફારબસ મિત્ર ફરી મોક્ષ મધ્યે મળશે;
ગર્યાં એટલાં વરસ વયનાં ગુમાવ્યાં નથી,
જો તું કાળ વેગ કાળ જલદી નિકળશે. ૮૭

દોહરા.

પ્રીત કરી સુખ પામવા, ઉપજ્યો ખેદ ખંચીત;
પ્રીત ન કરશો કોઇશું, પ્રીત રીત વિપરીત. ૮૮
વિનાશવાળી વસ્તુ જે, તે સાથે શો સ્નેહ;
સદા ગયા પછી સાંભરે, દિન દિન દાઝે દેહ. ૮૯

સોરઠા.

મહા રોગની રીત, પ્રીત વિષે પ્રત્યક્ષ છે;
કોઇ ન કરશો પ્રીત, પ્રીત કરે દુખ પ્રાણુને. ૯૦
જન સઘળા જોનાર, જે અંબે અંબે કહે;
કરે સતી પોકાર, શબ્દ કોણુ તે સાંભળે. ૯૧

તે સ્ત્રી પુરૂષના ગુણુ વિષે.

મનહર છંદ.

એક રંગ એક રૂપ, ધર્મ કર્મ મર્મ એક;
ચાતુરતા એક ચિત્ત એકજ વિચારનાં;
એક ભક્તિ એક ભાવ એકજ સ્વભાવ શુદ્ધ,
નિરંતર એકજ લક્ષણુ નર નારનાં;
પતિ નામ મિસ્તર ને પતની મિસીસ નામ,
ફારબસ જોડ એટલાજ ફેરફારનાં;
બહાર બે રૂપ પણુ અંદર જણાય એક,
ગુણે "[1]સ્ટીરિયોસકોપ" પ્રતિમા પ્રકારનાં. ૯૨

રાસમાળાના પુસ્તક વિષે.

પુસ્તક પ્રત્યક્ષ મન માન્યું દીસે [2]મધુવન,
પ્રકરણુ પ્રૌઢ વૃક્ષ રસિક રૂપાળા છે;
પેખીએ પવિત્ર પત્ર, વાકય ફળ ફુલ તત્ર,
બનેલી છબીઓ તે તો બની ગોપ બાળા છે;
નૃપ કુળ વરણુનું ગણું ગીત ગાનતાન,
ગોઠવેલા રામ ગોપ વાંસળીઓ વાળા છે;
દીસે નવ રસ મય દાખે દલપતરામ,
રાસની [1]રસાળા રૂપે ગ્રંથ રાસમાળા છે. ૯૩

સમાપ્તિ વિષે.

વાંચનારને વિશેષ વિચાર પમાડનારી,
દિસે છે દેખાડનારી દોસ્તીના દેખાવની;
નીતિ લાભ નોંધનારા બીજાઓને બોધનારા
સાબાશીના શોધનારા સાહેબોના દાવની;
વરણુવી એમાં વાત ખરેખરી થવા ખ્યાત,
સ્નેહવંત શાણા સરદારના સ્વભાવની;
રાખવા આ ઠામ નામ દાખે દલપતરામ,
બાંધી બુક ફારબસ વિરહ બનાવની. ૯૪

રાગ પરજીઓ.

ફરી હવે ફારબસ જેવો રે,
અમલદાર ક્યાં મળે એવો રે. ટેક.
ઇસ્વી અઢારસેં એકત્રીસ વર્ષે,
જન્મ્યો વિલાયત દેશ,
ઉત્તમ અંગ્રેજી અભ્યાસ કરીને;
વિદ્વાન બનિયો વિશેષ. ફરી૦ ૧
અલેક ઝાંડર કિન્લાક એવું,
નિર્મળ જેનું નામ;
સરદારી કુળમાં સરસ ગણાયો,
તાલમ પામ્યો તમામ. ફરી૦ ૨
ત્રેવીશ વર્ષની ઉમરે તેતો,
આવ્યો મુંબઇ મોઝાર;
જડજ કલેકટર પોલિટિકાલનો,
પામ્યો ઉત્તમ અધિકાર. ફરી૦ ૩
ગુજરાતમાં ઘણાં વર્ષ ગુજાર્યાં,
કીધાં સારાં સારાં કામ;
સેંકડો લોક સંભારતા રહેશે,
નહિ કદી ભૂલે નામ. ફરી૦ ૪
સુરત ને અમદાવાદ થાપી,
પુસ્તકશાળા વિશાળ;

---

૧ એક પેટીમાં બે છબીઓ હોય, પણ જોતાં એક દેખાય છે તે. ૨ વૃંદાવન.

૧ પૃથ્વી.

P.-P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગુજરાતમાંહિ સોસાઇટી થાપી,
સાદરામાંહિ નિશાળ. ફરી૦ ૫
આંધળાં લૂલાંને આપતો એ તો,
દિન દિન પ્રત્યે દાન;
કવિ પંડિત જનનું પણ કરતો,
સારી રીતે સનમાન; ફરી૦ ૬
થશે પુરાતું શુરાપણું દેખી,
દેતો સારો સિરપાવ;
કારીગરી કરી લાવે કારીગર,
ભાળવા રાખતો ભાવ. ફરી૦ ૭
એવા એવા ગુણવંતોને એ થકીં,
અંતર વધતી ઉમેદ;
તેઓતણો ગુણજાણ જવાથકીં,
ખૂબ પામ્યા સૌ ખેદ. ફરી૦ ૮
વિદ્યાવંત ને પૂરો વિવેકી,
સરવ કળાનો સુજાણ;
સદર અદાલતનો થઇ સૂબો,
પામ્યો વિશેષ વખાણ. ફરી૦ ૯
મુંબઇમાંહિ સોસાઇટી મોટી,
એણે કરી ઉતપંન;
ગુજવંતી ગુજરાતી ભાષાનું,
માન વધારવા મંન. ફરી૦ ૧૦
ગરીબ તવંગર સરખાજ ગણતો,
સૌ સાથે કરતો સ્નેહ;
ગોરા કાળા પણ સરખાજ ગણતો,
અભિમાન ધરતો ન એહ. ફરી૦ ૧૧
દેશી રાજાઓના ઉપર દીલથી,
રાખતો દૃષ્ટિ રહેમ;
હક સાચવનાર ને હિતકારી,
કદીએ વિસરશે કેમ ? ફરી૦ ૧૨
જીવન પ્રાણ જેવો તે જવાથી,
નર થયા કંઇક નિરાશ;
મેળાપીને ફરીથી મળવાની,
અંતર રહી ગઇ આશ. ફરી૦ ૧૩
દુર્ગુણ તો જેમાં જરીયે ન દીઠો,
સદ્‌ગુણનુંજ સુપાત્ર;
ઇશ્વરે એના અંતઃકરણમાં,
મેલેલા સદ્‌ગુણ માત્ર. ફરી૦ ૧૪
સ્નેહનો સાગર શીળા સ્વભાવે,
મુખમાં ભરેલી મીઠાશ;
પર ઉપકારી કામમાં પોતે,
કાંઇ ન રાખી કચાશ. ફરી૦ ૧૫
ડહાપણદાર ને દિલનો દયાળુ,
અદલ અનો ઇનસાફ;
આ દેશનું શુભ એ ઇચ્છનારો,
ઉમદો અને અશરાફ. ફરી૦ ૧૬
આળસ તો એના અંગમાં નહોતી,
કરતો અધિક ઉદ્યોગ;
મનન ઘણું કર્યું તેથી મગજમાં,
રાજસી ઉપજ્યો રોગ. ફરી૦ ૧૭
પંદર દિવસની પીડા પામીને,
દીધો તેણે તજી દેહ,
નામ એનું નથી નાશ થવાનું,
અજર અમર છે એહ. ફરી૦ ૧૮
સાલ પાંસઠે આગસ્ટની આખર;
પુનામાં પામ્યો મરણ;
દોસ્ત ઘણા દીલગીર થયા,
ઝરે આંખે આંસુંનાં ઝરણ. ફરી૦ ૧૯
કાવ્ય સુણી કરશે કવિયોનો,
કોણ હવે સતકાર,
ચારણ ભાટના ચોપડા જોઇ,
શોધી લેશે કોણ સાર. ફરી૦ ૨૦
મુલક મુલકમાં મુસાફરી કરતાં,
કીધો હશે જ્યાં મુકામ;
સારો સારો કહીં સંભારતાં હશે,
ત્યાંનાં મનુષ્ય તમામ. ફરી૦ ૨૧
ઓ પ્રભુ, આપ તો એવાજ આપજે,
શાણા રૂડા સરદાર;
એજ અમારી અરજ અંતરમાં,
ધારજે જગદાધાર. ફરી૦ ૨૨
તુજને ગમ્યું તે ખરૂં પ્રભુ તેમાં,
નથી અમારો ઉપાય;
અતિ હિતકારી જવાથી અમારૂં,
અંતર અતિ અકળાય. ફરી૦ ૨૩
બહુ ઉપયોગીને બોલાવી લીધો,
ધણીયે પોતાને ધામ;
લેખ એના ઇતિહાસનો લખવા,
રાખ્યો દલપતરામ. ફરી૦ ૨૪

फारबस विरह प्रकरण समाप्त.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

प्रकरण ४ थुं.

લક્ષ્મી સંબંધી વિષયો.

મનહર છંદ.

લક્ષ્મીથી થાય મોટા જન તથા રાજા શુરા,
આજ વિદ્યાભ્યાસ વિના લાંચિયા જણાય છે;
જૂલમી જોરાવર ને નિર્બળ દિસે છે કૈક;
પેટ ભરવાની પીડાવાળાએ ઘણાય છે;
ચડતી પડતી દશા દુઃખ કે કરજ થાય,
પુલણજી તથા કરકસર ગણાય છે;
કંજુસ, ગરજ તથા કિંમત કહેછે જેમાં,
લક્ષ્મીના અંગમાં તે સર્વ વખણાય છે.

લક્ષ્મી વિષે.

રૂપૈઆના ગુણ—છપ્પા.

તું કર પર ઉપકાર, તુંજ પર પ્રાણ તજાવે;
તું ઓલવતો આગ, તુંજ બહુ દેશ દઝાવે;
તુંજ મેળાવે માન, તુંજ અપમાન અપાવે;
તું રક્ષણ કરનાર, તુંજ કહીં શીશ કપાવે;
અવગુણ પણ તુજમાં અતિઘણા, થિરગુણના પણ થોકડા;
કહું શું તુજને દલપત કહે, અરે રૂપૈઆ રોકડા. ૧

તુંજ સજાવે સ્નેહ, નેહ વળી તું તોડાવે;
તુંથી થાય સલાહ, ફેરવી તું ફોડાવે;
તું ઉપજાવે હરખ, શોક લખતાં નહિ લેખું;
તુંજમાં સઘળાં સુખ, દુઃખ પણ તુજમાં દેખું;
બહુ રાજ રિદ્ધિ તુજમાં રહે, જડેકરમની જો કડા;
કહું શું તુજને દલપત કહે, અરે રૂપૈઆ રોકડા. ૨

મણી હીરા તુજમાંહિ, મહા રસ મીઠા મેવા;
હાથી, ઘોડા, હેમ, પદાર્થ તુજમાં તેવા;
પુત્ર, પ્રિયા, પરિવાર, દેખતાં તુજમાં દીઠાં;
ગાન તાન રંગ રાગ, પાનનાં[1] તુજમાં પીઠાં;
તું સિંહ સમો સંસારમાં, બિજા બિચારા બોકડા;
કહું શું તુજને દલપત કહે, અરે રૂપૈઆ રોકડા. ૩

ઇંદ્રવિજય છંદ.

જેની છતે છત સર્વ દિસે, અછતેજન દીન ગણાય ગજાનો;
જેનું ધરે જનધ્યાન નિરંતર, છે મન મોહિતકારી મજાનો;
સૃષ્ટિસજે નહિ તોપણતે, અધિકાર ધરેસુખદુઃખ અજાનો;
સત્ય કહે મળીસર્વ કવીશ્વર, છે પરમેશ્વર એજ પ્રજાનો. ૪

દોહરા.

ઓ લક્ષ્મી તું અવનીમાં, અદભુત દેવી એક;
મોટા તુજ મહિમાયકી, ઉપજે ખપે અનેક. ૫

જીવન જેવી જગતને, તું પ્રિય પ્રાણાધાર;
તુજ અર્થે જન તન તજે, પામે કષ્ટ અપાર. ૬

તું તોડાવે સંપને, તું જોડાવે સંપ;
તુજ કારણ ભમતા ભમે, જીવ ન પામે જંપ. ૭

પુત્ર પિતા સાથે લડે, પુત્રી સાથે માત;
લક્ષ્મી માટે લક્ષધા, લડે ભ્રાત ને ભ્રાત. ૮

કૈક કરેછે કાસદી, કંઇક કરે વેપાર;
ચોરી કરવા ચોર જન, તુજ કારણ તૈયાર. ૯

લાંચ ખાયછે લાંચિયા, સતી તજેછે સત્ય;
ધર્મી કરે અધર્મ ને, તે સૌ તારૂં કૃત્ય. ૧૦

પંડિત તો પાછળ રહે, મૂરખ પામે માન;
વખાણ પામે વિધવિધે, વિશ્વ વિષે ધનવાન. ૧૧

તું તો તત્વ ત્રિલોકમાં, જબરૂં તારૂં જોર;
સૌ તુજથી કહેવાય છે, સાહુકાર કે ચોર. ૧૨

કોઇ ધરાય ન તુજ થકી, મળે લાખ ક્રોડ;
ધણી મળે તેમજ ધણી, માંડે દોડાદોડ. ૧૩

મનસૂબા મોટા કરી, સંગ્રહ કરે સદાય;
અણચિંતો પળ એકમાં, જીવ તજીને જાય. ૧૪

બહુ લક્ષ્મી ત્યાં દુઃખ બહુ, કાંતો થાય કમોત;
જોતાં જોતાં જાય છે, ગોફણ ગોળા સોત. ૧૫

જેણે શુભ કારજ કર્યાં, લઇને તારો લાવ;
જરૂર તે જીતી ગયા, દુનિયાં મધ્યે દાવ. ૧૬

જેને જર જોડી કરી, કર્યું ન રૂડું કામ;
વ્યર્થ ગયા તે વૈતરા, દાખે દલપતરામ. ૧૭

પૈસાનો વડી પદવીનો, વિશેષ શો વિશ્વાસ;
રાવણકેરી રિદ્ધિ પણ, પળમાં પામી નાશ. ૧૮

અરે મહા શ્રીમંતથી, ભલો અલ્પ શ્રીમંત;
દહન દેહ દિનકર કરે, શશિ શીતળતાવંત. ૧૯

આબરૂ દોલત અંગના, જવા બેઠી જો જાણ;
અતિ હઠકરી અટકાવતાં, પંડે ખોઇએ પ્રાણ. ૨૦

[1] પાનના—પીવાના.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્તમ સૌથી આજ છે, દુનિયાં મધ્યે દામઃ
જેની ગાંઠે દામ તે, ડાહ્યો દલપતરામ. ૨૧
સર્વ થકી શ્રીમંત કર્યો, કોઇ થયા કુંભાર;
ખર ઉપર અંબાડી, શુભ લાગે નહિ લગાર. ૨૨

મોટા માણસ વિષે.

ઉપજાતિ વૃત્ત.

મોટાતણાં પેટ સદૈવ મોટાં, છોટાતણાં પેટ સદૈવ છોટાં;
વર્ષાદને ગાળ જનો ભણેછે,તથાપિ તે કયાં કદીયે ગણેછે.૧

દોહરો.

વર્ણોમાં જોઇ વિચારીને, ખીલો એક ખોસાય;
મોટા મારે મોભમાં, ઘણા ખીલા ઘોચાય. ૨

ઇંદ્રવિજય છંદ.

મારીકુટી ચકચૂર કરી, ભભરાવીએ ભૂકી ભરી મરચાંની;
મિશ્રિતખારતણુંજળછાંટી,પીડા કરી વેલણથી વણવાની;
અંતર છેદ કરી ઉચકી, તળીયે વળી તેલ વિષે તપતાની;
તોપણ પંડજણાયપ્રફુલિત,વિશ્વ વિષે જુઓરીત વડાની.૩

દોહરા—વ્યાઘાત અલંકાર.

દાસી સાકર ખાંડતાં, કર્યો ન ઝીણો જેર;
રાયે સાકર ગાંગડા, ચવરાવ્યા પાશેર. ૪
મર્યાદે મોટા રહે, નહાનાનો ન કરાવ;
સમુદ્ર હદ તોડે નહિ, તોડે નદી તળાવ. ૫

મનહર છંદ.

તાણુતાં તણાય નહિ તાણુનાર તાણી મરે;
તે તો ધર્મ કુસંપી ધંધામાં કે [1]ધરાળમાં;
ઉત્તમ મધ્યમ સર્વ એકુંજ કુટી મારે;
એતો ગુણ અવિવેકી પ્રાણી કે પરાળમાં;
ઉત્તમ મધ્યમ મળ્યાં અલગ અલગ કરે;
એતો ગુણ મહા મતિમાન કે મરાળમાં;
ઊંચી અતિ ચઢે ને ચઢાવે દલપત કહે,
એતો ગુણ વડા વડા લોક કે વરાળમાં. ૬

દોહરા.

છોટા જનને આશરે, નભે ન મોટા કોય;
હાથી નાંની હોડીયે, તરત ડુબાવે [1]તોય. ૭
મોટાના આશ્રય વડે, કરી શકે સઉ કામ;
પથરા પણ પાણી પરે, તર્યા રામને નામ. ૮
મોટાના આશ્રિત જનો, વગર ઉદ્યમે ખાય;
પવન ખાય વણ પંખવે, જે પર્વત પર જાય. ૯
મોટા જન જેની તરફ, ચઢતી તેની થાય;
સૂર્ય તરફનું ચંદ્રનું, ઊંચુ શ્રિંગ જણાય. ૧૦
મોટાને સૌ માગ દે, જુઓ જગતનો ચાલ;
જહાજ મોટાં જાયછે, મણ અગણિત લૈ માલ. ૧૧
તજી પ્રતિજ્ઞા ચક્ર ધર્યાં, કરી હરિયે વઢવાડ;
કોઇ ગરીબ એવું કરે, લોકો કહે લબાડ. ૧૨
છોટાને લાંછન ચડે, મોટાને ન લગાર;
પાંચ પતિ પણ દ્રુપદી, સતીશિરોમણી સાર. ૧૩
મોટા ચાહે તે કરે, ન ગણે જગ ઉપહાસ;
વર્ષા જગ પાલન કરે, કદી કરે જગ નાશ. ૧૪
મોટા શિર મોટાતણો, દબાવવાનો દસ્ત;
પીધો સિંધુ અગસ્ત પણ, સૂર્ય તેજમાં અસ્ત.૧૫
ઉમદે ઉમદા જન મળી, પામે શોભા પ્રેમ;
શોભે સોબતમાં વશી, હીરા મોતી હેમ. ૧૬
સુખ દુખ સર્વ પ્રજાતણું, મોટાને ન જણાય;
કરીયે ઝીણી આંખતો, દૂર ચીજ દેખાય. ૧૭
મોટાથી મોટા અધિક, ઉપયોગી દેખાય:
અધિક અનાજ કપાસના, છોડથકી સુખ થાય. ૧૮
મોટાની સંભાળથી, છોટા કરે નિવાસ;
હળ સાંતી નર હોય તો, વધે ન અંન કપાસ. ૧૯
ગરવા નરને નવ ગમે, ઉપરતણો ઉપચાર;
દિસે દિવાકર દીપતો, સજ્યા વગર શણગાર. ૨૦
એક પુરૂષ ઉમદા થકી, જણાય ઉમદા જાત;
કૌસ્તુભ કેરી કીર્તિથી, પથ્થર થયા પ્રખ્યાત. ૨૧
ગરીબ પાસે ઘર ભલું, સમર્થથી ઘર દૂર;
ચંદ્ર સમીપ છે તે ભલો, ભલો દૂર છે સૂર. ૨૨
અધમ તોય અધિક પર, શોભે પામે માન;
વાળ મુછથી જે પડયો, રખડે રાનો રાન. ૨૩

---

[1] ગાડીને ધોસરા તરફ ઝાઝો ભાર થાય તે ધરાળ, અને પાછળ ઝાઝો ભાર થાય, તેને ઉલાળ કહે છે.

[1] તોય–પાણી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજા વિષે.

દોહરા દ્વિઅર્થી.

કરિયે વાત [1]ન કારમી, રે નરપતિ પાસ;
એમ ન સમજે એહનો, નિશ્ચે થાય વિનાશ. ૧
હાકમનો કે હરિતણો, હુકમ થયે જવું હોય;
અડચણની અપશુકનની, તકમાં આવે તોય. ૨
નારી નરપતિ અગ્નિનો, અતિ પ્રસંગ દુઃખ મૂળ;
જો રહીએ અળગા અતી, લાભ નહિ બિલકુલ. ૩
આપ બરાબર તો કરે, રીઝે જો દિલરાય;
દિનકર દત્ત પ્રકાશથી, શશિ રવિ જોડ જણાય. ૪

દ્વિઅર્થી.

જીવન[2] ખેંચી કરવડે, જગમાં જગદેવ;
આપે ઉદારતા ધરી, તે છે રૂડી ટેવ. ૫
જે શોષણ પોષણ તજે, રાજા કે રવિદેવ;
તો દુનિયાં દિસે દુઃખી, ત્યાગે સુખ તતખેવ. ૬
અતિ પ્રતાપે તિવ્રતા, એ ઇશ્વર કૃત ન્યાય;
શશિ શીતળ ને સૂર્યથી, તિવ્રપણું ન તજાય. ૭
ઉમદાને સાદાપણું, હેયે ગમે હમેશ;
કનક કોષ દઇ દાસને, ધરે ભભૂત હમેશ. ૮
વર્તમાન જેનો અમલ, એ ઉત્તમ નૃપ ખાસ;
વર્તમાન મહિનો ભણો, દ્વિજ માસોત્તમ માસ. ૯
અભ્યાસે વિદ્યા મળે, ખેતી થકી અનાજ;
વ્યાપારે ધન સાંપડે, ખાંડા બળેજ રાજ. ૧૦
અમલ કહે છે કેફને, અમલ જીરવે કોય;
ભૂલે ભાન અમલ થકી, હજાર ડાહ્યો હોય. ૧૧

રાજનીતિ.

ભુજંગી છંદ.

મહીપાળ સૌકો સુણો વેણ સારૂં,
કહું પ્રીતથી હિત ચાહી તમારૂં;
તજી ક્રોધ આ બોધ શીખો સુરીતિ;
સદા સ્નેહ રાખી સુણો રાજનીતિ, ૧૨

દોહરા.

પિતા જેમ નિજ પુત્રની, સદા કરે સંભાળ;
કરૂણા કરી તેમજ કરે, પ્રજાતણી ભૂપાળ. ૧૩
બાળ પ્રજા અવગુણ કરે, રૂઠે ન સમજુ રાય;
થાય સપૂત કપૂત પણ, માત કુમાત ન થાય. ૧૪
નૃપને પ્યારી સૌ પ્રજા, દિલમાં દલપતરામ;
પણ નોકરી કરનાર લે, અભિવાંછિત ઇનામ. ૧૫
લાયક જેવા લોકથી, પૂરણ બાંધી પ્રીત;
મહીપતિયે મળવું સદા, રાખી રૂડી રીત. ૧૬
કદી પ્રવાસ કરે નહિ, હોય આળસુ રાય;
જંગલમાંનું ઝાડવું, ઉગે ત્યાંજ સુકાય. ૧૭

મનહર છંદ.

બોલતાં બહુ બહુ વિચારી બોલ બોલવો જે,
બોલવો તે બોલ પરિપૂર્ણપણે પાળવો;
જેથકી ખચીત ચીત પ્રજાની પતીત તૂટે,
તેવો જે કુચાલ હાલ હાલ તે તો ટાળવો;
પામે ન પ્રવેશ લેશ દેશમાં અસાચવટ,
સાચવટનો ખજાનો સદૈવ સંભાળવો;
રાજનીતિ તણી રીતિ કહે દલપતરામ,
સત્યને જરૂર ઉર જીવ જેમ જાળવો. ૧૮
સાગર સમાન તો ગંભીરતાનો ગુણ હોય,
છોળ દેખી છતની ન છકે છલકાઇને;
સંકટ સહન કરી સર્વની સંભાળ રાખે,
અમલ લઇ ન ઉંઘે ખૂબ ખાણું ખાઇને;
ન્યાયશાસ્ત્ર નીતિશાસ્ત્ર નિપુણ નરેશ હોય,
લેશ ન અનીતિ કરે, ભૂલથી ભમાઇને;
એવા ગુણ હોય તેજ, યોગ્ય રાજ આસનને,
ધિક એથી ઉલટાની, કાલી કકરાઇને. ૧૯
રાજ કરવું તે ન્હાના બાળની રમત નથી,
ગણી ગણી શું કહું રાજાના ગુણ ગાઇને;
દોર પર દોડવું કે ખેલવું ખાંડા ઉપર,
નથી ગણુતો કઠણ નટની નટાઇને;
સાચવી સઉનાં મન સર્વેમાં સાબાશી લેવી,
મહા મુશકેલ પૃથિવીપતિ પંકાઇને;
એવા ગુણ હોય તેજ યોગ્ય રાજ આસનને,
ધિક એથી ઉલટાની હાલી હકરાઇને. ૨૦
પુરૂષના ગુણની પરીક્ષા કરી જાણે પોતે,

[1] નકાર અને મી એટલે નમીને સ્ત્રીએ પોતાના પતિ નર સાથે વાત કરવી.

[2] જીવન એટલે જળ, કર એટલે કીરણ, જગદેવ સુરજ. બીજા અર્થમાં લોકોનું જીવન નાણું તે કર એટલે વેરાવડે ખેંચીને જગદેવ એટલે રાજા જરૂરને પ્રસંગે રૈયતના સુખ વાસ્તે પાછું વાપરે છે.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

જાણી લે જરૂર ઢાલી ઠગની ઠગાઇને;
પર દુઃખ કાપવાને પ્રાણ આપે પોતાતણો,
ખુશી થાય ખૂબ એક કીરતી કમાઇને;
રામ રાજા જેવું રાજ કરે તે અફાજવિષે,
જેનું ચિત્ત ચળે ન લગાર લલચાઇને;
એવા મુખ્ય હોય તેજ યોગ્ય રાજ આસનને,
ધિક એથી ઉલટાની ઢાલી ઠકરાઇને. ૨૧

દોહરા.

પુરાતની પ્રથિનાથના, યાદ કરો ઇતિહાસ;
મધુપ ભાડવા મથકરા, હતા તેહથી પાસ. ૨૨
પંથ ચુક્યા પૂર્વજતણો, હવે ઘણી થઇ હાણ;
પસ્તાઇ પાછા વળો, કુળ ધરછો કલ્યાણ. ૨૩

ઉપેંદ્રવજ્રા વૃત્ત.

અહો હશે તેશુભ કાળકેવો,અમૂલ્યએતો નથીઆજ એવો;
હતા નીતિની હદમાંરહેલા,કૃપાળુ ભૂપાળભલાભણેલા.૨૪
વિવેકીને શુદ્ધ વિચારવાળા, સ્વધર્મ ધારી પરમપ્રભાળા;
છિનાળવાં કે નહિતેછકેલા,કૃપાળભૂપાળ ભલાભણેલા.૨૫
કુદી કુદી કામ ભલાં કરેલાં, બહુ પ્રકારે બિરદોધરેલાં;
દુઃખે સુખેતેકદીનાડગેલા,કૃપાળ ભૂપાળ ભલાભણેલા.૨૬
પરાક્રમે પ્રૌઢ પ્રતાપ પામી, ન નમ્રતાની ક્ષણમાત્રખામી;
ધણુાવધીનેનથતાજયેલા, કૃપાળભૂપાળભલા ભણેલા. ૨૭
કુચાલ કે ક્રોધ કુબોધ કાંહી,પ્રજા[1]રૂજા કારણ કૃત્ય નાહી.
તમામ તે દુર્ગુણતોતજેલા,કૃપાળભૂપાળભલાભણેલા૨૮
ખણુબળિષ્ઠોમનુપોષણાથી, તથાપિતેનાશુચિચિત્તમાંથી;
મદાંધતાના મદતો મટેલા,કૃપાળભૂપાળભલા ભણેલા.૨૯
વડા શુરા વાંકડીમૂછવાળા,દિકાપરાયા દુઃખથી દુઃખાળા;
પરોપકારે રણમાં પડેલા, કૃપાળ ભૂપાળભલાભણેલા.૩૦
અજીતશત્રુ જમરાજ જેવા, નમાવીકીધા તૃણતુચ્છતેવા;
મહાસમુદ્રોબળથી મથેલા, કૃપાળભૂપાળભલાભણેલા.૩૧
વ્યલક્ષલક્ષ્મીઅરિ જીતીલીધી, કવીંદ્રજેવેવળીકીર્તિ કીધી;
વિશેષ થોડીવયમાં વધેલા, કૃપાળભૂપાળભલાભણેલા.૩૨
વિદ્વાનને માન વિશેષ દેતા, સુણીજનોનાગુણજાણીલેતા;
જણાય જેનાજશછેલફેલા,કૃપાળભૂપાળભલાભણેલા.૩૩
જનેશ્વરોનીરૂડીરીતજાણી, અથાગ ઉત્સાહ પ્રવાહઆણી;
રહસ્ય ગ્રંથો કવિયેરચેલા, કૃપાળભૂપાળભલાભણેલા.૩૪
ઠરેલ એવા નૃપ સર્વ ઠામે, અરે ન દીઠા દલપત્તરામે;
સુધૈર્ય ધારી વળીસુધરેલા,કૃપાળભૂપાળભલાભણેલા.૩૫

[1] રૂજા—પીડા.

વ્યંગાર્થ—મનહર છંદ.

એક સમે એક ક્ષત્રિ આગળ બ્રાહ્મણે કહ્યું,
અરે આજ અસલના ક્ષત્રિ યાદ આવિયા;
દેશમાં ન થવા દેતા પરદેશીનો પ્રવેશ,
જેઓએ સંગ્રામ સજી જશ સંપડાવિયાં;
અરે આ ભરતખંડ ભૂમિયે એવા ભૂપાળ,
શુરવીર ધીર ગુણવાળા કર્યા ગુમાવિયા;
કહે દલપતરામ સુણીને ક્ષત્રિયે કહ્યું,
અસલના ઋષિયોના રક્ષણે[1] સિધાવિયા. ૩૬

ભોજરાજા વિષે.

ઝલણા છંદ.

કોઇ શ્રીમંતતો શ્રેષ્ઠ હીરામણી,
અધિક સંગ્રહ કર કીર્તિકાજે;
કૈંક તો હાથી હય સરસ સંગ્રહ કરે,
ખાંતથી ખરીદ કરી મૂલ્ય ઝાઝે;
કંઇક તો આહીંને વાઘ ચિત્તા તથા,
પાળીને પક્ષી નિરખી નિવાજે,
પાંચસેં પંડતો કુશળ કવિતાતણા,
ભાવથી રાખિયા ભોજરાજે. ૩૭

દોહરો.

એક નૃપે કવિને કહ્યું, ન ગમે મને વખાણ;
સુણી કવિયે ઉત્તર કહ્યો, સાંભળ રાય સુજાણ. ૩૮

ઇંદ્રવિજય છંદ.

ડપણથી ચલવ્યા બહુ ડીંગળ,પિંગળ પાડ પડી ગુરુ પાસે;
નૃપતિભોજ ભલોજરિઝયો, પણુતેપરમાર ચરિત્ર પ્રકાશે;
કલ્પિત વિક્રમ વીર ચરિત્ર,વિચિત્ર રચ્યાં કરી છે ન કયારો;
ભોળપણાથી ભમાઇ ભૂલે નર,તુંથીદતેતુંનતત્વતપાસે.૩૯

દોહરા.

રાજ મળ્યું તો શું થયું, કરજે વિચાર કોય;
જાણે નીતિ રાજની, રાજબીજ જે હોય. ૪૦
તજી અયોધ્યા અવધપતિ, વીમરતાં વનવાસ;
પુર બહાર મળી સૈ પ્રજા, અંતર થઇ ઉદાસ. ૪૧

[1] મતલબ કે અસલના બ્રાહ્મણો ગયા, તે ભેગા ક્ષત્રિયે ગયા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરજોડી જન સૌ કહે, કોણ અમારો રાય;
પાળનાર નિશ્ચે કરી, વળતી થાઓ વિદાય. ૪૨
ત્યાં બાળક રમતાં હતાં, જૂદી જૂદી જાત;
એકે એક તેહને, રાયે પૂછી વાત. ૪૩
તુજને સોંપું રાજ તો, કેમ કરે તું રાજ;
સુણી બોલ્યા પ્રત્યેક તે, અહીં લખું છું આજ. ૪૪

હજામ બોલ્યો.—મનહર છંદ.

સોનાનો સજાયો ને અસ્ત્રાડીએ સોનાની કરૂં,
ચાંદીનો તો ચીપિયો કરાવીને વત્તાં કરૂં;
નરેણીએ લટકાવું લૂમખાં હીરામોતીનાં,
ખોટું નહિ વચન આ કહુંછું ખરેખરૂં;
કાતર ને કાંસકો કરાવું ઊંચા કુંદનનો,
કોથળી તો કીનખાબની વિશેષ વાવરૂં;
મળે રાજગાદી તો આ ખાદીનો રૂમાલ બોઇ,
ઉમદા એકાદી સાલ પથરણે પાથરૂં. ૪૫

નટ બોલ્યો.

કુકડાં ને કૂતરાં ભલાં ભલાં ભેળાં કરીયે,
પાડા ને ગધેડા પણ પાર વિના પાળીએ;
નાચીએ ને કુદીએ ન રાખીએ લગાર લાજ,
ગોકમાં ને ગમ્મતમાં દિન રાત ગાળીએ;
ઊંચી આંખો રાખી રોજ ચાલીએ ચૌટામાં ચાઢી,
નીચાં નેણ કરી શીદ ભૂમિ ભણી ભાળીએ;
મળે રાજપાટ તો ઉચાટ ચિત્તના તજીને,
છરા મૂકી છાંડી, છતે રૂપૈઆ ઉછાળીએ. ૪૬

ભિખારી બોલ્યો.

ગોળની કરાવું ગાડી સાકરનો સુખપાલ,
ખાંડની તો ખુરશીમાં બેઠા ગીત ગાઇએ;
પેંડા ને પતાસાં ખાસાં હાર કરી હૈયે ધરૂં,
કચેરીમાં બેઠા બેઠા ખાંતે ખાંતે ખાઇએ;
છોગાં મેલી ચાર છેલ બની ચૌટે ચાલ્યા જૈએ,
ન્હાઇએ તો ન્હાઇએ કે કદીએ ન ન્હાઇએ;
પોતે પૃથ્વીપતિ પછી કેના બાપની છે પ્રભા,
સુજે તેમ કીજીએ શા માટે શરમાઇએ. ૪૭

વણિક બોલ્યો.

દરબાર ખાતે દેશદેશમાં દુકાનો કરી,
ગંપાવીએ વિશેષ નાણું તો સરાફીએ;
ચાલે નહિ તેટલાજ રાખીએ ચાકરીઆટ,
લગાર લગાર તો પગાર સૌના કાપીએ;
કવિ ગુણી પંડિત કે આવે કોઇ આશ ધરી,
કોઇને કદાપિ એક દમડી ન આપીએ;
મળે મને રાજ તો હું કાજ એવું મોટું કરૂં,
થાપણ કરોડ બે કરોડ કરી થાપીએ. ૪૮

બ્રાહ્મણ બોલ્યો.

બ્રાહ્મણ કહે જો ભલા ભાગ્યથી હું ભૂપ થાઉં,
મેનામાં બેશીને રોજ જાઉં ભિક્ષા માગવા;
મોટા મોટા વરા કરી હુંજ વખણાઉં અને,
બ્રાહ્મણ બીજાનાં અભિમાન લાગ્યું ભાગવા;
વાડીયોમાં તુંબડાના વેલા વવરાવું અને,
દરભના પૂળા તો અનેક રાખું આગવા;
આવે શત્રુ ભોજ તેને આપું હું આશીરવાદ,
બ્રાહ્મણ જાણીને તે તો લાગે પગે લાગવા. ૪૯

દોહરા.

સર્વજને સુણીને કર્યો, મન નિશ્ચય મજબૂત;
રાજબીજ જે હોય તે, રાજ્ય યોગ્ય રજપૂત. ૫૦

કારભારી વિષે.

કાજકાજ કરનારનાં, વખાણ નિંદા થાય;
જાનૈયા ગોરવ જમે, તે ગાળો પણ ખાય. ૫૧

કુરાજ વિષે.

દોહરા.

શોભે સદૈવ મશ્કરા, મૂર્ખ પ્રજાપતિ પાસ;
નિર્જળ પર્વત પર સદા, હોય પથર કે શ્વાસ. ૧
હાકમ કે શ્રીમંત જન, જેમ કરે તે થાય;
ગરીબ બડબડતો રહે, રાય કરે તે ન્યાય. ૨
ન્યાયી રાજમાં તો ડરે, કાં બાળક કાં ચોર;
શાહુકાર તો ત્યાં ડરે, જ્યાં જુલમનું જોર. ૩
શોધે રણમાં સંગ તે, સિંહ કેમ કહેવાય;
સિંહ પુરુષ સ્વર્ગે ગયા, સંગ રહ્યા સુખદાય. ૪

વસંતતિલકા વૃત્ત.

તિવ્ર પ્રતાપધરનો જશ તો ન જામે,
સ્નેહીતણીજ શુભ કીર્તિ પ્રકાશ પામે;
બહિર્નુ તેજ ભુમિમાં વધતું ન ભાસે,
છાનિ વિપ્રિ ધરવાં પ્રસરી પ્રકાશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરા.

પુંછ નહીં પણ પશુ, નિરૂપયોગી તરૂ રૂપ;
નહિ ચતુરતના કામનો, પત્થર અભણયો ભૂપ. ૬
કુરાજમાં જઇ કાન કવિ, લેશ ન પામ્યો માન;
ઉતરવાને નવ મળ્યું, મકાન કે દુકાન. ૭

મનહર છંદ.

ધ્યાન તો [1]નિધાનના [2]વિધાનનું પ્રધાન ધરે,
કોણ પ્રભુ ધ્યાનના વિધાન મધ્ય ધ્યાન દે;
મહા અભિમાન ભર્યા માનવી સમાન સર્વ,
કોણ મતિમાનને ત્યાં માનવીમાં માન દે;
દાનને નાદાન લેવા દાન તે નિદાન દોડે,
કોણ ત્યાં વિદ્વાનને મેદાન પડી દાન દે;
[3]કાનના મકાનમાં છ કાનનું રકાન તે ત્યાં,
કોણ કવિ કાનને મકાન કે દુકાન દે. ૮

દોહરો.

વિપ્ર ખરો તે જાણિયે, જે વિદ્યા ભરપૂર;
તેમ હોય ક્ષત્રિય ખરો, દાનશૂર રણશૂર. ૯

શૂરવીર છત્રીશી.

કુંડળિયા છંદ.

પ્રજા ઉપર પીડા પડે, ચડે શત્રુ ચોપાસ;
શૂરવીર હીમત સજે, તજે મરણનો ત્રાસ;
તજે મરણનો ત્રાસ, વાસના તજે વપૂની;
મંડે ધરી મરદામી, રગડવા ફોજ રિપૂની;
દાખે દલપતરામ, ધન્ય તે મરદ ધરાપર;
તનને સમજે તુચ્છ, પડે જ્યાં પીડ પ્રજાપર. ૧

સામા શત્રુ સહસ્ર ને, હોય એકલો આપ;
હીમત છાંડી હઠે નહીં, છે જેને શિર છાપ;
છે જેને શિર છાપ; બીહે નહિ બહુની બીકે;
મારી શત્રુને મરે, ફરે નહિ મોઢે ફીકે;
દાખે દલપતરામ, કહે નહિ શબ્દ નકામા;
ડરે નહીં દિલમાંહિ, શત્રુ બહુ દેખી સામા. ૨

ઢાલ હાથ હીમતતણી, હાજર તે હથિયાર,
તથા નિરાશા તનતણી, બખતર તે બહુસાર;
બખતર તે બહુસાર, અન્ય નહિ બખતર એવાં;
બીજાં બખતર બધાં જુવતીની કાંચળી જેવાં,
દાખે દલપતરામ, મરણ ખેંચીલે માથે;
પકડે રૂડી પેર, ઢાલ હીમતની હાથે. ૩

તન જોરાવર જોઇને, નહિ જોરાવર જાણ,
મન જોરાવર જેહનું, ભડ નર ભલો પ્રમાણ;
ભડ નર ભલો પ્રમાણ, મરણિયો થઇને મંડે;
ભૂલી શરીરનું ભાન, ખૂબ રીપુ-દળને ખંડે;
દાખે દલપતરામ, જુઓ બળવાન જનાવર;
વદિયે નહિ શુરવીર, જોઈને તન જોરાવર. ૪

પ્રજા અર્થ લડતાં પડે, પળમાં જેના પ્રાણ;
ધન્ય પિતા માતા અને, જન્મ્યો ધન્ય સુજાણ;
જન્મ્યો ધન્ય સુજાણ, વિશ્વજન વિવિધ વખાણે;
રિઝે જગતનો રાય, ઠરે નિર્ભય ઠેકાણે;
દાખે દલપતરામ, પરમ સુખ પ્રભુ પમાડે;
જો જગમાં જન કોઇ, પ્રજા અરથે તન પાડે. ૫

પ્રજા ઉપર પીડા પડે, જુએ મરદ થઇ જેહ;
મરણ થકી મનમાં ડરે, તુચ્છ બુદ્ધિનો તેહ;
તુચ્છ બુદ્ધિનો તેહ, મરદ નહિ માદા જાણો;
નહિ મોઢાપર મૂછ પુંછડું એજ પ્રમાણો;
દાખે દલપતરામ, પુરૂષ ધડીયો પશુ ઘડતાં;
ઘરમાં પેસે ઘડ, પ્રજાપર પીડા પડતાં. ૬

મરવું માથે મનુષને, અવશ્ય એકજ વાર;
નહિ છોડે તે નાસતાં, કરતાં કોટિ પ્રકાર;
કરતાં કોટિ પ્રકાર, એક દિન નહિ ઉગરીયે;
સનમુખ થઇ શામાટ, મરદ થઇને નહિ મરીયે;
દાખે દલપતરામ, સુજશ મેળવીયે સાથે;
અવશ્ય એકજ વાર, મરણ માનવીને માથે, ૭

મરવાથી મનમાં ડરે, કરે જિગ્યાના કોડ;
અર્થ નહીં એકે સરે, ખરેખરી તે ખોડ;
ખરેખરી તે ખોડ, હોડ કરતાં તે હારે,
વિદેશમાં વિચરી, કેમ કરી કીર્તિ વધારે;
દાખે દલપતરામ, દુઃખ ન હઠે ડરવાથી;
કર્યું બને નહિ કામ, બીહે મનમાં મરવાથી. ૮

પગલે પગલે પ્રાણીને, માથે વળગ્યું મોત;
સૂતાં બેઠાં સોડતાં, સદા મરણ ભયસોત;
સદા મરણ ભયસોત, સરપ અગની ઘર માંહી;
ડરાયે તો દિશિ કોઇ, કેમ જઇ શકિયે કયાંહી;
દાખે દલપતરામ, જીવ જોતામાં ઠગ લે;
મરણતણો ભય મહા, આણિને પગલે પગલે. ૯

---

૧ નિધાન-ખજાનો. ૨ વિધાન-ભરવાની રીત.
૩ કાનના-ઠાકોર કાનાજીના દરબારમાં ત્રણ દીવાનની મંજુરીથી મેમાનને ખાવાનું મળતું હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘરમાં બેઠે ઘર પડે, વાટે કાટે શ્વાન;
કુવા ઉપર જઇ કેમ કરીં, ભરીયે નીર નિદાન;
ભરિયે નીર નિદાન, મરણથી જો મન ડરીયે;
પડતાં જાએ પ્રાણ, વાહને કેમ વિચરીયે;
દાખે દલપતરામ, વહાણ બૂડે સાગરમાં;
ડરીં ક્યાં જઈયે દૂર, પડે ઘર બેઠે ઘરમાં. ૧૦

પાપીને તો પિંડ નિજ, તજતાં ઉપજે ત્રાસ;
પુણ્યશાળીને પ્રભુ સમીપ, વસવો છે જઇ વાસ;
વસવો છે જઇ વાસ, મરણથી મન ન બગાડે;
ગાજરની પિપુડી વાગી ત્યાં સુધી વગાડે;
દાખે દલપતરામ, લેવું જર રજ આપીને:
તેને શેનો ત્રાસ, ત્રાસ પૂરો પાપીને. ૧૧

એક ટેક અશ્વે ચડં, લડં લડને લાગ;
રિપુદળપર તૂટી પડે, પાછો ન ધરે પાગ;
પાછો ન ધરે પાગ, ઘાવ વાગે વટમાંહી;
ચડં ચોગણું નૂર, કરે નહિ ચિંતા કાંહી;
દાખે દલપતરામ શરીરમાં ઘાવ ન સાલે;
અદકો વાધે ઉમંગ, ટેક અશ્વે ચડી ચાલે. ૧૨

રણશિંગાનો રવ સુણી, ચડે શરીરે શૂર;
સિંધુરાગ સુણિ સોગણું, નરતન ઉપજે નૂર;
નરતન ઉપજે નૂર, ડરે નામરદ નઠારા;
થરથર ધ્રૂજે સ્થૂળ, ગણે પર્છી તે પોબારા;
દાખે દલપતરામ, ચર તે કહીંયે શાનો;
હરખ ન ઉપજ્યો હોય, સુણી રવ રણશિંગાનો. ૧૩

તોપતણા ત્યાં તે સમે, ભલા ભડાકા થાય,
ગડુડુડુ ગોળા ગડગડે, ઘણાક લોક ઘવાય;
ઘણાક લોક ઘવાય, રૂધિરના ચાલે રેલા;
ખરાખરીનો ખેલ, રચે બળિયા અલબેલા;
દાખે દલપતરામ, ઝડપથી કરે ઝડાકા;
બીહે નહીં બળવાન, તોપના સુણી તડાકા. ૧૪

ભાલા ચળકે ભભકથી, બાણ વૃષ્ટિ બની હોય;
કાપાકાપી કઇ કરે, ત્રાસ ન ઉપજે તોય;
ત્રાસ ન ઉપજે તોય, દિવસ લેખાનો લેખે;
ટૂકટૂક થઇ પડે, દેહને તૃણવત દેખે;
દાખે દલપતરામ, મરદ સાચા સતવાલા;
હઇડે પામે હરખ, ભભકતા દેખી ભાલા. ૧૫

માથાં રખડે મરદનાં, ભાથા પણ ભૂમાંહિ;
પડયા અશ્વ ત્યાં તરફડે, જુદ્ધક્ષેત્ર છે જ્યાંહિ;
જુદ્ધક્ષેત્ર છે જ્યાંહિ, ભયંકર ભૂમિ ભાસે;
બળવંતા બહાદૂર, તથાપિ જરી ન ત્રાસે;
દાખે દલપતરામ, ખડગની ધારા ખખડે;
અગ્નિબાણ ઉછળે, મરદનાં માથાં રખડે. ૧૬

બૂઝે બીજી વાત નહિ, ઘણું રચે ઘમસાન;
વેરીકેરો વાવટો, તે લેવાનું તાન;
તે લેવાનું તાન, ભાન તનથી તે ભૂલે;
વેરી વખાણે ઘાવ, ફરી પોતે નહિ ફૂલે;
દાખે દલપતરામ, વિનામાથે ધડ ઝુઝે;
ધીંગાણે ન ધરાય, વાત બીજી નહિ બૂઝે. ૧૭

સાચો શૂરો તો કરે, શત્રુતણો શિકાર;
કદી ન ડાંભે દેડકાં, જન કહેશે જખમાર;
જન કહેશે જખમાર, શૂરપણું તેમાં શાનું;
હણે વેરી કે વાઘ, મરદ તો તેને માનું;
દાખે, દલપતરામ, ગરીબને હણે તમાચો;
કહિયે હલકું કામ, કરે નહિ શૂરો સાચો. ૧૮

સાચા શૂરા જુધ સમે, હરખે હઇડા માંહિ;
કાયા માયા કામની, યાદ કરે નહિ કાંહિ;
યાદ કરે નહિ કાંહિ, પુત્ર પરિવાર વિસારે:
પૂછે નહિ પરિણામ, મરણિયો થઇને મારે;
દાખે દલપતરામ, ડરે દિલ કાયર કાયા;
મંડે થઇ ઉન્મત્ત, હોય જે શૂરા સાચા. ૧૯

શૂરા જન સંગ્રામમાં, ચડે હરખ ભર ચિત્ત:
રાજ સાજ સુખ સાહેબી, તે ઉપર નહિ પ્રીત;
તે ઉપર નહિ પ્રીત, મરદ ચાલે ઘર મેલી;
તનુજ તનૂજા તજે, તજે પ્યારી પરણેલી;
દાખે દલપતરામ, પ્રમાણિક કહિયે પૂરા;
માયા મમતા તજી, ચડે સંગ્રામે શૂરા. ૨૦

બોલે મોટા બોલ નહિ, ઘરમાં ઘરણી પાસ:
જ્યાં નિકળે તરવાર ત્યાં, ચડે તજીને ત્રાસ;
ચડે તજીને ત્રાસ, વીર હાકો જ્યાં વાગે:
બહુ વૃષવે બાણ, ભલે પણ ડરી ન ભાગે;
દાખે દલપતરામ, ખડગ હીમતથી ખોલે:
નવ જીભ રાખે નામ, બોલ મોટા નવ બોલે. ૨૧

નરમ બોલ બોલે નહીં, પરમ પ્રૌઢ શુરવીર;
ચરમ હાડ સોતા તજે, ધરમ ધુરંધર ધીર;
ધરમ ધુરંધર ધીર, કરમ અદ્ભુત કરનારા;
શરમ તજી રિપુસાથ, ગરમ લોઢે લડનારા;
દાખે દલપતરામ, મરમ સમજે મનમાંહી;
ભાગે જેથી ભરમ, નરમ મુખ બોલે નાહી. ૨૨

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

મરવાનું મનમાં ધરી, પછી જુદ્ધમાં જાય;
હોય અધિક એ એકલો, થિર ચળ મન નહિ થાય,
થિર ચળ મન નહિ થાય, આપ બળથી તે ઝુઝે;
અન્ય કોઇની આશ, રાખવી ફદે ન સુજે;
દાખે દલપતરામ, કામ ધારે કરવાનું;
કરતાં પ્રથમ પ્રમાણ, ધરે મનમાં મરવાનું. ૨૩

તસ્કર ભય તેને નહીં, જર નહિ જેની પાસ;
જિવતર આશા જે તજે, તો રિપુનો શો ત્રાસ;
તો રિપુનો શો ત્રાસ, ફદેમાં તે નર રાખે;
મરદ પડી મેદાન, શત્રુ શિરપર ધા નાંખે;
દાખે દલપતરામ, ન લે દિલ ડર લશ્કરનો,
જર નહિ જેની પાસ, ત્રાસ તો શો તસ્કરનો.૨૪

લગન સમે લડવાતણો, પડે કાન પોકાર;
લગન તજી લડવા ચડે, તે શૂરા સરદાર;
તે શૂરા સરદાર, પરમ ખુશીઁ તેમાં પામે;
જાણે જીવતર સફળ, જગતમાં જશ બહુ જામે;
દાખે દલપતરામ, કરે જુદ્ધ કોડે કોડે;
મગન થઇ મનમાંહિ, લગન તજી લડવા દોડે. ૨૫

વિવાહના મંડપ વિષે, વનિતા કરે વિનોદ;
શૂરવીર સંગ્રામમાં, પેખી ધરે પ્રમોદ,
પેખી ધરે પ્રમોદ, કરી કેસરિયા વાઘા;
શત્રુ સેનની મધ્ય, આડમ થઇ પેન આઘા;
દાખે દલપતરામ, રગતનો રંગજ ચાહે;
જેની જુદ્ધમાં પ્રીત, પ્રીત નહિ એવી વિવાહે. ૨૬

સારાંશ.

લડો લડાઇ લક્ષ દઇ, દુરગુણ શત્રુ સાથ;
કામ ક્રોધ મદ લોભ રિપુ, હરાવીં કરીં લો હાથ.
હરાવીં કરીં લો હાથ, કષ્ટ બહુ તે કરનારા;
બિજા શત્રુ બાપડા, વગર મારે મરનારા;
દાખે દલપતરામ, ચતુર નર કરો ચડાઇ;
કામ ક્રોધ રિપુપાથ, લક્ષ દઇ લડો લડાઇ. ૨૭

મરશો મંડો જુદ્ધમાં, પાછી ન વેરો પની;
જીતો તો જમતેશ તો, મોજ મળે મનમાની.
મોજ મળે મનમાની, સુખ તે વર્ણું કેટ;
કરવું નિમક હલાલ, શત્રુથી લડી લડાઇ;
દાખે દલપતરામ, ન ગમુગો દિલમાં દરદો;
હીમત રાખી હમેશ, જુદ્ધમાં મંડો મરદો. ૨૮

મરદો માથે સર્વને, મરવાનું તો છેજ;
પણ પરમારથ કારણે, મરવું ઉત્તમ એજ;
મરવું ઉત્તમ એજ, સકળ સંસાર સંભારે;
વાહ વાહ કહિ વિશ્વ, અહોનિશ કીર્તિ ઉચારે.
દાખે દલપતરામ, બોલીને પાળો બરદો;
મરવાનું તો છેજ, સર્વને માથે મરદો. ૨૯

મરદો સંકટ સહન કરીં, કરો લોક હિત કામ;
આજ ભોગવો આપદા, પણ જશ છે પરિણામ;
પણ જશ છે પરિણામ, પ્રભુ અતિ પ્રસન્ન થાશે;
ઉત્તમ આ જગમાંહિ, લેખ ઇતિહાસ લખાશે;
દાખે દલપતરામ, ધરાપરા મસ્તક ધરદો;
કરો લોકહિત કામ, સહન કરીં સંકટ મરદો. ૩૦

સૂરજન સંકટથકી, હરખડો તજે ન હામ;
સંકટથકી સદા ડરે, તે શું કરશે કામ,
તે શું કરશે કામ, સમય પેસે સંતાઇ;
મડદા જેવો મરદ, નહી જે શૂર સિપાઇ;
દાખે દલપતરામ, પુરુષ જે બહાદુર પૂરા;
કરતાં પરહિત કામ, ગણે નહિ સંકટ શૂરા. ૩૧

શૂરપણું નહિ શરીરમાં, પુરુષાકાર પ્રમાણ;
તે માટીનાં પૂતળાં, જીવ વિનાનાં જાણ,
જીવ વિનાનાં જાણ, પ્રાણ ધરીં ધમણની પેઠે;
આયુષ પુરૂં કરે, ઘેર સુતે કે બેઠે;
દાખે દલપતરામ, ધિક નર તનુ ધરી રે;
મરદ માનિયે કેમ, શૂરપણું નહીં શરીરે. ૩૨

કરે હામનાં કામ તે, શૂરવીર કહેવાય;
જર ખરચી જશ મેળવે, કે દુર દેશે જાય.
દુર દેશે જાય, હુનર શીખે કીમતથી;
પરહિત કાજે પ્રાણ, તજે વળીં વણ કીમતથી,
દાખે દલપતરામ, પ્રભૂ ભજી પાદ પડે તે;
શૂરવીર કહેવાય, હામનાં કામ કરે તે. ૩૩

કામની કહેછે કંથને, શત્રુ ચડયો ધરીં દ્વેષ;
પહેર ચણિયો કાંચળી, પછી ઘર ખૂણે પેશ;
પછી ઘર ખૂણે પેશ, વેશ બદલું વનિતાનો,
જઇ હું જીતું જંગ, જમાતું જશ જનિતાનો;
દાખે દલપતરામ, ફદે મુજ હીમત રહે છે;
તું માદા હું મરદ, કંથને કામની કહે છે. ૩૪

પ્રથમ થકી આમળ પડી, પછીં મનમાં પસ્તાય;
ઉભય ભ્રષ્ટ એતો થયો, નર તે બહુ નિંદાય.
નર તે બહુ નિંદાય, વિચારી કારજ કરવું;
કર્યા પછી શુભ કામ, કદી દિલમાં નહિ ડરવું;
દાખે દલપતરામ, પડે પીડા બહુ ગમથી;
તો પણ તજીયે ત્રાસ, પડી આગળ પરથમથી. ૩૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અધિક વિચારી આપ બળ, કરીંયે મોટું કામ;
પણ આશા ધરીં પારકી, હિયે ન ધરીંયે હામ.
હિયે ન ધરીંયે હામ, બોલનારા બહુ મળશે;
પણ જ્યાં સંકટ પડે, ખશી જાવા ખળભળશે.
દાખે દલપતરામ, શિખામણ સુણજે સારી;
કરજે મોટું કામ, અધિક બળ આપ વિચારી. ૩૬

હિંમત વિષે—દોહરો.

હિંમત નરમાં હોય તો, આણે દુઃખનો અંત;
થાય પ્રસિદ્ધિ પૃથ્વીમાં, વળી થાય ધનવંત. ૧

મનહર છંદ.

હિમત જો હોય તો હરેક કામ કરી શકે,
હિમતથી વાઘ વડા હાથીને વિદારે છે;
હિમતથી નારી પણ હથિયાર હાથ ગ્રહી,
મહાવન માંહી મોટા મરદને મારે છે;
હિમતથી ભૂત પ્રેતતણો ભય ભાગી જાય,
હિમતથી મણીધર હાથમાંહી ધારે છે;
હિમત જો હૈયા માંહિ હોય દલપત કહે,
બુડતાને બાંહે ગ્રહી તરે અને તારે છે. ૨

દોહરો.

છેક ટેક નહિ છોડીંયે, આવે કષ્ટ અનેક;
વાળી ગાંઠ વિવેકથી, એ સાચવિયે એક. ૩

ઇંદ્રવજ્રા વૃત્ત.

વાંકી સીધી જે મન ગાંઠવાળે, તેતો પડેછે કળ જેમ તાળે;
કુંચી વિના મરતક કોઇ ફૂટે, છોડાવતાં જોરથી તે ન છુટે.૪

ઉપેંદ્રવજ્રા વૃત્ત.

ભુલાવવા વાત વિભીષણાને, પડાવવા રામ સખાપણાને
અધર્મિયેઅક્કલ ઉથીઆપી,આપાપીં પાપીનથતોતથાપિ.

મનહર છંદ.

પ્રભાકરને પ્રતિજ્ઞા પ્રભા પુરી પાડવાની,
પ્રતિજ્ઞા પ્રમાણે પોતે પ્રભા પૂરી પાડે છે;
[1]પાવસ ને પ્રતિજ્ઞા છે પાણી પહોચાડવાની,
પ્રતિજ્ઞા પ્રમાણે પાણી પોતે પહોચાડે છે;
પાળવિના પાણી ભરપૂર રાખી પ્રતિજ્ઞાથી,
સાગર સદૈવ જુઓ સ્વસ્થળ સીમાડે છે;
પ્રતિજ્ઞાનો પ્રતિબંધ દેખો દલપત કહે,
દુનિયાંને દિલમાંહી દિલાસો દેખાડે છે. ૬

દોહરા.

જેણે જોયાં જુદ્ધ બહુ, શિશુથી શું ડર ખાય;
જે શિર નોબત ગડગડે, થાળી પિટે શું થાય. ૭
પરાક્રમી પરાક્રમ કરે, જો ઉશ્કેરણ થાય;
કમાન ઉશ્કેરે તદા, તીરે દૂર જવાય. ૮

માલિની વૃત્ત.

તરૂણ જુવતિ જોડે, ડોશી વિસ્તાર વાળી,
પરમ હરખ પામે, પુત્ર પૌત્રાદિ ભાળી;
તરૂણ સુભટ ટોળી-માં મળી એક ઠામે,
રણ વિજયિ ગરો કેમ સંકોચ પામે. ૯

દોહરા.

વધે પલકમાં વાદળી, લાગે પ્રથમ લગાર;
તેમ પરાક્રમી પુરૂષને, વધતાં શેની વાર. ૧૦
જન્મ ધરે જ્યાં મહત જન, ગણાય ઉત્તમ ગામ;
સ્નેહ સહિત સંસારી સૌ, નિત્ય સંભારે નામ. ૧૧
ધન્ય ધન્ય તે ગામને, ધન્ય વર્ષ તે વાર;
ઉત્તમ જનના જન્મથી, સંભારે સંસાર. ૧૨

ઇંદ્રવિજય છંદ.

જ્યાં પ્રગટયો નપરાક્રમી પુરૂષ,તેપુરમાંહિ ખરેખરીંખામી;
તે જુવતીનું વૃથા ગત જીવન,જે કુળ દીપક પુત્ર ન પામી;
જે ઘડીમાં શુભ કામ બન્યું નહિ,તેઘડી તેકહિયેજ નકામી;
પિંડ વૃથા દલપત્ત કહે,રહે અંતર જોનહિઅંતરજામી.૧૩

દોહરો.

શીખ્યા વિના ન આવડે, કુળ ધંધાનું કામ;
રાજનીતિ પણ વણજ ભણે, દિસે ન કોઇ ઠામ.૧૪
તે માટે ભણતર ભણો, રૂડા રાજકુમાર;
તોજ ચલાવી જાણશો, આપ તણો અધિકાર. ૧૫

---

૧ પાવસ—વરસાદ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજવિદ્યાભ્યાસ.

ધનુષબંધ.



આ દોહરો આખો ચિત્રેલા ધનુષમાંથી વંચાય છે.

દોહરો.

પતિ નહિ મારિ પિછાનમાં, કોણ ધનુષ ધરનાર;
માહિત ભણતર મહીપતિ, નહિ માહિત ચડિમાર. ૧

અર્થ.

એક સ્ત્રીએ કોઇ તીર કામઠાવાળા પુરુષને દીઠો ત્યારે પોતાના પતિને પુછ્યું કે, ઓ પતિ ! મારી પીછાનમાં નથી, કે એ ધનુષ ધરનાર કોણ છે? જવાબ દીધો કે, ભણતરમાં માહેર હોય તો રાજા અને નહિ માહેર હોય તો ચડીમાર.

દોહરા.

શ્રીશનામીં જગદીશને, એ આશીશ લહીશ;
ભણે મહીશ આ દેશના, મોટા ગુણ માનીશ. ૧

જે પ્રભુએ સઉ જીવને, આપ્યા ગુણ કઇ એક;
અધિક મનુષમાં આપિયાં, વિદ્યા કળા વિવેક. ૨

તે પ્રભુની કરીં પ્રાર્થના, માગું તેની પાસ;
દિન દિન રાજા રંકને, વધતો વિદ્યાભ્યાસ. ૩

આ અવસર આ દેશના, ધનવંતા જે લોક;
જાણે છે ભણવાતણી, કરવી મહેનત ફોક. ૪

તે માટે મહેનત કરી, ભણે ન વિદ્યા ભૂપ;
રૈયત [૧]પરતાબે થવા, ચિતમાં ચાહે ચૂપ. ૫

ભૂપતિના પરધાન પણ ઇચ્છે આડો જામ;
વિદ્યા ભૂપ ભણે નહીં થાય અમારૂં કામ. ૬

તે દેખી મન માહરૂં, અતિશય ધરે ઉતાપ;
જો જગપતિ કરૂણા કરે, ટળે સરવ સંતાપ. ૭

ભાખું ભાષણ તે વિષે, સુણજો સ્નેહ સહિત;
જેથી તમને ઉપજે, પઢવા ઉપર પ્રીત. ૮

મહેતાજી એક ગામના, નામે વિદ્યારામ;
વર્ત્તમાન પરદેશનું, વાંચી થયો વિરામ. ૯

શુણી સુધારો દેશનો, અચરજ પામ્યો એહ;
કળા કુશળતા કાયદા, નવિન તરેહના તેહ. ૧૦

મંડળીઓ મોટી રચે, મોટા મળી ગ્રહસ્થ;
કરે ઉપાય અનેક વિધ, સુધરે દેશ સમસ્ત. ૧૧

અધિપતિ પણ અધિકું ભણી, પામે બુદ્ધિ વિશાળ;
ભણવા જન વ્રધબાળને, શાળા અને નિશાળ. ૧૨

એ વગેરે વાંચી કરી, અંતર થયો ઉદાસ;
ભૂપ ભણેલ ન આપણો, કહીં નાંખે વિશ્વાસ. ૧૩

નાથ નપુંસક જેહનો, તે નારી દુઃખી થાય;
જહાં ભણેલ ન ભૂપતિ, તેની પ્રજા પિડાય. ૧૪

ભુજંગી છંદ.

કહાં જૈ કહું વાત આ દુઃખ કેરી,
ભણેલા વિના ભૂપ કેવી કચેરી;
મળી મંડળી વાનરા જેમ જાણી,
હસે ને કુદે ને વદે ક્રૂર વાણી. ૧૫

હમેશાં તણી ચાલતી ચાલ ચાલે,
સુધારો વધારો કશો ના સમાળે;
રહી પાછળે વસ્ત્ર જો કોઇ તાણે,
ન દેખે શુણે ભેદ કાંહી ન જાણે. ૧૬

ઉપાયો છતે લાખ એકે ન સુઝે,
ભરી પેટ ઉંઘે બિજુ તો ન બુઝે;
થઇ ફાંકડા આંકડા મુછ વાળે,
ગઇ પાઘડી આ ઘડો ના સમાળે. ૧૭

દોહરો.

અધિપતિની ઉમર ગઇ, થઇ વૃદ્ધતા આજ;
પણ કુંવરજી જો પઢે, સુધરે સઘળાં કાજ. ૧૮

૧ ઇજારદારની હરકતથી આ દેશના રાજાઓની પ્રજા અંગ્રેજ સરકારના ખાલસામાં જવા ચહાય છે તેમ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમ વિચારી વિપ્ર તે, વિચર્યો રાજદુવાર;
એકાંતે પરધાનને, મનનો કહે વિચાર. ૧૯
રાજકુંવરે એ સમે, [1]દ્વિજ પ્રધાનની વાત;
પ્રીત સહિત પકડે રહી, સર્વ સુણી સાક્ષાત. ૨૦

ચોપાઇ.

નામ પ્રધાનતણું ધનપાળ, તેને વિપ્ર કહે તે કાળ;
સાંભળ અકલતણાદરિઆવ, ભૂપ કુંવર નિશાળેલાવ.૨૧
છે વય છોટી અધિક બુદ્ધવંત, ભાસે ભણશે એહ તુરંત;
કહે પ્રધાન સુણો મહારાજ,એવીવાતનકરશોઆજ. ૨૨
ભૂપતિ સુત ભણવું આચરે, વણિકતનુજ શું વત્તાં કરે;
નહિભણતરનો અરથલગાર,અમે છિયેનામું લખનાર.૨૩
રામજીએ જે આપ્યું રાજ, નથી દુકાન ચલાવવી આજ;
ખાય પીએ ને માણે મોજ, માથાકૂટ કરે શીદ કાજ. ૨૪

દોહરા.

મુખર્યો મહેતાજી કહે, સુણ મંત્રી શિરતાજ;
ભણ્યા વિના ભૂપતિતણું, કહો નિભે કેમ રાજ. ૨૫
કાગળ સહીં કરવી પડે, વણ વાંચે કયમ થાય;
આવે પત્ર અગત્યનો, કયાં વંચાવા જાય. ૨૬
રૂડું ચહો જો રાજનું, આપો એ અભિપ્રાય;
પ્રાતઃકાળે કુંવરજી, વિદ્યા ભણવા જાય. ૨૭
મંત્રી કહે દ્વિજ સાંભળો, સત્ય કહું સાક્ષાત;
તમે તમારી મતલબે, કહો છો સઘળી વાત. ૨૮
બે માણસ વધતા નિભે, વગર ભણે મહીનાથ;
ગરજ મટે પરધાનની, લખે પઢે નિજ હાથ. ૨૯
સહીં સાટે કાગળ વિષે, કરે [2]નિશાની કાંઇ;
મોહોર ઘડાવી હેમની, રાખે વીંટી માંઇ. ૩૦
જોતાં પેઢી સાત ગઇ, ન ભણ્યા કોઇ હજૂર;
કામ કશું અટક્યું નહીં, જાણો તમે જરૂર. ૩૧
રાણી એક ભણેલી છે, તે પણ લેછે પ્રાણ;
હિસાબ પૂછે હરઘડી, લાગે તીખું બાણ. ૩૨

રાગ ઓખાહરણનો.
(મારી ઓખાબાઇ સલુણાં, તમે વરત
કરોને અલુણાં. એ રાગ.)

કહે વિપ્ર સુણોજી પ્રધાન, તમે રાખો વિવેકનું જ્ઞાન;
એકઆપનો સાધવા અર્થ, કેમએવડોઇચ્છોઅનર્થ. ૩૩
જ્યારે રાજા ભણે રાજનીતિ, ત્યારે ન્યાય કરે શુભ રીતિ;
જેવું નીર વિનાનું નવાણ, જેવો પિંડ વિનાનો પ્રાણ. ૩૪
જેવો પુરૂષપણા વિના મર્દ, જેવો વેદ ન જાણીતો દર્દ;
એવો વિદ્યાવિના નૃપ મિત્ર, નામ વાઘ લખ્યો જેમ ચિત્ર.૩૫
પ્રજાવૃદ્ધિપાવૈથી ન થાય, નૃપ મુરખે ન રાજ્ય રખાય;
જુવો વિચારીને આ કાળ, ભણ્યા હોત સરવ ભૂપાળ. ૩૬
ચાલ્યા હોત સદા સંભાળી, રાખી સંપ કુસંપને ટાળી;
વાંની જાણત પરદેશી વાત, નવા કાયદા મજબુત થાત. ૩૭
કેમ આવત પરદેશી રાજ, એજ જુઓ દાખલો આજ;
વળી રાખજો નિશ્ચે મનમાં, વિદ્યા વૃદ્ધિન થૈ જો રાજનમાં૩૮
કદી દૂર દારિદ્રય ન થાશે, પર હાથ જમી સર્વ જાશે;
તમે રાજાને મૂરખ રાખી,મનમાન્યોલહોસ્વાદચાખી. ૩૯
આગે થાશે પ્રજા જે તમારી, નિશ્ચે દેખશે વખત નઠારી;
નીર હોય કુવામાં સદાઈ, ત્યારે આવે અવાડામાં ભાઇ. ૪૦
રાજા નભણે રાજ્ય તુટી જાશે, ત્યારે વંશ તમારો શું ખાશે;
સાત પહેડી કહોછોનભણેલા,ત્યારે આવી છે આવી વેળા.૪૧
એનો આજ વિચાર જો લાવો, ભૂપપુત્રને વિદ્યા ભણાવો;
ઇતિહાસ ભૂગોળ ખગોળ, શીખી આણે સમજુનો ડોળ.૪૨
દેશાવરની ખબર સર્વે જાણે, ઇચ્છા દેશ સુધારાની આણે;
વિદ્યાસભાના અધિપતિ થાય, સુણે સર્વતણા અભિપ્રાય.૪૩

દોહરા.

મેતાજી મન દેઇ સુણો, પ્રીતે કહે પ્રધાન;
વધે ઘટે જે રાજ્ય પદ, સમજો ભાગ્ય સમાન. ૪૪
ભણવાથી ભૂપતિ બણે, એ હોય સત્ય ઉપાય;
મેહેતાજી છે જે સહુ, તે સહુ મહીપતિ થાય. ૪૫
દેશ વિદેશે પરવરો, વિદ્યા ભણો વિશેષ;
ભાગ્ય વિના ભટકી મરો, લાભ ન પામો લેશ. ૪૬
રીઝયા જેને રામજી, આપ્યું સવળે હાથ;
ભણો ગણો કે નહિ ભણો, કોડી ઘટે ન કાય. ૪૭

ચોપાઇ.

વિદ્યારામ કહેછે વળી, સુમતિ પ્રધાન લહો સાંભળી;
કરે નસીબ વિશ્વાસે કાજ, તેને ઘેર રહે નહિ રાજ. ૪૮

છપ્પો.

લહી નસીબનું નામ, રામ ન લડત રાવણથી,
સીતાજી શી પેર, ફેર આવત દક્ષણથી;
ભાગ્ય ભરૂંસે રહત, પાંડવો કૌરવ સાથે,
રહત હાથમાં [1]પત્ર, છત્ર નહિ માંડત માથે;

---

૧ બ્રાહ્મણ. ૨ ઇડરનો રાજા સહી સાટે ડુંગરો કરે છે અને માણસાનો રાજા તીરકામઠું કરે છે, એવો પરંપરાનો ચાલ છે.

૧ જોગીનું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહીં ભાગ્ય ભરૂંસે ભૂપ જે, રૂપ ન રચશે કામનો;
પાણીની પીડે તે પ્રજા, ગોંદરો તજશે ગામનો. ૪૯

દોહરા.

સાઠ વર્ષનું માનવી, જો વિદ્યા ન ભણેલ;
બાળ બુદ્ધિ તેમાં વસે, થશે નહીં સુધરેલ. ૫૦
બાળ બુદ્ધિનો નરપતિ, અબળા પ્રબળા હોય;
નિજ સ્વારથી પ્રધાન જ્યાં, કહીંયે સુખ ન કોય. ૫૧

પ્રધાન બોલ્યો.

કંડી પ્રકૃતિ કુંવરની, ભણતાં જીભ ઝલાય;
ભણતર ચિત્ત ચડે નહીં, એનો શો ઉપાય. ૫૨

મહેતાજી બોલ્યો.

ગોળ અધાડો વાવડીંગ, શંખાવળી વજ સુંઠ;
વિદ્યાબ્રાહ્મિ શતાવળી, [1]ગાના ઘીમાં ઘૂંટ. ૫૩
ઉઠી પ્રભાતે જે ગળે, એ ગોળી નિત્ય એક;
મટે સ્વભાવે શિથિલતા, વિદ્યા ચડે વિવેક. ૫૪
સોબત પંડિત વૃદ્ધની, સુધરેલા ભણનાર;
ભણવાની રૂચિ ઉપજે, સુધરે રાજકુમાર. ૫૫

પ્રધાન બોલ્યો.

વિદ્યાબ્રાહ્મી ભાંગ તે, તાડી શતાવાળ [2]સાટ;
વાવડીંગ તો આકુદી, માજમ તે વજમાટ. ૫૬
અફીણ અધાડા થાનકે, શંખાવળી શરાપ;
ગોળ તજી ગાંજો પીએ, એ કુંવરજી આપ. ૫૭
સોબત ગોલાની સદા, ઠઠ્ઠાબાજી થાય;
પરનારીની એબની, વાતો સુણે સદાય. ૫૮
સારૂં મનુષ્ય ત્યાં જે ચડે, ક્ષણભર નહીં સમાય;
તે પણ તેવો થાય તો, રીઝે તેને રાય. ૫૯
અમો ખુશી એ દેખીને, એને જોઈએ એજ;
ભૂપ ભણ્યે પરધાનનું, તુરત ઘટે છે [3]તેજ. ૬૦
શત્રુ જાગે સામટા, કહીં કરજ બહુ થાય;
છોકે નહીં પરધાનના, રહે કબજામાં રાય. ૬૧

છપ્પો.

વિપ્ર હાથ તરવાર, વણિક પંચાંગજ વાંચે,
જંગમ ફાડે વાંસ, ઘંટ લીધો કર ધાંચે;
અસ્ત્રો લહે કુંભાર, લહે ટપલો જો નાથ,
કાંટો લંઘો લહે, લહે સોની સરચાઇ;
લહે હાથ ભભૂત ગૃહસ્થ જો, બાળક જોગી બાથમાં;
એટલાં કદીએ શોભે નહીં, લેખણ નૃપના હાથમાં. ૬૨

દોહરો.

સુણો અસલના શેઠીયા, ન ભણ્યા કદી નિશાળ;
ગરજ ભણ્યાની નહિ રહે, જેનાં ભાગ્ય વિશાળ. ૬૩

ભુજંગી છંદ.

હતા ભાગ્યશાળી વડા ભૂમિ માંહી,
હતું રાત દહાડાતણું ભાન નાહિ;
કહાં દિન ઉગે કહાં આથમે છે,
હશે કોણ રાજા કહાં તે વસે છે. ૬૪
કહ્યું કોઈયે આજ રાજા પધારે,
કહ્યો ઉત્તરે બોલ નાંખો વખારે;
હતા સુખી એવા પ્રજા સર્વ જોતી,
તેને કાંઇ વિદ્યાતણી ગર્જ ન્હોતી. ૬૫
ગયું દ્રવ્ય જ્યારે રહ્યું નાહિ હાથે,
હવે સર્વ ચિંતા પડી લોક માથે;
સુજે છે કયા શ.ખની વાત ત્યારે,
ગયું દ્રવ્ય ને ભૂ : આવીજ જ્યારે. ૬૬
જેને રાજ્ય વૃદ્ધિ સમૃદ્ધિ છ પૂરી,
કરે કેમ વિદ્યા ભણ્યાની મજૂરી;
ઘણા નોકરો ચાકરો નામું માંડે,
મળે ભાત તે ડાંગરો શીદ ખાંડે. ૬૭
ઘણાં ઘેર ઘોડાં પગે જેહ ચાલે,
છતે સાણસે હાથથી સાપ ઝાલે;
બોંજો મૂઢ તેથી હશે કોણ મોટો,
છતી સાહેબીમાં કરે શ્રમ ખોટો. ૬૮
મને સમૃદ્ધિ જો મળે એવી પ્રૌઢી,
સુખે ખાઇ પીને રહું નિત્ય પોઢી;
સુણી વાત એવી વદે વિપ્ર વાણી,
તમારી રૂચિ તો અમે સર્વ જાણી. ૬૯

રાગ ઓખાહરણનો.

કાંઇ કરશો નહીં પરતાવો, એવો લેનાર છે આજ લ્હાવો;
વસે વનમાંહી ઝૂંપડાં બાંધી, નથીખાતા અંનને રાંધી.૭૦
વસ્ત્ર પેહેરજો મરજીમાં આવે,કાઇનીબીક શરમ નહી લાવે;
નથી પરણવાનીતેનેગર્જ,નથીજાણતા[1]વર્જ્ય[2]અવર્જ્ય.૭૧

૧ ગાયના. ૨ સાટે. ૩ એ ખોટો વહેમ છે; નહી તો અકબર સરખા ભણેલા રાજાઓ પાસે બીરબલ તથા લઉવા જેવા પ્રધાનોનું ઘણું માન હતું તેવું વગર ભણેલા રાજાના પ્રધાનનું માન સાંભળ્યું નથી.

૧ અણુખપતું. ૨ ખપતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેનેમાથે કોઇ નથીરાજા, ખાય પીએ ને થાય છે તાજા;
ઉગ્યા આથમ્યાનું નહી ભાન,રહે રાત દિવસગુલતાન.૭૨
ખાવાનું જો મળ્યું તો ખાય, નહિતો આથડીનેમરીજાય;
એક બીજાનું છીનાવીખાતો,નહી સગપણુસ્નેહનોનાતો.૭૩
નથી ભણુતરનોતેને ભાવ, એવો લે છે અલૌકિક લ્હાવ;
એવું આપણા નૃપને ન સુખ,લોકલાજનાડરતણું દુઃખ.૭૪
પંડે વસ્ત્રનો ઉપાડે ભાર, કરવો બોલતાં અદબ વિચાર;
હતો બાળક રાજા જ્યારે, સોંપી માએ મજુરી ત્યારે.૭૫
કેડ વાળી બેસવા ઠરાવ્યાં, આપીચાલણુ ગાડીચલાવ્યા;
તમે હાજર હોત જો ભ્રાત,એવી મહેનત મવકુફ થાત.૭૬
તેડી ફરનારા ઝાઝા જેને, ચાલવાની જરૂર શી તેને;
સુખપાલ મેના રિધિ પૂરી, કરે ચાલ્યાની શીદ મજુરી.૭૭
દાસ દાસી હાજર ખવરાવા,શાને શીખે તે હાથે ખાવા;
એવી દીસે તમારી મરજી, પણુ સાંભળો મારી અરજી.૭૮

દોહરા.

કોરટ રૂપી રાણીને, પુત્ર ફેંસલા થાય;
નિત્ય પરાયા પેટના, વગર ભણેલે રાય. ૭૯

જો પોતાના પેટના, પંડે કરવા ચાહ્ય;
કાણા કુબડા લંગડા, રૂપ કરૂપા થાય. ૮૦

રામ યુધિષ્ઠિર કૃષ્ણુ વળી, વિક્રમ ભોજ ભુપાળ;
એ સઘળા વિદ્યા ભણ્યા, નિત્યે જઇ નિશાળ. ૮૧

પર દુખ પોતે શિર ધર્યાં, લડયા શત્રુથી આપ;
છતાં પ્રવીણુ પ્રધાન પણ, આપ કરે ઇનસાફ. ૮૨

તો કીર્તિ કેવી રહી, લઇ ગયા સાબાશ;
જે નૃપ વિદ્યા નહિ ભણ્યા, નામે પામ્યા નાશ. ૮૩

ભૂપ ભણ્યાથી વસ્તીને, સઘળી વાતે સુખ;
મૂરખ મહીપતિને પ્રજા, પૂરણુ પામે દુઃખ. ૮૪

પેટ ભરી પોહોડી રહે, લહે ફિકર નહિ લેશ;
કહાં પ્રજા સઘળી વસે, કહાં વસે છે દેશ. ૮૫

બળિયો નબળાને હણે, ખાય કાકડી વાડ;
તેના પુર મધ્યે પડે, ખરા બપોરે ધાડ. ૮૬

દેશ સુધારો ગરીબથી, કહો કેમ કરી થાય;
જો રાજા દિલ નહિ ધરે, એકે નથી ઉપાય. ૮૭

જો આપે બક્ષીસ પ્રભુ, વિદ્યા રૂપી બાગ;
ફૂલઝાડ આદિક ચકી, એમાં મોજ અથાક. ૮૮

ઝંપતાળ છંદ.

ફૂલતરૂ ફુવારા હોજ, વિદ્યા વિશેષ રમોજ;
નૃત્ય ગાન નાટક ખેલ, વણુ ભણે નહિ કાબેલ. ૮૯
પરદેશી ગાયન નાદ, સમજ્યા વિના નહિ સ્વાદ;
જેમ ચિત્ર રંગ વિચિત્ર, વણુ નેત્ર નિષ્ફળ મિત્ર.૯૦
જેમ બધિર આગળ શંખ, જેમ આરશી વણુઆંખ;
જેમ કવિત મૂરખ પાસ, સુણી કરે ઉલટો હાસ. ૯૧
મુંગો શું ગાવે ગાન, બોખો શું ચાવે પાન;
વિદ્યા રમોજ વિશેષ, મૂરખ ન માણે લેશ. ૯૨

સવૈયો.

એકગમારચડયો ગિરનાર, નાચે દશઆરદીઠાં પુર ભારે;
વેતી નદી જળ દેખી મરોડ, ધરે મન કોડ બહુજ પ્રકારે;
એથીઉમંગચડયોઅતિઅંગ,ખુશીખુશીખૂબથયુંમનજ્યારે;
જોભણીને નકશોનિરખે, હરખેજહજારઘણોજનત્યારે.૯૩

છપ્પો.

શેત્રંજી સોગટાં, ગંજીફે ગંમત કરીયે,
જોઇએ બીજો જન, વિના સુખ મળે ન જરીયે;
જો કદિ એકાએક, છેક દિલ હોય ઉદાસી,
વિદ્યા વનિતા તુરત, હરે દુઃખ હરખ પ્રકાશી;
લહિયે સુખ કુંડળનું પછી, સહિયે કાન વિંધાવતાં;
ગુણુલહિપૂરણુસુખ પામીયે, ખમાયે દુખ ગુણુઆવતાં.૯૪

દોહરા.

બાળક ધાવણુ છોડતાં, કરે ઘણો કલ્પાંત;
નહિ છોડાવ્યાથી વધે, અંગે રોગ અત્યંત. ૯૫

એમજ આળસ વ્યસન પણુ, જો નહીં છોડે બાળ;
કડવાં ઓષડ નહીં પીએ, થાશે દુઃખ કોઇ કાળ.

ભાટે વાત કચેરીમાં, કહી સુણો મહીનાથ;
મૂળરાજ પાટણુતણો, લડીયો લાખા સાથ. ૯૭

પ્રથમ ફોજ પાટણુતણી, જૈ પડી જેમ ટિડાણ;
લૂટયો ચોથે ભાગ કચ્છ, વળતી વાગ્યો વાણુ. ૯૮

[1]કવિત.

૧ ૨ ૩ ૪
કચ્છદેશ ચોથેભાગ, ટીડધાલી તોડીલીધો,
૫ ૬
પીધોખુબ રસવળી લાખાથી લડાઇનો ॥
૭ ૮ ૯ ૧૦
ખોડાઢાર છોડીકોઢી ઠેસે ચડયાં ઘોબીજોરે;
૧૧ ૧૨
ફેરગઢ લુંટીઝંડો ચડાવ્યો ચઢાઇનો ॥

૧ આ કવિતામાં ચાર વસ્તુઓ સંતાડી હોય તે વરતવાની સમસ્યા છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૩ ૧૪ ૧૫ ૧૬
ગીધપંખી જુધખેત, ડાચાંખોશી દૂર ઢળો;
૧૭ ૧૮
બોલે ધાટે વખત શો આવ્યો છે લડાઇનો ॥
૧૯ ૨૦ ૨૧ ૨૨
ઘેરી ખુબ ઝુકયાવળી ઢાલજોરે ધુળકાડી;
૨૩ ૨૪
ભાગ્યોકછી સુઓખાટયો મૂળપુત માઇનો ॥ ૯૯

દોહરા.

એક એવી વાતથી, ભૂપતિ રીઝ્યો ભાત;
ભણુતરમાં એવી ભલી, હોય હજારો વાત. ૧૦૦
ચાલી આવ્યો ચીનથી, એક મુસાફર લોક;
કહી ઉત્પત્તિ ચાહની, સુણુવા લાગ્યો શોખ. ૧૦૧
ધાતુ પક્ષી ઝાડની, વિધવિધ વાતો જેહ;
વિદ્યાસતી મુખથી વદે, સાચે સાચી તેહ. ૧૦૨
જંગલી જન જાણે નહીં, ખીર ગળી કે ઘેંશ;
ભાન નહિ ભરવાડને, અક્કલ ભલી કે ભેંસ. ૧૦૩
બુઠ્ઠો પરણે બાઇડો, અભણ્યો બેસે રાજ;
બોજ ઉપાડે બળદિયો, તે સહુ પરને કાજ. ૧૦૪

પ્રધાન બોલ્યો—નારાચ છંદ.

બહૂ તપાસ લાવીને વિચારી વેણુ બોલવું,
વિદ્યાતણું વિશેષ માન ધારિને ન ડોલવું;
ભણી ગણી ગુણી બની જવું ધનાઢય જાચવા,
ભિખારીને જરૂરથી થવું ભણેલ નાચવા. ૧૦૫

રાગ ઓખાહરણુનો.

જેને મેહેરબાન થયા રામ, તેને ભણતરનું શું કામ;
ઝાઝે ભણુતરેદારિદ્રયઆવે;ટળે જીવ કાં જીવથી જાવે.૧૦૬
સહુ ધનવંતનું ઘર પૂછે, નહિ પૂછે ભણેલો શું છે;
સભામાં બેસે ધનવંત પહેલો,વિદ્યાવંત બેસેસહુછેલો.૧૦૭
આપે માતબરને બહુ માન, તેની તરફ રાખે સહુ ધ્યાન;
ધનવંત બોલે કાલું ઘેલું, લોક કબુલ કરે સહુ પહેલું.૧૦૮
જેમ પાસા પડે તે દાય, તેમ રાજા બોલે તે ન્યાય;
ધનવંતનો હુકમ ચાલે, ઠાલો વિદ્વાન મગરૂર મ્હાલે. ૧૦૯
મેના સુખપાલમાં ધનવંત, ભણેલા શિર ભાર વહંત;
ધનવંતને મેડી અગાશી, વિદ્યાવંત છાપરાના વાશી.૧૧૦

દોહરો.

રાજા આગળ એક દિન, પોકાર્યો પંડિત;
તો તેનું દુઃખ ટાળિયું, કહું તે સુણી કવિત. ૧૧૧

કવિત.

પાણીના તરંગ પૂર જાણીએ સમુદ્રમાં,
ખરેખરાંજ નાવની પેઠે તરતા ખાટલા;
વેલણુ તો મછ અને આડણી તો કછ બની,
ન્હાની ન્હાની હોડિયો પડે તરતા પાટલા;
બાળકો ખલાશી બુમ પાડે તેને શિર તાણ્યો,
સુંદરીએ શઢ પેરવાને વસ્ત્ર ફાટલા;
સુણો મહારાજ અધિરાજ આજ રજનીમાં,
મુજ ઘેર બન્યા અદભુત ખેલ આટલા. ૧૧૨

રાગ ઓખાહરણુનો.

જાચે રાજાને જે વિદ્વાન, ભાગે ભૂખ થઇ મહેરબાન;
મળે પંડિત પંડિતજયારે, એકબીજાનાં દુઃખઉચ્ચારે.૧૧૩
જેમ સાપ ઘેર સાપ જાય, જીભના લપકારા વાય;
પગે રાંડીરાંડને પડે, હું જેવી તું જીભે ચડે. ૧૧૪

દોહરા.

ભણુતર નથી હિસાબમાં, જયાંહાં ઘણેરા દામ;
એવું સાંભળી ઉચર્યો, પંડિત વિદ્યારામ. ૧૧૫
પશ્ચિમ દિશ વૈરાટપુર, જયાંહાં જવનનું રાજ;
વણિક પ્રધાનપણું ધરી, કરતો તેનું કાજ. ૧૧૬
મૂરખ ત્યાંનો મહીપતિ, અક્ષર ન ભણ્યો એક;
ઉપજ ખરચના આંકથી, રહે અજાણ્યો છેક. ૧૧૭
ખરચે ખુબ કરજ કરી, મોહો માગ્યું દે વ્યાજ;
બમણું ત્રમણું ચોગણું, ખત લખીઆપે રાજ.૧૧૮
રૂપીયા સો રોકડા, લઇ કરી આપે મોહોર,
મન સમજે મુજ ઉપરે, એનું શું છે જોર. ૧૧૯
નાણું લેશ વાણિયો, જયારે હું આપીશ;
એણે ખોયા આજ તો, મારૂં કામ કરીશ. ૧૨૦
ફરિયાદી સરકારમાં, પછી થઇ જે વાર;
બાગ બગીચા સહિત સહુ, થયાં જપ્તધરબાર. ૧૨૧
વેચ્યાં વાસણુ દાગીના, વેચ્યાં ગામ ગરાસ;
મિયાં થયા ભીખ માગતા,પૈસો ન રહ્યો પાસ.૧૨૨
વિખ ખાવા ઇચ્છા કરે, ગઇ લોકમાં લાજ;
વગર ભણ્યાને કારણે, કીધું એવું કાજ. ૧૨૩

છપ્પો.

દુઃખે પ્રજા પીડાય, કરે ન સહાય નરપતિ,
નવા નવા કર કરે, ધરે નહિ ધનની ત્રપતિ;
લાંચ લઈને ન્યાય, કરે અન્યાય અતિશે;
કરીને નજર હરામ, જુવે પર જુવતી દિશે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પર હાથ સોંપી નિજ રાજને, નજર નહીં રાખે તહીં;
અવનીપર એવો જુલમ તો, શ્રીહરિ કદી સાંખે નહીં. ૧૨૪

ચોપાઇ.

એવો જુલમી રાજા થાય, તેને કોણ સમજાવા જાય;
વિદ્યા ઢાંકણુ ઢેડું ધરે, લાગે છાંટા નિરલજ કરે. ૧૨૫
એનો અવર નથી ઉપાય, ભૂપ ભણે સુધરેલો થાય;
વિદ્યા ગુરૂ થઇ આપે જ્ઞાન, કોઇની શરમ ન રાખે કાન. ૧૨૬
પોતાના અવગુણ તે વેર, દેખાડે દરપણુની પેર;
કડવાં કોયે કહીં ન શકાય, વિદ્યા બોલે વચન સદાય. ૧૨૭

સવૈયો.

જે પ્રથિપાળ ચહે ત્રિય પારકી,
લંપટ રાક્ષસ એજ લંકાનો;
થાય અન્યાય પિડાય પ્રજા,
ન જુવે નજરે નૃપ અંધ જહાનો;
દેશ સુધાર પુકાર કરે,
પણ પાવઇને ન ચડે કદીં પાનો;
મુછ ઉગી પણ તુછ મતિ,
ન ભણ્યો નૃપ તે પશુ પુંછ વિનાનો. ૧૨૮

દોહરા.

ઉકરડામાં આથડે, તજી જનાન શુભસ્થાન;
ભણ્યા વિના ભું કે અબુધ, ભૂખ તરસનું ભાન. ૧૨૯
ગુરૂ ગરધવ જેવા કર્યા, કર્યા ન લાંબા કાન;
પુંછ કરતાં મૂછ કરી, ભુલી ગયો ભગવાન. ૧૩૦

કવિત.

મર્કટીને મહારાણી કિધી કોઇ તર્કટીએ,
માનવી સમાન તેની આબરૂ ન માનવી;
કોશના પ્રવાહ વીશ મેળવી ચલાવીએ,
જરૂર કોઇ જન તેને જાણશે ન [1]જાન્હવી
જેવી તેવી હોય તોય દેવીઓ પૂજાય, એવી,
દેવી જેવી કોઇ ન પૂજાય કદીં દાનવી;
શું થયું જો શ્વાનને મળ્યું કદી વિમાન તો,
મનુષ્યના સમાન કોઇ માનશે ન માનવી. ૧૩૧

દોહરા.

કરોળીએ કદીં ઘર કર્યું, કંજન વાસણ કાંય;
તોપણ તેને માનવી, તુચ્છ ગણે મનમાંય. ૧૩૨

તેમજ કંચન મહેલમાં, અભણ્યો રાજા હોય;
પંડિત તેને પશુ થકી, ગણે ન અધિકો કોય. ૧૩૩

પ્રધાન બોલ્યો;—

પશુ કહો કે નર કહો, પણ જાયો તે પાસ;
કરો વખાણજ વિધવિધે, તો પૂરે મન આશ. ૧૩૪
જો કોઇ ગરીબ મનુષ્યને, બોલાવે ધનવંત;
ફુલે અંગો અંગથી, પામે પ્રેમ અનંત. ૧૩૫

કવિત.

રાંડીરાંડનો તનુજ કહે થઇ રાજી રાજી,
માજી હું ગયો નજીક શેઠજીની મેડીના;
હરખની વાત માત શી કહું જે આજતણી,
છોકરા છ સાત સાથે હતા મારી હેડીના;
એવે સમે નગરના શેઠજી હવેલીમાંથી,—
આવીને ઉભા નજીક બારીની કઠેડીના;
મને પછી આપો આપ શેઠજી બોલાવ્યો,
કહ્યું જા જઇને કુતરાને હાંકરે ગધેડીના. ૧૩૬

મહેતાજી બોલ્યા—દોહરા.

શેઠ તણી શેઠાઇ વળી, રાજાનું જે રાજ;
મૂળ થયાં વિદ્યાવડે, સઘળાં સુખનાં સાજ. ૧૩૭
શેઠ તણા જે પુરવજો, જો ન ભણેલા હોત;
મળત ન તેને એટલું, ધન શેઠાઇ સોત. ૧૩૮
તેમજ રાજા અસલના, ભણતર જો ન ભણંત;
પામત કદી ન રાજપદ, રાજા કદીં ન બણંત, ૧૩૯
નથીં વિદ્યા જે દેશમાં, નથીં ઉદ્યમનું જ્ઞાન;
શેઠ નથી રાજા નથી, નથીં પંડિત પરધાન. ૧૪૦
રચે સદાવ્રત સાતબર, ધર્મશાળા ખુબીદાર;
નિરભાગી [1]મઉ હોય જે, વસે સુખે તે ઠાર. ૧૪૧
જે નર રહી નિરૂદ્યમી, રળ્યું બાપનું ખાય;
તે નર પણ નિર્ભાગીયા, મઉની ગણતી ગણાય. ૧૪૨
ધર્મશાળા ઘર બાપનાં, તેમાં વસે સદાય;
ખાય સદાવ્રત બાપનું, આપનું રળ્યું ન ખાય. ૧૪૩
કારખાનું જગતું કરી, મનુષ્ય મજૂરીદાર;
ખાન પાન વસ્ત્રાદિક પ્રભુ, બખસે બહુ પગાર. ૧૪૪
નિમકહલાલી હોય તે, કરે પરમારથ કામ;
પેટ ભરી ચોઢી રહે, પ્રભુનો નિમકહરામ. ૧૪૫
કરે પરમારથ અકલથી, અકલવાન નિશિ દંન;
પેટ મજૂરીથી ભરે, અલ્પ અકલના જન. ૧૪૬

[1] ગંગા.

[1] ભિખારી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સો નરથી નહિ બની શકે, એક અકલથી થાય;
અકલવાન તે કારણે, બહુ દરમાયા ખાય. ૧૪૭
પ્રજાતણી પીડા હરે, અકલવાન ભૂપાળ;
અંધેરી નગરી વસે, જો મુરખ મહીપાળ. ૧૪૮

ભુજંગી છંદ.

પુરી એક અંધેરી ને ગંડુ રાજા,
ટકે શેર ભાજી ટકે શેર ખાજા;
બધી ચીજ વેચાય ત્યાં ભાવ એકે,
કદી સારી બુરી ન વેચે વિવેકે. ૧૪૯
તહાં જઇ ચડયા બે ગુરૂ એક ચેલો,
ગયો ગામમાં માગવા શિષ્ય પેલો;
લીધી સૂખડી હાટથી આપી આટો,
ગુરૂ પાસ જૈને કહે ખૂબ ખાટયો. ૧૫૦
ગુરૂજી કહે રાત રહેવું ન આંહી,
સઉ એક ભાવે ખપે ચીજ જયાંહી;
હશે ચોર ને શાહનો ન્યાય એકે,
નહીં હોય શિક્ષા ગુનાની વિવેકે. ૧૫૧
કદી ગામ એવા વિષે ના વશીજે,
ચલો સદ્ય ચેલા જવું ગામ બીજે;
કહે શિષ્ય ખાવા પીવા ખૂબ આંહી,
તજી તેહ હું તો ન આવીશ ક્યાંહી. ૧૫૨
ગુરુએ બહુ બોધ દીધોજ ખાસો,
નહીં યોગ્ય આંહી રહે રાત વાસો;
ન માની કશી વાત તે શિષ્ય જ્યારે,
ગુરૂજી તજીને ગયા ગામ ત્યારે. ૧૫૩
રહ્યા શિષ્યજી તો ત્યહાં દિન ઝાઝા,
બહુ ખાઇ પીને થયા ખૂબ તાજા;
પછીથી થયા તેહના હાલ કેવા,
કહું છું હવે હું સુણો સર્વ તેવા. ૧૫૪

દોહરા.

તસ્કર ખાતર પાડવા, ગયા વણિકને દ્વાર;
તહાં ભીંત તૂટી પડી, ચોર દબાયા ચાર. ૧૫૫
માત પ્રભાતે ચોરની, ગઇ નૃપને ફરિયાદ;
શૂળી ઠરાવી શેઠને, ડોશીની સુણી દાદ. ૧૫૬
એવું ઘર કેવું ચણ્યું, ખૂન થયાં તે ઠાર;
રાતે ખાતર ખોદતાં, ચોર દબાયા ચાર. ૧૫૭
વણિક કહે કડિયાતણો, એમાં વાંક અપાર;
ખરેખરી એમાં નથી, મારી ખોડ લગાર. ૧૫૮
કડિયાને શૂળી ઠરી, વણિક બચ્યો તે વાર;
ચુક ગારો કરનારતી, કડિયે કરી ઉચ્ચાર. ૧૫૯
ગારો કરનારો કહે, પાણી થયું વિશેષ;
એતો ચૂક પખાલીની, મારી ચૂક ન લેશ. ૧૬૦
પુરપતિ કહે પખાલીને, જો તું શૂળીએ જાય;
આજ પછી આ ગામમાં, એવા ગુના ન થાય. ૧૬૧
[1]મુલ્લાં નિસર્યાં મારગે, મેં જોયું તે દીશ;
પાણી અધિક તેથી પડયું, રાજા છાંડો રીસ. ૧૬૨
મુલ્લાંજીને મારવા, કરી એવો નિરધાર;
શૂળી પાસે લઇ ગયા, મુલ્લાંને તે વાર. ૧૬૩
ફળ જાડું શૂળીતણું, મુલ્લાં પાતળે અંગ;
એવી હકીકત ચાકરે, જૈ કહી ભૂપ પ્રસંગ. ૧૬૪
ભૂપ કહે શું હરઘડી, આવી પૂછો કોઇ;
શોધી ચઢાવો શૂળીએ, જાડા નરને જોઇ. ૧૬૫
જોતાં જોતાં એ જડયો, જોગી જાડે અંગ;
બહૂ દિન ખાઇને બન્યો, રાતે માતે રંગ. ૧૬૬
શિષ્ય મુદત માગી ગયો, ગુરૂ પાસે પસ્તાય;
ગુરૂએ આવી ઉગારીઓ, અદ્દભુત કરી ઉપાય. ૧૬૭
જોગી શૂળી પાસ જઇ, કહે ભૂપ સુણ કાન;
આ અવસર શૂળીએ ચડે, વેગે મળે વિમાન. ૧૬૮
ચેલો બોલ્યો હું ચડું, એ ગુરૂ કહે હું આપ;
અધિપતિ કહે ચડીયે અમો, પૂરણ મળે પ્રતાપ. ૧૬૯
ગુરૂ ચેલાને ગામથી, પહોંચાડયા ગાઉ પાંચ;
રાજા શૂળી પર રહ્યો, અંગે વેઠી આંચ. ૧૭૦
જહાં ભણેલ ન ભૂપાત, નિપજે એવા ન્યાય;
દેશ સુધારાની તહાં, તો આશા શી થાય. ૧૭૧
નવીન કળાની ગમ નહીં, નહિ સમજણ લવલેશ;
કાંઇ સવળો રસ્તો કહે, અવળો લે ઉપદેશ. ૧૭૨
કાષ્ઠ પશુના નાકમાં, કદી ભરાયું હોય;
કાઢનારને લાત હણી, ભડકી ભાગે સોય. ૧૭૩
કહું તેનો એક દાખલો, સાંભળજો રહી ચૂપ;
કેવા જન આ દેશના, ભોળા ભડકણ ભૂપ. ૧૭૪
શ્રી સરકારે મોકલ્યો, મહેતો એકજ ગામ;
ચેપવડે શીતળા, કહાડવાને કામ. ૧૭૫
જૈને ચોરે ઉતર્યો, પછી ગયો નૃપ દ્વાર;
સમજાવા નૃપ મુરખની, આગળ કર્યો ઉચાર. ૧૭૬
સરકારે સહુ લોકપર, દયા ધરી દિલમાંય;
ધર્મ કામ ઉભું કર્યું, કસર ન રાખી કાંય. ૧૭૭

[1] એક વોરો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુજ સરખા મેતા બહુ, રાખ્યા દઇ પગાર;
સહુ જનને સુખ ઉપજે, ખરચ ન થાય લગાર. ૧૭૮

ખળીયાથી બાળક મરે, પીડા પૂરણ થાય;
બાળ બિચારૂં તરફડે, નજરે જોયું ન જાય. ૧૭૯

તે સહુ પીડા ટાળવા, આવો કર્યો ઉપાય;
પુણ્ય વિના બીજી કશી, નથી મતલબ તે માંય. ૧૮૦

બાળકને હાજર કરો, કાઢું બળાયા અંગ;
કશી ફિકર નહિ રાખશો, ધરજો અધિક ઉમંગ. ૧૮૧

મુખથી બોલ્યા મહીપતિ, કાલે કરશું કામ;
આજ દિવસ ચોખો નથી, માટે કરો વિરામ. ૧૮૨

ચોપાઇ.

પછી મહેતો ઉતારે ગયા, રાજા મંત્રી ભેગા થયા;
નૃપ કાકાને પૂંછી વાત, તમે કશું જાણો છો તાત. ૧૮૩

કહે દાકો બહુ જાણું અમો, પણ પૂછો નહિ કદીયે તમો;
નવીપ્રજારાજાપણનવા, હવે અમોઅણખપનાહવા. ૧૮૪

આ અવસર જો નહિ હોત, કોણ કહત અંતરગણ સોત;
આવ્યોછે રાજા ઈંગ્રેજ, ધન હરવાને કારણ તેજ. ૧૮૫

નાણાની બહુ થાશે તૂટ, દમડાથી વેચાશે ઊંટ;
પણમળશેનહિ કોઇ લેનાર, સોદાગર ફરશે સહુઠાર. ૧૮૬

એ રાજા ધન હરવા વિષે, નવી નવી હિકમત કહાડશે;
નવીંકરશે નિશાળોબહુ, એનું ભણતર ભણશેસહુ. ૧૮૭

છોડાવી સહુના વેપાર, બંદુક ઉપડાવે તે વાર;
ગાય સુવરનું લઇને ચામ, કીધું છે પડધમનું કામ. ૧૮૮

શબ્દ સુણી તેનો તતખેવ, હિંદુ તુરકના નાસે દેવ;
થશે કલંકી જે અવતાર, ત્યારે જાશે આ સરકાર. ૧૮૯

જ્યારે ચકવે રાજ્યજ થશે, ત્રણ દિવસરહી તુરતજ જશે;
ખડયુંપાનહવેછુંઅમો, પણનજરેસહુ જોશો તમો. ૧૯૦

સંવત અઢાર નવાણું માંય, એનું રાજ્ય ન રહેશે ક્યાંય;
નહિતોઓગણીસેનેચૌદ,નહિદેખોએનું ક્યાંઇ બુંદ. ૧૯૧

આ મેતા આવ્યો છે જેહ, બાળકને દુઃખ દેવા તેહ;
બળીયા કહાડે નિસરે ફરી, માતમારે કોપજ કરી. ૧૯૨

જેને ફરીં બળીયા નિસરે, એને દાક્તર એવું કરે;
ખૂબ ખાટલા સાથે ઘસે, જ્યાંસુધી જીવથી તે જશે.૧૯૩

એવું ગપ ડોસે ઉચાર્યું, સહુના મનમાં સાચું ઠર્યું;
સાંભળીસહુને ઉપજ્યો ત્રાસ, નાખ્યેઆંસુથઇઉદાસ. ૧૯૪

દોહરા.

આદમી વરણ અઢારના, કર્યા એકઠાં ત્યાંય;
સોંપી વાત વિચારવા, બોલ્યા માંહોમાંય. ૧૯૫

સહુ સમજ્યા જે આજથી, ગયું ભૂપનું રાજ;
અમલ થયો પરરાજ્યનો, કરશે જો આ કાજ. ૧૯૬

રાગ ઓખાહરણનો.

બોલ્યા બ્રાહ્મણ તેણે ઠામ,
અમો છોડી જશું આ ગામ;
આભને ન મળે ક્યાંઇ અણી,
બ્રાહ્મણોનો નહીં કોઇ ધણી. ૧૯૭

બોલ્યા શુકલ જો ગત થશે આવી,
અમે એથીજ લેશું ચલાવી;
શુકલ બ્રાહ્મણને સ્વાદ ન ભાવે,
છાશ ન મળે તો દુધે ચલાવે. ૧૯૮

કહે પુરાણી પુસ્તક જોઇએ,
એવું કીધું રાજા કોઇએ;
પણ પોથાં એતો સહુ થોથાં,
આજ ડાચાં તે સઉથી સાચાં. ૧૯૯

બોલ્યા જોશી અસલની જે વાત,
શીદ આજ સંભારો છો તાત;
બોલો આજ મળી જણ પાંચે,
ગઇ તિથિ તો જોશી ન વાંચે. ૨૦૦

બોલ્યા મહેતાજી શું કહો છો,
તમે અમને અગાડી કરો છો;
કરવા બીજાને ખુવારણ બણ્યા છો,
તમે કેની નિશાળે ભણ્યા છો. ૨૦૧

બોલ્યા રજપૂત લોક રિસાઇ,
અમને કોણ ગણે છે ભાઇ;
નથી ઘરમાં ભર્યાં કાંઇ નાણાં,
ઠાલી ઠકરાઇ ભેટ બીછાણાં. ૨૦૨

બોલ્યા વાત વિચારીને શેઠ,
મહેતો આવ્યો છે ભરવાને પેટ;
નહિ તો આપણા સામો ન થાય,
લાભે લોભેજ શેઠ તણાય. ૨૦૩

કહે સોની શેઠે કહ્યું જેહ,
પેટ ભરવાનો ઉપાય એહ;
અમે કબુલ કર્યો એ વિવેક,
એ તો સોળ વાલ રતિ એક. ૨૦૪

કહે કણબી અમે જઇ બીજે,
તોય હરકત ત્યાંજ વસીજે;
નથી અહીં અમારા ચાસ,
જ્યાં ગાજે ત્યાં કણબીનો આસ. ૨૦૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કહે પટેલ કહું તે પાળો,
ભરો આપણે આજ ઉચાળો;
મારી એટલેજ ચાલે બુદ્ધિ,
પટેલની ઘોડી પાદર સુધી. ૨૦૬

બોલ્યા કુંભાર આપણે કાં રૂવો,
સહુએ શું કરશે તે તો જુઓ;
શીદ આગળ કરીં હીંડો,
હજી ચાક ઉપર છે પીંડો. ૨૦૭

કહે લુહાર જેને પ્રધાન,
સમજાવી સમાવી તોફાન;
મહેતા સાથે જો તકરાર થાશે,
લોઢું લુહાર આપે કુટાશે. ૨૦૮

કહે ઘાંચી ઓણુ પાછો જાશે,
પાછી પોરથી શરૂઆત થાશે;
કરો મહેનત ચહાય તે પેર,
ઘાંચીનો બેલ ઘેરનો ઘેર. ૨૦૯

કહે ધોબી ઉચાળો તો ભરીયે,
પછી ત્યાં જઇને શું કરીએ;
નહિ વાટના ઘાટના રહિયે,
જેમ ધોબીના કુતરા થઇએ. ૨૧૦

કહે મોચી શું આપણું જાશે,
સૌનું થાશે તે આપણું થાશે;
તમે ધીરજ મનમાં ધારો,
પાણી પહેલાં શું મોજાં ઉતારો. ૨૧૧

કહે દરજી સુણો મારી મરજી,
દૈવે પીડા આપણુને આ સરજી;
આખા દેશમાં ચાલ્યું છે એવું,
ફાટયો આભ કયાં થીગડું દેવું. ૨૧૨

કહે સુતાર અમને જો નડશે,
એની વેડમાં વાંધો પડશે;
અમે નિશ્ચે વિચારીને કીધ,
આડે લાકડે આડો વીધ. ૨૧૩

કહે વાળંદ મહેતાને ત્યાંઇ,
નહિ કામ સુજયું હોય કંઇ;
ત્યારે બાળકને બળીયા ગોડે,
નવરો વાળંદ પાડા બોડે. ૨૧૪

બોલ્યા ખલાશીયો કહું આજ,
રાજા થાશે તે કરશે રાજ;
શીદ આપણે બાળીયે પ્રાણ,
નથી દરીયામાં મેલ્યું વહાણ. ૨૧૫

બોલ્યો ભવૈયો આ કામ માંહી,
લોક તકરાર બહુ લેશે આંહી;
જયારે બંનેને બનશે લડાઇ,
થાશે ભુંગળ વિનાની ભવાઇ. ૨૧૬

બોલ્યો ભરવાડ જે મુખી લાઓ,
આવા કાયમાં આગળ જાઓ;
અમે કહીંયે છીંયે આ કાળ,
ગાયો વાળે એજ ગોવાળ. ૨૧૭

કહે છીપો એની જાત નીચી,
એ તો બોલેછે આંખો મીચી;
નથી સાંભળતા કાંઇ વાત,
જાત વિના પડે નહિ ભાત. ૨૧૮

બોલ્યો માળી જુઓ સંભાળી,
જઇશું તેના મુલકને ટાળી;
પછી આપણુને શું કહેશે,
માળી રૂઠયો તો ફુલડાં લેશે. ૨૧૯

કહે પાવે કરો કાલાવાલા,
એતો થુંક વલોવોછો ઠાલા;
તમે મારૂં કહ્યું નકી માનો,
કદી પાવૈને નહિ ચડે પાનો. ૨૨૦

કહે કંસારા આપણો રાજ,
એનો અમલ ગયો હશે આજ;
એતો જાહેર ભેદજ ભાગ્યો,
થાળી ફુટી કે રણકો વાગ્યો. ૨૨૧

બોલ્યો વાઘરી વિચાર સોત,
કાંતો મહેતાનું આવ્યું છે મોત;
જ્યારે ઘો મરનારી થાય,
ત્યારે વાઘરીવાડે જાય. ૨૨૨

બોલ્યો બડબડતો એક બાવો,
અમે છોડી દેશું દેશ આવો;
નથી શોધવો અમારે સાથ,
બાવા ઉઠયા બગલમાં હાથ. ૨૨૩

ત્રાંશી આંખવાળો એક બોલ્યો,
તમે શા માટે ડાપણુ ડોળો;
જુદા નથી સરકાર ને રાય,
ત્રાંશી આંખે બે ચંદ્ર દેખાય. ૨૨૪

દોહરા.

એ રીતે સહુ કહીં ગયા, આપ આપની વાત;
મહેતો મંત્રીને મળ્યા, બીજે દિવસ પ્રભાત. ૨૨૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહેતાને મંત્રી કહે, છે માંડી ગુજરાત;
આગળ હણુવી લાતને, પાછળ કરવી વાત. ૨૨૬
સમજાવ્યે નહિ સમજશે, જ્યારે કરશો જોર;
કામ તમારૂં સુધરે, નહિ તો ફાંકો બોર. ૨૨૭
મહેતે મહીપતિ પાસ જૈ, ડર દેખાડયો જ્યાર;
બાળકને હાજર કર્યા, મતલબ પાડી પાર. ૨૨૮
એવા અભણેલા વસે, મહીપાત મૂઢ ગમાર;
ભડકણુ વહેમી આળસુ, સમજણુ નહિ લગાર. ૨૨૯
માટે ભણુવા મોકલો, તમે કુંવરને તાત;
નહિ તો કહું તે સાંભળો, મારી છેલ્લી વાત. ૨૩૦
જે રાજા નહિ જાણુશે, ભણી ભલો હરિયાદ;
જાશે તેના હાથથી, રઇયતનો ઇનસાફ. ૨૩૧
ખાય પિયે પોઢી રહે, જેમ માતબરનાં ઢોર;
રઇયતની પેઠે રહે, જરી ન ચાલે જોર. ૨૩૨
ભણીગણી જે ભૂપતિ, ભણે કાયદા આજ;
રહેશે તેના હાથમાં, નિજ રઇયતનું રાજ. ૨૩૩
ઇત્યાદિક ઉપદેશ દઇ, થાકયો વિદ્યારામ;
પથરાપર પાણી થયું, કાંઇ ન લાગ્યું કામ. ૨૩૪
ઉઠયો વિપ્ર ઉદાસ થઇ, ગયો પોતાને ઘેર;
કુંવરે મનમાં વાત તે, રાખી રૂડી પેર. ૨૩૫
ઉઠી પ્રભાતે એકલો, ભણુવા ગયો નિશાળ;
અક્ષર બહુ દિન એકમાં, શિખ્યો બુદ્ધિ વિશાળ. ૨૩૬
દેખી મંત્રી દાઝે ઘણો, મોઢે મીઠું ગાય;
કુંવર ચડે બીજી લતે, એવા કરે ઉપાય. ૨૩૭
ચેતેલો ચુકયો નહીં, ન ચડયો બીજે ખેલ;
ભણીગણી વાકેફ થયો, સુધર્યો છોડી ફેલ. ૨૩૮
ફોજદારીના ફેંસલા, કોઇ દિવાની કામ;
ચુકાવે તે ચતુર નૃપ, અદલે આઠો જામ. ૨૩૯
દિન દિન દેશ સુધારવા, અગણિત કરે ઉપાય;
અતિશય પામ્યો આબરૂ, દેશ વિદેશે રાય. ૨૪૦
એજ રીતે આ દેશના, સુધરે રાજા સર્વ;
તો દિવસ આનંદના, જાણું દિવાળી પર્વ. ૨૪૧
ઓગણીશે ઉપર થયાં, વિક્રમનાં દશ વર્ષ;
ભાદરવા સુદિ [1]દ્વાદશી, ભાષણુ કર્યું સહર્ષ. ૨૪૨
આવી અમદાવાદની, વિદ્યા મંડળી માંય;
ક્ષમા કરો શ્રોતા સહુ, કહું અધિક જો કાંય. ૨૪૩
વિનતિ દલપતરામની, દિલ ધારો દિન નીશ;
શ્રોતા જન સઘળા તમે, બોલો જય જગદીશ. ૨૪૪

---

૧ તા૦ ૪ સપ્ટેમ્બર સન ૧૮૫૪.

લાંચ વિષે.

દોહરા.

ભણેલ જ્યાં નહિ ભૂપાત, ત્યાં અંધેર જણાય;
રાજા પ્રધાન સૌ કરે, લાંચ લઇને ન્યાય. ૧
કથન ઘણાં કહીં કહીં કરે, [1]ટિકાકાર પોકાર;
તોય લોક જે લાંચિયા, લાંચ ન તજે લગાર. ૨

ભુજંગી છંદ.

અરે લાંચિયા ચાંચિયા ચોર જેવા,
અપર્ગી થયા આંધળા કેમ એવા;
કહો કાનમાં કેમ કીડા ખરેછે,
ટિકાકાર પોકાર કેવો કરે છે. ૩
ખરી નોકરી લાંચ ખાઇ ખુએછે,
જનો કેદમાં કૈક જાતા જુએ છે;
દુરાચારી દુષ્ટો દિલે ક્યાં ડરે છે,
ટિકાકાર પોકાર કેવો કરે છે. ૪
પડે ગડગડે તોપના જેમ ગોળા,
બહુ ઉછળે નીતિના બોલ બ્હોળા;
ધરી કાનમાં ધ્યાનમાં ક્યાં ધરે છે,
ટિકાકાર પોકાર કેવો કરે છે. ૫
નથી છોડતા ચાલ લાંચો લીધાની,
છતી વાત છે, તે નથી છેક છાની;
દુરાચાર તો [2]ચાચરે આચરે છે,
ટિકાકાર પોકાર કેવો કરે છે. ૬
નથી જાણુતા જે જશે લોકલજ્જા,
નથી જાણુતા જે થશે મૃત્યસજ્જા;
ભલી ભાત ભંડાર પાપે ભરે છે,
ટિકાકાર પોકાર કેવો કરે છે. ૭
ભલે ખૂબ નાણે ખજાનો જમાવે,
અહીંથી જતાં સાથ અલ્પે ન આવે;
અરે આંહીં મેલી જવું આખરેછે,
ટિકાકાર પોકાર કેવો કરે છે. ૮
વડાં ઝેરનાં બીજ જો કોઇ વાવે,
નહિ દ્રાક્ષ કે દાડમી ઉગી આવે;
છતે ઝેરનો છોડવો ઉછરેછે,
ટિકાકાર પોકાર કેવો કરે છે. ૯

---

૧ અમદાવાદમાં ટીકાકાર નામે પત્ર છપાતું હતું.
૨ ચાચરે—જાહેર ચકલામાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભલે દીસતું તો ભલું ડોળ રાખે,
લગારે કદી લાંચનો લાભ ચાખે;
ખરો તે ઠગારો નઠારો ઠરે છે,
ટિકાકાર પોકાર કેવો કરે છે. ૧૦

થયો ઉપરી ઇશ્વરે જોગ આણ્યો,
અધર્મી મુઆએ સ્વધર્મે ન જાણ્યો;
મહા પાપ માથે લઇ ને મરે છે,
ટિકાકાર પોકાર કેવો કરે છે. ૧૧

તજી કીર્તિ ધિક્કાર કોડે ધરે છે,
તજીને સુધા ઝેરને સંઘરેછે;
તજી [1]ઉર્વશી વ્યંતરીને વરે છે,
ટિકાકાર પોકાર કેવો કરે છે. ૧૨

જુઓ ન્યાયની કોરટો કે કચેરી,
જુઓ દેવડી રાજના કાજકેરી;
ઘણા ફાંશિયા લાંચિઆ ત્યાં ફરે છે,
ટિકાકાર પોકાર કેવો કરે છે. ૧૩

ઠગારા ઘણા માનવી ઠામઠામે,
દીઠાં દુનિયા મધ્ય દક્ષપત્તરામે;
અરે અર્થ એથી કશો શું સરેછે,
ટિકાકાર પોકાર કેવો કરે છે. ૧૪

દોહરા.

લાંચે લોકો લુંટવા, હક તજી ખાવું હરામ;
લાયક જન લાયક નહિ, કોળી ભિલ્લનું કામ. ૧૫

જુલમ વિષે.

દોહરા.

જોરાવરના જુલમનો, કોણ કરે દરિયાદ;
વાધે માર્યું માનવી, એનો શો ઇનસાફ. ૧

ન્યાય નિયમ સૌ ગરીબને, સમર્થને સૌ માફ;
રૂદ્રિ વિશ્વ પ્રલય કરે, એનો શો ઇનસાફ. ૨

જેમ તેમ મન વાળવું, જ્યાં નવ ચાલે શસ્ત્ર;
મેં [2] લુંટારાને દમ્યા, ફેંકી રસ્તે વસ્ત્ર. ૩

જોરાવરના જુલમમાં, ઉર ગણિયે ઉપકાર;
સૂર્ય તપે તો સમજીયે, પડશે મેઘ અપાર. ૪

સાલસ પર શૂરા સઉ, જુલમી આગળ ટાંક;
અજા ઉપર શૂરો વરૂ, સિંહ સમીપે રાંક. ૫

નિર્બળ પર શૂરા સઉ, સબળ ઉપર નહિ ટાંક;
મની મુશક પર શૂરી પણ, શ્વાન સમીપે રાંક. ૬

ન્યાય અને અન્યાયનો, વિફરે તજે વિચાર;
ધરે અંગમાં વકતા, તે માટે તરવાર. ૭

જેમ તેમ મન વાળવું, જ્યાં નહિ જડે ઉપાય;
જમડે માર્યો બાપ તે, વેર કદી ન વળાય. ૮

જુલમી જુલમ કરે ઘણો, સુઝે ન કાંઈ ઉપાય;
કરીં [1]કાગારોળ તો, ક્વચિત ફાયદો થાય. ૯

જોર વિષે.

દોહરા.

તનબળ, ધનબળ, બુદ્ધિબળ, સર્વ ન એકજ સાથ;
પામ્યો છે જે પ્રાણીને, તો તેને નહિ હાથ. ૧

આપ્યું સૌને ઇશ્વરે, એક એક વિધ જોર;
જોર મુખે છે સર્પને, વૃશ્ચિક પૂંછ સજોર. ૨

વગર બુદ્ધિએ જોરથી, થતું હોત જો કાજ;
વાઘ વરૂ ને વાંદરાં, કરત જગતમાં રાજ. ૩

જે નિજબળ જાણે નહિ, વરતે પર આધીન;
હાથી અજ્ઞાને રહે, માવત આગળ દીન. ૪

પોતામાં પોતાપણું, હોય તોજ સૌ સ્હેલ;
હોય તોજ દીવો બળે, દીવામાંહિ દીવેલ. ૫

મરણ આદરે તેહને, લશ્કરનું નહિ કામ;
જુઓ કેદીંયે એકલે, કર્યો [2]ગવરનર ઠામ. ૬

મળે ખરો ઉસ્તાદ ત્યાં, કડણ રહી ન શકાય;
હીરો હઠે ન લોહથી, પણ દવમાં બળી જાય. ૭

હિકમત ધરે હજાર પણ, ગજા પ્રમાણે થાય;
નખ છેદાય નરેણિયે, કંઠ કદી ન કપાય. ૮

જોબનનું જોર.—ઇંદ્રવિજયછંદ.

[3]અબ્ધિઉલ્લંઘનહામ ભરે,પછીકેમ ધરે બહુ બીક કુવાની,
દેડકીથી દિલ કેમ ડરે, સમશા કહિ સિંહ સમીપ સુવાની;
હોમી મણીધરનેદિલ હાથ,મનાય ભીતિમનમાં નમુઆની;
સત્યકથાદલપત્તકથે,જીવજોખમ જાણી જુએ ન જુવાની.૯

---

૧ ઉર્વશી—અપ્સરા. ૨ એક ગરીબ માણસે કહ્યું કે લુંટારા મને લુંટવા આવ્યા ત્યારે મેં મારાં લુગડાં વેગળે ફેંકી દીધાં તેથી લુંટારાને દોડી દોડીને લેવાં પડ્યાં.

૧ કાગારોળ—એક કાગડો પકડાઇ જાય તો ઘણા કાગડા મળીને સોરબકોર કરેછે તેમ કરવું તેનું નામ કાગારોળ. ૨ લોર્ડ મેયો. ૩ અબ્ધિ—સમુદ્ર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મનહર છંદ.

સિંહનો શિકાર કરનાર નર નિરખીને,
ચોપે એક અજ ચાલ્યો સિંહને ચેતાવવા;
જાણે ભાળી મારો ભાવ વિસારશે વૈરભાવ,
એથી મારે એની પાસે થશે જવા આવવા;
કૂદકારો મારી સિંહે અજને વિદારી નાંખ્યો,
કહ્યું શાણો થૈને આવ્યો મને સમજાવવા;
અંતર વિચારી આમ, કહે દલપતરામ,
જોરાવરને ન જોઈએ ડાપણ શિખાવવા. ૧૦

નિર્બળ વિષે.

દોહરા.

નાના પણ ઝાઝાતણા, આશ્રયથી સુખ સહેલ;
નાનાં બહુ નેવાં મળી, ઢાંકે મોટો મહેલ. ૧
ઘણા ગરીબની મદદથી, જબ્બર શત્રુ જીતાય;
રામે રાવણને હણ્યો, લઇ વાંદરાં સહાય. ૨
હુંકારા નિર્ધન સહે, સહે નહીં ધનવાન;
થયા રાય રણછોડજી, ગાય ચારતો કાન. ૩
ભલો સ્વાદ છે ભૂખમાં, સુખડીમાં નહિ સાર;
ભૂખે ખાઇ ભાખરી, રાચે રાજકુમાર. ૪
બળીયાથી સહુ કો બીએ, નિર્બળનેજ નડાય;
વાઘતણો માગે નહિ, ભોગ ભવાની માય. ૫
નિર્બળ જન નિંદા કરી, કાઢે મનનો રોષ;
પામે રાંડીરાંડ મન, શાપ દઇ સંતોષ. ૬
જે જન જેનો થઇ રહે, તેની લાજ ગણાય;
ડાઘ પડે જો લુગડે, પહેરનાર શરમાય. ૭
કોણ વડાની વાતમાં, સુણે ગરીબનો સાદ;
ભૂંગળ ભેર અવાજમાં, ક્યાં તૂતીનો નાદ. ૮
કહો શ્રેષ્ઠ શા કામનો, જેથી ન સરે અર્થ;
નાનો પણ નિશિપતિ ભલો, શનિ શ્રેષ્ઠ પણ વ્યર્થ. ૯
નબળાથીજ બની શકે, એવા કૈંક ઉપાય;
ખડગે શિર છેદાય પણ, કાંટો નહિ કઢાય. ૧૦
નબળા સબળા સર્વને, કરતા દીઠા કામ;
વળગી પીડા પેટની, તેથી ગરજુ તમામ. ૧૧

પેટ ભરવા વિષે.

દોહરા.

શું રાજા સરદાર શું, મોટા માજીસ્ટ્રેટ;
સઉને વળગ્યું સર્વદા, પાપ રૂપ આ પેટ. ૧
પશુ પક્ષી, સૌ પ્રાણીને, નર જાતિને નેટ;
દુખ ઉપજાવે દિલ વિષે, પાપરૂપ આ પેટ. ૨
વાણોતર ને વૈતરા, કરે વિશેષે વેઠ;
સમજો કારણ સર્વનું, પાપ રૂપ આ પેટ. ૩
વહાણ ચડીને વિચરે, સમુદ્ર રસ્તે શેઠ;
કુટુંબથી અળગો કરે, પાપ રૂપ આ પેટ. ૪
કરે શિકારી સાંચરી, અરણ્યમાં [1]આખેટ;
રખડાવે છે રાનમાં, પાપ રૂપ આ પેટ. ૫
ન્હાના મોટા ભાઇનો, વેરી થાય વચેટ;
સ્નેહ તજાવે સર્વશું, પાપ રૂપ આ પેટ. ૬
મુનિ જેવાનાં મન વળી, લોભે કરે લપેટ;
નાશ કરે નીતિતણો, પાપ રૂપ આ પેટ. ૭
પાડે મોટા પહાડને, હળવી પણ હડફેટ;
તો તરણાને શું ગણે, પાપ રૂપ આ પેટ. ૮
તૃષ્ણા નીર તરંગથી, બોળી નાંખે બેટ;
તો શું રાખે ટેકરી, પાપ રૂપ આ પેટ. ૯
શોણિત શોષે શરીરનું, જેમ દિવેલ દિવેટ;
લીલાને સૂકું કરે, પાપ રૂપ આ પેટ. ૧૦
સંસારી જન શું કરે, ભગવત કેરી ભેટ;
બળબળતી વળગી બલા, પાપ રૂપ આ પેટ. ૧૧
જીવતાં સુધી જન કદી, હરી ન બેસે હેઠ;
દોડાવે દલપત કહે, પાપ રૂપ આ પેટ. ૧૨
પેટથકી ચાલે બધો, વિશ્વતણો વ્યવહાર;
જેમ ચાલતા યંત્રને, ઇંજનનો આધાર. ૧૩
જે જે જગમાં જગદીશે, કર્યું વિચારી કામ;
અણસમજ્યું અકળાય છે, દિલમાં દલપતરામ. ૧૪

ચડતી પડતી દશા વિષે.

દોહરા.

વસંત, ગ્રીષ્મ, વૃષ્ટિકર, શરદ હીમ શિશિરાદિ;
મીન મેષથી, મુલકમાં, આવે ઋતુ અનાદિ. ૧
તેમજ સુખ દુઃખ હરખ ભય, ચઢતી પડતી જાણ;
આવે છે આ જગતમાં, અંતર ધીરજ આણ. ૨
જ્યારે રૂઠે દૈવ તો, બંદોબસ્ત ન કામ;
સમુદ્ર સરખી ખાઇ પણ, લંકા લીધી રામ. ૩
શીખામણ લાગે નહીં, જ્યારે વિનાશકાળ;
સમજાવ્યે સમજ્યો નહીં, લંકાનો ભૂપાળ. ૪

૧ આખેટ–શિકાર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેખે પડતા દિવસમાં, સ્વજન પરસ્પર કાળ;
જેમ કાચના ગુણ થકી, દિસે રૂપ વિકરાળ.[1] ૫
દિવસ ફરે તેવે સમે, સમજણ સઘળી વ્યર્થ;
ધર્મરાજ જુગટું રમ્યા, એવો કર્યો અનર્થ. ૬
સવળે દિન સવળું પડે, અવળે અવળું થાય;
અણુઇચ્છયું આવી મળે, ઇચ્છિત અળગું જાય. ૭
માન અને અપમાન લે, ચઢતે પડતે કાળ;
બંદીખાનામાં પડે, ગયે શિયાળે સાળ. ૮
સુખ દુખ સરવે સાંખિયે, સુણ્યાં જૂના ઇતિહાસ;
રાજ્ય મળે કોઇક દિવસ, કોઇ દિવસ વનવાસ. ૯
ચઢતે દહાડે ચાલીયે, હૈડે રાખી હામ;
પડતો દિવસ પીછાણીને, વસીયે કરી વિશ્રામ. ૧૦
પડછાયો નિજ પંડનો, પ્રતિપક્ષીનો પક્ષ;
ચડતે દિન ઘટતો દિસે, પડતે વધે પ્રત્યક્ષ. ૧૧
દિવસ ફરે તો દિલ વિષે, અવળા સુઝે ઉપાય;
કાપીં વાઢીંનો કંડીઓ, મુસાક સર્પ મુખ જાય. ૧૨

ઇલકાબની પડતી—ચોપાયા છંદ.

પંડયા, પાઠક, ભટ્ટ, પુરાણી, રાખે છે સુણી રોષ;
મુનસી, મિસ્તર, બખ્શિ, બહાદુર, સુણ્યા પામે સંતોષ.
કારણ તેનું કહેવા કાજે, જોશી જુએ શું જોષ;
ચડતી પડતી રીત ચાલતી, દૈવતણો નહિ દોષ. ૧૩

દોહરા.

ઘરની કુળની દેશની, જ્યારે પડતી હોય;
ડરે પરસ્પર દેખીને, કરે પતીજ નહિ કોય. ૧૪
જેમ મુસાફર મહમદી, જાફર જનને જોઇ;
ડરથકી દિલમાં ડર્યો, કાફર જાણી કોઇ. ૧૫
ત્યારે તેને જાફરે, કહ્યું ઉર ધરી ઉમંગ;
કેમ ડરે છે ભાઇ તું, હું ઇચ્છું તુજ સંગ. ૧૬

ઇંદ્રવિજય છંદ.

એકલ અંગ થવા ભયભંગ, ઉમંગથી હું શુભ સંગ ચહુંછું;
પીશુદપાણી ભલોજનજાણી, પ્રમાણિક થૈ પ્રિયવાણી કહુંછું;
સંગત આશ વરયો કરીવાસ, ઉદાસપણે ચિર ત્રાસ સહુંછું;
એસ મુસાફર હું નથી કાફર, જાફર નામ મુસાફર હું છું. ૧૭

[1] એક કાચ એવી જાતનો થાય છે કે તેમાં જોવાથી માણસ પોતાનું રૂપ મહા વિકરાળ દેખે છે.

દોહરા.

માન્યું નહીં મુસાફરે, કર્યો નહીં વિશ્વાસ;
જાફર પણ નિજ જીવમાં, તેથી પામ્યો ત્રાસ. ૧૮
જન બંને જૂદા પડી, રહ્યા ઉજડમાં રાત;
એક બીજાને ઓળખી, પસ્તાયા પરભાત. ૧૯

દુઃખ વિષે.

દોહરા.

સુખ દુખ સરજ્યાં ઇશ્વરે, દયા ધરીને એમ;
કડવાં મીઠાં ઓસડો, પાય જનેતા જેમ. ૧
દુખ દેવું પણ દેવનું, દયા ભરેલું કામ;
મહા દયાથી રોગીને, દેછે વૈદો ડામ.

છપ્પો.

તપે સુરજનો તાપ, શોધીયે શીતળ છાયા,
ટાઢ પડે અણુતોલ, કપડથી મઢીયે કાયા;
વરસે જો વરસાદ, રચી રૂડું ઘર રહીયે,
જો દુઃખ દે જન કોઇ, કોઇ આગળ જઇને કહીયે;
કરીયે જો થાય ઉપાય તો, નહિ તો સઘળું સાંખીયે,
પણ દૈવ ઉપર દલપત કહે, રોષ રૂદે નવ રાખીયે. ૪

દોહરા.

પ્રભુ કરે તે પ્રીતથી, સહેવું ગણીને સાર;
પ્રભુ સમ કો સારો નથી, દીનદયાળ ઉદાર. ૪
મોટી વેઠે આપદા, તેનો જશ ઉચરાય;
નળ, પાંડવ, ને રામની, વાતો બહુ વંચાય. ૫
જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોઇ;
જ્ઞાની ભોગવે ધૈર્યથી, મૂર્ખ ભોગવે રોઇ. ૬
ગર્વ મટે સુખ અવસરે, દુખ અવસર હરખાય;
જો રાખે અક્ષર લખી, આ દિન પણ વહી જાય. ૭
મરદ દરદમાં ગરદ પણ, મરદ ગણે નહિ દરદ;
દરદ કહે તે મરદ નહિ, દરદ સહે તે મરદ. ૮
સંકટની શંકા ધરે, તેથી ન કાંઇ કરાય;
શીખે તરવા શી રીતે, જો જળમાં નહિ જાય. ૯
પસ્તાઇશ નહિ પીંપળા, પેખી પાનખર માસ;
સદા નહિ રહે આ સમય, તનમાં ન ધરીશ ત્રાસ. ૧૦
સુખ પાછળ દુઃખ દેખીયે, દુઃખ પાછળ સુખ હોય;
દિવસ ગયે રાત્રી પડે, રાત્રિ પછી દિન જોય. ૧૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કષ્ટ સહન કીધા વિના, પદ ઉચું ન પમાય;
પારો તાપ અધિક સહે, ઊંચો એમ જણાય. ૧૨

દયાળુ નિજ દુખ દેખીને, પરદુખ કરે વિચાર;
નિર્દય ન્યાલ થયા કહે, પંડે ઉતરી પાર. ૧૩

હરકત કશી ન હોત તો, શોભત નહિ સંસાર;
કશી ફિકર નહી હોત તો, બાંધત શીદ ઘરબાર. ૧૪

પાકે અન્ન અને અકલ, પાવક ફિકર થકીજ;
પણ સાધારણથી સરસ, નહિ તો નાશ નકીજ. ૧૫

સુખ દુઃખથી હરખે રૂએ, મુઆ પછી પરતાય;
સ્વમામાં ફૂટે હસે, જાગ્રત થઈ શરમાય. ૧૬

ઇંદ્રવિજય છંદ.

સેજ સુતાં શતવર્ષવિત્યાં,ભમતાંભમતાંસ્વપનેભ્રમણામાં;
વાસર કૈક વિત્યા સુખમાંહિ,બહૂધનવાન થકીબમણામાં;
લાંડનીં સાયલડાઇલડચોકહીં, લાપટ લાખપડી લમણામાં;
જાગતજ્યાંદલપત્તથયો, સુખદુઃખગયુંસઘળુંસમણામાં. ૧૭

જોસુપનાની સમૃદ્ધિજતાં,મરજાદ તજીબકવા બહુ માંડો;
કે સુપનાનીલડાઇલડયાથકી, ભાન થયાપછીભાંડણું ભાંડો;
સુંદરી સાત વરી સ્વપ્ને પછીજાગ્રતથૈકહે ક્યાં ગઇ રાંડો;
એમ કીધાથીં કહેદલપત, ગણાયગમારગધાસમ ગાંડો. ૧૮

દોહરા.

કો દરદીને દરદ પર, દેવા કારણુ ડામ;
નિશાન કરતાં રાખનાં, રૂએ પોકારી રામ. ૧૯

દુખદ તજી સ્થળ સુખદ સ્થળ, રહીયે દલપતરામ;
પાણીમાં જઇ પેશીયે, ઘણો વળે જો ઘામ. ૨૦

શિર છત્રી પગ મોજડી, ધરી રવિ તાપ ખમાય;
છત્રી મોજડી શું કરે, લાગે જ્યાં બડી લહાય. ૨૧

સજ્જન પણુ સંકટ સમે, રસ્તો તજી પળાય;
ચોમાસે કીચડ થયે, જગત ઉમારગ[1] જાય. ૨૨

અલ્પ દિવસ આનંદના, રહે ઘણા દિન રોળ;
દહાડા પાંચ દિવાળીના, શ્રાદ્ધ પક્ષ તો સોળ. ૨૩

હરખ શોક હરઘડી ગણે, લાખ પ્રકારે લોક;
હરખ ન હોય વિવા સમો, મરણુ સમો નહિ શોક. ૨૪

દુઃખ ઘણાં દુનિયાં વિષે, માની લીધે મનાય;
દેહ દુઃખ કે દારદ્રતા, ગણુતાં ખરાં ગણાય. ૨૫

દુઃખ વેઠે સમજણુ પડે, સમજાવ્યે ન જણાય;
બાળક ડરે દીવાથકી, જ્યારે દીવે દઝાય. ૨૬

કોમળ અંતર પરદુખો, દેખી થાય દિલગીર;
અવયવને દુઃખ ઉપજે, આંખે આવે નીર. ૨૭

બહુ રૂણિયાને રૂણુ નહિ, બહુ દુખીને દુઃખ નોય;
ભાર કશો પાશેરનો, હજાર મણુ જ્યાં હોય. ૨૮

દુમિલા છંદ.

નૃપમારીપછીપતિપાસગઈ, પતિનાગડસ્યાથી ગયોમરીને;
પરદેશ જતાં વણુઝારીં થઇ, ગુણુકા ઘરવેચી મને ફરીને;
સુતસંગથયોનિકળીબળવા, જળ પૂર થકીનિકળી તરીને.
મહરાજહુંઆજસમાપરશુંકરૂં; છાશનો શોક હવે કરીને.૨૯

મનહર છંદ.

લમમાં જો લાય લાગે તો વડી વિપત્તિ લેખે,
દારૂખાનું ખુશીથી બે હજારનું બાળે છે;

લુંટાય કે દંડાય તો દીલે દીલગીર થાય,
મમતમાં મોટી મુડી ઉમંગે ઉછાળે છે;

કાયામાં જો કાંટો વાગે કાળજામાં કષ્ટ થાય,
નાક વિંધાવીને નેહે દર્પણુ નિહાળે છે;

દુઃખ સુખ દુનિયામાં માન્યું દલપત કહે,
વિવેકી તો વિવેક વિચારી મન વાળે છે. ૩૦

દોહરા.

એક તરફનું સુખ મળે, એક તરફનું જાય;
રથ બેસી ચૌટાતણી, ચીજો નહિ જોવાય. ૩૧

સુખ ભોગવવામાં વસે, દુઃખ અને ઉપહાસ;
પ્યાદાને પડવાતણો, તલભર ન મળે ત્રાસ. ૩૨

આપે જો આરોગ્યતા, કરૂણા કરી કર્ત્તાર;
દુનિઆમાં દલપત કહે, એ સુખ અપરંપાર. ૩૩

ઉપજાવે આનંદને, જોતાં ચિંતા જાય;
પરિણામે સુખ પ્રાપ્તિનું, લક્ષણ એ લેખાય. ૩૪

દુઃખમાં દુઃખ તો દેહ દુઃખ, બીજું કરજનું જાણુ;
અલ્પ બધાં દુઃખ એ વિના, ઉર સંશય નહિ આણુ. ૩૫

કરજ વિષે.

માળા છંદ.

પડી ઘણી ગરજ, કરજ કદી કરીયે;
પ્રતિ દિન દિન પણ, દિલ અતિ ડરીયે;
ફિકર સકળ તજી, વિકળ ન ફરવું;
કદી અતિ અધિક, કરજ નહિ કરવું. ૧

[1] ઉમારગ—અવળો રસ્તો.

P. P. Ac. Gunratnasuri M.S.　　　　Jin Gun Aaradhak Trust

દોહરા.

નામ રામનું સાંભળી, હું પામું ઉલ્લાસ;
નામ [1]રામનું સાંભળી, હું પામું ઉર ત્રાસ. ૨

મનહર છંદ.

માણુસ મરણનું સ્મરણ નથી સાલતું ને,
દ્રવ્યનું દારૂણ [2]ઋણ સાલે છે સંભારતાં;
બળીઆ નીસરી ગયા તે મને વિસરી ગયા,
વ્યાજતણી વ્યથા નવ વિસરે વિસારતાં;
આજ પામ્યો લાજ લક્ષ રાજના સમાજમધ્ય,
વીતકની વાત લાજ આવે છે વિચારતાં;
કહે દલપતરામ સજ્જન તમામ આમ,
દીલમાં ધરો ડરજ કરજ વધારતાં. ૩

ઈંદ્રવિજય છંદ.

વૃદ્ધપણું હજીછે વળતી, અવનીતળઉગોંઅને નથીં ઉલ્યો;
જ્યાર થકી ધીંરનારકને, દશબાર દિનારને કારણ ડૂલ્યો;
વીતક વાતવિસારીં વખાણથીં ફોગટફાવીં ફરૂં નહિ ફૂલ્યો;
દીનપણેદલપતકહેહજી, ભીખનું ભોજનહુંનથીંમૂલ્યો. ૪

દોહરા.

કરજ કરીને જે કર્યા, ખોટા વરા ખચીત;
ખરેખરા [3]ખોટાવરા, ચરચર બાળે ચિત્ત. ૫
હળ લેખણ ખત ખેત્ર ને, બ્યાજ એજ વડીંવાડ;
વિખ બીંજ નાણું વાવીંએ, થાય ઝેરનાં ઝાડ. ૬
શબ ઉંચકે તે કાંધીંયા, અડતાં જન અભડાય;
વ્યાજખોર પણ કાંધીંયા, બમણું ત્રમણું ખાય. ૭

ચતુર્થ પદ ગુપ્ત.

માગે ત્ર ગણા તેહનો, નોય મિલાપ પવિત્ર;
સાખ્ય ચુંથાય બજારમાં, માનો સાનું મિત્ર. ૮

અંગ ઉધારનો ઝગડો.

જે ગરજુ માણુસ હોય છે, ને તેને કરજે નાણું જોઇતું હોય ત્યારે તે શાહુકારને ઘેર જઇને કેવો ગરજવાન થઇને બોલે છે, ને પોતાનો અર્થ સર્યા પછી કેવો જવાબ દે છે, એ વિષેની હકીકત નીચે લખ્યા પ્રમાણે છેઃ-

દોહરા.

પ્રથમ નમું ગણનાથને, વિનવું વારંવાર;
ઝગડો અંગઉધારનો, સુણજો સહુ નરનાર. ૧
શાહતણે ઘેર સંચર્યો, ગરજુ દરદી જંન;
અંગઉધારે આપશો, એક [1]મસવાડો ધંન. ૨
અર્થ સુધારો એટલો, છે તમ સરખું કામ;
સોવાસા પખવાડિયે, દેશું પૂરા દામ. ૩
તો ફરીં લેવા આવશું, જુઓ કરી એકવાર;
આગળથી એક માસનું, વ્યાજ ધરૂં આ ઠાર. ૪
આપો અમને આ સમે, જાણે કીધા ન્હાલ;
જોઇએ ત્યારે માગજો, જોઇશે નાણાં કાલ. ૫
માણસ જોઇને ધીરજો, કઠણ સમો છે આજ;
જગત બધું ખૂટલ થયું, કરજો જોઇને કાજ. ૬
આગળથી શું ઓચરૂં, જુવો અમારી વાત;
દેવું જ્યારે છુટશું, સુખે ઊંઘશું રાત. ૭
લીધે કંઇ જીત્યા નહીં, જુંવો કરિ વિચાર;
લઇને પાછું આપીંએ, તો ચાલે વ્યવહાર. ૮
માસ પછી તો આવશે, નાણું છે આ માલ;
નહિ તોપણ નહિ કાપિયે, બેઠા ફેરી ડાળ. ૯
બીંજે કહ્યું એક બે જણે, લ્યો અમારૂં ધંન;
શીદ રળાવું કોઇકને, એમ વિચારૂં મંન. ૧૦

ચોપાઇ.

બોલ્યો ગરજુ એવા બોલ, શાહતણું મન થયું ઢમઢોલ;
દીધા ખત માંડીને દામ, કીધું ગરજૂએ નિજ કામ. ૧૧
અર્થ સર્યોને ગરજજ ટળી, નામ લે નહિ સામો મળી;
જાણેશાહ વધેછે વ્યાજ, ગરજુજાણે થયું મુજ કાજ. ૧૨
એમ કરતાં એક વર્ષજ થયું, આપો નાણું શાહે કહ્યું;
ધીરજરાખીંકરોઘરકાજ, હમણાં જાઓવધે છે વ્યાજ. ૧૩
તમથકીં અમને ચિંતા ઘણી, હાલ નથીનાણું અમભણી;
આવશે નાણું હાથે ચડી, વણ માગ્યા દેશું તે ઘડી. ૧૪
સહુ પહેલા ભરશું તમતણા, ભાઇ તમે ટાળી છે મણા;
વ્યાજવધાર્યાનીનથીંખાંત, દીધાવિનાનહિથાયનિરાંત. ૧૫
સુજ્યો તળાઇમાં સુખે જઇ, નાણું તમારૂં રહેશે નહીં.
કાળાચોરના કાઢશું તે વંત, હશે જેના લોઢાના દંત. ૧૬

---

૧ વ્યાજ ગણવાના આના.

૨ ઋણ-કરજ. ૩ ખોટાવરા-લાકડાનો સળગતો અંગારો કહેવાય છે. તેમ છાણાંનો ધિંખતો ખોટાવરો કહેવાય છે.

૧ મહિનો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નહિતો જાતે વેચાઇ આપશું,તોબીજીવાર લેવાઆવશું;
માગેશાહ દિનમાં એકવાર, એમ કરતેવિત્યાં વર્ષ ચાર.૧૯
ત્યારે શાહલેવાને ગયા, આપો રૂપિઆ બમણા થયા;
રૂપીયાનુંનહિ લેશો નામ, હાલ નથી રૂપિઆનો ઠામ.૧૮
દામ નથી તો મારો શો વાંક, તું તોરહ્યો સદાયનો રાંક;
કહું તને કરીને પરણામ, આપો હવે અમારા દામ. ૧૯
આપીશ તોપણુ લેઇશું અમો, નહિચાલે નાપાડે તમો;
એ રીતે કહ્યું બહુજ પ્રકાર, બોલ્યો ગરજુ તેણીવાર. ૨૦

દોહરા.

ગરજૂ બોલ્યો તાહરે, સાંભળ સાચી વાત;
ક્યાંઇ ન જવાશે ચોરવા, હોય તો દઇએ ભ્રાત. ૨૧
શાહ ત્યાંહાં ગરજૂ થઇ, બોલ્યો થઇ લાચાર;
ભાઇજી આપો તો વળી, દેઇશું બીજી વાર. ૨૨
એ નાણું આવ્યા તણો, નહિ સુઝ્યો ઉપાય;
ત્યારે પોતે લાંઘવા, ગરજુને ઘેર જાય. ૨૩
ચૂલામાં જળ રેડિયું, બેઠો કઠણ થઇ સાય;
દીધા વિના તું જો જમે, નરશી વસ્તુ ખાય. ૨૪
ઘર તારૂં લાંઘે સહુ, લાંધું બેઠો હુંય;
લીધા વિના ઉઠું નહીં, નિશ્ચે જાણે તુંય. ૨૫
શાહે ગાળો રીસમાં, દીધી ત્યાં દશવીશ;
તે સાંભળતાં તુરત તે, ચડી ગરજૂને રીસ. ૨૬
અહિં તો આડી શેરીની, ધુળ પડી તે લેય;
કર કરવાનું હોય તે, કહેવું હોય ત્યાં કહેય. ૨૭
નથી બીતો તારા થકી, આ ઘર લૂટી લેય;
મળશે ત્યારે આપશું, દશ દિન બેશી રહેય. ૨૮
શાહ કહે સુણુ કુતરા, ઘણું બોલમાં થૂક;
તારા ઘરમાં રાખજે, આખી શેરીની ધૂળ. ૨૯
છે જાતે દેવાળિયો, લેઇ નથી દેતો ધન;
લેતાં લાગ્યું સોહલું, દેતાં ધ્રૂજે તન. ૩૦

ચોપાઇ.—શાહુકાર કહે છે.

શું કોઇ તારા ચાકર છૈયે, જે તારે ઘેર ફેરા દૈયે;
ખાઇશશુંછે વાંઝિયાનોમાલ, લેશુંબમણુધન હાલહાલ.૩૧
એક હાથે માથાના વાળ, એક હાથે મોટી [1]પેંજાર;
મારીશ ચાર ગણી એ કહું, નાણું તો એ રીતે લહું. ૩૪
બોલ્યો ગરજુ સુણી એ વેણ,આ ભવતોનથીલેણુનેદેણુ;
ખોટી કમાઇના હશેતેમયા,મારા નસીબના ખાવાયયા.૩૩
કુતરાની પેઠે શું ભસે, નાણાં તોતારા ઘરમાં હશે;
તારૂં મોત છે મારે હાથ, જઇશ ગોળફટકડીનેકવાથ.૩૪
એમ કરતે લાંઘણુ થઇ ત્રણુ, શાહે જાણ્યું આવ્યું મરણુ;
ઘણીંધરનો ખાય છાનું ધાન, શાહનપામે અન્નનેપાન.૩૫
શાહ ગયો ઘરમાં કરી રીસ,મારી લાત ગરજૂનેશીશ;
આવ્યા પાટુએ તે ઘડી, ગડદાની તરવીટજ પડી. ૩૬
જોવા મળ્યું ત્યાં સઘળું ગામ,શાહને કહે તનેરૂડયારામ;
આપ્યા છે તેમજ લઇજાણુ, આમકીધે નવથાયવખાણુ.૩૭
શાહ કહે હજી મારો વાંક, ભાઇઓ મને અપાવો કાંક;
વચ્ચે પડયા પછી વચ્ચીદાર,મુદલમુદલનો કીધોવિચાર૩૮
ગરજુ કહે કાંધાં કરો બાર, શાહ કહે કાંધાં કરોચાર;
જો ભાઇમુળગા પામશું દામ,ફરી વિચારી કરશુંકામ.૩૦
વર્ષે કાંધું પૂરૂં ન થાય, ટંટો એટલો એટલો મચાય;
સમજુ સુણીને કરે વિચાર, એવા નહિ કરશોવેપાર. ૪૦

દોહરા.

રાખી ઘરેણું રોકડું, આપે નાણું જેહ;
સોમણુ કેરે ગાદલે, સુખે ઉંઘશે તેહ. ૪૧
ઉધારે તે આપજો, જેનું ચાલે જોર;
આરબ બેસે આવીને, કરે કબજ ઘર ઢોર; ૪૨
સગપણુમાં કે સ્નેહમાં, દેણા લેણા દામ;
અંતે હેત રહે નહીં, કરજો જોઇને કામ. ૪૩
જર જોરૂ ત્રીજી જમીન, કલેશ તણાં ઘર એહ;
સાખ સહિત લખત વિના, વાત ન કરીયે તેહ. ૪૪
ઉપજ વિચારી આપણી, કરીયે ખરચ સદાય;
સારે નરસે કારજે, નહિ કરીયે ફુલાય. ૪૫
જે ખરચે દેવું કરી, મોટો મૂરખ એહ;
લોક વખાણે એક દિન, કરે વગોણાં તેહ. ૪૬
ઝગડો અંગ ઉધારનો, સુણી હરખશે શાહ;
જાતે ચોરે દેવાળિયા, દિલમાં ધરશે દાહ. ૪૭
વાતો સુણી વિચારજો, ક્રોધ ન કરશો લેશ;
રૂદિયામાં ધરી રાખજો, ડાપણુનો ઉપદેશ. ૪૮
કરજો કામ વિચારથી, નહિ કરશો કુલાય;
સદા વિચારી ચાલશો, થાશો સુખી સદાય. ૪૯
ઓગણીસેંને ચારના, મહા સુદિ પંચમિ નામ;
તે દિન ઝગડો દાખિયો, દ્વિજવર દલપતરામ. ૫૦
એક રામ ચઢતાં ગયું, રાવણુ કેરૂં રાજ;
સોળ રામ શિરપર ચઢે, કેડો રહે કયમ લાજ. ૫૧

[1] ખાસડું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરજ ન કરવા વિષે.—૫૬.

(વિવેક વણજારાનો રાગ.)

મારૂં કહ્યું તમે માનીને, દિલે ડરજોરે,
તક આવે નહારી તોય, કરજ નવ કરજોરે;
કરજથી ભુંડું કશું નથી, દિલે ડરજોરે,
હઇડે જો કાંઇ બુદ્ધિ હોય. કરજ૦ ૧
અંગ ઉધારે ઉપાડતાં, દિલે ડરજોરે,
લેણદારના થઇએ ગુલામ. કરજ૦
સઘળાં કથન સાંખવાં પડે, દિલે ડરજોરે,
એથી આબરૂ ખોઇએ આમ. કરજ૦ ૨
બાણુ જેવું તીખું બોલશે, દિલે ડરજોરે,
લોહી બાળીને લઇ જશે પ્રાણ. કરજ૦
ઓશિયાળા થશો એહના, દિલે ડરજોરે,
વળી થાશો એના વેચાણ. કરજ૦ ૩
ગભરાટમાં ગભરાવશે, દિલે ડરજોરે,
ગમે તેમ લખાવશે લેખ. કરજ૦
પછી નહિ પોતે પાળી શકો, દિલે ડરજોરે,
મોટા કષ્ટની મારશે મેખ. કરજ૦ ૪
કરજથી કંઇક કુવે પડયા, દિલે ડરજોરે,
ઝાઝે ખાધાં ઝંખાઇને ઝેર. કરજ૦
કંઇકે જોડાવ્યા જમાનને, દિલે ડરજોરે,
વળી વાવ્યાં વહાલામાં વેર. કરજ૦ ૫
વેરાગી થઇ કંઇક વહી ગયા, દિલે ડરજોરે,
કંઇકે ભોગવી ભુંડી કેદ. કરજ૦
માર ખાધા કઇક માણસે, દિલે ડરજોરે,
ખરેખાત પામ્યા ખુબ ખેદ. કરજ૦ ૬
પુત્ર પુત્રીને વેચવાં પડયાં, દિલે ડરજોરે,
પડી [1]વેચવી પરણેલી નાર. કરજ૦
કંઇનાં કુટુંબ અકળાવિયાં, દિલે ડરજોરે,
બાંધીં કાઢયાં બધાં ઘર બહાર. કરજ૦ ૭
દોસ્ત થતાં દેવાદારના, દિલે ડરજોરે,
સુખ સર્વ ખોશો તેને સંગ. કરજ૦
પતીઆની પાસે જો બેશીએ, દિલે ડરજોરે,
એથી આપણું બગડે અંગ. કરજ૦ ૮

[1] એક કડવા કણબીએ કરજને લીધે પોતાની રૂપાળી બાયડીને વેચીને છેડાછુટકો કર્યો હતો, તે તેના નાતીલાએ લીધી.

કરજ થકી અકળાઇને, દિલે ડરજોરે,
થાય સત્યતાનો સદ્ય નાશ. કરજ૦
વિષને કરજ ખાતાં સોહલું, દિલે ડરજોરે,
અંત્યે અત્યંત ઉપજે ત્રાસ. કરજ૦ ૯
વિષમ કરજ છે વિષથકી, દિલે ડરજોરે,
પુત્ર પૌત્રને પીડા થાય. કરજ૦
લાંચ લુચાઇ લંપટપણું, દિલે ડરજોરે,
દુષ્ટ કરજમાં ગુણ દેખાય. કરજ૦ ૧૦
કરજદાર કારભારીએ, દિલે ડરજોરે,
ન કરાય અદલ ઇનસાફ. કરજ૦
દેવું કરે તે દેવાળિયો, દિલે ડરજોરે,
નહીં દેવું તે સાચો શરાફ. કરજ૦ ૧૧
એક રામ ચડતાં થયું, દિલે ડરજોરે,
ધુળધાણી રાવણનું ધામ. કરજ૦
સોળ રામ જેને શીર ચડે, દિલે ડરજોરે;
દેખે શી ગતિ દલપતરામ, કરજ નવ કરજોરે. ૧૨

ફુલણજી વિષે.

ચોપાઇ.

જો આવે જોવા કે વરો, ખૂબ ફુલાવ્યો ફુલે ખરો;
દેવું કરીને ખરચે દામ, તે નરનું ફૂલણજી નામ. ૧
કરી કચેરી કસુંબા પાય, બાળક ઘરમાં બંટી ખાય;
અવળાં કામ કરે જે આમ, તે નરનું ફૂલણજી નામ.૨
લખી દેખાડે નાણા લાખ, રોકડમાં ચૂલાની રાખ;
કરે કરોડપતિનાં કામ, તે નરનું ફૂલણજી નામ. ૩
હિંડી શકયાનાં હોય ન હોશ, કહીયેપણુજઇશકેનકોશ;
હજાર કોશ ચલાવે રામ, તે નરનું ફુલણજી નામ. ૪
ડેલી ઉપર દીવાનાં જોર, ઘરમાં તો અંધારૂં ઘોર;
ઠાઠ રચે વેચીને ઠામ, તે નરનું ફૂલણજી નામ. ૫
દેડકું દેખી દિલમાં ડરે, સિંહ સાથ લડવા સંચરે;
પ્રથમ પિછાનેનહિ પરિણામ, તે નરનું ફૂલણજીનામ.૬
એક અક્ષરની નહિ યાદ, વદે વડા પંડિતથી વાદ;
ગણે મુરખમાં સઘળું ગામ, તે નરનું ફૂલણજી નામ.૭
બીજાની ઓથે બડબડે, વળી વિજય પામે તે વડે;
તે જાણે નિજ જોર તમામ, તે નરનું ફૂલણજી નામ.૮
ઓઢે જે ઉનાળે શાલ, ચંદ્ર છતાં ઇચ્છેજ મશાલ;
કારણ વિના કરે ધુમધામ, તે નરનું ફૂલણજી નામ.૯
દીલાસા તો ખાસા દેજ, બને વખત ત્યાં ફરી બેસેજ;
બકે ખરો પણ દે ન બદામ, તે નરનું ફૂલણજી નામ.૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બોલે મોટા મોટા બોલ, તેમાં પૈસાભાર ન તોલ;
લગાર મોઢે નહીં લગામ, તે નરનું ફૂલણજી નામ. ૧૧
આદરી શક્તિથકી ઉપરાંત, ખાલી મોડી રાખે ખાંત;
દિલથી કહે છે દલપતરામ, તે નરનું ફૂલણજી નામ. ૧૨

ઇંદ્રવિજય છંદ.

સાગર સાત તરે સહજે પછી ખાડ તણી ગણુતી કર્શી તેને;
દેડવી દે ડગતા કદી ડુંગર આકતણું ફળ શું પછી એને;
આભની સાથ ભરે બહુ બાથ, કહો પછી તેહ ગણે દિલ કેને;
કોડી હિસાબ કિયો દલપત્ત,જયાબ ધની ગણુતી નહિજેને.૧૩

દોહરો.

અલખત હાથ ઉડાઉને, વસે ન ઝાઝી વાર;
પતંગ રંગતણી રહે, ચટકી દહાડા ચાર. ૧૪

ફૂલણજીની ગરબી.

"વાલા તમારી જોઇને રહીશું વાટ રે
વલાજી." એ રાગ.

ફૂલણજી તમે ફુલાવ્યા કેમ ફુલ્યારે, ફૂલણજી;
આ ઉપજખરચનો અડસટો કેમ ભૂલ્યા, મારા ફૂલણજી. ૧
કરજ કરીને વરા ભલા તમે કીધારે, ફૂલણજી;
આ ગરથ પરાયા ખરચીને જશ લીધા, મારા ફૂલણજી. ૨
ઘર વેચીને ઘી સાકર તો લીધાંરે, ફૂલણજી;
આ જમણુ સરસ સમોવડીયાથી કીધાં, મારા ફૂલણજી. ૩
પીતાંબર પેહેરી પંગતમાં ફરીયારે, ફૂલણજી;
આ મનમાં ફૂલ કરી મૂછે કર ધરીયા, મારા ફૂલણજી. ૪
વળતો દિવસ થયો કે માગે નાણુંરે, ફૂલણજી;
આ નાણુંનાં તો ન મળે કયાંઇ ઠેકાણું, મારા ફૂલણજી. ૫
ફૂલણજી ઉપર અરજી થઇ ત્યાંથીરે, ફૂલણજી;
આ જપત થઇમિલકત દાહાડયા ઘરમાંથી,મારાફૂલણજી. ૬
ફૂલણજી તમને જેણે ફૂલાવ્યારે, ફૂલણજી;
આ તે તો કોઇ મદદ કરવા નવ આવ્યા, મારા ફૂલણજી. ૭
ફૂલણજી તો કુવો શોધવા ચાલ્યારે, ફૂલણજી;
આ ગરથવિના તેઅધ્વિન કોઇએ આલ્યાં,મારાફૂલણજી. ૮
જમતી વખત વખાણુ ભલાં જે કરતારે, ફૂલણજી;
આ એ સહુ હાસ્ય કરે નિંદા આચરતા, મારા ફૂલણજી. ૯
એ અવસર તો અધિક વખાણી ચડાવ્યારે, ફૂલણજી;
પણુ આ અવસર તો બેવકૂફ ઠરાવ્યા, મારા ફૂલણજી.૧૦
પેહેર્યાંતે પટકુળે બાંધ્યા ચંદરવારે, ફૂલણજી.
આ ઘર બાળીને ચાલ્યાં તીરથ કરવા, મારા ફૂલણજી.૧૧
ફૂલણજીની રાંડ રૂએ મોં વાળીરે, ફૂલણજી.
આ ફૂલણજી સીધાવ્યા ટેકો ટાળી, મારા ફૂલણજી.૧૨
ભોળાને નરસી ચિખામણુ દેશેરે, ફૂલણજી.
તે નિસાસાનું પાપ ઘણું શિર લેશે, મારા ફૂલણજી.૧૩
દિલમાં દલપતની શીખામણુ ધરજોરે, ફૂલણજી.
તો કરજ કરીને નાત વરા નવ કરજો, મારાફૂલણજી.૧૪

કરકસર કરવા વિષે.

દોહરો.

સમજી ખરચ કરે સદા, જેમ કમાય કમાઉ;
કૃપણુપણું ન કરે કદા, આત નહિ થાય ઉડાઉ. ૧
ખર્ચે ધન સૌ જન ખરા, વળી પણુ જુઓ વિવેક;
અર્થે ખર્ચે એક જન, અનર્થ ખર્ચે એક. ૨

સ્વાગતા છંદ.

જામશેજ જર જે જરા જરા, તો યશેજ વધતા વરાવરા;
જ્ઞાનવાન જન જે ખરા ખરા, વ્યર્થ ખર્ચન કરે નરાનરા.૩

દોહરો.

કષ્ટે આવે કર વિષે, તે ઝટ નહિ વપરાય;
કષ્ટે વિંટી પહેરિયે, તે કષ્ટેજ કઢાય. ૪

કુંડળિયો.

કર આંગળિયે કષ્ટથી, વિંટી આવે વીર;
કરથી તે તો કાઢતાં, નયણે આવે નીર;
નયણે આવે નીર, કલ્પના તે પર કરતાં,
શ્રમથી ધન સાંપડે, વિષમ લાગે વાવરતાં;
દાખે દલપતરામ, રચી પર્યાંને જે રળિયે,
તે તો ધન વપરાય, કષ્ટથી કર આંગળિયે. ૫

દોહરા.

યોગ્ય ખરચ કરવું ભલું, ભલું અધિક નહિ ભાઇ;
લેખણુ ભરી લખવું ભલું, નહિ રેડી રૂસનાઇ. ૬
નિજ ઘરનું પરનું વરે, ત્યાં તેવો મન રંગ;
દરજી ખપતું વેતરે, મોચી વેતરે તંગ. ૭
કરે જગતમાં કરકસર, જુઓ જગતનો ઇશ;
પ્રકાશ ત્રીશ ઘડી કરે, અંધારૂં ઘડી ત્રીશ. ૮
ઇશ્વર પણુ કરકસરનો, રાખે રૂડો વિવેક;
ગ્રહો અનેક વચે રચ્યો, દીવો દિવાકર એક. ૯

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

કંજુસ વિષે.

આર્યાવૃત્ત.

ઉદારનું કંજુસનું, ખરચ બરાબર જૂઓ કરી તપાસ;
દિન અગ્યારે ઓછું, ચાંદ્ર વરસ તો વધે અધિક માસ.૧

દોહરા.

ઉદાર નરનો કૃપણનો, સરખો વરો સદાય;
કસર કર્યે કંજૂસનું, લાખ રીતે લૂંટાય. ૨
મોટા જાણી મન વિષે, અચળ ન ધરીએ આશ;
સુણ્યો ન કોઇ સુખી થયો, તાડ તળે વશી વાસ.૩
કૃપણ મૂર્ખના કર વિષે, પૈસા પુસ્તક જાય;
પંપાળે પાસે લઇ, એ ઉપયોગી ન થાય. ૪
સિંહ મૂછ મણિધરમણી, સતિતન કંજુસ [1]આથ;
ચડે ચાર એ એટલાં, પ્રાણ ગયે પર હાથ. ૫
લે લુટી ધન કૃપણનું, કાં રાજા કાં ચોર;
ખંખેરાએ ખાસડે, બોરડી કેરાં બોર. ૬
કંજુસ કેરૂં કાળજું, કાળો પત્થર હોય;
જુગ આખો જળમાં રહે, પણ પિગળીત ન હોય.૭
મધમાખી મધખાય નહિ, સંચ્યા કરે સદાય;
તો તેનાથી અન્યને, એ મધ કેમ અપાય. ૮

મનહર છંદ.

[2]જલદનું લે છે જળ લે છે નદી નદતણું,
જેનું તેનું લેવું પણ દેવું નહિ દાન છે;
પીવા આવે માણસો તો પાય નહિ પળી પાણી,
વદન બગાડે વળી એવો ગુણવાન છે;
પલાળતાં પલળે ન એવા રહે પાસે પડ્યા,
પત્થર જેવા કઠોર પાપષ્ટ પ્રધાન છે;
રાખી રહે એવી એવી રીત રતનાગરની,
નાગર નાથુંનું દીલ સાગર સમાન છે. ૯

દોહરો.

કંજુસ મુખથી શું કહે, શું સુમ મુખને ડામ;
શબ્દ કહો સમશાનનો, તે ત્રણ શબ્દે નામ. ૧૦

ઉત્તર નાથુંરામ—વસંતતિલકાવૃત્ત.

છાંયે વશી જન કદી, સુખીયાં ન દીઠાં,
ફુલ્યાં ન ફુલ ન ફળ્યાં ફળ કાંઈ મીઠાં;
પ્રખ્યાતતા ન પસરી, જન પાળવામાં,
રૂડો ગણાય ગુણ, બાવળ બાળવામાં. ૧૧

દોહરો.

સુળો દીસે સામટી, ફુલ વિષે નહિ માલ;
પાકે ફળ તો પરડિયા, તે બાવળને બાળ. ૧૨

ઈંદ્રવિજય છંદ.

દે ઉપદેશ સદા દલપત્ત, અધર્મિ અધર્મ નહિ તજવાનો;
બીકણ કોઇ સુણીબિરદાવળી,સોય વસા નહિ ચરચવાનો;
કોડ પ્રકાર કીધે મનરંજન, કંજુસ દાન નહીં કરવાનો;
બાળક રોઇ મરે બહુધા પણ, પાવઇનેનચડેકદીપાનો.૧૩
આ ભૃગુપૂર રહ્યુંબાળરાયનું, હાકમ હિંદુ ગયા હરનારા;
આ હથિયાર રહ્યાં અવનીપર, ધિંગડમલ્લ ગયા ધરનારા;
આ કવિતા રસ પૂરણ પ્રૌઢકવીશ્વર, ભૂપ ગયા કરનારા;
દક્ષ પુરૂપ ગયા દલપત્ત, રહ્યાનિજ પેટ પુરૂં ભરનારા.૧૪

મનહરછંદ—સોપારીના ઝાડ પ્રતિ અન્યોક્તિ.

ઊંચું ઊંચું વંધી શોભે એથકી છે નીચાં સારાં,
જે થકી પોષણ સદા થાય છે સંસારીનું;
આપે બખશીશ બની રંજનને રાજી કરે,
વણિકનું દાન જેવું તાળીની તૈયારીનું;
આશ્રય કરીને કોઇ પ્રાણી ન આરામ પાને,
રાખે દલપત્ત પેખો ઝાડ આ સોપારીનું;
સરજ્યું તોય ઠીક છે ન સરજ્યું હોત તોય ઠીક,
જેને ફળે પેટ ન ભરાય નર નારીનું. ૧૫

સોપારી કહે છે કવિ કામનો ધિક્કાર કરે,
મને તો સરજીછે મજલસને [1]શોભાવવા;
મારા વિના વરઘોડા સારા કેમ શોભત ને,
કને તમે કહેત સાજનમાં સિવાવવા;
મોટાં મોટાં સુંદર છે મંદિર અમારાં એથી,
શેકેર શોભે છે સારાં પ્રેમ ઉપજાવવા;
તાડ ઝાડતણી તુલ્ય નથી દલપતરામ,
સારે સમે છીએ ઉપયોગ યોગ્ય આવવા. ૧૬

ગરજ વિષે.

દોહરો.

આપ આપની ગરજથી, ગરજૂ જગત જણાય;
વગર દરદ ઘર વૈદને, જરૂર કોઇ નવ જાય. ૧

---

૧ આથ–મુડી. ૨ જલદ–વરસાદ.

૧ મતલબ કે કેટલાએક શ્રીમંતો ફક્ત મીજલસને શોભાવવાના છે, પરોપકારી કામના નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તમા ન તજિયે તેહની, જેની ગરજ સદાય;
જળ સાથે રિસાઈને, કહો મત્સ ક્યાં જાય. ૨
જેની ગરજ પડે સદા, તેને કેમ તજાય;
બાળે છે ઘર આગ પણ, ઘરમાં રોજ રખાય. ૩
કદી હલકાની ગરજ પણ, ભારે ને પડનાર;
કાષ્ઠ નાવને આશરે, પથરા ઉતરે પાર. ૪
ગરજ સમે ગરજૂ જનો, બોલે મીઠા બોલ;
ભાર ન ગણુશો ભાઈઓ, તેનો તરણા તોલ. ૫
તેનો દોષ ગણાય નહિ, જે ઉપયોગી અગાધ;
એકી ખેળ ગણાય પણ, કાગળનો નહિ બાધ. ૬

કીંમત વિષે.

દોહરા.

અમુલ્ય પણ સહજે મળે, જે સંરતુ તે ઠામ;
નદી કિનારે નીરનો, એક ન ઉપજે દામ. ૧
જળનું નિર્જળ દેશમાં, ઉપજે અગણિત મુલ;
ગંગાતટ જે જન વસે, તેને જળ તૃણ તુલ્ય. ૨
જોઇએ ત્યારે નવ જડે, એનું મૂલ અપાર;
જાય પ્રાણ જ્યાં જળ વિના, કિંમત હેમ હજાર. ૩
અછતે પડે અગત્ય તો, તે વસ્તુ મહા મુલ્ય;
નિર્જળ થળ પ્રાણાંત તક, નીર લાખ ધન તુલ્ય. ૪
સઉને ખપ તે સસ્તું છે, તે પ્રભુ કૃપા અતુલ્ય;
પંડિત, પાણી ને પવન, છે નિર્ધન નિર્મૂલ્ય. ૫
સાત વેંતના સર્વ જન, કિંમત અક્કલ તુલ્ય;
સરખા કાગળ હુંડિના, આંક પ્રમાણે મૂલ. ૬
બહુ જન માને જેહને, તો તે મોંઘું થાય;
સોનું છે શા કામનું, નહિ ઓઢાય ખવાય. ૭
વખાણ કે નિંદાથકી, વધે ઘટે નહિ વાલ;
ઉપજે કિંમત એટલી, જેમાં જેવો માલ. ૮
વસ્તુ પશાઇ ભાસતાં, દિસે કાણ દિલગીર;
ધોબણનાં બાળોતિયાં, તે રાણીનાં ચીર. ૯
સોંઘું મોંઘું શીદ ગણે, પરવન જ્યાં વપરાય;
તેલ ગોળ ઘર પારકે, જોડા ઘોડા ખાય. ૧૦

ઉપદેશી, મનહર છંદ.

પૈસાથી પંકાયો પણ પાપથી મુકાયો નહિ,
ખજાનો રખાયો, ખરો ખેલ ન રખાયો તેં;
દુષ્ટ તું દેખાયો ચાહી સ્વાદ તો ચખાયો પણ,
ધર્મમાં ન ધાયો, ગુણ પ્રભુનો ન ગાયો તે;
ઠગથી ઠગાયો ને ડગાવતાં ડગાયો મુખે,
મોક્ષ ન મગાયો, માલ માયક મગાયો તેં;
ગૃહસ્થ ગણાયો મોટો મહેલ ચણાયો પણ,
પડે નહીં પાયો એવો કિલ્લો ન કરાયો તેં. ૧
મોજ ભલે માણો જ્યાં સુધી લખાણો દાણોપાણી,
દાણોપાણી ખૂટે જવાનું છે તે તો જાણોછો;
તત્વો તણો તાણોવાણો તૂટશે અજાણ્યો જ્યારે,
રાખે કોયો રાણો એવું અંતરમાં આણોછો?
તાકે છે *સિંચાણો પંખી જાળમાં ઝલાણો તોય,
લોભમાં લેવાણો એવી વ્યવસ્થા વખાણોછો;
કોટે બાંધ્યો પાણો એ ઉખાણો ખરો જાણો ખૂદ,
શોધો શાણો સંત ખાલી તંત શીદ તાણોછો. ૨
કાયાની શી માયા, કાયા વાદળીની છાયા જેવી,
રેતીના રચાયા પાયા એવી કાચી કાયા છે;
દહન થતા દેખાયા રાંક અને રાણીજાયા,
માયા મેલી મુએલા ગણાયામાં ગણાયા છે.
ધન માટે ધાયા ને કમાયા ન કમાયા કોઇ,
બંધને બંધાયા કાળ ઝાળમાં ઝલાયા છે;
લાલચે લોભાયા પણ સ્થિર ન થોભાયા ભાઇ,
કો અહીં સમાયા એવી ઇશ્વરની માયા છે. ૩
કુથલી નકામીનીમાં તૃષ્ણા દામ ચામનીમાં,
જારી કરી જામનીમાં ખૂબ એદો ખાઈને;
બીજાનું બગાડવામાં દોલત ઉડાડવામાં,
જમવા જમાડવામાં બેઠો ધુળ ધોઈને;
ખાનારા મફતીયામાં લૂટાયો મળતિયામાં,
ભારના ભરતીયામાં ભૂલ્યો જાણી જોઈને;
કદી કષ્ટ કાપવામાં કે સુનીતિ સ્થાપવામાં,
એકે પૈસો આપવામાં આપ્યો નહિ કોઈને. ૪
જાય જાય જોને તારૂં જીવતર જેવી રીતે,
જળ વહ્યું જાય સાથે જંતુઓ બીજાગ જાય;
ખાય ખાય ખલકને ખોતરી ખચીત કાળ,
નખ ખાય નેણ ખાય શિરની શિખાય ખાય;
થાય થાય થાવરને જંગમ જરૂર નાશ,
કેક ગયા તેની કેવી કરમ કથાય થાય;
હાય હાય કરી હૈયું ફૂટશે [1]હેતુઓ તારા,
હયાતી છતાં તું હૈયે ચેત્યો નહિ હાય હાય. ૫

---

* બાજપક્ષી.　　　[1] હિતસ્વી.

P. P. Ac. Gunratnasuri M.S.　　　Jin Gun Aaradhak Trust

ભાઈ તેં ભલાઈ ન લેવાઈ ને ભુંડાઇ લીધી,
લુચ્ચાઈ ઠગાઈ તોછડાઈ ન તજાઇ તેં;
ખાઈ મેંરખાઇ, મૂરખાઇ તો રખાઈ ખૂબ,
નીતિ ન રખાઈ ન રખાઈ ચતુરાઇ તેં;
કરી સરસાઇ પીતરાઈથી નવાઇ કરી,
પુંજી વધરાઈ પુણ્યે પાઈ ન અપાઇ તેં;
ધાઇ ધાઇ કરી જે કમાઇ ખાઇમાં સમાઇ,
પાઇ ન ખવાઇ ન લેવાઈ ન દેવાઇ તેં. ૬
સારી સારી મારી શીખ ધારી લે વિચારી ચિત્ત,
નથી રે નકારી તે તો તારી હિતકારી છે;
પોકારી પોકારી કહું સ્વીકારી સ્વીકારી લેજે,
પ્રચારી પ્રચારીને વિચારીને ઉચ્ચારી છે;
ઠગે છે ઠગારી માયા ધરી લે ધુતારી ધીર,
પ્યારી પ્યારી લાગે પણ ખરેખરી ખારી છે;
તારી તેં તો ધારી પણ તારી તેને યારી નથી,
વ્યર્થ કહે વારીવારી માયા મારી મારી છે. ૭
અરે અપરાધી ખાધી ખોટ તેં ઉપાધી સાધી,
ઠગવા લોકોને કામ કીધું જે ઠગાઇનું;
જરૂર આ વાત તારા જીવમાં તું જાણી લેજે,
કહે દલપત ફળ દેખીશ કમાઇનું;
છુપાવી છુપાવી છળ કપટથી કીધું છેક;
લંપટ તેં કામ લાંચ ચોરી ને લુચ્ચાઇનું;
નથી મળ્યો પૂછનાર નરલોકમાં તોપણ,
પરલોકમાં તો નથી રાજ પોપાબાઈનું. ૮
કનક કમાયા, ન કમાયા તો કશી ફીકર,
કીરતિ કમાયા તો કમાયા ભલી ભાતથી;
પુત્ર જો પમાયા, ન પમાયા તો પીડાજ ઓછી,
પ્રભુજી પમાયા તો પમાયા પુરી પાંતથી;
સેજમાં સમાયા, ન સમાયા તો શી સોચના છે,
સ્વર્ગમાં સમાયા તો સમાયા સુખ શાંતથી;
રંગ જો રમાયા, ન રમાયા દલપતરામ,
તજી નર માયા તો રખાયા ખેલ ખાંતથી.

ઇંદ્રવિજય છંદ.

દેહ દીધો નરનો હરિયે,
હરિ મૂરતિ સાથ ન સુરતિ સાંધી;
દાયકની ખરી ખોજ કરી નહીં,
રોજ રસોઇ જમ્યો રૂડી રાંધી;
ફેલી ફર્યો સુખ પામી સ્વતંતર,
અંતર આંખ વિષે વસી આંધી;
શું પસતાય પછી દલપત્ત,
ન પાણીથી આગળ પાળજ બાંધી. ૧૦

દોહરો.

અવયવ શ્રીઇશ્વરતણા, આ અનેક બ્રહ્માંડ;
મૂર્તિ મહા પ્રભુતણી, આ આકાશ અખંડ. ૧૧

ઇંદ્રવિજય છંદ.

રાખયશેરણમાંબળીનેબધી, કંચનના સરખી શુભ કાયા;
જાણ જશેજુવતી જરજોબન, છે ઘડીચારની વાદળ છાયા;
મંદિરમાલમજૂસમનોહર,મેલી જશી જગમાં બધી માયા,
મિત્ર સુણો દલપત્તકહે, શુભ કામ કર્યું નર તેજકમા યા. ૧૨

લક્ષ્મી સંબંધી વિષય પ્રકરણ સમાપ્ત.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

प्रकरण ५ मुं.

વિજયવિનોદ.

કાવ્યતરંગ અને અનેકાર્થ કાવ્ય.

અનેકાર્થના જુદા જુદા અર્થ લખ્યા વિના સમજણુ પડે નહિ, માટે કલ્પિત સંવાદ રચવાની જરૂર જણાઇ, અને ભાવનગરના રાજા વિજયસિંહજી મહારાજને કવિતાનો ઘણો શોખ હતો, માટે તેમની સભાનો સંવાદ કલ્પ્યો છે.

તે રાજા પોતાના બુધવારીયા બંગલામાં કવિયો અને ગુણીજનોની સભા ભરીને બિરાજ્યા હતા, ત્યાં એક કવિને પાંચ સભાસદોએ એકદમ પાંચ પ્રશ્ન પુછ્યા. એકે કહ્યું કે કણબી કેવો હોય તે શોભે? ૨. ઘોડો કેવો હોય તે શોભે? ૩. ખાટલો કેવો હોય તે શોભે? ૪. નિશાળીઓ શાથી શોભે? ૫. સરદાર શાથી શોભે?

પછી કવિયે તે પ્રશ્નો અને ચોથા ચરણમાં તેના ઉત્તર સાથે એક દોહરો કહ્યો કેઃ—

दोहरो.

खेडू, घोडो, खाटलो, निशालियो, सरदार;
सारा शोभे होय जो, पंडे पाटीदार.　　१.

અર્થ એવો નીકળ્યો કે પાટી એટલે નાનો વાંટો જેના તાબામાં હોય તે કણબી પાટીદાર કહેવાય, તેવો હોય તે શોભે. ઘોડો દોડવાળો શોભે, ઘોડો દોડ કાઢે તે પાટી કહેવાય. ખાટલો સુતરની પાટીયે ભરેલો શોભે. નિશાળીઆની પાસે લખવાની પાટી હોય તે શોભે. સરદારની પાસે સિપાઇની પાટી હોય તો તે શોભે, દાર એટલે વાળો=પાટાદાર.

તે સાંભળી રાજાએ રાજી થઇને કવિને માન આપ્યું, એટલે ત્યાં એક જોગી બેઠો હતો, તેને અદેખાઇ આવી, એટલે તે કંઇ ગુસ્સામાં બોલ્યો; ત્યારે કવિયે કહ્યું કે તમે જોગી થઇને આવા તાતા થઇ જાઓ છો તે તમને યોગ્ય નથી. તમે ગીતાનું પુસ્તક વાંચી જુઓ.

બાવો બોલ્યો કે મેં ઘણાં પુસ્તકો જોયાં છે, ગીતા જોવાથી શું થવાનું છે?

કવિઃ—　　दोहरो.

जोगी तातो थाय शुं? अज्ञानी जन थाय;

એવું સાંભળીને બાવો વધારે ક્રોધથી બોલ્યો, એટલે કવિ ચૂપ રહ્યો.

રાજા—એ દોહરો પૂરો કરો.

કવિ—હવે મારે એમને કંઇ કહેવું નહિ.

રાજા—તે દોહરો તો પૂરો કરો.

કવિ—એ દોહરો પૂરોજ છે. મેં અધુરો રાખ્યો નથી, અધુરો હોય, તો એજ પૂર્વાર્દ્ધ ફરીથી કહું એટલે પુરો થશે.

એમ કહીને બોલ્યો કેઃ—

उतरार्द्ध.

जो गीतातो थाय शुं, अज्ञानी जन थाय.　२.

મતલબ કે ઘણાં પુસ્તકો જોયાં હશે, પણ ધ્યાન દઇને ગીતાનું પુસ્તક જોઇશ તો તું અજ્ઞાનીજ હતો તે નહિ. તે જોગીનો શિષ્ય પૈસાદાર મારવાડી હતો તે ધનના મદથી કંઇ ગુસ્સો કરીને બોલ્યો; ત્યારે કવિયે કહ્યું કેઃ—

दोहरो.

कर वापरो पका रही, करवा परोपकार;
आज रखे था नारकी, आ जर खे थानार.३

પછી તે મારવાડીનો ગોર મારવાડી બ્રાહ્મણ હતો, તે કંઇ ગુસ્સો કરીને બોલ્યો, ત્યારે એક સરદારે કવિને કહ્યું કે એ તો ગોર છે માટે ગોરના ગુણ તમે જાણો છો?

કવિ—હા જાણું છું.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

दोहरो.

स्थापितमांस्थिरनवरहे,स्वजातमांनहिस्नेह;

खातरमां उत्तम खरो, गोरतणो गुण एह. ४.

મતલબ કે બેસારીયે ત્યાં બેશી રહે નાહ, અને પોતાના જાતિલા સાથે સંપ નહિ, અને તસ્કર વિદ્યામાં ઉત્તમ ખરો, કળિયુગના ગોરના એવા ગુણછે. આ સાંભળીને ગોરને રીસ ચડી, અને કહ્યું કે મેં ના પાડી તો પણ તમે મારે વિષે શા વાસ્તે દોહરો કહ્યો? કવિયે કહ્યું કે મેં તમારા વિશે કહ્યુંજ નથી, મેં તો છાણના ગોર (ભુકા) વિષે કહ્યું કે થાપેલા છાણામાં સ્થિર રહે નહિ, અને તેની જાતમાં સ્નેહ એટલે ચિકાશ ન હોય અને ખેતરમાં ખાતર નાંખવાના કામમાં તે ઉત્તમ ગણાય છે; તો પણ ગોરની તો રીસ ઉતરી નહીં જ્યારે એક સરદારે તેને બહુ સમજાવવા માંડયો, ત્યારે તેણે સરદાર ઉપર ગુસ્સો કરીને સોર કરવા માંડયો, ત્યારે, સરદારે હાથ જોડી પગે લાગીને કહ્યું કેઃ—

दोहरो.

पाय नमुं करी प्रदक्षणा, तजो गोर बहुसोर;

તે સાંભળીને પણ ગોરની રીસ ઉતરી નહીં ત્યારે પેલે કવિયે અડધો દોહરો પૂરો કર્યોઃ—

प्रकार छांडो प्रथमनो, तो गुण माने गोर. ५.

એ ઉપરથી ગોર સમજ્યો કે પ્રથમનો પ્રકાર એટલે પ્રથમ મારી મશ્કરી કરી હતી, તે પ્રકાર તજવાનું કહ્યું.

પણ પેલો સરદાર સમજ્યો કે મેં ગોરને પ્રદક્ષણા કરવાનું કહ્યું, તેથી તે ઠંડા થયા નહિ, પણ કવિયે મને પ્ર અક્ષર તજવાનું કહ્યું, એટલે દક્ષણા કરવાની સૂચના કરી, એ જાણીને ગુંજામાંથી એક સોનામહોર કાઢીને ગોરના હાથમાં મૂકી, એટલે ગોર ઠંડા થઇને બોલ્યા કે તમે તો અમારા અન્નદાતા છો.

પછી કવિયે બીજી વાત કહાડી, કે હું એક જીલ્લામાં થઇને આવ્યો તે જીલ્લામાં ત્યાંના રાજાનો રૈયત ઉપર બહુ જુલમ છે, અને તે રાજા આજમ લખાય છે. હું તેની કચેરી જોવા ગયો હતો, ત્યાં ગેરઇનસાફ અને માર પછાડ થતી હતી. તે જોઇને કચેરીમાંથી ઉઠીને બહાર આવ્યો, ત્યારે બીજા લોકો કચેરીમાં જતા હતા તે મને મળ્યા. તેમાંના એક જણે મને પુછ્યું કે આજમ રાજાજી કયાંછે? ત્યારે મેં કહ્યું કેઃ—

दोहरो.

आजमपुरि छे जोअहीं, जोअहिंआजमराय;

आजमनादूतो वळी, चित्र विचित्रजणाय. ६.

મતલબ કે અહીં બધે ઠેકાણે પથરાઇ રહે એવી પૂરી જાજમ છે, અને આજન રાજા છે, વળી આજમના સેરડા ચિત્ર વિચિત્ર એટલે તરેહવાર દેખાય છે, તે તું જો.

તે સાંભળી ક્ષમાધર કવિયે કહ્યું કે કવિરાજ તમે તો ખૂબ કરી. એમાં શ્લેષાલંકાર છે, તે એવી રીતે વંચાય છે કેઃ—

दोहरो.

जा जमपुरिछे जो अहिं, जो अहिंआ जमराय;

आ जमनादूतो वळी, चित्रविचित्र जणाय.

મતલબ કે જમપુરીમાં જમ રાજાની આગળ ચિત્ર અને વિચિત્ર એવા નામના આ બે દૂતો દેખાય છે; અને આ જમપુરીનો દેખાવ છે, તે તું જઇને જો.

એવામાં કળાવંત લોકો એટલે ગવૈયા આવ્યા. તેઓ પણ કવિયોની હારમાં બેસી ગયા, તેથી તેઓની પાછળ બેઠેલા સરદારો ઉંચા નીચા થવા લાગ્યા; અને જાણ્યું કે આ લોકો ખાલી ચૂંચૂં કરીને કાન ફોડશે અને સભામાં જે વાણી વિનોદ થશે તે આપણને સાંભળવા દેશે નહીં રાજાએ આજ્ઞા કરી કે કાવ્ય ચરચા ચલાવો, એટલે ક્ષમાધાર કવિએ કહ્યું કે, ઓ સોરઠના [1]પ્રભાકર સાંભળો; એવામાં કળાવંતોની પાછળ બેઠેલા સરદારો ઉંચા નીચા થતા હતા તેઓને જોઇને રાજાએ કહ્યું, કે પેલા સરદારો વેગળા પડયા માટે તેઓને નડતર થતી હશે. એવું સાંભળીને કવિ ક્ષમાધર બોલ્યા કેઃ—

दोहरो.

वियोगि केरे अंतरे, नडतर केनी होय;

कळावंतनडतरकरे, कविबुधकरे नकोय. ७.

[1] સૂર્ય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજા સમજ્યો કે વેગળા પડેલા સરદારોને કળાવંત લોકોની નડતર છે; કવિયોની અને (બુધ) પંડિતોની નથી, પણ જે કવિનું નામ ક્ષમાધાર છે તે કોઇને દુઃખ લાગે એવું ખુલ્લું બોલે નહીં, તેમ છતાં આ કળાવંત લોકોને દુઃખ લાગે એવો દોહરો તેણે કેમ કહ્યો હશે? માટે તેનીજ પાસે એનો અર્થ ખુલ્લો કરાવવો. એવું ધારીને કહ્યું કે કવિરાજ એનો અર્થ ખુલ્લો કહો.

કવિ—મહારાજ, એ તો રસ ગ્રંથનો દોહરો છે. ને આપે હુકમ કર્યો કે કાવ્ય ચર્ચા ચલાવો તેથી મેં કહ્યો; અને એનો અર્થ એ છે કે, જે પ્રિયા અને પિયુને વિજોગ પડયો હોય, તેના અંતરમાં કળાવંત એટલે ચંદ્રમા નડતર કરે છે, કવિ એટલે શુક્રનો તારો કે બુધનો તારો નડતર કરતો નથી.

રાજા—એ ખરો અર્થ નથી, માટે બીજો અર્થ જે હોય તે કહો.

કવિ—મહારાજ, આપ સર્વે જાણો છો, અને મારી પાસે શા વાસ્તે કહેવરાવો છો. એ તો ખગોળ વિદ્યાનો દોહરો છે, અને તેનો અર્થ એ છે કે સૂર્યને પૃથ્વીનો વિયોગ છે. તેઓના અંતરમાં એટલે વચમાં ચંદ્રની નડતર હોય છે, કારણ કે ચંદ્ર એ બેની વચમાં આવ્યાથી સૂર્યગ્રહણ થાય છે; પણ શુક્રની કે બુધની નડતર થતી નથી. પછી રાજાએ પેલા કળાવંત લોકોને કહ્યું કે તમે સભાના છેડા ઉપર વેગળા બેસો, તમારી બેઠક તો ત્યાં જોઇએ, પછી તેઓ ત્યાં જઇને બેઠા.

કવિ—આજ સવારે હું બંદર ઉપર ગયો હતો, ત્યાં પરગામનો એક લુવાણો મને મળ્યો, તેને મેં પૂછ્યું કે તમે કોણ છો? અને ક્યાંથી આવ્યા? ત્યારે તેણે તેની હકીકત કહી, તે એવી કે તેની સ્ત્રી નામે દયાબાઇ તે પોતાના ધણી સાથે જાત્રાએથી આવતાં રસ્તામાં બંને જણાં જુદાં પડી ગયાં, અને તે બાઇ ભાવનગર તરફ આવી છે. એવું સાંભળ્યાથી તેને શોધવા સારૂ તે આવ્યો હતો. પછી શહેરને પાદર અમે આવ્યા, ત્યાં એક વાણિઓ અને વાણિઅણ ઉભાં હતાં. તેઓને તે લુવાણે પોતાની હકીકત કહી, તે સાંભળીને વાણિઆને એટલી તો દયા આવી કે તેની આંખમાંથી આંસુ પડ્યાં, અને પેલી વાણિઅણની આંખમાંથી પણ આંસુ આવ્યાં, અને તે બોલી કે એક પરદેશી બાઈ અમારા પાડામાં આવી હતી ખરી; માટે રે ભાઇ તમે અહીં શોધ કરશો તો તમને મળશે; ત્યારે લુવાણો બોલ્યો કેઃ—

दोहरो.

दयाळु वाणीयातणी, दयाळु वाणीआण;
दयाळु वाणी आणी पण, दया लुवाणी आण.८.

મતલબ કે એ દયાળુ વાણીયાની દયાળુ વાણીઅણ તેં દયાળુ વાણી તો કહી, પણ દયા નામની લુવાણી લાવી આપે ત્યારે તું ખરી. પછી તે બાઇએ કહ્યું કે ચાલો ભાઇ હું તમારી સાથે આવીને તે બાઇને શોધી આપું, એમ કહીને તેની સાથે તેની સ્ત્રીને શોધવા ગઇ.

પછી સભામાં ચારણે ખોડિયાર માતાની વાત કરી, કે ફલાણી વાવમાં ખોડીયાર માતાનું સ્થાનક છે તે માતા હાજરા હજુર છે.

તે સાંભળીને વેદાંત મતનો એક ભાટ બેઠો હતો તે બોલ્યો કે મેં તે વાવ દીઠી છે, તેમાં એક ગોખલામાં પથરની મૂર્તિ છે, અને તોરણ બાંધેલું છે. તે પથર અને તોરણ સિવાય મેં તો માતા બાતા કાંઇ દીઠી નહીં; તે સાંભળીને ચારણ બોલ્યો કેઃ—

दोहरो.

जोगणि एतो देवता, नहि तोरण पाषाण;

મતલબ કે તે તોરણ અને પથરો નહીં; પણ એ તો જોગણી દેવતા કહેવાય.

ભાટ બોલ્યો કે ઠીક કહો છો, ખરી વાત છે.

રાજા—તમે તે વાત કબુલ કરી કે?

ભાટ—તેણે અડધો દોહરો કહ્યો તે તો હું કબુલ કરૂં છું.

રાજા—કેવી રીતે કબુલ કરો છો?

ભાટ—તેણે એમ કહ્યું કેઃ—

जो गणिये तो देवता, नहि तो रणपाषाण. ९.

મતલબ કે જો ગણીયે તો દેવતા છે નહીં તો રણવગડાનો પથર છે, તે વાત મેં કબુલ કરી.

પછી એક વિદ્યાર્થીયે કવિને પૂછ્યું કે, કવિતાના મર્મો સમજી શકીએ એવા શી રીતે થવાય?

P. P. Ac. Gunratnasuri M.S.　　　　Jin Gun Aaradhak Trust

કવિઃ— दोहरो.

रस हित मत करिये नहि, रहि भणतरमां मग्न;
रस विण कसरविना तमे, तो थाशो मर्मज्ञ. १०

મતલબ કે ખાવાના છ રસ અને કવિતાના નવ રસ, વાસ્તે મમત કર્યા વગર અથવા સારૂં સારૂં ખાવાની હઠ લીધા વગર, ભણતરમાં લાગ્યા રહેશો તો, રસ વગર કાંઇ કસર વિના તમે મર્મના જાણનાર થશો.

એક સભાસદ—આ છોકરો ખાવાના છ રસ વાસ્તે મમત નથી કરતો અને કવિતાના રસ વગર મર્મના જાણનાર થશો એ દોહરામાં કાંઇ સારો ભાવાર્થ સમજાતો નથી.

કવિ—મારે કહેવાની મતલબ એવી છે કે ભણતરમાં લાગ્યા રહીને રકાર સહિત મત એટલે રમત કરીયે નહીં; તો રસ શબ્દ વગર "કસરવિના" એટલે "કસર" શબ્દમાંથી "રસ" એ બે અક્ષર જતાં "ક" રહે પછી "વિના" એટલે કવિના મર્મના જાણનાર થશો.

એવામાં ત્યાં અગાડી એક ખવાસ બેઠો હતો, તેને કાંઇક પેટમાં દરદ થયેલું હતું. તેણે વૈદને પુછ્યું કે હું શું ઓષડ ખાઉ? વૈદે કહ્યું કે સૂરજના સારાવારને દહાડે સુવા ઉકાળીને પીયો તો સારૂં થશે. પછી તે ખવાસે રાજાના કોઠારીને કહ્યું કે કોઠારમાંથી સુવા મંગાવી આપો. કોઠારીએ એક માણસને કહ્યું કે જા કોઠારમાં જઇને પેલા તાકામાં સુવા છે તે લેઇ આવ; એટલે તે માણસ ગયો. પણ તેને તાકામાંથી સુવા જડયા નહીં; એટલે પાછો આવીને પેલા ખવાસના કાનમાં કહ્યું કે મને તો સુવા જડયા નહીં; પછી તે ખવાસે સૂરજના વાર બાબત તથા સુવા બાબત પૂછતાં અરધો દોહરો કહ્યો; તેના ઉત્તરમાં પેલા કોઠારીએ દોહરો પૂરો કર્યો તે નીચે પ્રમાણેઃ—

दोहरो.

ખવાસ—रविनावारकियाहशे,सुवाहशेक्यांसार;
કોઠારી—कविनाकपडामांजुओ,रविनाहशेसुवार.

મતલબ કે ખવાસે પૂછ્યું કે રવિના વાર કયા કયા દહાડામાં હશે? અને સારા સુવા કોઠારમાં કયે ઠેકાણે હશે? તાકામાંથી તો જડયા નહીં. તેના ઉત્તરમાં કોઠારીએ કહ્યું કે આ રવિના લુગડામાં એટલે ગુંજામાં કે પાઘડીમાં જુઓ, પંચાંગ હશે, તેમાં કયે કયે દહાડે સૂર્યના સારા વાર છે, તે માલમ પડશે; અને તેમાંથી બીજો અર્થ એવો નીકળ્યો કે કકાર વિના કપડામાં જુઓ મતલબ કે તાકામાં એક પડો બાંધેલો છે, તે પડામાં જૂઓ; તેમાં રકાર વિના "સુવાર" એટલે "સુવા હશે, એવી કવિતાની યુક્તિ સાંભળીને બધી સભા રંજન થઇ.

વળી કવિ બોલ્યો કે એક રાજાના રાજમાં દિવાનનું જોર ઘણું વધી ગયું હતું; તેથી ઘણી વાતનું અંધેર ચાલતું હતું, પણ તે દિવાન રાજાનો એવો માનીતો હતો કે તેની ખામી વિષે રાજાની આગળ કોઇનાથી કંઇ કહી શકાતું નહિ; અને રૈયત બધી પછવાડે ઘણી બદબોઇ કરતી હતી, અને તેથી રાજાની પણ ઘણી નિંદા થતી હતી, તે સાંભળીને રાજાના કવિના મનમાં ખોટું લાગ્યું; તેથી તેણે એક દોહરો લખીને, છાની રીતે રાજાના મહેલની ભીંતે ચોડયો; તે દોહરો રાજાના વાંચવામાં આવ્યો; તે નીચે પ્રમાણે હતો.

दोहरो.

जोतां कोइ जणाय नहि, शाहुकार के चोर;
दिवानथी दरबारमां, छे अंधारुं घोर. १२

તે વાંચીને રાજાએ તપાસ કર્યો કે આ દોહરો કોણે લખેલો છે. પછી ખબર પડી કે રાજાના કવિયેજ લખેલો છે. પછી કચેરીમાં કારભારી વગેરે સૌ બેઠા હતા; તે વખતે કવિને બોલાવીને રાજાએ પુછ્યું કે આ દોહરો તમે લખેલો છે? કવિયે કહ્યું, કે હા, મેં લખેલો છે. રાજાએ કહ્યું કે તેનો અર્થ સમજાવો. કવિ બોલ્યો કે પરદેશી ગ્રહસ્થો આવ્યા હતા, તેમને રાતની વખતે આપનો દરબાર દેખાડવા સારૂં હું આવ્યો હતો, અને આ ઠેકાણે રોજ દરબાર ભરાય છે, તે જગ્યા જોવાની તેમની મરજી હતી, પણ આ ઠેકાણે કોઇ નહોતું, અને દીવા પણ કરેલા નહોતા, તે વખતે મારા મનમાં એક દોહરો આવ્યો, તે લખીને મેં ભીતે ચોડયો છે; અને તેની મતલબ એવી છે કે દરબાર ભરવાની જગ્યામાં દીવા નથી, તેથી અંધારૂં ઘોર છે. અને કોઇ શાહુકાર કે ચોર બેઠો હોય તે જોતાં દેખાય નહીં એવું છે.

પછી રાજા સમજ્યો કે કવિયે પોતાની હોશિયારીથી અર્થ ફેરવી નાખ્યો, પણ ખરો અર્થ તો જૂદો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે એમ સમજીને રાજાએ પક્કો બંદોબસ્ત કર્યો, અને રાજ્યમાંનું અંધેર મટાડયું. વળી એક કવિ બોલ્યો કે, કચ્છમાં એક રાજા થઇ ગયો, તેણે એક સમે કોટમાં રહેનાર લોકો ઉપર મોટો ધરવેરો નાંખ્યો; ત્યારે કોટમાં એક મોટો શાહુકાર રહેતો હતો, તેણે કોટમાં મોટી હવેલી ચણાવા માંડી હતી તે બંધ રહી, અને તેની દીલગીરીથી તે શાહુકાર ઝેર પીને મુઓ. તે વાત રાજાની કચેરીમાં થઇ, ત્યારે રાજા તે શાહુકારના સ્વભાવનાં વખાણ કરતો હતો; તે સાંભળીને જેમ કેટલાએક તાલુકામાં રાજાને બાપો કહેવાનો ચાલ છે, તેમ કચ્છમાં રાજાને બાવો કહેવાનો ચાલ છે, માટે બધા સભાસદો હા બાવા હા, બાવા, એમ કહેતા હતા એવામાં એક સભાસદે કવિના કાનમાં કહ્યું, કે બાવે કોટમાં મોટો ધરવેરો નાંખ્યો તેથી તે શાહુકાર હવેલી ચણાવી શક્યો નહીં, તેની દીલગીરીથીજ તે ઝેર પીને મુઓ, પણ તે ખરેખરી વાત બાવાની આગળ કોણ કહી શકે?

કવિ—હું ખરેખરી વાત બાવાની આગળ કહું, એમ કહીને મોટો ધાંટો કહાડીને એક દોહરો બોલ્યો.

दोहरो.

कर घालीने कोटमां, बावे बहु धन लीध;
हवेली न थइ ते दुःखे; पारेखे विख पीध. १३

તે સાંભળીને રાજાને ઘણો ક્રોધ ચડયો અને કહ્યું કે, એનો અર્થ કહી સંભળાવો. પછી કવિયે જાણ્યું કે રાજાને બહુ માઠું લાગ્યું છે, તેથી તેણે અર્થ ફેરવી નાંખ્યો, અને કહ્યું કે, એક જોગી બાવો કિમિયાગર આવ્યો હતો, તેણે તે શાહુકારની કોટમાં હાથ નાંખીને આલિંગન કરીને દોસ્તી કરી, પછી દગો કરીને બહુ ધન લઇને જતો રહ્યો, "હવે લીન થઇ તે દુઃખે" તે દુઃખમાં હવે લીન થઇને પારેખે ઝેર પીધું, એટલો એનો અર્થ છે.

રાજા સમજ્યો કે, કવિયે અર્થ ફેરવી નાંખ્યો, પણ ખરો અર્થ જુદો છે, પણ તેની કવિતાની યુક્તિ સાંભળીને રાજા ખુશી થયો, અને કોટના લોકો ઉપરથી ધરવેરો કાઢી નાંખ્યો.

વળી એક જણે પુછ્યું કે કર્મનું જોર ખરૂં હશે કે ખોટું. પછી તે વિષે ઘણી તકરાર ચાલી, પછી એક કવિયે કહ્યું કેઃ—

दोहरो.

लक्ष्मीवर मल्लारि जे, द्वारिकां तणो राय;
तेपण राज तजी गयो, कर्म गति कहेवाय.

મતલબ કે લક્ષ્મીજીનો વર, જે ચાણુર અને મુષ્ટિક વગેરે મલ્લોનો શત્રુ દ્વારિકાનો ધણી એટલે દ્વારિકા જેના તાબામાં હતી તે પણ રાજ્ય તજીને ગયો, તે કર્મની ગતિ કહેવાય છે.

સભાસદ—કર્મ એટલે શું?

કવિ—કર્મ એટલે કરેલું કામ. મતલબ કે જેવું કરીએ તેવું ભોગવીએ, તેનું નામ કર્મ.

એ દોહરાનો બીજો અર્થ એવો થાય છે કે, લક્ષ્મી બાઇ રાણીનો વર ગાયકવાડ મલ્લારરાવ જેનો અમલ દ્વારિકામાં પણ હતો, તે રાજા પણ રાજ તજીને મદ્રાસ ગયો, તે કર્મની ગતિ કહેવાય.

એવામાં એક વકીલ બોલ્યો કે આપણે એક કામની અપીલ કરવા સારૂં મુમ્બઇ જવું પડશે. તે સાંભળીને એક સભાસદ બોલ્યો કે અપીલ શબ્દનો શો અર્થ હશે, અને કયા કયા શબ્દ મળીને તે શબ્દ થયો હશે. ત્યારે વકીલે કહ્યું કે એ તો ઇંગ્રેજી શબ્દ છે અને એક ફેંસલા ઉપર રાજી ન થતાં તેની ફરી તપાસ કરવો તેનું નામ અપીલ કહેવાય છે; ત્યારે સભાસદ બોલ્યો કે અપીલ શબ્દ હવે ગુજરાતીમાં વપરાય છે, માટે તેનો અર્થ ગુજરાતી ભાષાના નિયમ પ્રમાણે થવો જોઇએ. વકીલ બોલ્યો કે તે કામ અમારૂં નથી, તેતો આ કવિને પુછો. પછી કવિને પુછ્યું ત્યારે કવિયે નીચે લખેલો દોહરો કહ્યો.

दोहरो.

[1]पील तणी पंचातथी, दुनियां रीझे दील;
फरे करेलो फेंसलो, एतो जाण अपील. १५

મતલબ કે પીલ નામનો એક સાહેબ છે, તે પંચાત કરીને જે ફેંસલો કરે, તે ફેંસલાથી સઉ લોકો રાજી થાય, માટે જે ફેંસલાથી લોકો રાજી થાય નહીં, તેનું નામ અપીલ કહેવાય; મતલબ કે અ એટલે નહીં,

૧ વાંચનની ગુજરાતી સાત ચોપડીઓ રચવામાં સામેલ હતા, અને કાઠીયાવાડમાં પોલિટિકલ એજંટ હતા.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

અને પીલ એટલે પીલ સાહેબનો કરેલો; અથવા તેના જેવો, તે ફેંસલો કહેવાય નહીં.

એવામાં એક ઢેડીયો ઉમદા બોર લાવ્યો હતો, તે સભામાં પહોંચાડ્યાં ત્યારે પેલો જે સભાસદ વારે વારે મત પુછતો હતો, તેણે વળી તેજ કવિને પુછ્યું કે, આ બોર આપણાથી ખવાય કે નહીં, તે કહો, અને વળી હઠીલા માણસ વિષે પણ તમારો મત ફરીથી કહો તો હું તમને કાંઇ આપીને રાજી કરીશ. એમ કહી થોડાંક બોર કવિના હાથમાં આપ્યાં અને વળી પોતાના શરીર ઉપર પહેરેલા દાગીના ઉપર નજર કરીને ઇસારતમાં કવિને એવું જણાવ્યું કે, આમાંથી એક દાગીનો તમને આપીશ, એવા હલકા માણસની પાસેથી બક્ષિસ લેવાની તે કવિની મરજી નહોતી, તેથી કવિ બોલ્યો કે:—

दोहरो.

मने तमे आप्युं हवे, कने विभूषण होय;
तेनां लेने वोर जो, खाओ न निंदे कोय. १६

તેનો અર્થ એવો સમજાવ્યો કે તમે મને જે આપવાનું હતું તે આપ્યું; (એટલે બોર આપ્યાં) અને હવે તમારી પાસે જે ઘરેણાં હોય, તે વેચીને જો બોર લઇ ખાઓ, તો તમારી કોઇ નિંદા કરશે નહીં; એવો અર્થ સમજીને તે સરદારને ઘણી રીસ ચઢી, ને ગુસ્સામાં કહ્યું કે તમે મને એવું કેમ કહ્યું ? કવિ બોલ્યો કે મેં જે કહ્યું તેનો અર્થ તમે સમજ્યા નથી. તમે મારૂં મત પુછ્યું, ત્યારે મેં એમ કહ્યું કે મકાર અને તકાર એટલે મત, મેં તો આપ્યું. હવે કકાર અને વિભૂષણ એટલે કવિના ભૂષણ જેવા બીજા કવિયો આ સભામાં જે હોય, તેઓના મત લેઇને જો તે બોર ખાઓ તો તમારી કોઇ નિંદા કરશે નહીં; એવો અર્થ સાંભળીને તે સરદાર ઠંડો પડયો.

વળી એક કવિ બોલ્યો કે રાજા ભોજના વખતમાં એક સમે બારવટિયાયે લુંટ કરી, તે ઉપર રાજા ભોજે ચઢાઇ કરી, ને દરબારમાંથી નીકળ્યો તેવામાં એક ઘરડો બ્રાહ્મણ જાચવા સારૂં આવતો દીઠો. તેની પાસે એક નાની પોથી હતી, તે પોથી તેણે લાંબો હાથ કરી રાજાને દેખાડી; ત્યારે રાજાએ જાણ્યું કે તે ચોપડીમાં ધર્માદા ઉઘરાણાની ટીપ હશે; તેથી કારભારીને એવો હુકમ કર્યો કે, આ બ્રાહ્મણ જે માગે તે આમાં લખીને ભંડારીજી તેને આપે, એવી ચીઠી તમે ભંડારી ઉપર લખી આપજો. એમ કહીને રાજા ઉતાવળો ગયો. પછી કારભારીએ પેલા ઘરડા બ્રાહ્મણને પુછ્યું, કે તારે શું જોઇએ છીએ, ત્યારે તેણે કહ્યું કે મને આખી ઉમ્મરમાં કન્યા મળી નહીં, ને મારો વંશ જાય છે, માટે લાડી મળવાની આશાથી ચંડીનાં જે કવચમાં સ્ત્રી પ્રાપ્તિનો મંત્ર છે તે કવચ આ ચોપડીમાં લખેલું છે, અને એક દેવળમાં બેશીને છ મહિના થયા, હું આ કવચનો પાઠ કરૂં છુ, અને લાડી મળવાની આશાથી રાજા ભોજને આશીર્વાદ દેવા આવ્યો છું. એવું સાંભળીને કારભારીએ વિચાર્યું કે રાજાનો હુકમ હું ફેરવીશ તો મને શિક્ષા કરશે. પછી તેણે ભંડારી ઉપર ચીઠી લખી આપી તેમાં નીચે લખેલો દોહરો લખ્યો હતો.

दोहरो.

पाठ करे छे कवचनो, लाडी मळवा धारि,
तमे लखीने कवचमां, ते देजो भंडारि.

પછી તે ચીઠી લઇને ભંડારી પાસે ગયો. તે દોહરાની મતલબ એવી જણાતી હતી કે આ ઘરડો બ્રાહ્મણ લાડી મળવાનું ધારીને કવચનો પાઠ કરે છે, માટે રાજાનો એવો હુકમ છે કે તેની ચોપડીમાં (કવચમાં) લખીને તે આપજો.

હવે સૌ સભાસદો કહે છે કે ભંડારીએ તેને શું આપ્યું હશે ? પછી બધા સભાસદો વિચારમાં પડયા પણ કોઇને તેનો અર્થ કાંઇએ સુજ્યો નહી, પછી એક કવિએ તેનો અર્થ કર્યો, ને કહ્યું કે, ભંડારીએ તે ઘરડા બ્રાહ્મણને ટેકો દેઇને ચાલવા સારૂં લાકડી આપી હશે. તેનો એવો અર્થ સમજાવ્યો હશે કે આ બ્રાહ્મણ લાડી મળવાનું ધારીને કવચના પાઠ કરે છે, પણ લાડી શબ્દની વચમાં "ક" અક્ષર તમે લખીને તે આપજો, મતલબ કે ઘરડા માણસને લાકડીની જરૂર છે, માટે લાકડી આપવાનું આ ચીઠીમાં લખ્યું છે. જો વધારે લોભ હોય તો રાજા પાસે ફરીથી માગવા જાઓ; એટલે બીજા લોભીઆઓને જેમ કરે છે, તેમ તમને પણ કરશે, એવું સાંભળીને તે બિચારો લાકડી લઇને ચાલ્યો ગયો હશે.

તેવામાં એક ભંગી બ્રાહ્મણ બેઠો હતો, તેને એક જણે કહ્યું કે મહારાજ ત્રણ દિવસ પછી તમારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિજ્યા દશમી આવશે, મતલબ કે દરબાર શમી પુજવા જશે, ત્યાં તમને દક્ષણા મળશે ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો કેઃ—

દોહરો.

जरुर मारे जोइए, ज्यारे ग्रीष्म शिशीर;
शरद ऋतुमां शूं करुं, विजया दशमी वीर. १८

એ દોહરાનો અર્થ એવો થયો કે, હાલ તો શરદ ઋતુ એટલે આશો મહિનો છે, તેમાં મારે વિજ્યા દશમી જોઇતી નથી, મારે તો ગ્રીષ્મ ઋતુમાં એટલે ઉનાળામાં અને શિશિર ઋતુમાં એટલે શિયાળામાં વિજ્યા દશમી જોઇએ. તેને આજ હું શું કરૂં.

એ દોહરાનો અર્થ ઠાકોરે એક કવિને પુછ્યો; ત્યારે કવિયે કહ્યું કે, તે ભાઈ ઉનાળામાં ભાંગ ઘણી પીએ છે, અને શિયાળામાં રાતે નહાવાની આળસથી ચારે મહિના દુધની બાંધેલી દશમી કરાવીને ખાય છે, માટે એ દોહરામાં તેણે કહ્યું કે મારે તો ગ્રીષ્મ ઋતુમાં વિજ્યા એટલે ભાંગ જોઇએ અને શિયાળામાં દશમી જોઇએ તે સાંભળીને સભા ખુશી થઇ.

એવામાં એક માલણ છાબડીમાં પાન મુકીને લાવી, અને તે ભેળા એરંડાનાં પાંદડામાં કેટલાંએક ફૂલ તથા ફળ પણ હતાં. તે છાબ લાવીને રાજાની આગળ ભેટ કરી, ત્યારે તે માલણના પક્ષનો એક કવિ બેઠો હતો, તેણે તે પાન લેવાની શિપારશનો અરધો દોહરો કહ્યો, ત્યારે તે માલણનો પ્રતિપક્ષિ બેઠો હતો, તેણે બાકીનો અરધો દોહરો પુરો કર્યો. તે નીચે પ્રમાણેઃ—

દોહરો.

लइए नागर वेलनां, पान परम गुणवान;
लइ खावालायक नथी, ए रंडानां पान. १९.

મતલબ કે એ રાંડનાં પાન સારાં નથી, અને ખાવા લાયક નથી, પછી જ્યારે બધા સભાસદોએ એ પાન વખાણ્યાં ત્યારે પ્રતિપક્ષિયે કહ્યું, કે તે છાબમાં એરંડાનાં પાન છે, તે ખાવાલાયક નથી, એમ મેં તો કહ્યું હતું.

એવામાં ત્યાં બે સભાસદો જોડે બેઠા હતા, તેમાં એક દેવીનો ભક્ત હતો, અને બીજો વિષ્ણુનીજ ઉપાસના કરતો હતો; તે સિવાય બીજા દેવોને પગે પણ લાગતો નહી, તેને રાજાએ પુછ્યું કે તમે બે જણ કીયા દેવને મુખ્ય માનો છો ?

એવું સાંભળીને તે બંને ભાઇઓનો કવિ એક હતો, તેને બંને જણાયે કહ્યું કે અમારી વાત તમે જાણોછો, માટે અમારી વતી તમે ઉત્તર આપો, ત્યારે કવિ બોલ્યો કેઃ—

દોહરો.

एकज मारे इष्ट छे, नहि बीजो विश्वास;
निधिजा माताने नमुं, एज पुरे मुज आस. २०.

એવું સાંભળીને રાજા તો સમજી ગયો, પણ બીજા એક સભાસદે પેલા બેમાંના એક સરદારને પુછ્યું કે તમારા કપાળમાં કંકુનો ચાંલો ને બંદગી છે; અને તમારા ભાઇના કપાળમાં વૈષ્ણવનું તિલક છે, તેમ છતાં બંને જણાએ આ દોહરો કબુલ કેમ કર્યો ? શું તમે સભાને ઠગો છો ?

સરદાર—નિધિજા એટલે સમુદ્રમાં જન્મેલી મહાલક્ષ્મી માતાનેજ હું નમુંછું. બીજા કોઇ દેવને હું નમતો નથી અને બીજા કોઇની આશા પણ રાખતો નથી. પછી તે સભાસદે પેલા બીજા સરદારને પુછ્યું કે તમે શું સમજીને એ દોહરો કબુલ રાખ્યો, શું તમે પણ દેવીના ભક્ત છો ?

સરદાર—એ દોહરાનો અર્થ હું એવો સમજ્યો નથી, હું તો એમ સમજું છું કે નિધ કહેતાં સમુદ્ર તેનો જામાત કહેતાં જમાઇ એટલે વિષ્ણુ તેજ મારે ઇષ્ટ દેવ છે; તે વિના બીજા કોઇને હું નમતો નથી; એવું સાંભળીને તે કવિની ચતુરાઇથી બધી સભા રંજન થઈ.

એવામાં એક નવો કવિ દેવડી ઉપર આવ્યો. ત્યાં રાજાની બે દાસીઓ સામી મળી. તેઓને કવિયે કહ્યું કે, મહેરબાની કરીને મને રાજાની કચેરી દેખાડો. પછી તેઓ તે કવિને સભામાં તેડી લાવી, અને સલામ કરીને બેઠા પછી એક દાસીએ કહ્યું કે કવિરાજ સામાન્ય નાયકા વિષે એક નવો દોહરો બોલો, ત્યારે બીજી દાસી બોલી કે નહિ, નહિ, તે કરતાં તો માણસને માથે મરણનો ભય છે; માટે પરમેશ્વરની ભક્તિ કરવા વિષેનો નવો દોહરો બોલો તો ઘણું સારૂં. એ રીતે બંને દાસીઓએ હઠીલાઇ કરી ત્યારે રાજાએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાણ્યું કે હોશિયાર કવિ હશે, તો એકજ દોહરામાં બંનેનું સમાધાન કરશે, તેથી કવિને કહ્યું કે તમારી મરજીમાં આવે તે વિષે નવો દોહરો બોલો, ત્યારે કવિ બોલ્યો કેઃ—

दोहरो.

समज समज सम सानमां अंते जवुं जरुर;
भक्ताणी थइ भाव धरि, जा श्रीमंत हजूर. २१

તે સાંભળીને બંને દાસીઓ એકદમ બોલી ઉઠી કે, વાહવા? બહુ સારો દોહરો કહ્યો, ત્યારે એક સભાસદે તે પ્રત્યેક દાસીને પુછ્યું કે તેનો અર્થ તું કેવી રીતે સમજી? ત્યારે પહેલી દાસીએ કહ્યું કે રસિકપ્રિયા અને સુંદર શણગાર વગેરે ગ્રંથના મત પ્રમાણે એ દોહરો સામાન્યા નાયકા વિષે છે, અને તેમાં એમ કહ્યું છે કે "સમજ સમજ સમ" એટલે તારી સમજણ પ્રમાણે સાનમાં એટલે ઇશારતમાં સમજ કે છેલ્લીવારે એટલે આ સભા બરખાસ્ત થાય ત્યારે તારે જરૂર જવું, અને ભક્તાણી એટલે કુલટા થઇને હાવભાવ ધરીને પૈસાદાર લોકોની પાસે જવું.

ત્યારે બીજીએ કહ્યું કે નહીં. એનો અર્થ તો એમ છે કે આવર્દાને અંતે સ્મશાનમાં જરૂર જવું છે, એમ સમજ અને પરમેશ્વરની ભક્તિ કરનારી થઇને લક્ષ્મીપતિ જે પરમેશ્વર તેની હજુરમાં જા.

એવામાં એક પરદેશી છોકરો જેના શરીરનો રંગ સારો હતો તેણે રાજાનું કંઇ સારૂં કામ બજાવ્યું હતું, તેથી રાજાએ પ્રસન્ન થઇને કહ્યું કે, કહે તો તને તરેહ તરેહ રંગનાં લુગડાંનો શિરપાવ આપીએ અને કહે તો તેને બદલે તને નિશાળમાં ભણવા મૂકીને સારૂં લખતાં વાંચતાં આવડે, એવો અભ્યાસ કરાવીએ; ત્યારે તે છોકરે કહ્યું કે મને તો સારા સારા રંગનાં લુગડાં આપો. વળી એવામાં તે સભામાં કવિતા સંબંધી ચર્ચા ચાલતી હતી, તેમાં એક કવિયે કાવ્ય પ્રકાશ અને પ્રતાપરૂદ્ર વગેરે જેવી કવિતા રચવાના નિયમોના ગ્રંથોના આધારથી એક શિખાઉ કવિના દોહરા ઉપર એવો અભિપ્રાય આપ્યો કે, નિયમ પ્રમાણે સારા અક્ષરો તેમાં આવેલા નથી, ત્યારે તે શિખાઉ કવિ એવી તકરાર કરતો હતો કે સારા અક્ષરો આવવાની કવિતામાં કાંઇ જરૂર નથી, પણ તે દોહરામાં એક સ્ત્રીનું વર્ણન કરતાં તેના હાથ સોનાના અને પગ રૂપાના કહ્યા છે. એનું નામજ ખરી કવિતા કહેવાય, ત્યારે રાજાએ એક ત્રીજા કવિને કહ્યું કે આ પરદેશી છોકરાના વિચાર વિષે અને આ કવિયોની તકરાર વિષે તમારો અભિપ્રાય એક દોહરામાં તમે કહો, ત્યારે તે કવિ બોલ્યો કેઃ—

दोहरो.

मोटो माल सु-वर्णमां, सुवर्णमां शी विसात ?
सुवर्ण तन जाणे नहीं, जाणे सुवर्ण जात. २२.

તેનો અર્થ પેલા પરદેશી છોકરા વિષે એવો સમજાવ્યો કે સારા અક્ષરો લખવા શીખવામાં મોટો માલ છે, પણ સારા સારા રંગમાં શી વિસાત છે? પણ તે વાત સારા રંગના શરીરવાળો સમજે નહીં. પણ સારી જાતમાં જન્મેલો હોય તે જાણે.

પેલા કવિયો વિશે, એવો અર્થ સમજાવ્યો કે, વાણી છે તે કવિતાનું શરીર છે અને અર્થ છે તે જીવ છે, માટે જેમ જીવ વગરની કાયા નકામી છે, તેમજ કાયા વિના જીવથી કાંઇ થઇ શકતું નથી, માટે હરેક દેશના કવિયોએ એમજ લખેલું છે, કે સારા શબ્દોમાં સારો અર્થ હોય તે કવિતા સારી પણ એકલા અર્થ ઉપરજ નજર રાખવા વિષે કોઇએ લખ્યું નથી, માટે "સુવર્ણમાં" એટલે સારા અક્ષરોમાં મોટો માલ છે, સોનારૂપા જેવા હાયપગ કહ્યા તેમાં શો વિસાત છે? કેમકે એ તો અલંકાર એટલે ઘરેણાં કહેવાય. તે અલંકાર કંઇ શરીર કરતાં વધારે નહીં, પણ તે વાતમાં સારા રંગનો શરીરવાળો સમજે નહીં, પણ સારી જાતનો હોય તે સમજે.

એક સરદાર બોલ્યો કે તમે એમ કેમ કહોછો કે સારી જાતના લોકજ એ વાત જાણે? ત્યારે કવિ બોલ્યો કેઃ—

दोहरो.

जात जातमां जै वसे, जुओ जगतनी रीत;
सुवर्णसुवर्णज्यांमळे, थाय परस्पर प्रीत. २३.

મતલબ કે પોતપોતાની જાતવાળામાં જઇને મળે તો બંનેને પરસ્પર પ્રીત ઉપજે છે, અને બીજી જાત વાળો તેઓમાં જઇને બેસે તો, કાંઇક અતડાપણું બંને પક્ષમાં રહે; જેમકે સોનું સોનામાં મળે તો શોભે છે. પણ સોનામાં બીજી જાતની ધાતુ ભળે તો તે સો-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નાને પણ બગાડે, અને પોતાનું રૂપ પણ બગાડે છે; તેમજ બીજા અર્થમાં સારા અક્ષરો સારી જાતના લોકના મોંમાંથી નીકળે, તો તે અક્ષરો ને મુખ બંને શોભા પામે છે; પણ જો સારા અક્ષરોને ઉચ્ચાર કરતાં, આ પરદેશીના છોકરા જેવાને શિખવીએ તો તેના મુખને અને અક્ષરોને કાંઇક અતડાપણું રહેશે.

એવામાં એક માળી, કણબી, અને બીજા બે મિત્રો હતા, તેઓ આવીને રાજા અને કવિની વચમાં બેઠા, એટલે ચોપદારે તેઓને કહ્યું કે ઉઠો ઉઠો અહિંયાં કયાં બેસો છો, પોતાના બરાબરીઆ બેઠા હોય ત્યાં જઇને બેસો.

કવિ—બેસવા દ્યો; તેઓ અમારા બરાબરીઆજ છે; જેઓનામાં એક ગુણ મળતો આવે તે બરાબરીઆ કહેવાય.

એક સરદાર—તમારામાં અને તેઓમાં કિયો ગુણ મળતો આવે છે?

કવિ—　　　दोहरो.

कोश वेगळे जो कदी, होय हरघडी क्यांहि;
कविमाळीकणवीनृपति, मित्रदुखिमनमांहि. २४

મતલબ કે હરઘડી કોશ વેગળે રખાય નહીં એ ગુણ મળતો આવે છે; કવિયે અમરકોશ વગેરે શબ્દનો કોશ વેગળે રખાય નહીં. માળીએ કુવામાંથી પાણી કાઢવાનો કોશ, અને કણબીએ ખેતરમાં ખોદવાની લોઢાની કોશ, અને રાજાએ ધનનો કોશ એટલે ખજાનો વેગળો રખાય નહીં; અને બે મિત્રો કોશ એટલે ગાઉ જેટલે છેટે જુદા પડીને રહી શકે નહીં.

એવામાં એક સોદાગર સો હાથી લઇને વેચવા આવેલો હતો તે સભામાં આવીને ઉભો રહ્યો, તેણે જોયું કે બધા સરદારો ગાલીચા ઉપર બેઠા હતા, અને તેને પોતાને બેસવાનો માગ ગાલીચા ઉપર નહોતો, અને જાજમ ઉપર બેસવું તે ભોંય બેસવા બરોબર તેને લાગતું હતું, તેથી ઉભો રહ્યો; તેને હાથે બાજુબંધને ઠેકાણે સોનાનો કાતરો બાંધેલો હતો.

ત્યાં રાજાનો દરજી ગજ કાતર લઇને આવ્યો, તે પણ પેલા સોદાગરની જોડે ઉભો રહ્યો, એટલે કવિયે તેના સામું જોઇને એક દોહરો કહ્યો:—

दोहरो.

गुणवाळो जो गजपति, साथे छे गज सोय;
कर शोभेछे कातरे, कदी न वेसे भोंय. २५

મતલબ કે ગુણ એટલે દોરાવાળો ગજનો ધણી આ દરજી જુઓ; તેની સાથે ગજ તથા શીવવાની સોય પણ છે; અને કાતર વડે તેનો હાથ શોભે છે, અને તે ગરીબને ઘેર કે રાજાને ઘેર શીવવા જાય, ત્યાં પથરણું પાથર્યા વગર ભોંય બેસતો નથી. તે સાંભળીને બધા સભાસદો સમજ્યા કે આ સોદાગર ઉપર તે દોહરો કવિયે કહ્યો; પછી તેને ગાલીચા ઉપર બેસવાને જગા કરી આપી.

એવામાં ચુંવાળ પરગણાનો કોળી ઠાકરડો સભામાં બેઠો હતો તે ચોરી કરવાનો અને લુંટવાનો ધંધો કરતો હતો. તેને રાજાએ કહ્યું કે તમારા જીલ્લાના લોકો ચોરી કરવાને ચઢે છે, તે સારૂં કામ કરતા નથી.

ઠાકોર—અમારા બધા લોકો ચોરી કરવા ચઢતા નથી; પણ દુકાળ વર્ષ હોય, અને છોકરાં ભૂખે મરી જવાથી વંશનો નાશ થતો હોય; ત્યારે તો ચોરી કરવાને ચડયા વગર છૂટકો નહીં.

કવિ—　　　दोहरो.

चतुर चढे नहि चोरिये, धरि उपभोगनी आश;
चाहीं चढे ते चोरिए,जो निज वंश विनाश. २६

રાજા—તમે નીતિની કવિતા કરો છો તેમ છતાં ચોરી કરવાની પણ ઉશ્કેરણી કરોછો કે?

કવિ—મેં ચોરી કરવા વિષે એ દોહરો કહ્યો નથી. પણ પરણવા વિષે કહ્યો છે, તેનો અર્થ એવો છે કે ડાહ્યો માણસ હોય તે સંસારના ઉપભોગની આશાથી પરણે નહીં, પણ પોતાનો વંશ નાશ ન થાય તે સારૂં ચાહીને પરણે છે. વળી કહ્યું છે કે:—

दोहरो.

चोरि चडतां लाज नहि, चोरी चडतां लाज;
रानी परणे राज नहि, रानी परणे राज. २७

મતલબ કે ચોરીએ ચઢતાં એટલે પરણતાં કંઈ લાજ નહીં પણ આપણે માથે ચોરીનો બટ્ટો આવે

P. P. Ac. Gunratnasuri M.S.　　　Jin Gun Aaradhak Trust

તેમાં શરમ છે, અને રાનની રહેનાર ભીલડીને પરણવાથી રાજ મળે નહીં, પણ કોઇ રાની એટલે રાજાની કન્યા પરણવાથી રાજ મળે. વળી કહ્યું છે કેઃ—

दोहरो.

चोरि सुभद्रा अर्जुने, रुकमणि ने हृषिकेश;
चढयो न जे जन चोरिये,लाव न लीधो लेश.२८

એનો અર્થ એવો નથી કે સુભદ્રાને અર્જુને ચોરી હતી, અને રૂકમણીને શ્રી કૃષ્ણે ચોરી હતી. એવા એવા પણ ચોરી કરતા હતા, માટે જે માણસે ચોરી કરી નહીં તેણે કંઇ લાવો લીધો નથી.

પણ તેનો ખરો અર્થ એવો છે કે અર્જુન અને શ્રીકૃષ્ણ જેવા પણ કન્યાઓને ચોરી લાવીને પરણ્યા હતા, માટે સંસારમાં જે માણસ પરણ્યો નહીં, તેણે કંઇ લાવો લીધો નહીં. એવામાં એક મહેતાજીએ દોહરો કહ્યો કેઃ—

दोहरो.

छे लोको वा आगळे, वचमां एक धरेल;
मानोजी मारुं कह्युं, न थशो तमे छकेल. २९

એક સરદાર—મહેતાજી એનો અર્થ કહો?

મહેતાજી—કંઇ એમાં ઝાઝો અર્થ નથી, મેં તો સહેજે દોહરો કહ્યો.

સરદાર—તમે દોહરો કહ્યો, ત્યારે તો હવે તેનો અર્થ ખુલ્લો કહેવો પડશે.

મહેતાજી—એ તો નિશાળમાં મારા નિશાળીઆઓને શિખામણનો દોહરો મેં કહ્યો હતો, તેનો અર્થ એવો છે કેઃ—

दोहरो.

छेलो को, बा आगळे, वचमां एक धरे ल;

મતલબ કે છેલો અક્ષર "કો" અને આગળ એટલે પ્રથમ અક્ષર "બા," અને વચમાં એક "લ" એટલે "બાલકો" તમે મારૂં કહ્યું માનો તો છકેલા થશો નહીં.

સરદાર—એ દોહરાનો કાંઈ બીજો અર્થ હોય, એમ અમને ભાસે છે, માટે ખરો અર્થ હોય તે કહો.

મહેતાજી—એક રાજાની દાસી છે તેને રાજાએ ગામ આપેલું છે, તે ગામના લોકો પોતાના ગામના માનાજી નામના કોળી ઠાકરડા ઉપર કંઇ ફરિયાદ કરવા સારૂ તે દાસી પાસે આવ્યા હતા, ત્યારે દાસીએ લોકોને અંદર બોલાવીને એક માણસને વચમાં ચોકી કરવા ઉભો રાખ્યો હતો. બારણા આગળ સિપાઇ બેસાર્યા હતા, અને કહ્યું હતું કે બીજા કોઈને અંદર આવવા દેશો નહીં; એવામાં માનોજી મારૂ (મારૂ અડક હતી) આવ્યો, અને સિપાઈઓને કહ્યું કે, બાની આગળ કોણ કોણ છે, મારે પણ જઇને કંઇ જાહેર કરવું છે. ત્યારે સિપાઇએ કહ્યું કે બાની આગળ લોકો ભરાયા છે, અને એક જણને વચમાં પેરા ઉપર મુકેલો છે; એવામાં પેરે વાળે કહ્યું કે કોણ છે એ. ત્યારે પેલે બુમ પાડીને કહ્યું કે "માનોજી મારૂં." એટલે સિપાઇએ તેને ઓળખ્યો અને કહ્યું કે તમે છકેલા થશો નહીં, અને હમણાં અહીં બેસો; પછી એ બાબતનો આ દોહરો મેં કરી રાખ્યો હતો, તે હાલ મને યાદ આવ્યો.

એવામાં એક ઘાંચી ઉભો હતો. તેના સામું જોઇને એક સરદારે કવિને કહ્યું કે ઘાંચી વિષે એક દોહરો કહો. ત્યારે બીજે સરદારે કહ્યું કે ઘાંચી વિષે કહેવામાં શો માલ છે? કોઇ ચતુર માણસ વિષે દોહરો કહો.

कवि— दोहरो.

जोतां वस्तू जगतमां, भाळे ज्यां तलभार;
घणा चतुरजन घांचीयो,खोळ करी ले सार. ३०

મતલબ કે જગતમાં જોતાં કાંઇ તલભાર વસ્તુ જ્યાં દેખે ત્યાં શોધ કરીને ચતુર માણસો ઘાંચીના પેઠે માંહેથી તત્વ શોધી લે. બીજે અર્થ ઘાંચી ઉપર જ લગાડતાં, એમ કરવો, કે, ઘાંચીયો ઘણા ચતુર છે, તેઓ જ્યાં તલનો ભાર એટલે જથો દેખે ત્યાં તેનો ખોળ બનાવીને માંહેથી સાર કાઢી લે.

વળી એક સરદાર બોલ્યો કે આપણા દુશ્મનને તો છરીવડે મારી નાખીએ તેનું પાપ ગણીએ નહિ.

कवि— दोहरो.

प्रतिपक्षीने पाळीए, समारिये तजि शोक;
अर्थ जुदे एवुं कहे, धर्मी पापी लोक. ३१

મતલબ કે એ દોહરાના પૂર્વાર્ધનો અર્થ, ધર્મી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને પાપી માણસ જુદી જુદી રીતે કરે છે. ધર્મી કહે છે કે, પ્રતિપક્ષીનું પાલણ કરીએ, અને દિલગીરી તજીને તેને સુધારીએ અને પાપી માણસ એવો અર્થ કરે છે કે જેમ પાળીવડે શાકને સમારીએ છીએ તેમ પ્રતિપક્ષિને સમારીએ. પછી એક સરદારે કહ્યું કે શત્રુ ઉપર દયા ન રાખીએ અને બીજે કહ્યું કે દયા રાખીએ. એવો ખૂબ વાદ વદીને બંને જણાએ એક કવિને કહ્યું કે તમે અમને બંનેને પસંદ પડે એવો ખુલાસો બતાવો. કવિ બોલ્યો કેઃ—

दोहरो.

निर्दयता न दया घणी, दिल धरीये दिन रात;
प्रतिपक्षीने पाळिये, समारीये साक्षात. ३२

એનો અર્થ એકને એવો સમજાવ્યો કે શત્રુ ઉપર નિર્દયતા રાખીએ, પણ ઘણી દયા ન રાખીએ, અને છરીવડે તેને કાપીએ. બીજાને એ દોહરામાંથીજ એવો અર્થ સમજાવ્યો કે શત્રુ ઉપર નિર્દયતા ન રાખીએ પણ ઘણી દયા રાખીએ, અને તેનું પાલન કરીને સુધારીએ. એ રીતે બંને જણાનું સમાધાન કર્યું. વળી એક સભાસદ બોલ્યો કે ઇશ્વરની ભક્તિ કરીએ, તેનું ફળ ક્યારે મળતું હશે?

કવિઃ— दोहरो.

पाकुं फळ आपे पछी, मरवा दे छे मोर;
एवो तो आंबो अने, कोटि सुत्रन ठाकोर. ३३

મતલબ કે આંબાની અને પરમેશ્વરની એક રીત છે; આંબો પ્રથમ મોર તથા મરવા આપે છે, અને પછીથી પાકું ફળ આપે છે; તેમજ ઇશ્વર પણ મોરથી મરવા દે છે, અને પછી ભક્તિનું પાકું ફળ આપે છે; મતલબ કે મુઆ પછી પરલોક આપે છે.

એવામાં એક તોફાની સ્ત્રી વિષે વાત નીકળી અને કહ્યું કે તેનો ધણી પરદેશ ગયો છે, અને તે બાઇ બહુ તોફાન કરે છે, તેને તેના સસરાએ કેદ કરીને ત્રણ લાંઘણો કરાવી તોપણ પાંશરી થતી નથી.

કવિ— दोहरो.

पीवुं खावुं परहरि, त्रेणु ताणे तोय;
नाथ विना नारी वळद, वांकां वसमां होय. ३४

મતલબ કે ખાવું પીવું તજીને ત્રણ લાંઘણો ખેંચે તોપણ ધણી વગરની સ્ત્રી વાંકી ચાલે; તેમજ ખાવું પીવું છોડીને તરેલું ખેંચે તોપણ તે બળદના નાકમાં નાથ ન હોય તો વાંકો વસમો ચાલે.

પછી એક સરદારે કવિને પુછ્યું કે, ગુજરાતમાં જે અમલદાર થઇ ગયા, તેમાં સૌથી વખાણવા લાયક કોનો અમલ હતો? પછી એક કવિયે તેને ઉત્તરનો અડધો દોહરો કહ્યો, એટલે બીજા કવિયે તે દોહરો પૂરો કર્યો.

दोहरो.

वडो अमल वनराजनो, गुजर देश गुणकार;
वडो अमल वणराजनो, आर्य उपर आभार. ३५

એમાં પહેલા કવિયે એવું કહ્યું કે ગુજરાતમાં વનરાજ ચાવડાનો મોટો અમલ હતો, ત્યારે બીજા કવિયે કહ્યું કે અમલ એટલે અફીણ, વણ એટલે કપાસ, એ બે રાજાઓનો આર્ય એટલે બધા હિંદુઓ ઉપર મોટો આભાર છે.

એવામાં એક કારભારીના લમણા ઉપર રૂથના-ઇનો ડાઘ એક કપોળ વાણિઆએ દીઠો, તે કારભારીના હસ્તક અનાજ કપાસ વગેરે દરબારી માલ વેચાતો હતો. મોટા માણસની ખામી બતાવવી તે બેઅદબી જેવું લાગે માટે ડાહ્યો માણસ હોય તે ઇસારતમાં સમજાવે, તેમજ પેલા કપોળ વાણીયાએ કારભારી પાસે રૂ ખરીદ કરવા માગ્યું; પણ બીજા અર્થમાં તેના લમણા ઉપરનો ડાઘ રૂમાલવડે સાફ કરવાનું કહ્યું.

दोहरो.

होय तमारा हाथमां, जो रुडो रुमाल;
करीने कृपा कपोळपर, हाथो ठोको हाल. ३६

હાથો ઠોકવો એટલે સારું કરવું અને બીજા અર્થમાં લમણે હાથ લગાવવો. કપોળ—લમણો.

એવામાં એક દિલ્લીનો કવિ આવ્યો, તે રાજાને ભેટીને સભામાં બેઠો. એવામાં વળી સભામાં એવી ચર્ચા ચાલી કે ફક્ત પુસ્તકો વાંચવાથીજ આત્મજ્ઞાન પમાય કે નહીં. તે વિષે જુદા જુદા મત પડ્યાથી ઘણી તકરાર થઇ, ત્યાં દિલ્લીના કવિયે કહ્યું કે મારી પાસે ખરચી નથી માટે એક દોહરો ભેટ કરવા આ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્યો છું. હાલ તે એકજ દોહરાની કિંમત થાય તે મને આપો, એટલે હું લઇ જઇને શેહેરમાં ઉતારો કરૂં, અને મોદીખાનેથી સીધું સામાન લેઉં. રાજાએ કહ્યું કે દરબારથી જે જોઇએ તે લ્યો; પણ કવિયે કહ્યું કે હું કોઇનું મફત કાંઇ લેતો નથી.

વળી એવામાં એક વિદ્યાર્થીએ આવીને કહ્યું કે ગઇ રાતે મારાથી પાઠ થઇ શક્યો નહીં, કારણ કે દીવો બુઝાઇ ગયો હતો. તે પાછલી રાતે ક્યાંથી કરી લાવું? કોડિયું, દિવેલ, દિવેટ, એ તો હતાં, પણ દેવતા નહોતો.

રાજાએ દિલ્હીના કવિને પુછ્યું કે તમે કિયો ધર્મ પાળો છો? અને કોનું ભજન કરો છો? કવિ બોલ્યો કે હું નાથપંથને માનું છું, અને ગુરૂ ગુરૂ ભજન કરૂં છું. ગુરૂ એટલે મોટા અને પરમેશ્વરથી કોઇ મોટો નથી; માટે પરમેશ્વરનું ખરૂં નામ ગુરૂ છે; તે નામથી ભજન કરૂં છું.

રાજાએ પુછ્યું કે દિલ્હી શહેર કેવું છે? ત્યારે કવિયે દિલ્હીનાં ઘણાં વખાણ કરીને પછી કહ્યું, કે ગમે તેટલા રૂપિઆ કે ગમે તેવા ગુણ માણસમાં હોય પણ દિલ્હી વચ્ચે તે રહેતો હોય, તોજ તેની નામના આખા દેશમાં પ્રસિદ્ધ થાય, બીજા ગામમાં રહેવાથી એવી નામના ફેલાય નહીં.

સભાસદોએ વાદ લીધો કે સુપાત્ર માણસ હોય, અને સૌ સાથે સ્નેહ રાખતો હોય તથા તેનામાં સારા ગુણ હોય, તો તેની કીર્તિનો પ્રકાશ આખા દેશમાં પડે, પછી તે ગમે તે ગામમાં રહેતો હોય. તે વાત કવિયે કબુલ કરી નહીં, અને કહ્યું કેઃ—

दोहरो.

सुपात्र स्नेही गुणछतां, पडे न आत्म प्रकाश;
पडे होय गुरुदत्त जो, दीली वचे वास. ३७

એનો અર્થ એવો થયો કે સુપાત્ર માણસ હોય, સ્નેહી હોય અને તેનામાં ગુણ હોય, તોપણ તેનો પોતાનો પ્રકાશ એટલે કીર્તિ ઘણે ઠેકાણે પડે નહીં, પણ જો પરમેશ્વરે આપેલો દિલ્હી વચ્ચે વાસ હોય, તોજ કીર્તિનો પ્રકાશ પડે; એટલું બોલીને કહ્યું કે લાંબી વાત કરવાની મને ફુરસદ નથી. આ દોહરાની કિંમત મને આપો. રાજાએ બધા કવિયોને પુછ્યું કે એ દોહરાની કિંમત કરો. પણ બીજાઓએ તો તેની કિંમત કંઇ જણાવી નહિ, ત્યારે પેલા પરદેશી જુના કવિએ કહ્યું કે ભોજ રાજાની વખતમાં તો આ કવિતાની ઘણી કિંમત ઉપજતી હતી. હરેક વસ્તુની કિંમત તેના ગ્રાહકના આધાર ઉપર રહી છે, જેપુરના રાજાએ બિહારીદાસને બિહારી શતશાઇના દર એક દોહરાની કેટલી કિંમત આપી હતી તે કોઇ જાણો છો? સભાએ કહ્યું કે તે દરએક દોહરાની અકેકી સોનામહોર આપી હતી, અને તે કવિ દરરોજ એકેકો દોહરો કરીને લઇ જતો હતો, એવું સાંભળ્યું છે. પણ એટલું તો ખરૂં કે તે રાજાએ મોટી ઇમારત બાંધવામાં કે બીજા કામમાં લાખો રૂપૈયા ખરચ્યા હશે, તે વાત કોઇ જાણતું નથી, અને બિહારી શતશાઇથી તે રાજાનું નામ આખા દેશમાં પ્રસિદ્ધ થયું છે, તે જોતાં તો તેની કીંમત લાખો રૂપિયાની છે. કવિયે કહ્યું કે બિહારી શતશાઇના એક દોહરા સાથે આ દોહરો મેં તોળી જોયો તો તેની બરાબર થાય છે. ફક્ત એટલોજ ફેર છે કે પેલો વ્રજ ભાષામાં છે, અને આ ગુજરાતીમાં છે, તેનું કારણ એ છે કે હાલ મહારાજાની મરજી ગુજરાતી ભાષાને શણગારવાની છે, માટે તેણે ગુજરાતીમાં દોહરો કહ્યો છે.

પછી રાજાએ સોળ રૂપિઆ તે દોહરાના આપ્યા તે લઇને એ તો ગયો, પણ સભાસદોએ પેલા કવિને કહ્યું કે તમે આટલી બધી કિંમત એક દોહરાની શા કારણથી અપાવી? શું તેણે હદ્દથી જાદે દિલ્લીની તારીફ કરી, તે તમે કબુલ કરો છો?

એક સભાસદે કહ્યું કે દિલ્લી વિષે તે દોહરો નથી, પણ આ વિદ્યાર્થીએ પ્રથમ કહ્યું હતું કે કોડીઉં, દીવેલ, અને દીવેટ છતાં દેવતા વગર અમે દીવો કરી શક્યા નહીં, તે વિષે એ દોહરો છે અને તેનો અર્થ એવો છે કે દીવો કરવાને સારૂં પાત્ર, તે વળી સ્નેહી એટલે તેલે ભરેલું હોય, તથા ગુણ એટલે દીવેટ અથવા સૂત્ર હોય, તોપણ પોતાની આગળ પ્રકાશ પડે નહીં, પણ જો "દીલી" શબ્દની વચ્ચે "વાસ" શબ્દ એટલે ઇશ્વરે આપેલી "દીવાસલી" હોય તો પ્રકાશ પડે.

પેલે આવે કહ્યું કે એમાં કાંઇ વધારે ચમત્કારી અર્થ નથી; અમસ્તા સોળ રૂપિઆ અપાવ્યા. કવિયે કહ્યું કે એનો ત્રીજો અર્થ એવો છે કે સભામાં પ્રથમ વાત ચાલતી હતી કે ફક્ત પુસ્તકો વાંચવાથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે ગુણ મેળવવાથી સારૂં માણસ હોય તે આત્મજ્ઞાન પામે કે નહીં ? તે વિષે એ દોહરો છે. તેનો અર્થ એવો છે કે સુપાત્ર માણસ હોય, સ્નેહી હોય, અને તેનામાં ગુણ હોય, તોપણ આત્માનો પ્રકાશ તેના અંતરમાં પડે નહીં.

એ તો જ્ઞાનદીપક પ્રગટવાની "દીવાસલી" એટલે ગુરૂની આપેલી કળા હોય તોજ આત્મજ્ઞાનનો પ્રકાશ પડે. એવામાં એક માણસ ગુરૂદત્તાત્રીનું ભજન કરનાર બેઠો હતો તે બોલ્યો કે એ ત્રણે પ્રકારના અર્થ જુદા છે, અને ખરો ચોથો અર્થ છે તે તો એમ છે કે જેમ "ગુજરાત" એ નામ છે અને "ગુજરાતી" એ વિશેષણ છે; તેમજ દીલ એટલે મન તે નામ છે અને "દીલી" એ વિશેષણ છે, તેનો અર્થ દીવાળો એટલે આત્મા. તે આત્મામાં ગુરૂદત્ત એટલે ગુરુદત્તાત્રીનો વાસ હોય, તોજ આત્મજ્ઞાનનો પ્રકાશ પડે. વાસ એટલે સુગંધ અથવા નિવાસ. તે સાંભળીને બધી સભા ખુશી થઇ.

એવામાં સાંજનો સમય થયો, અને ગાનારીઓ ગાન કરવા આવી હતી તેઓએ નૃત્ય સાથે થોડુંક ગાન કર્યું. પછી રાજાના એક કુંવરે એક કવિને કહ્યું કે આ નાયકાનું વર્ણન કરો. તે કવિને નાયકાનું વર્ણન કરવું ગમતું નહોતું, પણ રાજાના કુંવરે ઘણી હઠ લીધી એટલે કવિયે લાંબી નજર કરીને ચારે કોર જોયું, ત્યાં દરબારની ગાયો ચરીને દરબારમાં આવતી હતી તેમાંની એક ગાયનું વર્ણન કર્યું. તે નીચે પ્રમાણેઃ—

दोहरो.

पगमां झांझर झणझणे, टकटक जोती जाय;
पाछळ काळा केश छे, देखो गोरी गाय. ३८

मनहर छंद.

काळा लांबा केशवाळी रंगे तो रुपाळी भाळी,
झांझरना झमकाळी बडी वखणाय छे;
ठमक ठमक चाल चाळती चंचळताथी,
समीप सकळ जन सामुं जोती जाय छे;
पतिव्रता नहीं पण प्रजा तो प्रसवे पोते,
स्वरोदयवाळी जाते सुंदरी जणाय छे;
दाखे दलपतराम देखो दुनियाना लोको,
राजद्वारमांही गोरी गुणवंती गाय छे. ३९

તે સાંભળીને કુંવરે જાણ્યું કે કવિયે આ ગાનારીનું વર્ણન કર્યું, તેથી તે રાજી થયો.

એવામાં એક સોનીયે સોનાની કટોરી લાવીને રાજાની આગળ મૂકી અને કહ્યું કે હનુમાનને તેલ ચઢાવવા સારૂં આપે કટોરી મંગાવી હતી, તે આ હું ઘડી લાવ્યો છું. પછી સભાસદોએ તે હાથમાં લઇ જોઇને વખાણી એટલે એક સરદારે કવિને કહ્યું કે આ કટોરીનું વર્ણન કરો. એટલે બીજા એક સરદારે કહ્યું કે વિકટોરિયા મહારાણીના વર્ણનનું એક કવિત બોલો.

કવિ— मनहर छंद.

सुघडछे, सरसछे, निर्मळछे, नाजुकछे,
गोरी जातथी जनमी जुओ जाते गोरी आ;
ते पनोतीना पतिने प्रभुए कृपाथी आपी,
तेणे पण प्यारी गणी जेवी जीवादोरी आ;
जेनो महिमा जगतमां पुरो प्रसिद्ध थयो,
एवी तो अधिक छे सुभाग्यनी सजोरी आ;
दयाना दैवतनो जो दरियो न दीठो होय;
दाखे दलपतराम देख "वि कटोरी आ."

કટોરી વિષે અર્થ.

તે સારા ઘાટની છે, સરસ છે, મેલ વગરની છે, નાજુક છે; અને તે ગોરા રંગની જાતથી એટલે સોનાથી પેદા થયેલી છે; અને જુઓ પોતે પણ જાતે ગોરા રંગની છે. તે કટોરી હનુમાનજીને રામચંદ્રજીએ મહેરબાનીથી આપી, તે હનુમાનજીએ પણ જીવાદોરીના જેવી વહાલી ગણી. તે કટોરીનો મહિમા જગતમાં સંપૂર્ણ પ્રસિદ્ધ થયો. એવી તો સારા નશીબના જોર વાળી આ છે; રામચંદ્રજીની દયાના તત્વનો સમુદ્ર દીઠો ન હોય તો કવિ કહે છે કે આ કટોરી જોઇ લેવી. જ્યારે સીતાની ખબર લઈને હનુમાનજી આવ્યા ત્યારે રામચંદ્રજી નહાવા બેઠા હતા, અને શરીરે મર્દન કર-

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

વાના તેલની કટોરી તેમની પાસે હતી, અને હનુમાનજી ઉપર તેઓ ઘણા પ્રસન્ન થયા, તથા ઘણી મહેરબાની થઈ, અને જાણ્યું કે હાલ હાલ વખતે હું તેને શું આપી દઉં? પછી તેલની કટોરી હતી, તે બક્ષિસ આપી, તે હનુમાનજીને પણ ઘણી પ્યારી લાગી, એજ કારણથી લોકો હનુમાનજીને તેલ ચઢાવે છે.

વિક્ટોરિયા વિષે અર્થ.

વિક્ટોરિયા કેળવાએલી છે, રસ છે, તનથી અને મનથી મેલ વગરની છે, નાજુક છે, અને ગોરી જાતથી જન્મેલી પોતે ગોરી છે, તે પનોતો એટલે વિસ્તારવાળી તેના ધણીને એટલે પ્રીન્સ આલ્બર્ટને પરમેશ્વરે મહેરબાનીથી આપી, તે પ્રીન્સે પણ જીવાદોરી જેવી પ્યારી ગણી. જે વિક્ટોરિયાનો મહિમા જગતમાં સંપૂર્ણ પ્રસિદ્ધ થયો, એવી સારા નસીબની વધારે જોરવાળી આ છે, જો દયાના તત્વનો સમુદ્ર દીઠો ન હોય તો કવિ કહે છે કે વિક્ટોરીઆને જો, મતલબ કે તેનામાં દયા ઘણી છે. તે સાંભળીને બધી સભા રંજન થઇ.

પછી એક સરદારે કવિને પુછયું કે કેવો રાજા હોય તે જશવાળો અને જયકારી હોય? કવિએ કહ્યું કે ભાઇ, ગુણવાન, ગતિમાન એટલે જ્ઞાનવાન, ગંભીર અને ગણુત જાણુ એટલે હિસાબી કામ જાણનાર એવા સારાસારા "ગગા" ગકાર જે રાજાના કારભારી છે, ત્યાં શ્રીકૃષ્ણ સૌના ઉપર પ્રેમની નજર રાખે, અને જ્યાં હમેશાં સંતોષની સલાહ સારી છે, વળી શૌર્ય, ધૈર્ય, સુવિચાર, દીર્ઘદષ્ટિ, દયા અને દાન, એવા ૭ ગુણની સાથે તો જેને મિત્રતા છે, અને શહેરના લોકો દરરોજ પ્રીતિભાવ રાખે, એવો રાજા હોય તે જશવાળો અને અતિશય જયકારી છે.

સરદાર—એ તો તમે ખરૂં કહ્યું પણ તમે કહ્યું એટલોજ અર્થ આવે એવું એક કવિત કહો?

કવિ— મનહર છંદ.

गुणवान, गतिमान, गंभीर, गणीत जाण,
एवा भला "गगा भाइ" जेना कारभारी छे;
शामळ त्यां सर्वपर प्रेमनी नजर राखे,
सदाकाळ ज्यां संतोकनी सलाह सारी छे;
शौर्य, धैर्य, सुविचार, दीर्घदृष्टि, दया, दान,
छगुननी साथे तो सदैव दोस्तदारी छे;
प्रति दीन प्रीति "भाव नगरना" लोक राखे,
एवो राजा जशवंत अति जयकारी छे. ४१

એવામાં પરદેશી એક મુસલમાન સરદાર મક્કે હજ કરવા જતો હતો, તે કોઈ રાજાની શીપારશનો કાગળ ઠાકોર સાહેબ ઉપર લાવ્યો હતો. તેમાં એવું લખ્યું હતું કે આ પત્ર લાવનારને સાથે માણસ આપીને હજ કરવા પહોંચાડજો, તેથી ઠાકોરે ગુલામ નામના એક નવા રાખેલા આરબને પાંચ આરબ સહિત પેલાની સાથે મોકલ્યો હતો, પણ એક બે મજલ ગયા પછી પેલા મુસાફરને એવો વહેમ આવ્યો કે, આ ગુલામ મને દગો કરીને લુંટી લેશે, તેથી કાંઇ બહાનું કાઢીને પાછો વળ્યો, અને રાજાની કચેરીમાં આવ્યો. ત્યારે રાજાએ પેલા ગુલામને પુછયું કે, કેમ પાછા આવ્યા. ત્યારે ગુલામે કહ્યું કે હું મારા ખરા દીલથી તેમને હજ કરવા પોંચાડત, પણ તેમને કંઇ વહેમ આવ્યો તેથી તે તો પાછા વળી આવ્યા, એટલે પેલા સરદારે એક દોહરો કહ્યોઃ—

दोहरो.

केवे दिल पोताड हज, गुलाम तुं भलों विध;
जतां तमारा रुप पर, अमे एज गुण लीध. ४२

એ રાજાની રીત એવી હતી કે, સભામાં જે કોઇ કવિતા બોલાય તે એક દફતરમાં લખી લેવાતી હતી, પણ ઉપલો દોહરો કહ્યો તે વખતે ફક્ત એકજ કારકુન ભુલા વધા નામે બેઠો હતો, બીજો કોઇ નહોતો. ત્યારે ઠાકોરે કહ્યું કે દફતરમાં રાખવા વાસ્તે આ દોહરો લખી લેવો જોઇએ, પણ ભુલા મહેતા તો કાના માતર ભણેલા નથી માટે કોણ લખશે? ભુલો મહેતો બોલ્યા કે કાનામાતરની શી જરૂર છે, જુના કારભારીઓ કોઇ કાનામાતર ભણતા ન હોતા, માટે શું મોટાં દફતર લખાતાં ન હોતાં?

ઠાકોર—ઠીક છે ત્યારે તમે લખી લ્યો અને આજની તારીખ પણ નાંખજો.

પછી ભુલા મહેતાએ એક કાગળ ઉપર તે દોહરો કાનામાતર વગર લખી લીધો. તે નીચે પ્રમાણે લખાયોઃ—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કવ દલપત ડહજ, ગલમત ભલવધ;
જત તમર રૂપ પર, અમ અજ ગણ લધ.

સંવત ૧૯૧૫ આસો સુદ ૨

ઉપર પ્રમાણે લખી લેઈને તે કાગળ દરબારના કવિના હાથમાં આપ્યો ને કહ્યું કે તમે દફતરમાં નોંધાવજો. થોડીકવાર પછી કવિએ સૌ સાંભળતાં ભુલા મહેતાને કહ્યું કે મેં તમને આજ સવારે રૂ ૫૫૨) આપીને તમારા હાથની પહોંચ લખાવી લીધી છે તે રૂપિઆ મારે, આજને આજ પાછા લેવાની જરૂર પડી છે. તે સાંભળીને ભુલા મહેતાને ઘણી રીસ ચડી, અને કહ્યું કે, તમે જુઠું બોલો છો. હું રૂપિઆમાં કાંઇ જાણતો નથી. ને નથી મેં પહોંચ પણ લખી આપી. છતાં, જો મારા હાથની પહોંચ દેખાડો તો રૂપિઆ આપું. પછી તે કવિએ પેલા દોહરાવાળી ચીઠ્ઠી દેખાડી, ને નીચે લખ્યા પ્રમાણે વાંચી સંભળાવીઃ—

કવિ દલપત ડાહ્યા જોગ લ મેતા ભુલા વંચવા;
જત તમારા રૂ. ૫૫૨) અમે આજ ગણી લીધા.

સંવત ૧૯૧૫ આશો સુદ ૨.

એ પ્રમાણે જોઇને ભુલો મહેતો ગભરાયા અને થોડીક વાર પછી તેને યાદ આવ્યું કે આ તો પેલો દોહરો. મેં લખી લીધો હતો તે છે, પછી તેણે કબૂલ કર્યું કે કાનામાતર વગર લખવું તે ખોટું છે અને તે તમાસો જોઇને સભા બધી રંજન થઇ.

વિરોધાભાસ અલંકાર.

રાજાએ કવિયોને કહ્યું કે હવે વિરોધાભાસ અલંકારની કવિતા બોલો.

કવિ— 　　　　 दोहरा.

पापीने तो प्रभु रिझे, पापी जन गुणवान;
पापी तो स्वर्गे वसे, प्रीते हरि रस पान. ४३
पापी पवित्र तीर्थ जळ, हरिरस पापॉ तथापि;
कदॉनहिपापीविषयरस, निंदारसनहिपापि.४४

તે સાંભળીને એક ખવાસ બોલ્યો કે પાપીને પ્રભુ રીઝે, અને પાપી સ્વર્ગમાં જાય એ બધું ખોટું છે. પછી બીજા કવિયે અર્થ સમજાવ્યો કે એ દોહરામાં એમ કહ્યું છે કે હે ગુણવાન જન, તું પ્રીતથી હરિ રસ બીજાઓને પા અને પોતે પી, તો તને પ્રભુ રીઝે, અને તું સ્વર્ગમાં જા; માટે પવિત્ર તીર્થનું જળ પા અને પી. પણ વિષય રસ અને નિંદા રસ કોઇને પાઇશ નહીં, અને પીશ નહીં. તે સાંભળીને સભા રંજન થઇ. એવામાં એક મારવાડનો કવિ બેઠો હતો, તેનાં લૂગડાં મેલાં હતાં, તેને એક ખવાસે કહ્યું કે તમારાં લુગડાં મેલાં કેમ છે?

કવિઃ— 　　　　 दोहरो.

दीठुं में मरु देशमां नव नदीयोमां नीर;
वस्त्र साफ शाथी करुं, शाथी धोउं शरीर. ४५

ખવાસ બોલ્યો કે નવ નદીઓમાં પાણી દીઠું તેમ છતાં વસ્ત્ર શાથી ધોઉં એમ કેમ કહો છો? પછી બીજા એક સભાસદે કહ્યું કે એનો અર્થ એવો છે કે મેં મારવાડની નદીઓમાં પાણી નવ દીઠું, મતલબ કે દીઠું નહી.

એક કવિ બોલ્યો કે એક સમે ભોજરાજાની સભામાં એક કવિ આવ્યો. તેણે રાજાની ક્ષમાની પરીક્ષા કરવા સારૂ ધાંટો તાણીને કહ્યું કે,—"બળદ ભોજ ભૂપાળ" તે સાંભળીને બધા સભાસદોને ખોટું લાગ્યું, અને જાણ્યું કે રાજાને પણ ક્રોધ ચઢશે.

રાજાએ ધીરજ રાખીને કહ્યું કે કવિરાજ એ દોહરો પૂરો કરો.

કવિ— 　　　　 दोहरो.

जळद जगतमां मेघ छे, फळद बागनो फाल;
पण निर्बळ नरनारनो, बळद भोज भूपाल. ४६

મતલબ કે જળનો દેનાર તે જળદ કહેવાય માટે જગતમાં પાણીનો આપનાર વરસાદ છે, અને બાગનો ફાલ, ફળ આપે છે, અને ગરીબ માણસોને બળ રાજા ભોજ આપે છે. તે સાંભળીને રાજા પ્રસન્ન થયો.

પછી સભામાં કંઇ વરસાદ સંબંધી વાત નીકળી ત્યારે એક કવિયે અર્ધો દોહરો કહ્યો, એટલે બીજા કવિયે તેનાથી ઉલટા અર્થમાં તે દોહરો પૂરો કર્યો. તે નીચે પ્રમાણેઃ—

दोहरो.

जो वरसे वरसात तो, थाशे लीलालेर;
जो वरसे वरसात तो, थाशे अकरा केर. ४७

P. P. Ac. Gunratnasuri M.S.　　　　Jin Gun Aaradhak Trust

એ દોહરાનું ઉતરાર્ધ બોલનારો કવિ ફડીયાનો વેપાર કરતો હતો, દુકાળનો લાભ ખાવા સારૂ તેણે ઘણા દાણા સંઘરી રાખ્યા હતા તેથી તેણે કહ્યું કે વરસાદ વરસે તો અકરા કેર થશે. પણ એવું સાંભળીને બધા સભાસદોએ તેને ધિક્કાર કરવા માંડયો ત્યારે તે બોલ્યો કે મેં તો એમ કહ્યું છે કે કોઇ કન્યા સાત વરને પરણશે તો અકરાકેર થશે.

પછી એક કવિ બોલ્યો કે એક રાણીને વર સો પરણ્યા છે. બીજો બોલ્યો કેઃ—

दोहरो.

एक रायने होय छे, राणी पांच के सात;
एक राणी वर सो वरे, अचरज एतो वात. ४८

તે સાંભળી સૌ વિચારમાં પડયા; ત્યારે કવિયે અર્થ સમજાવ્યો કે તે ઠાકોરનું નામ વરસોજી છે.

પછી એક સરદાર બોલ્યો કે વખતના વજનનો તોલ બતાવે તેને હું મારો ગુરૂ માનું, એટલે એક કવિ બોલ્યો કે સૂર્યોદયના સમયનો તોલ હું બતાવું.

સરદાર—બતાવો જોઇએ.

કવિ— दोहरो.

साख्य पुरावुं सर्वनी, नहीं फार के फेर;
सूर्योदयनो समय तो, थाय सवा पासेर. ४९

સરદાર—તમે હરેક કવિતાનો અર્થ આડો અવળો બતાવોછો, પણ એ દોહરામાંથી કોઇ પ્રકારનો સાચો અર્થ નીકળવાનો નથી, તે હું ખાતરીથી કહુંછું.

કવિ—અમે શું બતાવીએ? અમારી સરસ્વતી માતા અમને સુઝાડે છે. એ દોહરાના ચોથા ચરણનો અર્થ એવો છે કે "સવા" શબ્દની પાસે '૨' લખીએ એટલે સવારનો વખત થાય છે; એવું સાંભળીને પેલો સરદાર અચરજ પામ્યો.

પછી એક સરદારે પુછ્યું કે વરસના બાર મહિના કહેવાય છે, તેમાં ધર્મવાળો મહિનો કીયો હશે? તે સાંભળીને કોઇએ શ્રાવણ કોઇએ ભાદરવો અને કોઇએ પુરૂષોત્તમ મહિનો કહ્યો, એટલે એક કવિ બોલ્યો કેઃ—

दोहरो.

शुं श्रावण शुं भाद्रपद, शुं पुरुषोत्तम मास;
रहे रात्री दिन धर्मतो, फाल्गुनविनानिराश.५०

તે સાંભળીને કેટલાએક સભાસદો હશી પડયા, અને કહ્યું કે એ દોહરો ખોટો છે. કવિ બોલ્યો કે દોહરો ખરો છે. તમે ધર્મવાળો કીયો એમ પુછ્યું હતું અને હું સમજ્યો કે ધર્મ એટલે યુધિષ્ઠિર અને અર્જુનનું નામ ફાલ્ગુન છે, માટે મેં કહ્યું કે શ્રાવણ ભાદરવો કે અધિક માસ હોય, પણ અર્જુન વિના યુધિષ્ઠિર તો રાત દિવસ નિરાશ રહે.

એવામાં એક કવિ આવ્યો, તે એક કાને બહેરો હતો. તેને રાજાએ પુછ્યું કે તમે કીયે ગામ રહોછો? કવિ બોલ્યો કેઃ—

दोहरो.

बीजो कान तो जूठ छे, जूठ न करुं उचार;
शेहेर अमदावादमां रहुछुं दरिआ पार. ६१

તેનો અર્થ એવો થયો કે મારો બીજો કાન જૂઠો પડેલો છે, માટે તે કાને હું સાંભળતો નથી, અને હું અમદાવાદમાં દરિઆપાર રહુંછું; તે સાંભળીને એક સરદારે પુછ્યું કે શહેરમાં દરિઓ કયાંથી આવ્યો? ત્યારે બીજે કવિયે તે દોહરાનો અર્થ એવો કર્યો કે, "દરિઆપાર" એ શબ્દમાંનો બીજો કાનો જુઠો છે, એટલે "દરિયાપરમાં રહું છું, એમ કહ્યું. પછી એક સભાસદે કહ્યું કે એક સ્ત્રીયે પોતાની બેનપણી આગળ એક દોહરો કહ્યો હતો, તેનો અર્થ મને સમજાતો નથી, માટે કોઇ કવિ અર્થ સમજાવે તો ઘણું સારૂં.

दोहरो.

जेठ जतां आव्यातणी, आपी गया पियुआश;
जेठ गयो नहि ने गया, दशरा पछी दशमास. ६२

તે સાંભળીને બધા સભાસદો વિચારમાં પડયા, અને કહ્યું કે દસરા પછી દસ મહિના ગયા પણ જેઠ મહિનો ગયો નહીં, એમ કહ્યું, તે વાત સંભવતી નથી.

પછી એક કવિયે કહ્યું કે તે સ્ત્રીના ધણીએ એવો દિલાસો આપ્યો હશે, કે મારો મોટોભાઇ ત્યાં આવશે, ત્યારે હું પાછો ઘેર આવીશ. ધણીનો મોટો ભાઇ તે સ્ત્રીનો જેઠ કહેવાય; માટે તે સ્ત્રીએ કહ્યું કે દસરા પછી દસ મહિના ગયા પણ મારો જેઠ ત્યાં જતો નથી. એવો એ દોહરાનો અર્થ છે, એજ મતલબનો એક સવૈયો નીચે પ્રમાણે છેઃ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

सवैयो.

नाथ विदेश गया दसरा दिन,
शुण सखी मुज वीतक वातो;
जेठ गये वळवानुं फरी,
मळवानुं मने कही एम गयातो;
केम बने मळवानुं फरी,
रळवानुं दिले वळवानुंज आतो;
जो दसरा पछी तो दस मास,
गया पण जेठ हजी नथी जातो. ५३

———o———

વક્રોક્તિ અલંકાર.

રાજાએ કવિયોને કહ્યું કે હવે વક્રોક્તિ અલંકારની કવિતાઓ બોલો. ત્યારે એક કવિ બોલ્યો કે જ્યારે શ્રીકૃષ્ણ મથુરાં ગયા હતા, ત્યારે ગોકુળમાં રાધિકાજી કૃષ્ણવિના બહુ ઉદાસી રહેતાં હતાં. તેમણે એક સખી આગળ કહ્યું કે એ રસિયો કૃષ્ણ જો અહીં આવે તો હું ખુશી થઇને ખૂબ ખર્ચ કરૂં. તે સાંભળીને સખીએ વક્રોક્તિમાં જવાબ દીધો, તેનો અર્ધો દોહરો રાધિકાજીએ કહ્યો અને અર્ધો સખીએ કહ્યો, તે નીચે પ્રમાણેઃ—

दोहरो.

ओ रासियो आवे अहीं, खूब करुं तो खर्च;
सखी ओरशियो शुं करिश,चंदन आपुं चर्च.५४

મતલબ કે તારે ઓરસીએ શું કરવો છે, તૈયાર ચંદન આપું તે લઇને ચોપડ.

બીજો કવિ બોલ્યો કે એક ઠેકાણે જુવાન બેનપણીયો મળીને વિનોદ કરતી હતી. ત્યાં વરસાતના છાંટા થયા, એટલે એક સખીએ બીજીને મશ્કરીમાં કહ્યું કેઃ—

दो रो.

अली सखी जो आवीया,आतारे"वर सात;"

उत्तर.

छो तारे "वर सो" भले,शी मारे पंचात. ५५

મતલબ કે પહેલી સખીએ કહ્યું કે આ તારે વાસ્તે વરસાત આવ્યા, પણ તેમાં વક્રોકિતથી એવું જણાવ્યું કે સાત વર આવ્યા, ત્યારે બીજીએ કહ્યું કે વરસાદ આવ્યા ત્યારે તે ભલે વરસો, પણ વક્રોકિતમાં જણાવ્યું કે તારે ભલે સો વર હોય, તેમાં મારે શી પંચાત છે?

એવામાં એક સોની બેઠો હતો, તેના ઉપર કંઇ વાત ચાલી, ત્યારે તે સોનીએ કહ્યું કે મને તો લોકો ઉપર બહુ દયા આવે છે, માટે માતાના સમખાઇને સાચું કહુંછું કે હું કોઇનું સોનું ચોરતો નથી, ત્યારે એક કવિયે વક્રોકિતમાં દોહરો કહ્યોઃ—

दोहरो.

स्वर्ण चोर सोनी जुओ, दयावंत देखाय;
दुबळाना सम खाय नहि,माताना समखाय.५६

મતલબ કે શરીરે માતેલો હોય, તેના સમ ખાય છે, પણ દુબળાના સમ ખાતો નથી માટે તે દયાવંત છે.

એવામાં ત્યાં એક બાઇ આવી તે નાતે ચારણ હતી અને તે કવિતા જાણતી હતી, તેણે કેટલી એક સારી કવિતા સંભળાવી અને ઇનામ માગ્યું, ત્યારે એક કવિયે તેની નિંદાનો અર્ધો દોહરો કહ્યો, એટલે તે બાઇએ ઉત્તરમાં વક્રોકિતથી તે દોહરો પૂરો કર્યો, તે નીચે પ્રમાણેઃ—

दोहरो.

कविता शीखि चतूर थई, पण मागणनी जात;

उत्तर.

मा गण तो दे मूजने, खान पान भलीभात.५७

મતલબ કે જો તું મને તારી મા ગણતો હોય, તો સારી પેઠે ખાવા પીવાનું આપ, કવિયે તેને માગણ કહી હતી. તે શબ્દનો તેણે જુદો અર્થ કર્યો. તે સાંભળીને સભા રંજન થઇ.

———◆———

રત્નાવળી અલંકાર.

दोहरो.

सृजनारो"रवि सोम"नो,भजतां"मंगळ"थाय;
"बुध"गुरु"नाजो"शुक्र"गण,"शनि"नीपीडा जाय. १
गाय "धोळ के" गरबीयो,खुब "सुरत"नी नार;
शुणी"नगर"ना लोकने, उपजे खुशी अपार. २

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"धोळ काम"नी गाय छे, जो"ई डर"दिलघाल;
वसे"भुजंग""वडोदरे","सुरत"राखीने चाल.३

मनहर छंद.

"धोळे रा"य रीझे एवां"धोळ का"मनीओ गाय,
"सुरत" राखीने जेवां संभवे सजातमां;
सांभळवा राखे भलो "भाव नगर"ना लोक,
"सिद्ध पुरु"शो पण रीझे विवेक वातमां;
"मांडवी"या रीझे वळी जानईआ जे पुरुष,
"चूडा" वाळीयोना पति रहे रळीआतमां;
"जोधपुरु"शोनी नारी जो करे नठारुं काम,
दाखे दळपत आम मरे आप घातमां. ४
"जाने वारी"राखतो हुं नथी तने जतां आज,
हां"फे वर वारी" वारी तोय तुं तो तेवी छे;
"मार च" खाध्या विना तने नहि मनाय पण,
[1]"अप रेल" आवी छे ते कष्टकारी केवी छे;
"मे"नी झडी मंडाणी छे, ते तो तुं तपास कर,
ग"जु न"ही गीधनुं जे उडी शके एवी छे;
ह"जु लाइ"की हैडे न पामी दळपत कहे,
"अगस्त" न वायदे फरी आववा देवी छे. ५

दोहरो.

"ए मदावा द"ळ उपडयुं,कहे करो"वौठा"र;
"जे तळ पर"भार्या जमे,खाय "न रोडु"नार.६

ધ્રોળના રાજાને આશીર્વાદ.

दोहरो.

जगत विदित जे सिंहजी,[2]दळधोर राणी हाल;
धर्म धुरंधर ध्रोळपति,पा"मरिधर"भूपाल.७

छपय छंद.

पा"[1]मरिधर"भूपाल,सुजस"[2]ना लोभि सुखाळा;
राखण "[3]हरदे राम" वडी नो"[4]बत्तो वाळा;
गुरु"[5]वाछो"भोगवो,सदा"[6]हक्को" रहि साजा;
"[7]देवेश्वर" सम दिव्य,"[8]रामचंद्र" तुल्य राजा;
तुज"[9]देव राम"रक्षा करे,"[10]त्रंबक"पणतुजगामनी;
'[11]डाह्या'छोआशिशदिलधरोदिनदिन'[12]दलपतराम'नी.

"આ છપ્પામાં કવિની બાર પેઢીઓનાં નામ છે અને નીચે લખેલા કવિતમાં ધ્રોળના રાજાની ૧૬. પેઢીઓનાં નામ છે.

कवित.

जाये जादौकुलमें सजोर"[1]हथधोर" "[2]जसा"
"[3]वामनीया"पृथीवी"[4]पचान" न चहाइ है;
"[5]कला"कोटिकोटिकरी"[6]जूनो" देशलीनोजीती,
"[7]खेत"में खुमारी बडी"[8]वाघ",सी बताई है;
"[9]दादा"और"[10]बाप"कोदेखायोधर्मधरा'[11]नाथ,'
म्लेच्छ मान"[12]मोड" लीनी"[13]भूपते"भलाई है;
जैसे करे"[14]जयसिंह,"हाथिकी हिंमत "[15]हरी"
अरीको हराई देश "[16]दोलत" बसाई है. ९
जैसे हळधोरज्युं न जोर नीशी भोर करी,
चोर दगाखोरका अंकोरको निकारे है;
घोर कलि कालमें न ठोर चाल तोर दारी,
फोरडारी फेल धूर्त लोकको धिकारे है;
भूपत तनुज भूवी पाल जयसिंह ज्युं है,
जान्हे सुघराई सदगुनको स्वीकारे है;
पा ओ जस ठाम ठाम कहे दळपतिराम,
जाम आठो जीन्है शुभ काम अंगीकारे है.१९

---

१ પાણીની રેલ.

૨ હળધરજીને હળધોરજી કહે છે, તે હળધોરજીના વંશના તેઓ હળધોરાણી કહેવાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રશ્નોત્તર વિષય.

પ્રશ્ન બત્રીશી.

ઉત્તરના અક્ષરો આઠ.

पा	से	र	हे
रो	वा	जा	मो.

દોહરા.

પ્રશ્ન.	ઉત્તર.	પ્રશ્ન.	ઉત્તર.
[1] ચતુર્થાંશનું નામ શું ?	पा.	[2] શેણયે રમે જુગાર;	पासे.
[3] અઢાર ટાંકે થાય શું ?	पासेर.	[4] કયાં રહે જગકર્તાર.	१. पासे रहे.
[5] કહો અક્ષર ઉદ્દગારનો ?	हे.	[6] કવિતા શોભે કેમ;	रसे.
[7] હરિ રસ પાઉં ? કોઇને,	पा.	[8] પમાય છે શું એમ.	२. पार.
[9] ઠગે ઠગ્યો હું શું કરૂં,	रो.	[10] દીપક શત્રુ બતાવ;	वा.
[11] કાશી કેમ વિલોકું હું,	जा.	[12] શોભિત ગાત્ર ગણાવ.	३. मो.
[13] કોઇ પ્રવાહી ધાતુ છે,	पारो.	[14] સેવક શું કરનાર;	सेवा.
[15] શું માગે ચાકર જતાં,	रजा.	[16] હેમ ચંદ ટુંકાર;	४. हेमो.
[17] વાડીમાં શું વાવિએ,	रोपा.	[18] ક્યાં રહિએ જઇ રાત;	वासे.
[19] ઇચ્છે કોણ પરસ્ત્રિને,	जार.	[20] શા કારણથી ભ્રાત.	५. मोहे.
[21] શિર ઢાંકી કયાં જાય જન,	रोवा.	[22] શું આવે દે દાવ;	वारो.
[23] વરનિજ અંગે શું ધરે,	जामो.	[24] કર જલધિના બતાવ.	६. मोजा.
[25] જથે મોતિને શું બને,	शेरो.	[26] મન શા ગુણે તપાય;	रोषे.
[27] કનક કણીનું નામ શું,	रवा.	[28] વિલંબ શું કહેવાય.	७. वार.
[29] પતાઇનો ગઢ તે કિયો,	पावा	[30] શું કરિએ મળિ મિત્ર;	रमो.
[31] બેટ બતાવ કમાણિનો,	जावा.	[32] પક્ષી કિયો પવિત્ર.	८. मोर.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ચતુર્થાશ્રનું નામ શું, શં કહું સામો તીર;
કોણુ લોહ કાંચન કરે ? કો ગુજણે શૂરવીર. ૯

ઉત્તર—પારશણ.

ગુપ્તોત્તર-મનહર છંદ. ઉત્તર.

ભાગ ચોથાને શું ભણું,સામા કાંઠાનું શું નામ;-પા. પાર.
કનક બનાવનાર કેમણી ગણાય છે;— પારસ.
પર ઉપકારી પ્રજા જાતે કૈ નારીએ જાણી, પારસણે.
દેવળ સરસ કહો શા વડે ચણાય છે; પાણે.
શૂરવીર ધીર કહો શેણે થાય રાજી રાજી; -રણે.
રેશમ રૂ વિના શેણે વસ્તર વણાય છે; શણે.
પ્રશ્ન શુણી પારશણે જલદી દીધો જવાબ;
જાણે ન અજાણુ જાણુને તો તે જણાય છે. ૧૦

આડ પ્રશ્નનો ત્રણુ અક્ષરમાં એક ઉત્તર.

માળવે વેપાર માટે જન કીએ ગામ જાય,
શાથી આ અનાજ મહારાજ માપી આલીએ;
ઘાસ ઘણું નોય ત્યારે પશુ શાથી પેટ ભરે,
રૂપૈઆનું શેર તો પાશેરે કેટલા લીએ;
શાથી સરોવર રહે શાથી શેલડી છોલાય;
બોલીએ જે બોલ તેને શી રીતે સંભાળીએ;
જે મરે સંગ્રામ ઠામ શાથી રહે તેનું નામ,
પ્રશ્ન શુણી પ્રિયાનાં પતિયે કહ્યું પાલિયે. ૧૧

પુનઃપ્રશ્ન.

પિયુજી પ્રલંબ પાગ કેમ ગોળાકાર બની;
શું કરૂં સાકર ગંઠો ચાવવો વિષમ છે;
શું કરૂં ગંગાજળ ને શું કરૂં કટુ ફળ ને,
સુડાની માદા શું નામ, કહો તે સુગમ છે;
તીર્થે [1]પરાન્ને શું થાય, પક્ષી ઘરશાં ગણાય;
આઠમી કહે કહો લખો તો મારા સમછે;
વીંટી વાટવો ને પાન, તજ, સુડી, જાયફળ,
માળા મેલી તેથી સાતે સમજી મરમ છે. ૧૨

પુનઃપ્રશ્ન.

શું કરૂં સુ દર્પણુને, (जो) શું ઇચ્છે છે જોગી જન, (जोग)
ચોસઠ દેવીયો કેવે નામે કહેવાય છે, (जोगणी)
ચંદ્રનું ગ્રહણુ ક્યારે (जो, गणित) શા દાણા સો એક વાલ, (जोगणितल)

૧ પારકુ અન્ન ખાવાથી.

જોગી વિના તલસતી, સ્ત્રી, કોઇ જણાય છે;
(जोगणि तलसे.)
શત્રુ આવે શહેરનું રક્ષણુ શી રીતે થશે,
(जोगणि तलसेना.)
રૂક્ષ્મણીના ત્રણુ પ્રશ્ન પછીથી પુછાય છે;
કોઇ સુખી, ? શાક કેમ કરૂ, ? શિવસુત કોણુ,
જોગણી, તલ, સેનાની ઉત્તર અપાય છે. ૧૩

પુનઃપ્રશ્ન.

વાણીની:દેવી તે કોણુ (शारदा) કોણુ મોટું સર્વ થકી, (गगन.)
ખરો શૂરવીર તે જણાય કિયા ઠામમાં; (रणमां.)
રમાતણો તાત કોણુ, (सागर) કહો ત્રીજો ગણુ કિયો, (रगण):
કીરતી વિશેષ મળે કહો કિયા કામમાં; (दानमां)
સો, ની સાથે કિયા ત્રણુ અક્ષરે વેપારી નામ.
(सोदागर.)
કિયા લાકડામાં ગુણુ ગણે ધરી ધામમાં; (सागमां)
કહે દલપતરામ ઉત્તર આહેને આપ્પા,
શારદા, ગગન, રણુમાં એ ત્રણુ નામમાં. ૧૪

ઉત્તરનું કોષ્ટક.



ગુપ્તોત્તર—દોહરો.

શું, ? જેથી ખેડે જમિન, કિયો પક્ષ શિવરાત;
ઉત્તર જો નહિ આવડે, ભણુ હળ, વદ[1], જઇ ભ્રાત.૧૫

ઉત્તર—હળ અને વદ.

"ષડરિપુ[2]" સાથે શું કરૂં, "જળવાહન" શું જાણુ;
ઉત્તર જો નહિ આવડે, જા કહુંછું વઢવાણુ. ૧૬

૧ એક ગામનું નામ છે.
૨ ષડરિપુ-કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્તરઃ—વઢ અને વાણ.

સોરઠો.

છે સીધુ તૈયાર પણ, બળતણ વાસણ વિના;
શો કરિયે આહાર, ઉત્તર ઊંધો ખાટલો. ૧૭

ઉત્તર—" ખાટલો " એ શબ્દને ઉંધો વાંચીએ એટલે " લોટ ખા " વંચાય.

ચોપાઇ.

'અમે' હતા ત્યાંકવિજનકોય, "રિકા" બીજાતો લાવ્યોજોય;
ત્યારે ચારે અક્ષર બેશ, કિયો કહો ત્યાં લખીંયો દેશ. ૧૮

ઉત્તર—અમેરિકા.[1]

ઉત્તરાલંકાર દોહરો.

[2]કાનવિના અડવાં ફરે, કાંસાનું શુભ પાત્ર;
કોઠીમાં ફળ નીપજે, કોને માથે માત્ર. ૧૯

ઉત્તર—કાનાવિના, કાંસાનું, કોઠીના ઝાડમાં કે અક્ષરને માથે માત્રા હોય.

મનહર છંદ.

શાપછે સદા અશુભ શાકને સોંપાય ધન,
શી રોજ સુવસ્તુ છે સુવાવડીની જાતને;
સોનાની સુમાળ એક સુંદરીને ગળે શોભે,
શેનો હોય તે સરસ અંગરખો આતને;
સો નારનો ધણી ધારી શકે એકપત્નીવ્રત
એક સતી આતુર થૈ ઇચ્છે વર સાતને;
કાઠમાંહી ફળ થાય કૃષ્ણે એવા પ્રશ્ન સુણી,
એજ વાકયો ઉચારીને વાળી ટુંકી વાતને.

ઉત્તર—શાપ; [3]શા, કને, શીરો, સોનાની, શેનાનો, સોનારણનો, વરસાતને, કોઠીમાં.

સમસ્યા પૂર્તિ.

ઇંદ્રવજ્રા છંદ.

મિત્રોતણા દામ કબુલી લૈને, બીજે ત્રિજે ભાગ દશાંશ દૈને;
સાઠે પુરા કેમ કર્યાજ એ તે, ગોવિંદ દામોદર માધવે તે. ૨૧

ઉત્તર—ઉપજાતિ વૃત્ત.

ભાગે રૂપૈઆ સમ દીધઆના, તથાઅધેલા પણ તે સમાના;
ઘટીતથાપિ વળિ બારપાઇ, તે આપતાં પાઇપુણીમુકાઇ. ૨૨

સમસ્યાઓ.

મનહર છંદ.

નેતરવાળી છે પણ એ કદી અનાજમાંથી,
કાંકરા ન કાઢે કે ન કાડ માક કામની;
પગ સાજા સારા પણ પતિને ન પાણી પાય,
ભુજા છતાં ભોજન ન ભુંજી આપે ભામની,
પ્રજાતો પ્રસવે નહિ જેથી વંશ વૃદ્ધિ થાય,
નાજુક દેખાય ને લેખાય નારી નામની;
નાણું નાંખી એવી લાવી રાખી દલપત કહે,
કેવળ કજાત ઘર શોભાવાના કામની. ૧

ઉત્તર—ઇંદ્રવિજય છંદ.

સ્વામીમને શણગાર સજે, ન સજે પણ હું ન રહુંજ રિસાઇ;
કોઇસમે કરી બાબતકારણ, લાજ તજી ન લડુંજ લડાઇ;
હુકમ હોય તહાં રહું બેશી, ખમું સુખદુઃખ રહું ગમ ખાઇ;
એજગુણે દલપત્ત સુણો, ખુરશી કહે હું ગુણવંતી ગણાઈ. ૨

દોહરો.

નેતર છે પગ હાય છે, નારી જાતે નામ;
ખુરશી સુતા શ્રીમંતની, કરે ન પતિ ઘરકામ. ૩

મનહર છંદ.

ગાત્ર જોતાં ગોરે રંગ ભુંસતી વિભૂતિ અંગ,
સળગતી ધુણી સંગ તેવો તપધારી છે;
કોઇ લઇ જાયતો ત્યાં જાય ખવરાવ્યું ખાય,
નહિતો સદાય સ્થિર રહે નિરાહારી છે;
છુટી [1]જીભછે તથાપિ મુનિ વ્રત રાખે મુખ;
કુંડળ છે જોડ કાને નોળીક્રિયા [2]કારી છે;

---

૧. (અમે) એવા બે અક્ષર હતા ત્યાં બીજા તો રિકા અક્ષર લાવ્યો. ૨ નવી સ્ત્રિનાં છોકરાં અડવાં કેમ ફરે? કેમ, શાનું સારૂ વાસણ ગણાય? ઠીકરાની કોઠીમાં ફળ નિપજે? કીઆ અક્ષરને માથે માત્રાદોર? એ પ્રશ્નના ઉત્તર એજ દોહરામાં છે.

૩ સાહુકાર.

૧ જીભ—કડછી. ૨ મોઢેથી ખાવું પીવું ને તે પાછું મોઢેથીજ કાઢવું તે. અથવા નાકે પાણી પીવું, પુડે પાણી ખેંચવું ઇત્યાદિ પણ નોળીક્રિયા ગણાય છે.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

એણે ઓઢી કાઢેલું તે દેવને નૈવેદ્ય થાય,
કહે દલપત બાવો બાળ બ્રહ્મચારી છે. ૪

છપ્પો.

ચતુરા શિર ચોટલો, કરી તતબીર તપાસ્યો;
ગજ પોણા આડસે, ભરતરે લાંબે ભાસ્યો.
૧૮ ૧૮॥
પહોળા ગજે પુરાણુ, અધિક અધ ગજ ઉચેરો;
લટકે લટ બાવીશ, આઠ આડે શુભ સેર્યો;
ધન લાખ સવાપાંચે સજ્યો, દેખી દલપત દિલ ઠર્યાં;
ગુજરાત શહેરને ગોંદરે, મન જનનાં મોહિત કર્યાં. ૫

દોહરા.

આપું ઉત્તર એહનો, કરજો સુણી કબૂલ;
સાબ્રમતી શિર શોભિતો, પેખ્યો એ તો [૧]પૂલ. ૬
પુરૂષ એકને પગ નહિ, નહિ માથું નહિ હાથ;
થિર રહેછે પણ આપણે, જ્યાં જઇએ ત્યાં સાથ. ૭

ઉત્તર—આકાશ.

પૂરા અવયવ બાર પણ, પ્રગટ નામમાં ચાર;
અધિક માસમાં અવતર્યું, એ મોકલજો યાર. ૮

ઉત્તર-બુદ્ધિપ્રકાશ ચોપાનિયું-અધિકમાસનું.

ભમે ભૂમિમાં પગવિના, આણે વસ્તુ અનેક;
જીવ વિના જગ જીવ છે, એ મોકલજો એક. ૯

ઉત્તર—રૂપૈઆ.

તાપ વિશે રહી તપ કરે, નીર કુંડમાં ન્હાય;
સુચડ થઇ ગેરૂ ધરે, ભાગી જન ભર્માય. ૧૦

ઉત્તર—સંન્યાસી અથવા સોનું.

પાણિયારિ પાણી ધડે, એકે ક્યાં અકળાય;
બીજી બે બેડાં ભર્યાં, શિરપર ધરે સદાય. ૧૧

ઉત્તર—પાણીના બેડાંવાળી સ્ત્રી, તથા પાણીનાં બેડાં મુકવાની પાણિયારી.

ઓઝા કેરે આંગણે, કાઢી દીઠી કાંઇ;
ઉપજાવેલી ઇશ્વરે, જરૂર જીવતી જોઇ. ૧૨

ઉત્તર—કોઠાનું ઝાડ.

નાનો આ નિશાળિયો, જો પાટી લઇ જાય;
ચોડી તો તસુ ચારછે, ગજ સો લાંબી ગણાય. ૧૩

[૧] પૂલ—ગણેશબારીનો પૂલ.

ઉત્તર—ખાટલો ભરવાની પાટી.

મુખમાંથી રચના રચે, નહિ કરોળિયો જાત;
એનું એઠું ખાય સૌ, નહિ માખીની નાત. ૧૪

ઉત્તર—કવિ.

"દલ" વિચારી પ્રથમ બે, વાંચો કરી વિગત્ત;
અંતે બે તે અમતણું, નામ કહું નરપત્ત. ૧૫

ઉત્તર—દલપત્ત.

ધાંચણુ, મોચણ, બાવચણુ, કહી કમાચણુ ચાર;
પછી રહી ચણુ પાંચમી, તે નાતે હું નાર. ૧૬

ઉત્તર—ઐાદીચણ.

ગોરાણી ફકીરાણીને, મેતરાણી કકરાણી;
પછી રાણી રહિ પાંચમી, તે નાતે હું જાણી. ૧૭

ઉત્તર—નાગરાણી.

સાગર હિત સજિએ સદન, નિધન ગરીબ નાત;
વળી ધર કરિએ "વાણુ"માં, એજ અમારી જાત.૧૮

ઉત્તર—ખલાસી અથવા વાઘરણ.

મતલબ કે સાગ-રહિત એટલે સાગનાં લાકડાં શિવાયનાં હલકાં ઘર કરિયે, અને વળી "વાણુ" શબ્દની વચ્ચે "ઘર" લખીએ એટલે "વાઘરણ."

સુણુ સખિ શંકર [૧]સુત ગયો, ગયો યુધિષ્ઠિર [૨]વીર;
જેઠાણી પતિ પણુ ગયો, ધરૂં કેમ કરી ધીર. ૧૯

સમસ્યા [૩]પૂર્ત્તિ—મનહર છંદ.

"પુત્ર વર્ષ પાંચનો ને બાપ માસ બારનો."

ચેરંભના હિંદુ પાદશાહ પાસે પોતે રહ્યો,
કચ્છી રજપૂત સુત સારા સરદારનો;
પિતા તેને આવ્યો પછી સુતની સંભાળ લેવા,
વેઠી શક્યો સુતનો વિજોગ વર્ષ ચારનો.

[૧] સુત-કાર્તિક. [૨] વીર-ફાલ્ગુન.

[૩] પુછનાર એવો વિચાર કરીને પુછેછે કે હું કોઇ એવું અણમળતું વાકય કહું કે તે કદી મળતું આવીજ શકે નહિ. પછી કવિ તેને મળતું લાવીને છંદ પૂરો કરી આપે છે; એવી રીતે જુદી જુદી વખતે કોઇ કોઇ મિત્રોએ પુછેલી સમસ્યા પૂર્તિઓનો સંગ્રહ કરીને આ લખ્યો છે. પુછનારને કહ્યું હોય કે તમેજ તે વાકય મળતું લાવીને વાત કહો જોઇએ, તો તેનાથી કહી શકાય નહિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એને પણ એક વર્ષ રાજાજીએ રોકી રાખ્યો,
દાખે દલપત્ત સોંપ્યો ભાર કારભારનો;
પછી તે સ્વદેશ જવા પોતાનો પગાર માગે,
પુત્ર વર્ષ પાંચનો ને બાપ માસ બારનો. ૨૦

"સાસુ પરણેલી પણ સસરો કુંવારો છે."

વિપ્રતણી પુત્રી એક કુરૂપીને કૂબડી છે,
વિશ્વમાં ન મળ્યો વર તેને વરનારો છે;
પિપળાને પરણીને એક દત્તપુત્રી કીધી,
કીધો દલપત્ત એમ ઉમર ગુજારો છે;
ચાર ફેરા ફરે તેજ પરણ્યું પોતે ગણાય,
એવો ધરણીમાં બધા હિંદુઓનો ધારો છે;
પુછ્યાથી પ્રતિઉત્તર જમાઇ તેનો કહે જે,
સાસુ પરણેલી પણ સસરો કુંવારો છે. ૨૧
" મતલબ કે પીંપળો ફેરા ફરેલો નથી."

"પ્રભાકર પેખી ચિત્ત હરખ્યું ચકોરિનું."

ચંદ્રવિના ચકોરીના દિલમાં દેખાય દુઃખ,
પતિવિના પ્રૌઢ દુઃખ ગણો જેવું ગોરીનું;
ઉઘાડી ઉઘાડી આંખ આદિત્ય આભાસ દેખી,
બીએ જેમ બાળ દેખી [1]અશન અઘોરીનું;
અસ્ત થાય સૂર્ય તો સમસ્ત વ્યથા વ્યસ્ત થાય;
જાણે જોઉં ચંદ્ર રૂપી ડોળ જીવાદોરીનું;
જોયું વળી જેવે સમે એવે સમે આથમતો,
પ્રભાકર પેખી ચિત્ત હરખ્યું ચકોરિનું. ૨૨

"હ ય વ ર લ, ચ ટ ત ક પ"

દોહરો.

પરમાર્થે તજ પ્રાણ તું, શિદ મન ધર સંકોચ;
હય વર લઇ હથિયાર ધરિ, ચટ તક પર જઇ પહોંચ. ૨૩

"ત્રગડે ત્રણ."

જીતે એકને એકલો, કદી બેને પણ કોય;
પછી કહ્યું છે પાઠમાં, ત્રગડે ત્રણ જો હોય. ૨૪

"બે બગડે બાવીસ."

બાવા મોક્ષ જઇશ જો, બાવી નહિ પરણીશ;
બાવો થઇ બાવી વરે, બે બગડે બાવીસ. ૨૫

ચોપાઇ આરતાળની.

એક હતી બાવી બીજી જ્યારે આવી;
તેણે લડાઇ શિખાવી, બે બગડે બાવી. ૨૬

"બગડે તગડે તેવી."

દોહરો.

અભિમાની જન ઉચર્યો, સ્ત્રી બગડે શું એવી;
એને વળી એવી મળી, બગડે તગડે તેવી. ૨૭

"બે એકડે અગ્યાર."

અલગ પડીને એકડા, એકેક ધન લેનાર;
સંપીને સાથે વસે, બે એકડે અગ્યાર. ૨૮

"બે તગડે તેત્રીસ."

સરખે સરખા તો લડે, વિષની સામા વીસ;
જેહ મરણિયા થઇ પડે, બે તગડે તેત્રીસ. ૨૯

દોહરો.

એક કોઇ કુળવાનને, પ્રાપ્ત થયો નહિ પુત્ર;
ફરી ફરી પરણીને કર્યાં, નવાં આઠ ઘરસૂત્ર. ૩૦

"આઠ નવાં ઓતેર."

એક નવું કે બે નવાં, ચારે કાળો કેર;
ઓળે પરિયા આપના, આઠ નવાં ઓતેર. ૩૧

મનહર છંદ.

"જનેતા જણી દીકરે."

સુરત શહેર તણી માંહી ત્રાહાતણી લાહ્ય [1]લાગી,
બહુ લોક બાપડા ખુદાની બંદગી કરે;
તણખો તેનો તનુજ ઉડી તેના તાપમાંથી,
આપમાંથી લાહ્ય અન્ય થાનકે ઉભી કરે;
ભયાનક રસતી ભવાઇ તે નવાઇ જેવી,
છાપરે છવાઇ ને છવાઇ ઠામ ઠીકરે;
છેક દલપત્ત કહે, છે નહિ છુપાણી વાત;
ઘણે જણે જાણી જે જનેતા જણી દીકરે. ૩૨

પછી રાજાએ કહ્યું કે હવે વચનવિવેક વિષે બોલો.

વચનવિવેક બાવની.

કુંડળિયા તોટક.

વદીએ વેણુ વિચાર કરી, શાંત થાય સુણનાર;
સ્નેહ ઉપજે સર્વને, ખચીત ન ઉપજે ખાર;
સુણી ખાર ખચીત ન કોઇકરે, કથનોસુણવા વળીકાનધરે;
ખુશીથીજન સૌકહેવાતખરી, વદીએમુખવેણુવિચારકરી. ૧

---

[1] અશન—ખાણું.

[1] સંવત ૧૮૯૩ ના ચૈત્ર માસમાં.

P. P. Ac. Gunratnasuri M.S.　　　Jin Gun Aaradhak Trust

વાત વિષે વશીકરણુ વિધિ, રહીછે રૂડી રીત;
વેર ઉપજે વાતથી, પરમ ઉપજે પ્રોત.
ઉપજે પુરીપ્રીતિની રીતરૂડી,ઉરમાંથી અદાવત જાયઉડી;
અણુદોસ્તી છતાં પણુ દોસ્તી દિશે, વશીકર્ણ વિધિ બધી વાતવિષે. ૨

વાતથકી વખણાય નર, વાતથકી નિંદાય;
વાતથકી હલકો પડે, વાતે કિમ્મત થાય;
થિર કિમ્મત વાતથકીજ થશે, હલકું વદશે હલકોજ હશે;
નચળે કદી નિયમએજ નકી,વખણાય ઘણો નર વાતથકી.૩

મનમાં જેવું મતરહે, એમજ થાય ઉચાર;
ઓડકાર એવો ઉઠે, જે ચીજનો આહાર;
જનજે ચીજનોજઆહાર કરે,મુખશ્વાસનીવાસ સદાપસરે;
નહિછાનુંજરૂરરહેજનમાં, મતજેરહ્યું માનવિના મનમાં.૪

કશીને કીમત હેમની, પારખ કરે પ્રમાણુ;
વચનથકી આ વિશ્વમાં, જનની કીમત જાણુ;
જનની કર કીમત કેંણુથકી,વળી નેહની કીમત નેણુથકી;
વસીનેકરકીમત વેંમતણી, કશાને કર કીમત હેમતણી. ૫

દુર્જન દુવાયક થકી, ઉપજાવે જુધ અત્ર;
સજ્જન કરે સુવાકયથી, સમાધાન સર્વત્ર;
સરવત્ર સુપુરુષ શાંતિ કરે,અતિજુક્તિથી ઉક્ત રૂડીઉચરે;
પુરલોક લડે પુરનાયકથી, કૃત દુર્જન તે દુરવાકયથી. ૬

વચનો સુણી ઉપદેશનાં, ધરે અધર્મી ધર્મ;
વચનો સુણીને વિષયનાં, કઇ જન કરે કુકર્મ;
જન કૈક કુકર્મ અનેક કરે, કથનો ખળનાં નિજ કાન ધરે;
કુળ છેદન થાય કલેશતણાં, વચનો સુણીને ઉપદેશતણાં. ૭

વચન સુણી વિતરાગી થઇ, સદ્ય તજે સંસાર;
વચન સુણી વિષયી બની, વળી કરે વ્યભિચાર;
વ્યભિચાર કરેવચનો સુણિને,ઉપજેઉર દુર્ગુણ સદગુણીને;
દિલમાં વચનોસુણીથાયદયા, વચનોસુણિને વિતરાગીથયા.૮

વચન સુણી વિશ્વેશની, ભક્તિ કરે ધરી ભાવ;
નાસ્તિક નર થઇ વચન સુણી, ઠગવા કરે ઠરાવ;
ઠગવા બહુ લોક ઠરાવ કરે, દિલમાં જગદીશ થકી ન ડરે;
પટમાહિધરે જનભીકધણી, વચનો સુણીને વિશ્વેશતણી.૯

વચનથકીજ વિકર્મ કરી, નર બહુ નરકે જાય;
વચનથકીજ વિશુદ્ધ થઇ, પળમાં સ્વર્ગ પમાય;
પળમાંપણુસ્વર્ગ પમાય ખરૂ,વિનતિહરિની વચને ઉચરૂં;
વચનોથકીકૈ ભવસિંધુતરે, વચનોથકી કૈકવિકર્મ કરે.૧૦

વચનથકી સુખ વિશ્વમાં, વચનથકી દુખ વીર;
વચન ખટકતાં ખળખળી, નયણે વરસે નીર;
નયણે વરસે બહુ નીરસદા, દુરવાકયથી દિલ દુખાય જદા;
દલપત્ત કહેનકીએમદિસે,વચનોથકી સુખદુખવિશ્વવિષે.૧૧

ઘાવ ટળે તરવારનો, તીરતણો પણ તેમ;
કદી ન રૂઝે કથનનો, જીવ કપાયો જેમ;
જયમ જીવ કપાય રૂઝાયનહીં, કથનોનિપીડા પણુતેમકહી;
ઘટમાંહી કરેજ કલેશઘણો, કદીઘાવ ટળે તરવારતણો.૧૨

વિદ્યા ભણુવી વચનથી, વચનથકી વેપાર;
વચન વિના પશુ પ્રાણિયો, ગોથાં ખાય ગમાર;
અથડાયગમાર ઉચાર વિના,પછીથાય પીડાપણપારવિના;
ગણુનાપ્રભુનાગુણુનીગણુવી,વચનોથકીથાયાવદ્યાભણુવી૧૩

વેણુ વિના વનવાસી પશુ,ત્યમ જન પણુ તે તુલ્ય;
વચન વસ્તુ આ વિશ્વમાં, ઉત્તમ જાણુ અમુલ્ય;
અતિઉત્તમજાણુઅમુલ્યગિરા,વચનોશુભસ્નેહથિશીખવીરા,
નરહોયભલેકદીનેણુવીના, વનવાસી પશુસમ વેણુવિના.૧૪

આદરથી અભ્યાસ કર, ધરીને મનમાં ધીર;
બહુ જનમાં ક્યમ બોલવું, તેના સમજ તદબીર;
તદબીરથી વીર વિચારધરી, વદવી મુખવાત ખચિતખરી;
શિખવીરૂડીરીતસુડામડરી,અતિઆદરથી અભ્યાસકરી. ૧૫

વેણુ થકીજ જણાય છે, ખાનદાન નાદાન;
ખેડુ પંડિત ખારવા, અગુણી કે ગુણુવાન;
ગુણુવાન સુવાકયથી ગણીયે, દુર્વાકયથિ દુષ્ટ ભુંડાભણીયે;
પરખાયઉદારસુવેણુથકી,જનજાતજણાયજવેણુ થકી. ૧૬

વચન ઉગારે મોતથી, વચન પમાડે મોત;
વચન લજાવે લોકમાં, સગા સબંધી સોત;
પિતુસોત સંબંધી લજાઇમરે, જનમૂરખ એમઉચાર કરે;
અંધકારટળેજયમજ્યોતથકી,વચનોથીબચેજનમોતથકી૧૭

વેણુથકી વિશ્વાસ પણુ, ઘટે વધે ઘડીમાંહિ;
શાહુકારી શુભ વેણુથી, મળે કસુર નહિ કાંહિ;
નહિકાંઇ કસુર જરૂર રહે, વચનોથકી લાભ અલભ્યલહે;
કદીજેઘરથીલક્ષમી ન મટે,પણુવેણુથકી વિશવાસ ઘટે.૧૮

ખળ કુત્સિત શબ્દો કહે, ગર્વ ધરી દે ગાળ;
વચન ન સામું વાળશો, કરો ક્ષમા તતકાળ;
તતકાળ ક્ષમા કરજોજ તમે,ગુણિને દુરવાકય મુખેનગમે;
કટુભાષણુતેકંચવાનચહે, ખળજો કદીકુત્સિતશબ્દકહે. ૧૯

ગર્ધવ ભુકે ગર્વથી, તે સુણિ શિખે ન ગાય;
જૂદી જાતે જે જુઓ, એમ ન સ્વર ઉચરાય;
ઉચરાયનહીં સ્વરએમ નકી,ત્યમસજ્જનથી નકહાયબકી;
ખળછોબકતામદમાહિછકી; ઉચરેજયમગધ વગર્વ થકી. ૨૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શૂળો શોભે બાવળે, ફૂલ મોગરા રૂખ.[1]
કુવચન શોભે કુટિલ મુખ, સુવચન સજ્જન મુખ;
મુખસજ્જનનેશુભવેણવસે, ખળનામુખથીખળતાનખસે;
કુટિલોજન એજથકીકળીયે,જયમશૂળી સદાબહુબાવળીયે.

શંખથકી કયમ નીસરે, સારંગીનો સાદ;
તેમજ સારંગીથકી, નહીં શંખનો નાદ;
નહિનાદબીજીરીતનોનિકળે, ત્યમસજ્જનથીનકુવાકયમળે?
ઉચરેનરદુષ્ટનિશંકથકી,મધુરોસ્વરથાય ન શંખથકી. ૨૨

ઊગ્રેલો જન ઉચરે, એમ ઉચરે એક;
એક વિચારી ઊચરે, વધતો ધરી વિવેક;
વધતાજવિવેકથિ એકવદે, રૂડીરીત મનુષ્યોની રાખીરૂદે;
વણકારણતે કથવાનકરે,ઉંવમાંજનજેમવૃથા ઉચરે. ૨૩

એકતણા અક્ષર બધા, લખી રાખે સઉ લોક;
દે તેનું દષ્ટાંત પછી, ફૂંક તુલ્ય નહિ કોક;
નાહફૂંક બરાબરફોક થશે, હિતકારિ હજાર તણાજ હશે;
કરશેસુણિલોકકબૂલઘણા,અતિલાયકઅક્ષરએકતણા. ૨૪

દુષ્ટપણું દેખાડતાં, દુષ્ટ વચન દષ્ટાંત;
એમ વચન અજ્ઞાનીનાં, ભારી ભરેલાં ભ્રાંત;
બહુભ્રાંતિભરેલભણેલભુંડાં,અઘટિતઅનર્થીઅધર્મા ઉડાં;
ગરભિતદિસેઅભિમાનઘણું,પરખાયકુવાકયથીદુષ્ટપણું. ૨૫

રાવણનાં શિશુપાળનાં, કંસતણાં જે કહેણ;
આજ સુધી આરોગ્ય છે, દુનિઆમાં દુખદેણ;
દુખદેણ કુશીળ કથેલ દિસે, કવિયે કિધ દાખલગ્રંથવિષે;
કથનોનિજકુળલજામણનાં,શિશુપાળઅનેવળીરાવણનાં.૨૬

ગણતાં નહીં ગણાઇએ, જગમાં તેની જોડ;
બોલી તેવી બોલીએ, ખલક ન કાઢે ખોડ;
નહિખોડકદાયખચિતખરી, વદીયે મુખ એમ વિવેક કરી;
વળીસજ્જનસ્નેહકરે સુણતાં,નગણેખળમાગણતી ગણતાં.

દુર્વાયુને દુર્વચન, બહુ વિધિ કરે બગાડ;
વિખથી વધતો વિશ્વમાં, ભગી કરે ભંજાડ;
ભેંજવાડ કરે ભુવ મંડળમાં, પકડે નરને નિજ ઉંડળમાં;
નશકાયપછીકદિયેનિકળી,દુરવાયુઅનેદુરવાકય વળી. ૨૮

પરખો પાત્ર કુપાત્ર પણ, જેમ શબ્દ સુણિ જોઇ;
કંસારે કીધું ઘડી, કે કુંભારે કોઇ;
કદીકોઇકંસાર કુંભારઘડે, પરીક્ષા સદ્ય શબ્દથકીજ પડે;
રણકોનિકળેસ્વરએસરખો, પછીપાત્રકુપાત્રતમેપરખો.૨૯

છે સુખમાં કે શોકમાં, ચંચળ કે જડ ચિત્ત;
પ્યાર ખાર પણ પરખીયે, વચન સુણી વિપરીત.
વિપરીતસુણી વચનોજનનાં, કળિયેવળી કારણતોમનનાં;
ઉભરોનિકળેઉરનોમુખમાં,સમજાયપછીદુખકેસુખમાં. ૩૦

ગુપ્ત રહે નહિ ગુણકશા, શુભાશુભ સરખાય;
ધારે વેશ નરેશનો, પણ વચને પરખાય:
પરખાયજ પામરનેનૃપતિ, પરખાયજરૂર ગૃહસ્થજતિ;
વપુએવિભુતીકદિધારીલહે, ગુણકર્મકદાપિનગુપ્તરહે. ૩૧

વેશ ધરી વૈષ્ણવતણો, નિંદે અંબામાય;
છિંક આવતાં છટકીને હે અંબે ઉચરાય;
ઉચરાયઅંબેનિજઆનનથી, જનશક્તિઉપાસકજેમનથી:
ખુલીથાયકદીપણવાતખરી, ઠગવાચહેવૈષ્ણવવેશધારી. ૩૨

હશે ફૂલ કે હિંગ તે, ગંધ થકીજ ગણાય;
સજ્જન દુર્જન વચનથી, જગમાં તરત જણાય;
જગમાંહિજણાયભલોનભલો, નહિગુપ્તરહેસઘળો નઘળો;
પુછગાછવિનાપ્રસિદ્ધથશે,જયમજાણીયે ફૂલકેહિંગ હશે. ૩૩

બાળપણાથી બોલવા, અદબ શીખીએ એમ;
મેળવીયે સહુ મિષ્ટતા, જનમન રીઝે જેમ;
જનજેમ રીઝેસુણી શાંતથઇ, નહિ દૂષણ દે કદી દૂરજઇ;
કરૂણાકરશેજકૃપાળપણે, શિખીયેશુભબોલજબાળપણે.૩૪

પસ્તાવું પછીથી પડે, ચડે ક્રોધને ક્રોધ;
બોલ ન એવા બોલીયે, વધતો થાય વિરોધ:
વધીજાયવિરોધસુબોધટળે, મુરખાઇ દિસેનહિમાલ મળે;
નકહુંનવથાયસદાયનડે, પછીથી અતિશે પસ્તાવુંપડે.૩૫

બોલથકી બખશીશ બહુ, મળે સહિત સનમાન;
બોલથકી બહુ લોકમાં, અધિક મળે અપમાન;
અપમાનમળેઅપકીર્તિ વધે, શુભકારણએથીનએક સધે;
હલકાપડીએતૃણ તોલથકી,બખશીશ મળેબહુબોલથકી.૩૬

કથનો બીજાં કાટસમ, સાંધા તોડનહાર;
ભાગ્યાં મન ભેગાં કરી, ટાંકે ટંકણખાર;
જયમ ટંકણખાર લગાર પડે, તુટફાટ ટળે બધી તેહવડે;
ત્યમસજ્જન શબ્દ સિધા પથનો, અને કાષ્ટસમાનબીજાં
કથનો. ૩૭

ધન અપણ કીધાથકી, પરમ ન ઉપજે પ્રીત;
મધુર વચન સુણી મનવિષે, ઉપજે સ્નેહ સુરીત;
શુભરીતસ્નેહવિશેષવધે, બહુ કાળની એવીજરીતબધે;
દરિયાફ કરોદિલદર્પણથી, ઉપજેનપ્રીતિધનઅર્પણથી.૩૮

અતડા રહી અમલ કરે, દે પ્રતિમાસ પગાર;
તે માટે નહિ તેહથી, લાગ્યો સ્નેહ લગાર;
નહિ સ્નેહલગારથયોમળવો,અતડાઇથકીજઉઠયો બળવો;
ભુપસાથલડયાપછી સુભટડાઉપરીજનએથીરહ્યાઅતડા.૩૯

---

1 રૂખ—ઝાડ.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ાવના પગારે પણુ વળી, પળમાં અપે પ્રાણુ;
જો કદી મીઠી જીભથી, બાંધ્યું પ્રીત બંધાણુ;
પુરી પ્રીતબંધાણુથીપ્રાણુદિયે,કવિપંડિતલોકપ્રમાણુદિયે;
ઉપજે નહિમિષ્ટઉચારવિના, પરિપૂરણુપ્રીતપગારવિના.૪૦

માત પિતા સુત સુંદરી, દુશ્મન થઇ રહે દૂર;
વચન ામષ્ટથી વણુસગો, રહે હમેશ હજૂર;
હરરોજહમેશહજૂરરહે, મળવા ચિત ખૂબ ખચીત ચહે;
વળીતેનીજવાણીગમેત્રદિતા, મનમાંનગમે નિજ માતાપતા.

પરણી નારી પરહરે, કુળવાળી રૂપાળી;
રાખે ગુણુકા ગુણુહીણી, કુબડી કે બહુ કાળી;
બહુ કાળી અને કુબડીકુલટા, વશીકર્ણુસુશબ્દવદેસુલટા;
ઘરમાંહિ રહેથઇનેઘરણી, રહી પીયર પેટ ભરેપરણી. ૪૨

પેટતણો સુત તે નહીં, પામે પૈસો એક;
પ્રિય થઈને સુત પારકો, છત્ર બધી પામે છે;
છત્રછેક બધી હરીહાથ કરે, વિગતીથી ઉચાર રૂડા ઉચરે;
ભરથાર બને બધી ભેટતણો, પરઘેર વસે સુત પેટતણો.૪૩

વખાણુનાં પણુ વચન છે, વચન સુગીત રસાળ;
નરનિંદાનાં વચન છે, વચન ગોબરી ગાળ;
વચનોથીજ ગોબરી ગાળ ઉઠે, વચનોથીજઅંતરઝાળઉઠે;
વચનોફળતીક્ષણુબાણુતણાં,વચનોજવિશુદ્ધવખાણુતણાં.

ધર્મ કર્મનાં વચન છે, વચન ફટાણાં ફાગ;
વચનો પ્રભુની પ્રાથના, વચન રસીલા રાગ;
રસિલાશુભરાગથીરાયરીઝે,ખળવાકયસુણીજનસર્વ ખીજે,
વચનોમનભેદક મર્મતણાં,વચનોશુભધીરજધર્મતણાં.૪૫

ભલે ભણ્યો ભલી ભાતથી, બહુ વિધિ જાણ્યા બોલ;
વચન ન શિખ્યો વિવેકનાં, તે નર ખરને તોલ;
ખર તોલ દિસે નર તેજ ખરો, ઉચરેઉરજેમઉઠે ઉભરો;
જનતોનહિકૂતરોગેજણિયો,ભલિભાતવિશેષભલેભણીયો૪૬

અધિકારી થઇ ઉચરે, કુવચન ઝેર સમાન;
ભલા ભુંડાને જયમ ભસે, સેનાપતિનો શ્વાન;
જયમશ્વાનભસે નરનાથતણો, ન મરાયત્રકો હઠીહાથતણો;
પણુ ગાળી વદેજનદૂરજઇ,ઉચરેકટુજોઅધિકારીથઇ. ૪૭

પંડિત કે પૃથ્વીપતિ, સદ્ગુણી કે શ્રીમંત;
વિના વિવેક વચન વદે, અઘટિત દિસે અનંત;
અઘટિતઅનંતઅશુદ્ધદિસે, વળીરાજનીતિથીવિરૂદ્ધ દિસે;
મનમાંહિ ગણેજનહીણુમતિ,કદીપંડિતકેબધીપૃથ્વિપાત૪૮

ભણુતાં કદી થોડું ભણ્યો, શીખ્યો વચન વિવેક;
સભા વિષે શોભે ભલો, એ ગુણુ પામી એક;
ગુણુ એક અનેકતણો ઉપરી,નહિજાણુવુંકારણુજાઠ જરી;
શુભ વાકયથી સજ્જન બેશ બન્યો, ભણુતાં નર જો કદી
થોડું ભણ્યો. ૪૯

શ્વાન ઘૂડ ને ગર્ધવો, મહિષો ને માંજાર;
ઊંટ કાગ અજ સ્વર સુણી, સઉ નિંદે સંસાર;
સુણી સર્વ સંસાર ધિકારકરે, શુક કોકિલનો સત્કાર કરે;
નહિવાકજરૂરજહાનતણો, સ્વરમિષ્ટનહીંઘૂડશ્વાનતણો.૫૦

રાજકુમારે રોઝને, કહ્યું ખસોજી આમ;
પૂછયું બીજે પ્રીતથી, માન દીધું આ કામ;
દીધુંમાનકહોકુણુકારણુથી, કહ્યું કે અપશબ્દ ઉચારણુથી;
રસના અપશબ્દની ટેવ રહે, બગડે મુખ રાજકુમારકહે.૫૧

બાવની વેણુ વિવેકની, રચી સરસ શુભ રીત;
વાંચી સુજન વિચારશે, પૂરણુ રાખી પ્રીત;
પરિપૂરણુપ્રીતિનીરીતથકી, શિખતાંશુભબુદ્ધિવધેજ નકી;
દલપતકહે ભલીભાત ભણી, શુભબાવનીવેણુવિવેકતણી.૫૨

દોહરા.

અધમ વચન અભિમાનનાં, અધમ અનીતિ વેણુ;
પરનિંદાનાં પણુ અધમ, અધમાધમ [1]કુટકેણુ.
વચન શુદ્ધ તો વિનયનાં, સત્ય સહિત પણુ શુદ્ધ;
પરમશુદ્ધ પરહિતતણાં, વળી નહિ સમય વિરૂદ્ધ. ૨
શુદ્ધ વચન પણુ સમય વિણુ, દિસે વિરૂદ્ધ વિશેષ;
રામનું નામ વિવાહમાં, ગતજીવ પાસ ગણેશ. ૩
સુંદર ગીત વિવાહનાં, મરણુ સમે ન ગવાય;
કરૂણા રસમય ફૂટણાં, ન વિવાહે વખણાય. ૪
રામનામ પોપટ પઢે, અર્થ ન જાણે એહ;
શબ્દ વદે સમજ્યા વિના, તે પણુ સરખો તેહ. ૫
પાત્ર પરીક્ષા પ્રથમ કરી, વદીયે વચન સદાય;
પાત્ર હોય પાશેરનું, શેર ન કદી સમાય. ૬
ઉલટું બગડે પાત્ર એ, વસ્તુ વ્યર્થ વહી જાય;
પાસે બીજાં પાત્ર પણુ, બગડેલાં બહુ થાય. ૭
વચન વિવેક વિચારીને, ઉચરો જો મુખ આમ;
દુનિઆમાં દલપત કહે, કદી ન બગડે કામ. ૮

આ સાંભળીને રાજાએ કવિઓને કહ્યું કે ભાઇ વિષે કવિતા બોલો.

ભાઇ વિષે.

ભાઇ કદાપિ ભાઇથી, આપ રહે અણુમીલ;
તોપણુ તેનું ભાઇ ને, દુખે દાઝશે દીલ. ૧

---

[1] કુટ—જુઠ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભુજંગી છંદ.

દુઃખે દાઝશે ભાઇનું દીલ જેવું,
કદી અન્યનું દીલ દાઝે ન એવું;
સદા કાળ તે સાથ સાચી સગાઇ,
ભલે હોય ભૂંડો ભલો તોય ભાઈ. ૧

ભિખે ભાઇ તો ભાઈ ને લાજ આવે;
નહિ લાજ તો લોકની લાજ લાવે,
દયા લાવશે દીલમાં તે દુખાઇ,
ભલે હોય ભૂંડો ભલો તોય ભાઈ. ૨

કદી તે લડી બોલ બુરા કહેશે,
કદાપિ બિજાને કહેવા ન દેશે;
ડરે વીર ને દેખીને દેરવાઈ,
ભલે હોય ભૂંડો ભલો તોય ભાઇ. ૩

શિળી હોય છાયા કટુ લિંબડા છે,
ભુંડો તોય ભાઇ, બીજી તે ભુજા છે;
જુદાઇ ન જાણો દિસે જો જુદાઇ,
ભલે હોય ભૂંડો ભલો તોય ભાઈ. ૪

મળે જો ઘણા માનવી અન્ય મિત્ર,
ભલે હોય પ્રેમી પુરા ને પવિત્ર;
નહિ ભાઇની તુલ્યના તો ગણાઇ,
ભલે હોય ભૂંડો ભલો તોય ભાઈ. ૫

સગાઇ જુની તોય સોના સમાણી,
નવી પ્રીત તે પીતળે જ્યોત જાણી;
સદા કાળ તે તો નહિ સુખદાઈ,
ભલે હોય ભૂંડો ભલો તોય ભાઇ. ૬

થશે ભાઇને ઘેર જો રિદ્ધિ સારી,
વળી ભાઇએ આબરૂ જો વધારી;
ફતે આપણી બોલશું તો ફુલાઈ,
ભલે હોય ભૂંડો ભલો તોય ભાઈ. ૭

લડયા તોય લોકો કહે એક લોહી,
સભા મધ્ય જાતાં રહે જોડ સોહી;
વિના જોડ સર્વત્ર લાગે લુખાઇ,
ભલે હોય ભૂંડો ભલો તોય ભાઇ. ૮

જુઓ આંખની કાનની જોડ જેવી,
જુઓ હાથની પાવની જોડ તેવી;
તથા ભાઇની જોડ શોભે સદાઇ,
ભલે હોય ભૂંડો ભલો તોય ભાઈ. ૯

પુરૂ કામ જામે નહિ જોડ ટાળી,
કહો એક હાથે પડે કેમ તાળી;
નથી રે કશી કાંઇ એમાં નવાઇ,
ભલે હોય ભૂંડો ભલો તોય ભાઈ. ૧૦

પ્રીતિથીજ માગે કરીને પ્રણામ,
રમાનાથની પાસ દલપત્તરામ;
રહો વીરની જોડ જુકતે જડાઇ,
ભલે હોય ભૂંડો ભલો તોય ભાઇ. ૧૧

દોહરો.

ભાઇ ભલો ભૂંરો ભલે, તોપણ તેની તુલ્ય;
જોડ જડે નહિ જગતમાં, મહા ખરચતાં મૂલ્ય. ૧૨

રાજાએ કહ્યું કે અંગ્રેજી તારીખોના વાર તથા ગુજરાતી તિથિઓને મળતી તારીખો શી રીતે આવે તે કહો.

વર્ષ માસ તથા દહાડા વિષે.

અંગ્રેજી વર્ષ—દોહરા.

દિન ત્રણસેં પાંસઠ સવા, રાશિ ફરે રવિ બાર;
ઓછી મિનિટ અગ્યાર વળી, સેકન પણ અગ્યાર. ૧

ગુજરાતી વિષે.

ત્રણસેં ચોપન દિન અવર, આઠજ અડતાળીસ;
મિનિટે વર્ષ મહામટી, છે સેકન છત્રીસ. ૨

અંગ્રેજી વર્ષના વાર.

ઇસ્વીસનના વારનો, ભેદ કહું સુણ ભ્રાત;
સોમ શનિ ગુરૂ મંગળે, સદીની શરૂઆત. ૩
વાર જુઓ જે વર્ષનો, કરો સવાયો અંક;
પણ નહિ તો એક તજિ, સાતે હરો નિશંક. ૪

તારીખ અને વાર—હરિગીત છંદ.

જે આદિજા અકટોંબરે ફેંમાં નવંબર પાંચમી,
એપ્રિલ જુલાઇ બીજી તે જુન ચોથી મેની સાતમી;
છઠી અગષ્ટે એજ સપટેંબર ડિસેંબર તિજીએ,
દર ચોથી સાલે માર્ચથી એકવાર વધતો લીજીએ. ૫

તિથિ કાઢવા વિષે—શીર્ષાછંદ.

૧૧ ૨૨ ૩૩ ૪૪ ૫૫ ૬૬ ૭૭ ૮૮ ૯૯ ૧૧૦ ૧૨૧ ૧૩૨ ૧૪૩
પા મા પા પી મા પા પી મેં પા મા પા પી મા;
૧૫૪ ૧૬૫ ૧૭૮ ૧૮૭ ૧૯૮ ૨૦૯
પી; પા મા પા મા સ્થાપી, ઇસ્વી સનથી
અદ્યાપી. ૬.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સન ૧૮૬૩ થી અધિક માસ.

श्राव्ये वैभा अव्ये आ,श्राव्ये चैभा अव्ये आ;
श्राव्ये चैश्रा अवैभा, वोलो चारे वारे आ. ७

ખુલાસો.

ત્રીજા દોહરાની મતલબ એવી છે કે ઇસ્વીસનના સૈકડાનું પહેલું વર્ષ સોમવારે, અને બીજા સૈકડાનું પહેલું વર્ષ શનિવારે, ત્રીજા સૈકડાનું પહેલું વર્ષ ગુરૂવારે, અને ચોથાનું મંગળવારે. એજ અનુક્રમે હમેશાં આવે છે; હાલ ઓગણીસમું સૈકું ચાલેછે; માટે ઓગણીસને ચારે ભાગતાં ત્રણવધે માટે ત્રીજું સૈકડું કહેવાય, તેથી ઇસ્વીસન ૧૮૦૧ નું વર્ષ ગુરવારે હતું એમ જાણવું. સદી–એકથી સો સુધીનાં વર્ષ. ચોથા દોહરાની મતલબ એવા છે કે સૈકડામાંના જેટલામા વર્ષનો વાર જોવો હોય, તેના આંકને સવાયો કરીને, જેટલી પાનો ઉપર આવે, તે બાદ કરવી; અને પાણુ આવી ન હોય તો એક બાદ કરવો, પછી સાતે ભાગતાં જે વધે તેટલામો વાર સદીની શરૂઆતના વારથી જાણવો. જેમકે સન ૧૮૭૮ મું વર્ષ કીયા વારે બેઠું તે જાણવું હોય તો ૭૮ ને સવાયા કરીએ એટલે ૯૭ાા થાય; તેમાંથી બે પાણો બાદ કરીને સાતે ભાગતાં ૬ વધે અને આ ઓગણીસમી સદી ગુરૂવારી બેઠેલી છે, માટે ગુરૂવારથી ગણતાં છઠ્ઠો વાર મંગળ આવે માટે અઢારસેં ૭૮ મું વર્ષ મંગળવાર બેઠું એમ જાણવું.

હરિગીત છંદનો ખુલાસો—જાનેવારીની પહેલી તારીખે જે વાર હોય તે અકટોબરની પણ પહેલી તારીખે હોય; અને ફેબ્રુઆરી, માર્ચ અને નવેમ્બરની પાંચમી તારીખે; ચોથી તારીખે; અને મેની સાતમી તારીખે, ઑગસ્ટની છઠ્ઠીએ, અને સપ્ટેમ્બર તથા ડીસેમ્બરની ત્રીજીએ, એજ વાર એટલે જાનેવારીની પહેલી તારીખે જે વાર હોય, તેજ વાર આવે, પણુ દર ચોથા વર્ષમાં ફેબ્રુઆરી ઓગણત્રીસ દહાડાનો હોય છે માટે તે વર્ષમાં માર્ચની પહેલી તારીખથી એકવાર વધારે; મતલબ કે રવિવારી આવતી હોય, તો સોમવારી ગણવી.

શીર્ષાછંદની મતલબ એ છે કે અંગ્રેજી વર્ષ માગશર મહિનામાં કે પોસ મહિનામાંજ બેસે છે અને ઓગણીસ વર્ષ સુધી આ છંદમાં બતાવેલા ઓગણીસ અક્ષરના અનુક્રમ પ્રમાણે આવે છે; તેમાં પપ્પો હોય ત્યાં પોસ અને મમ્મો હોય ત્યાં માગશર સમજવો. ઇસ્વાસનનાં જેટલાં વર્ષ ગયાં હોય, તે આંકને ઓગણીસે ભાગતાં જેટલા વધે તેટલામો અક્ષર તે વરસનો જાણવો; જેમકે સન અઢારસેં ઇઠયોતેરમું વર્ષ હિંદુના કીયા મહિનામાં બેઠું તે જાણવું હોય તો અઢારસેં ઇઠયોતેરને ઓગણીસે ભાગીએ એટલે ૧૬ વધે માટે શીર્ષા છંદમાં સોળમો અક્ષર મમ્મો છે માટે માગશર મહિનામાં તે વર્ષ બેઠું એમ જાણવું. પહેલા પપ્પાથી અગ્યાર અગ્યાર ચઢતાં દરેક અક્ષર ઉપર આંક લખ્યા છે તેની મતલબ એ છે કે પહેલા પપ્પાનું વર્ષ શુદ અગ્યારસે બેસે, અને બીજું વર્ષ ૨૨ મી તિથિએ એટલે વદ ૭ મે બેસે, અને ત્રીજું વર્ષ ત્રીજા અક્ષર ઉપર તેત્રીશનો આંક છે, તેમાંથી ત્રીસ બાદ કરતાં, ત્રણ રહ્યા માટે સુદ ૩ ને રોજ બેસે. હવે સોળમા અક્ષર ઉપર ૧૭૬ નો આંક છે, તેને ત્રીશે ભાગતાં ૨૬ વધે માટે ૧૮૭૮ મું વર્ષ માગશર વદી ૧૧ બેસે પણ તેરશે બેઠું છે. એ રીતે એક બે દિવસનો ફેર પણ પડી જાય છે, તેનો ભેદ ઝીણો છે, તોપણ ઉપર લખેલી રીત કરતાં બીજી સહેલી રીત મળી શકતી નથી.

બીજા શીર્ષાછંદની મતલબ એ છે કે ઉપલા છંદમાં પપ્પા પછી મમ્મો આવતો હોય તો તે પપ્પાના વર્ષમાં અધિક માસ હોય; ઓગણીશ વર્ષમાં સાત અધિકમાસ આવે. ઇસ્વીસન અડારસેં પાંસઠમાં શ્રાવણ અધિક હતો. તે વરસથી ૧૧૪ વર્ષના અધિક માસ આ છંદમાં બતાવ્યા છે. એ છંદનું ત્રીજું ચરણ ફરી ફરીને ચાર વાર બોલવું એમાં અ હોય ત્યાં અષાઢ અને આ હોય ત્યાં આસો જાણવો.

રાજાએ કહ્યું કે અતિશય હોય તે કેવું કહેવાય તે વિષે બોલો.

અતિશય સર્વ અસાર.

દોહરા.

અતિશય શરમ ધરી રહે, ઉચરે નહિ ઉચ્ચાર;
અર્થ સરે નહીં એહનો, અતિશય સર્વ અસાર. ૧
અતિશય પરોપકારી તે, મોત વગર મરનાર;
કરે વછુટયો [૧]વાઘને, અતિશય સર્વ અસાર. ૨

---

૧ ઘણો પરોપકારી હોય તે વાઘ જેવાને પણ બંધનથી છોડવા જાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અતિશય દયા દીલે ધરે, દિસે મિલન દેદાર;
વસ્ત્ર વીંછળતાં પણ ડરે, અતિશય સર્વ અસાર. ૩
અતિશય સાચું ઉચરતાં, લાજ ન રહે લગાર;
ચાહીં કહે સૌ "ચાડિયો," અતિશય સર્વ અસાર. ૪
અતિશય સંતોષી તજે, ઉદ્યમનો આધાર;
તેથી સારૂં શું થશે, અતિશય સર્વ અસાર. ૫
અતિશય કહે ઉડાઉ સઉ, જો અતિ થાય ઉદાર;
કષ્ટ ભોગવે કરજનું, અતિશય સર્વ અસાર. ૬
અતિશય સ્નેહીંપણું સદા, સૌ સાથે સજનાર;
ઠામો ઠામ ઠગાય બહુ, અતિશય સર્વ અસાર. ૭
અતિશય હિંમત હોય તે, કરે કામ અવિચાર;
મૂર્ખ કહે સૌ માનવી, અતિશય સર્વ અસાર. ૮
અતિશય વિદ્યાભ્યાસમાં, પામે આયુષ પાર;
પણ પુરૂં ન ભણી રહે, અતિશય સર્વ અસાર. ૯
અતિશય ઉદ્યોગી નહી, વિરામ લે પળ વાર;
પછીં પોતે માંદો પડે, અતિશય સર્વ અસાર, ૧૦
અતિશય પરદુખ દિલ ધરેં, બળ્યા કરે બહુવાર;
સ્વપને નહીં સુખની ઘડી, અતિશય સર્વ અસાર. ૧૧
અતિશય ભક્તિ આદરે, વર્શીને વન મોંઝાર;
નિરૂપયોગી તે થાય નર, અતિશય સર્વ અસાર. ૧૨
હદમાં સઘળું હોય તે, ઠીક ગણો સઉ ઠાર;
દુનિયામાં દલપત કહે, અતિશય સર્વ અસાર. ૧૩

પ્રશ્નોત્તર.

આ મીઠું કે ખાર છે, કહો ખરૂં શું નામ;
થોડું તે મીઠું કહો, ઝાઝું ખાર તમામ. ૧૪
થોડું તે મીઠું સઉ, એ રાખો ઉર યાદ;
હદથી વધતી હોય તો, સાકર પણ નિસ્વાદ. ૧૫
ઘણી ટાઢ પણ નહિ ભલી, ઘણો ભલો નહિ ઘામ;
ઘણી રિદ્ધિ કે ભૂખ પણ, દુઃખમય દલપતરામ. ૧૬
આગળ છોડાં છોતરાં, ઠળીયા છેલ્લે ભાગ;
એ સાધારણ નિયમ છે, ભલોજ વચલો ભાગ. ૧૭

પછી મહારાજા વિજયસંગજી સાહેબે બધા કવિયોને યથાયોગ્ય શિરપાવ આપ્યા અને કવિ દલપતરામને પોતાના રાજના "કવિરાજ" ની પદવી આપી અને સભા બરખાસ્ત થઇ.

इति विजयविनोद प्रकरण समाप्त.

प्रकरण ६ ठुं.

વેનચરિત્ર.

બાળલગ્ન નિષેધ અને પુનર્વિવાહોત્તેજન વિષે.

રાગની દેશીઓ.

આ પુસ્તકમાં ૪૨ દેશીઓ છે. તેમાંની ૧-૨-૩ ૭-૨૧ અને ૨૮ મી પિંગળમાં કહેલા ચોપાયા છંદમાં પણ વાંચી શકાશે. રાગમાં ગાવાની મરજી હોય તેને આ નીચે લખેલી દેશીઓમાં વંચાશે.

દેશી.　　દાખલા.

૧ અહો સદાશિવ અહો સદાશિવ બળી તમારી ટેવ.
૨ વૈષ્ણવ નથી થયો તું રે, હરિજન નથી થયો તું રે.
૩ ખોખલે પુંડે પત્રજ આપ્યું, મહેતાજીને હાથજી.
૪ મામેરૂં મોંઘા મૂલનું.
૫ માતા જસોદા પોઢાડે પુત્ર પારણે.
૬ મારૂં સોનાનું છે બેડું રે, છેલ છબીલા છોગાળા.
૭ જંજાળી જીવડે મુક્તિની જુક્તિ ન જાણી.
૮ ઓખા કહે છે સુણ સાહેલા, લાવ નાથને વહેલી વહેલી.
૯ ગુરૂ ગોવિંદને હું નમું, વણઝારારે.
૧૦ વૈદરભી વનમાં વલવલે.
૧૧ હાલો હાલી કહે છે રે, પ્રભુ મારી વાહરે ચડો.
૧૨ વનચર વીરા વધામણી કહેને ક્યાં થકી આવ્યો.
૧૩ વળતી લાડીને શણગારીરે, પીઠા ચોળીને પાટ બેસારીરે.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

૧૪ નેણે ઝોલો લાગ્યોરે પનાંને, નેણે ઝોલોરે.
૧૫ સઇએર શું કીજે, અનીહાંરે કે દહાલડા કેમ લીજે.
૧૬ જનની જીવો રે ગોપીચંદની.
૧૭ જમનાં તીરે રે, જોયા વહાલો જમનાં તીરે.
૧૮ ફરી હવે ફાર્બસ જેવોરે, અમલદાર કર્યાં મળે એવો.
૧૯ દ્વારકાના વાસીરે, વહેલેરા પધારજોરે.
૨૦ તુળસી કાષ્ટમાં ભાર ઘણેરો મહેતા, માળા મનની રાખોરે.
૨૧ પ્રભુ તને પ્રસન્ન તે કેમ થાશે.
૨૨ કુબ્જા શું તપ કીધું રે ઓધાજી એવું.
૨૩ સનેહી શામળોરે, મારા નેણાંનો શણગાર, સુંદર શ્યામ રંગીલો શામળો.
૨૪ અનીરૂધજીની ઘોડલી.
૨૫ મેં ગાયો બ્રહ્મ તે પરમ આનંદથી, કર્મના જીવ તે મર્મ બોલે.
૨૬ વેણુ વગાડી, વેણુ વગાડી, વેણુ વગાડી, વાલીડે વેણુ વગાડી.
૨૭ ઓખા કરતી અતી પોકાર, હોરે હડાલા રાણા.
૨૮ અલબેલીરે અંબે માત, જોવાને જઇએ.
૨૯ ગણેશ વધાવાના ગાતની દેશી.
૩૦ છૈયે ખોળામાં લીધું ખાસડું.
૩૧ વર કન્યા બેઠાં છે એક પાટેજી.
૩૨ અમે ઇડરીઓ ગઢ જીત્યાંરે.
૩૩ વળી વેગે વહેલા પધારજો, લાલ ગોવર્ધનધારીરે
૩૪ ખજુરીનો વીંઝણો ડાંડી દાંતનીરે.
૩૫ ભર્યો ભર્યોરે રત્નાગર ગાજે છેરે.
૩૬ માતા જસોદા પુછેરે રાયવર કેમ પોખ્યારે.
૩૭ ગણેશ પાટ બેસારિયા, ભર્લા નિપજે પકવાન.
૩૮ જીરે માણીગર બંદલા.
૩૯ મોહનજીએ મોકલ્યુંરે મોસાળું.
૪૦ વારૂ છું વીઠલરે, પાલવ નવ ઝાલો.
૪૧ પ્રાણુમા ભજીલેને કીર્તાર, આતો સ્વપ્નુંછે સંસાર.
૪૨ જે હરીહરા, જે હરીહરા.

ભાગ ૧ લો.

પદ ૧ લું—દેશી ૧ લો.

પ્રથમ પ્રણામ કરૂં કરજોડી, ગૌરી પુંત્ર ગણેશ;
શુભ પગરણમાં સમરે જેને, સુરનર અને સુરેશ. ૧
મંગળ કરે અમંગળનું, છે એની એવી ટેવ;
અવળાનું સવળું કરી આપે, એવો દુંદાળ દેવ. ૨
ભાગ્યું ધર સાજુ કરી આપે, રાંડ્યાનું મંડાવે;
એ બેસે ત્યાં સૂતક કે કાંઇ, આભડછેટ ન આવે. ૩
લાડુ દેખે ગીત સાંભળે, ત્યાં તે જાય સ્વછંદી;
રૂએ કુટે ત્યાંથી રહે અળગો, એવો છે આનંદી. ૪
જ્યાં જઇ બેસે ત્યાં વિવાનાં, વાજાં છત્રીસ વાગે;
ભાતભાતનાં ભોજન ભાસે, ભૂખ સરવની ભાગે. ૫
બ્રાહ્મણ અને ગણપતિને, દોસ્તી છે કહી દેખાડું;
બ્રાહ્મણને લાડૂ ભાવે, લંબોદરને પણ લાડૂ. ૬
રામનામ કરતાં છે રૂડું, શ્રીગણપતિનું નામ;
વિવાહમાં બહુ વિપરીત લાગે, જો કહિએ ભાઇ રામ૭
દયા કરે દુંદાળો તો, ભલી ભણાય મંગળ ભાષા;
માટે હું મુખથી માગુ છું, પુરો અમારી આશા. ૮
વળતી વંદું વાગદેવીને, જે કવિજનની માતા;
પ્રતાપ જેનો પામી કવિજન, પ્રસિદ્ધ થયા પંકાતા. ૯
ઉત્તમ પદવી એવી આપે, મળે નહિ શીર સાટે;
ગરિબ તવંગર સૈ સંસારી, કવિતાનો રસ ચાટે.૧૦
સેવક જનને સુવર્ણનો તે, અખુટ ખજાનો આપે;
સંકટ તો તેને રહે શેનું, જો માથે કર થાપે. ૧૧
અમર રહે કીરતિ વળી એવું, મુખમાં અમૃત મૂકે;
ઢળી પડે નાણાના ઢગલા; જ્યાં તે થૂ કહી થુંકે. ૧૨
સરસ્વતીનો મહીમા મોટો, એનું અકળ સ્વરૂપ;
અમર કર્યા કવિયોને એણે, ભુંસાઇ ગયા કઇ ભૂપ.૧૩
શ્રોતા સજ્જન લોક તમે સઉ, સુણજો રાખી ધ્યાન;
સરસ્વતીનું સ્મરણ કરી કહું, વેનતણું આખ્યાન.૧૪

પદ ૨ જું.—દેશી ૨ જી.

સુણજો સભાસદો સારા, સુણજો સભાસદો સારા;
વેનચરિત્ર સુણનારા, સુણજો સભાસદો સારા. ટેક
ચતુર ગ્નાતિ ચિત પાવન, બ્રાહ્મણ પૂનામાં પ્રખ્યાત;
નિર્મળ ચિત મોરોબા નામે, યજુર્વેદી વિખ્યાત. સુ. ૧
ધન દોલત ને ઉત્તમ ધંધો, પુત્ર તથા પરિવાર;
નાત જાતમાં નામ વડું, સન્માન કરે સરકાર. સુ. ૨
બાયાંબાઇ પુત્રી બહુ ડાહી, હતી બાળ રંડા તે;
પણ તેને બહુ પ્યારી ગણતા, પ્રાણ સમાન પિતા તે.સુ.૩
વેદ ધર્મમાં મનની વૃત્તિ, શિવ પૂજન પર પ્રીત;
સંધ્યા સ્નાન સદૈવ કરે, વળી ગાયત્રી જપ નિત્ય. સુ. ૫
શાણા સદ્‌ગુણી શાસ્ત્રી પાસે, વંચાવે વેદાંત;
કોઇ સમે સ્મૃતિયો વંચાવે, ભાગે મનની ભ્રાંત. સુ. ૫
કુટુંબ સહિત સદૈવ બિરાજી કથા સૂણે શાસ્ત્રીની;
મિત્રો પોતા પાસે બેસે, સ્ત્રીયો સમીપમાં સ્ત્રીની. સુ. ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એક સમે વંચાવી એણે, મનુસ્મૃતિ સ્વેચ્છાયે;
પુનર્વિવાહતણું પ્રકરણ, આવ્યું નવમે અધ્યાયે. સુ. ૭
છાસઠમો ને સડસઠમો બે, [1]શ્લોક શાસ્ત્રીએ વાચ્યા;
અર્થ સુણી શાસ્ત્રી પ્રત્યે, મોરોબા બોલ્યા વાચા. સુ. ૮
એ બે શ્લોકતણો શાસ્ત્રીજી, ભણો ફરી ભાવાર્થ;
કહ્યો પછી તે શાસ્ત્રીજીએ, સંક્ષેપે શ્લોકાર્થ. સુ. ૯
રાજા વેને દ્વિજાતિયોમાં, સખત હુકમ ફરમાવી;
નાતજાતનોનિયમ ન રાખ્યો, વિધવાઓ પરણાવી.સુ.૧૦
ત્યારે દ્વિજ વિદ્વાનોએ પણ, નિયોગ રાહ ચલાવ્યો;
મિશ્રિતવર્ણથવાનોરસ્તો, એમ કરી અટકાવ્યો. સુ. ૧૧
સુણી મોરોબા વળી વદે, એ તો મોટું આશ્ચર્ય;
નિયોગ રસ્તો છેક નઠારો, કેમ કરે દ્વિજવર્ય. સુ. ૧૨

પદ ૩ જું.—દેશી ૩ જી.

પરણ્યા વિનાજ પ્રજા ઉપજાવે, એક નહીં તો બીજોજી;
એ વ્યભિચારનો ચાલ નઠારો, ખેદ ધરો કે ખીજોજી. ૧
શા માટે તે સ્મૃતિયોમાં લખ્યું જે આમ કિધે નહિ પાપજી
કળિજુગ કરતાંસતજુગનાધર્મ, ઉત્તમ કહોછો આપજી. ૨
એ રીત કરતાં તો પુનરવિવાહના રૂડી લાગે છે રીતજી;
જંગલી જનપણ જો સાંભળે તો, ખેદજ પામેખચિતજી. ૩
એવા સમયમાંહિસ્વજ્ઞાતિમાં શું,વર ન મળ્યા વિધવાનેજી;
સંકર વરણ શામાટ કર્યાં,એવી જરૂર હતી શી રાજાનેજી.૪
અહો શાસ્ત્રીજી કહો મને, એતે વંશ કિયાનો રાજાજી;
શા માટે એમ તેણે સૌની, મૂકાવી કુળની માજાજી. ૫
કિયા પુરાણ વિષે તે રાજા, વેનતણી છે વાતજી;
વળી વિશેષે વિસ્તારી મને, સમજાવો સાક્ષાતજી. ૬
સુણીને સંશય કાંઇ રહે નહિ, પૂછવું ન પડે ફરીનેજી;
એવી રીતે સમજાવો શાસ્ત્રી, મુજપર કરૂણા કરીનેજી. ૭
શાસ્ત્રની વાતો સુણતાંજ મારા, પાવન થાશે કાનજી;
ભાગ્ય ભલાં જે મનેતમે મળિયા, વિપ્ર રુડા વિદ્વાનજી. ૮
તે શાસ્ત્રીને સરસ્વતીએ, દીધું હતું વરદાનજી;
હું હાજર થઇ રહીશ, તમે જ્યાં ધરશો મારૂં ધ્યાનજી.૯
સ્મરણ કર્યું શાસ્ત્રીએ ત્યાં તો, સરસ્વતી સાંચરીયાજી;
કેમ તમે સંભારી મુજને, એમ મુખે ઉચરીયાજી. ૧૦
શાસ્ત્રી કહે આ અગમ્ય વાર્તા, જથાર્થ હું નવ જાણુંજી;
જો દેવી મુજ જીભે વસો તો, વેન ચરિત્ર વખાણુંજી. ૧૧
જગદંબા પછી જીભે વસ્યાં, અને આપ્યું જ્ઞાન અખુટેજી;
મુખથીવાણી એમ છૂટી જયમ, ગંગાનો પ્રવાહ છૂટેજી.૧૨

પદ ૪ થું—દેશી ૧ લી.

પવિત્ર પ્રશ્ન ભલો તમે પૂછ્યો, છે સૌને સુખકારી;
શાસ્ત્રતણી વાતો સાંભળતાં, શુદ્ધ થાય સંસારી. ૧
વેનતણી વાતો સક્ષેપે, છે શુકદેવે ગાઇ;
સ્કંધ ચતુર અધ્યાય ચૌદમે, ભાગવતમાં છે ભાઇ. ૨
વેદ પુરાણતણી વાતો સુણી, કરીએ પવિત્ર કાન;
આ સંસાર અસાર વિષે, ભાઇ સાર ન એહ સમાન.૩
પવિત્ર જનનાં ચરિત્ર મુનિજન, લખી ગયા નિરધાર;
શાસ્ત્ર વિષે સંક્ષેપ લખે, પછી કવિ કરે વિસ્તાર. ૪
સાત શ્લોક ઉપરથી વ્યાસે, ભાગવત પુરાણ ભાખ્યું;
પાણિનિયે પણ ચૌદ સૂત્ર પર, રચ્યું વ્યાકરણ આખું.૫
બાળ ચરિત્ર ચતુર્ભુજનું, નરસૈયે જેમ વધાર્યું;
ઓખાહરણ અસલ ઉપરથી, પ્રેમાનંદે વિસ્તાર્યું. ૬
વિક્રમ ચરિત્ર વિસ્તાર્યું છે, કવિ શામળભટ શાણે;
એમ બીજાં આખ્યાન કર્યાં, કવિયોએ કઇ ઠેકાણે.૭
તેમજ આજ તમે પુછ્યું તો, મરજી થઇ છે મારી;
પૃથુરાજાના પિતાતણી, હું વાત કહું વિસ્તારી. ૮
ચોવિસ જન્મ ચતુર્ભુજ કેરા, શાસ્ત્રો કહે છે સાર;
તે મધ્યે પૃથુરાજ ગણ્યા છે, ઇશ્વરનો અવતાર. ૯
જેના અંગથી ઇશ્વર જન્મ્યા, એથકી કોણ પવિત્ર;
માટે તેનું મનમાં લઇને, ચરચું હવે ચરિત્ર. ૧૦
બ્રહ્માના સ્વાયંભુમનુ, [1]બર્હિષ્મતિપુરી ગઢ જેનો;
તેનો પ્રિયવ્રત પુત્ર થયો, ઉત્તાનપાદ સુત એનો. ૧૧
ધ્રુવનામે ઉત્તાનપાદ, રાજાનો પુત્ર પ્રમાણ;
તેનો વત્સર પછી પુષ્પારણ, સર્વ પ્રકાર સુજાણ.૧૨
પુષ્પારણનો વ્યુષ્ટ થયો, ને સર્વ તેજ સુત તેનો;
પછી મનુઉલ્મુક અનુક્રમથી,પછી અંગથયોસુતએનો.૧૩

પદ ૫ મું—દેશી ૩ જી.

અંગની અંગના નામે સુનીથા, સંતાન તેને ન એકજી;
દેવની માનતા તીરથ ને વ્રત, કીધા ઉપાય અનેકજી. ૧

---

१ अयंद्विजैर्हि विद्वद्भिः पशुधर्मो विगर्हितः ।
मनुष्याणामपि प्रोक्तो, वेने राज्यं प्रशासति ॥
स महीमखिलां भुंजन्राजर्षिप्रवरः पुरा ।
वर्णानां संकरं चक्रे कामोपहतचेतनः ॥

१ ब्रह्मावर्तमां.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યથાર્થ વિધિયે યજ્ઞ કર્યા બહુ, પણ ન થયું સંતાનજી;
ભૂપ ભવનમાં બ્રહ્મસભા ભરી, પ્રશ્ન પુછે રાજાનજી. ૨
સર્વે કહોછો જે યજ્ઞ કિધે, મન કામના પુરણ થાયજી;
મારી ઇચ્છા નથી પૂર્ણ થતી તેનું,કારણ શું કહેવાયજી.૩
વિપ્ર સભાએ વિચાર કરી, પછી ઉત્તર આપ્યો એવોજી;
હે નૃપતિ હુતદ્રવ્ય તમારૂં, લેતા નથી કોઇ દેવોજી. ૪
શું જાણીએ એવું દૂષણ શું છે, કેમ ગણે અપવિત્રજી;
રાય કહે [1]મારો દોષ બતાવો, છો તમે મારા મિત્રજી.૫
વળતીવિશેષ વિચારીને વિપ્રો,બોલ્યા ત્યાં એવો બોલજી;
જે જનને પેટ પુત્ર નહીં હોય, તે જન નીચને તોલજી.૬
એહના ઘરનું અન્ન કે પાણી, દેવો કદી નથી લેતાજી;
પરણ્યા વિનાનાં કે પુત્રવિનાનાં,સ્વર્ગમાંપગનથી દેતાજી.૭
ઉઠી પ્રભાતમાં એવા મનુષનું, મુખ ન જુએ નરનારીજી;
પુત્રવાળું તેજ ગણવું પનોતું, હોય ભલે ભીખારીજી.૮
નર હોય કે કદી નારી હોય તે પુત્ર વિના પાપીષ્ટજી;
એજ કારણથી હવિષ્ય તમારૂં,અલ્પ લેતા નથી ઇષ્ટજી.૯
રાયે કહ્યું મને યજ્ઞ કરાવો, પુત્ર પ્રસવને માટજી;
વિપ્રોએ યજ્ઞ કરાવીને ટાળ્યો, આધિપતિનો ઉચાટજી.૧૦
યજ્ઞ પ્રસાદિ રાણીને જમાડી, પ્રસવ થયો એક પુત્રજી;
પરસાળ મધ્યે પારણું બાંધ્યું, શોભ્યું તેનું ઘરસત્રજી.૧૧
પુત્ર પ્રસવથી નવેનિધ પામ્યાં, હૃદય રિઝ્યાં એવી રીતજી;
આનંદથી મોટો ઉછવ કીધો, ગાય રામાઓ ગીતજી.૧૨

પદ ૬ ઠું—દેશી ૪ થી.

જીરે આજની ઘડી રૂડી જાણીએ,
રાજા અંગ ઉમંગ ન માય, કુંવર જાયો રાણીએ;
જીરે શોભા સરસ શી વખાણીએ,
વ્હાલાં તરફ વધામણી જાય. કુંવર. ૧
જીરે તરીયા તોરણ ટોડે બાંધાયાં,
ગાય માનની મંગળ ગીત; કુંવર.
જીરે મીઠાં ભોજન ભલાં રાંધાયાં,
તેડ્યાં સ્નેહી સગાં રૂડા રીત. કુંવર. ૨
જીરે સાકર વહેંચે છે સર્વને,
વાજે ઢોલ નગારાં નિશાન; કુંવર.
જીરે રાજા પોતે તજી ગર્વને,
પ્રીતે વહેંચે છે ફોફળ પાન. કુંવર. ૩
જીરે માળી લાવ્યો ફૂલ છાબડા,
ગુંથી હાર તોરા મોટા ગુચ્છ; કુંવર.
તાતે દાન દીધાં ઘણાં તે ઘડા,
ગણ્યાં સૈકે નાણાં તે તો તુછ. કુંવર. ૪
જીરે બંધ છુટ્યા બંધિવાનના,
કોઇ ને રંચ રહ્યો નહિ શોક; કુંવર.
જીરે રાગ થયા રૂડા ગાનના,
આવે ટોળે મળી મળી લોક. કુંવર. ૫
જીરે ભાટ ચારણને ભલાં ભલાં,
આપ્યાં શેલાં પાઘડી સીરપાવ; કુંવર.
દીસે મેડાં જરૂખાં ઝળાંઝળાં,
કાધા કેસરના છંટકાવ. કુંવર. ૬
જીરે ફોરે કસ્તૂરી ને કેવડો,
ચંપા જાય ચંબેલી ગુલાબ; કુંવર.
જીરે હરખ વધ્યો વિવા જેવડો,
મેલો મંડપમાં ફૂલ છાબ. કુંવર. ૭
જીરે શેરા વળાવીને સજ કરા,
રોપ્યા આંગણે કેળોના થંભ; કુંવર.
જીરે દ્વારે પતાકા ધજા ધરી,
ધર્યા ચળકતા કનકના કુંભ. કુંવર. ૮
જીરે શેરી વચે ફૂલ વેરીયાં,
શણગારી શોભાવ્યું બધું ગામ; કુંવર.
સોના છરાએ તે નાળ વધેરાયો,
દીધા દાઇને મોં માગ્યા દામ. કુંવર. ૯
આપે આશીષ અધિક ઉમંગથી,
ધરા પ્રેમદા પ્રેમ અપાર; કુંવર.
ભલે ઉપજ્યો અંગના અંગથી,
સદા જીવજો સુનિયા કુમાર. કુંવર.૧૦
કરજો માત પિતાની સેવા ઘણી,
કરજો પ્રેમથી પર ઉપકાર; કુંવર.
ભલો ભાગ્યશાળી ભૂમિમાં બણી,
થાજો લાખો પ્રજા પાળનાર. કુંવર.૧૧
કીર્તિ દેશ વિદેશ વધારજો,
નવે ખંડમાં રાખજો નામ; કુંવર.
તારા સંકલ્પ દેવ સુધારજો,
દેછે આશીષ દલપતરામ. કુંવર.૧૨

દોહરો.

પુત્ર ધરાને પારણે, મનમાં હરખે થાય;
હોંશ હોંશે હેતથી, શુભ હાલરડાં ગાય.

---

१ नागच्छंत्याहुतादेवानगृह्णंतिगृहानिह । सदसत्यतयो बूतकिमघद्यमयाकृत ॥३०॥ नरदेहिमाता नोषतावत्वमनाकस्थितं ॥ अस्येकं प्राक्तनभवंयदितेहकत्वमप्रजः ॥३७॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પદ ૭ મું—દેશી ૫ મી.

માતા બાળક ને બેસારી પ્રેમે પારણે,
ઉજળાં વસ્ત્ર ધરાવી ઠીક બનાવી ઠાઠ;
બાળપણમાંથી અભ્યાસ કરાવા કારણે,
આપે અક્ષરનો સૌભાગ્યવતી શુભ પાઠ. માતા. ૧
ગુણવંતી મન હરખે નિરખી ગોરા ગાલને,
રૂડે બાળક તો હર્શી હર્શી હાલરડાં ગાય;
અલો લોલો હાલ ખમા લાડકડા મારા લાલને,
દુખડાં લઉ તારાં એમ કહી કહી અરધી થાય. માતા ૨
મારો મોંઘો છે છોટો કાલે મોટો થશે,
એવા દિવસ મને દેખાડે દીનનો નાથ;
ભાઈ મારો સઉથી ભલી ભાતે ભણવાગણવા જશે,
લઇને લેખણ ખડિયો પાટી પુસ્તક સાથ. માતા. ૩
બેઠી ઢાળીને સાંગામાંચી સોહામણી,
ખેંચે રેશમ દોરી ખૂબ લડાવે લાડ;
દેખી કાંતિ કુંવરની અતિ રૂડી રળિઆમણી,
મનમાં પૂરણ માને પરમેશ્વરનો પાડ. માતા. ૪
આપી ચાલણગાડી ચતુરા શિખવે ચાલવા,
ચટક ચટક ચાલે પગ કંકુવરણા લાલ;
થેઇ થેઇ રાખીને આંગળીઓ ઝાલવા,
ચાંપે છાતીમાં આણીને અદકું વહાલ. માતા. ૫
નિર્મળ જળ ઝાઝું લઇ ન્હવરાવે નિરાંતથી,
રૂડાં રંગ ભર્યાં દેખાડે ચિત્ર વિચિત્ર;
આપે મેવાને મિઠાઇ ખાવા ખાંતથી,
વળી કાંઇ વિધ વિધનાં આપે નહાનાં વાજિંત્ર. માતા. ૬
આપે મોર ચકોર ચરકલી હાથીદાંતની,
ઘુંઘરો ઘણણ બજાવી રાખે છાનું બાળ;
હાથી ઘોડા ને પૂતળીયો ભાત ભાતની,
માગે ચાંદો તો પાણીનો પૂરે થાળ. માતા. ૭
આપે ભમરડી ચકરડી કોયલ ફેરવે,
દેખી સરસ રમકડાં બાળક રાજી થાય;
ચતુરા ચપટી બજાવે કર આંગળીને ટેરવે,
હરખ પમાડી તાળી પાડી ગરબી ગાય. માતા. ૮
શિખવી ભાષા શુદ્ધ મટાડે બોલી તોતળી,
શિખવે કાકા કાકી મામા મામી નામ;
ગણતાં એકથકી સો સુધી શિખવે છે વળી,
ફરતી ફરતી ને વળી કરતી ઘરનું કામ. માતા. ૯
શિખવી કક્કાના અક્ષર પદ જુદાં પાડિયાં,
શિખવે પંદર તિથિ ને પુરા સાતે વાર;
શિખવે બાર મહીના ખટરૂતુને પખવાડીયાં,
શિખવે નક્ષત્રો સત્યાવિશ રાશી બાર. માતા. ૧૦
નહિ શીખે તોપણ માતા તેને મારે નહીં,
બીજા બાળક લાવી સરખા સરખા જોડ;
તેની સાથ રમાડે પ્રેમવતી પાસે રહી,
વધતું કોણ ભણે એમ કહી કરાવે હોડ. માતા. ૧૧
કુંવરજી ઘણું જીવો કુળનો દીવો તું થશે,
નવજુગ નામ રહે એવાં કાંઇ કરજે કામ;
તારાં જન્મચરિત્ર ગણીને ગ્રંથો ગુંથશે,
જન મન રંજન કવિતા રચીને દલપતરામ. માતા.૧૨

પદ ૮ મું.—દેશી ૧ લી.

સંભાળી રાખે સુતને જેમ, જડયું રાંકને રત્ન;
લાડ લડાવે અને રમાડે, પૂરણ કરે પ્રયત્ન. ૧
બહુ ચંચળતા બાળપણાથી, જોતાં સરસ જણાય;
રૂપાળો સુત રમતો જોઇને, રૂદયે હરખે રાય. ૨
કિશોર વયને કુંવર થયો ને ભણતર પણ બહુ ભણીયો;
વામા ને દક્ષિણાજ નામે, પરણ્યો બે પદમણીઓ. ૩
ધનુર્વિદ્યા ધીમંત શિખ્યો અને, મલ્લ વિદ્યા પણ માંડે;
ઉન્મત પણ એનાથી લડતાં, પ્રાણ પલકમાં છાંડે. ૪
વિશ વરસની વયમાં આવ્યો, દુશ્મન ડરપે દેખી;
રાજ કાજમાં દૃષ્ટિ રાખે, પિતાનું ઘડપણ પેખા. ૫
અવની ઉપર એ કહેવાયો, પ્રબળ પરાક્રમી પૂરો;
કોઇનો પણ અંકુશ નહિ એને, સ્વતંત્ર એવો શૂરો. ૬
માતપિતાની તો મર્યાદા, રાખે રૂડી રીત;
બ્રાહ્મણ ઉપર ભાવ ધરે ને, પ્રજા ઉપર પણ પ્રીત. ૭
જગત વિષે જુના ધારા કોઇ, દુખદાયક જો દેખે;
તે ફેરવવાને તતખીરથી, કરે ઉપાય અલેખે. ૮
સાર અસાર વિચાર કરીને, શુભ કરવાનું ધાર્યું;
પછી પોતાનો મમત ન મૂકે, કરે ન કોઇનું વાર્યું. ૯
બોલ્યા તે તો બોલ પળાવે, એવો સ્વભાવ એને;
જો કોઇ તેનો હુકમ ન માને, તો બહુ દડે તેને. ૧૦
કપટ ભરી કોઇ વાત કરે તો, તરત કળી લે તેહ;
વદતાં વાદ વકીલને બાંધે, એવો ચચળ એહ. ૧૧
કુંવર પદે નૃપ તેન હતો, અધિપતિ તો રાજા અંગ;
એવામાં એક બનાવ બનીયો, ઉચરૂં એહ પ્રસંગ. ૧૨

પદ ૯ મું—દેશી ૩ જી.

રાજ ગુરૂ ઋષિકેશ્વર નામે, વિશેષ વિદ્યાવંતજી;
તેની નિશાળે ભણતર ભણવા, આવે શિષ્ય અનંતજી.૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વેન કુંવર પણુ ત્યાંજ જતો, ભણુતર રૂડું ભણુવાજી;
તે ગુરૂ પાસે તમામ શિખેલો, ગણિત રૂડું ગણુવાજી.૨
વૈદક જ્યોતિષ ને વ્યાકરણુ, શિખ્યો કવિતા પણુ સારીજી
રાજનીત ઇતિહાસાદિ ચૌદે, વિદ્યાઓ લીધી ધારીજી.૩
ગુરૂની અને ગુરૂપત્નીની, સદા કરી બહુ સેવાજી;
રાજકુંવરને ગુરૂ સ્નેહી તે, પુત્ર પિતા જેવાજી. ૪
તે ગુરૂને સંતાન નહી તેથી, મનમાં રહે ઉદાસીજી;
નાથ સમાપ નિસાસા નાંખે, નાર થઈ નિરાસીજી. ૫
કંથ કને વળી એમ કહે, ધિક બાળ વિના ઘરબારજી;
પુત્રાજ જો કદી એકજ હોય તો, સફળ થાય સંસારજી.૬
જ્યાં જ્યાં મસ્તક નિત્ય નમાવે, અનેક દેવો આગેજી;
એકજ પુત્ર કે પુત્રિ આપો, મુખથી એવું માગેજી. ૭
પછી સંતાન ગોપાળતણા, ગુરૂએ બહુ જપિયા જાપેજી;
પત્નીએ એક પુત્રી પ્રસવી, તે તપને પરતાપેજી. ૮
પુત્ર પ્રસવ કરતાં પણુ વધતો, એથી થયો આનંદજી;
મનમાં જાણ્યું જે મુજ ઉપર, રીઝયા બાળમુકુંદજી.૯
જાત કરમ જુગતીથી કીધું, તોરણ બાંધ્યાં ટોડેજી;
મંગળ ગીત ભલાં ગવરાવ્યાં, કીધો ઓચ્છવ કોડેજી.૧૦
વધાઇનાં વાજાં વગડાવ્યાં, સાકર વહેંચી સહુનેજી;
સગાં સંબંધી ને શિષ્યોને જમાડીયા જન બહુનેજી.૧૧
સ્તુતિ કરી પરિપૂરણુ માન્યો ઇશ્વરનો ઉપકારજી;
દેવ ભલે આ દીકરી દીધી, સફળ થયો અવતારજી.૧૨

પદ ૧૦ મું—દેશી ૬ ઠ્ઠી.

મળી માતપિતા મુખ બોલેરે, દેવ ભલે દીધી દીકરી;
ઘેર રાંક રતનને તોલેરે, દેવ ભલે. ૧
ઉપજાવે આનંદ એવીરે, દેવ ભલે;
જાણીશું જીવ જેવીરે, દેવ ભલે. ૨
સાચવશું સારી રીતેરે, દેવ ભલે;
પાલણુ કરીં પૂરણુ પ્રીતેરે, દેવ ભલે. ૩
નેણાં હરખે છે નરખીરે, દેવ ભલે;
શોભે સુરકુંવરી સરખીરે, દેવ ભલે. ૪
ધન્ય ધન્ય અવતાર અમારોરે, દેવ ભલે;
પરિપૂરણુ પાડ તમારોરે, દેવ ભલે. ૫
ધન્ય ધન્ય ઘડી ને દહાડોરે, દેવ ભલે;
ઉજળો અવસર દેખાડ્યોરે, દેવ ભલે. ૬
મોતીડે મેહુલા વુઠયારે, દેવ ભલે;
ત્રિભુવનપતિ અમને તુઠયારે, દેવ ભલે. ૭
સોનાના સૂરજ ઉગ્યારે, દેવ ભલે;
મનનાજ મનોરથ પુગ્યારે, દેવ ભલે. ૮
દિલ દિલ લાખ દિવાળીરે, દેવ ભલે;
મન ભાવતીનું મુખ ભાળીરે, દેવ ભલે. ૯
રંગે રૂડી ને રૂપાળીરે, દેવ ભલે;
દેખાશે ડહાપણુવાળીરે, દેવ ભલે. ૧૦
ભણુતર ભણુશે ભલી ભાતેરે. દેવ ભલે;
સદ્‌ગુણી સખીયો સંઘાતેરે, દેવ ભલે. ૧૧
કીરતી કવિ મુખ કહેવાશેરે, દેવ ભલે;
ગણિ ગણિ લોકો જશ ગાશેરે, દેવ ભલે. ૧૨

પદ ૧૧ મું—દેશી ૧ લી.

વિપ્રે તે પુત્રાનું પાડયું, વિરજા કુંવરી નામ,
ગુરુજી પુત્રી પામ્યા તેથી હરખ્યું આખું ગામ. ૧
ચંદ્રકળા દિનદિન વાધે તેમ, વધવા લાગી બાળી;
તન મન ધનથી માત પિતા, તેને રાખે સંભાળી. ૨
ચાર વરસની વય થાતાં, નિશાળે ભણુવા મૂકી;
એક વરસમાં અતિશય શીખી, ચિત્તથી જાય ન ચૂકી.૩
રાજકુમારી કરતાં તે, દીસે ઝાઝી રૂપાળી;
એની તુલ્ય થાય અપ્સરા, ભૂપ રહે સઉ ભાળી. ૪
પાંચ વરસની વય થઇ પણુ તે, આઠ વરસની લાગે;
ઉત્તમ કુળના પણુ આવીને, એ કન્યાને માગે. ૫
સ્વામી આગળ સાધવી કહે છે, સુણો ભલા ભરથાર;
આજ આપણી વૃદ્ધ અવસ્થા, તનનો નહિ નિરધાર.૬
બહુ લાખેણો લાવો લઇએ, પુત્રીને પરણાવી,
સારો દહાડો નજરે જોઇએ, સગાં સરવ તેડાવી. ૭
મંગળ પગરણુ માંડીને, નિજ નાત બધી નોતરીયે;
નાણું ખરચી હાથ ઠારીયે, કિરતી પ્રસિદ્ધ કરીયે. ૮
એવો દહાડો કદી ન દીઠો, મેં આખા ઉમ્મરમાં.
માટે તે જોવાની મુજને, ઇચ્છા છે અંતરમાં. ૯
મોટી થાતાં ઉંચા કુળનો, વર સાંપડશે ક્યાંથી;
એવા વર તો પરણી બેસે, ન્હાની ઉમરમાંથી. ૧૦
મોડ બાલી રામણુ દીવો લઇ, હું કદીએ નવ ચાલી;
કશીએ લહાણુ કદી નવ લીધી, જનમો જગમાં ઠાલો ૧૧
એ રીતે વિચાર કહ્યો તે, નાથે મનમાં લીધો;
ઉત્તમ કુળનો વર શોધી, પુત્રીનો વિવાહ કીધો. ૧૨

પદ ૧૨ મું—દેશી ૪ થી.

વળતી વીવા કર્યો રૂડો વર જોઇ,
મનમાં એમ જાણે માત તાત, ઉત્તમ દહાડો આજનો,
લગ્ન દિવસ જોઇ નીરધારીયો,
ભલાં વસ્ત્ર વહોર્યાં ભાત ભાત. ઉત્તમ. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘણા સોનાના ઘાટ ઘડાવીયા,
ધામ રંગી કર્યાં ઝાતકાર. 　ઉત્તમ.
કંકુ છાંટી કંકોતરી મોકલી,
સગાં સ્નેહિ તેડાવ્યાં અપાર. 　ઉત્તમ. ૨
રચી મંડપની રચના ઘણી,
દેખી દેવ રહે મોહ પામી; 　ઉત્તમ.
પ્રજા સહિત રાજાની સહાયતા,
પછી શોભામાં શી રહે ખામી. 　ઉત્તમ. ૩
નાણું ખરચતાં કસર કરી નહીં,
જાણી ધન્ય ઘડી ધન્ય વાર; 　ઉત્તમ.
ફરી ફરીને આ અવસર નહિ મળે,
એમ જાણી થયા છે ઉદાર. 　ઉત્તમ. ૪
જાન આવી જયારે ઘર આગણે,
હોંશે વરસાવ્યા મોતીના મેહ; 　ઉત્તમ.
ચાલી પ્રીતથી પ્રેમદા પોંખવા,
થાય દંપતિ પુલકિત દેહ. 　ઉત્તમ. ૫
આવ્યા સાજનમાં સુબા સાહેબો,
આવ્યા ઉમદા અમીર વજીર; 　ઉત્તમ.
રાણી સહિત રાજાજી પધારીયા,
મોટા જનથી ભરાયું મંદિર. 　ઉત્તમ. ૬
હાથી ઘોડાની હાર ઉભી રહી,
રથ પાલખીના નહિ પાર; 　ઉત્તમ;
કન્યાદાન દિધું ઘણા કોડથી,
સારા સારા સજ્યા શણગાર. 　ઉત્તમ. ૭
મોડ ઘાલી ચાલી નારી મલપતી,
કોડે ચોરીમાં પીરસ્યો કંસાર; 　ઉત્તમ;
જાણે સ્વર્ગના સુખની સીમા મળી,
પામ્યાં હરખ હજાર પ્રકાર. 　ઉત્તમ. ૮
ભાત ભાતનાં ભોજન આપીને,
ઘણી જુગતે જમાડી છે જાન; 　ઉત્તમ;
પછી નાત આખી ઘેર નોતરી,
પ્રેમે પીરસ્યાં ભલાં પકવાન. 　ઉત્તમ. ૯
લાણું કરીને શોભા લીધી લોકમાં,
એવું કોણુ બાજે કરનાર; 　ઉત્તમ;
પછી જાનને કીધી પહેરામણી,
નાણાં ખરચ્યાં હજારો હજાર. 　ઉત્તમ. ૧૦
નિત્ય પ્રત્યે નચાવી છે નાયકા,
કરે ગાયક કિરતીનું ગાન; 　ઉત્તમ;
જાણે મારા સમો જન કોઇ નહીં,
ભલા સુજને તુઠયા ભગવાન. 　ઉત્તમ. ૧૧

નર નારી તેઓ નથી જાણુતાં,
બીજે દિવસ શો બનશે બનાવ; 　ઉત્તમ;
જુઓ ગહન ગતિ છે ગોવિંદની,
તેનો કોઇ ન કળી શકે ભાવ. 　ઉત્તમ. ૧

ભાગ ૨ જો.

પદ ૧૩ મું—દેશી ૭ મી.

ગમ ન પડે નરને, ગોવિંદની ગતિ ન્યારી;
અકળ કળા ઇશ્વરની એમાં શું સમજે સંસારીરે. ગમ ટેક
ઉજળો દિન દેખા જન જાણે, ન્યાલ થયો આ ટાણે;
કાલ દિવસ કેવો દેખાશે, એ તો ઇશ્વર જાણેરે. ગમ. ૧
પુત્ર જનમ પામ્યાથી પ્રાણી, જીવમાં હરખે જોઇ;
પલક બાર પછી શું નીપજશે,કળી શકે નહિ કોઇ. ગમ.૨
રૂડી રસોઇ તૈયાર કરીને, ભોજન પીરસ્યાં ભાણે;
ભાગ્યવિના ભોજન કરવાની,આશા ફોકટ આણેરે.ગમ.૩
ચૂનાબંધ હવેલી ચણાવે, જોવા લાયક જેવી;
વાસ્તુ દિન વૈકુંઠ સિધાવે,ઇશ્વરકૃત ગતિ એવીરે. ગમ. ૪
મોટા મોટા મનસૂબા કરી, મોટાં પરગણુ માંડે;
જાણે નહિ જે જમના કિંકર, કાલ પકડશે કાંડેરે. ગમ. ૫
ખારા રણુનાં ખુબ ઝાંઝવાં, ભાળો નહિ ભરમાવું;
દુનિયાનાં સુખ એવાં દેખા, ફોકટ શું ફુલાવુંરે. ગમ. ૬
સાંસારિક સુખ સ્વપના જેવાં, નહાં ભરૂસો ઝાઓ;
સુખ પામી મગરૂર થવું નહિ,દુખદેખા નવ દાઝોરે.ગમ.૭
મુઠીમાં જે હવા ભરા તે, વહા જતાં શી વાર;
અવશ્ય જાણો એહ તરેહનો,સપનો છે સંસારરે. ગમ. ૮
પળમાં છાંયો પળમાં તડકો, જગમાં જેમ જણાય;
રાજા પળમાં રાંક બને છે, રાંક બનેછે રાયરે. ગમ. ૯
એક ઘડી આનંદ વધે અને, એક ઘડામાં શોક;
એકની સ્થીરતા નથિ અંતે, ફળ તેનાં છે ફોકરે. ગમ.૧૦
કરી શકીયે તે ઉપાય કરવા, અંતે સઘળું સહેલું;
ઇશ્વરની ઇચ્છા પ્રમાણે,જેમ રાખે તેમ રહેવુંરે. ગમ.૧૧
સુખને છેડે દુખ દેખાશે, સુખ છે દુખને છેડે;
દિવસ પછી રજની દેખાશે, દિન છે રજનીકેડેરે. ગમ.૧૨

પદ ૧૪ મું—દેશી ૧ લી.

ગુરૂએ પુત્રી પરણાવી પણ, જાન વિદા નથી કીધી;
પહેરામણી પરિપૂર્ણ કરીને, લાયક કિરતી લીધી. ૧

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

કાંકણુ દોરા વરકન્યાને, છે હાથે નથી છોડયા;
વરને કંકુ ચંદ્ર કરીને, ચોખા છે માંહિ ચોડયા. ૨
ભલી ભાતે ભોજન આપીને, કરશે જાન વિદાય;
એવામાં બાળકની ટોળી, પાદર રમવા જાય. ૩
વર અણુવર તે સાથે ચાલ્યા, ગયા વડી વાડીમાં;
રમત ભલી ત્યાં રમવા લાગ્યા, ઝાડતણી ઝાડીમાં. ૪
કેને માથે દાવ મૂકવો, તેનો કર્યો વિચાર;
અવાવરૂ ઊંડો પાણીનો, કૂપ હતો તે ઠાર. ૫
તે પહોળો ત્રણ હાથ હતો, જોઇ એવો કર્યો ઠરાવ;
સાતવાર જે કૂદી ન શકે, તેને માથે દાવ. ૬
બીજા બાળક કૂદી ગયા પછી, વરનો આવ્યો વારો;
ચારવાર કૂદી ગયો પછી ચૂકયો ચોટ બિચારો. ૭

પથ્થર સાથે માંથુ ફુટયું, થયો લોહી લોહાણુ;
પડયો ઉંડા પાણીમાં ત્યાંતો, પળમાં નિકળ્યો પ્રાણ. ૮

બાળક બીજા બૂમો પાડે, બાગવાન સુણી આવ્યા;
જોઇ કરી પછી પાછા જઇને, લાંબી રાશો લાવ્યા. ૯

અંદર ઉતરીને તદબીરથી, મડદુ કાઢયું બહાર;
ત્યાંતો ગુરૂના ઘરસુધી, પહોંચ્યો ત્યાંનો પોકાર. ૧૦

રાંધી રસોઇ ધરી રહી ને, વાડી ભણી સઉ ધાયા;
જઇને જોયું ત્યાંતો દીઠી, પ્રાણ વિનાની કાયા. ૧૧

તે મડદુ ત્યાંથી પરબાર્યું, લઇ ગયા સમશાનઃ
ગુરૂજી તો ગભરાઇ ગયા, જ્યાં કથન પડયું તે કાન. ૧૨

પદ ૧૫ મું—દેશી ૮ મી.

હાહાકાર થયો ઘેર ઘેર,
એ તો કહેવાયો કાળો કેર;
હડતાળ પડી હાટે હાટે,
ઘણા લોક રૂએ વાટે ઘાટે. ૧

સગા વહાલા ને શહેરના લોક,
ગયા પાછળ મૂકતા પોક;
નરનારિયો વૃદ્ધ ને બાળ,
લાગ્યાં કલ્પાંત કરવા તે કાળ. ૨

અંગં રાજાએ એ વાત જાણી.
રોવા લાગિયાં રાજા અને રાણી;
વેન પંડે ગયો સમશાન,
દીઠા સઉને શોકાતુરવાન. ૩

કંઇકે રોઇ ને કરી આંખો રાતી,
કંઇક કરથકી કુટે છે છાતી;
કંઇકે મૂકેલા હાથ કપોળે,
આજ ગજબ થયો એમ બોલે. ૪

પરણેતરને થયા દિન પાંચ,
આવી એવામાં મોતની આંચ;
બેઠો પુત્રીનો બાપ ત્યાં રડવા,
લાગ્યો બળતી ચિતા મધ્યે પડવા. ૫

ચિતા સમીપ ગયો જ્યારે ચાલી,
વેને ઝડપથી રાખિયો ઝાલી;
ઝાલતાં પણ નવ રહે ઝાલ્યો,
ચિતા તરફ જોરે જાય ચાલ્યો. ૬

દેખી વેન વિશેષ મુંઝાયો;
પામ્યો સઉનાથી ખેદ સવાયો;
કદીયે દીઠેલ નહિ એવો ઘાટ,
તેથી તેને થયો ગભરાટ. ૭

શબ દહન કરી કર્યું સ્નાન,
ભૂલ્યા ગુરૂજી તો શરીરનું ભાન;
ચાલ્યાં પુરમાંહી પુરૂષોને રામા,
ગુરૂજી દોડે સમશાન સામા. ૮

લોકો જઇને તેના હાથ ઝાલે,
સાથે લઇને શહેરભણી ચાલે;
એમ ઘર સુધી લાવિયા ઘેરી,
રૂએ ને કૂટે રામા ઘણેરી. ૯

જોવા લોકો મળ્યા ટોળે ટોળે,
આંસુ પાડે ને ચક્ષુઓ ચોળે;
કંઇક કહે આ તો થયુ અતિ અવળું,
[1]સુતા સુઇ હોતતો આથી સવળું. ૧૦

કંઇક કહે આતો દૈવનો કોપ,
રોપ્યો આજથી દુઃખનો રોપ;
ત્યાં તો ત્રાહ ત્રાહની પડે તાળી,
લોકો કકળે તે કન્યાને ભાળી. ૧૧

સાસુ રોઇને કહે હો સલુણા,
ગયો કયાં તું પ્રવાસી પરૂણા;
આમ તરત જવુ હતું તારે,
શિદ આવ્યોતો આંગણે મારે. ૧૨

પદ ૧૬ મું—દેશી ૯ મી.

શીદને આવ્યો મારે આંગણે, હો સલુણારે;
દગો દઇને ગયો દૂર દેશ, પ્રવાસી પરૂણારે;
નિશદિન તારા નામની, હો સલુણારે;
હોળી હઇયામાં બળશે હમેશ. પ્રવાઃશી.

---

૧ દીકરી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દાવ વાળ્યો કિયા દિવસનો, હો સલુણા રે;
કિયા ભયનું તે વાળ્યું આ વેર, પ્રવાસી.
નવ નિધિ છતાં આજથી, હો સલુણારે;
મારા સુખમાં તે નાંખ્યું ઝેર. પ્રવાસી. ૨
ધિક ધિક આ હવે જીવવું, હો સલુણારે;
ખળ્યો ઉત્તમ આ અવતાર. પ્રવાસી.
ધિક સુખપાલની સાહેબી, હો સલુણારે;
ધન મિલકતને ધિક્કાર, પ્રવાસી. ૩
કાળજું કાપ્યું તેં કારમું, હો સલુણારે;
આખો ભવ નહિ ઘાવ રૂઝાય, પ્રવાસી.
વૈદ વારૂ નથી એહનું, હો સલુણારે;
કદી આ નહિ લાહ્ય ઓલાય, પ્રવાસી. ૪
છળ કરીને મને છેતરી, હો સલુણારે;
માર્યો ગેબી ગોળીનો ઘાવ, પ્રવાસી.
વેર તું વાળવા અવતર્યો, હો સલુણારે;
લાગ દેખીને દીધો દાવ, પ્રવાસી. ૫
દુઃખે દહાડા કેમ કાઢશે, હો સલુણારે;
મારી લાડકી લાડકવાઇ, પ્રવાસી.
દયા આવી નહિ દૈવને, હો સલુણારે;
કયાંથી આવ્યો આ કાળ કસાઇ, પ્રવાસી. ૬
ઘડપણમાં ગભરાવીયાં, હો સલુણારે;
મારા પળીયાંમાં નાંખી ધૂળ, પ્રવાસી.
દુખ દરિયામાં ડુબાવીયાં, હો સલુણારે;
મારા મનખાનાં કાપ્યાં મૂળ, પ્રવાસી. ૭
સ્વર્ગનું સુખ મારે હતું, હો સલુણારે;
હું તો મનમાં હતી મગરૂર, પ્રવાસી.
આવો દિવસ વળી આવવો, હો સલુણારે;
ન હોતી જાણુતી જરીએ જરૂર, પ્રવાસી. ૮
છતી વરતીએ ઉજડ વળ્યું, હો સલુણારે;
છતે અન્ને પડયો મહાકાળ, પ્રવાસી.
દરીદ્રિ થયાં છતાં દોલતે, હો સલુણારે;
વણુ આગે લાગી આ તો ઝાળ, પ્રવાસી. ૯
પુત્રી પામી હોત મરણુ તો, હો સલુણારે;
વરસ એકમાં વિસરી જાત, પ્રવાસી.
સમજી બેસત મન વાળીને, હો સલુણારે;
મને આટલું દુઃખ ન થાત, પ્રવાસી. ૧૦
મોત થયું હોત માહરૂં, હો સલુણારે;
ભલી ભાગ્યશાળી કહેવાત, પ્રવાસી.
પેખવું પડત ન આટલું, હો સલુણારે;
સુણુવી ન પડત આ વાત, પ્રવાસી. ૧૧
રિદ્ધિ—હવે કશા કામની, હો સલુણારે;
મારૂં જીવતર શી રીતે જાય, પ્રવાસી.
આ વેદના કેમ વીસરે, હો સલુણારે;
મને શાંતિ શેણે કરી થાય, પ્રવાસી. ૧૨

પદ ૧૭ મું.

રાગ ઉપર પ્રમાણે.

ધાડ આવી જમરાયની, હો શું કરવું રે;
ભર્યા શહેરમાં પાડી ભેળ, મારે હવે મરવુંરે.
વાડી વિખેરી ઉજડ કરી, હો શું;
ગુડી દુશમને કાચી કેળ, મારે હવે. ૧
દરિયા વચે વહાણુ ડુબીયું, હો શું;
ખુટયા ખારવા કીધાં ખુવાર, મારે હવે.
રણુ વગડામાં રિપુ મળ્યા, હો શું;
લુંટી સાસરવાસણી નાર, મારે હવે. ૧
માંડવો માંડયો વિખાઇ ગયો, હો શું;
લીલે તોરણે લાગી લ્હાય, મારે હવે.
ફૂટયાં ચોરીનાં માટલાં, હો શું;
કેમ દાઝ આ તે ઓલવાય, મારે હવે. ૩
કાળ કસાઇ કયાંથી આવીયો, હો શું;
માર્યો નિરપરાધી મોર, મારે હવે.
રિધ સિધ સર્વે રોળાઇ ગઈ, હો શું;
મારાં નિર્મળ કર્મ નઠોર, મારે હવે. ૪
સાગર સુખનો સુકાઇ ગયો, હો શું;
ખાઇ હમક ઉડી ગયા હંસ, મારે હવે.
દૈવ રૂઠયો મારા ઉપરે, હો શું;
કૃષ્ણુ[1] શિર જેમ કોપ્યો કંસ, મારે હવે. ૫
સોનાની લંકા લુંટાઇ ગઇ, હો શું;
સુખ સિંધુ થયો ખારો ઝેર, મારે હવે.
છળ કરી મસ્તક છેદીયું, હો શું;
કટ્ટા વેરીયે વાળ્યું વેર, મારે હવે. ૬
દુઃખ માંહી પડી દીકરી, હો શું;
તેં તો કાંઇ ન લડાવ્યાં લાડ, મારે હવે.
અમૃત જાણીને વાવીયાં, હો શું;
ઉગ્યાં જન્મથી ઝેરી ઝાડ. મારે હવે. ૭
મેં ન વળાવી સાસરે, હો શું;
સારા સજ્યા નહીં શણુગાર, મારે હવે.
સમય દીઠો ન સીમંતનો, હો શું;
મેં ન કીધું મોસાળું સાર, મારે હવે. ૮

૧ ગત કલ્પના કૃષ્ણુ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દૌહિત્ર મેં નવ દેખીયો, હો શું;
મેં તો લીધાં નહીં કશાં લ્હાણ; મારે હવે.
મનની ઇચ્છા મનમાં રહી, હો શું;
મારા પરવશ પડીયા પ્રાણ, મારે હવે. ૯
કંકુ હતું તે કાજળ થયું, હો શું;
થઇ નાડાછડી કાળી ઊન, મારે હવે.
પૂરણ પાપ આવી મળ્યાં, હો શું;
મારૂં પરવારી ચૂકયું પુણ્ય, મારે હવે. ૧૦
કુંવર કલૈયો કપાઇ પડયો, હો શું;
હું તો દેખુંછું ઉજ્જડ દેશ, મારે હવે.
ઝાંખી દિશાઓ દિસે મને, હો શું;
હું તો અલ્પ ન દેખું ઉજેશ, મારે હવે. ૧૧
ઘરમાં મને ગમતું નથી, હો શું;
મને ભાસે ભવન ભયંકાર, મારે હવે;
જીવ્યામાં સુખ જરીયે નથી, હો શું,
હું તો નહિ કરૂં અન્નઆહાર, મારે હવે મરવુંરે. ૧૨

દોહરો.

પછી પિતા પુત્રીતણો, કહે કથન તે કાળ;
કોઇ કદી ન વરાવશો, બાળપણામાં બાળ.

પદ ૧૮ મું—દેશી ૧૦ મી.

બાળપણમાં બાળનાં, નવ કરવાં લગન:
જો કરીએ જાણી જોઇને, વડું ઉપજે વિઘન. બાળ.૧
જેમ આંબે મોર જેટલી, ધારે કેરીઓ કોઇ;
વિશ્વાસથી વકરો કરે, રહે અંતે તે રોઇ; બાળ. ૨
જો કદી જોડું તે ઉછરે, નાવે મળતો સ્વભાવ;
આખી ઉમરમાં એહને, દીસે દુઃખનો દેખાવ. બાળ. ૩
અણુ બનતીતણો એહને, જ્યારે ઉપજે અંકોર:
એ માનનીના મુખની, ગાળો ખાય છે ગોર. બાળ. ૪
સમજણ કાચી શીશુપણે, નહિ મનસ્થિર ઠાર;
કહો તેને કેમ કરાવીએ, આખી વયનો કરાર. બાળ. ૫
અગ્નિરૂપે ઇશ્વર ગણી, જે [૨]કરાવ્યો જમાન;
શું સમજે શિશુ બાપડાં, જેને જરીએ ન જ્ઞાન. બા. ૬
માબાપની મુરખાઇનો, એતો છે આડો આંક;
વાંકું થએ પછી વેવલાં, કાઢે કર્મનો વાંક. બાળ. ૭
લહાવો લેવાની લાલચે, કઇક લાજને કાજ;
આંખો મિચીને ઊંડે કુવે, પડે કરી પતરાજ. બા. ૮

૧ દીકરીનો દીકરો. ૨ ચોરીમાં હોમ કરીને અગ્નિ દેવને જમાન આપે છે કે અમે એક દીલથી ચાલીશું.

પાછળ શું પસતાઇએ, એવો કરીને અનર્થ;
પાણી પીને ઘર પૂછીએ, એથી શું સરે અર્થ. બા. ૯
સંકટ દેખી સુતાતણું, કરે બાપ વિલાપ;
માતા મુખે મહા દુઃખના,શબ્દ ઉચ્ચારે આપ. બાળ.૧૦

પદ ૧૯ મું—દેશી ૧ લી.

રાજ ગુરૂને ગુરૂપત્ની, નીશ વાસર કરે વિલાપ;
ખાય નહીં અને પીયે નહીં, તનમાં ઉપજે પરિતાપ. ૧
પાંચ દિવસ ઉપવાસ થયા, પણ કર્યું નહીં જળ પાને;
સમજાવા જન જાય ઘણા પણ, કોઇનું કહ્યું ન માને.૨
અંતર નિશ્ચય એમ કર્યો જે, અનશન વ્રત લઇ મરવું;
આ દુઃખ નહિ ઓછું થવાનું, જીવીને શું કરવું. ૩
રાજા અંગ ને સુનિથા રાણી, મળી ગયાં સમજાવા;
તોપણ ગુરૂજી ને ગુરૂપત્ની, ખચિત ન બેઠાં ખાવા. ૪
કંઇક જનો ગુરૂજીને લીધે, આપ કરે ઉપવાસ;
રૈયતમાં ગભરાટમાં ઉઠયો, અને અતિશય ઉપજયો ત્રાસ.૫
પાંચ વરસની પુત્રી તે, નથી વસ્ત્ર પહેરવા શીખી;
એટલામાં રંડાપો આવ્યો, વાત અઘાત સરીખી. ૬
કહે ગુરૂ અમે નજરે દીઠો, પ્રલયકાળ પ્રત્યક્ષ;
જીવવાનું અમને નથી ગમતું, ભાવે નહિ હવે ભક્ષ. ૭
બહુ દિન ખાધું બહુ દિન પીધું, બહુદિન સુખ ભોગવીયાં;
છેલ્લી વારે કર્મ સંજોગે, આવાં દુઃખ અનુભવીયાં. ૮
દેહ તજી આ દુનિયામાંથી, હવે જશું પરલોક;
વચન તમારા વ્યર્થ જશે, કયણી નવ કરશો ફોક. ૯
અંગ કહે ગુરૂ એમ ન કરવું, છો તમે સમજુ શાણા;
શું ઝાઝું તમને કહીયે, અમે શિષ્ય સરવ કહેવાણા.૧૦
તમે ગુરૂ બીજા સઉને, સમજણ દઇ સમજાવો છો;
માટે તમને ઘટે આવી, જે દીલગિરી લાવોછો. ૧૧
અહો ગુરૂ કદી પણ કશી વાતે, મુંઝાઇ નવ મરીએ;
વિષમ મહા વિપતી વેળાએ, ધીરજ અંતર ધરીએ.૧૨

પદ ૨૦ મું.—દેશી ૭ મી.

વિપતી વેળાએ,
ધીરજ અંતર ધરીએ;
કોટિ પ્રકારે કષ્ટ પડે પણ,
મુંઝાઇ નવ મરીએરે. વિપતી. ટેક.
ઇશ્વરની ઇચ્છાથી આવે,
સુખ દુઃખ તે તો સહીએ;
મરવાથી મટનાર નથી,
રૂદયમાં સમજી રહીએરે. વિપતી. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કદી કોઇ કારાગ્રહમાંથી,
છળ કરી છાનો છૂટો
બહુ વિધ બળીઓ રાજ બમણો,
ક્રોધ કરીને કુટેરે. વિપતી. ૨

ઇશ્વરની ઇચ્છા આગળથી,
છળથી કેમ છૂટાશે;
ઘર લૂંટ્યાનું સુણિ ઘર આવ્યે,
ખૂબ ખાસડાં ખાશેરે. વિપતી ૩

ધણીએ જે કરવાનું ધાર્યું,
મિથ્યા શાથી થાશે;
અખિલ સ્થળે એનોજ અમલ છે,
જીવ નાશી ક્યાં જાશેરે. વિપતી. ૪

સીતા[૧] સરખી શુદ્ધ સતીને,
પકડી ચાલ્યો પાપી;
દ્વાદશ વર્ષ વશ્યા દુઃખમાં,
નિજ તન નહિ તજ્યું તથાપિરે. વિપતી. ૫

પંચ વચ્ચે પંચાળીનાં પટ,
તુચ્છમતિએ તાણ્યાં;
રૂડી સતીએ ધીરજ રાખી;
અકાળ મોત ન આંણ્યાંરે. વિપતી. ૬

લાજ ઘટે સુખ સાજ ઘટે,
કે રાજ ઘટે કદી રૂડું;
દેહ વિષે મહા દુઃખ પડે કે,
કલંક આવે કદી કુડુંરે. વિપતી. ૭

મોટા મોટા ને માથે પણ,
આપદ પડીયાં એવાં;
પાપતણાં ફળ આપતણાં તે,
લેખે ગણીને લેવાંરે. વિપતી. ૮

જોઇ બાળક રડતું જનનીને,
આંખે આસું આવે;
પણ તેના તનનો મળ તે તો,
ધોઇ પછી ધવરાવેરે. વિપતી. ૯

એમજ ઇશ્વર શિક્ષા આપી,
સઉને શુદ્ધ કરે છે;
સમજુ જન સમજીને સાંખે,
મૂરખ રોઇ મરેછેરે. વિપતી. ૧૦

રોઇ રોગીની કાયા કાપે,
વૈદ ભલુંજ વિચારી;
એમજ આપણને ઇશ્વર જે,
કરશે તે સુખાકારીરે. વિપતી. ૧૧

માતાના સ્તનમાં પય મેલ્યું,
સઘળું કીધું સવળું;
દલપતરામ કહે દુનિયાનું,
એ કેમ કરશે અવળુંરે. વિપતી. ૧૨

પદ ૨૧ સું—દેશી ૧ લી.

પટરાણી ગુરૂપત્ની પાસે, વળતી બોલી વાણી;
જરીએ દુઃખનો અંત ન જાણ્યો, અંત દેહનો આણી.૧
કરતારે ધાર્યું કરવાનું, તે નહિ મિથ્યા થાય;
તનરૂપી અંબર તજવાથી, જીવતી પીડા ન જાય. ૨
દુનિયામાં કેટલાક દુઃખ તો, હરિ ઇચ્છાથી આવે;
કઇક દુઃખ તો પ્રાણી પોતે, અણસમજ્યાં ઉપજાવે. ૩
કરવાથી કુપથ્ય કાયામાં, વધે રોગનો રોષ;
આપે દુઃખ ઉપજાવ્યું એમાં, દૈવતણો શો દોષ. ૪
બાવળિઆ આંગણીએ રોપે, શૂળો પગમાં વાગે;
એમાં કોનો વાંક કહાઢીએ, કહીએ કેની આગે. ૫
ઉનું ખાતાં મુખમાં દાઝે, તે પોતાની ભૂલ;
કઠણુ ઉપાને[૧] પગ પીડાયે, તે પણ તેની તુલ્ય. ૬
બાળપણે બાળક પરણાવે, ઉપજે ફળ પછી આવું;
કહો પછી તે કષ્ટ થવામાં, કોનો વાંક ગણાવું. ૭
રોગ થયો ને ઓષડ ન કરે, વાંક કરમનો કહાડી;
મહીમંડળમાં મુરખ એવા, દુઃખ વેઠે છે દહાડી. ૮
છતે ઉપાયે સંકટ સાંખે, એ પણ મુરખ એવો;
વિવેક સહિત વિચાર વિના કદિ દૈવને દોષ ન દેવો. ૯
મર્મ વચનમાં મહારાણીએ, સરવે સાર જણાવ્યો;
પણ તે વિચાર ગુરૂપત્નીના, અંતરમાં નહિ આવ્યો.૧૦
રૂએ કુટે મસ્તક પોતે, પછાડે પછાડ પૃથ્વી સાથ;
સુનિયાયે પછી ત્યાં સંભળાવી, ગરૂડ પુરાણની ગાથ.૧૧
મરનારની પાછળ રડતાં, લાભ નથીજ લગાર;
આપણને પીડા ઉપજે, મહાદુઃખ પામે મરનાર. ૧૨

પદ ૨૨ મું—દેશી ૭ મી.

વાહાલાની વાંસે રાગ તાણી નવ રોવું;
જેથી તેને જંપ ન ઉપજે, જીવમાં સમજીજોવુંરે.વા.ટે.
ગોવિંદજીએ કહ્યું ગરૂડને, કુટે રડે કોઇ;
મરનારને મહા દુઃખ ઉપજે, ધરે નિસાસા રોઇરે. વા.૧

૧ સીતા, દ્રૌપદી વગેરેની વાતો કલ્પ ભેદ જાણવી.

૧ ખાસડાંઓ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લીંટ લાળને આંસુ ઝરે, તે, જમચર પાય પરાણે;
રારવ મહારૌરવના દુઃખથી,એ દુઃખ અદકુ જાણેરે. વા. ૨
ક્રોધ છાતી કૂટે શિર કૂટે, ખૂંટે કેશજ હાથે;
એ સઘળી પરિપૂરણ પીડા, મરનારને માથેરે. વા. ૩
લોક વખાણે કે ન વખાણે, તે સઉ સાંખી રહિએ;
જો હઇયામાં હેત વધે તો, દુઃખ તેને શિદ દઇએરે.વા.૪
શત્રતા સંપૂરણ હોય તો, રડો કુટો ન વિચારો;
જીવતાં વેર મળી ન શકેતો,મરતાંને વળી મારોરે.વા.૫
કુટવા થકી જો કંઇ દેખો તો, કુટો લઇને પાણો;
શા માટે તમે કુટી શરીરમાં, રોગઉપાધિ આણોરે.વા.૬
એવી શોભા મેલો અળગી, વળગી રહો નવ વહેમે;
જેથી સુખ ઉપજે એ જીવને, પુણ્ય કરોકંઇ પ્રેમેરે.વા.૭
રોશો તોપણ તે નહિ જોશો, ખોશો આંખ તમારી;
દલપતરામકહે દિલ ખોલી, માનો શિક્ષા મારીરે.વા.૮

પદ ૨૩ મું—દેશી ૮ મી.

એવી રીતે રાજા રાણીએ, કહ્યાં કથન ઘણાંવાણીએ;
તોય દંપતિ દિલગીર થાય, કરે કલેશ તે જોયોનજાય.૧
પાંચે પરધાનનેત્યાંતેડાવ્યા, એજઅવસરમાંતેઓઆવ્યા;
નરનારીનો શોક બુઝાવા,સર્વે મળીને લાગ્યા સમજાવા.૨
થાકયાસરવે જનો સમજાવી,તોયતેઓને ધીર નંઆવી;
વેન અને ગુરૂને ઘણી માયા, જીવ એક ને જુદીછેકાયા.૩
એવું જાણીનેએનેબોલાવ્યો, વેન તતક્ષણત્યાંકણેઆવ્યો;
તેનેવચનકહ્યાંમનમાન્યાં, તોય દંપતિ નવ રહ્યાંછાંનાં. ૪
સરદારો પરસ્પર બોલે, દુઃખી લોકના દાખલા ખોલે;
એક કહે જે અમારો પાડોશી, મુઓ શેઠનેજીવેછેડોશી.૫
એની પુત્રી આ રીતે રંડાઇ, નથી કાકો ભોજાઇકેભાઇ;
બહુ એવાં બન્યાં છેરે બાઇ, નથી આપણે ઘેરનવાઇ.૬
બીજો બોલીયો લાવી વિવેક, કોટિ ધ્વજશાહુકારઅનેક;
એને ઉદર છે એકજ કન્યા, આથીવધતોએનેથયોઅન્યા.૭
કન્યાદાન આનંદથી દીધું, નથી કંસાર ભોજન કીધું;
ચોરીમાં હજી પગ નથી મુકયો,પૂરોવરપરણીનથીચૂકયો.૮
વરને મુછિં આવીજએવામાં,તરતપ્રાણુતજ્યોજ તેવામાં;
કર્યો કુટુંબ બધે કકળાટ, અતિ ઉપજ્યા સઉને ઉચાટ.૯
પણ એનો નથીરે ઉપાય, દૈવ ઉપર દાવો ન થાય;
કન્યા છે સાત આઠ વરસની, નથીથઇતેહજીપુરાંદસની.૧૦
તેજ કન્યાનાં માત ને તાત, દુઃખ પામેછેદિવસનેરાત;
કુટી રોઇને કરે છે પોકાર, વળતી બોલીયો વેનકુમાર.૧૧
ખાલી રૂદન કરે પામી ખેદ, ભાઇ ભાળવો ઇશ્વરીભેદ;
કરતારે,જે નિયમ કરેલા, નથી જગતમાં કોઇથીફરેલા.૧૨

પદ ૨૪ મું.—દેશી ૧૧ મી.

કર્ત્તારે કરેલારે, નિયમો ન ફરવાના;
ઘણા લોકો ઘેલારે, રોઇને શું કરવાના. ટેક.
આગળથી એણે અતિ વિચારીને, રચનારચીછેરૂડીરીત;
સર્વને ફાવતું તો શી રીતે આવે,ખોળી જુઓ ખચીત;
સ્વારથના સાથીરે, અવળું ઉચરવાના. કર્ત્તારે. ૧
ફળ પત્ર માટે ને છાંયાનેમાટે, આંબાબનાવ્યા અધીક;
હાથીકહેજેઉંચાહોતતો સારૂં; અને બકરીકહેજેનિચાડીક;
કરતારે કેનારે, ભાળી દેહ ભરવાના. કર્ત્તારે. ૨
દિલગીર થાય કે દિલમાં ખુશી રહે, થવાનું તેજથનાર;
મળવાનું વખતે આવીને મળશે, જવા બેઠું તે જનાર;
નિયમો ન મટેરે, મરણું અવતરવાના. કર્ત્તારે. ૩
વિશ્વપતિને નથી વહાલો કે વેરી, સઉપર સરખો સ્નેહ;
સઉનું સારૂં ધારી સર્વ કર્યું છે, એમાં નથીરે સંદેહ;
ઉપાય આપ્યા છે રે, હરકતો હરવાના. કર્ત્તારે. ૪
વરસાદ વરસે ને વાટેજવું, છત્રીઓઢો નિજ શિશ;
ભીંજાયવસ્ત્ર તો ભગવત ઉપર, રૂદય ન રાખવી રીશ;
તમે કોપો તેથીરે, દેવ નથી ડરવાના. કર્ત્તારે. ૫
વાટેવટી જવાની વટેમારગુની, વાટ જુઓ જો વરસાદ;
વરસવાનો કહીએ વારોમળેનહિ, માટે બાંધીછે મરજાદ;
આઠ માસ કોરારે, વાટમાં વિચારવાના. કર્ત્તારે. ૬
તાપ પડે ત્યારે ટાઢે છાંયે જઇ, વસવું કરીને નિવાસ;
ઘરમાં ન વસે પામે ઘણું દુઃખ,તોતેકેની કહીએકચાશ;
સૃષ્ટી[1] તો સામગ્રીરે, ધરણીમાં ધરવાના. કર્ત્તારે. ૭
ટાઢ પડે ત્યારે તાપે કે ઓઢે, રાજા અને વળી રાંક;
તેમ ન કરે તો તે દુઃખ પામે, તેમાંવિશ્વપતિનો નહિ વાંક;
છે છતા ઉપાયોરે, એમાંથી ઉગરવાના. કર્ત્તારે. ૮
કોઇ પદારથ નાશ પામ્યા અનેજો તેની હોય જરૂર;
તો તેવાને તેવા બીજા તપાસો, દિલનો વહેમ તજી દૂર;
પ્રલય જે પામ્યારે, એ નથી ઉગરવાના. કર્ત્તારે. ૯
એક સ્થાનકમાં દુઃખ દેખો તો, બીજે સ્થળે રહો આપ;
જુની જગ્યા સાથે જીવ જોડીને,શિદને પામોછોસંતાપ;
હઇએ હઠ રાખીરે, નથી કોઇ ઠરવાના. કર્ત્તારે. ૧૦
ટાંકાનુ જળ ખુટે તો લાવે કુવેથી, કુવો ખુટેતોબીજે જાય;
ટાંકુ ખુટયું માટે પાણીજ નહિ પીવું,એમકહીનેઅકળાય;
એ તો મુર્ખ મોટારે, મુંઝાઇને મરવાના. કર્ત્તારે. ૧૧
છેક ઉપાય જેનો એકેનસુજે ત્યારે, ધારવી ધીરજઘણીજ;

૧ જગત.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાણવું જે કદી જગતમાં જમીનપર, હતીજ નહિ તે ચીજ.
સંસારી સંભારીરે, અર્થ નથી સરવાના. કર્તારે. ૧૨

પદ ૨૫ મું. દેશી ૧ લી.

વળતી તેણે વિવિધ પ્રકારે, ગુરૂને ધીરજ દીધી;
પણ ગુરૂએ અને ગુરૂપત્નીએ, આંખ ઉંચી નવ કીધી. ૧
વેનકુમાર વિચાર કરે જે, શો કરીએ ઉપાય;
દુઃખ વિસરીને ગુરૂના દિલમાં, શાંતિ શાથી થાય. ૨
ઉચાટ ઘણા મનમાંહિ ધડે પણ, કશું ન સૂજે કરવા;
ગુરુની પુત્રીનું દુખ પેખી, લાગ્યાં આંસૂ ઝરવા. ૩
વેન કહે એક વાત કહું જો, ગુરૂજી કરો ક્ષમાય;
આ ગભરાટ બધો મટવાનો, એકજ છે ઉપાય. ૪
પાંચ વરસની પુત્રી આ, પરણ્યાની વાત ન પ્રીછે;
તો તેનો ફરી વિવાહ કરવો, એમાં અડચણ[1] શીછે. ૫
ગુરૂ કહે ફરી લગ્ન કર્યાનો, નથી અમારો ચાલ;
તે માટે ફરી વિવાહ કરતાં, હરકત મોટી હાલ. ૬
સારિસ્વત જેવા વિપ્રો વળી, જન જે કણબી જેવા;
પુનર્લગ્ન તો એજ કરે, અમે નથી અધર્મી એવા. ૭
બનવાનું તો બનીગયું પણ, એક વાતે છે ગભરાટ;
પુત્રીનું પોષણ કોણ કરશે, એજ મને ઉચાટ. ૮
કુંવર કહે ધીરજ ધારો તો, ઉચાટ ટાળું એહ;
બેહેન ગણીને હું પાળાશ, જયાં સુધી મારો દેહ. ૯
ગુરૂ પુત્રીને પોષણ થાવા, વળી આપ્યું એક ગામ;
વિવેક વાતે ગુરૂપત્નીનું, દુઃખ ટાળ્યું તે ઠામ. ૧૦
અન્ન જમ્યાં અને જળ પીધું ત્યારે, ખુશી થયા સૌ લોક;
વેન કઇક દિવસ વીત્યે, મુકાવ્યો સઘળો શોક. ૧૧
શોભીતો સિરપાવ આપીને જમાડી કીધા તૃપ્ત;
વેનકુંવરને વાત ન વિસરે, ગુરૂથી રાખે ગુપ્ત. ૧૨

ભાગ ૩ જો.

પદ ૨૬ મું.—દેશી ૧ લી.

દક્ષિણ દેશે સંયમ પુરી, ત્યાંનો જે સરદાર;
તાત તેહ સુનિથા રાણીનો, સઉ જાણે સંસાર. ૧
એક દિવસ કાસદ આવ્યો તે, ત્યાંથી કાગળ લાવ્યો;
સુનિથાએ શિરનામું વાંચી, લઇ કાગળ વંચાવ્યો. ૨
લાયક શબ્દ લખેલા તેમાં, પ્રીત સહિત પિતાએ;
ઉલટ ધરીને એક ચિત્તથી, સર્વ સુણ્યા સુનિથાએ. ૩
રે પુત્રી પરણી ને ગઇ તું, પછી ફરી નવ આવી;
માતા પિતાનું કદી સ્મરણ તું, લક્ષવસા નહિ લાવી. ૪
મેં ફરીં મુખ તારૂં નવ દીઠું, ઉદાસ છું હું એથી,
આ કાગળ વાંચીને વહેલી, તરત આવજે તેથી. ૫
માતા તારી નિશદીન ઝંખે, મનમાં તુજને મળવા;
દેખું મુખ દૌહિત્રતણું તો, ચિંતા લાગે ટળવા. ૬
વરસ ઘણાના વિજોગ ભાગે, તો હું હયે હરખું;
પેટતણી જો પ્રજા મળે પછી, સારૂં શું તે સરખું. ૭
તુજને અહિંનાં સગાં સંબંધો, સદૈવ સઉ સંભારે;
બાળ સ્નેહી સૈએરો કહેછે, સુનિથા મળશે કયારે. ૮
મેં તુજને મનમાંહિ ગણીછે, પુત્ર થકી પણ પ્યારી;
તુજને દીઠાવિના દાઝે છે, છણુછણુ છાતી મારી. ૯
તે માટે સુતને સાથે લઇ, અહીં આવજે વેહેલી;
થોડા દિન રહીં પાછી જાજે, માસ પુરાથી પહેલી. ૧૦
જો સ્વામી સાથે આવે તો, તે વળી સૌથી સારૂં;
સારા સગા મળે અમને તો, અંતર ઠરે અમારૂં. ૧૧
આ કાગળમાં અલ્પ લખ્યાથી, અતિશય સમજી લેજે;
ઉતાવળા આવીને અમને, દિલમાં શાંતિ દેજે. ૧૨
તુજને સંભારૂં ત્યાં આંખે, આવે આંસુ ધાર:
સુનિથા સુનિથા એમ કરૂંછું, આઠ પોહોર ઉચ્ચાર ૧૩

પદ ૨૭ મું.—દેશી ૮ મી.

પત્ર હેતથી લઇ નિજ હાથે;
દાબ્યો સુનિથાએ છાતીની સાથે;
પ્રેમે આંખોમાં આવિયાં પાણી,
સ્નેહ સ્મરણથી છાતી ભરાણી. ૧

પટરાણી ગઇ પતિ પાસ,
કર્યાં વિનયનાં વચન પ્રકાશ;
સ્વામીછો મારા પ્રાણથી પ્યારા,
એક નિમિષ ન મેલું હું ન્યારા. ૨

મારાં વૃદ્ધ થયાં માત તાત,
વાસ્તે મળવાની કહાવે છે વાત;
મને આગના આપો જો આપ,
કરૂં માત પિતાનો મેળાપ. ૩

સાથે તેડીને વેન કુમાર,
મળી આવું જઇ એકવાર;
પ્રાણનાથ જો આપ પધારો,
ફળે મનનો મનોરથ મારો. ૪

---

[1] उद्वाहितापि सा कन्या नचेत्संप्राप्तमैथुना॥ पुनः संस्कारमर्हते यथा कन्या तथैव सा ॥ निर्णयसिंधौ नारदोक्तं ॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એવું સાંભળીને કહે અંગ,
મારાથી ન અવાય તુજ સંગ;
રાજ્ય સુનું કદી ન રખાય,
કેડે કંઇક ઉપદ્રવ થાય. ૫

જવા ઇચ્છા થઇ છે તમારી,
નથી રાખતો તમને હું વારી;
પણ વેહેલાં તરત જઇ વળજો,
પૂરાં બોલ પ્રમાણેજ પળજો. ૬

વીશ દિવસ વિજોગના જાશે,
વીશ વરસ મને તો જણાશે;
જેને હોય કુભારજા નારી,
તેને વેળા વિજોગની સારી. ૭

તું તો પ્રેમની પેટી છે પ્યારી,
તારી નમ્રતા વિશ્વથી ન્યારી;
તારા બોલ મધુર રસ ભરીયા,
મારા અંતર માંહિ ઉતરીયા. ૮

સાવધાન થઇને સંચરજો,
રસ્તે કુંવરનું રક્ષણ કરજો;
વળતાં વેનકુંવરને બોલાવી,
સર્વ વાત કહી સમજાવી. ૯

વળી મંત્રીને કહ્યું મહીનાથે,
સેના મારી મોકલજો સાથે;
એટલામાં આવ્યા જોશીબાવા,
જોવા બેઠા મુહૂર્ત ત્યાં જાવા. ૧૦

જન્મ પત્રિકા વેનની કહાડી,
વેને ઝડપીને તે નાખી ફાડી;
ગુરૂ પુત્રી લગન નિરધાર,
તે તમેજ હતા કરનાર. ૧૧

જન્મ પત્રી સાચી કહે કોય,
નામ વિધવા જગતમાં ન હોય;
ઢાંકી રાખો તમારાં ડાચાં,
નથી શુકન મુહુરત કંઇ સાચાં. ૧૨

પદ ૨૮ મું—દેશી ૧૫ મી.

શુકન મુહુરત સાચાં નથી, એતો ભ્રમણા છે ભાઇ;
જન્મોતરી પણ જાણજો, ઠાલી ઠગતી કમાઇ. ટેક.
સાર શુકન જોઇ સાચરે, આવે જો ખત્તા ખાઇ;
તોપણ વેહેમ ટળે નહીં, મોટી એ મુરખાઇ. શું. ૧
શોધ્યાં મુહુરત રાજશત્રુએ, બંડ કારમાં કીધાં;
વણ મુહુરતેજ વિજય કરી, રાયે ફરી રાજ લીધાં.શું.૨
શુકન જોતાં સમો જાય, જાય હાથથી બાજી;
કાંતો હિમત હટી જાય છે, તતકાળની તાજી. શુ. ૩
મુહુરત જોતાં મનુષ્યનાં, કઇનાં વણસ્યાં છે કામ;
માટે મુહુરત મેલો પડયાં, લેોને દેવનું નામ. શુ. ૪
અડચણો આડી હોય જે, એજ છે અવજોગ;
વારકવાર ન વાંચશો, આપે કરતાં ઉદ્યોગ. શુ. ૫
આ કહું છું અનુભવ થકી, નહિ મિથ્યા મમતથી;
વેહેમ તજો મારા વહાલાઓ, કરો કામ હિમતથી.શુ.૬
કઇક કહે ટાળ્યા નવ ટળે, લખ્યા છઠ્ઠીના લેખ;
તોપણ તે શોધે શુકનને, પુછેછે મીન મેખ. શુ. ૭
શોધે શરોદો શીખીને ચંદ્ર સૂરજ નાડી;
સત્ય અસત્ય શોધ્યા વિના, દંભ રાખેછે દહાડી.શુ.૮
રોગીનો રોગ મટાડવા, શોધો વૈદક સાચું;
જંત્ર ને મંત્ર જુઠા ગણી, ડાટો દંભીનું ડાચું. શુ. ૯
મૂર્ખ લોકો કરે માનતા, જાણે રોગ ઘટાડે;
દેવી દેવો નથી લાંચીયા, લાંચ લઇને મટાડે. શુ. ૧૦
માનતાથી જો મરે નહીં, તો જરવાળા સઉ જીવે;
પૂરી રચાવે પાંચસે, દીપ માળાઓ દીવે. શુ. ૧૧
ભ્રમણા ભાગો ભાઇ ભાઇયો, ઉરમાં સમજીને આમ;
ભાવે ભલે પ્રભુને ભજો, કરે પૂરણ કામ. શુ. ૧૨

પદ ૨૯ મું—દેશી ૨ લી.

એવું સુણીને અંગ કહે છે, સાંભળ સુજ્ઞ કુમાર;
વિપ્રતણું અપમાન ન કરિએ, ઉન્મત થઇ કોઇવાર. ૧
રાજ્ય બધું છે વિપ્ર વડે, વિપ્રો રઇયતમાં મુખીયા;
વિપ્રો સાથ વિષાદ કરીને, કોઇ થયા નથી સુખીયા. ૨
રઇયત આ અવસર રાખે છે, વિપ્રોનો વિશ્વાસ;
વિપ્રોને છંછેડીશ તો તું, નિશ્ચે પામીશ નાશ. ૩
સેનાપતિને વશ સેના રહે, કે ન રહે અંતરમાં;
પણ વરતી વિપ્રોને વશ છે, સઘળી આ અવસરમાં. ૪
રાજકાજના બધા કાયદા, દ્વિજવર બાંધી દે છે;
તેઓની સ્મૃતિયો અનુસારે, અધિપતિ અમલ કરેછે.૫
કોંયે અવસરે કારજ અનુકૂળ, મુહૂર્ત મતલબ એછે;
વળી ઠરેલો સમય ફરે નહિ, એ પણ ફિકર રહેછે. ૬
તે માટે વિપ્રોને પૂછી, કારજ સઘળાં કરીએ;
જો વિપ્રો અનુકૂળ હોય તો, વિચાર પાર ઉતરીએ.૭
એમ કહીને વેનકુંવરને, દ્વિજને પગે નમાવ્યો;
વાત પિતાએ સત્ય કહી એમ, વિચાર અંતર આવ્યો.૮
પછી મુહુરત મોસાળ જવાનું, વેને પૂછી લીધું;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શુભ મુહુરત રવિવારે છે, જોશીએ જાહેર કીધું. ૯
ચાર દિવસ આગળથી સેના, સજ કરવાને માંડી;
રસ્તાની સામગ્રી સર્વે, કીધી આળસ છાંડી. ૧૦
સઉને મન આનંદ ઘણો પણ, વેન રહે ઉદાશી;
મનની પીડા મનમાં રાખે, કહે ન કયાંઇ પ્રકાશી. ૧૧
જે દીઠું તે નથી વીસરતું, ગુરૂ પુત્રીનું દુઃખ;
દિલગિરિમાં નિશ દિવસ રહે અને,ઉદાસી દીસે મુખ.૧૨

પદ ૩૦ મું.—દેશી. ૮ મી.

ગુરૂપુત્રી જે રાંડેલી ફરતી, નથી વેનને વાત વિસરતી;
એકરાંડ્યાથીમનમાંહિ આણ્યું,સર્વે વિધવાનુંસંકટજાણ્યું૧
એથી ઉરમાંહિ ધારીયું આવું, કયારે પુનરવિવાહ ચલાવું;
કંઇક શેઠ અને શાહુકાર, કંઇક ક્ષત્રી શાણા સરદાર. ૨
એક એક બોલાવી એકાંત, ભાગે સર્વના મનતણી ભ્રાંત;
વેન સઉને બહુ સમજાવે, પુનર્લગ્નના લાભ બતાવે. ૩
સુણી સઉ કહે વેનકુંવર શું, વિપ્રો કરશે પછીઅમે કરશું;
વેનેવિપ્રોનેબહુસમજાવ્યા,એતોઉલટાજહઠપરઆવ્યા. ૪
ત્યારે વેને અંતરમાં વિચાર્યું,આમ તો ન બને મારૂંધાર્યું.
કંઇક રઇયત વિપ્રોથી રૂઠે,વાદ વદવા સામી થઇ ઉઠે. ૫
ત્યારે મારૂં કહેલું મનાય, વિધવાના વિવાહ કરાય;
એવો લાગ તપાસ તપાસે, કેમ વિપ્રોથી વરતી ઉદાસે.૬
એવું માંડ્યું કુસંપનું મૂળ, એથી અંતે તો ઉપજ્યું શૂળ;
વેન સમજુ હતો ઘણોસારો, પણ માણસ જાત બિચારો૭
વિધવાદુઃખ દેખીઅકળાયો,નાંખ્યોસહજસુધારાનોપાયો;
ઇચ્છા ઇશ્વરની હશે એવી, તેથી ઉપજી તેને મતિતેવી. ૮
શુભ કરવા બેઠો તે તો સાચું,પણ તે કામરહી ગયું કાચું;
જયારે હોય જુવાનીનું જોર,ત્યારે આવે ઉતાવળો તોર.૯
કુદીને કરે સાહસ કામ, કાંતો સુધરે કાં બગડે તમામ;
ધાર્યું કામ પડે કદી પાર, તો વખાણે સરવે સંસાર. ૧૦
નહિ તો નિંદા કરી કહે એમ,બાળ બુદ્ધિ વિના કરે કેમ;
જયારે જનહોયજોબનવાન, ત્યારે હિંમત હોયજુવાન.૧૧
વૃદ્ધ વયમાં હિંમત વૃદ્ધ થાય, નહિ સાહસ કામ કરાય;
સારૂં નરસું જે કામ થવાનું, જુવાનીમાં બહુબનવાનું.૧૨
શ્રોતા સાંભળજો સઉ ભ્રાંત, વળી વેનતણી કહું વાત;
વરતી વિપ્રમાં અંટસ ધરવા,વેનતદબીર લાગ્યોકરવા.૧૩

પદ ૩૧ મું.—દેશી ૧ લો.

એક સમે શુભ રાજસભામાં, ધર્મ કથા ગુરૂ વાંચે;
રાજા રાણી રાજકુંવર ત્યાં, પ્રધાન બેઠા પાંચે; ૧.
કહે ગુરૂજી જે રાજાની, પ્રજા કરે પુણ્ય પાપ;
તેમાંથી કાંઇ ભાગ ભોગવે, અધિપતિ આપો આપ. ૨.
માટે પ્રજા વિષે રાજાએ, ધર્મ પ્રવૃતિ કરવી;
અધર્મનો અટકાવ કરીને, હરકત સર્વે હરવી. ૩
એવું સુણતાં તતક્ષણ વેને, પ્રણામ કરીને પુછ્યું;
અહો ગુરૂ મને ઉત્તર આપ્યો, શિષ્ય તમારો હુંછું. ૪
કણબી આદિક કુળની વિધવા, ફરી વિવાહ કરેછે;
વૈષ્ણવ કે શિવ મારગમાં રહી, ધર્મ વિશુદ્ધ ધરેછે. ૫
સારસ્વત બ્રાહ્મણ સમજે છે, જુના અમારા ધારા;
સંધ્યા વંદન શિવપૂજન કરી, ગાયત્રી જપનારા. ૬
પુનર્લગ્ન વિધવાનાં કરતાં, પણ નથી ગણતા પાપ;
તથાપિ તેને ત્રિપદાનો, ઉપદેશ કરો છો આપ. ૭
ક્રિયા ક્રિયા કુળને શાસ્ત્રે, આપીછે આજ્ઞા એવી;
ક્રિયા શાસ્ત્રમાં લેખ લખ્યોછે, કહી શ્રુતિ છે કેવી. ૮
કહે ગુરૂ સઉ વિપ્રતણો, આચાર શાસ્ત્રમાં એક;
ચારે વરણતણા જુદા છે, વરતો એક વિવેક. ૯
પણ પરણેતરના ધારાતો, શાસ્ત્રે સઉના સરખા;
પુનર્વિવાહ કરે છે તે તો પાપી પૂરા પરખ્યા. ૧૦
વિવાહ[1] ધર્મ નથી જૂદો, શુદ્રાદિક કોઇ વરણનો;
એવાને ઉપદેશ કરે તે, મારગ પેટ ભરણનો. ૧૧
અધર્મનો પૈસો આવ્યાથી, ભૂપ પાપમાં ગરક;
એ માટે સઉ એમ કહેજે, રાજને અંતે નરક. ૧૨

પદ ૩૨ મું.—દેશી ૧૩ મી.

વેને જાણ્યું ભલો આવ્યો લાગરે,
વરતો વિપ્રને કરૂં અણુરાગરે;
એવું ધારી બોલ્યો તતખેવરે,
તમે સત્ય કહ્યું ગુરૂ દેવરે. ૧
પુનર્લગ્ન જે લોકો કરેછે રે,
મહા પાપનો ભાર ભરેછેરે.
એનો ભૂપને આવે છે ભાગરે,
એથી હરકતો નૃપને અથાગરે. ૨
કર આવે કોટી રૂપૈયાનોરે,
તોય તરતો ન થાય ખજાનોરે;
નાણાવટીને પેદાશ લગારરે;
તોય પાસે રૂપૈયા અપારરે. ૩
એનું કારણ એજ જણાયરે,
પુનર્લગ્નનું પાપ ભરાયરે;
હમણાં તો હું જઇશ મોસાળરે,
પણ પાછો આવીશ જે કાળરે. ૪

---

૧ પુનર્વિવાહ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યારે બાંધવો પાકો પ્રબંધરે,
કોઇ કરે નહિ વિધવા સંબંધરે;
સઉને કહેજો સમાચાર આવારે,
નહિ દઇએ પુનર્લગ્ન થાવારે. ૫
એતો તમને સોંપુંછું કામરે,
વાત કરજો પ્રસિદ્ધ તમામરે;
એવું સુણીંને ગુરૂજી સિધાવ્યારે,
એતો પોતાતણે ઘેર આવ્યારે. ૬
ગુરૂએ ઉંડો મર્મ ન જાણ્યોરે,
અતિ આનંદ અંતર આણ્યોરે;
તેજ દિવસથી લાગ્યા કહેવારે,
પુનર્લગ્ન થવા નથી દેવારે. ૭
બીજે દિવસ ભૂપાળનો બાળરે,
માતા સાથે સિધાવ્યો મોસાળરે;
સાથે સેના લીધી ચતુરંગીરે,
ગયો દક્ષણ દેશ ઉમંગીરે. ૮
ઘણું બખતર પાખર ખળકેરે,
અસ્ત્ર શસ્ત્ર અતિઘણું ચળકેરે;
સેનામાં વડી નોબતો વાજેરે,
જાણે ગગન વિષે ઘન ગાજેરે. ૯
ફરૂકે પચરંગી નિશાનરે,
જાણે ઓપેછે ઇંદ્રકમાનરે;
હય હણણે ને ચિત્કારે હાથીરે,
ભાલાવાળા શોભે સાથે ભાથીરે, ૧૦
વેન પહોંચ્યો મામાના પુરમાંરે;
સઉને આનંદ ઉપજ્યો ઉરમાંરે;
ત્યાં જઇ દિવસ રહ્યા દશબારરે,
સગાં વહાલાંનો મેળવ્યો પ્યારરે. ૧૧
સુનિથા મળી માત પિતાનેરે,
વેન મળીયો મામી મામાનેરે;
પછી ઘેર જવા રજા લીધીરે,
મામે સારી વિદાગિરિ દીધીરે. ૧૨

પદ ૩૩ મું.—દેશી ૮ મી.

વેનમોસાળથી પાછો વળીયો, પુરપંથે પોતાનેતે પળીયો;
હેતે હથિયારપકડયાંછેહાથે, માતાસુનિથા છેવેનનીસાથે.૧
એક કોશ રહ્યું એનું ગામ, અલ્પ દિવસ રહ્યો એવે ઠામ;
ઝુકી રહીછે ત્યાં વનતણીઝાડી,પ્રૌઢપહાડછેએકઅગાડી.૨
ત્યાંથી સુંદર સરિતા વહે છે, જોગ સાધવા જોગી રહેછે;
આંબા આદિક વૃક્ષની ઓળ, ઉપર પક્ષી કરેછેકલોલ. ૩
લીલાં ઘાસ ત્યાં ગાયો ચરેછે, શિકારી ત્યાં શિકાર કરેછે;
હરણ વાનર રીંછને હાથી, કહેતાં પાર ન આવે કહ્યાથી.૪
સિંહ વાઘ કરે મહા સોર, લીલી ભૂમિ ભાસે ચારે કોર;
છોડપુષ્પનાછે મનગમતા,બોગીભમરાઉપર દિસેભમતા.૫
વાયુ શીળો સુગંધીતવહાય, એવું દેખી બોલી સુનિથાય;
પુત્ર અહિં થોડીવાર ઉતરીયે,ફુલ ઝાડનાઝુંડમાં ફરીયે.૬
વેને માતની વાત પ્રમાણી, ઉતર્યા રાજકુંવર ને રાણી;
સેનાસઘળીયેવિશ્રામ કીધો,વેનવન જોવાચાલીયોસિધો.૭
એકે અનુચર લીધો ન સાથ, હેતે સાહ્યો સુનિથાનોહાથ;
વનમાંવિચર્યા માતુશ્રીને તંન, પુષ્પ વીણી વખાણીયુંવંન.
એવે દૂરથી આવ્યું સુણવામાં,મહા દુઃખથીરૂએકોઇરામાં;
લાગી કૌતક જેવી તે વાત,ત્યારે પુત્ર પ્રત્યે બોલીમાત.૯
અરે પુત્ર આ સાંભળ આપ, કોઇ વનિતા કરેછે વિલાપ;
હશેવ્યંતરીએ વનમાં તો, હશે જોગણી જક્ષણીકાંતો.૧૦
માટેઆપણેઅહિંથીજફરીયે,સેનાસાથે શહેરમાંવિચરીયે;
વેનકહેહુંતોજઇશતેજોવા,રામા કોણ બેઠીછે એરોવા.૧૧
માયે વેનને બહુ વિધ વાર્યો, તોય વેન તે તરફ પધાર્યો;
મેલું કુંવરને એકલો કેમ, માયે અંતરમાં ધાર્યુંએમ. ૧૨
માટે હેત ઘણું હઇએ ધાલી, માતાપુત્રની પાછળ ચાલી;
મહા હિંમતરાખીને મનમાં,વેનજાયછેચાલ્યોતેવનમાં.૧૩

પદ ૩૪ મું—દેશી ૧૦ મી.

વેન કુંવર વનમાં ગયો, સુનિથા થઇ સાથ;
નદી તટમાં નજરે પડી, એક અબળા અનાથ. વે. ૧
કાષ્ઠ ચિતા ખડકી કરી, ત્યાં કીધેલી તૈયાર;
બળી મરવાની ને બાઇને, હતી વાર લગાર. વે. ૨
અબળાએ દીઠાં આવતાં, રાણી રાજકુમાર;
શરમાઇ ગઈ મન સુંદરી, છાની રહી તેણીવાર. વે. ૩
રોઇ રોઇ આંખો રાતી થઇ, આંખે ખાડા દેખાય;
શરીરમાં હાડકાં ચામડી, જરીએ લોહી ન જણાય. વે.૪
ડોળ દેખી એના દેહનું, તરત અનુભવ થાય;
મહાદુઃખનું માર્યું માનવી, મનમાં મરવાને ચ્હાય. વે. ૫
જોતાંજ રાણીના જીવમાં, દયા ઉપજી અપાર;
અરેરે આવાં પણ દુખીઆં, દીસે દુનિયાંમોઝાર. વે, ૬
રાણીએ ચાંપી રૂદે વિષે, આપી ધીરજ અંગ;
વેનકહે બેહેન બોલ તું, તારા દુઃખનો પ્રસંગ. વે. ૭
બાઇ બોલી મારા દુઃખનું, તમારે શું છે કામ;
જાઓ તમે ચાલ્યાં મારગે, મારૂં લેશો ન નામ. વે. ૮
જે દુઃખ મટવાનો જગતમાં, નથી એકે ઉપાય;
એતો અંતરમાં રાખવું, કહેવાથી કો' શું થાય. વે. ૯

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તમથી આ દુઃખ તલ જેટલું, ઓછું ન કરી શકાય;
આકાશ તે જ્યાં તુટી પડે, કીડીથી ન ઝીલાય. વે. ૧૦
દેવ ન દુઃખ ટાળી શકે, માનવી તે કોણ માત્ર;
માટે મારે મરી છુટવું, ગોરાં બાળીને ગાત્ર. વે. ૧૧
જેની ઉપર થાય જગતમાં, કાળો દૈવનો કોપ;
શી કરે મનુષ્ય સહાયતા, થાય અમર અલોપ. વે. ૧૨
કુંવર કહે તું છું આજથી, મારી ધર્મની બેહેન;
આ દુનિયા માતા આપણી, હવે દુઃખી રહે ન. વે. ૧૩
જો તારૂં દુઃખ ન ટાળી શકું, તો તજું જીવ આપ;
નહિ તો મારે માથે માનની, પ્રલેકાળનું પાપ. વે. ૧૪
કાળજું ખોલીને કષ્ટ તું, કર તારૂં પ્રકાશ;
વગર કહે વેદનાતણો, નવ થાયે વિનાશ. વે. ૧૫
શરમ કરી જો તું રાખે તો, બ્રહ્મહત્યા હજાર;
નામ ને ઠામ સુધાં નકી, તારૂં કર તું ઉચ્ચાર.વે. ૧૬

દોહરો.

વેનતણાં વચનો સુણી, સ્ત્રી બોલી તે ઠામ;
અરે કુંવરજી હું રહું, સદા તમારે ગામ. ૧

પદ ૩૫ મું.—દેશી ૧ લી.

અરે કુંવરજી હું રહુંછું અહીં, સદા તમારે ગામ;
છું દિલની દુખીયારી મારૂં, કમળાગૌરી નામ. ૧
જન્મ ધર્યો મેં ભૃગુગોત્રી, ભાર્ગવ બ્રાહ્મણને ઘેર;
સાત વરસની વયે પિતાએ, પરણાવી શુભ પેર. ૨
બીજે વરસ બળિઆને રોગે, સ્વર્ગ ગયો મુજ સ્વામી;
રોતી હતી મુજ માતા, હું પૂરી સમજણ નવ પામી.૩
સુવાસણીનો સ્વાંગ મને, મારી માએ ન તજાવ્યો;
બહુ લડાવ્યાં લાડ પિતાએ, પ્રેમ વિશેષ જણાવ્યો. ૪
બીજી મારી બેહેનપણી, સાસરિએ જઇ આવે;
સજ્યા હોય શણગાર નિરખતાં તે મારે મનભાવે.૫
મા મુજને મોકલશી કયારે, એમ કહેતી હું જ્યારે;
મારી માની આંખે ખરખર, આંસુ ખરતાં ત્યારે, ૬
સાસુ સસરો સ્વર્ગ ગયાં, ઘર વેચી જમાડી નાત;
હું પીયરમાં રહું અને, નવ સમજુ કશીએ વાત. ૭
માત પિતા ગત થયાં, મને જ્યાં વર્ષ થયાં અગ્યાર.
બાવિશ વર્ષતણો મુજ બાંધવ, રાખે મુજપર પ્યાર.૮
પહેલું મારૂં વેચીને, ભાઇને પરણાવી નારી;
મેં જાણ્યું ભોજાઇ આવીને, સેવા કરશે મારી. ૯
પણ ઘર કામ કરાવે ને, ભોજન આપે ભોજાઇ;
સોળ વરસની હું થઇ અને, સમજણી પણ કહેવાઇ.૧૦
તેતરથ જઇ ઉતરાવ્યો મહારો, સુવાસણીનો વેષ;
માથે મુંડો કરતાં અંતર, ઉપજ્યો અતિશે કલેશ. ૧૧
પાછી આવી ઘેર નિરંતર, છણુ છણુ બળતી છાતી;
વૃદ્ધ બીજી વિધવાઓ સાથે, કથા સાંભળવા જાતી.૧૨
એક સમે સધવા વિધવાના, વિવિધ ધરમ વંચાયા;
તે સાંભળતાં તો તતક્ષણ ત્યાં, કંપી મારી કાયા.૧૩
કયી વિધવા તે કહ્યા પ્રમાણે, પાળી શકશે પ્રીતે;
સોળ વરસની વયમાં હું કેમ, રહી શકું એ રીતે.૧૪

પદ ૩૬ મું.—દેશી ૩ જી.

પ્રસન્ન કરવો નિજ પતિને, સધવાનો એજ સ્વધર્મજી;[1]
વિધવાના[2] એ ધર્મ વિશેષે, મુનિજન જાણે મર્મજી.૧
પલંગ ઉપર વિધવા પોઢે, તો તે પાપી થાયજી;
જો કદી બીજીવાર જમે તો, જરૂર નરકે જાયજી. ૨
સારાં વસ્ત્ર શરીર સજે નહિ, જેમાં કંઈ જરીયાનજી;
નહિ તો વિધવા નારી અંતે, નરકે પડેજ નિદાનજી.૩
એક દિવસ ઉપવાસ કરે, જો છએ [3]પુરૂષનો છેડોજી;
નહિતો તેનો નકી જાણજો, બુડે નરકમાં બેડોજી. ૪
વરકન્યાનાં, વરણનનાં, કદી વિધવા નવ ગાય ગીતજી;
નહિતો વિધવા નારી નરકની, ખાણે પડેજ ખચીતજી.૫
વ્રત ઉપવાસે દેહ દમન કરી, રસ કસ ભોજન તજવુંજી;
આભૂષણ કશુંએ પણ અંગે, સુવરણનું નહિ સજવુંજી.૬
ધોળાં વસ્ત્ર શરીરે ધરવાં, સંન્યાસણીના સરખાંજી;
નાહ તો તેનાં કુળ ઇકોતેર, નરકે જાતાં નરખ્યાંજી.૭
એ સાંભળતાં અંતરમાં હું, અતિશે થઇ ઉદાશજી;

---

૧ स्त्रिभिर्भर्तृवचः कार्यमेषधर्मः सनातनं ॥
इतियाज्ञवल्क्यः ॥

२ निर्णयसिंधौ ॥ विधवाकबरीवंधोभर्तृबंधा
यजायतेशिरसोवपनतस्मात्कार्यंविधवयासदा
एकाहारःसदाकार्योनाद्वितोयःकदाचन
मासोपवासंवाकुर्याच्चांद्रायणमथापिवा ॥२॥
पर्यंकशायिनीनारीविधवापातयेत्पतिम् ॥
नाधिरोहेदनड्वाहंप्राणैःकंठगतैरपि ॥
कंचुकंनपरिदध्याद्वासोनविकृतंवसेत् ॥
तांवूलाभ्यंजनंचैवकांस्यपात्रेचभोजनम् ॥
यतिचब्रह्मचारीचविधवाचविवर्जयेत् ॥

३ स्वासन्नसंबंधहीनानरास्पृश्यान्नकर्हिचित् ॥
शृंगारवार्त्तानॄणांकार्याश्रव्यानवैक्वचित् ॥
नहोलाखेलनंकार्यंनभूषादेश्चधारणं ॥
न धातुसूत्रकंसूक्ष्मवस्त्रादेरपिकर्हिचित् ॥

P. P. Ac. Gunratnasuri M.S.　　　　Jin Gun Aaradhak Trust

સ્વર્ગે જવાની આશા છોડી, નિશ્ચય થઇ નિરાશજી.૮
શી રીતે એ સઘળું પાળું હું, બારે વરસે બાળાજી;
આ ભવ બગડયો પરભવ બગડયો,અરેકરમનાકાળાજી.૯
પલંગ તજી જો દરે પધારી, શરીર સઘળું દુખેજી;
જો બેવાર જમું નહિ તો હું, મરૂંજ ભુંડી ભૂખેજી.૧૦
જરકશીનાં ઓર્ઢાંમાંતણી તો મને, કાંચળીનું મનથાયજી;
પુરૂષતણા છેડા તો રસ્તે, જાતાં અડકી જાયજી. ૧૧
એક ઘડી ભૂખીં હું રહી ન શકું, કેમ બને ઉપવાસજી;
ધોળાં વસ્ત્ર શરીર ધરૂં તો, લોક કરે ઉપહાસજી. ૧૨

પદ ૩૭ મું.—દેશી ૧ લી.

કાળાં પટ ક્ષત્રિર્ણીયો પેહેરે, ભાત વિના વૈશ્યાણી;
બ્રાહ્મર્ણીયો શ્રુતિ વચનો ઉપર, પગ દઇ રેડે પાણી.૧
કોઇ ચુડો ભાંગીને કરમાં, ધરે કનકની ચૂડી;
માંડેલી કરતાં તો શોભે, રાંડેલી કઇ રૂડી. ૨
સગા સંબંધીમાં હોય વિવા, ગમે છે ગાવાં ગીત;
રસ કસ ભોજન લાગે રૂડાં, ખાવાં પડે અચીત. ૩
કથા સુર્ણી હું સર્વ પ્રકારે, સમજી સાર કથાનો;
સધવા ધરમ સરવથી સેહેલો, વિકટ ધરમ વિધવાનો૪
સંન્યાસીના સરખો સર્વે, વિધવા સ્ત્રીનો ધર્મ;
મુજ સરખીથી કદી પળે નહિ, મનનો કહું છું મર્મ.૫
સન્યાસી તો વનમાં રહીને, પાળે છે સંન્યાસ;
જો સંસારી જનમાં રહેતો, અલ્પ ન ધરવી આશ.૬
વળી જો સોળ વરસની વયમાં, કોઇ કરે સંન્યાસી;
તો તે જોબનના દહાડામાં, જરૂર જાશે નાશી. ૭
એકલશૃંગી વનમાં વસતા, ત્યાં પણ તે લૂટાયા;
ભણ્યા ગણ્યા નરને ભૂલાવે, એવી ઇશ્વરી માયા. ૮
તો તે આમળ શી ગણતીમાં, જે અબળા અજ્ઞાની;
ત્યાગતણી વૈરાગતણી, શક્તિ ન મળે સમજ્યાની. ૯
ચિત મારૂં ચિંતાતુર થઇને ઘડી ઘડીએ ગભરાય;
એક દિવસ જાવો દુર્લભ તો, જનમારો કેમ જાય.૧૦
બાળ અવસ્થા એ રીતે મેં, જેમ તેમ કરીને કહાડી;
ભરજોબનના દહાડા ભુંડા, આવ્યા પછી અગાડી.૧૧
આતો બાળ અવસ્થાનું દુઃખ, મેં ઉચ્ચાર્યું એવું;
હે કુંવરજી હવે કહું છું, જોબનનું દુઃખ જેવું. ૧૨

સોરઠો.

કથા પુરાણું પાવત્ર, પરિક્ષિત પાસે શુક કહે;
વરણુંન વેન ચરિત્ર, ભાગ ત્રીજો ભાખ્યો ભલો. ૧

ભાગ ૪ થો.

સોરઠો.

શુક મુનિવર સાક્ષાત, ભાખે ભાવ ભરી કથા;
વેનકુંવરને વાત, કમળા કહે નિજ કષ્ટની. ૧

પદ ૩૮ મું.—દેશી ૧ લી.

બાળાપણું તો રમતાં વીત્યું, ઉપજ્યું જોબન અંગ;
મન મારૂં કબજામાં ન રહે, શરીર થયું નવરંગ. ૧
સરખી વયની મારી સૈએરો, કરે કંથની વાતો;
તે સાંભળતાં વિરહ વધે તે, જીભે કહ્યો નથી જાતો.૨
સંસારી લોકોનાં સુખડાં, જયમ જયમ જોતી જાઊં.
ત્યમ ત્યમ તન પરિતાપ વધે ને, અંતરમાં અકળાઊં૩
કોઇ પતિ સાથે પ્રીતે બોલે, તેના જોઇ તમાસા;
એકાંતે જઇ આંસુ પાડું; નાંખું બહુ નિસાસા, ૪
રોઇ રોઇને આંખો થઇ રાતી, પછી કોઇ કારણ પૂછે;
તો ઉત્તર એવો આપું જે, દષ્ટી દરદ થયું છે. ૫
ઘેલી થાઉ ગભરાટ થકી, ઉત્તર દેઉ તૂતે તૂત;
ભોળા લોકો એમ ભણે જે, એને વળગ્યું ભૂત. ૬
અંતરની ગત ઇશ્વર જાણે, બાકી ન જાણે બીજું;
કોઇનું બોલ્યું ગમે નહિ મને, બોલાવે તો ખીજું. ૭
દિલનાં દુઃખની વાત કહેતાં, જીભ ન ઉપડે મારી;
કહેવાથી કંઇ કષ્ટ મટે નહિ, એમ હું જોઉં વિચારી ૮
કંકુ કેસર કે કસ્તૂરી, જોતાં ઉપજે ઝાળ;
ભર્યું શહેર તે મુજને ભાસે, વન ઉજડ વિકરાળ. ૯
ચંદ્ર ઉગે તો ચિતમાં જાણું, ઉગ્યો આગનો ભડકો;
શુડલા બોલે તે સુણતાં મને, પડે પેટમાં ફડકો. ૧૦
જો પરદેશ હોય પતિ તો, કદી સંદેશો કહાવે;
આશાએ આવરદા નિકળે, ધીરજ ચિત ધરાવે. ૧૧
આતો એક ઘડી જાતાં, જુગ તુલ્ય જણાય જરૂર;
કયી રીતે દહાડા કાઢું મારૂં, જોબન જાય ભરપુર. ૧૨

પદ ૩૯ મું.—દેશી ૧૪ મી.

મારૂં જોબન જાય ભરપૂર, સંકટ હું તે શી રીતે સાંખું;
રોઇ નેણનું ખોયું મેં નૂર, સંકટ હું તે શી રીતે સાંખું;
દહાડો મોતનો તો હજી દુર, સંકટ હુંતેશી રીતે સાંખું ટેક.
દહાડા જાવા દોહલા, કેમ કરી કાઢું માસ;
પલક કલપ સમથઇ પડે, મને વસ્તીમાં વનમેવાસ.સંકટ૧
કારતક માસ કોડામણો, અંનકુટ ઉચ્છવ થાય;
સ્વામી મુજને સાંભરે, મારૂં અંતર અતિઅકળાય.સંકટ.૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માગસરે લોક લગન કરે, તોરણ બાંધે દ્વાર;
ઢોલ ઉપર ડંકા પડે, મારે કાળજે તે વાગે માર. સંકટ.૩
પોષ મહિનાની ટાઢડી, અતિ રાતે અંધકાર;
તમરાં બોલે તે સમે, મને ઉપજે અનેક વિચાર. સંકટ. ૪
માઘે બેશી માંહરે, નિરખ્યો નહિ મેં નાથ;
ચતુર કંથને ચોરીમાં, મેં તો હસીને ન આપ્યો હાથ.સંકટ.૫
ફાગણ માસે કંથને, રસિલી છાંટે રંગ;
હસીને બોલે હેતથી, મારૂં એ જોઇ સળગે અંગ.સંકટ. ૬
ચૈતર ચંપો ફૂલિયો, ફૂલ્યાં ગુલાબી ફૂલ;
સંઘરીને ફૂલ શું કરૂં, મારા શરીરમાં ઉપજે શૂળ.સંકટ. ૭
વૈશાખે વન વેડીયાં, આંબે સાખ જણાય;
કોયલડી ટહુકા કરે, મારૂં ભીતર ભેદાઇ જાય. સંકટ. ૮
જેઠે જમીન તપે ઘણી, તપે વિજોગણ તન;
એક તાપ ઉપરતણો, બીજો તપે મુજ મન. સંકટ. ૯
અષાઢે ઘન ચડી આવિયો, મધુરા બોલે મોર;
કુહકા મારે કાળજું, મારૂં જાગે જોબન જોર. સંકટ. ૧૦
શ્રાવણમાંહિ સુહાગણી, પિયુશું રમે ચોપાટ;
કોટે વળગી કંથને, હેતે હીંચે હીંચોળા ખાટ. સંકટ. ૧૧
ભાદરવો ગાજે ભલો, દિલ દાઝે તે ઠામ;
દશદિશ બોલે દેડકા, એતોદાઝયાપર જયમડામ. સંકટ. ૧૨
નદીયે હું ન્હાવા ગઇ, છાયા લીલા છોડ;
ચકવા ચટવી ત્યાં દીઠાં,સારાભાગ્યનાંદીસે સજોડ. સંકટ.૧૩
અરે નદી ઉતાવળી, પિયુને મળવા જાય;
ઉછરંગેથી ઉછળે, એને હઇડે હરખ ન માય. સંકટ. ૧૪
આસો માસે નોરતાં, ગોરી ગરબા ગાય;
લેરખડી લટકાં કરી, સ્વામી સામું જોતી જાય. સંકટ. ૧૫
દીવાળીના દહાડલા, સરસ ગણે સઉ કોય;
શણગારાઇને સાંચરે, મારે હોળી હૈયામાં હોય. સંકટ.૧૬

પદ ૪૦ મું—દેશી ૧૫ મી.

બપૈયા તો નિર્લજ થઇને, પિયુ પિયુ એમ ઉચરે;
હુંમુખ પિયુપોકારૂં નહિ પણ, મન તો પિયુ પિયુ પોકારે;
ધીરજ હું તે કેમ ધારૂં, રાણીજાયા રૂદય બળી જાય મારૂં;
મારા દિલની હું દાઝ કેમ કરી ઠારૂં. ૧
મોભ ગયો ને મૂળ ખવાયાં, ખાલી પડયું ખંડેર;
નાર ઉપયોગી નઠારૂં લાગે, તેથી નશોભે શેહેર. ધીરજ.૨
આ દુનિઆમાં એવીજ મુજને, અણખપની અવતારી;
અપશકની લોકોને અમથી,અડચણની કરનારી. ધીરજ.૩
જેનું અરધું ગળું કંપાયું, જરૂર નથી જીવનારૂં;
તરફડીયાં મારે તે કરતાં, તરત મરે તો સારૂં. ધીરજ.૪
કાળ કસાઇ જગત જંગલમાં, સુખી જીવ સંહારે;
માંસવિનાનાં મુજસરખાંદુઃખી, તેનેતોતે નવિદારે.ધીરજ.૫
સુતાર કરવતથી કાપે તે, દુનિઆના જન દેખે;
ઘણુંઘણું કોતરીખાય કાઠ તે, પ્રત્યક્ષ કોઇ ન પેખે.ધીરજ.૬
આ દુનિઆનો એવો ધારો, પર પીડા ન વિચારે;
સતી બળતી પોકાર કરેજન,જેઅંબેઅંબે ઉચારે.ધીરજ.૭
ચિતામાં બળતાં ચાર ઘડીમાં, આવે દુઃખનો આરો;
મુજદુઃખના મહાસાગરનોહું, ક્યાંન દેખું કિનારો.ધીરજ.૮
અરે અળશિયાં આ પૃથ્વીમાં, મુજથી સુભાગ્યવંત;
ચાતુરમાસ પછીતોએની, આવે આવરદાનો અંત.ધીરજ.૯
વિવેક હીન વિધાતા છે, દુખીઆને બહુ જીવાડે;
કલોલકરતાં કુમળાં પુલને,સ્વલ્પસમે વણસાડે. ધીરજ.૧૦
જીવ વિનાની કાયા જેવી, જળ વિણ નદી નકારી;
પાંજરિયું પોપટવિણ તેવી, નાથ વિનાની નારી. ધીરજ.૧૧
ક્યાં જઇને ફરિયાદ કરૂં, કોણ ચડશે મારી વારે;
કોઇ ન મારી બુમ સાંભળે,ક્યાંકરૂં દુઃખનોપોકાર.ધીરજ.૧૨

પદ ૪૧ મું—દેશી ૧ લી.

કઇક દિવસ મેં કષ્ટે કાઢયા, ઘડી ન દીઠી સુખની;
પણ વળી શીકહું વાત વરણવી, આજ દિવસના દુઃખની.૧
હેલ ઉપાડી પાણી ભરવા, હું ગઇ આજ દહાડે;
વળતાં મારગ વચમાં મારો, ખથી પડયો પગ ખાડે.૨
પડી જવાથી મુજને વાગ્યું, હેલ હતી તે ભાગી;
રોતી રોતી ઘેર ગઇ, ત્યાં ભાભી લડવા લાગી. ૩
રીસ કરીને ભાભી બોલી, ગાળો દેતી ગાલે;
આ રીતે નિત્ય જાન કીધે, મારા ઘરમાં નહિ ચાલે.૪
તારા ઘરનો ભમરો ભુંશી, હોળી વાળી મોટી;
હવે આવીને હમેશ મારા, કપાળમાં તું ચોટી. ૫
પરણી તરત ધણીને ખાધો, સસરાનું સુખ ટાળ્યું;
અરે રાંડ અપશકની તારે પગલે ઉંધું વાળ્યું. ૬
અભાગણી તું કેમ ન મૂઇ, જીવી શું સુખ લેછે;
ઘરનો ધંધો કરતાં તારા, હાથ કેમ દુખે છે. ૭
ખાવાનું તો ખુબ જોઇએ, અને કામ કર્યાનો સાંસો;
મુજ સાથે તું વાદ વદશ તો, ભાગીશ તારો વાંસો. ૮
ભાભીએ મુજ ભાઇને જુઠી, વાત કહી વિસ્તારી;
તેથી ભાઇ ભરાયો ક્રોધે, મુજને લાતો મારી. ૯
મારી વાત કશી નહિ માની, વહુની માની વાત;
મુજને મારી તેથી ભાભી, રૂદે થઇ રળિઆત. ૧૦
બે પૈસાનું જાન કર્યું છે, આજ ન ખાવા દેવું;
એમ કરીને ભાઇ ગયો, જે ફરીને ન કરે એવું. ૧૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જમી નથી અને જળ નથી પીધું, લાંઘણુ આખોદંન;
રાજંકુંવરજી આજ દિવસ મેં નથીજ બોટયું અન્ન. ૧૨

પદ ૪૨ મું—દેશી ૭ મી.

ધણીની માનેલી, ધારેલો અર્થ સુધારે;
ઘીના ગાડુ ઘરમાં ફોડે, કોઇ ન પૂછેકયારેરે. ધ. ટેક.
લોકો સર્વે ધણીઆતીનો, પક્ષ કરીને બોલે;
જેને માથે ધણી નહિ, તે નારી તરણા તોલેરે. ધ. ૧
જે નારીને ધણીએ માની, લોકો તેને માને;
એજ ગણાયે ડહાપણવાળી, એજ વડી ગુણવાનેરે.ધ. ૨
ઘરમાં બહુ બીગાડ કરે કે, ખવરાવી દે ખેત;
તોપણ તેને કોઇ ન કહે જો, હોય ધણીનું હેતરે. ધ. ૩
પીયરીંયાને પધરાવે કે, છત દઇ દે તે છાની;
તોપણ તેને કોઇ ન પૂછે, મરદે જેને માનીરે, ધ. ૪
આળસ આવે તો ધન આપી, કરાવે ઘરનું કાજ;
ધણીતણી માનિયાણીછે તો, સ્વતંત્ર રૂડું રાજરે. ધ. ૫
પૈસાને ઠેકાણે જો તે ખરો રૂપૈયો ખરચે;
તોપણ વળી તે તકમાં તેની, ચરચા કોઇ ન ચરચેરે. ધ.૬
પ્રથમ પતિનાં વચનો પાળી, વિનય કરી વશ કીધો;
પછીતો જાણે તેણે પતિને, વેચાતો કરી લીધોરે. ધ. ૭
ધણીની માલ મતાની પોતે, માલેક થઇને બેસે;
ધણી વશ તેને ઘરનું બીજું, કોણ ટુંકારો કહેશેરે.ધ. ૮
રૂપ નહીં કે રંગ નહીં વળી, વિશેષ નહિ ગુણવાળી;
પણ જે પામી માન પતિનું, એજ રૂડી રૂપાળીરે. ધ. ૯
ધણી જેનો ધિક્કાર કરે તો, સઉ લોકો ધિક્કારે;
વાટે ઘાટે જાતાં એનાં, અવગુણ સઉ ઉચ્ચારેરે. ધ. ૧૦
નિર્ધન હોય પણ પતિની પ્રીતે, દિસે સુહાગણ દેવી;
પતિની પ્રીતવિના રાણીપણ,ભમેભિખારણજેવીરે.ધ. ૧૧
કન્યા જનમ તો ધરણી ઉપર, પતિવાળીજ પ્રિયાનો;
પતિથકી જેજૂદીપડી,ધિકજન્મ એવી અબળાનોરે.ધ. ૧૨

પદ ૪૩ મું—દેશી ૧ લી.

એને ધણીનું ઉપરાળું અને, હું તો છેક અનાથ;
પસ્તાવો પૂરો કરીને મેં, પછી ઘસ્યા બહુ હાથ. ૧
વળી મનમાં વિચાર કર્યો જે, હવે કરૂં હું શુંય;
શી રીતે સુખ મળવાની હવે, હિંમત રાખું હુંય. ૨
હાય દૈવ હું ઘડપણમાં તો, ખૂબ થઇશ ખુવાર;
આ રીતે આ કેમ નિકળશે, ઓશિઆળો અવતાર. ૩
જો આંખોનું નૂર જશે તો, નક્કી મને બહુ નડશે;
આ ભુંડી ભોજાઇના મારે, ઠુંબા ખાવા પડશે. ૪
ઘરનો ધંધો ઘણો કરૂં જેમ, લીધી વેચાતી હુંડી;
છૈયાં છાતી પર રાખું તોય, ભાભી કહેશે ભુંડી. ૫
પારકી જણી તે તો મુજ સાથે, શેની ગણે સગાઇ;
પણ પસ્તાવો પૂરો જે, ભોજાઇને વશ છે ભાઇ. ૬
કુતરાને જેમ ફડકો નાંખે, તેમજ દે છે ખાવા;
કષ્ટ સહી સહીને કયાં સુધી, કાઢું દહાડા આવા. ૭
દાસીની પેઠે નિશ દહાડો, કામ ભાભીનું કરવું;
અરે બળ્યું આ જીવતર મારૂં, બળ્યું પેટ આ ભરવું.૮
પલ્લું પણ મારૂં ખોઇ બેઠી, જવાબ નવ દે ભાઇ;
વિખ ખાવાને પૈસો ન મળે, મનમાં મરૂં મુંઝાઇ. ૯
જો પલ્લું માગું તો બંધવ, રૂદયે આણે રોષ;
ઉન્હું ખાવાથી મુખ દાઝયું, દઇએ કેને દોષ. ૧૦
માબાપે મને બાળપણામાં, બહુ લડાવ્યાં લાડ;
આજ મહા દુઃખનાં મુજ માથે, ઝાંઝાં ઉગ્યાં ઝાડ.૧૧
એકે વાત મને નવ ઉકલે, વિવિધ કરૂં વિચાર;
કમળા કહે સુણો કુંવરજી, મુજ દુઃખનો પોકાર. ૧૨

પદ ૪૪ મું—દેશી ૧૦ મી.

કમળા કહે સુણો કુંવરજી, મારા દુઃખનો પોકાર.
અરેરે અંતર બળી જાયછે, જીભે કરતાં ઉચ્ચાર. ક. ૧
વળતી પછી મેં વિચારાયું, આતો દુખડું અનંત;
મૂઆ વિના કદી નહિ મળે, આવા દુઃખનો અંત. ૨
નિશ્ચે કરી હુતો નિકળી, વિચરી વનતણી વાટ;
તિર્થ કાઠે તન ત્યાગવા, આવી મરવાને માટ. ૩
કાષ્ટ વીણીને ચિતા કરી, મનમાં સમર્યા મોરાર;
આકાશમાંથી એવે સમે, એવો નિકળ્યો ઉચ્ચાર. ૪
મરીશ નહીં અરે માનવી, હોશે આત્મ હત્યાય;
આ દુઃખથી પણ અતિ ઘણી વળતી વેદના થાય. ૫
કોપ થશે કરતારનો, શિક્ષા કરશે સમર્થ;
માટે તારે મરવા થકી, એકે નહિં સરે અર્થ. ૬
સાંભળતાં એવા શબ્દને, અટકી પ્રગટતાં આગ;
ત્યારે હવે હુ તે શું કરૂં એમ પુછયું અથાગ. ક. ૭
ઉત્તર એનો મળ્યો નહીં, ત્યારે મેં જાણ્યું એમ;
ભ્રમણાથી ભણકારો સાંભળ્યો, જીવ જપ મારે જેમ. ૮
ઘડીમાં હું જાણું જે ઘટ તજું, વળી ઉપજે વિચાર;
આત્મહત્યા આદર્યા થકી, પાપ લાગે અપાર. ક. ૯
હઇયું ઠાલવવાને હું પછી, રોઇ કરીને વિલાપ;
એવામાં તો મુજ આગળે, આવી પહોચીયા આપ. ક.૧૦
કષ્ટે ફરી મારૂં કાળજું, બળીને થયું ખાખ;
કયાના છે આ તો કોયલા, રહી છે અંદર રાખ. ૧૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છાતી ઠાલવવાનું છે નહીં, ભવમાં ઠેકાણું ભાત;
કેની આગળ જઇને કહું, મારા કર્મની વાત. ક. ૧૨

પદ ૪૫ મું—દેશી ૧૬ મી.

કરમની કહાણી હું કયાં કહું, અરેરે સાંભળો આપજી;
સાસરે સસરો સાસુ નહીં,મુઆં મા અને બાપજી. કર. ૧
કાંતો કાપ્યા હશે પીંપળા, બાળ્યાં તુળસીનાં વંનજી;
કાંતો કાળા તલ ચોરીયા, દુભ્યાં તપસીનાં મંનજી. કર.૨
ધાવતાં બાળ વછોડીયાં, લીધા ગરીબના શ્રાપજી;
કાંતો ગળાં કોઇનાંકાપીયાં,એનું નડીયું આ પાપજી. કર.૩
પર્વ ફોડી હશે પુણ્યની, તેથી મહીતળ માંયજી;
વિપ્રવરણમાં હું અવતરી, પામી રંડાપો રાયજી. કર. ૪
નથીરે બીજું સગું સાગવું, ભુંડા ભાઈ ને ભોજાઇજી;
અન્ય નથી મારે આશરો, મરવું મનમાં મુંઝાઇજી. કર.૫
વિખ ખાઉં કે જઇ કુવે પડું, ઉપજે એવા વિચારજી;
અરે મને મોત ન આવીયું, બળ્યો આ અવતારજી. કર.૬
બળાંરે આ સુખડાં સંસારનાં, બળ્યું જીવતર જંનજી;
હાય હાય હું હવે શું કરૂં, દીઠા દખડાંના દંનજી. કર. ૭
ખાતી પીતી ખાંતે ખેલતી, કશી સમજું ન વાતજી;
ઓચિંતું આભ તુટી પડયું, અતિ થયો ઉતપાતજી. ૮
ભલાંરે આ પંખી સુભાગીયાં, શોભે બેઠાં સજોડજી;
ભુંડી તો હુંજ અભાગણી, જેવો જંગલનો છોડજી.કર.૯
અરેરે ઓ નિર્દય દૈવડા, મને આપ મરણજી;
છેક આ દુઃખનો છેડો નથી, જાણું કેને શરણજી. કર.૧૦
મૂર્છા ખાઇને રામા પડી, આંખે આંસુની ધારજી;
કરૂણા આવેરે કસાઇને, કરતી એવા પોકારજી. કર. ૧૧
ભાન આવે ત્યારે ભામની, બોલે બળી બળી થાઉંજી;
અરેરે મને નથી સુજતું, હું તે કયાં હવે જાઉંજી. કર. ૧૨

પદ ૪૬ મું—દેશી ૨૬ મી.

કયાં હવે જાઉં, કયાં હવે જાઉં, કયાં હવે જાઉં;
અરેરે કયાંહવેજાઉં, ખરેખરૂં લઇવિખખાઉંરે. અ.કયાંટેક
અરેરે શું થઇ ગયું આતે જનમની હું દુખણી જાતે;
મનોરથ મનમાં કરી કરીને હું મુંઝાઉં. અ. કયાં ૧
દિશા નથી સુજતા એકે, વિઘન ચઢી આવ્યું વશેકે;
આવી મહા આગની બળતી હું કેમ ઓલાઉં. અ.કયા.૨
નથી સુખ મળવાની આશા,નાંખું નિત્ય નિત્ય નિસાસા;
કયાં સુધી આ કષ્ટીના કર્વતે રોજ કપાઉં. અ. કયાં. ૩
કેવા આપદા છે આ ટાણે, તેતો મારો જીવજ જાણે;
[1]મહી માતા માગ આપે તો તે માંહી સમાઉં.અ.કયાં.૪
અરે આ ડુંગર ગડગડતા, કેમ નથી મુજપર પડતા;
ખુશીથી ખરેખરી દુઃખની મારી ડટાઉં. અ. કયાં. ૫
કાં તો શિર શસ્ત્રથી કાપું, કાં તો કાયા વાઘને આપું;
કાં તો હાથીતણા પગ હેઠ પિલાઉં. અ. કયાં. ૬
સંકટ મેં તો નથી સંખાતું, જીભેથી કહ્યું નથા જાતું;
કરૂં પ્રાણ હત્યા તો હત્યારી હું કહેવાઉં. અ. કયાં.૭
મુઆં મારાં માબાપ જ્યારે, ન મુઈ કેમ હું પણ ત્યારે;
હવે કેનું હેત દેખીને હઈએ હરખાઉં. અ. કયાં. ૮
અરે વહાલી માતા મારી, તેડાવી લે આગળ તારી;
તારા વિના કેની છાતીમાં હું જઇને છુપાઉં. અ.કયાં.૯
અરે મારા ભુજેરગ બાવા, આવો મને લાડ લડાવા;
તમો વિના કષ્ટ મારૂં કેની આગળ ગાઉં. અ. કયાં.૧૦
સોર મારો કોણ સાંભળશે, દુખે દહાડા કેમ નિકળશે;
શોકાતુર થઇને શરીરે સદૈવ સુકાઉં. અ. કયાં. ૧૧
અરે આ સુભાગણી વેલા, તરૂ કંઠે રહીં વળગેલી;
અભાગ્યથી હુંજ અભાગણી એક ગણાઉં. અ.કયાં. ૧૨

પદ ૪૭ મું—દેશી ૧૮ મી.

અરે રેરે એ દુઃખ એવું રે,
જોયું નથી બીજું એ જેવુંરે. ટેક.
ધરણી ઉપર પડી થરથર ધ્રુજે,
ગઇ સુધ બુધ ને સાન;
બહુ દુઃખની મારી બળી બળા બોલે,
ત્રાહિ ત્રાહિ ભગવાન. અરે. ૧
વનનાં પશુ પણ રોવાને લાગ્યાં,
ડોલવા લાગ્યા પહાડ;
પંખીની આંખોથી આંસુ પડયાં અને,
ઝુરવા લાગ્યાં ઝાડ. અરે. ૨
આકાશમાં રવિનો રથ અટકયો,
નદીઓનાં થંભ્યા નીર;
એવું કઠણુ હોય કાળજું કેનું જે,
ધારી શકે ત્યાં ધીર. અરે. ૩
ચાલતો પળમાં પવન પણ અટકયો,
તપસીને ઉપજયો ત્રાસ;
ચરતી ગાયો તેણે ચારો તજયો અને,
મુખમાં લીધું રહ્યું ઘાસ. અરે. ૪

[1] પૃથ્વી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માણસનું લોહી પીનારા રાક્ષસ;
જાતોની તેજ જમાત;
એ દુઃખ દેખીને રોવા લાગ્યા તો,
બીજાની શી કહું વાત. અરે. ૫
પૃથ્વી પ્રલય જાણે પળમાં થશે અને,
કાંતો તુટીને પડશે આભ;
અબળા બિચારીના આવા નિસાસાથી,
કોપશે કમળાનાભ. ૧ અરે. ૬
રાણીની આંખમાં પાણી આવ્યાં અને,
વાણી બોલી સુત સંગ;
વેદના આની તું કરજે નિવારણ,
જે ઉપજ્યો મુજ અંગ. અરે. ૭
રાજકુંવર પણ રોવાને લાગ્યો,
આંસુએ ભીંજાયાં વસ્ત્ર;
હિંમત છૂટી અને હાથમાંથી,
સઘળાં પડી ગયાં શસ્ત્ર. અરે ૮
કહે તો બાઇ તને કોઠાર આપું,
કહેતો આપું બધું રાજ;
કોટી ઉપાયે કષ્ટ મટાડું,
પાળું પ્રતિજ્ઞા આજ. અરે. ૯
શું કરૂં રાજાજી રાજ તમારૂં,
શું કરૂં ધન ભંડાર;
સ્વામી વિના એ તો સળગતી હોળી,
આખાની વાત વિચાર. અરે. ૧૦
કુંવર કહે જગમાંહિથી જે કર્શી,
વસ્તુનો થયો વિનાશ;
તેને સંભારી શોક શો કરવો,
એ મળવાની ન આશ. અરે. ૧૧
નાવમાં બેસી જતાં ૨જળધિમાં,
હાથમાંથી પડયું રત્ન;
રોયા પોકાર્યાથી પાછું મળે નહિ,
કોટિ કરે જો પ્રયત્ન. અરે. ૧૨
કમળા કહે પ્રથમથી કહ્યું હતું,
મુજ દુઃખ નહિ મટે વીર;
સમજ્યા વિના શિદ તેં સમ ખાધા,
જા તું તારે મંદિર. અરે. ૧૩
કુંવર કહે હું પ્રતિજ્ઞા તો પાળીશ,
મરીશ બળી તુજ સાથ;
એવું નક્કી કરી માની સ્તુતિ કરી,
હેતે જોડીને હાથ. અરે. ૧૪

૧ પ્રભુ. ૨ સમુદ્રમાં.

પદ ૪૮ મું—દેશી ૧૯ મી.

કુંવરજી કહે છેરે સુનિયા માતા સાંભળોરે,
મનમાં તમે કશો ન કરશો કલેશ;
પુર વિષે પધારોરે રાજ રૂડું સાચવોરે,
હું અહિં કરીશ પાવક માંહિ પ્રવેશ. કુંવરજી. ૧
પ્રેમે મુજ પિતાનીરે સેવા કરજો સર્વદારે,
કરવા દેશો નહીં કદી કલપાંત;
મુજ વિજોગે મરશેરે મારા પિતા ઝુરિનેરે,
એ વાતમાં ભાસતી નથી કશી ભ્રાંત. કુંવરજી. ૨
મનમાની મારાથીરે સેવા ન થઇ તાતનીરે,
મુજ પિતા ન પામ્યા સુતનું સુખ;
ઘડપણમાં ગભરાશેરે તેતો સંભારી મુજનેરે,
દિલગીર થઇ ને દિલડામાં પામશે દુઃખ. કુંવરજી. ૩
જઇ મારા પિતાને કહેજો કથન એટલુંરે,
મારી કસુર હોય તે કરજો માફ;
હું અભાગી એવોરે સેવા ન થઇ તાતનીરે,
ઇશ્વર આગળ કેવો થશે ઇનસાફ. કુંવરજી. ૪
માતાજી તમારોરે ગુણ મેં નવ માનીઓરે,
સેવા મેં ન કીધી સારી પેર;
નિમકહરામીરે હું તો થયો આપનોરે,
બાળાપણમાં અજ્ઞાનનું અંધેર. કુંવરજી. ૫
માજી મેં કદાપિરે આજ્ઞા તોડી આપના,
એનો મને પસ્તાવો થાય છે આજ;
માણસના ભવ માંહિરે મેં કશું કીધું નહીરે,
મારા ઉપર રીઝશે કેમ મહારાજ. કુંવરજી ૬.
મા બાપે ઉછેરીરે કીધી મારી ચાકરીરે,
હૈયા ઉપર લઇને લડાવ્યો હમેશ;
જેણે મને જાણ્યોરે પ્યારો આત પ્રાણુથીરે,
તેનો બદલો વાળી શકયો નહિ લેશ. કુંવરજી. ૭
ઘડપણના સુખ માટેરે ઇચ્છે પુત્ર પામવારે,
વળખાં મારે પુત્ર સારૂ નર નાર;
માનતાઓ કરેરે બહુ દેવી દેવનીરે,
પુત્ર વિના જાણે જનમ ધિક્કાર. કુંવરજી. ૮
એવાં આશાપોનેરે મેં રઝળતાં મેલીયારે,
અદષ્ટમાં મારે લખેલું આમ;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મારી વતી જઇનેરે માજી મારા બાપનેરે,
કહેજો મારા છે આ છેલ્લાજ પ્રણામ. કુંવરજી. ૯
બાળાપણમાં માજીરે તમે મારા ઉપરેરે
જે જે ભારે કીધા ઉપકાર;
કિંકર થઇ તમારોરે આખો ભવ સેવા કરૂંરે,
તોય તેનો બદલો મળે ન લગાર. કુંવરજી. ૧૦
શંકા સાંખી પોતેરે મને સુખ આપીયુંરે,
સારી વસ્તુ મનેજ આપી સદાય;
હેતે જે હૈયેરે વ સાહ્યું, ન વીસરેરે,
વાણીવડે વર્ણન તેનું ન થાય. કુંવરજી. ૧૧
પિતા વૃદ્ધ સાથેરે ન થઇ છેલી વારતારે,
અંત આવ્યો દેહનો અંતરિયાળ;
રૂદયાની વાતો તેરે રૂદયામાં રહી ગઇરે,
કાયાનો તો આવી પહોંચ્યો હવે કાળ. કુંવરજી. ૧૨

સાખી.

સુણી સુનિથા દિલગિર થઇ, કહે કથન તે કાળ;
એ શું મુખથી ઉચ્ચર્યો, લાડકવાયા લાલ. ૧

પદ ૪૯ મું—દેશી ૧૪ મી.

મારા લાડકવાયા લાલ, કુંવરજી કેમ હું જીવું;
તારા ગોરા ગમે મને ગાલ, કુંવરજી કેમ હું જીવું;
તને દહન થતો દેખી હાલ, કુંવરજી કેમ હું જીવું. ટેક.
અતિ કષ્ટે ઉછેરીઓ, લાડ લડાવ્યાં લાખ;
દહન થાય મુજ દેખતાં,મારૂં રૂદય બળી થાય રાખ. કુંવ ૧
પશુ પંખી પણ પુત્રપર, હઇએ રાખે હેત;
તો હું જાતે માનવી, રહું સુત વિના કેમ સચેત. કુંવ. ૨
પારધી દેખી પાંશરી, મૃગલી દૂર પળાય;
બચ્ચું પકડી ચાલીયો,ત્યારે મૃગલી કેડે ચાલીજાય.કુંવ.૩
બચ્ચાં બળતાં શ્વાનનાં, કરે લોક પોકાર;
કુતરી આવી કારમી, પડો બળતી ઝાળ મોઝાર. કુંવ. ૪
વનચર જાતે વાનરી, ગર્ભવી ઘોડી ગાય;
બચ્ચાં માટે બાપડી, મહા સંકટ સાંખે માય. કુંવ. ૫
પ્રાણ તજે પોતાતણો, પણ બચ્ચું ન તજાય;
પરકોઇ આવે પકડવા,માતા મરવાને સામી થાય.કુંવ. ૬
મિત્ર પુત્ર પ્રેમદાતણી, પ્રીતિ સ્વાર્થ સમેત;
વણ સ્વારથ સંસારમાં, હોય માના હઇયાનું હેત. કુંવ. ૭
જો જમ માગે જીવડો, થઇ પ્રત્યક્ષ પ્રમાણ;
તો માતા પેહેલી મરે, પણ પુત્રના રાખે પ્રાણ. કુંવ. ૮
જો ક્યારે દુષ્કાળમાં, હોય અહાર લગાર;
તો માતા ભૂખી મરે, અને પુત્રને આપે આહાર. કુંવ. ૯
દિલના ડાહ્યા દીકરા, એ શી બોલ્યો વાત;
પુત્રમુએ સુખમાં જીવે,એવી કોણ [1]ગોઝારી માત.કુંવ.૧૦
કુપુત્ર કદી માતાતણો, તુરત કરે તિરસ્કાર;
તોપણ માના મનવિષે, પુત્ર ઉપર ઉપજે પ્યાર. કુંવ.૧૧
રાજપાટ રિદ્ધિ બધી, કરૂં તુજપર કુરબાન;
તારા તનડા ઉપરે, મારા સો વાર વારૂં પ્રાણ. કુંવ. ૧૨
વજ્જર જેવી છાતડી, ફટ દઇ ફાટી જાય;
રાજકુંવર જીવતોબળે,સગીમાએ તે કેમસંખાય. કુંવ. ૧૩
સાથેજ મરવું જીવવું, સૌથી સારૂં એહ;
એમવિચારી ત્રણજણે,ધાર્યાબળવાચિત્તામાંદેહ. કુંવ. ૧૪

સાખી.

શુક કહે રાજા સાંભળો, રાખીને અનુરાગ;
વરણુન વેન ચરિત્રનો, ભાખ્યો ચોથો ભાગ. ૧

ભાગ ૫ મો.

પદ ૫૦ મું—દેશી ૨ જી.

હરિની જુઓ અકળમાયા, હરિની જુઓ અકળમાયા;
કળી ન શકે કોઇ ડાહ્યા, હરિની જુઓ અકળ માયા ટેક.
ત્રણે જણાંએ ત્યાં નદી તટમાં, દેહ ચિત્તામાં ધાર્યા;
તીરથ કરતા ત્યાં તતકાળ, પરાશર ઋષિ પધાર્યા. હરિ. ૧
અરે ન મરશો માનવીયો, એમ કહીને રાખ્યાં વારી;
પછી મરવાનું કારણ પૂછયું,ત્યાં બધી વાત ઉચારી. હરિ.૨
કુંવર કહે મુજ તુટે પ્રતિજ્ઞા, કહો હું જીવું કેમ;
હું કહું એમ કરો હીમંતથી, ઉચર્યા ઋષિજી એમ. હરિ. ૩
પારાશરી સ્મૃતિનો કાઢયો, ત્યાં ચોથો અધ્યાય;
વળી ત્રીસમો [2]શ્લોક બતાવી, અર્થ કહે ઋષિરાય.હરિ. ૪
જતો રહે કે જાય મરી પતિ, કે બાવો બની જાય;
કહે કુંવરજી એ સ્મૃતિ તો, કીધી છે કળિજુગ માટે;
સતજુગની તો મનુસ્મૃતિ છે, કેમ બને એ ઘાટે. હરિ. ૬
આતમઘાત કરી આવી રીતે, ત્રણના જીવ તજી દેવા;
અરે કુંવર એ કરતાં પછી કહીએ કળિજુગ કેવા. હરિ. ૭
પાંચે ભૂત પરસ્પરમાં, પ્રતિભૂત વિષે ભાસે છે;
તેમજ જુગ ચારે મધ્યે, પ્રતિજુગનાં જુગ વાસેછે. હરિ. ૮

---

૧ ગોહત્યારી.

૨ नष्टेमृतेप्रव्रजितेक्लीबेचपतितेपतौ;
पंचस्वापत्सुनारीणांपतिरन्योविधीयते. ॥३०॥

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

જ્યાં શાંતિ ત્યાં સતજુગ જાણો, કલેશ તહાં કળિકાળ;
એજ ખરો મારા અક્ષરનો, ભાવારથ ભૂપાળ. હરિ. ૯
પુત્ર પૌત્ર પરિપૂરણ લક્ષ્મી, વળી વય વૃદ્ધ ગણાય;
કળિમાં પણ એવી વિધવાને,સતજુગજાણુસદાય. હરિ. ૧૦
વેદ વચન સમ વિધવાનું વ્રત, કળિજુગમાં કરનારી;
વાસ વસે વૈકુંઠવિષે વળી, બહુ તેની બલિહારી. હરિ. ૧૧
વિધવા ધર્મ પળી ન શકે તો, સમજી થાવું સધવા;
પુનર્લગ્નમાં પાપ નથી, વળી વિષમ ન પામે વધવા. હરિ૧૨

પદ ૫૨ મું—દેશી ૧ લી.

કથન સુણીને કમળા કહેછે, સુણો રૂડા ઋષિરાય;
એમ કીધે આ જુગમાં મારી, નિશ્ચે નિંદા થાય. ૧
ઊંચી નાતોમાં કદી એવું, કેમ બને મહારાજ;
કરીએ તો અઘટિત કહેવાયે, ઘટે લોકમાં લાજ ૨
કહે રૂષિ મનમાં તેં માન્યું, ખચીત એ તો ખોટું,
મરજી આવે તેમ માનીલે, મનનું કારણ મોટું. ૩
ઇંદ્રથકી ઉંચી ગ્નાતિનો, નર કે સુર નથી કોઈ;
તે તો વિધવાને પરણેછે, જરૂર તે લે જોઇ. ૪
નળ તજી જાતાં દમયંતીનો, ફરી વિવા આદરશે;
વરવાને ઋતુર્પણ જશે પણ, કોઇ નિંદા નહિ કરશે ૫
કોશળ દેશતણો તે રાજા, પવિત્ર કુળ ઋતુર્પણ;
અયોગ્ય છે એવું નહિ ધારે, એનું અંતઃકરણ ૬
ભીમક નૃપ વૈદર્ભ દેશનો, દમયંતીનો તાત;
પુનર્લગ્ન પુત્રાનાં લખતાં, નહિ ગણે નીચી વાત. ૭
દશરથના સુત રામચંદ્રજી, ધર્મ ધુરંધર થાશે;
મંદોદરી વિભીષણને, ફરી વરાવશે રહી પાસે. ૮
નાગતણી વિધવા કન્યાને, અર્જુન આપે વરશે;
એવાં લગ્ન અનેક થશે પણ, કોઇ સંશય નહિ કરશે. ૯
સંસારિક સુખ સ્વપ્નમાંમાં પણ, દીઠું નહી જે દારા;
તેને ફરી વરતાં નિંદે, તે નિર્દય લોક નઠારા. ૧૦
તુજ સરખી બાળક રાંડેલી, જે ફરી ચોરીએ ચડશે;
તેની નિંદા કરનારા જન, રૌરવ નરકે પડશે. ૧૧
રે કમળા તું ફરી પતિ કરજે, પામીશ સુખ સંતાન;
અતિ પ્રસંન થઇને આપું છું, વળી તુજને વરદાન. ૧૨
પતિવ્રતા વ્રત પાળી થાજે, પાંચ પુત્રની માતા;
એક પુત્રો અવતરશે ને, સંપૂરણ પામીશ શાતા. ૧૩

પદ ૫૨ મું—દેશી ૩ જી.

જશ તારો જગમાં વિસ્તરશે, બુધ્ધિજન હરખે ગાશેજી;
તારી કથા સાંભળશે તેનાં, પાપ પ્રલય થઇ જાશેજી. ૧
માઘ માસમાં મહિમા મોટો, તારી કથા સુણવાનોજી;
પ્રતિવર્ષે નહિ સુણશે તેનો, વ્યર્થ જનમ જાવાનોજી. ૨
કદી વિધવા સનજાપર સતિ, કે જમી બીજી વારજી;
તારી કથા સુણવાથી તેનું, પાપ જરૂર જનારજી. ૩
આશિષ દઇ ઋષિરાય ગયા, અદ્રિકાશ્રમને રસ્તેજી.
કુંવરે કોલ દીધો કરથી, હસીને કન્યાને હસ્તેજી. ૪
પતિ રૂડો તુજને પરણાવીશ, ભાગીશ તારી ભૂખજી;
ભલી ભાતે ભોગવજે ભામા, તું સંસારિક સુખજી. ૫
મુનિયાએ સમજાવિ કહ્યું જે, નથી એ કામ નઠારૂંજી;
પાળજે પુત્રિ તું પતિવ્રતા વ્રત, તેથી ભલું થશે તારૂંજી. ૬
પાવન ઋષિએ પ્રમાણ કર્યું માટે, તે નથી વેદ વિરૂદ્ધજી;
શ્રૌત પ્રમાણે તું સધવાનો, સાચવજે ધર્મ શુદ્ધજી. ૭
તારા જેવાં થશે બહુ ત્રિવર્ણમાં, નવું થતાં નિંદાશેજી;
જુનું થયા પછી કોઇ નહિ જાણે,કુળની રીતિ કહેવાશેજી. ૮
અણગળ પાણી કે દૂધ પીવાનું, ધર્મ ગુરૂ ધિક્કારેજી.
પણ કુળ રીત જો પુનરવિવાહની, તે કરતાં નહિ વારેજી. ૯
વૈધવ્ય ધર્મ પળી ન શકે તો, સધવા ધરમ સાચવવોજી;
ઉભયભ્રષ્ટએજ અધરમમોટો,એ અનુભવ અનુભવવોજી.૧૦
ધર્મ તો તન મનથી નવ ધારેને, વેષ રાખે વિધવાનોજી;
અકલહીણા જન એને વખાણે, છળ ન તપાસે છાનોજી.૧૧
લોકની બીક ન રાખીશ બાઇ, દેવ થકી દિલ ડરજેજી;
પુનરવિવાહ પ્રસિદ્ધ ભલે કર, છાનું કુકર્મ ન કરજેજી.૧૨
એમ શિખામણ દઇ મુનિયાએ; શોક ટાળી કરી શાંતજી;
વેન કહે કશીએ નવ રાખીશ. ભીતરમાં હવે ભ્રાંતજી. ૧૪

પદ ૫૩ મું—દેશી ૨૦ મી.

કમળા કહેછે સુણો કુંવરજી હું, નહિ વરૂં જેને કેનેરે;
મારીજ નાતતણો વર મેળવ, તોજ વરીશ હું તેનેરે. ટેક
વિદ્યા ભણેલો ને સદ્ગુણવાળો, કાંઇક હશે જો કમાતોરે;
એવા નાતીલાને હું નહિ નિંદુ,કદી કુળે કનિષ્ઠ ગણાતોરે.ક.૧
કુંવર કહે હું એવો વર મેળવીશ, નિશ્ચે તારી નાતેરે;
રે બાઇ કાંઇ રૂદે નવ રાખીશ, ઉચાટ તું એ વાતેરે. ક. ૨
અરે કુંવરજી મુજ દુખ ભાગે, એવી નથી મને આશારે;
વિપ્ર ન પરણે વિધવાને કદી, દઇશ ન ખોટા દિલાસારે.ક. ૩
સમજ્યા વિના તું શપથ નવ ખાઇશ, જાશે પ્રતિજ્ઞા તારીરે;
જો ક્યાંહી મારૂં નામ લેઇશ તો,થાશે ફજેતી મારીરે. ક. ૪
કાં તો બ્રાહ્મણો ભેળા થઇને, ફેરવશે તારી વાતરે;
કાં તો તુજને ક્રોધ કરીને, ઠપકો દેશે તુજ તાતરે, ક. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનેક હરકતો છે એ માંહી, નથી બાળકના ખેલરે;
તે માટે તું મારગ જા, મિથ્યા લવરી મેલરે. ક. ૬
જો મુજ ભાઇને જાણુ થશે તો, મુજને દેશે ઝેરરે;
કાંતો ઘરમાં કેદ કરીને, વાળશે પાકું વેરરે. ક. ૭
જેમ સહસ્રાર્જુન સાથે દ્વિજ, લડી મુઆ કઇ ઠામરે;
અરે કુંવરજી ફરી ફરી કહું છું, આ છે એવું કામરે. ક. ૮
કુંવર કહે જો હું તારૂં સગપણ, ન કરૂં નાત મોઝારરે;
સ્રીહત્યા મને બાળહત્યા વળી, હત્યા વિપ્ર હજારરે; ક.૯
મારે કે મરવાને ઉઠે, બાઇ કદી મુજ બાપરે;
તોપણ વિવા ન કરૂં તો શત પૂર્વજ માર્યાનું પાપરે.ક.૧૦
વરતી બધી વિપરીત થાય કે, થાય ઉજડ આ દેશરે;
તોય પ્રતિજ્ઞા તજુ નહીં હું, છું મનુવંશી નરેશરે.ક. ૧૧
મેરૂ ચળે રવિ પશ્ચિમ ઉગે, સમુદ્ર સુકાઇ જાયરે;
પણ નહિ જાય પ્રતિજ્ઞામારી, પૃથ્વી પ્રલયજો થાયરે.ક.૧૨
આઠ માસની અવધી આપી, કરમાં આપ્યો કોલરે;
સુનિથા રાણીનો સુત નહિંજો,વ્યર્થ કરૂં આ બોલરે.ક.૧૩
સુનિથાએ પણ સર્વ પ્રકારે, પક્કી પ્રતિજ્ઞા કીધીરે:
કન્યાનું મન શાંત કરીને, વાટ શેહેરની લીધીરે. ક. ૧૪

સાખી.

શ્રોતા આગળ શાસ્ત્રીએ, કહી કથા ધરી હેત;
કરૂણા રસથી કાળજાં, સઉનાં થર્યાં અચેત. ૧

પદ ૫૪ મું—દેશી ૨ લી.

કરૂણા રસમય કથાથકી, મન સઉનાં મૂર્છિત લાગ્યાં;
છાતીજ જાણે છેદી નાંખી, બાણ વિરહનાં વાગ્યાં. ૧
સભા બધી શુનકાર થઇ, સઉ ભૂલ્યાં શરીરનું ભાન;
શાસ્ત્રીજી હવે શું કહેછે, તે કોઇ સુણે નહિ કાન. ૨
આંખોમાંથી આંસુ કેરા, પ્રવાહ લાગ્યા પડવા;
અરર અરર ઉચ્ચાર કરી, કઇ રામા લાગી રડવા. ૩
કઇક મુખે ડસકાં ભરી ભરીને, નાંખે ઊંડા નિસાસા;
કઇ તો નીજ કપડાને છેડે, લુએ આંખ ને નાસા. ૩
કઇ તો નાતતણા ધારાનો, કરે અધિક ધિક્કાર;
કઇ સુણી કમળાગૌરીનું, ઉપજી કૃપા અપાર. ૫
ઉભા હતા તે બેઠાં ગયા, કઇ સુતા લાંબા થઇને;
કઇક કપોળે કર ધરીને, બેઠા ઓઠીંગણ દઇને. ૬
કઇક કરે પ્રભુની પ્રાર્થના, જાતે ઉચું જોઇને;
અરે પ્રભુ આવું સંકટ તો, કદી ન પડશો કોઇને. ૭
મોરામા મુર્છા પામીને, રહ રહ રોવા લાગ્યા;
કથા બંધ કરી શાસ્ત્રીજીએ, જગાડતાં નહિ જાગ્યા. ૮
બે ઘડી તો બેભાન રહ્યા, પછી ઝબકી જાગ્યા ત્યારે;
કથા પ્રસંગ વળી શાસ્ત્રીને, પુછવા લાગ્યા ત્યારે. ૯
ત્રણ જણાએ નદી તટમાં, બળવા કીધો ઉપાય;
ત્યાર પછી તેનું શું થયું તે, શાસ્ત્રી કહો કથાય. ૧૦
કરૂણારસ અનહદ ઉપજ્યો, શાસ્ત્રી સમજ્યા સાક્ષાત;
પછી શાસ્ત્રીએ પરાશર ઋષિની,વરણવી ફરીને વાત. ૧૧
વળી વિચાર કર્યો જે અતિ, કરૂણારસે કથા અટકશે;
સભાબધી શુનકાર થશે તો, વરણન અધર લટકશે. ૧૨
ખટાશ કરૂણારસ રૂપીથી, દાંત અંબાવા લાગ્યા;
પછી શાસ્ત્રી રસહાસ્ય કથામાં, ઉમેરવા અનુરાગ્યા. ૧૩
હાસ્ય રિપુ કરૂણારસનો છે, ખટાશનો જેમ પાણી;
શ્રોતાનાં આંસુ સુકવવા, એવી યુક્તિ આણી. ૧૪

સાખી.

શ્રોતાને શાસ્ત્રી કહે, સુણો કથા સાક્ષાત;
એ તો વાત અહીં રહી, વરણવું પુરની વાત.

પદ ૫૫ મું—દેશી ૩ જી.

એતો વાત અહીં રહીને હવે, વરણવું પુરની વાતજી;
વિધવા વરવા નહિ દે રાજા, વાત થઇ વિખ્યાતજી. ૧
કણબણ આદિક વિધવા કહેછે, કહો કરીશું કયમજી;
મહીપતિએ કરવા માંડ્યો, જુઓ આ મોટો જુલમજી. ૨
વિપ્ર વણિકની વિધવાઓનાં, દેખી ન શકીએ દુઃખજી;
આપણને પણ આજથકી હવે, સંભવશે નહિસુખજી. ૩
કંથતણી તો કાચીકાયા, રંડો કઇક રખડશેજી;
રંડાપો આખો ભવ રાખી, લોહી બાળવું પડશેજી. ૪
પુનર્લગ્નમાં પાપ હોય તો, વ.ત આ એક વિચારોજી;
દઇ ઉપદેશ તે કેમ ન કાઢત, ધર્મ ગુરૂ એ ધારોજી. ૫
ડુંગળીમાં જો દોષ કહ્યોછે, ખરા વૈષ્ણવ નથી ખાતાજી;
મદ્યાદિક મહા પાપ કહ્યું તો, ચિતમાં તે નથી ચહાતાજી.૬
અરે અધરમી રાજા તારો, વનમાં થાજો વિનાશજી;
લેવા બેઠો લાખો અબળા, નારીયોના નિશ્વાસજી. ૭
તારી રાંડ મરે ને તું પછી, વઢો રહીજો વારૂજી;
કેવું દાઝે કાળજડું તે, તપાસ દુખડું તારૂંજી. ૮
જેણે તુજને આપી ઊંધી, સલાહ મહા દુખદાઇજી;
તેનાં છૈયાં ઘેર ઘેર જઇને, ભીખ માગજો ભાઇજી. ૯
એમ અનેક વિલાપ કરે ને, આંખે આંસુ પાડેજી;
એવામાં આપેજ પધાર્યા, નૃપગુરૂ કણબીવાડેજી. ૧૦
ગુરૂને દેખી કણબણ સઉને, રીસ રૂદેમાં વ્યાપીજી;
કહે ગોર તેં રાજકુંવરને, ઊંધી મત્ય કેમ આપીજી. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચોટલાવાળી ચતુરાને માથે, કરવા બેઠો મુંડાજી;
આ શું સુજયું ને તેં આ શો, ગજબ કર્યો ગોર ભુંડાજી.૧૨

પદ ૫૬ મું—દેશી ૨૧ મી.

આશો ગજબ કર્યોગોરભુંડા,કર્યાઅંતરનાધાઉંડા,આશો ટેક.
ઘેર અમે ઘરધણીને કહેતાં, એને દક્ષણા આપો;
આજ તું અમને દેવા બેઠો, બળબળતો રંડાપો. આશો.૧
જમડા ચૂડો ભાગે તો, અમે નવો પહેરતાં ચૂડો;
તેં તો આખાભવનો ભાગ્યો,શાઇ તું જમથીભુંડો. આશો.
કેમ અદેખાઇ તુજને આવી, શાથી ઉપજ્યું ઝેર;
અરે અમારે ને તારે આ, કીયા જનમનાં વેર. આશો. ૩
બ્રાહ્મણીઓ તો ભવ કાઢે ને, ભીખ માગાને ખાય;
અમેગૃહસ્થણીઓ ચી ગણુતીમાં,ભીખ અમે ન મગાય. આશો.
સાત દિવસ ભૂખ્યો રહે પણ, કણબી મુખથી નવ માગે.
અન્નમળે નહિ તો તે અંતે, પ્રાણ પોતાનો ત્યાગે. આશો. ૫
જા તું હવે અમારી નજરથી, કર તારૂં મ્હો કાળું;
આ-ીશ નહીં અમારે ફળિયે, તારો છેડો વાળું. આશો. ૬
દેશપતિના દેશ છોડશું, પછી શું અમને કરશે;
કણુ પકવી નૃપના કોઠારો, બ્રાહ્મણીયાં જઇભરશે. આશો.૭
શું ઘરડા લોકો ગેલા હતા જે, કોઇએ ન કર્યું આવું,
છો બ્રાહ્મણીયો સ્વર્ગે જાતી, નથી અમારે જાવું. આશો.૮
ઘરડે ગોરે ઘણી પરણાવી, છેક નથી તે છાનું;
તેં તો આજ નવાઇનું કાઢયું, કેઇ પોથીનું પાનું. આશો. ૯
ગોર પધારે ધન્ય જાણુતાં, કરતાં કંસાર કલવા;
અપશકના તું હવે આવજે,મડદાં મોક્ષ મોકલવા.આશો.૧૦
રાજકુંવરને જઇ તું કહેજે, લેજે નામ અમારૂં;
અબળાનાં અંતર બાળીશ તો,ઉજડ વળશેતારૂં.આશો.૧૧
ગુરૂજી તો ગભરાઇ ગયા ને, ઉઠી ચાલ્યા ઘેર;
મનમાંહી પસ્તાયા આ તો, થાશે કાળો કેર. આશો. ૧૨
કણબી સઉને કોપ થશે તો, જમાડશે નહિ લાડુ;
વહુદીકરી પરગામ જતાં નહિ આપે માગ્યું ગાડું આશો.૧૩
પાછળથી સઉ કણબણ કહેછે, એજ આપણો શત્રુ;
પીટયો કયાંથી હવે પામશે, કંકોતરીનું પત્ર. આશો. ૧૪
કઇકે પાછળ કડાકા મોલ્યા, કઇકે દીધી ગાળો;
કોઇકકહેજે ભલુ થયુંતે, આંગણે આવતો ટાળ્યો.આશો.૧૫

પદ ૫૭ મું—દેશી ૭ મી.

વસ્તીના લોકે, વિપ્ર સાથે પાડયો વાંધો;
કહે કોઇ દ્વિજનું કામ ન કરવું, બંધી એવી બાંધોરે. વ.ટેક.
ઘર ઘરથી ભેળા થઇને સઉ, મુખથી બોલ્યા માગી;
પુષ્પ પત્ર દ્વિજને નહિ દઇએ, અમે ગાંઠ એ વાળીરે. વ ૧
કહે સુતાર અમે કોપ્યા તો, [1]ભોગ ભટોના મળશે;
ઘંટીનો ખીલડો ભાગે તો, દાણા શેણે દળશેરે. વ. ૨
ઘાંચી કહે અમે નહિ દઇએ, દીવેલ દીવા સારૂ;
દીવા વિના ઘર દેખાશે જેમ, અપાશરે અંધારૂંરે. વ. ૩
દરજી કહે કોઇ દ્વિજને માટે, થીંગડી એક ન માંડો;
કાંચળીવિના ઉઘાડે ફરશે,ઋષિ સત્વળાની રાંડોરે. વ. ૪
વણકણ કહેછે વસ્ત્ર ન દેવાં, એટલે અડચણ મોટી;
ચકલે ચકલે ચીંથરાં વીણી, છો વાળે લંગોટીરે. વ. ૫
કડીઆ કહેછે ઘર પડશે તો, કોણ હવે ચણી દેશે;
હાથે રોડાં ગોઠવશે, એની રાંડ તગારાં વહેશેરે. વ. ૬
મોચી કહે અમે કોપ્યા તો, ઉડશે એના આટા;
ખરે બપોરે જવું પડે તો, પગે બાંધશે પાટારે. વ. ૭
કહે હજામ હવે બ્રાહ્મણના, કહીએ વાળ ન લેવા;
દાઢાં વધવાથી દેખાશે, બધાય બકરા જેવારે. વ. ૮
કહે લુવાર કરો એવું કે, તરતજ તેઓ થાકે;
લોઢી કે કડછી નહિ દેવી, છો પછી આટો ફાકેરે. વ. ૯
કહે ભરવાડ હવે બ્રાહ્મણનાં, નહિ ચારીએ ઢોર;
ભણવું ગણવું ભૂલી ગાયો, ચરાવશે જઇ ગોરરે. વ. ૧૦
કહે કુંભાર ન દેવાં વાસણ, તેથી તરત અકળાશે;
હાથે હાંલાં ઘડશે તો, બ્રાહ્મણ ઓઝા કહેવાશે. વ. ૧૧
ઘર ચણવા માટીના ગુણા, દેવાની વાત હવે શી;
માટીખાણે માટી લેવા, જશે ગધેડે બેશીરે. વ. ૧૨
ધોબી કહેછે વસ્ત્ર ન ધોવાં, પછી કકળશે કેવા;
ગોર બધા મેલા ગંધાશે, જતી ઢુંઢિયા જેવારે. વ. ૧૩
કોળી કહે અમે બ્રાહ્મણને, ખુશે ખાતર દેવું;
ગૌમુખીને આસનીયાં, સુદ્ધાં જઇ ચોરી લેવુંરે. વ. ૧૪
ભાંડ ભવાયા ચારણ ગાંધ્રવ, એ વળી બોલ્યા એવું;
અમે ફજેત ફજેત કરીને, કરશું જોવા જેવુંરે. વ. ૧૫

પદ ૫૮ મું—દેશી ૮ મી.

ગુરૂજી ગામમાં જ્યાં જ્યાં જાય, લોકો લડવાને સામા થાય;
ઘણાં એવું કહે વાટે ઘાટે, બાવો પાપ કિયા ભવ માટે. ૧
બાળારંડાના લેશો નિસાસા, એમાં શી છે તમારી આશા;
એવાં વચન અંતરમાં ખુંચે, તેથી બહાર જવું નવરૂચે. ૨

---

[1] હાસ્યરસમાં મશ્કરીના શબ્દો આવે છે. જેમ કે નળાખ્યાનમાં કવિએ લખ્યું છે કે ઇંદ્રાદિક દેવોએ કહ્યું કે "વીરસેન અમારો બાપ."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એવી ઘરમાંજ કાળ ગુજારે, વળી મનમાંહિએમ વિચારે;
વેનઆવેમોસાળથી વહેલો, તો હું પાસેજાઉંસઉપહેલો.૩
આ વિચારતણો બંધવાળું, મારે માથેથી અપજશટાળું;
એમ રાત વિતી ઘડી ચાર, પેઠો પુરમાંહિ વેનકુમાર. ૪
સુણ્યા શ્રવણે વાજીંત્રના સોર, થયા આકુળવ્યાકુળ ગોર;
પેઠા ધોતિયું પહેરવા ઘરમાં, સાડીસુંદરીનીઆવીકરમાં.૫
અંગેપહેરીલીધીએજ ટાણે,બીજાં વસ્ત્રતો ભૂલ્યાઅજાણે;
કુંવર આગળ જઇભેટકરવા,શોધ્યુંશ્રીફળઆગળધરવા.૬
ઢાલોઉલખોઆવ્યોહાથમાંહી, તોય ખબરપડીનહિકાંઈ;
ગયાઅસવારીમાંઅથડાતા, ઘોડાબળદતણી લાતોખાતા.૭
કુંવર જઇને કચેરીમાં બેઠા, ગોર રાજસભા મધ્ય પેઠા;
દૂર દૂર કહે છડીદાર, કઇક હસીને કર્યો ધિક્કાર. ૮
ઉતરીકેડે પડેલીજનોઇ, ઓળખી ન શકયો જન કોઇ;
અરે વેન હું છું રાજગોર, ઉંચેથીટે પાડયો એમ સોર.૯
વેને સાદથી ઓળખ્યા જ્યારે, તેને આવવાદો કહ્યું ત્યારે;
અશ્વેલાતથીલુલાબનાવ્યા,એથીખોડંગતાગોરઆવ્યા.૧૦
ઉલખો મૂકીબોલ્યા ગડબડજી, કહ્યું આછ્રવાદ કુંવડજી;
ગભરાતા બોલ્યાએવુંગદ્ય, હાસ્યરસનીતોત્યાં વળીહદ્ય.૧૧
વરવો વેશ વિલોકી તે વાર, હસ્યા સભાના સો સરદાર;
વેને પાયરોકીધોપ્રણામ, આસનઆપીનેઉચર્યોઆમ.૧૨

પદ ૫૯ મું—દેશી ૧ લી.

અહો ઋષિજી ભલે પધાર્યા, કરૂં તમારી સેવા;
પાપનિવારણ ભવજળ તારણ, નથી બીજા તમ જેવા.૧
બ્રાહ્મણને ભગવાન ગણું છું, હું બ્રાહ્મણનો દાસ;
દ્વિજ મારૂં કલ્યાણ કરે, મને વિપ્રતણો વિશ્વાસ. ૨
અર્ઘ પાદ્ય પંચામૃત લાવી, વિપ્રનું પૂજન કીધું;
અગર ધૂપ આરતી ઉતારી, પાદોદક લઇ પીધું. ૩
વિબુધ બધા મંત્રોને વશ છે, તે મંત્રો તમ પાસ;
માટે દેવોથી દ્વિજ મોટા, વદે છે વેદવ્યાસ. ૪
પછી પૂછયું જે કેમ પધાર્યા, કહો કાજ સ્વામી તે;
હું બ્રાહ્મણની આજ્ઞા પાળું, પૂજ્ય ગણીને પ્રીતે. ૫
ઋષિજી બોલ્યા રાજકુંવર સુણ, વિધવા લગ્ન વિચાર;
કણબી આદિક કુળનો એતો, અસલતણો આચાર.૬
બંધ પાડતાં બહુ શ્રમ પડશે, પ્રજા પામશે ત્રાસ;
આપણને વળી લાગે અગણિત, અબળાના નિશ્વાસ.૭
એ લોકોને પાપ નહીં, એનો છે અસલી ચાલ;
માટે તે લોકોનો મારગ, હઠાવવો નહિ હાલ. ૮
રાય કહે ઋષિ એ શું બોલ્યા, એ વાત તો શર્મ;
પાપી મારગ બંધ પાડવો, એ રાજાનો ધર્મ. ૯
જૂના ચાલ મટાડી દેવા, પ્રસિદ્ધ જેમાં પાપ;
પુનર્લગ્નમાં પાપ ન હોયતો, એમ આદરો આપ.૧૦
પુત્રીના નિસાસા લેશો, તેમાં શો છે માલ;
પ્રથમ તમે તમારે ઘેરથી, નવો ચલાવો ચાલ. ૧૧
ભણે ઋષિએ ભોળા ભૂપતિ, એ શી વાત ઉચારી;
જો આવું ફરીથી બોલ્યા તો, થશે અપકીર્તિતમારી.૧૨
પારાશરી સ્મૃતિમાં લખ્યું છે, વિધવાને વરવાનું;
પણ તે શાસ્ત્ર પ્રમાણે સઘળું, કળિયુગમાં કરવાનું. ૧૩
મનનો મમત તજી જોતા તે, સરસ દિસે છે ધારો;
પણ શું કરીએ ચાલ અમારી, નાતે પડયો નઠારો.૧૪
કહે કુંવરજી કળિયુગમાં વળી, એવા વિપ્રો થાશે;
સ્મૃતિયો નહિ સંભાળે જૂને ચાલે ચાલ્યા જાશે. ૧૫

પદ ૬૦ મું—દેશી ૮ મી.

જાશે ચાલ્યા જુનેજ કુચાલે, એવાવિપ્રો થશેકળિકાળે;
જમતાં [1]દેખે શ્વપચ કે શ્વાન, નહિ જમવું એવેમેદાન.૧
જમે તો લાગે પાપ જરૂર, એવાં વચનો નહિ ધરેઉર;
ભુંડીભૂમિમાંબેસીને જમશે,ભિક્ષાલેવા સરવમાં ભમશે.૨
વિપ્ર મ્લેચ્છની નોકરી કરશે, પુત્રી વેચીને પૈસા સંઘરશે;
તેનું શાસ્ત્રમાં કેમ લખ્યું છે, તે તો કોઇકોઇનેનહિપૂછે.૩
કઇક વિધવિધ કરશે વ્યસન, ત્યારે નહિ પૂછે વેદવચન;
મનની મરજીને મળતું રહેશે, ત્યાં તે વેદવચનઆડુંદેશે.૪
જમશેબેસીનેમદ્યપ જોડે, એવા ચાલતા ચાલ ન તોડે;
બાળ વિધવાને પરણાવાકાળ, કહેશે કેમ તુટેજુનાચાલ.૫
નેષ્ટ હોયજો નાતનો રાહ, કહેશે નાત ગંગાનો પ્રવાહ;
કરશે લગન જો વિધવા નાર, તેને નાતથી કાઢશે બહાર.૬
નહિ પૂછેકોઇ ભેદ આનો, કેમ બગાડે પ્રવાહ ગંગાનો;
મ્લેચ્છ સાથે રમીકરેજાર, તેના નહિતુટે નાત આચાર.૭
સતી વિધવા જો સધવા થાશે, તેથીનાતનોઆચારજાશે;
વિપ્ર કનક ચોરે કોઇ વારે, તેની જોડે ન જમવુંક્યારે.૮
જમે તો લાગે આપ અથાહ, નથી તે તુલ્યવિધવાવિવાહ;
ચોરી કરનારા નાતમાં જમશે, ભુંડાભ્રષ્ટપંગતમાંભમશે.૯
એવા નાતોના બંધાશે ધારા, વેદ ધર્મથી વિરૂધનારા;
શાસ્ત્ર ધર્મ તો સંતાઇજાશે, ધારાનાતનાધર્મગણાશે.૧૦
એક કહેશે કણિક અભડાય, બીજો કહેશે તેતોન છોવાય;
અગ્નિ અડકયો નહીંજેહઠામ, તોતેકેળવેકણિકહરામ.૧૧

१ मनुः॥ चांडालश्चवराहश्च कुक्कुटःश्वातथैवच॥
रजस्वला च षंढश्चनेक्षेरन्नश्नतो द्विजान॥१॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મહાપાપને * માનશે છોટાં, મન કલ્પિત માનશે મોટાં;
વિપ્રોલડશે નાતો જુદી થાશે, તેનુંપાણીવિનાં વટલાશે.૧૨

પદ ૬૧ મું—દેશી ૧૩ મી.

[1]ગાજરલસણુનેડુંગળીખાતારે, કહેશેકાંઇનથીવટલાતારે;
વટલે કઇ નાતથી કઇનાતરે,તેની વેદને નહિપુછેવાતરે.૧
[2]સોની સુતારથી વટલાશેરે, અમાલ્યાનતોએમગણાશેરે;
[3]અગ્રાહ્યાન જેનેશ્રુતિગણશેરે તેનેતોભલુંગ્રાહ્યાન્નભણશેરે.
સંધ્યાવંદન ન કરે ખચિતરે, તેની જોડે જમેનાતરીતરે;
જન્મ્યો નાતમાં તે નાતબાહરે,બીજયવનકેકર્મકસાઇરે ૩
હશે નાતમાં ગરીબ એકાદરે, એને શિર મુકશેઅપવાદરે;
કહેશે તેં નીચું કામકર્યુંછેરે, પક્ષવાળાને કોઇનહિપૂછેરે.૪
વેદ ભણશે તે નીચ ગણાશેરે, મ્લેચ્છકિંકર શ્રેષ્ઠ મનાશેરે;
શુક્લકહેતાકોપેએજડામરે,ખુર્શીમુનશીનેબખસીનામરે. ૫
કિંકર દૌલત હિમત મિરાતરે, નામે વિપ્ર થશે સાક્ષાતરે;
તમે કહો છો આખર આવે તનતારે, તોય ભણવી
નઁ[4] ભાષા યવનનીરે. ૬
સ્વાર્થ માટે તે સઘળું એ કરશેરે,પરદુઃખેદયાનહિધરશેરે;
ખરો ધર્મતો બેસશે ખોઇરે, જણાશે વિપ્રદીકેજનોઇરે.૭
મૃગચર્મ[5] ગણોછો પવિત્રરે, તેને કહેશેએતો અપાત્રરે;
શાસ્ત્રે રેશમ બહુ નિંદાયરે, પહેરી શ્રોત કરમનકરાયરે.૮
તેને તો કહેશે સૌથી એ શુદ્ધરે, એમ વરતશે વેદવિરૂદ્ધરે;
મામાની પુત્રીનેપરણનારોરે, કહેશેદેશનોચાલઅમારોરે.૯
રાખે ઉપરથી વિધવાનો વેપરે,પાળે વૈધવ્ય ધર્મનલેશરે;
એ તો વિધવાઉત્તમકહેવાશેરે,ફરીપરણેનેપતિતગણાશેરે ૧૦
એવોઉંધોચલાવશેધારોરે, માટે આજથી વાત વિચારોરે;
કીધી છેમેંપ્રતિજ્ઞાએ તારે, વિપ્રવિધવાનેપરણાવીશ ધીરે.૧૧
શેષ નાગ થકી ભૂમિ છૂટેરે, તોય મારી પ્રતિજ્ઞા ન તુટેરે;
પછી ગુરૂજી ગયાત્યાંહિથકીરે, એકેવાત કરીનહિનકીરે.૧૨

ભાગ ૬ ઠ્ઠો.

પદ ૬૨ મું—દેશી ૮ મી.

કમળાગૌરીનાકષ્ટની કહાણી, ભૂપકુંવરનામનમાં મરાણી;
સુતાંનિણુમાં નિદ્રાનઆવી,એકોદિલમાંહિદિલગિરીલાવી ૧
અતિ અંતરમાં અકળાય, ઉઠે બેસે અને સુઇ જાય;
કરે ચિતમાં અનેક વિચાર, ઘડે ઘાટ હજાર પ્રકાર.૨
અરે નર નિરદય થયા કયમ, અબળાઉપરઆવો જુલમ;
વડું દુખ હશે સૌ વિધવાને,પીડાઅદભુત મારીપ્રજાને.૩
ધિક રાજકુંવર ધિક રાય, પ્રજા જેની અંતરમાં પીડાય;
તન મન ધનકુરબાનકરવાં, સૌ વિધવાનાં સંકટ હરવાં.૪
રણભૂમિ ભયાનકભાગું, ત્યાં હું તલ મર હિમત ન હારું;
માર્યાં મરદનાં દેખું રખડતાં, કઇક શરીરદેખું તરફડતાં.૫
દયા તદપિનદિલ ઉપજાવે, વિધવાને દુઃખે દયા આવે;
નથી ધીરજ ધારી શકાતી, છેકનરમ થઇ મુજ છાતી ૬
દેખી શકતા હશે દુઃખ એવાં, તેનાં હઇડાં કડણ હશેકેવાં;
હશે પથ્થરનાં કે વજરનાં, જનનાં હશે કે જનાવરનાં.૭
વાઘવરૂ જનાવર રાની, પીડા પેખી શકે ન બચ્ચાંની;
પુત્રી વિધવાપણાથી પીડાય, કેમસંસારીજનથીસંખાય.૮
પછી જૈને કહ્યું સુનિથાને, ગમતું શું હશે સૌ વિધવાને;
કોઇનેવૈધવ્યવ્રતહશેવહાલું,કોઇ તો દુખગણીકરેકાલું.૯
સૌને શરમ સગાં સહોદરની, વાત ઉચ્ચારેકેમ અંતરની;
સાચી મરજીજેની હોય જેવી, તેનેતેમજ ચાલવાદેવી.૧૦
ધ્વંસ કરિએ જો કોઇનો ધર્મ, તો તે કહેવાય મોટુંકુકર્મ;
નરકોઇ થવાચહાયસન્યાસી,તેનેકરવો નહીં ગૃહવાસી.૧૧
ગમે કોઇને સંસાર આદરવો, તેનેપકડી સંન્યાસીનકરવો;
પણ સાચું તે શીરીતેબોલે,ખરોમનનોમરમકેમખોલે.૧૨

પદ ૬૩ મું—દેશી ૧૩ મો.

એવો શો કરિએ જે ઉપાયરે, જેથી સૌનીરૂચિસમજાયરે;
લક્ષવિધવાવસેછેઆપુરમાંરે, સૌનેઇચ્છાજુદીહશેઉરમાંરે.૧
પુછતાં શતવત્સર વીતેરે, સાચી વાત સમજીએશીરીતેરે;
અને અતિ અકળામણુઆવેરે,આનોકોણઉપાયબતાવેરે.૨

*याज्ञवल्क्य॥ब्रह्महामद्यपस्तेनस्तथैवगुरुतल्पगः॥ एतेमहापातकिनोयश्चतैः सहसंवसेत् ॥

१ मनुः। लशुनंगृंजनंचैवपलांडुकवकानिचअभक्ष्याणिद्विजातीनाममेध्यप्रभावानिच ॥१॥

૨ સોનું ચોરે તે પતિત કહ્યો છે, માટે તે સર્વ જાતિ ઓ કરતાં નીચ છે.

३ निराचारस्यविप्रस्यनिषिद्धाचरणस्यच अन्नंभुक्त्वाद्विज कुर्यादिनमेकमभोजनम्॥१॥मिताक्षरा.

४ योवदेद्यावनीभाषाप्राणैः कंठगतैरपि ॥

૫ બ્રહ્મચારીને મૃગચર્મ પહેરવાનું, અને બીજાને મૃગચર્મ ઉપર બેશીને દેવની ષોડશોપચાર પૂજા, વૈશ્વદેવાદિ કર્મ કરવાનું લખ્યું છે. પણ આજ તો મૃગચર્મથી રસોડું અભડાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુણી સુતનથા કહે સુણુ સતરે,એતો કામ નથી અદભૂતરે;
અલ્પ કામે મુંઝાયો તું આજરે,ત્યારે કેમ ચલાવીશરાજરે. ૩
સર્વેવિધવાનામનનીઈચ્છાયરે,એતોએકદિવસમાં જણાયરે;
આજથી ત્રીજે દિવસેજઆઇરે,તને સમજાવું તેની સદ્દાઇરે.૪
સુણી વેન કહે સુણો માતરે, વડી અચરજની એતો વાતરે;
જુવતિ જાતનુંમનહોય મેલુંરે, સઘકળવું નથી કાંઇસહેલું રે.૫
એક પ્રેમદાનો લેતાં પાર રે, ન પમાય વિતે વર્ષ બારરે;
એક દિવસમાં લક્ષ કળાયરે, માજી એ વાત કેમ મનાયરે. ૬
હાલ મુજનેધીરજ દિલદેવારે,આપ દોછો, દીલાસાજ એવારે;
પણ જેકશો દાખલો દેખું રે, તો હું વાત ખરેખરી લેખું રે. ૭
નરની વાત કે નારીની વાતરે, કેમ તરતકળાય કહો માતરે;
સુનિથા કહે સંશય છાંડીરે, જો આકાચનાંતકતો ને હાંડીરે૮
એક જાતનાં જાણુ વિચારીરે, એક નરછે અને એક નારીરે;
નરના અંતરમાં જે સમાયરે, તેતો ક્રોધથી કળીનશકાયરે. ૯
પણ પ્રમદાતણા પેટમાંનુંરે, રજ ભાર રહે નહિ છાનુંરે;
દેખી દાખલો દષ્ટિકરીનેરે, પછી રહેજેવુંધીરજ ધરીનેરે.૧૦
વળતી વેનને વિશ્વાસઆવ્યોરે,માતાએખરોખેલ બતાવ્યોરે;
કાંઇક કરશેમાતાજીઉપાયરે જેથીસઉનીઇચ્છા સમજાયરે.૧૧
હું છું બાળક મુજમતિ છોટીરે,એતો વૃદ્ધ એની મતિમોટીરે;
એવું સમજીને કારણસર્વ રે, ગળ્યો વેનના મનનો ગર્વરે.૧૨

પદ ૬૪ મું.—દેશી ૨ લી.

રાણીએ પછી રાજગુરૂને, બોલાવ્યા બહુ પ્રીતે;
કરજોડી પરણામ કરી, ઉચ્ચાર કર્યો આ રીતે. ૧
અરે ગુરૂ હું પિયર ભણી, ગઇતી સુતને લઇ સાથે;
રસ્તામાં એક ઘાત ગઇ, મોટી કુંવરને માથે. ૨
મહાભયંકર વનમાં ભેટી, એક જોગણી એવી;
ભરમં કરત પરજાળીને તે વેનને વનની દેવી;
વિનતિ કરી મેં મિષ્ટ વચનથી, ત્યારે બોલી તેહ;
ત્રણ દિન જો ઉજાણી કરો તો, રહે કુંવરનો દેહ. ૪
પ્રથમ દિવસ સઉ કુમારિકાને, એક ઉજાણી અપાવો.
બીજે દિવસ વિધવા સઘળીને, ભોજન ભલાં કરાવો. ૫
ત્રીજે દિવસ વિધવા ત્રિવરણની, બાગ વિષે બોલાવી;
જો પરિપૂર્ણ પ્રબંધ કરોતો, કદી નડુ નહી આવી. ૬
અમે કબુલ કર્યા તે કથનો, દિલ રીઝી વનદેવી;
તે માટે ત્રણ દિવસ લગી, કરવી ઉજાણી એવી. ૭
શહેર બધામાં સાદ પડાવ્યો, ઉચરી એજ પ્રમાણે;
બાગ વિષે સઉ બાળકિયો, બોલાવી વેહેલી વહાણે. ૮
બાગ સમીપ સરિતાં તટ, શિવ મંદિરમાં લાગી રમવા;
ત્યાં ગુરૂ મુખથી કથા સુણીને, બાગ વિષે બઇ જમવા.૯
સરિતામાં સઉ સ્નાન કરીને, કથા સુણે ગુરૂ મુખથી;
રમાજમી આખોદાન રહી,પછાશેહેરવિષે ગઇ સુખથી૧૦
બીજે દિવસ સધવા સઘળીને, જુગતી કરી જમાડી;
વસ્ત્ર ભૂષણ બખશીશ દઇને, ઘરમધ્યે પહોચાડી, ૧૧
ત્રિજે દિવસ વિધવા ત્રિવરણની, બહુ હેતે બોલાવી;
પ્રભાતમાં ત્યાં ગુરૂની પાસે, ધમ કથા વંચાવી. ૧૨

પદ ૬૫ મું.—દેશી ૩ જી.

વેદ વિહિત વૈધવ્ય ધર્મ, વંચાવ્યા ગુરૂની પાસેજી;
સઉ વિધવા સાંભળવા બેઠી, ઉત્તમ ભોજન આશેજી. ૧
વેનકુંવર ને સુનિથા રાણી, ત્યાં બેઠેલાં દીસેજી;
ગુરૂ જાણે વિધવા સઘળીને, દઉ ઉપદેશ અતીશેજી. ૨
સાંભળતાં સઉના મનની, સ્થિરતા સ્વધરમમાં થાશેજી;
વેનતણા વિપરીત વિચારો, વ્યર્થ બધા વહીજાશેજી. ૩
જે વિધવા વૈધવ્ય ધરમથી, આપે હશે જો અજાણીજી;
તે પણ આજ જથારથજાણશે,સાંભળીને મુજવાણીજી.૪
સાંભળીને કદિ ભૂલી ગઇ હશે, સાંભરી આવશે એનેજી;
જો કદિ વારતા જૂની થઇ હશે, તાજી થશે વાત તેનેજી ૫
વૈધવ્ય ધર્મનું વરણુન કરતાં, કશી ન રાખું કચાશજી;
મોટા મોટા મુનિના મત લઇને, વાતકરીશ પ્રકાશજી. ૬
એવું ધારીને ઉંચા સ્વરથી ગુરૂ,બોલીઆ તાળી પાડીજી;
સાંભળજો સઉ એકજ ચિત્તથી,વાત ન કરશો આડીજી.૭
વેદ પ્રમાણે ધરમ વિધવાનો, સ્નેહ સહિત સંભળાવુંજી;
સ્વધર્મ વિષે સુખ ભોગ ભોગવશો,આદરશો વ્રતઆવુંજી.૮
જો કદી કિંચિત ચૂક કરી તો, પડશો નરકની ખાણેજી;
જમના દૂત જોરાવર તમને, મારશે મોટાં બાણેજી. ૯
લાલચ લોભ હજાર દેખાડે, પણ ન કદી લલચાવુંજી;
પ્રાણ જતાં પણ ધર્મ પોતાનો,તે તજીને નહિ જાવુંજી૧૦
ધર્મ ધરી તમે ધન્ય ગણાશો, દેવ લોકે થશો દેવીજી;
રાણીથકીપણ રિધસિધઝાઝી,અલખતપામશોએવીજી.૧૧
તે માટે હવે તમને કહું તે, પૂરાં વચન સુણી પરખોજી;
વિધવાસ્ત્રિયોનો વેદેકહ્યોછે,ધર્મસંન્યાસિનાસરખોજી.૧૨

પદ ૬૬ મું—દેશી ૭ મી.

વિધવા વામાનો, [1]ધર્મ સન્યાસીના સરખો;
પ્રીતસહિતજે પાળે હિતે,પરવશ પશુસમપરખોરે. વિધ:ટેટ

૧ ત્રીજા ભાગમાં શ્લોક લખ્યા છે.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

વિધવા કે સંન્યાસી જો કદી, [1]બળદની ગાડીએ બેસે;
ધર્મ સિંધુનો ધારો જોતાં, પ્રૌઢ નરકમાં પેસરે. વિધવા. ૧
કાંસાના વાસણમાં કોઇ દિન, જો વિધવા સ્ત્રી જમશે;
પતિ સુધાં નરકે જઇપડશે,ખૂબ પીડા ત્યાં ખમશેરે વિ. ૨
બાગ બગીચા કે નૃત્ય નાટક,જો કદિ નજરે જોશે;
તોતે વિધવાનું વ્રત તત્ક્ષણ, ખરેખરૂં ત્યાં ખોશેરે. વિ.૩
વિવાહનાં કદી વિધવા નારી, ગીતો લાગે ગાવા;
તો તે પાપથકી ત્રિભુવનમાં, સમર્થ નથી છોડવારે. વિ.૪
રેશમનું કે રંગેલું, કદી અંચળ ધારે અંગે;
તો તેના [2]પરિયા જમપુરીમાં, સંચરશે તે સંગેરે. વિ.૫
કનક કદી તલભાર ધરે જો, વિધવા કે સંન્યાસી;
પાપ ખસેનહિ વસેકદી જો, કોડ વરસ જઇ કાશીરે. વિ.૬
વિધવા હાસ્ય વિનોદ કરે નહિ, રહે ઉદાસી આપે;
વાત કરે વૈરાગ્યતણી, નહિ તો પડશે મહાપાપેરે. વિ.
સાંસારિક ઉત્સવમાં કે કદિ, ઉજાણીએ નવ જાય;
એકજ વાર દિવસ આખામાં,ખાણું સાદુ ખાયરે. વિ. ૮
પૃથ્વી ઉપર કરે પથારી, જેમ જંગલમાં જોગી;
ઇશ્વર ઇશ્વર મુખે ઉચારે, રમતાનંના જેમ શોગીરે. વિ.૯
જોણું કશું જોવા નહિ જાવું, વાજે જ્યાં કાંઇ વાજું;
દેખેનહિ મુખદર્પણમાં,તો રહે વિધવાવ્રત તાજુંરે. વિ.૧૦
તે જો કદિ [3]તાંબુળ ખાયતો, મૂગ પાપનું મોટું;
વિશેષ લોભથકી વિધવાવ્રત, ખચીત થાશે ખોટુંરે. વિ.૧૧
શ્રદ્ધાથી વૈધવ્ય ધર્મ, નવ પાળે તે તો કેવી;
એકાદે ઉપવાસ કરે, બાંધેલી બકરી જેવીરે. વિ.૧૨

પદ ૬૭ મું.—દેશી ૧ લી.

કથા સુણીને ભોજન કરવા, ઉઠી સહુ હરખાઇ;
પીળા રાતા મુગટા પેહેરી, બેઠી સરવે બાઇ. ૧
પતરાળી થાળો પીતળની, દઇ કાંસાના થાળ;
જમ્યા પછી પાછા નહિ લઇગ્યે, કહ્યું એમ તે કાળ. ૨

૧ એક ભોળાસ્વારે ઘોડાની દયાથી ઘોડા ઉપર બેસીને મોટા ઘાસનો ભારો હતો તે પોતાના માથા ઉપર લીધો. તેમજ કેટલાએક ધારે છે કે બળદ ઉપર ન બેસવું પણ ગાડી ઉપર બેસવું.

૨ तद्वैगुण्याद्दपिस्वर्गात्पतिः पततिसर्वथा तस्यापिता च माताचभ्रातृवर्गस्तथैवच ॥

૩ तांबुलाभ्यंजनैचैवकांस्यपात्रेचभोजनं-यतिश्चविधवा चैव वर्जयेदंजनादिकम् ॥

લાલચને લીધે કાંસાનાં, વાસણ સહુને ગમીયાં;
પહોર દિવસ પૂરો ચડતાં સહુ, ખટરસ ભોજન જમીયાં.૩
પાનબિડાં આપ્યાં તે ચાવી, ઓઠ કર્યાં બહુ રાતા;
દર્પણ આપ્યાં તેમાં [1]અધરો, દિઠા ભલા દેખાતા. ૪
આભૂષણ અંચળ લાવોને, એક કર્યો અંબાર;
સદા શરીર ઉપર રાખો તે, સજો તમે શણગાર. ૫
એવું સુણતાં અબળા સર્વે, ભૂષણ સજવા લાગી;
કનકતણી ગૂજરિયો કોઇએ, મુખથી લીધી માગી. ૬
કોઇએ ધરી કનકની કંઠી, વળી વીંટી આંગળિએ;
સાડી કસબી છેડાની, શરીરે લઇ સજી સઘળિએ. ૭
કોઇએ કાને ધર્યા વેડલા, કાંચળી રેશમકેરી;
બાંહે લઇ માદાળિયાં બાંધ્યાં, શોભીતાં સોનેરી. ૮
નર્તક ગાયક ત્યાં બોલાવ્યા, નાટક રૂડાં રચાવ્યાં;
તે દેખી દિલ ખુશી થયાં, સહુ ભામનિયોને ભાવ્યાં. ૯
બાગ વિષે એક હતો બંગલો, પલંગ ત્યાં પાથરિયા;
ખરે બપોરે સહુ ત્યાં સૂતી, ધર્મ ન મનમાં ધરિયા. ૧૦
ચાર ઘડી જ્યાં દિવસ રહ્યા, સહુ જમીઓ બીજીવાર;
ઘુઘરિયાળા રથ જોડીને, ત્યાં કીધા તૈયાર. ૧૧
બળદ બહુ બળવંતા જોડ્યા, બાઇઓ રથમાં બેઠી;
ગીત વિવાનાં ગાતી ગાતી, પુર મધ્યે સહુ પેઠી. ૧૨

પદ ૬૮ મું—દેશી ૩ જી.

ઘુમો પાડીને ત્યાં ગુરૂજી બોલે, સહુઓ શૂદ્રો સરખીજી;
વ્રત વિધવાનું વિસારી મુકયું, પાપણિયો મેં પરખીજી. ૧
કથન ગુરૂનાં કાન ધરે નહિ, મન માને તેમ મહાલેજી;
રથમાં બેઠી ગીત ગાય અને રથ ધમધમતા ચાલેજી. ૨
કઇક જાણીતો એમ કહેજો, છો ગુરૂ કહેતા જાયજી;
વૈધવ્ય ધર્મ કહ્યા પરમાણે, આપણથી ન પળાયજી. ૩
મરણ પછી તો ગમે તેમ બાઇ, હશે થવાનું તે થાશેજી;
પણ ખાનપાનને ખાટલો તેતો જીવતાં કેમ તજાશેજી. ૪
સહુ કરતાં હોય તેમજ કરિયે, નિંદા કરે નહિ કોઇજી;
જો કશું આપણે એકલાં કરિયે,જગત કહે ભુંડું જોઇજી. ૫
રથમાંહી બેશીને ગાઇએ ગીતો,એમાં અડચણ શીછેજી.
કોઇ વિધવા નથી બેસતીગાડીએ, એમાંશીવાત નવીછેજી.૬
કનકનાં કંકણ તે નવ પહેરે, જેને મળે નહિ ખાવાજી.
પુત્ર કે ભ્રાત પરણતાં વિધવા, કઇ નથી બેસતી ગાવાજી.૭
આપણે બાઇ સંસારમાં રહેવું ને, એવું તે કેમ પળાયજી;
વહાલા સગાં તજી થાય વેરાગણ, તેનાથી તેમ કરાયજી. ૮

૧ ઓઠ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એજ વાર જમી દિન આખો, ભૂખ્યાં કેમ કઢાયજી;
મુઓધણી આપણે નથીમાર્યો, મુઆપાછળનમરાયજી.૯
હોંશેથીરાણીએ ઉજાણીઆપી, તોશિદ રાખીએ શોકજી;
મન આપણું ખુશી કરવાનેમાટે રૂપૈયાખઃચ્યારોકજી.૧૦
આજ દિવસ મહારાજ કુંવરશિર, ધણી વિતીછે ઘાતજી;
ઉત્તમ દહાડોઆજનો ગણીએ, વિવાહ જેવી વાતજી.૧૧
તેમાટેઆજ ભલાં ગીતગાઇએ, હઇયામાંહી હરખાઇજી;
જેમ પોતાના પુત્રની પામીએ, વિવાહ કેરી વધાઇજી.૧૨

પદ ૬૯ મું—દેશી ૪ થી.

કોડે કામની કહે સુણો કંથજી,
અતિ હરખ પામી હુંતો આજ; વિવાની વધામણી.
માટે મોટા મંડાવો ને માંડવો,
તેડો સઘળો કુટુંબી સમાજ.　　　વિ. ૧
કંકુ છાંટીરે લખજો કંકોતરી,
પામે પ્રેમથી સઘળા સ્વજન.　　　વિ.
છજે છાજતા રંગ છંટાવીએ,
દિલે ધારિને દિ ધન્ય ધન્ય.　　　વિ. ૨
શણગાર સજાવિએ શોભતા,
હેતે લાવો રૂડાં હીર ચીર;　　　વિ.
મોશ્વાં મોતી માણૂક મણિ મૂલવો,
વેગે જાઓ મારી નણદીના વીર.　　　વિ. ૩
હેમ સાંકળો કાચની હાંડીએ,
ઝાઝાં ઝુમર ઝાકઝમાળ;　　　વિ.
[1]કાજુ કાચના તખતા કરાવજો,
વડા ઉંચા ને વિમળ વિશાળ.　　　વિ. ૪
ખુબ ખીલે તેવી ઘણી ખુરશી,
મેલો મંડપમાં મોટા મેજ;　　　વિ.
રૂડાં કાચ ને દાંતનાં રમકડાં,
આણો ઓપે એવાં ઘણાં એજ.　　　વિ. ૫
વાજંગાજાં વિવિધ વજડાવીએ,
ગાશે ગોરિયો મંગળ ગીત;　　　વિ.
આવી ખેલાડી આપણે આંગણે,
ખાંતે માંડશે ખેલ ખચિત.　　　વિ. ૬
મોકા મેવા મંગાવોને મૂલવી,
કેળાં કેરી અંજીર [2]અનાર;　　　વિ.
આજ સાજન મહાજન આવશે,
ખુબ ખાસો તમાસો થનાર.　　　વિ ૭

મને સાંભળતાં સુખ સાંપડયું,
મારા મનમાં આનંદ ન માય;　　　વિ.
રૂડો દિવસ દીવાળીથી દશગણો,
ગણું એથી અધિક તો ગણાય.　　　વિ. ૮
ભાવે હું મારાં ભાઈ જો નઇને,
લેખ લાયકી સહિત લખીશ;　　　વિ.
મારી બેહનપણીને બોલાવવા,
મારાં માણસને મોકલીશ.　　　વિ. ૯
મારી સાસુજીને કહું સ્નેહથી,
રાજી રાજી થશે સુણી સર્વ;　　　વિ.
આજ ગોર ગોરાણીને નોતરૂં,
આજ પરમ પવિત્ર છે પર્વ.　　　વિ. ૧૦
પાકાં પાન ને સારી સોપારીઓ,
લાવો ઇલાઇચી લીલાં લવિંગ;　　　વિ.
કાથો ચુનો કપૂર પુરી કરી,
રચો બાડાં રહે જેમ રંગ.　　　વિ. ૧૧
હું તો હરખે દેખું દશે દિશમાં.
આજ અદકો દિસે છે ઉજેશ;　　　વિ.
કહું દિલ થકી હું જગદીશને,
હરિ આપજો અમને હંમેશ.　　　વિ. ૧૨

પદ ૭૦ મું—દેશી ૧ લી.

ગીત સુણી કમળાગૌરીનું, હૈયું બહુ હરખાયું;
જાણ્યું જે મુજ વિવાહનું આ, ગીત જરૂર ગવાયું.૧
રાજ કુંવરને રાણીજી પછી, બાગ બહાર નીસરીયાં;
સંધ્યા ટાણે શિવનાં દર્શન, કરવાને સાંચરિયાં.　૨
ત્યાં વિધવાઓ પાંચ હતી, ભાસે મુખડાં ભૂખાળાં;
કોઇએ ધોળાં વસ્ત્ર ધર્યાં, કોઇ કશબ વિનાનાં કાળાં.૩
સુનિયાએ તે સઘળીઓને, પુછી લીધું પોતે;
કેમ તમે ભોજન નથી કીધું, કારણ મને કહો તે.૪
બાઇઓ સુનિયા પ્રત્યે બોલી, અમે સુણી ગુરૂ ગાથા;
એજ રિતે વિધવાનો ધર્મ, ધરીશું અમે અનાથા. ૫
પ્રાણ જતાં પણ નહીં પેશીએ, બાગ વિષે કદિ બાઇ;
જોણું જોવા નહિ જઇએ, હઇયામાંહી હરખાઇ. ૬
સ્વર્ગથકી કોઇ સુર આવીને, લાગે જો લલચાવા;
તો પણ અમે ધરમ નહિ તજીએ, લાગે દૈત્ય ડરાવા.૭
માયા સાટે અમે રાખશું, ધર્મ અમારો આપ;
આપદકાળ પડે મહા આવી, તો પણ શા સંતાપ. ૮

[1] સુંદર.　　　[2] દાડમ.

P. P. Ac. Gunratnasuri M.S.　　　Jin Gun Aaradhak Trust

કાપીને કોઇ કાયા કેરા, કરશે ચૂરે ચૂરા;
તોપણ કાંઇ નુકસાન નથી, અમે ધર્મ પાળશું પૂરા.૯
પછી વેને તેઓને પૂછ્યું, જો દિન આખો જાગ્યાં;
કહો આજ આ બાગ વિષે, વાજીંત્રો શાં શાં વાગ્યાં.૧૦
બાઇઓ કહે અમે એના સ્વર, સુણ્યા નથી શું કહિએ;
એવે સમે ઉપદેશતણાં પદ, અમે ઉચરતાં રહિએ. ૧૧
વેન કહે તમે પદ ગાયાં, તે બોલો અહિયાં બેશી;
પછી વિધવાઓ ગાવા લાગી, ઉત્તમ પદ ઉપદેશી.૧૨

પદ ૭૧ મું—દેશી ૨૨ મી.

જાય છે જગત ચાલ્યુંરે, ઓ જીવ જોને. ટેક.
જોને તું પાટણ[1] જેવાં, સારાં હતાં શેહેર કેવાં;
આજ તો ઉજડ એવાંરે, ઓ જીવ જોને. ૧
વળી સિદ્ધપુર વાળો, મોટો જોને રૂદ્રમાળો;
રહ્યો નહિ તે રૂપાળોરે, ઓ જીવ જોને. ૨
રૂડા રૂડા રાણી જાયા, મેળવી અથાગમાયા;
કાળે તેની પડી કાયારે, ઓ જીવ જોને. ૩
છત્રે જેને છાયા થતી, રૂડી જેની હતી રતી,
ક્યાં ગયા કરોડોપતીરે, ઓ જીવ જોને. ૪
જરી જો આજારી થતા, હાજર હકીમ હતા;
તેનાતો ન લાગે પત્તારે, ઓ જીવ જોને. ૫
કોઇ તો કહેવાતા કેવા, આભના આધાર જેવા;
ઉઠી ગયા એવા એવારે, ઓ જીવ જોને. ૬
જુવાનીમાં જાતા જોઇ, રાખી નહીં શકયા કોઈ;
રહ્યાં સર્વે સગાં રોઇરે, ઓ જીવ જોને. ૭
હાજર હજારો રહેતા, ખમા ખમા ખમા કહેતા;
વિશ્વમાંથી ગયા વેહેતારે, ઓ જીવ જોને. ૮
મુઆ જન જોતા સાથે, હેતથી પોતાને હાથે;
મરણ ન મટયું માથેરે, ઓ જીવ જોને. ૯
જશ લીધે શત્રુ જીતી, નવીન ચલાવી નીતિ;
વેળા તેની ગઇ વીતીરે, ઓ જીવ જોને. ૧૦
જગતમાં ખુબ જામ્યા, વેર વાળીને વિરામ્યા,
પણ તે મરણ પામ્યારે, ઓ જીવ જોને. ૧૧
નેક નામદાર નામે, ઠર્યા જઇ સ્મશાન ઠામે;
દીઠા દલપતરામેરે, ઓ જીવ જોને. ૧૨

પદ ૭૨ મું—દેશી ચાલતી.

ચેતે તો ચેતાવું તનેરે, પામર પ્રાણી; ટેક,
સજી ઘરબાર સારૂં, મિથ્યા કહે છે મારૂં મારૂં.
તેમાં નથી કશું તારૂંરે, પામર પ્રાણી. ૧
તારે હાથે વવરાશે, તેટલુંજ તારૂં થાશે;
બીજું તો બીજાને જાશેરે, પામર પ્રાણી. ૨
માંખિયોયે મધ કીધું, ન ખાધું ન દાન દીધું;
લુટનારે લુટી લીધુંરે, પામર પ્રાણી. ૩
ખંખેરીને હાથ ખાલી, ઓચિંતાનું જવું ચાલી;
કરે માથાકુટ ઠાલીરે, પામર પ્રાણી. ૪
સાહુકારીમાં સવાયો, લખોપતિ શું લખાયો;
કહે સાચું શું કમાયોરે, પામર પ્રાણી. ૫
આવે તારે સાથે એવો, કમાંયો તું માલ કેવો;
અવેજ તપાસ તેવોરે, પામર પ્રાણી. ૬
દેવે નરતનું દીધી, તેં તો ન કિમ્મત કીધી;
મણી માટે મેશ લીધીરે, પામર પ્રાણી. ૭
ખોળામાંથી ધન ખોયું, ધુળથી કપાળ ધોયું;
જાણપણું તારૂં જોયુંરે, પામર પ્રાણી. ૮
હજી હાથમાં છે બાજી, કરતું પ્રભુને રાજી;
તારી મુડી કર તાજીરે. પામર પ્રાણી. ૯
હાથમાંથી બાજી જાશે, પછીથી પસ્તાવો થાશે;
કશું ન કરી શકાશેરે, પામર પ્રાણી. ૧૦
મનનો વિચાર તારો, મનમાં રહી જનારો;
વળતી ન આવે વારોરે, પામર પ્રાણી. ૧૧
નીસર્યો જ્યાં શરીરથી, પછી તું માલેક નથી;
દલપતે દીધું કથીરે, પામર પ્રાણી. ૧૨

પદ ૭૩ મું—દેશી ૧ લો.

અધિપતિ સુત ઉપદેશ સુણીને, થિરમન થંભિત થાય;
પ્રદક્ષણા પાંચેની કરીને, પ્રેમે લાગ્યો પાય. ૧
બે કરજોડી એવું બોલ્યો, ધન્ય તમારો ધર્મ;
પાંચ તમે છો પવિત્ર બાઇ હું, મનમાં સમજ્યો મર્મ.૨
તમે નિરંતર ધર્મ તમારો, પરમ ખુશીથી પાળો;
તમને હરકત કોઇ કરે નહિ, ચિતની ચિંતા ટાળો ૩
નૃપકુંવરે [1]નાપિક સર્વેને, આજ્ઞા દીધી આવી;
જે વિધવાઓ જમી રમીને, શેહેર વિશે સીધાવી. ૪
એમાંની વિધવાના આજથી, કોઇના કેશ ન લેવા;
સુવર્ણના શણગાર થકી કાંઇ, કેશ અધિક નથી એવા.૫
એ રીતે તેને વિધવાને, શીશ રખાવ્યા કેશ;
કઇકતણા કુળમાં તે દિનથી, ચાલ્યો ચાલ હમેશ. ૬
એ અવસરમાં ગુરૂજી આગળ, વેન વદે છે વાણી;
અબળાના અંતરની ઇચ્છા, જુગતે લીધી જાણી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેની મરજી નથી જણાતી, વિધવા ધર્મ ધર્યાની;
એને શિદને અડચણ કરિયે, નરપાત લગ્ન કર્યાની. ૮
એવી વાતો મુખ ઉચરતા, પેઠા સર્વે પુરમાં;
ખરેખરો તે ખટકો પેઠો, અધિપતિ સુતના ઉરમાં. ૯
ઉજાણીમાં કઇ વિધવા દીઠી, આઠ વરસની વયમાં;
કઇક દિઠી માબાપ વિનાની, બળતી હતી રૂદયમાં. ૧૦
કઇક જણીને કશો ન દીકો, એકે ગમ આધાર;
માંસ રૂધિર તનમાંહિ મળે નહિ, પિંજરહાડ પ્રકાર. ૧૧
દયા અધિક ઉપજી દિલમાંહી, જુવતી એવી જોઇને;
વેને અતિ ચિંતાથી આખી, રાત ગમાવી રોઇને. ૧૨

દોહરો.

શુકજી કહે પરીક્ષિત સુણો, રાખીને અનુરાગ;
વરણન વેનચરિત્રનો, ભાખ્યો છઠ્ઠો ભાગ. ૧

ભાગ ૭ મો.

પદ ૭૪ મું—દેશી ૧ લી.

વેનકુંવરની વાત સુણી, ઋષિ ઘેર ગયા તે વાર;
નિશિ આખી નિદ્રા નવ આવી, વિધવિધ કર્યા વિચાર. ૧
અંતે અંતર એમ ઠર્યું જે, એ તો કામ ન કરવું;
સ્ત્રી શુદ્રો તો તાબામાં રહે, એજ રીતે આચરવું. ૨
સેવાનો અધિકારજ તેને, સ્વતંત્રતા નહિ દેવી;
અધિક ગુણો એને ન શિખવવા, રાખવી શુદ્રજ જેવી. ૩
પણ નૃપકુંવરે લીધી પ્રતિજ્ઞા, તે શી રીતે તૂટે;
રાજા અંગ ઉપાય કરે તો, છેક કુંવર મત છૂટે. ૪
બિજે દિવસ ગુરૂદેવ ગયા, જ્યાં અધિપતિ બેઠા અંગ;
આસન આપ્યું ત્યાં તે બેઠા, પછી તે કહ્યો પ્રસંગ. ૫
વેન વિવા વિધવાના કરશે, મહાજન મન દુખાશે;
જરૂર કશું તોફાન જાગશે, સઉ જન સામા થાશે. ૬
રાજા કહે ફિકર નવ રાખો, વારિશ વેનકુંવરને;
ચાલ નવો નહિ દેઉ ચલાવા, નહિ દુખદઉ કોઇ નરને. ૭
કહે ગુરૂ સમ ખાઇ કહો તો, અધિક ભરૂંસો આવે;
પુત્ર ઉપરની પ્રીત પિતાની, તે તો સત્ય તજાવે. ૮
પુત્રતણું પોષણ કરવા, કઇ પિતા કરે છે પાપ;
સુતનો ગુનો છુપાવા માટે, ઉચરે જુઠું આપ. ૯
નરપતિ કહે નક્કી હું વારીશ, વચન ન લોપે વેન;
વેનતણો વિશ્વાસ મને છે, જાઓ કરો સુખચેન. ૧૦
જો લોપે તો પુત્રતણું પછી, જીવતાં મુખ નવ જોઉં;
જો જોઉં તો બ્રહ્મહત્યાથી, હત્યારો હું હોઉં. ૧૧
ક્ષિતિપતિએ એવા સમ ખાધા, વિપ્ર થયાજ વિદાય;
પછી કુંવરને કહ્યું બોલાવી, એમ કદી ન કરાય. ૧૨

સોરઠો.

જો તું તારે ચિત્ત, ઇચ્છે રૂડું આપનું;
તો કહું તારે હીત, રાજનીતિ સુણી રાજવી. ૧

પદ ૭૫ મું—દેશી ૧૦ મી.

રાજનીતિ સુણ રાજવી, ઉચરે રાય અંગ;
રઇત રૂદયે રાજી રહે, એવા ધારીએ ઢંગ. રાજનીતિ. ટેક
જે નૃપતિ થકી જન ઘણા, દિલ થાય ઉદાસ;
રાજ્યનો કે તેના પંડનો, નકી થાય વિનાશ. રાજ. ૧
પુત્રને જેમ પાળે પિતા, એમ રઇયતને રાય;
પાળે સદા પૂરા પ્રેમથી, તોજ કલ્યાણ થાય. રાજ. ૨
કેવળ સ્વારથ કારણે, રાજા રાખે જે રાજ:
રઇયતનું ન રૂડું કરે, એનું થાય અકાજ: રાજ. ૩
પાંચ પ્રધાનને પૂછીને, કામ કરવું હમેશ:
એકલી આપ અક્કલથકી, નવ કરિયે વિશેષ. રાજ. ૪
જો પ્રજા મુખ્યને પૂછીને, રાજનીતિ રખાય:
તો વળી સઉથી સરસ દિસે, કદિ કલેશ ન થાય. રાજ. ૫
ચરચા સાંભળિયે ચોટાતણી; જશ અપજશ વાત;
અપજશથી ડરિયે અતિ, તેમાં છે સુખ સાત. રાજ. ૬
શિક્ષક જન જેમ શિષ્યને, શિખવે ગુણ સાર:
સત્રને એમ સુધારિયે, પૂરો રાખીને પ્યાર. રાજ. ૭
સરસ રીતિ પણ સર્વને, આવે નહિ અનુકૂળ;
તો તો તરત ન ચલાવિયે, એજ સંપનું મૂળ. રાજ. ૮
એવું કશું કરિયે નહિ, જેથી જુલમ જણાય;
ધીમે ધીમે સમજાવીયે, શુભ રીતે સદાય. રાજ ૯
જેને પ્રજા ધન્ય ધન્ય કહે, એજ ઉત્તમ રાય;
નહિ તો પ્રજા કે રાજાતણા, દહાડા સુખમાં ન જાય. ૧૦
કોઇએ ધારેલા ધર્મનો, નહિ કરિયે વિધ્વંસ;
ધર્મ વિધ્વંસ ક્રિયાથકી, દિલમાં લાગેછે ડંશ. રાજ. ૧૧
અલ્પ કહ્યું પણ આટલું, શિખી રાખે જે રાય;
એજ રાજાતણા રાજ્યના, પાયા ઊંડા રોપાય. રાજ. ૧૨

પદ ૭૬ મું—દેશી ૧૪ મી.

વળી એમ બોલ્યો અંગરાય, સુણો જન રાજ સભાના;
સદ્ય સારો સુધારો ન થાય, સુણો જન રાજ સભાના;
એક ઘાએ કુવો ન ખોદાય, સુણો જન રાજસભાના. ટેક.
જૂનો ચાલ જરૂર જો, દુઃખ દાયક દેખાય;
રઇયતને સમજાવીને, કરો રૂડો સુધારો રાય. સુણો. ૧
સમજાવ્યે સમજે નહીં, તે ન કરે તતકાળ;
કળે કળે જુગતી કરી, કામ પાર પાડે ભૂપાળ. સુણો. ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કષ્ટક કામ શરૂઆતથી, સો વર્ષે સિદ્ધ થાય;
રાયણ [1]રોપણહાર નર,તે તો ફળ તેહનાં નવ ખાય. સુણો.
ધીરે ધીરે જે સાધિયે, કારજ ભલું સદાય;
આગઅધિક લગાડતાં,જુઓપાક બધો બળી જાય. સુણો.૪
અવસર આવે થાય છે, સઘળાં કારજ સિદ્ધ;
ફળ પાકે ન ઋતુવિના, વડી વાતો કર્યે વિઘ્ન. સુણો.૫
પ્રથમ ઘણી રઇયતતણે, અંતર ઉતરે વાત;
ત્યારપછી તે કામની, ભલે કરજો ભલામણ ભ્રાત. સુણો.૬
જ્યાં લગી મન માને નહીં, કરશો ત્યાં લગી કેમ;
વસ્તુ ન ગમતી નાકને,જુઓ જીભ જમે નહિ જેમ.સુણો.૭
અભાવતું આરોગતાં, ગળા થકી ન ગળાય;
આગ્રહકરી ગળાવતાં, એથી અંતે ઉલટી થાય. સુણો.૮
રોજ રોજ ઉપજાવતાં, ઉપજે રૂચી અપાર;
થોડેથોડે અફિણ પણ અંતે થાયછે પ્રાણઆધાર. સુણો.૯
બાળક શીખે બોલતાં, આગળથી ઉચ્ચાર;
પછી લખતાં ને સમજતાં,અનેવળતી બધો વ્યવહાર. સુણો.
પાઠ સુધારાનો પ્રથમ, સઉને શિખવો એમ;
પછી અમલમાં આણવા, તતખીરથી શીખવો તેમ. સુણો.
સઉનું સારૂં ચાહોતો, ચિતમાં કરી વિચાર;
સ્નેહસહિત સંભળાવજો, ધીરેધીરે સુધારાનો સાર. સુણો.

પદ ૭૭ મું—દેશી ૨૩ મી.

સજ્જન સંભળાવજોરે, ધીરે ધીરે સુધારાનો સાર;
સજ્જન સ્નેહ સહિત સંભળાવજો. ટેક.
છોટી અકલવાળા આગળે, મુખે ન વદીએ મોટી વાત;
પાશેર કેરા પાત્રમાં, કેમ શેર સમાશે સાત. સજ્જન. ૧
લાખો કીડીપર લાડવો, આખો મેલિયે તો મરી જાય;
ભૂકોકરી ભભરાવીયે, તો તે ખાસી રીતે ખાય. સજ્જન.૨
માંકડા લઇને માનવી, બેઠો નાવમાં દઇને નૂર;
ભડકાવે તો તે અજાણિયાં,પડે કૂદી પાણીનેપુર. સજ્જન.૩
જે સમજે જેવી રીતથી, તેને પણ સમજાવીએ તેમ;
બેરો તો સમજે સાનમાં,ત્યારે કરીએલવારોકેમ.સજ્જન.૪
બાળક આગળ બોલિયે, ત્યારે બનિયે બાળક રૂપ;
ભૂખાઉતાતા ભાખયે,ભલે હોઇએ ભણેલા ભુપ.સજ્જન.૫
પલક ટકે નહિ પેટમાં, જો ખાય બિલાડી ખીર;
ખાંમુખાંશિદ ખવરાવિએ,તેવિચારોને મારાવીર.સજ્જન.૬
જંગલ કેરાંજાનવરો, આપે પાળવા કરિએ જો આશ;
એવુંઆદરિએ કે આપણી પાસે વસેકરીવિશ્વાસ.સજ્જન.૭
ધીરેધીરે નિત્ય ધીરવી, એને અકલ શિખવીએ અનેક;
હળીમળી હેતવધારિએ,પણ છૂટા નપડિએછેક. સજ્જન.૮
નિશાળિયાને ગમે નહીં, આપે શિક્ષક જો એવું જ્ઞાન;
નાશીનેજાય નિશાળિયા,મળે શિક્ષકનેકેવું માન. સજ્જન.૯
છણછણતે તેલે છાંટિએ, લઇને નિર્મળ ઠંડું જો નીર;
સળગીઉઠેએતો સામટું વળી,સામાનુંબાળે શરીર. સજ્જન.
સજ્જનને મન શુદ્ધ છે, પણ વિશ્વ વિરૂદ્ધ વિચાર;
બહુજનમાં નહિ બોલિએ, જેથી ઉપજેઉપાધિઅપાર સ.
સંસારી જનને સુધારશો, રૂડી રાખીને એવી જો રીત;
દલપતરામના દેવની,તમેપામશો પુરી પ્રીત. સજ્જન. ૧૨

દોહરો.

सुंदर जेमां शांतरस, कशिये नहीं कचाश;
अधिपतिये एवां कह्यां, कथन कुंवरनी पास.॥१॥

પદ ૭૮ મું—દેશી ૧ લી.

પુત્ર સહિત સભાસદોને, નૃપે કહ્યાં એમ વેણ;
વેન કુંવર વળતી ત્યાં બોલ્યો, નીચાં ઢાળી નેણ. ૧
વેનની આંખે આંસુ વહ્યાં, અને ગદગદ વાણી બોલે;
ચિતમાં ચિંતા અધિક વધી જે, રખે પિતા રીસ બોલે. ૨
વનની કથા બધી કહી દીધી, વરણીને વિસ્તાર;
અહો પિતા મેં આવી પ્રતિજ્ઞા, કરી સમ ખાઇ હજાર.૩
અમજાના દુખો અણુભવ મેં, કીધો મારી જાતે;
અરે પિતા અત્યંત દયા, ઉપજે મુજને એ વાતે. ૪
તજું પ્રતિજ્ઞા તો પુરાણી, લાજે પેઢી સાત;
પછી પ્રતિજ્ઞા કેદ નહિ પળે, મનુ રંગી સાક્ષાત. ૫
તોપણ તાત તમે ફરમાવો, તેમજ હું તૈયાર;
સુણી રાજાએ જાણ્યું બનિયો ભાવિ ભાવ બનનાર. ૬
કથન કર્યું મુખથી કહેવાનું, એકે ન સુજ્યું એને;
કશી પ્રતિજ્ઞા કરી પિતાએ, વાત ન જાણી વેને. ૭
રાજા રાતે એકાંતે જઇ, સુતો ઉદાસી લાવી;
આખી રાતે જાગ્યો રહ્યો, ખરખમર ફરી નવ આવી. ૮
વિગત સહિત તે વાત બધી, વહાણામાં વેને જાણી;
પિતા ઉપર બહુ પ્યારથકી, આંખ્યોમાં આવ્યાં પાણી. ૯
કુટિ કુટિને કલ્પાંત કર્યો, રોયો નિસાસા નાંખી;
ઋષિઉપર બહુ રિસ ચડી પણ, મનની મનમાં રાખી. ૧૦

---

[1] કહે છે કે સો વરસની થાય ત્યારે રાયણને ફળ થાય છે.

* શ્લોકઃ ॥ पत्रं स निर्विण्णमना नृपो गृहा
न्निशीथ उत्थाय यहोदयोदयात्
अलब्धनिद्रो ऽनुपलक्षितो नृभि
र्हित्वा गतो वेनसुवं प्रसुप्तम्

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કઇક દિવસ ગાદી રહી સુની, બેઠો વેન વિવેક;
વિપ્રોએ વિધિવત રાજાને, શિર કીધો અભિષેક.[૧] ૧૧
હોમ કર્યો દ્વિજ જાતિ જમાડયા, કસર ન રાખી કાંઇ;
ઉપરથી પૂજા અરચા પણ, હરષા અંતર માંઇ. ૧૨
એક દિવસ નૃપ એમ વિચારે, અરે દૈવ શું કરવું;
મારી પ્રતિજ્ઞા નહીં પળે તો, મારે પણ છે મરવું. ૧૩

પદ ૭૯ મું—દેશી ૩ જી.

પુરપતિ તે પુર ચરચા જોવા, વિચર્યો અરધી રાતેજી;
પુરમાં ફરીને પછી પુરબાહર, જઇચઢીઓ નિજજાતેજી. ૧
ત્યાં શિવનું મંદિર શોભીતું, અધિપતી પેઠો એમાંજી;
કૌતક એક મહાભયકારી, તતક્ષણ દીઠું તેમાંજી. ૨
એક પુરૂષ કર ખડગ લઇ, મરતોહતો દુઃખનો માર્યોજી;
હાં હાં કહી રાયે હોકારો, કરીને તેને વાર્યોજી, ૩
આતમઘાત કરીને અરે તું, પાડશ નહિ નિજ પ્રાણજી;
જો તું મરે તો હવે તુજનેછે; આ શિવજીની આણજી. ૪
આતેશું એમ અચરજથી, ઉપજ્યો અદ્દભુત રસ એવોજી;
આખે શરીરે રોમાંચ થયો, પુરપતિને વળ્યો પરસેવોજી. ૫
ભૂત હશે કે હશે કોઇ ભૈરવ, કે દુખી નર કે દેવજી;
હિંમતે જઇને તેના કરમાંથી, ખડગ લીધું તતખેવજી. ૬
ત્યાંતેબોલ્યો અરે ભાઇ આઅવસર, મુજનેવારિશમરતાંજી;
દુઃખથકી દરરોજ રિબાતું, મોત ભલું તે કરતાંજી. ૭
રાય કહે તુજ નામ ઠામ વળિ, વિસ્તારી કહે વાતજી;
ક્રોડ ઉપાય કરી દુખ તારૂં, ભાગિશ સરવે ભ્રાતજી. ૮
ભાખે પુરૂષ,હુંછું ભાર્ગવ બ્રાહ્મણ, નવરંગી મુજ નામજી;
કર્મસંજોગ કારણથકી કન્યા, મળી નહી કોઇ ઠામજી. ૯
રે મુજ માથે રહ્યું પિતરીઋણ, પુત્રવિનાનો હું પાપીજી;
પિંડદાન કરી કોણ સારશે, કુળમાં શ્રાદ્ધ કદાપિજી. ૧૦
મુજપછી કહિએ પૂત્ર જ મારા, તસ પાણી નહિ પામેજી;
પુત્રવિનાનો સ્વર્ગ[૨] ન પહોંચે, લખિયુંછે ઠામોઠામેજી. ૧૧
બહુ બહુ મેં બાધાઓ રાખી, ઘણા જપાવ્યા જાપજી;
પણ મારૂં ન થયું પરણેતર, પૂરણ એવાં પાપજી. ૧૨

પદ ૮૦ મું—દેશી ૨ લી.

જન્મકુંડળી લઇ જોશીને, પ્રશ્ન પૂછવા જાઉં;
જોશી જુઠી અવધો કહે પણ હું હઇએ હરખાઉં. ૧
મશ્કરીમાં પણ જો કોઇ મારી, કરે વિવાની વાત;
હું તો સાચેસાચી માનું, થાઉં રૂદે રળિયાત: ૨
અરે પ્રભુ તેં અગણીત નારી, અવની પર ઉપજાવી;
પણ મુજ અરથે એકજ ઘડતાં, આળસ તુજને આવી. ૩
ઢેઢ ચમાર ગમાર ઘણા પણ, પરણેલા ઘરબારી;
એ કરતાં પણ અભાગીયો હું, નહિ મારે ઘરે નારી.૪
રોજ રસોઇ કરીને પીરસે, મુખે બોલતી માઠું;
મેં તો જન્મ ધરી એવું સુખ, સ્વપ્નામાં નહિ દીઠું. ૫
મુખનાં મરકલડાં કરિ કરિને, જુએ પતિના સામું;
દેખી મારૂં દિલ દાઝે ને, પસ્તાવો બહુ પામું. ૬
વરકન્યા ચોરીમાં બેઠાં, એક બીજાને જમાડે;
અરે પ્રભુ એવું સુખ ઉત્તમ, દેખીશ હું કે દહાડે. ૭
ચૌટેથી ચિતમાં હરખાતો, ચાલ્યો ચાલ્યો આવે;
બાળક કાલું કાલું બોલી, બાપા કહિ બોલાવે. ૮
પુત્ર પુત્રીને પરણાવે કે વ્રત ઉદ્યાપન વેળા;
હોમ કરે જોડે બેસીને, ભાળે જન થઇ ભેળા. ૯
અરે એવા પુરૂષોએ મોટાં, પુણ્ય કર્યાં હશે કેવાં;
મેં શાં મોટાં પાપ કર્યાં હશે, મળ્યાં નહીં સુખ એવાં.૧૦
મૂરખ જોવાના મંદિરમાં, નિરખી બે બે નારી;
અરે વિધાત્રી અભાગણી, આ તે શી બુદ્ધિ તારી. ૧૧
અહો મિત્ર મારા સંકટની, શી કહું વાતો ઝાઝી;
વિશ્વ વિષે પુરૂષોના વૈભવ, દેખી મરૂંછું દાઝી. ૧૨

પદ ૮૧ મું—દેશી ચાલતી.

પનઘટ ઉપર પ્રભાતમાં જઇ, બગની પેરે બેસું;
વિધવિધના વિચાર કરૂં પણ, એથી અર્થ સરે શું. ૧
રસ્તે જાતી રામાઓનાં ટોળે ટોળાં દેખું;
નિરખીને નિસાસા નાખું, અભાગ્ય મારાં લેખું. ૨
પછી ઘેર જઇ પોતાને હાથે, નીર ઉકાળી નાહાવું;
બળ્યા જળ્યા ભાખર બનાવી, ખાંત વિનાનું ખાવું. ૩
સ્મશાન સરખું ઘર ભાસે ને, ચિતા સળગતી સજ્યા;
અધિક અંતરની વાત ઉચરતાં, લાગે છે મને લજ્યા. ૪
વાસણની ઉતરેવડને એક, રાતું વસ્ત્ર ઓઢાડું;
ઉભાં છો વહુ એમ કહી, મારા મનને હું રમાડું ૫
એની જોડે ઉભો રહીને, એમ વિચારૂં આપ;
આ જેવડી કન્યા આવે તો, વળતી શા સંતાપ. ૬
એક દોરડું લઇ તેની, વરમાળા બેશ બનાવી;
મારા ને ઉતરેવડના, મેં કંઠ વિષે પેહેરાવી. ૭
કહ્યું ચાલો વહુ ચોરીમાં, તમને આપીશ મુખમાગ્યું;
ખેંચાયાથી ખસી પડી, વાંસામાં મુજને વાગ્યું. ૮

---

૧ वीरमातरमाहूय सूनीथांब्रह्मवादिनः
प्रकृत्यसंमतवेममभ्यषिंचत्पति भुवः ॥२॥
श्रुत्वानृपासनगतं वेनरत्युग्रशासन
निल्लिल्पुर्दस्यवः सर्वे सर्पत्रस्ताइवाखवः ॥३॥
२अपुत्रस्यगतिर्नास्तिस्वर्गेनैवच ॥ इतिगरुड०पु०॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હસતાં મારે લાતો જો ભાઇ, હોય પ્રિયાની પ્રીત્યો;
મેં મારે મન એમ ગણ્યું જે, આજ ઓરિયો વીત્યો. ૯
નારિ વિના દુખનો નહિ છેડો, મરૂંછું એ દુખ માટે;
પુરપતિ કહે તુજને પરણાવિશ, ન મરિશ એ ઉચાટે. ૧૦
નારી તારી નાતતણી છે, વિધવા પણ ગુણગાન;
સોળ વરસની સુંદરી છે, તન રંગે રતી સમાન. ૧૧
હમણાં તો દુખની દાઝી, દીસેછે જેવી ડોશી;
પણ રંભા જેવી બનશે, જો રાખિશ પાળીપોષી. ૧૨
પણ તારા નાતીલા તુજને કરશે પતંગ બહાર;
માટે હોંમત હોય તને તો, પરણાવું તે નાર. ૧૩

પદ ૮૨ મું—દેશી ૮ મી.

સુણી અંતરે અધિક ઉમંગી, નરનાથને કહે નવરંગી;
પારાશર શુભ ગોત્રછે મારૂં, માટે તેનાં વચન ન વિસારૂં. ૧
એની સ્મૃતિનેન માનું હું ઓણ,તો તે કથનને માનશેકોણ;
મારા હઇયામાં છે ઘણીહામ,નથી નાતતણું મારે કામ. ૨
આશા છે મારે અંતરે એવી, દુઃખ ભાગશે ગાયત્રિ દેવી;
જેકોઇનરપરણ્યો નહિ નારી,નહિ યજ્ઞનો તે અધિકારી. ૩
અગ્નિહોત્રએણે ન હોમાય, એતો બ્રાહ્મણ ભ્રષ્ટ ગણાય;
રામઋષિ આશ્રમેજ્યારેપેઠા,ઋષિઅવળું મોહું કરીબેઠા. ૪
કહ્યું જેને નવ હોય નારી, તેનું મુખ જોતાં પાતક ભારી;
એવો વેદનો ધર્મ વિસારી, શિદ સાચવું નાત નકારી. ૫
વિના ધર્મ નરકની મોઝાર, નહિ નાતથી થાય ઉદ્ધાર;
એક નાતમાં જમવાને લોભે, મુકું વેદ ધરમ શીદમોભે. ૬
નહિપરણુંસ્વગોત્રનીકન્યા,વેદ મત તજી નહિ કરૂં અન્યા;
સાત પેઢી તજીશ પિતાની, પાંચ પેઢી તજું પ્રસૂતાની. ૭
જુદી જાતનીને નહિપરણું, નાતિલીસાથે કરીશ ઘવરણું;
નકી જાણું જોદુર્ગુણીનારી, તોહું કદીનવરૂં અવિચારી. ૮
મનમાં જડહશે ધર્મના મુળની,કહિશ તેનેજ ઉત્તમ કુળની.
નહિતોજેશુભ કુળજનમેલી, તેનેકહિશ હું કુળઉતરેલી. ૯
થોડાબોલી કે કાયાયે કાળી, તોપણ જાણીશ રૂડી રૂપાળી.
શીળાસ્વભાવરહી હશે સાહી,તેનેકહીશહું દશગણીડાહી. ૧૦
લક્ષ્મીરત્ન કે કેસર નામે, પણ જોઇશ હું ગુણ પરિણામે;
ભલે નામહશેકદી ભોળી, તોય જોઇશ તેના ગુણતોલી. ૧૧
સદાચરણ તપાસીશ સાચું રૂપ રંગથી હું નહિ રાચું;
વણજાણેનકરૂં વિશવાસ,ભલોભાળીઉપરનોઆભાસ. ૧૨

પદ ૮૩ મું—દેશી ૨૪ મી.

ભલો ભાળી ઉપરનો આભાસ, રૂપે નહિ રાચીએ,
તેના ગુણતણો કરિયે તપાસ, સદા બુદ્ધિ સાચીએ. ટેક.
થાળે ભર્યું દુધ થોરનું રે, ઉજળું અધિક પ્રમાણ;
ભેંશનાદૂધથી દીસેભલુંરે,પિતાં પીનારાનાજાયપ્રાણ,રૂપે ૧
ઇંદ્ર વારણાંનાં ફળ અતિ ભલાંરે, દેખતાં દૃષ્ટિ લોભાય;
રૂડાંદીશે રળિઆમણાંરે,પણ ખાતાં તો ખેદપમાય.રૂપે. ૨
નીર નિહાળી રૂડું નિમળુંરે, મોતીની સેર સમાન;
ખારૂંલાગ્યુંનેખેદઉપજ્યોરે,પાસેજઇનેકીધું જ્યારેપાન.રૂપે ૩
કડકા કાચ બિલોરનારે, સાકર સરખા શોભાય.
ભુલથીભોજનમાંભેળવેરે, તોતેજમનારનો જીવજાય.રૂપે.૪
ખુરદા વટાવી ભિખારીયે રે, લીધો રૂપૈયો રોક;
તાબાનોજાણ્યોજ્યારેતેવળીરે,પામ્યોત્રાસપછીમેલીપોક. ૫
આકડાનાં ફળ ઓપતાં રે, આંબાના ફળનો આભાસ;
રસ લેવાને રસનાબ્જરીરે,કાપીજોતાંતો નીકળે કપાસ.રૂ. ૬
સોનાથી સરસ સોહામણીરે, સાંકળા શેઠ સમક્ષ;
તાપેતપાવી તપાસતાંરે,પૂરોપીતળ પેખ્યું પ્રતક્ષ.રૂપે. ૭
ધ્યાનમાં ઉભો બગ બાપડો, પૂરો તપસ્વી પ્રમાણ;
માંછલિયેમુનિવરગણ્યોરે,પાસેજઇને ખોયા તેણે પ્રાણ.રૂ.૮
ઘુંઘટોતાણે ઘણી લાજથીરે, અબળા એવી એક ઠામ;
નામ પુછ્યું ત્યારે નીસરી,નારીગુણકાચંદાએનુંનામરૂપ.૯
વચન ઉચ્ચારે વિવેકનાંરે, નર એક ઉજળે અંગ;
પાસે વશીનેપરીક્ષા કરીરે,ત્યારેજાણ્યાધુતારાનાઢંગરૂપ.૧૦
ગાય ગાથા ગુરૂજ્ઞાનનીરે, આપે અધિક ઉપદેશ;
કપટભર્યુંએનેકાળજેરે, વળાવિષથી તે હોય વિશેષ.રૂ. ૧૧
ખોળ કરો ખૂબ ખાંતથીરે, ઠગાશો નહિ કોઇ ઠામ;
રૂદયામાં નહિ રીઝવુંરે, ડોળ દેખી કે સાંભળી નામ.રૂ.૧૨

દોહરો.

સદ્‌ગુણવાળીને વરૂં, દિલ નહિ રાખું ડરજ;
નથી ગરજ કંઇ નાતની, ઘણું ઇશ્વરની ગરજ. ૧

પદ ૮૪ મું—દેશી ૧૩ મી.

એક ઇશ્વરની રાખું ગરજરે,
નથી નાતનું કાઢ્યું મેં કરજરે,
માથે ભૂપનો ભય નવ હોયરે,
તો કાંઇ નાતથી નવ ડરે કોયરે. ૧
નાતે ઘર નહિ લુંટી લેવાયરે,
નાતે દેશ બહાર ન કઢાયરે;
નાત શૂળિયે ચડાવી ન શકેરે,
છોને બળતી ગમે તે બકેરે. ૨
નાત કન્યા મને નથી દેતીરે;
માટે નાતને મેલીશ વેતીરે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિના પુત્ર નરક જાઉં જ્યારેરે,
એવી નાતને શું કરું ત્યારેરે, ૩
મને નોતરૂં નહિ દે નાતરે,
તેમાં શીછે મહા મોટી વાતરે;
મારી રસિલી જે કરશે રસોઇરે,
જુગતે જમીશ એનું મુખ જોઇરે. ૪
શંભુ વિષ્ણુ ને સૂરજ શેષરે,
લક્ષ્મી ગૌરી ગંગા ને ગણેશરે;
મારી નાત હું એજ ગણીશરે,
નિત્ય નૈવેદ્ય કરીને જમીશરે. ૫
નથી કરતો હું કુડું કાજરે,
વિધવા લગ્ન કર્યાની શી લાજરે;
પ્રભુ જો મને સંતાન દેશેરે,
મળતે મળતા વિવા મળી રહેશેરે. ૬
પુત્ર પુત્રીને પરણાવા માટરે,
શીદ આજથી રાખું ઉચાટરે;
કઇક જઇ રહે છે પરગામરે,
નિજ નાતનું જ્યાં નહિ નામરે. ૭
તેનું કામ નભે છે જેમરે,
નાત વિના નભાવિશ એમરે;
વેદ ધર્મ હું પાળીશ હરખેરે,
એથી ઇશ્વર કલ્યાણ કરશેરે. ૮
સંધ્યા વંદન કરીશ ત્રિકાળરે,
ગળે રાખીશ રૂદ્રાક્ષ માળરે;
પિતૃ તરપણ કરીશ હું પ્રીતેરે,
વૈશ્વદેવ વળી રૂડી રીતેરે. ૯
સ્વહા સ્વધા ને વષટ્કારરે,
એક કરશે મારો ઉદ્ધારરે;
એક જાતમાં નાતો અનેકરે,
એમાં અધિક ગણીશ વળી એકરે. ૧૦
અગ્નિહોત્ર હું હોમીશ હાથે રે,
મારી સુંદરી બેસશે સાથેરે;
શુદ્ધ ધર્મ હું સાચવીશ ઠીકરે,
કશી નાતની નહિ રાખું બીકરે. ૧૧
એટલે વેને વચન કહ્યું આવુંરે,
થોડા દિનમાં તને પરણાવુંરે;
કમળાગૌરી નામે એક કન્યારે,
તારી નાતની છે નથી અન્યારે. ૧૨
વિપ્ર કહે એના ગુણ જાણું હુંયરે,
તે જો વરશે તો વરનાર છુંયરે,
રાજા કહે વાત પેટમાં ધરજેરે,
કોઇ જડમતિ જનને ન કરજેરે. ૧૩

પદ ૮૫ મું—દેશી ૨૫ મી.

પેટમાં રાખવી વાત પડદાતણી,
કઠણછે કામ જડ બુદ્ધિ જનમાં;
જીરવે જગતમાં વાત તો જોવલા,
અવરને આફરો થાય તનમાં. પેટમાં. ૧
પેટની વારતા પ્રગટ કરવા થકી,
મર્મનો ભર્મ તે ભાગી જાશે;
અકળ બળ બુદ્ધિ જન સકળ જેને કહે,
કલ્પના તરત તેની કળાશે. પેટમાં. ૨
જેમ આહાર જેવો કર્યો જે જને,
ઓળખી લીજીએ ઓડકારે;
તેમ વાણી થકી જાણીએ જનતણા,
મનતણો મર્મ સર્વે સુમારે. પેટમાં. ૩
જો ન દેખાય જગમાંહી જ્વાળામુખી,
જમીનનું પેટ કળી કોણ જાણે;
પાણી પાષણ કે ખાણ જરની હશે,
એમ અંદેશો ઉરમાંહિ આણે. પેટમાં. ૪
પેટની વાત તખતો ન પરગટ કરે,
દુષ્ટ ગુણ દોષ પરના દેખાડે;
હાંડી હઇઆતણી ભોળો જે ભામની,
પેટની વાત ખુલ્લાજ પાડે. પેટમાં. ૫
પેટની વાત ખુલ્લાજ જે પાડશે,
ઉપજશે નિત્ય પરિતાપ તેમાં,
તેહને કાળજે તેલ રેડી અને,
આગ સળગાવશે લોક એમાં, પેટમાં. ૬
જેમ ઇલમી વિના આદમી અવરના,
પેટમાં રહે નહીં કાચો પારો;
તેમ આ જગતમાં વાત જે જીરવે,
એજ ઇલમી ખરો એવું ધારો. પેટમાં. ૭
જેમ કુંભારે કંસારે વાસણ ઘડયું,
વિશ્વજન લે ટકોરો વગાડી;
ખોખરો સ્વર કદી ખાંસુખાં નીકળે,
એમ એથીજ થાશે ઉઘાડી. પેટમાં. ૮
પરણવા બેસતાં તરત પરીક્ષા થઇ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખોબડો બોલ મુળચંદ[1] બોલ્યો;
વૃદ્ધ જન વારિતે થાંકયા તોય તે,
મૂરખે મનતણો મર્મ ખોલ્યો. પેટમાં. ૯
મૂકવા નાણું ઠેકાણું છાનું મળે,
જ્યાં થકી કોઇ તેને ન કળશે;
વાત કરવાનું ઠેકાણું તો વિશ્વમાં,
મિત્ર મુશ્કેલિથી કાંઇક મળશે.; પેટમાં. ૧૦
નારીની જાતને જાત નાપિકતણી,
તેહને પેટ નહિ વાત ટકશે;
તેમ વાચાળ ત્રીજો ગણો તેહમાં,
બોલતાં છાનીએ વાત બકશે. પેટમાં. ૧૧
પારકી વાત કે વાત પોતાતણી,
સારી કે ખૂરી સઉનેજ સોંપે;
ટેવ એવી પડે ટાળિ તે કેમ ટળે,
જીવ જો જાય બંધાય તોપે. પેટમાં. ૧૨
સોંપતાં માલ વિશ્વાસ હોય સોગણો,
વાત કરતાં ન વિશ્વાસ આણો;
દલતણી વાતને યોગ્ય દુનિયાંવિષે,
જરૂર જન લાખમાં એક જાણો. પેટમાં. ૧૩

દોહરો.

તે માટે તું કોઇને, કહિશ નહીં આ કામ;
એમ કહી એ તો ગયા, પોત પોતાને ઠામ. ૧

ભાગ ૮ મો.

પદ ૮૬ મું—દેશી ૧ લી.

શિવ મંદિરથી શેહેર વિષે તે, ચંચળ રાજા ચાલ્યો;
દૂરથકી દરબારતણો, મહીપતિએ મારગ ઝાલ્યો. ૧
એકાએક અસુરી વખતે, સિપાઇ પણ નહિ સાથે;
પૂનમની અજવાળી રાતે, ચંદ્ર ચડયો છે માથે. ૨
સઘળા શહેર ઉપર સુંદર છે, ચંદ્ર પ્રકાશ છવાયો;
જાણે પુર ઉપર ચંદનનો, વરસાદજ વરસાયો. ૩
નભ મંડળ ચળકે નક્ષત્રો, પુરપર કળશો ચળકે;
બંનેની શોભા નિરખતો, હિંડયો હલકે હલકે. ૪
કોઇ ઠેકાણે નાટક નિરખ્યાં, કયાંઇ કરે કોઇ ગાન;
સુંદર ધરથી નગરી શોભે, ઇંદ્રપુરી અનુમાન. ૫
નજરઆગછે ધરધર આમળ, કયાંઇ વાગે ઘડીયાળાં;
કયાંઇ દીપકનાં જાળીમાંથી, આવી પડે અજવાળાં.૬
કયાંઇ હિંડોળાખાટે હિંચે, નવલવધૂ વર સાથે;
કયાંઇ દંપતિ પાસા ખેલે, હરખે લઇને હાથે. ૭
શબ્દો તેના સુણતો સુણતો, પુરપતિ ચાલ્યો જાય;
પ્રજા સરવને સુખમાં દેખી, છાતી શીતળ થાય. ૮
દુખથી કોઇને રોતું દેખો, અતિ અકળામણ આવે;
દુઃખનું કારણ પૂછી તેને, દુઃખમાંથી છોડાવે. ૯
કયાંઇ પ્રિયાપ્રિય મળી પરસ્પર, પીએ પ્રેમરસ પ્યાલા;
કયાંઇ રીસાએલીને સ્વામી, કરે છે કાલાવાલા. ૧૦
કોઇ હરિકીર્તન કરે ભક્તજન, તાળ મૃદંગ બજાવી;
વેદાભ્યાસી વિપ્ર વેદની, રહ્યા છે ધૂન્ય મચાવી, ૧૧
કયાંઇ નાણાવટિ નામું લખેછે, નાણામેળ તપાસે;
વારે વારે ગણે રૂપૈયા, ભૂલ પડેલી ભાસે. ૧૨

પદ ૮૭ મું—દેશી ૮ મી.

એવે સમયે દીઠો એક માળ, નરનારી હુલાવે છે બાળ;
ઘણા હરખથી ઘુઘરો બજાવે,લઇ પુત્ર ને લાડ લડાવે.૧
સ્વામીબોલિયોસુંદરી[1] સાથ,આજ સુખિયોછેનગરીનોનાથ;
એના સુખમાંહિખામી છેએક,નથી સંતાનસાંપડયું છેક.૨
રાજ્યપાટનુંસુખશાલેખામાં, પુત્ર પામ્યો નહીં સ્વપનામાં;
ધરે મનુષ્ય જનમ નરનારી,પછી સંતતિ પામે ન સારી૩
એનો અવતાર જાણવો વ્યર્થ, ભલે શ્રીમંત હોય સમર્થ;
વેને સાંભળ્યાં સર્વે તે વેણ,લાગ્યાંદિલમાંમહાદુઃખદેણ.૪
પણ સમજ્યો જે વાતછે સાચી,મારા કર્મનીરેખાછેકાચી;
સુખસંતાનનું નવમળિયું,વડું રાજ્ય મળ્યાથીશું વળિયું.૫
પામું પુત્ર જેવું જો રતન, કરું જીવથી જાદે જતન;
એમ ચિંતવતો ચાલ્યો જાય, એવામાંએક કૌતક થાય.૬
પુત્ર આકાશમાંહિથી પડીયો,નરનાથના નજરે તે ચડિયો;
રાયે જાણ્યું ત્રૂઠ્યા મહારાજ,માટેપુત્રઆપ્યોમનેઆજ.૭
મારા સફળ મનોરથ થાશે,વિશ્વમાં મારૂં સુખ વખણાશે;
આજમારૂંનસીબબહુબળિયું,મનમાંધારતાંસંતાનમળિયું.૮
મારી ગાદીનો વારસ થાશે, મેણું વાંઝિયાનું મટી જાશે;
ખોળેલઇને બેસીશસભામાં,હેતે દાબિશ લઇને હઇયામાંહ
થાશે પાંચવરસનો જેકાળે, ત્યારે ભણવા મુકીશ નિશાળે;
ભાણુ ગણુને થશે હુશીઆર, કહેવાશે તે રાજકુમાર. ૧૦
ઉંચા કુળમાં એને પરણાવું, જોવા જેવી તો જાનજોડાવું;
નાણું ખરચતાં નહીંજવિચારૂં, પુત્રપરણાવીનેમનઠારૂં ૧૧

---

૧ દીવાની ઝાળ માંડવાનેલાગતી જોઇને તે બો-લ્યો કે—આ માંચવો બળી જશે. તો વધ, તેં વઉ બેય બળી જશે, વધ કહેશે કે સુંચંદ બોગો.

૧ સ્ત્રી, પુરૂષ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વળી વેનને ઉપજ્યો વિચાર, કેઇ રાણીને આપું કુમાર;
પછી કીધું નકી કાળજામાં,વડી રાણીતાછે આજવામાં.૧૩

પદ ૮૮ મું.—દેશી ૧૩ મી.

માટે સોંપવો તેને આ સુતરે,
એને હરખ થશે અદ્દભુતરે;
જન્મ ઉત્સવ કરીશ સવારેરે,
સઉને સાકર વહેચીશ ત્યારેરે. ૧
જ્યારે તેની વધામણી જાશે રે,
સગા વહાલાને સંતોષ થાશેરે;
શણગારીશ નગરી સવારે રે,
લીલાં તોરણ બંધાવું દ્વારે રે. ૨
સરદારોને સિરપાવ આપું રે,
બંધીવાનનાં બંધન કાપું રે;
વગડાવું વધાઇનાં વાજાં રે,
જમાડું સઉને ભોજન તાજાં રે. ૩
દઇશ જાચક લોકને દાન રે,
બીજો હરખ નહીં આ સમાન રે;
દેવાલયમાં રચું દીપમાળા રે,
ગાશે ધોળ મંગળ બહુ બાળા રે. ૪
વડા હરખના વાવટા ચડશે રે,
મોટાં ત્રાંબાળું નાદ ગગડશે રે;
નૃત્ય કરશે અપસરાઓ આવી રે,
ગાશે ગાયક વાજાં વજાવી રે. ૫
પુત્ર પ્રાપ્તી થઇ કહેવાશે રે,
આખી નગરીને આનંદ થાશે રે;
આજ હરિએ કરી લીલા લેહેર રે,
ઘણુ હરખશે જન ઘેર ઘેર રે. ૬
મારે કશિએ રહી નહિ ખામી રે,
મને ત્રુઠયા ત્રિલોકનો સ્વામીરે;
નવ કરવા પડયા જપ જાપ રે;
નવ કરવા પડયા તપ તાપ રે. ૭
કરી માનતા મેં નવ કીધી રે,
મનમાં ધારતાં મહા સિદ્ધિ દીધી રે;
મારી નગરી છે પુણ્ય નિધાન રે,
સાચી છે કલ્પવૃક્ષ સમાન રે. ૮
પુત્ર પૃથ્વી ઉપર આવી પડીયો રે,
પણ પડતાં લગાર ન રડીયો રે;
નાંખ્યો ઇશ્વરે તે મુજ આગે રે,
વાસ્તે તેને કર્યું કેમ વાગે રે. ૯
એમ અચરજ પામી અંતરમાં રે,
નીચે નમિને લિધો સુત કરમાં રે;
કરમાં લઇને ચુમ્બન માલે કરિયું રે,
ત્યાં ભાળ્યું મોહડું [1]ભસ્મ ભરિયું રે. ૧૦
જોયું બાળ તરત જનમેલું રે,
ગળે નખ દઇ મારી નાખેલું રે;
મુખે ઠાંથીને ભસ્મ ભરેલી રે,
કોઇએ પ્રાણની ઘાત કરેલી રે. ૧૧
દેખી રાજા થયો દિલગીર રે,
એના નેણમાં આવિયાં નીર રે;
સ્નેહે બોલીયો બાળક સાથે રે,
તારી હત્યા થઇ કેને હાથે રે. ૧૨

પદ ૮૯ મું.—વણઝારાનો રાગ.

કેણે માર્યો તને ક્રૂર થઇ, બોલ બાળારે;
તારો કોણ મળ્યો વેરવાઇ, વિના વાંક વાળારે.

રૂડા અમારા રાજ્યમાં,	બોલ;
એવો કોણ વસેછે કસાઇ;	વિના. ૧
કેનું તેં કાંઇ બગાડીયું,	બોલ;
કેનાં ચોરી લીધાં ધન માલ,	વિના;
કાયા તારી રૂડી કોમળી,	બોલ;
ગોરા રૂડા ગુલાબ શા ગાલ,	વિના. ૨
તારૂં મનોહર મુખ છે,	બોલ;
હેત ઉપજે તારા જોઇ હાથ,	વિના.
હોઠ તારા રળિયામણા,	બોલ;
કયાંથી આવિયો કેને સાથ.	વિના. ૩
નમણું રૂડું તારૂં નાક છે,	બોલ;
તારા કોમળ રૂડા કાન,	વિના.
જો તું થતો હોય જીવતો,	બોલ;
આપું મારી આવરદાનું દાન,	વિના. ૪
મન કેમ માન્યું મારતાં,	બોલ;
તજ્યો ઇશ્વરનો પણ ત્રાસ,	વિના.
રાજાની બીક રાખી નહીં,	બોલ;
તારો નિર્દયે કીધો નાશ.	વિના. ૫
નાણું ખરચતાં નવ મળે,	બોલ;

[1] રાખ.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

રૂડું પુત્ર સરીખું રતન. વિના,
કેમ ધર્યો તને ધુળમાં, બોલ;
તારૂં કેમ ન કીધું જતન. વિના. ૬
શો અપરાધ એવો કર્યો, બોલ;
તારો પાપીએ લીધો પ્રાણ, વિના.
મોત તારૂં આવું દેખીને, બોલ;
મારે કાળજે વાગ્યું છે બાણ. વિના. ૭
ગાય થકી તું ગરીબ છે, બોલ;
વળી સાધુથી શીળો વિશેષ, વિના.
ક્રોધ ચઢાવે કોઇને; બોલ;
એવું લક્ષણ દીસે ન લેશ. વિના. ૮
હત્યા કરી પરમહંસની, બોલ;
કેણે કીધો આવો કાળોકેર. વિના.
શોધાશ હું તારા શત્રુને, બોલ;
તારૂં જરૂર હું વાળિશ વેર. વિના. ૯
ઇશ્વરની આજ્ઞા થકી, બોલ;
આવ્યો આ દુનિયામાં તું એમ, વિના,
તને માર્યો તેહનો ગુનો, બોલ;
કદી ઇશ્વર સાંખશે કેમ. વિના. ૧૦
ક્રૂર કરમ જે આવું કર્યું, બોલ;
અહિં છાનું નહીં રહે છેક; વિના.
પાપ પ્રસિદ્ધ બધું થશે, બોલ;
કદિ કરશે ઉપાય અનેક. વિના. ૧૧
ધિક ધિક હું પ્રજાનો ધણી, બોલ;
તારી કરી ન શકયો રક્ષાય; વિના.
આ વેળા નહિ મને વીસરે, બોલ;
મારૂં બહુ કાળજું બળી જાય. વિના. ૧૨

પદ ૯૭ મું—દેશી ૧ લી.

પછી તે બાળક કયાંથી પડિયા, તેનો કર્યો તપાસ;
પડ્યો નજરમાં ગોખ પછી તે, જ્યાં જોયું આકાશ. ૧
આ ગોખેથી બાળક પડી ગયો, એવો સંશય આવ્યો;
કોણ રહેછે ત્યાં તે જોવું, એમ ઠરાવ ઠરાવ્યો. ૨
મદદ ત્યાં એકાંતે મેલી, ફરી વળ્યો ઘર ફરતો;
પૂર્વાભિમુખ મુખ્ય બારણે, આવ્યો ચિંતા કરતો. ૩
ચોર ચોર કહી ઘુમો પાડી, ત્યાં જન આવ્યા ધાઇ;
મહીપતિએ કહ્યું આ મંદિરમાં, ચોર ભરાયા ભાઇ. ૪
કહો જે એમાં કોણ રહેછે, કહીએ મંદિર કેવું;
પછી લોકોએ પુરપતિ આગળ, નામ બતાવ્યું તેનું. ૫
વણીક વિધવા વીસ વરસથી, એક રહે છે એમાં;
તેની માતા માસ થયો, તે સાથે રહી છે તેમાં. ૬
ત્રીજું કોઇ તેમાં નથી રહેતું, છે ઘર આબરૂદાર;
જરૂર જરને લોભે પેઠા, હશે ચોરી કરનાર, ૭
ઘુમો પાડી ઘર ઉઘડાવ્યું, તે પછી બધે તપાસ્યું;
સુવાવડી સજ્યામાં સતી, ભૂપતિને મન ભાસ્યું. ૮
નામ ઠામ નોંધી લઇને, ગત રાજા રાજદ્વારે;
લોકો સઉ સઉનાં ઘરમાં જઇ, સુખથી સૂતા ત્યારે. ૯
બીજે દિવસ પુરપતીએ પેલી, બાઇઓને બોલાવી;
સત્ય ન બોલો તો શિક્ષા કરૂં, ધમકી દઇ ધમકાવી. ૧૦
બાનાં તો બહુ બહુ કાઢયાં પણ, અંતે સત્ય ઉચાર્યું;
પુત્રીએ બાળક પ્રસવ્યું તે, માએ તરતજ માર્યું. ૧૧
લાજ ઘટે લોકોમાં માટે, કીધું એવું કામ;
સર્વ વાતનો સાર એટલો, એથી નિકળ્યો આમ. ૧૨

પદ ૯૮ મું—દેશી ૮ મી.

પછી રાજાએ એમ ઉચાર્યું, જેણે બાળક જીવથી માર્યું;
એના એજ રીતે પ્રાણ લેવા, સર્વ હાલ કરૂં તેના જેવા.૧
કહે ઘાતકને નરનાથ, એને લઇ જાઓ પકડીને હાથ;
ઘાલોજાબરી ગળામાંહિ ફાંસી,ભરોરાખ મોઢામાંહિ ડાંસી.૨
નાંખો કોટઉપર થકી પાડી, અમે રસ્તામાંરહિએ અગાડી;
મારી નજર આગળ એમ મરશે,મારૂંઅંતરત્યારેજ ઠરશે.૩
પછીઘાતક પકડીને ચાલ્યા,ગળામાં ફાંશીના બંધ ઘાલ્યા;
કોટ ઉપર એને ચડાવી, રાજા આગળ ઉભો છે આવી. ૪
અધિપતિએ એવું સંભળાવ્યું,અરે મોતકને તારૂં આવ્યું.
બોલછેલ્લું જે હોય ઉચરવું, કર હરિનું સ્મરણ હોય કરવું.૫
ફળ ભોગવ તારા કરમનાં,ઝાડ ઉગ્યાં અધિક અધરમનાં;
કોઇ કરશે તારા જેવું કામ, અતિ કષ્ટભોગવશે તે આમ. ૬
તારા મનથી કરીશ પસ્તાવો, શીદ અધરમ કીધોતેંઆવો;
માર્યું વણ વાંક જીવતું બાળ, ક્રૂર કર્મ કર્યું વિકરાળ. ૭
ત્યારે બોલી વચન મુખ બાઇ,ભલે માર મને આજ ભાઇ;
પછી પસ્તાવું તુજનેજ પડશે, દોષ કરનાર દૃષ્ટિએ ચઢશે.૮
બાજ જેટલું બોલિશ હુંય, કયું સાચું ન માનશે તુંય;
જુદુ નિમિત માટે શિર આવ્યું,મારૂં મરણતેં બાજઠરાવ્યું.૯
મોટો જુલમ માંડયો છે તેં જેહ, તને ઇશ્વર પૂછશે એહ;
હુંતો અબળા મારૂંતથી જોર, પણ નિરખેછે નંદકિશોર.૧૦
શાથી બાળકનો થયો નાશ, પૂરો તેં નથી કીધો તપાસ;
મારનારો તો મોજ કરેછે, સુખે ફિકર તજીને ફરે છે. ૧૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મને મારે છે તું વણુ વાંકે, નથી વાંક મારો નવટાંક;
ઉંડીવાત તો તેં ન વિચારી,નથી હત્યાની હું કરનારી. ૧૨

પદ ૯૨ મું—દેશી ૧૦ મી.

હત્યાની કરનારી હું નથી, વડો નહિ મુજ વાંક;
વગર ગુને મારી જાઉં છું,હું તો અબળા છું રાંક. હત્યાની.૧
બાળક સાથે મારે કશું, વડું નવ હતું વેર;
મારૂં તેણે ન બગાડીયું, જેથી ઊપજે ઝેર. હત્યાની. ૨
માયા પુંજી રોકડ કશી, નહોતી બાળક પાસ;
જે માટે જીવ તેનો લઉં,એવી નવ હતી આશ.હત્યાની. ૩
એને ગળે નખ મારતાં, મારા ધ્રુજીઆ હાથ;
આંસુપડયાંમારીઆંખથી,જાણે જગતનો નાથ.હત્યાની. ૪
પણ પછી એમ વિચારિયું, મને નહિ આવું પાપ;
પાપ તો ભોગવશે બીજા, મારે શાછે સંતાપ.હત્યાની. ૫
વાંક વિના મને મારશો, જોશે જગ કરતાર;
પડે આવું ફળ પામશો, નથી ભૂલ લગાર. હત્યાની. ૬
હાકમ કેરા હુકમથકી, લડે શૂરવીર જેહ;
નોકરી છોડી [1]નરેશના, થાય નોકર તેહ. હત્યાની. ૭
નોકર ઉપર નરપતિ, જુનું રાખે ન ઝેર;
સામા શત્રુનાજ ઉપરે, ચહાય વાળવા વેર. હત્યાની. ૮
એક હું પુછુંછું એટલું, સુણો ઘાતક આપ;
જો મને વણુ વાંકે મારશો,કેનેશિર તેનું પાપ. હત્યાની. ૯
ઘાતક તે ઘડીએ કહે, કર્યો રાજાએ ન્યાય;
અન્યા હશે તો એહને, પુછશે જગરાય. હત્યાની. ૧૦
રામા કહે રાય સાંભળો, આમાં ઉંડો છે મર્મ;
ઘાતક તુલ્ય તો હું ખરી, મારે શિર નહિ કર્મ.હત્યાની. ૧૧
જો મને જીવતદાન દો, લઉં તેહનું નામ;
સાચું તે ભાસે જો સર્વને, તો હું જીવું આઠામ.હત્યાની ૧૨

પદ ૯૩ મું—દેશી ૧ લી.

વળતી રાજા વેન કહે તું, બતાવ્ય નામ નિશાન;
જો તે વાત ખરી ઠરશેતો, તુજને જીવતદાન. ૧
બાઇ કહે છે બળવંતા, નૃપ સાંભળ મારી વાત;
પુનર્લગ્નને અટકાવે, ઘણી કીધી આવી ઘાત. ૨
કળિજુગમાં વળિ અતિશે કરશે, બાળકની હત્યાઓ;
ગર્ભપાત તો ગણુતી વિનાના, વળી કરશે વિધવાઓ. ૩
દર વર્ષે મોટાં શેહરોમાં, એક બે બાળક મરશે;
સઘળાં શેહેરોનાં ગણિયે તો, પાંચ સાતસેં ઠરશે. ૪
દશ વર્ષોનાં ગણી દેખો તો, પાપતણો નહિ પાર;
પુનર્લગ્ન અટકાવ એટલી, હત્યાઓ કરનાર. ૫
શું કરિએ રસ્તો નથી બીજો, માટે બાળક માર્યું;
આથી અધિક ફિટકાર મળત, તો બાળક હોત ઉગાર્યું.૬
મુજને ફાંસી દેવાથી, બાળકનાં મોત ન મટશે;
જો તે ચાલ મટાડી દેશો, ઘણી હત્યાઓ ઘટશે. ૭
નહિ તો ક્રોડ ઉપાય કરો પણુ, બાળક હત્યા થાશે;
તેનું પાપ બધું એવા, મતવાળાને શિર જાશે. ૮
પ્રજાતણું પ્રતિપાલન કરવા, તમે જો મનમાં ધારો;
તો એવા બહુ નિર્દોષિ, બાળકના જીવ ઉગારો. ૯
એક દિકું બાળક મરતાં તો, તમને ઉપજ્યો ત્રાસ;
પણ એવાં તો પૃથ્વી ઉપર, વિશેષ થાય વિનાશ. ૧૦
અનુભવી તો અનુભવથી જાણે, મૂરખ જોઇને જાણે;
વણુ દીઠેલી વાત કરી તે, અનુભવમાં નવ આણે. ૧૧
પુનર્લગ્ન અટકાવ કર્યાથી, અનેક અધરમ થાય;
જેમ નદી જળબંધ કર્યાથી, જો તે રસ્તે જાય. ૧૨

પદ ૯૪ મું—દેશી ૮ મી.

વળતી વેને કર્યો ત્યાં વિચાર, સાચું બોલી આ નિર્મળ નાર
પુનર્લગ્નનો જ્યાં અટકાવ, આવા બનતા હમેશ બનાવ. ૧
માટે આને જો નાંખીએ મારી,નથી હત્યાઓ બંધ થનારી
પુનર્લગ્નનો રસ્તો પકડશે, ત્યારે બાળહત્યા બંધ પડશે. ૨
પુનર્લગ્ન નિષેધ છે જેહ, સાચો શત્રુ બાળકનોજ તેહ;
માટે તેની સાથે વેર રાખું, નહિ અબળાને મારી નાંખું.૩
ભાખ્યો વેને પછી એવો ભેદ, સાત વર્ષની ભોગવ કેદ;
તને દીધું મેં જીવતદાન, શિક્ષા અપરાધને અનુમાન. ૪
પછી કેદમાં લઇ ગયા તેને, વેર લીધું નહીં એમ વેને;
પુનર્લગ્ન નિષેધની સાથે, નકી વેર ધર્યું નરનાથે. ૫
જાણો છો જતું હોય જો રાજ,ધારો તોડું નિષેધનોઆજ;
સામું લશ્કર લડવાને આવે, ડર ઝાઝો દેખાડી ડરાવે. ૬
કદી ખાલી થાય જો ખજાનો, પડે ઉલટો વિચાર પ્રજાનો;
તોય મારો વિચાર ન મેલું, ખરો ક્ષત્રિય થઇ રણખેલું. ૭
મારા મતથી વિરૂદ્ધ થનારા, તેને માનિશ શત્રુઓ મારા;
સામ દામ અને ભેદ દંડ, કરૂં ચારે ઉપાય અખંડ. ૮
છેલ્લી વારનાં શસ્ત્ર ચલાવું, પણુ પાપનો પંથ મેલાવું;
વણુ વાંકે બાળક માર્યાં જાય, ત્યારે મેં શી કીધી રક્ષાય.૯
હવે હિંમત રાખવી હઇએ, કાયાનો ખપ કરવો ન કંઇએ;
પરમારથનું કરી કર્મ, તન તજવું તે ક્ષત્રિય ધર્મ. ૧૦

[1] સામા રાજાના.

P. P. Ac. Gunratnasuri M.S.　　　　Jin Gun Aaradhak Trust

મોટી લોહીની ચાલશે નીક, તોય જાણીશ જે થયું ઠીક;
બધી પૃથ્વી પ્રલય થઇ જાય, ભલે થવાનું હોય તે થાય.૧૧
ભલે સારૂં કહે કે નઠારૂં, ધારી ધારણા પાર ઉતારૂં;
એવો નિશ્ચે કર્યો નરનાથે, ગયો રાજભવન જન સાથે.૧

પદ ૯૫ મું—દેશી ૧ લી.

પાંચ પ્રધાનોને બોલાવી, વેને કહી તે વાત;
પુનર્લગ્ન અટકાવ દિસે છે, મહા ભયંકર ભાત. ૧
બહુ બહુ તેથી બાળહત્યાઓ થતી હશે ને થાશે;
માટે તે રસ્તો તોડયાથી, સઉનું સંકટ જાશે ૨
વિધવા સ્ત્રીને વાંઢા નરનાં, લોહી ઉકળતાં ઠરશે;
પ્રજાતણી વૃદ્ધિ પૃથ્વી પર, કુળ સત્વરમાં કરશે. ૩
સમજાવ્યાથી જો સમજે તો, જઇ સઉને સમજાવો;
જરૂર નહિતો જોર જુલમથી, પુનર્વિવાહ કરાવો. ૪
અરે હવે મેં એક ઘડી પણ, ધીરજ નથી ધરાતી;
પુનર્વિવાહ નિષેધે મારી, છેદી નાંખી છાતી. ૫
નાણું ખરચ્યાથી નિપજે તો, ખરા ખજાનો ખોલો;
કહ્યું હવે એમાં કહેવાનું, બાકી હોય તો બોલો. ૬
પછી પ્રધાનો પુરપતિ પાસે, બોલ્યા મુખથી બોલ;
કથન સુણીને કઇકતણાં તો, પેટ થશે ઢમઢોલ. ૭
જુનો ચાલ તજે નહિ જલદી, લોક અધિક છે એવા;
કઇક મનુષના મનમાં રહેછે, હઠ પકડયાનો હેવા. ૮
સાર અસાર વિચાર કરે નહિ, મમત કરી મતતાણે;
પોતાને પીડા ન પડે તો, પર પીડા નવ જાણે. ૯
કઇક પુરા પીડાય ખરા પણ, રહે અહોનિશ રોઇ;
ઉલટા અંતરમાં ચીડે, જો કહે જઇને કોઇ. ૧૦
અમને તો ઉત્તમ દીસે છે, તમે વિચાર્યું તેમાં;
પુનર્લગ્નમાં ગુણ છે પૂરા, અવગુણ પણ છે એમાં.૧૧
વેન કહે સઘળી વસ્તુમાં, ગુણ અવગુણ છે ભેળા;
પણ ગુણકારી કારજ કરવું, જોઇએ જેવી વેળા. ૧૨

પદ ૯૬ મું—દેશી ૨૫ મી.

ગુણ અને અવગુણો એકઠા ઉપજે,
તે તમે તોલ કરીને તપાસો;
દેખી અવગુણ કદી ગુણ ન વિસારીએ,
ધારીએ ખોળતે માર્ગ ખાસો. ટેક.
ઘોડે ચડતાર નર દેખી લુલા ઘણા,
કોણ ઘોડું નહીં ઘાલે ઘરમાં;
જર થકી જીવનાં કઇક જોખમ થયાં,
તેથી નહિ માલ કહે કોણ જરમાં. ગુણ. ૧
પાણીને કારણે કોઇ કીધો કુવો,
માનવી કોઇ પડી માંહિ મરશે;
તો તે પાણીનો કુવો નથી કામનો,
કલ્પના એવી કદિ કોણ કરશે. ગુણ. ૨
ઝેર સાથે બધા વિશ્વને વેર પણ,
રોગનો ફેર તો ઝેર પાડે;
મૂલ ખરચીને લે છે સઉ માનવી,
કોણ કહે નહિ લઉં કોઇ દહાડે. ગુણ. ૩
કઇક વેપારિયો ડુલતા દેખિને,
કોણ નહિ જાય વેપાર કરવા;
કઇક તરવા શીખ્યા તેજ બુડી મુવા,
તે થકી કો નહિ શીખે તરવા. ગુણ. ૪
આગની આંચથી પાંચસેં ઘર બળ્યાં,
ભાળિને કોઇ સાચું જ ભાખે;
આગના અવગુણો અધિક એવા સુણી,
કોઈ નહિ આગનો ભાગ રાખે. ગુણ. ૫
કોઇ સંતાન જો વાચવા શીખશે,
વાંચિને ચોરી કરવા વિચરશે;
માટે તેને નહીં વાચવા શીખવવું,
ધારણા એવી મન કોણ ધરશે. ગુણ. ૬
નાવ બુડયાથી નર કઇક બુડી મુવા,
માટે નહિ નાવમાં કોણ બેસે;
પાણીમાં પેસતાં મગર તાણી ગયા,
તેથી નહિ પાણીમાં કોણ પેસે. ગુણ. ૭
ભણી ગણી કઇક ભુંડેજ રસ્તે ચડયા,
તેથી ભણતર નહીં કેમ ભણવું,
કઇક પરણ્યા પછી બહુજ પસ્તાય છે,
માટે શું કોઇને નહિ પરણવું. ગુણ. ૮
વાવિયાં બીજ પણ વૃષ્ટિ વરસ્યા વિના,
ઉગીયો એક નહિ છોડ એમાં;
વાસ્તે શું કોઇ વર્ષ નહીં વાવવું,
તેવું વિચારીને બાજ તેમાં. ગુણ. ૯
પડી જતાં ઘર જનો કઇક પીલાય છે,
માટે શું ઘર વિષે નહિજ રહેવું;
સત્ય કહેવા થકી ક્રોધ કઇને ચડે,
માટે શું સત્ય કદિ નહિજ કહેવું. ગુણ. ૧૦
~~કઇક મુસાફરો માર્ગમાં મરી ગયા,~~
માટે પરગામ શું નહિજ જાવું;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અન્ન ખાતાં મુઆ કઇક અંત્રસ ગયે,
માટે શું અન્ન કદિ નહિજ ખાવું. ગુણ. ૧૧
ગુણ વિશે અવગુણો અવગુણે ગુણ સદા,
છેજ સંસારમાં સર્વ ઠામે;
માટે હઇઆ થકી હિમત નવ હારિયે,
દિધું દૃષ્ટાંત દલપતરામે. ગુણ. ૧૨

પદ ૯૭ મું—દેશી ૧ લી.

ગુણ ઝાઝા કે અવગુણ છે, તે તોળી કરો તપાસ;
કણબી વગેરેને જઇ પૂછો, જ્યાં તેઓનો વાસ. ૧
જો અવગુણ અધિકા દીસે તો, કોઇએ પણ નવ કરવું;
ઉત્તમ રીતિ લાગે તેમજ, સઉ લોકે આચરવું. ૨
ત્રિવરણતણી તરુણ વિધવાઓ, દશહજાર મેં દીઠી;
એ દુઃખથી એના અંતરમાં, સળગે છે અંગીઠી. ૩
વિધવાવ્રત પૂરૂં ન પળી શકે, સધવા પણ ન થવાય;
પુત્રવિના નહિ સદગતિ પ્રાપ્તી, વ્યર્થ જનમ વહિ જાય. ૪
ઘેર ઘેર જઇ જુઓ દુખની, દીસે સળગતી હોળી;
દુઃખથી દરરોજે રામાઓ, રૂએ છે ચક્ષુ ચોળી. ૫
પુનર્લગ્ન કરનારી નાતો, પછી તપાસો પેખી;
કેટલા છે અવગુણ ઉપજતા, લેખું માંડો લેખી. ૬
પુનર્લગ્નથી પ્રજા વધે છે, સુખમાં છે સુંદરિયો;
મહા વિકટ વૈધવ્યપણાનો, દુઃખનો દરિયો તરિયો. ૭
કદિ અવગુણ એકાદ દીસે તે, એક ત્રાજવે કરવો;
બાળરંડા બહુતણો બળાપો, બિજે ત્રાજવે ધરવો. ૮
હું જાણું છું દુખનું ત્રાજવું, પડશે જઇ પાતાળે;
અવગુણનું ઉચું ચડીને, આકાશ જશે આ કાળે. ૯
ઝાઝા અવગુણ છે કે ગુણ છે, તેથી તરત જણાશે;
મમત તજી મત ઘાલી જોતાં, એનો અનુભવ થાશે. ૧૦
પરમેશ્વર માથે રાખીને, સાચેસાચું કહેજો;
મિથ્યા મમત કરીને મનમાં, હઠ પકડી નવ રહેજો. ૧૧

પદ ૯૮ મું—દેશી ૮ મી.

પછી મંત્રિએ કરવા તપાસ, કણબિઆદિક મેળવ્યા વાસ;
સઉને સમજાવીને કહિ વાત, પુનર્લગ્ન તજો તમે ભ્રાત. ૧
એમાં અવગુણ છે રે અધિક, એમ ઉચરે છે વિપ્ર વણીક;
ત્યારેબોલ્યા તેઓ તેજટાણે, વિપ્રવણિક તે એમાંશુંજાણે. ૨
જેકંઇચીજ જેણેનથીચાખી, તે શુંકહેશે તેનોસ્વાદભાખી
કવિતા રચતાં ન આવડે જેને, કશું કવિતાનું પારખું તેને. ૩
આવડે નહિ સોસુધીગણતાં, તેશુંસમજેજે મૂલાયભણતાં;
ખેતી કીધી નહિ કોઇવાર, તે શું જાણે ખેતીનો વિચાર. ૪
લખી જાણે ન અક્ષરે એક, તે શું જાણે અક્ષરનો વિવેક;
પરદેશ ભમ્યો નહિ ભ્રાત, તે શું જાણે વિવેકની વાત. ૫
દિઠું ચાખ્યું તેતો કામસાચું, કાને સાંભળ્યું તેબધું કાચું;
જ્યાંસુધી કારેલું ન ચખાય, લિંબડા જેવું સુણી સમજાય ૬
જેનો માવરો જેને ન થાય, તે શુંઆપે એમાં અભિપ્રાય;
જુનો ચાલ અમારોછેજોય, એનોઅનુભવ અમનેજહોય, ૭
પુનર્લગ્નથી વંશ વધે છે, બાળ વિધવાઓ સુખમાં રહે છે;
એથી અમને તો નિશ્ચેથયોછે, પુનર્લગ્નમાં ગુણ રહ્યો છે. ૮
ખુશીથી દેશ તજશું ખચીત, નહિ તજીએ પુનર્લગ્ન રીત;
રાજા ચહાય તો શૂળિયે ચડાવે, ઘરબાર બધાંય લુંટાવે. ૯
અમે એ વાતથી નહિ ડરશું, પુનર્લગ્ન તો કરશુંજ કરશું;
પછી વિપ્ર વણિકનોજ્યાંવાસ, કીધોત્યાંજઇ તેનોતપાસ. ૧૦
બોલી વિપ્રતણી એક નાર, બળો વિપ્ર વણિક અવતાર;
સાત વર્ષની છોકરી રાંડે, છતી દોલતે સુખ સરૂં છાંડે. ૧૧
એવાંવચનએનાંસુણીલઇને, કહ્યાંઅધિપતિઆગળજઇને;
અમેતોપુરોઅનુભવઆણ્યો, પુનર્લગ્ન વિષે ગુણજાણ્યો. ૧૨
પણ વિપ્રવણિક નહિમાને, થશે એમાંથી મોટું તોફાને;
માટે રાજનીતિ તણે ન્યાય, તમે સમજાવો તેહને રાય. ૧૩

દોહરો.

પરીક્ષિતને શુકજી કહે, સુણી રાખી અનુરાગ;
વરણન વેનચરિત્રનો, ભણ્યો આઠમો ભાગ. ૧

ભાગ ૯ મો.

પદ ૯૯ મું—દેશી ૩ જી.

બાપના બોલ સંભારિ રાજાએ, રાજનીતિની રીતેજી;
સઉ દ્વિજને સમજાવાને ધાર્યું, પ્રથમથી પ્રેમસહીતેજી, ૧
ભુગુંઋષિઆદિકબ્રાહ્મણોનેપછી, બીજેદિવસબોલાવ્યાજી;
ચંદનથી અરચા કરીને પછીં, પુષ્પના હાર પહેરાવ્યાજી. ૨
કરીં પ્રણામ પ્રદક્ષણા કીધી, ને ઉચ્ચાર કીધો આવોજી;
કરજોડીને કરગરીને કહુંછું, વિધવાઓને પરણાવોજી. ૩
કહોતો હું તમને દક્ષણા દઇને, જરૂર જમાડું લાડુંજી;
અસલથકીજ અમારા ઘરના, પૂજ્ય કો નથી નપાડુંજી. ૪
વિપ્રો કહે વિધવા વરવાથી, અનેક અડચણો થાયજી;
વરણાવરણનો વિવેક રહે નહિ, જાતો તૂટીજાયજી. ૫
બીજા પતિને પરણવા માટે, વિખ દેઇ વરને મારેજી;
કામનિયો કબજામાંહિ ન રહે, ઉન્મત્ત થાય અત્યારેજી. ૭

P. P. Ac. Gunratnasuri M.S.　　　Jin Gun Aaradhak Trust

રાય કહે ઋષિ શું ઉચરોછો, વહેમ ભરેલી વાતોજી;
પાટીદારોનીપ્રેમદાઓમાંજુઓ, અધર્મનથીજ ગ્ણાતોજી.૭
વિપ્ર વણિકની વનિતાઓ, વિખ દેઇ વરને મારેછેજી;
કુલટા નારી કે નર દુષ્ટો, નિજ સુતને સંહારેછેજી. ૮
એવાં એવાં ઓઠાં નવ લેવાં, સઉ લોકો નથી એવાજી;
વિધવાઓની દેખી વિપત્તિ, વહેમ બધા તજી દેવાજી. ૯
નારિઓ કરતાં નર ઝાઝાછે, ક્રૂર કરમ કરનારાજી;
કેદીખાનું નજર કરીને, મિત્રો તપાસો મારાજી. ૧૦
પુનર્લગ્ન કરનારી નાતો, જુઓ જતી નથી તૂટીજી;
પ્રજા વધારો પામે છે જો, છે વિધવાની છૂટીજી. ૧૧
કરગરીને કહુંછું તે માનો, નહિતો રોઇ રહેશોજી;
જોજો રાજા જુલમ કરેછે, કથન એવાં પછી કહેશોજી. ૧૨
વિપ્ર કહે સાંભળ વસુધાપતિ, કોપ અમે જો કરશુંજી;
દેશું શાપ તને તો તારૂં, નિશ્ચે થાશે નરસુંજી. ૧૩

પદ ૧૦૦—દેશી ૨ જી.

જો કદિ જોગણિયો ફરશે, અને મરકી બહુ ફેલાશે;
હોમહવન અમે નહિ કરિયે તો મનુષ બધાં મરી જાશે. ૧
મંત્ર ભણી પિંપળે પાણી કોણ, નમાવશે રહી પાસે;
સ્વર્ગ વિષે પછીં તો સઉના, પૂર્વજ તરશા પીડાશે.૨
શ્રાદ્ધ અમે નહિ સરાવિયે, કોઇ જીવ મોક્ષે નહિ જાય;
ભૂત થઇને ભમતા ભાળી, ભોળાને ભ્રમ થાય. ૩
લગ્ન દિવસ નહિ લખી દઇએ તો, લગ્નજ કેમ કરાશે;
વણલગ્ને વિવા કરશે તો, રાંડો સઉ રંડાશે, ૪
કોઇના કરની રેખા જોઇને, કર્મ અમે નહિ કહિએ;
જન્મોતરી વરષફળ જોઇને, આયુષ નહિ કહી દઇએ ૫
વરસતણા નહિ ભાવ ભાખીંએ, વાંચી વરસનો સારો;
વાયદાના વેપારીને પછી, કોણ કહેશે ભાવ થનારો.૬
કોઇના ઘર ઉપર બેશીને; ઘૂડ કે ચીબડી બોલે;
શાંતિ અમે નહિ કરાવાએ તો, ઉજડ થશે વન તોલે. ૭
ઊંટ મહિષ કે ગર્ધવ ઉપર, બેસે સ્વપ્ના માંય;
તો તેનું ફળ નહિ કહિએ અમે, શોધી સ્વપ્નાધ્યાય. ૮
સર્પ, વાઘ, વીંછી હત્યાએ, શેનું કરવું દાન;
અમે નહીં એ બતાવીએ તો, ન મટે પાપ નિદાન. ૯
મરણ પથારી સમે મનુષનું, જો નહિ લઇએ દાન;
જમપુરીને રસ્તે જાતાં તે, થશે ભુખે હેરાન. ૧૦
દક્ષિણમાં અહિંથી નેઉ હજાર, જોજન જમપુરી થાય;
સડક નથી કે ગાડી નથી, નગ જંગલ ઝાડી જણાય.૧૧
વચમાં વૈતરણી નદી તરવી, ગાયનું પુંછડું ઝાલી;
જો ગોદાન અમે નહિ લઈએ, ક્યાંથી જશે ગાયચાલી.૧૨
લોઢાના કાંટા બહુ વાગે, અસિપત્રના વનમાં;
જો જોડાનું દાન ન લઇએ, તો તે પીડાય તનમાં. ૧૩
ગ્રહ પીડા કે દશા પનોતી, કદિ નહિ કહિએ કોઇને;
સોંઘારત મોંઘારત પણ, નહિ કહિએ જોતિષ જોઇને.૧૪
યજ્ઞ નહીં કરિયે તો જગમાં, જળ વૃષ્ટિ કોણ કરશે;
હાથી ઘોડા બળદો તારા બધાય તરશે મરશે. ૧૫
વિપ્રોની વચમાં રહી બોલ્યો, નવરંગી સ્વર તાણી;
હાસ્ય કરીને લોક હસાવા, વિદુષક જેવી વાણી. ૧૬
લચપચતા બહુ લાડું જમીને, જાપ કોણ પછી જપશે;
મોદીના ઘી ગોળ ને આટો, કહો કેમ કરી ખપશે. ૧૭

પદ ૧૦૧ મું—દેશી ૮ મી.

સુણી રાજાને બહુ ચડી રીસ, જેમ કુફાટો મારે ફણીશ;
હોઠ કરડે ને હાથ પછાડે, મૂછ મરડે ને ડોળા દેખાડે. ૧
રીસે લોચન થઇગયાંરાતાં, દીસે અંગારા સરખાં દેખાતાં;
મહાસિંધુ તજે જેમ માઝા, રૂદ્રરસમય થઇ ગયો રાજા.૨
જાણેમરૂં કે આ સર્વને મારૂં, તેના મનતણો ગર્વ ઉતારૂં;
હાક મારીને કીધો હોંકારો, કેમ હુકમ તોડો તમે મારો. ૩
રોમ ઉપડયાંકાયાસઘળીએ, જેવીબહુશુળોહોયબાવળીએ;
ક્રોધે થરથર કંપેછે કાયા, ખૂબ ફરકતા હોઠ દેખાયા. ૪
દાંત પીશીમુખે ગાળોભાખે, શસ્ત્ર સાંમી નજર પણ નાખે;
જાણે પૃથ્વીનું પડ ઉધું પાડું, કાંતો આભના તારા ઉખાડું.૫
ક્રોધે શરીરનું ભાન ભુલાય, ક્રોધે ન કર્યાનું કામ કરાય;
ક્રોધે અવ્રટિત ઉચરી જવાય, ક્રોધે દેખતાં અંધ થવાય.૬
ક્રોધે પાપકેપુણ્ય નજણાય, ક્રોધે ગુણ અવગુણ નગણાય;
ક્રોધે પરનું પોતાનું ન જાણે, ક્રોધવંત વિવેક ન આણે.૭
મહા પ્રલય સમયમાં જેવો, રૂદ્રદેવ કરે ક્રોધ કેવો;
રામ ઉપર રાવણ કોપ્યો, એવો ક્રોધ તે વેનને વ્યાપ્યો. ૮
સુતા સિંહને જેમ છંછેડયો, કાળા નાગને ગરજીને તેડયો;
એવી આંખોની ભમરોચઢાવે, અંગેસ્વેદ અધિકવળી આવે.૯
દશે દીશ ડોળા તાણી ડોલે, બરાડા બહુ પાડીને બોલે;
કોઇ હાજરછેરે સીપાઇ, મારોબાંધો ને પકડોરે ભાઇ.૧૦
વસુધા કરૂં વિપ્ર વિનાની, ત્યારે ઉતરે દાઝ હઇયાની;
મારાતાતને ભોળવીભમાવ્યો,પિતાથીમનેજૂદોપડાવ્યો.૧૧
જીવું ત્યાંસુધી જાણજો તેતો, નહિ વિસારૂં વેર હું એતો;
નથી રાખતા લાજકે શર્મ, નથી માનતા હુકમનો મર્મ.૧૨

---

१ यज्ञेनयुष्मद्विषयोद्विजातिभिर्वितायमानेनसुराः कलाहरेः ॥ स्विष्टाःसुतुष्टाःप्रदंशंतिवांछितं तद्धेलनंमार्हसिवारचेष्टितम् ॥ २२

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તમે કપટ કરમ કરનારા, તમે ધુર્તપણે ધુતનારા;
એક વાતે નથી રે અધુરા, વિપ્રો છો તમે પાખંડી પૂરા.૧૮

પદ ૧૦૨ જું—દેશી ૨૧ મી.

વિપ્રો પુરા તમે પાખંડી,શિદ પૂજો પથરા પિંડી. વિપ્રો.ટેક
રાજાએ બહુ રીસ ચઢયાથી, દ્વિજને ગાળો દીધી;
વેગ ચઢયાથી વેદ ધરમનાં, કાંઇ પણ નિંદા કીધી. વિ.
યજ્ઞ કર્યાથી જળ વરસે છે, એ તો હું નવ માનું;
અરે દ્વિજોઅભિમાન તમારૂં,છેકજ રાખો છાનું. વિ. ૨
પાવક પૂજો પૃથ્વી પૂજો, પૂજો પવન ને પાણી;
મહિપતિનો તો હુકમ ન માનો,એમ અકલ વેચાણી.વિ. ૩
પૃથ્વી[1] આદિક પાંચે દેવો, વસે છે નૃપને અંગે:
માટે નૃપને માન આપવું, અંતર અધિક ઉમંગે. વિ. ૪
નદી પૂજો વરસાદને પૂજો, પૂજો સૂરજચંદ્ર;
સ્નેહે શિવનું લિંગ પુજો છો, કરોછો ફોકટફંદ　વિ. ૫
વિધવિધના બહુ વેહેમ વધારી, પાપે પેટ ભરો છો;
અરે તમે ઠગના પણ ઠગછો, સ્વારથ સિદ્ધ કરોછો.વિ. ૬
ક્યાં છે બ્રહ્મા ક્યાં છે વિષ્ણુ, ક્યાં છે ઇંદ્ર કુબેર;
કલ્પિત એવા દેવ કરીને, ધુત્યું સઘળું શેહેર.　વિ. ૭
હું બ્રહ્મા ને હું વિષ્ણુ છું, હુંજ ખરો મહાદેવ;
ધણિનેતજીવ્યભિચારિણી[2]સમ,શિદકરોબિજાની સેવ.વિ ૮
રાજા જો રક્ષણ ન કરે તો, એ દેવો શું કરશે;
ચોર ઠગારા લુટી લેતાં, કોણ આડો કર ધરશે. વિ. ૯
રાજા મારે ને ઉગારે, સુખ દુઃખ દાતા એકે;
તે માટે રાજા તે ઇશ્વર, લાયક કવિ લખે છે. વિ. ૧૦
અબળાનાં અંતર બાળો છો, એવા તમે અધર્મિ;
મનમાં મિથ્યા માનધરો જે,અમેજ શુદ્ધ સ્વધર્મી.વિ. ૧૧
સુધર્મની સમજણ નથી લેતા, દયા ધરમનું મૂળ;
બાળરંડાનાં લોહી બાળ્યાથી, પ્રભૂ થશે પ્રતિકૂળ. વિ. ૧૨

---

१ पतेचान्येचविबुधाः प्रभवो वर शापयोः
देहे भवंति नृपतेः सर्वे देवमयो नृपः
२ बालिशा घत युयंवा ३ धर्मे धर्म मानिनः
ये वृत्तिदं पति हात्वा जारंपतिमुपासते॥८४॥
अवजानंत्यमी मूढा भूप रूपीणमीश्वरं ॥
नानु विदंति ते भद्रमिहलोके परत्र च ॥२४॥

આ શ્લોકથી જણાય છે કે વેન, બ્રાહ્મણોથી ઉલટો થયો, પણ પરલોક એટલે સ્વર્ગ અને નરક છે, એવું જાણતો હતો માટે નાસ્તિક ન કહેવાય.

જાઓ ઉઠી નહિતો સઉના જીવ, છંડાવું કે છાકું;
એમ કહી ઉભોથઇને ત્યાં, ખુલ્લું કીધું ખાંડું. વિ. ૧૩

પદ ૧૦૩ જું—દેશી ૮ મી.

નાઠા વિપ્રો ત્યાં મુઠીઓ વાળી, કોઇ પાછું જુવે ન સંભાળી;
કઇક દોડતા જાય લથડતા, કઇક ઉઠી ઉઠી અને પડતા. ૧
કઇનાં ખાસડાં જાયછે ખશી, કઇની પાઘડીઓ પડી ધશી;
કઇકની ઉતરીપડીછે જનોઇ,નગ્નથઇ ગયા નાસતાં કોઇ. ૨
કઇક ફરિફરિ કાછડી વાળે, કઇક પાટલી સાજી સંભાળે;
કઇ ન દોડીશકે એવાં જાડા, કઇના પહેરણુમાં થયા ઝાડા.૩
કઇક થરથર ધ્રુજતા અંગે, કંઇક સોર પાડે સ્વર ભંગે;
કંઇક રસ્તામાં પડિયારખડતા,કંઇક ઉપરાઉપરિ જઇપડતા.૪
જેમ સાંભળી સિંહનો નાદ, મૃગ નાસે મેલી મરજાદ;
એમ નાઠા સરવ જીવલઇને, અતિ આકુળ વ્યાકુળ થઇને.૫
રસ ભાશે ભયાનક ભારી, કોલાહલ થયો બહુ ભયકારી;
અરેઆવો અરેકોઇ આવો,આજ મોતથી અમને મુકાવો.૬
ક્ષમા કરો રાજાજી આ કાળ, તમે ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ;
એવા શબ્દ ઉચારે અધિક, બહુ બળવંતની લાગી બીક. ૭
કઇનીઆંખોમાં આવિયાંપાણી, કઇક વિનયનીબોલ્યાવાણી;
અરે નૃપતિ નમારશોઅમને,ચકલાં ચૂથ્યાથિજશનથીતમને.૮
કઇને ભયથી લાગે ભણકારા, કઇકે જાણ્યું જરૂરજ માર્યા;
પિતાપુત્રનો ન કરે તપાસ, સઉએ મેલી ઉગરવાની આશ.૯
એમ વિપ્રોનું દેખીને ખસવું, આવ્યું વેનનેવળતી ત્યાં હસવું;
હણવાનો નહોતો વિચાર, ડર દેખાડયો એ તો લગાર. ૧૦
નાસી પાઠશાળા માંહિ પેઠા, બારણાં બંધ કરી સઉ બેઠા;
કરવા વિધવિધ લાગ્યા વિચાર, હવે વેનને કોણ વારનાર.૧૧
પછી અરજી ઉચરવાની આશે,ગયા પાંસરા સુનીથાનીપાસે;
રાણીએ નમીને દીધું માન, બોલ્યા વિપ્રો થઈ સાવધાન.૧૨
રાજાએઠો જુલમ બહુ કરવા, અમે આવિયાઅરજ ઉચરવા;
રાણી કહે સુણીએ મહારાજ, તમને ફરગરીને કહુંઆજ.૧૩
તમે હઠ ને મમત હવે મૂકો, મહા ચતુર થઇ શિદ ચૂકો;
દિલમાં લાવોને વાત દયાની, વળી વિપતસુણોવિધવાની.૧૪

પદ ૧૦૪ થું—દેશી ૧૦ મી.

વિપત સુણો વિધવાતણી, તજી વાદ વિવાદ;
સજ્જનો જ્ઞાન સ્મશાનનું, ઉરમાં આણોને યાદ. વિ. ટેક.
છોકરી છેક ૭ વર્ષની, ફરતી ઉઘાડે અંગ;
પરણ્યાની વાત ન પ્રોછતી, ભાગે થઇ ચુડી ભંગ. વિ. ૧
માતા પિતા ને સગાં મળી, કરે અતિ કલપાંત;
રૂદય ફાટે એવાં રૂએ, શોકે થાય ન શાંત. વિ. ૨

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ત્રાહ ત્રાહની તાળી પડે, કહે થયો કાળો કેર;
સાંભળતાં જન સર્વેને, મનમાં ઉપજે મેહેર. વિ ૩
કેનું કઠણ હોય કાળજું, નિરખી નરમ ન થાય;
પથ્થર પણ ફાટી પડે, જોતાં જોયું ન જાય. વિ. ૪
સાચો દયાળુ જે દીલનો, દેખે જો તે દેખાવ;
વય આખીમાં કેમ વિસરે, બહુ માઠો બનાવ. વિ. ૫
શબ લઇ જાય સ્મશાનમાં એને, મૂકનાં આગ;
છાતી કુટે સસરો પિતા, રૂએ તાણીને રાગ. વિ. ૬
ત્રણે ભુવનમાં તેવે સમે, ભાસે છે ભયંકાર;
એ અવસર એમ ઉચરે, બળ્યો આ અવતાર. વિ. ૭
ભુંડી બ્રાહ્મણ વાણિઆતણી, નઠારી છે આ નાત;
છોકરી છેક છ વર્ષની, કશી સમજે ન વાત. વિ. ૮
જો દીકરી મરી જાત તો, આથી તે અનુકૂળ;
દિનદિન દેખવું દાઝવું, આખા ભવનું આ શૂળ. વિ. ૯
છત હોય ઘરમાં છતી, પુત્રને પરિવાર;
પણ દુખ દેખીને પુત્રિનું, સુનો લાગે સંસાર. વિ ૧૦
અગિયાર દિન પછી એ બધું ભોળાજન ભુલી જાય;
રોઇ કુટીને બેસી રહે, બીજું કશું ન કરાય. વિ. ૧૧
સંકટ શિદ એવું સાંખીએ, છે જો છતો ઉપાય;
દિલગીરી દીલની એવી મટે, ફરી લગન જો થાય.વિ. ૧૨

પદ ૧૦૫ મું—દેશી ૧૫ મી.

વયમાં આવી વિધવા ત્યારે, રૂએ છે ચક્ષુ ચોળી;
સૈયર સાથ સજોડે દેખી, હઇએ બળે નિત્ય હોળી.
સંકટ એવું શીદ સાંખો, અરેરેએ ચાલ નાશ કરી નાંખો;
મારા વહાલા હીંમત હૈયે રાખો. ૧
લાખેણાં તો લાડ લડાવ્યાં, દિઠા ન છાય તડકા;
બાળરંડાપેબળિબળિ થાતી,ભીતરમાંલાગે ભડકા. સં. ૨
પર્વતથી પડવું તે સારૂ, કાયા ખાય જાય કીડા;
આતો આખો ભવ રીબાવું, પારનઆવે તે પીડા. સં. ૩
શૂળીનું દુખ સોગણું સારૂં, તરતજ પ્રાણ તજાવે;
આદુખલખતાં અંતનઆવે,લાખપુસ્તકજોલખાવે.સં. ૪
સારે દિન શણગાર સજીને, દર્પણમાં છબી દીઠી;
રંડાપો રૂદયે સાંભરતાં, અંગમાં લાગી અંગીઠી. સં. ૫
સારાં વસ્ત્ર શરીરે સજ્યાં પણ, માથે જોતાં મુંડો;
આંખેખરખરઆંસુખરિયાં, નાંખ્યો નિસાસો ઉંડો.સં.૬
યમરાજાને વિધવા દેતી, શત્રુ કહિને શાપ;
પ્રગટથઇજમપોતેબોલ્યા, બઇ તારો શત્રુતારો બાપ. ૭
ઇંદ્ર મરે તો ઇંદ્રાણી પણ, પતિ બીજાને પામે;
રાવણની રાણીપણ સોંપી,વિભીષણને રાજા રામે. સં. ૮
પુરૂષતણું મન પથર જેવું, અરે ન ઉપજે એને;
પણ ગોઝારી માતાઓછે, તિલભરદયા નથી તેને. સં. ૯
ફોગટ રડીને ફંદ કરે છે, એરવે આંસુ ખાલી;
નાતજાતની રીત નઠારી, પુત્રીથકી એને વહાલી. સં. ૧૦
નાત બળો ને જાત બળો, ને બળો લોકની લાજે;
કાલજતી હોયકુળની શોભા, છોઉચળીજતી આજે.સં.૧૧
બળ્યા હેતના બોલ તમારા, બળી તમારી માયા;
લાડકડીનું લોહી પીયોછો,લોકની લાજે લજાયા. સં. ૧૨

પદ ૧૦૬ મું—દેશી ૮ મી.

બાણાસુર મહારાજની બેટી, જાણે પારસમણીની તે પેટી;
હતી રહેવા હવેલી અમૂલી,તેતો જાણી તેણે જેલ શૂળી. ૧
હતાશણગારસજવાનેસારા, એતોગણ્યાતેત્રિયતા અંગારા;
સુવા સેજ સુરખ્યુંની સારી, તેને માનતી મરણ પથારી. ૨
રત્નવાળો દિસે પાસે દરિયો, તેતો ભાસતો રૂધિરનો ભરિયો;
બાણાસુર રાજા જેવો તો તાત, શત્રુતુલ્ય ગણ્યો સાક્ષાત. ૩
એને સુખમાંહિ શી હતી ખામી, પણ કંથવિના કષ્ટ પામી;
ભુંડીહઠ તજીને તમેભ્રાત, વાંચો ઓખાહરણતણી વાત. ૪
હતું શોણિતપુર સોહાતું, એતો ઓખાને ખાવાને વાતું;
હતા અનુચર બળ અદભૂત; તેતો જાણતી જમના છે દૂત. ૫
હતા બહુ રૂડા બાગ ને વાડો, તેતો ભાસી ભયંકર ઝાડી;
પામી ભોજન વિધવિધ પેર, તેતો જાણ્યું હળાહળ ઝેર. ૬
છજાં ગોખ જરૂખાંનેજાળો, તેતો ભાસતું સ્મશાન ભાળી;
ચુવાચંદન અંગે અથાગ,એતો જાણતી બળતી છે આગ ૭
ગાતી ગાંધર્વી ગીત સુવાણી, તેતો જાણે મહાકાણ મંડાણી;
સ્વામિવિના ન ગમતાં એસુખ, મોતમાગી લેતી હતી મુખ.૮
હતી શાસ્ત્રની વાતેસુજાણ, તોય પતિ માટે બાળતી પ્રાણ;
માગ માગ માયે કહ્યું જ્યારે, વર માગ્યો તેણે વારેવારે ૯
લોકલાજથી બોલ ન બોલે, પણ દિલનો સ્વામામાંહે ડોલે;
સમજોવિધવાનીએવીજવાત, એમીચારીઓ અમળાજાત ૧૦
જાય વિવાએ સાંભળે ગાણાં, ફાટે કાચે જ્યાં ગાય ફટાણાં;
મર્મસમજીતેમનમાંહિ ધરવો,ઢાલો મિથ્યામમતનકરવો.૧૧
નથી વિધવાના દુખતણીસીમા, ધારો વાત તમે કંધીમા;
અરે દિલમાં દયા કાંઇ લાવો, બાળવિધવાનાં લગ્નકરાવો,૧૨

પદ ૧૦૭ મું—દેશી ૨૭ મી.

કંરો કરોરે કન્યાનું કલ્યાણ, હોરે હઠીલા હિંદુ;
તમે કેમ થયા પથર પ્રમાણ, હોરે, ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દયા દિલમાં નથી લવલેશ, હોરે;
નથી લાગતો આ ઉપદેશ. હોરે. ૨
કરે સુખિયાં પોતાનાં સંતાન, હોરે;
હોને જાય બીજા સમશાન. હોરે. ૩
જ્યારે ધસમસતી આવે ધાડ, હોરે;
શસ્ત્ર લઇ કરિએ લડવાડ. હોરે. ૪
એક આપણી સંતતિ કાજ, હોરે;
કાપી નાંખીએ કોટી સમાજ. હોરે. ૫
તેનું પાપ નહીં પળમાત્ર, હોરે;
એમ સમજે છે સર્વ સુપાત્ર. હોરે. ૬
પડે સંતતિને સંતાપ, હોરે;
તે ન ટાળે તેનાં પ્રૌઢ પાપ. હોરે. ૭
રાજા રઇયતનો રખવાળ, હોરે;
પિતા પુત્રી તણો પ્રતિપાળ. હોરે. ૮
તેના શત્રુ ઉપર કરી રોષ, હોરે;
દળીં નાંખે તેનો નહીં દોષ. હોરે. ૯
શતરૂ ઉપર જણાવતાં જોર, હોરે;
દયા રાખે તે દૈવનો ચોર. હોરે. ૧૦
લોભ માટે કે લાજને હીત, હોરે;
પ્રજા પીડવા દે તે પતીત. હોરે. ૧૧
ભલે જાય પોતાના પ્રાણ, હોરે;
પ્રજા પાલણ કરવું પ્રમાણ. હોરે. ૧૨
મોટા પ્રાણથી શેમાં છે માલ, હોરે;
શા હિસાબમાં નાતનો ચાલ. હોરે. ૧૩
તોડી નાંખો હઇએ ધરી હામ, હોરે;
રાજી થાશે તેથી શ્રીરામ. હોરે. ૧૪
બાળપુત્રી બીચારી અનાથ, હોરે;
એનું દુખ સુખ બાપને હાથ. હોરે. ૧૫
નીચે અવની ઊંચે આકાશ, હોરે;
નિરાધાર બિચારો નિરાશ. હોરે. ૧૬
આપણે જો ન દઇએ આધાર, હોરે;
કોણ એનાં આંસુ લોનાર. હોરે. ૧૭
નાંખે પુત્રી નિસાસા રોજ, હોરે;
અને માબાપ માણે મોજ. હોરે. ૧૮
એતો ધિક પડયો અવતાર, હોરે;
મારા વહાલા કરોને વિચાર. હોરે. ૧૯
હદ વળી હવે તો પડો બહાર, હોરે;
બાંધો હિંમતનાં હથિયાર. હોરે. ૨૦
વાંસે કોઇની ન જોશો વાટ, હોરે;
પડો રણ પરમારથ માટ. હોરે. ૨૧
કૃષ્ણ કરશે તમારી જીત, હોરે;
ખરી માનજો વાત ખચીત. હોરે. ૨૨
સુતા થઇ હોય સૌભાગ્ય ભ્રષ્ટ, હોરે;
કુદી પડીને મટાડો કષ્ટ. હોરે. ૨૩
સતી જેમ બળે પતિ જોડ, હોરે;
જીભે બોલતી જે રણછોડ. હોરે. ૨૪

પદ ૨૦૮ મું—દેશી ૨૮ મી.

કરતાં કાંઇ રૂડું કામ, હિંમત નવ હારો;
તો પામો શુભ પરિણામ, જો ધીરજ ધારો. ટેક.
મોટાં કારજ માથે લેતાં, અડચણ પડે અપારરે;
એમ વિચાર કરો આગળથી,પાડો મતલબપાર.હિંમત.૧
સંસારી જન સામા ઉઠે, નિંદે લાખો લોકરે;
અંતે એના એજ વખાણે, કરી ફજેતી ફોક. હિંમત. ૨
આપદ કાળ પડે અણજાણ્યો, વળી વધે બહુ વેરરે;
બોલે દુર્જન બોલ નઠારા, ઝાઝું રાખી ઝેર,હિંમત. ૩
જે કારજમાં સંકટ જુલમી, જશ તે માંહિ જરૂરરે;
તે માટે તે કારજ તજિને, દોડી ન જાવું દૂર, હિંમત. ૪
જુલમ કરે જે જન તેનું પણ, ઇચ્છો રૂડું આપરે;
તો અંતે શુભ થશે તમારૂં,ટળશે તનના તાપ. હિંમત. ૫
બાળક કે અજ્ઞાની બોલે, તેનો તે શો તોલરે;
હસવા લાયક હોય હમેશાં, બાળક કેરા બોલ. હિંમત. ૬
કારજ મોટાં કરનારાએ, પોતે ખોયા પ્રાણરે;
પણતેકારજ પાર પડયું તો,વળતી થયાં વખાણ.હિંમત.૭
માયા કરતાં જશ છે મોંઘો, જે જન લેવા જાયરે;
જશને માટે જુદ્ધ વિષેજઇ,મરદો કઇક મરાય. હિંમત. ૮
જેનો જશ આ જગમાં જામે, પરાક્રમી પરમાણરે;
બિજાબિચારા બહુજીવીને,લઇ નશકયાકાંઇલહાણ.હિંમત.
જર ખરચે છે જશને માટે, મળવું જે મુશકેલરે;
જશનેમાટેજીવ તરતજતાં,સર્વ ગણે છે સહેલ. હિંમત.૧૦
માનવીને એક દિન મરવું છે, મરણ નથી મટનારરે;
તો તેનોકાંઇત્રાસ નધરશો,શુભ કારજ કરનાર.હિંમત.૧૧
પર ઉપકારે પ્રાણ સમરપે, ખડો રહી તતખેવરે;
તો રૂદયામાં તેને રીઝે, આ દુનિયાનો દેવ. હિંમત. ૧૨

પદ ૨૦૯ મું—દેશી ૧ લી.

વિપ્રો બોલ્યા વાણી, સુણજો રાણી આણી પ્રીત;
પૂર્વ જનમનાં કર્મ પ્રમાણે, રાંડે એવી રીત. ૧

P. P. Ac. Gunratnasuri M.S.　　　　Jin Gun Aaradhak Trust

જે નારીનાં નબળાં કર્મો, તે દુખયારી થાય;
કર્મતણી આગળ રાણીજી, કોઇનો નહિ ઉપાય. ૨
રાણી કહે સુણો મહારાજો, ઘાટ ન ઘડશો ઘેલો;
વિવેક રાખી વાત વિચારો, મિથ્યા હઠ આ મેલો. ૩
બાર વરસની બાળા કેરાં, કર્મ રહ્યાં છે બેસી;
કણબી આદિકની કન્યાનાં, કર્મ ગયાં કર્યાં પેસી. ૪
તે કન્યા ફરી લગ્ન કરીને, પાંચ જણે છે પુત્ર;
મંગળ ગીત ગવાતું તેનું, શોભે છે ઘર સુત્ર. ૫
પુત્ર ન પામો તો તમે ફરિ ફરિ, ચારવાર પરણો છો;
વિધવા વિવાહ માટ કરમની, વાત જુદી વરણોછો. ૬
ઘર પડી જાય કદિ તો શું તમે, નથી ચણાવા દેતાં;
કરતાં બીજું નવું કરમનું, નામ કેમ નથી લેતા. ૭
બહુવા તજીને બાળરંડાને, ફરી પરણાવી દેજો;
એના[1] કરમમાં એમ લખેલું, વળતી એમ કહેજો. ૮
ગાય બિચારી ગમાણે બાંધી, નવ માગે ખડ પાણી;
એના ઉપર દયા ન આણે, એતો પાપી પ્રાણી. ૯
રાજા તો સમદૃષ્ટિ રાખી, પ્રજા બધીને પાળે;
ગાંડાં ઘેલાં સબળાં નબળાં, સઉને તે સંભાળે. ૧૦
કોઇ પિતા સંતાનની ઉપર, જુલમ કરે બહુ જ્યારે;
પરમેશ્વર પ્રીતે રાજાએ, રક્ષણ કરવું ત્યારે. ૧૧
બાળ બિચારી બળી મરે પણ, શરમ રાખી નવ બોલે;
તેનાં આંતરડાં બાળો છો, કિયો જુલમ તે તોલે. ૧૨

પદ ૧૧૦ મું—દેશી ૩ જી.

નિજ તનયાનું કદિ જો તમે તો, મસ્તક છેદન કરશોજી:
કહો નૃપતિ કરવા કેમ દેશે, શિક્ષાને લાયક ઠરશોજી. ૧
વિધવાઓ પણ છે વસ્તી અમારી, અમેજ રક્ષણ કરશુંજી;
તનમન ધનથી તે વિધવાઓનાં, સંકટ સઘળાં હરશુંજી. ૨
રે ઋષિયો વિખવાદ થશે, આમાંથી તમ સાથ અમારેજી.
તે માટે કાંઇક અમારે નમતું, ને નમતું કાંઇક તમારેજી. ૩
જે રાંડે વય સોળ વરસમાં, તે કરવી માંડેલીજી;
એ ઉપરાંત ઉમરના રાંડે, રાખજો તે રાંડેલાજી, ૪
છેલ્લું અમારૂં એટલુંજ માનો, ખાલીશિદ થાઓ ખોટીજી;
નહિતો હુંવિધવા બધિવરાવશ; નહીં ન્હાની નહિમોટીજી. ૫
રાજ્ય જશે તો જાવા દેશું, પ્રાણ આપીશું પેહેલાજી;
પણ વિધવાનાં વિઘ્નનિવારશું, શબ્દ કહ્યા આ છેલ્લાજી. ૬
જે કહુંછું તે સત્ય કહુંછું, એમ કહ્યું સમ ખાઇજી;
રાણીની વાણી સુણિને પછી, ઋષિ ચાલ્યા રીસાઇજી. ૭
સર્વ મળીને વિચાર ર્યો હવે, શો કરવો ઉપાયજી;
કળિજુગમાં કરવાની ક્રિયા તે, કૃત યુગમાં ન કરાયજી. ૮
કશ્યપ કહે સુનિથાએ કહ્યું તે, વિચારો તો સારો વિવેકજી;
બહુઋષિમતત્યાંથી[1]જૂદાપડ્યા, અનેઉપજીશાખાઓઅનેક
કઇક વિચાર કરી વળી બોલ્યા, આવડા કાં અકળાઓજી;
ઇશ્વરકરશે તો સારૂં થશેસઉ, થિર મન સાંસતાથાઓજી. ૧૦
ધમકી અમે તેમ દે ધરણીપતિ, છેક દયા નહિ છોડેજી;
રાજાકદિરિસનહિ જોતજેનોય, સુનિથાશરમનહિ તોડેજી. ૧૧
બોલ ગમે તેમ બોલે ભલે પણ, રક્ષણ કરશે રાણીજી;
વિપ્ર વિશેષ વિચારકરી વળી, બોલ્યા પરસ્પરવાણીજી. ૧૨

પદ ૧૧૧ મું—દેશી ૮ મી.

વિપ્ર બોલ્યા પરસ્પર વાણી, નિશ્ચે મોતની પુત્રી છે રાણી;
અંતે આપણું આણશે મોત, કાંતો લૂટશે ઘરબારસોત. ૧
એનોકરવાભેડીઅતિઅન્યા, રાણીઅસુરનાકુળની છે કન્યા;
નહિ આપણું બોલ્યું પ્રમાણે એનું પિયરછે અધમકેકાણે. ૨
એનાપેટમાંપુત્રઆળોટયો, માટેઉપજ્યો[2]અધર્મીએમોટો;
હતો બાળપણાથી એવો, દિસે ઉપર થકી સાધુ જેવો. ૩
એના દુખથી ગયો રાય અંગ, પુત્રે પિતૃ વચન કર્યું ભંગ;
ત્યારે શૂન્ય પડી ગાદી, પ્રજા પીડવા લાગ્યા ચોરાદિ. ૪
આપણે જાણ્યું જે વેન સુધરશે, કહીશું આપણે એમકરશે;
વળી રાખશે કાંઇક વિવેક, એમ જાણી કર્યો અભિષેક. ૫
[3]દુધ પાઇને ઉછેરિયો સાપ, તેમ કરવા લાગ્યો સંતાપ;
એતો આપણને નકીનડશે, કાંઇક રસ્તો તો કાઢવો પડશે. ૬
પછી પુરપતિને કહેવરાવ્યું, ભૂપે ભાખ્યુંતે અમનેતોભાવ્યું;
પશુખુશિથીએરીતેજેપરણે, તેનેપરણાવો એવે આચરણે. ૭
જેને અંતર નવ ગમે એવું, તેને જુલમ કરી નહિ કહેવું;
એવુંસાંભળીનેરાયહરખ્યો, ઉંડોમર્મ તોમનમાંહિપરખ્યો. ૮

---

१ उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मी,
दैवेन देयमिति कापुरूषा वदंति ॥
दैवं विहाय कुरु पौरुषमात्मशक्त्या,
यत्ने कृते यदि न सिध्यति कोत्र दोषः ॥१॥

१ स्मृत्यर्थसारे॥मतेऽन्यस्मैप्रदातव्या,
मतेसप्तपदात्पुरा
पुरापुरूषसंयोगान्मृतेदेयेतिकेचन ॥ १ ॥
रुतावत्रष्टेकन्यैव, पुनर्देयेतिकेचन ॥
आगर्भाधारणात्कन्या पुनर्देयोतिचापरे॥२॥

२ स बाल एव पुरुषो, मातामह मनुवृत.
अधर्मांशोद्भवं मृत्युं, बना भवदधार्मिकः ९

३ अहे रपिपयः पानं, पोषकस्यात्यनर्थकृत्
वेन प्रकृत्येव खलः सुनिथागर्भसंभवः ॥१०॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેય કમળાનું સાધવા કામ, બ્રાહ્મણોને બોલાવ્યા તે ઠામ;
વેને સઉનું વચન લીધુંઆવું, એવાં પરણેતાપરણાવા જાવું ૯
વૃશ્ચિક મિથુનરાશિ વરકન્યા, એનું લગ્ન આપો તજી અન્યા;
કહેમહાસુદિપંચમી જ્યારે, ગોધૂલિકલગન થાય ત્યારે.૧૦
વેને વચન તે શીશ ચડાવ્યાં, વાજાં વિવાનાં ત્યાં વજડાવ્યાં;
પછી કમળાગૌરીને ન્હાવી, રાણીવાસમાં લીધી તેડાવી.૧૧
નવરંગીને પણ કહી વાત, બંને રૂદયે થયાં રળિયાત;
ખર્ચી લાખો રૂપૈયાખચીત, વેને વિવા કર્યો રૂડી રીત.૧૨

સોરઠો.

સુણ રાજા ધરી રાગ, શુકજી કહે છે સ્નેહથી;
વેન કથાનો ભાગ, નિઃસંશય નવમો થયો. ૧

ભાગ ૧૦ મો.

પદ ૧૧૨ મું—દેશી ૧૩ મી.

પ્રથમ ગણપતિને લાગું પાયરે,
કહું કમળાગૌરીનો વિવાય રે;
રૂડો લગ્ન દિવસ નિરધારી રે,
રાયે નગરી સરસ શણગારીરે. ૧
મોટો મંડપ રચિયો રૂપાળો રે,
બારી બારણાં જાળિયાં વાળો રે;
શોભે સોનાના થાંભલા સારા રે,
રૂડાં ચિતરે છે ચિત્ર ચિતારા રે. ૨
ચોખા ચીરના બાંધ્યા ચંદરવા રે,
ટાંગી હાંડીઓ ત્યાં મન હરવા રે;
ઝાઝાં ઝુમરખ લઇ લટકાવ્યાં રે,
રંગે છાંટણાં શુભ છંટકાવ્યાં રે. ૩
મેના પોપટ પાંજરે પઢતાં રે,
એક એકથી કિંમતે ચઢતાં રે;
માંહિ તખતા માંડયા મન ગમતા રે;
શોભે સ્ફટિકમણિતણી સમતા રે. ૪
બહુ ઉમદા ગલીચા બિછાવ્યારે,
મણિ જડિત્ર બાજઠ મુકાવ્યા રે;
ઉપર સોનાના થાળ ધરાવ્યા રે;
મોંઘાં મોતીના ચોક પુરાવ્યા રે. ૫
ભીતે કુમકુમના છડા દીધા રે,
કયાંઇક શોભિતા સાથિયા કીધા રે;
કઇક છબિયો મંડપમાં મુકાવી રે,
જાણે ઇંદ્રપુરી શકી આવી રે. ૬
સોના રૂપાનાં ઝાડ શોભીતાં રે,
અતિ અદ્ભુત દીસે ઓપીતાં રે;
પશુ પક્ષી ને બીજાં રમકડાં રે,
મુકયાં મોટાં ને કઇક ન્હાનકડાં રે. ૭
તરિયા તોરણ બારણે બાંધ્યા રે,
મંગળ સૂત્ર ત્યાં સર્વત્ર સાંધ્યાં રે;
આગળ કેળોના થંભ રોપાવ્યા રે,
ચોક ચોખે જળે છંટકાવ્યા રે. ૮
મંડપ મોંઘે મોતીડે છાયો રે,
શોભે સ્વર્ગપુરીથી સવાયો રે;
ઉપર કનકના કળશ ચડાવ્યા રે,
તેના હેમમાં હીરા જડાવ્યા રે. ૯
ફરકે ફરતી ધજા ને પતાકા રે,
તેની શેડોના બોલે સડાકા રે;
ત્યાં તો ગાંધર્વ ગાન કરે છે રે,
ત્યાં તો અપસરા નૃત્ય આદરેછે રે. ૧૦
સારા સાજન માંડવે મળિયા રે,
બેઠા મહારાય બાજુના બાજોયા રે;
ચુવા ચંદન ચરચેછે અંગે રે,
તોરા ગજરા આપે ઉછરંગે રે. ૧૧
હઇએ હાર ગુલાબના ધારી રે,
પછી વહેંચે છે પાન સોપારી રે;
મળી માનની મંગળ ગાવા રે,
ગોરી આલિયો ગણેશ વધવા રે. ૧૨

પદ ૧૧૩ મું—દેશી ૨૯ મી.

સરખી સમાણી સાહેલીઓરે, જાય ગોરી ગણેશ વધાવા,
વાજંતર વાજે રે;
જાણા જોશીનેતેડાવીયા રે, લગન લખવા.વાજંતર.૧
વામાને દક્ષિણારાણીયેરે, સોળેસજ્યા શણગાર;વાજંતર;
મસ્તકે મોડ મોતીતણારે, હઇએ છે નવસરાહાર.વાજંતર.૨
રાજા ને રાણી સજોડલે રે, તતપર થયાં તતખેવ; વાજંતર;
ગુણનિધિ ગણપતિ પૂજીનેરે, પૂજ્યા ગોત્રજદેવ વાજંતર.૩
હવન કર્યોવિપ્રા હેતથી રે, શુભ રીતેકરી ગ્રહશાંતિ;વાજંતર;
વેદભણે વિપ્ર વેદીયારે, ભાગીછે સર્વેની ભ્રાંતિ. વાજંતર.૪
મંડપમાં મળી માનની રે, કન્યાને પીઠી ચોળાય;વાજંતર;
તેલસંચારીન્હાવણકર્યુંરે, હઇડામાંહરખ નમાય.વાજંતર.૫
પીળું પાનેતર પહેરીયું રે, કાંચળી જાદર કેરી; વાજંતર;
ચળકતોચૂડો પહેરાવીયોરે, લાખરેલુધરીલ્હેરી.વાજંતર ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સોવરાવ્યાં કલ્લાં ને સાંકળારે,ઝાંઝરનો ઝમકાર; વાજંતર;
છલ્લાંઅવિટિયાનેવીંછીયારે,હૈયેએકાવળહાર. વાજંતર.૭
બાહેબાજુબંધ બેરખારે,કાનમાં ઝળકતી ઝાલ; વાજંતર;
નેણુમાં કાજળ સારીયારે,કંકુની આડ કપાળ.વાજંતર.૮
નાકની નથડી હીરેજડીરે, નિરખતાંવાધિયું નૂર;વાજંતર;
ચાકને ગોફણો ચોટલેરે,સેંથે શોભાવ્યું સિંદૂર.વાજંતર.૯
કસ્તૂરીનું મરદન કર્યુંરે, અતર લગાવીયું અંગ; વાજંતર;
પાનબિડી ચાવે પ્રેમદારે,ઓઠ થયા નવરંગ. વાજંતર.૧૦
મસ્તકે મોડીયો ચુંનડીરે, પોથીએ રંગિયાપાય.વાજંતર;
પછીવરનેન્હવરાવવારે, જુવતીટોળેમળીજાય.વાજંતર.૧૧
ન્હવરાવી વરશણગારીઓરે,પોશમાં શ્રીફળપાન;વાજંતર;
મિત્રોતણીમળીમંડળીરે, જુગતેથાજોડીછેજાન.વાજંતર.૧૨

પદ ૧૧૪ મું—દેશી ૪ થી.

પછી જાન જોડી ભલી જુગતીએ,
મળ્યા સહુ વર રાજાના મિત્ર, જીયા વરની જાનમાં.
વરને શણગારી અશ્વે બેસારીયા,
વસ્ત્ર ભૂષણ વેષ વિચિત્ર. જીયા. ૧

સાથે પુત્ર શાણા નગરશેઠના,
રાજકાજના કાર્ય કરનાર, જીયા;
શોભા સાજનની શી હું વરણવું,
બન્યા સાબેલા કંઈ સરદાર. જીયા ૨

કંઈક રાજકુંવર જેવા ફૂટડા,
પેહેરી આવીઆ ઉમદા પોશાગ, જીયા;
જામા પેહેરી મારગ ચાલે મલપતા,
માથે કસબી કસુંબલ પાગ. જીયા. ૩

ફુલના તોરા દીસે શિર લટકતા,
કંધયા ઉપર ગુલાબના હાર, જીયા;
વાજાં વાજે છે વિધવિધ રાગમાં,
રથ પાલખીનો નહિ પાર. જીયા. ૪

રાતા ઓઠ દીસે રળીઆમણા,
મુખે ચાવે તમામ તંબોળ, જીયા;
કંકુ ચાંદલા કીધા કપાળમાં,
સરખે સરખા ચાલે સજી ઓળ. જીયા, ૫

બની જાનરડી મિત્રોની અંગના,
ગીત ગાય ને થાય આનંદ, જીયા;
જાણે કોયલડી ટહુકા કરે,
મુખ ચળકે પુનમતણો ચંદ. જીયા. ૬

ચૂડા ચળકતા ચતુરાના હાથમાં,
જાણે વીજળીના ચમકાર, જીયા;
વાળ્યા કેશના વાંકા અંબોડલા,
સર્વે છે છબીલી છે નાર. જીયા. ૭

સામી આવી કન્યાની સાહેલિયો,
નિરખે નવરંગી વરતણું રૂપ, જીયા;
કહે લાખેણો વર પામી લાડકી,
એનું ભાગ્ય અથાગ અનૂપ. જીયા. ૮

ધામધુમથી નગરી ગાજી રહી,
થયું જન સઘળાને તે જાણ્યું; જીયા;
રસ્તે લોકના થોક જોવા મળ્યા,
વરનાં વિધવિધ થાય વખાણુ. જીયા. ૯

વરને માથે મનોહર મોળીયું,
સજ્યા શોભીતા શુભ શણગાર, જીયા;
હાથે હેમ કડામાં હિરા જડયા,
કંઠે મોતી ને હેમનાં હાર. જીયા. ૧૦

લીધું પાણીચું શ્રીફળ પોશમાં,
માથે મોતીનું છોગું અમૂલ્ય, જીયા;
વર વાંકડોને વરણાગીયો,
નહીં ત્રિભુવનમાં તેહ તુલ્ય. જીયા. ૧૧

વાટ છાંટીને ફૂલડાં વેરીયાં,
રાયનું આંગણું અધિક વિશાળ; જીયા;
મેહેલ રંગી ટૉંધેલીં શોભા ઘણી,
ઝરૂખાં દીસે ઝાક ઝમાળ. જીયા. ૧૨

ગયા તોરણે ગાજતે વાજતે,
રાણી દક્ષિણાનો હરખ ન માય, જીયા;
સામી જઈને સામૈયું કીધું ભલું,
પછી પોંખણે વરને પોંખાય. જીયા. ૧૩

પદ ૧૧૫ મું—દેશી ૨૪ મી.

પોંખણે પોંખે રાણી દક્ષિણારે, કરતી આનંદ કલોલ;
અંતરપટ આડું ધર્યુંરે, ત્યાં તો છબીલીએ છાંટયોતંબોળ.
બાળોવર તોરણે ચડયા. ૧
ધુંસળ મુ ળ રવૈયોરે, ત્રાક તથા વળી તીર;
ઈંડીપીંડીઉતારીયારે,મુકયુંસંપટીયુંધારીધીર.બાળોવર. ૨
નાક તાણીને નીચી નમીરે, ગયા મંડપ મોઝાર;
પૂજાકરીમધુપર્કથીરે,વરનોસારોકીધોસતકાર.બાળોવર. ૩
ગોત્ર પ્રવર ગુરૂએ ગણ્યારે, વેદનું કરીને વિધાન;
મંડપમાંકીધુંમાયરૂંરે,દીધુંનૃપતિયેકન્યાદાન. બાળોવર. ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અરધો સૂરજ જયારે આથમ્યોરે, અર્ધબાકી રહ્યો બહાર;
હસ્તમેળાપનહરખથીરે,વરકન્યાનુંકીધુંતેવાર.બાળોવર. ૫
બાહે [1]મદનફળ બાંધીઆંરે, ઘાલી ગળે વરમાળ;
વરકન્યાનાં વડા પ્રેમથીરે,થયારોમાંચતનતેજકાળ.બા. ૬
એ અવસરના આનંદનુંરે, વરણુન કરી ન શકાય;
શૃંગારરસનીસીમાવળીરે, એવાહઇઆમાંતેહરખાય.બા ૭
ચોરી રચી રૂડી ચોકમાંરે, હેતે કર્યો લાજાહોમ;
ચારેમંગળત્યાંતોવરતીયાંરે,કીધુંધ્રુવદરશનવળીવ્યોમ. બા.૮
સપ્તપદી કરી સર્વથારે, પ્રિય જનને રાખી પાસ;
સર્વક્રિયાએમસાચવીરે, તેમાં કશીયે નરાખી કચાશ. બા.૯
સામસામાં પુરા સ્નેહથીરે, જમે જમાડે કંસાર;
મંગળગીતગાયમાનનીને,ઉભાંનિરખેઘણાંનરનાર.બા. ૧૦
દેશપતિએ કન્યાદાનમાંરે, દીધાં વતન ઘરબાર;
મિત્રોએમળીકીધાચાંદલારે,સુનિથાએદીધાશણગાર. બા.
વનિતાઓ લે છે ઓવારણાંરે, આપે સરવ આશિષ;
સંતાનનાસુખપામજોરે,ઝાઝોજશઆપજોજગદીશ.બા.૧૨
ત્રિભુવનનો પાત તમતણારે, કરજો પૂરા કોડ;
વરસઘણાંસુધીવરવહુરે,તમેજીવજોજગમાંસજોડ. બા. ૧૩
કન્યા તરફની કામિનિયોરે, પૂરણ પામી પ્રમોદ;
હાસ્યનાગીતહવેગાયછેરે, કરીહશી હાસ્યવિનોદ. બા. ૧૪

પદ ૧૧૬ મું—દેશી ૩૦ મી.

છૈયા ડુંગરે ડુંગર આથડયો,
છૈયા છાણાની પેઠે તું રડવડયો;
તારે જુગતે જુગતી વહુ જોઇએ,
તને કન્યા ન દીધી કોઇએ. ૧

આજ સૂધી રહ્યો તું તો ટેકમાં,
તેથી પીડાયો પીડ અનેકમાં;
જયારે આંખ વિવેકની ઉઘડી,
હવે હિંમત તારે હઇએ ચડી. ૨

રાજા વેને તને સમજાવિયો,
તેથી સમજણ મનમાં તું લાવિયો;
નહિ તો મતમાં માર્યો જાત તું,
વાંઢા રૂઢા વિપતમાં પીડાત તું. ૩

નામ રહેશે હવે તારા બાપનું,
મેણું મટશે કુંવારાની છાપનું;
તું તો હાથે શેકી ખાતો ખાખરા,
વેહેલો વહાણામાં દળતો દાણાખરા. ૪

બેઢાં પાણીનાં તું ભરી લાવતો,
ઓશીઆળ તું સઉની ધરાવતો;
રાજા વેન તારે કરમે મળ્યો,
તેથી તરતજ તારો દહાડો વળ્યો. ૫

હવે આવ્યો માણસની ઓળમાં,
છૈયા કાઢજે કાળ કલ્લોલમાં;
તું તો ઘેર ઘેર કન્યા માગતો,
વેવીશાળિયાને પગે લાગતો. ૬

તું તો જણ જણને જઇ જાચતો,
તું તો પરણવા કારણ નાચતો;
તને સઉથી સરસ મળ્યું સાસરૂં,
ભાગ્ય તારૂં ઉદે તો થયું ખરૂં. ૭

તને કન્યા કોઇ નત્ર પરણતી,
તને વાંઢા વાંઢા કહી વરણતી;
મારી લાડકીને તેં તો ભોળવી,
એતો અમારી ચાપણ ઓળવી. ૮

તું તો ચાખડીએ ચઢી ચાલતો,
તું તો મિથ્યા મુછે વળ ઘાલતો;
તું તો ફરતો બની છેલ વાંકડો,
પણ પરણવાને થતો રાંકડો. ૯

તારી વ્યર્થ ઉમર ઘણી વહી ગઇ,
હવે સમજ્યો ત્યારેજ સફળ થઇ;
તું તો દુર્મદમાં ઠાલો ડોલતો,
તું તો બોલ મોટા મોટા બોલતો. ૧૦

માથે પાઘડી વાંકી તું મુકતો,
તું તો પાનબિડાં ચાવી થુંકતો;
બેસી ચોકમાં ચોટલી ઓળતો,
તું તો અંગમાં અત્તર ચોળતો. ૧૧

તું તો રાખતો રેશમી ત્રાટવો,
ઘરમાં કડછી નહીં હતો ચાટવો;
એમ ગાય કન્યા તર્ફે જે હતી,
હવે ગાય છે જાનની જુવતી. ૧૨

પદ ૧૧૭ મું—દેશી ૩૧ મી.

લાડી તું તો ભોજાઇની હતી લુંડીજી,
લાડી તું તો દળતી દાણા ભરી કુંડીજી;
લાડી તારે તોય ખાવાની હતી ખામીજી,
લાડી તું તો પૂરણ સંકટ પામીજી. ૧
લાડી તું તો છાણાં વીણવા વન જાતીજી,

---

[1] મીંઢળ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાડી તું તો વનવનમાં અથડાતીજી;
લાડી તું તો ભાઈની ગુલામી કરતીજી,
લાડી તું તો ફાટયાં લુગડાં પેરી ફરતીજી. ૨

લાડી તેં તો બાળોતીયાં ન સુધાર્યાંજી,
લાડી તને ભોજાઇએ મેણાં માર્યાંજી;
લાડી તેં તો બેડું માથેથી કેમ ફોડયુંજી,
લાડી તારૂં ભાભીએ કામ વખોડયુંજી. ૩

લાડી તારા બાપે તને ન પરણાવીજી,
લાડી તારી માને દયા નવ આવીજી;
લાડી તારૂં ભાગ્ય ઉદે થયું જ્યારેજી,
લાડી તને સુનિથા માતા મળ્યાં ત્યારેજી. ૪

લાડી તારા કર્મની રેખા થઇ સામીજી,
લાડી તું તો નવરંગી વર પામીજી;
લાડી તેં તો ચુડો ચળકતો પેહેર્યોજી,
લાડી તારા તનનો ફરી ગયો ચેરોજી. ૫

લાડી તું તો કોડે જમી કંસારજી,
લાડી તારો સફળ થયો સંસારજી;
લાડી તને ભલો મળ્યો ભરથારજી,
લાડી તારા પુણ્યતણો નહિ પારજી. ૬

લાડી તું તો ડહાંપણદાર ગણાઇજી,
તારી હિંમત હવે વખણાઇજી;
લાડી તેં તો નવરંગી વર વશ કીધોજી,
લાડી તેં તો તેને વેચાતો કરી લીધોજી. ૭

લાડી તું તો થઇ બેઠી ઘરબારવાળીજી,
લાડી તું તો સાંહેબી પામી રૂપાળીજી;
લાડી તારે હાથે પગે હતો મેલજી,
લાડી તેં તો છેતરીઓ વર હેલજી. ૮

લાડી તેં તો ઉમર અમસ્તી ગુમાવીજી,
હવે તું તો માણસની ઓળમાં આવીજી;
લાડી તને ટાઢા ટુકડા ખાવા મળતાજી,
લાડી તને વેન રાજા મળ્યા વળતાજી. ૯

લાડી તું તો પરવશ પડી હતી કેવીજી,
લાડી તું તો હતી બંધીવાન જેવીજી;
લાડી તને સુનિથા માતાએ છોડાવીજી,
તેણે તારા પગની બેડી તોડાવીજી. ૧૦

લાડી તું તો ગણુતી કશીમાં ન ગણાતીજી,
લાડી તું તો લહાણુમાં આવી લેખાતીજી;
લાડી તને નવરંગી લડાવશે લાડજી,
પૂરો રાજા વેનનો માનજે પાડજી. ૧૧

એવી રીતે જાનરડીઓ ગાય ગીતજી,
વર કન્યા પરણી ઉઠયાં રૂડી રીતજી;
શામા સત્વળી બોલે છે વચન શોભીતાંજી,
આજ અમે ઇડરીયો ગઢ જીત્યાંજી. ૧૨

પદ ૨૨૮ મું—દેશી ૩૨ મી.

અમે ઇડરીયો ગઢ જીત્યાંરે, આનંદ ભલા;
વિતનાર વિતક સહુ વિત્યાંરે, આનંદ ભલા. ૧
ફતે ફતેની વાણી ફેલાઇરે, આનંદ ભલા;
કષ્ટ છુટયાં કમળાગૌરી બાઇરે, આનંદ ભલા. ૨
અમે લંકાનો કિલ્લો લીધો રે, આનંદ ભલા;
અમે દેશમાં ડંકો દીધો રે, આનંદ ભલા. ૩
અમે સાગરનાં નીર કળિયાં રે, આનંદ ભલા;
સામા શત્રુનાં કાળજાં બળિયાંરે, આનંદ ભલા. ૪
અમે મેરૂ ડુંગરને માપ્યોરે, આનંદ ભલા;
અમે જશનો પાયો થિર થાપ્યોરે, આનંદ ભલા. ૫
ભારે લશકરમાં ભેળ પાડી રે, આનંદ ભલા;
શેષ નાગની દાઢ ઉખાડી રે, આનંદ ભલા. ૬
અમે દુર્જનનાં મુખ દાટયાંરે, આનંદ ભલા;
હવે વેરીનાં હઇડાં ફાટયાં રે, આનંદ ભલા. ૭
આજ મનના મનોરથ ફળિયારે, આનંદ ભલા;
આજ ઇશ્વર અઢળક ઢળિયા રે, આનંદ ભલા. ૮
આજ મોતીડે મેહુલા વુઠયા રે, આનંદ ભલા;
આજ ત્રિભુવનનો ધણી તુઠયારે, આનંદ ભલા. ૯
આજ જય જયકાર જણાયો રે, આનંદ ભલા;
આજ ઉત્તમ દહાડો ગણાયો રે, આનંદ ભલા. ૧૦
હવે સર્વેના સંશય ટળિયા રે, આનંદ ભલા;
વેહેમી લોકના ટાંટિયા ગળીયારે, આનંદ ભલા. ૧૧
અમે જાણ્યું વેન રાજા જુઠા રે, આનંદ ભલા;
એતો અષ્ટ મંગળ કરી ઉઠયા રે, આનંદ ભલા. ૧૨

પદ ૨૨૯ મું—દેશી ૩૩ મી.

પરણી ઉઠયા પછી વરવહુ, ગોત્રજ પૂજે છે પ્રીતરે;
એકી બેકી રમ્યાં બે જણાં, લાડકી જીતીછે રીતરે. ૧
વૃધ્ધ જનોને ને વિપ્રોને, પ્રણામ નમી નમી કીધારે;
આશીરવાદ એઓતણા, લાયક ધારીને લીધારે. ૨
સુનિથા માતાને સ્નેહે નમ્યાં, આશિષ દીધી છે તેણેરે;
અખંડ સુહાગણુ તું થજે, વળી બહુ જશ જગમાં રેલેરે. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિપ્રોને આપીયાં વિધવિધે, દિલ ધરી દક્ષિણા દાનરે;
ગાનારીયોને તો ઘરચોળાં, બીજાને શ્રીફળ પાનરે. ૪
પછીં વર પોતાના મિત્રોને, ભાવથી ભેટીને મળીયારે;
જયજયકારના શબ્દ ત્યાં, વિશ્વ વિષે વ્યાપી વળીયારે. ૫
હરખની વાત હું શી કહું, આનંદ ઉભરાયો જ્યારે;
રૂડી ઘડી રળિયામણી, લાયક લેખે લખાયરે. ૬
જાણે મહા નવેનિધ મળી, વરવહુ હરખીયાં એવાંરે;
પુણ્ય પુરવનાં ઉદે થયાં, કોઈ સમે કીધેલાં કેવાંરે. ૭
એક બીજાનાં અંતર મળ્યાં, જેમ મળે ક્ષીરમાં નીરરે;
બંને પરસ્પર એમ કહે, તું મારા હઇઆનું હીરરે. ૮
પંચની સાક્ષીએ પરણીને, બંધાણાં બોલીને બોલરે;
વિશ્વપતિ વચ્ચે આણીને, કર ઝાલી કીધાછે કોલરે. ૯
વેદ વચન વિધિએ કરી, અગ્નિની દીધી છે આણરે;
તલભર નહિ તરછોડીએ, બાંધીયા પ્રાણથી પ્રાણરે.૧૦
સુખ દુખને ઘર સંપત્તિ, આપણી જાણીશું એકરે;
ઇશ્વર એમાં જમાન છે, છોડીએ જો કયારે છેકરે. ૧૧
આવરદાની અવધ સુધી, આપણે જાણવું આમરે;
જો પ્રતિજ્ઞા નહિ પાળીયે, નરકમાં નહિ મળે ઠામરે ૧૨
એમ નારી નરને નમી રહી, નર રહ્યો નારીને નમતોરે;
રાયે પછી રૂડી રીતથી, ગોરવ નોંતર્યો ગમતોરે. ૧૩

પદ ૧૨૦ મું—દેશી ૩૪ મી.

રાયે પછી રૂડી રીતથી, ગોરવ નોંતર્યોરે;
મળ્યા જમવાને વરના મિત્ર, ઠરાવ એવો ઠર્યોરે. ૧
દીવીઓ હારાદોર, દીવા અજવાળાયારે;
થાળ થાપવા કંચન થાળ, ત્યાં બાજોઠ ઢાળીયારે. ૨
ઢીંચણિયાં ઢગ મૂકીયાં, પંગતે પાટલારે;
જણ જમનારનાં ગણી નામ, જે આવિયા આટલારે.૩
પહેર્યા પીતાંબર અંગ, દુસાલા ઓઢીયારે;
બેસી પંગતમાં પકવાન, જમે સઉ જોડીયારે. ૪
લાડુ જલેબી મેંસૂબ, ખાજાં અને ખુરમાંરે;
પેંડા બરફી અને દુધપાક, ચોળેલાં ચૂરમાંરે. ૫
સતરફેણી ને સેવ, ગગન ને ગાંઠિયારે;
કરે જમતાં હાસ્ય કલોલ, લગારેક લાંઠિયારે. ૬
અળવી રતાળુનાં ભજીયાં, ભલાં ભાત ભાતનાંરે;
કર્યાં સ્વાદ ભરેલાં શાક, જુદી જુદી જાતનાંરે. ૭
કોળાં કારેલાં કકોડાં, વંતાક વઘારીયાંરે;
રચ્યાં રાઇતાં રૂડી રીત તે, સરસ સુધારીયાંરે. ૮
ચટણી અથાણાં અનેક, કર્યાં જુગતે કરીરે;
જાણે પાપડ પૂનમચંદ, કાચી ભલી કાચરીરે. ૯
સુખમાં રહેજ મિઠાશ, બિરંજ એવો બન્યોરે;
રૂડો ગોરવ ગાવા જોગ કે, નૈતમ નીપન્યોરે. ૧૦
લવિંગ સોપારી ઇલાઇચી, ને પડા પાનનારે;
એવો વળતી કરે મુખવાસ, જનો સઉ જાનનારે. ૧૧
ઉઠયાં જમીને એમ, બહુ તૃપતાં બણીરે;
કરી રાજાએ રૂડી રીત, પછી પહેરામણી. ૧૨

પદ ૧૨૧ મું—દેશી ૩૫ મી.

પછી જાનને પહેરામણી કીધીજીરે,
રાયેક્રોડગણી કીરતી લીધી, દીઠો દિલદરીયોજીરે.૧
વરને હેમ કડાં દીધાં હાથેજીરે,
મોટું મંદિલ બંધાવીયું માથે. દીઠો. ૨
મોંઘાં મણિમોતી માળા ધરાવીજીરે,
દીધાં કનકનાં સાંકળાં કરાવી. દીઠો. ૩
જામો જરકશીનો પહેરાવ્યોજીરે,
ઉપર શાલનો જોટો શોભાવ્યો. દીઠો. ૪
દીધા કન્યાને કનકના ભંડારજીરે,
હાથી ઘોડા ગાય ભેંશો અપાર. દીઠો. ૫
ઘણા રથ આપ્યા ઘુઘરિયાળાજીરે;
આપી પેટિયો પટરા રૂપાળા. દીઠો. ૬
દાસ દાસીયો દીધી દસ બારજીરે,
આપ્યા શોભિતા સરસ શણગાર. દીઠો. ૭
સર્વે જાનૈયાને દીધા સિરપાવજીરે,
બન્યો જોવા જેવો બેશ બનાવ. દીઠો. ૮
જાનરડીઓને જરિયાનની સાડીજીરે,
આપી આપીને આનંદ પમાડી. દીઠો. ૯
વળતી રહ્યા કુળ ગોર ગોરાણીજીરે,
એને આપ્યાં આભૂષણ આણી. દીઠો. ૧૦
સઉને કંકુના હાથા દીધાજીરે,
રંગ કેસરના છંટકાવ કીધા. દીઠો. ૧૧
રંગ છાંટીને રીઝયો રાયજીરે,
વળતા જાનને કીધી વિદાય. દીઠો. ૧૨

પદ ૧૨૨—દેશી ૩૬ મી.

કન્યા કમળાગોરી ચોંપે ચાલી સાસરેરે;
કહેસુનિથામાતાપુરૂજણીપ્યાર,મારીદિકરીડાહીદિકરીરે.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

દિકરી લાડે કોડે મેં તને લડાવી નહિરે;
દિકરી ચાલી તું તો રહીને દહાડા ચાર. મારી. ૧
દિકરી સ્વામીની સેવા તું કરજે સર્વદારે;
દિકરી પતીને તું ગણજે તારો પ્રાણ. મારી;
દિકરી પોતાનો તું ધર્મ પ્રીતે પાળજેરે;
દિકરી તેથી તારૂં કરશે હરિ કલ્યાણ. મારી. ૨
દિકરી જે જોઇએ તે જરૂર મંગાવજેરે;
દિકરી હવે કદી તું થઇશ નહીં હેરાન. મારી;
દિકરી તારાં આંસૂ તેતો મારૂં લોહી છેરે;
દિકરી તન મન ધન મેં કર્યા તને કુરબાન.મારી. ૩
દિકરી સ્વામીની આજ્ઞા લેઇ મળવા આવજેરે;
દિકરી વડીએ નહિ તો જઇશ નહીં પરઘેર. મારી;
દિકરી સર્વેનું બોલ્યું તું સાંખી રાખજેરે;
દિકરી કોઇના ઉપર કદી ન રાખીશ ઝેર. મારી. ૪
દિકરી કપટી લોકો બોલે ત્યાં નવ બેસીએરે;
દિકરી સુણતાં ઉપજે મનમાં મોટું શૂળ. મારી;
દિકરી સ્વામીનો તું સ્નેહ સદા વધારજેરે;
દિકરી તે છે તારા સર્વે સુખનું મૂળ. મારી. ૫
દિકરી સદગુણ લેવા શાસ્ત્ર સારાં શીખજેરે;
દિકરી આળસ છાંડી કરજે તું અભ્યાસ. મારી;
દિકરી દુષ્ટ જનોથી દૂરજ રહીંએ દેખીનેરે;
દિકરી વિષધરનો જેમ કરીયે નહિ વિશ્વાસ. મારી. ૬
દિકરી મંત્ર તંત્ર જંત્ર જૂઠા જાણજેરે;
દિકરી એ તો સર્વે ધુતારાના ઢંગ. મારી;
દિકરી ઇશ્વરનું ધારેલું એકજ નીપજેરે;
દિકરી ભ્રમણાથી તો થાય ધરમનો ભંગ. મારી. ૭
દિકરી દિલમાં દયા સૌની ઉપર આણીએરે;
દિકરી પર ઉપકારી કરીએ રૂડાં કામ. મારી;
દિકરી વડીલોની મરજાદા નવ મેલીએરે;
દિકરી લાજ તજી લડીએ નહિ કોઇ ઠામ. મારી. ૮
દિકરી ગંભીરતાનો ગુણ રૂદેમાં રાખીએરે;
દિકરી વહાલામાંહી કરીએ નહિ વિરોધ. મારી;
દિકરી સર્વેનું બોલ્યું નત્ર સચુ ખાનીએરે;
દિકરી અસત્ય સત્યનો સદાય કરીએ શોધ. મારી. ૯
દિકરી સંસારનાં સુખ છે સર્વે સંપમાંરે;
દિકરી કુસંપ તે તો કષ્ટતણા કોઠાર. મારી;
દિકરી ટુંકારો તો કદી ન કરીએ કોઇનેરે;
દિકરી અદબ તજીને કરીએ નહિ ઉચ્ચાર. મારી. ૧૦
દિકરી વસ્ત્ર ને વાસણ સ્વચ્છ રાખીએરે;
દિકરી સર્વ ચીજો જોઇને કરીએ સોજ. મારી;
દિકરી આનંદમાં અવસર સઘળો ગાળીએરે;
દિકરી રીસ કરી નવ રિસાઇએ કોઇ રોજ. મારી. ૧૧
એવી શિખામણ દઇને કમળાને સુનિયાએ રે;
ચુંબન લઇને ચાંપી સ્નેહે છાતી સાથ. મારી;
પડયાં પાંપણેથી આંસુ પૂરા પ્રેમનાં રે;
માએ દિકરી કેરે માથે મૂકયો હાથ. મારી. ૧૨

પદ ૧૨૩ મું—દેશી ૩૭ મી.

કુંદનપુર વિવા રચ્યો—એ રાગ.

વેને પછી મિઠા વચનથી, પરિપૂર્ણ જણાવ્યો પ્યાર;
બેહેન મેં સેવા બની નહીં, તારા લાયક કાંઇ લગાર. ૧
આશિષ દીધી દીલ ઉલટથી, ભાઇ ભોગવજે ભલુંરાજ;
મુજ સરખી મહા દુખણીઓનાં,કરજેઆવાં શુભકાજ.૨
વેને વચન વળી આપીયું, મનમાંહી સમજી મર્મ;
સંકટ ટાળીશ સર્વનાં, જાણી ધરણિપતિનો ધર્મ. ૩
દક્ષિણા ને વામા રાણીઓ, હેતે મળ્યાં ગ્રહીને હાથ;
સર્વ સાહેલીઓને મળી, બેઠી શુભ રથમાં વર સાથ.૪
નરપતિયે નવરંગીને, કહ્યાં ભાવ ભરેલાં કહેણ;
એ અવસરે અન્યો અન્યનાં, દીઠાં નેહે ભીંજેલાંનેણ.૫
પછી સીંચ્યાં રૂડી પેરથી, સાથે સેના સજી ચતુરંગ;
ગાજતે વાજતે પહોચાડીયાં, દેખી લોક થાય દિલદંગ. ૬
પ્રિયજનની સ્રીયેપેંખિયાં, પૂજ્યા ગણપતિ ગોત્રજ દેવ;
કાંકણ દોરા છોડીયા, તાજાં ભોજન જમ્યાં તતખેવ. ૭
આનંદમાં અહોનિશ રહે, ધર્મ કર્મ કરે ધરા નેમ;
સંસારનાં સુખ ભોગવે, જાણે ઇંદ્ર ઇંદ્રાણી જેમ. ૮
દિવસે દિવસે વધતો દિસે, નર નારીનો સંપ સ્નેહ;
કોટિ ગણી કાંતિ વધી, દીસે દિવ્ય બંનેના દેહ. ૯
કષ્ટના કુંડથી કાઢીને, મેલ્યાં સુખ સાગરમોઝાર;
કહો પછી એથી કિયો, મોટો પુણ્યનોકહીંએ પ્રકાર.૧૦
દયાળુનાં દેખી દિલ દર્યાં, કરે નિંદા તો નિર્દય લોક;
અણસમજુ અપ્રટિત કહે, તેનો કશો હરખ કે શોક. ૧૧
કવિતામાં કમળાગૌરીનો, વિવા વરણવી કીધો પ્રકાશ;
ગાય શિખે ને સાંભળે, તેનો વૈકુંઠમાંહીં નિવાસ. ૧૨
શુકજી કહે નૃપ સાંભળો, સ્નેહ અંતરે આણી અથાગ;
વરણન વેનચરિત્રનું ભાખ્યો તેનો આ દશમો ભાગ.૧૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાગ ૧૧ મો.

પદ ૧૨૪ મું—દેશી ૮ મી.

કમળા ગોરનો વિવાહ કીધો, સુનિયાએસારોજશ લીધો;
બળતીમનમાંહીંવાતવિચારી,બાળીબાળરંડાઓબિચારી.૧
દાઝતી હશે એવેજ દુઃખે, માટે સર્વેને નાખવી સુખે;
પણ અણસમજુ આડા થાય, એનો શો કરવો ઉપાય.૨
એવા ઉંડા વિચારમાં પેઠી, કપાળે કરધારીને બેઠી;
એટલામાં ઉરમાંહિ ઉમંગી, રાણીપાસ આવ્યોનવરંગી.૩
દિલગિરિનુંકારણ દિલજાણી,વિપ્ર બોલ્યોવિચારીને વાણી;
માતામાનોજો મારીસલાહ,સર્વે વિધવાઓ કરશે વિવાહ.૪
પ્રજા હજી એમ જાણેછે પંડે, વિધવા નરનારને રાય દંડે;
આતોરાયેવિવાહઆદરિયો, માટેમાફ ગુનો એનોકરિયો.૫
બીજી કોઇ કરે એવું કામ, ધરી ગર્ધવે ફેરવે ગામ;
તેથીવિધવા કોઇ નથીવરતી,રહે છે રાજાના દંડથીડરતી.૬
માટેઆપની મરજી પ્રમાણ, કરોજગત બધામાંહી જાણ;
વિધવા વરવાનીછે હવે છૂટી, નહિ કેદમાં ઘાલીયે કૂટી. ૭
લખી પત્ર ચોડો ઠામોઠામ, સદ્ય સિદ્ધ થશે ધાર્યું કામ;
સગા વહાલાની નવ રહેબીક, એવો દાઠ ઠરાવવોઠીક. ૮
વિધવાઓ પાડ માની લેશે, કઇક કુંવારા આશિષ દેશે;
એતોછે પરમારથ મોટો, ખોદી નાંખો જુનો ચાલખોટો.૯
બહુ સુખી થશે અબળા નાર, તેથી રાજી જગત કરતાર;
રાણીકહેઠીકરસ્તોબતાવ્યો,પછીતેનને પાસેબોલાવ્યો.૧૦
અતિ કરૂણા અંતર ઉપજાવી, સર્વ વાત કહી સમજાવી;
વિધવાનેસ્વતંત્રતા દેવી, કદી શિક્ષા ન કરવીજ એવી.૧૧
કરો જગતમાં જાહેરનામું, ત્યારે પૂરો હું સંતોષ પામું;
વેને માતનોમાન્યોવિચાર,જાહેરનામાંચોઢ્યાઠારોઠાર. ૧૨

પદ ૧૨૫ મું—દેશી ૨ જી.

વેને કર્યો નવો ધારો, વેને કર્યો નવો ધારો;
વિધવા દુખ હરનારો, વેને કર્યો નવો ધારો; ટેક.
આજ સુખી ઉત્તમ જાતિની, વિધવા નહીં વરાતી;
દ્વિજાતિ વિધવા લગ્ન કરે તો,તેને શિક્ષા થાતી. વેને. ૧
ખરવાહન કરી શેહેર ફેરવી, દેશપાર કરી દેતા;
કાન નાક કાપીને કાતો, મિલકત લુંટી લેતા. વેને. ૨
વિધવાના વરને પણ પકડી, બંધીખાને ધરતા;
તેથી પુરૂષો વિધવા સાથે, સ્નેહ કર્યાથી ડરતા. વેને. ૩
સગા મળી એવી વિધવાને, શસ્ત્રવડે સંહારે;
પુરપતિ તેને કશું ન પુછે, એછે રીત અત્યારે. વેને. ૪
આજ થકી એ ધારો તોડી, નવો કર્યો છે ધારો;
વિધવા લગ્ન કરે તેને હવે કોઇ નહીં કહેનારો.વેને. ૫
મરજી આવે તેને પરણી, ચૂડો પેહેરી લેશે;
બાપ તણા કે સસરાના ઘર સામું ઘરલઇ રહેશે.[1] વેને.૬
પણ તેને જો કોઇ હુંકારો, કરશે રાખી ખાર;
તો તેવી અબળાને કરશે, સહાયતા સરકાર. વેને. ૭
સોળ વરસની વયની અંદર, સ્ત્રી કાચી અકલ કહેવાય;
પીયરિયાંની સલાહવિના, પરણે તો પતિ દંડાય. વેને. ૮
એ ઉપરાંત ઉમરની વિધવા, સ્વતંત્ર સઉ કહેવાશે;
પણ પરજાતિ વિષે પરણેતો,પિયરતણા હક[2]જાશે.વેને.૯
નાત વિષે જમવા જાવાની, મેલી દેશે મરજી;
હરકત બીજી હશે કશી તો, આવી કરશે અરજી. વેને.૧૦
લગ્નક્રિયા કરીને પરણે તો, ધણી ધણિયાણી દાવો;
નહિતો વારસનામુ લખાવી, દફતરમાં નોંધાવો, વેને.૧૧
વણ પરણેલીને ધણી સાથે, થયો કદી વિખવાદ;
અન્ન વસ્ત્રની એ ધણી ઉપર, નહિચાલે ફરિયાદ.વેને.૧૨
વળી એવા ધણીની મિલકતનો, જો કોઇ વારસ જાણે;
તો રાખેલીનો તે ઉપર, લાગ કશો નહિ લાગે.વેને. ૧૩
માટે લગ્ન ક્રિયાથી કરજો, નહિ તો લેખ લખાવી;
વિધવાસર્વે આજથકી,આ રીત સમજજો આવી.વેને.૧૪

પદ ૧૨૬ મું—દેશી ૨૧ મી.

શુણજોકાયદોઆ- રકારી, છેસ્વતંત્રવિધવાનારી, શુ. ટેક.
પતિ પાસેથી પલ્લું લઇને, મુકજો રાજ ખજાને;
ખતલખીઆપીબ્યાજઆપશું, અમેએવીઅબળાને. શુ.૧
સધવા શીયળ તજશે તો, સ્વામીની સુણશું અરજી;
વિધવા પાળે[3] નવ પાળે તે, તેના મનની મરજી.શુ.૨
સગાં સંબંધી જો કશી શિક્ષા, વિધવા સ્ત્રીને કરશે;
તો સરકાર તરત તે જનને, બંધીખાને ધરશે. શુ. ૩
સાંજ સુધી ભુખી પણ રાખે, જો કોઇ એવે વાંકે;
જન શિક્ષા લાયક તે તેમાં, ભુલ નહીં નવટાંકે, શુ. ૪
ગર્ભપાત કરવા નહિ દઇએ, અમે એટલું કરશું;
ગર્ભ રહ્યાનો ગુનો ન ગણિયે, નહિ કહિએ તે નરસું. ૫

---

૧ હાલમાં એક ટોળકિયા ઓદીચની રાંડેલી દીકરી, પુનર્લગ્ન કરીને બાપના ઘર સામું ઘર લઇને રહી છે, અને સરકારે તેના બાપના જમોન લીધા છે કે અદેખાઇ કરવી નહીં.

૨ પણ હાલમાં એ હક જતા નથી. ૩ શીયળ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે કુળની લજ્જાનું રક્ષણ કરવા ઊરમાં આણે;
તે વિધવાનો વિવાહ ફરીથી, તરત કરે આ ટાણે. શુ.૬
ક્લેશરૂપી કળિજુગ જેના, ભીતરમાં ઝાઝા ભાસે;
તે વિધવાએ ફરી પરણવું, વચન લખ્યાં છે વ્યાસે.શુ.૭
જુવાનામાં જોઇતો વર જડશે, પરણીને સુખી થાશો;
નહિતો ઘડપણમાં પસ્તાશો, સંકટથી શોષાશો. શુ. ૮
એ રીતે સુનિથાને પુત્રે, પ્રસિદ્ધ સઘળે કીધું;
વિપ્રોને વસમું બહુ લાગ્યું, દિલમાં દુખડું લીધું. શુ. ૯
શાપ દીધો સુનિથાને જે, તું કળિજુગમાં અવતરજે;
એ અવસરમાં તું પછી આવો,નવો કાયદો કરજે. શુ.૧૦
ચકલે ચકલે જાહેરનામું, જ્યારે ચોડી દીધું;
ભામનિયોને ભણાવવી નહીં, કંઇકે એવું કીધું. શુ.૧૧

પદ ૧૨૭ મું—દેશી ૧ લી.

પ્રસિદ્ધ વાત થઇ પુરમાં, સુણી કઇ વિધવા હરખાણી;
પણ અબળા નારી શું કરે, બહુ બંધનમાં બંધાણી. ૧
અંતરમાં ઇચ્છા ઉપજે પણ, કહે જઇને કેને;
સગા સંબંધી જો જાણે તો, પ્રાણ તજાવે તેને. ૨
હિંમત નહિવળી ધનનહિ હાથે,અલ્પઅકલ ઓશિયાળી;
કસાઇના કબજાની ગાયો, રહે કસાઇને ભાળી. ૩
એથી કોઇ ઉઘાડી ન પડી, વર વરવાને કાજ;
ત્યારે રાજાએ તતબિરથી, અવ્વર કર્યો ઇલાજ. ૪
હજામડી માળણ ને દરજણ, ધોબણ ચુડગર નારી;
કુંભારણ સુયાણી આદિક, સ્ત્રીયો વિષે ફરનારી. ૫
ગુપ્ત રીતે એવી સાથે, અંતરગત ખબર રખાવી;
જેને વરવાની ઇચ્છા થઇ, તરત સમીપ તેડાવી. ૬
ચકલે ચકલે ચોકી મૂકી, કરે ન હરકત કોઇ;
ગુપ્ત રીતે વાંઢા વરની પણ, મરજી લીધી જોઇ. ૭
જેનાં મન મળતાં આવ્યાં, તે જોડાં જોડી દીધાં;
કઇકતણાં ભાંગેલાં ઘર તે, સઉ સાજાં કરી દીધાં. ૮
ન ગણી બાળી નગણી બુઢી, નગણી બાળકવાળી;
નાત[1] જાતનો નિયમ ન રાખ્યો, દીધો રંડાપો ટાળી. ૯
બ્રાહ્મણની રજપુતને આપી, રજપુતની બ્રાહ્મણને;
વૈશ્યતણી વિધવા પરણાવી ક્ષત્રી વિપ્ર વરણને. ૧૦
પરણાવાને વિપ્રો ન ગયા, તો નવી રીત ચલાવી;
શ્રી ગણપતિને પગે લગાડી, વર સાથે વોળાવી. ૧૧
રાજગુરૂની બાળરંડા લઇ, પરણાવી પર નાતે;
તેના કુળનારાજગોર દ્વિજ, થયા તે જૂદી જાતે. ૧૨
આજ સુધી એ નાત વિષે, તે ચાલ રહ્યો છે ચોખો;
વિધવાના વિવાહ કરે છે, ધરે ન તેનો ધોખો. ૧૩
રાજગુરૂની પદવી આપી, તેને પરંપરાની;
અસલ ગુરૂને અળગા કીધા, રીસ થઇ રાજાની. ૧૪

પદ ૧૨૮ મું—દેશી ૨ જી.

મનનો મમત જુઓ મોટો, મનનો મમત જુઓ મોટો;
ખરેખરો ખુબ ખોટો, મનનો.
પછી વિપ્રો પસ્તાયા પોતે, નાત તૂટવા લાગી;
લેખ જુના ફેરવવા લાગ્યા, આળસમાંથી જાગી.મનનો.૧
પુત્ર વિનાની ફરી પરણાવો, પુરપતિએ હઠ લીધો;
નિયોગ નામે ચાલ નઠારો, કબૂલ વિપ્રે કીધો. મનનો. ૨
જાર કર્મ દીયર સાથે કરી, વિધવા રાખે વંશ;
એમકીધે નહિથાય અમારા,સ્માર્ત ધરમનો ધ્વંસ.મનનો.૩
હઠીલા માણસ હઠ નવ મૂકે, સંકટ શિરપર લાવે;
જેમજગાત પડેલી તો, માલ બધો સળગાવે. મનનો. ૪
કઇ કે ધારો એમ લખ્યો જે, આ અવસરમાં થાય;
પણફરીથીવિધવાનાંલગનો, કળિજુગમાંનકરાય.મનનો.૫
જેમ જેમ હુકમ ન માન્યો વિપ્રે, રાજાને થયો રોષ;
વેદ ધરમપર વિવિધ પ્રકારે, દેવા લાગ્યો દોષ. મનનો. ૬
દ્વિજ ઉપરથી આસ્તા ઉઠી, નાસ્તિક નિપજ્યો રાય;
અંતરમાં અભિમાન થયુંજે,હુંજ કરૂં તેમ થાય. મનનો.૭
હોમ[1] હવનને બ્રાહ્મણ ભોજન, બંધ કર્યાં બળવંતે;
મહીપતિનેપછીમાઠું ઉપજ્યું,એમાંથી ફળ અંતે.મનનો.૮
વિપ્રોને બહુ વસમું લાગ્યું, ઝાઝું ઉપજ્યું ઝેર;
વસુધાપતિને વિપ્રો સાથે, વડું વસાયું વેર. મનનો. ૯
સઉ વિપ્રોએ સંપ કરીને, વળતી મંત્ર વિચાર્યો;
અતિ ક્રોધે હુંકાર કરીને, વેન નૃપતિને માર્યો.[2] મનનો.૧૦
સુનિથા શોકાતુર થઇને, રજની દિન રોવા લાગી;

---

૧ વર્णानां संकरश्चक्रे ॥ मनुः

૧ नयष्टव्यंनदातव्यं नहोतव्यंद्विजाः क्वचित्
इतिन्यवारयन् राजा भेरीघोषेणसर्वशः॥६॥

૨ इत्थं व्यवसिताहन्तु मृषयो रुढमत्यवः ॥
निजघ्नुहुंकृतैर्वेनं हतमच्युतनिंदया ॥ ३४ ॥

એ શ્લોકમાં એવું કહ્યું કે, તે વિષ્ણુની નિંદા કરતો તેથીજ માર્યો ગયો.

આજના લોકો હોય તો પ્રતિપક્ષી ઉપર અનેક જુઠાં તહોમત મૂકે; પણ ભાગવતમાં વેન ઉપર ચોરીનું વ્યભિચારનું, લાંચનું, ખુનનું, કે ગેરઇન્સાફ કર્યાનું ત-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દક્ષિણા વામા દિલગિર થઇને,છાતી નાંખે ભાગી. મનનો.૧૧
બહુ દિન સુધી શોક તજે નહિ, કુટે કરે કલ્પાંત;
નવરંગીએ સુનિયાને પછી, કહ્યું જઇને એકાંત. મનનો. ૧૨

પદ ૧૨૯ મું—દેશી ૯ મી.

માનત્રિયો મરનારને નવ રોશો રે,
રોયે લાભ નથી લવલેશ, ખાલી આંખ ખોશોરે;
ધીરજ મનમાંહી ધરજો, નવ;
હઇયું કૂટિને રોતાં હમેશ, ખાલી. ૧
નરનું ધાર્યું તો નથી થતું, નવ;
એક ધાર્યું ધણીનું થાય; ખાલી;
સત્વળું બને તેતો સાંખજો, નવ;
એનો એકે નથીરે ઉપાય, ખાલી. ૨
જન મળીઆં જથે જેટલાં, નવ;
નથી સાથે સઉ સોંડનાર, ખાલી;
એકે આવ્યાં ને એકે જવું. નવ,
નાનાં મોટાંનો નહિ નિરધાર, ખાલી. ૩
જનમ્યાં તે સઉ મરી જાયછે, નવ,
નથી એમાં કશીરે નવાઇ, ખાલી,
કાળજું બાળી ન ફૂટશો, નવ;
ભેળાં થઇને ન કરશો ભવાઇ, ખાલી. ૪
જ્યાં જ્યાં ગમે ત્યાં તમે જુઓ, નવ;
બહુ એવા બનાવ બનેલ, ખાલી;
પુત્ર મુઆ કઇક પરણીને, નવ;
ગુણવંતા ભણેલ ગણેલ, ખાલી. ૫
મેલી બાળક એક માસનું, નવ;
કઇક માતાઓ પામી છે મરણ, ખાલી;
તે જોઇ દુઃખ તમે તજો, નવ;
સ્મરો ઇશ્વર અશરણશરણ, ખાલી; ૬
રામ જેવા ગયા રાજવી, નવ;
ગઇ સીતા સમી સતી નાર, ખાલી;
કુંવર ગયા શ્રીકૃષ્ણના, નવ;
સ્થિર કોઇ ન ઠર્યું આ ઠાર. ખાલી. ૭
ઇંદ્રપુરીઓ ઉજડ થઇ, નવ;
પાકી પૃથ્વીઓ પામી વિનાશ, ખાલી;
અગણિત પેઢી ગઇ આપણી, નવ;
નથી આપણે રહેવાની આશ, ખાલી. ૮
કેને સંભારીએ કાળજે; નવ,
વળી કેની વિસારીએ વાત, ખાલી;
જન્મ મરણ નદી જળ સદા, નવ;
રહે ચાલતું દિવસ ને રાત. ખાલી. ૯
હીંમત ધરો હૈયા વિષે, નવ;
આપો બીજાને ધીરજ એમ; ખાલી;
રડતાં દેખીને બીજાં રૂએ, નવ;
માટે કરીએ એવું કદી કેમ. ખાલી. ૧૦
વીતી તે વાત વિસારજો, નવ,
નહિ તો પામશો પીડા પંડ, ખાલી;
રાખે હરિ તેમ તો રહો, નવ;
એમાં આનંદ પામો અખંડ, ખાલી. ૧૧
અજ્ઞાનીની પેઠે ઓરડી, નવ;
તજો રોવાતણી તુચ્છ ટેવ, ખાલી;
રામ કરે તે રૂડું ગણો; નવ,
ભજો દલપતરામનો દેવ. ખાલી. ૧૨

દોહરો.

સુનિયાને સમજાવીને, ગયો રાણીયો પાસ;
ત્યાં જઇને ઉપદેશનાં, કથનો કર્યાં પ્રકાશ. ૧

પદ ૧૩૦ મું—દેશી ૩૮ મી.

કુટી કુટીને કાયા દુખશેરે, થશે રગમાંહી રોગ;
દયા ન ઉપજે દૈવને, હાંરે શીદ રાખોછો શોગ.
સેજે થનારૂં તે થશે. ૧
સગાં સંબંધી સરવે મળીરે, શાને કરોછો સોર;
કાળની આગળ કોઇનું હાંરે જરી ચાલે ન જોર. સે. ૨
જનમ્યો તે દિવસથી જાણવીરે, માથે મરવાની લાહ્ય;
ઘડીએ વધે કે ઘટે નહિ, હાંરે કરે કોટી ઉપાય. સે.૩
મોટા મોટા એ મરી ગયા રે, ભીમ અર્જુન આદિ;
કોઇએ હમેશાં રહ્યાં નહિ,હાંરે એવી રીતિ અનાદિ. સે ૪

હોમત મુકયું નથી. યત્ન ધર્મ બંધ કર્યો માટે અધર્મી લખ્યો. અને એટલું લખ્યું કે, જ્યારે વેન બાળઅવસ્થામાં હતો ત્યારે શ્લોકઃ ॥ आक्रीडे क्रीडतो बालान् वयस्यानतिदारुणः॥ प्रसह्य निरनुक्रोशः पशुमारममारयत् ॥४१॥ રમતમાં રમતાં બરાબરીઆ છોકરાને જોરથી તે નિર્દય, જેમ પશુને માર મારે તેમ મારતો હતો. તેના રાજ્યમાં ચોરી થઇ શકતી નહોતી. અને તેના મુઆ પછી, પ્રજાને ચોર લોકોએ હેરાન કરી. એવી રીતે તેના રાજ્યના બંદોબસ્ત વિષે તો તારીફ લખી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નહાનાં મોટાંનું નકી નહિરે, મરે માસે ૭ માસ;
ગર્ભ ગળે છે ગોરીતણા, હાંરે કોઇ વર્ષે વિનાશ. સે. ૫
નથી એ વાત નવાઇરે, રાજની છે એ રીત;
તેથી શોકાતુર શું થવું, હાંરે તેણે નિખોછો નિત્ય. સે. ૬
જુઓ કોઇ જાતના જીવડારે, જીવે એકજ જામ;[1]
એવાજ છૈએ આપણે, હાંરે તુલ્ય પ્રાણી તમામ. સે. ૭
વિચાર આપ્યો વિશેષછે રે, જેણે માણસ જાત;
રહેવું તેની ઇચ્છાઉપર, હાંરે વધતી કરવી ન વાત. સે. ૮
કર્ત્તારને ગમે તે કરેરે, તેમાં રાખે જે રીસ;
શત્રુ તે સર્જનહારનો, હાંરે એને કોપેછે ઇશ. સે. ૯
પડે ખરીને જેમ પાંદડાંરે, નવાં આવે નિદાન;
તેમ આલોકો તમામછે,હાંરે એનું કર્યું અભિમાન.સે.૧૦
લાખો કરોડો વર્ષ વહી ગયાંરે, ચાલ્યો આવેછે ચાલ,
બહુ ઉપન્યાને બહુ ખપ્યા, હાંરે એવો ખોટોછે ખ્યાલ. સે.
ખોટામાંથી ખરૂં ખોળજોરે, જનો કરીને જતન;
દલપતરામના દેવનું, હાંરે કરજો ભજન. સે. ૧૨

દોહરા.

એમ શિખામણ દઇ ગયો, નવરંગી નિજ ઘેર;
વેનતણા દરબારની પછીથી શી થઇ પેર. ૧
જે વિપ્રોએ વેનને, દીધું મૃત્યુ દાન;
વેન અંગનાને વળી, ઉપજાવ્યાં સંતાન. ૨.

પદ ૧૩૧ મું—દેશી ૮ મી.

[2]વામ અંગનો સુત ઉપજાવ્યો, તેનું નામ નિષાદ ઠરાવ્યો;
[3]વળી અર્ચિએનામે સુતાજ, દક્ષિણાંગનો સુત પૃથુરાજ. ૧
ગાદી વારસ કુંવર નિષાદ, મોટી વયનો થયો ત્યારબાદ;
તેણે જાણ્યું વેન વૃત્તાંત, રાખ્યો વેનનો મનમાં મતાંત. ૨
ધાર્યું બાપનું વાળવા વેર, ઝાઝું વિપ્રો ઉપર ધર્યું ઝેર;
વેદ ધર્મમાં વૃત્તિ ન રાખે, ભાવા મુખથી ભયંકર ભાખે.૩

કહે ટિલવું જો મારીએ એક, જમે પાછળ ટિલવાં અનેક;
મળે આપણને પુણ્ય એમાં,શેનું પાપ કહો ભાઇ તેમાં. ૪
અભિષેક થયાથકી પહેલો, વિપ્રે જાણ્યું જે મનનો છે મેલો;
પૃથુરાજ મળ્યો વિપ્ર સંગે, અવનીશ થવાને ઉમંગે. ૫
સમજાવ્યા બધા સરદારો, મોટી મેળવી ફોજ હજારો;
તાકયા એકદમ કરવા તગારો, જાણી વાત નાઠો રાયજાદો. ૬
પહાડી લોક વિષે જઇ પેઠો, બહુ ફોજ જમાવીને બેઠો;
પૃથુરાજસાથે જુદ્ધ કરવા, આવ્યો ધરણીપતિપણું ધરવા. ૭
સજી સેના પછી પૃથુરાજે, નીકળ્યો જુદ્ધ કરવાને કાજે;
બંને તરફથી ગઇ ત્યાં ચઢાઇ, લખવા જેવી કીધી લડાઇ, ૮
જુદ્ધમાંહીં મહારથી મળીઆ, કોઇથી નવ જાય તે કળીઆ;
સજ્યાં બખતર પાખર ટોપ, કરે એક બીજાપર કોપ. ૯
અસ્ત્ર શસ્ત્ર અનેક પ્રકાર, હાથી ઘોડાંતણી ઘણી હાર;
તીર રસનાં વાગે રણતૂર, શુરી શૂરાને ઉપજે શૂર. ૧૦
મહા નોબતના પડે ડંકા, સુણો મરડે વડા વીર વંકા;
હરખે અંતરમાં આણીગર્વ, જાણે પામ્યા ઉજાણીનુંપર્વ. ૧૧
કઇકઅસ્વાર ને કઇકપાળા, ધરે પગ ત્યાંતો ધમકે રસાળા;
પૃથુરાજે ધર્યું શિર છત્ર, ફોજ ફેલાઇ ગઇ સરવત્ર. ૧૨

પદ ૧૩૨ મું—દેશી ૨૫ મી

રાગ સીંધુડો.

યુદ્ધનાં પકડી આયુધ ને યોદ્ધા મળ્યા,
ક્ષત્રિય રણક્ષેત્રમાં રાણીજાયા,
પુત્ર પ્રમદાતણો પ્યાર મૂકી પડયો,
કીધી લડવાને ફુરમાન કાયા. ટેક.
કઇક તો પરણીને તરત ઉઠયા હતા,
મીંઢળો હાથથી પણ ન છોડયાં;
કેસરી રંગ રંગિત વાઘા કરી,
જુદ્ધમાં પ્રીતથી ચિત્ત જોડયાં. યુ. ૧
પાછું વાળીને કોઇ પુંઠ પેખે નહિ,
મારરે માર મુખ બોલ બોલે;
મરણનો ભય તજી ચરણ સામા ધરે;
જીવવું તે ગણે તરણ તોલે. યુ. ૨
બાણનો બહુ વરસાદ વરસે તહાં,
શરીર શૂરવીરને તીર વાગે;
ભાન તનનું નથી ધ્યાન છે યુદ્ધનું,
લોહિયાળાય લડવાજ લાગે. યુ. ૩
એક જો હાથ ભેદાઇ હેઠો પડે,
એક હાથેજ આયુધ ધારે;

૧ પહોર.
૨ વિનિશ્ચિત્યૈવમૃષયো, વিपन्नस्यमहीपतेः ॥
मंमंथुरुरुतरसात्त्रासीदबाहुकोनरः ॥४२॥
निषिदेत्युद्रवनताते, सनिषादस्ततोऽभवत् ॥
૩ यमंगरोपुः कुपिता, वाग्वज्रामुनयः किल ॥
गतासोस्तस्वभूयस्ते मंमंथुर्दक्षिणंकरं ॥१९॥
अयंतुप्रथमोराज्ञां पुमान्प्रथयितायशः ॥
पृथुर्नाममहाराजोभविष्यतिपृथुश्रवाः ॥ ४॥
इयंचसुदतीदेवी गुणभूषणभूषणा ॥
अर्चिर्नामवरारोहा, पृथुमेवावरुंधती ॥ २॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધન્ય છે ધન્ય છે ધર્મ ક્ષત્રિયનો,
અમર આકાશે એવું ઉચારે. યુ. ૪

કઇક હેદા પડયા તરફડે પૃથ્વી પર,
કઇક ધડ શિશ જૂદાં પડેલાં;
કઇકનાં આંત્ર લઇ ગીધ ગગને ચડે,
કઇકનાં ચક્ષુ ઊંચાં ચડેલાં. યુ. ૫

દેખી દારૂણુ રણ રણકાયરો ડરી મરે,
ઉપજે શૂરને હરખ અંગે;
સાચને જૂઠનું થાય છે પારખું,
એમ મનમાં ગણીને ઉમંગે. યુ. ૬

પાછું પગલું ભરી પ્રાણુ જે પરહરે,
નરકમાં જાય થઇને નિરાશી;
શત્રુ સન્મુખ રહી શરીરને જે તજે,
તરત તે થાય વૈમાન વાસી. યુ. ૭

હાથી ઘોડા ઘણા ત્યાં પડયા તરફડે,
ભડકીને કઇક તો જાય ભાગ્યા;
રથ ઘણા રખડતા ભાગી ભૂકો થયા,
લોહીના ખાડા ભરપુર લાગ્યા. યુ. ૮

છત્રના ખંડ થઇ દંડ જૂદા પડયા,
છત્રપતિ કઇક પડિયાજ છૂટા;
ચામરો કઇક ચુંથાઇ ચુંથા થયા,
કનક છડીના થયા કઇક ફૂટા. યુ. ૯

અસ્ત્ર ને શસ્ત્રના કઇક કકડા પડયા,
કઇક આખાંજ રણમાં રખડતાં;
સિંધુડા રાગ ત્યાં ગાય છે ગાયકો,
સાંભળી શૂરને શૌર્ય ચડતાં. યુ. ૧૦

બંદિજન વંશની બોલે બિરદાવળી,
શૂર સાબાશ સાબાશ કહીને;
ક્ષત્રીના પુત્રને ખેલ આ ખેલવો,
રણુ વિષે અચળ ઉભાજ રહીને. યુ. ૧૧

લાખ લશકર વિષે એકલા જઇને અડે,
તોય હઇઆથી નહિ હામ છૂટે;
અવતર્યો તેહને મરવું તો અવશ છે,
એમ ગણી લાખગણી કીર્તિ લૂંટે. યુ. ૧૨

પદ ૧૩૩ મું—દેશી ૧ લી.

એમ અનેક મુઆ શુરવીરો, નિષાદ અંતે નાઠો;
રાજય મળ્યું નહિ તેથી તેનો, અવસર આવ્યો માઠો, ૧

[1]પર્વતમાં જઇ વસિયો પોતે, બારવટાં બહુ કરતો;
લૂટે ચોરે ખાતર પાડે, રાત દિવસ રહે ફરતો. ૨

પૃથુ રાજને પછી વિપ્રોએ, કીધો પટાભિષેક;
સૌ રૈઅતની મરજી રાખી, પૃથુએ કરી વિવેક ૩

અતિ આગ્રહથી એક કારજ, કદી ન એણે કીધું;
સ્વેચ્છાથી સંસાર વિષે, થાતું તે થાવા દીધું. ૪

જંગલમાં જન જયાં ત્યાં રહેતાં, ભમતા મનમાં ભાવ્યાં.
નિષાદના ડરથી પૃથુરાજે, પુર ને ગામ વસાવ્યાં. ૫

પૃથુ રાજાને લાયક પત્ની, કુળવાળી રૂપાળી;
શોધી પણ સંસાર વિષે કયાંઇ, ભૂમિમાં નવ ભાળી. ૬

અર્ચી લાયક વર અવનીમાં, એ પણ ન મળ્યો એવો;
વિપ્રોએ મળી એમ વિચાર્યું, કરવો ઉપાય કેવો. ૭

અર્ચીને પૃથુ રાજા સાથે, વિપ્રોએ પરણાવી;
તું [3]લક્ષ્મી ને તે વિષ્ણુ છે, એમ કહી સમજાવી. ૮

કળિજુગ કરતાં કૃતજુગ કેરા, કહો ધરમ એ કેવા;
જીભ ન ઉપડે જે કેહેતાં, સંતાડી મૂકયા જેવા. ૯

ક્ષિતિપતિએ ખેતર વાવેતર, સર્વ વિધે સુધરાવ્યાં;
ધેનુ કરી ધરણીને દોહી, અન્ન અધિક ઉપજાવ્યાં. ૧૦

રાજગોર ને સારસ્વત, મહુદેશી, તપોધન, વ્યાસ;
ઇત્યાદિક વિપ્રોમાં રહિયો, પુનર્વિવાહ પ્રકાશ. ૧૧

કઇકે નિયોગનો મત રાખ્યો, પુનર્લગ્ન નવ કીધું;
સૌસૌની સ્વેચ્છા અનુસારે, પૃથુએ થાવા દીધું. ૧૨

ભાગ ૧૨ મો.

પદ ૧૩૪ મું—દેશી ૩ જી.

નૃપતિ પડયાપછીનવરંગીએ, સાધારણુ સ્થિતિરાખીજી;
લોક અદેખા દેખી ખમે નહિ, વિભૂતિ વેચી નાખીજી.૧

દાસીઓ દાસ વિદાય કર્યા અને દંપતી ઘરમાં દીસેજી;
મનમાન્યાં ખાનપાન કરેપણ, છત નજણાવેઅતિશેજી.૨

અગ્નિહોત્ર હોમે અહોનિશ વળી, શિવ પૂજા કરે સ્નેહેજી;
શ્રાદ્ધ કરી પૂર્વજ સંતોખે, રૂદ્રાક્ષ રાખે દેહેજી. ૩

---

१ तस्यवंशास्तुनिषादा गिरिकाननगोचराः
येनाहरज्ञावमानो, वेनकल्मषमुल्नणं ॥४६॥

२ सोभिषिक्तोमहाराजः, सुवासासाध्वलंकृतः ॥
पत्न्याऽर्चिषाऽलंकृतया.विरेजेऽग्निरिवापर ॥

३ पषविष्णोभगवत, कलाभुवनपालिनी ॥
इयंचलक्ष्याःसंभतिः पुरूषस्यानपायिनी ॥३॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સજ્જનની નિત્ય સોબત રાખે,વેદ ભણે નેભણાવેજી;
અંતરમાં અતિ લોભનરાખે, જરાએ નગર્વ જણાવેજી.૪
કમળા પણ નિત્ય અભ્યાગતને, આપે અન્નનું દાનજી;
પતિવ્રતા વ્રત કોણ પાળશે, સંસારમાં તે સમાનજી. ૫
દિવસ દિવસ પ્રતિ વધતો પરસ્પર, દંપતિસ્નેહદેખાડેજી;
કોઇ કોઇને કડવાં કથનો કહીં, દૂભ્યાં નહીં કોઇદહાડેજી.૬
એક બીજા પર મોહિત થઇને, અમૃત દૃષ્ટિએ દેખેજી;
ચાર આંખોએકઠીકરી બેસે ત્યાં લાખોમળ્યાધનલેખેજી.૭
હાસ્ય વિનોદ કરે હર ઘડીએ, કૌતકમાં દિન કાઢેજી;
પત્નિપતિ પરિપૂરણ પામ્યાં, આનંદ અંતર ટાઢેજી. ૮
હે પ્રિયા હે પ્રિયા કહીનેબોલાવેને,આલિંગનકરેઅંગેજી;
કોક કળામાંહીં કસર ન રાખે, રાચે પરસ્પર રંગેજી. ૯
વેન છતાં જ્યારે સીમંત આવ્યું, ઉત્તમ ઉત્સવકીધોજી;
મહીપતિએભલુંકીધુંમોસાળુંમાલ અમૂલિકદીધોજી. ૧૦
બબે વરસ પ્રતિ બાળક જનમ્યું, વંશ થયોવિસ્તારજી;
ભાગ્યભલાં કમળાનાં વખાણે, નગરીતણાંનરનારજી.૧૧
કમળાએ પુત્ર પાંચ પ્રસવિયા તે પુત્રી પ્રસવી એકજી;
અતિ આનંદે ઉછેરિયાં અને લાડ લડાવ્યાં અનેકજી.૧૨

દોહરો.

આળસ ઊંઘ ઉદાસમાં, મૂરખની ઘડી જાય;
ઉદ્યમ ને આનંદમાં, રહે સુજાણ સદાય. ૧

પદ ૧૩૫ મું—દેશી ૨૪ મી.

જે જે ઘડીયો સુજાણની જાય, રૂડી રળીઆમણી;
દિન દિન દિલમાં દેખાય સદાય, વિવાની વધામણી. ટેક
હઇડું હરખ ભર્યું ભાળિયેરે, હસતુંજ મોઢું હમેશ;
પરગટ આંખ રૂપાળિયે, વરસે અમૃતવૃષ્ટિ વિશેષ.રૂડી. ૧
કડવુંકથન કોઇ જો કહેરે, લેશ ન રાખે રીસ;
હસી ટાળીને ખુશી રહેરે, દેખે હરખ ભરીદેશેદીશ.રૂડી.૨
ભણે ભણાવે ભાવથીરે, ગમતથી ગાય ગાન;
ચિત્ર રચે રૂડાં રચાવથીરે,કોતો કવિતાકહેશુણેકાન.રૂડી.૩
કોટિક જન સુખ કારણે રે, આણીને ઉરમાં ઉમંગ;
ધંધો ધરે રહી ધારણેરે,એનેઅંગ ચપળતાઅભંગ.રૂડી.૪
સદગુણના શણગારથી રે, બણી ઠણી રહે બેશ;
વસ્ત્ર ધરે સુવિચારથીરે, હઈએ દીવાળી હમેશ. રૂડી.૫
ઝળમળ ઘર સ્વચ્છ ઝળઝળેરે, ફોરે સુગંધી ફુલ;
તરિયાતોરણદીસેરોડલેરે,આગળઆંગણેશોભાઅમુલ્ય.રૂડી.
લેખે લાખેણા દિન લગ્નનારે, વાજીંત્ર વાદ્ય વિચિત્ર;
શબ્દ ન શણે અપશુકનનારે,પઠેપ્રભુગુણપોથીપવિત્ર.રૂડી.૭

જગતપતિ ઇચ્છાએ જે જડે રે, પોતે ગણે પકવાન;
સૌજન સ્નેહસરસવડેરે, જમેજુગતી થકીજેમજન.રૂડી.૮
આપે ઓપે મુખ ઉજળેરે, સ્વપને ગમે નહિ શોક;
સાજન જેમ સજ્જનમળેરે. રચેલાયક મંડળી લોક. રૂડી.૯
સંપની શોભે સંપતિરે, જુગતી જોવા જન જાય;
સાકરસરખીસરસ્વતીરે,જાણ્યુ એક વિવેક વેહેંચાય.રૂ. ૧૦
કંજુસપણું કદી નવ કરેરે, ફોગટ રાખે ન ફુલ;
વિચારીનેધનવાવરેરે,તેતો પોતાની આવક તુલ્ય. રૂડી.૧૧
સાહેબી સંતોષની લહેરે, દિલ દરિયાવ દેખાય;
કવિ દલપત કવિતા કહેરે,સિરપાવમાં પ્રીતિપમાય.રૂ.૧૨

દોહરો.

પાંચે પ્યારા પુત્રને, ભણાવિયા ભલિભાત;
કન્યાશાળાના ગુરૂ, વળતી બોલ્યા વાત. ૧

પદ ૧૩૬ મું—દેશી ૩૯ મી.

નાંનકડીને મોકલોને નિશાળે,
વિદ્યાથી થશે બુદ્ધિ વિશાળે. નાંનકડીને. ટેક.
બાળપણથી નિશાળે જો બેસે,
પૂરા પંડમાં સદગુણ પેસે. નાંનકડીને. ૧
ભોળી મા મેલે છોકરાં ભમતાં,
લડે ને રડે રસ્તામાં રમતાં. નાંનકડીને. ૨
કોંતો કઇકની જઇ કરે આળો,
કોંતો ગાવા શિખે ભુંડો ગાળો. નાંનકડીને. ૩
જાય ફેલથી લૂગડાં ફાટી,
મેલાં ઘેલાં ફરે ચુંથે માટી. નાંનકડીને. ૪
કઇક ઘરમાં રમે તો કદાપી,
તાત માતને મેલે સંતાપી. નાંનકડીને. ૫
મળે નહિ તે ચીજો મોઢે માગે,
લઈને હઠ પછી રડવાને લાગે. નાંનકડીને. ૬
ખોટા હઠ નથી દેખી ખમાતા,
તેથી માર મારે તેની માતા. નાંનકડીને. ૭
ભણશે ભણતર જો ભલી ભાતે;
શાણી સારી સાહેલી સંઘાતે. નાંનકડીને. ૮
શિખે શુભ શિખામણ સારી;
ચોપે ચિતમાં જુએ વિચારી. નાંનકડીને. ૯
દિસે ભણી ગણી ડહાપણ વાળી;
સદાચરણથી ચાલે સંભાળી. નાંનકડીને. ૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચિતે ચેતી લેશે ચતુરાઇ,
ઠગી નહિ શકે ઠગની ઠગાઇ. નાનકડીને. ૧૧
ગણી લક્ષ લેશે સારી ગમના;
ભૂત પ્રેતની ભાગશે ભ્રમણા. નાનકડીને. ૧૨
ધર્મ કર્મ કરે મન ધારી,
સારાં શાસ્ત્ર શિખે સુખકારી. નાનકડીને. ૧૩
સાચું સ્વર્ગનું સાધન શોધે,
બીજી બેહેનપણીને પ્રબોધે. નાનકડીને. ૧૪
જેથી જગતમાં શુભ જશ જામે,
પુરા પ્રેમથી પ્રભુપદ પામે. નાનકડીને. ૧૫
માત તાતને મન થાય ગમતી,
ભુંડી ભાતે ભમે નહિ ભમતી. નાનકડીને. ૧૬
આચરણ એવાં ઉત્તમ આવે,
શાણી થઇને સાસરિયું શોભાવે. નાનકડીને. ૧૭
હેતે હળી મળીને રહે હરખી,
શોભે સતી સીતાના સરખી. નાનકડીને. ૧૮
તાત માતની કીરતીને તાજી,
સારા સંસારમાં રાખે સાજી. નાનકડીને. ૧૯
એતો આદરો વચન અમારૂં,
તે તો અંતે છે હેતુ તમારૂં. નાનકડીને. ૨૦
સારા શિક્ષક સૌને સુધારે,
વારે વારે વિવેક વધારે. નાનકડીને. ૨૧
એને આજથી આગના આપો,
સ્થિરતાથી નિશાળમાં સ્થાપો. નાનકડીને. ૨૨
પુત્રી હોય પોતાને જો પ્યારી,
સારૂં શીખવીને કરો સારી. નાનકડીને. ૨૩
કથ્યાં કથન સ્વદેશીને કામે;
રૂડી રીતથી દલપતરામે. નાનકડીને. ૨૪

દોહરો.

પુત્રી ભણવા પાઠવી, પછી કમળાએ સખી સાથ;
નિશાળ નિરખી આવીને, કહે કંથને ગાથ. ૧

પદ ૧૩૭ મું.—દેશી ૪૦ મી.

અમે આજ ગયાંતાંરે, નિરખવા નિશાળે;
તે જુગતી જોતાં રે, તરત ચિંતા ટાળે. ૧
બાળકિયો બેઠી રે, ભલી વિધ ભણતી છે;
કોઇ બીજગણિતનાં રે, ગણિત તો ગણતી છે. ૨
કોઇ નિર્મળ નીતિરે, વિવેક વાંચે છે;
પ્રકરણ તો જેમાંરે, પૂરાં પાંચે છે. ૩
કોઇ લેખણ લઇનેરે, લખવા બેઠીછે;
કોઇ ઉંડે વિચારેરે, પૂરી પેઠી છે. ૪
કોઇ ગરબી ગીતોરે, હરિગુણ ગાતીછે;
કોઇ શિક્ષક પાસેરે, સમજવા જાતીછે. ૫
કોઇ ચતુરપણાથીરે, ચિતર ચિતરતી છે;
કોઇ તો ભલી ભાતેરે, ભરત શુભ ભરતીછે. ૬
કોઇ પ્રશ્નો પૂછેરે, પરસ્પર પ્રીતેથી;
કોઇ કવિતા કરતીરે, રૂડી રસ રીતેથી; ૭
કોઇ ખગોળ ગોળારે, નજરે નિરખે છે;
સઘળી વિધ સમજીરે, હઇડે હરખે છે. ૮
કોઈ ખગોળ શિખેરે, ખરેખરી ખાંતેથી;
કોઇ નકશો નિરખેરે, નચિંત નિરાંતેથી ૯
કોઇ વાતો વાંચેરે, જુગ્તિ બહુ જેમાં છે;
કોઇ પાઠ પઢેછેરે, તવારિખ તેમાં છે. ૧૦
કોઇ કળા કુશળતારે, શિખેછે સજ્જ થઇને;
કોઇ પ્રયોગ બનતારે, જુએછે ત્યાં જઇને. ૧૧
કોઇ તો ગ્રાંમાંતરરે, કે મનથી માપે છે;
કોઇ પુરૂં ભણીનેરે, પરીક્ષા આપે છે. ૧૨
કોઇ ભણી ગણીનેરે, બીજીને ભણાવે છે;
કોઇ વાદ કરીનેરે, વિચાર જણાવે છે. ૧૩
કોઇ ચંચળ ચતુરારે કે, નાજુક નાની છે;
કોઇ તો વિદ્યાનીરે, અધિક અભિમાની છે. ૧૪
કોઇ સદગુણ વાળીરે કે, સમજુ સારી છે;
કોઇ પુત્ર બરાબરરે, પિતાને પ્યારી છે. ૧૫
કોઇ લાયક ગુણનીરે કે, લક્ષણવંતી છે;
કોઇના તન ઉપરરે, કે વસ્ત્ર વસંતી છે. ૧૬
કોઇ સારા ઘરનીરે કે રંગે રૂડી છે;
કોઇના કરમાંહીરે, ચળકતી ચુડી છે. ૧૭
કોઇ દિલની ડાહીરે, ભલીજ ભણેલી છે;
કોઇ લાડકવાઇરે કે, કોઇ અલબેલી છે. ૧૮
કોઇ મીઠા બોલીરે, ઉમ્મરમાં મોટી છે;
કોઇને વળી કાનેરે, અમૂલ્ય અકોટી છે. ૧૯
કોઇ કેળ સરીખીરે કે, કોમળ વચનીછે;
કોઇ તો મૃગ સરખીરે કે, નિર્મળ નયની છે. ૨૦
કોઇ કેશ સમારીરે કે વેણી ગુંથી છે;
કોઇ તો સમજેછેરે કે શોભા શુંથીછે. ૨૧
દીકરીઓ જાણેરે કે, છે સૌ દેવ તણી;
ઉપમા શી આપુંરે, ધટિત એથી ઘણી. ૨૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જગદેવ દયાથીરે કે, એવી દીકરીઓ;
ધન્ય જનનીરે કે, ઉદરે અવતરીયો. ૨૩
જેના જશ જગમાંરે, વિવિધ વખણાયાછે;
ગુણ દલપતરામેરે, ગણી ગણી ગાયા છે. ૨૪

દોહરો.

વળતી તે નવરંગીએ, વિચારીને ઉર વાત;
પોતા સરખાં શોધીને, નોંખી બાંધી નાત. ૧

પદ ૧૩૮ મું—દેશી ૧ લી.

પોતાના સરખાંની સાથે, નોંખી બાંધી નાત;
મનમાન્યું પૂરૂં સુખ પામ્યાં, કસર નહીં કોઇવાત. ૧
ઇશ્વર કોઇનું અડયું ન રાખે, સૌના પુરે કોડ;
કમળાના સુતને કન્યા મળી, જડતે જડતી જોડ. ૨
પાદર વણઝારાનું ઘી સોંઘું લેવાને માટે;
એક એક ગાડવો ઉપાડી, વળિયાં પાછાં વાટે. ૩
કમળાનો પગ ખાડામાં, ખસતાં આવ્યું અડબડીયું;
કુટયો ગાડવોને ઘૃત સઘળું, પૃથ્વી ઉપર પડીયું. ૪
ખમા ખમા કહીને ખંખેર્યું, રજે ભરાયું ચીર;
કહે વાલી તુજને કાંઇ વાગ્યું, પુછે નણંદનો વીર. ૫
ઘી ઢળીયું તો ભલા ગઇ, તુજ અંગતણો એ મેલ;
તુજને વાગ્યું નહીં હોય તો, નથી નુકશાન થયેલ. ૬
કહે તો ભાડે ગાડી લાવું, જો ન શકે તું ચાલી;
તુજ કરતાં પૈસા નથી વહાલા, તું પૈસાથી વહાલી. ૭
અરે પ્રિયા જે રળવું ખપવું, વિચરી વાટે ઘાટે;
તે પોતાની સ્ત્રીને માટે, કે છૈયાંને માટે. ૮
એમ કહી ઉમળકાથી, આલિંગન સ્ત્રીને લીધું;
છાતી સાથ દબાવીને વળી, કપોળ ચુંબન કીધું. ૯
સ્મરણ થયું એટું ફૂટયાનું, એના એ આ ખાડા;
અરે પ્રભુ એવા પણ મારે, હતા દુઃખના દહાડા. ૧૦
ભાઇ મને માગ્યો નવ દેતા, પૈસો ખાવા બોર;
પિઉ પાસે પૈસા માગું ત્યાં, મુજને આપે મહોર. ૧૧
નૃપનો વૈકુંઠે વાસ થજો જે, મુજને ફરી પરણાવી,
કસાઇવાડામાંથી મુજને, કૃપા કરી છોડાવી. ૧૨

પદ ૧૩૯ મું—દેશી ૩ જી.

પુત્ર પછી પરણવા માંડયો, કમળાએ બહુ કોડેજી;
સુતને શુભ રીતે શણગારી, બેસાર્યો વરઘોડેજી. ૧
સરસ કસુંબલ સાડી ઓઢી, મોડ મસ્તકે ઘાલીજી;
કરમાં રામણદીવો લઇને, મંગળ ગાતી ચાલીજી. ૨
વિપ્ર તણી વિધવાઓ બીજી, બળી મૂઇ ઇર્ષાએજી;
અળગી રહી આંગળિયો ચીંધે, કરી નજર કમળાએજી. ૩
કમળા ત્યાં મનમાંહી કહેછે, ઝખમારો શંખણિયોજી;
દુઃખ વેઠી દહાડા કાઢેલો, વળી રહી વાંઝણિયોજી. ૪
મારે તો આજ ધન્ય ઘડી, સોનાના સૂરજ ઉગ્યાજી;
પુત્ર હરખથી પરણાવું, પરિપૂર્ણ મનોરથ પુગ્યાજી. ૫
રાંડો તમે રંડાપો ગાળો. છણ છણ બાળો છાતીજી;
ભલે મને આંગળીયો ચીંધો, લેશ નથી હું લજાતીજી. ૬
સુખ મારૂં દેખી ન શકો તો, ભરો આંખમાં મીઠુંજી;
આ ઇશ્વરે મુજને સુખ આપ્યું, દુખ થોડાદિન દીઠુંજી. ૭
કમળાએ પુત્રો પુત્રીને, પરણાવ્યાં શુભ પેરજી;
વંશતણો વિસ્તાર વધ્યો અને, થઇરહી લીલાલેહેરજી. ૮
સૌથી સરસ સંસાર ભોગવિયો, ધર્મ સાચવિયો શુદ્ધજી;
શિવ શક્તિનું સેવન કીધું, ન કર્યું વેદ વિરૂદ્ધજી. ૯
આયુષની અવધી પહોંચ્યા પછી, વાસ કર્યો કૈલાસેજી;
શિવ પાસે નવરંગી રહ્યો, કમળા પારવતી પાસેજી. ૧૦
સૌ દેવે સાબાશી આપી, ભલે જનમિયાં ભૂમાંજી;
જન્મ ધર્યાનું સાર્થક કીધું, પ્રીતિ રાખી પ્રભૂમાંજી. ૧૧
જે પદવી ઋષિયો નહિ પામે, કે જનો કરનારાંજી;
તે પદવી નરનારી પામ્યાં, ભલાં સુભાગ્ય તમારાંજી. ૧૨
કળિજુગમાંહી તમારા જેવા, જે ધરશે શુભ ધર્મજી;
તે પણ આ કૈલાસે વસશે, કાપી ભૌતિક કર્મજી. ૧૩

દોહરો.

વેનતણી નિંદા ઘણી, કેૈ કરી તે કાળ;
પાછળ પછી વખાણીઓ, જુઓ જગતનો ચાલ. ૧

પદ ૧૪૦ મું—દેશી ૨૮ મી.

જુઓ જુઓ જગતનો ચાલ, અવળો એવો છે;
કહે જીવતો જન જે કાળ, કપટી કેવો છે. ટે.
રામ ગયા ઋષિ આશ્રમમાં ત્યાં,મુનિયે કર્યું અપમાનરે;
પાછળથી બહુ પુસ્તક રચીને, ગુણનું કીધું ગાન. અ. ૧
ઋષિપત્નીએ રમાપતિને, પૂજ્યા ગણી પવિત્રરે,
ઋષિયે રોષ હૃદયમાં આણ્યો,ચરચ્યું પછી ચરિત્ર. અ. ૨
વેન નૃપતિને વિવિધ પ્રકારે, ધર્યા અધિક ધિક્કારરે;
રાજર્ષિ ન કહ્યો રાજાને, વિશ્વ વિષે તે વાર. અ. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ પછીથીમનુએમનુસ્મૃતિમાં, લખ્યું વધારી લાજરે;
પૂર્વે રાજા વેન થઇ ગયો, રાજર્ષિ[1] મહારાજ. અ. ૪
કામની વશ કામનીએ વિધવા, વિધવાદીડી દેશ મોઝારરે;
કામે હતચિત થયો કૃપાળુ, વરાવા વિધવા નાર. અ. ૫
એમ મરમમાં મનુએ લખિયું, સમજે શાણા લોકરે,
અણુસમજૂ અજ્ઞાનપણાથી, કરે [2]ફજેતી ફોક. અ. ૬
સારૂં કે નરસું પણ ઉલટું, લોક રૂઢી લગારરે;
સાંભળીને ભોળાજન ભડકે, તરત કરે તિરસ્કાર. અ ૭
ઇર્ષા કરીને લડવા ઉઠે, વળી રાખે બહુ વેરરે;
જુલમ કરે જો બની શકે તો, ઝાઝું રાખે ઝેર. અ. ૮
મળતો રહે જગતમાં તેનું, અયોગ્ય કૃત્ય ઢંકાયરે;
જુઓ ન નિંદ્યો, જેહ બેહેનને, પરણ્યો તે પૃથુરાય. અ ૯
પરમાર્થી પુરુષોના કંઇકે, ખળમાં લીંધા પ્રાણરે;
આગળ જાતાં વિચાર ઉપજ્યો, વળતીકર્યા વખાણ. અ. ૧૦
સમજૂએ સમજણમાં લેવા, બાળકના પણ બોલરે;
સાર અસાર વિચાર કરીને, તેનો કરવો તોલ. અ ૧૧
પથરા સાથ પડેલો ક્યાંઇ પણ, હીરો હોય અમૂલ્યરે;
સાધારણ સમજણમાં તેમજ, તત્વ વિચારઅતુલ્ય. અ. ૧૨
મોરોબાના મુખ આગળ, શાસ્ત્રીએ કહી કથાયરે;
મોરોબા નિજમનમાં સમજ્યા, પંડિતનોઅભિપ્રાય. અ. ૧૩

પદ ૧૪૧ મું—દેશી ૪૨ મી.

સમજી સર્વ કથાનો સાર, મોરોબાયે કર્યો વિચાર;
નિરખી સુતાનું ઝાંખું મુખ, દિલમાં ઉપજ્યું એને દુઃખ. ૧
પછી પોતાના મંદિર માંય, સૌશાસ્ત્રીઓ બોલાવ્યા ત્યાંય;
પૂછ્યો શાસ્ત્રતણો સિદ્ધાંત. સૌની ભાગી મનની ભ્રાંત. ૨
સૌશાસ્ત્રીજન બોલ્યા વાણ, પરણે વિધવા [3]શાસ્ત્રપ્રમાણ;
પણ એવી રૂઢી નથી આજ, હિમત હોય તો કરજો કાજ. ૩
પ્યારી પુત્રીના સુખમાટ, હિમત રાખી માથા સાટ:
છો કદી મુજને સંકટ થાય, પણ પુત્રીની પીડા જાય. ૪
જો હું પંગતબાર રહીશ, તેની ચિંતા નહીં કરીશ;
શિવની સેવા કરીશ સદાય, તે છે તરવાનો ઉપાય. ૫
વળતી શાસ્ત્રીને કહી વાત, વર શોધી લાવો સાક્ષાત;
વર જો મળે રૂડો વિદ્વાન, કોડે આપું [1]કન્યાદાન. ૬
શાસ્ત્રી કરવા ચાલ્યા શોધ, બહુ વિપ્રોને કીધો બોધ,
માતાને કહે બાયાંબાઇ, કરજો સારે ઘેર સગાઇ. ૭
ઉત્તમ વર સ્વજ્ઞાત ગામ, નારાયણ ભીડે છે નામ;
મુનસફ આદિકનો અધિકાર, એને મળેલ વારંવાર. ૮
છે તે હાલ સનંદી વકીલ, તેને વરવાનું મુજ દીલ;
એ વર વરશે તો વરીશ, નહિ તો આ દુઃખમાંહી મરીશ. ૯
સ્વામીને કહી સઘળી વાત, તે પણ રૂદે થયો રળિયાત;
વરને વિનાત કરી વિશેષ, દીધો ઉપકારી ઉપદેશ. ૧૦
કીધી તેણે વાત કબૂલ, પછી ત્યાં વેહેંચ્યાં ફોફળફુલ:
સંવત ઓગણિસેં બાવીશ, માગશરસુદપાંચમગુરૂદીશ. ૧૧
વિધિવત લગ્ન કર્યાં ભલીભાત, જુગતે કરીજમાડી નાત;
જમવા[2] આવ્યા થોડા લોક, બીજા રહ્યા ધરીને શોક. ૧૨
ધન્ય ધન્ય મોરોબા પિતાય, ટાળી પુત્રીની પીડાય;
ચાહિને નવો ચલાવ્યો ચાલ, રહેશે કીર્તિ ઝાઝોકાળ. ૧૩
એમ વખાણે ઝાઝા લોક, કઇકે નિંદા કીધી ફોક;
પુનર્વિવાહોત્તેજક નામ, સભા સ્થપાઇ મુંબાઇ ગામ. ૧૪

દોહરો.

સુજ્ઞ સભાસદ તેહના, રાવ રૂડા ગોપાળ;
એઓને અર્પણ કર્યું, રચ્યો આખ્યાન રસાળ. ૧૫

પદ ૧૪૨ મું—દેશી ૨૧ મી.

અપ ણુકીધીમેં આપોથી, તેનુંનામશુણો મુજમહોથી; અર્પણ
પુર મુંબાઇમાં પુનર્વિવાહોત્તેજક સભા [3]સ્થપાઇ;
સભાસદો સદ્ગ્રહસ્થને, શાસ્ત્રી પણ થયાસહાઇ. અર્પણ. ૧
ગુણિજન દ્વિજ ગોપાળરાવજી, ભળ્યા ભલીબુદ્ધિલાવી;
જેણે અમદાવાદ [4]વિષે એવીજસભા ઉપજાવી. અર્પણ. ૨
પૂનાના ચિતપાવન બ્રાહ્મણ, રિગવેદી રાજેશ્રી;
શાખાતો શાકલ્ય અને, શાંડિલ્યગોત્રછાજેશ્રી. અર્પણ. ૩

---

૧ राजर्षि प्रवरःपुरा ॥ इतिमनुः રાજર્ષિ એટલે પવિત્ર રાજા, રાવણને, કંસને, કે દુર્યોધન જેવા દુષ્ટને રાજર્ષિ કહેવાય નહિ.

૨ આલેલીઓ વિગેરેના પણ એજ રીતે પ્રથમ ધિક્કાર થયા હતા, પણ પાછળથી વખાણ્યા.

૩ अध्याय १ ॥ कृते तु मानवा धर्मास्त्रेतायां गौतमा स्मृताः॥ द्वापरे शंखलिखिताः कलौ पाराशर स्मृताः॥२४॥इति पाराशर स्मृतौ.

૧ પુનર્લગ્નમાં શાસ્ત્ર પ્રમાણે કેવી રીતે ક્રિયા કરવી તથા કન્યાદાન કોણે દેવું, ઇત્યાદિનો ખુલાસો, "વિધવા વિવાહ" નામનું પુસ્તક અમદાવાદમાં છપાયું છે તેમાં છે.

૨ રા. ગોપાળરાવ હરિ જમવામાં હતા તથા નોર્મલ સ્કુલના બધા સ્કોલરો પણ હતા,

૩ સવત્ ૧૯૨૨ માગશર વદ ૪. સંવત ૧૯૨૨ નવરાતરમાં.

P. P. Ac. Gunratnasuri M.S.　　　Jin Gun Aaradhak Trust

ચિતોપંથ જગતમાં ચહાવા, ફરનવીશ કહેવાયા;
બાજીરાવ પેશવા પાસે, કીર્ત્ત અધિક કમાયા. અ. ૪
એનાજ અનુજ હતા હરિભાઉ, બાપુ ગોખલા પાસે;
દશ હજારની જાગીર પામ્યા, પોતાનેજ પ્રયાસે. અ. ૫
સુત તેના ગોપાળરાવજી' જન્મ દિવસ કહું જેનો;
અઢારસેં ત્રેવિશ ઇસ્વીસન, ફેબ્રુઆરી તે તેનો. અ. ૬
અઢારમી તારીખ ને વાસર, મંગળ મંગળકારી;
કુળદીપક કરૂણાસાગર, ઉપનયો જગમાંઅવતારી. અ. ૭
વેદાધ્યયન વિવેકે કીધું, સંસ્કૃતનો લઇ સાર;
ઇંગ્રેજી અભ્યાસ કરી, મેળવ્યું માન અપાર. અ. ૮
વીશ વર્ષની વયથી જેણે, કરી નોકરી સરકારી;
ચઢતી ચઢતી પાયરીયે, પછી પામ્યા પદવીભારી. અ.૯
સ્માલકાજ કોરટમાં આજે અમદાવાદ મોઝાર;
જે છે સાહિબ જજ જુવો, પ્રતિમાસસહસ્રપગાર.અ.૧૦
આ પુસ્તકથી એ સાહેબનું મનરંજન કરી લીધું;
અધિક મદદ એણે આપી કવિનું મનરંજનકીધું.અ.૧૧
જ્યાં સુધી આ પુસ્તક જગમાં રહેશે ઠામોઠામ;
ત્યાં સુધી આ ઉદારનરનું, અવિચળ રહેશે નામ.અ.૧૨

દોહરો.

આ આખ્યાન શુણ્યાતણું, શ્રુતિફળ કહું સમર્થ;
શ્રોતાજન સુણજો સહુ, વાત ન ગણશો વ્યર્થ. ૧

પદ ૧૪૩ મું—દેશી ૧ લી.

પૃથુરાજાના પૂર્વજ રાજા, વેન તણું આખ્યાન;
જે સાંભળશે તો તેને ફળ સો ગંગાજળ સ્નાન. ૧
પુત્ર વધે પરિવાર વધે વળી, વધે રિદ્ધ ને સિદ્ધ;
આયુષ લાંબું ઇશ્વર આપે, વળી આપે નવનીધ. ૨
આ ઉત્તમ સુખકારી કથાનો મહિમા કહ્યો નવ જાય;
કોટિક બ્રાહ્મણ ભોજનનું ફળ, આ સાંભળતાં થાય. ૩
નંદતણો વસુદેવતણોકે, દશરથનો મહિમાય;
વેનતણો મહિમા એવો, જેના સુત વૈકુંઠરાય. ૪
મોટા જન મોટાને કવચન, કહેવા સમર્થ થાય;
વાઘે વાઘ લડે ને વચમાં, છોટા છુંદાઇ જાય. ૫
કળિજુગમાં જો વેનતણી, કરશે નિંદા કોઇ પ્રાણી;
પાપે તેની જીભ ભરાશે, જમડા જાશે તાણી, ૬
વિધવા ધર્મ વરણવ્યા છે માંહીં શ્રુતિ સંમતિ સમાન;
વિધવાએ તો અવસ્ય કરીને, આ શુણવું આખ્યાન.૭
ઓખાહરણ કુંવારી શુણશે, રાસલીલા પરણેલી;
વિધવાઓ તો વેનતણું, આખ્યાન શુણો મન મેલી.૮
ચૈત્રે ઓખાહરણ શુણે, ને માઘે વેનચરિત્ર;
માધવરો ન્હાયાસમ પ્રાણી પળમાં થાય પવિત્ર. ૯
અડસઠ તીરથ ન્હાયાનું ફળ, પરિપૂરણ તે પામે;
કોટી જન્મનાં પાપ ટળે, તન તાપ વેદના વામે. ૧૦
રોગ દોષને કલેશ ટળે, નવ આવે તરિયો તાવ;
ડાકણ શાકણ ભૂત નડે નહીં, નડે નહિ ગ્રહ ભાવ.૧૧
સ્નેહ સહિત જન જે સાંભળશે, ઉત્તમ આ ઇતિહાસ
સુખ લેશે સંસાર વિષે વળી, વસશે વૈકુંઠ વાસ. ૧૨
જો આ પુસ્તક અષ્ટોતર શત, દયાથી દેશે દાન;
તો તેને ફળ દાન કર્યાનું, સુવર્ણ મેરૂ સમાન. ૧૩
પ્રતિમાસે પૂનમને દિવસે, શુણશે સ્નેહ સહિત;
એના ઉપર અખંડ રહેશે, પરમેશ્વરની પ્રીત. ૧૪
વેદ પુરાણ અને ઉપનિષદ, ખટ શાસ્ત્રનો સાર;
વેન તણું આખ્યાન વખાણ્યું, યથામતિ અનુસાર.૧૫
ગંગા જમના સરસ્વતી ને સાબ્રમતી ને રેવા;
આ શુણશે તેને થઇ ચૂકી, સૌ તીરથની સેવા. ૧૬
કથા પવિત્ર સમાપ્તિ કરતાં, કહે કવિજન કરજોડ;
શ્રોતાજન સૌ સ્નેહે બોલો, જયજય શ્રીરણછોડ.૧૭

પદ ૧૪૪ મું—દેશી ૪૨ મી.

આરતી.

જય જય જગકર્તા, જયજય જગકર્તા;
ભગવત તું ભવભર્તા,હરકત સંહર્તા. જયદેવ. જયદેવ.ટેક.
પૂરણ પરમ પરાક્રમી, પ્રભુ વિશ્નુ પરમાત્મા;
સકળ કળાધર શ્રીમત, ધીમત ધર્માત્મા. જયદેવ.૧
તું સચરાચર સ્વામી, બળવંત બહુ નામી;
વિમળ મંડળ વિશ્રામી, ધન્ય અચળ ધામી.જયદેવ.૨
તત્વ સકળ ગુણ તારા, સર્વ થકી સારા;
અંતરજામી અમારા, પ્રાણથકી પ્યારા. જયદેવ.૩
કરૂણાકર સુખકારી, ધર્મ બીરદ ધારી;
તેં ભવપાર ઉતારી, અગણિત નર નારી. જયદેવ.૪
જય જય જનમન રંજન, ભંજન ભવ ભીતિ;
પૂરણ પુણ્યે પામું, પ્રભુ તુજ પદ પ્રીતિ. જયદેવ.૫
જય કોટિક જગ કારણ, ધારણ તું ધરણી;
તું સંકટ જય તારણ, કહું શી શી કરણી. જયદેવ.૬
તુજ મહિમા બહુ મોટો, શુભ તારી શક્તિ;
સુરનર મુનિવર માગે, ભલી તારી ભક્તિ. જયદેવ.૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તું અદ્ભુત ઉપકારી, અકળ કળા તારી;
સકળ ભજે સંસારી, ધ્યાન ફરે ધારી. જય દેવ. ૮
તુંજ પરમ પિતુ માતા, તું ભગની ભ્રાતા;
વિશ્વેશ્વર વરદાતા, સ્મરણે સુખ શાતા. જય દેવ. ૯
રહું તારા ગુણ રટવા, મહા સંકટ મટવા;
ઘણાં કુકર્મો ઘટવા; વિપત બધી વટવા: જય દેવ. ૧૦
હે હરિ! હરકત હરજે, કરુણા ઘણી કરજે;
અભય કરણ આદરજે, ઉર અરજી ધરજે. જય દેવ. ૧૧
તું ચરણ ચિંતા, ભૂધર ભગવંતા;
સર્વ સ્થળે વિલસંતા, ગંભીર ગુણવંતા. જય દેવ. ૧૨
કરવા અવિચળ ઠામે, હરિ કરુણા કામે;
આરતી ઉત્તમ આ મેં, [1]રચી દલપતરામે. જય દેવ. ૧૩

[1] સંવત ૧૯૨૪ માં વેનચરિત્ર રચ્યું.

પુનર્વિવાહ વિષે એક મિત્રે પૂછેલા પ્રશ્નના ઉત્તર.

દોહરા.

બાળ રંડ સ્ત્રી પુરૂષને, બાળે જ્યારે કામ;
સુનીતિનું જળ સીંચીને, વિવેકી લે વિશ્રામ. ૧
હોય નાતના ખપ અને, પુનર્લગ્ન નહિ ચાલ;
તે કાંતો રતિ સુખ તજે, કે ન્યાતને હાલ. ૨
પેખીને સુખ પારકું, સમજૂ નુ કરે શોક;
કહીં વાહન ચાહે નહિ, થાકેલા શુચિ લોક. ૩
કામાગ્નિ કબજે કરે, ઉત્તમ જન તો એહ;
પ્રાપ્ત થાય જો નીતિયે, ભોગ ભોગવે તેજ. ૪
સમજાવે બે પક્ષને, ઉપદેશક જન આમ;
તોજ સમાધાને રહે, દુનિયા દલપતરામ. ૫

વેનચરિત્ર પ્રકરણ સમાપ્ત.

પ્રકરણ ૭ મું.

નામાંકિત જનોવિષે.

મુંબાઇના પારસીઓની ગરબી.

સન ૧૮૫૭ માં "શ્રી બોધ" ચોપાનીયાને વાસ્તે રચેલી.
"ઓ અરદેશર તારીને ઠંકારે સૂરત શહેરમાં." એ રાગ.

સુણ સાહેલી, પૂરણ જશ પામ્યા મુંબઈના પારસી;
ગાઈએ ગરબી,મુખનાગુણજેમજણાવીઆપેઆરશી.ટેક.
બહુ સુંદર મુંબઈ બંદર છે, વિખ્યાત જગતની અંદર છે;
માંહીં પારસીનાં બહુ મંદિર છે, સુણ સાહેલી. ૧
તે પશ્ચિમ હિંદુસ્તાનતણું, છે શોભીતું સંસ્થાન ઘણું;
વેપારવિષેજેનુંમુખ્યપણું, સુણસાહેલીપૂરણજશપામ્યા. ૨
ઇનસાફ જુવો જ્યાં સારો છે,વિદ્યાનો અધિકવધારો છે;
જ્યાંસરવપ્રકારસુધારોછે,સુણસાહેલીપૂરણજશપામ્યા. ૩
જ્યાં લોક વસે સર્વે સુખિયા, દુઃખહરણજેહરદી દુખિયા;
કહુંમાનવીન્યાંજેજેમુખિયા,સુણસાહેલીપૂરણજશપામ્યા. ૪
પારસીઓ પ્રથમ ગણાયાછે, હિંદુ ને તુરક લખાયાં છે;
વળી ખ્રીસ્તખુબવસાયાછે,સુણસાહેલીપૂરણજશપામ્યા. ૫
ઝાઝા જન જુદી જાત્યોના, વળી નાની મોટી નાત્યોના;
ધંધાધારીભલીભાત્યોના,સુણસાહેલી પૂરણજશપામ્યા. ૬
નામાંકિત પારસીઓ તેમાં, છે સદગુણોને સમરથજેમાં;
કશીએકેનહિખામી એમાં,સુણસાહેલીપૂરણજશપામ્યા. ૭
જે મુંબઈ શોભા પામે છે, વિખ્યાત થઈ બહુ ઠામે છે;
તે પારસીઓનેનામેછે,સુણસાહેલીપૂરણ જશ પામ્યા. ૮
વેપાર વધ્યા દેશો દેશે, સહુ ચીજો આવે સંદેશે:
તે પારસીઓના પરવેશે, સુણસાહેલીપૂરણ જશપામ્યા. ૯
વિદ્યા ને હુનર વધેલા છે, વળી જે રસ્તાસુધરેલા છે;
પારસીયો તેમાં પહેલા છે, સુણ સાહેલી. ૧૦
વળી ધરમ ધુરંધર ધીરા છે, સરવે વાતે તે શૂરા છે;
એના હેમ જડેલા હીરા છે, સુણ સાહેલી. ૧૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુરખને જ્ઞાની કરવામાં, દરદીનાં દરદો હરવામાં;
ઉદારપણું ઉર ધરવામાં, સુણ સાહેલી. ૧૨
સહુ નાત્યોના હિતકારીછે, સમજણ જેની બહુ સારી છે;
પારસીયો પરઉપકારીછે, સુણ સાહેલી. ૧૩
બહુ કુવા તળાવો કીધાછે, રસ્તા પુલ બાંધી દીધા છે;
રચી ધરમશાળા જશ લીધા છે, સુણ સાહેલી. ૧૪
વધતી કીધી વિદ્યાશાળા, વળી દવા મળે દરદોવાળા;
એવા પારસિયો ધરમાળા; સુણ સાહેલી. ૧૫
છે આગેવાન સખાવતમાં, વિખ્યાતી ચીન વિલાયતમાં;
સધળે શુભકામ સહાયતમાં, સુણ સાહેલી. ૧૬
જો કોઇ એ કહીં દેખાડે છે, આ કારજ લાભ પમાડે છે;
તો પારસી પ્રથમ ઉપાડે છે, સુણ સાહેલી. ૧૭
જો કાંઈ જૂની કુરીતિછે, પણ એમાં હોય અનીતિ છે;
તે તરત તજે તજી પ્રીતિ છે, સુણ સાહેલી. ૧૮
સુધરાઈ કરવામાં તે સારા, ધીર ધીરજ બાંધે શુભ ધારા;
મહાભારત કામો કરનારા, સુણ સાહેલી. ૧૯
એણે કાઢી બખિલતાબહારીછે, ઉરમાંહિ ઉદારતા ધારી છે;
તેની હીંમતની બલિહારી છે, સુણ સાહેલી. ૨૦
બહુ લોક સુધરવા બેઠા છે, સુધરાઈના છાંટા પેઠા છે;
એ પારસિઓના એઠા છે, સુણ સાહેલી. ૨૧
નારી જનનાં અજ્ઞાન નકી, નહિ રહેવાનાં બહુ વર્ષ ટકી;
તે પારસીઓના પુન્ય થકી, સુણ સાહેલી. ૨૨
અબળા દિલની બેડી તુટી, બહુ મૂર્ખ રહ્યા માથાં કૂટી;
સુધરાઈની કિરણો થઈ છુટી, સુણ સાહેલી. ૨૩
એ ચાલ થશે દેશોદેશે, નાનાં મોટાં સુખ સૌ લેશે;
તે અંતરથી આશિષ દેશે, સુણ સાહેલી. ૨૪
નારીનાં દિલ ઝલકાટ થયાં, બહુ વેહેમ અને અજ્ઞાન ગયાં;
રવિ દેખી કમળ જયમ શોભી રહ્યાં, સુણ સાહેલી. ૨૫
એ કામ પ્રભુને પ્યારૂં છે, સૌજનના હકમાં સારૂં છે;
નારીને સુખ દેનારૂં છે, સુણ સાહેલી. ૨૬
આગરબીસાંભળીલઈએજી, સુણીપ્રણખુશી ખુશી થઈએજી;
દિલમાંથી આશિષ દઈએજી, સુણ સાહેલી.
પૂરણ જશ પામ્યા મુંબઈના પારસી. ૨૭

ગરબી.

"મા પાવા તે ગડથી ઉતર્યાં, મહાકાળીરે" એ રાગ.

જન ભલા એ ભૂતળ માંય, ધન્ય જન્મ ધરિયા;
જે જુલમી જનો જણાય, એ શિદ અવતરિયા. ૧

જેણે કીધાં રૂડાં કામ, ધન્ય જનમ ધરિયા;
ન રહ્યું જો નિશ્ચળ નામ, એ શિદ અવતરિયા. ૨
જેણે સેવ્યાં મા ને બાપ, ધન્ય જનમ ધરિયા;
જેણે સૌના લીધા શાપ, એ શિદ અવતરિયા. ૩
જેણે પાળ્યાં માણસ પાંચ, ધન્ય જનમ ધરિયા;
જેણે લોભે લીધી લાંચ, એ શિદ અવતરિયા. ૪
જેણે ધરી ધર્મની રીત, ધન્ય જનમ ધરિયા;
જેની પાપ ઉપર બહુ પ્રીત, એ શિદ અવતરિયા. ૫
જેણે સૌને કીધાં સુખ, ધન્ય જનમ ધારયા;
દુનિયાને દીધાં દુઃખ, એ શિદ અવતરિયા.
જેણે દીધો સદૈવ સુબોધ, ધન્ય જનમ ધરિયા;
જેણે કર્યો ગરીબપર ક્રોધ, એ શિદ અવતરિયા. ૭
જેનાં વિધ વિધ થાય વખાણ, ધન્ય જનમ ધરિયા;
જેણે પરના લીધા પ્રાણ, એ શિદ અવતરિયા. ૮
જેણે દયાથી દીધાં દાન, ધન્ય જનમ ધરિયા;
જે નિરલજ ને નાદાન, એ શિદ અવતરિયા. ૯
જે પ્રજનતણા પ્રતિપાળ, ધન્ય જનમ ધરિયા;
જે ચોર થયા ચંડાળ, એ શિદ અવતરિયા. ૧૦
સતવાદી શાણા શેઠ, ધન્ય જનમ ધરિયા;
જેણે પાપે ભરિયાં પેટ, એ શિદ અવતરિયા. ૧૧
જેની તન મન સારી ટેવ, ધન્ય જનમ ધરિયા;
ન ભજ્યા દલપતના દેવ, એ શિદ અવતરિયા. ૧૨

સર જમસેદજીનો રાસડો.

"એ તો આઈ ખડગો નાગેરે. અમે આઈ પાર ઉતારો."
એ રાગનો.

અરે કોણ આદમી એવો રે, જડે જમસેદજી જેવો. ટેક.
કાયા ધરી પરમારથ કાજે, કીધાં કરોડો કામ;
દેવ બરાબર આ દુનિયામાં, નિશ્ચળ રાખ્યું નામ. અરે. ૧
મુંબઈબંદર મંદિરનો એતો, મોટો ભાગ્યો મોભ;
ભર દરિયે કુવા થંભ ભાગ્યો, હવે થાશે શાથી શોભ. અ. ૨
ઘેર ઘણો થયા વાટે ને ઘાટે, હાટે પડી હડતાળ;
હીંમત હારીને હાય પોકારે, કોણ મુઆં કોણ બાળ. અ. ૩
સાંભળી શોક સંતાપ ધરે જન, ભારે ભરને ભવંન;
નાવવાળે શઢ ઊંધા નાંખ્યા, પ્રલયનો જાણી પવંન. અ. ૪
કોરટના કારભારીએ કીધાં, કોરટનાં બંધ કાજ;
ચારપગાંપણ ચારો ન ચાખે તો, નર કેમ ખાય અનાજ. અ. ૫
એવે સમે જન સર્વને આવી, આંખે આંસુની ધાર;
અહો પ્રભૂ તેં આ શું કીધું. એમ કરે ઉચ્ચાર. અ. ૬
જોતાં જણાયો સૂરજ ઝાંખો, ભાસી ભૂમિ ભયંકાર;
લોક પડ્યા સહુ શોકમાં લાગે, સૂનો દિસે સંસાર. અ. ૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દવાખાનામાં દરદથી દુઃખિયા. લોક રૂવે લાચાર;
નિશાળમાંહીં નિશાળીયા રૂવે, યાદ કરી ઉપકાર. અ. ૮
પાંજરા પોળના પ્રાણી પોકારે, એનો ગયો આધાર;
સાહેબ લોકનો ગયો સનેહી, ડાહાપણનો દેનાર. અ. ૯
કોણ ફીકર હવે લોકની કરશે, હરશે હરકત ત્રાસ;
અંતરનો અભિલાખ ઉચરશે, પરજા કેની પાસ. અ. ૧૦
હિંદુસ્તાનનો હતો હિમાયતી, પામરનો પ્રતિપાળ;
નેક શાણી સરકારનો સુબો, ડાપણદાર દયાળ. અ. ૧૧
માનવી માતર જેજે જગતમાં, જૂદી જૂદી બધી જાત;
સાંભળતાં શોક સાગરમાં પડી, વારેવારે કહે વાત. અ. ૧૨
ખાલી દિસે રતનાગર ખેતર, ઉજડ જેમ આ વાર;
ખરેખરો ખેડુ હતો તે ખોયો, ખરી ખાંતે ખેડનાર. અ. ૧૩
સંવત ઓગણિસેં પંદરાનો, ચાલતાં ચૈતર માસ;
ક્યાંથી અભાગણી બારશ આવી, તેં ઉપજાવ્યો ત્રાસ. અ. ૧૪
વિજળિયે જઈ વાત પોહોંચાડી, હેકીને કામો કામ;
સાંભળતાં થયાં સર્વે ઉદાસી, કોઈ કરે નહીં કામ. અ. ૧૫
ઓગણોસો વરસ ઉપર નવ પુરા, માંડીને ગણિયે માસ;
ભૂતળ આયુષ્ય એટલું ભોગવી, વળતી લીધો સ્વર્ગવાસ. અ. ૧૬
ધર્મધુરંધર ધીરજ ધારી, પામ્યો પ્રભુનો પંથ;
જન્મ કથા કવિતાથી જેના, ગુરૂવા બનશે ગ્રંથ. અ. ૧૭
નારી નરો જેના નામને રોશે, પુરો સંભારીને પાડ;
જેને છાંગે જમસેદ ગયા હશે, ઝાઝાં રોશે ઝાડ. અ. ૧૮
ચાહન ચીન વિલાયતમાં જેણે, મેળવ્યું મોટું માન;
વિધવિધના ઉપકાર વખાણી, આપ્યો દેશ ઇનામ. અ. ૧૯
નાઇટનું ઉપનામ અપાયું, બીજું એ બારોનેટ;
જનનો હેતુ મહારાણીએ જાણીને, ભાવેકરો સાંકળભેટ. અ. ૨૦
બેશ તળાવ કુવા પુલ બાંધ્યા, પ્રાણીના હરવા ત્રાસ;
ધોંગી રચાવી ધર્મશાળાઓ, કાંઇ ન રાખી કચાસ. અ. ૨૧
સુરત ને નવસારી પુનાના, સજ્જનો પૂર સાખ;
રૂપૈયા પરઉપકારમાં આપ્યા, લેખે ત્રેવીસલાખ. અ. ૨૨
મહાજનનો એતો મોવડી હતો, દેશ કિલ્લાનું કમાડ;
કલ્પતરૂ કળિકાળમાં કહિયે, લોક લડાવણ લાડ. અ. ૨૩
મુંબઈ ઈલાકાનાં નસીબ મોટાં, હતી ન કશીયે [1]હાણ;
દૈવના ઘરને બળવે દગે લીધો, પ્રજાનો જીવન પ્રાણ. અ. ૨૪
થયો નથી ને થનાર નથી નર, જગમાં જેની જોડ;
સ્વારથને પરમારથનાં જેણે, કીધાં કામ કરોડ. અ. ૨૫
પારસિયો નીજ પરમ પુરૂષનાં, નામ લેશે જે ઠામ;
સ્નેહસહીત સદાય સંભારશે, નિર્મળ જેનું નામ. અ. ૨૬
એ મહાપુરૂષને મળવાની મોટી હૈડામાં રહી ગઈ હામ;
ગણીગણી ગુણ ગ્રંથમાં ગુંથાને રાખત દલપતરામ. અ. ૨૭

ધનજી કામાની ગરબી.

"સાહસાહેર સૂરત શેહેર, મુંબઈ અલબેલી"—એ રાગ.

ધન્ય ધન્ય જે કીધાં કામ, ધનજી કામાએ.
લાખો ઢંકાયા લોક જેના જામાએ. ધન્ય ધન્ય. ટેક.
જેમ પ્રજાને પ્રેમે પોતે, પ્રભુ આપે અન્ન પાનરે;
પણ ન કહેજે હું આપું છું, દીધાં એમજ દાન. ધ. ૧
દરિદ્રતાથી દુઃખિયા દીઠા, જે લાજાળા લોકરે,
ખરચી છાની દેઈને ખાવા, સરવ સમાવ્યા શોક. ધન્ય. ૨
નિત્ય નિત્ય તેડયા નાતીલાને, ઘણાં માન દઇ ઘેરરે;
પરનાતીલાને પણ પોતે, પાળ્યા રૂડી પેર. ધનજી. ૩
સુધારવા સઘળા દેશીને, હઇડે ધારી હામરે;
ખરચ્યાં નાણાં ખૂબ ખરાં વળી, ન કર્યું જાહેર નામ. ધ. ૪
ખરચે છે શ્રીમંત ખરા તે, મેળવવાને માનરે;
પણ પ્રભુ પ્રીતે રૂડી રીતે, ખરચ્યું ધારી ધ્યાન. ધ. ૫
ગુણીજન પાસે ગ્રંથ રચાવ્યા, આપ્યાં ગુપત ઇનામરે;
જેથી જનના વ્હેમ વિનાસે, સમજે તત્વ તમામ. ધ. ૬
ધન્ય ધન્ય તેનાં માત પિતાને, ધન્ય એનો અવતારરે;
જેના કુળમાં જનમ ધરીને, કોડ કર્યા ઉપકાર. ધનજી. ૭
જનમ્યા તારીખ નવ જુન માસે, અઢારસે અગિયારેરે;
શરીર તજ્યું સન ઓગણસાઠે. તેવીસમી જુન ત્યારે. ધ. ૮
સુંદરી જનને સુધારવાને. ભણાવવા ભલી ભાતરે;
ખાંતે નાણાં ખૂબ ખરચવા રાખ્યા રૂચિ દિનરાત. ધનજી. ૯
સન અઢારે છત્રીસામાં, હિમત ધરી હજારરે;
ચતુરપણાથી ચીન ચડીને, વિવિધ કર્યા વેપાર. ધ. ૧૦
દાન ઘણાં પરમારથ કીધાં, પ્રભુપર ધારી પ્રીતરે;
સ્નેહ સહિત જન સૌ સંભારે, રાખી એવી રીત. ધ. ૧૧
જુગજુગમાં અવિચળ જશ રહેજો, નિશ્ચળ રહેજો નામરે;
અંતરમાંથી આશિષ આપે, દિન દિન દલપતરામ. ધ. ૧૨

ગરબો—મુંબાઈના દરજીનો.

"જાણ્યું જાણ્યું હેત તમારૂં. જાદવા જો."—એ રાગ.

દરજીની અરજી ઇશ્વરજી સાંભળજો જો.
તે ન શુણે તો ચાલે નુતે નૂત જો.

[1] સને ૧૮૫૭ના બળવાથી સારા નસીબે મુંબાઈ ઈલાકામાં કાંઈ નુકસાન થયું નહોતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુંબૈમાં-આગળ એવી વેળા હતી જો;
પણ તે સામા ઉઠયા માર્કના પૂત જો. દરછ. ૧
સાહેબ મીસન ઘેરે જાતો સૈ શીવવા જો,
મનુષ ગરિબ નામે વીઠુબામલ્લાર જો,
એક સમે સાહેબે પગાર ન આપીઓ જો;
ચડી ગયા ત્યાંતો મહિના ત્રણ ચાર જો. દરછ. ૨
માગે ધન તો સાહેબ ઉઠે મારવા જો;
એનો નહિ સુજે એકે ઉપાય જો;
ઘેર કરે ઘરવાળી પણ ટટો ઘણો જો;
ખુરદા વિના-વટાવીને શું ખાય જો. દરછ. ૩
ક્રોધ કરીને કહેવા-લાગી કામની જો;
એ તારી નોકરીમાં ઊઠી આગજો;
સાહેબને ઘેર છોડ જવાનું શીવવા જો;
માંડીને ફરિયાદી નાણું માગજો. દરછ. ૪
કર જોડી દરછએ જે જાહેર કર્યું જો;
વંદન કરી કહું છું નથી કરતો વાદ જો;
હવે નહિ આવું હું સાહેબ શીવવા જો;
ફરી કહુંછું જે હું માંડીશ ફરીયાદ જો. દરછ. ૫
મિસને એનસને[1] ચીઠી લખી મોકલી જો;
કીધો તેણે એક દિવસનિશ કેદ જો;
કહેવત છે તસકર દંડે શાહુકારને જો,
ભાળી લ્યો ભાઇ એવો આતો ભેદ જો. દરછ. ૬
મિસને મોટા માજીસ્ત્રેટ તરફ લખ્યું જો;
કહું તે નામે કારપીલડ કહેવાય જો;
એણે પણ ઇનસાફ વિના એવું કહ્યું જો.
જરૂર દરછી બંદીખાને જાય જો. દરછ. ૭
સખત મજુરી સાથે જૈને જેલમાં જો;
વેઠયું દુખ વર્ષોને વાસા એકવીશ જો;
છેલ્લી વારે જ્યારે ત્યાંથી છૂટીઓ જો.
રાંક ખરો પણ રહી રૂદેમાં રીશ જો. દરછ. ૮
જાણ જાણ આગળ વાત કરે જ્યાં જાય ત્યાંજો,
રડું છે મહારાણીજીનું રાજ જો;
પણ ઉનમત જેવા છે જે જે ઉપરી જો;
એ આવો અન્યાય કરે છે આજ જો. દરછ. ૯
સરવ જનને પણ સંકટ આ શહેરમાં જો,
હરકત વેઠે લોક હજારો હાલ જો;
માટે મેહેનત કાઢું કરે પરમારથી જો;
ચોપેથી તે તૂટે નરસી ચાલ જો. દરછ. ૧૦

વાત સુણી સરવે જન જાયે વેગળા જો;
ઘોને દર કોણ ઘાલે હેતે હાથ જો;
શામાટે છંછેડે સૂતા સિંહને જો;
શત્રુતા કોણ બાંધે સાહેબ સાથ જો. દરછ. ૧૧
આસોશીયેશનવાળા અળગા રહ્યા જો;
કોઇએ પણ એ વાત ધરી નહી કાન જો,
એ તો થાક્યો સૌની આગળ આથડી જો;
વળતી એવું કોઇ બોલ્યો ગુણવાન જો. દરછ. ૧૨
પૈસાવાળાને પડખે પૂરા મળે જો;
કાતર ગજવાળા તું હીણકમાઉ જો;
દયા કરીને છેદે દુઃખડા દીનનાં જો;
ભાસે છે એવો તો ડાક્તર ભાઉ જો. દરછ. ૧૩
ધર્મ દવાખાનાં જેણે ઘીંગાં રચ્યાં જો;
પુરણ રાખી પરમારથમાં પ્રીતજો;
આપે છે ઓસડ ગાંઠેથી આપતી જો;
નિરધન જનને ઘેર જઇને નિત્ય જો. દરછ. ૧૪
દરછ જન આવે દેશાવર દૂરથી જો;
રહે નહીં રંગમાં તેને મહા રોગ જો;
તનની ને મનની જેથી પીડા ટળે જો;
એવો છે જેનો અદકો ઉદ્યોગ જો. દરછ. ૧૫
આ અવસર પરદુખભંજન તો એજ છે જો;
કષ્ટ સહે પોતે પરસંકટ કાજ જો;
સ્વદેશીનું દુખ જેઠ સાંખી શકતો નથી જો;
જે છે જગમાં પરમકૃપાનું જહાન જો. દરછ. ૧૬
સાંભળીને શુભ જશ દરછ દોડયા ગયા જો
પ્રેમ સહિત તે પરદુખભંજન પાસ જો;
વિશ્વવિધ્નાં [illegible]કની વરણવી વારતા જો;
રૂદન કર્યું [illegible] નાખીને નિશ્વાસ જો. દરછ. ૧૭
રે પ્રભુ હું [illegible]ા દુઃખને રોતો નથી જો;
પણ આ પેરે સર્વ પ્રજા પીડાય જો;
ભોગ પડે જેને માથે તે ભોગવે જો,
એ દુઃખથી અંતર મારૂં અકળાય જો. દરછ. ૧૮
ચાહન ધોળે દહાડે ચોરી થાય છે જો;
એવું છે પોલીસનું પણ અંધેર જો;
ચોર અને ચોકીવાળા છે ભાગીઆ જો;
પ્રજા ઘણી પીડા પામે એ પેર જો. દરછ. ૧૯
બહુ જુલમ ચાલે છે તોલમજાનો જો;
લૂંટ લૂંટ ને વળી મારે માર જો;
સાહેદી જુદી પુરે સરકારમાં જો,
જાહેર લોકો રમે ઘણા જુગાર જો. દરછ. ૨૦

૧ સાહેબનું નામ. તે વખતે એ મુંબાઇના પોલીસનો સુપરીનટેંડેંટ હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફરિયાદી કરીને પણ કોઈ ફાવે નહીં જો;
જે સાચો જન તે પણ માર્યો જાય જો;
અંધેરી નગરી જેવો ઈનસાફ છે જો;
એનો કરવો કાંઈક હવે ઉપાયજો. દરજી. ૨૧
પોકાર્યો એ રીતે પામર પ્રાણિયો જો;
ભાઉના દિલમાં વસ્યા પછી ભગવાન જો;
સારા શબ્દ કહીં કહીંને શીતળ કર્યો જો;
દુઃખ હરવાનું દીધું વાચક-દાન જો. દરજી. ૨૨
પ્રેમ સહિત પરદુઃખભંજન ભાઉ ભણે જો;
ત્રાસ તજી તું ધીરજ મનમાં ધાર જો;
શ્રીહરિની કરૂણાથી સહુ સારૂં થશે જો;
એક હવે કોરટમાં અરજ ઉચારજો. દરજી. ૨૩
નાણું લે ને ખાણું ખા ભાણું ભરી જો;
ફિકરિયામાં તું રંચ ફીકર નહિ રાખ જો;
હૈડામાં હીંમત ઝાઝી ધરજે હવે જો;
બીહિશ નહીં બીહિવરાવે લોકો લાખજો. દરજી. ૨૪
કોરટમાં કાગળ અરજીના આપીયો જો;
તે સાહેબ તરફે થૈ તાણાતાણ જો;
છાપામાં ચરચા ચાલી ચારે દિશે જો;
ગડબડમાં ભાઉએ પાડ્યું ભંગાણ જો. દરજી. ૨૫
સુપરીમ કોરટમાં સાહેબ બે બેસીયા જો;
ચિફ જસ્ટિસ સર વિલિયમ યારડલી એક જો;
સર ચારલસ જાકસન બીજો જાણે સહુ જો;
પ્યુની જડજ વધતો જેનો વિવેક જો. દરજી. ૨૬
કીધા બહુ મેહેનત કારશીલડ કારણે જો;
બારિસ્ટર વિલિઅમ હાઉવરડે બેશ જો;
ભાખ્યાં બહુ ભાષણ લાંબાં લાંબાં ભલાં જો;
લખ્યું ઘણું પણ લાભ થયો નહિ લેશજો. દરજી. ૨૭
દરજીએ પણ બે બારિસ્ટર દાખવ્યા જો;
વિવેકવંતો નામે જે વેસ્ટ્રાફ જો;
રીડ બીજો ને વકીલ વળી ડાલસ થયો જો;
શી રીતે ઉલટો ઉપજે ઈનસાફજો. દરજી. ૨૮
કોરટમાં તે કજીયો જોવા કારણે જો;
ભારે ભારે જનની ભીડ ભરાય જો;
સાહેબ લોકો ને સાહુકારો શહેરના જો;
જયે જયે થૈ જને બહુ જોવા જાય જો. દરજી. ૨૯
સાફ થયો ઈનસાફ રૂડી સરકારમાં જો;
કીધો તો એકવિશ દિન જેને કેદમો;
એક અને પૂરા રૂપૈયા પાંચસે જો;
ખાસો દંડ ભર્યો પામીને ખેદ જો. દરજી. ૩૦
નોખું ખરચ હજારો નાણાંનું થયું જો;
ધારી વળી નાલાયક ન્યાયાધીશ જો;
એ હોદ્દો વિલિયમ ક્રાફરડને આપિયો જો;
દયા ઘણી જેના દિલમાં દિનનાશ જો. દરજી. ૩૧
બેનસનની બદલી ફાવી ફારજેટને જો;
પોલીસમાંથી કાઢ્યું જેણે પાપ જો;
પકડવા છાના ચોરોને પણ પલકમાં જો;
સુરત ધરી જેમ સમડા પકડે સાપજો. દરજી. ૩૨
અઢારસો ઉપર પંચાવન સન સમે જો;
પચીસમી તારીખ જુન માસ પ્રમાણ જો;
કોરટમાં તે દિવસે કજીયો ચૂકિયો જો;
જેનું પ્રસર્યું જગત બધામાં જાણ જો. દરજી. ૩૩
અમલતણા અધિપતિઓ ચેત્યા અંતરે જો;
પછી ન પીડે કોઈ ગરિબના પ્રાણ જો;
ભલો ભલો એમ ભાખે લોકો ભાઉને જો;
વાટે ઘાટે વિધવિધ કરે વખાણ જો. દરજી. ૩૪
ધન ધન દિલદરિયા દાજીના દીકરા જો;
કુળમાં જાગ્યો અદભૂત કીધો કમાઉજો;
સ્વદેશીને તું સમજે છે સ્નેહી સગાજો;
ભણે ભણે તુજને સહુ લોકો ભાઉજો. દરજી. ૩૫
મુંબઈનાં માણસનું દુઃખ મોટું ગયું જો;
સર્વ પ્રકારે ટાળ્યો જુલમી શોક જો;
એ ઉપકાર અપાર કર્યો તેં આ સમે જો;
લાખ પળે પણ તે નહિ ભૂલે લોક જો દરજી. ૩૬
ભલું થજો દિલદાર દયાળુ ભાઉનું જો;
જગમાં એને જશ દેજો જગદીશ જો;
આવાં કામ અનેક કરે આ લોકમાં જો;
આપે છે દલપત એવી આશીષ જો. દરજી. ૩૭

ઉપજાતિ વૃત્ત.

હું દેખતો ઈશ્વર દત્ત આંખે,
તે આંખથી જોઈ શક્યો ન ઝાંખે;
હવે વિલોકું ક્ષિતિ ભાગ ક્ષેત્રે,
તે ભાઉ દાજી નરદત્ત નેત્રે. ૩૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુંબઈના શેઠ નાનાશંકર વિષે ગરબી.

સાઇંસાઇંરે સુરત શેહેર, મુંબઈ અલબેલી. એ રાગ.
[1]નહાનાશંકરનો સુત, પદ મોટું પામ્યો;
મહિમા જેનો મજબૂત, જગમધ્ય જામ્યો. ટેક.
શુભ કારજમાં સઉ સભારે, નિર્મળ જેનું નામરે;
મોટાં કારજ જેની મદદથી, પામે શુભ પરિણામ; પદ ૧
ગણતરીએ ગણુનાં હિંદુમાં, કહેવાયા બહુ ક્રોડરે;
શંકર સુત નહાનાના સરખી, જોતાં ન જડે જોડ. પદ ૨
વિદ્યાની વૃત્તિ કરવામાં, જેના વિવિધ વિચારરે;
એ નરના ઉપકાર થકી અતિ, સુખ પામે સંસાર. પદ ૩

---

૧ મુંબાઇના હિંદુઓમાં શ્રીમંત, આબરૂદાર અને સુધારાનો આગેવાન નામે નાનોશેઠ હતો. તેના બાપનું નામ શંકર શેઠ અને માનું નામ ભવાની બાઈ, અને દીકરાનું નામ વિનાયકરાવ હતું. નાનાશેઠે એક મહાદેવનું દેવળ ચણાવ્યું છે તે દેવનું નામ ભવાની-શંકર રાખ્યું છે. તે દેવળની વરસ ગાંઠની રાતે વરસો વરસ માફક મેળો ભરીને આબરૂદાર ગૃહસ્થોની મિજલસમાં સન ૧૮૫૯ માં મને તેમણે બોલાવ્યો હતો; ત્યારે આ ગરબી રચીને હું લઈ ગયો હતો. તે સભામાં સંભળાવતાં તેમણે મને કહ્યું કે મારાં વખાણ હોય તો મારી આગળ સંભળાવશો નહીં, પણ દેવવિશેની કવિતા કરી લાવ્યા હોતો બોલો; ત્યારે મેં કહ્યું કે હું તો ગણપતિની ગરબી રચી લાવ્યો છું. એમ કહીને આ ગરબી સંભળાવી, અને તેનો અર્થ કહી સમજાવ્યો, જે મહાદેવના બે પુત્ર છે; તેમાં મોટાનું નામ કાર્તિકસ્વામી અને નાનાનું નામ ગણપતિ છે; તે ગણપતિ બધા દેવોમાં મોટી પદવી પામ્યા છે; સિદ્ધિ અને બુધ્ધિ એ બે-તેના સ્ત્રીયો છે; અને રિધ્ધિ, તથા સિધ્ધિ એ બે દાસીઓ છે; લક્ષ અને લાભ એ બે પુત્ર છે, અને જેના શરીરનો રંગ સુવર્ણિક એટલે સારા રંગનો અથવા સોનાના રંગનો જેવો છે; ગરબીનો બીજો અર્થ નાનાશેઠ વિષે લગાડતાં વર્ણે અંગે જાત અને સુવર્ણિક એટલે સોની છે; તે દક્ષિણી સોની હતો. ગણપતિનું બીજું નામ વિનાયક છે, અને તે મહા માયા; એટલે આદિ શક્તિ, જે સર્વ વ્યાપક છે, તેમાં રહે છે; અને બીજા અર્થમાં મહાયાપુરી એટલે મુંબઇ શહેર, એ કવિતાના બે અર્થનો ચમત્કાર જોઇને નાનાશેઠ ઘણા પ્રસન્ન થયા હતા.

સિધ્ધિ ને બુધ્ધિ બે સાથે હાજર જેને હોયરે;
લાભ લક્ષ સાથે લાગ્યા, જેની આગળ જાય. પદ. ૪
રિધ્ધિ ને વૃધ્ધિ પણ રહે છે, પ્રીતે જેની પાસરે;
જેના ઉપર રીઝે તેની, અવશ્ય પૂરે આશ. પદ. ૫
ભયભંજન જે જન મનરંજન, ભજે નિરંજન નિત્યરે;
સુંદર વરણ સુવર્ણિક શોભે, પરમાર્થમાં પ્રીત. પદ. ૬
ધન્ય પિતા માતા ધન્ય તેની, ધન્ય એનો અવતારરે;
વિઘ્ન નિવારણ હુવતાં તારણ, નોધારાં આધાર. પદ. ૭
ભાગ્યવતી જેની માત ભવાની, શંકર જેનો તાતરે;
ભવાની શંકરને ભજનારો, વિશ્વ વિષે વિખ્યાત. પદ. ૮
કુંવરપદે પણ શુભ કરમાળો, પૂજે પિતાના પાવરે;
જન સુખદાયક ઉપમા લાયક, રૂડો વિનાયકરાવ, પદ. ૯
મહામાયાપુરીમાં એ મહાલે, દિલ દરિયો દાતારરે;
મોટામાં તે મુખ્ય ગણાયો, ભારે ગુણ ભંડાર. પદ. ૧૦
કઇકિ વડા હિંદુ કળિજુગમાં, પોઢી રહેલા પેખરે;
શંકર સુત આ સમે જાગતો, એમ લખાયા લેખ. પદ. ૧૧
સહુ રાજા સઉ રાંક વખાણે, જાણે દેશો દેશરે;
થયાંવખાણવિલાયતમાંવળી, વધીએવાતવિશેષ. પદ. ૧૨
શંકર સુત તમે જુગજુગ જીવો, ક્રોડ કરો શુભ કામરે;
અંતરમાંથી આશીષ આપે, દિનદિન દલપતરામ. પદ. ૧૩

રાવ સાહેબ મહીપતરામ રૂપરામ વિષે.

"સન ૧૮૬૦ માં તેઓ વિલાયત ગયા ત્યારે મી૦ હોપ સાહેબની ફરમાસથી તેમના વિલાયત જવા વિષે મેં નિબંધ રચ્યો હતો, તથા મારા મનની ઉલટથી નીચે લખેલી કવિતા એપ્રિલના "બુધ્ધિપ્રકાશ" માં છાપી હતી."

દોહરા.

નાગર સાગર મારગે, મહા મુસાફરી કામ;
તેમાં હિંમત તેં ઘણી રાખી મહીપતરામ. ૧
ગણી ગવાશે ગીતના, ગુણ તુજ ગામો ગામ;
રાજશ્રીની રીત તેં, રાખી મહીપતરામ. ૨
કથનીથી તો સૈ કથે, કરવું દુષ્કર કામ;
કથા અચળ આ કાળ તેં, રાખી મહીપતરામ. ૩
બુધ્ધિહીણા બહુ બક્યા, ઠાલા ઠામો ઠામ;
દિલમાં તેં નહિ દિલગીરી, રાખી મહીપતરામ. ૪
સારામાં સારો થશે, પણ એનો પરિણામ;
દોલત તેં આ દેશની, રાખી મહીપતરામ. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિલાયતી વ્યાપારથી, દોઢા મળશે દામ;
લાજ હુજાર બજારની, રાખી મહીપતરામ. ૬
જશ મળશે આ જગતમાં, નિશ્ચળ રહેશે નામ;
વખાણવાની વાત તેં, રાખી મહીપતરામ. ૭
અંતર આશીષ આપશે, તુજને લોક તમામ;
આબાદી આ દેશની, રાખી મહીપતરામ. ૮
સુખા કરશે સૌ તને, સ્નેહ સહિત સલામ;
શોભા હિંદુ સર્વની, રાખી મહીપતરામ. ૯
કરવા નીકળ્યો કોડથી, આ અવસરમાં આમ;
પકડી વાત પ્રમાણ તે, રાખી મહીપતરામ. ૧૦
નાગર નર હારે નહીં, હારે હોય હજામ;
કહેવત તેં સાચી કરી, રાખી મહીપતરામ. ૧૧
હરકતમાં બરકત હશે, વળતા થશે વિરામ;
એવી આશા અંતરે, રાખી મહીપતરામ. ૧૨
ભણ્યો ગણ્યો તે તું ભલે, ભલે જણ્યો જણનારી;
હિંદુનો શત્રુ હણ્યો, દુષ્કાલ દુઃખ કારી. ૧૩
બકે છેક તે છો બકે, તુચ્છ અક્કલની ટેવ;
જતાં હશે તેમજ જશે, નીર નેવનાં નેવ. ૧૪
સમાધાન સઘળું થશે, નક્કી થશે નિરાંત;
વાતો થાશે વાંચવાં, દેવાશે દષ્ટાંત. ૧૫

કવિત.

વિચરી વિલાયતમાં લાયક વિલોક્યા લોક,
વિલોક્યાં વિશાળ લક્ષ્મીવાળાં વળી ગામને;
મેળવ્યું વિશેષ જ્ઞાન મેળવ્યું વિશેષ માન,
મેળવ્યું વિશેષ દેશ હિતકારી કામને;
જાણીતો નહતો પંથ, જોઈને જાણીતો થયો,
જાણીતો થઈને કીધા જાણીતા તમામને;
મોટું એણે કીધું કામ માટે દેશે મોટું માન,
મોટા મોટા મહીપતિ મહીપતરામને. ૧

સંભારી સંભારી ભારી ભારી શુભકારી કામ,
સંભારી સંભારી થૈ આભારી એના નામને;
વખાણી વખાણી હર્ખ આણી રાય રાણી સુધાં,
વદશે સુવાણી શાણી જાણી એની હામને;
પરઉપકારી કામ કારી કષ્ટ નષ્ટકારી,
કહી નરનારી ધારી ધારી જોશે ધામને;
મોટું એણે કીધું કામ માટે દેશે મોટું માન,
મોટા મોટા મહીપતિ મહીપતરામને. ૨

"ઓ નળ આવ્યોરે" એ રાગ.

મુખે બોલીઆ મહીપતરામ, સુણો હોપ શાણારે;
તમે બોલ્યા તે સત્ય તમામ, સુણો હોપ શાણારે.
માટે કરવા સ્વદેશ કલ્યાણ, સુણો હોપ શાણારે;
પ્રીતે અરપું હું તનધન પ્રાણ, સુણો હોપ શાણારે. ૧

મારા હૈયામાં છે ઘણી હામ, સુણો હોપ શાણારે;
કરું દેશ હિતે કાંઈ કામ, સુણો હોપ શાણારે.
જુધ્ધમાં દેશ અર્થે હું જાઉં, સુણો હોપ શાણારે. ૨

દીસે જો મુજ દેશ બચાવ, સુણો હોપ શાણારે;
શુળીએ ચઢું સાચે ભાવ, સુણો હોપ શાણારે.
દેશ અર્થે પડે મારો દેહ, સુણો હોપ શાણારે;
જાણું જન્મ સફળ થયો એહ, સુણો હોપ શાણારે. ૩

જનમ્યો તે જરૂર મરેજ, સુણો હોપ શાણારે;
દેશ અર્થે મરે ભલો એજ, સુણો હોપ શાણારે.
દેશ માટે મુઆ કોઈ ઠામ, સુણો હોપ શાણારે;
તેનાં નિશ્ચળ રહી ગયાં નામ, સુણો હોપ શાણારે. ૪

ધન્ય ધન્ય તેનાં માત તાત, સુણો હોપ શાણારે;
સ્નેહે સંભારે સૌ જન જાત, સુણો હોપ શાણારે.
દિલે દેશની દાઝ ન હોય, સુણો હોપ શાણારે;
કહે તેને મરદ નહિ કોઈ, સુણો હોપ શાણારે. ૫

લોક દેશના જ્યારે લુટાય, સુણો હોપ શાણારે.
ઘર ખૂણે જે જઈને ઘલાય, સુણો હોપ શાણારે.
આના જીવતરમાં ઉઠી આગ, સુણો હોપ શાણારે;
અતિ જાણું છું એનાં અભાગ્ય, સુણો હોપ શાણારે. ૬

જેણે દેહ ધરી દેશમાંઈ, સુણો હોપ શાણારે;
દેશ કાજે કર્યું નહિ કાંઈ, સુણો હોપ શાણારે.
જનમ્યો હોત પથ્થર જાત, સુણો હોપ શાણારે;
ઈમારત માંહી ઉપયોગ થાત, સુણો હોપ શાણારે. ૭

દેશ અરથે હું આતુર થાઉં, સુણો હોપ શાણારે;
આપ જ્યાં મોકલો ત્યાં જાઉં, સુણો હોપ શાણારે.
આવી પડશે જો પીડા અપાર, સુણો હોપ શાણારે;
સ્વદેશાર્થે સહન કરનાર, સુણો હોપ શાણારે. ૮

પેખું ઈંગ્લાંડ પ્રીત સહિત, સુણો હોપ શાણારે;
નાર્મલ સ્કૂલની જોઉં રીત, સુણો હોપ શાણારે.
અને મેળવું એ વિષે જ્ઞાન; સુણો હોપ શાણારે;
રૂડી રીતથી રાખીને ધ્યાન, સુણો હોપ શાણારે. ૯

પછી આવીને આ દેશ માંહી, સુણો હોપ શાણારે;
એવી રીત ચલાવું હું આંહી, સુણો હોપ શાણારે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરૂં તે પંથે જાવા પહેલ, સુણો હોપ શાણારે;
હોંશી હિંદને તો થશે સહેલ, સુણો હોપ શાણારે. ૧૦
ગોળો તડકે તપ્યો જેમ હોય, સુણો હોપ શાણારે;
ઝાઝા જન ઇચ્છે ઝાલવા સોય, સુણો હોપ શાણારે.
પહેલાં ઘણી પીડા પમાય, સુણો હોપ શાણારે;
એક એક પછી ઓછી થાય, સુણો હોપ શાણારે.૧૧
એમ મુલક યુરોપ મોઝાર, સુણો હોપ શાણારે;
જાશે હિંદુ સુખે જે જનાર, સુણો હોપ શાણારે.
પણ પ્રિયજનને હું પુછીશ, સુણો હોપ શાણારે;
પછી આપને આવી કહીશ, સુણો હોપ શાણારે.૧૨

બેડો બાઈ બૂડતો તારોરે, એ રાગ.

મોટાં કામ મહીપતરામેરે, કર્યાં ઠરીને બહુ ઠામે. એ ટેક.
જાણીતા સુરત શહેરમાં જનમ્યો રાખવા નિશ્ચળ નામ;
નાગર વડનગરા તણી નાતે, તાત તેનો રૂપરામ. મો. ૧
બાળપણે ગુજરાતી ભણ્યો, કર્યો ઇંગ્રેજીનો અભ્યાસ;
પરહેજગારસભાનો પ્રમુખથઈ, પત્ર રચ્યુંપ્રતિમાસ.મો. ૨
કોલેજમાં વળી અભ્યાસ કરવા, મુંબાઇમાં કર્યો વાસ;
અઠવાડિયાનું પત્ર પ્રગટ કર્યું, ત્યાં પણ સત્યપ્રકાશ.મો.૩
સારી હિંદુની બુધ્ધિવર્ધક સભા, એનો થયો આગેવાન;
ભાષણતેમાં ભલાં ભલાં ભાખી, દેતો ભલું જ્ઞાનદાન.મો.૪
સાહેબ હોપે નિશાળોને માટે, પુસ્તક રચિયાં રસાળ;
તે કામમાં પણ મહીપતરામે, કીધી મદદ તેહકાળ.મો.૫
વિદ્યાઅભ્યાસ વિલાયતમાં, કેમ ચાલે તે જોવાને રીત;
કીધો પ્રવાસ વિલાયતમાં, નિજદેશનું કરવાને હિત.મો.૬
સંકટ સાંખ્યાં સ્વદેશને અર્થે, ધીરજ ધારી અપાર;
વરસ હજાર જતાંનહિવિસરે, એવો એનો ઉપકાર.મો.૭
ટ્રેનીંગ કોલેજનું કામ કીધું, પુસ્તક રચિયાં પવિત્ર;
સર્વનું સારૂં સદા ઇચ્છનારો, માણસ માત્રનોમિત્ર. મો.૮
સોસાઈટી ગુજરાતી ભાષાની, તેનો કીધો કારભાર;
વરસ થોડામાં વિશેષ વધાર્યો, તેનો ભલો ભંડાર. મો.૯
પુસ્તકશાળાઓ કન્યાશાળાઓ, એવી શાળાઓ અનેક;
કામ સુધારાં તણાં તે કરતો, હાથમાં લઇને હરેક. મો.૧૦
શહેરતણી સુધરાઈ ખાતામાં, એ ગણાયો આગેવાન;
સાહેબ લોક સલાહ પુછે, બહુજાણીનેબુધ્ધિમાન. મો.૧૧
સ્નેહ સહિત વળી જેણે થાપ્યો, પ્રારથનાનો સમાજ;
હું ગણીનેકેટલાંકગણાવું, એવાં એવાં શુભ આજ.મો.૧૨
ઇસિવી અઢારસેં એકાણુંનામાં, તારીખ ત્રીશ મે માસ;
ઓગણસાઠ વરસ વય થતાં, તેપહોંચ્યોપ્રભુપાસ. મો.૧૩
થઇગયાકંઇકનેથાશે ઘણા, પણ નહી થાય મહીપતરામ;
તેણે કર્યાં એવીરીતેથીકરશે, કોણએવાં ભલાં કામ? મો.૧૪
ઓ પ્રભુ સૌ થકી ઉત્તમ આપજે, ઠરવાને એને ઠામ;
આદુનિયામાંથીએનાજવાથીછેદીલગીરદલપતરામ. મો.૧૫

મુંબઈના સર નાઈટ મંગળદાસ
નથુભાઈ વિષે.

"વિલાયતમાં વિશેષ અભ્યાસ કરવા સારૂ કોઈ હિંદુ જાય તેને ત્યાં ત્રણ વરસ સુધી દરસાલ રૂ. ૮૦૦) ખરચીના મળે, તે સારૂ રૂ. ૨૦૦૦૦) શેઠે સરકારમાં મૂક્યા, તે વિષે સન ૧૮૬૨ ના એપ્રિલના બુધ્ધિપ્રકાશમાં છાપેલી કવિતા."

દોહરા.

મંગળ કરવા મનુષ્યનું, ઇચ્છે મંગળદાસ;
તેનું મહામંગળ થવા, ઇશ્વર પૂરે આશ. ૧
નીર રાખ્યું નિજ નામનું, કીધું મંગળ કામ;
ધન્ય તેનાં માતા પિતા, ધાર્યું મંગળ નામ. ૨
જશ તારો આ જગતમાં, પૂરણ થયો પ્રકાશ;
કામ અધિક જે તેં કર્યું, મંગળ મંગળદાસ. ૩
અડચણ મોટી આ સમે, નિશ્ચે થાશે નાશ;
તે પુણ્યથી તારૂં થશે, મંગળ મંગળદાસ. ૪
એવકૂફ બકવા કરી, ઘાગું ખાય છે ઘાસ;
આતો કામ અગત્યનું, મંગળ મંગળદાસ. ૫
તારા સારા કામમાં, કશી નહીં કચાશ;
જગકર્તા તારૂં કરે, મંગળ મંગળદાસ. ૬
ગુણ તારાથી જ્ઞાનનો, અધિક થશે વિકાસ;
તેથી થશે તમામનું, મંગળ મંગળદાસ. ૭
ઘણા દીવસથી આ ઘણી, હતી અમારી આશ;
તેતો તેં પૂરી કરી, મંગળ મંગળદાસ. ૮
ભગવાને સોંપ્યા ભલે, પૈસા તારી પાસ;
તેથી મોટું તેં કર્યું, મંગળ મંગળદાસ. ૯
લાયક વિદ્વદ લોકને, ભલો થશે અભ્યાસ;
દેશીજનનું દેખશું, મંગળ મંગળદાસ. ૧૦
તે જનનીને ધન્ય છે, ઉદર ધર્યો નવ માસ;
માત પિતાનું તેં કર્યું, મંગળ મંગળદાસ. ૧૧
તુજથી સૌ સારૂં થશે, વિશેષ છે વિશ્વાસ;
તું સૌનું કરનાર છે, મંગળ મંગળદાસ. ૧૨
છુપી છુપીને છો કરે, અજાણ્યા ઉપહાસ;
અંતે આશિષથી થશે, મંગળ મંગળદાસ. ૧૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દિલ સાચે દલપત કહે, વસો અચળ સુખવાસ;
ત્રિલોકમાં તારૂં થજો, મંગળ મંગળદાસ. ૧૪

નગરશેઠ પ્રેમાભાઈ વિષે.

"કાળુપુર દરવાજાથી ઉત્તરમાં નવો દરવાજો મૂક્યો, તેનું નામ પ્રેમદરવાજો પાડયું. તે બાબત તા. ૨૧ મી ડીસેંબર સન ૧૮૬૩ ને રોજ સભામાં બોલવા સારૂ કલેક્ટર સાહેબની ફરમાશથી રચેલી કવિતા."

દોહરા.

નભમાં છે ધ્રુવ નામથી, જ્યમ તારો વિખ્યાત;
તેમજ થશે તમામ સ્થળ, પ્રેમ પોળ પ્રખ્યાત. ૧

પશ્ચિમ દિશ આ પુરતણું, માંડેલું નિજ મુખ;
પણ પૂરવ દિશ આજથી, થાપ્યું સમજી સુખ. ૨

માણક બુરજો જેમ છે, ચહાવો માણક ચોક;
જાહિંન રસ્તો જાણીને, લાયક ગણશે લોક. ૩

પૂરણ શોભા પેખતાં, પૂર્ણ ઉપજશે પ્રેમ;
પ્રેમપોળ સુપ્રસિદ્ધ થશે, અર્થ સહિત પણ એમ. ૪

અમરે અર્થ સહિત ધર્યું, નિશ્ચય અમૃત નામ;
તેમજ પ્રેમાભાઈ પર, પામે પ્રેમ તમામ. ૫

જન સઘળાનું જાહિંને, કર્યું સ્નેહનું કામ;
તે માટે રસ્તાતણું, જાહિંન રાખ્યું નામ. ૬

દીસે પશ્ચિમ દેશમાં, પ્રસિદ્ધ પ્રેમાભાઇ;
તે માટે તે પોળ પણ, તેને નામ ગણાઇ. ૭

વળી જેણે આ વર્ષમાં, આપી સસ્તુ અન્ન;
ગરીબ જે આ ગામના, જીવાડયા બહુ જંન. ૮

સરકારે સર્વોપરી, એજ ગણ્યો આવાર;
કૌંસિલનો મેંબર કર્યો, આપી કીર્ત્તિ અપાર. ૯

ચંદ્રાવળા છંદ.

હેમાભાઈ સુત પ્રેમાભાઇની પ્રસરી કીર્ત્તિ અપાર;
કૌંસિલનો અધિકારી કીધો, સરસ ગણી સરકાર,
સરસ ગણી સરકારે થાપ્યો, એ મોટો અધિકારજઆપ્યો,
નગરશેઠ કુળવાત નવાઇની, હેમાભાઇસુતપ્રેમાભાઈની. ૧૦

[1] જગતશેઠને કુળ નથી જાણ્યો, કદી આવો અધિકાર;
જે સારા ધારા કરી આપે, કરે તેમ સરકાર;
કરે તેમ સરકાર મુલકમાં, હદ પરમાણે ચાલે હુકમાં;
ઉત્તમએઅધિકારજઆણ્યો, જગતશેઠનેકુળનથીજાણ્યો ૧૧

શાંતિદાસ શ્રેષ્ઠ પદ પામ્યા, પાદશાહની પાસ;
પણ આવો અધિકાર મળ્યાની, એને ન હતી આશ;
એને ન હતી આશા અંતર, તે કુળ પુરૂષ થયા તદનંતર;
જશબીજી રીતના તો જામ્યા, શાંતિદાસ શ્રેષ્ઠપદપામ્યા. ૧૨

શાંતિદાસની છઠ્ઠી પેહેડી, પ્રેમાભાઈ સપૂત;
સાત ગણી કીર્ત્તિ સંપડાવી, મહીમા કરી મજબુત.
મહીમા કરીમજબુત વડાઈ, ચૌદગણી થઇ કુળની ચડાઈ;
મહા સરસ શોભાવી મેડી, શાંતિદાસના છઠ્ઠી પહેડી. ૧૩

દોહરો.

શાંતી, લક્ષ્મી, ખુશાલ, વળી, વખત, હેમ, ને પ્રેમ;
નગરશેઠની ગાદીપર, ઉપજ્યા પુરૂષો એમ. ૧૪

ચંદ્રાવળા છંદ.

પૈસાથી એ પદ ન પમાયે, કુશાગ્ર બુદ્ધિ કામ;
પશ્ચિમની હદના પુરૂષો જે, તે મળી જોઇ તમામ;
તેગણીજોઇતિમામતપાસી, ખુશાલસુતસુતસુતમતિખાસી;
સાગરમાં નદી સમાયે, પૈસાથી એ પદ ન પમાયે. ૧૫

નગરશેઠ તો રાજનગરના, તોલ નગર તળ માંહિ;
આ અધિકારીની અસર થશે તે, મુલકસકળથળ માંહિ.
મુલકસકળથળમાંહિમનાશે, જગતશેઠથી અધિકજણાશે;
નિયમબાંધશેઅગણિતનરના, નગરશેઠતોરાજનગરના. ૧૬

કુળનો દીવો બહુ દિન જીવો, પ્રેમાભાઈ સપૂત;
આથકી પણ ઉત્તમ પદ પામો, જામોજશ સંજુક્ત.
જામોજશ સંજુક્ત જગતમાં, આગેવાની કરો અગત્યમાં
પ્રજાતણો પ્રીતિ રસપીવો, કુળનોદીવોબહુદિનજીવો. ૧૭

અગણિત અલખત ઈશ્વર આપે, કરે કુશળ કલ્યાણ;
પુત્ર પૌત્ર પરિવાર વધે વળી, લાખગણી લ્યો લહાણ,
લાખગણીલ્યોલહાણુંજસારી, અદકી એ આશીષઅમારી;
કષ્ટસર્વકરૂણાકરકાપે, અગણિતઅલખત ઇશ્વર આપે. ૧૮

એ રસ્તો ને એ દરવાજો, થાજો જગમાં સ્થિર;
સદૈવ રહેજો સાજો તાજો, ગણાજો ગુણ ગંભીર;
ગણાજો ગુણ ગંભીર અતીશે, દોલતનાં ગાડાં દિનનિશે;
ભારે તેની ભીડ ભરાજો, એ રસ્તોને આ દરવાજો. ૧૯

---

૧ અમદાવાદ વસાવ્યું ત્યારે મુહૂર્તમાં ગણેશબારી, માણેક બુરજ અને રાજમહેલનું ભદ્ર શહેરના પશ્ચિમ ભાગમાં સ્થાપ્યું, તેથી શહેરનું મુખ પશ્ચિમ તરફ ગણાતું હતું.

૧ તે મુર્શીદાબાદમાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૃથ્વી માંહે પ્રસિદ્ધિ પામે, ઠામે ઠામે ઠીક;
હેમમણિ માણકની હેડયો, આવે નિત્ય અધિક;
આવે નિત્ય અધિક અલેખે, દુનિયાજન આનંદે દેખે;
દીધીઆશિષ દલપતરામે, પૃથ્વીમાંહિ પ્રસિદ્ધિ પામે.૨૦

રાવ બાહાદુર જગજીવનદાસ ખુશાલદાસ વિષે.

"તા૦ ૮ મી જુન સને ૧૮૬૭ ને રોજ તેમની સુરત બદલી થવાથી તેમને માન આપવા સારૂ નગરશેઠ પ્રેમાભાઇને બંગલે સભા મળી હતી, તે વખતે કહેલી કવિતા શેઠની ફરમાશથી."

દોહરો.

પરમ પ્રમાણિક પુરૂષની, ભલી વિધ કરીએ ભેટ;
દેખો અમદાવાદમાં, દિપ્યુટિ માજીસ્ટ્રેટ. ૧

સવૈયા એકત્રીસા.

દિપ્યુટિ માજીસ્ટ્રેટતણો અતિ, ઉત્તમમેળવીને અધિકાર;
વસતાંઅમદાવાદ વિષે, પ્રગટયોજ પ્રજાજનનો બહુપ્યાર;
અલ્પસમયમાં અધિક કર્યો,પરિપૂર્ણપ્રતાપિ કીર્તિપ્રકાશ,
ગુણવંતી ગુજરાતવિષે,અતિ જશ લીધો જગજીવનદાસ.૨
બાળક વૃદ્ધ ગરીબ તવંગર,તેં નિરખ્યા સૈને સમતુલ્ય;
સાચવિયાં મન સર્વતણાં બહુ,એગુણતોતુજમાંહિઅમુલ્ય;
કોઈતણા મનમાં કશી રીતથી,તેં કદી ઉપજાવ્યોનહિત્રાસ;
ગુણવંતી ગુજરાત વિષે,અતિજશલીધો જગજીવનદાસ.૩
સત્યપણું તુજમાં પરિપૂરણ, જેમ સમુદ્ર વિષે જળ પૂર;
સ્નેહકરી સુધરાઈ વિષે,અહોનિશ ઉમંગ ધર્યોઅતિઉર;
યોગ્યરીતે ઉપયોગકર્યો, કરી ઇંગ્લિશ વિદ્યાનો અભ્યાસ;
ગુણવંતી ગુજરાતવિષે, અતિ જશ લીધોજગજીવનદાસ.૪
જે શુભકાજતણોજ્યાં આદર,આપતણું ત્યાં હોયજ નામ;
કાર્યસિદ્ધ સભા સુધરાઇની,એવાંકંઈક લીધાં શિર કામ;
શાંતસ્વભાવથકી સમજાવવું,મુખમાં ખુબ ભરેલ મિઠાશ;
ગુણવંતી ગુજરાતવિષે,અતિજશ લીધો જગજીવનદાસ.૫
સાચો તું પરનારી સહોદર, ગંભિરતા ગુણમાં ગરકાવ;
શુદ્ધ વિચારસ્વધર્મ વિષે, કદી ધર્મવિરૂદ્ધ બન્યો ન બનાવ
સાધુઅદલઈનસાફવિષે,કદીએ કદી દીઠી નહિજ કચાશ;
ગુણવંતી ગુજરાતવિષે,અતિજશ લીધો જગજીવનદાસ.૬
ભામિનિ કેક ભુખે મરતી,પતિએ કરી ક્રોધ કરીપરિત્યાગ;
આપતણોઅધિકારથતાં,તેભામનિનાં ઉઘડયાં બહુ ભાગ્ય,
આશિષ એવી અનેકવદે,જેનારીબિચારી રહી ન નિરાશ;
ગુણવંતીગુજરાત વિષે,અતિજશ લીધો જગજીવનદાસ.૭
જો નિરજીવન અબળાને, જગમાંહિ દીધું તેં જીવતદાન;
નામ ભલેજ ધર્યું જગજીવન, નામ ધર્યું તેને છે માન;
જીવક આશ નિરાશ ન જાયે,પતિવ્રતા પહોંચી તુજપાસ;
ગુણવંતીગુજરાત વિષે, અતિજશ લીધોજગજીવનદાસ.૮
રાજનગરની રૈયતનેકદી,નિમિષ નહીં વિસરે તુજ નામ;
ખુશાલદાસ તણા ખુદ પુત્ર, નિરાશ્રિત લોકતણા વિશ્રામ;
ક્ષત્રીવંશ વિષે ક્ષિતિમાં,તુજથીજ થયોઅધિકોજઉજાસ;
ગુણવંતી ગુજરાતવિષે, અતિજશલીધો જગજીવનદાસ.૯
જો ગુણ વરણન વરણવીને કહું,તો બનશે વધતો વિસ્તાર;
ગુણ વરણનનો ગ્રંથ બને,સંક્ષેપ કરી ઉચર્યોઅહિ સાર;
આ સુણતાંસહુનાઉરમાંહિ,ભલેજ થશે ગુણનો આભાસ;
ગુણવંતીગુજરાત વિષે,અતિજશલીધોજગજીવનદાસ.૧૦
જ્યાંવિચરોત્યાંએજરીતેજશ,મેળવજો સારૂં સનમાન;
વળી વસજો સકુટુંબસુખી,વધજોવિસતાર તથા ધનધાન;
આશિષ એ દલપત્તતણી,મનમાંધરજો સ્મરજો દર માસ;
ગુણવંતીગુજરાત વિષે,અતિજશ લીધો જગજીવનદાસ.૧૧

દોહરા.

જશ લીધો જગતમાં, સર્વ કહે સાબાશ;
ઉત્તમ ધન તો એજ છે, જન જગજીવનદાસ. ૧૨
જ્યાં વિચરો ત્યાં જગતમાં, જશ આપે જગદીશ;
સર્વ સભાસદ સ્નેહથી, આપે એ આશીષ. ૧૩

ડાક્ટર વાયલી સાહેબ વિષે.

"તા૦ ૯ મી ડિસેંબર સને ૧૮૬૭ ને રોજ તેમને માન આપવા સારૂં હમાભાઈ ઇન્સ્ટીટ્યુટમાં સભા મળેલી તેમાં કહેલી કવિતા, સભાની ફરમાશથી.

દોહરો.

સંભારી સદગુણ સદા, અહોનિશ કરશું યાદ;
એવું આપે આદર્યું, આવી અમદાવાદ. ૧

હરિગીત છંદ.

તેં આવી અમદાવાદમાં, બહુ મોટી કિરતી મેળવી;
સુધરાઈ ખાતાં તેં સુધાર્યાં, ભાવથી દિલ ભેળવી;
તુજ હાથ અડતાં હઠે વ્યાધી, કોઇ રહે નહિ કાયલી;
આ શહેરના જન સૈ કહે, વાહ વાહ ડાક્ટર વાયલી.૨
સહુસાથ કીધોસ્નેહ તેં, સાબાશી લીધી સૈ તણી;
ગણતાં ન આવે અંત કદી,ગુણ સર્વ કહીએ જો ગણી;
કઈ માણસોની મટાડી, મોટી પીડા મનમાંયલી;
આ શહેરનાજન સૈ કહે, વાહ વાહ ડાક્ટર વાયલી.૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જો લક્ષ્મી ખરચે લાખ તોપણ, રોગ લેશ ટળે નહીં,
જે રોગનો ઉપાય એકે મુલક માંહિં મળે નહી;
તેં રોગ તેવા ટાળિયા બહુ, પણ ન માગી પાયલી;
આ શહેરના જન સૌ કહે, વાહ વાહ ડાકટર વાયલી.૪
તેં પેટમાંથી પથરીઓ કાઢી, ઘણી હિકમત કરી,
કઈ પ્રાણ રાખ્યા પ્રાણીના, ખુદ આદરી મહેનત ખરી;
ઉપકારી સારી એવી તારી, ખરી દવા દેખાવલી;
આ શહેરના જન સૌ કહે, વાહ વાહ ડાકટર વાયલી. ૫
તુજથી જુદા પડતાં ઘણાં જન, અધિક એમ ઉદાસછે;
વળી ફરી તરત હરિ મેળવે, એવી સરવને આશ છે;
ધનવંતરી સમ ધન્ય તુજ, સર્વત્ર છાપ છપાયલી;
આ શહેરના જન સૌ કહે, વાહ વાહ ડાકટર વાયલી.૬

દેહરો.

સહુ જન માગે સ્નેહથી, પરમેશ્વરની પાસ;
જ્યાં વિચરો ત્યાં જગપતિ, પુરે આપની આશ. ૭

પ્રમાણિકા છંદ.

નહોત વૈદ વાયલી, કદી મટું ન કાયલી;
પીડા રૂપૈયે પાયલી, મટે ન આંખમાંયલી. ૮

ઇડરના મહારાજા જુવાનસિંહજી વિષે.

"તારીખ ૧૬ મી જાનેવારી સન ૧૮૬૮ ને રોજ તેમને સરકારે સ્ટાર ઓફ ઈંડિયાનો ઈલકાબ આપ્યો; તે વખતે ઈડરમાં મોટી સભા ભરાઇ હતી, અને મને અમદાવાદથી તેડાવ્યો હતો; તેમાં કહેલી કવિતા.

દોહરો.

અંતરથી આશિષ કહું, ધર ઈડર સરદાર;
કોટિ ગણી તુજ પર કરે, કરૂણા જગકરતાર. ૧

મોતીદાસ છંદ.

કરે કરૂણા જગનો કરતાર;
ભરપૂર અખૂટ ભંડાર;
સમૃધ્ધિ વધે સુરનાથ સમાન,
જીવો જગમાં નૃપ સિંહજુવાન. ૨
દશે દિશમાં કિરતી દરશાય,
ગણી ગણીને ગુણ ગ્રંથ રચાય;
દયા ધરીને નિત્ય દો બહુ દાન;
જીવો જગમાં નૃપ સિંહજુવાન. ૩
વસે મુખ માંહિ સરસ્વતી વાસ,
અધિક વધે રાજ્ય ઉજાશ;
રહે ધરણીધરનું દિલ ધ્યાન,
જીવો જગમાં નૃપ સિંહજુવાન. ૪
વધે વસુધા તુજ વંશ વિશેષ,
વધે દિન દિન વળી તુજ દેશ;
નચિંત ચડે નવખંડ નિશાન,
જીવો જગમાં નૃપ સિંહજુવાન. ૫
પ્રજાજનનો તુજ ઉપર પ્રેમ,
વધે જળ જંતુતણો જળ જેમ;
મળે મણિ માણુક પૂર મકાન,
જીવો જગમાં નૃપ સિંહજુવાન. ૬
અતિ બળવંત બને તુજ અંગ,
અહોનિશ એમ વધેજ ઉમંગ;
પિયો વળી કૃષ્ણ કથારસપાન,
જીવો જગમાં નૃપ સિંહજુવાન. ૭
મળે ગુણવંત ગણા ગજરાજ;
મળે સરવે સુખનો બહુ સાજ;
ગુણી જન લોક કરે ગુણગાન,
જીવો જગમાં નૃપ સિંહજુવાન ૮
નવે નિધિ દે તુજને દીનનાથ,
હજાર ગણો જશ હો તુજ હાથ,
છએ રસની તુજ મંદર છત્ત,
પ્રતિદિન આશિષ દે દલપત્ત. ૯

છપ્પો.

આદી નંબર આજ, રાજ મહિકાંઠા અંદર;
આદી નંબર આજ, ગુજરધરમાં કુળ સુંદર;
આદી નંબર આજ, રાજવિદ્યા અભ્યાસી;
આદી નંબર આજ, બુધ્ધિબળ પરમ પ્રકાશી;
વળી અંગ્રેજી ઈનસાફમાં, આદી નંબર આજ છે;
નંબર આદી સુધરેલ નૃપ, જુવાનસિંહ મહારાજછે.૧૦

એ શિવાય નીતિની કવિતા પણ મેં ઘણી સંભળાવી હતી તેથી મહારાજા સાહેબે ખુશી થઇને દરસાલ સો રૂપિઆના વર્ષાસનનો લેખ ચાલતો કરી આપ્યો.

મિસ મેરી કાર્પેંટર વિષે.

"તા૦ ૩૧ મી ડીસેંબર સને ૧૮૬૯ ને રોજ હીમાભાઈ ઈન્સ્ટીટ્યુટમાં સભા ભરાઈ હતી, અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેણે ભાષણ કર્યું હતું તે વખતે કહેલી કવિતા: " સભાની ફરમાશથી.

દોહરો.

ઈશ્વરની આજ્ઞાથકી, આવી દેવી એક;
હિત થશે હિંદુસ્તાનનું, કરે ઉપાય અનેક. ૧

હરિગીત છંદ.

ઉતરી દિસે આકાશથી, કોઈ દેવી જેવી દીસતી;
અબળા સરવ આ દેશનીનું, અધિક હિત ઉર ઇચ્છતી;
અદભુત ગત્યે ઉડી વળી જેમ, પાંખવાળી પંખીણી;
કલરવથી કરતી કાન અમૃત, હરખતી જેમ હંસણી.૨
મુંબઈ અને મદ્રાસમાં, બંગાળમાં પણ બહુ ફરી;
ભલ ભલાં ભાષણ ભાખીને, અદભુત પ્રકાર અસર કરી;
ગુજરાતમાં ચોફેર ફરતી, આવી અમદાવાદમાં;
જન મન ઘણાં રંજન કર્યાં,શુભ સરસ્વતીનાસ્વાદમાં.૩
અતિ અજબ જેવી વાત મુખથી, બહુ પ્રકારે બોલતી;
ભલપણતણો ભંડાર ભલી વિધ, ખૂબ હોંસે ખોલતી;
રમણીક રોપા રોપિયા, શુભ સુખકરણ સુધરાઈના;
આ જગતમાં એથીઅજબજસ, બહુવધ્યા તે બાઈના.૪
કોઈ મરદ શી મરદામિકરશે,ખચિત આજસ ખોઈને,
નર હૃદય હબકી જાય, જેની જરૂર હિંમત જોઈને;
ઇતિહાસ હિંદુસ્તાનનો, આ સમયનો આલેખતાં,
શુભ કૃત્ય કાર્પેંટરતણું, તે નજર પડશે પેખતાં. ૫
રહિ સ્વાર્થ પણ પરમાર્થ માટે ઘુમતી રહે છે ઘણી;
મરદો તમે મહેનત જુઓ, મિસ મેરી કાર્પેંટરતણી;
બળ જોઈ અબળા જાતિનું, ઉરમાં પુરૂષપણું આણવું;
અભિમાન આણી સ્વદેશનું, જે કૃત્ય છે તે જાણવું.૬
નીપજે શિક્ષક થઇ નારીઓ એવા ઉપાયો આદરો;
વનિતા વિષે આ વારમાં, વિદ્યા તણી વૃધ્ધિ કરો;
કરશો સરસ જો ક્યારડા, તો પાક ઉમદા દેખશો,
તેમજ નિવડશે નારીઓ તો પ્રજા ઉમદી પેખશો; ૭
સહવાસ સાહેબ લોકના, જે પુરૂષ પોતે પામિયા;
ચિત પામિયા સુવિચાર તેવળી,વ્હેમ તેના વામિયા;
તે રીત લાયક લેડિનો, સહવાસ સુંદરીને થશે;
ત્યારેજ નારી તમામના, જડમૂળથી વહેમો જશે..૮
ઓ દેવરે આ દેશમાં કોઇ, "જોર્જ [1]પિબંડિ"જાગશે,
જે દેશીઓની દરિદ્રતાના, દુઃખ તણો ભય ભાગશે;
કાંતો કૃપા કરી સર્વને તું, આપ હિંમત ઉરમાં;
દર કાંકરેકરી પાળ બાંધે, પ્રજાના હિત પુરમાં. ૯

દોહરા.

પ્રભુ પૂરૂં કરજે બધું, કાર્પેંટરનું કામ;
આશા રાખે એટલી, દિલમાં દલપતરામ. ૧૦
બહુ જોગી ને જોગણો, ફરે થઇ ફકડ;
જોગણ કાર્પેંટર જુઓ, પર ઉપકારી અખંડ. ૧૧

મિસ મેરી કાર્પેંટર સાહેબે ઉપલી કવિતાનો ઉત્તર મુંબઈ જઈને લખી મોકલ્યો તે નીચે પ્રમાણે.

Bombay, January 13, 1870.

Miss Carpenter begs to present her best thanks to Mr. Dulpatram for his beautiful poem, of which she has now received a translation. Miss C. is much gratified that her labours are so kindly appreciated, and is sure that her friends in England, will be so also:- She will rejoice if her example stimulates other to labour for the advancement of Hindu women, and especially native gentlemen to place their own ladies in their proper position

દફતરદાર દાજીભાઈ સુંદરલાલ વિષે.

" તા૦ ૨ છી માર્ચ સન ૧૮૭૦ ને રોજ તેમને માનપત્ર આપ્યું, તે વખતે સભામાં ભાષણ કરીને કહેલો સવૈયો નીચે પ્રમાણે, કલેકટર સાહેબની ફરમાશથી. "

ઇંદ્રવિજય છંદ.

કોણ પ્રધાન કરી શકશે કદી રાય અને વળી રૈયત રાજી;
તે ગુણ તો તુજમાં સવિવેક, હરેક મનુષ્ય કહેમુખહાજી;
ક્યાંથી સર્વ કહ્યા નવ જાય,રહ્યા ગુજરાતવિષેગુણગાજી;
રાવબહાદુર રંગ તને બહુ, સુંદરલાલતણાસુત દાજી.૧

મી૦ કરસનદાસ મુળજી [1]વિષે.

" તા૦ ૨૮ મી ઑગસ્ટ ૭૦ સ૦ ૧૮૭૧ ને રોજ ગુજરી ગયા તે બાબત બુધ્ધિપ્રકાશમાં છાપેલી કવિતા. "

૧ એ નામનો એક સાહેબ વિલાયતમાં થઈ ગયો કે જેણે લાખો રૂપીઆ પરમાર્થમાં આપ્યા છે.

૧ આનું જન્મ ચરિત્ર રાવ. સા. મહીપતરામ રૂપરામે રચ્યું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરા.

રે શાણા સરદાર તું, ગયો પ્રભુની પાસ;
પણ નિશ્ચળ અહીં નામના, કીધી કરસનદાસ. ૧
પદવી ઉત્તમ પામિયો, કરી ઉત્તમ અભ્યાસ;
સુધરેલો સાથી સરસ, કહીએ કરસનદાસ. ૨
મોટો અનુભવ મેળવ્યો, કરી પરદેશ પ્રવાસ,
વડી વિખ્યાતી વિશ્વમાં, કીધી કરસનદાસ. ૩
સુખ દુખ સાંપડવાતણો, તેં નહિ રાખ્યો ત્રાસ;
સ્વદેશની શુભ વાંચ્છના, કીધી કરસનદાસ. ૪
ખાધું રીત ખરાબથી, ઘણા જનોએ ઘાસ;
અંતે જગમાં જીત તેં, કીધી કરસનદાસ. ૫
થોડા દિન સ્થિરતા કરી, વશ્યો વિશ્વમાં વાસ;
કામ ભલાં આ ઠામ તેં, કીધાં કરસનદાસ. ૬
વશી કાઠિયાવાડમાં, કીર્તિ કરી પ્રકાશ;
કુળ અજવાળણ કર્મ તેં, કીધું કરસનદાસ. ૭
બંદો બહાદુર બહુ ભલો, સૌમાં કર્યો સમાસ;
લાખેણો જશ લૈ ગયો. કપોળ કરસનદાસ. ૮
કોઇ તારા કામમાં, કરશે નહી કચાશ;
વખાણ તારાં વિશ્વ સૌ કરશે કરસનદાસ. ૯
કીર્તિ વધીને કેકની, વળતી થાય વિનાશ;
પાયા તેં પાતાળમાં, કીધા કરસનદાસ. ૧૦
કપોળ કુળના કોહિનુર, તુજ જશતણો ઉજાસ;
ગણી અમુલ્ય ગવરનરે, દાખ્યો કરસનદાસ. ૧૧
વીરા તારા વચનની, મહા અમુલ્ય મિઠાશ;
રહી ગઇ દલપતરામના; દિલમાં કરસનદાસ. ૧૨

રાવ બહાદુર બેચરદાસ અંબાઇદાસ વિષે.

"તા. ૨૬ મી એપ્રિલ સને ૧૮૭૨ રોજ તેમને રાવબહાદુરનો ઇલકાબ આપવા સારૂ કલેકટર સાહેબને બંગલે સભા ભરાઇ હતી, તે વખતે કલેકટર સાહેબની ફરમાશથી કહેલી કવિતા.

દોહરો.

ખાનદાન કુળના ખરા, દીપક બેચરદાસ;
કુળ કણબી શુભ કેડવા, અમદાવાદ નિવાસ. ૧

ઝુલણા છંદ.

આદ્ય ઉંઝા થકી અહમદાવાદમાં,
આવિયા આપના બાપ દાદા,
સાતસેં વર્ષની વિગત સરવે મળી,
રાખતા માનથી રાય જાદા;
પટલ પાંચ તણા પ્રૌઢ પરિવારમાં,
જગતમાં કેક કુળ દીપ જાગ્યા;
વતનદારી કરી કઇક વેપારી પણ,
કેક ખેતી વિષે ખૂબ લાગ્યા. ૨
છાવણીમાં તથા શહેર દોકાન બહુ,
દેશમાં કીધી અંબાઇદાસે;
લશ્કરી નામની છાપ લોકે કહી,
ભૂમિમાં નામ બહુ ઠામ ભાસે;
તે તણા પુત્ર તો દાસ બેચર થયા,
વિશ્વના વાસિ લોકો વખાણે;
વિત્ત બહુ વાવરી કામ મોટાં કર્યાં,
જરૂર આ જગતમાં લોક જાણે. ૩
ધર્મશાળા ભલી અધિક ધન વાવરી,
પૂર્વ દિશાએ પુર બહાર કીધી;
રોગશાંતિકશાળા રૂપાળી રચી,
લોકમાં કીર્તિ ઘણી તેથી લીધી;
નારી શિક્ષકની નિશાળને કારણે,
સોગણા સોગણી દામ દીધા;
એટલા દામ કામ કાલેજના કારણે,
કોડથી આજ બખશીશ કીધા. ૪
સ્થાપી શાળા સુગિર્વાણ વાણીતણી,
તે તણી વાત પણ છેજ તાજી;
અન્નદાતા થઇ અન્ન આપ્યાં ઘણાં,
રાંકને તો કર્યો ખૂબ રાજી;
કરજદારો ઘણી ગરજથી કરગર્યા,
અરજ સુણી કેકનાં કરજ કાપ્યાં;
પોળ વારી ઓળ ઘરની રચી,
ભાડું લૈ અલ્પ ઘરબાર આપ્યા. ૫
કેડવા કણબીની નાત સરવે મળી,
નેહથી નાત શેઠાઇ દીધી;
વાવર્યું વિત્ત પેદા કરી આપથી,
બાપથી આબરૂ બહુજ કીધી;
દાન દેવા તણા ઉતરી મેદાનમાં,
જય કરી જગતમાં સુજશ થાપ્યો;
જાણી તે વાત મહારાણી વિકટોરિયા,
રાવબહાદુર ઇલકાબ આપ્યો. ૬
અધિક પેદા કરી અધિક ધન વાવરો,
આપથી [1]અધિક વળી માન આપો;

[1] પછી સી. એસ. આઇ. નો ઇલકાબ મળ્યો છે.

P. P. Ac. Gunratnasuri M.S.　　　　Jin Gun Aaradhak Trust

કોટિધા જગતકર્ત્તાર કરૂણા કરો,
પુત્ર પરિવાર વિસ્તાર જામો;
હામ હૈયે ધરી કામ આવાં કરો,
નામ પ્રખ્યાત રહો ઠામ ઠામે;
બહાદુર બેચરદાસ જીવો ઘણું,
દીધી આશીષ દલપત્તરામે. ૭

સોરઠો.

બહાદુર બેચરદાસ, પામી સૈનો પ્રેમ રસ;
વસી કડવા કુળ વાસ, મીઠો થયો મનુષ્યને. ૮

લીંબડીના મહારાણા જશવંત સંગજી વિષે.

"રાજકુમાર કાલેજમાં[૧] વિદ્યાભ્યાસ કરી પહેલો નંબર ધરાવીને સંવત ૧૯૩૦ ના વૈશાખ વદી ૧૧ ભોમવારને લગને કચ્છના જાડેજા કુળની બે કન્યાઓ સાથે લગ્ન કર્યું. ત્યારે મને કંકોતરી તથા બીજે કાગળ લખીને ઘણા આગ્રહથી લીમડી તેડાવ્યો હતો. ત્યારે હિંદુસ્તાની ભાષામાં આ નીચે લખેલી કવિતા મેં કહી હતી."

કવિત.

जनक पुरिमें तेरी धनक धनकधारी,
कनकसी कन्या सीता सितापति पायो है;
द्रुपदके देश देश देशके नरेश मिले,
वामे गुडाकेश मच्छ वेधी वामा ल्यायो है.
जादवके देश मकवान जशवंतसिंह,
वलमके इलममें पूरन पंकायो है;
सब राजके कुंपारमें पहिलो पद पाइ,
जादवको जुग्म कन्या चाहन चहायो है. १

दोहा.

मत्स वेध धनुवध पुनि, सहजकाज यह सोइ;
वलम इलमके कामवे, वरस लगत इक दोइ.

પછી તેઓ વિલાયત જઇ આવ્યા વિષે.

મનહર છંદ.

પહેલો નંબર મઠશાળા વિષે પામ્યા પછી,
પહેલે નંબરે તે વિલાયત પધારિયા;
રાજ અધિકાર પામી રાજ નીતિતણી રીતિ,
પૂરણ જણાવી જશ પૂરણ વધારિયા;
પ્રાંતે પ્રજા પાળી વિદ્યાવાળી કરીને સંભાળી,
ખામી ઘણી ટાળી જનો સ્નેહથી સુધારિયા;
કહે દલપતરામ કરી સારાં સારાં કામ;
ધન્ય જશવંત ધરણીમાં જશ ધારિયા. ૩

૧ રાજકોટમાં.

ક૦ નર્મદાશંકરના સરસ્વતી મંદિર વિશે.

સંવત ૧૯૩૦ ના કાર્તિક શુદ ૧ ને દિવસે હું ખાનગી કામે સુરત ગયો હતો તે દિવસે કવિએ પોતાના મંદિર પાસે સભા ભરી હતી. તેમાં કવિતા બોલવાનું નિમંત્રણ માનપૂર્વક મને કર્યું હતું, ત્યાં મેં કેટલીએક નીતિ સંબંધી કવિતા સંભળાવીને આ નીચે લખેલી કવિતા કહી હતી. તેમાં એક અર્થમાં દેવની સભાનું વર્ણન છે અને બીજા અર્થમાં સભામાં બીરાજેલા ગૃહસ્થોનાં નામ આવે છે.

દોહરા.

સ્મરૂ મંગળાચરણમાં, પ્રભુ મંગળ કરનાર;
મંગળકારી દિવસ શુભ, વળી છે મંગળવાર. ૧
શ્વેતશંકર [૧]સુતને નમી, માગું તેની પાસ;
લાલશંકર સુતની સદા, ઇશ્વર પુરે આશ. ૨

પદ.

"નાથ કંસે ગજકા બંધ છોડયો."—એ રાગનું.
સરસ્વતિ મંદિર છે આજ સારૂં,
જોતાં મુદિત થયું મન મારૂં; સરસ્વતિ. ટેક.
જ્યાં જગજીવન[૨] જગત વિદિત છે,
ચતુર અને નામ ચારૂં;
આજ સરસ્વતિ મંદિર સમિપથી,
એનું સ્વરૂપ નથી ન્યારૂં. સરસ્વતિ ૧
બ્રહ્મ સભા આ સભામાં ભળી છે,
બ્રહ્મા તે પ્રત્યક્ષ લેખો;
જે શંકર [૩]પાંડુરંગ બીરાજે છે,
દુર્ગા[૪] સહિત વળી દેખો. સરસ્વતિ ૨

૧ શંકર શરીરે ધોળા છે તેના ગણપતિ. એમાં પરિકરાલંકાર છે.
૨ વિષ્ણુ અથવા જગજીવનદાસ ખુશાલદાસ.
૩ શ્વેતરંગના શંકર અથવા શંકર પાંડુરંગ.
૪ દુર્ગારામ મેહેતાજી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ વર્ષ માંહિ આ સર્વના ઉરની,
ઉમેદ [1]રામ કરે પૂર્ણ;
ધીરજ [2]લાલ વદન પ્રમુદિત કરી,
ચિંતા કરે સૌની ચૂર્ણ. સરસ્વતિ. ૩

[3]મુકંદરાય વળી નામ છે જેનું,
તે થજો સૌ પ્રસંન;
[4]કુ ખુશ રોજ રહે સઉ સજ્જન,
આજ દિવસ ધન્ય ધન્ય. સરસ્વતિ. ૪

કવિ [5]નરમદે અતિ સ્નેહથી સ્થાપિત,
સુરત શેહેર મોઝાર;
તે મંદિરની સમીપમાં આ અવસર,
શોભે સભા છે શ્રીકાર;
ઓગણીસેં અને ત્રીશમું આજે,
વિક્રમનું બેઠું વર્ષ;
દલપતરામ કહે દુનિયામાં,
ઉપજાવજો અતિ હર્ષ. સરસ્વતિ. ૬

દોહરો.

સંવત ઓગણીસેં અને આજ ત્રીશમું વર્ષ;
સૌને સુખકારી થજો, હૈડે વધજો હર્ષ.

છપ્પો. ૧૯૩૦ ના આંકડાનો અર્થ.

પૂર્વે ચિદ આકાશ, શુન્ય રૂપે સર્વ સ્થળ;
તેથી ઉપજ્યા ત્રિગુણ, ત્રિલોકી થૈ વળી તે પાળ;
ભરતાદિક નવખંડ, ભુનળે ઉપજ્યા ભાળો;
તે સૌ એક સ્વરૂપ, સમજીને સંશય ટાળો.
એ સમજણ કેરી સૂચના, ઓગણિસેં ને ત્રીશમાં;
સમજુ જન મનમાં સમજજો, ભેદ ભલો ભૂલીશમાં. ૮

રાવ બહાદુર ભોળાનાથ સારાભાઈ વિષે.

"તા. ૨૭ મી. માર્ચ સન ૧૮૭૫ ને રોજ તેમને રાવ બહાદુરનો ઈલકાબ આપવા સારૂ કલેકટર

૧ ઉમેદરામ આણંદરામ, ૨ ધીર પુરૂષથી જન્મેલા સૌના મુખ રાતાં કરીને અને બીજા અર્થમાં ધીરજલાલ નામ. ૩ વિષ્ણુ અથવા મુકુંદરાય મણિરાય. ૪ કેખુશરો હોરમસજી. ૫ માંણસ માત્રમાં કંઇ ખામી તો હોય છે તે સામું ન જોતાં ગુણનું ગ્રહણ કરવું એવી નજરથી જોતાં આ કવિ સ્વદેશાભિમાની, હીમત બહાદુર, વિદ્વાન અને દેશમાં ઘણો ઉપયોગી હતો એમાં સંશય નથી.

સાહેબને બંગલે સભા ભરાઈ હતી તે વખતે કલેકટર સાહેબની ફરમાશથી કહેલી કવિતા."

મનહર છંદ.

રાવ બહાદુરતણું પદ રૂડી રીતે લીધું,
કીધું કમજોર ગેબી વેરી વિકરાળનું;
શીપારશ શા હીસાબે પક્ષપાત પણ હાર્યો,
જરીએ ન ચાલ્યું જોર, લોભની જંજાળનું;
સુવિચાર રૂપી શસ્ત્ર સજીને સંગ્રામ સજ્યો,
સંભાળ્યું સદૈવ કામ આપની સંભાળનું;
સારાભાઈના સપૂત ભલા ભાઈ ભોળાનાથ,
પૂરા શૂરાપણે માન પામ્યા મહીપાળનું. ૧

શિખરિણી વૃત્ત.

ધનુર્વિદ્યાધારી, સરસ જન શૂરા બહુ થયા;
પડે ગેબી ગોળા, તરત પણ ત્યાં તે ડરી ગયા;
ભલા ભોળાનાથે, અધિક કરી કીર્ત્તિ અવિચળા;
કૃપાચાર્યે ક્યારે, શિખવી [1]સ્વરવેધી શુભ કળા. ૨

દોહરા.

નિર્મળ કોરટ ન્યાયની, પરમ તીર્થ પ્રખ્યાત;
કર્મ મુક્ત ઋણ મુક્ત જ્યાં, જુઓ થાય જન જાત. ૩
તીર્થાધીશો કૈક તે, નીચાં કરાવે નેણ;
ભોળાનાથે સ્વજન મુખ, [2]ઉંચાં કર્યાં સુખદેણ. ૪

રા. બા. ભોળાનાથ સ્ત્રી વિદ્યાલય વિષે.

તા. ૧૫–૨–૯૬ ને શનિવારે ગવર્નર સાહેબ લૉર્ડ સેંડહર્સ્ટ સાહેબે તે મકાન ખુલ્લું મુક્યું તે વખતે કહેલી કવિતા.

દોહરો.

વનિતાઓ વિદ્યા ભણે, સમજે તેનો સાર;
ઉપજે પ્રજા પ્રવીણ તો, સુધરે આ સંસાર. ૧

હરિગીત છંદ.

સંસારની સ્થિતિ સુધરવાને, નારી સારીસુધારવી;
તે સુધરવા સ્ત્રી જાતિમાં, વિદ્યા વિશેષ વધારવી;
એવાજ શુભ ઉપયોગ માટે, ધર્મનું આ ધામ છે;
ભડભાઈ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૨

૧ શબ્દવેધી. ૨ સ્વદેશીઓ કેવી નીમકહલાલીથી સરકારી નોકરી કરે છે; તે દેખાડી આપીને દેશીઓનાં મુખ ઉંચા કર્યાં.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

પુસ્તક તણો સંગ્રહ તથા, શુભ વસ્તુનો સંગ્રહ થશે,
વનિતા વિવેકે વાંચશે, અજ્ઞાનતા તેથી જશે;
આ દેશની ઉન્નતિ થવાનું, એહ ઉત્તમ કામ છે,
ભડભાઈ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૩
સુખ કલ્પવૃક્ષ ઉછેરવાને, પ્રથમ આ ક્યારો કર્યો,
શુભ સેંડહર્સ્ટ ગવર્નરે, નિજ કરવડે અંકુર ધર્યો;
વધી વૃક્ષ તે મોટો થશે, ગુણ લક્ષણનો વિશ્રામ છે,
ભડભાઈ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૪
ગુણવંતી પૂરૂં જ્ઞાન પામે, બાળકો તેવાં બને,
શિશુપણાથી પામે સદગુણો, રહી રોજ નિજ માતાકને;
ઉત્તમ અધમ તે અવની સરખો, પાકનો પરિણામ છે,
ભડભાઈ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે.
જેવાં સુતરૂ તેવાં ફ્ળો, દુનિયાની અંદર દેખીએ,
જેવી નદી તેવાંજ મત્સો, લક્ષ ધરીને લેખીએ;
જેવી સુવનિતા તનુજ તેવાં, નિયમ ઈશ્વરી આમ છે,
ભડભાઇ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૬
હિરા મણિ માણિક તણી, આતો અનુપમ ખાણ છે,
ચિંતામણ કે કામધેનુ, પૂર્ણ તેહ પ્રમાણ છે;
વિદ્યા સ્વરૂપી વેલડી, તેમાંજ વસ્તુ તમામ છે,
ભડભાઈ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૭
શુભ સ્વર્ગવાસ કર્યો ભલે કહું ભાઈ તે કેવા હતા,
વિદ્યાની વૃધ્ધિ દેખીને દિલ રાજીરાજી તે થતા;
જેનાં રચેલાં પુસ્તકો, વંચાય ગામો ગામ છે,
ભડભાઈ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૮
સ્ત્રી જ્ઞાનશાળા આ વિશાળા, જશભરી થઈ જામજો,
પ્રભુને પ્રતાપે અતિ અમાપે, જ્ઞાન ગીરી પામજો;
ગુણ છે ઘણાની રહો તાજી, રાજી દલપતરામ છે,
ભડભાઇ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૯

દોહરો.

રૂડું શ્રી મહારાણીનું રહો, અચળ આ રાજ;
રચાય જેના રાજમાં, આવાં ઉત્તમ કાજ. ૧૦

अहींना जडज टागेर सत्येंद्रनाथ साहेब बाबत.

એ સાહેબ સને ૧૮૭૬ ના એપ્રીલમાં અહીં અદાલતના જડજના હોદા ઉપર આવેલા તેમનું કુટુંબ હાલ વિલાયતમાં હોવાથી તેઓ બે વરસની રજા લઇને વિલાયત સિધાવ્યા. તેમની મુલાકાત કરવા સારૂ સને ૧૮૭૮ ના સપ્ટેમ્બરની તા૦ ૧૩ શુક્રવારના રાતના આઠ વાગતાં નગરશેઠ પ્રેમાભાઈને બંગલે સારાં સારાં માણસોની એક મીજલસ ભરી હતી તે સભાની ફરમાશથી રચેલી કવિતા.

દોહરો.

રાજકાજ વિદ્યા વિનય, પ્રવાસ શૌર્ય સજોર;
એવા કુળને અવનિમાં, ઠીક કહે [1] ઠાકોર. ૧

સવૈયા એકત્રીસા.

કુળ ઉત્તમ કલકતા મધ્યે, દ્રીજ જાતિમાં લઈ અવતાર;
નાટક એક નવીન રચ્યું, વિગતે જેણે વેણીસંહાર;
નારાયણ ભટ નામ અનુપમ, ઉત્તમ કુળવેલો અંકાર;
સત્ય કહું સત્યેંદ્રનાથ કુળ, ઠીક કહે જન સૌ ઠાકોર. ૨
એથકી અઠ્ઠાવીશમી પેઢી, થયા [2] દ્વારિકા પ્રસિધ્ધ,
જેણે જઈ વિલાયતમાં, નિજ વેહેમ વિદારણ કારણ કીધ,
સ્વદેશના માણસના મનનું, ઘટાડવા અંધારૂં ઘોર. ૩
પુત્ર દ્વારિકાનાથ તણા; દેવેંદ્રનાથ દશદિશ વિખ્યાત,
આદિ બ્રહ્મસમાજતણા, આચાર્યપદે શોભ્યા સાક્ષાત;
રાજારામમોહનરાયેજે, પંથસ્થાપ્યોરાખ્યો ટાગોરે.સત્ય. ૪
પુત્ર થયા દેવેંદ્રનાથના, શાણા સદ્ગુણવાળા સાત;
તેમાં સત્યેંદ્રનાથના નર, ભણ્યા વિલાયતજઇ ભલીભાત.
સિવિલ સર્વિસતણીપરીક્ષા,આપીનેઆવ્યાઆકોરસત્ય.૫
ઇસવી અઢારસેં ચોસઠમાં હરખે આવ્યા હિંદુસ્તાન;
કલેકટરી ખાતામાં કીધી, નોકરી મોટું પામ્યા માન;
ભારતવર્ષતણાબહુભાગો, નિરખ્યાચાહીચતુરશિરમોર;સ.૬
અઢારસેં છોતેર તણી, ઇસવી સાલે વળી અમદાવાદ,
જજજતણાઅધિકારે આવ્યા, સૌનેસંસર્ગચખાડયોસ્વાદ.
સ્નેહાકર્ષણથીસૌનાં મન,તાણીલીધાંસીધાં દોર. સત્ય૭
માયાળુ મનનાને ન્યાયી, ગુણ જોતાં દીસે ગંભીર,
સ્વધર્મ ઉપર સ્નેહઘણો,અભિમાન રહિત ઉદારઅમિર;
એવા ઉત્તમગુણથી આપે,પામ્યાસૌજનમાંજસજોર.સ.૮
સંસ્કૃતના અભ્યાસ સદા, કુળ પરંપરાનો રૂડી રીત,
રાખ્યો તે સત્યેંદ્રનાથ નર, પૂરણ મનમાં રાખી પ્રીત;
પ્રેમવળીપરમેશ્વરપદપર,પવિત્ર મનથી આઠેપહોર.સત્ય.૯

વસંતતિલકા છંદ.

જે કેળવાય જન થાય સ્વદેશી કેવા,
દૃષ્ટાંત તેનું જન મધ્ય સદૈવ દેવા;
ન્યાયી અને નિરભિમાની જુઓ નિહાળી,
સત્યેંદ્રનાથ સરદાર સુભાગ્યશાળી. ૧૦

---

[1] તેનો અપભ્રંશ ટાગોર. [2] તેમની મોટી છબી કલકત્તાના ટાઉન હૉલમાં સરકારે મુકી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરા.

નંહીં ન્યાયને હાથ પગ, જ્યાં ત્યાં ગબડી જાય;
અરે અદાલત એ થકી, દીવાની કેહેવાય. ૧૧
હતી અદાલત અસલ જે, દિવાની નામ ગણાઇ;
તે [1]સત્યેંદ્ર સમાગમે, દુનિયા કહે થઇ ડાઇ. ૧૨
વિચરો છો જી વિલાયતે, કુટુંબ મળવા કાજ;
સહિત કુટુંબ સદા સુખી, રાખે શ્રી મહારાજ. ૧૩
વળી વેહેલા આવી અહીં, કરજો રૂડાં કામ;
આશિષ આપે એટલી; દિલથી દલપતરામ. ૧૪

ભાવનગરની ગરબી.

"પાટણનાં પટોળાં પાટીઆં, ગાગર ઘુમેરે,"એ રાગ.

ગુણવંતી ગોહિલવાડ છે, ભાવ ભેર ભાળો રે;
જ્યાં ઝાઝાં રસકસ ઝાડ છે, ભાવ ભેર ભાળો રે. ૧
નદીઓનાં નિર્મળ નીર છે, ભાવ ભેર ભાળો રે;
સરોવર સારાં ગંભીર છે, ભાવ ભેર ભાળો રે. ૨
ઉત્તમ તીર્થો અગણિત છે, ભાવ ભેર ભાળો રે;
ગિરિ શત્રુંજય શોભિત છે, ભાવ ભેર ભાળો રે. ૩
ગુણિયલ રૂડાં બહુ ગામ છે, ભાવ ભેર ભાળો રે;
રૂડી રચના ઠામો ઠામ છે, ભાવ ભેર ભાળો રે. ૪
પણ ભાવનગર સૌથી ભલું, ભાવ ભેર ભાળો રે;
એના જેવું એ એકલું, ભાવ ભેર ભાળો રે. ૫
જ્યાં ગાદી ગોહિલ વંશની, ભાવ ભેર ભાળો રે;
પુરી ઇંદ્રપુરીના અંશની, ભાવ ભેર ભાળો રે. ૬
જ્યાં પરમેશ્વરની મહેર છે, ભાવ ભેર ભાળો રે;
લક્ષ્મીની લીલા લેહેર છે, ભાવ ભેર ભાળો રે. ૭
તખતે ત્યાં તો [2]તખતેશ છે, ભાવ ભેર ભાળો રે;
જે વિદ્યાવંત વિશેષ છે, ભાવ ભેર ભાળો રે. ૮
ચૌટાં ને રૂડાં ચોક છે, ભાવ ભેર ભાળો રે;
જ્યાં લખેશરી બહુ લોક છે, ભાવ ભેર ભાળો રે. ૯
દીપતાં બહુ દેવસ્થાન છે, ભાવ ભેર ભાળો રે;
વળી વિપ્ર ઘણા વિદ્વાન છે, ભાવ ભેર ભાળો રે.૧૦
બહુ બંગલા ને વળી બાગ છે; ભાવ ભેર ભાળો રે;
એની રચના રૂડી અથાગ છે, ભાવ ભેર ભાળો રે.૧૧
વળી બંદર છે બહુ શોભતું, ભાવ ભેર ભાળો રે;
જન મન જોવાને લોભતું, ભાવ ભેર ભાળો રે.૧૨
રત્નાગરની રિધ સિધ છે, ભાવ ભેર ભાળો રે;
વેપાર વણજ વિધવિધ છે, ભાવ ભેર ભાળો રે.૧૩
ત્યાં સુખીઆ લોક સદાય છે, ભાવ ભેર ભાળો રે;
નિત્ય આનંદ ઓચ્છવ થાય છે, ભાવ ભેર ભાળો રે.૧૪
બહુ દિવસ દિસે છે ઉજળા, ભાવ ભેર ભાળો રે;
કરે પરમેશ્વર ચડતી કળા, ભાવ ભેર ભાળો રે.૧૫
તખતેશને વરતી તમામની, ભાવ ભેર ભાળો રે;
રૂડી આશિષ દલપતરામની, ભાવ ભેર ભાળો રે.૧૬

નવી દુનિયા વિષે.

અદ્ભુતરસ.

દોહરો.

દીસે આ દુનિયા નવી, નવું નવું સૌ ઠામ;
કોણ મને લાવ્યું અહીં, દાખે દલપતરામ. ૧

ભુજંગી છંદ.

અરે આજ આંહી મને કોણ લાવ્યું,
નવું વિશ્વ શું ઇશ્વરે આ વસાવ્યું;
ગયું ક્યાં હતું જેહ જુની પ્રમાણું,
અહો સૃષ્ટિ આતો નવી હું નિહાળું. ૨
બન્યા બાગ ને બંગલા ઠામ ઠામ,
નહીં જ્યાં હતું નીર મીઠાનું નામ;
નહીં દીસતું ઝાડનું એક ડાળું,
અહો સૃષ્ટિ આતો નવી હું નિહાળું. ૩
વિમાનો સમાં વાહનો ક્યાંથિ આવ્યાં,
બહુ શોભિતાં એહ કોણે બનાવ્યાં;
તુટ્યું જ્ઞાન ભંડારનું કેમ તાળું,
અહો સૃષ્ટિ આતો નવી હું નિહાળું. ૪
વિના બેલ અશ્વે રથો એહ દોડે,
જતાં આવતાં વાટમાં એહ જોડે;
ન ચાલી શકે કોઇ પ્રાણી પગાળું,
અહો સૃષ્ટિ આતો નવી હું નિહાળું. ૫
નહીં સાંભળેલી કદી ક્યાંહિ કાને,
કળાઓ વધી સ્વર્ગવાસી સમાને;
પડે દૃષ્ટિ સૌ રૂપવાળું, રૂપાળું,
અહો સૃષ્ટિ આતો નવી હું નિહાળું. ૬
હતાં જે સ્થળે છાપરાં છેક છોટાં,
દિસે છે તહાં મંદિરો આજ મોટાં

---

[1] બીજો અર્થ એવો છે કે સત્યવાન ઇંદ્ર એટલે રાજા અંગ્રેજ સરકારના સમાગમથી અદાલત ડાહી થઇ છે. [2] તા૦ ૫ મી એપ્રિલ સન ૧૮૭૮ ને રોજ તેમને સ્વતંત્ર રાજ્યાધિકાર મળ્યો.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ખરૂં આ હશે કે હશે સ્વપ્ન ઠાલું,
અરે સૃષ્ટિ આતો નવી હું નિહાળું. ૭

હશે સ્વર્ગ કે આ હશે મૃત્યુ લોક,
હશે સત્ય કે આ હશે સર્વ ફોક;
અરે એહ સંદેહને કેમ ટાળું,
અહો સૃષ્ટિ આતો નવી હું નિહાળું. ૮

જુદાં વસ્ત્ર દીસે જુદાં ખાનપાન,
જુદી જાત વાજાં જુદાં ગાન તાન;
નથી સર્વ જૂનાથી દિસે નિરાળું,
અહો સૃષ્ટિ આતો નવી હું નિરાળું, ૯

દિસે ધર્મ જૂદા જૂદા કર્મ કારી,
નવું રાજ દિસે નવા કારભારી;
બળિષ્ટે હતું તે દિસે નિર્બળાળું,
અહો સૃષ્ટિ આતો નવી હું નિહાળું. ૧૦

હતા ચોર લોકો હતા જ્યાં લુટારા,
તહાં તો દિસે છે ઘણા લોક સારા,
દુખાળું હતું સ્થાન તે છે રૂપાળું,
અહો સૃષ્ટિ આતો નવી હું નિહાળું. ૧૧

વધેલી દિસે છે બહુ સ્થાન વસ્તી,
સુખી સંભવે છે પ્રજા તે સમસ્તી;
રસોહીન થાને થયું છે રસાળું,
અહો સૃષ્ટિ આતો નવી હું નિહાળું. ૧૨

અરે આ નવી સૃષ્ટિમાં આવવાથી,
ધર્યો દેહનો રંગ જૂદી હવાથી;
થયું શ્વેત માથું હતું જેહ કાળું,
અહો સૃષ્ટિ આતો નવી હું નિહાળું. ૧૩

હતા જે જનો વૃદ્ધ તે કયાં સિધાવ્યા,
કયા દેશમાંથી નવા એહ આવ્યા;
ગયું કયાં જનોનું હતું જેહ જાળું,
અહો સૃષ્ટિ આતો નવી હું નિહાળું. ૧૪

દોહરો.

દુઃખ ભરેલો દેશ આ, હતોજ હિંદુસ્તાન;
મહારાણીના રાજ્યથી, શોભે સ્વર્ગ સમાન. ૧૫

કાળના વેગ વિષે.

ભુજંગી.

જુઓ વીજળી થાય આકાશ જેમ,
તરી દૃષ્ટિએ જાય તત્કાલ તેમ;
ચટાચટ્ટ ચોપેથી તું ચાલનારો,
અરે કાળ ઉતાવળો વેગ તારો. ૧

વહ્યો જાય જોરે નદીનો પ્રવાહ,
અહો વારિનો વેગ દીસે અથાહ;
ધર્યો તેં જવાનો ખરો એજ ધારો,
અરે કાળ ઉતાવળો વેગ તારો. ૨

હતો બાળ હું જ્યાં પિતાને નિવાસે,
પિવા માગતો દુધ માતાનિ પાસે;
નથી વીસર્યો કયાં ગયો તેહ વારો,
અરે કાળ ઉતાવળો વેગ તારો. ૩

ખરી ખાંતથી બાળમાં ખેલતો હું,
તડીને દડીને પગે ઠેલતો હું;
નથી વીસર્યા તે સમેના વિચારો,
અરે કાળ ઉતાવળો વેગ તારો. ૪

નદીયે તળાવે જતા બાળ નાવા,
જઈ મંડતા ડુબકી ખુબ ખાવા,
નથી વીસર્યો તે નદીનો કિનારો,
અરે કાળ ઉતાવળો વેગ તારો. ૫

નિશાળે જઈ શીખતો સોલ આંક,
પિટે ખૂબ પંડયો પડે કાંઇ વાંક;
દુઃખે છે હજુ તો મને તેહ મારો,
અરે કાળ ઉતાવળો વેગ તારો. ૬

નહી જાણતો અન્ન આ કયાંથી આવે,
નહી જાણતો કોણ વસ્ત્રો બનાવે;
પિતાની કમાણીથિ થાવા ગુજારો,
અરે કાળ ઉતાવળો વેગ તારો. ૭

નહીં કાંઈ ચિંતા હતી ચિત્તમાંય,
ભલે હોય દુષ્કાળ સુકાળ ત્યાંય;
અહો કયાં ગયો તે સમો સૌથિ સારો,
અરે કાળ ઉતાવળો વેગ તારો. ૮

પછી માતતાતે કર્યું લગ્ન મારૂં,
અરે એ સમે તો મને લાગ્યું સારૂં;
નહીં જાણ્યું મેં આ સમો છે જનારો,
અરે કાળ ઉતાવળો વેગ તારો. ૯

કમાયો ધમાયો કિધાં ખાનપાન,
વહી તે ગયાં વર્ષ સ્વપ્ના સમાન;
ગયો કોઈ તો દીન સારો નહારો,
અરે કાળ ઉતાવળો વેગ તારો. ૧૦

અરે વર્ષ સત્યોતરે એમ આવ્યું,
પડયા દાંત સ્વર્ગે કળત્રે સિધાવ્યું;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

થયા દૂબલા દેહના કામદારો,
અરે કાળ ઊતાવળો વેગ તારો. ૧૧

છતે આજ છે પાંચ જે પુત્ર મારા,
અમે વીતશું તેમ તે વીતનારા;
ગણાશે ગુણી જો થશે કીર્તિકારો,
અરે કાળ ઉતાવળો વેગ તારો. ૧૨

નથી મેં પ્રભુની પુરી ભક્તિ કીધી,
નથી કામ સારાં કરી કીર્તિ લીધી;
તથાપિ મને તારશે તારનારો,
અરે કાળ ઉતાવળો વેગ તારો. ૧૩

દોહરા.

આગળથી અધરો દિસે, ચડવો ડુંગર જેમ;
ચડયા પછી છેટો દિસે, ઊંચો ડુંગર એમ. ૧૪

આદિ અંત વિણ બેય છે, કાલ અને આકાશ;
તથા નિયંતા તેહનો, ઇશ્વર છે અવિનાશ. ૧૫

તૃષ્ણા તલમાત્રે નથી, પણ બે અધુરાં કામ;
પ્રભુ ભક્તિ પરમાર્થ તે, દાખે દલપતરામ. ૧૬

આ અવનીમાં ફરિ ફરિ, થાય* જન્મને+નાશ;
તો જનનો જશ જગતમાં, વસશે કયાં સ્થિર વાસ. ૧૭

સને ૧૮૮૪ ના ડિસેંબર માસમાં ગવરનર જનરલ રિપન સાહેબ અમદાવાદ પધાર્યા ત્યારે કહેલી કવિતા.

હરિગીત છંદ.

જેજે ગવર્નર જનરલો અહિં આવિયા વળી આવશે,
પણ કોણ કે'વાશે ભલો, જે રિપનને વિસરાવશે;
રિપને અધિક ઓપાવિયું મહારાણિજીના રાજને,
સઉ સજ્જનો મળિ માન આપો તે રિપન મહારાજને.૧

શુભ ભાગ્ય ભારત ભૂમિનાં તે જરૂર જાગ્યાં જ્યાંહરે;
અધિકાર લઇને આવીયા શુભ રિપન સાહેબ ત્યાંહરે;
આ દેશ હિત ઉત્તમ કર્યા છે કોટિ કોટિ કાજને,
સઉ સજ્જનો મળી માન આપો તે રિપન મહારાજને.૨

આ દેશના વ્યાપારને એણે ઉતેજન આપિયું,
ઓછો કરી લુણ કર અને સઉ કષ્ટ મોટું કાપિયું;
આનંદ ઉપજ્યો એ થકી જન ઘેર ઘેર ઘણાજને,
સઉ સજ્જનો મળી માન આપો તે રિપન મહારાજને.૩

કલ્યાણ કરવા દેશનું વિદ્યાતણી વૃદ્ધિ કરી,
કાબુલ તણો કજીયો પતાવી પ્રજાની પીડા હરી;
હક આપી એણે હોલવી આ દેશિજનની દાજને,
સઉ સજ્જનો મળી માન આપો તે રિપન મહારાજને.૪

સ્થાનિક સ્વરાજ્ય તણો ઠરાવ કર્યો ભલો આ દેશમાં,
એથી અધિક સંભારશે જન હરખડી હંમેશમાં;
શોભાવિયો એણે સરસ સઉ આજ રાજ સમાજને,
સઉ સજ્જનો મળી માન આપો તે રિપન મહારાજને.૫

તજિ પક્ષપાતની વાતને નિષ્પક્ષપાત ધર્યો ઘણો,
ઇનસાફ આપ્યો એકસમ દેશી અને ગોરા તણો;
દિનીનીશ સૌ આશીષ દે છે જે ગરીબ નિવાજને,
સઉ સજ્જનો મળી માન આપો તે રિપન મહારાજને.૬

કારીગરો કારીગરી આ દેશમાં અધિકી કરે,
એવો ઉપાય વળી કર્યો તે રિપન રાય ગવર્નરે;
આ સમયમાં એ લઇ જશે જશ પૂર્ણ શ્રેષ્ઠ જહાજને;
સઉ સજ્જનો મળી માન આપો તે રિપન મહારાજને.૭

સઉ સાથ જોડી હાથને જગનાથને નમિ માગજો,
કલ્યાણ કરજો રિપનનું સંકષ્ટ સરવે ભાગજો;
ભવમાં અમે નહીં ભૂલીએ તે રિપન કેરા કામને,
દિલમાંથી વીસરશે નહીં દીનનીશ દલપતરામને. ૮

ધી ઇમ્પીરિયલ ઇન્સ્ટીટયુટ વિષે કવિતા.

(સન ૧૮૯૩ માં લંડનમાં ઉઘડયું તે.)

આ કવિતા એજ વરસમાં ઓનરેબલ મી. મંચેરજી મેહેરવાનજી ભાવનગરી એમ. પી. સી. આઇ. ઇ. ની મારફતે તે ખાતાના પ્રેસિડન્ટ મેહેરબાન પ્રિન્સ ઓફ વેલ્સ સાહેબ તરફ મોકલી હતી

ઝુલણા છંદ.

રાણી વિક્ટોરિયા તણા વિજયના થંભનું,
અલ્પ વરણન કરૂં હરખ આણી;
સ્નેહથી સદ્દવેણો સ્મરણ તેનાં કરૂં,
જગતની માત સાક્ષાત જાણી. ૧

સંગ્રહસ્થાન સ્થાપવાનું કારણ.

ઇસ્વિ અઢાર સત્યાશિની સાલમાં,
વીશમો દિવસ જુન માસ જાણો;
રાજ પદવી મહારાણિ પામ્યા પછી,
વર્ષ પંચાસ પૂરાં પ્રમાણો. ૨

જુબિલિનો દિવસ યુરોપિયન જન ગણે,
જેહ સમે તેહ નજદીક આવ્યો;

*ઉત્પત્તિ. + પ્રલય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હરખ દીવાળિથી દશ ગણો દિલ વધ્યો,
રાજ હિતકારિને હૃદય ભાવ્યો. ૩

ભાગ્યશાળી ભલો થાય જે ભૂપતી,
તેજ પંચાસમું વર્ષ પેખે,
એ થકી અધિક વળિ ભાગ્ય જો ઉઘડે;
દૃષ્ટિએ વંશ વિસ્તાર દેખે. ૪

પાટવી પુત્ર મહારાણિનાએ તહીં,
પ્રથમ નવ માસથી મન વિચારી;
સ્મરણ રહેવા જનેતા તણી જુબિલિનું,
વાત ભલિ ભાત આપે ઉચારી. ૫

માત કે તાતનું નામ નિશ્ચળ થવા,
પુત્ર જે પ્રેમ પરિપૂર્ણ રાખે;
એજ સત્ પુત્રને એજ કુળનો દિવો,
એમ ભૂતળતણા લોક ભાખે. ૬

પ્રિન્સ ઑલબર્ટ તાતે કરી જે હતી,
શુભ પ્રદર્શન તણી રીત સારી;
સંગ્રહસ્થાન સજવાનિ ઇચ્છા કરી,
ધ્યાનમાં એજ અનુકરણ ધારી. ૭

તાતના ચિત્તમાં એવિ ઇચ્છા હતી,
થાય વેપારનો બહુ વધારો;
વળિ કળા કુશળતા વૃદ્ધિ પામે ઘણી,
સર્વથા થાય તેમાં સુધારો. ૮

એથિ એકાવનામાં પ્રદર્શન કર્યુ,
તોય ઇચ્છા રહી ગઇ અધૂરી;
સ્થાપિએ સંગ્રહસ્થાન આ કામના,
પિતૃની ધારણા થાય પૂરી. ૯

ઇન્સ્ટીટયુટનો આરંભ.

જાણિને એમ તે વાત જાહેર કરી,
સ્થાપવા સંગ્રહસ્થાન સારૂં,
ફાયદા તેથિ જે થાય તેપણ કહ્યા,
સાંભળી સર્વને લાગ્યુ પ્યારૂં. ૧૦

પુંજિ તેની રહે*પંચના હાથમાં,
પાટવી કુંવર તે પ્રમુખ થાય;
નિયમ એવો લખી રાખિયો ત્યારથી,
રાખવી રીત એવી સદાય. ૧૧

વીસ જનની સભા સ્થાપિ મંત્રી થવા,
પ્રમુખ તો પાટવી સુત સુભાગી;
દેશ ઝાઝા મહારાણિના રાજમાં,
ત્યાંથી શ્રીમંતની મદદ માગી. ૧૨

ભરતખંડાદિ બત્રીશ સંસ્થાનથી,
આપવા લાગિયા નાણું એમાં,
એકતાળીશ તો લાખ રૂપિયા થયા,
ભાગ ચોથે ભરતખંડ તેમાં. ૧૩

દેવની છે દયા જે મહારાણિને,
તેહના નામથી જે ચહાય;
વસ્તુઓ સર્વ એ ઠામ આવી મળે,
દ્રવ્યના ગંજના ગંજ થાય. ૧૪

ખાત મુહૂર્ત્ત વિષે.

ખાત મુહૂર્ત કરવા મહારાણિને,
સૌ સભાસદ મળી અરજ કીધી;
સર્વના હિત તણું કામ સમજી ભલું,
ધ્યાનમાં વાત તે ધારી લીધી. ૧૫

ચોથી જૂલાઈ સત્યાશિના સાલનો,
વખત વિદ્વાન લોકો વખાણે;
માંડવો સરસ મોટો રચાવી ભરી,
*અયુત જનની સભા એહ ટાણે. ૧૬

હાકમો પણ ઘણા તત્ર હાજર હતા,
કેક શિરપાઘ કે ટોપિવાળા;
જેમ માણિક મણી સહિત શોભે ભલી,
તે સભા સર્વ મોતીનિ માળા. ૧૭

દેશ યુરોપના કેક તો ડયુક હતા,
કેક હિંદુ હતા રાવ રાણા;
કેક તુરકો હતા તે સમે ત્યાં કને,
સાહેબીદાર સરદાર શાણા. ૧૮

કચ્છપતિ રાવ ખેંગાર નિજ ભ્રાત સહ,
કુચ બિહારેશ રાણી ને રાણો;
મોરબીના વસુધાધિપતિ વાઘજી,
લીંબડી નાથ જશવંત જાણો. ૧૯

ભૂપ ભગવંત ભલુ નામ ગોંડળ ધણી,
કે. સી. આઇ. ઈ. ઇલકાબ છાજે;
તેમ રાજા કપુરથળ તણા ત્યાં હતા,
અવર દીવાન નીજામના જે. ૨૦

જેહના પૂર્વજોએ પરાક્રમ કરી,
સ્થાપિયાં રાજ સહુ શત્રુ મારી;

---

* ટ્રસ્ટી.

* દશ હજાર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાદશાહોનિ સરદારિ સારી કરી,
આજ રાણિનિ સરદારિ ધારી. ૨૧
તે તથા અન્ય શ્રીમંત જન પણ ઘણા,
સર્વના વદનપર હરખ ઝળકે,
શાણિ મહારાણિ શોભે ભલાં તે વિષે,
જેમ તારા વિષે ચંદ્ર ચળકે, ૨૨
પ્રિન્સ ઑફ વેલ્સ ભાષણ ભલું ત્યાં કર્યું,
વચન ઉચ્ચારિયાં અમૃત જેવાં;
સંગ્રહસ્થાન તરફથી ફળો જે થશે,
તે કહ્યાં તરત સમજાય તેવાં. ૨૩
તે સભામાં સભાસદ જનો જે હતા,
બહુ ખુશી સૌ મળીને બતાવી;
મેઘ ગર્જન સુણી જે રિતે મોર સહુ,
ટહુકા ટહુકા કરે હરખ લાવી. ૨૪
માનિ ઉપકાર મહારાણિએ તે પછી,
ખૂશિ થઈ ખાત મુહૂર્ત્ત કીધું;
જાણિએ દેશમાં ઝાઝી દોલત થવા,
દેવિએ તેહ વરદાન દીધું. ૨૫
વાગિયાં સરસ વાજિત્ર મધુર સ્વરે.
જાણિએ અવનિ તે ગાજિ ઊઠી;
કે ભલી સૃષ્ટિમાં વૃષ્ટિ ધનની થવા,
ગર્જના ત્યાં કરે તેહ ત્રૂઠી. ૨૬

તે મહેલ વિષે.

ખૂબ ત્યાંતો થયો મહેલ ખટવર્ષમાં,
રૂપિયા લાખ છત્રીશ ખર્ચ્યાં;
જાય જોવા જનો થાય દેખી ખુશી,
દેશ પરદેશમાં ચાલિ ચર્ચા. ૨૭
એહ સમ શોભિતો આ સમે ક્યાંહિ પણ,
મેદિનીમાં નથી મહેલ મોટો;
જેહની આગળે તાજબીબી તણો,
લેખતાં લાગશે છેક છોટો. ૨૮
મુલક પ્રત્યેકની વસ્તુઓ મૂકવા.
ખંડ જૂદા કર્યા ખૂબ સારા;
જાણિએ માલ જુદા જુદા મૂકવા,
નિર્મિયા તેહ ભંડાર ન્યારા. ૨૯
ત્રણ મિનારા દિસે તેથિ તે મહેલના,
ચંડિના ત્રિભુવની તુલ્ય ઓપ્યા;
અજિતને જીતનારી મહારાણિએ,
જાણિએ એહ જયથંભ રોપ્યા. ૩૦
કે શું! પર્વત મહારાણિની કીર્તિનો,
તેહનાં શિખર ત્રણ આ દિસે છે;
ધાતુઓ ઔષધિ, પક્ષિ, પશુ પણ બહુ.
વિવિધ તે શૈલ્ય માંહી વસે છે. ૩૧
મહેલમાં માળ ત્રણ જોઇ કોઇ કહે,
લક્ષમાં વિશ્વનો ઘાટ લીધો;
પેખિ પાતાળને, પૃથ્વિ, આકાશને,
તેહ ત્રણ ભુવન આકાર કીધો. ૩૨
લૉર્ડ *હરસેલ હિંદુ તણા સ્થાનમાં,
આવીને વાત તે સૌ ઉચારી;
રાજકર્ત્તા તથા સુજ્ઞ બીજા જને,
મોકલી આપવા વસ્તુ ધારી. ૩૩
તેમ ઉપમંત્રિ સોમર્સ વાઈનને,
મોકલ્યો વળિ ભિન્ન મુલક માંહી;
તરત તેણે જઈ વાત જાહેર કરી,
શ્રમ થયો સુફળ તેનો ય ત્યાંહી. ૩૪

ઓરીએંટલ સ્ટડીની સ્કુલ વિષે.

સંગ્રહસ્થાનની એક શાખા વળી,
નેઊની સાલ થાતાંજ થાપી;
વિવિધ ભાષા ભણે દેશ પરદેશની;
એવિ કૉલેજ પૂરી પ્રતાપી. ૩૫
મેક્સમ્યૂલર મહા પંડિત તે સમે,
કીધું ભાષણ અતી અસહકારી;
દેવતાનો ગુરૂ જેમ બૃહસ્પતી,
શીખવે દેવને રીત સારી. ૩૬

દેશ દેશની વસ્તુઓ વિષે.

હિંદુના સ્થાનની અન્ય સંસ્થાનની,
કુદરતી અધિક પેદાશ કેવી;
વિવિધ વેપાર, વિદ્યા, કળા, કુશળતા,
ખેતિવાડીની પણ ખૂબ એવી. ૩૭
દેશ પરદેશની વસ્તુ મંગાવિ બહુ.
કાષ્ઠને કાચની પણ કરેલી;
વસ્ત્ર વિવિધ તણાં સુત્ર ને ઊનનાં,
ધાતુની વસ્તુઓ પણ ધરેલી. ૩૮
હાથિના દાંતનું પક્ષિનાં પીંછનું,
પશુ તણાં ચામનું કામ કીધું;

* સને ૧૮૮૮ માં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મૂળમાં મૂલતો છેક છે છોટું પણ,
મોટું ચતુરાઇથી મૂલ લીધું. ૩૯
પુરૂષ નારીતણાં પૂતળાં પેખીએ,
હોય જન જાતિ પ્રત્યક્ષ જેવાં;
પક્ષિ, પશુ આદિ પણ પ્રાણિયો પારવિણ,
ઊડતાં બોલતાં હોય એવાં. ૪૦
જિવ ન ઘલાય તેમાંહી જન કોઇથી,
એટલી એક દેખાય ખામી;
સૃષ્ટિ સૌંદર્ય સર્જેલ શાણાજને,
જન જુએ પૂર્ણ આશ્ચર્ય પામી. ૪૧
જગત કર્ત્તારે પ્રભુએ જ જન ઊપરે,
કોટિગણી આજ કરૂણા જ કીધી;
જે કળા આપની અકળ કહેવાય છે,
તેહશું કાંઇ ખખરીશ દીધી. ૪૨
જંત્ર જુદી જુદી જાતનાં પણ જુઓ,
કાંઈ ન કળાય એવા કરેલા;
જન તણી બુદ્ધિના એહ નમુના ભલા,
લાવિ ભંડાર માંહી ભરેલા. ૪૩
વિવિધ વાજિંત્રની પેટીઓ પેખિઓ,
જેહમાં રાગ મનરંજ ઊઠે;
સાત સુર સહિતની મધુરતા સાંભળી,
સ્વર્ગના વાસી પણ સદ્ય ત્રૂઠે. ૪૪
વાયને અગ્નિ વળિ સૂર્યને વીજળી:
હિંદુઓ દેવ ગણિ નિત્ય પૂજે;
મનુષને વશ થઈ તેહ મજુરી કરે,
જેહને જેહવું કામ સૂઝે. ૪૫
ત્રાણુની સાલ બે માસમાં સ્થાન તે,
ખાંતથી રાણિજી ખુલ્લું કરશે;
વિવિધ વસ્તુરૂપી પાત્ર નાટક તણો,
તેહ પડદો ધિમે દૂર ધરશે. ૪૬
દેશિ પરદેશિ બહુ રાયને રંક પણ,
દેખશે દૃષ્ટિએ તે તમાસો;
નિરખિને હરખશે નિરખનારા જનો,
ખૂબ નાટક તણો ખેલ ખાસો. ૪૭

બુદ્ધિ કેળવવા વિષે.

ઇશ્વરે બુદ્ધિજન સર્વને આપિ પણ,
કેળવ્યાથી જુઓ થાય કેવી;
કળિ શકે કોય નહિ નિરખતાં મનહરે,
ઊપજાવે ઘણી વસ્તુ એવી. ૪૮
ભૂમિમાં વસ્તુના અધિક ભંડાર છે,
શોધતાં શોધતાં હાથ લાગે;
જંત્ર આદિકની જુક્તિયો પણ ઘણી,
તર્ક શક્તિ વધે તો જ જાગે. ૪૯
જો રસાયન ક્રિયા નવનવી કરિ જુએ;
લક્ષધા તે થકી લાભ થાય;
ઔષધો એમ અજમાવિને જો જુએ,
તે થકી તન તણા રોગ જાય. ૫૦
માનવીએ વિના કોઈ પણ પ્રાણિને,
ઇશ્વરે બુદ્ધિ એવી ન આપી;
એ થકી પ્રાણિયો સર્વની ઊપરે,
માણસોએ અમલદારી સ્થાપી. ૫૧
પૃથ્વિના પડ વિષે એક સાગર વિષે,
ઊડિ આકાશમાં મનુષ જાય;
સિંહને હાથિ સરખા પશુ વશ કરે,
જેહનું જોર અતિશે જણાય. ૫૨
ગ્રહ ઉપગ્રહતણી કેમ ગતિ થાય છે,
જંત્ર તે નિરખતાં જ્ઞાન જાગે;
બલુનમાં બેસિ આકાશમાં જાય જન,
નિરખતાં અધિક આશ્ચર્ય લાગે. ૫૩
પલકમાં પત્ર બહુ છાપિ વાળે ગણે,
છે તહીં જઇ જુઓ છાપખાનાં;
ચિત્ત હરનાર કરનાર અચરજ અતી,
એ સ્થળે છે વળી અધિક વાનાં. ૫૪
વસ્ત્રવિણ જેહ વનમાંહિ વસ્તા હતા,
જે હતા જંગલી પ્રાણિ જેવા;
તે જનો તત્વ શોધક તથા તીવ્રમતિ,
કેળવાઇ થયા આજ કેવા. ૫૫
અધિક અભ્યાસથી શું નહીં કરી શકે,
અકલનો અંત કદિએ ન આવે;
કરી શકે કોઇ દિન મનુષ ગ્રહમાં ગતિ,
બુદ્ધિથી એવિ જુક્તિ બનાવે. ૫૬
માનવી માત્ર અભ્યાસ જો આદરે,
હામ હૈયે ધરે કામ કરવા;
તો સરે અર્થ સામર્થ્ય સૌ મેળવે,
બુદ્ધિનો સાર ભંડાર ભરવા. ૫૭

જુબીલીનો માહમા.

કંસરે હિંદની ભાળિ જુબિલી ભલે;
સ્મરણ માટે થયું કામ પ્યારું;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્થાપિયું સંગ્રહસ્થાન ઈંગ્લાંડમાં,
ધન તથા બુદ્ધિનું ધામ ધારૂં. ૫૮
શ્રેષ્ઠ કારીગરોકેરિ કારીગરી,
વસ્તુઓ વિવિધ તેમાં વસાવી;
નેત્રથી નિરખતાં અચરતી ઊપજે,
ઇંદ્રના લોકથી એવું આવી. ૫૯
શોધી જન એવી કારીગરી શીખશે,
વિવિધ વસ્તુતણી વૃદ્ધિ થાશે;
સુખ ઘણું તેથી સંસારી જન પામશે,
સૃષ્ટિમાં અધિક શોભા જણાશે. ૬૦

એક બીજાની મદદ વિષે.

એક જણથી કશી જણસ નહિ નીપજે,
જોઇએ મદદ બીજા જનોની;
કોઇ લુહાર, સુતાર, કુંભાર વળિ,
કોઈ સઈ, સાળવી, કોઈ સોની. ૬૧
ઘાટ ગાડી તણો એક સારો ઘડે,
અન્ય ઓજાર એનાં બનાવે;
એમ અન્યોન્યની મદદથી માનવી,
ફાવતાં કામમાં આપ ફાવે. ૬૨
લાખ દીવા લઇ એકઠા કીજીએ,
પ્રૌઢ જ્યોતિ થઇને પ્રકાશે;
તેમ ઝાઝાં મનુષ્યોની બુદ્ધિ મળે,
ભાળતાં તેહ અદ્‌ભુત ભાસે. ૬૩
સંપ જો હોય તો સર્વ સુખ પામીએ,
જામીએ સર્વ શ્રીમંત થઇને;
સંપ જો જાય તો જંપ જનને નહીં,
લડી મરે હાથ હથિયાર લઇને. ૬૪

એ સંગ્રહસ્થાનનો મહિમા.

સર્વ શુભ કામનું ધામ આતો થયું,
નામ મહારાણિનું અમર રહેશે;
રે કળા કુશળતાકેરિ વૃદ્ધિ કરો,
લોકને એમ ઉપદેશ દેશે. ૬૫
જ્યાં લગી અમર છે નામ આ જગતમાં,
ત્યાં લગી જીવતું તેહ જાણો;
નામ જે જનતણું નાશ પામી ગયું,
તે નક્કી નાશ પામ્યો પ્રમાણો. ૬૬
જન્મિ આ ઠામમાં કામ સારૂં કરી,
જે જને અમર નહિ નામ રાખ્યું;
આકના તૂરની તુલ્ય ઉડી ગયો,
રત્ન તન રાખમાં શોળિ નાંખ્યું. ૬૭
આ શુભ સ્થાનથી જાણશે સૌ જનો,
થાય દર વર્ષમાં શોધ કેવો;
આ મહારાણિના રાજમાંહી થયો,
વીજળી આદિનો શોધ એવો. ૬૮
શિલ્પ અભ્યાસના શુદ્ધ ઇતિહાસમાં,
આ સમયના સુઇતિહાસ થાશે;
ઝળકતા કીર્તિ રસ સહિત રૂડાઇથી,
લેખ તે લાયકીથી લખાશે. ૬૯
રાજના સર્વ સંસ્થાનના લોકને,
લક્ષધા આ થકી લાભ થાશે;
વિવિધ ઉદ્યોગ હુન્નર કળા,
અધિક ને અધિક થાતાં જણાશે. ૭૦
સંગ્રહસ્થાન આ આજ સર્વોપરી,
અન્ય ઠામે નથી ક્યાંઈ એવું;
સર્વ દુનિયા દિઠી જો જુએ એહ જઇ,
સત્ય છે જાણજો સ્વર્ગ જેવું. ૭૧
જન્મ ગયા ધરી એહ જોયું નહી,
જન્મતો જાણવો અફળ એનો;
જોયું નહીં એહતો કાંઈ જોયું નહીં,
તુચ્છ અવતાર પશુ તુલ્ય તેનો. ૭૨

તીર્થ વિષે.

ધર્મની કર્મની બુદ્ધિ ઝાઝી ધરે,
જન વસે એહવા જેહ ઠામે;
તીર્થનું સ્થળ ભલું તેહ કહેવાય છે,
જ્યાં જઈ જન બહુ બુદ્ધિ પામે. ૭૩
ધર્મ બુદ્ધિથી સુખ તો મળે સ્વર્ગમાં,
કર્મ બુદ્ધિથી સંસાર સુખિયો;
ધર્મ કે કર્મની કાંઈ બુદ્ધિ નહીં,
દેહ દેહાંત દેખાય દુખિયો. ૭૪

મહારાણીજીના ગુણ વિષે.

જે મહારાણીના રાજ્યથી રાજમાં,
વિવિધ વિદ્યા વૃદ્ધિ પામી;
સંપ ને જંપ પણ જામિયો જન વિષે,
સુખ તથા સરસ સંપત્તિ જામી. ૭૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાગ્યશાળી ભલી બુદ્ધિવાળી વળી,
દીન ઉપર દિસે દિલ દયાળી;
બાપનો વંશ ને આપના સ્વામિનો,
વંશ ઊજાળવાવાળી ભાળિ. ૭૬
દૃષ્ટિ દુર્બીન કે સૂક્ષ્મદર્શક સમી,
સાંભળે દૂરથી શ્રવણ એવા;
છાનું નહિ જેક નિજ રાજમાં રંચપણ,
જાણી લે જનતણા સુગુણ જેવા. ૭૭
કોણ ધનવાન છે કોણ વિદ્વાન છે,
લક્ષમાં વાત તે ધારી લે છે;
માન લાયક દિસે જેવું જે માનવી,
તેવું તેને ભલું માન દે છે. ૭૮
તે મહારાણનું રાજ રહેજો સદા,
માગીએ શીશ નાની ઇશ પાસે;
દિલ ધરી હર્ષ ઉત્કર્ષ દલપત કહે,
છંદ આ સુજનનાં વૃંદ ગાશે.

દોહરા.

દેહ વૃદ્ધ વળિ દામ નાહ, દૃષ્ટિ કરે નહિ કામ;
સ્વદેશ રહી શ્રવણ કરી, દેખે દલપતરામ. ૮૦
રહી દૂર મહારાણીએ, જોયા મુજ ગુણ જેમ;
આપ્યું પદ સી. આઇ. ઈ. ગાઉ તેના ગુણ તેમ. ૮૧

આ કવિતા સન ૧૮૯૩ ના એપ્રિલ માસમાં ગોંડળના મહારાજા તથા મહારાણીને સંભળાવી હતી. જે સાંભળીને તેઓ બહુ રાજી થયાં હતાં.

આવાંબાઇ નરસીંગ હોમ વિષે ગરબી.

સારૂં સારૂં રે સુરત શહેર, મુંબઇ અલબેલી.

એ રાગ.

અબળાઓ ઉપર આજ, કોણ કૃપા આણે;
એના કષ્ટ નિવારણ કાજ, ન મળે સ્ત્રી નાણે. ટેક
નર વૈદ્યો તો ઘણાય નિરખ્યા, દરિયા દામો દામરે;
નારી વૈદ્ય ન નજરે નિરખી, જોયાં ગામોગામ. કોણ. ૧
વનિતા ને વ્યાધિ ઉપજે તો, પડી પડી પીડાયરે,
પુરૂષો પાસે દુઃખ પોતાનું, સુણાવતાં શરમાય કો. ૨
પશુઓની પીડા હરનારા, વૈદ્યો દિસે વિશેષરે;
પણ કામનિયો માટે કોઇ; લક્ષ ન આપે લેશ. કો. ૩
સ્વારથિઆ સૌ પુરૂષ થયા કે, ભુલ્યા સ્ત્રિયોનું ભાનરે;
વનિતા વૈદ્ય થવાને માટે, સ્થાપ્યું નહી સંસ્થાન. કો. ૪
મહેરવાનજી ભાવનગરીનાં, પુત્રી આવાંબાઇરે,
બેહેસ્ત નશીન *થયાં તે બાઈ, નામ રહ્યું જગમાંઈ. કો. ૫
ભાઈ ભલા મનચેરજી જેનાં, કીધું તેણે કામ,
વહાલી બ્હેન તણું મુંબઇમાં નિશ્ચય રાખ્યું નામ. કો. ૬
ગ્રાંટ મેડિકલ કોલેજ પાસે, કરાવ્યું એક મકાનરે,
વનિતાઓને વૈદક કેરૂં, દેવા વિદ્યા દાન. કો. ૭
સારી રકમ ગણીને સોંપી, આપે થઇ ઉદારરે,
ખરેખરૂં ઉપયોગી ખાતું, સંભાળે સરકાર. કો. ૮
લૉર્ડ રે ને તેની લેડી, પરમારથપર પ્રીતરે,
ખાત મુહૂર્ત કર્યું ખાંતેથી તેણે રૂડી રીત. કો. ૯
લૉર્ડ હેરીસ લેડી સાથે, તેણે વળી તે દામરે,
વાસ્તુક્રિયા વિવેકે કીધી, સમજી સારૂં કામ. કો. ૧૦
ભાઈ હોતો એવા હોજો, સાચો જેનો સ્નેહરે,
રોઈ અમસ્તાં આંસુ પાડે ઉત્તમ હેત ન એહ. કો. ૧૧
રોગ રહિત શરીર હોય જો, તો ખોરાક ખવાયરે,
માટે દાન દવાનું ઉત્તમ વિશ્વ વિષે વખણાય, કો. ૧૨
આતો રૂડું બીજ રોપિયું પહેલ કર્યાની પેરરે.
તરૂ ઉગી ફળ ફુલો તેનાં, ફેલાશે ચોમેર. કો. ૧૩
જેનું નામ જગતમાં ન રહ્યું કર્યો ન પર ઉપકારરે,
તો તેનો પશુ પંખી જેવો, અફળ થયો અવતાર. કો. ૧૪
કૈસરેહિંદ મહારાણીનો કહીએ જયજયકારરે,
જેના રાજથી જનો કરે છે, આવાં કામ અપાર. કો. ૧૫
ઓ ઇશ્વિર તું ઉદાર જનને, દેજે ઝાઝા દામરે,
જેથી દુખીયા જન સુખ પામે, દાખે દલપતરામ. કો. ૧૬

દોહરો.

મિસ્તર તે મંચેરજી, ખાનદાન ગુણવાન;
મેંબર પાર્લેમેન્ટના, થઇને પામ્યા માન. ૧૭

આયુષ્ય ઘટવા વિષે ગરબી.

જો તું આયુષ વહિ જાય છે રે, જીવ જો તું આયુષ વહિ જાય છે, ગાફલાઈ તારી ગણાય છે રે. જીવ-એ ટેક.

દિવસો દિવસે જળ ઘટિ જાતાં,
સરોવર જેમ સુકાય છેરે. જીવ. ૧
જે કામ કરવા જનમ ધર્યો તેં,
તે કામ તો ક્યાં કરાયછેરે. જીવ. ૨
કેટલું ગયું ને કેટલું બાકી,
તે તુજથી ક્યાં દેખાય છેરે. જીવ. ૩

---

* તા. ૨૩-૧૧-૮૮.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધનની લાલચમાં લપટાયો.
દામ દામ તું તો ઠગાય છેરે. જીવ. ૪
મોટા મોટા મનસૂબા મનના,
ઊપજી ઊપજી શમાય છેરે. જીવ. ૫
અંતે મુડી તારા કામમાં આવે,
કહે એવું કમાય છેરે ? જીવ. ૬
સંસારનું સુખ ઝાંઝવાં જેવું,
લેવા દોડી દુઃખી થાય છે રે. જીવ. ૭
મહાપદ્મ જેટલું ધન લેવું,
ચિત્તમાં એમ ચહાય છે રે. જીવ. ૮
પર ઉપકારી કામ ન કીધું,
પાપના બંધ બંધાય છે રે. જીવ. ૯
પરમેશ્વરમાં પ્રીત કરીને,
ક્યાં તે ભાવથી ભજાય છે રે. જીવ. ૧૦
બાળાપણું ગયું ગઈ જુવાની.
જરાની છાવણીમાં છવાય છે રે. જીવ. ૧૧
દલપત કહે દુનિયાના.
સુખથી સુખ મલકાય છે રે. જીવ. ૧૨

મુંબઇના નામદાર ગવરનર લૉર્ડ રે સાહેબ રાજકોટ રાજકુમાર કૉલેજમાં પધારવાના હતા, તે વખતે ગાવાની કવિતા તે કોલેજમાં ભણતા રાજકુમારોના લખવાથી કરી મોકલી. તા. ૨-૯-૮૬.

દોહરો.

રાજકુંવર કૉલેજમાં, ધન્ય ધન્ય દિન આજ;
પ્રીત સહિત પધારિયા, મુંબૈના મહારાજ. ૧

હરિગીત છંદ.

મુંબઇ ઈલાકા મધ્ય જેનો, અમલ અતિ વખણાયછે,
દુર્જન દિલે દુભાય, સજ્જન સર્વ રાજી થાય છે;
નિર્ભ્રાંત શાંત સ્વભાવથી, નિજ જશ ઘણા વિસ્તારિયા,
તે લૉર્ડ રે મહારાજ, આજ સુરાજકોટ પધારયા.૨
મેળાપ કરવા આપ, સૌની સાથ ઉર ઇચ્છા ધરે,
આડો રહે નહીં એહ, સાચો સ્નેહ સૌ સાથે ધરે;
દેશી જનોને હળિમળિને, સદ્ગુણે શણગારિયા,
તે લૉર્ડ રે મહારાજ આજ સુરાજકોટ પધારિયા. ૩
અત્યંત બુદ્ધિમંત, સદ્ગુણવંત તે સરદાર છે,
દિલ છે વિશેષ દયાળ, જનને પાળવા પર પ્યાર છે;
દ્વારા સુધારાના ધરી ધરિ ધ્યાન માંહી સુધારિયા,
તે લૉર્ડ રે મહારાજ, આજ સુરાજકોટ પધારિયા. ૪
સુખકારિ સદ આચારિ છે, હિતકારિ હિંદુસ્તાનનો.
સાચા અસાચા ઓળખે, નથિ કાંઈ કાચા કાનનો;
જેનો થકી દિલમાં ડરે, જૂઠા ઠગો જૂગારિયા,
તે લૉર્ડ રે મહારાજ, આજ સુરાજકોટ પધારિયા.૫
નથી ગવર્નર પદ ગર્વ મન, જન સર્વ સાથે સ્નેહ છે,
શુભ રાજનીતિ રીતિપર પણ પ્રીતવાળો તેહ છે;
સંભારશે જન જેમ સાહેબ રિપનને સંભારિયા,
તે લૉર્ડ રે મહારાજ, આજ સુરાજકોટ પધારિયા.૬
કરિને પ્રવેશ વિશેષ સોરઠ દેશને સંભારશે,
છે આપ ઉર નિષ્પાપ, તે સંતાપ સૌના ટાળશે;
ઉછરંગ રંગ તરંગ, અંગોઅંગ અધિક વધારિયા,
તે લૉર્ડ રે મહારાજ, આજ સુરાજકોટ પધારિયા.૭
ઈશ્વર સમીપે અરજ કરીને નિત્ય ચરણે લાગિએ,
આવાજ અધિપતિ આપજો; વરદાન એવું માગિએ;
જેણે સુલોક હિતાર્થે ગણિ, પરમાર્થ માર્ગ પસારિયા,
તે લૉર્ડ રે મહારાજ આજ સુરાજકોટ પધારિયા.૮
આ પાઠ જેતો આટલો છે દાઠ તેનો ઠીક છે,
એમાં કળા ગુણ આપ પણ એથી ઘણા અધીક છે;
નૃપ કુંવરની કૉલેજના અભ્યાસીઓ ઉચ્ચારિયા.
તે લૉર્ડ રે મહારાજ આજ સુરાજકોટ પધારિયા.૯

મુંબઇના નામદાર ગવર્નર લૉર્ડ રે સાહેબ અમદાવાદ પધાર્યા તે સમયે કરેલી કવિતા.

તા. ૧૬ ડીસેંબર ૧૮૮૭

દોહરો.

લાયક લૉર્ડ રે તમે, છો ભલપણ ભંડાર;
ગુણ જાણી મહારાણીએ, આપ્યો શુભ અધિકાર.૧

હરિગીત છંદ.

મહારાણીએ ગુણ જાણીને, અધિકાર ઉત્તમ આપિયો,
મુંબઇ ઇલાકાના ગવર્નર, થંભ ગણીને થાપિયો;
અતિ આપના ઉત્કર્ષ ગુણ ઉચ્ચાર શું કરીએ અહો,
ઈશ્વર કૃપાથી આપ લારડ રે સદા સુખમાં રહો. ૨
ત્રણ કોટિ સંખ્યા મોટી જનના નૃપ નિયંતા આપ છો,
વિદ્વાન છો ગુણ જાણજો, નિર્મળ મતિ નિષ્પાપ છો;
જે દીન તમ આધીન છે તે પર દયા દિલમાં ગ્રહો;
ઈશ્વર કૃપાથી આપ લારડ રે સદા સુખમા રહો. ૩
મહારાણીના પ્રતિનિધિ થઈ, શ્રીનગરમાં આવ્યા તમે,
તે આપના મેળાપથી આનંદ બહુ પામ્યા અમે;
દેઈ અમે જે માન તે ધરિ ધ્યાન સ્વીકારી લહો,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઇશ્વર કૃપાથી આપ લારડ રે સદા સુખમાં રહો. ૪
આ દેશિ જનના આ સમે, સુખ દુઃખનાં આધારછો,
માતા પિતા સમસ્નેહથી સંભાળના કરનાર છો;
હિત હોય હિંદુસ્તાનનું તે કરી કૃપા અમને કહો,
ઇશ્વર કૃપાથી આપ લારડ રે સદા સુખમાં રહો. ૫
અધિકાર ઉમદા ભોગવી, અનુભવ કર્યો છે આતઘણો,
મન મર્મ જાણો છો તને શુભ રાજની નીતિ તણો;
ચિત ચાહોછો સૌનું ભલું પ્રભુ પણ તમારૂં ચિત ચહો;
ઇશ્વર કૃપાથી આપ લારડ રે સદા સુખમાં રહો; ૬
જે થૈ ગયાં તે રાજમાં સંકટ અધિક સાંખ્યાં અમે,
સંભારતાં તે સંકટો કાયા અમારી કમકમે;
પ્રભુ પાસ એવું માગિએ એવો અમલ કદીએ ન હો,
ઇશ્વર કૃપાથી આપ લારડ રે સદા સુખમાં રહો. ૭
પ્રભુની દયાથી દેશમાં ઇંગ્લીશનાં પગલાં થયાં,
રૂડું સ્થાપ્યું રાજ્ય ન્યાયી સંકટો સરવે ગયાં;
દુઃખ દહન કીધાં દેશનાં અશેષ દુઃખ તે મમ કહો,
ઇશ્વર કૃપાથી આપ લારડ રે સદા સુખમાં રહો. ૮
અવગુણ અમારા હોય તે નિજ અંતરે ધરશો નહીં,
કદી કુ પ્રજા તો થાય પણ માતા કુમાતા નહીં કહી;
જો ભૂલ ભાસે કાંઇ તો સરવે ક્ષમા ધરીને સહો,
ઇશ્વર કૃપાથી આપ લારડ રે સદા સુખમાં રહો. ૯

દોહરો.

સુખી થજો જ્યાં જાઓ ત્યાં, સદા કુટુંબ સહીત;
પરિપૂરણ તમપર હજો, પરમેશ્વરની પ્રીત.

સર ટી. સી. હોપ સાહેબ અમદાવાદ પધારેલા તે વખતે કહેલી કવિતા. તા. ૬-૧-૮૮

દોહરો.

વિદ્યાથી સુખ સંપદા, સૌ પામે સંસાર;
સાહેબ હોપે શુભ કર્યો, વિદ્યાનો વિસ્તાર. ૧

હરિગીત છંદ.

વિદ્યાનું ખાતું વધારિ ખૂબ સુધારિયું બહુ સ્નેહથી,
રૂડાં રૂડાં પુસ્તક રચ્યાં જન જ્ઞાન પામે જેહથી;
તે પુસ્તકો આ દેશની ભાષા તણો શણગાર છે,
ગુજરાત ઉપર અપાર ટી. સી. હોપના ઉપકાર છે.૨
ગુજરાતીને અંગ્રેજી કરી કાલેજ અમદાવાદમાં,
છે વાત તે વિખ્યાત વળિ દિન રાત રહેશે યાદમાં;
જેનાં કરેલાં કામ જામ આમ ઠારોઠાર છે. ગુ. ૩
સંસ્થાન અમદાવાદ સૂરત કાઠિઆવાડે વળી,
શું અત્ર કે શું તત્ર પણ સર્વત્ર સાબાશી મળી;
જાણ્યો વખાણ્યો સૌ જને શાણો ભલો સરદાર છે, ગુ. ૪
વળિ થૈ કલેક્ટર જ્યાં ગયા ત્યાં શહેર સુધારો કર્યો,
આ દેશિ જનથી હળિમળિને સ્નેહ સંપૂર્ણ ભર્યો;
દિલદાર કદરદાન તે ભલપણતણો ભંડાર છે. ગુ. ૫
મુંબાઈ વિષે જઇ ગવર્નરના તેહ સેક્રેટરી થયા,
વળિ એ થકી અધિકાર ઊંચો પામી કલકત્તે ગયા;
આ ખંડમાં ચોખ્ખૂટ જેના જશતણો વિસ્તાર છે. ગુ.૬
માયાળુ દીલ દયાળુ અતી મમતાળુ મનના છે સહી,
જેને ગણ્યો પોતાતણો તેને પછી ભૂલે નહી;
આ દેશનું કરવા ભલું તે તો સદા તૈયાર છે. ગુ. ૭
એવા અધિક ઉત્કર્ષ ગુણ બહુ વર્ષ લગી નહિ વીસરે,
જન સકળ ભારતવર્ષના ધરિ હર્ષ એવું ઉચ્ચરે;
જન જાતિના હિતકારી જેના ચિત્તમાંહિ વિચારછે.ગુ.૮
નિર્ધન તથા ધનવાન સૌની સાથ જેને સ્નેહ છે,
માતા પિતા કે મિત્ર સાચો હોય તેવા તેહ છે;
સુખકારી સંકટહારી સારી સલાહના દેનાર છે. ગુ.૯

દોહરા.

ઉપકારી એવો ભલો, ગણતાં શ્રેષ્ઠ ગણાય;
જ્યાં જાઓ ત્યાં સુખિ થજો, કુટુંબ સહિત સદાય. ૦
નહીં ભુલે આ દેશને, જ્યાં તે જશો યુરોપ;
સૌ આપણ સંભારશું, થિઓડોર સર હોપ. ૧૧
હોપ નામ આશા તણું, સજ્જન સુણો તમામ;
દેશી ભાષામાં કહું, સાહેબ આશારામ.* ૧૨

તા. ૭-૩-૮૮ ને રોજ ખાનબહાદુર નવરોજી પેસ્તનજીને ખાનબહાદુરનો ખિતાબ આપવાને શેઠ હઠીસીંગની વાડીમાં મી. જી. બી. રીડ સાહેબે દરબાર ભર્યો હતો તે વખતે ગાએલી કવિતા. ગુજરાત ગેઝેટ તા. ૮-૩-૮૮ રોજના પત્રમાં છપાયલી તે.

દોહરો.

જન્મ થયાનું જગતમાં, જાણો શુભ ફળ જેહ;
કરે લોક હિત કામ શુભ, તન મન ધનથી તેહ. ૧

ઝુલણા છંદ.

તનથકી મનથકી કાંઈ તો ધનથકી,
લોક હિત કરવા મથે છે,

---

* આશા+આરામ=આશાનો બાગ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઇ તો શસ્ત્ર ધરિ દેશ રક્ષણ કરે,
કોઇ ધન ખર્ચિને ધર્મ ખાતાં કરે,
જેથી સંસારિજન સુખ પામે,
કોઇ તો હામથી કામ એવાં કરે,
દેશમાં જેથી ઉદ્યોગ જામે. ૨

દેશના સુખ થકી દેશપતિ સુખ લહે,
દેશપતિને સુખે દેશ સુખીયો;
ગર્ભ દુખી હોય તો ગાયને દુઃખ છે,
ગાયને દુઃખ તો ગર્ભ દુખીયો. ૩

એકનું હિત કરે બેયનું થાય છે,
એમ દિલદાર સરકાર જાણે,
તેથિ હિતકારિ જન હોય જે તેહને,
આપવા માન મનમાંહિ આણે. ૪

પુત્ર પેસ્તન તણા શેઠ નવરોજજી,
દેશ હિતકારિ કામો કરે છે;
કેમ વેપાર આ દેશમાં બહુ વધે,
ચિંતવન ચિત્ત તેનું ધરે છે. ૫

પ્રાંત પશ્ચિમ વિષે રેલવે જે થઈ,
શેઠ નવરોજજી છે સહાયી;
કંપની તરફથી શાણિ સરકારથી,
તેથિ સાબાશિ તેને લખાઈ. ૬

નિમક વ્યાપાર સરકારની વતિ કર્યો.
દિલ્લીને આગરા દેશ સુધી;
કૈક સરદાર સાહેબ રાજી કર્યા,
ધૈર્યરે આપિ એવી સુબુદ્ધિ. ૭

જઇ વિલાયત વિષે ખેતિ કારણ હળો,
ખરિદિ કરી લોહનાં આંહિ લાવ્યા,
ખેડુતોને ખરી ખાંતથી આપીને,
અધિક ઉપયોગ એના કરાવ્યા. ૮

બુદ્ધિ વધવા ઘણી વૃદ્ધિ વિદ્યાતણી,
ચાહના રાખિ છે ખુબ ચિત્તે;
ધર્મનિજ ધરિને સુધારવા નારિને,
ફંડ ઉભું કર્યું રૂડિ રીતે. ૯

ન્યાતને કાજ ધન વીશ હજાર દઇ,
ધર્મનું સ્થાન અગ્યારિ કીધી;
સાલશાઇ ધરી સ્નેહ સૌથી કરી,
લાયકીથી ભલી કીર્ત્તિ લીધી. ૧૦

ગુપ્ત દેછે ઘણાં દાન જન ગરિબને;
રાખી મનમાં ઘણી મેહેરબાની,
થાય છે વાત વિખ્યાત તો વિશ્વમાં,
છેક રહેતી નથી તેહ છાની. ૧૧

સત્યવાદી તથા શૂર મશહૂર છે,
હામ રાખી કર્યાં કામ મોટાં;
દેશ પરદેશમાં નામ પ્રખ્યાત છે,
લેશ ગમતાં નથી કામ ખોટાં. ૧૨

સ્વાર્થની સાથ પરમાર્થ કામો કર્યા,
જશ ઘણો તેથિ જગમાંહિ વ્યાપ્યો;
શાણિ મહારાણિએ ગુણ ઉરે આણીને,
જાણીને યોગ્ય ઇલકાબ આપ્યો. ૧૩

રોજને રોજ નવરોજજી શેઠપર,
ખલક ખાવિંદ ખુબ ખુશ રહેજો;
ખાનબહાદૂરનું નુર વધજો વળી,
દૂર કરિ દુઃખ સુખ સર્વ દેજો. ૧૪

નાતમાં તેમ પરનાતમાં તેમના,
કીર્તિના થંબ બહુ ઠામ થાજો;
પુણ્યશાળી તણાં નામ પ્રખ્યાત છે,
તેહની પંક્તિમાં તે ગણાજો. ૧૫

હામને કામ બહુ દામ વધજો વળી,
સ્વાર્થની સાથ પરમાર્થ કરજો;
ખુબ આયુષ્ય આ ખલકમાં દે ખુદા,
એહ આશીષ નિજ શીશ ધરજો. ૧૬

મી. દાદાભાઇ નવરોજજી વિષે. મુંબઇ મોકલી તા. ૧૦-૧૨-૯૩

દોહરા.

દીધો દાદાભાઇને, અતિ ઉત્તમ અધિકાર;
એ તો બક્ષિસ આપની, અહો જગત કર્તાર. ૧

હરિગીત છંદ.

હે જગતના કરતાર, અતિ ઉપકાર, તારો માનિએ,
પદ શ્રેષ્ઠ દાદાભાઈ પામ્યા, તારિ મહેરબાનિએ;
જગ્યા સભાસદની નથી, એથી બિજી અધિકાઈની,
કરજે પ્રભુ ચડતી કળા, દરરોજ દાદાભાઇની. ૨

જન સર્વના જે છે હિતસ્વી, નાતના પરનાતના,
પ્રિયકર રાજા પ્રજા તણા; વાકેફ સર્વે વાતના;
પામ્યા સુપાર્લામેન્ટ પદ, એ વાત આજ નવાઇની,
કરજે પ્રભુ ચડતી કળા, દરરોજ દાદાભાઇની. ૩

છે પારસી પણ, આરશી સમ, સત્યવાદી છે સદા,
વિદ્વાન છે ગુણવાન છે, અભિમાન ઉર ન ધરે કદા;
સૌ સાથ રાખે રીત રૂડી, મન વિષે મિત્રાઈની,
કરજે પ્રભુ ચડતી કળા, દરરોજ દાદાભાઇની. ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્કર્ષ સૌને હર્ષ દાયક, વર્ષ આ કહેવાય છે,
ઇસ્વી અઢારે શતક ઉપર ત્રાણુમુ બોલાય છે;
તારીખ સાતમી સરસ સૌથી, જાણશું જુલાઇની,
કરજે પ્રભુ ચડતી કળા, દરરોજ દાદાભાઇની. ૫
ભલિભાત વિદ્યાભ્યાસ કરી, પોતાની બુદ્ધિ કેળવી,
વિચરી વિલાયતમાં વળી. સાબાશિ સારી મેળવી;
બહુ માન પામ્યા તોય તે, બોલે ન વાત બડાઇની,
કરજે પ્રભુ ચડતી કળા, દરરોજ દાદાભાઇની. ૬
હીમાયતી છે હિંદનો, નીતીનિ રીતી જાણ છે,
શૂરો મનોરથ સાધવા, પૂરો પ્રવીણ પ્રમાણ છે;
જેને જણાય મહેરબાની, બહુજ વિદ્યાબાઇની,
કરજે પ્રભુ ચડતી કળા, દરરોજ દાદાભાઇની. ૭
ભલ ભાગ્ય ભારતભૂમિનાં, તે અધિક આજ થયાં ઉદે,
ગાજી રહ્યો ભૂગોળ ને, રાજી થયાં સૌનાં રૂદે;
લખિ રાખવા લાયક થઇ છે, સિદ્ધિ આ સરસાઇની,
કરજે પ્રભુ ચડતી કળા, દરરોજ દાદાભાઇની. ૮
ધરિ હામ કરિ શુભ કામ, ઠામે ઠામ કીધી નામના,
ગુણ ગાય છે ખુશ થાય છે, ગુણિ લોક ગામે ગામના;
સૌના સગાસમ તેહ છે, જરિએ ન રીત જુદાઇની,
કરજે પ્રભુ ચડતી કળા, દરરોજ દાદાભાઇની. ૯

કાવત.

જેમ દગવિજય કરીને આવે સ્વદેશમાં,
એમ દાદાભાઇ પાછા સ્વદેશમાં આવિયા:
ત્રાણુના ડીસંબરની તારીખ ત્રીજીને દિને,
મુંબાઇના લોકે મોટા હરખે વધાવિયા;
ધન માલથકી જેની ધારીએ કીંમત મોટી,
એવા ભલા જશના જહાજ ભરી લાવિયા;
કહે દલપતરામ સદા જીવો સુખી રહો,
હિંદુસ્તાન વાસિયોને બહુ હરખાવિયા. ૧૦

દોહરો.

દિન દિન દાદાભાઇનો, વધે હરખ ને હામ;
આશિષ આપે એટલી, દિલથી દલપતરામ. ૧૧

તા. ૮-૧૦-૯૫ ને રોજ ખાનબહાદુર જહાંગીરજી પેસ્તનજીને ખાનબહાદુરનો ખિતાબ મળ્યો તે વિષે.

હરિગીત છંદ.

આ વખત અમદાવાદમાં જે પારસી પંચાત છે,
છે આપ આગેવાન સૌના વળી બહુ વિખ્યાત છે;
સૌ મનુષ સાથે મિત્રતા ગુણવંત મન ગંભીરજી,
સત્પુત્ર પેસ્તનજીતણા, જશ પામિયા જહાંગીરજી. ૧
વળી બહુ વફાદારી કરી સારી રીતે સરકારની,
શુભ રીત રાખી મન વિષે અતિ ગુપ્ત પરઉપકારની;
નિજ ધર્મમાં ધન વાવર્યું ધરીને ભલી મન ધીરજી;
સત્પુત્ર પેસ્તનજીતણા, જશ પામીયા જહાંગીરજી. ૨
છે ખાનદાન ખરા વળી ગુણવાન છે ગુણ જાણ છે,
આ શહેર અમદાવાદ મધ્યે પારસીકુળભાણ છે;
કામો ભલાં ઉમદા કર્યાં તે રાખી નિજ મન સ્થીરજી,
સત્પુત્ર પેસ્તનજી તણા, જશ પામિયા જહાંગીરજી. ૩
બે હાથ, બે પગ, આંખ બે મળી કામ જે રીતે કરે;
નવરોજજી ભાઇની સાથે કામ રૂડાં આદરે;
સૌ જન તણું હિત થાય એવી બહુ કરી તદબીરજી,
સત્પુત્ર પેસ્તનજીતણા, જશ પામિયા જહાંગીરજી ૪
લર્ઇ કંટરાકટ ભલ ભલા બહુ લોકનું પણ હિત કર્યું,
વિદ્યાની વૃદ્ધિમાંહી પણ છે ચિત્ત પોતે તો ધર્યું;
દુખિ લોકનાં દુખ કાપવામા આપ છે શુરવીરજી,
સત્પુત્ર પેસ્તનજીતણા જશ પામિયા જહાંગીરજી. ૫
સાહેબ લોકો સાથ બાંધ્યો બહુ પ્રકારે સ્નેહજી,
મેળાપિ ગુણ માણસ વિષે ઉમદા અતિ છે એહજી;
ભૂખ્યાંને ભોજન આપીયું તરસ્યાંને પાયુ નીરજી,
સત્પુત્ર પેસ્તનજીતણા જશ પામિયા જહાંગીરજી. ૬
મહારાણીજી વિકટોરિયાએ જરૂર તે ગુણ જાણીયો,
ઇલકાબ ઉમદા આપવા અભિપ્રાય ઉરમાં આણીયો
ઇલકાબ આપ્યો ખાનબહાદુર જોગ્ય જેહ અમીરજી;
સત્પુત્ર પેસ્તનજીતણા જશ પામિયા જહાંગીરજી. ૭
નિમક અદ્દીણનો લૈ ઇજારો કામ શુભ રીતે કર્યું,
સરકારનું ને પ્રજા જનનું જે વિષે છે હિત ખરૂં;
સુખ પામજોજી કુટુંબ સઘળું સુખિ રહોજ શરીરજી;
સત્પુત્ર પેસ્તનજીતણા જશ પામિયા જહાંગીરજી. ૮

દોહરો.

મહારાણી વિકટોરિયા, જે છે ગુણનાં જાણ;
તે જગમાં જીવો ઘણું, પામો ખૂબ વખાણ. ૯
સાહેબ રીડ સ્વહસ્તથી, આવાં અનેક કામ;
કરજો અને સુખી થજો, દાખે દલપતરામ. ૧૦

नामांकित जनोविषे समाप्त.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકરણ ૮ મું.

હોપ વાચનમાળામાંની કવિતાઓ.

હોપ વાચનમાળામાં આવેલી કવિતાઓ દલપત કાવ્યમાં ઉમેરવા માટે કેળવણી ખાતાના વડા મે. ડીરેક્ટર સાહેબની પરવાનગી માગવામાં આવી હતી જે તેઓ સાહેબે આપવાથી હોપ માળાની ૧૮૫૯ વાળી પહેલીજ આવૃત્તિમાંથી આ કવિતાઓ લીધી છે.

બીજી ચોપડી.

સમજીને વાચવા વિષે.

ચોપાઈ.

સારી ચોપડીઓ શોભાય, હૈયું તે દેખી હરખાય;
જીવ ઘાલીને વાંચે જેમ, તેમાં સમજણ આવે તેમ;
વાંચે પણ નહિ કરે વિચાર, તે સમજે નહિ સઘળો સાર. ૧

પાડાવિષે કવિતા.

ચોપાઈ.

વાડામાંથી પાડું એક, છુટું થઈને નાઠું છેક;
મન માન્યું ચરવાને ઘાસ, વનમાં જઈને કીધો વાસ;
વળતી વાઘે લીધા પ્રાણ, એવું દુઃખીઉં થયું અજાણ;
ચિત્તમાં છુટું થાવા જાય, તેની એજ અવસ્થા થાય.

નિશાળીઆને શિખામણ.

દોહરા.

નિત્યે જવું નિશાળમાં, ભણવું ચોડી ચિત્ત;
ગુરૂની શિક્ષા માનવી રૂડી રાખી રીત.
રાખો નહિ મન રમતમા સમજો સારી પેર;
નિશાળમાંથી નિસરી. જવું પાંશરૂં ઘેર.

ગાયની કવિતા.

દોહરા.

ગુણ અગણિત છે ગાયમાં, સુખદાતા કહેવાય;
દે છે તે દહીં દુધ ઘી, ખાંતે સૌ જન ખાય.
પશુ પંખી નર નારનેં; જુઓ જન્મતી વાર;
ઘણું કરી ઘી દુધ છે, એજ પ્રાણ આધાર.

જુઠ ને સાચ વિષે.

દોહરા.

જુઠું બોલે જે કદી, પાપી પુરો થાય;
તે માટે બાળક તમે, ન કરો એ ઉપાય.
સાચામાં સુખ છે ઘણું, સાચે સૌનો સ્નેહ;
સાચે રાચે જગપતિ. સાચે શોભે દેહ

કાગડા વિષે.

દોહરા.

બેઠો માળો બાંધવા, ભાળ્યો કાળો કાગ;
બે પંખાળો બોલનો. નહીં રૂપાળો રાગ.
કોય લઈને કાંકરો, ચોંપે હણવા ચાય;
ચિતમાં ચેતી ચતુર તે, જલદી ઉડી જાય.

ઉંદર વિષે.

ચોપાઈ.

વધ્યા ઉંદર હારોહાર. પકડ્યા પણ નહીં આવ્યો પાર;
રાતે તો માંડે રંજાડ, ધડબડ જાણે આવી ધાડ.
ખાસાં કપડાં કરડી ખાય, દીવાની દીવટ લઈ જાય.
એનો એકે નહિ ઉપાય મની મળે તો મહાસુખ થાય.

ચોરીવિષે.

દોહરા.

જે નર ચોરી જઈ કરે, સમજી તેમાં સુખ;
પાછળથી પસતાય છે, દેખે જ્યારે દુખ.
ચોરી ચાહન થાય છે, જ્યારે ચોર ઝલાય;
બાંધી મારે મહીપતિ, છેક ફજેતી થાય.
ઝાઝા નબળા લોકથી. કદી ન કરીએ વેર;
કીડી કાળા નાગનો, પ્રાણજ લે આ પેર.

ઈશ્વરનો મહિમા.

ચોપાઈ.

જુઓ ભાઈ આ મોટાં ઝાડ, તેમાં સૌથી ઉંચો તાડ;
આમલી આંબો કોહી કોય, જો તેનાં ફળ જુદાં ફળ હોય. ૧
જે આ જગના છે કરનાર, સુરજ તારા સરજનહાર;
એજ અમારો મોટો દેવ, તેને ભજવા ધરીએ ટેવ. ૨

ત્રીજી ચોપડી.

ગાળાગાળી વિષે.

દોહરા.

ભુંડા ભુંડુ ભાખતાં, ખોટી ગાળો ખાય,
મોટા એવા મુરખનો, જગમાંથી જશ જાય. ૧
ભુંડું બોલે જે ઘણી, ગાળો દે ને ખાય;
મુરખ એને જાણવો, તે બહુ દુખિયો થાય. ૨
જે બાળક કે બાળકી, બોલે જેવે બોલ;
નરી થશે નર નારમાં, તેનો તેવો તોલ. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કીડી કણ સંગ્રહ કરે, જુઓ જનાવર જાત;
વસે વળી સંપે સદા, સર્વ મળી સંઘાત. ૪

પોપટ વિષે.

દોહરા.

પોપટ બેઠો પાંજરે, બોલે મીઠા બોલ;
સુણતાં મનમાં સર્વને, ઉપજે હરખ અતોલ. ૧
કોટે કાળો કાંઠલો, નમણું રાતું નાક;
અંગે લીલા રંગનો, ધારે ધણીની ધાક. ૨
મીઠું બોલે મનુષ્યને, ઉપજે હેત અથાગ;
પોપટ પાળે પ્રીતથી, કોય ન પાળે કાગ. ૩

ચોખાઇ વિષે.

દોહરા.

ચોખી ચીજો રાખવી, ચોખા પહેરો ચીર,
ચોખાં ઘર ને ચોક પણ, ચોખે સુખી શરીર. ૧
મધપુડો કેવો રચે, માખી રાખી માપ;
ડાહ્યાકુઈ નવ દેખીએ, ખરેખરી શુધ ખાપ. ૨
ચોખે ચિત રાજી રહે, વળે શરીરનું વાન;
ચોખે સજ્જન ચરમાં, મળે મનુષ્યને માન. ૩

મહેનત વિષે.

દોહરા.

પીવા ખાવા પેં રવા, અને ઓઢવા અંગ;
મળે મહેનતમાં થકી, રાતા પીળા રંગ.
ધરતીમાંથી ધાન્ય તો, થોકે થોકે થાય;
ખાંતે જો ખેડે નહીં, ખાવાનું શું ખાય?
આપણને સૌ ઇશ્વરે, આપ્યા છે ઉપાય;
પણ બળતણ વાસણ વિના, શી રીતે રંધાય?
તે તો તું તૈયાર કર, કાં કરી આપે કોય?
તારે તારા અર્થનું, હાલ વખત જે હોય.
નથી લટકતાં લુગડાં, તે ઝાડે તૈયાર;
વાવી કાંતે જો વણે, થાય સરસ શણગાર;
માટે મહેનત જો કરે, ઘેર રહી પર ઘેર;
ચાકરી કરતાં ભાખરી, પામે રૂડી પેર.

સાચ વિષે.

દોહરા.

સહીએ સંકટ સર્વ પણ, કહીએ સાચી વાત;
લઇએ સુખ પરલોકમાં, રહીએ સુખી દિનરાત.
સાચું તે શુભ છે સદા, જુઠે દુઃખ દેખાય;
કોડ ઉપાય કરી જુઓ, સાચેથી સુખ થાય.
સાચે કામ સરે સદા, જુઠે નકી ન થાય;
કાગળની હોડી કરો, તેથી ન સિંધુ તરાય.

ધાન્ય વિષે.

દોહરા.

બાજરીઆમાં બાજરી, જાર કણસલે જોય;
ઉંબીમાં તો ઉપજે, ઘઉં ડાંગર જવ હોય.
તલના તે તો તલસરા, શિંગે સર્વ કઠોળ;
થાય ચણાના પોપટા, શેલડી સાકર ગોળ.
ચોમાસાના ચારમાં, થાય બાજરી જાર;
શીઆળામાં ઘઉં ચણા, તે સર્વે તૈયાર.

માબાપના ગુણ વિષે.

દોહરા.

ટગમગ પગ ટકતો નહીં, ખાઈ ન શકતો ખાજ;
ઉઠી ન શકતો આપથી, લેશ હતી નહીં લાજ.
એ અવસર આણી દયા, બાળકને માબાપ;
સુખ આપે દુખ વેઠીને, એ ઉપકાર અમાપ.
કોય કરે એવે સમે, બે ઘડીએ બરદાશ;
આખી ઉમર થઈ રહે, તે નરનો નર દાસ.

ઘર વિષે કવિતા.

ભુજંગી.

છજાં જાળીઆં માળીઆં ખૂબ છાજે,
રૂડાં બારીએ બારણાં તો બીરાજે;
ધરયાં પાણીઆરાં રસોડાં રૂપાળાં,
ચણ્યાં ઈંટથી ને દિસે છે ચુનાળાં.
તુટે કે ન ફુટે ભર્યા નીર ટાંકાં,
પીએ ખેંચી પાણી વળી લોક વાંકાં;
મીઠા બોલ બોલે સુડા શુદ્ધ મેનાં,
જડયાં પીતળે પાંજરાં રંગી જેનાં;
બની બેઠકો ને કઠેરા અગાશી,
સુવા સેજ ને હીંચકે ખાટ ખાસી,
ગલીચા બીછાવી ગમે તેવી રીતે,
ભલા ભુપતિનાં કીધાં ચિત્ર ભીંતે.

થોડે થોડે ભણવા વિષે.

દોહરા.

ભણતાં પંડિત નિપજે; લખતાં લહીઓ થાય;
ચચ્ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય.
પોપટ પણ અભ્યાસથી, શિખે બોલતાં બોલ;
કાયર થઈ આળસ કરે, તે નર ખરને તોલ.
કુવા ઉપરના કઠણ જે, પાકા કાળા પાણ;
દોરડીએ છેદાય છે, એ લેવું એંધાણ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુરખાઈ વિષે.

દોહરા.

મુરખ માથે શીંગડાં, નહીં નિશાની હોય;
સાર અસાર વિચાર નહીં, જન તે મુરખ જોય.
અક્ષર એક ન આવડે, ઉર અભિમાન અપાર;
જગમાં તેને જાણવો, સૌ મુરખ સરદાર.
વહેમ ભરી વાતો વદી, બહુ બહુ બકતો જાય;
શિખામણ નહીં સાંભળે, તે મુરખનો રાય.

ભાઈબેન વિષે.

ચોપાઈ.

મળી આપણ જણ બંને બેન, સંપી રમીએ તો સુખ ચેન;
લડે રડે તો સઘળો શોક, લાજ ઘટે ને નિંદે લોક.
બળવંતા પરમેશ્વર બાપ, અમને સંપ સદા તું આપ;
જેથી સુખમાં દહાડા જાય, કદીએ લેશ કલેશ ન થાય.
હળતાં મળતાં બાળક હોય, કદીએ લડે રડે નહીં કોય;
રંગે જમે ને ગીતો ગાય, માતા મનમાં રાજી થાય.

સર્વવ્યાપક ઇશ્વર વિષે.

દોહરા.

આસપાસ આકાશમાં, અંતરમાં આભાસ;
શ્વાસ શ્વાસની પાસ પણ, વિશ્વપતિનો વાસ.
ભોંયમાં પેસી ભોંયરે, કરીએ કાંઈ વાત,
ઘડીએ મનમાં ઘાટ તે, જાણે જગનો તાત.
ખાલી જગા ખોળીએ, કણી મુકવા કામ;
કયાંએ જગકર્તા વિના, ઠાલું ન મળે ઠામ.

છોકરાંને શિખામણ.

ભુજંગી

સુખે શિખવું તે શિખે શિખ સારી,
નઠારાની માનો ન શિક્ષા નઠારી;
ભણો ભાવથી તો ઘણો ભેદ જાણો,
અરે બાળકો અંતરે વાત આણો.
ન ચાલો કુડી, ને રૂડી ચાલ ચાલો,
ઠગાઈ તણો તો તજો ઠાઠ ઠાલો;
ઘરેણું ઘડેલું પડેલું ખડેલું,
જડે તો જઈને જે કહો જે જડેલું.
છળે કે કળે છેતરી જે છુપાવે,
ઘટે લાજ ને લોકમાં આળ આવે;
પછી જ્યાં સુધી વાળ આવે પળીનો,
નહીં છોડતાં ડાઘ છુટે ગળીનો.

ચોથી ચોપડી.

પરમેશ્વરની પ્રાર્થના.

દોહરા.

ઓ ઇશ્વર તું એક છે, સરજ્યો તેં સંસાર;
પૃથ્વી પાણી પર્વતો, તે કીધાં તૈયાર.
તારા સારા શોભિતા, સુરજ ને વળી સોમ;
તે તો સઘળાં તેં રચ્યાં, જબરૂં તારૂં જોમ.
અમને અદકાં જ્ઞાન ગુણ, તેનો તું દાતાર;
ભુલે પાપી પ્રાણીઓ, એ તારો ઉપકાર.
કાપ કલેશ કંકાશ ને, કાપ પાપ પરિતાપ;
કાપ કુમતિ કરુણા કરી, કાપ કષ્ટ સુખ આપ.

નઠારા નિશાળીઆ વિષે

ભુજંગી.

બીજા સર્વ પેઠા પછી આપ પેસે,
બીજા સર્વ બેઠા પછી આપ બેસે;
ન ધારે ગુરૂજી કહે તેજ ધારો,
નિશાળે જઇ તે શિખે શું નઠારો. ૧
સમી સાંજ સુવાતણી વાત સુજે,
પછી પાઠ તે વાંચતાં પાય ધ્રુજે;
લખે જેમ લીટા ભણે તો લવારો,
નિશાળે જઇ તે શિખે શું નઠારો. ૨
ભલી જોડણી તે નહીં જોડી જાણે,
અતિશે ન ચિંતા થકી ચુક આણે;
ભરે લેખણો બાગીંત જેમ ભારો,
નિશાળે જઇ તે શિખે શું નઠારો. ૩
કરે હાથ મેલા થકી પોથી મેલી,
ઘણો તો ગવાળો ભરે જેમ થેલી;
લીંબો લેખીએ લુગડામાં હજારો,
નિશાળે જઇ તે શિખે શું નઠારો. ૪
વડી વાર વાતે વળે વાત વાળો,
તમે બાળકો તેતણો સંગ ટાળો;
ન આવે કશી વાતનો એક આરો,
નિશાળે જઇ તે શિખે શું નઠારો. ૫
લઢે ને વઢે કાં પડે આડ પાસે,
પછી આપનું રૂપ પુરૂં પ્રકાશે;
ખરા બોલ લાગે સુણી ખૂબ ખારો,
નિશાળે જઇ તે શિખે શું નઠારો. ૬
નિશાળે ગુરૂને નડે કર્મ ફુટયો,
છુટે તો પછી માંકડો જેમ છુટયો;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પિતામાતને તે નહીં પુત્ર પ્યારો,
નિશાળે જઈ તે શિખે શું નઠારો. ૭
ઘણે જોર નિશાળમાં લાવી ઘાલો,
નહીં ઠીક શિખે રહે ઠોઠ ઠાલો:
ભરે ભીખીને પેટ કાં વેચી ભારો,
નિશાળે જઈ તે શિખે શું નઠારો. ૮

માખીનું બચ્ચું.

દોહરા.

માખી બોલી મુખથકી, પ્યારા બચ્ચા પાસ;
જઈ આવું હું જ્યાં સુધી, ઉડીશ માં આકાશ. ૧
ઉકળે છે કુનામણો, જે તે પાસે જાય;
ચુકે ફરતાં ચોટ તો, જીવનું જોખમ થાય. ૨
એમ કહી એ તો ગઈ, બચ્ચું બુદ્ધિ બાળ;
દિલમાં ડાપણ ડોળવા, તે લાગ્યું તત્કાળ. ૩
ઘરડાં તો વાતો ઘણી, કરે વધારી વેહેમ;
ઉડી ફરતાં આટલે, કહો મરીશ હું કેમ? ૪
એમ કહી ઉડી ગયું, પહોંચ્યું પાણી પાસ;
અંજાઈ એમાં પડ્યું, વળતી થયું વિનાશ. ૫
બોલ્યું મરતાં બોલ તે, જે ચાલે આ ચાલ;
માને નહીં માબાપનુ તો તેના આ હાલ. ૬

કેફ વિષે.

ચોપાઈ.

નથી જગમાં કેફીને લાજ, કરી વિશ્વાસ ન સોંપે કાજ;
ભંગી અફીણી કેફી હોય, કન્યા તેને નવ દે કોય ૧
સોબત કરતાં સૌ જન ડરે, રખે લોક નિંદા ઉચરે;
કદી વસ્તુ ચોરી લે કોય, કેફીના શિર ભ્રાંતિ હોય. ૨
ભલુ મનુષ હોય કીર્તિવંત, તરત ન કોય વિશ્વાસ કરંત;
જે કોઈ કફી વ્યસની થાય, પછી ઘણો મનમાં પસ્તાય. ૩
કેના ઉપર કાઢે રોષ, રોગતણે શિર દે છે દોષ;
હોય એકલા ત્યાં લજવાય, વધવા નાત કરે ઉપાય. ૪
તે માટે સૌ ચેતો ચીત, ન કરો એવા નરથી પ્રીત;
જે પરણી કેફીને નાર, તેના જીવતરને ધિક્કાર. ૫
કેફી વસ્તુનો ન કરો સંગ, ઉડી વળગશે આવી અંગ;
સાપ કેફ ને જળની રેલ, તેની સાથે ન કરો ખેલ. ૬

પ્રાણી ઉપર હેત.

મનહર છંદ.

ગમતેમ રમે કોઇ સમે મન ભમે ત્યારે,
દયા તજી દમે પ્રાણીને પરોવી શૂળમાં;
કાંતો પગ તોડે પછી છોડે કાંતો આંખ ફોડે,
કાંતો મારે જોડે કે હથોડે દાટે ધુળમાં;
એવો અનરથ કરે અર્થ વિનાનો અતિ,
અકલવિનાનો આગ મેલે ઝાડ મૂળમાં;
તજો તમે તેવાં પાપ, ઇશ્વરથી ડરી આપ,
પ્રભુ પ્રતે ધારો પ્રેમ પ્રાણીઓના કુળમાં.

જગકર્ત્તા વિષે.

ચોપાઈ.

જગકર્ત્તાએ જગમાં જેહ, ઉપજાવી વસ્તુઓ તેહ;
સુખ પામે તેથી સંસાર, ગુણ ગણતાં નહીં પામે પાર.
પૃથ્વી પાણી પ્રૌઢ પહાડ, ઝાડીમાં જે ઝાઝાં ઝાડ;
બળદો હય હાથી બળવાન, વાહન તે જેવાં વૈમાન.
ચંદ્ર રવિ તારા ચળકાટ, ઠીક ઠગાવ્યો તેનો ઠાઠ;
સમાસમાના સુખનો સાજ, કીધો માનવીઓને કાજ.

ગાય વિષે.

ચોપાઇ.

ગુણવાળી શીંગાળી ગાય, પાણી પીતી ને ખડ ખાય;
કેવો છે એનો આકાર, ચાર પગાળી આંચળ ચાર.
ખરીને પગ જો ખરીમાં ફાટ, ઘણો રૂપાળો ભાળો ઘાટ;
પછવાડે પુંછડે છે વાળ, નિત્ય ગોવાળ કરે સંભાળ.
ઓઠ હલાવે બેઠી હોય, કાળી ધોળી રાતી કોય;
દોતાં દુધ ભલું દેખાય, તેનાં દહીં માખણ ઘી થાય,
પેંડા બરફી ને દુધપાક, ખાતાં ખીર ન લાગે થાક;
બાસુદી ન બને શિખંડ, હરે પેટમાં ઉપજે કંડ.

ઋતુઓનું વર્ણન.

ચોપાઈ.

શીઆળે શીતળ વા વ્હાય, પાન ખરે ઘઉં પેદા થાય;
પાકે ગોળ કપાસ કઠોળ, તેલ ઘરે ચાવે નંગોળ.
ધરે શરીરે ડગલી શાલ, ફાટે ગરીબતણા પગ ગાલ;
ઘટે દિવસ ઘણી મોટી રાત, તનમાં જોર મળે ભલાભાત
ઉનાળે ઉંડાં જળ જાય, નદી સરોવર જળ સુકાય;
પામે વનસ્પતિ સૌ પાન, કેસુડાં રૂડાં ગુણવાન.
સારા હોજ ફુવારા બાગ, પ્યારા ચંદન પંખા લાગ;
બોલે કોયલ મીઠા બોલ, તાપ પડે તે તો વણતોલ.
ચોમાસું તો ખાસું ખુબ, દિસે દુનીઆ દુબાડૂબ;
મોર ઉચારે રાગ મલાર, ખેતર વાવે ખેતીકાર.
ચંપા ચંપેલી જુઈ જાય, ફુલ ગુલાબ ભલાં ફુલાય;
છત્રી ચોમાસે સુખમાટ, ચાખડીઓ હીંચોળાખાટ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભોજન વિષે.

નગસ્વરૂપિણી છંદ.

રૂપાળી પોળી પોળીઓ,
ઘણા ઘીમાં ઝબોળીઓ;
ઘી ખાંડ દુધપાકમાં,
સવાદ ખુબ શાકમાં.
ચઢાવી રાઇ રાઈ તે,
નથી કશી નવાઇ તે;
વળી ચણા વઘારીઆ,
ભરી માંડે સુધારીઆ.
અથાણું એક એકથી,
વખાણીએ વિવેકથી;
વડાં વડી સુવાળીઓ,
રચી પુરી રસાળીઓ.
જમો જલેબી લાડવા,
પીઓ કઢી પચાવવા;
ભલાંજ ભાત દાળ છે,
રસોઈ તો રસાળ છે.

વિવેક વિષે.

ઈન્દ્રવિજય.

ધાતુની ધાત ભણી ભલીભાત,
રચે દિનરાત ધરી બહુ ધંધા;
ભાવ ભલેજ ભલાં ધરી ભૂષણ,
દે તજી દૂષણની દુરગંધા;
રાજ સભાસદ લાજ ગણે,
કવિ કાજ કરે પદબંધ પ્રબંધા;
ટેવ અનેક ન છેક છૂટે પણ,
એક વિવેક વિના નર અંધા.

દોહરો.

એક તાસતો ખાસતો, ગાય ગધેડી એક;
ગોળ ખોળ સરખાં ગણે, જે જન વિના વિવેક.

જુગારી છોકરો.

પ્રમાણિકા છંદ.

છકેલ છેલ છોકરો, ઠગાય ખાય ઠોકરો,
જુગારી સંગ જાય તે, ખતા ઘણાક ખાય તે;
ભમેલ જાણી ભૂત છે, પિતા કહે કપૂત છે,
ગમાર ચાર ગોઠીઆ, પીટાય જેમ પોઠીઆ.

કેફવિષે.

પ્રમાણિકા છંદ.

ન કેફ ચીજ પીજીએ, વિચારી કામ કીજીએ;
વધે વડાઇ લોકમાં, સદા વસો અશોકમાં;
સવાદ કેફમાં કશો, વિચારજો નથી વસ્યો;
અસુખ થાય ઉલટું સુઝે ન કામ સુલટું.
ખચીત માનજો ખરૂં, પડું કહું વેણ પાધરૂં;
કરેજ કેફ જે ઘણી, ઘટેજ બુદ્ધિ તે તણી;
ભરાય પિંડ પાપથી, છપાય કેફ છાપથી;
વિચારી કેફ છોડશે પ્રભુજી પ્યાર જોડશે.

કુંડળીયો.

કીધી કેફ નર કેફીએ, ચાલ્યો ચૌટા બીચ,
ઠામ કુઠામ ગયો પડી, નહીં ચેત્યો તે નીચ;
નહીં ચેત્યો તે નીચ, કીચ લપટાણી કાયા,
ગર્થ હતો જે ગાંઠ, મુરખ ખોઈ બેઠો માયા;
કહે કવિ દલપતરામ, પદવી નિર્લજ શિર લીધી;
ફોકટ થયો ફજેત, કેફ કેફીએ કીધી.

માણસ ઉપર હેત રાખવા વિષે.

મનહર છંદ.

અરે બાઇ ભાઇ તમે સર્વથી સગાઇ સાહી,
રાખો તજી શત્રુતાઈ મિત્રતાઇ મનમાં;
જેવાં સગાં બેન ભાઇ સંપીને વસે સદાઇ,
લડયાં ન કદી લડાઈ જે જણાઇ જનમાં;
એવી સજ્જનાઇ સાહી લુચ્ચાઇ ઠગાઇ તજી,
ભેળવી ભલાઇ તણી વાસના વચનમાં;
મળે સુખદાઇ માન ટળે દુખદાઇ દ્વેષ,
માટે લ્યો મીઠાઇ જીભે તેથી સુખ તનમાં.

અટકચાળો છોકરો.

દોહરા.

એક અડપલો છોકરો, જીવો જેનું નામ;
અતિશે કરતો અડપલાં, જઇ બેસે જે ઠામ.
કાગળ કાં લેખણુ છરી, જે જે વસ્તુ જોય;
ઝાલે ઝુંબી ઝડપથી, હીરા જેવી હોય.
નાના કહીં માને નહીં, કહ્યું ન ધારે કાન;
એને પણ દિન એકમાં, સર્વ વળી ગઈ સાન.
ડોસો ચસ્માં ડાબલી, મેલી સૂતો માળ;
અતિ આનંદે અડપલે, ન લીધાં તતકાળ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચસ્માં નાક ચડાવીઆં, ખાડાળાં જે ખૂણ;
ડાબલી લીધી દેખવા, ધારીને પગ ધ્રુબ.
ઢીલું ન હતું ઢાંકણું, જબરૂં કીધું જોર;
ઉઘડતાં તે ઉછળ્યું, કીધો સોર બકોર.
આખા મોં ઉપર પડી, તેમાંથી તપખીર:
ફાંકાં મારે ફાંકડો, ધારી ન શકયો ધીર.
ચસ્માં નાંખ્યાં ચોકમાં, છીંછીં છીંકો ખાય;
થાકયો તે થુ થુ કરી, છીંકો રોતો જાય.
ચોળે ત્યાં તો ચો ગણો, આંખે અંધો થાય;
ડોસે દીઠો દીકરો, ચસ્માંનો ચુરાય.
ડોસે ડારો દઈ કહ્યું, હસવું તે થઇ હાણ;
લાડકડા એ લાગતો, છીવા છું તું જાણ.
ચસ્માં તો વસમાં થયાં, હવીએ વાળ્યો દાટ;
છીવે ફરીને છીવતાં, ઘડયો ન એવો ઘાટ.

લોભ નહીં જ્યાં લોભનો, શોભા સઘળી જાય;
તૃષ્ણાથી તરસ્યો સદા, ધનથી નહીં ધરાય.

કોઈને હલકો ન ગણવો.

દોહરા.

પરમેશ્વરની આ પ્રજા, સઘળો છે સંસાર;
એક કુટુંબી આપણે, એક પિતા પરિવાર.
કાળા ગેરા કોય છે, ધનહીણા ધનવાન;
કહો ન હલકો કોઇને, સઘળા એક સમાન.

અવગુણપર ગુણ.

અવગુણ ઉપર ગુણ કરે, એ સજ્જન અભ્યાસ;
જો સુખડ સળગાવીએ, આપે સરસ સુવાસ.
બાળક ખેંચે વાળ પણ, કદી ચઢે નહીં કાળ;
આળ કરે અજ્ઞાની જન, દીલમાં થવું દયાળ.

ત્રિભંગી છંદ.

માપ અમાપ પ્રતાપથી, મટે પાપ સંતાપ;
થાપ ઉથાપ કરણ તુંહી, જે જે જગના બાપ.
જે જે જગબાપા, સુખરસ પાપા;
કુડમતિ કાપા, તું કરજે.
તું ભવજળ તારણ, અધમ ઉધારણ;
દુખ પોકારણ દીલ ધરજે.
તું અંતરજામી, અવિચળ ધામી;
તુજ બહુ નામી નામ ખરૂં;
છે મુજ મતિ કાચી લકઉં જાચી;
દે મતિ સાચી મંથ કરું.

અમદાવાદના ભદ્ર વિષે.

દોહરા.

ભદ્ર નામ સૌથી ભલું, સૌ જાણે સંસાર;
શા કારણ કાળાશથી, ભદ્ર દિસે ભયંકાર.
કાળાં મુખ વાળાં વસે, કાળાં કૃત્ય કરનાર;
તે કારણ કાળાશથી, ભદ્ર દિસે ભયંકાર.
જશ જેના અતિ ઉજળા, દુર્નોયાં મધ્યે દેખ;
એવા જનથી ઉજળી પુસ્તકશાળા પેખ.
કાચા કાચ સમાનના, ઉપજે રત્ન અમુલ;
કીંમત પામે કારમી, એ તું જો આ સ્કુલ.
સ્વર્ગ નરક આ લોકના, સઘળા રસ્તા સેહેજ;
તે મળવાના ત્રણ જુઓ, આ દરવાજા એજ.
સામગ્રી સુખની ભલી, લહું જહાં મન રંજ:
જે જુગતીથી આ બન્યો, તેવો છે કારંજ.
શુક્રવાર શોભા ભલી, આ ઠેકાણે થાય;
ચડતે પોરે ચોકમાં, ભલી બજાર ભરાય.
આ તો અમદાવાદમાં, મન ઠરવાનું ઠામ;
દેખીને દિલમાં થયા, રાજી દલપતરામ.

પાંચમી ચોપડી.

પ્રાણીપર દયા રાખવા વિષે.

નારાચ છંદ.

જુઓ પીડાથી જેમ આ, પીડાય પિંડ આપડો,
પીડા કર્યાથી તેમ તે પીડાય પ્રાણી બાપડો;
મદાંધ થઇ ન મારશો જરૂર જીવ જાણીને,
અરે દિલે દયા ધરો પીડા ન કરો પ્રાણીને.
રચ્યા અવેવ ઇશ્વરે, જુઓ સહુ શરીરના,
તમોથી તે બને ન લાખ વાતથી લગીરના;
વિચારીને અધિક ટીક, બીક ઉર આણીને,
અરે દિલે દયા ધરો, પીડા કરો ન પ્રાણીને.
ધરો ન ચર્ણ ઘાબ, પ્રાણીને ગરીબ ધારીને,
ખરેખરા ખુશી થશે ન મિત્ર જીવ મારીને;
ન ઘાતની વિશેષ વાત વર્ણવો વખાણીને,
અરે દિલે દયા ધરો પીડા કરો ન પ્રાણીને.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અનાવનાર એક ઈશ આપણોજ એહનો,
તથા મળેલ તેહને ઉદાર પ્યાર તેહનો;
ભલે હરે ફરે પ્રભુ દીધેલ સુખ માણીને,
અરે દિલે દયા ધરો, પીડા કરો ન પ્રાણીને.
ભરી ગજાથી ખૂબ ભાર કેમ માર મારીએ,
ગરીબ જીવ બાપડાની વેદના વિચારીએ;
કરો કદી ન ક્રૂર કર્મ પાપનું પિછાણીને,
અરે દિલે દયા ધરો, પીડા કરો ન પ્રાણીને.
કરે અધર્મ કર્મ જંતુ પાય પાંખ તોડીને,
પરોવી શૂળમાં કરે ખરાબ ખેલ ખોડીને;
નિશાન માંડીને કરે વિનાશ તીર તાણીને,
અરે દિલે દયા ધરો, પીડા કરો ન પ્રાણીને.

વિચારીને બોલવાવિષે.

ઉપેંદ્રવજ્રાછંદ.

સુવાક્યથી સ્નેહ સદૈવ વાધે,
કુવાક્યથી કલેશ હમેશ લાધે;
અરે કરો એક વિવેક આણી,
વિચારીને યાર ઉચાર વાણી.
સુવાક્યથી વિશ્વ બધું વખાણે,
કુવાક્યથી કીર્ત્તિજનો ન જાણે;
પડે ચડે જીભવડેજ પ્રાણી,
વિચારીને યાર ઉચાર વાણી.
પ્રજા જુઓ પોપટ ઘેર પાળે,
સુખે સુઈ ઘૂડ શકે ન માળે;
ઉચારનું કારણ એજ જાણી,
વિચારીને યાર ઉચાર વાણી.
ભલી જીભે ભાઈ ભલાઈ તો લે,
બુરી જીભે લોક બુરાઇ બોલે;
ગરીબ કે રાજકુમાર રાણી,
વિચારીને યાર ઉચાર વાણી.
સુવાક્યથી દૂધ દહીં ઘી દેશે,
અમુલ્યનું મુલ લગાર લેશે;
કુવાક્યથી પાય પળી ન પાણી,
વિચારીને યાર ઉચાર વાણી.
મુખેથી રે માનવી વેણુ મૂક્યું,
ફરીથી તે તે ન ગળાય થુંક્યું;
વિમાસશો એવી હશેજ હાણી,
વિચારીને યાર ઉચાર વાણી.
છરાતણો છેદ ઉપાય સુઝે,
કુવાક્યનો કાપ કદી ન રૂઝે;
ન કાચની કોઈ મટેજ કાણી,
વિચારીને યાર ઉચાર વાણી.
ભલો બુરો તોપતણો ભડાકો,
હવા વિષે હોય જતો હડાકો;
કહો તમે કેમ શકાય તાણી,
વિચારીને યાર ઉચાર વાણી.

દોહરો.

વિચારીને વાણી વદો, કદી ન વણસે કામ;
ભાર તોલ તો જન ભલા, રાખે દલપતરામ.

માનો ગુણ.

ભુજંગી છંદ.

હતો હું સુતો પારણે પુત્ર નાનો,
રડું છેક તો રાખતું કોણ છાનો;
મને દુખી દેખી દુખી કોણ થાતું,
મહા હેતવાળી દયાળીજ મા તું.
સુકામાં સુવાડે ભીને પોઢી પોતે,
પીડા પામું પડે તજે સ્વાદ તો તે;
મને સુખ માટે કટુ કોણ ખાતું,
મહા હેતવાળી દયાળીજ મા તું.
લઈ છાતી સાથે બચી કોણ લેતું,
તજી તાજું ખાજું મને કોણ દેતું;
મને કોણ મીઠાં મુખે ગીત ગાતું,
મહા હેતવાળી દયાળીજ મા તું.
પડું કે ખડું તો ખમા આણી વાણી,
પડે પાંપણે પ્રેમનાં પુર પાણી;
પછી કોણ પોતાતણું દૂધ પાતું,
મહા હેતવાળી દયાળીજ મા તું.
મને કોણ કતું પ્રભુ ભક્તિ જુક્તિ,
ટળે તાપ પાપે મળે જેથી મુક્તિ;
ચિત્તે રાખી ચિંતા રડું કોણ ચાતું,
મહા હેતવાળી દયાળીજ મા તું.
તથા આજ તારૂં હજી હેત તેવું,
જળે માછલીનું જડયું હેત જેવું;
ગણિતે ગણ્યાથી નથી તે ગણાતું,
મહા હેતવાળી દયાળીજ મા તું.
અરે એ બધું શું ભલું જેશ ભુલી,
લીધી આકરી આકરી જે અમુલી;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સદા દાસ થૈ વાળીં આપીશં સારૂં,
મહા હેતવાળી દયાળીજ મા તું.
અરે દેવના દેવ આનંદ દાતા,
મને ગુણુ જેવો કરે મારી માતા;
સમો વાળવા જોગ દેજે સદા તું,
મહા હેતવાળી દયાળીજ મા તું.
શિખે સાંભળે આટલા છંદ આઠે,
પછી પ્રીતથી જે કરે નિત્ય પાઠે;
રીઝી દેવ રાખે સુખી સર્વ ઠામે;
રચ્યા છે રૂડા છંદ દલપત્તરામે.

ભલુંભુંડું કરવા વિષે.

મનહર છંદ.

મોગરાના બીજ જેવા માનવીના મીઠા બોલ,
કોચ બીજ જેવા બોલ કડવા કહાવીએ;
મોગરાના બીજમાંથી કૌચ ન કદાપિ થાય,
કૌચથી ન મોગરાની આશ લેશ લાવીએ;
એકવાર આપણે વિવેકથી વિચારી જુઓ,
એવાં ઝાડ ઉગે જેવાં જેવાં બીજ વાવીએ;
પ્યાર ખાર પામવા ઉપાય હાથ આપણામાં,
દુર્નીઆને દોષ દલપત ન ચઢાવીએ.

ઇંદ્રવિજય છંદ.

વંદન શબ્દ સુણી કહીં વંદન નિંદક થાય તમે કદી નિંદો,
સાલસશબ્દસુણીકદીસાલસખંધુ કહ્યાથી કહેવળી ખંધો;
નિર્મળ શબ્દસુણીકદીં નિર્મળગંદુ કહ્યાથી કહેવળીગંદો,
વાણી વદે જનમાં જન જેમજ તેમજ તુર્ત પડે પડછંદો.

મહારાણીજીની ગરબી.

અમે ઇશ્વર માગીએ એટલું,
વડી પ્રેમવાળી ઘણાં વર્ષ, જીવો વિક્ટોરીઆ.
તમે આપો કૃપા કરી તેટલું,
પૂરો હૈડામાં પામીએ હર્ષ. જીવો. ૧
એનો અચળ અમલ અમપર હજો,
કરજો કરૂણાથી કુશળ કલ્યાણ. જીવો૦
દિનદિન ચઢતી કળા ને દોલત થજો;
વળી વિધવિધ પામો વખાણ. જીવો. ૨
એના સઘળા શત્રુને સંહારજો,
થાજો દુષ્ટના અફળ ઉદ્યોગ, જીવો૦
વિજયા કુંવરીના વિજય વધારજો,
જે છે જગતપતિપણા જોગ. જીવો. ૩
ઇશ્વર અખૂટ દોલત એને આપજો,
સર્વે સમયમાં રેજો સહાય. જીવો૦
એનાં કષ્ટ કૃપાનિધિ કાપજો,
જેનો જશ ઘણો જગમાં ગવાય. જીવો. ૪
જેના રાજ્યથી જન સુખીઆં થયાં,
હજો એનો અખંડ સોહાગ. જીવો૦
દુઃખ જુલમનાં જેથી મટી ગયાં,
ઉપજ્યો અંગ ઉમંગ અથાગ. જીવો. ૫
આખા જગમાં અચળપણું જામજો,
એનો નિર્મળ ન્યાય સદાય. જીવો૦
એનો સુજશ સંસારમાં જામજો,
જેથી ગુણીજન ગ્રંથમાં ગાય. જીવો. ૬
દયાવંત દિસે છે દીપાવડો,
જેનો સદ્ગુણી રાજ સમાજ. જીવો૦
એને ચોગણી હામ ચિત્તે ચડો,
એની રક્ષા કરો મહારાજ. જીવો. ૭
જેમ અમરવેલી વધે બહુ બહુ,
એમ વધજો એનો પરિવાર. જીવો૦
કહે દલપતરામ સજન સહુ,
કહો કુંવરીનો જય જયકાર. જીવો વિક્ટોરિઆ.૮

મિત્રાચારીવિષે.

છપ્પા.

પંડિત મિત્રો મળે વદે મુખ મધુરી વાણી,
પ્રથમ કરી પરણામ, પાય ગંગાજળ પાણી;
પછી સોપારી પાન, આપી કુશળતા પુછે,
કહે પછી કરજોડી આગમન કારણ શું છે ?
કરી જ્ઞાન વાતચિત શાંત થઇ, સ્નેહ સહિત જુદા પડે;
મન મગ્ન રહે મિત્રાઇમાં, પંડિતની પ્રીતિવડે.
મુરખ મિત્રો મળી, ગાળ દઇ ગમત કરશે,
મારી પરસ્પર લાત, વાતમાં મસ્કરી ધરશે;
મિત્રાચારી મૂલ, કેફ પીશે ને પાશે,
ખેલી બાજી ખેલ, લડાલડી કરી વેર જાશે,
સુખ મિઠાં ને મનમાં કપટ, સ્વારથલગી સગાઇ છે;
કદી જોખમકારી જીવને, મુરખની મિત્રાઇ છે.

પિતાની સેવા.

ભુજંગીછંદ.

હતો હું હતો છોકરો છેક છોટો,
પિતા પાળી પોષી મને કીધ મોટો;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રૂડી રીતથી રાખતા રાજી રાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.
ચડી છાતીએ જે ઘડી મુછ તાણી,
કદી અંતરે રીસ આપે ન આણી;
કહ્યું મેં મુખે તે કર્યું હાજી હાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.
મને સારી શિક્ષા શિખાવી સુધાર્યો,
વળી આપી વિદ્યા વિવેકે વધાર્યો;
ભલી વાતના ભેદ સીધા દીધાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.
કદી કોટી કોટી સહી કષ્ટ કાયા,
મને છાતીમાં લૈ કરી છત્રછાયા;
અતિ પ્રાણથી પ્યાર જે આણતાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.
મને દેખી અત્યંત આનંદ લેતા,
મુખે માગી વસ્તુ મને લાવી દેતા;
પુરો પાડ તે તો ભુલે પુત્ર પાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.
વડા વાંકમાં આવું તો શંક જાણી,
દીધો દંડ દેતાં દયા દિલ આણી;
તજી સ્નેહ દેહે ન દીધી પીડાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.
ભણાવી ગણાવી કીધો ભાગ્યશાળી,
તથા તુચ્છ જેવી બુરી ટેવ ટાળી;
જનો મધ્ય જેથી રહી કીર્તિ ગાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.
લીધો લાવ ને લૈશ જે લાવ સારો,
ગાયું ગુણ હું તાન તે તો તમારો;
સદા સુખ સારૂ ઉપાયો સજ્યાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.
મને નિર્ખતાં નેત્રમાં નીર લાવી,
લઇ દાબતા છાતી સાથે લગાવી;
મુખે બોલતા બોલ મીઠા મીઠાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.
હતો બાળ હું આજ સુધી અજાણ્યો,
ઉરે આપનો ગુણ એકે ન આણ્યો;
હવે હું થયો જાણીતો આજ ન્માજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.
જગંનાથજી જીવતો રાખશે જો,
હયાતી તમારી અમારી હશે જો;
કરું સેવનો દિલ સાચે સદાજી,
ભલા કેમ આભાર ભૂલું પિતાજી.
ભણે ભાવથી જન ગણે છંદ સારા,
પિતુ ભક્તિ પામી ન થાશે નઠારા;
રૂડું જ્ઞાન લૈ લાગશે શુભ કામે,
રચ્યા છે રૂડા છંદ દલપત્તરામે.

સંપવિષે.

છપ્પા.

સંવત તેર ત્રેપન, સાલ વિક્રમની જ્યારે,
દિલી અલાઉદ્દીન, તખ્તપર બેઠો ત્યારે;
મંત્રી મલેક જેબ અમલ કરવા રચિ જોડી,
વિખદઇ માર્યો શાહ શાહજાદા ચખ કોડી;
પણ એકમાસ દિનપંચ,સુખ ભોગવી ભુંડી રીતે મુઓ;
તજી સંપ નહીં સુખસંપજે,જરૂર વિચારીને જુઓ.
દિલી આદિક દેશ, થયા જગમાં નૃપ જે જે,
જેણે ન સેવ્યો સંપ, મુઆ વણમોતે તે તે;
કોઇને કુંવરે હણ્યો, હણ્યો કોઇને નિજ ભ્રાને,
કોઈ પ્રધાને હણી, હણ્યો કોઇને પિતુ માતે;
શુભ રીતે સંપ ન સેવતે, રાજા રંક પીડાય છે;
ધનથી સુખ કોઈ નથી ધારતું,સંપથકી સુખ થાય છે.

અહંકારવિષે.

ભુજંગીછંદ.

અહંકાર જો રાવણે ખૂબ રાખ્યો,
ચઢી ચોટમાં મોતનો સ્વાદ ચાખ્યો;
કર્યો વાંદરે હાલ બેહાલ કેવો,
અહંકારમાં સાર છે યાર એવો.
અહંકાર કીધો જુઓ રાય કંસે,
વડું દુખ વેઠ્યું વજ્યો ડાટ વંશે;
મુઓ મસ્ત જુદ્ધો જરાસંઘ જેવો,
અહંકારમાં સાર છે યાર એવો.
અહંકાર દુર્યોધને ઉર આણ્યો,
બીજો આપ જેવો ન જુદ્ધો જ જાણ્યો;
તજી તાત તે તો થયો તુચ્છ તેવો,
અહંકારમાં સાર છે યાર એવો.
જુઓ જેમ જેણે અહંકાર આણ્યો,
કમોતે મુઓ મૂર્ખ થૈ શોક માણ્યો;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ડુબ્યા દુખમાં દીન થૈ દૈત્ય દેવો,
અહંકારમાં સાર છે યાર એવો.
રુડી નમ્રતા જે હૃદમાં ન રાખે,
ચડીને અહંકારનો સ્વાદ ચાખે;
ભખે વિખ મીઠો તજી સ્વાદ મેવો,
અહંકારમાં સાર છે યાર એવો.
પડી આગમાં અંગનું ક્ષેમ ઇચ્છે,
ચડી શૂળીએ પ્રાણનું સુખ પ્રીછે;
મહા ઝેરીના મુખમાં હાથ દેવો,
અહંકારમાં સાર છે યાર એવો.
બકે બોલ જે જે અહંકાર આણી,
વિના તોલ તેની જશે વ્યર્થ વાણી;
ખરા ખારમાં વાવીને લાભ લેવો,
અહંકારમાં સાર છે યાર એવો.
અહંકારી નિંદાય છે વાટ ઘાટે,
તમે મિત્ર તેને તજો તેજ માટે;
સદા નમ્ર થૈ સૃષ્ટિનો સ્વામી સેવો,
અહંકારમાં સાર છે યાર એવો.

દોહરો.

અહંકારથી એક પણ, કદી ન સુધરે કામ;
નમ્રપણામાં સુખ નકી, રહે છે દલપતરામ.

સંપવિષે.

દોહરા.

સૃષ્ટિ સમે સૌ માનવી, વસતાં વન મોઝાર;
ડરતાં એક બીજાથકી, નોતો સંપ લગાર.
પહેરણ છાલો પાંદડાં, ખાવા વનફળ ફૂલ,
વનમાં વસીને વેઠતાં, દેહે દુખ અતુલ.
પછી આપી પરમેશ્વરે, સંપતણી મતિ સાર;
એક બીજાની સહાયથી, બન્યાં ભલાં ઘરબાર.
જેમ સુસંપ વધ્યો ઘણો, અડચણ ભાગી એમ;
બાંધ્યા બંદોબસ્ત બહુ, જન દુખી થાય ન જેમ.
અબળ સબળ સૌ સુખી થયાં, દુખ થયાં સૌ દૂર;
તે કારણ સૌ સંપનું, જાણો તમે જરૂર.
સુખ સઘળાં છે સંપમાં, સંપ નહીં ત્યાં શોક;
સંપે સંપત્તિ સાંપડે, લાજ વખાણે લોક.
તરત તોડવા તાંતણો, હિંમત સૌની હોય;
જુથ મળે જાડું થતાં, કાપી ન શકે કોય.
કરીએ સંપ કુટુંબમાં, શત્રુથી શું થાય ?
ઝાડ ટકે છે ઝુંડમાં, એકલ ઉડી જાય.
છેદે ભેદે છોકરાં, પથરા જે નિજ પાસ;
કરીએ તેનો કોટ તો, તસ્કરનો નહીં ત્રાસ.
ધુવે ધુકાવે ધુળને, ઉપજે મેહ ઉઠાવ;
પ્રૌઢી રચીએ પાળ તો, તેનું બને તળાવ.
તેમ મળીને માનવી, સંપ કરો સૌ ઠામ;
ભાગે ભળતાં ભોગવો, દુખ સુખ દલપતરામ.

બોલ્યું પાળવાવિષે.

ભુજંગીછંદ.

વિના ટેકવાળા બહુ બોલી વાળે,
પછી આપનો બોલ એકે ન પાળે;
તમે ટેવ તેવી ન રાખો નઠારી,
પળે તેટલા બોલ બોલો વિચારી.
પુરો બોલ પાળે વધે તોલ તેનો,
ઘટે તોલ જુઠા પડે બોલ જેનો;
ન રાખે ભરોસો નરો કોઈ નારી,
પળે તેટલા બોલ બોલો વિચારી.
નહીં વેણ જાશો ભલે જાય નાણું,
અરે હું ન એનો કશો શોક આણું;
ધરો ટેક એવો ઉરે ધીર ધારી,
પળે તેટલા બોલ બોલો વિચારી.
સુણ્યા શૂરવીરો ઘણા સત્યવાદી,
મુઆ વેણમાં રીત એવી અનાદિ;
વધી લાજ આલોકમાં લાભકારી,
પળે તેટલા બોલ બોલો વિચારી.
કહે તે કરે માનવી એજ મોટા,
ખુવે વેણ તે તો ખરા ખૂબ ખોટા;
અરે નાખશે માન એ તો ઉતારી,
પળે તેટલા બોલ બોલો વિચારી.
ભસે તે નહીં કૂતરો ચર્ણ કાટે;
લબાડી લહે ઉપમા એજ સાટે;
બકે એજ લજ્જા જવા જોગ વારી,
પળે તેટલા બોલ બોલો વિચારી.
સરે સુખ કે ઉપજે દુખ અંગે;
રહો રાત દાડો કહો એજ રંગે,
ભલા લોકમાં પામશો લાભભારી,
પળે તેટલા બોલ બોલો વિચારી.
સુતાં ઉઠતાં બેસતાં વાત સાચી,
કહો કોણ મોટું નહીં શક્તિ કાચી;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હરી બેસશો એ થકી ઉંચ ઠામે,
રચ્યા છે રૂડા છંદ દલપતરામે.

કષ્ટનષ્ટાષ્ટક.

ભુજંગીછંદ.

અહો દેવ હું તો સદા દાસ તારો,
પ્રભુ તું મને પ્રાણથી પૂર્ણ પ્યારો;
મને આપ અત્યંત આનંદ આપો;
કૃપાનાથ મારૂં મહા કષ્ટ કાપો.
પુરો હું બુરો પ્રાણી છું છેક પાપી,
તમે તો દયાવંત દિસો તથાપિ;
છુટે પાપ જો આપની છાપ છાપો,
કૃપાનાથ મારૂં મહા કષ્ટ કાપો.
સગામાં સગો તો પ્રભુ તુંજ સાચો,
કહું શી કથા હું વૃથા વાદ કાચો;
થશે અર્વ સારૂં શિરે હાથ થાપો,
કૃપાનાથ મારૂં મહા કષ્ટ કાપો.
મને આ સમે કોણુ આરામ આપે,
કહો કોણુ આ પાપ સંતાપ કાપે;
બન્યો બાળ હું તું બન્યો શ્રેષ્ઠ બાપો,
કૃપાનાથ મારૂં મહા કષ્ટ કાપો.
મને આજ આ આપદાથી ઉગારો,
તમે શોક સિંધુ થકી સદ્ય તારો;
પ્રભુજી કરો આ પ્રલે સર્વ પાપો,
કૃપાનાથ મારૂં મહા કષ્ટ કાપો.
તમે સર્વથા સર્વદા શુદ્ધ લીધી,
કૃપાળુપણે સંકટે સાય કીધી;
વિના આપ આ કોણુ જાણે વિલાપો,
કૃપાનાથ મારૂં મહા કષ્ટ કાપો.
ધરૂં અંતરે આપની એક આશા,
ભણું આપ આગે દુખે દીન ભાષા;
થવા માફ મારાં તમે પાપ માપો,
કૃપાનાથ મારૂં મહા કષ્ટ કાપો.
વડો વેગ લાવી ચડો મારી વારે,
જશે શોક શોસી થશે દ્રષ્ટિ જ્યારે:
કશા કલેશથી ક્રેમ રેશે કળાપો,
કૃપાનાથ મારૂં મહા કષ્ટ કાપો.
કરે કષ્ટ નષ્ટાષ્ટકે કોઇ પ્રાણી,
પ્રભુ પ્રાર્થના જો પુરો પ્રેમ આણી;
સરે અર્થ સર્વે ઠરે થીર ઠામે,
રચ્યા છે રૂડા છંદ દલપતરામે.

આબુનું વર્ણન.

ભુજંગી છંદ.

ભલો દૂરથી દેખતાં દીલ ભાવ્યો,
ચઢી જેમ આકાશમાં મેહ આવ્યો;
દિસે કુંડનો દેવતા બીજ જેવો,
દિઠો આજ આબુ ગિરીરાજ એવો.
તિથી પૂનમે શોભિતા સાંજ ટાણે,
બન્યા ઘંટ એ સૂર્યને સોમ જાણે;
દીપે દેવ હાથી કહે કોઈ કેવો,
દિઠો આજ આબુ ગિરીરાજ એવો.
ચઢી ઉપરે જૈ જુઓ આંખ ફાડી,
ઝુકી ઝાડનાં ઝુંડની ઝાઝી ઝાડી;
મહા સ્વાદુ માગ્યો મળે મિષ્ટ મેવો,
દિઠો આજ આબુ ગિરીરાજ એવો.
દિસે વાઘ ને વાંદરા સિંહ હર્ણાં,
ઝરે નિર્મળા નિરનાં નિત્ય ઝર્ણાં;
શીંળો ને સુગંધી વહે વાયુ તેવો,
દિઠો આજ આબુ ગિરીરાજ એવો.
ભલા ફૂલની ત્યાં ફૂલી ફૂલવાડી,
કુવા વાવ ને કુંડ ઓપે અગાડી;
વડાં દેવળોમાં વસે વાસ દેવો,
દિઠો આજ આબુ ગિરીરાજ એવો.
બન્યા બંગલા ને બંની ત્યાં બજારો,
રૂડા રોજગારી કરે રોજગારો;
મળે માલ લેનારને હોય લેવો,
દિઠો આજ આબુ ગિરીરાજ એવો.
તહાં તેર ગાઉતણે તો તળાવે,
પિવા ગામ અર્ગીયારના લોક આવે;
જહાં જેઠ માસે ન દિસે પ્રસેવો,
દિઠો આજ આબુ ગિરીરાજ એવો.
અષાડે પરાં વાદળાં પાસ આવે,
જતાંવેંત જોવાની જુક્તી જણાવે;
ધુમાડો ધુણીનો તમે જેમ દેવો,
દિઠો આજ આબુ ગિરીરાજ એવો.
જુનાં જૈનનાં હિંદુનાં સ્થાન જેમાં,
અતિ ખ્યાત છે અર્બુદા દેવી એમાં;
કહી તે કથા જાણવા જોગ કામે,
રચ્યા છે રૂડા છંદ દલપતરામે.

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

છઠ્ઠી ચોપડી.

પસ્તાવાનાં કામ કરવાવિષે.

અનુષ્ટુપ છંદ.

કાલો ઠોઠ નિશાળે જે, ગાળે વેળા ગપો વડે;
મુંછાળો મૂર્ખ મોટો થૈ, પસ્તાવામાં પછી પડે.
છાવરે દુષ્ટતા છાની, તે ચોરે ચકલે ચડે;
ત્યાં તે નો દુષ્ટ તોફાની, પસ્તાવામાં પછી પડે.
ફુલાવ્યો ફાંકડો ફૂલે, ખૂબ ખર્ચેજ જો જડે;
દેવાળુ નીકળે ઝુલે, પસ્તાવામાં પછી પડે.
છવિકા વૃક્ષને જોઇ, છેદે છે ચોર્ભીને થડે;
ભુખના દુઃખથી રોઈ, પસ્તાવામાં પછી પડે.
મૂર્ખ જે તાત માતાને, નાની ઉંમરમાં નડે;
સંભારી સુખ દાતાને, પસ્તાવામાં પછી પડે.
ભાવ લૈ ભેગનો ભૂંડો, ધાલીને ઘાટ જે ઘડે;
તે ધંધો થાય છે ટુંકો, પસ્તાવામાં પછી પડે.
ભૂલતાં ભૂલ જો ભાખે, તો તેને લડવા તડે;
ચૂકના સ્વાદને ચાખે, પસ્તાવામાં પછી પડે.
પારકી પુંજીને પેખી, ધારણા ન રહે ધડે;
ખત્તાના ખેદને દેખી, પસ્તાવામાં પછી પડે.
જુદાને બાળકી આપી, બાંધે છે મીંદળો મડે;
પિતા પુત્રીતણો પાપી, પસ્તાવામાં પછી પડે.
સ્નેહી સંબંધીની સાથે, લાકડી લૈ ઉભો લડે,
મોટી પીડા પડે માથે, પસ્તાવામાં પછી પડે.
ફૂલ પાન ફળો ગંધા, સંભાળે નહીં તો સડે;
અંતે તે આળસુ અંધા, પસ્તાવામાં પછી પડે.
તાજી બુદ્ધિ ધરો તીખી, મેલી દ્યો ઉન્મત્તની;
શિક્ષા સાચી લહો શીખી, દિક્ષા છે દલપત્તની.

અંગ્રેજી મહિના વિષે.

દોહરા.

જાનેવારી જાણવો, ફેબ્રુઆરી ફરી હોય;
માર્ચ એપ્રિલ મે પછી, જુન જુલાઈ જોય.
એ પછી માસ અગસ્ટ છે, સપ્ટેમ્બર સુખ ધામ;
અક્ટોબરના અંતથી, નકી નવેમ્બર નામ.
પછી ડીસેમ્બર દેખીને, ખરેખરી કર ખોજ;
તો તેના ત્રણસેં અને, પાંસઠ પુગ રોજ.
ચાર છ નવ અગીઆરમાં, તેના તો દિન ત્રીસ;
અવરે એકત્રીસ છે, બીજે અઠ્ઠાવીસ,
ચાલૂ ચોથા વર્ષનો, બીજે જે બોલાય;
તે તો ઓગણત્રીસનો, ગણતાં એમ ગણાય.
વરસ બેસતાં બારમી તારીખ તે સંક્રાત;
જુન પાંચમીએ જઇ મળે, રવિ મૃગશિર નહિ ભ્રાંત.
તાપ તપે મે માસમાં, જુન ગરજે ઘમઘોર;
અક્ટોબરમાં આળસે, જળ વરસ્યાનું જોર.
ઇસિવીસનના આંકમાં, છપન ભેળવીએ છેક;
સંવત વિક્રમનો વળી, આવે એજ વિવેક.
એ સંવતથી એકસો, તથા ઘટે છત્રીસ;
શક શાલિવાહનતણો, ચૈત્ર ચડ્યો કહીશ.
દશ સુંદર આ દોહરા, કર્યા સર્વને કામ;
વિગતે અમદાવાદમાં, રહીને દલપતરામ.

અવગુણવિષે.

ભાન ખાનને પાનનું, ગાન તાન ગુ તાન;
જ્ઞાન વિના વિદ્વાનનું, માન ઘટે નાદાન.
વેષ વિશેષ નરેશનો, બેશ કર્યો શિર કેશ;
દેશ નહિ લવ લેશનો, વેશ ન તજે હમેશ.
ઈચ્છે રાજ સમાજમાં, લાજ આજને આજ;
કાજ કરે પતરાજથી, દગલબાજ શિરતાજ.
હાટ કરે જઇ વાટમાં, ઘાટ ઘડે ધનમાટ;
કુડે કાટલે ખાટવા, ડાટ વળે ધન સાટ.
શાણપણું નહીં આણશે, એજ અજાણ પ્રમાણ;
માણસપણું નહિં માણશે, જાણ લાણની હાણ.
નાત જાતની ઘાતમાં, રાત દિવસ રળીઆત;
ભાત ભાત ભલી તે તજે, માત તાતની વાત.
ગામ ગામ ઠગ કામથી, દામ દામ દગનામ;
દામ મેળવે હામથી, આમ સુખરનો જામ.
જાય સુકીર્તિ તજાય ત્યાં, ખાય ફેર હરખાય;
પાય પીએ પંકાય ઠગ, થાય દરિદ્રી સદાય.
ખાર ખૂબ કરનાર નર, જાર તણો સરદાર;
ભાર ભરે અવતાર લૈ, સાર ન લહે લગાર.
બાળક દુર્ગુણ બાળજે, જાળવજે જંજાળ;
કાળ ઝાળ તો ટાળશે, પાળક દીનદયાળ.
પ્રબળ બુદ્ધિ બળ અકળતન, જળ ફળ ભૂતળદળ;
ચપળ સકળ એ અચળ નહિ, દળ વાદળ દલપત.

ટેવ પડી તે ટળે નહિ.

ભુજંગી છંદ.

શિલા શ્વાનની પુંછડી સાથ સાંધી,
જુઓ જુકિતથી જાળવી બંધ બાંધી;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરી પાંશરી તો ફરી વાંકી વાળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી.
અઢારે વળ્યાં ઊંટનાં અંગ વાંકાં,
કહો ઢાંકીએ તો રહે કેમ ઢાંકયાં;
સુએ ભૂતળે તો જુએ આભ ભાળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી.
જુઓ નાગની જાતની ટેવ જે છે,
રીઝે તો રમે ને ખીજે તો ડસે છે;
પુરા પ્રેમથી રાખીએ ઘેર પાળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી.
પુરા પુષ્પના પુંજમાં હીંગ પેસે,
નહીં હીંગને પુષ્પનો પાસ બેસે;
ભલે માંથું કુટી મરે કોઇ માળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી.
ધરી દૂધમાં ને કરી સાબુવાળા,
ધુઓ કોયલા ને જુઓ હોય કાળા;
નહીં કોઈ કાળે મટે જાત કાળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી.
કહો પાણીના પૂરને કોણ થોભે,
ચઢે શા વડે નેવનાં નીર મોભે;
રહે ખાડમાં રાખશે કોઇ ખાળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી.
લઘુ વૃક્ષ વાળ્યું વળે જેમ વાળો,
ટળે તેમ છોટાપણે ટેવ ટાળો;
કુડી કે રૂડી દુષ્ટની કે દયાળી,
પડી ટેવ તે તો ટળે કેમ ટાળી.
ક્રિયા કેળવો મેળવો ગુણ તેમાં,
નીતિ ભેળવો હેળવો જીવ એમાં;
પડે પાઠ આ તે ભલી ટેવ પામે,
રૂચ્યા છે રૂડા છંદ દલપત્તરામે.

વિદ્યા વધારવા વિષે.

ભુજંગી છંદ.

બહુ બાગમાં ઝાડનાં ઝુંડ થાવા,
મથે મૂળમાંથી પુરાં પાણી પાવા;
તમે તેમ સૈનો ચહો હાલ સારો,
સુધારો થવા શુદ્ધ વિદ્યા વધારો.
કૃપાળુ બનીને નિશાળો કરાવો,
વળી સર્વના સુખનાં બીજ વાવો;
કરી વાડ રૂડી કરે જેમ ક્યારો,
સુધારો થવા શુદ્ધ વિદ્યા વધારો.
રચ્યા ચાવણું ચાવવા દાંત દેવે,
જુઓ જ્ઞાન આપ્યું પિતામાત જેવે;
પઢાવે પુરો તે ખરો પાળનારો,
સુધારો થવા શુદ્ધ વિદ્યા વધારો.
પઢેલો નહીં તે પશુ તુલ્ય પ્રાણી,
પઢેલો જ તે માનવીમાં પ્રમાણી;
વડું પુણ્ય વિદ્યા દીધાથી વિચારો,
સુધારો થવા શુદ્ધ વિદ્યા વધારો.
ખરેખાત વિદ્યા ખજાનો ન ખૂટે,
ઠગે ના ઠગારા લુંટારા ન લુંટે;
જુવો જે વડે જીવ જીવે હજારો,
સુધારો થવા શુદ્ધ વિદ્યા વધારો.
ઠગાઇ જશો જેહ તે ઠોઠ ઠાલો,
દુખે ડુબતો દેખીને હાથ ઝાલો;
તરી પાર તેને તમે તો ઉતારો,
સુધારો થવા શુદ્ધ વિદ્યા વધારો.
લખી વાંચશે એજ છે આંખવાળું,
ભણી જાણશે એજ જાણો જીભાળું;
ધરી નારીને મર્દનો એજ ધારો,
સુધારો થવા શુદ્ધ વિદ્યા વધારો.
પઢેલો કદીકે કરે કષ્ટ ચૂરો,
પઢેલો નહીં તેજ પસ્તાય પૂરો;
પછી માનશે ધિક આ જન્મ મારો,
સુધારો થવા શુદ્ધ વિદ્યા વધારો.
ખરેખાત આ વાતમાં માલ મોટો,
કહું છું કથી કે નથી છેક છોટો;
ઠરાવો નિશાળો તમે ઠામ ઠામે,
સુખે એજ માગ્યું દલપત્તરામે.

વિક્ટોરિઆ રાણી વિષે.

હરિગીત છંદ.

હે દેવના પણ દેવ તું તતખેવ દિલમાં ધર દયા,
જે રાણીજીના રાજથી થીર થઈ અમે સુખીઆ થયા;
તું આપ નિત્યે નવીન વધતું તેજ તેના તાજમાં,
સુખમાં સદા વિક્ટોરિઆને રાખ પ્રભુ આ રાજમાં.
વડી પ્રેમવાળી દિલ દયાળી બુદ્ધિશાળી બાઈ છે,
ભરપૂર ખૂબ ભરાઈ જેના ચિત્ત વિષે ચતુરાઇ છે;
નહિ દેશમાં લવલેશ દીસે કસુર જેના કાજમાં,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુખમાં સદા વિક્ટોરિઆને રાખ પ્રભુ આ રાજમાં.
જે દુષ્ટતામાં પુષ્ટ તેના શત્રુ છે સંસારમાં,
જે કષ્ટ જનને કરે, ફરતા ફરે ભ્રષ્ટ વિચારમાં;
સંહાર તેનો સઘ તું કરનાર ઇશ્વર આજમાં,
સુખમાં સદા વિક્ટોરિઆને રાખ પ્રભુ આ રાજમાં.
તું ઉઠ ઇશ્વર આવી વખતે અરજ ઉરમાં ધારજે,
છળ કપટ ખળનાં ઝપટ છે તે ચપટ કરી બેસારજે;
એ વેરીઓના વાસને વિખેરી નાંખી વાજમાં,
સુખમાં સદા વિક્ટોરિઆને રાખ પ્રભુ આ રાજમાં.
દિન દિન વિશેષ પ્રતાપ વધતો, ચંદ્રનો સુદિમાં ચઢે,
તેમજ રહો મહારાણીજીનું અતિ તેજ ચઢતું તુજવડે;
રિપુ કુળને નિર્મૂળ કરજે છોડ જેવા છાજમાં,
સુખમાં સદા વિક્ટોરિઆને રાખ પ્રભુ આ રાજમાં.
અતિ રિદ્ધિ સિદ્ધિ અખુટ તુજ ભંડારમાંથી આપજે,
મનના મનોરથ પુરીને, વળી કષ્ટ સઘળાં કાપજે;
કરતાર આપો કુશળ એના, સકળ રાજ સમાજમાં,
સુખમાં સદા વિક્ટોરિઆને રાખ પ્રભુ આ રાજમાં.
બહુ વર્ષ સુધી અચલ એનું રાજ, અમ ઉપર હજો,
વળી વંશનો વિસ્તાર જન સુખકાર જગમધ્યે થજો;
ઇશ્વર પ્રતાપે અમલ જામો, દેશ બેટ ઘણાજમાં,
સુખમાં સદા વિક્ટોરિઆને રાખ પ્રભુ આ રાજમાં.
નિર્દોષ તેનો ન્યાય નિશ્ચળ થઈ જગતમાં જામજો,
પ્રતિદિવસ વાર હજાર, જયજયકાર વાણી પામજો;
કરીએ અમે ઉંચે સ્વરે ગુણગાન એના રાજમાં,
સુખમાં સદા વિક્ટોરિઆને રાખ પ્રભુ આ રાજમાં.
ધરી પ્રેમ પ્રભુની પ્રાર્થના કરી, સુખથી એવું માગજો,
જય થજો જગમાં ગર્ણીજીનો શત્રુનું બળ ભાગજો;
શુભસ્નેહથી આજો તમે, સૌ સજન ગામો ગામના,
છે છંદ સુંદર નવ નવીન રચેલ દલપતરામના.

ગુજરાતમાં રાણીજીનું રાજ્ય સ્થપાયું.

ભુજંગી છંદ.

શુભે સંવતે ઓગણી પંદરામાં,
વળી એસતે વર્ષ સારા સમામાં;
જહાં ગુર્જરી રાજધાની બિરાજે,
રૂડું રાણીજીનું થયું રાજ આજે.
કર્યો સર્વને ઘેર આનંદ એવો,
જડે રિદ્ધિ કે સિદ્ધિથી થાય જેવો;
વિવાથી વડો વાર છે એમ છાજે,
રૂડું રાણીજીનું થયું રાજ આજે.
ફરે લોકના થોક મોટે ઉમંગે,
અતિશે દિસે ઉજળાં વસ્ત્ર અંગે;
ગયા શાહીબાગે સહુ એજ કાજે,
રૂડું રાણીજીનું થયું રાજ આજે.
મળ્યો સર્વ સાહેબનો સાથ સારો,
મળ્યા હોંશથી શેઠીઆ હજારો;
મળ્યા સ્વાર પાળા મહા શબ્દ ગાજે,
રૂડું રાણીજીનું થયું રાજ આજે.
વધ્યો હર્ષ વાંચી સુણાવી વધાઇ,
રહ્યાં વાગી વાજાં રૂડા રાગમાંઇ;
ફુટી ગર્જના તોપને ત્યાં અવાજે,
રૂડું રાણીજીનું થયું રાજ આજે.
જમ્યા ઘેર જઇ ભોજનો ભાતભાતે,
રચી દીપમાળા રૂડી એજ રાતે;
રહ્યા અક્ષરો ઓપી એમાં રચ્યા જે,
રૂડું રાણીજીનું થયું રાજ આજે.
મળ્યા રાજ મેં'લે ઘણા લોક મોટા,
સુણી ભાષણો પામિયા પુષ્પ ગોટા;
કવિને નવી પાઘ સાલો નિવાજે,
રૂડું રાણીજીનું થયું રાજ આજે.
રચ્યો દારૂખાના તણો ખેલ ખાસો,
તકે તે જુએ લોક જે ત્યાં તમાસો;
દિસે જાણીએ દૈત્યનો દેશ દાજે,
રૂડું રાણીજીનું થયું રાજ આજે.

દોહરો.

એમ ભલો ઉત્સવ થયો, હરખ્યો સકળ સમાજ;
કરજોડી પ્રભુને કહે, રહો અચળ આ રાજ.

ઇન્દ્રવિજય છંદ.

લંકપુરી સળગી અળગી ભભકારથી રાવણની છબી ભાગી,
કયાં પ્રગટયો વ્રજ દેશદવાનળ,જ્વાળમુખી ગગને ચઢીગાજી;
લોચન ત્રિજું ત્રિલોચનનું, ઉઘડયું દલપત્ત પઢે ઉપમાજી,
રાજસમાજનીઆગળઆજનીરાતસમેબનીઆતસબાજી.

મનહર છંદ.

મેલો ઘેલો પેલો જુઓ આગ ખેલમાં ઉભેલો,
ગોઠડે ગુંદીલો એનો આવે હનુમાનજી;

કાળા હાથ દારૂવાળા, દિસે દાઢીમોઢું કાળું,
પાઘડીનો પલ્લો પુંઠે પુંછડા સમાનજી;
લોક નાસાનાસ કરે, ત્રાસ પામી તેને ઠામે,
એને નાવે આંચ જેના રામજી જમાનજી;
ઠેકી ઠામ ઠામ આગ, લગાડીને આઘો ખસે,
હશે હનૂમાનજી કે મુલ્લાં સુલેમાનજી.

પડઘા વિષે.

દોહરા.

એક વિકટ વનમાં વસે, સિંહ વડો વનરાજ;
મહા મદોન્મત મન ગણે, અવર ન મુજ સમ આજ.
એણે અવસર એકમાં, ત્યાં તો પાડી ત્રાડ;
પડઘો પણ તેવો પડયો, ઝુંડ હતાં જ્યાં ઝાડ.
વળી વળી કરે વિચાર જે, આવ્યો આ કોઇ એણ;
કહે સિંહ તું કોણ, ત્યાં, કહે ધ્વનિ તું કોણ?
તું તું મુજને મુંજને, કાં ટુંકારે ટુંકાર;
તને તને મારીશ રીસ નિકળ બાર રે બાર.
હું હું વનપતિ વનપતિ, તું તું ચોરજ ચોર;
એ રીતે ઉચ્ચારતાં, ઘણો થયો પ્રતિઘોર.
વનપતિ સમજ્યો વનતણું, રખે ચહે એ રાજ;
ક્રોધ કરીને કેસરી, કુદ્યો જોવા કાજ.
ઠામ ઠામ જઈ ઠેકતો, હૈડે રાખી હામ;
ગર્વ ધરીને ગર્જતો, તરૂ ગિરિ ફર્યો તમામ.
ત્યા દેખી તેને કહે, શાણો એક શિયાળ;
એ અવાજ છે આપનો, નહિ અવર વનપાળ.
સમજાવ્યો સારી પઠે, સિંહ થયો સુણી શાંત;
સમજ્યો કારણ સર્વ તે, ભાગી મનની ભ્રાંત.
એ રીતે આ લોકમાં, બોલે જેવા બોલ;
પાછળથી પડઘો પડે, તેતો તેનો તોલ.
ભલો કહી સુણીએ ભલો, બાળ કહેથી બાળ;
કીર્તિ કથેથી કીરતિ, ગાળ દીધેથી ગાળ.
વદવું વચન વિચારથી, અણ વિચારથી એક;
કહો નહિ દલપત કહે, છુટી જીભે છેક.

કુસંપનું જીવતર.

ઇંદ્રવિજય છંદ.

કુત્સિગકાગકપોતનીવાણી કહેસઘળા કવિઓએવખાણી;
શ્વાન મહીશમની અજ શબ્દ, કહેવળીભટ્ટ કવીમુખકાણી;
ગર્ધવગીધ ઉલૂક ગિરા,જગમાં અપશુકન કરીજનજાણી,
એ સૌ વાદ વૃથા દલપત્ત કહે બડી ક્રૂર કુસંપની વાણી.

છપ્પા.

રહે શરીરમાં રોગ, વ્યસન આવી કોઈ વળગ્યું;
થયો ન વિદ્યાભ્યાસ, કરજ છુટે નહિ અળગું.
વસે કુટુંબ કુસંપ કલેશ કામની નહિ છાંડે;
પાપી પુત્ર કુપાત્ર પુત્રિ બાળાપણમાં રાંડે.
અહોનિશ વસવું ઉદ્યમ વિના, તૃષ્ણા આધક અંપાર છે;
આ જગમાં એવા પુરૂષના, જીવતરને ધિક્કાર છે.
રોગ રહિત તન રહે, અધિક વિદ્યા અભ્યાસી;
પાળે પુત્ર વચન, સદાપર આશ નિરાશી.
મધુર વચન માનની, કરજ શિરપર નહિ કોડી;
ચિત્ત સદા સંતોષ, પ્રીત સજ્જનશુ જોડી.
વળી દિવસ દિવસ થતો દિસે, સંપ કુટુંબી વર્ગમાં,
પછી એથકું હું નથી પ્રીછતો, સુખ વિશેષ કંઇ સ્વર્ગમાં.

હિંદુસ્તાનની વખણાતી ચીજો.

દોહરો.

દેશાટન કરી દેખશો, ભલી જણસ બહુ ભાત;
પંથ પધારી પ્રથમ તો, જઇ જોજો ગુજરાત.

હરિગીત છંદ.

રળીઆમણી ગુજરાત જોવા જોગ જેવી જાણજો,
ધરી યાદ અમદાવાદથી, એકાદ વસ્તુ આણજો;
અતલસ અને મુલદાર મશરૂ માલ એશ મંગાવજો,
વળી ઘરદિસે વરસાદ પેલા આપ વ્હેલા આવજો.
પછી પંથ પેથાપુર ભણી, જાત્રાળુ જન જે જાય છે,
ત્યાં બાધણીની સાડીઓ બંદુક બહુ વખણાય છે;
તે દેશથી સંદેશડો જન કોઇ સાથે કહાવજો,
વળી ઘરદિસે વરસાદ પેલા, આપ વહેલા આવજો.
વિસલનગર વિશ્રામ કરજો, પાત્ર ત્યાં પીતળતણાં,
વખણાય હળદર હેમ જેવી, ઘાટ ચીર ખુલે ઘણાં;
પછી પાટણે જઇને પટોળાં, રંગદાર રખાવજો,
વળી ઘરદિસે વરસાદ પેલા આપ વહેલા આવજો.
સમશેર તો શિરોહીની, પ્રતિમા ભલી ડુંગરપરી;
આવતાં જાજો આત્રસુંબે, ત્યાં છરા લોઢી છરી;
વળી કપડવંજી કાચ સાબુ રહી સમીપ રચાવજો,
વળી ઘરદિસે વરસાદ પેલા આપ વહેલા આવજો.
કાઠિઆવાડી કાંબી ઝાલાવાડી રૂડાં ઝુમણાં,

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

ખંભાતની ભલી સુતરફેણી, જમણ તો સુરતતણાં.
બહુ પાપડી ને સાઠી બરશી લક્ષ દઈને લાવજે;
વળી ઘરદિસે વરસાદ પેલા આપ વહેલા આવજે.
નાશક તણાં જળપાત્ર નિર્મળ, પાન પુને સાંપડે,
બુરાનપરી શેલાં સરસ પણ પેઠણી પાઘડી ચડે;
શુભ સાલ તો કાશ્મીરની, એતો જરૂર અણાવજે,
વળી ઘરદિસે વરસાદ પેલા આપ વહેલા આવજે.
કાશીતણા લોટા પિતાંબર, અર્ણુ છાયલ મેળવી,
પણ ધોતીજોડા નાગપુરી જઈ લાવજે જોઈજાળવી;
બહુ ખાંડ બંગાળે બને પણ લઈ હિસાબ પતાવજે,
વળી ઘરદિસે વરસાદ પેલા આપ વહેલા આવજે.
ધોળેરી રૂ ધોળું ભલું થઈ તો ભલા છે ભાલમાં,
ગજદંત સિંહલદ્વીપ, મુંબઈ હેમની છે હાલમાં;
નાણાતણી ટંકશાળ જોઇ સભાવિષે સીધાવજે,
વળી ઘરદિસે વરસાદ પેલા આપ વહેલા આવજે.

દોહરા.

મથુરામાં પેંડા મળે, જુઓ ચિત્ર જયપૂર;
ઘોડા તો કચ્છી ઘણા, પ્રેમ પમાડે ઉર.
જામનગરનું જઇ જુઓ. કંકુ સારે કામ;
વાગડમાં મઠ બાજરી, દીઠી દલપતરામ.

ફૂલણજીની ગરબી.

(વહાલા તમારી જોઈને રહીશું વાટરે,વહાલાજી. એરાગ.)
ફુલણજી તમે ફુલાવ્યા કેમ ફૂલ્યારે ફુલણજી ?
આ ઉપજ ખરચનો અડસટ્ટો કયમ ભુલ્યા,મારાફુલણજી.
કરજ કરીને વરા ભલા તમે કીધારે ફુલણજી,
આ ગરથ પરાયા ખરચીને જશ લીધા, મારા ફુલણજી
ઘર વેચીને ઘી સાકર તો લીધાંરે ફુલણજી,
આ જમણ સરસ સામોવડીઆથી કીધાં, મારા ફુલણજી.
પિતાંબર પેરી પંગતમાં ફરીઆરે ફુલણજી,
આ મનમાં ફુલ કરી મુંછે કર ધરીઆ, મારા ફુલણજી.
વળતો દિવસ થયો કે માગે નાંણાંરે ફુલણજી.
આ નાણાંનાં તો ન મળે કંઇ ઠેકાણાં, મારા ફુલણજી.
આ ફુલણજી ઉપર અરજી થઇ ત્યાંથીરે ફુલણજી,
આ જપત થઇ મીલકત કાઢયા ઘરમાંથી, મારા ફુલણજી
ફુલણજી તમને જેણે ફુલાવ્યારે ફુલણજી,
આ ટાણે તો કોઈ મદદ કરવા નવ આવ્યા, મારાફુલણજી.
ફુલણજી તો કુવો શોધવા ચાલ્યારે ફુલણજી,
આ ગરથવિનાતે અરીણ નકોઇએ આલ્યાં, મારાફુલણજી.
જમતી વખત વખાણ ભલાં કીં કરતારે ફુલણજી,
આએ સૌ હાસ્ય કરી નિંદા આચરતા, મારા ફુલણજી.
એ અવસર તો અધિક વખાણી ચઢાવ્યારે ફુલણજી,
પણ આ અવસર તો બેવકુફ ઠરાવ્યા, મારા ફુલણજી.
પહેરીને પટકુલ બાંધ્યા ચંદરવારે ફુલણજી,
આ ઘરબાળીને ચાલ્યા તીરથ કરવા, મારા ફુલણજી.
ફુલણજીની રાંડ રૂવે મોવાળીરે ફુલણજી,
આ ફુલણજી સિધાવ્યા ટેકો ટાળી, મારા ફુલણજી.
ભોળાને નરસી શિખામણ દેશેરે ફુલણજી,
તે નિસાસાનું પાપ ઘણું શિર લેશે, મારા ફુલણજી.
દિલમાં દલપતની શિખામણ ધરજેરે ફુલણજી,
તો કરજ કરીને નાત વરા નવ કરજે, મારા ફુલણજી.

સાતમી ચોપડી.

વિવેક માળા.

મોતીદામ છંદ.

ભજો ભવતારણ શ્રીભગવાન, તજોનિજઅંતરનું અભિમાન;
સજો સજ્જનારતણા ગુણગાન, થજો સઘળા સુધરેલ સમાન.
કરો દિલદઇ પરમારથકામ, ખરો મતએજ ધરો ઉર આમ;
તરો વળી આળસ નીર તમામ, ડરો કરજે કરતાં બહુ દામ.
નથી સમજી નિત્ય ચાલવું નેક, છથી મરજાદ ન છોડવી છેક;
ટકી સુધરેલી નતોડવી ટેક, બકી નજવો જુઠ અક્ષર એક.
શકે નહીં સાંખી સભાસદવેણ, બકે નર દુષ્ટ મહા દુખદેણ;
છકે મધુપાન કીધે નર તેણ, ટકે મુખ જેમ મણિધર ફેણ.
કકો ભણીને બની પંડિત કાય, પકો કરી વેપ વિશેષજ હોય;
ન કોઈથી જીતી શકાયજ જોય, ટકો પણ કીમત તેની નતોય.
સગોગણીસજ્જનસાથજરૂર, દગોતજવોદુર્નીઆંથકી દૂર,
ઠગો ન થશો નથશો કદીક્રૂર, વગો વધશે વધશે વળી નૂર.
બડીબડીતો નહિ બોલવીવાત, લડીલડીને ઘડવીનહીંઘાત;
તડીતડીને હણવી નહિલાત. નડીનડીને ન થવું રળીઆત.
ભણીભણી ભેદ થવું વિદવાન, ગણી ગણી વાવરવું ધન ધાન;
ધ્રણીધ્રણીરીતનું રાખવુંભાન, છણીછણીપાણી કરોપછીપાન.
ચણોપણપાણીનાઆગળપાળ, અણોશુભઆવકજનવકખાળ;
ગણોબહુકીમતનોક્ષણકાળ, ઘણોદરજ્યાનિરુદ્યોગીનિશાળ.
છતો પગહાથ કરે નહિકામ, ખતાબહુખાય નિરુદ્યમીનામ;
જતાદિવસે તજ્જેસુખધામ, ગતાગત કોઇ ગણે નહિ ગામ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છતી છત જાય વધેદુખવાત, મતી હીણ મૂઢ કહે જનજાત;
રતી ન રહે પ્રભુજી રળીઆત, અતીશય એથી વધે ઉતપાત.
ગમાવીજ દ્યોનવૃથાદિનનીશ,જમાવીજદ્યોભગતીજગદીશ;
નમાવીજદ્યોગુરૂનેપદશીશ, સમાવીજ દ્યો રૂદીઆતર્ણીરીશ.
કરાવવું તો પરમારથ કામ, ઠરાવવું, તો દરવાતણું ઠામ;
ડરાવવું તો દિલ દેખી હરામ, ધરાવવું તો ધરમીનિજનામ.
ટકાવવી તો પ્રભુ ઉપર પ્રીત,તકાવવીતો રજ શોધન રીત;
ધકાવવી તો મનની ગતિ નીત,પકાવવીતોચતુરાઇજચીત.
લખાવવી તો વળી સત્ય જવાત, રખાવવીરીતરૂડીદિનરાત;
નખાવવી તો દિલથી દૂર ઘાત, ધકાવવી ઉદ્યમનીધુણીભ્રાત.
લગાવવી લોભ તણે શિરલાત, ડગાવવી તોજડતાતણીજાત;
ફગાવવી ફેલફિતુરની વાત, ભગાવવી ચાલ ભયંકર ભ્રાત.
મચાવવીસજ્જનસોબતસારી,રચાવવીતોકવિતાસુખકારી;
બચાવવીદોલતડહાપણધારી,નચાવવીતોનહિનિર્લજનારિ.
તજાવવી તુચ્છપણા તણી ટેક,ભજાવવી વાત વધારી વિવેક;
સજાવવી સુંદર નીતિ અનેક, બજાવવી નોકરી નાથનીએક.
બુઝાવવી લોચન ઝેરની ઝાળ,રૂઝાવવી ચુગલીચોરોનીચાલ;
સુઝાવવી બુદ્ધિ કુબુદ્ધિ કંગાળ, દુઝાવવી તો ધરતીજરસાળ.
ઘટાવવી તો ઘણી આળસ અંગ,ચટાડવીસુમતિસાકરસંગ;
વટાડવી પીડ ફરી ભય ભંગ, મટાડવી ફિકર આપી ઉમંગ.
પડાવવી વાદ વદીનવિસાત,અડાવવીનહીં કદીઆડીજવાત;
લડાવવી તો નહીં કોઇની નાત, ઘડાવવીતોનહીંકોઇનીઘાત.
જણાવવી આપણી બુદ્ધિ ઉદાર,અણાવવીઉત્તમવસ્તુઅમાપ;
ગણાવવી કીર્તિ કથઃ સુખકાર,ખણાવવી ખાણમહામુલદાર.
છપાવવી છેલતણી નહીછાપ,ખપાવવી જ્ઞાનતણીધણિખાપ;
જપાવવી ઇશ્વર કીર્ત્તિ અમાપ, થપાવવી નીતિનડેનહીંપાપ.
ન થાવું મહાપદ લઈ ઉન્મત્ત, તથા તજવું અભિમાનઅસત્ત;
કથા સુણીને વળી રાખી વિગત્ત, વૃથાનહિવાદ વદો દલપત્ત.

પરમેશ્વરે સર્વ ઉપયોગી કર્યું છે.

દોહરા.

નાસ્તિક નરની આગળે, આસ્તિક ઉચરે એક;
જે જે સરજ્યું જગદિશે, વિધવિધ કરી વિવેક.
નિરુપયોગી કશુંએ નથી, જન સુખ સારૂં સર્વ;
કથન સુણી નાસ્તિક કથે, ગંડક ધરીને ગર્વ.
જુ માંકણ, મચ્છર જુવા, સિંહ વાઘ વરૂ સાપ;
એ કુવા ઉપયોગના, તેહ બતાવો આપ.
ઘાત કરે જનની ઘણી, તરત ડસે તનમાંહિ;
દયા હોત જો દેવને, કરત ન એવું કાંહિ.
આસ્તિક એ અવસર કહે, ઉચ્ચર ન એવું આળ;
પ્રભુ પાળે જન પુત્રસમ, દિન દિન દીનદયાળ.
નિત નિત જન નિરમળ રહે, વસે હળીમળી વાસ;
એ ઇચ્છાથી ઇશ્વરે, તે શિર મૂક્યા ત્રાસ.
મલિન રહે જો માનવી, સાફ સજે નહીં સેજ;
જુ માકણ ને જીવડાં, આપે પીડા એજ.
પટ પેહેરે નહિ પંડપર, જમીન મલિનમાં જાય;
જો તેને મચ્છર જુવા, ખાંતે ખોતરી ખાય.
એમજ ઘર કે આંગણું, રોજ ન સાફ રખાય;
વ્યાલ ખજુરા વીંછીઓ, ભમતા આવી ભરાય.
જે જન જંગલમાં રહે, સર્વ તણો તજી સંગ;
વાઘ વરૂનો ડર વળી, ઉપજે એને અંગ.
ચુક છોટીથી ચોટીઓ, મોટી ચુકે મરણ;
કેવો કીધો કાયદો, અધિપતિ આળસ હરણ.
આપ સાફ રહી અવરને, સઘ સજાવે સાફ;
નહીં તો નિર્મળ મનુષનો, મહાગુનો નહીં માફ.
કર્ત્તારે કરૂણા કરી, કર્યું વિચારી કામ;
સમજે સમજુ જન સહુ, દિલમાં દલપતરામ.

વૈતાલીય છંદ.

રચના રચનાર રે ધણી, કરૂણાળુ કરૂણા કરો ઘણી;
પ્રભુતા પ્રભુ તારી તું ધરી, મજરો લઈ મજ રોગ લે હરી.
કરવા કર વાવરો મને, સુખીઆરો સુખી આ ભજું તને;
વણસે વણ સેવનાથકી, નર ધારી ન ધારણા નકી.
જનમે જન મેદની વિષે, હરી તેની હરિ તેં પિડા દિસે;
કરી દીકરી દીકરા ગણ્યા, દુખકાળે દુખ કાપી તે તણા.
ઘડી જે ઘડી જેટલા ધર્યાં, ઉપકારી ઉપકાર તેં કર્યાં;
ટળી આટળી આપદા જરા,ગુણ વાંચી ગુણવાન તાહરા.
હતી દા હતી દાઢીજેઅતિ, મળના ગે મળી નિમળીમતિ;
કવિતા કવિ તારિ જો ગણી, કથશે ચોક થશેબણીબણી.
નખમાં નખમાય જે અમે, જીવતા કંઇ જીવ તાપતેખમે;
ઠગવા ઠગવાત સૌ કરે, જગપાળુ જગ પાપ તું હરે.
રજ પાંરજ પામીએ કથા,પણ આ ડાપણ આગળે નથી;
જણશે જણ સેંકડો કરે, સદભાગી સદભાવના ધરે.
જનરંજન રંગ તેં કર્યો, સુખકારી સુખકારણે ધર્યો;
તનવંત ન વંદશે તને, નર તો વાનર તોલમાં બને.
તજવા તજ વાત જે કહે, નિજનો ખુની જનો ગણી લહે;
ગણના ગણનાર જો કરે, ગણ તારા ગણતાંજ તે મરે.

દોહરો.

ગુણ તારા ગણતાં કદી, ઠેઠ ન આવે ઠામ;
અલ્પ બુદ્ધિ શું ઓચરે, રચીને દલપતરામ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અભિમાન તજવા વિષે.

મોતીદામ છંદ.

કદી અભિમાન કરે જન કોય, હજાર વશા હલકોબહુહોય;
કહું શુભ કેહેણ સુણો સૌ કાન,ભજોભગવાનતજોઅભિમાન.
ગયો પડી રાવણનો પણ ગર્વ, સમાપર શત્રુ થયા જનસર્વ;
નક્કી થયું પ્રાણતણું નુકસાન,ભજો ભગવાનતજોઅભિમાન.
કહો વળી ક્યાં દુરજોધન કર્ણ,મદોન્મતપામીગયાપણમર્ણ;
દિધાં દરરોજ સદાવ્રત દાન, ભજો ભગવાનતજોઅભિમાન.
છતાં જગ મધ્ય હતા જનજોધ,કળે કરતા રિપુ ઉપર ક્રોધ;
મુઆબળીઆતજીબાણકમાન,ભજોભગવાનતજોઅભિમાન.
થતી શિર છત્રતણી શિળિ છાંય, કશું કરતાં ડરતાનહીંકાંય;
ગયા નર આપ રહ્યાં ગુણગાન,ભજોભગવાનતજોઅભિમાન.
સજે જન જો સઘળા ગુણસાર,લહેમનમાંઅભિમાનલગાર;
મળ્યાં દુધ સાકર ઝેર સમાન, ભજોભગવાનતજોઅભિમાન.
અહોચિતથી જગમાં જશજોય,કદીઅભિમાનકરેનહીંકોય;
હશે નર નમ્ર થશે ગુણવાન,ભજોભગવાનતજોઅભિમાન.
ટળે અભિમાન મળે બહુ મિત્ર, પમાય પ્રભુપદ પ્રેમ પવિત્ર;
પડે પછી પૂરણબ્રહ્મ પિછાન, ભજો ભગવાનતજોઅભિમાન.
સુણી શુભ આ નવછંદ રસાળ,પ્રજાજન સર્વપ્રજાપતિપાળ;
વિચાર કરી વળી ધારી વિગત્ત, કરો દિલ તોલકહેદલપત્ત.

હિંદ ઉપર ઉપકાર વિષે.

સવૈયા એકત્રીસા.

ઝેર ગયાં ને વેર ગયાં, વળી કાળા કેર ગયા કરનાર,
પર નાતીલાં જાતીલાથી. સંપ કરી ચાલે સંસાર;
દેખ બિચારી બકરીનો પણ, કોય ન જાતાં પકડે કાન,
એ ઉપકાર ગણી ઇશ્વરનો હરખ હવે તું હિંદુસ્તાન.
રાજ્ય અનોપમ આજ થયું છે,લાજ વધારી તારી લેખ,
ઘેર કુકર્મિ ચોર ગયા ને, જોર દગાનું દુઃખું દેખ;
મહમુદ સરખા મારણ ન મળે, તૈમુર તુલ્ય નહિ તોફાન,
એ ઉપકાર ગણી ઇશ્વરનો હરખ હવે તું હિંદુસ્તાન.
જુલમી રાજાની જડ ઉખડી,નાદિર સરખાપામ્યા નાશ,
બારે ભીલતણો ભય ક્યાંછે, ક્યાંછે કજીઆ ને કંકાશ;
વિધવિધના વૈભવ વસ્તીને, પેહેરે પટકૂળ ચાવે પાન,
એ ઉપકાર ગણી ઇશ્વરનો, હરખ હવે તું હિંદુસ્તાન.
દુલકરથી નહીં હોય ખરાબી, કહો મરાઠા કોણુજ માત્ર,
કદી સંહાર ન કરે સિંધિઆ, પીંઢારા પણ ગયા કુપાત્ર;
ઇંગ્લીશના નેજાની નીચે, તારાં તનુજ કરે ગુલતાન,
એ ઉપકાર ગણી ઇશ્વરનો, હરખ હવે તું હિંદુસ્તાન.
એ બળવંતા આશ્રય આગળ,ગાય ધવળ મંગળ ગુણગીત,
જેના ધારા સૌથી સારા, નિરબળ નરને ડર નહીંચિત્ત;
કાળી નાળીનો ભય ટાળી, સંભાળી રાખે સંસ્થાન,
એ ઉપકાર ગણી ઇશ્વરનો, હરખ હવે તું હિંદુસ્તાન.
ફાંસી ખોરા ફેલ કરીને, વનમાં પાડી ન શકે વાટ,
ધીંગા કાઠી જટનાં ધાડાં, ઘોડાં ઘેરી ન શકે ઘાટ;
ખેતર કે કુવેતરમાં જઈ, લશ્કર લુંટી ન લહે ધાન્ય.
એ ઉપકાર ગણી ઇશ્વરનો, હરખ હવે તું હિંદુસ્તાન.
લંકાથી હિમાચલ લગભગ, કલકત્તાથી કચ્છ પ્રવેશ,
પંજાબી સિંધી સોરઠીઆ, દક્ષિણ માળવ આદિક દેશ;
દિવસ ગયા ડરનાને દુખના, સુખના દિનનું દીધું દાન,
એ ઉપકાર ગણી ઇશ્વરનો, હરખ હવે તું હિંદુસ્તાન.
તે માટે તું તો તનમનથી, માની લે એનો આભાર,
રાજી રાજી રહી નિરંતર, સ્વર્ગ સમો સજજે શણગાર;
દિલથી આશીષ દે છે દલપત્ત, મહિમા મોટું મેળવ માન,
એ ઉપકાર ગણી ઇશ્વરનો, હરખ હવે તું હિંદુસ્તાન.

કુસંગતિ વિષે.

નારાચ છંદ.

ભલે વધાર ભાતમાં, લગાર જે લવિંગનો,
ટળે ન ટાળતાંજ તેમ, હોય ગંધ હીંગનો;
સફેદ વસ્ત્ર શામ થાય, શામ રંગ સંગમાં,
કુસંગીનો પ્રસંગ દે, કુસંગ રંગ અંગમાં.
અફીણીઆની સોબતે, અફીણીઆ ગણાય છે,
જુગારીઆની યારીમાં, જુગારીઆ જણાય છે;
કદંગીના પ્રસંગી તે કઢાય છે કઢંગમાં,
કુસંગીનો પ્રસંગ દે, કુસંગ રંગ અંગમાં.
જુવાર જ્યાં હજાર શેર, શેર ભાત જઇ ભળે,
મળે ન મુલ ભાતનું, જુવાર જેટલું મળે;
ગણાય ખાળ નીર, ગંગ નીર તુલ્ય ગંગમાં,
કુસંગીનો પ્રસંગ દે, કુસંગ રંગ અંગમાં.
પીએ જ શુદ્ધ દુધ જે, કલાલની દુકાનમાં,
છણાય વાત છેક તે, મનાય મદ્ય પાનમાં;
જુગારી પાસ શ્રેષ્ઠ નંગ જાય નેષ્ટ નંગમાં,
કુસંગીનો પ્રસંગ દે, કુસંગ રંગ અંગમાં.
કદાપિ કાળીઆ કનેજ, ધોરી ધોળીઓ વસે,
વળે ન વાન તોય સાન, સંગથીજ શીખસે;
ઉડે ન તોય ચેકવા, શિખે વસી વિહંગમાં,
કુસંગીનો પ્રસંગ દે, કુસંગ રંગ અંગમાં.
ભલા પુલિંગ ભાત દેખ, દાળ સંગતી ચઢી,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુલિંગ નામ પાલટી, લખાય નામ ખીચડી;
ગણાય અંધ ટોળીં, એક દેખતો અપંગમાં,
કુસંગીનો પ્રસંગ દે, કુસંગ રંગ અંગમાં.

લગાર ઝેર દુધ બાર શેરમાં સમાય તો,
વિકાર તેજ વાર થઇ પીનાર પ્રાણ જાય તો;
સુપાત્રમાં કુપાત્ર જઇ, કરેજ ભંગ રંગમાં,
કુસંગીનો પ્રસંગ દે, કુસંપ રંગ અંગમાં.

કુવેણ કેમ શોભશે, સસ્રધા સુવેણમાં,
કણ અણ સમાન તેં, નડે ઘણુંક નેણમાં;
ગમે ન ગાંઠ એક જો રહે રસી સળંગમાં,
કુસંગીનો પ્રસંગ દે, કુસંગ રંગ અંગમાં.

દોહરો.

તજો પ્રસંગ કુસંગીનો, સદા કરો સતસંગ;
માનો દલપતરામનું, અંગે ધરી ઉમંગ.

મનરંજન કવિતા.

છપ્પો.

નાથ નરકનો કોણ? મારું દદીંનું શું કહીએ,
પોથી બાળક તણી, નામ તેનું શું લઇએ?
ઘઉંનું શું નિત ઘેર, કરે ભોજન કરનારી?
ચતુર પુરૂષ એ ચાર, ઉત્તર મન લહો વિચારી.

જો સમજી શકે તો માન દઇ, આપું બેસવા ઓટલી;
નહીં સમજી શકે તો કહું તને, જમ ઘી ચોપડી રોટલી.

શ્રીફળમાં શું હોય, દગો કરતાં શું હારે?
અધિક ગામડામાંહ, લહે કોણ પદવી બારે?
મટે નહીં તે કોણ? પરમ દુખ સૌથી શું છે?
દાટિ આદ્યને અંત, તહાં જે નામ રહ્યું છે;
વાચા અવિચળ એ દેવ છે, રાખી રહેમ નજરે રહે;
દન દનપર આદિવર્ણપર, મધ્યવર્ણ કવિજન કહે.

દુમિલા છંદ.

નર સેજ સુબુદ્ધિ ન વાવરસે,
વરસે વરસાદ મરે તરશે;
તરશે નહિ નાવ મળે સરસે,
સરશે નહિ કામ પ્રભુ પરશે;
પર શેરિ ઘરોઘર સાંચરશે,
ચરશે ખડ અર્થ ન સુધરશે;
ધરશે ન શિખામણ સાંભરશે,
ભરશે જળને નહીંએ નરસે.

દર્દીને દવા આપવા વિષે.

દોહરો.

ઓસડ આપો અસુખીને, જીવન આપે જેમ;
તરતજ પામો તો તમે, પુરો પ્રભુનો પ્રેમ.

ભુજંગી છંદ.

પ્રભુનો તમે પામવા પ્રેમ પુરો,
નહીં આજ ઉદ્યોગ રાખો અધુરો;
પીડા પામતા લોકના થોક ટાળો,
દવા દાન દૈ દર્દિનાં દર્દ ટાળો.

શરીરે સુખી તે સુખી સર્વ વાતે,
શરીરે દુખી તે દુખી છે સદાએ;
દિલે લો દયા દીન દેખી દુખાવો,
દવા દાન દૈ દર્દિનાં દર્દ ટાળો.

જરાએ જુઓ જોડીને જીવી જ્યારે,
ભલુ પુણ્ય તે ભાસશે સૌથી ભારે;
રૂડા સજ્જનો જીવ રાખી દયાળો,
દવા દાન દૈ દર્દિનાં દર્દ ટાળો.

સજો સૌ થકી શોભિતી વૈદ્યશાળા,
ભણ્યા ને ગણ્યા વૈદ્ય રાખો રૂપાળા;
કરો દૂર જે વૈદ્ય દિસે દગાળો,
દવા દાન દૈ દર્દિનાં દર્દ ટાળો.

વડી વૈદ્ય શાળા વડા વૈદ્ય થાપે,
અનંતા દુખી જીવ આશીષ આપે;
અરે દ્રવ્ય એવેજ રસ્તે ઉછાળો,
દવા દાન દૈ દર્દિનાં દર્દ ટાળો.

અહો દેવ એને ભલે દ્રવ્ય આપ્યું,
દવા દૈ દુખી લોકનું દુઃખ કાપ્યું;
હઠ્યો રોગ જેથી હતો જે હઠાવો,
દવા દાન દૈ દર્દિનાં દર્દ ટાળો.

અખે કીર્ત્ત આ લોકમાં એમ આવે,
પ્રભુ રોજ પામી પુરો પ્રેમ લાવે;
ભલું નામ વિખ્યાત ભૂ મધ્ય ભાળો,
દવા દાન દૈ દર્દિનાં દર્દ ટાળો.

કશા રોગને ટાળવા કામ કીધું,
દિસે આજ એ તે અભેદાન દીધું;
તજે રોગ રોગી નિરોગી નિહાળો,
દવા દાન દૈ દર્દિનાં દર્દ ટાળો.
શિખા સાંભળો અંતરે ડંક આપ્યો,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખરા સજ્જનો જીવમાં ખૂબ જાણો;
રૂડી વૈદ્યશાળા રચો ઠામ ઠામે,
મુખે એજ માગ્યું દલપત્તરામે.

ઇંદ્રવિજય છંદ.

ફેરવી રૂપ દગાથી ફસાવી અરે નર અંતર ફોકટ ફૂલે;
છાનો રહે નહિ છેક હમેશ ખરેખરી વાત કદીપણ ખૂલે;
ભોળવીએ ભરમાવી ભલે પણ, ભોળપણે ફરીથી નહિ ભૂલે,
કાગળ હાંડલી કોઇ કરે કદી એકજવાર ચઢે પણ ચૂલે.

પરમેશ્વર રાણીનું રક્ષણ કરો.

ઝુલણા છંદ.

અખિલબ્રહ્માંડનાઇશનિશદિનતું,ઉરવિષેઆસ્તુતિધરઅમારી
રિદ્ધિનેસિદ્ધિવિક્ટોરિઆરાણીને અખુટભંડારથી આપતારી;
સકળ સંસારમાં તેમના શત્રુના સૈન્યને સઘ સંહારી નાખો,
પ્રાણીનેપ્રાણદાતારકરતારજગરાણીવિક્ટોરીઆઅમરરાખો!
ભાગ્યશાળીભલીકુશળછે, કુળવતીપ્રેમવાળી વળી દિલદયાળી;
રાણી શિરતાજ મહારાજ રક્ષાકરો તેહના શત્રુનું જોરટાળી;
એપ્રભુએહના અમલમાંઅચળતુંઆપઆવારભૂગોળઆખો.
પ્રાણીને૦

સરવથીસરસબહુવરસસુખીવશો અચળઅમઉપરેઅમલએનો,
દુષ્ટદંડાય સુખીથાયસજ્જનો,જગતમાંન્યાયવખણાયજેનો;
પરમપ્રતિપાળધરમાળજીવો ધણુંકરમકળચાડીઆચોરચાખો.
પ્રાણીને૦

છે પ્રજા ઉપરે પ્યાર જેને ઘણો, થાયછે સર્વ સંસાર રાજી,
એજઅવિચળપણેથાઓઆદેશમાં ગાઇએજેથીગુણગાનગાજી
અધિકઉછરંગના દિવસ દે ઉજળા દુષ્ટને દિવસ દેખાય ઝાંખો
પ્રાણીને૦

લોકનાથોક નિશંકસુખીઆથયા,જશભર્યું કામ કહેવાયજેનું!
અધિકમહિમાભર્યુંરાજરહેજોવળી અચળઆલોકમાંનામએનું
રાણીજીવોઘણુંરાણીજીવોઘણું,સકળદુનીઆમુખેએજદાખો.
પ્રાણીને૦

દુષ્ટના દુષ્ટ સંકલ્પ નિષ્ફળકરી, અફળકર ઇશ ઉદ્યોગ એના,
હઠ તજી શઠસૌહારી હેઠાપડો, જમત દુખકારી વિચાર જેના;
હેપ્રભુઆજએ પાપીહિંમતતજી ત્રાહિરેત્રાહ ભાષાજભાખો,
પ્રાણીને૦

આજઇશ્વર તમે કોટીકરૂણાકરી, સરસઅમઉપરે રાજથાપ્યું,
તુચ્છનર તેસમે રાજતૃષ્ણાધરી, કપટ કરી કૈકને કષ્ટ આપ્યું;
આપ ઉઠો પ્રભુ અદઆ અવસરે, સુજનપીડાય તેકેમસાંખો.
પ્રાણીને૦

આપનાદાસનેઅવિચળવિશ્વાસછે,દુષ્ટોનાશકરીત્રાસહરશો,
ધર્મનાબેલીછો, શત્રુ અધર્મના નામના અર્ધનું કામકરશો;
સર્વઠામે પ્રભુ સઘ શાંતિ કરો, લોકના થોક પીડાય લાખો,
પ્રાણીને૦

સર્વલોકોઘણા સ્નેહથીઆસમે જગતપ્રતિપાળનીપાસમાગો,
રાણીનુંરાજમહારાજ અવિચળતપો ભ્રષ્ટજનદુષ્ટનું જોરભાગો;
હાથ જોડી નમી નાથને સૌકહો રાણીની જય થજો સર્વ ઠામે,
પ્રેમથી પ્રાર્થના કાજ રૂડા રચ્યા રસિક નવ છંદ દલપત્તરામે.

દ્વીઅર્થી દોહરા.

આ ભોજન શાળા ભલી, કે નિરમળ નિશાળ;
મિત્રો દલપતરામના, સુણજો વાત વિશાળ.
લીપી ધારા દિલ ધરી, ભૂમિ ભલી ચીતરેલ;
ગણે નામ જણ ગામના, કોણ દિસે આવેલ.
બેઠી પંગત પાટલે, ધરી અબોટીઆ અંગ;
બાંધે શોળે સમજીને, શિરવાળો બહુ સંગ.
પોળી કીધી ચોપડી, સાકર ધરીને સાર;
પત્રાળી પુરી સરસ, પડીઆ હારો હાર.
કૈક ભલી વિધ કરી ભરે, ગોળે બેશીખંડ;
ભોંય તપેલી તાપ ત્યાં, છે બરફી જ્યાં ઠંડ.
કૈક શિખે સુધ રાઇતાં, કૈક ભલી રીત ભાત;
દિઠા લાડવા યાર મેં, શાક શિખે પ્રખ્યાત.
વળી જેમ વરસે વડાં, તેભણી દહીં પણ જાય;
તેલ ખાય છે, કંઇ વડાં, શિશુકર ગણી તલ ખાય.
તેલ ખાય નહિ તેહને, આવી ઓરડી પાસ;
સો ટીપાં ચમચે પછી, આપે તજે કચાશ.
ઉઠે તે ભણી ઉપરી, માનપત્ર પણ એક;
આપે બીડી વાળી વળી, હેતુ ધરાય અનેક.

સંપ વિષે—દોહરા.

સંપ થકી સુખ ઉપજે, સંપથી જાએ કલેશ;
જેના ઘરમાં સંપ નહિ, સુખ તેને નહિ લેશ.
તે માટે તુજને કહું, અંતર રાખી ઉમંગ;
લાલચ છોડી લક્ષ્મીની, સંપ તણો કર સંગ.

છપ્પો.

કૌરવ પાંડવ કુળ, મૂળથી નાંખ્યાં ખંડી;
જો લક્ષ્મીને કાજ, સંપની ઇચ્છા છંડી.
બહુ હિંદુનાં રાજ, સંપ તજવાથી તૂટયાં;
દિલીપતિ સુલતાન, સંપ જાતે ઘર ફૂટયાં.
પરિપૂરણ લક્ષ્મી પામીને, સંપ વિના નહિ સુખ લહે;
હોય ઘરમાં ઘણો કુસંપ તો, મોઠા પણ મરવા ચહે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દોહરા.

મળે સભામાં માન, બહુ ઘર ધન કોશ વિશાળ;
જે નરને ઘર સંપ નહિ, હીણા દિશે હાલ.
તન રોગી શિર શત્રુતા, ધન આવે ને જાય;
પણ જો સંપ કુટુંબમાં, શીતળ રહે સદાય.
જગમાં બહુ જન ધન વિના, સંપ થકી સુખવંત;
લાખ ગુણે સંસારમાં, એવા લોક અનંત.

પ્લવંગમ છંદ.

છત્ર થાતી છાય છકી ધર છાજતા,
હાથી હોદામાંય રસિક બિરાજતા;
આયુષ્ય રિદ્ધિ અનેક ભરેલી ભાગ્યમાં,
તે સુના દિન એક ઉછળતી આગમાં.
ભોગવતા સુખ ભોગ મહા સુખ માણતા,
જોતાં જોગ અજોગ, જરી નહીં જાણતા;
કીધા દામ કરોડ ખજાને ખાણમાં,
સુતા તાણી સોડ મસીદ મશાણમાં.
ઇન્દ્રપુરી અનુસાર નગરીઓ નોખમાં,
કોટીધ્વજ સહુકાર ગરજતા ગોખમાં;
સુંદરીઓ ગુણસાર મહા ગુણ મહિમા,
કો જાણે કયાં હાર મળી ગઈ મહિમા.
માટે મારા મિત્ર વિચારો વાતરે,
પાપી મટી પવિત્ર ભલા થઇ ભ્રાતરે;
જીવતરનું ફળ જાણી ભજો ભગવાનરે,
અંતર પ્રીતિ આણી ધરો નિત ધ્યાનરે.

મહીદીપ છંદ.

સ્યામ ચરણ સ્મરણ મિત્ર સરસ રીત સાચી,
તે વિના ત્રિલોક મધ્ય કોડ વાત કાચી;
હસ્ત ચરણ, કરણ નાક તેં કૃપાળ કીધું,
નેત્ર વદન દંત આપ્યા જ્ઞાન દાન દીધું.
ખાન દાન ચીજ ખૂબ, એજ આજ આપે,
ભૂખ તરસ ઠંડ તાપ, કષ્ટ સર્વ કાપે;
તે તને ઘડીક એક એક યાદ આણે,
તું અભાગી દુષ્ટ ઇષ્ટ દેવને ન જાણે.
જો વિચારી જીવ જનમ પામીને શું પામ્યો,
ભક્તિની ન જુક્તિ જાણી પાપકાંપ જામ્યો;
છે હજી ઉપાય થાય તો ઘણુંજ સારૂં,
જો ઘડીક જાય એવું થાય આયુ તારૂં.

ઈશ્વરની શક્તિ-દોહરા.

ઓ નરવાસી વિશ્વના, ઉંચું જો આકાશ;
ત્યાં ગોળા જે તેજના, જળહળ જોત પ્રકાશ.
ગુરૂ અચરજ પામીને, વળી વળી ગુપ્ત વિચાર;
તું તેના કરનારને, પૂજ પુરો ધરી પ્યાર.
સર્વ શક્તિના સ્વામિનાં, અદ્ભુત કામ અપાર;
એ એમાંનું એક છે, ચમત્કાર કરનાર.
લખ્યું તેજના લેખથી, દેવ નિરંજન નામ;
તે તુજથી વંચાય જો, કરી દર્શને ઠામ.
આ અવિનાશી તેજના, દીવા જે દેખાય;
તે તું ગણી જો રાતમાં, ગણતાં ગણ્યે ગણાય?
જે તારા તુજ આંખને, આપે છે અજવાસ;
એ પણ આવી અવનિઓ, પાળે ભૂપ અવિનાશ.
કેવળ આપણ કારણે, નથી રચ્યાં એ રૂપ;
ત્યાં પણ વસ્તી વિશેષ છે, ભગવત તેનો ભૂપ.
સુખીઆ કે દુખીઆ હશે, લાખો ત્યાંના લોક;
પુણ્યવાન કે પાપીઆ, હશે હરખ કે શોક.
પણ પ્રભુની ત્યાં ભક્તિનાં, વિધવિધ હશે વખાણ;
ઇશ્વરના ઐશ્વર્યથી, એ નહિ હોય અજાણ.
રે માટીના માનવી, તું તો તરણા તુલ;
જગજંતુ જળ કણથકી, ભાર અલ્પ કાં ભૂલ.
તોપણ ધરજે ધૈર્ય તું, જે સૃષ્ટિ સરજનાર;
તે સંભાળે છે તને, પિતા પરમ પ્રિયકાર.
શાંતિધર જે સર્વદા, છે સાહેબ સર્વજ્ઞ;
જ્ઞાન દૃષ્ટિ દેખે તને, નહીં એક ક્ષણ અજ્ઞ.
કરી દર્શન ડગલાં ભરી, કરી કરી સારાં કામ;
ધરી ધરી પ્રેમ પ્રભુ ભજો, કરી કરી દલપતરામ.

પ્રભાતનું વર્ણન.

રાગ પ્રભાતિ.

મળીમાતનેતાત પ્રભાતમાં,પુત્રને સુણકહેવાતગઇરાતવીતી;
હુંહીઅત્યારમાંઅધમઉદ્ધારમાં,જગતકરતારમાંજોડપ્રીતિ.ટેક
વેગળાં ટુંકડાં કુકડાં બોલીઆં, ખોલીયાં દ્વાર દરબાર ડેરાં.
જાગીયાલોકતેઉંઘમેવળગીઆ,વાગીયાઘંટજ્યાંદેવદેરાં.મળી
ઉદિતઆદિત્યઆભાસઆકાશમાં,ચંદ્રપ્રકાશતોનાશપામ્યો;
પાગળીપાણીથઈ ઝરણમાંજાયછે,હોયજેહિમથીબરફ જામ્યો.
મળી.

ચકલી ચકચક કરે કાગકાકાકરે,હંસપોપટમેનામધુર બોલે;
રાગપ્રભાતિકોઈગાઇ,ગુરૂથાયછે,ગાયને સોઅજોબંધ ખોલે.
મળી.

હું ફીનાચીારસુણુંજેરચીજેવગી, મસીદમાંબાંગમુલ્લાં પોકારે;
સ્નાનકરીસુંદરીજળભરીજાયછે, ન્હાયછેકોકનદીને કિનારે.
મળી.

જો તું દીઠો જાહજોનઝાંખીથઈ, ચોરને ઘુડ સંતાઈ પેઠ;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પદ્મપ્રફુલિતથયાંપતિતથઇપોયણી,બગઠગોજઇનદીઘાટએઠા. મળી.

ખેડુ ખેતી કરે સોની સોનું ઘડે, લોહ લુહાર કંસાર કાંસુ;
નારમરનારોરોગતાણીરૂએ,'આંખમાંએકનહીંહોય આંસુ'. મળી.

ફૂદીનરનારીઓ,ઉચડીબારીઓ,દેખમહીંઆરીઓમ્હીવલોવે,
નેવટેમાર્ગજાયછેવાટમાં,ઘાટમાંધોબી જનવસ્ત્રધોવે. મળી.
ધીરશૂરવીરતે ધનુરવિદ્યા ધરે, રાજ દરબાર વાજીંત્ર વાજે;
ચોકીબદલાયછેચોકછંટાયછેરાયજઇબાગમધ્યેબિરાજે. મળી
કુળવંતીનારીસંતાનસંભાળતી, મધુરમુખબોલતીબોલરૂડી;
બાળનેમારતી ધણીનેધમકાવતીફુઅડરંડાકરેકલેશરૂડી,મળી.
હોયધનવંતધીમંતધોઇદંતને,સ્નાનકરી સરસ સુગંધ સુંધે;
આળસુએદીનેઅક્કલનાઆંધળા,અર્ધોણીઆ તેસમેખૂબઉંઘે. મળી.

આસમેફરીઅભ્યાસજેઆદરે, આઠદસમાસમાં અર્થ સાધે;
વનતણાપવનનેસેવતાંઆસમે, થાયઆરોગ્યતનવરસઆધે.
ત્રીસરીહોયતે વાત પણ સાંભરે, આસમે ફરીજો યાદ કરીએ;
કહણજેદલપતરામનુંકામછે,કાવ્યકલ્લોલતેતરતતરીએ.મળી.

જ્ઞાન મેળવવા વિષે.

રાગ વણઝારાનો.

વાંચો આ વાત વિવેકની, ભણનારા રે;
વળી વિધવિધ કરીને વિચાર, શોધો ગુણ સારારે.
ભણતર ભણીને ભણી રહ્યા, ભણનારા રે;
કદી એમ ન કરશો ઉચ્ચાર, શોધો ગુણ સારારે.
જો ભવ આખો ભલે ભણો, ભણનારા રે;
પણ પાઠનો પામો ન પાર, શોધો ગુણ સારારે.
જ્ઞાન ગર્થ ગુણ ગાંઠવો, ભણનારા રે;
એ તો આપણો એક આચાર, શોધો ગુણ સારારે.
સર્વ સમે સર્વ સ્થાનમાં, ભણનારા રે;
આપે આદરીએ જ અભ્યાસ, શોધો ગુણ સારારે.
જેમ જેમ જીવ જોડી જુઓ, ભણનારા રે;
તેમ પળપળે પ્રકટે પ્રકાશ, શોધો ગુણ સારારે.
ઉજડ અંધારે એકાંતમાં, ભણનારા રે;
તમે મનન કરો મનમાંહી, શોધો ગુણ સારારે.
એ સમે આપણો આતમા, ભણનારા રે;
જુઓ કામ કરે જે જે કાંહી, શોધો ગુણ સારારે.
એ અવસર થકી આગળે, ભણનારા રે;
બીજા જે જે બનેલ બનાવ, શોધો ગુણ સારારે.
તે તે તપાસી તમે જુઓ, ભણનારા રે;
એથી અક્કલનો ઉપજે ઉઠાવ, શોધો ગુણ સારારે.
શરીરના સાંધા ને શક્તિનો, ભણનારા રે;
વળી વિશ્વનો કરીને વિચાર, શોધો ગુણ સારારે.
કાયા કરી કેવી કળ થકી, ભણનારા રે;
કેવા કારણથી કરતાર, શોધો ગુણ સારારે.
આપણું અંતર ઓળખો, ભણનારા રે;
પછી પર જન આવે જે પાસ, શોધો ગુણ સારારે.
સારૂં નઠારૂં અસમજાણું, ભણનારા રે;
એ છે આનંદમાં કે ઉદાસ, શોધો ગુણ સારારે.
જનના જે જે ગુણ જાણવા, ભણનારા રે;
જ્યારે જાણ્યાની જાણી જરૂર, શોધો ગુણ સારારે.
આણો અક્કલ ને અક્કલ લહો, ભણનારા રે;
દુઃખ દુરગુણને કરી દૂર, શોધો ગુણ સારારે.
પછી એક અગત્યનું, ભણનારા રે;
પામો પ્રેમ પ્રભુ પદ જ્ઞાન, શોધો ગુણ સારારે.
આપણને એજ ઇશ્વરે, ભણનારા રે;
દયા ધારી દીધું શું શું દાન, શોધો ગુણ સારારે.
જનકૃત કારજ જોઇને, ભણનારા રે;
પછી પ્રભુકૃત પેખી સુપેર, શોધો ગુણ સારારે.
પાહાડ પથ્થર વન પ્રાણીઓ, ભણનારા રે;
ઘણા તારા તણો જુઓ ઘેર, શોધો ગુણ સારારે.
સાગર સુરજ ને શશી, ભણનારા રે;
જેનાં હોય વિચાર હજાર, શોધો ગુણ સારારે.
ફક્ત તરણ ફળ ફૂલમાં, ભણનારા રે;
ઓપે ઇશ્વર જુગતી અપાર, શોધો ગુણ સારારે.
વળી વળી જેમ વિચારશો, ભણનારા રે;
આવે અધિક અધિક મતિ આમ, શોધો ગુણ સારારે.
ભલુ ભણતર તે તમે ભણો, ભણનારા રે;
રચી રાખીને દલપતરામ, શોધો ગુણ સારારે.

નીતિએ સંસાર ભોગવવો.

રાગ–ઉપરનો.

સંસારનાં સુખ ભોગવો, વહાલા વીરા રે;
સાચે શુદ્ધ સ્વભાવે સદાય, ધરો ગુણ ધીરારે.
ભાવે ભજો ભગવાનને, વહાલા વીરા રે;
કશું કુકર્મ ન કરો કદાય, ધરો ગુણ ધીરા રે.
પરદુઃખ દેખી દયા ધરો, વહાલા વીરારે;
કોટી કોટી કરો ઉપકાર, ધરો ગુણ ધીરારે.
પાપના પુંજ પ્રલે થશે, વહાલા વીરા રે:
અંતે ઇશ્વર કરશે ઉદ્ધાર, ધરો ગુણ ધીરારે.
ઇશ્વરને ઓળખ્યા વિના, વહાલા વીરારે;
કદા હઠ કરીએ નહિ કાંહિ, ધરો ગુણ ધીરારે.
વારી વલોવીએ વેગથી, વહાલા વીરારે;
મીઠું માખણ ન મળે તે માંહિ, ધરો ગુણ ધીરારે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માયા મેલ્યાથી ન હરિ મળે, વહાલા વીરા રે;
એ તો ઉલટો ઉભય ભ્રષ્ટ થાય, ધરો ગુણ ધીરા રે.
પ્રાણ પરાણે જે પરહરે, વહાલા વીરા રે;
એ તો આતમઘાતિ ગણાય, ધરો ગુણ ધીરા રે.
ગુણ જપવા જીભ જે જડી, વહાલા વીરા રે;
મોટા મુરખ મુનિવ્રત સાય, ધરો ગુણ ધીરા રે.
ચરણ રચ્યા રૂડા ચાલવા, વહાલા વીરા રે;
શઠ હઠ ધરી ઉભા સુકાય, ધરો ગુણ ધીરા રે.
નેત્ર આપ્યાં પ્રભુ નિરખવા, વહાલા વીરા રે;
આંખો મીચીજ રાખે અજાણ, ધરો ગુણ ધીરા રે.
જગ સ્રજનારે જે જે સ્રજ્યું, વહાલા વીરા રે,
શુભ કામે તે સમજે સુજાણ, ધરો ગુણ ધીરા રે.
સંસાર શાને તજો તમે, વહાલા વીરા રે;
એક અર્થ સરે નહીં એમ, ધરો ગુણ ધીરા રે.
નગ્ન રહે રીઝે નાથ જો, વહાલા વીરા રે;
તો કરત કપાસજ કેમ, ધરો ગુણ ધીરા રે.
મેલી રોતાં માતતાતને, વહાલા વીરા રે;
પ્રાણી પરહરે છે પરિવાર, ધરો ગુણ ધીરા રે.
ફ્રુકડ થઇને અફ્રુડ ફરે, વહાલા વીરા રે;
પાપ પુંજનો પામે ન પાર, ધરો ગુણ ધીરા રે.
ટાઢ ને તાપ તરૂ ખમે, વહાલા વીરા રે;
નહાય જળમાં જુઓ જીવજંત, ધરો ગુણ ધીરારે.
બાળે છે અંગ પતંગીઆં, વહાલા વીરા રે;
એમ ભવજળ આવે ન અંત, ધરો ગુણ ધીરારે.
રાસભ રાખ ભર્યા રહે, વહાલા વીરા રે;
જટાવાળાં જુઓ વડવૃક્ષ, ધરો ગુણ ધીરા રે.
વનમાં વસે બહુ વાંદરા, વહાલા વીરા રે;
ભમે ફળફૂલનો કરી ભક્ષ, ધરો ગુણ ધીરા રે.
પણ એમ મોક્ષ મળે નહિ, વહાલા વીરા રે;
કાયા કષ્ટ્યાર્થી થાએ ક્લેશ, ધરો ગુણ ધીરા રે.
ઠરી ઠરીને ઠગલાં ભરો, વહાલા વીરા રે;
હેત હરિપદ રાખી હમેશ, ધરો ગુણ ધીરા રે.
સૌ જનને સુખ સાંપડે, વહાલા વીરા રે;
કરો કોડે કોડ એવાં કામ, ધરો ગુણ ધીરા રે.
તો તમને ત્રિભુવન પતિ, વહાલા વીરા રે;
દેશે સુખ કહે દલપતરામ, ધરો ગુણ ધીરા રે.

ઈશ્વર સ્વતંત્ર છે.*

ઉપેન્દ્રવજ્રા.

સ્વતંત્ર તો ઈશ્વર એક એ છે,
જુગોજુગે આપ અજીત જે છે;
જુઓ બીજા જીવ ગરીબ જેવા,
તમે અમે તેમ તમામ તેવા.
પઢે પુરીં પોપટ પાંજરામાં,
સુખે નહીં નાસી શકે સગામાં;
કુકર્મિને કેદ કરેલ કેવા,
તમે અમે તેમ તમામ તેવા.
સુરાગનું સાફ સજેલ સાજનું,
વિવેકથી એક વિશાળ વાજનું;
કરી શકે રાગ રચેલ એવા,
તમે અમે તેમ તમામ તેવા.
ન માનવી મેગળ ઝાડ તોલે,
ન ખેલની ખેલી બિલાડી બોલે;
સ્વતંત્રથી શ્વાસ શકે ન લેવા,
તમે અમે તેમ તમામ તેવા.
કળે કરી પુતળી કાષ્ટ કોરી,
દિસેજ દીધી નટ હાથ દોરી;
અશક્ત તે દાવ સ્વતંત્ર દેવા,
તમે અમે તેમ તમામ તેવા.
ચડી અતી ચંગ ચગ્યો કદાપિ,
સ્વતંત્રતા તેની નથી તથાપિ;
અશક્ત આકાશ જવા રહેવા,
તમે અમે તેમ તમામ તેવા.
અરે ઉરે એમ વિચાર આણી,
જરૂર આ જીવ અશક્ત જાણી;
હરિ સ્તુતિ રાખ હમેશ હેવા,
તમે અમે તેમ તમામ તેવા.
જણાય જે શક્તિ જરાક જેવી,
તને દયા આણ દિધીજ તેવી;
સુખી થવા માર્ગ સદાય સેવા,
તમે અમે તેમ તમામ તેવા.

દોહરો.

છોટું કે મોટું કર્યું, કરીએ સારૂં કામ;
શ્રી જગદીશ સહાયતા, આપે દલપતરામ.

દિલ્લી લખનોરનાં બંડ.

દોહરા.

જેને જગપતિની દયા, જગમાં તેનું જોર;
લીધાં થોડે લશ્કરે, દિલ્લી ને લખનોર.
સુખપાલે ચડી શોભતા, પાદશાહના પુત્ર;
લટકયા શૂળી લાકડે, શત્રુ થયાં ઘરસુત્ર.

*સને ૧૮૫૯માં સરકારે 'પાઠાવળી'નામની એક ચોપડી શાળાઓ માટે છપાવી હતી તેમાંની આ કવિતાઓ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોટ લાખ દળ દુષ્ટનું, ઠક જામ્યો જે ઠાર;
લેવલોક સાથે હતું, પ્યાદળ પાંચ હજાર.
ભારતથી ભારે થયું, જુધ પારથને પંથ;
કવિજન લખશે કાગળે, ગરવા બનશે ગ્રંથ.
વાઘતણા બહુ વૃંદથી, જેમ બચે ગજરાજ;
એમ બચ્યા અંગ્રેજ એ, જગકર્ત્તાનું કાજ.
સ્ત્રી બાળકનો જે કર્યો, નિર્દય થઈને નાશ;
તે નહીં સાંખે શ્રીહરિ, દેશે નરક નિવાસ.
હજી દશરથના દેશમાં, જારી છે બહુ જુદ્ધ;
મરશે થોડા માસમાં, બળવાખોર અશુદ્ધ.
નરપતિશ્રીને પાળતે, રાખ્યો પુરો રંગ:
સાચો સ્નેહ જણાવીઓ, કંપનિ સાહિબ સંગ.
ભાગ્ય ભલાં ગુજરાતનાં, દિનદિન અધિક હમેશ:
સુખી પ્રજા રાજા સુખી, કશો ન દિસે કલેશ.
જય કીધો જયપુર ભણી, જહાં શૂરા સરદાર;
કંપે નહિ દીલ કંપની, લાખ મળે લડનાર.
શ્રીઇગ્લંડને લશ્કરે, ઘાલ્યો જબરો ઘેર;
હરામી જનના હાથથી, લીધા ગઢ ગ્વાલેર.
ખૂટલ બળવાખોરનો, ખોળે ન મળે ખોજ:
વેરી નાંખ્યા વનવિષે, રંગ તને 'હ્યુરોજ.'
પેઠો પંચમહાલમાં, તાત્યો કરીને કોપ;
અંગ્રેજે અળગો કર્યો, તાત્યે ખોઈ તોપ.
ભપકાથી ભટકી મરે, કરે વધારી વાત;
ગપ્પાં ચલવે ગોઠવી, જો ગાંડી ગુજરાત.
વાઘ વરૂ વિષધરતણા, કુળનો કીધો નાશ;
હવે થાય હથિયારનો, ટળે સમૂળો ત્રાસ.

ઇન્દ્રવિજય છંદ.

દિલ્લિપતિ લખનાપતિ, બહુ ખંડ અખંડ કુચાલથી કીધાં,
શૂર થઈ ઉર ક્રૂર થઈ શિશુ સુંદરીનાં તન શોણિત પીધાં;
તેમ તને હળતા મળતા નૃપદેશ નરેશપણાં નહીં દીધાં,
ક્લેશફળો નૃપ કંપનિથી કરી કુંડળ કાઢી કમંડળ લીધાં.
જેની દયાથીઉત્પાતઉદુખસદાસુખસંપતિજો નથીજાતમ્યા,
તેનીસુતાસુત સુંદરીસાથ, અનાથની ઉપરહાથ ઉગામ્યા;
પાપતણાંફળઆપીવળ્યા,પ્રભુપાપીતથાપિવળીનવિરામ્યા,
છત્રપતિતણું છેક છુટયું પછી પત્રપતિ પણું પુરણ પામ્યા.
અંબુવિઅંબુઉલેચીઅનેકઇચ્છા ધનઆગરએકનઆવ્યું,
આવી પડ્યું નિજઅંગનીઉપરસૂરજ સામુંઉછીટઉડાવ્યું;
ફોગટ ખૂબ ફજેત થયા ફિટકાર મળ્યું ફળ જોર ન ફાવ્યું.
તુચ્છ મતિ કરીતુચ્છ તપાસ નગારૂં તજીજ તગારૂં તડાવ્યું.

સૃષ્ટિરૂપી નિશાળ.

ઝુલણા છંદ.

હો માનવી દેવનાં છોકરાં, સુધરવા સૃષ્ટિ નિશાળ આવ્યા:
જ્ઞાનગુણગોઠવી તરત દુરગુણતજો, ભોગવોસરસસુખભાવ્યા;
ખાનનેપાનવળીવસ્ત્રવાહનતણી,જગમાંજાણીનહિચીજજેવી;
સંપીસૌઅધિકઅભ્યાસજોઆદરો,આપશેઈશઆખશાશએવી.
ભાવથાસર્વ ભલીભાતવિદ્યાભણો,ધોરી થઈગુગડાં કોણધોશે;
અવિચિંતાતજોઅવસરે આપશે,જગપતિચીજજે જરૂરજોશે;
વહની જળવાયુ તેમ ઠશેમજુસ્થર્ય, જો તમેતેતજોદ્રિકરતેવી;
સંપી સૌ.

બાગબગી બંગલાહાથી ઘોડાઘણાં, રમકડાં આપશે રંગેરૂડાં;
નવનવાં નામનાચિત્રનેચોપડી, પામશો કથન નહીં થાયકૂડાં;
હેમના હારને મોતી માણેક મણી. કીમતે વસ્તુ ન મળેજકેવી;
સંપી સૌ.

અધિકઅભ્યાસનેસંપઅવલોકીતેઆગનાંનાવનેગાડીઆપ્યાં;
પેખીપઢનારબહુ લેખલખનાર પણ,છાપનાજંત્ર દઈકિષ્ટકાપ્યાં;
વાતવીજળી વિષેકહી શકેલોજો, દે સમાચાર જઈએજદેવી;
સંપી સૌ.

જળ ગળેલા વિષે જંતુના દેહને દેખવા દૃષ્ટિ દેવેજ દીધી;
એમઆકાશમાંગ્રહતણી જે ગતિ માપવાની કળાપ્રગટકીધી;
માનવી માત્ર ઉમેદવારી થકી, લાખ ગણીમાજજો હોયલેવી;
પર્વત પાડીને પંથ ત્યાં પાડશો, પામશો ઉડવા પાંખ પંડે;
ખાણદોલત તણી દેખશો ખોદતાં, માલમિલ્કત મળેખૂબમંડે;
ખારૂં સાગરતણું નીરસારૂં થશે. જોઈએ જીવમાં ધીરજ રહેવી;
સંપી સૌ.

વિવિધ પકવાન વરસાદનો વરસશે,ઝાડ સુકાથકી વસ્ત્રઝરશે:
રણકતી રેતી તેમાંડ સાકર થશે, દૂધદહીં ઘીતણો રૂપ કરશે;
સિંધુનાંપાણીપરપુલપણબાંધશો,કથનીનદીઓતણીશીકહેવી;
સંપી સૌ.

જે પરીક્ષાસમે પરમજશપામશે, ઉપલા વર્ગમાં માનમળશે;
ઉંચમાંઉંચ અધિકાર હરિઆપશે,સર્વસંતાપ તેનાજ ટળશે;
રાજપદવીથકી અધિક મહારાજના સમીપમાંશ્રેષ્ટતાથાયસેવી;
સંપી સૌ.

આસમે અધિક સુરોપમાં આપતી;વિવિધ વિદ્યાવધીપ્રૌઢપેઢી
વસ્તુ અખશીશ જગદીશથીલક્ષ લૈ મોકલે આપણે કાજએઢી;
વાત વિચારીને જીવમાં જુઓ, કરમ કશી મંડવું એમ કામે;
ચિત્ત ધરીનિતખરીપ્રીતકરીને પઢો રૂડી કહીરીત દલપત્તરામે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માંગલિક ગીતાવલિ.

ગીત ૧ લું.

મંગળાચરણનું ગીત.[1]

" મામેરૂં મોંઘા મૂલનું " એ રાગ.

પરમેશ્વરને પ્રીતે પ્રણમિયે;
સર્વે સફળ મનોરથ થાય, મંગળ ગીત ગાઇએ;
જ્યારે જગકરતા કૃપા કરે;
ત્યારે હરખના દિવસ દેખાય,　　મંગળ ૧
સારા શુકનની સુણિયે વધામણી;
કરિયે આનંદ ઓચ્છવ ઘેર, 　　મંગળ
સગાં સ્નેહીને સ્નેહે તેડાવિયે;
મોટી હોય પ્રભુની જો મ્હેર, 　　મંગળ ૨
ખાંતે ખાંતે રળ્યું ધન ખરચિયે;
લૈએ સંસારમાં સારી લ્હાણ. 　　મંગળ
કરિયે દેશ વિષે કાંઈ નામના;
જેથી વિશ્વમાં થાય વખાણ, 　　મંગળ ૩
સારા કામથી કુળ અજવાળિયે;
જર ઇશ્વરે આપ્યું જો હોય, 　　મંગળ
ધન્ય ધન્ય ઘડી ધન્ય દહાડલો;
સારૂં સંસારનું ફળ સોય, 　　મંગળ ૪
ઘેર તેડિયે બેન ભાણેજડાં;
જેથી આગણું શોભે અપાર, 　　મંગળ
ઘેર ગેર ગોરાણીને નોતરી;
કરિયે શુભ કામમાં સતકાર, 　　મંગળ ૫
ઘેર ચતુર ચિતારા તેડાવિયે;
ચિતરે ચિત્રશાળા અને ચોક, 　　મંગળ
મોટો મંડપ રૂડો રચાવિયે;
આવી બેસે ત્યાં લાખેણા લોક, 　　મંગળ ૬
સારા સાજન માજન સૌ મળે;
દીસે મંડપ ઝાક ઝમાળ, 　　મંગળ
વડા હરખે વાજાં વજડાવિયે;
એવા દિવસ દેખાડે દયાળ, 　　મંગળ ૭
ઘેર માળી લાવે ફૂલ છાબડી;
ગુંથી હાર તોરા રૂડા ગુચ્છ, 　　મંગળ
લાવે તંબોળી પાનનાં બીડલાં,
રૂડા સોનેરી વરખનાં સ્વચ્છ, 　　મંગળ ૮
શાણા સોનીડા ઘેર બેસારિયે;
ઘણે હરખે ઘડાવિયે ઘાટ, 　　મંગળ
કળાવંતને શિરપાવ કીજિયે;
ભલા જશ બોલે ચારણ ભાટ, 　　મંગળ ૯
ઉર ધરિયે અધિક ઉદારતા;
જેવી શક્તિસુ સંભવે વાત, 　　મંગળ
આવે ગરીબ અનાથ આશા કરી;
ખાંતે ખુદાની કરિયે ખેરાત, 　　મંગળ ૧૦
તરિયા તોરણ ટોડલે બાંધિયે;
કરિયે કેસરના છંટકાવ, 　　મંગળ
ભલાં ભાવતાં ભોજન રાંધિયે;
લૈએ લોકમાં લાખેણો લ્હાવ, 　　મંગળ ૧૧
પ્રભુ આપે એવા દીન ઉજળા;
કરિયે આનંદ ઓચ્છવ કામ, 　　મંગળ
થાય સફળ જનમ સંસારમાં;
દીલથી કહે દલપતરામ. 　　મંગળ. ૧૨

ગીત ૨ જું.

પુત્રના જન્મસમયે ગાવાનું ગીત પહેલું.

" ઓચ્છવ ઘેર આપણે. " એ રાગ.

આજ દિવસ દીસે ઉજળો; ઊપજ્યો છે સર્વને અધિક;
　　આનંદ રંગ અંગમાં;
ગોરી મળીને ગીત ગાઇએ;રૂડેરા રાગમાં રસિક, આ.૧
જગસિંહજીને કુળ એટડો; પ્રગટિયો પરમ પવિત્ર. આ.
તેથી ગંભીર ધ્વનિગાજેછે;વાજેછે વિચિત્ર વાજીત્ર.આ.૨
કંકુનાં પગલાંપાડી કુંવરનાં;મોકલ્યાં દાદાજીનીંપાસ,આ.
દાદાનેકહોંજેણેવધામણી,દાદાજીએ પૂરીએનીઆશ,આ.૩
સાંઢણી સારી શણગારીને: મોકલી મામાને મોસાળ,આ.
જ્યાંસગાંસંબંધીસ્નેહીવસે;ત્યાંલખ્યાકાગળતતકાળ,આ.૪

[1] આ ગીત, વિવાહ સીમંત કે જનોઇ દેતાં, પારસીના પુત્રને સદરો પેહેરાવતાં ઇત્યાદિ દરેક માંગલિક પ્રસંગે ગાઈ શકાશે.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

કાશદો દોડયા દેશોદેશમાં;પ્હોંચી વધાઇગામોગામ,આ.
સારાકુંવરનોજન્મસાંભળી;તેલોકો હરખ્યાતમામ,આ.૫
માતાનામનોરથસિદ્ધથયા; પિતાનીપૂરી થઇ આશ, આ.
સંતોષ થયોસ્નેહીસર્વને; કશિયે ન રહીંહવેકચ્ચાશ,આ.૬
પુણ્ય પુરવનાં પ્રગટ થયાં, જગકરતાએ કરી મ્હેર,આ.
રૂડું અમુલ્યરત્નઆપિયું; લાખેણીથઇ લીલાલ્હેર, આ, ૭
આજનો દિવસ ઇતિહાસમાં લાયકલેખમાં લખાશે આ.
વરષો વરષ તીથિ આજની, એઅતિઉત્તમગણાશે,આ.૮
જેવીઘડીમાં આગળજનમિયા;ભૂપતિ વિક્રમનેભોજ,આ.
એવીઉત્તમ ઘડી આજ છે;સમય છે તેના સરખોજ.આ.૯
પુત્ર પૂરો પરાક્રમી થશે; પાળશે પ્રજા પ્રેમ આણી. આ.
એવો કુંવર જેને ઉદરવસ્યો;ધન્ય ફુલાદે ઠકરાણી આ.૧૦
માતપિતાની પ્રતિજ્ઞા પાળશે-ચરચાશે વિશ્વમાંચરિત્ર આ.
માતાનું કુળઅજવાળશે;વિખ્યાતિપામશેવિચિત્ર આ.૧૧
અંતરમાં રાખીને ઉદારતા; કરશે પરમારથનાં કામ,આ.
કવિતામાં કીર્તિ તેની કોડથી, દાખશે દલપતરામ,આ.૧૨

ગીત ૩ જું.

પુત્રના જન્મસમયે ગાવાનું ગીત બીજું.

"જાદવરાય પરણ્યા રૂકમણીરે." એ રાગ.

જીરે આજનો દિવસ રૂડો રળિઆમણોરે;
જીરે આનંદની હદ વળી આજરે.
રાણીએ રૂડો કુંવર જાયોરે;
જીરે આજ દીસે દશ દિશા ઉજળી રે;
જીરે હરખ્યો સર્વે સજ્જનનો સમાજ રે, રાણીએ. ૧
જીરે સોના છરીએ નાળ વધેરિયા રે;
જીરે દાઇને દીધા સારા શણગાર રે, રાણીએ,
જીરે વ્હાલાં સગાને લખીં વધામણી રે;
જીરે સાકર વ્હેંચી તેનો ન શુમાર રે, રાણીએ. ૨
જીરે દીપમાળા પૂરી દેવસ્થાનમાં રે;
જીરે ફુલ મંડળીઓ ભરી ઠામોઠામ રે, રાણીએ;
જીરે ઘેર ઘેર આનંદ ઉત્સવ થયો રે;
જીરે વાવટે શણગાર્યું સારૂં ગામ રે, રાણીએ. ૩
જીરે તરિયા તોરણ તાજાં બાંધ્યાં ટોડલે રે;
જીરે ત્યાં તો કીધા તોપોના અવાજ રે, રાણીએ;
જીરે બંધ છોડી દીધા બંધીવાનના રે;
જીરે રૂડું આજ શોભ્યું રાયનું રાજરે, રાણીએ. ૪
જીરે ભાટ ચારણ ભવાયા ભેળા થયા રે;
જીરે પામ્યા શાલ પાઘડીઓ શીરપાવ રે, રાણીએ;
જીરે જાણે આજ સોનાના સૂરજ ઉગ્યા રે;
જીરે દીસે એવો દુનિયામાં દેખાવ રે, રાણીએ. ૫
જીરે વાજાં વાજે અતીં ઉછરંગનાં રે;
જીરે ગોરી મળી ગીત મંગળ ગાય રે. રાણીએ;
જીરે ગાંધરવ ગાય ને નાચે અપસરા રે;
જીરે શેરીમાં સુગંધી જળ સિંચાય રે, રાણીએ. ૬
જીરે કુળનો દીવો પ્રગટયો કુળ ઉજ્જળવા રે;
જીરે માતપિતા મન હરખ ન માય રે; રાણીએ;
જીરે આશિષ આપે છે વિપ્ર વેદિયા રે;
જીરે સુખી રે'જે કુંવરજી સદાયે રે, રાણીએ. ૭
જીરે ગરીબ જાચક લોકો ઘણા મળ્યા રે:
જીરે દીધાં રાયે નાના વિધિનાં દાન રે, રાણીએ;
જીરે સજ્જન સહુ આવ્યા સુણી વધામણી રે;
જીરે સૌનું કીધું શુભ રીતે સનમાન રે, રાણીએ. ૮
જીરે ભૂપતિને ભેટ ધરે ભાવથી રે;
જીરે માણેક મોતી વસ્ત્ર ધન માલ રે, રાણીએ;
જીરે ચુવા ચંદન કેસર કેરાં છાંટણાં રે;
જીરે મોતીડે પૂર્યા સોનાના થાળ રે, રાણીએ, ૯
જીરે નિશાળિયા હરખ્યા નિશાળમાં રે:
જીરે મેવા ને મીઠાઇ ત્યાં વ્હેંચાય રે, રાણીએ;
જીરે છુટી પામી હરખતા ઘેર ગયા રે;
જીરે જેજેકાર કે'તા ચાલ્યા જાય રે, રાણીએ. ૧૦
જીરે કોડ દિવાળીના જેવો દિવસ દીસે રે;
જીરે આતો અવસર અમુલ્ય ગણાય રે, રાણીએ;
જીરે આજ ભલા ભાગ્યનો ઉદય થયો રે;
જીરે માતપિતાને ત્રુઠયા ત્રિભુવન રાય રે, રાણીએ.૧૧
જીરે કુંવરજી જગમાં ઝાઝું જીવજો રે:
જીરે કરજો મોટાં પરમારથનાં કામ રે, રાણીએ;
જીરે માતપિતાની પ્રીતે પ્રતિજ્ઞા પાળજો રે;
જીરે દિલથી આશિષ દેછે દલપતરામ રે, રાણીએ. ૧૨

ગીત ૪ થું.

હાલરડું પેહેલું.[1]

"મારી ફલાણી બાઇ છે ડાહી, પાટલે બેસીનેરે ન્હાઇ."
એ—રાગ.

ભાઇને પારણિયે પોઢાડું, આછી પામરી લે ઓઢાડું;
ગોરા ભાઇને હાલો ગાઉં, હૈડામાં હું તો હરખાઉં.૧

---

૧ ભાઇને ઠેકાણે બેન બોલીને આ હાલરડું દીકરીને પણ ગાઇ શકાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હેતે હેતે હું હીંચોળું, પંખો લૈને પવન ડોળું;
નેહે ભાઇનું મુખડું નિરખું, શોભે પુરણ ચંદર સરખું. ૨

ભાઇનાં નિર્મલ રૂડાં નેણાં, ઉત્તમ અમૃત જેવાં વેણાં;
ભાઇને કાને લટકે મોતી, વારે વારે રહું હું જોતી. ૩

ભાઇના નિરખી ગોરા ગાલ, અંતરમાં ઉપજે છે વ્હાલ;
ભાઇના રૂડા ઓઠ છે રાતા, ભાઇના મામાંછે બહુમાતા. ૪

સોનું રૂપું તો છે સોંઘું, ભાઇનું મુખડું સૌથી મોંઘું;
સોના રૂપાની જે હેલ, તે તો ભાઇના અંગનો મેલ. ૫

સ્નેહે ભાઇને જોવા સારૂં, મનડું તરસે છે બહુ મારૂં;
તનને ધન જે સરવસ મારૂં, તે તો ભાઇના ઉપર વારૂં. ૬

દૂધ ચૂલે ઉભરાવા દઉં, ભાઇને હું તો તેડી લઉં;
ભાઇને જ્યારે નજરે દેખું, લાભ હું તો લાખેણો લેખું. ૭

રત્નાગરની લ્હેરો ખારી, ભાઇની સુરત સૌથી સારી;
સૂરજતો જગતને સંતાપે, ભાઇ જોતાં સુખશાન્તિઆપે. ૮

જગત આખું લીધું જોઇ, ભાઇના જેવું સારૂં ન કોઇ;
ભાઇને પારણે પોપટ મોર, ભાઇને પારણે હીરની દોર. ૯

ભાઇને પારણે ફુલ્યાં ફુલ, ભાઇના પારણાનું નહિ મૂલ;
ભાઇને પારણીયે ચોફેર, ઘમકે ઘુઘરીઓનો ઘેર. ૧૦

પારણિયામાં હીરા જડાવું, મોતીનાં ઝૂમખાં લટકાવું;
ભાઇ બોલે ત્યાં મોતી ઝરે, ખાતાં છીંક રતન તો ખરે. ૧૧

ચાલે ચાલણ ગાડી વડે, કંકુ કેરાં પગલાં પડે;
ભાઇતો મારાં કરશે કામ, દેશે આશિષ દલપતરામ. ૧૨

ગીત ૫ મું.

હાલરડું બીજું.

"માતા જસોદા ઝુલાવે પુત્ર પારણે." એ રાગ.

મારી લાડકડા કુંવરજી પોઢો પારણે;
તમને પરમેશ્વરની રક્ષા દહાડો રાત;
મારા આંખોના તારા છો કુંવરજી તમે;
તમો ઉપર વારી નાખું મારી જાત, મારા લાડકડા. ૧

મારા કોડીલા કુંવર કુળે દીપક છો તમે;
હું તો હોંશે હોંશે નિરખું નિર્મળ મુખ;
લાડે કોડે લઇ લડાવું મારા લાલને;
ત્યારે જાણુંછું સાંપડિયાં સાતે સુખ, મારા લાડકડા. ૨

તારૂં પારણિયું મઢાવું માણેક મોતિયે;
ઉપર મેલું મેના પોપટ મોર ચકોર;
પારણિયાને ફરતી ઘમઘમ ઘમકે ઘુઘરી;
હોંશે હીંચોળું લઇ રૂડી રેશમ દોર, મારા લાડકડા. ૩

પોઢો સદ્ભાગી કુંવરજી થઇ સુખાળવા;
આવે પવનતણી સુગંધી શીતળ લ્હેર;
પારણિયું તારૂં પ્રીતે મેલું પરસાળમાં;
મનમાં માનું મોટી મહાપ્રભુની મ્હેર, મારા લાડકડા. ૪

કુંવર ચાલણ ગાડી લઇને શીખશે ચાલવા;
થનથન કરતો પગલાં ભરશે રૂડીપેર;
કાલું કાલું બોલી માંખણ મેવો માગશે;
ત્યારે માનીશ મુજનેમળ્યો કનકનો મેર, મારા લાડકડા. ૫

મારો મન ગમતો કુંવર કાલે મોટો થશે;
ભણવા જશે નિશાળે નિશાળિયાની સાથ;
પાટી ખડિયો લેખણ લૈને લાલ સિધાવશે;
એવા દિન ક્યારે દેખાડે દીનોનાથ, મારા લાડકડા. ૬

મારા કુંવરને કન્યા લાવીશ કોડામણી;
ઘણે હરખે હું પરણાવીશ મોટે ઘેર;
વર રાજા થૈને કુંવર ચડશે વરઘોડલે;
પોસ ભરાવીશ હું ફળ ફુલે રૂડી પેર, મારા લાડકડા. ૭

મારો ન્હાનકડો થાશે મોટો નાણાવટી;
વ્હાણુવટાનો વળી વિચવિધ કરશે વ્યાપાર;
રાજસભામાં પણ રૂડી રીતે બિરાજશે;
શાણો શાણો કેશે સર્વ મળી સરદાર, મારા લાડકડા. ૮

કુંવર કરશે માતપિતાની પ્રીતે ચાકરી;
મોટાં મોટાં જગમાં મેળવશે બહુ માન;
મોટાં કામ કરી થાશે પ્રખ્યાત પરાક્રમી;
લેશે સલાહ પૂછી સાહેબ ને સુલતાન, મારા લાડકડા. ૯

મારી હોંશ હૈયાની પરમેશ્વર પૂરી કરે;
મારા લાડકડા તુજ કરે પ્રભુ કલ્યાણ;
એવી આશિષ આપું અવસર અવસર ઉપરે;
પોઢો પોઢો મારા જીવના જીવન પ્રાણ, મારા લાડકડા. ૧૦

અલોલોલો હાલ ખમા બાલુડા મારા બાળને;
ઘુમણી ઘાલું વદન નિહાળું પૂરણ ચંદ;
મારૂં ઘર શોભે છે પુત્રતણાં પગલાંથકી;
અવલોકી અવલોકી ઊરપામું આનંદ, મારા લાડકડા. ૧૧

કુંવરજી તારાં દુઃખડાં ખારે દરિયે જજો;
સુખનો સાગર તુજને મળજો ઠામોઠામ;
બહુ જુગ જીવી માતપિતાની પ્રતિજ્ઞા પાળજો;
દિલથી આશીષ એવીદેછે દલપતરામ, મારા લાડકડા. ૧૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગીત ૬ ઠું.

હાલરડું ત્રીજું.

"અલોલો હાલ ખમા તનેરે, બાલુડાભાઇને લોલો ગાઉં."
એ રાગ.

અલોલોલો હાલ ખમા તનરે,બાલુડા ભાઇને લોલો ગાઉં,
મુખડું તારૂં મહા મનોહર, હેરી હેરી હરખાઉં;
હાલો હાલો હેરી હેરી હરખાઉં. અલોલોલો. ટેક.
માણેક મોતી દીસે મઢેલાં, પારણે તારે અપાર;
ફરતાં દીસેછે ફુમતાં રૂડાં,ઘુઘરીનો ધમકાર, અલોલોલો ૧
પારણા ઉપર પોપટ મુકયાં, મેના ચકોર ને મોર;
ઝુકી રહીછે ઝાલર ફરતી, રૂડુંછે,રેશમદોર, અલોલોલો. ૨
મખમલની માંહે ગાદી મૂકી છે, સારાં ઓશીકાં સમેત,
લાડકા કુંવર પારણે પોઢે,હીંદોળું હું ધરી હેત, અલો. ૧
પારણામાં તમે પોઢોતો જાણું, હું ભરવા જળ હેલ;
ખાંતેતનેપછી ખોળામાં લૈને,ખુબ ખેલાવુંખેલ, અલો. ૪
રમકડાં રૂડાં રમવાને આપું ખાવા મેવાને મિઠાઇ;
રસીલા કુંવર તને રીઝાવું,ગીત રૂડાંરૂડાં ગાઇ, અલો. ૫
બાળકડાં તારા જેવડાં બીજાં, ઘણાં બોલાવું ઘેર;
રૂપાળા તેઓનીસાથે રમજો, પછી તમેશુભપેર, અલો. ૬
તંગડી ટોપી આંગલું અંગે પહેરાવું મારા પ્રાણ,
ગાલતારાછેગુલાબજેવા,પગ પણ એજ પ્રમાણ. અલો. ૭
નેણુ ભરી ભરી ફરીં ફરીં નિરખું, હરખું હૈડા માંઇ,
સર્વમનોરથસફળથયામારે,કસર રહી નહિ કાંઇ, અલો. ૮
પરમેશ્વરે પૂરી કૃપાથી આપ્યું, તારા જેવું રત્ન;
પાડમાનીપૂરાપ્રેમધારાખું,જીવસાટેકરીજતન, અલો. ૯
બોલવા શીખો ચાલવા શીખો, વિચરો ચૌટે વીર;
શાળામાંજૈસદાવિદ્યાશીખો,મારાહૈયાનાહીર,અલો. ૧૦
દીકરા તોછે દેવને દુર્લભ, એમ કહે મોટા મુન્ય;
પારણેપોઢાડીપુત્રઝુલાવિયે,હોયજેપુરણપુણ્ય, અલો. ૧૧
માતપિતાની ચાકરી કરજો, કરજો મોટાં કામ;
સમજવાલાયકસારીશીખામણ,દેશેદલપતરામ, અલો.૧૨

ગીત ૭ મું.

સાલગીરી[1] એટલે વર્ષગાંઠને દહાડે ગાવાનું ગીત.

" મારી સોરે સવાસોની ચુંદડી " એ રાગ.

આજ સાહેજાદાની સાલગીરી;
આજ હૈયામાં હરખ ન માય રે,
સજની સાહેબજાદાની સાલગીરી;
દીસે દિવસ રૂડો રળિયામણો;
આજ આનંદ ઓચ્છવ થાયરે, સજની સાહેબ. ૧
આજ સ્નેહી સગાં સહુને નોંતર્યાં;
આપ્યાં ભાવથી ભોજન પાનરે, સજની.
વાજાં વાગે છે વિધવિધ રાગનાં,
ગાય ગાયક જન ગુણ ગાનરે, સજની. ૨
આજ માળી લાવ્યો ફૂલ છાબડી;
ગુંથી ગજરા તોરા ને હારરે, સજની.
લાવ્યો તંબોળી પાનનાં બીડલાં;
મળ્યા મીજલસમાં સરદારરે, સજની. ૩
ગીત મંગળ ગાય છે માનની;
આજ ધન્ય ઘડી ધન્ય વારરે, સજની;
આજ સર્વ શોભાની સીમા વળી;
થશે જગતમાં જય જયકારરે, સજની. ૪
દીધાં દાન ઘણાં જન દીનને;
આપ્યા સેવકને શીરપાવરે, સજની;
પૂજ્યાં ગોર ગોરાણીને પ્રીતથી;
ભલો અંતરમાં ધરી ભાવરે, સજની. ૫
રચી આતસબાજી અતિ ભલી;
ખૂબ ખીજ કરાવ્યા ખેલરે, સજની;
સર્વ સજ્જન સંતોષ પામ્યા;
રસ રંગની ઉપજી રેલરે, સજની. ૬
ધન્ય ધન્ય કુલદે માતને;
ધન્ય ધન્ય જગતસિંહ તાતરે, સજની;
જેનો પુત્ર પવિત્ર પરાક્રમી;
નામે ચતુરકુંવર વિખ્યાતરે, સજની. ૭
સર્વે આશીષ અંતરથી કહે;
ઘણું જીવો કરો રૂડાં કામરે, સજની;
પરિપૂર્ણ બધાં સુખ પામજો;
દુવા દે એમ દલપતરામરે. સજની. ૮

ગીત ૮ મું.

દીકરાનેનિશાળેબેસાડવાજતાંગાવાનુંગીત.પહેલું.

"ત્રાંબા કુંડી તે નગર સોહામણી." એ રાગ.

આજ ધન્ય ઘડી ધન્ય દહાડલો;
આજ આનંદરે, અંગ ન માય.

---

[1] શ્રીમંત પારસીઓ સાલગીરીને દહાડે સગાં-વ્હાલાંને જમવા તેડીને ગીત ગવરાવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુંવર ચાલ્યા ભણવાને કોડથી;[1]
કુંવર વેષ ધર્યો વરણાગિયો;
જનનાં હૈડાંરે, જોઇ હરખાય,
　　　　કુંવર ચાલ્યા ભણવાને કોડથી. ૧
કુંવર ચંચળ થઈ ઘોડલે ચઢ્યા;
મનમાં સમર્યાંરે શ્રી જગનાથ,　　કુંવર;
પાટી ખડિયો લેખણ લીધાં હાથમાં;
પાનાં પુસ્તક રે, લીધાં છે સાથ,　　કુંવર. ૨
સગાં સ્નેહી સાજનમાં સહુ મળ્યાં;
વાજાં વાજેરે, વિવિધ પ્રકાર,　　કુંવર;
ગીત મંગળ ગાય છે માનની;
સુવાસણિયો સજે શણગાર,　　કુંવર. ૩
જાતાં પ્રથમ માલણડી સામી મળી;
છાજે કરમાંરે, ફૂલની છાબ,　　કુંવર;
ગુંથ્યા ગજરા તોરા તથા હારડા;
એવા બાજારે, બહુ ભર્યાં બાબ,　　કુંવર. ૪
હૈયે હાર, તોરો ધર્યો પાઘમાં;
જોતાં જુગતીરે કહી નવ જાય,　　કુંવર;
ગુચ્છ કાને ધર્યાંરે ગુલાબના;
જનનાં લોચનરે, જોવા લોભાય,　　કુંવર. ૫
સહુથી શોભશે કુંવર નિશાળમાં;
મેહેતાજી રે મળી દેશે માન,　　કુંવર;
ભણશે વિદ્યા ભલી ભલી ભાતથી;
સાર સમજશે રે, થૈ સાવધાન,　　કુંવર. ૬
ભણશે વિદ્યા ભૂગોળ ખગોળની;
ઇતિહાસનો રે, કરશે અભ્યાસ,　　કુંવર;
ભાષા ભેદ ભણી દેશો દેશના;
માન પામશે રે, મેહેતાજી પાસ,　　કુંવર. ૭
ભણશે ચૌદ વિદ્યા ને ચોસઠ કળા;
રાજનીતિ રે, ભણી રૂડી રીત,　　કુંવર;
ન્યાયશાસ્ત્રના નિયમ વિચારશે;
પરિપુરણ રે, રાખીને પ્રીત,　　કુંવર. ૮
ધર્મશાસ્ત્રનું તત્વ તે ધારશે;
કર્મશાસ્ત્રનો રે, કરશે વિચાર,　　કુંવર;
તત્વશાસ્ત્રનાં તત્વ તપાસશે;
શિલ્પશાસ્ત્રનો રે, સમજશે સાર,　　કુંવર. ૯
લેખાવટિયો લેખાં કરી જાણશે;
લાખો કરોડોના રે, કરશે હિસાબ,　　કુંવર;
પ્રશ્ન જે કોઇ પંડિત પૂછશે;
ઉભે તરતજ રે, દેશે જવાબ,　　કુંવર. ૧૦
કુંવર ઉભા રહો માતાજી કહે;
વેહેલા વળજો રે, ભણી ભલા વેદ,　　કુંવર;
કુંવર ક્યારે બિરાજો કચેરીમાં;
મારા ઉરમાં રે, એ છે ઉમેદ,　　કુંવર. ૧૧
કુંવર આવો હું એકવાર મુખ જોઉં;
પછી જાજો રે, ભણવાને કામ,　　કુંવર;
કુંવર તમે રે, સદૈવ કુશળ રે'જો;
દે છે આશીષ રે, દલપતરામ,　　કુંવર. ૧૨

[1] બડવો દોડતાં "કુંવર ચાલ્યા ભણવાને કાશીએ." એમ ગાવું.

ગીત ૯ મું.

દીકરાને નિશાળે બેસાડવા જતાં ગાવાનું ગીત. બીજું.

"ભમરા પહેલો વધાવો મારે આવિયો." એ રાગ.

કુંવર ઉભા રહોરે માતાજી કહે,
　　　　પ્રેમે પરવરી પંડ્યાજીની પાસરે,
કોડીલા કુંવર ભણતર ભણજો ભલા ભાવથી;
કુંવર અંગમાં આળસ ન આણશો;
કરજો ઉત્તમ રીતથી અભ્યાસરે,　કોડીલા કુંવર. ૧
ભણતાં અર્થ સમજીને ધરજો અંતરે;
નવ કરશો પોપટના જેવા પાઠરે, કોડીલા કુંવર;
કુંવર જેટલું ભણો તે કંજો તેટલું;
ઝાઝો ડોળ ન દેખાડશો ઠાઠરે; કોડીલા કુંવર. ૨
કુંવર જે જે તમારા હોય જોડીયા;
સહુથી સરસ ગણાજો સહુને શેરરે, કોડીલા કુંવર;
શ્રવણે સુણીને ગુરૂની શિક્ષા માનજો;
પૂછ્યા વગર ન પીવા જશો નીરરે, કોડીલા કુંવર. ૩
કુંવર રમતમાં મન નવ રાખશો;
છોડી દેજો ઉછાંછળાનો સંગરે, કોડીલા કુંવર;
સારા નિશાળિયાનો સંગ રાખજો;
જેને મન હોય ભણવાનો ઉમંગરે, કોડીલા કુંવર. ૪
કુંવર કાયર કામ ન કરી શકે;
કુંવર હિંમતે હરેક કામ હોયરે, કોડીલા કુંવર;
એવો ભેદ તે મનથી ન ભૂલશો;
કદી ઉલટું કેનારા મળે કોયરે, કોડીલા કુંવર. ૫
પાનાં પોથીને ડાઘ નવ પાડશો;
સારી રીતે તેની કરજો સંભાળરે, કોડીલા કુંવર;

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

મારા લાખેણા કોઇશું લડશો નાહ;
ગુણ હીણા થૈ દૈએ નહિ ગાળરે, કોડીલા કુંવર. ૬
જાતાં વળતાં રોકશો નહીં વાટમાં;
ધરજો ભણતરમાં વિશેષ ધ્યાનરે, કોડીલા કુંવર;
કુંવર કો કાળે વખત ન ચુકશો;
વિદ્યા ભણીને થજો વિદ્વાનરે, કોડીલા કુંવર. ૭
ભણતર ભણ્યા તે જન્મ સુખ ભોગવે;
ન ભણ્યા તે તો ખચીત ખત્તા ખાયરે, કોડીલા કુંવર;
ભણેલાનો પુછેછે ભાવ ભૂપતિ;
નભણ્યા તે તો નર નારીમાં નિંદાયરે, કોડીલા કુંવર ૮
પ્રશ્ન પૂછતાં શરમ ન રાખશો;
પૂછી પૂછીને પંડિત થવાયરે, કોડીલા કુંવર:
લખતાં લખતાં લહિયા બને છે લોકમાં;
જાતાં ગાઉ ગાઉ સો ગાઉ જવાયરે, કોડીલા કુંવર. ૯
કશુંએ શીખી લેવાય નહિ સામટું;
થોડે થોડે તો સરવે શીખાયરે, કોડીલા કુંવર;
ગણતાં ગણતાં લાખો ક્રોડો ગણાય છે;
ચણતાં ચણતાં હવેલી તો ચણાયરે, કોડીલા કુંવર. ૧૦
સદા સૃષ્ટિના સ્વામીને સંભારિયે;
સર્વે કામમાં તે કરે સહાયરે, કોડીલા કુંવર;
કુંવર કરૂણા કરે જો કરૂણા નિધિ;
મનના સરવે મનોરથ સિદ્ધ થાયરે; કોડીલા કુંવર. ૧૧
કુંવર કુશળ રે'જો તે કરજો સાહબી;
કુંવર કરજો ભણીને મોટાં કામરે, કોડીલા કુંવર;
કુંવર દુઃખડાં તમારાં દેહવટ જજો;
દેજે આશીષ દલપતરામરે; કોડીલા કુંવર. ૧૨

ગીત ૧૦ મું.

નિશાળે જતાં તથા પાછાં વળતાં ગાવાનું ગીત.

વિદ્યા રૂપી આંબાનું ઘોળ.

" ત્રાંબા કુંડી તે સોહામણી." એ રાગ.

રાણી વિકટોરિયાના રાજ્યમાં;
વિદ્યા રૂપીરે, રૂડો રસાળ, સાહેલીરે આંબો મોરિયો;
આંબો રોપાયો મુંબઇ શેહેરમાં;
દેશદેશમાંરે, ફેલાઇ ડાળ, સાહેલીરે. ૧
આવ્યા સાહેબ લોક તે સીંચિયો;
પુલ્યો ફાલ્યોરે, ઘેર ગંભિર, સાહેલીરે;
એનાં પત્ર ધરા ધર પ્હોંચિયાં,
દેખી હરખ્યારે, ઉમદા અમીર, સાહેલીરે. ૨

ફુલ સરસ સુધારાનાં પ્રગટિયાં;
રસ એનોરે, જ્ઞાન ગણાય, સાહેલીરે;
ભાગ્યશાળી જનો તેના ભોગિયા;
તે આરોગીરે, આરોગ્ય થાય, સાહેલીરે. ૩
સુખ ઉપજે વિશેષ શરીરમાં;
બહુ બુદ્ધિરે, પ્રગટે પ્રચંડ, સાહેલીરે;
તોડે આળસ હોય જે અંગમાં;
અતિ આપેરે, જ્ઞાન અખંડ, સાહેલીરે. ૪
આંબો અચરજકારી એવો થયો;
વધ્યો દેશમાં રે, દીસે વિશેષ, સાહેલીરે. ૫
એની છાયા શીતળ શુભ છે સદા;
એતો જનનારે, કાપે છે ક્લેશ, સાહેલીરે. ૫
પત્રે પત્રે દીવા દીસે પ્રગટિયા;
તેતો ટાળેરે, ઉર અંધકાર, સાહેલીરે;
અજવાળું થયું આખા દેશમાં;
સમજાયુંરે, સાર અસાર, સાહેલીરે. ૬
સખી જોને તું આજ સંસારમાં;
તેના ફળથીરે, થયો ફેરફાર, સાહેલીરે;
થઇ સડકો ને રસ્તા રૂડા થયા;
ઘણી વિદ્યારે, વધી ઘેર ઘેર. સાહેલીરે. ૭
દવાખાનાં નિશાળો થઇ ઘણી;
સારી પુસ્તક રે, શાળા સ્થપાઇ, સાહેલીરે;
આવ્યા સાંચા વસ્ત્રો વણવાતણાં;
પાઠ પોથિયો રે, છબિયો છપાઇ, સાહેલીરે. ૮
રાજકુંવરો રૂડી વિદ્યા ભણ્યા;
શીખ્યા શીખ્યારે, નિર્મળ ન્યાય, સાહેલીરે;
અજવાળું આંબાનું પડયા ઘણી;
શાણા સજ્જનરે, પરદેશ જાય, સાહેલીરે. ૯
આંબો ઇશ્વરે આપણા દેશને,
કૃપા કરીને, બક્ષીસ કીધ, સાહેલીરે;
જેથી સુખ સંપત્તિ સર્વે જામશે,
નિશ્ચે મળશે રે, નવી નવ નીધ, સાહેલીરે. ૧૦
આંબો જેણે વિવેકથી વાવિયો,
એને આપિયેરે, ઉરથી આશિષ, સાહેલીરે;
આંબો રે'જો જુગે જુગ જીવતો,
ડાળો વધજોરે, વળી દશે દીશ, સાહેલીરે. ૧૧
એવા આંબાનો રસ જેણે અનુભવ્યો,
તે તો કરશેરે, ઉત્તમ કામ; સાહેલીરે;
એવા જનને જગતમાં જોઇને,
દીલે રીઝશેરે, દલપતરામ, સાહેલીરે. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગીત ૧૧ મું.

વરઘોડો નિશાળેથી વળતાં ગાવાનું ગીત પહેલું.

"આછા ઘુંઘટ તે વહુને વ્હાલેરા લાગે." [1]એ રાગ.

નિશાળે જૈને કુંવર શું ભણી આવ્યા,
શું ભણી આવ્યા ને શો ભેદ લાવ્યા,
શી રીતે શિક્ષકે સમજાવ્યા, હો રાજવી, નિશાળે. ૧
કહો કુંવરજી તમને દાદાજી પુછે,
શાસ્ત્ર[2] શીખ્યા તેમાં તત્વ તે શું છે;
લાયક લેખે શું લખ્યું છે, હો રાજવી, નિશાળે. ૨
કહોરે કુંવરજી તમને માતાજી પુછે,
શિક્ષક શી શિખામણ દે છે, હો રાજવી, નિશાળે. ૩
કહોરે કુંવરજી પુછે ફઈબા પનોતાં,
શીખ્યા તેમાંથી જડયો સાર શો જોતાં;
સમજે નહિતો પોથાં થોથાં, હો રાજવી, નિશાળે. ૪
ભાવથી તમે રોજ ભણવાને જાતા,
જીવ અમારા જોઇ જોઇ હરખાતા;
નિરખતાં તૃપ્ત ન થાતાં, હો રાજવી, નિશાળે. ૫
પાછલે પ્હોરે અમે વાટ જોઈ રે'તાં,
વાર લાગે તો ઘણો વિચાર લેતાં;
ક્યારે પધારે એમ કે'તા, હો રાજવી, નિશાળે. ૬
તમે કુંવર અમારી આંખોના તારા,
તમ સાથે બંધાણા પ્રાણ અમારા;
તે કેમ વિસરે વિસાર્યા, હો રાજવી, નિશાળે. ૭
જોયા અમે તમારા અક્ષર જ્યારે,
સાચે સાચો થયો સંતોષ ત્યારે;
જાણું કુંવર ભણી રે' ક્યારે હો રાજવી, નિશાળે. ૮
વિધ વિધ પાઠ જ્યારે વાંચતાં દેખું,
પુણ્ય પુરવનાં પૂરાં પ્રગટિયાં પેખું;
લાભ અલૌકીક લેખું, હો રાજવી, નિશાળે. ૯
મેહેતાજી તમારા છે કહો કેવા,
જ્યારે જતા તમે પાઠ ત્યાં લેવા;
ઠીક દેતાં કે જેવા તેવા, હો રાજવી, નિશાળે. ૧૦
પૂછતાં શંકા કંઈ ક્રોધ તે કરતા,
કે એનો ઉત્તર ધીરે ઉચરતા;
પૂછતાં ડરતા કે ન ડરતા, હો રાજવી, નિશાળે. ૧૧
વિદ્યા ભણ્યા તમે બાલુડે વેષે,
લાયક બાળકો દાખલો લેશે;
દલપત આશીષ દેશે, હો રાજવી, નિશાળે. ૧૨

ગીત ૧૨ મું.

વરઘોડો નિશાળેથી વળતાં ગાવાનું ગીત બીજું.

રાગ ઉપર પ્રમાણે.

સુણી કુંવરજી મુખે ઉચર્યા એવું,
ભણતરનું તત્વ જાણ્યું તે કેવું;
પ્રભુ ભજીને નીતિમાં રે'વું, માતાજી,
નિશાળે જૈને અમે એ ભણી આવ્યા. ૧
એ ભણી આવ્યા ને એ ભેદ લાવ્યા,
જુદા ગુરૂએ ભેદ એજ બતાવ્યા;
શિક્ષકે એ રીતે સમજાવ્યા, માતાજી; નિશાળે. ૨
માતપિતા તણી સજવી રે સેવા,
બાળપણના બદલા વાળીરે દેવા;
અર્થ અંતરે ધર્યા એવા, માતાજી; નિશાળે. ૩
સજ્જનનો સંગ સ્નેહથી કરવો,
પાપીતણો સંગ તો પરહરવો;
ધર્મ અંતર માંહે ધરવો, માતાજી, નિશાળે. ૪
વગર વિચાર્યું કાંઇ કામ ન કરવું,
ધીરજપણું ઘણું અંતરે ધરવું;
દોષ થકી તો દીલે ડરવું, માતાજી, નિશાળે. ૫
ફુલણજી થઈને ન ફુલાવું;
તેમ કદાપિ કંજુસ ન થાવું,
જુગારી સાથે નહિ જાવું, માતાજી, નિશાળે. ૬
દયા રાખીને દીનને દાન દેવું,
લોભે અન્યાયનું ધન ન લેવું;
જાણવું તે તો વિષ જેવું, માતાજી, નિશાળે. ૭
મમતા સ્વદેશની રાખવી મનમાં,
વિદ્યા ઉદ્યોગ વધારવાં જનમાં;
તજિયે આળસ હોય તનમાં, માતાજી, નિશાળે. ૮
વાંચન ગણિત ને વ્યાકરણ વાણી,
ઇતિહાસ શીખ્યા ઉર ઉમંગ આણી;
ભૂગોળવિદ્યા ભલી જાણી, માતાજી, નિશાળે. ૯
મેહેતાજી અમારા છે ઘણા શાણા,
મેહેતીજીએ અમને સુત જેવા જાણ્યા,
અક્ષર અમારા વખાણ્યા, માતાજી, નિશાળે. ૧૦

---

૧ આ અને ઝાલાવાડમાં ગવાય છે કે " રમોને રાયજાદા નાર તમારી." એ એકજ રાગ છે.

૨ ગણિતશાસ્ત્ર વગેરે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મેહેતાજીએ અમારી સંભાળ લીધી,
શંકા પૂછી તે સર્વે સમજાવી દીધી;
રીસ કદાપિ નથી કીધી, માતાજી, નિશાળે. ૧૧
સુણી સહુએ જાણ્યું સાચા ઉત્તર દેછે,
વિનય સહિત વળી કુંવર કહે છે;
દલપત કવિતા[1] કરે છે, માતાજી, નિશાળે. ૧૨

ગીત ૧૩ મું.

વેવીશાળ કરતાં ગાવાનું ગીત પહેલું.

" સુરતનારે સુલતાન, પાટણનારે પરધાન,
ઓરશિયો ઘડી લાવરે આરસપ્હાણનોરે." એ રાગ.

દેશ ગુજરાતરે, પૃથ્વીમાં પ્રખ્યાતરે,
રાજનગર[2] શોભીતું તેમાં શેહેર છેરે;
સાહુકારરે, વસે શ્રીમંત અપારરે,
લક્ષ્મીની લાયક લીલા લેહેર છેરે. ૧
રૂડો ત્યાંનો રાયરે, કનકસેન[3] કેવાયરે,
કનકાવતી[4] રાણી છે ઘેર તેહનેરે;
લાયક લક્ષણવંતીરે સરસ શોભંતીરે;
ઉત્તમ કન્યા જનમી કુળમાં એહનેરે. ૨
રૂપે રંભા જેવીરે, ઉત્તમ કન્યા એવીરે,
જોતાં જગમાં કયાંઇએ કોઇ નવ કહેરે;
અતિશે અનૂપરે, જોવા જેવું રૂપરે,
સૂરજ ને ચંદર આકાશે થંભી રહેરે. ૩
ઠરાવ્યું તે ઠામરે, ચંપાકુંવરી[5] નામરે,
પછી તે થૈ પાંચ વરસની પદમણીરે;
વિદ્યાનો અભ્યાસરે, કરે ગુરૂજી પાસરે,
ઉમ્મર છોટી પણ અક્કલ મોટી ઘણીરે. ૪
કનકાવતી રાણીરે, મુખથી બોલ્યાં વાણીરે,
સ્વામી એમનો સ્નેહ ધરીને સાંભળેરે;
બહુ સુંદર છે બાળરે, શોધો વેવીશાળરે,
મોટા ઘરનો વર પછી જોતાં નવ મળેરે. ૫
રાયે માન્યો બોધરે, કરવા વરનો શોધરે,
મુત્સદી મોકલિયા દેશો દેશમાં રે;

૧ તે કવિતા અમે ભણી આવ્યા. ૨ આ ઠેકાણે કન્યાના બાપના ગામનું નામ ગાવું. ૩ અહીં કન્યાના બાપનું નામ ગાવું. ૪ આ જગ્યાએ કન્યાની માનું નામ ગાવું. ૫ આ ઠેકાણે કન્યાનું.

પંજાબ નેપાળરે, કોશળ ને બંગાળરે,
માળવ ને મદ્રાસ વિલોક્યાં વેષમાં રે. ૬
જોયાં ઠામો ઠામરે, રાજસ્થાન તમામરે,
કન્યા લાયક વર કયાંઇએ નવ મળ્યોરે;
સોરઠ દેશ[1] માંયરે, રતનપુરનો[2] રાયરે,
જગતસિંહનો[3] કુળ વર સારો સાંભળ્યોરે. ૭
કન્યાનો પિતાયરે, રતનપુરમાં જાયરે,
વાડીમાં જૈ ઉતરવાનું નક્કી કર્યુંરે;
શુભ રીતે ભૂપાળરે, વર જોયો નિશાળેરે,
કન્યા લાયક વર દેખીને દીલ ઠર્યુંરે. ૮
વર પિતાને કાહ્યુંરે, તેણે પણ કબુલાવ્યુંરે,
આઠ દિવસમાં ઉત્તર દેશું એહનોરે;
જોવાને કન્યાયરે, માણસ મોકલ્યાં રાયરે,
જીવમાં ભરૂસો પૂરો જેહનોરે. ૯
જોઇને તે આવ્યારે, શુભ સમાચાર લાવ્યારે,
કુંવરને લાયક છે કન્યા એમ કહ્યુંરે;
કુટુંબીને પૂછ્યુંરે, રાણીને પણ રૂચ્યુંરે,
લગારે અંદેશા જેવું નવ રહ્યુંરે. ૧૦
કન્યાના પિતાનેરે, બોલાવ્યા મળવાનેરે;
માન દઇને મુખ આગળ બેસારિયારે;
પછી પૂછી વાતરે; વરપિતા સાક્ષાતરે;
શી ઇચ્છાએ આપ અહીં પધારિયારે. ૧૧
લાડકડીનો બાપરે, બોલ્યા આપો આપરે;
અમે હરખથી ઉત્તમ કામે આવિયારે;
આશા છે આ ઠામરે, થશે અમારૂં કામરે;
જો દલપતનો દેવ અમે રીઝાવિયારે. ૧૨

ગીત ૧૪ મું.

વેવીશાળ કરતાં ગાવાનું ગીત બીજું.

"ક્યાંનાં તે આવ્યાં બાદલાં, મોતીવાળા ભમરજી." એરાગ.

કહો આપ ક્યાંથી પધારિયા,
સુણો શાણા સાહેબજી.
કહો આપની શી છે પેરરે,

૧ અહીં વરના બાપનું ગામ જે મુલકને તાબે હોય તે મૂકીને ગાવું. ૨ રતનપુરની જગાએ વરના બાપનું ગામ ગાવું. ૩ આ ઠેકાણે વરના બાપનું નામ ગાવું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુગુણવાન શાણા સાહેબજી.
રાજનગર થકી આવિયા,　　શુણો;
પૂછતા આપને ઘેરરે,　　સુગુણવાન. ૧
અરજ અમારી એક છે,　　શુણો;
ક્રોધથી કરશો કબુલરે,　　સુગુણવાન.
રીસ રૂદે નવ રાખશો,　　શુણો;
ભાસે તેમાં જો કંઇ ભુલરે,　　સુગુણવાન. ૨
છોજી મોટા કુળના તમે,　　શુણો;
મોટાં તમારાં છે ઘરરે,　　સુગુણવાન.
લાયક લક્ષણુ આગળો,　　શુણો;
છે જી તમારો કુંવરરે,　　સુગુણવાન. ૩
અમ ઘેર કન્યા કુંવારડી,　　શુણો;
આઠ વરસની છે એહરે,　　સુગુણવાન.
લાયક લક્ષણવંતી છે,　　શુણો;
તમ ઘેર યોગ્ય છે તેહરે,　　સુગુણવાન. ૪
વર કન્યા છે હજી બાલુડાં,　　શુણો;
આપો અગાઉથી વચનરે,　　સુગુણવાન.
ઉમ્મર લાયક થયે એમનાં,　　શુણો;
લાયક કરવાં લગનરે,　　સુગુણવાન. ૫
શક્તિ પ્રમાણે આપશું,　　શુણો;
સનમાન સારી રીતરે,　　સુગુણવાન.
તેટલી મુદતમાં થશે,　　શુણો;
વર કન્યાને પૂરી પ્રીતરે,　　સુગુણવાન. ૬
શુભ લગને શુભ દિવસે,　　શુણો;
જરૂર તેડાવશું જાનરે,　　સુગુણવાન.
એ અવસર પર આવજો,　　શુણો;
દેશું અમે કન્યાદાનરે,　　સુગુણવાન. ૭
પંચની સાક્ષીએ પરણશે,　　શુણો;
ગુરૂજીનાં વચન પ્રમાણરે,　　સુગુણવાન.
વચન આપો ને વચન લહો,　　શુણો;
છો સર્વ વાતે સુજાણરે,　　સુગુણવાન. ૮
વર મોટા ઘરનો ક્યાંથી મળે,　　શુણો;
મોટી ઉમ્મર જ્યારે થાયરે,　　સુગુણવાન.
તે માટે હું તમને કહું,　　શુણો;
પૂરો અમારી ઇચ્છાયરે,　　સુગુણવાન. ૯
શુણી વરના પિતા બોલિયા,　　શુણો;
છોજી ખરા ખાનદાનરે,　　સુગુણવાન.
ઉપકાર માનું છું આપનો,　　શુણો;
જુગતીથી લાવીશ જાનરે,　　સુગુણવાન. ૧૦

આપના ઉત્તમ વંશની,　　શુણો;
આવે કન્યા અમઘેરરે,　　સુગુણવાન.
મનમાં અમે તેથી માનિયે,　　શુણો;
ઇશ્વરની મોટી મ્હેરરે,　　સુગુણવાન. ૧૧
તિલક કરો વરને તમે,　　શુણો;
કરો આજ મંગળ કામરે,　　સુગુણવાન.
એ સમે આશીષ આપશે,　　શુણો;
દ્વિજવર દલતપરામ,　　સુગુણવાન. ૧૨

ગીત ૧૫ મું.

વેવીશાળ કરતાં ગાવાનું ગીત ત્રીજું.

"નગારાં વાગે ધીન્નાં ધીન્નાંરે." એ રાગ.

આજ તો આનંદ ઓચ્છવ મારે આંગણે;
આજ તો નવલાં વેવાઇ આવ્યા મારે ઘેરરે,
　　નગારાં વાગે કડકડ ધીન્નાંરે;
આજ તો મોતીડે પૂરાવું સુંદર સાથિયારે;
આજ તો લક્ષ્મીની દીસે લીલાલ્હેરરે; નગારાં. ૧
આજ તો આનંદનો સાગર અતિ ઉલટયોરે;
આજ તો મંદિર મારાં દીસે ઝાકઝમાળરે, નગારાં,
આજ તો નવલા વેવાઇ ભલે પધારિયારે;
મારા લાડકડાનું લાવ્યા વેવીશાળરે,　　નગારાં. ૨
પ્રથમ વેવાઈ વેવાઇએ વચન લીધાંરે;
વળતી તિલક કીધું કુંવરને કપાળરે,　　નગારાં;
હીરા માણેક જડિત તિલક છે હેમનુંરે;
આગળ ધર્યો છે સોનાનો સુંદર થાળરે, નગારાં. ૩
શીરબંધ મૂલનો બંધાવિયોરે;
કલગી કનક માણેક જડાવરે,　　નગારાં;
મોતી તોરા મોંઘા મૂલના લટકાવિયારે;
દીસે લાડકડાનો ઉમદા દેખાવરે,　　નગારાં. ૪
પાન ફુલે પ્રથમ પોસ ભરાવિયોરે;
ઉપર સોનાનું શ્રીફળ ને સોના મ્હોરરે, નગારાં;
વેવાઇ કુંવરના સામું વારે વારે જુએરે;
જેમ ચંદ્ર સામું જોઇ રહે ચકોરરે,　　નગારાં, ૫
ત્યાં તો વેદ ભણે છે વિપ્ર વેદિયારે;
સજની સો મણ ત્યાં સાકર વ્હેંચાયરે, નગારાં;
ત્રાંસાં ત્રુઈ વાગે ને ત્રંબાળું ગહગહેરે;
બંદુક તોપોના અવાજ બહુ થાયરે,　　નગારાં. ૬

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ગાય ગાંધરવ અને નાચે અપછરારે,
ભલા જશ બોલે મળી ચારણુ ભાટરે, નગારાં;
મોટા કુળની કન્યા અલબેલાને આવશે;
મોટો હર્ષ વધ્યો સહુને તે માટરે, નગારાં. ૭
વરનાં માતાજીએ વેવાઈના સાથીને પૂછ્યુંરે,
કહો કેઇ વહુ જેવું કન્યા રૂપ રંગરે, નગારાં;
શુણીંને વેવાઈના સોબતીએ એમ કહ્યુંરે;
તમારી જાડેજી વહુ જેવું સુંદર અંગરે, નગારાં. ૮
વરનાં ફઇબા તેને ફરી ફરી એમ પૂછેરે;
કહોજી કેઈ વહુવારૂ જેવી કન્યા ડાહીરે, નગારાં;
શુણીંને વેવાઇનો સોબતી કહે સાંભળોરે;
તમારી ચાવડી વહુ જેવી ચતુર ગણાઇરે, નગારાં. ૯
વરના મેહેતાજીએ પૂછ્યું પૂરા પ્રેમથીરે,
કહોજી કન્યાને કેવું વિદ્યાનું જ્ઞાનરે, નગારાં;
શુણીંને સોબતી કહે મેહેતાજી સાંભળોરે;
એમની વાઘેલી વહુ જેવી છે વિદ્વાનરે, નગારાં.૧૦
એવું સાંભળીને હૈડાં સહુનાં હરખિયાંરે;
જોતાં મેળવી પ્રભુએ જુગતે જુગતી જોડરે, નગારાં;
પરમેશ્વર પ્રતાપે એ જોડું અખંડ રેજોરે;
કરજો કરજો સુખે રાજ દીવાળી ક્રોડરે, નગારાં.૧૧
સર્વે સજ્જનને સદા સુખ સાંપડોરે;
ઠરજો આનંદ ઓચ્છવ ઠામોઠામરે, નગારાં;
આખા દેશ વિષે અમૃત વૃષ્ટિ થજોરે;
દે છે આશીષ એવી દલપતરામરે; નગારાં.૧૨

ગીત ૧૬ મું.

વેવીશાળ કરતાં ગાવાનું ગીત ચોથું[1]

"નગારાં વાગે ધીનાં ધીનાં રે" એ રાગ.

એક પાટણનો પોપટ પાળી પાંખનો રે;
તેતોભમ્યોભમ્યોદેશપરદેશરે,બીજેકયાંઇમનડુંમાન્યુંનહિરે
જ્યારે દીઠો જથ્થો દાડમ ને દ્રાખનો રે;
ત્યારે હરખ્યો હરખ્યો હૈડામાં વિશેષરે, બીજે કયાંઇ.૧
એક કોયલડી કાશમીર દેશનીરે;
તે તો ભમી ભમી ભૂગોળ ખગોળ રે, બીજે કયાંઇ;
એને ખુશીમાં ખામી ન રહી લેશની રે;
જ્યારે આંબે દીઠી આંબા ફળની ઓળરે, બીજે કયાંઇ.૨
એક ચકોર ચાર દીશાએ આથડયો રે;
જોયાં જોયાં મોટાં શેહેર શોભિત રે, બીજે કયાંઇ;
જ્યારે ચળકતો ચંદ્રમા આકાશે ચડયો રે;
ત્યારે ચોંટયું તેનું ચંદ્રમામાં ચીતરે, બીજે કયાંઇ. ૩
એક ભમરો સુગંધ તણો ભોગી ભલો રે;
એતો અવનીમાં આથડયો અથાગ રે, બીજે કયાંઇ;
એ તો લાખ રીતે રાજી થયો લાગલો રે;
જ્યારે બહુ ફૂલવાળો દીઠો સુંદર બાગ રે, બીજે કયાંઇ.૪
એક કમળને ફુલાવા આકાશમાં રે;
ઉગ્યા અગણિત તારા તથા ચંદરે, બીજે કયાંઇ;
થયું પ્રફુલીત સૂરજના પ્રકાશમાં રે,
એને અંગો અંગ ઉપજ્યો આનંદ રે, બીજે કયાંઇ.૫
એક મોરલો તે મોટે મોટે શેહેર ગયો રે;
જોયું સાગરના જળતણું જોર રે, બીજે કયાંઇ;
એતો ખરેખરો અંતરમાં ખુશી થયો રે;
જ્યારે ગગનમાં ગાજિયો ઘનઘોર રે, બીજે કયાંઇ.૬
એક કોહીનૂર હીરો કંઇક દેશ ફર્યો રે;
જોયાં ગુણિયલ મોટાં મોટાં ગામ રે, બીજે કયાંઇ;
જ્યારે રાણી વિકટોરિયાએ શીર ધર્યો રે;
ત્યારે ઠર્યો તે તો ત્યાં ઠરાવી ઠામ રે, બીજે કયાંઇ.૭
એક દમયંતી કન્યા સ્વયંવર વિષે રે;
એતો ફરી વળી બધે લૈ વરમાળ રે, બીજે કયાંઇ;
જ્યારે ફરતી ફરતી આવી રાજા નળ દીશે રે;
ત્યારે વધ્યો એને આનંદ વિશાળ રે, બીજે કયાંઇ.૮
એક હાકમની હવેલીનો હંસલો રે;
એ તો પ્હોંચી વળ્યો આકાશ પાતાળ રે, બીજે કયાંઇ.
તે તો હરખ્યો હરખ્યો ભાળીને દેખાવ ભલો રે;
જ્યારે જોયું માન સરોવર વિશાળ રે, બીજે કયાંઇ.૯
વેવાઈ કનકોરાણા દેશોદેશ ફરી વળ્યા રે;
જોયાં ભૂપતિનાં ભૂવન ભૂવન રે, બીજે કયાંઇ;
જ્યારે મતમાન્યા ચતુરકુંવરને મળ્યા રે;
ત્યારે મોટે હરખે માન્યું તેનું મત રે, બીજે કયાંઇ.૧૦
વેવાઈ પ્રવીણ છે હીરાની પરીક્ષા વિષે રે;
પક્કે પક્કો હીરો પારખ્યો પ્રમાણ રે, બીજે કયાંઇ;
જેવા ચતુરકુંવરજી ચતુર દીસે રે,
એમના સસરાજી પણ ચતુર સુજાણ રે, બીજે કયાંઇ.૧૧
ગુણવંતાને ગુણવંતાની સંગતી ગમે રે,
તેનું મન ઠરે જઈ તેવે ઠામ રે, બીજે કયાંઇ;
ધન્ય ધન્ય એમ કહી એવે શુભ સમે રે,
દીલથી દે છે દુવા દલપતરામ રે, બીજે કયાંઇ.૧૨

---

[1] આ ગીત વરને ઘેર વિવાહની વરધોમાં પણ ગવાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગીત ૧૭ મું.

કન્યાને મોંજીણું કરતાં[1] ગાવાનું ગીત પહેલું.[2]

"સીતા બેઠારે માળિયે." એ રાગ.[3]

ચંપાંબા ચીત ચાહીને, નિરખો સાસર વેલ;
લાયક વસંત લાવેલ, ઓઢો ચળકતી ચુંદડી;
ચુંદડી છે ચોખા હીરની, વણકર હાથે વણેલ;
રંગરેજે રંગેલ, ઓઢો ચળકતી ચુંદડી. ૧
ચુંદડીમાં બહુ ચિત્ર છે, ભભકાદાર છે ભાત;
જોવા ઇચ્છે જન જાત, ઓઢો ચળકતી ચુંદડી;
ચુંદડી તો ચારે મુલકમાં, પ્રથવી પર છે પ્રખ્યાત;
વેદ[4] વરણવે છે વાત, ઓઢો ચળકતી ચુંદડી. ૨
જેમાં બુટ્ટા જરિયાનના, ઝગમગ ઝગમગ થાય;
દેખી દીલ હરખાય, ઓઢો ચળકતી ચુંદડી;
મેરે છે પડો પાનડી, સોરંભ સારી પસરાય;
ભમરા તેથી લોભાય, ઓઢો ચળકતી ચુંદડી. ૩
ચીતરનારે તે ચુંદડીમાં ચીતરી છે રાશિ બાર;
અમરવેલ આકાર, ઓઢો ચળકતી ચુંદડી;
ચીતર્યા સૂરજ ને ચંદ્રમા, ચાતર્યાં પુષ્પ અપાર;
મનહર ચુંદડી મોઝાર, ઓઢો ચળકતી ચુંદડી. ૪
સોનૈયા સવા લાખનું, ગણતાં મૂલ ગણાય;
એતો અનુમાન થાય, ઓઢો ચળકતી ચુંદડી;
સદગુણ ચુંદડીના સર્વથા, જીભે ઉચર્યા ન જાય;
લખતાં પણ ન લખાય, ઓઢો ચળકતી ચુંદડી. ૫
છબીલી ચુંદડીના છેડલા, મેલો ઢળકતા ચાર;
શોભે સરસ શણગાર, ઓઢો ચળકતી ચુંદડી;
ચુંદડીવાળી ચતુરા તને, આપે આયુષ્ય અપાર;
જગતમાં જગકરતાર, ઓઢો ચળકતી ચુંદડી. ૬
ચુંદડી સાથે છે ચળકતા, સારા શોભે શણગાર;
હીરા મોતીના હાર, ઓઢો ચળકતી ચુંદડી;
ઘુઘરવટનો છે ઘાઘરો, ઘુઘરીનો ઘમકાર,
ઝાંઝરનો ઝમકાર, ઓઢો ચળકતી ચુંદડી; ૭
સુફળ મનોરથ સર્વદા, તારા થાજો તમામ;
કરજે પરમારથ કામ, ઓઢો ચળકતી ચુંદડી;
ઉચરી આશીષ એટલી, દેછે દલપતરામ,
પ્રભુને કરીને પ્રણામ, ઓઢો ચળકતી ચુંદડી. ૮

ગીત ૧૮ મું.

કન્યાને મોંજીણું કરતાં ગાવાનું ગીત બીજું.[1]

સદગુણ હીરાના હારનું ગીત.

"રૂકમણી લખીં કાગળ મોકલે રે." રાગ.

સદગુણ હીરાનો હારડો રે, હૈડે શોભાવો હમેશ રે,
ચંપાંબા સદગુણ હીરાનો હારડો રે,
પૂર્ણ શોભા તેથી પામશો રે, વધશે સ્વરૂપ વિશેષરે, ચં. ૧
સર્વોપરી હીરો સત્યતા રે, સુખથકી થાય ન મૂલરે, ચં.
દીપેછે હીરો દયાતણો રે, તેની છે કાન્તિ અતુલ્યરે, ચં. ૨
શી કહું શોભા સંતોષની રે,શીતળતા તેમાં સારરે, ચં.
નૌતમ નંગ છે નમ્રતા રે, કીંમત કોણ કરનાર રે. ચં. ૩
મોટો મણિ મરજાદ છેરે, જાણેછે જન જે સુજાણરે. ચં.
વળી એક હીરો વિવેક છેરે, પારસમણિને પ્રમાણરે, ચં. ૪
આ જુવો હીરો ઉદ્યોગછેરે, પ્રતિદિન હોયજો પાસરે. ચં.
તેને રહે ન દરીદ્રતા રે, અંતરની પુરે આશરે, ચં. ૫
ધીરજ હીરો જે ધરે રે, એતો ન કદિ અકળાય, ચં.
હોય ક્ષમા હીરો જેહનેરે, જગત તેનાથી જિતાયરે,ચં. ૬
હિમ્મત હીરો હૈયે ધરેરે, સિદ્ધ કરે સર્વ કામરે, ચં.
પ્રગટેછે પ્રૌઢ પરાક્રમો રે, નવ જુગમાં રહે નામરે, ચં. ૭
નાણું ખરચતાં મળે નહિરે, એવો હીરાનો છે હારરે, ચં.
દલપતરામના દેવની રે, મ્હેર થકી મળનાર રે. ચં. ૮

વિવાહ સમયે ગાવાનાં ગીત.

ગીત ૧૯ મું.

વડી[2] પાપડ કરતાં ગાવાનું ગીત પહેલું.

"સાહીરે કાંઇ ચોખારે કંકુ વરણા." એ રાગ.

૧ વેવીશાળ કર્યા પછી અને પરણતા પહેલાં ચુંદડી ઓઢાડે છે ત્યારે.

૨ આ ગીત કન્યાને વસંત ચઢાવતાં અને કન્યાના ફુલેકામાં પણ ગાઈ શકાય.

૩ પણ આ ગીતમાં દોઢ વધારે વાળી છે.

૪ વસંત ચઢાવવાના મંત્ર વેદમાં, આમ છેઃ— "**परिषत्त धत्तत्रासस्तैनां.**" ઇત્યાદિ છે.

૧ આ ગીત પણ કન્યાને વસંત ચઢતાં અને કન્યાના ફુલેકામાં ગાઈ શકાશે.

૨ વડી પાપડ કરતાં ગાવાનાં પાંચ ગીત છે તે વર તથા કન્યા બેઉને ઘેર ગાઈ શકાય તેવાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આજ તો રે મેં તો વડીયો પાપડ આદર્યો;
આજ તો રે મારે આનંદનો દિન આવ્યો રે,
શુણજો ચંપાબાઇનો[1] સોહલો;
આજ તો રે મેં સ્નેહી સજનો નોંતર્યા;
આજ તો રે મેં રસકસ માલ મંગાવ્યો રે, શુણજો. ૧
સૂરતથી મેં તો સુખડિયા તેડાવિયા;
રચવા રે રૂડાં રસ ભર્યાં પકવાનો રે, શુણજો.
આજ તો રે મારે ઘેર રસોઇયા આવિયા;
મોટો રે એક ગંજ કર્યો મેંદાનો રે; શુણજો. ૨
તાજા રે શુભ ઘીની ભરાવી ટાંકિયો;
ખુલી રે કરી ખાંડતણી વખારો રે, શુણજો.
ચળકે રે શુભ સાકર ગોળનો ચાકિયો;
હાજર છે વળી ઘીનાં કુલાં હજારો રે, શુણજો. ૩
લાખણશાઇ કણશાઇ કરાવું લાડવા;
ખાંતેરે વળી અમુટ જલેબી ખાજાં રે, શુણજો.
માંખણ રે ભરી રાખું મલાઇનાં ગાડવા;
રંધાવું અન્ન તળિયાં ગળિયાં તાજાં રે, શુણજો. ૪
બરફી ને વળી પેંડા બહુ બનાવિયા;
ઘેબરનો વળી સ્વાદ સરસ છે એવો રે, શુણજો.
મેવા રે મુલતાન થકી મંગાવિયા;
સારી રે વળી વણવા માંડી સેવો રે, શુણજો. ૫
દળ ને રે વળી દહિથરાં મન ભાવતાં,
કીધી રે વળી સારી સૂતરફેણી રે, શુણજો.
બીજાં રે બહુ પકવાનો બનાવતાં;
મંગળ રે ગીત ગાય મરગાનેણી રે, શુણજો. ૬
જમનારા અતિ ચતુર પરૂણા આવશે,
લાખેણી મારે થાશે લીલા લહેર રે, શુણજો.
સાજન રે ઘેર આવી ઘર શોભાવશે;
માનીશ રે હું તો પરમેશ્વરની મ્હેર રે શુણજો. ૭
ઓપાવીશ રૂડું નોબતખાનું આંગણે;
ગાજી રે તેથી રે'શે સઘળું ગામ રે, શુણજો.
માનવિયો જોઈ મોટું ઘર મનમાં ગણે;
દેખી રે દીલ રીઝે દલપતરામ રે, શુણજો. ૮

ગીત ૨૦ મું.

વડી પાપડ કરતાં ગાવાનું ગીત બીજું.

શુભ અવસરે બેનને તેડાવવાનું ગીત.

"ઉચો ઉચો મેડી મારાં ઘર રે વિવા'તાં,
ત્યારે ઢળાવું ભમ્મર ઢોલિયો રે." એ રાગ.

મણિમય મ્હેલ મધ્યે એક મ્હોટી,
સોના સિંહાસન ત્યાં શોભી રહ્યું રે;
તે પર બીરાજીને કનકસેન રાણે,
કનકાવતી રાણીને કહ્યું રે. ૧
વિવા'ની વરધો વચમાં રહી હવે થોડી,
બેની અદ્યાપિ કેમ ન આવિયાં રે;
શું એમના સસરાજીએ રજા ન આપી,
શું એમની સાસુએ અટકાવિયાં રે. ૨
બેની વિના તો મન કશુંએ ન સૂઝે,
કુળ રીત કોણ બતાવશે રે;
રાત દિવસ હું તો જીવમાં રે ઝંખું,
માડીની જાઇ કયારે આવશે રે. ૩
ભાણેજાં આવે ત્યારે આંગણું ઓપે,
માંડવો શોભે બેની આવતાં રે;
મારી બેનીને બહુ બહુ આવડે છે,
ગીત રૂડાં મંગળ ગાવતાં રે. ૪
સાત વરસ વીત્યાં સાસરે વળાવ્યાં,
મળવાને મન તરસે ઘણું રે;
ઉરમાં ઉમંગ મને અતિ ઘણો થાશે,
મુખ જ્યારે દેખીશ બેનીતણું રે. ૫
સારૂં ટાણું ઇશ્વર ઘેર આપે,
ત્યારે બેનીને તેડાવિયે રે;
સંપત હોય તો સાસરવાસો કરિયે,
નહિ તો મીઠી જીભે રીઝાવિયે રે. ૬
કંકોતરીનો કાંતો પત્ર ન પ્હોંચ્યો,
કાંતો કાગદ ક્યાંય ભૂલો પડયો રે;
આજે ન આવે તો હું તેડવા કાજે,
ચોપેથી જઈશ ઘોડે ચડયો રે. ૭
સોની બેસાડયા છે શણગાર ઘડવા,
કોણ સંભાળશે તે કામને રે;
હું પંડે જાઊં હેતથી મોકલું,
દ્વિજવર દલપતરામને રે. ૮

ગીત ૨૧ મું.

વડી પાપડ કરતાં ગાવાનું ગીત ત્રીજું.

બેન આવવા વિષે ગીત.

"વાજતું ગાજતું પોળમાં પેઠું,
ભાઇ રે કિયા ભાઇનાં ઘર કિયાં રે." એ રાગ.

[1] વરને ઘેર ગાતાં વરનું નામ ગાવું, જેમકે શુણજો ચતુરકુંવરનો સોહલો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કનકાવતી કહે સાંભળો સ્વામી,
નણદી વિના નહિ શોભશે રે;
નગરીના જન પણ અવળું વિચારે,
કેમ ન તેડયાં નણદી શું હશે રે. ૧
નણદીની આશીષે નવનિધ લૈએ,
નણદી દુભાય તે નહિ ભલું રે;
સ્નેહ સહિત નિત્ય નણદીને નમિયે,
ઉરમાં જાણું હું તો એટલું રે. ૨
વાત કરે એમ ભાઈ ભોજાઈ,
ત્યાં તો સમાચાર આવિયારે;
ભાણેજા સાથે બેની પધાર્યા,
બનેવી સહુને તેડી લાવિયા રે. ૩
કનકકળશ રથ ઉપર ઝળકયા,
ઘુઘરમાળ ઘમકે ઘણીરે,
ત્યાં તો બનેવીના હણહણે ઘોડા,
પડધી વાગે ઘોડલાતણી રે. ૪
હળીં મળીં હરખ્યાં અન્યોઅન્ય અતિશે,
મામીએ લીધાં ભાણેજ મીઠડાં રે;
ઉમંગે મળવાને પાડોશી આવ્યાં,
બેનીને બહુ દહાડે દીઠડાં રે. ૫
ભાવથી સાળો બનેવીને ભેટયા,
સુખના સમાચાર પૂછિયા રે;
ખાંતથી ભાણેજને લઈ ખોળે,
લૂગડે ગાલ બે લુછિયા રે. ૬
કનકરાણે વળી બેનને કહિયું,
આપ ભલે બેન આવિયાં રે;
આજ મારાં ઘર ઉજળાં દેખું,
સારા સગાએ શોભાવિયાં રે. ૭
ભોજાઈ નણદલને પગે પડિયાં,
કહે નણદી સુખ પામજો રે;
દેખી આશીષ દીધી દલપતરામે,
જગતમાં જશ બહુ જામજો રે. ૮

ગીત ૨૨ મું.

વડી પાપડ કરતાં ગાવાનું ગીત ચોથું.

ચીતારા બેસાર્યાનું ગીત.

"સાહી રે કાંઇ ચોખા રે કંકુવરણા." એ રાગ.

ચીતરવા ઘર ચીતારા બેસારિયા,
ચાતરેછે કાંઇ સુંદર ચિત્ર વિચિત્ર રે,
ચતુર ચીતારારે ચીતર ચીતરે;
એમાં રે જાણે આપો આપ પધારિયા,
રાજા રે કાંઇ રાણું પુણ્ય પવિત્ર રે, ચતુર. ૧
ચાતરી છે કયાંઈ ચોરી બહુ ચતુરાઈથી;
ચીતર્યાં છે તેમાં વરકન્યાનાં રૂપરે, ચતુર;
ચીતર્યા છે ક્યાંઈ નટના ખેલ નવાઇથી;
નાચે છે જાણે નટ પ્રત્યક્ષ અનુપરે, ચતુર. ૨
ચીતરી છે કયાંઇ સજન સભા સોહામણી;
ગાયક રે કયાંઈ કરતા દીસે ગાન રે, ચતુર;
ચીતરીછે કયાંઈ ફુલની ફુલવાડી ઘણી;
શોભે છે સુરપુરના બાગ સમાન રે, ચતુર. ૩
ચીતરી છે કયાંઈ સેના સામા સામિયે;
સજતી રે જાણે હોય રણ સંગ્રામ રે, ચતુર;
જોઇયે તો કયાંઈ મલ્લ અખાડો જામિયે;
ઠાઠ રે રૂડો દીસે ઠામો ઠામ રે, ચતુર. ૪
કયાંઈ તો ચીતરિયા માણસ ચીનનાં;
ક્યાંઈ તો અરબસ્તાની ઈરાની રે, ચતુર;
જોયાં ક્યાંઈ યૂરોપની જમીનમાં;
ક્યાંઈ તો તાતારી તુર્કસ્તાની રે, ચતુર. ૫
કયાંઇ તો અગ્નિરથ નૌતમ નિરખ્યા;
ક્યાંઈ તો અતિ ઉત્તમ આગબોટો રે, ચતુર;
ક્યાંઈ તો પરદેશી પશુ પક્ષી લખ્યા;
ક્યાંઈ તો મગર ચીતરિયો મોટો રે, ચતુર. ૬
કયાંઈ તો નામાંકિત કિલ્લો ચીતર્યો;
કયાંઈ તો મુંબાઇનો ટાઉનહૉલ રે, ચતુર;
ક્યાંઈ તો નામાંકિત પર્વત ત્યાં કર્યો;
ક્યાંઈ તો વળી તાજમેહેલનો તાલ રે, ચતુર. ૭
જુદા રે બહુ વિધના ખેલ બનાવિયા;
કીધું રે બહુ જોવા જેવું કામ રે, ચતુર;
તેમાં રે વળી રુડા રંગ પુરાવિયા;
દેખી રે દીલ રીઝે દલપતરામ રે. ચતુર. ૮

ગીત ૨૩ મું.

વડી પાપડ કરતાં ગાવાનું ગીત પાંચમું.

જુદાં જુદાં કામ સોંપવા વિષે.

"સોનાના સ્થંભ હીરે જડયા રે." એ રાગ.

કહ્યું કનકાવતી નારીએ રે; પ્યારીએ ઉર ધરી પ્યાર.
ઘેર સજન મેળાવડો રે;
જેને જે યોગ્ય વિચારિયે રે; ધારિયે એ અધિકાર, ઘેર.૧

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ધનપાળ ધન જોઇએ જેટલું રે; તેટલું ખરચે તમામ, ઘેર;
કોન જાણે વધું કેટલુંરે; એટલું એ કરે કામ, ઘેર. ૨
ગુલાબવહુરસોઇનીરીતથી રે;તીતરથી ચતુર વિશેષ,ઘેર;
પકવાન તેને સોંપો પ્રીતથી રે; હેતથી પીરસે હમેશ,ઘેર.૩
મામા નહારસિંહ આવશેરે; લાવશે જોઈતું તમામ;ઘેર.
તેનો હિસાબ રખાવશેરે; ફાવશે તેને તે કામ, ઘેર. ૪
મામીમાણકવહુપધારશેરે; ચારસેં સખીં સાથે તેહ,ઘેર.
લાડીને શણગારશે રે; ધારશે એટલું એહ. ઘેર. ૫
ફઇઇંગાબામાંડવ માલશેરે; આલશેસૈયરોને પાન,ઘેર;
માનકોરબાઇનો[1]હુકમચાલશેરેવાળશેભૂલેતેનુંભાન,ઘેર.૬
કાકા કમળશી રખાવશે રે; આવશે તેની સંભાળ, ઘેર;
જેસંગ[2]જમાઈજિનનેરીઝાવશેરેગાવશેનાચીતૈતાળ,ઘેર.૭
તમનેસહુસભાઅભિલાખશેરે;ભાખશેસજનોસલામ,ઘેર;
વિવાંનીવિગતલખીરાખશેરે; દાખશે દલપતરામ,ઘેર. ૮

ગીત ૨૪ મું.

કંકોતરીઓલખતી[3]વખતે ગાવાનું ગીતપહેલું.

સગાં વહાલાંને તેડાવવાનું ગીત.
"શુકન જોઇને સાંચરજો રે" એ રાગ.

સાતસેં સાંઢણિયો શણગારોરે,
નીરો તેને નાગરવેલનો ચારો રે;
કાગળ કંકોતરીના લખાવો રે,
સોનેરી વરખથી તે શોભાવો રે. ૧
સ્નેહી સગાંને તેડવા કાજ રે,
એક એક સાંઢણિ મોકલો આજ રે,
પ્હેલી તો સાંઢણિ પાટણ જાય રે,
બેન ગંગાબાને તેડાં કરાય રે. ૨
બેની તો પગરણમાં પ્હેલાં જોઇએ રે,
બેનીનું કામ ન સરે બીજા કોઇએરે,
બીજી તો મોકલો મુંબઈ ગામ રે,
ફઇબા જમનાંબાને તેડાવા કામ રે. ૩
ત્રીજી સાંઢણુલી કરી તૈયાર રે,
મોકલો મથુરાં નગર મોઝાર રે;
કાકા કમળસેનને તેડી આવે રે,
કાકા આવીને કુટુંબ શોભાવે રે. ૪
ચોથી સાંઢણુલી ચતુર સુજાણ રે,
મોકલો સુરત શહેર પ્રમાણ રે;
મામા નહારસિંહજી ત્યાં સોહાવે રે,
મામો મોસાળાં લઇ આવે રે; ૫
પાંચમી સાંઢણુલી પચરંગી રે,
જાય ઉદેપુરમાં તે ઉમંગી રે;
માસી મોંઘીબાને તેડવા માટે રે,
વેગથી મોકલો વેગળી વાટે રે. ૬
સકુટુંબ સહુને તેડી આવે રે,
સહુ આવી માંડવડો શોભાવે રે;
યાદ લખો બેસી આ ઠામ રે,
સ્નેહી સગાંનું ન ભૂલશો નામ રે. ૭
સ્નેહથી સર્વેને તેડાવો રે,
આજ આવ્યો ઉત્તમ અવસર આવો રે;
ગોર ગોરાણી તેડાવો આ ઠામ રે,
દ્વિજવર જોશે દલપતરામ રે. ૮

ગીત ૨૫ મું.

કંકોતરીઓ લખતી વખતે ગાવાનું ગીત બીજું.

મામાને કંકોતરી લખવાનું ગીત.[1]
"હું તો ઉચી ચડું રે ઊંચેરડીરે." એ રાગ.

કંકુ છાંટી કંકોતરી મોકલેરે, કોડે કાંવે કનકાલતી બેનરે,
વીરાજી પગરણે વ્હેલા પધારજો રે.
સારૂં સુરત નામે શેહેર છે રે;
જ્યાં છે સરવે સદા સુખ ચેન રે, વી૦ ૧
વીરા છો તમે ચતુર શીરોમણિ રે;
વળી ચૌદ વિદ્યા ગુણ જાણ રે, વી૦
કળા ચોસઠ પૂર્ણ પ્રવીણ છો રે;
કુળ દીપક કુળના ભાણ રે, વી૦ ૨
વીરા છો તમે પ્રૌઢ પરાક્રમી રે;
વળી ધર્મ ધુરંધર ધીર રે, વીરાજી;
દુખ ભંજન દીલના ઉદાર છો રે;
છોજી ગુણ સાગર ગંભીરરે, વી૦ ૩

---

૧ કનકારાણીની મા. ૨ ગંગાબાઇનો વર,
૩ કંકોતરીઓ લખતી વખતે ગાવાનાં ત્રણ ગીત છે તે ઘટતો ફેરફાર કરીને વર તથા કન્યા બેઉને ઘેર ગાઈ શકાય તેવાં છે.

૧ કન્યા અને વરના બાપે તેને કંકોતરી લખ્યા છતાં તેમની મા પોતાની તરફથી બીજી કંકોતરી લખી મોકલતી હોય એ મતલબનું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપમા શુભ સર્વે સંભવે રે;
નહારસિંહજી નિર્મળ નામ રે, વી૦
માડીજાયા આશીષ મારી વાંચજો રે;
ઘણું જીવો કરો રૂડાં કામ રે, વી૦ ૪
મારે ઘેર મેં પગરણ માંડિયાં રે;
લીધાં લાડકડીનાં લગન રે; વી૦
દીન ચોખો ચૈત્ર વદી ચોથનો રે;
ચંદ્રવાર રૂડો ધન્ય ધન્ય રે, વી૦ ૫
જાન રતનપુર થકી આવશે રે;[1]
જાણો વેવાઈ જગતસિંહ નામ રે, વી૦
સગાં વ્હાલાં સરવને તેડાવિયાં રે;
તે તો આવશે જરૂર તમામ રે, વી૦ ૬
વીરા વ્હેલા અગાઉથી આવજો રે;
સર્વ કુટુંબને લાવજો સંગરે, વી૦
તમો આવે દિવસ દેખું ઉજળો રે,
તમો આવે રૂડો રંગે રંગરે, વી૦ ૭
હું તો રાત દિવસ રહું ઝંખતી રે;
ક્યારે દેખું માડીજાયાનું મુખરે, વી૦
તમે દલપતરામના દોસ્ત છો રે;
આવે સોગણું ઉપજશે સુખરે, વી૦ ૮

ગીત ૨૬ મું.

કંકોતરીઓ લખતી વખતે ગાવાનું ગીત ત્રીજું.

મેમાનોને વાસ્તે બંદોબસ્ત કરવાનું ગીત.

"માંડવામાં કોણ કોણ સાજન બેઠા રે." એ રાગ.

રસ્તા વિષે બંદોબસ્ત રખાવો રે,
ઠામો ઠામે ચોકી પેરા મૂકાવો રે:
વાહન સારાં મોકલો સહુના સામાં રે,
તે તો કંઇક દિવસનાં રહ્યાં છે નકામાં રે. ૧
હય રથ હાથી તથા સુખપાલ રે;
મોકલાવો છત્રિયો ને મશાલ રે;
મોકલાવો નોબત ને નિશાન રે,
તેડી લાવે સહુને કરી સનમાન રે. ૨
તે રસ્તામાં મોદીખાનાં મંડાવો રે,
મહેમાનોને જે જોઇએ તે અપાવો રે;
મારગમાં જ્યાં જ્યાં થાય મુકામ રે,
મોકલાવો મેહેતા ઠામો ઠામ રે. ૩
સરવેની રાખે બહુ બરદાસ રે,
આપે સહુને પલંગ સીધાં ને ઘાસ રે;
દહી દુધ સાકર કે ખાંડ જેવી રે,
મહેમાન જે ચીજ માગે તે દેવી રે. ૪
શેહેરમાં તૈયાર રાખો ઉતારા રે,
શોભીતા ત્યાં બિછાવો ગાલીચા સારા રે;
પ્હોંચાડો ત્યાં તો તળાઇઓ પલંગ રે,
તે દેખીને દીલ સહુનાં થાય દંગ રે. ૫
નિરમળ નિર ભરાવી રાખો રે,
મેખાનો ત્યાં ગંજ કરાવો આખોરે;
એક એક ઉતારે મેહેતો એકેક રે,
હાજર રાખો આપવા વસ્તુ હરેક રે. ૬
ગુણિયલ ગાન કળા કરનાર રે,
તે તો સર્વે ઉતારે રાખો તૈયાર રે;
જાનને ઉતરવા મોટા મેલ રે,
રાખો તે તો તૈયાર રૂડા રંગેલ રે. ૭
માંહી બહુ ખુરશિયો મેજ મુકાવો રે,
મખમલનાં ત્યાં તો બિછાનાં બિછાવો રે;
રમવાને બાજીઓ મુકો તે ઠામ રે,
દેખી દીલે રીઝશે દલપતરામ રે. ૮

ગીત ૨૭ મું.

માંડવા[1] મુહુરત વેળા ગાવાનું ગીત પહેલું.

"જનકરાયને રે માંડવે." એ રાગનું દોઢિયું.

મોતીડે છાયો રે માંડવો; જોવા ઉલટયું સૌ શેહેર,
લખમીની લીલા લ્હેર, મોતીડે છાયો રે માંડવો;
ચંદરવા બાંધ્યા ચળકતા; ફરતાં તોરણ ચોફેર,
ઘમકે ઘુઘરીનો ઘેર, મોતીડે છાયો રે માંડવો. ૧
મનહર માણેક થંભ છે; મુકયા બારણા બાર,
મોટા મે'રાબદાર, મોતીડે છાયો રે માંડવો;
મણિમય ભીંતો શોભે ભલી; કીધી કંનકની ગાર,
અદભુત ઓપે અપાર, મોતીડે છાયો રે માંડવો. ૨
રૂડા રંગનાં રમકડાં; હાથી દાંતનાં હોય,
કીધાં કનકનાં કોય, મોતીડે છાયો રે માંડવો;
હાંડી ઝુમ્મર ઝળકતાં; સરસ શોભે છે સોય,
જન વખાણે છે જોય, મોતીડે છાયો રે માંડવો. ૩

---

૧ વરને ઘેર આવશે ને બદલે "વ્યોલશે" ગાવું.

૧ માંડવા મુહુરત વેળા ગાવાનાં છ ગીત છે, તે વર કન્યા બેઉને ઘેર ગાઇ શકાય તેવાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાજાં વિવિધ વિલાયતી; રૂડા ઉદે માંહી રાગ,
અચરજ ઉપજે અથાગ, મોતીડે છાયો રે માંડવો;
સોના રૂપાનાં ઝાડ છે; જાણે સ્વર્ગના બાગ,
આવી ઉતર્યો ભૂભાગ, મોતીડે છાયો રે માંડવો. ૪
વિધવિધ રંગના વાવટા, મંડપ ઉપર માંડેલ,
કંચન કળશ કરેલ, મોતીડે છાયો રે માંડવો;
તોરણ હીરા મોતી તણાં, રૂડી રીતે રચેલ,
ચારે[1] તરફ ધરેલ, મોતીડે છાયો રે માંડવો. ૫
પવન પ્રસારવા પંખવા, જોયા વિધવિધ જાત,
ભભકાદાર માંહી ભાત, મોતીડે છાયો રે માંડવો;
મંડપની રૂડી માંડણી; જોઈ જન વરણવે વાત,
વિશ્વ વિષે થૈ વિખ્યાત, મોતીડે છાયો રે માંડવો. ૬
જોવા જનના જથા મળ્યા, જોઈ હૈડે હરખાય,
ફરી ફરી જોવાને જાય, મોતીડે છાયો રે માંડવો;
મંડપમાં મળી માનની, ગીત મંગળ ગાય,
આનંદ ઓચ્છવ થાય, મોતીડે છાયો રે માંડવો. ૭
જોવા લાયક જુગ્તિનાં; ત્યાં તો દીસે તમામ;
કારીગરીનાં ક્હો કામ, મોતીડે છાયો રે માંડવો;
નિરખી મંડપની માંડણી, ઉરથી આશીષ એ ઠામ,
દે છે દલપતરામ, મોતીડે છાયો રે માંડવો. ૮

ગીત ૨૮ મું.

માંડવા મુહુર્ત વેળા ગાવાનું ગીત બીજું.

સારા કામના મુહુરતનું ગીત.

"સરસ્વતી સ્વામીને વિનવું, ગણપતિ લાગવું પાયરે." એ રાગ.

સરખી સાહેલિયો સહુ મળી, આનંદ અદકેરો આજરે;
સુકૃતની ઘડિયો સુફળ ફળી, આનંદ અદકેરો આજરે;
ઉત્તમ પગરણ આદર્યું, આનંદ.
મંગળકારી મુહુરત કર્યું, આનંદ.
ધન્યદિવસ અને ધન્યઘડી, આનંદ.
જોતાં જાણું નવે નિધ જડી, આનંદ.
સોનાનો સૂરજ ઉદે થયો, આનંદ.
ઉત્તમ દિન આથી કહું કયો ? આનંદ. ૨
મોતીના ચોક પુરાવિયે, આનંદ.
કેળના થંભ રોપાવિયે, આનંદ.
ભાવતાં ભોજન રાંધિયે આનંદ. ૩

[1] માંડવા બહાર.

ધોળ મંગળ ગીત ગાઇએ, આનંદ.
હૈડામાં બહુ હરખાઇએ, આનંદ.
અતર ગુલાબ છંટાવિયે, આનંદ.
પાનનાં બીડાં વ્હેંચાવિયે, આનંદ. ૪
કુટુંબને લખિયે કંકોતરી, આનંદ.
નગરના જન તેડો નોતરી, આનંદ.
નોબતખાનું બેસારિયે, આનંદ.
જય જય કાર ઉચ્ચારિયે, આનંદ. ૫
ભેર ભુંગળ વજડાવિયે, આનંદ.
સુખતણો સિંધુ રેલાવિયે, આનંદ.
દુધડે મેહુલા વરસિયા, આનંદ.
સોનાના ડુંગર દરશિયા, આનંદ. ૬
જાચક જન આવી જાચશે, આનંદ.
નિર્દોષ અપસરા નાચશે, આનંદ.
ગુણી જન ગાયકો ગાવશે, આનંદ.
સારંગી નરઘાં બજાવશે, આનંદ. ૭
ઇશ્વરની આજ મેર છે, આનંદ.
લક્ષ્મીની લીલા લ્હેર છે, આનંદ.
અવસર આવ્યો ઉત્તમ ઘણો, આનંદ.
દેવ રીઝ્યો દલપતતણો, આનંદ. ૮

ગીત ૨૯ મું.

માંડવા મુહુર્ત વેળા ગાવાનું ગીત ત્રીજું.

રૂડા અવસરનું ગીત.

"તારે માંડવે ગાલીચા પથરાવ, ઘેર મોટા વેવાઇઓ આવશે રે." એ રાગ.

આજ દિલમાં ધારો ધન્ય ઘડી ધન્ય દહાડલોરે;
આજ પરમેશ્વરની પૂર્ણ કીરપા દેખાય,
આજ અવસર રૂડો આવીયોરે,
આજ સરવે મનોરથ આપણા સફળ થયા રે;
સખીં આજની ઘડી લાખેણી લેખાય, આજ. ૧
આજ સાજન મહાજન સર્વ મળીને આવશે રે,
સખીં તેમાં આવશે ઉમદા અમીર. આજ.
સખીં શેરીઓ વળાવીને સજ કરો રે,
પછીં ત્યાં છંટાવો શુદ્ધ સુગંધી નીર, આજ. ૨
સખીં દીવડિયા અજવાળી ઘર દીપાવિયે રે,
વળીં મોટા તખતા માંડો પાંતે પાંત, આજ;
સખીં જાજમો ને ગાલીચા પથરાવિયે રે,
સખીં ખુરસિયો મુકાવો રાખી ખાંત, આજ. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સખીઁ હીરે જડેલા થાળ મંગાવો હેમના રે,
તેમાં મુકાવો લવિંગ સોપારી પાન, આજ;
માંહી અત્તરદાની ગુલાબદાની ગોઠવો રે,
સખીઁ સાજનનું કરશું સારૂં સનમાન, આજ. ૪

સખીઁ ફુલ ભરાવો છાજે એવી છાબમાં રે,
માંહીઁ મૂકો તો ગુચ્છ ગુલાબી હાર, આજ;
સખીઁ સગા સંબંધી તેડાં કરીઁ તેડાવિયે રે,
રહે ગુણી ગવૈયા તક ઉપર તૈયાર, આજ. ૫

મળીઁ ગોરી સર્વે ગીત મધુરાં ગાઇએ રે,
જેવો કોયલ કેરો કંઠ રૂડો કે'વાય, આજ;
સખીઁ લાવીને લટકાવો પોપટ પાંજરાં રે,
જેનાં મીઠાં મીઠાં વચન ભલાં વખણાય, આજ. ૬

સખીઁ ઉંચે બાંધો ઉલેચ જાદર ચીરના રે,
ભાતે છંટાવો સુવર્ણ વરણો રંગ, આજ;
સખીઁ આંગણિયે ઓપાવો હાથી ઘોડલા રે,
જેને અવલોકીને ઉર ઉપજે ઉમંગ, આજ. ૭

સદ્‌ગુણી આભૂષણ અંબર રૂડાં ઓપતાં રે,
સખીઁ તેતો અંગે તમે સજે તતખેવ, આજ;
સખીઁ હળી મળીને હેત વિશેષ વધારિયે રે,
દીલ દેખી રીઝે દલપતકેરો દેવ, આજ. ૮

ગીત ૩૦ મું.

માંડવા મુહુરત વેળા ગાવાનું ગીત ચોથું.

સજોડે સાજન મળવાનું ગીત.

"મામેરૂં મોંઘા મૂલનું," એ રાગ.

આજ આનંદે ઓચ્છવ આદર્યાં;
આજ ઘણીઁ ખુશી આપણે ઘેર, સજોડે સાજન મળ્યા;
જોતાં ભાગ્ય ભલાં આજ ઉઘડયાં;
મહા પ્રભુજીએ કરી મોટી મ્હેર, સજોડે. ૧

રાજા સાથે રાણીજી પધારિયાં;
આવ્યાં શેઠાણી શેઠ સંઘાત, સજોડે;
આવ્યાં ગોર ગોરાણી સજોડલે;
દેખી રૂદયે થૈએ રળીઆત, સજોડે. ૨

ભલે ભાઈ ભોજાઇ પધારિયાં;
કાકા સાથે કાકી પણ એમ, સજોડે;
મામા સાથે મામી આવ્યાં મલપતાં;
માસા સાથે માસી પણ તેમ, સજોડે. ૩

શાણાં નણદ આવ્યાં નણદોઈ સાથે;
આવ્યાં જેઠ જેઠાણી જોડ, સજોડે;
દીસે દીયર દેરાણી દીપતાં;
આજ દીવાળીના દીન કોડ, સજોડે. ૪

જેમ પુષ્પની સાથે સુવાસના;
જેમ વીજ સાથે વરસાદ, સજોડે;
જેમ ચંદ્ર સાથે શોભે ચાંદની;
જેમ મીઠાશની સાથે સ્વાદ, સજોડે. ૫

જેમ જ્ઞાનની સાથે ગુણાવળી;
જેમ વિદ્યાની સાથે વિવેક, સજોડે;
જેમ ધર્મની સાથે દયા દીસે;
એવાં એવાં છે ગણતાં અનેક. સજોડે. ૬

જેમ સાગરની સાથે લ્હેર છે;
જેમ વાણી છે અર્થની સાથ, સજોડે;
પરમાર્થ સાથે જેમ કીરતિ;
એમ નારીની સાથે છે નાથ, સજોડે. ૭

આજ શોભ્યું છે આંગણું આપણું;
આજ ધન્ય છે આપણું ધામ, સજોડે;
ઈશ્વર રાખે અખંડ એ જોડલાં;
દે છે આશીષ દલપતરામ, સજોડે. ૯

ગીત ૩૧ મું.

માંડવા મુહુરત વેળા ગાવાનું ગીત પાંચમું.

લાડણા રૂપી ચંપાનું ગીત.

"પેલા વેવાઇના ઝુપડામાં શું જોશો." એ રાગ.

એક ચંપો ઉદય થયો અવનીમાં;
ઉગતાંજ પામ્યો મોટું માનરે, માંડવ ચંપો મોરિયો;
જોતાં નર નારીઓનાં નેણાં ઠરે;
કે'છે સહુ તેને સદ્‌ગુણ વાનરે; માંડવ. ૧

ચંપો ફાલી ફુલી ફેલાયો ઘણો;
વળી પામ્યો છે પૂર્ણ પ્રકાશ રે, માંડવ;
લીધી લોકમાં લાખેણી લાયકી;
જેની પસરી છે જગમાં સુવાસરે, માંડવ. ૨

રાજી થાય દેખી રાણા રાજિયા;
શોભે સુંદર સોનેરી રંગરે, માંડવ;
સહુનાં નેણાં ઠરે ચંપો નિરખતાં;
અતિ અંતરે ઉપજે ઉમંગરે, માંડવ. ૩

સુખકારી શીતળ જેની છાયામાં;
વસી પ્રાણીઓ લેછે વિરામરે, માંડવ;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચંપો કાપેછે કષ્ટ કંઇ લોકનાં;
વળી હરિયો તે હરવાનું હામરે, માંડવ. ૪
ચંપો કુળમાં દીવો કહેવાય છે;
ચંપો સાજનનો સરદારરે, માંડવ;
ચંપો રાજ સભામાં રૂડો દીસે;
સારી સૃષ્ટિ તણો શણગારરે, માંડવ. ૫
એના સદ્‌ગુણને શું વખાણીએ;
જેનું મણિયો થકી મોંઘું મૂલરે, માંડવ;
જેનો સુજશ સંસારમાં સાંભળી;
કરે છે લોક સર્વે કબુલરે, માંડવ. ૬
આખા વિશ્વમાં પસરી સુવાસના;
ધન્ય ધન્ય એનો અવતારરે, માંડવ;
એનું નામ અમર થશે લોકમાં;
સ્નેહે સંભારે સર્વ સંસારરે, માંડવ. ૭
ગાયા ગુણ ગણી ચતુર ચંપાતણા;
ચંપો ચતુર કુંવર[૧] ખરું નામરે, માંડવ;
ચંપો જગમાં જુગો જુગ જીવજો;
દે છે આશીષ દલપતરામરે, માંડવ. ૯

ગીત ૩૨ મું.

માંડવા મુહુરત વેળા ગાવાનું ગીત છઠ્ઠું.

સાજન પધારવા વિષેનું ગીત.

"સુડલો કોયલડીને વિનવેરે." એ રાગ.

સુડલો કોયલડીને વિનવેરે;
કહો કહો કોણે ઉત્તમ આજ,
અને કોને કાજ, મંડપ મોટા માંડિયોરે.
મોટા મોટા જન ત્યાં મળ્યારે;
કોણ કોણ સજન સમાજ,
રાજા અધિરાજ, મંડપ મોટા માંડિયોરે. ૧
કોયલ કહે સુડા સાંભળોરે, કનકાજી છે સરદાર,
તેને દરબાર, મંડપ મોટા માંડિયોરે;
પરણે સાહેબજાદી તેમનીરે, ઇંદ્રપુરીને આકાર,
શોભિત બહુ સાર, મંડપ મોટા માંડિયોરે. ૨
જોવા જેવી જુગતી તણોરે; ઠાઠ બન્યો છે તે ઠામ,
મચી ધુમધામ, મંડપ મોટા માંડિયોરે;
મોટા મોટા જન જે મળ્યારે, કહું તેનાં નિર્મળ નામ,
કરીને પ્રણામ, મંડપ મોટા માંડિયોરે. ૩

૧ કન્યાને ઘેર ગાતાં કન્યાનાભાઇનું નામ આ ઠેકાણે ગાવું.

રાજાધિરાજ મેઘરાજજીરે; [૧]આવિયાં ત્યાં આપોઆપ,
છે પ્રૌઢ પ્રતાપ, મંડપ મોટા માંડિયો;
સાથે પવન[૨]ભાઇ પધારિયારે, જેને દીવાનની છાપ,
પોતે છે નિષ્પાપ, મંડપ મોટા માંડિયોરે. ૩
પ્રવાહ[૩]ભાઇ નગરશેઠિયારે; જળમધ્યે જેની શેઠાઇ;
ઘણી વખણાઇ, મંડપ મોટા માંડિયોરે;
કનકોરાણો સર્વને મળ્યોરે; વળી મળ્યા ધનપાળભાઈ,
સંભારી મિત્રાઇ, મંડપ મોટા માંડિયોરે. ૫
સહુ જન ખુબ ખુશી થયારે; રચના રચેલી રૂપાળી,
નયનથી નીહાળી, મંડપ મોટા માંડિયોરે;
બહુ રૂડાં શોભે છે બારણાંરે, માંડયા છે થંભ પ્રવાળી,
કુંભી રતનાળી, મંડપ મોટા માંડિયોરે. ૬
મોટા મેગળ ઝુલે આંગણેરે, સુંઢે શોભેછે સિંદૂર,
છે મદ ભરપુર, મંડપ મોટા માંડિયોરે;
દંતુશળે ચુડી હેમનીરે, નિરખીને હાથીનું નુર,
હરખ વધે ઉર, મંડપ મોટા માંડિયોરે. ૭
જોવાને જુગતિ મંડપતણી, જન વૃદ્ધ બાળ તમામ,
મળ્યું આખું ગામ, મંડપ મોટા માંડિયોરે;
જોઈ જોઈ બલીહારી જાયછેરે, દીલથકી દલપતરામ,
કરવું એવું કામ, મંડપ મોટા માંડિયોરે. ૮

ગીત ૩૩ મું.

વિવાહની વરધોમાં વરની તરફથી ગાવાનું ગીત પહેલું.

વર લાયક થયા વિષે પહેલું ગીત.

"કન્યા આલી તે મારી રીતની આલી." એ રાગ.

ચતુર કુંવર જે હતો છેક છોટો;
છોટો મટી હવે મોટો રે, થયો લાયક લાડો.
રંગમાં જેવો ગુલાબનો ગોટો;
જનમાં જડે નહિ જોટો રે, થયો લાયક. ૧
ભણતર સરવે શીખ્યો ભલાં ભણવાં;
ગણિત શીખ્યો લેખાં ગણવાંરે, થયો લાયક.

૧ દેશી રાજ્યમાં આ ઠેકાણે પોતાના રાજાનું નામ ગાવું અને અંગ્રેજી રાજ્યમાં એમ ગાવું કે "રાજા ગાયકવાડ ગુણનિધિ રે."

૨ કારભારીનું નામ અને અંગ્રેજી રાજ્યમાં ગાવું હોય તે "સાથે પ્રધાન પધારિયા રે" એમ ગાવું.

૩ ગામના મુખ્ય શેઠનું નામ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હીંમત ધરે રીપુ ફોજને હણવા,
પદમણી કન્યા પરણવા રે, થયો લાયક. ૨
ધનુરવિદ્યા શીખ્યો ધીરજ ધરવા;
પ્રૌઢ પરાક્રમ કરવા રે, થયો લાયક.
ફરી ફરી જાય પ્રવાસમાં ફરવા;
દેશ વિદેશ વિચરવા રે, થયો લાયક. ૩
ઉદ્યમની વાત ઉરમાં ઉતરી;
રમતની રીત વિસારી રે, થયો લાયક.
સેનાપતિનું લીધું પદ ધારી;
ચંચળ ચીતમાં વિચારી રે, થયો લાયક. ૪
કોઇથી જે ન્યાય કરી ન શકાય;
તેવા તે ચૂકવે ન્યાય રે, થયો લાયક.
પ્રવીણ પૂરા પણ પૂછવા જાય;
વિશ્વ વિષે વખણાય રે, થયો લાયક. ૫
વૃદ્ધ સમાન વદે મુખવાણી;
ગંભિરતા ઉર આણી રે; થયો લાયક.
પુત્રી પ્રજાની તે પુત્રી પ્રમાણી;
જુવતી માતા જેવી જાણી રે, થયો લાયક. ૬
પારણામાંથીજ પુત્રને પરખ્યા;
દૈડે જગતસિંગ હરખ્યા રે, થયો લાયક.
સપુત નહિ બીજા કોઇ એના સરખા;
નજરે ઘણા ઘણા નીરખ્યા રે, થયો લાયક. ૭
ચંદ્રકળા જેમ વૃદ્ધિને પામે;
જોત સંપૂરણ જામે રે, થયો લાયક.
ચતુર કુંવર ઠર્યા એમ આ ઠામે,
દીઠા તે દલપતરામે રે, થયો લાયક. ૮

ગીત ૩૪ મું.

વિવાહની વરધીમાં વરની તરફથી ગાવાનું ગીત બીજું.

વર લાયક થયા વિષે બીજું ગીત.

"મોહનજીએ મોકલ્યું રે મોસાળું" એ રાગ.

કુંવર બહુ બળવાન થયો ગુણિયલ ગુણી જનમાંગણાયો;
દીસે ડાહ્યા સૌથકી ડાહ્યો, લાડે લીધી લાયકીરે લાખેણીરે. ૧
ઉંચા જ્ઞાનનો અભ્યાસ રાખે, ચાતુરીનો સરસ રસ ચાખે;
આબરૂ પસરી દેશ આખે, લાડે લીધી. ૨
ઠગી ના શકે ઠગની ઠગાઇ, એના ચીતમાં એવી ચતુરાઇ;
સૌથી સદ્ગુણમાં સરસાઇ, લાડે લીધી. ૩
સારો સંગ સજે ને સજાવે, ભુંડાનો સંગ સ્વપ્ને ન ભાવે
રીત નીતિની રાખે રખાવે, લાડે લીધી. ૪
મોટાં કામ લીધાં નીજ માથે, કરે હુન્નર કળા નિજ હાથે;
બહુ બુદ્ધિ દીધી દીનાનાથે, લાડે લીધી, ૫
ઘોડે ચઢી ઘણું ઘોડું દોડાવે, કોડે કુરંગની પેરે કુદાવે;
અભિમાનીનાં માન મૂકાવે, લાડે લીધી. ૬
વિશ્વમાં કીરતિ વખણાઇ, મેના પોપટ પણ હરખાઈ;
રૂડે રીઝે તેના ગુણ ગાઇ, લાડે લીધી. ૭
થયું નામ મોટું ઠામ ઠામે, દેશો દેશ અને ગામોગામે;
દીલમાં ધર્યું દલપતરામે, લાડે લીધી. ૮

ગીત ૩૫ મું.

વિવાહની વરધીમાં વરની તરફથી ગાવાનું ગીત ત્રીજું.

એક કોયલ અને કન્યાના મેળાપનું ગીત.

"હુંતો ઉંચી ચઢું રે ઉચેરડી, હું તો જોઉંમારાવીરાનીવાટ; જોડાણી માનો જાયો ક્યારે આવશે રે." એ રાગ.

ચંપાં કુંવરીને કોયલડી કહેરે, અને જગસિંહનો,
કુળ શોભી કેસરિયો વ્હાલો લાગે, વર લાડડો રે;
એને પગલે દોલત વધી દેશમાંરે, એને પગલે શેહેર;
રહ્યું શોભી, કેસરીયો વ્હાલો લાગે, વર લાડડોરે. ૧
લાડો લાખેણો બત્રીશ લક્ષણોરે, લાડો માતા ફુલાંદેનો
જાયો, કેસરિયો વ્હાલો લાગે, વર લાડડોરે;
લાડો શરીરનો શૂરવીર છેરે, સદબુદ્ધિમાં સૌથી,
સવાયો કેસરિયો, વ્હાલો લાગે, વર લાડડોરે. ૨
લાડો ખેચરસિંહનો બંધવોરે, લાડો વિમળાબાઇનો
વીર કેસરિયો, વ્હાલો લાગે, વર લાડડો રે;
લાડો દીલનો અધિક ઉદાર છેરે, લાડો ગુણ સાગર
ગંભિર, કેસરિયો, વ્હાલો લાગે, વર લાડડોરે. ૩
લાડો મોજરાજાનો ભાણેજ છેરે, લાડો ભીમસિંહનો
ભત્રીજો, કેસરિયો, વ્હાલો લાગે વર લાડડોરે;
એક સૂરજ તપે છે આકાશમાંરે, લાડો પૃથવીનો
સૂરજ બીજો, કેસરિયો, વ્હાલો લાગે વર લાડડોરે. ૪
લાડો ક્રોડ ટકાનો કમાઉ છે રે, ધારે ઉદ્યમ ઉપર
ધ્યાન, કેસરિયો, વ્હાલો લાગે વર લાડડોરે;
એના દીલમાં દીસે છે દયા ઘણીરે; દેછે દીન જનોને
દાન, કેસરિયો, વ્હાલો લાગે, વર લાડડોરે. ૫
એની કાયાની કાન્તિ હું શી કહુંરે, રતિનાથના જેવું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે રૂપ, કેસરિયો, વ્હાલો લાગે, વર લાડડોરે;
એના તાજનું તેજ ઘણું તપેરે; ભાળી હરખે ભારે
ભારે ભૂપ, કેસરિયો, વ્હાલો લાગે, વર લાડડોરે. ૬
એના અક્ષર છે અતિ ઓપતારે, એની વિદ્યાનાં
થાય વખાણ, કેસરિયો, વ્હાલો લાગે, વર લાડડો;
રચી જાણે રૂડાં રૂડાં પુસ્તકોરે; એનું લાયક સરસ
લખાણ, કેસરિયો, વ્હાલો લાગે, વર લાડડોરે. ૭
એને ગાનકળા ગુણ આવડેરે; વળી વાદ્યકળા તો
વિશેષ, કેસરિયો, વ્હાલો લાગે વર લાડડોરે;
એતો ક્રોધ કદાપિ કરે નહીંરે; એનો હસતો ચે'રો
છે હમેશ, કેસરિયો, વ્હાલો લાગે વર લાડડોરે. ૮
એનું બાળપણું ગયું ઉતરીરે; એને અંગે જુવાની
જણાઈ, કેસરિયો, વ્હાલો લાગે, વર લાડડોરે;
લાડો બોલે ત્યાં મુખથી મોતી ઝરેરે; એની સૌથી
સરસ સરસાઈ, કેસરિયો, વ્હાલો લાગે વર લાડડોરે. ૯
ધન્ય ધન્ય કુલાંદે માતનેરે; જેણે જાયા એવા
રૂડા પુત્ર, કેસરિયો, વ્હાલો લાગે વર લાડડોરે;
એના આવ્યાથી અજવાળું થયુંરે; શોભ્યું જગત
સિંહનું ઘરસત્ર, કેસરિયો, વ્હાલો લાગે વરલાડડોરે. ૧૦
ધન્ય ધન્ય રતનપુર શે'રનેરે; એવા નરને નિરખિયે
નિવાસ, કેસરિયો વ્હાલો લાગે, વર લાડડોરે;
લાડડાનું નિરખવાને મુખડુંરે, રવિ ચંદ્ર ભમે છે
આકાશ, કેસરિયો, વ્હાલો લાગે, વર લાડડોરે. ૧૧
એવું કહીને કોયલડી ઉડી ગઈ રે; રહી લાડડી
જીવમાં ઝંખી, કેસરિયો, વ્હાલો લાગે, વર લાડડોરે;
કહે દલપત ચીત ચિંતા કરેરે; આવ્યો એવામાં
પરદેશી પંખી, કેસરિયો, વ્હાલો લાગે વર લાડડોરે. ૧૨

ગીત ૩૬ મું.

વિવાહની વરઘોડામાં વરની તરફથી ગાવાનું ગીત ચોથું.

કન્યા અને એક પંખીના મેળાપ વિષે.

" આણી તેડે ગંગારે, પેલી તેડે જમુનારે. " એ રાગ

રાજનગર ગામરે, કનકસેનને ધામરે,
પરદેશી પંખીડાં સાંચર્યો, લાડણી સાંભળતાં રે,
મનડાને ગમતાં રે, મધુર વચન સુખે ઉચર્યો. ૧
રતનપુર ગામરે, જગતસિંહ નામ રે,
તેના કુંવર છે કોડામણો; જોઈ તેનું રૂપરે,
મોટા મોટા ભૂપરે, વખાણે એવો રૂપાળો ઘણો. ૨

જોઈ એને આજ રે, પરણવા કાજ રે,
અપસરા પણ ઇચ્છા બહુ કરે, ચૌદ વિદ્યામાં રે,
સકળ કળામાં રે, કુંવર પ્રવીણતા બહુ ધરે. ૩
સર્વ પ્રકારરે, સાહ્યબી અપારરે,
પામ્યો છે પ્રભુના પ્રતાપથી, ધર્મ ધરે છે રે,
પુણ્ય કરે છે રે, પોતે બહુ ડરે પાપથી. ૪
પુણ્ય હશે પૂરૂંરે, નહિ હોય અધુરૂંરે,
એની કન્યા એને પરણશે, લક્ષ્મીની લ્હેરરે,
ઘણી તેને ઘેરરે, પરણે તે પૂર્ણ સુખી થશે. ૫
સુણી એવા બોલરે, હરખી અતોલરે,
લાજ તજી બોલી લાડણી, પંખી મારા વીરરે,
પાઉં તને ખીરરે, ગુણ તારા ગાઉં ગણી ગણી. ૬
વીરા તારાં વેણરે, સુણ્યાં સુખ દેણરે,
મારા મનમાં મોહ લાગીયો, જા રતનપુર ગામરે,
કર મારૂં કામ રે, જ્યાં વસે સાહેબો સુહાગિયો. ૭
કે'જે તે ઠામરે, મારા પ્રણામરે,
વળતી તું વાત ઉચારજે, કરજે તું એમ રે,
જીવ મળે જેમ રે, લાડડાનો પ્રેમ વધારજે. ૮
ચતુર ચીતારોરે, મળે કોઇ સારોરે,
છબીલાની છબી મોકલાવજે; જો તું કહીશરે,
તુજને આપીશરે, વીરા વ્હેલો વળી આવજે. ૯
વળી તું કહેજે રે, નામ મારૂં લેજે રે,
મળવાને મનડું ઇચ્છે ઘણું, કાંઈ બાને આવોરે,
મારે મન ભાવો રે, મુખડું નિહાળું હું તમતણું. ૧૦
વદી એવી વાણી રે, અતિ પ્રેમ આણી રે,
વનિતાએ પંખી વળાવિયો, ઉડી આકાશમાંરે;
આવી લાડા પાસરે, શુભ સમાચાર સુણાવિયો. ૧૧
વળી કહ્યું એમરે, સુણો ધરી પ્રેમરે;
આપની છબી એણે માગી છે; જોવા ઇચ્છેછેરે,
દલપત કે'છેરે, લગની એને ઘણી લાગીછે. ૧૨

ગીત ૩૭ મું.

વિવાહની વરઘોડામાં વરની તરફથી ગાવાનું ગીત પાંચમું.

પંખીએ કરેલાં કન્યાનાં વખાણ વિષે.

" માંડવામાં કોણ કોણ સાજન બેઠારે. " એ રાગ.

પરદેશી પંખીડા ભલે આવ્યોરે,
લાડડીનો સંદેશો શુભ લાવ્યોરે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચતુર કુંવરને કહેછે તેહરે,
શુણજો કુંવરજી રાખી સ્નેહરે. ૧

રૂડું રાજનગર છે એક ગામરે,
ત્યાં છે કન્યા ચંપાકુંવરી નામરે;
જેવો ચંદ્ર આકાશમાં બિરાજેરે,
છબી એના મુખડાની એવી છાજેરે. ૨

હરણીનાં નેણાં કહીએ કેવાં રે,
નેણાં કન્યાનાં છે લાખેણાં એવાંરે;
દાડમનાં બીજ સરીખા દાંતરે,
ભાસે નહિ તેમાં તો કાંઇએ ભ્રાંતરે. ૩

કોમળ છે કમળ સરીખા હાથરે,
શાણી ઘણી સખિયો છે તેની સાથરે;
પાતળી છે કેડ સિંહના સરખીરે,
જંઘા તેની કેળ પ્રમાણે પરખીરે. ૪

બાંહે બાંધ્યા બેરખા ને વળી બાજુરે,
શોભે ગોરા ગાલ ઉપર શુભ ત્રાજુરે;
બન્યો તેના દેહનો સરસ બનાવરે,
દેવતણી કુંવરી જેવો દેખાવરે. ૫

કંઠ એનો કોકિલા સરખો કહિયેરે,
શુણી રૂદે રંજન થઇને રહિયેરે;
સ્વાદે જેવું અમૃત હોય સુખ દેણરે,
એવાં મીઠાં છે એના મુખનાં વેણરે. ૬

ચીત વિષે દીસે ઘણી ચતુરાઇરે,
ધન્ય રાણી કનકાવતીએ જાઇરે;
શોભે સતી સીતા સુંદરી સમાનરે,
ગાઈ જાણે સદ્ગુણનાં ગાનતાનરે. ૭

ચાલે ત્યાં તો કંકુનાં પગલાં પડે છેરે,
બોલે ત્યાં તો મુખથી મોતી ઝરે છેરે;
નવરો હશે ઘડવાને જગ ઘડનારરે,
ત્યારે એનો ઘડયો હશે આકારરે. ૮

ભણતર તે તો ભણી છે ભલીભાતરે,
શોભે જાણે સરસ્વતી સાક્ષાતરે;
નિશ્ચે પુણ્ય પૂરાં હશે જે નરનાંરે,
જેણે ચરણ સેવ્યાં હશે ઇશ્વરનાંરે. ૯

દિલમાં જેને રીઝયા હશે દીનનાથરે,
તેને હાથે મળશે તે કન્યાનો હાથરે;
દીઠી છે મેં કન્યાઓ દેવી જેવીરે,
એકે નથી દીઠી ઉત્તમ એવીરે. ૧૦

કેંતાં તો વધારે શું કેહેવાયરે,
કોઇ થકી વરણન કરી ન શકાયરે;
દીઠી હોય જો કોઈ ચતુર ચીતારેરે,
તો તે એની છબી તે કંઇક ઉતારેરે. ૧૧

એમ કહી પંખી ગયો રજા માગીરે,
લાડકાના મનમાં મોહની લાગીરે;
કરતાં ન સૂઝે કાંઇએ કામરે,
દેખી મુખે કહે છે દલપતરામરે. ૧૨

ગીત ૩૮ મું.

વિવાહની વરશોમાં વરની તરફથી ગાવાનું ગીત છઠું.

ચીતારાને રાજનગર મોકલવા વિષે.
"લાડી લાડકાને છાના કાગળ મોકલે" એ રાગ.

લાડો ચતુર ચીતારાને વિનવે; જો તું આજ રાજનગર જાય, ચતુર ચીતારા તને વિનવું;
રાણો કનકસેન વસે છે તહાં; તેને ઘેર છે કુંવારી કન્યાય, ચતુર ચીતારા તને વિનવું. ૧

એનું રૂપ છે કેવું રળિયામણું; એની લાખેણી છબી લખી લાવ, ચતુર ચીતારા તને વિનવું;
કેવી ભણેલી ગણેલી કેવી ડાહી છે, તે તપાસીને તું અહીં વ્હેલો આવ, ચતુર ચીતારા તને વિનવું. ૨

મારી છબી તને આપું તે તું લઇ જજે; પત્ર લખી મોકલીશ તુજ સાથ, ચતુર ચીતારા તને વિનવું;
તે તું છબીલીને છાની રીતે આપજે; મારા હાથનો લખેલો હાથો હાથ, ચતુર ચીતારા તને વિનવું. ૩

લખી આપે તો કાગળ લેતો આવજે; સારા સુખના લૈ આવે સમાચાર, ચતુર ચીતારા તને વિનવું;
તે તો છાની રીતે મને સમજાવજે; જેમ કોઇએ ન જાણે નર નાર, ચતુર ચીતારા તને વિનવું; ૪

આવી શકે તેમ ઉતાવળો આવજે; વધુ દિવસ વિલંબ ન કરીશ, ચતુર ચીતારા તને વિનવું;
તારે માટે તરસશે મન માહરૂં; વારોવાર તારી વાટ જોઇશ, ચતુર ચીતારા તને વિનવું. ૫

એક આવ્યો હતો પરદેશી પંખીડો; તેણે વિવિધ કર્યાં તેનાં વખાણ, ચતુર ચીતારા તને વિનવું;
માટે એની છબી જોવાની ઇચ્છા થઈ; જોજે સુંદરી તે કેવી છે સુજાણ, ચતુર ચીતારા તને વિનવું. ૬

કેવી ધર્મ ઉપર તેની ધાંખના, કેવા કર્મ ઉપર તેને કોડ, ચતુર ચીતારા તને વિનવું;

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

કેવી સાહેલિયો છે તેના સાથમાં; કંઈ છે નથી એમાં કાંઇ ખામી ખોડ, ચતુર ચીતારા તને વિનવું. ૭
આજ અહીંથી તું સાંચર ઉતાવળો; ભાળી આવ એની કેવી રીતભાત, ચતુર ચીતારા તને વિનવું;
એના ઠહાપણની એના રૂપ રંગની, મને કંજે યથાર્થ વાત, ચતુર ચીતારા તને વિનવું. ૮
ઘણી વિધે તને કહું શું ઘણું ઘણું; થોડું કહે ઘણું જાણજે જરૂર, ચતુર ચીતારા તને વિનવું;
એના જેવા હોય તેવા ગુણ જાણવા, અતિ આતુરતા વધી મારે ઉર, ચતુર ચીતારા તને વિનવું. ૯
પાંચ લોકને અજાણ્યો થઇ પૂછજે; કેવી વસ્તીમાં ચાલે છે તેની વાત, ચતુર ચીતારા તને વિનવું;
શાણો થઇને તું સરવ પ્રકારથી, ભેદ જાણી લેજે ભલી રીતે ભાત, ચતુર ચીતારા તને વિનવું. ૧૦
બાળપણાનો તું મારો બાળમિત્ર છે; વસ્યો મારે મન તારો વિશવાસ, ચતુર ચીતારા તને વિનવું;
માટે આજ મારૂં કામ કર એટલું; મારા અંતરની પૂરી કર આશ, ચતુર ચીતારા તને વિનવું. ૧૧
ખરા મિત્રની પરીક્ષા તો ત્યારે પડે; જ્યારે કંઇપણ પડે તેનું કામ, ચતુર ચીતારા તને વિનવું;
ઘણા સ્વારથિયા મિત્ર તો સંસારમાં, દીસે દુનિયામાં દલપતરામ, ચતુર ચીતારા તને વિનવું. ૧૨

ગીત ૩૯ મું.

વિવાહની વરઘોડામાં વરની તરફથી ગાવાનું ગીત સાતમું.

લાડે ચીતારા સાથે મોકલેલા કાગળનું ગીત.

"કંકુ છાંટી કંકોતરી મોકલે" એ રાગ.

સ્વસ્તિ શ્રી રાજનગર વિષે વસો; નામ ચંપા છો ચતુર સુજાણ, લાયક ગુણ લાડણી;
જાણો ચૌદ વિદ્યા ને ચોસઠ કળા; થાય વિશ્વમાં વિવિધ વખાણ, લાયક ગુણ લાડણી. ૧
સ્નેહસાગર સદ્‌ગુણવંત છો; સત્યવાદી શિરોમણિ મિત્ર, લાયક ગુણ લાડણી;
રાણા કનકસિંને કુળ અવતર્યાં; પુણ્યશાળી છો પરમ પવિત્ર, લાયક ગુણ લાડણી. ૨
લખું પત્ર રૂડા રત્નપુરથકી, ઈચ્છું આપનો સ્નેહ સદામ, લાયક ગુણ લાડણી;
મારૂં નામ ચતુરસિંહ જાણજો, પિતા જાણો જગતસિંહરાય, લાયક ગુણ લાડણી. ૩
તમને કરૂણાનિધિ કરૂણા કરે; રાખે સુખમાં સદા જગદીશ, લાયક ગુણ લાડણી;
સારી બુદ્ધિ આપો તમને શ્રીપ્રભુ; એવી વાંચો અમારી આશીષ, લાયક ગુણ લાડણી. ૪
પરમેશ્વર કેરા પ્રતાપથી; અહીં સરવે છે કુશળ ક્ષેમ, લાયક ગુણ લાડણી;
એક પરદેશી પંખીડો આવિયો; એણે વરણવ્યો આપનો પ્રેમ, લાયક ગુણ લાડણી. ૫
એથી અમને અધિક પ્રેમ ઉપજ્યો; તે તો લખતાં લખી ન શકાય, લાયક ગુણ લાડણી;
તમને મળવાને મન મારૂં ટળવળે; દિવસ જામની જંપ ન થાય, લાયક ગુણ લાડણી. ૬
ઝાઝી સ્નેહની વાત તે શી લખું, ગોરાંદે તમે છો ગુણજાણ, લાયક ગુણ લાડણી;
શુભ સંદેશો આપના સાંભળી, પડ્યો પ્રેમમાં પરવશ પ્રાણ, લાયક ગુણ લાડણી. ૭
મારા મિત્ર ચીતારાને મોકલ્યો; કંઈ મુખથી તે માનજો વાત, લાયક ગુણ લાડણી;
કહે દલપતરામ એવું લખી; લખ્યા સમશ્યાના દોહરા સાત, લાયક ગુણ લાડણી. ૮

ગીત ૪૦ મું.

વિવાહની વરઘોડામાં વરની તરફથી ગાવાનું ગીત આઠમું.

ચતુર કુંવરે લખેલી સમસ્યાઓના દોહરાનું ગીત.

"સીતા એકારે માળિયે." એ રાગ.

લાડણો લખે લાડણી, બહુ વાંચી શું લખાય !
અક્ષર એક વચ્ચે પડે, કંઇ નદી કેવાય !
સમસ્યા સુગમ છે સમજજો. ૧
પ્રાણી ઉત્તમ તે કયો, સૌ પ્રાણી શીર રાય;
અક્ષર એક વચ્ચે પડે, શહેર કયું કહેવાય. સમ. ૨
નકલ કોઇપણ ગ્રંથની, નામે શું ઉચરાય !
અક્ષર એક વચ્ચે પડે, કાળ કિયો કેવાય. સમ. ૩
સંખ્યા વદતાં વેદની, શું અક્ષરે લખાય,
અક્ષર એક વચ્ચે પડે, કિયું મનુષ્ય કેવાય ! સમ. ૪
શસ્ત્ર ધારી સંગ્રામમાં, જશ લેવા કોણ જાય !
અક્ષર એક વચ્ચે પડે, વાર કિયો કેવાય ! સમ. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દુધ ઉકાળીએ તે, કહો શું તત્વ કહાય!
અક્ષર એક વચ્ચે પડે, દેશ કિયો કે'વાય! સમ. ૬
બા'રી રાજમેહેલની, શે નામે વખણાય!
અક્ષર એક વચ્ચે પડે, કિયો જોગી કે'વાય! સમ. ૭
બબ્બે અક્ષરી સાત છે, ત્રણ ત્રણ અક્ષરી સાત;
એમ ઉત્તર દલપત કહે, લખી પૂછ્યા ભલી ભાત. સમ. ૮

ગીત ૪૧ મું.

વિવાહની વરઘોમાં વરની તરફથી ગાવાનું ગીત નવમું.

ચીતારો રાજનગર ગયો તેનું ગીત.

"સુરતનારે સુલતાન, પાટણના પરધાન, ઓરશિયો ઘડી લાવરે આરસપ્હાણનો રે." એ રાગ.

રાજનગર જનારો રે, ગયો ચતુર ચીતારો રે,
જઈ કીધો ઉતારો, રાયના બાગમાં રે;
શેહેરમાં સાંચરિયો રે, ઉમંગનો ભરિયો રે;
ફાવે તેમ ફરિયો, ઝાઝા ભાગમાં રે. ૧
ઘણાં મનુષ્યને મળિયો રે, કોઇએ નવ કળિયો રે,
બહુ બુદ્ધિનો બળિયો, વિવેકી વળીયોરે;
પૂછી વાતો છાની રે, સમજ્યો સોજે આની રે,
બહુ મુખે કન્યાની, કીરત સાંભળી રે. ૨
જ્યાં કન્યાનું સ્થાન રે, ગયો તે ગુણવાન રે,
ઉઠી આદરમાન, એને આપિયું રે;
કાગળ છબી સંગ રે, આપ્યો ધરી ઉમંગ રે,
વધતું અંગો અંગ હેત વ્યાપિયું રે. ૩
તેં કન્યાની ત્યારે રે, ચતુર ચીતારે રે, છબી છાપી સારે જંત્રે જોઇને રે,
દીઠું રૂપ જેવું રે, રંગે રંગ્યું તેવું રે, આવડે તે એવું બીજા કોઇને રે. ૪
જેણે પૂછી વાત રે, કહી ભલી ભાતરે,
શારદા સાક્ષાત એજ છે રે;
સાંભળ્યું'તું જેવું રે, અદ્ભુત ડહાપણ એવું રે,
તે કન્યાનું તેવું, તનનું તેજ છે રે. ૫
સદ્ગુણવાળી શાણી રે, સુખમાં મધુરી વાણી રે,
વસ્તુએ વખાણી, એવી દીઠડી રે;
સ્વભાવમાં સારી રે, ધર્મ ધરનારી રે;
છે કન્યા કુંવારી, મુખની મીઠડી રે. ૬
પત્ર ફ્રેમાં આપ્યો રે, પ્રેમ વિશેષે વ્યાપ્યો રે,
ઉત્તર લખી આપ્યો, એણે એહનો રે;
મુખે સમાચાર રે, કા'વ્યા વાર'વાર રે,
તેમાં સર્વે સાર, જણાવ્યો સ્નેહનો રે. ૭
આપી ઇનામ રે, કરીને પ્રણામ રે,
રતનપુર ગામ ભણી વળાવિયો રે;
દાખે દલપતરામ રે, કરી પોતાનું કામ રે,
ચતુર વરને ધામ, ચીતારો આવિયો રે. ૮

ગીત ૪૨ મું.

વિવાહની વરઘોમાં વરની તરફથી ગાવાનું ગીત દસમું.

ચીતારા સાથે ચંપાકુંવરીએ લખેલા પત્રનું ગીત.

"ભમરો ઉડે રંગ મો'લમાં રે." એ રાગ.

રૂડું રતનપુર શેહેર છેરે; જ્યાં વસો ચતુર સુજાણ, સુગુણવાન સાયબારે;
સર્વોપમાજોગ્ય ભવેરે; મન ગંભીર મહેરાણ, સુગુણવાન.૧
સર્વ કળા સંપન્ન છોરે; ધર્મ ધુરંધર ધીર, સુગુણવાન;
ડહાપણના દરિયાવછોરે; શુરવીરના શુરવીર, સુગુણવાન.૨
રાજનગરથી હું લખું રે; ચંપાકુંવરી મુજનામ, સુગુણવાન,
વ્હાલા વાર'વાર વાંચજોરે; પ્રેમથી મારા પ્રણામ. સુગુણ.૩
પત્ર આપે લખ્યો પ્રેમનોરે; વાંચીને કીધો વિચાર, સુગુણ.
સ્નેહનો સાગર ઉલટ્યોરે; અંતર માંહે અપાર, સુગુણ. ૪
મળવાને મન લલચાયછેરે; મળીને ક્યારે દેખું મુખ, સુગુણ.
ઇશ્વર આશા પૂરશેરે; દીલડાનાં ટળશે દુઃખ, સુગુણવાન.૫
મિત્ર તમે છબી મોકલીરે; ચતુર ચિતારાની સાથ; સુગુણ.
આપના મિત્રે એ છબીરે; આપી મને હાથોહાથ, સુગુણ.૬
દેખતાં દીલ મારૂં ઠર્યુંરે; નેણ જોઈ હરીયાં નેણ, સુગુણવાન,
ક્યારે હવે મળશો મનેરે; દીલ દરિયા સુખ દેણ, સુગુણ.૭
સમશ્યાના અર્થ સીધા લખું રે; તે વાંચી લેજોતમામ; સુગુણ.
એમ લખી પત્ર મોકલ્યોરે; કહેદ્વિજ દલપતરામ, સુગુણ.૮

ગીત ૪૩ મું.

વિવાહની વરઘોમાં વરની તરફથી ગાવાનું ગીત અગિયારમું.

ચંપાકુંવરીએ સમશ્યાના ઉત્તર લખ્યા તેનું ગીત.

"રઘુનાથજીની ઘોડલી" એ રાગ.

વા'લમજી બહુ વાંચીને રે, રૂદયે સાર રખાય;
અક્ષર એક વચ્ચે વસે રે, એતો સાભર નદી કહેવાય;
શાણા છોજી સમજશો. ૧

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નર ઉત્તમ છે પ્રાણીંમાં રે, સૌ પ્રાણી શીર રાય;
અક્ષર એક વચ્ચે વસે રે, એતો શેહેર **નગર** કે'વાય.શા.૨
નક્કલ કોઇપણ ગ્રંથનીરે, નામે **પ્રત** ઉચરાય;
અક્ષર એક વચ્ચે વસેરે,એતોકાળ **પ્રભાત** કે'વાય. શા.૩
સાહેબ સંખ્યા વેદનીરે, લખતાં **ચાર** લખાય;
અક્ષર એક વચ્ચે વસેરે,એતો **ચાકર** જનકેહેવાય. શા.૪
શસ્ત્રધારી સંગ્રામમાં રે, જશ લેવા **શુર** જાય;
અક્ષર એક વચ્ચે વસેરે, એતો વારશુકર કે'વાય. શા. ૫
દુધ ઉકાળીએ તે રે, **માવો** તત્વ કદાય;
અક્ષર એક વચ્ચે વસેરે,એતો **માળવો** દેશ મનાય.શા.૬
બા'રી રાજ મેહેલની રે, નામે **ગોખ** વખણાય;
અક્ષર એક વચ્ચે વસેરે,એતો **ગોરખ** જોગીગણાય.શા.૭
લાડણીએ લાડાતણી રે, સમસ્યાઓ વાંચી જેમ;
દીલસમજીદલપતરામકહેરે,એનાઉત્તરલખિયાએમ. શા.૮

ગીત ૪૪ મું.

વિવાહની વરઘોમાં વરની તરફથી ગાવાનું ગીત બારમું.

ચીતારે કરેલાં કન્યાનાં વખાણનું ગીત.

"રઘુનાથજીની ઘોડલી." એ રાગ.

લાડીએ લખી કાગળ મોકલ્યો રે, ચતુર ચીતારા સાથ;
પત્ર ને છબીલીની છબીરે,આવી હેતે આપી હાથો હાથ,
લાડકડાને રઢ લાગી. ૧
છબી જોતાં છબીલીતણી રે, પૂરણ ઉપજ્યો પ્રેમ;
આનંદઉભરાયોઅતિરે, શશીઉગતાં સાગરજેમ, લાડ. ૨
વાંચીને પત્ર વિચારતાં રે, અંગે વાધ્યો ઉછરંગ;
રંગાયુંમનપ્રેમરંગમાંરે,એનીઅસર થઇઅંગોઅંગ,લા.૩
ચીતારે પણ ચતુરાતણાં રે, વિધવિધ કીધાં વખાણ;
જેવી રૂપાળી સરવોપરીરે, તેવીસરવોપરીછેસુજાણ,લા.૪
ચિત્રમાં ગુણ ચીતરાય નહિ રે, ચિત્રમાં રૂપ ચીતરાય,
અગણિતસદગુણએહનારે,કે'તાં કથનથીશું કે'વાય, લા.૫
ચંદ્ર સૂરજ કોઈ ચીતરે રે, હોય ચીતારો હુંશિયાર;
તોપણકાંઈતેના તેજનોરે;આલેખીનશકે તે આકાર,લા.૬
ચિત્ર વિષે ચીતરાય નહિ રે, તેમજ તરૂણીનું તેજ;
કે'નાં કાંઇનકહીશકું રે,એતોજાણેજેજઈજુએએજ, લા.૭
સુંદર એવી સાંભળી નથી રે, કન્યા બીજી કોઇ ઠામ;
વિવેકથીવરણુન કરેરે, દેખેનજરે જે દલપતરામ, લાડક.૮

ગીત ૪૫ મું.

વિવાહની વરઘોમાં વરની તરફથી ગાવાનું ગીત તેરમું.

કન્યાના વખાણ સાંભળી પરણવાની આતુરતા થયાનું ગીત.

"રઘુનાથજીની ઘોડલી." એ રાગ.

કન્યાના સદગુણ સાંભળ્યારે, સાંભળ્યું નિરમળ નૂર;
પ્રેમથી તેની સાથે પરણવારે, અતિ આતુરતા થઈ ઉર,
લેરખડાએ રઢ લીધી. ૧
ભાભી કહે શુણો દિયરજીરે, દીસો છો કેમ ઉદાસ;
મારા સમ મુજને કેહોરે,કેમમુકોછો આજ નિશ્વાસ?લેર.૨
ભેદ રાખ્યો ભાભી આગળેરે, વિસ્તારીને કહી વાત;
વરૂંતો એજ કન્યા વરૂંરે,નહિતો રહીશ કુંવારો જાત.લેર.૩
ભાઈ આગળ વાત ભાખતાં રે, લાગે છે મને લાજ;
કહું તમ આગળ કોડથીરે, કરો જેમ સરેમુજ કાજ.લેર.૪
મોટાં ભાભી તમે મહા મતિરે, છો મુજ માતા સમાન;
શરમ તજી સઘળું કહ્યુંરે, તમે સમજો છો સર્વેનિદાન.લેર.૫
ભાભી તમે મને ભાવથીરે, લાખ લડાવ્યાં છે લાડ;
પણ આ કન્યા પરણાવશોરે,તો હું પૂરણ માનીશ પાડ.લેર.૬
ભાભી કહે શું ભોળા થયારે, નિરખ્યા વિના એનું નૂર;
સાંભળ્યુંસાચું નહિમાનિયેરે,જેનેજોયાવિનાતોજરૂર.લેર.૭
ચતુરકુંવરે પછી ચિંતવ્યું રે, કન્યાને મળું કોઇ ઠાર;
દલપતરામ કહે દીલમાંરે, એવો નિશ્ચે કર્યો નિરધાર.લેર.૮

ગીત ૪૬ મું.

વિવાહની વરઘોમાં વરની તરફથી ગાવાનું ગીત ચૌદમું.

કારતકીના મેળાનું ગીત.

" કુંવર પેંગડે પગ દઈ ચઢિયા." એ રાગ.

જ્યારે કારતકી પુનમ થાય, ભલો વૌઠામાં મેળો ભરાય;
લાખો લોક વિદેશથી આવે,વસ્તુ વિવિધ વેપારની લાવે.૧
લાડે આજ્ઞા માબાપની લીધી,જવા મેળેત્યાંથી કુચ કીધી;
મે'લ્યો જે સમે સોરઠ દેશ, લાડે લીધો વેપારીનો વેષ. ૨
લાડણીને છાની રીતે કા'વ્યું, મેળે આવવાનું ત્યાં ઠરાવ્યું;
લાડે લીધાં જવાહીર જોઈ, જેનું મૂલ ન કરી શકે કોઈ. ૩
ધાર્યું નામ ઝુંઝાશા ઝવેરી, લાડે પાઘડી દીલ્લીનીપ્હેરી:
કીધો મેળામાં જૈને મુકામ, નંખુ દેરા તણાવી તે ઠામ. ૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાડણી નીજ સખિયોની સંગે,આવી મેળામાં અધિકઉમંગે;
ગયા દેવનાં દર્શને આપ, બેનો ત્યાં થયો પ્રથમ મેળાપ. ૫
જોઇ લીધાં જવાહીર સાત, મૂલ પૂછતાં તો પૂછી વાત;
ઇશારતથીઓળખિયાંજયારે,પ્રેમઉપજ્યો અંગોઅંગત્યારે.૬
પુછવાની વાતો પૂછી લીધી, પળમાં તો પરીક્ષા કીધી;
પંખીએ જે કર્યાંતાં વખાણ, દીઠું પ્રત્યક્ષ એજ પ્રમાણ. ૭
મળ્યાં નેણની સાથે નેણ, મળ્યાં વેણની સાથે વેણ;
પેખી પ્રેમ બન્નેનો તે ઠામ, દેછે આશીષ દલપતરામ. ૮

ગીત ૪૭ મું.

વિવાહની વરધોમાં વરની તરફથી ગાવાનું ગીત પંદરમું.

કન્યાએ પૂછેલા એક પ્રશ્નના ઉત્તરનું ગીત.

"વળતીલાડકીને શણગારીરે,પીહી ચોળીને પાટ બેસારીરે." એ રાગ.

વનિતાએ પુછયો પ્રશ્ન એકરે, આપો ઉત્તર સહિતવિવેકરે;
કસુંબાનો જે રંગ ચઢેલોરે, કેમ ઉતરી જાય છે વ્હેલોરે ? ૧
એનો ઉત્તર આપો વિચારીરે, શુણી અંતરે લેશ ઉતારીરે;
કહ્યું સાંભળો ઉત્તર સાચોરે, એતો રંગચઢાવે છે કાચોરે. ૨
ઉતાવળથી જયાં ત્યાં જેમ તેમરે,કાચો રંગચઢાવેછે એમરે;
કેળવી પાકો રંગ કરાયરે, તો તે કદિએ ન ઉતરી જાયરે. ૩
રંગનીસ્થિતિ પાકવા દેવીરે, ન ચઢાવવી જેવીને તેવીરે;
પ્રથમ વસ્ત્રને પાસ [1]બેસારેરે,એટલામાંતે રંગને સુધારેરે.૪
જથા જોગ્ય બન્ને જયારેથાયરે,ત્યારે રંગે તો રંગ ન જાયરે;
તેને પાકો કસુંબો કહેછેરે, વસ્ત્ર રહે ત્યાંસુધી તે રહેછે રે. ૫
ફાટી તુટીને ટુકડા થાય રે, તોય રંગ ફીકો ન જણાયરે;
ઉડી જાય જે રંગનો આંક રે, તેતો રંગરેજનો છે વાંકરે.૬
જેમદૂધને સાકરભળિયાંરે,મન એમ અન્યોઅન્યમળિયાંરે.૭
ત્યાંતોકીધો સખીએ ઉચ્ચારરે, ચાલો થઈ હવે ઝાઝીવારરે;
પછી જુદા પડીને તે ઠામરે, ગયાં પોતપોતાને ગામરે. ૮
નિત્યપ્રણમી માગેપ્રભુ પાસરે,પ્રભુ પુરજો અમારી આશરે;
એવો પ્રેમ પવિત્ર કરાયરે, દેવ દલપતનો રાજી થાયરે. ૯

ગીત ૪૮ મું.

વિવાહની વરધોમાં બન્ને તરફથી ગાવાનું ગીત પહેલું.

વિવાહની વસ્તુઓ મંગાવવા વિષેનું પહેલું ગીત.

"ભમરો ઉડે રંગ મોલમાં રે," એ રાગ.

કનકાવતીરાણીકહેરે,સાહબાસાંભળો વાત,વિવા આવ્યો ઢુંકડો;

[1] પોતને એરંડિયા વગેરેનો પ્રથમ પાસ બેસારે છે.

મેતાઓ પરદેશ મોકલોરે, લાવે ચીજો ભાતભાત, વિવા. ૧
સિંહલદ્વિપના શોભીતારે; ગુણિયલ હાથી ગણાય,વિવા';
એમજ દેશ ઇરાનનારે, ઘોડા ઘણા વખણાય, વિવા'. ૨
ઉંટ તો અર્બસ્તાનનાં રે, વખાણે વર્ણ અઢાર, વિવા';
બળદ વડા વઢિયારના[1]રે, મંગાવો સૈકાં બે ચાર, વિવા'.૩
લંકાથી સોનું લાવિયેરે, મોતી મળે મહેરાણ, વિવા';
ઝરણાપરણાના પ્રાંતમાંરે, ખોદાવો હીરાની ખાણ,વિવા'.૪
પટણી પટોળાં મંગાવિયેરે, અમદાવાદી કીનખાબ, વિવા';
સાડિયો સુરત શેહેરનીરે, બીજાત્યાં સહુ મળેબાબ, વિવા'.૫
પેંઠણી ચંદેરી પાઘડીરે, સંપડાવો કાશ્મીરી શાલ, વિવા';
લાવો પીતાંબર કાશીનારે; ચીનથી ચીનાઇમાલ, વિવા'. ૬
મંગાવો છાયલ માળવીરે, ઝુમણલાં ઝાલાવાડી, વિવા';
કાઠિયાવાડી કાંબિયો રે, મોળિયાં સરસ મેવાડી, વિવા'.૭
ધોતીજોડા નાગપૂરના રે;પુનાના લોટા પ્રખ્યાત વિવા';
વિસનગરના વાડકારે; કહે દલપત ભલીભાત, વિવા'. ૮

ગીત ૪૯ મું.

વિવાહની વરધોમાં બન્ને તરફથી ગાવાનું ગીત ત્રીજું.

વિવાહની વસ્તુઓ મંગાવવા વિષેનું બીજું ગીન.

"સેનાના સ્થંભ હીરે જડયા રે." એ રાગ.

લગન લીધું લાડણીતણું રે; એથી આનંદ છે આજ,
શુણો તમે સાહબા રે;
વિવાંની વસ્તુ વસાવવારે; કોડે કરો શુભ કાજ, શુણો. ૧
જે દેશ જે ચીજ નીપજેરે; ત્યાંજ મળે સારો માલ, શુણો;
આડતિયાની ઊપરે રે; હલકારા મોકલો હાલ, શુણો. ૨
નગરમાં કંકુતો નીપજેરે; ગોવાનાં શ્રીફળ સાર, શુણો;
મેવા મળે મુલતાનમાંરે, દ્રાખ અંજીર અનાર, શુણો. ૩
સેત્રંજીઓ મળે આગરે રે, સુજનિયો વિરમગામ; શુણો;
રૂડી રજાઇઓ ત્યાં મળેરે; તે તો વખાણે તમામ, શુણો. ૪
સુંદર લાવો શિહોરથીરે, ત્રાંસળિયો તણા ગંજ, શુણો;
ધન્ય ધોરાજીના ઢોલિયારે, રંગે રૂડા મનોરંજ, શુણો. ૫
વસ્ત્ર વિલાયતનાં બહુરે, મંગાવો થાનનાં થાન, શુણો;
સુરતી રસોઇઆ તેડાવિયેરે, પાડે ભલાં પકવાન, શુણો. ૬
શાણા સોનીડા બેસારિયેરે, નવલા ઘડાવિયે ઘાટ, શુણો;
મંડપ મોટો રચાવિયેરે; શીલ્પી તેડાવો સલાટ; શુણો. ૭
ચિત્રશાળા ચીતરાવિયેરે, જોઇ રહે બાધું ગામ, શુણો;
દેખી શોભા દીલ રીઝીનેરે, દે દુવા દલપતરામ, શુણો. ૮

[1] રાધનપૂર સ્ટેટમાં છે.

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

ગીત ૫૦ મું.

વિવાહની વરઘોમાં બન્ને તરફની ગાવાનું ગીત ત્રીજું. પ્રભાતિયું પહેલું.

પ્રભાતનું વર્ણન.

"સૂરજ ઉગ્યો રે, કેવડિયાની ફણુશે કે વાંણલાં ભલે વાયાં રે." એ રાગ.

સૂરજ ઉગ્યોરે,સાવસોનાનો આજ,પ્રભાતેરેપ્રભુ ભજિયેરે;
સારાં સરિયાં રે, મન વાંછિત કાજ, પ્રભાતે રે. ૧
જાગ્યાં પક્ષી રે, કરે કેવાં કલ્લોલ, પ્રભાતે રે;
મેના પોપટ રે, મીઠા બોલે છે બોલ, પ્રભાતે રે. ૨
રાત વીતી રે, થયો ઉજળો આકાશ, પ્રભાતે રે;
લીલે તોરણ રે, માંગળિક પ્રકાશ, પ્રભાતે રે. ૩
માંડવામાં રે, થયો અધિક ઉજેશ, પ્રભાતે રે;
પ્રભુ આપેરે, આવો હરખ હમેશ, પ્રભાતે રે. ૪
જુવતીઓરે, જળ ભરવાને જાય, પ્રભાતે રે;
વિવાતીઓ રે, ગીત મંગળ ગાય, પ્રભાતે રે. ૫
જાગ્યા જાગ્યા રે, નગરીતણા લોક, પ્રભાતે રે;
રવી તેજે રે, થયા ચળકતા ચોક, પ્રભાતે રે. ૬
જોઇએ જોઇએ રે, લાડકાતણું મુખ, પ્રભાતે રે;
જેથી ઉપજેરે, સારા દિવસમાં સુખ, પ્રભાતે રે. ૭
કાંઈ કરિયે રે, રૂડાં મંગળ કામ, પ્રભાતે રે;
દીલ રીઝે રે, જેથી દલપતરામ, પ્રભાતે રે. ૮

ગીત ૫૧ મું.

વિવાહની વરઘોમાં બન્ને તરફથી ગાવાનું ગીત ચોથું. પ્રભાતિયું બીજું.

કુકડો બોલવા વિષે.

"કદળી વનનો રે પોપટો." એ રાગ.

વ્હાણું વાતાં કુકડો રાણો બોલિયા; જાગો જાગો જગતના જન, કે કેતકી બાગનો કુકડો;
જાગીને ઉત્તમ કામ આદરો, ભાવે કરો પ્રભુનું ભજન, કે કેતકી બાગનો કુકડો. ૧
મેડીમાંથીકનકરાણો જાગિયા; કનકાવતીતણો ભરથાર, કે કેતકી બાગનો કુકડો;
જાગીને ઈશ્વરને આરાધિયા, દાન દીધાં થઇને દાતાર, કે કેતકી બાગનો કુકડો. ૨
મોલમાંથી ધનપાળભાઇ જાગિયા; વહુરેગુલાબ વહુના કંથ, કે કેતકી બાગનો કુકડો;
પ્રભુની પ્રારથના કર્યા પછી; ગુણવંત વાંચ્યા રૂડા ગ્રંથ, કે કેતકી બાગનો કુકડો. ૩
ઝુંપડામાંથી જગસિંહ વેવાઈ જાગિયા; ચોળવા બેઠા અફીણ કે ભાંગ, કે કેતકી બાગનો કુકડો;
ક્રોધે કરી કુટુંબની ઉપરે, દારો દેવા લાગ્યા લઇને ડાંગ, કે કેતકી બાગનો કુકડો. ૪
છાપરામાંથી એચર વેવાઈ જાગિયા, બાઇરે ચંપાબાઇનો જેઠ, કે કેતકી બાગનો કુકડો;
આળસ મરડીને આંખો ચોળતા; ઝોકાં ખાતા બેઠા બાવળ હેઠ, કે કેતકી બાગનો કુકડો. ૫
ગીત ગાતાં ગુલાબવહુ જાગિયાં; મધુર સ્વર જાણે કોયલ મોર, કે કેતકી બાગનો કુકડો;
બડાઇ કરતાં જીવકોર વેવાણ જાગિયાં; કથન જેનાં અતિશે કઠોર, કે કેતકી બાગનો કુકડો. ૬
માંડવામાંથી ચંપાબાઇ જાગિયાં, પ્રભુ ભજી કરતાં કલ્લોલ, કે કેતકી બાગનો કુકડો;
જાનીવાસે ચતુરજભાઇ જાગિયા; નાચે કુદે કાટલું બટાળ, કે કેતકી બાગનો કુકડો. ૭
સાજન સહુ જાગીને સવારમાં; કરવા માંડે પરમારથ કામ, કે કેતકી બાગનો કુકડો;
અધમ ઉઠે કે વ્યસન આદરે; દેખું એવું દલપતરામ; કે કેતકી બાગનો કુકડો. ૮

ગીત પર મું.

વિવાહની વરઘોમાં બન્ને તરફથી ગાવાનું ગીત પાંચમું. પ્રભાતીયું ત્રીજું.

પ્રભાતમાં ઉઠવા વિષે.

"સૂરજ ઉગ્યોરે, કેવડિયાની ફણુશે કે વાંણલાં, ભલે વાયાંરે." એ રાગ.

રાતે જાગેરે, જગસિંહ વેવાઇ, પ્રભાતેરે પછી ઉઘેરે;
જેના ઘરમાં રે, થાય રોજ લડાઈ, પ્રભાતેરે. ૧
રાતે જાગે રે, ફુલાંદેરે વેવાણ, પ્રભાતેરે.
ઘાટ ઘડતાં રે, શેખશલ્લી પ્રમાણ, પ્રભાતેરે. ૨
રાતે જાગે રે, એચરસિંહ બંધાણી, પ્રભાતેરે;
થયા વ્યસનીરે, એની અકલ વેચાણી, પ્રભાતેરે. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાતે જાગે રે, જીવકોરવહુ વેવાણ,　　પ્રભાતેરે;
જેના મનમાં રે, સાલે વચનનાં બાણ, પ્રભાતેરે. ૪
રાતે જાગે રે, જીવકોરવહુનો બાપ,　　પ્રભાતેરે;
જેના મનમાં રે, મોટી તૃષ્ણા અમાપ, પ્રભાતેરે. ૫
રાતે જાગેરે, જીવકોર વહુની માય,　　પ્રભાતેરે;
જેનાં ચિતમાં રે, ઘણી દીસે ચિંતાય,　પ્રભાતેરે. ૬
રાતે જાગેરે, ભીમસિંહ [1]વેવાઈ,　　પ્રભાતેરે;
દીલ દાઝેરે, દેખી કોઇની વડાઈ,　　પ્રભાતેરે. ૭
રાતે જાગેરે, જે કરે કુડું કામ,　　પ્રભાતેરે;
દેખે તેવું રે, દાખે દલપતરામ,　　પ્રભાતેરે. ૮

ગીત ૫૩ મું.

વિવાહની વરધોમાં બન્ને તરફથી ગાવાનું ગીત છઠું. પ્રભાતીયું ચોથું.

વ્હાણામાં વ્હેલા જાગનારા વિષે.

"રાગ ઉપર પ્રમાણે."

સુખે પોઢેરે, કનકસિંહ નરેશ, વહાણેરે વ્હેલા જાગેરે;
જેના ઘરમાં રે, ઘણો સંપ હમેશ,　　વહાણેરે. ૧
સુખે પોઢો રે, રૂડા કમળશી ભાઈ,　　વહાણેરે;
જેની નારી રે, ગુણવંતી ગણાઈ,　　વહાણેરે. ૨
સુખે પોઢે રે, કનકાવતીની માય,　　વહાણેરે;
જેના પુત્ર રે, છે સપુત સદાય,　　વહાણેરે. ૩
સુખે પોઢે રે, કનકાજીના પુત્ર,　　વહાણેરે;
શેની ચિંતા રે, જેને છે શીરછત્ર,[2]　　વહાણેરે. ૪
સુખે પોઢે રે, લોકો નગરીના આજ,　　વહાણેરે;
જેને માથે રે, ન્યાયી રાજાનું રાજ,　　વહાણેરે. ૫
સુખે પોઢે રે, ચંપાબાઇ ચતુર,　　વહાણેરે;
જેના ચિતમાં રે, નહિ ચિંતા જરૂર,　　વહાણેરે. ૬
સુખે પોઢે રે, ભાગ્યશાળી ભૂપાળ,　　વહાણેરે;
જેના મંત્રી રે, વડા બુદ્ધિ વિશાળ,　　વહાણેરે. ૭
સુખે પોઢે રે, જે કરે રૂડાં કામ,　　વહાણેરે;
દુનિયામાં રે, દેખે દલપતરામ,　　વહાણેરે. ૮

ગીત ૫૪ મું.

વિવાહની વરઘોમાં બન્ને તરફથી ગાવાનું ગીત સાતમું. પ્રભાતિયું પાંચમું.

સંસારી સુખ માગવા વિષે.

"આવશે ગોરાં કલાણીબા રે, બેસશે માંડવા હેઠ રે." એ રાગ.

મંગળિક સમે કરિયે; મંગળિક કામ રે, મંગળિક કામ રે; વહાણામાં વ્હેલાં વ્હેલાં જાગિયે રે, કરજોડીને કરિયે પ્રીતે, પ્રભુને પ્રણામ રે, પ્રભુને પ્રણામ રે; મનના મનોરથ સુફળ માગિયે રે. ૧
માગીએ પ્રથમ રૂડાં સસરાજીના રાજ રે સસરાજીનાં રાજ રે, સાસુજી લહેર સમુદરતણી રે;
આનંદ સહિત આપે, મંગળિક સાજ રે, મંગળિક સાજ રે, ઘરમાં સમૃદ્ધિ પ્રભુ દે ઘણી રે. ૨
આપે પ્રભુ સસરાજીના, વંશનો વિસ્તાર રે, વંશનો વિસ્તાર રે; દેરાણી જેઠાણીતણાં જોડલાં રે;
શાણા જેઠજી તો કરે, સોનાનો વેપાર રે, સોનાનો વેપાર રે, દીયર દોડાવે ઘણાં ઘોડલાં રે. ૩
સાસરવાસણી શાણી, માગીએ નણંદ રે, માગીએ નણંદ રે, નોતરીએ ટાણે નણદોઇને રે;
આપે પ્રભુ અંતરમાં, અદકો આનંદ રે, અદકો આનંદ રે, હૈડામાં હરખિયે જયો જોઇને રે. ૪
સાતે ભઇઓ સંપી જંપી, વસે સુખે વાસ રે, વસે સુખે વાસ રે, સાતે વહુઓ સાસુની સેવા કરેરે;
એવી રીતે પૂરે પ્રભુ, અંતરની આશ રે, અંતરની આશ રે, ધન ધાન્ય અખૂટ ભંડાર ભરેરે. ૫
લીંપ્યાં ધુપ્યાં આંગણામાં, પગલાં પાડનાર રે, પગલાં પાડનારરે, આપે પ્રભુ કુંવર કોડામણોરે;
લાયક વેળાએ કરિયે, લગન નિરધાર રે, લગન નિરધારરે, રૂડો દીસે દિવસ રળિયામણો રે. ૬
ઓચ્છવ ઉપર ઘણા, હરખથી ઘેરરે, હરખથી ઘેર રે; સગાં સ્નેહીને સ્નેહે તેડાવિયે રે;
લક્ષ્મીની દીસે ઘેર, લાયક લીલા લહેર રે, લાયક લીલા લહેર રે, વાજિંત્ર વિવિધ વજડાવિયે રે. ૭
દેવે દ્રવ્ય દીધું હોય તો, કરિયે દીલ ઉદાર રે, કરિયે દિલ ઉદાર રે; ગોરવે નોંતરિયે આખા ગામને રે;
જે જોતાં આનંદ ઉર, ઉપજે અપાર રે, ઉપજે અપાર રે; દ્વિજવર દલપતરામને રે. ૮

ગીત ૫૫ મું.

વિવાહની વરઘોમાં કન્યાને ઘેર ગાવાનું ગીત પહેલું.

કન્યાના પિતાના કુળરૂપી બાગનું ગીત.

"સીતા એહાંરે માળિયે" એ રાગ.

રાયના કુળરૂપી બાગને, જોતાં રીઝે જગરાય;
તેની શોભાનું સર્વથા, કેણે વર્ણન કરાય? કોયલ બોલેરે બાગમાં. ૧

[1] વરનો કાકો. [2] બાપ.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

જગમાં જેની સુવાસના, છે એવા શુભ છોડ;
સદગુણુ જેના સંભારતાં, અતિ ઉર ઉપજેછે કોડ,કો. ૨
ડમરો મરવો ને મોગરો, વળી ગુલાબ વિશેષ;
વિધવિધ જેનીરે વાસના, પસરે દેશ પરદેશ, કો. ૩
કોયલ કોયલ જેને કહું, કોયલ કન્યા સ્વરૂપ;
મધુરો સ્વર જેને મુખે વસે, ઉત્તમ એતો અનુપ. કો. ૪
મળિયાગર જેવા માનિયે, કનકસિંહ ઉદાર;
સઘળા વનને શીતળ કરે, એવો એનો ઉપકાર, કો. ૫
એવા ઉત્તમ છોડવા, ભૂતળ ભૂષણુ ગણાય;
ઇશ્વર અવિચળ રાખજો, સુખમાં એને સદાય, કો. ૬
ધન્ય જગતમાં તે જનમિયા, કીધા પર ઉપકાર;
નવજુગમાં રાખી નામના, ઉત્તમ એનો અવતાર, કો. ૭
બીજા બાવળને બોરડી, તે તો તુચ્છ તમામ;
આશીષ ઉત્તમ છોડને, દેછે દલપતરામ, કો. ૮

ગીત ૫૬ મું.

વિવાહની વરધોમાં કન્યાને ઘેર ગાવાનું ગીત બીજું.

કન્યાએ માની પાસે કરેલાં વરનાં વખાણનું ગીત.

"લાડકડી ચઢીરે કમાડ, સુંદરવરને નીરખવારે" એ રાગ.

લાડકડી કહે માતા પાસ, એકાંતે આવાસમાં રે;
જોવા મેળાનો ઉજાસ, હું ગૈતી આ માસમાં રે. ૧
જગસિંહનો કુમાર. જે દૌલતનો ઉદાર છે રે;
તેને મેં દીઠો તે ઠાર, ભલાઇનો ભંડાર છે રે. ૨
અધિક ભણેલોછે એહ, સુંદર તેનો દેહ છે રે;
જગત વખાણેછે જેહ, એવો નર એહ છે રે. ૩
સત્યવાદી સરદાર, ધરમ ધરનાર છે રે;
દીનને દાન દેનાર, નોંધારાં આધાર છે રે. ૪
સાગર સરખો ગંભીર, ધનુરધર ધીર છે રે;
એ તો છે ઉમદો અમીર, વડો શુરવીર છે રે. ૫
જનમાં છે ઉત્તમ જાત, તે પરમ પ્રખ્યાત છે રે;
પવિત્ર તેનાં માતતાત, પ્રસિદ્ધ તે વાત છે રે. ૬
સુંદર શાન્ત સ્વભાવ, દીસે છે દેખાવમાં રે;
સહુ સાથે રાખે બનાવ, રહી રાણા રાવમાં રે. ૭
પ્રથવી ઉપર ઠામો ઠામ, પ્રસિદ્ધ એનું નામ છે રે;
ગુણુ તેના જાણે તમામ, જે દલપતરામ છે રે. ૮

ગીત ૫૭ મું.

વિવાહની વરધોમાં કન્યાને ઘેર ગાવાનું ગીત ત્રીજું.

કન્યાએ પોતાની માની આગળ પરણવાનો વિચાર જણાવ્યો તેનું ગીત.

"ખજૂરીનો વિંઝણો, દાંડી દાંતનીરે." એ રાગ.

ચંપાં કુંવરી કહે વાત, પોતાની માતનેરે;
મારો મર્મ કહું ભલી ભાત, તમોને સાક્ષાતનેરે. ૧
રૂડું રતનપુર ગામ, શોભાનું ધામ છેરે;
વસે સુંદર વર તે ઠામ, ચતુરસિંહ નામ છેરે. ૨
મેળામાં નીરખ્યા ખચીત, મેં તો રૂડી રીતથીરે;
માછ ચોરાયું છે મારૂં ચીત, પુરી એની પ્રીતથીરે. ૩
એ વરને હું વરીશ, ઇચ્છા જગદીશનીરે;
નહિ તો બાળકુંવારી રહીશ, છે વાત ભવિષ્યનીરે. ૪
આ મારા મનતણી વાત, ન કહિ શકું તાતનેરે;
જીભે કેંતાં લજાઉંછું જાત, કહી દીધું આ તનેરે. ૫
સાંભળ્યા એવા ઉચ્ચાર, માછ જે વારમાંરે;
મન સમજ્યાં વાતનો સાર, પછી બોલ્યાં પ્યારમાંરે. ૬
લાડણી ધીરજ ધાર, સમર કરતારનેરે;
તેનો તુજ પિતા કરશે વિચાર, તું ફિકર વિસારનેરે. ૭
પ્રભુ તારી પૂરશે હામ, વિઘ્ન બધાં વામશેરે;
દુવા દેશે જે દલપતરામ, તો સુખ સહુ જામશેરે. ૮

ગીત ૫૮ મું.

વિવાહની વરધોમાં કન્યાને ઘેર ગાવાનું ગીત ચોથું.

કન્યા ઉમ્મર લાયક થયા વિષેનું ગીત.

"રામ લક્ષ્મણ વન સીધાવતાં." એ રાગ.

રાણી કનકાવતી કહે કંથને; ચંપાં કુંવરી છે
ચતુર સુજાણુ, પરણવા પ્રમાણુ, લાયક થઇ લાડણી;
ભણી ગણીને ભણેલી ભલી થઇ; વળી શાં કરૂં
વધતાં વખાણુ, સુણો મારા પ્રાણ, લાયક. ૧
શીખી લખતાં વાંચતાં ને સમજતાં, શીખી
ગણતાં હરેક ગણિત, રસોઇની રીત, લાયક;
શીખી ભરત ચિતર ભાતભાતનાં, શીખી કાવ્યકળા
ગુણુ ગીત, ચંચળ દીસે ચીત, લાયક. ૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એના જેવડી એની સાહેલિયો; જુઓ પરણેલી
સાસરે જાય, હૈયે હરખાય, લાયક;
એને પરણવાની ઈચ્છા છે ઘણી; આપ આગળ
કેમ કે'વાય, કે'તાં શરમાય. લાયક. ૩
રૂડા નગર રતનપુરમાં રહે; વર ચતુરકુંવર છે
નામ, ઠરેલો તે ઠામ, લાયક;
એની સાથે પરણવા ઈચ્છા કરે; ઘણું શું કહું
તમને તમામ, કરો શુભ કામ, લાયક. ૪
જગતસિંહજી જગમાં વિખ્યાત છે; મોટા મોટા
દે છે એને માન, સુબી સુલતાન, લાયક;
એનો પુત્ર ચતુરસિંહ નામ છે; ઘણો શાણો છે
સદ્ગુણવાન, દૈયે કન્યાદાન, લાયક. ૫
મોંઘું સર્વ છે દેશમાં શાંતિ છે; સુખ સૌને છે
સર્વ પ્રકાર, જુઓ કારોબાર, લાયક;
લોકો કે'છે લગનગાળો આવિયો; જનો કરશે
લગન નિરધાર, નથી ઝાઝી વાર, લાયક. ૬
વરસાદના દિવસ વીતી ગયા; પછી આવ્યા કોરા
આઠ માસ, ખુલ્લું છે આકાશ, લાયક;
રૂડો દિવસ ઈશ્વર ક્યારે આપશે; માગું પ્રણમીને
હું પ્રભુ પાસ, પૂરો સહુ આશ, લાયક. ૭
થઇ મોટી નથી હવે બાળકી; કેમ આળસમાં
બેઠા આપ, છો બુદ્ધિના બાપ. લાયક;
પ્રભુ સમરીને પગરણ માંડિયે; દેશે આશીષ
દલપતરામ, થશે તેથી કામ, લાયક. ૮

ગીત ૫૯ મું.

વિવાહની વરધોમાં કન્યાને ઘેર ગાવાનું ગીત પાંચમું.

લગ્ન જોવરાવવા વિષેનું ગીત.

"પીડી ચોળોરે પીતરાણી." એ રાગ.

કનકારાણો જોષીડા તેડાવે, ચંપાબાનાં લગન
શુભ જોવરાવે; પાનાં પોથી લૈને જોષીજી
આવ્યા, પ્રણમીને પાટ ઉપર પધરાવ્યા. ૧
કંકુકેરો ચાંદલો કપાળે કીધો, ચોખા ચોઢી
હાર પે'રાવી દીધો; આગળ મુકયું શ્રીફળ ને સોના
મ્હોર, રાજી થયા જોઇને જોષી ગોર. ૨
કરજોડી કે'છે કન્યાનો બાપો, ચંપાબાનું લગન
શુભ જોઇ આપો; વરનું ચતુરસિંહ નામ વિખ્યાત,
લખી આપો લગન ભલીભાત. ૩
જોષીએ લગન જોઇ નિરધાર્યું, ચૈત્ર વદી ચોથ
ને ચંદરવારૂં; માંડવા મુહુરત શુભ જોઇ દીધું,
કુટુંબી સરવ મળીને નક્કી કીધું. ૪
સોનેરી અક્ષરથી લગન લખાવ્યું, બીડું કરી
નાડાછડીએ વિંટાળ્યું; રાણી કનકાવતીએ વધાવી
લીધું, જોષીજીનું સનમાન સારૂં કીધું. ૫
હરખનાં વાજાં ત્યાં વજડાવ્યાં, સાકર ને પાન
બીડાં વ્હેંચાવ્યાં; ગોરી મળી સરસ મંગળ
ગીત ગાય, હૈયામાં હરખ ન સહુને સમાય. ૬
સગાં સ્નેહી સરવે થયાં રૂડે રાજી, વાજીંત્રથી ગામ
રહ્યું બધું ગાજી; વાટે ઘાટે લોક પરસ્પર પુછે,
શેહેરમાં ધામધુમ છે તે શું છે? ૭
ચંપાબાનાં લગન એ તો જોવરાવ્યાં, આ તો
એના હરખનાં વાજાં વગડાવ્યાં;
તે સુણીને હરખ્યા લોક તમામ, દીલ વિષે રીઝયા,
દલપતરામ. ૮

ગીત ૬૦ મું.

વિવાહની વરધોમાં કન્યાને ઘેર ગાવાનું ગીત છઠું.

લગ્નના કામમાં સો જોષી જેવાં એક ડોશીનું ગીત.

"ભમરા પહેલો વધાવો મારે આવિયો." એ રાગ.

લગન જોવરાવા સગાં સ્નેહી સહુ મળ્યાં; મળ્યાં
કનકારાણીનાં ઘરડાં માયરે,
વિવા'ની[1] વરધે સો જોષી સરખાં ડોશી એક છે;
પાનાં પુસ્તક જોઇ જોષી બોલિયા; પોસ સુદિ
બીજે લગન કરાયરે, વિવા'ની વરધે. ૧
બીજે એક દિવસ બારે માસમાં; એના જેવો
ઉત્તમ નથી કોઇરે, વિવા'ની વરધે;
એવા શબ્દ જોષીના મુખના સાંભળી; સર્વે જન
રહ્યા ટગમગ જોઇરે, વિવા'ની વરધે. ૨
બહુ કોપીને બુઢ્ઢાં ડોશી બોલિયાં; કર્યો તાડુકો
સિંહની સમાનરે, વિવા'ની વરધે;
ઘરના ઘરડા જોષી હતા તે કયાં ગયા? કયાંથી
આવ્યો છે આ જોષી જુવાનરે, વિવા'ની વરધે. ૩

૧ હોળી પછી ચૈતર માસમાં કે બહુ તો તેની આસપાસ લગન હોય તોજ આ ગીત ગાવું માફક આવે તેમ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોષી બોલ્યા જે વાત બાર માસની; કેમ અમ
જોવે તે માની શકાયરે, વિવા'ની વરધે;
ચોમાસામાં કાદવ કચરા ઘણા; તેમાં લગન તે શી
રીતે કરાયરે ! વિવા'ની વરધે. ૪
પડે ટાઢ અપાર પોસ[1] માસમાં, ટુંકા દિવસ
શિયાળાના દેખાયરે, વિવા'ની વરધે;
વળી શિયાળુ મોલ ઉભા સીમમાં; આવે લશ્કર
તો છોડ છુંદાઈ જાયરે, વિવા'ની વરધે. ૫
તેવા સમયમાં જાન ન તેડાવિયે; માનો વૃદ્ધના,
મુખની જો વાતરે, વિવા'ની વરધે;
ફાગણ માસમાં લગન ન લીજિયે; પડે ઘેરૈયાની
ઘણી પંચાતરે, વિવા'ની વરધે. ૬
ચોખાં લગન તો ચૈતરમાં જાણજો; ખેડ ખેતીનું
કરી લે સહુ કામરે, વિવા'ની વરધે;
નાહ કચરા કાદવ કે ટુંકા દહાડલા; નહિ ટાઢ કે
ઘણો નહિ ઘામરે, વિવા'ની વરધે. ૭
ફરી પુસ્તક તપાસી લગન આપિયું; ચૈતર વદી
ચોથ ને ચંદ્રવારરે,. વિવા'ની વરધે;
દીલે હરખ્યા સૌ સુણી દલપત કહે; કર્યું એજ
લગન નિરધારરે, વિવા'ની વરધે. ૮

ગીત ૬૧ મું.

વિવાહની વરધોમાં કન્યાને ઘેર ગાવાનું ગીત સાતમું.

લગ્ન સાંભળીને વેપારીનો હર્ષ તથા લગ્ન,
લઇને ગેર મોકલવા વિષેનું ગીત.

"માંડવામાં કોણ કોણ સાજન બેઠારે." એ રાગ.

ચંપાબાનાં લગનના સુણી સમાચારરે,
વધ્યો આખા દેશમાં ઉમંગ અપારરે;
વિવા' જોવા લાખો મનુષ્ય ભેગાં થાશેરે,
વ્યાપારીનો માલ ઘણો વેચાશેરે. ૧
સોનાં રૂપાં ક્યાં થકી મળશે સોંઘાં રે !
માણેક ને મોતી પણ થાશે મોંઘાં રે;
સાકર ઘી ખાંડની ખપશે વખારોરે,
હીર ચીર ખપશે થાન હજારોરે. ૨
પાણી વાવરે તેમ ઘી વવરાશે રે,
સાકર તો ખોબે ખોબે પીરસાશેરે;
કાંકરાની પેરે રૂપૈયા ઉછળશેરે,
માગણને મનમાની મોજ મળશેરે. ૩
હાથી ઘોડા હજારો હજાર લેવાશેરે,
સોદાગર કેટલાએ શ્રીમંત થાશેરે;
વ્યાપારીઓ એમ કરીને વિચારરે,
લાગ્યા વિવિધ વસ્તુની ભરવા વખારરે. ૪
ચીન ને વિલાયત પ્હોંચી વાતરે,
ઉપડ્યા વ્યાપારીઓ જવા ગુજરાતરે,
આખી પૃથ્વીપર ડંકો વાગ્યોરે,
સર્વ લોકને સારો ઉદ્યમ જાગ્યોરે. ૫
લગન લૈને કોણ રતનપુર જાયરે,
ગુણવંતા ગોરને ત્યાં મોકલાયરે;
ઘોડા હાથી ઘોડા ને ડંકો નિશાનરે,
સાથે લઇ જાય લગનિયા નિદાનરે, ૬
લગન તો ચૈતર માસમાં આવેરે,
શાણા વેવાઇને જઇ એમ સુણાવેરે;
એવું ધારી ગોરને કીધા વિદાયરે,
તેની સાથે સેવક જન પણ જાયરે. ૭
વેવાઇને કાંખ્યો સમાચાર સારોરે,
જાન લૈને આપ જલદી પધારોરે;
સગાં સ્નેહી લાવજો સાથે તમામ રે,
દેખી દીલે રીઝશે દલપતરામરે. ૮

ગીત ૬૨ મું.

વિવાહની વરધોમાં કન્યાને ઘેર ગાવાનું ગીત આઠમું.

કન્યાની મા પોતાના સ્વામીને કન્યાના લગ્ન કરવાની,
સૂચના કરે છે તેનું ગીત.

"ગણેશ પાટ બેસારિયા, ભલાં નીપજે પકવાન." એ રાગ.

કનકાવતી કહે કંથને સુણો સ્વામી કહું સુવિચાર;

[1] કવીશ્વર દલપતરામ લખે છે કે "ચોમાસામાં લગ્ન કરવાની જ્યોતિષ્ય શાસ્ત્રમાં ના પાડી છે. તેમજ ટુંકામાં ટુંકો દહાડો તથા ઘણામાં ઘણી ટાઢ ધન સંક્રાંતિમાં હોય છે માટે તે મહીનામાં પણ લગ્ન કરવાની ના લખી છે. હુતાશનીના તોફાનથી લગ્નનાં, ઉપયોગી કેટલાંએક માણસો જખમી થયાં હોય તેથી અથવા શિયાળુ મોલ લણવાનો વખત હુતાશની પછી થોડાંક અઠવાડિયાં સુધી મીનસંક્રાંતિ લગી પોંહોચે છે ત્યાં સુધી હોય છે તેથી મીનસંક્રાંતિમાં પણ લગ્ન કરવાની ના લખી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુત્રી પરણવા જેવડી થઇ, લગ્ન કરો નિરધાર. ૧
જગતસિંહજીના પુત્ર સાથે, વ્હેલું કર્યું છે વેવીશાળ;
ભણીગણીને ભલો થયો, પામ્યો વિચિત્રબુદ્ધિ વિશાળ.૨
લાડકડીનું લક્ષધા, મન માન્યું છે તેની સાથ;
વિધિ પ્રમાણે વિવા' કરી, હેતે મેળવિયે બેના હાથ. ૩
લખો કુટુંબને કંકોતરી, સગાં વ્હાલાં સંભારી સર્વ;
આવે સહુ આપણે આંગણે, જાણું ધન્ય ઘડી ધન્ય પર્વ.૪
ઘરડું મનુષ્ય ડાહ્યું ઘણું, આખા કુટુંબમાં કહેવાય;
સર્વથા તેની સલાહ લઈ, કામ કરિયે તો ભૂલ ન થાય.૫
ફરી હવેલી રંગાવિયે, સોનાં રૂપાં મંગાવિયે સાર;
શાણા સોની બેસારીને, સારા ઘડાવિયે શણગાર. ૬
વિવિધ વસ્તુ વસાવિયે, જન મોકલી દેશ વિદેશ;
ઇશ્વરે ધન આપ્યું હોય તો કંજુસાઇ ન કરિયે લેશ. ૭
એવો તો વિવા' આદરો, જન જાણે ગામો ગામ;
વર્ણન કરવા વિગતથી, દીલ ઇચ્છે દલપતરામ. ૮

ગીત ૬૩ મું.

વિવાહની વરધોમાં કન્યાને ઘેર ગાવાનું ગીત નવમું.

લગનગાળો આવવા વિષેનું ગીત.

" રામ લક્ષ્મણ વનમાં સીધાવતાં. " એ રાગ.

કહે કનકાવતી શુણો કંથજી; ઘણાં વાજાં વાગે ઘેર ઘેર, દીસે લીલા લ્હેર, લગનગાળો આવિયો;
વરઘોડાતણી ધામધુમથી; શોભી રે'છે જુઓ; આખું શેહેર, પ્રભુની છે મ્હેર, લગનગાળો. ૧
વિવા' વિવા' દીસે આખા દેશમાં; ગામો ગામમાં, ધમકે છે ઢોલ, ગાજે છે ભુગોળ, લગનગાળો;
સગાં સ્નેહીનો કરીને મેળાવડો; લોકો કરતા દીસે છે કલ્લોલ, બોલી મીઠા બોલ, લગનગાળો. ૨
જેને ગામને ગોંદરે જો જુઓ; જનો જાન જોડી જોડી જાય, ગીતો રૂડાં ગાય, લગનગાળો;
શોભે ઘેર ઘેર માંડવા શેહેરમાં; ઘણાં ઘર તો વિવા'તાં દેખાય, દેખી રૂચી થાય, લગનગાળો. ૩
પૂછવા જોગ સ્નેહીને પૂછિયે; લૈયે સારાં સગાંની સલાહ, આદરિયે વિવાહ, લગનગાળો;
જોવા જેવી તો જાન તેડાવિયે; સહુને અંતરે ઉપજે ઉત્સાહ, કહે વાહવાહ, લગનગાળો. ૪
બાગવાનને બોલાવીને કહો; તાજાં તે કરે ફુલ તૈયાર, વાવીને આ વાર, લગનગાળો;
વાવે વેલા તે નાગરવેલના; પાકાં પાન તો જોશે અપાર, એનો શો શુમાર, લગનગાળો. ૫
મોતી લેવા ઝવેરીને મોકલો; હીરા લ્યો ધન ખરચી હજાર, શોધાવો બજાર, લગનગાળો;
ફાવે ત્યાં વળી કડિયાને મોકલો; કરે અન્નના મોટા અંબાર, લૈ માલ શ્રીકાર, લગનગાળો. ૬
રજા આપો રૂડા રંગરેજને; વસ્ત્ર રંગવાના કરે રંગ, ઓપે જેથી અંગ, લગનગાળો;
લીલો પીળો કસુંબી મજીઠિયો; થાય દેખતાં જન મન દંગ, વધે ઉછરંગ, લગનગાળો. ૭
દેશ દેશના દરજી તેડાવિયે; શીવવામાં જે સહુથી સુજાણ, પામેલા વખાણ, લગનગાળો;
કહે દલપત જેની કારીગરી; કરે પંચ મળીને પ્રમાણ, એવા કળા જાણ, લગનગાળો. ૮

ગીત ૬૪ મું.

વિવાહની વરધોમાં કન્યાને ઘેર ગાવાનું ગીત દસમું.

દીકરીને પરણાવીને લ્હાવો લેવા વિષેનું ગીત.

" રઘુનાથજીની ઘોડલી. " એ રાગ.

સ્વામીજી આ સંસારમાં હોય, વિવા' સમાન ન હર્ષ;
ક્રોડ દિવાળી થકી કહેરે, અતિ એજ દિવસ ઉતકર્ષ, લ્હાવો ભલો લીજિયે. ૧
જુના ખજાના ઉઘાડીને ધન, ખર્ચો ધરી ઘણી ખાંત;
પ્યારી પુત્રીને પરણાવિયેરે; ત્યારે મુજને મન થાય નિરાંત, લ્હાવો ભલો લીજિયે. ૨
મોટા રચાવો માંડવો, જોવા જોગ કહે સહુ જન;
સહુથી સવાઈ કીજિયેરે; ત્યારે માને અમારૂં મન, લ્હાવો ભલો લીજિયે. ૩
આવે જમાઇ જેને આંગણે, એનો સુફળ ગણું સંસાર;
જેણે જમાઇને ન પોંખિયોરે, એનો અફળ ગયો અવતાર, લ્હાવો ભલો લીજિયે. ૪
પુત્રી જમાઇને ન પીરસ્યો, જેણે કોડે કરી કંસાર;
મોઢ ઘાલીને મા'લી નહિરે, એણે લ્હાવો ન લીધો લગાર, લ્હાવો ભલો લીજિયે. ૫
રળી રળી ધન રાખિયું પણ, વાવરિયું ન કોઈ વાર;
જાન ન આવી જેને આંગણેરે, એનું ઘણું ન શોભે ઘરબાર, લ્હાવો ભલો લીજિયે. ૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાણા જોષીને બોલાવીને કરો, પ્રથમ લગનનો ઠરાવ,
વેવાઇને ઘેર મોકલોરે, લખી લગન ભલે ધરી
ભાવ, લ્હાવો ભલો લીજિયે. ૭
ઇશ્વરી નિયમ અંતર ધરી, કરો નીતિ પ્રમાણે તતખેવ;
જેથી રીઝે સ્વામી જગતનોરે, દાખે દલપતરામનો
દેવ, લ્હાવો ભલો લીજિયે. ૮

ગીત ૬૫ મું.

પીઠી ચોળતાં ગાવાનું ગીત.[૧]

" કંકુ છાંટી કંકોતરી મોકલે." એ રાગ.

જીરે પીઠીમાં કેસર કસ્તૂરી; જીરે પીઠીમાં કહીએ
કપૂર, લાડકડાને[૨] પીઠી ચઢે;
જીરે પીઠીમાં અત્તર અગરજો; જીરે પીઠીમાં
ચંદન ચૂર, લાડકડાને પીઠી ચઢે. ૧
જીરે દશરે દિશા આખા દેશમાં; જીરે પીઠીની
પસરે સુવાસ, લાડકડાને પીઠી ચઢે;
પીઠી વાળેછે વાન શરીરનું; થાય પીઠીથી રૂપ
પ્રકાશ, લાડકડાને પીઠી ચઢે. ૨
પીઠી મોંઘી મળે મુલતાનમાં; સાત સોનૈયાની
સવા શેર, લાડકડાને પીઠી ચઢે;
ચઢે પીઠી તો ઉમદા અમીરને; જેને લક્ષ્મીની
હોય લીલાલ્હેર, લાડકડાને પીઠી ચઢે. ૩
પીઠી નવારે નગરમાં નીપજે; ત્યાંથી આવી
અમારે દેશ, લાડકડાને પીઠી ચઢે;
પીઠી બેચરસિંહભાઇએ મૂલવી; લીધી વાવરી
નાણું વિશેષ, લાડકડાને પીઠી ચઢે. ૪
રાય રાણા રૂદે ઇચ્છતા રહે; રૂડો રાજવી પીઠીનો
રંગ, લાડકડાને પીઠી ચઢે;
પીઠી દુનિયામાં દુર્લભ દેવને; પીઠી ઓપે ચતુરભાઇને
અંગ, લાડકડાને પીઠી ચઢે. ૫
પીઠી ચંદ્રકળા જેવી ચળકતી; પીઠી શીતળ ચંદ્ર
સમાન, લાડકડાને પીઠી ચઢે;
પીઠી અમરવેલી જેવી ઓષધી, પીઠી દેછે આનંદ
નિદાન, લાડકડાને પીઠી ચઢે. ૬
પીઠી સારમાં સાર સંસારમાં; પીઠી મહા સુખનું
છે મૂળ, લાડકડાને પીઠી ચઢે;
પીઠી ભાગ્યશાળી જનને ભજે; જેને ઇશ્વર હોય
અનુકૂળ, લાડકડાને પીઠી ચઢે. ૭
મળી ટોળે સુવાસણી સુંદરી; પીઠી ચોળે ને મંગળ
ગાય, લાડકડાને પીઠી ચઢે;
પીઠી ચોળી અંઘોળ કરાવિયું; કહે દલપત સરસ
દેખાય, લાડકડાને પીઠી ચઢે. ૮

ગીત ૬૬ મું.

ઉકરડી નોતરતાં ગાવાનું ગીત બીજું.

" ત્રાંબા કુંડી તે નગર સોહામણી." એ રાગ.

રૂડો બાજઠ છે બહુ મૂલનો; ત્યાં બિરાજી રે,
હરખ સહિત, [૧]લાડકડો કોડીલો અંઘોળ કરે;
તે સમયની શોભા શી હું વરણવું; ખુશી ઉપજે રે,
જોતાં ખચીત, લાડકડો કોડીલો અંઘોળ કરે. ૧
ત્રાંબા કુંડી ઉંડી રૂડી ઓપતી; માંહી ભરિયાંરે,
નિર્મળ નીર, લાડકડો કોડીલો અંઘોળ કરે;
શીર તેલ સંચારે સુવાસણી; નવરાવે રે,
ચોળી શરીર, લાડકડો કોડીલો અંઘોળ કરે. ૨
ચોળ્યાં કેસર કસ્તુરી અરગજા; તેથી પસરે રે,
સરસ સુવાસ, લાડકડો કોડીલો અંઘોળ કરે;
મુખ કાન્તિ મનોહર ઝગમગે; જેવો પૂરણ રે,
ચંદ્રપ્રકાશ, લાડકડો કોડીલો અંઘોળ કરે. ૩

૧ કવીશ્વર દલપતરામ લખે છે કે 'પારસીઓમાં, કન્યાને પીઠી ચોળતાં ગીત ગાય છે. હીંદુઓની, કેટલીક નાતોમાં વરને કન્યા તરફની સ્ત્રીઓ પીઠી ચોળીને નવરાવે છે તેની મતલબ એવી જણાય છે કે વરના શરીરમાં કાંઈ ખોડ ખાપણ હોય તો જણાઈ આવે. તે ઉપર એક ઇતિહાસ છે કે કલોલના રાજાની સગર્ભા રાણીએ અને પાટણના રાજાની સગર્ભા રાણીએ અગાઉથી એવો ઠરાવ કર્યો હતો જે આપણામાં એકને દીકરો અને બીજીને દીકરી અવતરે તો બન્નેનું લગ્ન કરવું. પછી તે બન્નેને દીકરીઓ અવતરી પણ કલોલની રાણીએ એવી વાત ચલાવી જે મારે તો દીકરો અવતર્યો છે. પછી તે બન્ને જ્યારે સોળ વર્ષનાં થયાં ત્યારે લગ્ન ઠરાવ્યું અને વર પરણવા ગયો પછી જ્યારે કન્યાની તરફની સ્ત્રીઓ વરને પીઠી ચોળવા આવી ત્યારે કાંઈ બાહાનું કાઢીને વર ઘોડે ચઢીને નાસી ગયો.''

૨ કન્યાને પીઠી ચોળતા "લાડકડીને" એમ ગાવું.

૧ કન્યા હોય તો "લાડકડી કોડીલી અંઘોળ કરે"

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભલા પીતળ લોટા જળે ભરી, અંગ ઉપર રે,
રેડે અધિક, લાડકડો કોડીલો અંઘોળ કરે;
હિમાચળથી ગંગા નદી જેમ વહે, એમ ચાલી રે,
નીરના નીક, લાડકડો કોડીલો અંઘોળ કરે. ૪
અલબેલો અંઘોળી ઉભા થયા; અંગ લોહ્યું રે,
લૈને રૂમાલ, લાડકડો કોડીલો અંઘોળ કરે;
અંગે વસ્ત્ર ધર્યાં રૂડાં ઓપતાં; કર્યો કંકુનો રે,
ચાંદલો ભાલ, લાડકડો કોડીલો અંઘોળ કરે. ૫
પૂરા પ્રેમથી માતાએ પોંખિયા; લીધાં વારણાં રે,
વારંવાર, લાડકડો કોડીલો અંઘોળ કરે;
ઉતારીને સંપુટિયું [1]આગળ ધર્યું; કર્યો એ રીતરે,
કુળનો આચાર, લાડકડો કોડીલો અંઘોળ કરે. ૬
એતો દૈડાના હેતનાં ચિહ્ન છે; દેશ દેશની રે,
જુદી છે રીત, લાડકડો કોડીલો અંઘોળ કરે;
મળી માનની સ્નેહી સગાંતણી; ગોરી ગાય છે રે,
મંગળ ગીત, લાડકડો કોડીલો અંઘોળ કરે. ૭
મામે આવી તેડી લીધા તે સમે; પધરાવ્યા રે,
થાર દૈ ઠામ, લાડકડો કોડીલો અંઘોળ કરે;
આશા પૂર્ણ હજો સર્વ એમની; દે છે આશીષ રે,
દલપતરામ, લાડકડો કોડીલો અંઘોળ કરે. ૮

ગીત ૬૭ મું.

ઉકરડી[2] નોતરતાં[3] ગાવાનું ગીત પહેલું.

ફુઅડ સ્ત્રીનું ગીત.

"ઉકરડી નોતરતાં, વનમાળી રે." એ રાગ.

ઉકરડીને નોતરી, વહુવારૂ રે; બેસારિયે ઘર બ્હાર,
શુણો વહુવારૂ રે; જે નારી ગંદી ગોબરી, વહુવારૂરે;
એનો એવો અધિકાર, શુણો વહુવારૂ રે. ૧
ઉકરડી છંછેડતાં, વહુવારૂરે; રજ વળગે આવી અંગ શુ;
ફુઅડને છંછેડતાં, વહુવારૂરે; થાય તે રંગમા ભંગ. શુ.૨
દૈએશીખામણસ્નેહથી,વહુવારૂરે,ઉલટાતેઅવગુણથાય,શુ;
કંઈકંઈવાંધોકાઢીને,વહુવારૂરે; રોજનેરોજરિસાય. શુ.૩
ફુઅડનારીનોચોટલો,વહુવારૂરે;જાણીએસુઘરીનોમાળો,શુ.
દહાડોચદેસૂતીઉઠે, વહુવારૂરે; કરતીતેવઢવાનોચાળો.શુ.૪
ફુઅડ નારીનુંઆંગણું,વહુવારૂરે; ઉકરડી અનુસાર,શુણો;
પાણીયારૂં તેનુંપેખિયે, વહુવારૂરે; બેઠે વળીબહુછાર. શુ.૫
મુમોપાડીનેબોલતાં, વહુવારૂરે;લેશનહિતેનેલાજ, શુણો;
વાદવદેવિનાકારણે, વહુવારૂરે; કરતાં કાંઈકામકાજ.શુ.૬
સાંજપડેકે સુઈરહે, વહુવારૂરે; પાથરીને જેમ તેમ, શુણો;
વાસણએઠાંનઉટકે,વહુવારૂરે; એ રહે એમનાંએમ. શુ.૭
વિવા'માંસાખજેવીપડે,વહુવારૂરે; ગવાયગામોગામ,શુણો;
તેમાટેચેતીનેચાલજો,વહુવારૂરે; દે શીખ દલપતરામ.શુ.૮

ગીત ૬૮ મું.

વરને તથા કન્યાને નવરાવતાં ગાવાનું ગીત.

વહુની નિંદાને બહાને બીજીઓને શિખામણ.

"સોનાના સ્થંભ હીરે જડ્યા રે." એ રાગ.

કડવો લીંબડો અને કારેલીરે; કડવા ગુલાબવહુના બોલ,
મેળાવડે સહુ મળ્યાંરે; તે વહુને કોઈ ન છંછેડશોરે;
કરી નાંખે તરણાને તોલ, મેળાવડે સહુ મળ્યાં રે. ૧

---

૧ કવીશ્વર દલપતરામ લખે છે કે "એની મતલબ એછે જે મારી દોલતનો દાબડો તે તારા પગની રજ બરાબર છે.

૨ કવીશ્વર દલપતરામ લખે છે કે "ઉકરડી નોતરવાનું કોઈ શાસ્ત્રમાં લખેલું જણાતું નથી તેથી તે ચાલ આખા ભરતખંડના હિંદુઓમાં હોય, એમ નથી. મતલબ એવી જણાય છે કે કચરોપુંજો નાખવાની એક જગ્યા નક્કી કરવી અને ત્યાં ગીત ગાઇને સહુને જાહેર કરવું અને ઉઠાડતાં પણ ગીત ગાઇને જાહેર કરવું કે હવે અહીં કોઈ કચરો નાખશો નહિ, પણ તે ચાલ બંધ પડ્યો છે. ઉકરડી નોતરવાની તથા ઉઠાડવાની રીત ગઈ છે. ત્યાં એંઠવાડ વગેરે નાંખવા ભોંયમાં મોટું કુંડું ઘાલીને તેમાં લોહાનો ઉલેચણિયો મુકવાનો અસલ ચાલ હશે તેથી હાલમાં એક કુલડીમાં લોહાનો ખીલો મુકીને ત્યાં દાટે છે. ઉકરડી ઉઠાડતાં ગીત ગાય છે જે "ઉકરડી ઉઠાડતાં, વનમાળી રે: લાધ્યો છે સોનાનો ખુંટો કે ગુજરમાળીરે." એ ગીતની મતલબ એવી જણાય છે કે, વિવાતા ઘરમાં પુંજામાંથી પડેલી આખડેલી સોના રૂપાની જણસ જડે, તે માટે બધા દિવસના પુંજો તે ઠેકાણે એકઠો કરીને વિવાહ વિત્યા પછી નિરાંતે તપાસીને નાખી દેવો. અસલના કેટલાક ચાલ ઘણા ઉપયોગી છતાં તેમાં ફેરફાર થઈ જવાથી નકામાં થઈ પડયા છે અને કેટલાએકનું તો કારણ પણ સમજાતું નથી, કે આ ચાલ શા વાસ્તે કર્યો હશે."

૩ ઉકરડી નોતરતાં ગાવાનાં પાંચ ગીત છે તે વર તથા કન્યા બેઉને ઘેર ગવાય તેવાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધનપાળભાઇને ધન્ય છેરે; સહન કરેછે સદાય, મેળાવડે; હાલ્યું જો હોયતો બદલિયેરે; માણસ બદલ્યું ન જાય, મેળાવડે. ૨
મેળાવડે જન બહુ મળ્યારે; સહુ જનો સરખા ન હોય, મેળાવડે; કો જન ગરવા ગંભીર છેરે; હલકા મનના હોય કોય, મેળાવડે. ૩
જેવું હોય તેવું નિભાવિયેરે;સાંકડી હોય જ્યાં સગાઇ, મેળાવડે; મોટાનાં મન મોટાં હોયછેરે; તે સદા રહે ગમ ખાઈ, મેળાવડે. ૪
મોભ મોટા મોટા થાંભલારે; મોટાને શિર મોટો બોજ, મેળાવડે; હલકી તો વળિયો ને વાંસડારે; તેનો બોજ તેના સરબોજ, મેળાવડે. ૫
સહુ મળ્યાં જમવાને માલવારે; ઘરનાં તો કરવાને કાજ, મેળાવડે; સંપીને કામ જો સહુ કરેરે; ઘરતણી તો વધે લાજ, મેળાવડે. ૬
તમને ગુલાબવહુ અમે કહ્યુંરે; બીજાને સંભળાવા કામ, મેળાવડે; તમે તો વખાયોછે વિશ્વમાંરે; ગુણથકી જશ ઠામોઠામ, મેળાવડે. ૭
સમજુ તો સમસ્યામાં સમજશેરે; મૂર્ખ તો પડે જ્યારે માર, મેળાવડે; દલપતરામે દીધી ભલીરે; સહુને શિખામણ સાર, મેળાવડે. ૮

ગીત ૬૯ મું.

ઉકરડી નોંતરતાં ગાવાનું ગીત ત્રીજું.

સંપીને કામ કરવા વિષે.

"ગણેશ પાટ બેસારિયા, ભલાં નીપજે પકવાન." એ રાગ.

કચરો પુંજો ને કુસંપનાં બીજ, વાંધા પડે તે વચન;
આ ઉકરડીમાં નાંખજો, મોટું ગંભિર રાખીને મન. ૧
ઘરડું મનુષ્ય ઘરમાં નહિ તેના ઘરની ફજેતી થાય;
ઘરડાં વિનાનું ઘર નહિ એવી કહેવત સત્ય કેવાય. ૨
સેના હોય સેનાપતિ વિના, તેતો ધણીવગરની ધાડ;
માંહો માંહી લઢી મરે, એની કોણ શુણે બુમરાડ. ૩
સભા વિષે એક સભાપતિ જો, ઠરાવિયે તો ઠીક;
નહિ તો બધા ગડબડ કરે, રાખે ન કોઇની બીક. ૪
કુટુંબમાં પણ કોઇને એમ ઉપરી કરિયે એક;
મરજાદ તેની માનિયે, તો ઉપજે સુખ અનેક. ૫
રાજાનો હુકમ ન માનીને, જો પ્રજા સ્વછંદી થાય;
ગણે નહિ કોઇ કોઇને, કોઇને મળે નહિ ન્યાય. ૬
નોકરીની આશા કરી, આવ્યા આરબ મળીને અનેક;
રાયે કહ્યું તમમાં થકી, ઉપરી ઠરાવો એક. ૭
તેની સાથે તમો સર્વનો, અમો કરાવી લૈએ કરાર;
પ્રત્યેકને નહિ પૂછિયે, જોઇએ એકજ જવાબદાર. ૮
એક કહે હું ઉપરી, બીજો કહે હું ઉપરી થનાર;
સહુ એમ વાદ વદી પડયા, રાયે કાઢયા શહેરની બ્હાર. ૯
કરિયે સજ્જન મેળાવડો, તેતો વધવા વિશેષ સનેહ;
જો ઉલટા વાંધા પડે તો, ડાહ્યુ તેડાવે તેહ. ૧૦
લેવાની લાલચ ન રાખિયે, હળીમળી વધારિયે હેત;
અણસમજુ એકઠાં થઇ લઢી ફોકટ થાય ફજેત. ૧૧
ઇશ્વર આપે દીન ઉજળો, ઘેર માંડિયે માંગલિક કામ;
કુટુંબ કલ્લોલ કીજિયે, દેખી રીઝે દલપતરામ. ૧૨

ગીત ૭૦ મું.

ઉકરડા નોતરતાં ગાવાનું ગીત ચોથું.

મધ કરનારી સંપીલી ભમરીનું ગીત.

"અમારાં તે વાર્યા ગોરી નહિ કરે." એ રાગ.

આજ આનંદ મારે આંગણે; ઓચ્છવમાં
તું ભલે આવી, રે ભમરી ભલા ભાગ્યની;
સંપ તમારો છે સર્વોપરી; તેથી તું
મારે મન ભાવી, રે ભમરી. ૧
મારે આંગણે ઉંચો આંબલો;
તેની ડાળે કરો જમાવ, રે ભમરી;
સુવર્ણ સરખાં સારાં શોભીતાં;
તમારા દેહનો દેખાવ, રે ભમરી. ૨
કરીને કુટુંબ મેળાવડો;
સંપીને વસોછો સદાય, રે ભમરી;
મઝિયારો કદિયે નહીં વ્હેંચતી;
એ મોટું અચરજ જણાય, રે ભમરી. ૩
વધ્યો વિસ્તાર ઘણો વંશનો;
તોય ઠરોછો એક ઠામ, રે ભમરી;
સંપીને દ્રવ્યનો સંગ્રહ કરો;
સંપીને[1] સહુ કરોછો કામ, રે ભમરી. ૪
વઢકારી વહુ તમને જોઇને;
જો કરે ચિત્તમાં વિચાર, રે ભમરી;

[1] કવીશ્વર દલપતરામ લખે છે કે "તેઓમાં એક રાણી હોય છે, તેના તાબામાં સહુ સંપીને કામ કરે છે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તો તે પોતેજ પસ્તાઇને;
પોતાને કરશે ધિક્કાર, રે ભમરી. ૫
કેની નિશાળમાં તમે ભણ્યાં?
ક્યાં શીખ્યાં શિખામણ સાર? રે ભમરી;
પૂરણ સંપના પ્રતાપથી;
ભોગવો અખુટ ભંડાર, રે ભમરી; ૬
સંપીને જે વસે સંસારમાં;
એને પણ એવું મળે સુખ, રે ભમરી;
જન જાતિ ઐને સંપ જે તજે;
ગાતાની તે વગોવે દુઃખ, રે ભમરી. ૭
આજ છે ચંપાબાનો સોહલો;
ભલે તું આવી છે આ ઠામ, રે ભમરી;
દાખલો તારો દૈને સર્વને;
દે શીખ દલપતરામ, રે ભમરી. ૮

ગીત ૭૧ મું.

ઉકરડી નોતરતાં ગાવાનું ગીત પાંચમું.

ઉકરડી નોતરવાનાં કારણ વિષે.

"વડું રે પાટણ વડું ધોળકું, કોઈ માળવે જાય રે." એ રાગ.

વિવાતા ઘરમાંથી વાળીને, પુંજો એકઠો કરિયે રે;
એકાંતે રાખી મૂકિયે, જ્યાં ઉકરડી નોતરિયે રે. ૧
જ્યાં ત્યાં પુંજા કચરાતણી, ગંદકી નવ થાય રે;
એ થકી આંગણું આપણું, સ્વચ્છ સારૂં દેખાય રે. ૨
વળતી ઉકરડી ઉકાડિયે, વિવા'ના દીન વીતે રે;
તે બધો પુંજો તપાસીને, તજિયે રૂડી રીતે રે. ૩
જે પુંજો ઘરમાંથી વાળીને, દૂર નાંખીજ દૈએ રે;
સોનું રૂપું પડે આખડે, તો ક્યાં શોધવા જૈએ રે. ૪
કુંકું કે કોડી ઉતારિયે, ભોંયમાં, એક ઠામ રે;
એઠવાડ ને ઓસામણ, તેમાં ભરિયે તમામ રે. ૫
વળતી ઉલેચી નાંખિયે, ઘણે વેગળે જૈને રે;
ખાળ કુવો કાં તો કીજિયે, સારી સમજણ લૈને રે. ૬
વિવાતા ઘરને આંગણે, નહિતો કાદવ થાય રે;
ચાલતાં પણ અડચણ પડે, દુરગંધ દેખાય રે. ૭
સારૂં રાખો સ્વચ્છ આંગણું, સર્વે સમજીને આમરે;
તો તમને આશીષ અતિ, દેશે દલપતરામ રે. ૮

ગીત ૭૨ મું.

વરના ફુલેકામાં (એટલે કે વરઘોડામાં) ગાવાનું ગીત પહેલું.

પોસ ભરવાનું ગીત.

"કોણે તારાં નાળિએર શણગાર્યાં ?
ને કોણે તારી શેષ ભરી રે" એ રાગ.

સાહેબજાદાચતુરભાઇસિરદાર,આજભાવેપોસકોણેભર્યોરે ?
એચરભાઇયેરજીવકોરવહુછેનાર,આજભાવેપોસતેણેભ. ૧
તેણે સારા સજાવ્યા શણગાર, મોતીનું છોગું શિર ધર્યુંરે;
હૈયે ધર્યો હીરાકેરો હાર, કપાળે કંકુતિલક કર્યુંરે. ૨
મોતીડે વધાવ્યા વારંવાર, મુખડાનાં લીધાં મીઠડાંરે;
અંતરમાં વ્હાલપ અપાર, દીલડાનાં ડાહ્યાં દીકડાંરે. ૩
એવામાં ઇરાની સરદાર, સોદાગર એક આવિયો રે;
જોતાં જેની સૂરત શ્રીકાર, લાખેણી ઘોડી લાવિયોરે. ૪
તે ઘોડીનું નિરખતાં તેજ,જીવકોરવહુ જાયે વારણે રે;
એચરભાઇએ લીધી દૈ અવેજ,લાડકડા વરને કારણે રે. ૫
રૂદયામાં થઇને રળિયાત, વરઘોડલે ચઢાવિયારે;
જીવકોરવહુએ આજ ભલી ભાત,લાડે કોડેલડાવિયારે. ૬
અતિહેતે ઉચ્ચારી આશીષ, પરણી વ્હેલા પધારજો રે;
જેજે ધારો તેતે જગદીશ, તમારા અર્થ સારજોરે. ૭
સાતે સુખ મળજો ઠામોઠામ,તમારાં દુઃખ દૂર જજોરે;
દેછે આશીષ દલપતરામ, તમામ કામ સિદ્ધ થજોરે. ૮

ગીત ૭૩ મું.

વરના ફુલેકામાં (એટલે કે વરઘોડામાં) ગાવાનું ગીત બીજું.

ઝગમગિયાના જામાનું ગીત.

"ઝીણા સુતરના પટકા વણાવો, પટકા વણાવો,
ઝાઝે હીરે જડાવો." એ રાગ.

ઝગમગિયાનો જામો શીવડાવો, જામો શીવડાવો;
દોરંગી કોર દીપાવો; એરે જામો જીયા વરને પ્હેરાવો,
વરને પ્હેરાવો, શિર શિરબંધ બંધાવો. ૧
પાન ને શ્રીફળે પોસ ભરાવો, પોસ ભરાવો;
મોતીની લ્હેરે વધાવો, જરિયાનના ખભે પટકા નંખાવો,
પટકા નંખાવો, મોતી તોરા લટકાવો. ૨
ઘોડીને કાજે ઘુઘરા ઘડાવો, ઘુઘરા ઘડાવો;
મોરડે ફરતા મુકાવો; કુંદનકેરો મોરડો કરાવો,
મ્હોરડો કરાવો, માણક મોતી મઢાવો. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાખ ટકાનાં ઝાંઝર લાવો, ઝાંઝર લાવો,
ઘોડીને પાયે પ્હેરાવો; પાદશાહીનું પલાણ
મંગાવો, પલાણ મંગાવો, ઘોડી ઉપર મંડાવો. ૪
એ ઘોડી ઉપર જીયા વર ચઢશે, જીયા વર
ચઢશે, હાથે લગામ પકડશે; નગરી તણા જન
જોવા ઉપડશે, જોવા ઉપડશે, દુશ્મન મુંઢે ભ્રખડશે. ૫
રૂપ જોઈ મન દાદાનું મ્હોશે, દાદાનું મ્હોશે, લળીલળી
મુખ સામું જોશે; સ્નેહી સગાં પણ સર્વ સંતોષે,
સર્વ સંતોષે, નિરખીને હરખીત હોશે. ૬
ઘોડી ઉપર વરરાય બિરાજે, રાય બિરાજે,
શોભીત સજન સમાજે, છત્રતણી છબી
શિરપર છાજે, શિરપર છાજે, વાજીંત્ર વિધવિધ વાજે. ૭
કુંવર પધારો પરણવા કામ; પરણવા કામ;
લૈ જગદીશનું નામ, દીલ થકી આશીષ દેશે તે કામ,
દેશે તે કામ, દ્વિજવર દલપતરામ. ૮

ગીત ૭૪ મું.

વર તથા કન્યાના ફુલેકામાં (એટલે કે વરઘોડામાં) ગાવાનું ગીત પહેલું.

ગજરાનું ગીત.

"મોહનજીએ મોકલ્યું રે મોસાળું." એ રાગ.

માલણ ગુંથી લાવ ગુણિયલ ગજરો; તારા ગજરાનો માનીશું મજરો, માલણ ગુંથી લાવ ગુણિયલ ગજરો. ટેક
તારા ગજરાનું આપીશું મૂલ, માંહી ગુંથજે ગુલાબનાં ફુલ; જે તું કહીશ તે કરશું કબુલ, માલણ. ૧
જેવી હોય તારી ચતુરાઇ, તેવી કરજે તેની સરસાઇ; કાંઈ બાકી ન રાખીશ બાઇ, માલણ. ૨
એવી કરજે કારીગરી એમાં, જુક્તિ હોય જેવા જેવી જેમાં, મોહ પામે મુનિવર તેમાં, માલણ. ૩
વર લાડકડાનેરે કાજે, [1]એવો ગુંથજે ગજરો તું આજે, જેવો છત્રપતિને છાજે, માલણ. ૪
ગજરો મૂલ પામે મુલતાન, સારો સારો કહે સુલતાન; થાય ગુણીજન જોઈ ગુલતાન; માલણ. ૫
એમાં જુક્તિ જોવા જોગ જાણી, ઝાઝે અંગમાં ઉમંગ આણી; રીઝે રાજા અને વળી રાણી, માલ. ૬

[1] કન્યાના ફુલેકામાં એમ ગાવું કે "ચંપાબાઈ લાડકડીને કાજે."

તને આપીશ હીરાનો હાર, વળી સોળ સારા શણગાર; ઉપર હેમની મ્હોર હજાર, માલણ. ૭
કવિતાની કીંમત ઉર આણે, એજ ગજરાનું મૂલ પ્રમાણે, દાખે દલપત બીજા શું જાણે? માલણ. ૮

ગીત ૭૫ મું.

વર તથા કન્યાના ફુલેકામાં (એટલે કે વરઘોડામાં) ગાવાનું ગીત બીજું.

ઘોડીનું ગીત.

"હંસા તેં તરણી તે મરગા તે નયણા." એ રાગ.

ઘોડિયે ચઢ્યા વરરાય[1] સંભાળી, પિતાંબરની પલવટવાળી; ઘોડી છે રૂડી રૂપાળીરે, લટકાળી, પંખીપંચકલ્યાણી. ૧
પંચકલ્યાણીને પંચેપ્રમાણી, વિગતે વડાવડાભૂપે વખાણી; જગતના જન સહુએ જાણી રે, લટકાળી. ૨
એ ઘોડી દેશ ઇરાનથી આવી, વરને ભાઇએ મૂલ ખરચી મગાવી; ભૂપતિને મન ભાવી રે, લટકાળી. ૩
જોતાં જોતાં ઘણે જતને જડી છે નવરે દીને ઘડનારે ઘડી છે; ચતુરના ચિતમાં ચડી છે રે. લટકાળી. ૪
લક્ષપતિને વ્હાલી ઘણી લાગી, લાખ સોનૈયે તો સુલતાને માગી, વાહ એની વરણાગી રે, લટકાળી. ૫
ચાલતી હંસીને દ્રદતી હરણી, વિશ્વ કહે એની ધન્ય વિચરણી; કવિ ન શકે ગુણ વરણીરે, લટકાળી. ૬
ખરીદ કરી ધન ખરચીને ઝાઝે, [2]કોડીલા છેલ છબીલાને કાજે; છત્રપતિને છાજે રે, લટકાળી. ૭
ઇશ્વરની રચના ગાઈ આ અમે, મહિમા તેનો કરેલો ઠામઠામે, દીઠો છે દલપતરામે રે, લટકાળી. ૮

ગીત ૭૬ મું.

વર તથા કન્યાના ફુલેકામાં (એટલે કે વરઘોડામાં) ગાવાનું ગીત ત્રીજું.

સાજનનું ગીત.

"સુડલા સારી સોબત લાવે." એ રાગ.

મળ્યા વરઘોડે જન મોટા, લીધા હાથ ગુલાબના ગોટા, નથા હારતોરાનાતોટારે, સજની સાજનની જો શોભા. ૧

[1] કન્યાને ગાવું હોય તો "ઘોડિયે ચઢ્યાં ચંપાબાઈ સંભાળી, પાનેતરની પલવટ વળી" એમ ગાવું. [2] કન્યાને "કોડીલી છેલ છબીલીને કાજે." એમ ગાવું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવ્યા શેહેર સુબા સુલતાન, આવ્યા દિલ ડાહ્યા દિવાન;
આવ્યા બળિયા બાહાદુરખાને રે, સજની. ૨
બન્યા વિચિત્ર બહુ સાબેલા, કોઇ મુગલ ફકીરંગી બનેલા;
કોઇ મરેઠી વેષ ધરેલા રે, સજની. ૩
છુટે બહુ વિધ આતસબાજી, છુટે બંદુક પણ બહુ ઝાઝી;
આખું ગામ રહ્યું તેથી ગાજી રે, સજની. ૪
શોભે રથ ગજ ને સુખપાલ, ધમકે બહુ ઘુઘરમાળ;
ઉડે અદ્ભુત અબિલ ગુલાલ રે, સજની, ૫
આરબી બેરખ મન ભાવી, અંગરેજી પલટન આવી;
વાજાં વિલાયતી તે લાવી રે, સજની. ૬
રચી સોના રૂપાની ફુલવાડી, ધરીછે વરરાજા[1] અગાડી;
જાણે ઝુકા સુરવનની ઝાડી રે, સજની. ૭
સર્વે જન શુભ જશ પામે, ઠરે લક્ષ્મી ઠામોઠામે;
દીધી આશીષ દલપતરામે રે, સજની. ૮

ગીત ૭૭ મું.

કન્યાના ફુલેકામાં ગાવાનું ગીત.

ચુંદડી વિષે.

"મારી સોરે સવાસોની ચુંદડી." એ રાગ.

તમે ઓઢો ચંપાબાઇ ચુંદડી;
એનો અજબ તરેહનો રંગ,
સલુણી ઓઢો સાહેબજાદી ચુંદડી;
ચુંદડીમાં અમરવેલ ચીતરી;
એ તો ઉપજાવે ઉરમાં ઉમંગ, સલુણી, ઓઢો. ૧
શાણા સસરા તમારા જગતસિંહે;
કરી ખરીદ તે ખરચીને દામ, સલુણી, ઓઢો;
શાણી સાસુ ફુલાદેએ મોકલી;
લડવાઇ તમારે કામ, સલુણી, ઓઢો. ૨
બેચરસિંહ તમારા જેઠ છે;
રાણી જીવકોરવહુ છે જેઠાણી, સલુણી, ઓઢો;
દેવીસિંહ તમારા દિએર છે;
વળી દેવકોર [2]વહુ છે દેરાણી, સલુણી, ઓઢો. ૩
વિમળાબાઈ તમારાં નણંદ છે;
એવી સારી છે સાસરવેલ. સલુણી, ઓઢો;
ચતુરસિંહ તમારા કંથ છે;
છોગાંવાળા છબીલા છેલ, સલુણી, ઓઢો, ૪
તમે પિયર પનોતાં છો પાતળાં;
તમે કનકારાણાની બેટી, સલુણી, ઓઢો;
માતા કનકાવતીને ઉદર વસ્યાં,
તમે સદ્ગુણ સંગ્રહ પેટી, સલુણી, ઓઢો. ૫
તમે ધનપાળભાઇનાં બેન છો;
તમે ગુલાબવહુની નણંદ, સલુણી, ઓઢો;
મુખ ચળકે તમારૂં મનોહરૂં;
જેવો ચળકે પુનમનો ચંદ, સલુણી, ઓઢો. ૬
તમે નારસિંહની ભાણેજી છો;
કમળસેન કાકાની ભત્રીજી, સલુણી, ઓઢો;
તમે નીતિના રસની અસરથકી;
મન ભીંતરમાં રહ્યાં ભીંજી, સલુણી, ઓઢો. ૭
તમે ચૌદ વિદ્યા ને ચોસઠ કળા;
તેનાં જાણોછો તત્વ તમામ, સલુણી, ઓઢો;
એવા સદ્ગુણ દેખીને દીલથકી;
દેછે આશીષ દલપતરામ, સલુણી, ઓઢો. ૮

ગીત ૭૮ મું.

વરને ઘેર લગનિયા લગન લઇને આવે ત્યારે ગાવાનું ગીત પહેલું.

લગન લાવ્યા વિષે.

"જીરે આજ મેંતે ચોળા પર્વત નોંતર્યા." એ રાગ.

જીરે આજ મારે આનંદ અતિ ઘણો:
આવ્યા કનકાજીના ગુરૂજી ગુણ ગંભિર,
શુભ લગન લખાવી લાવિયા,
હું તો લઊં લગનિયાનાં હરખે ઓવારણાં;
પ્રેમે પાઉં સારી સાકરનું કરી નીર શુભ. ૧
જીરે લગનિયાને આપું લાયક બેસણાં;
એના સાથીડાને શેત્રંજી શ્રીકાર, શુભ;
જીરે લગનિયાને આપું ઉતરવા ઓરડા;
એના સાથીડા ઉતરશે ઘર મોઝાર, શુભ. ૨
એના હાથીડાને નીરૂં સારી શેલડી;
એના ઘોડાને નીરૂં નાગરવેલ, શુભ;
આપું લગનિયાને ઉષ્ણોદક અંઘોળવા,
અંગે મરદન કરવા આપું તેલ ફુલેલ, શુભ. ૩
હું તો લગનિયા જણને જમાડું લાપશી;
એના સાથીડાને પણ સારો કંસાર, શુભ;

[1] કન્યાના ફુલેકામાં વરરાયની જગાએ ગાવું

[2] જો દિએર કુંવારો હોય તો "વળી આવતી વહુ છે દેરાણી." એમ ગાવું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મારે ઘેર રે આજ સગાં સનેહી સૌ મળ્યાં;
સ્નેહે કર્યો લગનિયાને સૌએ જુહાર, શુભ. ૪
વરનાં માતાજીએ લગન વધાવિયું;
વરના દાદાજીએ વાંચ્યું કરી વિવેક, શુભ;
જીરે લગનતણો શુભ દિવસ શ્રવણે સાંભળી;
જીરે રતનપુરીના હરખ્યા લોક અનેક, શુભ. ૫
જીરે લગનિયાને આપી શાલો પાઘડી,
એના સાથીડાને પણ સારો શિરપાવ, શુભ;
જીરે લગનિયા લાવ્યા તે લગન વાંચતાં,
જીરે રૂદિયામાં બહુ રીઝયા રાણા રાવ, શુભ. ૬
જીરે વિવા'નાં વાજાં વિધવિધ વગડાવિયાં,
જીરે સાકર વ્હેંચી તેનો નહિ શુમાર, શુભ;
જીરે મંગળ ગીત ગાય મળીને માનની;
જીરે શોભીતા સજિયા સૌએ શણગાર, શુભ. ૭
જીરે લગનિયાને આપીને વિદાગીરી;
જીરે કરવા માંડયું વર વિવા'નું કામ, શુભ;
જીરે પ્રભુ પ્રતાપે પગરણ શુભ પૂરૂં થજો;
જીરે દીલથી આશીષ દેછે દલપતરામ, શુભ. ૮

ગીત ૭૯ મું.

વરને ઘેર લગનિયા લગન લઇને આવે ત્યારે ગાવાનું ગીત બીજું.

"ત્રાંબા કુંડી તે નગર સોહામણી." એ રાગ.

સખી આજ વધાવોરે આવિયો; ઉપજાવીયો રે;
હરખ અપાર, સખી આજ મંગળ સોહલો;
મૈં તો મોંઘે મોતીડે વધાવિયો; મને ભાવીયો રે,
આજનો વાર, સખી. ૧
આજ તોરણ ટોડે બંધાવિયે; ગવરાવિયેરે,
મંગળ ગીત; સખી આજ મંગળ સોહલો;
ઘેર સ્નેહી સગાંને તેડાવિયે; ઉપજાવિયેરે,
પૂરણ પ્રીત, સખી આજ મંગળ સોહલો. ૨
ચોખાં મોતીડે ચોક પુરાવિયે, ઓપાવિયેરે,
આંગણું આજ, સખી આજ મંગળ સોહલો,
વળી મંગળ વસ્તુ મંગાવિયે, સંપડાવિયેરે,
શોભીતો સાજ, સખી આજ મંગળ સોહલો. ૩
આજ ઓરડિયા અજવાળિયે; રૂડા ઢાળિયેરે,
રંગ અમાપ, સખી આજ મંગળ સોહલો,
આજ સ્નેહની રીત સંભાળિયે; તેથી ટાળિયેરે,
તનંતણા તાપ, સખી આજ મંગળ સોહલો. ૪
અંગે શોભીતા શણગાર ધારિયે, ઉચ્ચારિયેરે,
સુખદ ઉચ્ચાર, સખી આજ મંગળ સોહલો,
વળી વિવિધ વિનોદ વધારિયે; સંભારિયે રે,
સરજનહાર, સખી આજ મંગળ સોહલો. ૫
રૂડા રંગે હવેલી રંગાવિયે; ચીતરાવિયે રે,
ચિત્ર વિચિત્ર, સખી આજ મંગળ સોહલો,
પ્રેમે દીપમાળા પ્રગટાવિયે વગડાવિયે રે,
વિવિધ વાજીંત્ર, સખી આજ મંગળ સોહલો. ૬
આજ સોના સમી ઘડી જાણિયે; ઉર આણિયેરે,
પૂરો પ્રમોદ, સખી આજ મંગળ સોહલો;
આજ પૂરણ પુણ્ય પ્રમાણિયે; મીઠી વાણિયેરે,
કરિયે વિનોદ, સખી આજ મંગળ સોહલો. ૭
આજ હરખ દેખું આખા ગામને; મારા ધામનેરે,
અધિક ધરાય; સખી આજ મંગળ સોહલો;
દીલે હરખ છે દલપતરામને; શુભ કામનેરે,
કરવા સહાય, સખી આજ મંગળ સોહલો. ૮

ગીત ૮૦ મું.

વરને ઘેર લગનિયા લગન લઇને આવે ત્યારે ગાવાનું ગીત ત્રીજું.[1]

રતનપુરમાં લગ્નની ધામધુમનું ગીત.

"તું તો લીલી પીળી પાંખના પોપટારે." એ રાગ.

જીરે રતનપુરમાં વાત બધે વિખ્યાત થઈ રે;
જીરે હરખ ઘણેરો ઉપજ્યો ઘેર ઘેર રે,
વિવા'ની શુણી વધામણી રે;
જીરે કંકુ છાંટીને લખી કંકોતરી રે;
જીરે શણગારવા માંડયું સુંદર શેહેરરે; વિવા'ની. ૧
જીરે મોટેરો રચવા માંડયો માંડવો રે;
જીરે વસ્તુ વ્હોરી વિવિધ પ્રકાર રે, વિવા'ની;
જીરે કારીગર તેડાવ્યા દેશો દેશના રે;
જીરે સોની બેસાર્યા ઘડવા શણગાર રે, વિવા'ની. ૨
જીયે જગસિંહ કુંવર કોડે કોડે પરણશે રે;
જીરે કનકારાણાકેરી કુંવરી સાથ રે, વિવા'ની;
જીરે દોલત ઉભરાશે આખા દેશમાં રે;
એવો દિન કયારે દેખાડે દીનાનાથરે, વિવા'ની. ૩

[1] આ ગીત નામ ફેરફાર કરીને કન્યાના બાપને ઘેર પણ ગવાય.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જીરે દિલ્હીનો[1] સુલતાન પુછે દીવાનને રે;
જીરે સોનું શાથી બહુ મોંઘું વેચાયરે, વિવા'ની;
જીરે જગસિંહજીરાણાનો પરણે બેટડો રે;
જીરે સોનું ઘણું ખરીદ કરે છે રાયરે, વિવા'ની. ૪
જીરે મુલકમાં તેથી સોનું મોંઘું થયું રે;
જીરે અચરજ ઉપજ્યું શુણતાં એવું કાન રે, વિવા'ની;
જીરે સુલતાનને ત્યાં પણ સાકર વ્હેંચી ઘણી રે,
જીરે દીલમાં રાજી બહુ થયા દીવાનરે, વિવા'ની. ૫
ત્યારે સુલતાને[2] કા'વ્યું રાણા જગસિંહને રે;
ઉરમાં આનંદ અતિ ઉપજ્યો અમને આજરે, વિવા'ની
જે જે જોઇએ તે વસ્તુઓ મંગાવજો રે;
સુખે કે'જો કાંઇ અમ સરખું હોય કાજ રે, વિવા'ની. ૬
હાથી ઘોડા તથા પેદલ રથ પાલખી રે,
જે જે અમારાં છે સર્વ તમારાં તેહ રે, વિવા'ની;
તમે જીવમાં જુદાઇ જરી ન જાણશો રે;
ઘણો આપણો છે જુનો અસલનો સ્નેહરે, વિવા'ની. ૭
મનથી મોટે હરખે મોટો વિવા' માંડજો રે;
મોટી આજ તમારે ઇશ્વરની છે મેર રે, વિવા'ની;
કહે દલપતરામ શાહે એમ કા'વિયું રે;
પ્રીતે પુત્રને પરણાવો રૂડી પેર રે, વિવા'ની. ૮

ગીત ૮૧ મું.

ગણેશ બેસારતાં તથા ગણેશ માટલીઓ લેવા જતાં ગાવાનું ગીત.

"મારે સોના સમોરે સૂરજ ઉગિયો." એ રાગ.

મારે આજનો દિવસ અતિ ઉજળો;
હું તો ગણેશ[2] વધાવાને જૈશ,
મારે સોના સમો રે સૂરજ ઉગિયો;
મોટે હરખે મેં પગરણ માંડિયું;
હું તો લાખેણો લ્હાવો લૈશ, મારે ૧.
આજ સુખનો રત્નાગર રેલિયો;
આજ લખમીની દીસે લીલાલ્હેર, મારે;

[1] આ ઠેકાણે પોતાના રાજાનું નામ ગાવું. જેમકે, વઢવાણમાં હોય તો "જીરે રાજા બાલસિંહજી પૂછે દીવાનને રે." ૨ આ ઠેકાણે રાજાનું અને વરના બાપનું નામ ગાવું. જેમકે, જીરે બાલસિંહજીએ કાવ્યું સુંદર શેહને રે."

૨ જે નાતમાં ગણેશનો ચાલ ન હોય ત્યાં "હું તો સજન મેળાવડામાં જશ" એમ ગાવું.

આજ દશે દિશાઓ દિસે ઉજળી,
આજ શોભી રહ્યું છે સારૂં શહેર, મારે. ૨
હું તો તરિયા તોરણ બંધાવું ટોડલે,
મોંઘા મોતીડે પૂરાવું ચોક, મારે;
હું તો વાજાં વગડાવું હેતે હરખનાં
લીલા જોવા મળે લાખો લોક, મારે. ૩
કહાવું વ્હાલાં સગાંને વધામણી;
કરૂં આનંદ ઓચ્છવ આજ, મારે;
આજ ધન્ય ઘડી ને ધન્ય દહાડલો;
જાણું આજ મળ્યું રૂડું રાજ, મારે. ૪
મારે આંગણે સાજન મળી આવશે;
મારાં ઝરૂખલાં ઝાકઝમાળ, મારે;
ઓપે ઇંદ્રાપુરી શા મારા ઓરડા;
સોના પત્રે મઢેલી પરસાળ, મારે. ૫
હું તો સુડલા કોયલડીને વિનવું;
કરો મારે આંગણે કલ્લોલ, મારે;
તને બેસી સોનાને સુંદર પાંજરે;
બોલો બોલો મધુરા મુખે બોલ, મારે. ૬
સજનની સારી વધામણી સાંભળી;
મને આનંદ વાધ્યો અંગોઅંગ, મારે;
આજ ક્રોડ દીવાળી જેવો દીન કહું;
વધ્યો એથી પણ વધતો ઉમંગ, મારે. ૭
આજ ઘેર ઘેર આનંદ છે ઘણો;
આજ શણગાર્યું છે સારૂં ગામ, મારે;
એવો ઉત્તમ અવસર જાણીને;
દેછે આશીષ દલપતરામ, મારે. ૮

ગીત ૮૨ મું.

બહારથી ગાતાં ગાતાં આવીને ઘરમાં પેસતાં ગાવાનું ગીત.

"સામેને ટોડે પેસતાં, ટોડરમલહો, રાજશુકન ભલેરા હોય" એ રાગ.

પ્હેલી તે પોળમાં પેસતાં, શોભા સરસ હો,
દીસે આંગણામાં ઉત્તમ બાગ;
ત્યાં બુલબુલ બહુ બેસતાં, શોભા સરસ હો,
જોતાં ઉપજે આનંદ અથાગ. ૧
ઉંચી ઉંચી મેડી ને માળિયાં, શોભા સરસ હો,
દીસે જગસિંહજીનો દરબાર,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોવા જેવાં ગોખ ને જાળિયાં, શોભા સરસ હો,
ઉભા દેવડિયે છડીદાર. ૨
આંગણે ઉભા હાથિયા, શોભા સરસ હો,
વાગે ત્રંબાળુ નોબત નાદ;
મોતીડે પૂર્યા છે સાથિયા, શોભા સરસ હો,
આપે ગુરૂજન આશીર્વાદ. ૩
ચંપો મોર્યો છે ચોકમાં, શોભા સરસ હો;
બોલે મેના શુક મધુરા બોલ;
જેમ દેવ દેવી દેવ લોકમાં, શોભા સરસ હો,
કરે નર નારી એમ કલ્લોલ. ૪
પાદશાહી પથરણાં પાથર્યાં, શોભા સરસ હો,
દીસે ઝુમ્મર ઝાકઝમાળ;
માણુક મોતીનાં તોરણ કર્યાં, શોભા સરસ હો,
બાંધ્યા ચીરના ચંદરવા વિશાળ. ૫
ગોરી મળી ગીત રૂડાં ગાયછે, શોભા સરસ હો,
જાણે કોયલ કરે ટહુકાર;
આનંદ ઓચ્છવ થાય છે, શોભા સરસ હો,
થાય ઝાંઝરનો ઝમકાર. ૬
અચરજ પામ્યા સજ્જન સહુ, શોભા સરસ હો,
જાણે લક્ષ્મીનો અહીંજ નિવાસ;
લક્ષ્મી તે કહિયે જીવકોર વહુ શોભા સરસ હો,
સુખ પૂરણ ચંદ્ર પ્રકાશ. ૭
ધન્ય ધન્ય જગસિંહરાયને, શોભા સરસ હો,
કોડે કરે પરમારથ કામ;
આખા એના કુટુંબ બધાયને, શોભા સરસ હો,
દેછે આશીષ દલપતરામ. ૮

ગીત ૮૩ મું.

મોસાળામાં ગાવાનું ગીત પહેલું.

મોસાળાની છાબ વિષે.

"મોહનજીએ મોકલ્યુંરે મોસાળું." એ રાગ.

મોસાળથી મોકલ્યુંરે મોસાળું રૂડું દીસે છે કેવું રૂપાળું, મોસાળથી મોકલ્યુંરે મોસાળું.
મોસાળામાં માણુક મોતી, જેની જળહળ ઝગમગે જ્યોતી; છાબ લૈ આવ્યાં મામી[1] પનોતી, મોસાળથી. ૧

[1] મામીને બદલે બીજી કોઇએ છાબ લીધી હોયતો "છાબ લૈ આવ્યાં છબીલી પનોતી." એમ ગાવું.

મ્હેલી છાબમાં મણિયોની માળા, રૂપા સોનાના ઘાટ રૂપાળા, સારા શોભેછે શાલ દુશાલા, મોસાળથીરે. ૨
ચરણા ચોળી ને દખણીનાં ચીર, જોવા ઇચ્છેછે ઉમદા અમીર; વળી વખાણે બાવનવીર, મોસાળથી. ૩
છાબમાં છે પાટણનાં પટોળાં, અમદાવાદી ઘણાં ઘરચોળાં; જોવા જનનાં મળ્યાં ટોળેટોળાં, મોસાળથી. ૪
છાબમાં શોભે સુરતની સાડી, ભભકાદાર ભાત ભજાડી જેવી શોભે સોનાતણી વાડી, મોસાળથી. ૮
છાબ સાથે છે મહાજન મળિયા, છાબ લાવે નાણાંનારે બળિયા; મારા મનના મનોરથ ફળિયા, મોસાળથી. ૬
છાબ સાથે છે રાયની સ્વારી, વાજાં વાગેછે મંગળ કારી; ગીત ગાય છે નૌતમ નારી, મોસાળથી. ૭
છાબ લાવ્યા છે જેહને કામે, પૂરૂં આયુષ્ય તે બહુ પામે; દીધી આશીષ દલપતરામે, મોસાળથી. ૮

ગીત ૮૪ મું.

મોસાળામાં ગાવાનું ગીત બીજું.

પૃથ્વી રૂપી છાબ વિષે.

"જનકરાયને માંડવે." એ રાગ.

પૃથ્વી રૂપી છે છાબડી, ભરિયાં પાનને ફૂલ;
સર્વે ધાતુવડે સજી, સુખથી થાય ન મૂલ.
રાય છબીલીરે છાબ છે. ૧
જોત જવાહીરની ઝગમગે, અગણિત વિધિના આકાર;
ચેતનમય ચિત્રો ચીતરાયાં પશુ પંખી નરનાર. રા. ૨
હોય કટોરારે નીરના, એવા સાગર અનેક;
મેવા મન માન્યા માહી છે છબિયે હદ વાળી છેક, રા. ૩
સાળુ શેલાં ને સાડિયો, સરસ દુશાલા સહિત;
વસ્ત્રો વિધવિધ વર્ણનાં, પેખી ઉપજે છે પ્રીત, રા. ૪
ગુણમય ગુચ્છ ગુલાબના, ચંપા ચંપેલી જાય;
મનહર ડમરો ને મોગરો, ગણતાં ગણ્યાં ન શકાય, રા. ૫
જુગતિ જોતાં જન જાતને, ચિતમાં ઉપજે વિચાર;
કારીગર એનો કોણ છે, ડહાપણનો ભંડાર. રા. ૬
હાથી ઘોડા ને હંસ છે, મેના પોપટ ને મોર;
છબિઓ મઝી છે છાબમાં, ચાતક કોયલ ચકોર, રા. ૭
જે જે વસ્તુઓ જાણિયે, તે છે તેમાં તમામ;
ધ્યાન ધરે એના ઇશનું, દીલમાં દલપતરામ. રા. ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગીત ૮૫ મું.

પરગામ પરણવા જાય ત્યારે વરને ઘેર ગાવાનું ગીત.

રસ્તામાં બંદોબસ્ત રાખવા વિષે

"માતા લીંપ્યા ને ગુંપ્યા મારા ઓરડા; માતા પગલાંનો પાડનારઆપો રન્નાદેવ,વાડીમાંરેલછેલમોગરો." એ રાગ.

સારૂં ઘરડું માણસ સાથે રાખજો;
સર્વે વાતે સલાહ તેની લેજો,
વરરાજા, પરદેશ જાઓ જ્યારે પરણવા;
હોય હલકી જગતમાં જેની આબરૂ;
તેનો તો અહીંથીજ તજી દેજો, વરરાજા પરદેશ. ૧
વાટે ચૈતરના તડકા તમને લાગશે;
સારી છત્રીઓ રાખજો સાથે, વરરાજા, પરદેશ;
સાથે સ્વાર ને પાળા સારા રાખજો;
સારાં હથિયાર હોય જેને હાથે, વરરાજા, પરદેશ. ૨
દેરા તંબુ ને રાવઠિયો રાખજો;
તમે અણજાણે મારગે ન જાશો, વરરાજા, પરદેશ;
રસ્તે અસૂરી વેળાએ ન ચાલશો;
વગડામાં ન રે'શો રાતવાસો, વરરાજા, પરદેશ. ૩
રસ્તે નદી નાળાં ઘણાં આવશે;
સારા ડુંગર દૂરથી દેખાશે, વરરાજા, પરદેશ;
ગામો ગામથી લેજો નવા ભોમિયા;
તમને તે સીધે રસ્તે લઇ જાશે, વરરાજા, પરદેશ. ૪
ત્યાંના તાલુકદારો મળવા આવશે;
તેઓ રોકે તો ઝાઝું ન રોકાશો, વરરાજા, પરદેશ;
રસ્તે ધુતારપાટણ આવશે;
ત્યાંની ઠગાઇથી ન ઠગાશો, વરરાજા, પરદેશ. ૫
તમે રસ્તામાં હુંશિયારી રાખજો;
અજાણ્યાનો ન કરશો વિશ્વાસ, વરરાજા, પરદેશ;
માળી ઢોલી તંબોળી આવે આશાથી;
તેમાં કોઇને ન કરશો નિરાશ, વરરાજા, પરદેશ. ૬
ભાતું ખાવા કે ભોજન કરવા જ્યાં રહો;
ત્યાં તો ભુખ્યાંની લેજો સંભાળ, વરરાજા, પરદેશ;
જ્યાં જ્યાં જાઓ ત્યાં કરજો કાંઇ નામના;
કરજો વિશ્વમાં કીરતિ વિશાળ, વરરાજા, પરદેશ. ૭
મુખે મીઠાં ને મનમાં કપટ ધરે;
એવા સાથે ન પાડશો કામ, વરરાજા પરદેશ;
સાચી જાણીને સ્નેહે સર્વે માનજો;
દેછે શિખામણ દલપતરામ, વરરાજા, પરદેશ. ૮

ગીત ૮૬ મું.

જાન પરગામ જતાં રસ્તામાં ગાવાનું ગીત પહેલું. જાન ઉઘલતી વખતે ગાવાનું ગીત.

વરને દાદીની શિખામણ.

"રઘુનાથજીની ઘોડલી" એ રાગ;

વરને દાદીમા કહેરે, શુણો શીખામણ સાર;
પુત્ર પરણવા પધારતાંરે. રૂડી રીતે રે'જો હુંશિયાર,
શાણા થજો સાસરે. ૧
લાંબી ફલંગે નવ ચાલીયે રે, બહુ ન બોલીયે બોલ;
વણ પૂછે વાત ઉચરે રે, તેનો તરત ઘટેછે તોલ શાણા.૨
અદબ ઉત્તમ રીતે રાખિયે રે, હશિયે ન ખડખડ હાસ;
ઉંચે ઘાંટે નઉચ્ચારિયેરે,બેસીયે નબહુ બાઇઓપાસ,શા.૩
સૌ જન શુણતાં વખોડિયે નહિ, જમતાં જમતાં અન્ન;
કરિયે ન મશ્કરી કોઇનીરે, મુખેવદિયે ન કૂરવચન,શા.૪
જમતાં અધિક જમિએ નહિ રે, પોતાનું પેટ તણાય;
અતિઓડકારનખાઇયેરે,જેથીજરૂરએઅદબીજણાય,શા.૫
બાળક કે દાસ દાસિને રે, બોલાવીયે દઇ માન;
કરિયેટુંકારોનહિકોઇનેરે,ઉરધરિયેનહિઅભિમાન,શા. ૬
પોતાનું કામ સર્યા પછી રે, માગિયે તરત વિદાય;
કામ વિના ન રોકાઇયેરેજેથીવ્યર્થવખતવહીજાય, શા.૭
ઉઘાડું અંગ ન રાખીયે રે, હોય ઘણો કદી ઘામ;
જોઅણવાણેપગેક્યાંઇજશોરે,દેશેઠપકોતોદલપતરામ,શા.૮

ગીત ૮૭ મું.

જાન પરગામ જતાં રસ્તામાં ગાવાનું ગીત બીજું.

જાનનું વર્ણન.

"ભમરો ઉડે રંગ મ્હોલમાં રે." એ રાગ,

ગાજેછે જાણે મેહુલોરે,વાગેછે વાજાં વિશાળ,જીયા વરની
જાનમાં રે;
ચમકેછે બળદો ચાલતાં રે; ઘમકેછે ઘુઘરમાળ, જીયા. ૧
શાણા સરદાર છે રે; રાણા અને વળી રાય, જીયા;
હાથે કડાં ધર્યાં હેમનાં રે, માથે છે કલગી જડાવ, જી. ૨
વાચક ઉચરે વિવેકથી રે, લાયક લક્ષણવંત, જીયા;
જેવા શૂરા જન જાદવોરે, એવો છે પુરૂષ અનંત,જી. ૩
સાગર સદ્‌બુદ્ધિતણા રે, નાગર નર છે અનેક, જીયા;
નેક નરેશની નારિયો રે, એકથી ઉત્તર એક, જીયા. ૪
ખંજન સરખાં નણછે રે, અંજન છે આંજેલ, જીયા;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અરસ દરસ ઈંદ્રાણિયોરે, સરસ પોશાકસજેલ, જીયા. ૫
ચરણે શોભે સોના સાંકળાંરે, કરણે શોભે કળાફૂલ, જીયા;
જ્યોતિતો ઝગમગે ઝાલનીરે, મોતીનુંનકળાયમૂલ,જી. ૬
વાણી મધુરી મુખથી વદેરે, જાણીએ બ્રહ્મકુમારી, જીયા;
પરમ પવિત્ર પતિવ્રતારે; ધર્મ રૂડો ધરનારી, જીયા. ૭
નરની સૂરત દીસે શોભતીરે, વરની સાથ દશવીસ, જી;
મલપતી દેખી મંડળીરે; દલપતરામ દેછે આશીષ, જીયા. ૮

ગીત ૮૮ મું.

જાન પરગામ જતાં રસ્તામાં ગાવાનું ગીત ત્રીજું.

રસ્તામાં બીજાં ગામ આવે તેને પાદર ગાવાનું ગીત.
"લીલુડા વાંસની વાંસળીરે, આડે મારગે વાગતી જાય."
એ રાગ.

ગામને ગોંદરે ગાજતી રે, આવી જ્યાં વરરાજાની જાન;
હાથિયા હીંડે મલપતા રે, જાણે મેઘઘટાની સમાન. ૧
ઘુઘરિયાળા રથ ઘણા રે, તેની ધમધમ ઘુઘરી થાય;
ગામમાંઅચરજઉપજ્યુંરે,આતેકિયોરાજા પરણવાજાય.૨
ટોળે ટોળાં ત્યાં જોવા મળ્યાં રે, જોઈ વરનું વખાણે રૂપ,
ત્યાંના તલાટીએ પૂછિયુંરે,રાજ ક્યાંનાછો ભારેભૂપ ? ૩
કેઇ માતાને ઉદર વસ્યારે, કિયા ભાઇતણા કુળ દીપ;
પુલાંદે માને ઉદર વસ્યારે, જગસિંહ કુળના અધિપ. ૪
રતનપુરીના રાજિયા રે, જાવું રાજનગર રૂડે શહેર;
કન્યા રૂડી છે કુંવારડી રે' રાણા કનકા વેવાઇને ઘેર. ૫
સુણીને તલાટી એમ કહેરે, એતો અમારા રાજાનામિત્ર;
બેઘડી અહીંયાંઢાળોકરોરે,છાયા વડનીછે વારૂ વિચિત્ર. ૬
મેવા મીઠાઇ લાવીને રે, ભલા કીધા તલાટીએ ભેટ;
વેઢિયા દશવીશ આપિયા રે, તે તોઉપાડવાને વેઠ ૭
ત્યાંથકી જાન આગળ વધીરે,ત્યાંતો સારાં થાયછેશુકન;
દલપતરામ દેખી કહેરે રે, વરરાજા તને ધન્યધન્ય. ૮

ગીત ૮૯ મું.

જાન પરગામ જતાં રસ્તામાં ગાવાનું ગીત ચોથું.

જાનની જુક્તિ વિષેનું ગીત

"સરસ્વતિસ્વામીને વિનવું;ગણપતિલાગવુંપાયરે."એરાગ.
જુગતિ જોઇ રૂડી જાનની, માનની પૂછેછે વાતરે;
સ્વારી ક્રિયાસુલતાનની ખાનની સેના છે ખ્યાતરે. ૧
દેશનો સુબો દેખાયછે, થાયછે અચરજ જોઇરે;
ક્યાંનો આ ભૂપ કે'વાયછે ? રાય છે રૂડેરો કોઇરે. ૨
કેણે આ કટક જમાવિયું ? આવિયું આ ક્યાંથી આજરે;
સરોવર આપણું શોભાવિયું,લાવિયું શોભાનો સાજરે.૩
સાથે ઘણા શૂરવીરછે, ધીર છે રાણીના જાયા રે;
મોટામોટા એ અમીર છે, શીર છે છત્રની છાયા રે. ૪
વિશ્વના લોકે વખાણિયા, તાણિયા તંબુ છે તેવારે;
પૂરીકિમ્મતના પ્રમાણિયા, આણિયા ક્યાંથકી એવારે.૫
પુરૂષ ઘણા પર નાતના, નાતનો નથી પારરે;
હાથી ઘોડા ભાતભાતના, જાતનાં ઉત્તમ સાર રે. ૬
શરણાઇના સ્વર થાય છે; ગાય છે ગાન્ધરવો ગાનરે;
રતનપુરીતણો રાય છે; જાય છે જોડીને જાન રે. ૭
વિદ્વાન જનનો વિશ્રામ છે, નામ છે ચતુર વરરાજરે;
દીલ ખુશી દલપતરામ છે, ઠામ છે ઠરવાનું આજરે. ૮

ગીત ૯૦ મું.

જાનને સામૈયું કરવા જતાં ગાવાનું ગીત પહેલું.

"જનક રાયને માંડવે." એ રાગ.

અતિ ઉછરંગથી આવે છે, જો વરરાજાની જાન;
લ્હાવ લશ્કર સાથે મળ્યું, રાયની સેના સમાન,
પડઘમ વાગે રસપૂરમાં. ૧
હારો હાર છે હાથિયા, ઉપર અંબાડી સોત;
ચમર ઢળેછે વરરાયને,ઝગમગ જળહળે જ્યોત, પડઘમ.૨
પડખે ઘુમે છે ઘોડલા, અલબેલા છે અશ્વાર;
બખતર પાખર શોભેબહુ,હાથેઘરિયાંહથિયાર, પડઘમ. ૩
ઘુઘરીયાળા છે રથ ઘણા, જોવાં દેવ વિમાન;
ઇંડાં ઝળકે સોનાતણાં,જોવા જેવી છે જાન, પડઘમ. ૪
જોબનવંતી જાનરડિઓ, ગાય છે મંગળ ગીત;
જાણે કોયલટહુકા કરે, ચતુરા ચોરી લે ચિત, પડઘમ. ૫
ત્રાંસાં ત્રંબાળુ ગડગડે, ઢમઢમ ઢમકે છે ઢોલ;
વાગે દેવનાં દુંદભી,અકળિત નાદ અણુતોલ. પડઘમ. ૬
આવી ગામને ગોંદરે, ઉતર્યાં સરોવર ઘાટ;
બેઠા રાયના બાગમાં, જુએ સામૈયાની વાટ, પડઘમ. ૭
માણસ જોવા બહુ મળ્યાં. જોઇ વરરાજાનું રૂપ;
કહે દલપત સર્વને ગમે, ભાસે ફાંકડો ભૂપ. પડઘમ. ૮

ગીત ૯૧ મું.

જાનને સામૈયું કરવા જતાં ગાવાનું ગીત બીજું.

"જીરે હુંરે ફલાણાભાઇ તમને વિનવું;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તમારી ચોવટમાં ફલાણોભાઇ તેડાવો માણારાજ,
કાંઇ ન જાણું કશી રીતે ચાલવું." એ રાગ.
મારા વગવાળા વેવાઇઓ તમને વિનવું;
કયાં રોકાયા આવડા અસુરા શું આવ્યા ?
માણારાજ, ભલે પધાર્યા વગવાળા વેવાઇઓ;
સાગે ઘરચોળાં ઘરસાડી શાલો પાઘડી;
લેવાદાણુ઼ઘણું શું દાણીએ અટકાવ્યા? માણારાજ ભ૦ ૧
તમને ઉતરવા આપીશું રૂડા ઓરડા;
વરરાજાને રૂડી મેડીઓને મેહેલ, માણારાજ, ભ૦
ત્યાંતો ગલીચા ને જાજમો બીછાવ્યાં છે;
ઉપર ચીતરના ચંદરવા છે બાંધેલ, માણારાજ, ભ૦ ૨
તમારા ઘોડલા બંધાવીશું ઘોડારમાં;
બળદો બાંધવા તબેલા છે તૈયાર, માણારાજ, ભ૦
સોના રૂપાની મેખો ઘડાવી છે ઘણી;
તમારા હાથીડા બંધાવો હારોહાર, માણારાજ, ભ૦ ૩
તમારે મર્દન કરવા અત્તર ને ફુલેલ છે;
ઉષ્ણોદક મૂકયાંછે કરવાને અંઘોળ, માણારાજ, ભ૦
તમારે પિતામ્બર મૂકયાં છે રૂડાં પ્હેરવા;
કોઇછે લીલાં પીળાં કોઇછે રાતાંચોળ,માણારાજ,ભ૦ ૪
રત્ન જડેલા રૂડા બાજઠ છે બહુ બેસવા;
સરસ ઘડાવ્યાછે સોના રૂપાના થાળ, માણારાજ ભ૦
જળ પીવાને લોટા કાશીના મગાવિયા;
ચોખાકનક કટોરા ઝળકે ઝાકઝમાળ,માણારાજ,ભ૦ ૫
ભોજન કરવાને પકવાનો ભાત ભાતનાં;
તેતો તાજાં તાજાં કીધાં છે તૈયાર, માણારાજ ભ૦
પાન સોપારી સાથે લવિંગ ઇલાયચી;
હેમ રકાબી પૂરી મૂકી છે હજાર, માણારાજ, ભ૦ ૬
તમારે રમવા રૂડાં સેતરંજ ને સોગઠાં;
પાસા પરવાળાના કીધા રૂડી પેર, માણારાજ, ભ૦
વાંચો તો રૂડી ચોપડીઓ મૂકી વાંચવા;
નવરસનાટકને કવિતાની લાયક કહેર,માણારાજ,ભ૦ ૭
ભમર પલંગ ઢળાવ્યા છે ત્યાં પછીથી પોઢવા;
ને ઉપર બીછાવી મખમલની તળાઇ, માણારાજ,ભ૦
ઉમદા પલંગપોસ બીછાવ્યા છે તે ઉપરે;
દલપત કહે ત્યાં સુજની ને રજાઇ, માણારાજ, ભ૦ ૮

ગીત ૯૨ મું.

વરને કલવો જમાડે ત્યારે ગાવાનું ગીત.

"ભર્યો ભર્યો રે રત્નાગર ગાજેછેરે." એ રાગ.

પ્રેમે સાસુજીએ[1] પીરશ્યો કલવો;
એનો કલવાનો સ્વાદ અપાર, જમાઈ જમે કલવો રે;
જેવો હોય પંચામૃતનો હલવોરે;
કર્યો સાસુજીએ એવો શ્રીકાર,   જમાઇ. ૧
એમાં સાકર ને ઘી ઘણાં ઘાલીયાં રે;
તેમાં તાજી તાજી તજ ને તમાલ,   જમાઇ;
માંહી ભભકતાં જાયફળ ભરીયાં રે;
તેવો લવિંગ ઇલાયચીનો તાલ,   જમાઇ. ૨
તેમાં જાવંતરી ખસખસ ટોપરૂં રે;
બહુ ચારોળી ને પીસ્તાં બદામ,   જમાઈ;
એમાં ખારેકનું ચૂરણ છે ખરૂં રે;
તેમાં સરસ તેજાના તમામ,   જમાઇ. ૩
જે કોઇ જનમીને કલવો ન જમિયો રે;
એનો અફળ ગયો અવતાર,   જમાઇ;
તે તો જનમ્યો જગમાં ન જનમિયોરે;
તેણે લ્હાવો ન લીધો લગાર,   જમાઈ. ૪
જેને દીસે દયા જગદીશની રે;
એવા કલવાનો એને અધિકાર,   જમાઇ;
જેને ખબર નથી દીનનીશનીરે;
તે શું જાણે કલવાનો પ્રકાર?   જમાઇ. ૫
એ તો કલવો છે દુર્લભ દેવને રે;
જેમ સાગરને પુષ્ટ કરે સોમ,   જમાઇ;
કરે પુષ્ટ એમ કલવો અવેતેવને રે;
એનો રસ પસરે રોમ રોમ,   જમાઇ. ૬
ઇચ્છે કલવાને શાણા રાણા રાજિયારે;
ઇચ્છે કલવાને સુબા સુલતાન,   જમાઇ;
ઇચ્છે કલવાને કોવિદ કાજિયા રે;
ઇચ્છે પીર ને પેગંબર સમાન,   જમાઇ. ૭
જમે કલવો તેને સાબાશી કહો રે,
જાણી કલવાનું કામ આ ઠામ,   જમાઈ;
જમે કલવો તે ઘણું જીવતા રહો રે;
દેછે દુવા એવી દલપતરામ,   જમાઇ. ૮

---

૧ કલવો પીરસનાર સાસુ ન હોય ને બીજું કોઇ હોય તો એમ ગાવું કે "કોડે સાસુજીએ મોકલ્યો કલવોરે."

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

ગીત ૯૩ મું.

વર તોરણ ચઢતાં વરઘોડામાં ગાવાનું ગીત પહેલું.

"મારી સોરે સવાસોની ચુંદડી." એ રાગ.

અંગે પ્હેર્યો જામો જરિયાનનો; ખભે શોભે.
સોનેરી શાલ, જીયાવર ચઢયા રાયજાદા ઘોડલે;
માથે બાંધ્યું મેવાડી મોળિયું;
જોઈ અંતર ઉપજે વ્હાલ, જીયાવર. ૧
કાન્તિ કલગી તોરાની હું શી કહું;
ભમે ભમરા લેવાને સુગંધ, જીયાવર;
જેમાં હેમની સાથે હીરા જડયા;
શીર બાંધ્યો સારો શીરબંધ, જીયાવર. ૨
બાંહે બાંધ્યા બાજુબંધ બેરખા;
હૈડે પહેર્યા હીરાના હાર, જીયાવર;
પહેર્યા કીમતી કુંડળ કાનમાં;
મુખ તેજતણો અંબાર, જીયાવર. ૩
પહેરી પોંચે હીરે જડી પોંચિયો;
વેઢ વીંટીઓ નંગ જડાવ, જીયાવર;
જોતાં રૂપ તમારૂં રાજવી;
દીસે દીસોત જેવો દેખાવ, જીયાવર. ૪
પ્રીતે પહેર્યા પિતામ્બર ઓપતાં;
બહુ શોભે બુટ્ટાદાર કોર, જીયાવર;
કેડે કનકનો કંદોરો કીમતી,
તેને મોઢિયે કનકના મોર, જીયાવર. ૫
પગે પ્હેર્યા સોનાનાં સાંકળાં;
રૂડી મોજડીઓ મઝાદાર; જીયાવર;
રાખી હેમની ચાબુક હાથમાં;
સજી સરવે સારા શણગાર; જીયાવર. ૬
અંગે કસ્તુરીનું મરદન કર્યું;
તેથી પસરેછે સરસ સુવાસ, જીયાવર;
રાજે હોઠ રાતા રળિયામણા;
કરી પાન બીડી મુખવાસ, જીયાવર. ૭
જન નગરીના સર્વ જેવા મળ્યા;
તે તો રૂપ વખાણે તમામ, જીયાવર;
રહો જગમાં જુગોજુગ જીવતા;
દેછે આશીષ દલપતરામ, જીયાવર. ૮

---

૧ વર તોરણુ ચઢતાં ગાવાનું ગીત કન્યાના ફુલેકામાં પણ ગવાય.

ગીત ૯૪ મું.

વર તોરણ ચઢતાં વરઘોડામાં ગાવાનું ગીત બીજું.

"રાજ બનડા." એ રાગ.

ઓ બનડાજી તમે પરણવા પધારો;
સદ્ગુણથી તન શણગારે, રાજ બનડા;
જે પવિત્રતા રૂપી પિતામ્બર ધારો;
તો શોભે વેષ તમારો, રાજ બનડા. ૧
જે જ્ઞાનતણો ઝગમગ પ્હેરો જામો;
તો પૂરણ શોભા પામો, રાજ બનડા;
શિયળ ગુણનો શીરબંધ રૂડો શીર બાંધો;
તો વળતી ન રહે વાંધો, રાજ બનડા. ૨
શુભ લક્ષણના તોરા તે પર લટકાવો;
તો સહુને મોહ ઉપજાવો, રાજ બનડા;
જે સત્યપણાનો મુખે કરો મુખવાસ;
તો પસરે સરસ સુવાસ, રાજ બનડા. ૩
જે શરમતણો સુરમો આંખોમાં આંજે;
તો કોઇથી કદી ન ગાંજે, રાજ બનડા;
જે મધુર વચનની કંઠે કંઠી પ્હેરો;
તો ચળકે સુંદર ચહેરો, રાજ બનડા. ૪
જે હૈડે ધારો હિમત હીરનો હાર;
તો પ્રગટે તેજ અપાર, રાજ બનડા;
જે પરમારથની પોંચી પોંચે ધારો;
તો શોભે હાથ તમારો, રાજ બનડા. ૫
જે ક્ષમા સરૂપી ખડગ ખરૂં કર ધરશો;
તો જગ જીતી વશ કરશો, રાજ બનડા;
ઉદ્યોગ સરૂપી ઉત્તમ ઘોડે ચઢશો;
તો રિધ સિધ સર્વ પકડશો, રાજ બનડા. ૬
જે શુભ જશકેરાં વાજાં જગમાં વાગે;
તો બીજાં નકામાં લાગે, રાજ બનડા;
જે વિદ્યાની વરણાગી ઓપે અંગે;
તો સાજન રે'શે સંગે, રાજ બનડા. ૭
જે અવગુણકેરી કરશો આતસબાજી;
તો રે'શે ઇશ્વર રાજી, રાજ બનડા;
જે ચઢો તમે ઉત્તમ વરઘોડે આમ;
દે આશીષ દલપતરામ, રાજ બનડા. ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગીત ૯૫ મું.

વર તોરણ ચઢતાં વરઘોડામાં ગાવાનું ગીત ત્રીજું.

શુભ લગને સાંચરવાનું ગીત.

" એક હાર માંહેલો હીરો; મારી સગી નણંદનો વીરો રે, રૂડલા સારી સોબત લાવે. " એ રાગ.

લાડણાને લાડણી કાવે; મને ભોજન પાન ન ભાવે;
જાણું સાહેબો કયારે આવેરે, સાહબા શુભલગનેસાંચરજો. ૧
તમે ગુણનિધિ છો ગંભિરા; મારા હારતણા છો હીરા;
મારી સગી નણંદના વીરા રે, સાહબા. ૨
તમે છો સહુ જનથી સારા; મને પ્રાણ થકી પણ પ્યારા;
મારા લોચનના તમે તારા રે, સાહબા. ૩
હું તો જનમો જનમ તમારી; તમે નરવર ને હું નારી;
નહિ તો રહું જનમ કુંવારી રે, સાહબા. ૪
જેમ ચકોર ચંદની પ્રીત; જેવું મચ્છનું જળમાં ચિત;
મારૂં મન તમમાં એવી રીત રે, સાહબા. ૫
મેં તો કરી તમ અરથે કાયા; મને લાગી તમારી માયા;
મારી સગી સાસુના જાયા રે, સાહબા. ૬
મેં તો વાંચ્યાં તમારાં વેણાં; દીલમાં લાગ્યાં સુખ દેણાં;
હવે નિરખવા તરસે નેણાં રે, સાહબા. ૭
ધન્ય ધન્ય સતી પતિનો સ્નેહ; છવ એક ને જુદા દેહ;
કહે દલપત છવજો એહ રે, સાહબા. ૮

ગીત ૯૬ મું.

વર તોરણ ચઢતાં વરઘોડામાં ગાવાનું ગીત ચોથું.

લાડણીના સંદેશાનું ગીત.

" આછા ઘુંઘટ વહુને વ્હાલેરા લાગે. " એ રાગ.

રૂડું છે રાયજાદા રૂપ તમારૂં;
રૂપ તમારૂં ને કામણગારૂં,
મોહ પામ્યું છે મન મારૂં, કેસરિયાલાલ,
રૂડું છે રાયજાદા રૂપ તમારૂં. ૧
કાગળ વાંચી મારૂં કાળજું હરિયું,
અંતરમાં વચને વચન ઉતરિયું,
તમને વરવાનું નક્કી કરિયું,
કેસરિયાલાલ, રૂડું છે. ૨
સુખ થશે જયારે સાહબો મળશે;
મનના મનોરથ સુફળ ફળશે;
ત્યાં સુધી મન ટળવળશે,
કેસરિયાલાલ, રૂડું છે. ૩
જોશી મુરખ જેણે લગન જોઇ આપ્યું;
વ્હેલું ન આપ્યું ને વેગળું થાપ્યું;
વગર વિચાર્યું કેમ છાપ્યું?
કેસરિયાલાલ, રૂડું છે. ૪
ત્રીસ ઘડીનો દિવસ પ્રથમ ગણાતો;
દિવસ દીસે છે વર્ષ જેવડો આતો;
શું કરૂં કે મેં નથી જાતો,
કેસરિયાલાલ, રૂડું છે. ૫
જલદી પધારો મારી સાસુના જાયા;
મુજને લાગી તમારા મુખડાની માયા;
કુરબાન કીધી મેં તો કાયા;
કેસરિયાલાલ, રૂડું છે. ૬
ચોંપ કરીને ત્યાંથી જાન ચલાવો;
સાહબા આવી મારૂં શહેર શોભાવો;
વ્હાલા વેગેથી વ્હેલા આવો,
કેસરિયાલાલ, રૂડું છે. ૭
જે સાત પતિ પૂરો સ્નેહ કરેછે;
તેના ઉપર પ્રભુ રાજી રહેછે;
દલપત આશીષ દેછે,
કેસરિયાલાલ, રૂડું છે. ૮

ગીત ૯૭ મું.

વર તોરણ ચઢતાં વરઘોડામાં ગાવાનું ગીત પાંચમું.

લાડણીના પ્રેમના પત્રનું ગીત.

" હંસા તે વરણી ને મરગાં તે નયણી. " એ રાગ.

લાડણી તે લાડાને પત્ર લખે છે,
વ્હેલા પધારવા વિનતી કરેછે;
મળવાને મન તરસેછેરે, રંગ રસિયા,
વ્હાલમ મુજ મન વસિયા. ૧
મુજ મન વસિયા રૂડા રંગ રસિયા;
હેતે જે દિવસ સામું જોઈ હસિયા;
એવાજ અંતર ઠસિયારે, રંગ રસિયા, વ્હાલમ. ૨
આજ ને આજ ઉતાવળા આવો;
વિરહ વિજોગના તાપ સમાવો;
હેતે હરખ ઉપજાવોરે, રંગ રસિયા, વ્હાલમ. ૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વારે વારે ઘણી વાટ જોઊંછું;
ઉડતાં પંખીને વાત પૂછુંછું;
પ્રેમથી પત્ર લખુંછુંરે, રંગ રસિયા, વ્હાલમ. ૪
જીવન તમ સાથે જીવ જ્હાણ્યો;
સ્નેહથી સાચો સંબંધ બંધાણો;
તે તો તમે સર્વ જાણોરે, રંગ રસિયા, વ્હાલમ. ૫
વિપળ વિજોગની જુગ જેવી જાય;
રજની દિવસ દૂર કેમ રેવાય;
જીવમાં જંપ ન થાયરે, રંગ રસિયા, વ્હાલમ. ૬
જગદીશે જ્યારે મને ઉપજાવી;
જો હોત પંડમાં પાંખો બનાવી;
ઉડીને મળત હું આવીરે, રંગ રસિયા, વ્હાલમ. ૭
ઉતાવળા આવી મળજો આ ઠામ;
માનજો સત્ય મુખ વચન તમામ;
જે કહે દલપતરામરે, રંગ રસિયા, વ્હાલમ. ૮

ગીત ૯૮ મું.

વર તોરણ ચઢતાં વરઘોડામાં ગાવાનું ગીત છઠ્ઠું.

કન્યાના ઘર પાસે વરઘોડો આવે ત્યારે ગાવાનું ગીત.

" કેસર કસ્તુરી કમેકમે જોને." એ રાગ.

લાયક સખી સાથે લાડણી જીરે;
વ્હાલમની કરે વાત, રાજ,
મને વ્હાલો લાગે વર લાડણો જીરે;
જોઇ અસવારી વરરાજાતણી જીરે;
શોભીત સુરપતિ સાક્ષાત, રાજ, મને. ૧
દોડી આવીને કહ્યું દાસિયે જીરે;
આવ્યો વરઘોડો ઘર પાસ, રાજ મને;
ઉંચી ચઢી હું તો અગાસિયે જીરે;
પેખવા સુખનો પ્રકાશ; રાજ, મને. ૨
ઘોડા ઘુમેછે ઘણા જોરથી જીરે;
હાથિયા હીંડે હારોહાર, રાજ, મને;
વાજે ત્રંબાળું ઘણા ઘોરથી જીરે;
પડઘમનો નહિં પાર, રાજ, મને; ૩
ભેર ભુંગળ ભાતભાતનાં જીરે;
સેંકડો વાજે સરણાઈ, રાજ, મને;
જન જોવા મળ્યા જાત જાતનાં જીરે;
નિરખતાં લાગેછે નવાઈ, રાજ, મને. ૪
કેસર કસ્તુરી કેનડે જીરે;
થોકે થોકે ભર્યા છે થાળ, રાજ, મને;
તાજી સુવાસ ચાલી તેવડે જીરે;
ઉડેછે અબીર ગુલાલ, રાજ મને. ૫
ફેરેછે વળી રૂડા ફૂલના જીરે;
ગજરા તોરા ને હૈયે હાર, રાજ, મને;
મોતીના તોરા મોંઘા મૂલના જીરે;
શીરપર ધરે સરદાર, રાજ, મને. ૬
છેલ છબીલાને છે છાજતું જીરે;
છત્ર સોનાનું છટાદાર, રાજ, મને;
રૂપ રસિક છે બિરાજતું જીરે;
અદભુત તેજનો અંબાર, રાજ, મને. ૭
વરઘોડો શું ઘણો વખાણિયે જીરે;
કહી ન શકાય તમામ, રાજ, મને;
વરણન કરી કંઈક વાણિયે જીરે;
દે દુવા દલપતરામ, રાજ, મને. ૮

ગીત ૯૯ મું.

પોંખતી વખતે બન્ને પક્ષની સ્ત્રીઓને ગાવાનું ગીત.

" હળવી હળવી પોંખેરે, વેવાણ પોખાં." એ રાગ.

તોરણ આવી અલબેલો વર ઉભા,
સુંદરીઓ નિરખેછે સારી શોભા;
જાનૈયાએ અંતરપટ આડું ધરિયું,
લાડણીએ તંબોળ છાંટણ કારયું. ૧
ઉમંગથી પોંખવા સાસુજી આવ્યાં,
જગજન પોપણનાં રાચ લાવ્યાં;
ધુંશળ મુશળ ને વલ્હોણાનો વાંસ,
ત્રાક તીર શરિયા સંપુટ પાસ. ૨
કંકુનું તિલક કર્યું વરને કપાળ,
ચોખા ચોડયા અંતરમાં ધરી વ્હાલ;
પછી પ્રેમે પોંખણું લઇને પ્રત્યેક,
વરને ઓવારણે કીધું હરેક. ૩
પ્રથમ તો ધુંસરૂં ઓવારણે કીધું,
ગાડી ઘોડા સરવસ વારી દીધું;
મુશળથી રસકસ જેહ કઢાય,
વરને ઓવારણે તેહ કરાય.
વાંસ વડે સરવે ગોરસ સાર,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્રાકવડે વસ્ત્રો વિવિધ પ્રકાર;
તીરવડે શસ્ત્ર અનેકનો સાજ,
તે તો કર્યો વરને ઓવારણે આજ. ૫
શરિયાની લેખણથી જેહ લખાય,
સંપુટથી પેટી મજુસ સમન્તય;
ઇંઢિયાંથી સુનાનું ચણતર જેહ,
કોડે કર્યું વરને ઓવારણે તેહ. ૬
પીંડિયાંથી વિવિધ પ્રકાર પકવાન,
વરને ઓવારણે કર્યું કુરબાન;
કળશભરી જળ ફેરવી રેડી દીધું,
જાણે નીજ જીવન વારણે કીધું. ૭
નાક સાફ કરી સુત સમ ગણી લીધો;
સંપુટિયા ઉપર વરે પગ દીધો;
રાયવર માંયરામાં બેઠા આવી,
શોભા સારી દલપતને દીલ ભાવી. ૮

ગીત ૧૦૦ મું.

માંયરાનું ગીત. [૧]

" લાડી આવડાતે દહાડા તમે ક્યાં રહ્યાંરે." એ રાગ.

પ્રેમે માંયરામાં વરરાજા પધારિયા રે,
આપી બેસવાને આસન બેસારિયા રે;
સાસુ સસરાએ મધુપર્કે પૂજિયા રે,
ગાય ગુણીજન ગાન રમુજિયા રે. ૧
કન્યાને મામે ત્યાં કન્યાને પધરાવિયાં રે,
ભારે ભભકો જોતાં સહુને ભલાં ભાવિયાંરે;
પ્હેર્યું પાનેતર જાદરની કાંચળી રે,
હાથીદાંત તણો ચુડો કરમાં વળી રે. ૨
અંગો અંગે ધર્યા સારા શણગાર છે રે,
આછા ઘુંઘટમાં તેજનો અંબાર છે રે;
ચોખા ચોઢેલા છે કંકુપીળ કાઢીછે રે,
માથે મ્હોડ મૂકી ચુંદડી ઓઢાડીછે રે; ૩
પોંચે મીંઢળનાં કાંકણ છે બાંધિયાં રે,
વસ્ત્ર છેડા બાંધ્યા જાણે સ્નેહે સાંધિયા રે;
વર કન્યા તણી કોટે વરમાળ ધરીરે.
બન્ને કુળતણા ગોત્રનો ઉચ્ચાર કરી રે. ૪
મળી બ્રાહ્મણ ત્યાં મંગળ અષ્ટક ભણે રે,
તે તો સર્વ જન સ્નેહ ધરીને સુણે રે;
શુભ લગ્ન સમે તાતે કન્યા દાન કર્યું રે,
ત્યારે મુખથી વચન કહ્યું મર્મ ભર્યું રે. ૫
કરશે સહાયતા ધર્મ અર્થ કામમાં રે,
માટે જુદી નવ ગણશો કોઇ ઠામમાં રે;
વરે કબુલ કર્યું કે જુદી નહિ ગણું રે,
એમાં સર્વ અર્થ આવ્યો કહું શું ઘણું રે. ૬
ત્યાં તો હરખનાં વાજાં વગડાવિયાં રે,
ગીત મંગળ અનુપમ ગવરાવિયાં રે;
આપે આશીર્વાદ મળી વિપ્ર વેદિયા રે,
ભલા વેદતણા મંત્રના જે ભેદિયા રે. ૭
દીધાં જાચકને દાન ભાતભાતનાં રે,
થયાં વખાણ બન્નેનાં માત તાતનાં રે;
સુખ ઉપજ્યું ત્યાં સજ્જન તમામને રે,
દીલે હર્ષ વધ્યો દલપતરામને રે. ૮

[૧] આ ગીત વર તથા કન્યા બેઉના તરફથી ગાઇ શકાય તેવું છે.

ગીત ૧૦૧ મું.

માંયરાના વર્ણનનું ગીત.

" ચઢ વરઘોડે ને વાંકે અંબોડે." એ રાગ.

માંયરામાં વર કન્યા બિરાજે,
વિવિધ પ્રકારનાં વાજિત્ર વાજે;
ગર્જના તેની તો ગગનમાં ગાજે,
આજ અંતર ઠર્યું આનંદે. ૧
વર કન્યાએ પ્હેરી વરમાળા,
બેસવા બાજઠ છે રતનાળા;
મેળવ્યા હાથે હાથ રૂપાળા,
આજ અંતર ઠર્યું આનંદે. ૨
ગોરી મળી ગીત મંગળ ગાય,
હૈડામાં હેતુ જનો હરખાય;
સમયની શોભા કહી ન શકાય,
આજ અંતર ઠર્યું આનંદે. ૩
મંગળ કામનું મુહુરત જાણી,
વિપ્રો વદે સુખ મંગળ વાણી;
રાજી થયા રુદે રાજાને રાણી,
આજ અંતર ઠર્યું આનંદે. ૪
બંદી જનો બિરદાવળી બોલે,
રાજાજી ધનના ખજાનારે ખોલે;
આપે છે દાન ત્યાં તો અણુતોલે,
આજ અંતર ઠર્યું આનંદે. ૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્તમ જનનો જનમદિન એક,
લગ્ન દિવસ પણ ઉત્તમ છેક;
ત્રીજો ઉત્તમ દિન રાજ્યાભિષેક,
આજ અંતર ઠર્યું આનંદે. ૬

ઉત્તમ એ ત્રણ દિવસ ગણાય,
અવર હરખ એની તુલ્ય ન થાય;
બંધીવાનના બંધ છોડાય,
આજ અંતર ઠર્યું આનંદે. ૭

ઘણું જીવો એ વર કન્યા આ ઠામ,
પ્રભુ એની પુરજો હૈડાની હામ;
દીલથી દુવા દેછે દલપતરામ,
આજ અંતર ઠર્યું આનંદે. ૮

ગીત ૧૦૨ મું.

હસ્ત મેળાપ સમે ગાવાનું ગીત.

સંગીત રાગ.[1]

વર કન્યાના હાથ મળ્યા, આનંદ વધ્યો છે આજે;
નોબતના બહુ નાદ થયા, પલટણની પડઘમ વાજે.
કડકડ ધિન્નાં, કડકડ ધિન્નાં કડકડ ધિન્નાં ધિન્નાંધિન્નાં
ત્રણણણ ત્રણણણ ત્રાંસાં વાજે, ધિનકટ ધિનકટ ધિન્નાં.
કડકડ ધિન્નાં, કડકડ ધિન્નાં, કડકડ ધિન્નાં ધિન્નાં ધિન્નાં૧

સુરવર મુનિવર નરવર સરવે, રૂદિયામાં બહુ રાચે;
નિર્મળનારીનૃતકરનારી, થનગનથનગનથનગનનાચેકડ. ૨

ઝમઝમ ઝમઝમ ઝાંઝર ઝમકે, ઘમ ઘમ ઘુઘરા ઘમકે;
ઠમઠમ કાંબી કડલાં ઠમકે, ઘમ ઘમ ધરણી ધમકે, કડ. ૩

પળમાં તો તે ઘુંઘટ તાણે, પાળમાં ઘુંઘટ ખોલે;
તનનન તાથૈ તનનન તાથૈ, તનનન તાથૈ બોલે, કડ. ૪

ગડડડુડડ ઘન ઘટા ચઢીને, જેમ ગગનમાં ગાજે;
ઢુંઢુંઢુંઢું ઢમકઢમક ઢમ, વડાં ત્રંબાળુ વાજે. કડ. ૫

ઝકુંબ ઝકુંબ ઝકુંબ ઝૈયાં, વાજે ડુકડ મૃદંગ;
ચુકચુકચુકચુકચુકુકચુકુક ચુક, વાજે ચંગ ઉપંગ, કડ.૬

ભરરરર ભું ભું ભરરરર ભુંભું, વાજે ભુંગળ ભેર;
ઝણણણ ઝણણણ ઝાલર ઝમકે, ઘણણણઘુઘરી ઘેર કડ. ૭

વર કન્યા રિદ્ધિ ને સિદ્ધિ, નવ નિધિ પણ પામે;
આશીષ ઉત્તમ એવી વિધિ, દીધી દલપતરામે, કડ. ૮

[1] ચોપાયા છંદની છાયામાં પણ ગવાય છે.

ગીત ૧૦૩ મું.

વર કન્યાના હાથ મળ્યા વિષેનું ગીત.

"તું તો ઉતર વેવાણ હેઠી રે." એ રાગ.

ઢોલા ઢમકયારે, વર વહુના હાથ મળ્યા,
હાથી ચમકયારે, વર વહુના હાથ મળ્યા,
વાજાં વાગ્યાંરે, વર વહુના હાથ મળ્યા,
જનો જાગ્યારે, વર વહુના હાથ મળ્યા. ૧

તોપો છુટીરે, વર વહુના હાથ મળ્યા,
બેડી[1] ત્રુટીરે, વર વહુના હાથ મળ્યા;
હેતાં હરખ્યાંરે, વર વહુના હાથ મળ્યા,
પ્રેમે પરખ્યાંરે, વર વહુના હાથ મળ્યા. ૨

જેમ સજ્જન સજ્જન સાથ મળ્યા,
એમ વર ને કન્યાના હાથ મળ્યા;
જેમ નદી ને નદીનો નાથ મળ્યા,
એમ વર ને કન્યાના હાથ મળ્યા. ૩

જેમ દુધમાં સાકર જાય ભળી,
એમ વરને કન્યાની જોડ મળી;
જેમ ફુલમાં હોય સુવાસ વળી,
એમ વર ને કન્યાની જોડ મળી. ૪

જેમ કુંદનમાં જડી હીરાકણી,
એમ વર ને કન્યાની જોડ બણી;
જેમ ચંદ ને ચાંદની ચંદતણી,
એમ વર ને કન્યાની જોડ બણી. ૫

જેમ શોભે છે લ્હેરો સાયરામાં,
એમ વર ને કન્યા શોભે માંયરામાં;
જેમ શોભે શીતળતા વાયરામાં,
એમ વર ને કન્યા શોભે માંયરામાં. ૬

જેમ સારસ શોભે સજોડે કરી,
એમ વર ને કન્યાની જોડ ઠરી;
જેમ ઇંદ્ર ઇંદ્રાણીની જોડ ધરી,
એમ વર ને કન્યાની જોડ ઠરી. ૭

શોભે દેવ દેવી શણગાર સજી,
એવી વર ને કન્યાની જોડ ભજી;
વર કન્યાની જોડ અખંડ રહે,
રૂડી આશીષ દલપતરામ કહે. ૮

[1] કવીશ્વર દલપતરામ લખે છે કે "રાજા હોય તો તે વખતે બંધીવાનને છોડી મૂકે છે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગીત ૧૦૪ મું.

ચૉરીમાં વર તથા કન્યા બન્નેના તરફથી ગાવાનું ગીત પહેલું.

ચૉરીનું ગીત.

" આજરે ચાંદો તે સૂરજ રમણ ચઢ્યા વેવાણ."એરાગ.

આજની શોભા સુખકારી, સારી રસ ભરપુર;
વાણીથી શું કહું વિસ્તારી, ધારી ધીરજ ઉર. ૧
ચોકમાં બાંધી છે ચૉરી, ગોરી મંગળ ગાય;
કંકુ વાળી કનક કટોરી, કોરી ઝગમગ થાય. ૨
વર કન્યા વાંકે અંબોડે, કોડે વદે સુવેણ;
થિર હસતે મુખ થોડે થોડે, જોડે નેણે નેણ. ૩
ઝળકેછે સોનાની ઝારી, વારી ભર્યું ગંભિર;
નિરખેછે નેણે નર નારી, ધારી ધારી ધીર. ૪
હેતુ જનનાં હૈડાં હરખે, નિરખે, કૌતક કોડ;
પ્રેમ પરસ્પર કેરો પરખે, સરખે સરખી જોડ. ૫
જોવા બહુ મળ્યાં નર નારી, ધારી ઉમંગ એહ,
જોઇ જોઇને જાય છે બલિહારી, સારી શોભા તેહ. ૬
બાંધી પૂર્ણ પરસ્પર પ્રીતિ, નીતિ સહિત અધિક;
સદગુણ વડે દીસે શોભીતી, રીતિ રૂડી રસીક. ૭
સદૈવ શ્રી પ્રભુ સુખમાં સ્થાપે, કાપે કષ્ટ તમામ;
આશીષ એવી પ્રભુ પ્રતાપે, આપે દલપતરામ. ૮

ગીત ૧૦૫ મું.

ચૉરીમાં વર તથા કન્યા બન્નેના તરફથી ગાવાનું ગીત બીજું.

વર કન્યાની જોડનું ગીત.

" રામ લક્ષ્મણ વનમાં સીધાવતાં." એ રાગ.

લાડો લાડી શોભે છે સુલક્ષણાં;
જુગતે જુગતી મળી જોડ,
છે ચંપાનો છોડ, જોડું જુગોજુગ જીવો;
સદગુણી અને ચતુર શીરોમણિ;
નથી એકમાં ખાંપણ ખોડ, કહું વાર ક્રોડ. જોડું. ૧
ધન્ય ધન્ય તેણે સમજણ ધરી;
બાંધી પૂર્ણ પરસ્પર પ્રીત, રૂડી રસ રીત, જોડું;
એનાં મનહર મંજુલ મુખ છે;
જાણે આદિત્ય ઇંદુ ઉદીત; છે સરસ શોભીત. જોડું. ૨
જેવાં ઇંદ્ર ઇંદ્રાણી છે ઓપતાં;
વર કન્યાનો એવો છે વેષ, વખાણું વિશેષ, જોડું;
જેવી મેઘ ઘટા નભમાં દીસે,
એવા કન્યાને ચૉર શોભે કેશ, મોતીગુથ્યાં બેશ, જોડું. ૩
દીસે કરમાં ચુડો ગજદંતનો;
મહા મૂલનું હેમ મઢેલ, ઓપણીએ ઓપેલ, જોડું;
નવ ગ્રહ સમ શુભ નવ રંગના;
મણિ માણક જોત્ય જડેલ, સુઘાટ ઘડેલ, જોડું. ૪
પીળું સરસ પાનેતર પ્હેરિયું;
હૈયે હીરા મણીના છે હાર, કરેલા શ્રીકાર, જોડું;
દીસે ઝુમણું ઝાલ ને દામણી;
સજ્યાં શોભે સુંદર શણગાર, ઓપે છે અપાર, જોડું. ૫
પગે શોભે છે કલ્લાં ને સાંકળાં;
ઓપે અણવટ વીછું આ અધિક, ઠર્યાં ઠીકાઠીક, જોડું;
કરમાં છલ્લાં છ્યીંટિયાં ને આરશી;
એના નંગનું મૂલ આધીક, નજાણે ઠણીક,[૧] જોડું. ૬
લાડે લલિત પિતામ્બર પ્હેરિયું;
કાંધે ધારી છે કાશ્મીરી શાલ, છે કરમાં રૂમાલ, જોડું;
હાથે વેઢ ને વીંટીઓ છે વળી;
કાંડે કનક કડાંતણો તાલ, તિલક શોભે ભાલ, જોડું. ૭
નેણ સહુનાં ઠરે જોડું નિરખતાં;
જોવા આવી ઉલટું આખું ગામ, સ્ત્રી પુરૂષો તમામ, જોડું;
સદા રૅજો અખંડ સોહાગણી;
દેછે આશીષ દલપતરામ, કરો રૂડાં કામ, જોડું. ૮

ગીત ૧૦૬ મું.

ચૉરીમાં વર તથા કન્યા બન્ને તરફથી ગાવાનું ગીત ત્રીજું.

પંચરંગી શોભાનું ગીત.

" રઘુનાથજીની ઘોડલી." એ રાગ.

લીલા પોપટ પઢે પાંજરે, લીલાં તોરણ પણ તે સમાન;
ત્રાજવું લીલું ગોરા ગાલમાંરે, લીલાં નાગરવેલનાં પાન,
સુંદર શોભા વરણવું. ૧
પીળું કેસર પીળાં કેસુડાં, શોભે પીળો સોનેરી રંગ;
પીળું પાનેતર લાડીનુંરે, વરનેપીળું પિતામ્બરઅંગ, સું.૨
રાતો હિંગળો સેંથે શોભીતો, રાતી કંકુનીઆડ કપાળ;
રાતી કન્યાંતણી ચુંદડીરે, રાતા હોઠને પગ પણલાલ, સું. ૩
કાળું કાજળ શોભે આંખમાં વળી કાળો કોયલનો વેષ;
કાળાહાથીકાળીઘનઘટારે,એવાકાળાકન્યાનાછેકેશ, સું.૪

[૧] જવાહીરના વ્યાપારી.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

હાથીના દાંત ને હંસલા, ધોળાં જાઈજુઇનાં ફુલ;
ધોળાંમોતીનથડીતણાંરે, ધોળા હીરાનો હારઅમુલ્ય,સું.૫
મધુર સ્વર કોયલતણો, શુક સારિકા સ્વર સુખ દેણ;
મધુરસ્વરવીણાતણોરે, એવાં મધુરછેવનિતાનાંવેણ, સું.૬
કોમળ જીભ ચકલીતણી, લાગે મોર પીંછે સુવાળાશ;
કાયાકોમળકન્યાતણીરે, જેવાંકોમળકમળ કપાસ, સું. ૭
રંગ રૂડા પાંચે કલા, કલા મધુર કોયલ ગુણ આમ;
સહુથીશોભાસદગુણતણીરે, દીસેઉત્તમ દલપતરામ, સું.૮

ગીત ૧૦૭ મું.

ચૉરીમાં કન્યા તરફથી ગાવાનું ગીત.

"છૈયા હાથ પુરોરે લેજે રે," એ રાગ.

છૈયા તેતો છબીલીને છેતરી,
તું તો પરણ્યો કન્યાને કપટ કરી;
તારા ચિતમાં તે શી ચતુરાઇ છે?
લાડી લાખણી તુંથી ડાહી છે. ૧
તારાં સારાં નશીબે તને મળી,
કન્યા પામ્યો તું કાચની પુતળી;
તારૂં સર્વ કુટુંબ શોભાવશે,
સૌને સમજણ દૈ સમજાવશે. ૨
મોટા કુળની તને કયાંથી મળે?
કન્યા લીધી છે તેં તો કળે કળે;
આવી કનકારાણીને બારણે,
તારે બાપે માગી તારે કારણે. ૩
ખુશામત કરી ખોળા પાથર્યા,
કન્યા માટે કાલાવાલા કર્યા;
ત્યારે કનકરાણે કરૂણા કરી,
દીધી દેવકન્યા જેવી દીકરી. ૪
તું તો આંગણે આંગણે આથડ્યો,
તને કન્યા દેનારો ન કોઈ જડ્યો;
તારૂં ભાગ્ય ભલું આજ ઉઘડ્યું,
કન્યા રૂપી રતન તુજને જડયું. ૫
અમે ભાળીછે તારી ભોજાઇને,
તે તો નાવે તોલે ચંપાબાઇને;
સારા કુળમાં મળ્યું તને સાસરૂં,
પહડ્યું આજ નશીબ તારૂં પાંસરૂં. ૬
પૂરાં પુણ્યનો જયો જામિયો,
તેથી લાખેણી લાડી તું પામિયો;
છેક છોકરવાદી છૂટી ગઈ,
તારી લાખેણી લાજ હવે થઈ. ૭
હવે પરણીને ઘરધણી તું થયો,
રૂડા માણસની ઓળમાં રહ્યો;
શોભા વધશે હવે તારા ધામની,
દુવા ફળી તને દલપતરામની. ૮

ગીત ૧૦૮ મું.

ચૉરીમાં વર તરફથી ગાવાનું ગીત પહેલું.

કન્યાના ભાગ્યના વખાણનું ગીત.

"સવામણ સોનાની દીવી રે," એ રાગ.

લાડી તારૂં તપ પૂરૂં ફળિયું રે,
તેથી તને સારૂં સાસરૂં મળિયું રે;
નહિ તારા પુણ્યમાં ખામી રે,
તેથી તું તો પતિ સારો પામીરે. ૧
લાડી તારી નમ્રતા નિરખી રે,
અમે તને પ્રથમથી પરખી રે,
મીઠી તારા મુખડાની વાણી રે,
તેથી તને સૌ કહેછે શાણી રે. ૨
પ્રથમ તેં દેખાડી પ્રીત રે,
ચોરી લીધું લાડણાનું ચિત રે;
કનકાજી રાણાની બેટી રે,
લાડી તું તો પ્રેમની પેટી રે. ૩
નિર્મળ છે તારી નીતિ રે,
તેથી તું જગ મધ્યે જીતી રે;
લાડા તેં તો પ્રભુ પુરા પૂજ્યારે,
તેથી તને સદગુણો સૂઝયા રે. ૪
લાડી તું તો ડહાપણનો દરિયો રે,
તેં તો વશ કંથને કરિયો રે;
લાડી તારી ચળકે છે ચુડી રે,
રતિ તારા કર્મની રૂડી રે. ૫
લાડી તારે હૈડે છે હાર રે,
નહિ તારા પૂણ્યનો પાર રે;
ભણી તું તો ભણતર ભાવે રે,
કોઈ તારી તુલ્ય ના આવે રે. ૬
ઉગ્યો તારા ભાગ્યનો ભાણ રે,
વર મળ્યો ચતુર સુજાણ રે;
માગતી તું પ્રભુજીની પાસ રે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રભુએ પૂરી તારી આશ રે. ૭
ધન્ય ધન્ય ધન્ય તારી કરણી રે,
પ્રેમે તું છયા વરને પરણી રે;
થજો તારાં વાંચ્છિત કામ રે,
દુવા દેછે દલપતરામ રે. ૮

ગીત ૧૦૯ મું.

ચોરીમાં વર તરફથી ગાવાનું ગીત બીજું.

ઘુંઘટનું ગીત.

"માતા લીધ્યાં ને ગુંથ્યા મારા ઓરડા." એ રાગ.

તારા ઘુંઘટમાં છે રચના ઘણી; જાણે મન પકડવાની
મોહજાળ, હો લાડણી, તારો ઘુંઘટ છે સુઘટ ઘણો;
તેમાં તેજી દીસે છે ચંદ્રમાતણી;
વળી વાસુકી નાગ છે વિશાલ, હો લાડણી, તારો. ૧
રૂડા તારા ઘુંઘટતણા રંગમાં;
લાડી રંગાયું ચતુર વરનું ચિત, હો લાડણી, તારો;
એની અસર થઇ તે અંગો અંગમાં;
પરિપૂરણ ઉપજી તેથી પ્રીત, હો લાડણી, તારો. ૨
લાડી શું જાણિયે જે તેં તો શું કર્યું;
તેં તો લાડાને વશ કરી લીધો, હો લાડણી, તારો;
આતો રત્ન અમારૂં રૂડું તેં હર્યું;
પ્રેમ રસ તેં પાયો અને પીધો, હો લાડણી, તારો. ૩
ચીત ચોરી લીધું તેં ચતુરાઇએ;
તારૂં ડહાપણ અદ્ભુત દીઠું, હો લાડણી, તારો;
તું તો જીતી તે તારી નમ્રતાઇએ;
મુખે બોલી વચન મીઠું મીઠું, હો લાડણી, તારો. ૪
વશીકરણ વિદ્યા છે તારી વાણીમાં;
તું તો સાસરિયામાં શોભા પામી, હો લાડણી, તારો;
તું તો ઠરી ઉત્તમ ઠકરાણીમાં;
તારી કીર્ત્તિ જગત વિષે જામી, હો લાડણી, તારો. ૫
તું તો દેખ્યામાં દીસે નાની નાનડી;
આવા ઉત્તમ ગુણ કયાંથી શીખી? હો લાડણી, તારો;
તેં તો પ્હેરી છે કાને સોના પાનડી;
તારી આંખ છે મૃગલી સરીખી, હો લાડણી, તારો. ૬
તું તો ભણતર એવું ભણું કયાં ભણી?
કેણે વાકય વિવેકનાં વંચાવ્યાં? હો લાડણી, તારો;
કયાંથી સદગુણ, લીધા તે ગણી ગણી?
આવા સારાં લક્ષણ કયાંથી આવ્યાં? હો લાડણી, તારો.૭
જીવો ઘુંઘટવાળી ઘણા વર્ષ તું;
રાખે સૌભાગ્યવતી જગદીશ, હો લાડણી, તારો;
દેરે પામજે હર ઘડી હર્ષ તું;
એવી આપેછે દલપત આશીષ, હો લાડણી, તારો. ૮

ગીત ૧૧૦ મું.

ચાર મંગળ વરતવા વિષેનું ગીત.[1]

"રઘુનાથજીના ચોટલા," એ રાગ.

પંચની સાક્ષીએ પરણિયા રે, પૂરો પરસ્પર પ્રેમ;
શાસ્ત્રપ્રમાણે વિધિ કરી રે, કુળ વંશ પરંપરા જેમ,
મંગળ ચાર માનની. ૧
ગુરૂનાં વચન પ્રમાણથી રે, કર્યા ઉત્તમ આચાર;
સગાં સંબંધીના સાક્ષિયે રે, વળી વરત્યાંછે મંગળચાર, મં. ૨
પ્હેલું મંગળ એમ વરતિયું રે, અંતર હરખ અપાર;
મનમાં પરસ્પર મેળવી રે વરકન્યાએ કીધા કરાર, મં. ૩
કન્યા કરાર એવો કરે રે, સ્વામી હું પતિ સદાય;
શુભ ચિંતન કરી ઇશનું રે, સર્વે કામમાં કરીશ સહાય, મં. ૪
સ્વામી કહે પૂરા સ્નેહથી રે, પાળીશ દેહ પર્યંત;
જનાનરીઓ જગઈ સાથે રે, તે ન પાળું પતિના અર્થ [illegible], મં. ૫
બીજું મંગળ હવે વરતિયું રે, એનો અરથ છે અતોલ;
કુળ દેવને વચનો કરી રે, કર મેળવીને દીધા કોલ, મં. ૬
ત્રીજું મંગળ ત્યાં તો વરતિયું રે, શું સમજે લોક કાંઇ?
સૂરજ ચંદની સાક્ષિયે રે, માંહી અંતરમાં પાડી ગાંઠ, મં. ૭
ચોથું મંગળ જ્યારે વરતિયું રે, હદ વળી તે હાર;
દલપતકહેમન્નેમળી રે. રાખ્યાસાક્ષીશ્રીસરજનહાર, મં. ૮

ગીત ૧૧૧ મું.

સપ્તપદીનું[2] ગીત.[3]

"કંકુ છાંટી કંકોતરી મોકલે." એ રાગ.

સાત પગલાં ભરેછે સુભાગણી; એમાં અર્થ છે કોડ
અતોલ, ઇશ્વર એમાં સાક્ષી છે;
પગલે પગલે પ્રતિજ્ઞા પતિ કરે;
જે હું બોલું તે પાળીશ બોલ, ઇશ્વર. ૧
પ્હેલે પગલે પ્રિયાને પતિ કહે;
ખાન પાન પોષણ હું કરીશ, ઇશ્વર;

૧ આ ગીત વર કન્યા બેઉના તરફથી ગવાય તેવુંછે.
૨ કવીશ્વર દલપતરામ લખે છે કે "પતિના ઘર તરફ કન્યા સાત પગલાં ભરે તેનું નામ સપ્તપદી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીજે પગલે કહે કંથ કોડથી;
મારે ઘેર તું માન પામીશ, ઇશ્વર. ૨
ત્રીજે પગલે કહે તને ત્યાં થશે;
વ્રત ઉત્સવ હરખ અથાગ, ઇશ્વર;

ચોથે પગલે કહે ચતુરા સુણો;
મારા વૈભવમાં તારો ભાગ, ઇશ્વર. ૩
પછી પાંચમે પગલે પતિ કહે,
મારાં ઢોર ઢાંખર તું સંભાળ. ઇશ્વર.
છઠ્ઠે પગલે કહે તારો અંશ છે;
મારૂં જેજે કાંઇ ધન માલ, ઇશ્વર. ૪
વળી સાતમે પગલે સ્વામી કહે;
ધર્મ કર્મમાં કરજે સહાય, ઇશ્વર;
તેથી ધર્મમાં પણ તારો ભાગ છે;
મારી અર્ધાંગના તું સદાય, ઇશ્વર. ૫
પછી હસ્ત ગ્રહણ સ્વામીએ કર્યો;
માગી ઇશ્વર પાસે આશીષ, ઇશ્વર;
દશ પુત્ર પ્રભુ આપજો;
સુખ પામજો દિવસ ને નીશ, ઇશ્વર. ૬
મારાં માત પિતા ભાઇ બ્હેનને;
થજે રંજનકારી સદાય, ઇશ્વર;
મારી મરજી પ્રમાણે તું ચાલજે;
તારી પૂર્ણ કરીશ ઇચ્છાય, ઇશ્વર. ૭

ધ્રુવ તારો દેખીને કન્યા કહે;
જેવો અચળ કર્યો તું ઠામ, ઇશ્વર;
પતિ કુળમાં અચળ એવી હું થઉં;
દેખી રીઝિયા દલપતરામ, ઇશ્વર. ૮

ગીત ૧૧૨ મું.

વર કન્યા કંસાર જમતાં ગાવાનું ગીત.[1]

"લાડો લાડી જમેરે કંસાર, કે ઉપર વેવાણ ટળવળેરે." એ રાગ.

લાડો લાડી જમેરે કંસાર, આનંદ આજ અતિ ઘણોરે;
પાસે બેઠી સૈયરો બે ચાર, તપાસ રાખે તે તણોરે. ૧
રત્ને જડિયો બાજઠ વિશાળ, મૂકયો છે મુખ આગળેરે;
તે ઉપર સોનાનોશોભીત થાળ, ત્યાં ઝારીભરીછેજળેરે.૨
સાસુજી શુભ સજીને શણગાર, પીરસવાને આવિયાંરે;
ઘીની વાટી સાકર તૈયાર, રકાબી ભરી લાવિયાંરે ૩
પીરસતાં મન મલકાય, આનંદ અંગો અંગમાંરે;
ભેગાં બેસી જમે વર કન્યાય, અધિક ઉછરંગમાંરે. ૪
અન્યોન્ય જમાડે કરી પ્રીત મર્કલડાં મુખથી કરેરે;
ગોરીમળી ગાય મંગળગીત, આશીષ સહુ એ ઉચરેરે.૫
જમી રહીને લીધાં આચમન, સાસુએ નીર નામિયાંરે
જોઈ જોઈ હરખ્યા સ્વજન, સંતોષ સર્વ પામિયાંરે; ૬
વરકન્યાએ કીધો મુખવાસ, સજ્જન જુએછે સ્નેહથીરે;
સગાં સ્નેહીએ આવીને પાસ, નજરાણો કીધો નેહથીરે.૭
વરકન્યાનું જોડું જોઈ તે ઠામ,ઉર આનંદ અપાર થયોરે;
હૌંસથી આશીષ દીધી દલપતરામ. જગતમાં જયજયકાર થયોરે. ૮

ગીત ૧૧૩ મું.

કન્યા સાસરાના કુળમાં ભળી તે વિષેનું ગીત.[2]

"એક ઝારા ઉપર ઝારીરે." એ રાગ.

તમે સાંભળો સહુ નરનારીરે,
એતો લાડણા થઈ અમારીરે;
જમી વર સાથે કંસાર રે,
એણે કબૂલ કર્યો સંસાર રે. ૧
કરી બાપના કુળથી જુદાઈરે,
હવે અમારે ગોત્રે ગણાઈરે;

હાલમાં તે એવી રીતે કરે છે કે ચોખાની ઢગલીઓ સાત કરીને વર કન્યાના જમણા પગનો અંગુઠો પકડીને સાતે ઢગલીઓને અડાડે છે. તે વખતે ગોર વરની વતી સાત મંત્ર ભણે છે. તેનો અર્થ આ ગીતમાં છે. તે પછી કન્યાનો હાથ ઝાલે તેના મંત્ર ૭ છે. તે મંત્ર કોઈ તો કન્યાદાન દેતી વખતે ભણેછે. તેને પાણિગ્રહણ સંસ્કાર કહેછે. તે એવી રીતે કે ઇશ્વરની પ્રાર્થનાના ૭ મંત્ર ભણીને ઘીની આહુતિ અગ્નિમાં નાખે છે. તેમાં અર્થ એવો છે કે જે જે અંગે તેં આજસુધીમાં પાપ કર્યું તે ઇશ્વર માફ કરશે. એની મતલબ એવી જણાય છે કે પરણ્યા પછી કોઇ પ્રકારના અગાઉ કરેલા દોષથી તે કન્યાને તજી શકાય નહિ. વળી લોકમાં કહેવત ચાલે છે કે બાળકના દોષ જનોઈ દે ત્યારે મટી જાય અને કન્યાના દોષ પરણે ત્યારે મટી જાય. ત્યાં સુધી બાળપણાના અજ્ઞાનથી દોષ કર્યા હોય તે મટે છે."

૩ આ ગીત વર તથા કન્યા બેઉ પક્ષવાળાને ગાવા લાયક છે.

[1] વર તથા કન્યા બન્ને તરફથી ગાવા યોગ્ય છે.
[2] આ ગીત માત્ર વર તરફથી ગાવાનું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હવે કહ્યું અમારૂં કરશે રે,
કહ્યું ગુલાબવહુનું કાને ધરશેરે ? ૨
એ તો થયું માણસ અમારૂંરે,
અમે કેંઈશું એને વહુવારૂંરે;
થઇ અમારા ઘરની ઘરૂણી રે,
એના બાપને ઘેર તે પરૂણીરે. ૩
અમારે ઘેર ઓરડામાં માલશે રે,
બાપને ઘેર પરસાળે ચાલશેરે;
અમારે ઘેર પટારા સંભાળશેરે,
બાપને ઘેર બેઠાં અજવાળશેરે. ૪
ઘર કંથનું તે પોતાનું પ્રમાણશેરે,
ઘર ભાઇનું તે ભોજાઇનું જાણશેરે;
ઝાઝી પિએરની મમતા છોડશેરે,
જીવ સાસરિયા સગાઇએ જોડશેરે. ૫
હવે પિયરમાંથી અમલ ઉતર્યોરે,
આજથી અમલ સાસરિયામાં ફર્યોરે;
જેમ પર્વતથી નદી નિકળીરે,
જઇ સ્નેહથી સાગરને મળીરે. ૬
ભલું છીપનું મોતી ભાળિયેરે,
વસ્યું રાજાના કાનની વાળિયેરે;
એમ કનકાજીની દીકરીરે,
વર ચતુર કુંવર સાથે વરીરે. ૭
જેમ કુંદન માંહીં હીરાકણીરે,
થઇ સજડ શોભા પામે ઘણીરે;
સુખ પામે સદા દિન જામનીરે;
એવી આશીષ દલપતરામનીરે. ૮

ગીત ૧૧૪ મું.

કન્યાના વખાણનું ગીત.[1]

"આવ્યા ઉનાળાના દહાડા કે, છોડી વીંઝણલો શે ન લાવી ?" એ રાગ.

ભાસે તું તો ભલો ભાગ્યશાળી રે, લાડા પામ્યો તું કન્યા રૂપાળી;
તારી જીવદોર ભાભી તો કાળીરે, લાડા. ૧
જેવો પાસો હોય પ્રવાળી રે, લાડા;
જેવી કાચની પૂતળી ભાળી રે, લાડા. ૨
ચંપાબાઇ છે દિલની દયાળી રે, લાડા;
તારી ભાભી તો દિલની દગાળી રે, લાડા. ૩
ચંપાબાઇની ચુડી રતનાળી રે, લાડા;
નાકે નિર્મળ મોતીની વાળી રે, લાડા. ૪
ચંપાબાઇ છે ચૌદ વિદ્યાળી રે, લાડા;
તારી ભાભી તો ઠોઠ હઠાળી રે, લાડા. ૫
ચંપાબાઇ છે રૂડા કરમાળી રે, લાડા;
ધીરજવાળી વળી ધરમાળી રે, લાડા. ૬
દીપે દુનિયામાં જેવી દીવાળી રે, લાડા;
નિર્મળ નક્ષત્ર સરખી નિહાળીરે, લાડા. ૭
તેના તેજે બધી મણા ટાળી રે, લાડા;
દાખે દલપતરામ શ્રીમાળી રે, લાડા. ૮

ગીત ૧૧૫ મું.

કન્યાના ઓરડાનું ગીત.[1]

"પેલા વેવાઇના ઝુંપડામાં શું જોશો ?" એ રાગ.

સર્વે જાનતણી મળી સુંદરી;
મ્હેલ કનકાજીના જોતી જાયરે, ચંપાબાઇને ઓરડે;
ચંપાં ત્યાં ઘડિયાળ ઉકેલીને;
ચક્ર ગોઠવતી ત્યાં દેખાય રે, ચંપાબાઇને. ૧
આવો બેસોજી કહીને બેસારિયાં;
સહુને આપિયાં આદરમાન રે, ચંપાબાઇને;
પછી વાજું વગાડી વિલાયતી;
ગાયું ચંપાએ ગુણિયલ ગાનરે, ચંપાબાઇને. ૨
ત્યાં તો નાનેરી નણદલે પૂછિયું;
ભાભા આ કયાંથી આવિયું ઝાડરે[2], ચંપાબાઇને;
નણદી એ ઝાડ તો મેં બનાવિયું;
તે તો મોકલવાને મેવાડ રે, ચંપાબાઇને. ૩
ભાભી આ પેટીમાં શું ભર્યું હશે ?
એમાં છે કાંઈ જાણવા જોગ રે, ચંપાબાઇને;
નણદી એ પેટી ભરત ચીતર તણી;
એનો હું કરૂં છું ઉપયોગરે, ચંપાબાઇને. ૪
ભાભી આ નકશો કોણે ચીતર્યો ?
ખરેખાત એ તો છે ખગોળ રે, ચંપાબાઇને;
નણદી એ નકશો મેં ચીતર્યો;
જેવું દીઠું આકાશમાં ડોળ રે, ચંપાબાઇને. ૫
ભાભી આ ચોપડી કવિતાતણી;

---

૧ આ ગીત કન્યા તરફથી ગાવાનું છે.

૧ કન્યા કેવી લાયક છે તે બતાવવાને કન્યા તરફની સ્ત્રીઓને ગાવાનું.

૨ રેશમ અથવા ઉનને વાળા સાથે ગુંથીને બનાવેલું ઝાડ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવી કવિતાનું કરનાર કોણ રે ? ચંપાબાઇને;
નણદી એમાં છે ઇશ્વરપ્રાર્થના;
એ તો કવિતા કરી છે મેં ઓણ રે, ચંપાબાઇને. ૬
ભાભી આ તે અક્ષર ક્યાંની છાપના ?
એ તો ગુટકો કોણે ગુંથેલ રે ? ચંપાબાઇને;
હિંદી શાસ્ત્રી ને ફારસી અક્ષરે;
એ તો મેંજ ગુંથેલ લખેલ રે, ચંપાબાઇને. ૭
તેવા જેવી બીજી ઘણી વસ્તુઓ;
ગોઠવેલી ફરે લાગો લાગ રે, ચંપાબાઇને;
દેખી દંગ થઈ દલપત કહે;
તેતા જાનની જુવતી તમામ રે, ચંપાબાઇને. ૮

ગીત ૧૧૬ મું.

પરણી ઉઠયા પછી જાનીવાસે જતાં જાનરડીઓને ગાવાનું ગીત.

“ અમે ઇડરિયો ગઢ જીત્યાંરે, આનંદ ભલા.”એ રાગ.

અમે આજે લંકા ગઢ લીધો રે, જેજેકાર થયો;
અમે દેશમાં ડંકો દીધો રે, જેજેકાર થયો;
આજ ઇચ્છા પુરી થઇ અમારીરે, જેજેકાર થયો;
આજની ઘડી સૌથકી સારી રે, જેજેકાર થયો. ૧
અમને કનકાજીની મળી બેટી રે, જેજેકાર થયો;
એ તો છે જવાહીરની પેટી રે, જેજેકાર થયો;
સર્વે મનના મનોરથ ફળિયા રે, જેજેકાર થયો;
આજ ઇશ્વર અદળક ઢળિયા રે, જેજેકાર થયો. ૨
લોક કેંતાછે વર નાનું બાળ રે, જેજેકાર થયો;
તેણે કીધુંછે કામ વિશાળ રે, જેજેકાર થયો;
સગા કનકારાણા જેવા મળિયા રે, જેજેકાર થયો;
રાણો પોતાને વચને પળિયા રે, જેજેકાર થયો. ૩
અમે રાજગાદી જેવું રળિયાં રે, જેજેકાર થયો;
વરના વેરીનાં કાળજાં બળિયાં રે, જેજેકાર થયો;
અમે રાજનગરમાં મ્હાલ્યાં રે, જેજેકાર થયો;
રૂડું રત્ન લઈ ઘેર ચાલ્યાં રે, જેજેકાર થયો. ૪
હવે લાડી તે થૈછે અમારી રે, જેજેકાર થયો;
એના પિયરને મુકશે વિસારી રે, જેજેકાર થયો;
કોણ કેંશે જગતસિંહ જૂઠા રે, જેજેકાર થયો;
એ તો પુત્ર પરણાવીને ઉઠ્યા રે, જેજેકાર થયો. ૫
વાત ધારી તે પાર ઉતારી રે, જેજેકાર થયો;
પ્રતિપક્ષી રહ્યાં ઝંખ મારી રે, જેજેકાર થયો;
ભલું લાડીનું ભાગ્ય ઉઘડિયું રે, જેજેકાર થયો;
તેથી સાસરૂં સારૂં જડિયું રે, જેજેકાર થયો. ૬
આજ અવસર સર્વથી સારો રે, જેજેકાર થયો;
હરખ્યા હરખ્યા તે લોક હજારો રે, જેજેકાર થયો;
આજ આનંદની થઈ એ'લીરે, જેજેકાર થયો;
સુખ સાગરની લ્હેર રે'લી રે, જેજેકાર થયો. ૭
અતિ ઈશ્વરનો ઉપકાર રે, જેજેકાર થયો;
અમે માનિયે વારંવાર રે, જેજેકાર થયો;
જેની કીર્તિ ફરી ઠામો ઠામે રે, જેજેકાર થયો;
દાખી દીધી તે દલપતરામે રે. જેજેકાર થયો. ૮

ગીત ૧૧૭ મું.

માંડવે જમવા જતાં રસ્તામાં ગાવાનું ગીત

“ત્રાંબા કુંડી તે નગર સોહામણી.” એ રાગ.

ચાલો ચાલો વેવાઇને માંડવે; માંડવામાં રે
મળિયા સાજંન, મોતિડાયો વેવઇનો માંડવો;
બહુ ઉમદા ગલીચા બિછાવિયા,
જોઈ મનડું રે, થાય મગંન, મોતી. ૧
ગાદી તકિયા મંડપમાંહી ગોઠવ્યા;
બિરાજયાછે રે, રાણા ને રાય, મોતી;
સોને રૂપે મંડપ શણગારિયા;
જેની શોભા રે, કહી ન શકાય, મોતી. ૨
ઝુલે હાથી વેવાઇને આંગણે;
તેણે સજિયા રે, શુભ શણગાર, મોતી;
શોભે કનક અંબાડી તે ઉપરે;
કંઠ ધરિયા રે, હેમના હાર, મોતી. ૩
રૂડી ઈંદ્રાપુરી રળિયામણી;
એવા મનહર રે, વેવઈના મ્હોલ, મોતી;
મેના પોપટ કનકને પાંજરે;
મુખે મધુરા રે, બોલેછે બોલ, મોતી. ૪
વરની જાનને જમવાને બેસવા;
રૂડા રંગે રે, ચીતર્યા ચોક, મોતી;
રત્ન જડિત બાજઠ મૂકયા બેસવા;
જોઈ અચરજ રે, પામે છે લોક, મોતી. ૫
સોના રૂપાના થાળ સોહામણા;
માંડી મૂકયા રે, ત્યાં હારોહાર, મોતી;
વારૂ વિસલનગરના વાડકા;
ચોખી ચાંદીના રે, ચળકે અપાર, મોતી. ૬
લોટા કાશીના ચીતરેલા ચળકતા;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આબખોરા રે, મૂકયા અનેક, મોતી;
જેને જેમ ઘટે તેમ બેસવા;
શાણા વેવાઇએ રે, કીધો વિવેક, મોતી. ૭
વર રાજાને ઉત્તમ બેસણું;
ઠાઠ માહથી રે, મૂકયું તે ઠામ, મોતી;
ધન્ય ધન્ય વેવાઇના વિવેકને;
દેછે આશીષ રે, દલપતરામ. મોતી. ૮

ગીત ૧૧૮ મું.

માંડવે જમવા જતાં વેવાઇને ઘેર ગાવાનું ગીત.

" એક લીલી તે લીલી લીલડી. " એ રાગ.
આજ આનંદનો રંગ રેલિયો;
આ હૈડામાં હરખ ન માયરે, રંગ રેલિયો;
મળી જાનની સરવ સાહેલિયો;
દશે દિશામાં આનંદ દેખાયરે, રંગ. ૧
અમે વેવાઇને માંડવે આવિયાં;
સારૂં પામવાને સનમાનરે, રંગ;
એક માળણે અમને બોલાવિયાં,
અમે પૂછ્યું એને કરી સાનરે, રંગ. ૨
હું તો મોટી માળણ તને વિનવું;
વેવાઈ કનકારાણાના કિયા મ્હેલરે, રંગ;
મોઘાં મોતીનું તોરણ કરી નવું;
મોટે બારણે દીસે છે બાંધેલરે, રંગ. ૩
જોવા આવિયાં મંડપ વેવાઇનો;
જોવા આવ્યાં વેવાઇના મોટા મ્હેલ રે, રંગ;
અમે નિરખિયોરે માંડવો નવાઇનો;
કરે મેનાં પોપટ ત્યાં કલોલરે, રંગ. ૪
જોયા કનકરાણા વેવાઇને;
જોયાં કનકાવતી વેવાણરે, રંગ;
જોયાં લાડીની ગુલાબ ભોજાઇને;
જોયા ધનપાળસિંહ સુજાણરે, રંગ. ૫
કંઇક જોયા તેમાં શાણા કોઇએ;
જગસિંહ જેવા ન જણાયરે, રંગ;
જોયાં વેવાણ ફરીને શું જોઇએ ?
રાણી ફુલાંદે તુલ્ય ન ગણાયરે, રંગ. ૬
વેવાઈ ધનપાળસિંહથી ભલા બહુ;
વેવાણ ગુલાબવહુને જાણે સહુ;
એથી જીવકોરવહુ વખણાયરે, રંગ. ૭

રાજનગરથી રળીયામણું;
ગુણવંતું રતનપુર ગામરે, રંગ;
ઘણી રીતે તે શું કહિયે ઘણું;
દિલે જાણે છે દલપતરામરે, રંગ. ૮

ગીત ૧૧૯ મું.

ગોરવનું ગીત પહેલું.[૧]

"ધોળકામાં ધરમશી ફૂલતો, મેઘાડંબર ગાજે."એ રાગ
ગોરવનાં ગીત ગાઇએ, આવો સૈયર સમાણી;
હૈયામાં બહુ હરખાઇએ, વરો મોટો વખાણી;
પંગતે ઢાળ્યા છે પાટલા, રૂડા રત્ન જડેલા;
જાણ્યું જે જમવાને આટલા, આદમી છે આવેલા.૧
કનક કળશ અજવાળિયા, મૂકયા નીર ભરીને,
ધાતુના બાજઠ ઢાળિયા, રૂડી જુગતિ કરીને;
સોનાના થાળ સોહાવિયા, વાડકા રૂડા રાજે;
જાન લઈ વર આવિયા, બેઠા જમવાને કાજે. ૨
પીળાં પીતામ્બર પ્હેરિયાં, પુરૂષોએ ઉમંગે;
લલનાએ પ્હેર્યાં લ્હેરિયાં, રેશમી રૂડે રંગે;
લાડુ જલેબી ને લાપશી, પેંડા બરફી ને પૂરી;
જમવાને વસ્તુ જોતાં કશી, નથી એકે અધુરી. ૩
સાટા અમૃત સમાન છે, ઘણાં ઘેબર ખાજાં;
પીરસ્યાં ઘણાં પકવાન છે, તે તો તાજાં ને તાજાં;
બાસુદી ને દુધપાક છે, ચટણી જાત જાત;
સર્વ પ્રકારનાં શાક છે, ભલાં દાળ ને ભાત. ૪
અમૃત પાક આનંદથી, પંગતે પીરસાયા;
પાપડ પૂરણ ચંદથી, વિશેષે વખણાયા;
રાઈતાં રૂડી રીતનાં, અગણિત અથાણાં;
સરવ પ્રકાર સાહિત્યનાં, ભરી મૂક્યાં છે ભાણાં. ૫
ગુંજાં ને ભજિયાંનો ગંજ છે, મુરબ્બા મન ગમતા;
બહુજ રૂપાળો બિરંજ છે, જોયા જાનૈયા જમતા;
દુધ કઢેલાં લાવીને, પીરસ્યાં ઘણી પ્રીતે;
સાકર માંહીં મેળાવીને, રાખેલાં રૂડી રીતે. ૬
પંખે પવન નંખાય છે, પેખી ઉપજે છે પ્રીત;
જાનૈયા જમતા જાય છે, ગોરી ગાય છે ગીત;
મુખ મંજન જમીને કર્યાં, આપ્યાં પાન સોપારી;
લવિંગ ઇલાયચી લે ધર્યાં, મીઠાં વચન ઉચારી. ૭
જુગતિનો ગોરવ જોઇને, બધા વિશ્વ વખાણ્યો;

૧ આ તથા ગોરવનું ગીત બીજું વર તથા કન્યા બેઉ પક્ષ તરફથી ગાવા લાયક છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કસર રહી નહિ કોઇને, જન જાતિએ જાણ્યો;
નોંતરીને આખા ગામને, રાણે રાખ્યો છે રંગ;
દિલમાં દલપતરામને, આજે અધિકો ઉમંગ. ૮

ગીત ૧૨૦ મું.

ગોરવનું ગીત બીજું.

" રાતો ઘોડો રણ પાખરિયો, શ્વેત ધર્યો શણગાર જોને. " એ રાગ.

જાનૈયા બેઠા ઉમંગે, સંગે સર્વે તેહ બ્હેની;
રાયણ જેવા રાતા રંગે, અંગે માતા એહ બ્હેની. ૧
ભાવે લાગ્યા ભોજન કરવા, ગરવા ગોરવ ટાણે બ્હેની;
પીરસનારા લાગ્યા ફરવા, ભરવા ભોજન ભાણે બ્હેની.૨
જમતાં જમતાં જમણ વખાણે, જાણે અમૃત જેવું બ્હેની;
સાતે સુખ મળ્યાં તે ટાણે, આણે ઉરમાં એવું બ્હેની.૩
રસ કસ ભોજન રૂડી રીતે, પ્રીતે જમતાં જાય બ્હેની;
ગોરવનાં રસીલાં ગીતે, ચિતે ચંચળ થાય બ્હેની. ૪
કોઈ કહે દુધપાક વધારે, વારે વારે લૈએ બ્હેની;
કોઈ કહે ઘી જમિયે જ્યારે, ત્યારે તાજા થૈએ બ્હેની.૫
કોઇને સારી લાગે સેવો, મેવો કોઈ માગે બ્હેની;
કોઈ કહે કેરીનો રસ જેવો, એવો અવર ન લાગે બ્હેની.૬
કોઈ તો રાઇતાં શીરાવે, ભાવે કોઇને ભાજી બ્હેની;
કોઇ તો ભજીયાં મગાવે, લાવે ત્યાં થાય રાજી બ્હેની.૭
થોડું થોડું સર્વે લેવું, એવું કોઈનું ચિત્ત બ્હેની;
દલપતરામે જોયું જેવું, તેવું ગાયું ગીત બ્હેની. ૮

ગીત ૧૨૧ મું.

ગોરવનું ગીત ત્રીજું.

" પાંચ માણાનો લાડવો રે. " એ રાગ.

માંડવે મોટા માનથી રે; જમવા બેઠી છે જાન, જુઓ ગોરી ગામની રે;
ચંદ્રજેવા જગસિંહજી રે;સાથિયો તારા સમાન,જુઓ.૧
કનકોરાણો જુએ કોડથી રે;મનમાં હરખ ન સમાય,જુ;
બન્ને વેવાઇના નેણમાંરે; હેતનીજ્યોતિજણાય,જુઓ,૨
અરસપરસ ઉચ્ચારીનેરે; વચને કરે છે વિનોદ, જુઓ;
સાંભળતાં સુખ ઉપજે રે; પૂરણ ઉપજે પ્રમોદ, જુઓ.૩
ફુલાંદે બાઈ વેવાણનેરે; કનકાવતી દે છે માન જુઓ;
બન્ને વેવાણો થાય છે રે; ગમત કરી ગુલતાન.જુઓ.૪

જાણે નવે નિધિ સાંપડી રે;એવો વધ્યો ઉછરંગ,જુઓ;
હેત વધારે હળીમળી રે; સ્નેહીસગાં જનસંગ,જુઓ.૫
જાણે સગાં સારાં મળ્યાં રે;લાખેણો લીધો લ્હાવ,જુઓ;
દેવિયો દેવની મંડળી રે; દીસે એવો દેખાવ, જુઓ.૬
સારમાંસારસંસારમાં રે; ઉત્તમ દિવસ છે આજ, જુઓ;
જાણે તુઠ્યો જગનો ધણીરે;આજ મળ્યું રૂડું રાજ,જુઓ.૭
ઇશ્વિર આગળ માગિયે રે; અવસર આપે હમેશ,જુઓ;
દલપતરામના દેવની રે;વિનતિ કરીને વિશેષ,જુઓ.૮

ગીત ૧૨૨ મું.

ગોરવનું ગીત ચોથું.

રામણ દીવાનું ગીત.

"વઢુંરે પાટણ વઢુંઘોળકું, કોઈ માળવે જાયરે."એરાગ.

નવારે નગરના લુહારી, રામણ દીવડો ઘડજે રે;
રચના રૂડી રચજે તેમાં, મોતી માણેક મઢજે રે. ૧
ચૉફેર ફરતી પુતળી, રચજે રૂડી રૂપાળી રે;
મોહ પામે મોટા મહીપતિ, ભલો દીવડો ભાળી રે. ૨
ઘડજે સુઘડ ઘણા ઘાટનું, ચતુરાઇથી ચાડું રે;
પત્ર જેવું નહિ પાતળું, જડ જેવું ન જાડું રે. ૩
દીવડો મુકીશ મોટા ચૉકમાં, એથી થશે અંજવાળું રે;
એથી દેખાશે આંગણું, ઘણું રૂડું રૂપાળું રે. ૪
દીવડો મુકીશ મારે માંડવે, માંડવાને શોભાવે રે;
ધનપાળભાઇ કુળનો દીવો, જેમ કુળને દીપાવે રે. ૫
દીવડો લેઇ કનકાબાઇ, માંડવા મધ્યે મ્હાલે રે;
માથે ધરી મ્હોડ ચુંદડી, માજી મલપતાં ચાલે રે.૬
જેણે સપુત શિરોમણિ, કુળ દીપક જાયા રે;
ધન્ય એના અવતારને, કરી સારથક કાયારે. ૭
દીવડો દીસે રળિયામણો, હોય વિવા જે ઠામ રે;
દીવડો દીઠે દીલડું ઠરે, દાખે દલપતરામ રે. ૮

ગીત ૧૨૩ મું.

ગોરવનું ગીત પાંચમું.[૧]

" કંકુ છાંટી કંકોતરી મોકલે. " એ રાગ.

જાણે અમરાપુરી થકી ઉતર્યો; એનું મૂલ
ન કોઈથી કળાય, વીરણનો છે વિંઝણો;
ઝગમગિયાની ઝાલર ઝગમગે;

૧ આ તથા ગોરવનું ગીત ચોથું, નામ ફારફેર કરીને વર તથા કન્યા બેઉના તરફથી ગાવા લાયક છે.

૧ આ તથા ગોરવનું છઠું ને સાતમું ગીત માત્ર કન્યા તરફથી ગાવાનું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે તો દેખતાં દૃષ્ટિ લોભાય, વીરણુનો. ૧
શોભે દાંડી સોનાની સોહામણી;
હીરા માણુક મોતી મઢેલ, વીરણુનો;
ચુવા ચંદન નીર ગુલાબનું;
તેમાં રસ બસ તે તો કરેલ, વીરણુનો. ૨
વેવાઇ જગસિંહજીને રે શિર ઢળે;
સારો શીતળ પસરેછે વાય, વીરણુનો;
વિંઝણામાંથી પસરે સુવાસના;
ફરતી ગાઉ ગાઉ માંહી ફેલાય, વીરણુનો. ૩
ધનપાળભાઇના રંગ મહેલનો;
અતિ અજબ તરેહનો તેહ, વીરણુનો;
પ્રેમે નવલા વેવાઇએ પૂછિયું;
કયાંથી આપને સાંપડયો એહ, વીરણુનો. ૪
એવું સાંભળી ધનપાળભાઇ કહે;
સ્નેહે સાંભળો શાણા વેવાઈ, વીરણુનો;
અમારે ને અમારા રાયને;
ભલી અસલની ભાઇબંધાઈ, વીરણુનો. ૫
તેથી તે રાજાએ ભેટ મોકલ્યો;
જેની જગમાં જડે નહિ જોડ, વીરણુનો;
હીરા પારખું હોય તે જન જાણે;
કહે મૂલ સોનૈયા કરોડ, વીરણુનો, ૬
એ તો અમરાપુરીમાંહી ઉપજ્યો;
એના ભોગી ભલા ભલા ભૂપ, વીરણુનો;
એ તો તાપ ટાળે તનમનતણા;
ગુણ એવા છે એમાં અનુપ, વીરણુનો. ૭
આજ શાણા વેવાઇઓને શિર ઢળ્યો;
થયું તે અતિ ઉત્તમ કામ, વીરણુનો;
આજ આવ્યો સારા ઉપયોગમાં;
દિલે રીઝિયા દલપતરામ. વીરણુનો. ૮

ગીત ૧૨૪ મું.

ગોરવનું ગીત છઠું.

સદ્‌ગુણ રૂપી સુખડાનું ગીત.

"મરચાં લાલ ગુલાલ, મરચાં લ્યોરે લોદરિયાં."એરાગ.

સુખડાં સુખડિયાને હાટ, સુખડાં લ્યોરે સાકરિયાં.
ભરીને મૂક્યાં મોટાં માટ, સુખડાં લ્યોરે સાકરિયાં.

સુખડાં સદ્‌ગુણનાં શ્રીકાર, સુખડાં.
એનો ઉત્તમ સ્વાદ અપાર, સુખડાં. ૧
લાડુ લાયકીના હોય, સુખડાં,
શરીરે પુષ્ટિકારક સોય, સુખડાં;
શીરો તો સારો સંતોષ, સુખડાં,
નિશ્ચે તે તો છે નિર્દોષ, સુખડાં. ૨
સેવો સત્યપણું સુખ દેણુ, સુખડાં,
મગદળ તો મુખ મીઠાં વેણુ, સુખડાં;
જાણપણુંજ જલેબી જાણ, સુખડાં,
તેનાં થાય વિશેષ વખાણુ, સુખડાં. ૩
વિદ્યા વડાં ભલાં વખણાય, સુખડાં,
શિખંડ સજ્જનપણું સદાય, સુખડાં;
પવિત્ર મન તે તો દુધપાક, સુખડાં,
સહનપણું વિધવિધનાં શાક, સુખડાં. ૪
સૂતરફેણી શુદ્ધ વિચાર, સુખડાં,
પેંડા બરફી પરોપકાર, સુખડાં;
ઇશ્વર ભક્તિ અમૃતપાક, સુખડાં,
એમાં તો ગુણ દીસે અથાક, સુખડાં. ૫
બુદ્ધિ સારી તેજ બિરંજ, સુખડાં,
ગંભિરતા ખાજાંનો ગંજ, સુખડાં;
ઉદાર મન તે મોહન ઠાર, સુખડાં,
પાપડ પંડતણો આચાર, સુખડાં. ૬
ગુલાબપાક વિવેક ગણાય, સુખડાં,
તેથી તન મન ઠંડક થાય, સુખડાં;
કરુણા પીઓ કઢેલાં દુધ, સુખડાં,
એથી રે'શે અંતર શુદ્ધ, સુખડાં. ૭
પીજા નિરમળ નીતિ નીર, સુખડાં,
સાજાં તાજાં રહે શરીર, સુખડાં;
આવ્યા જમવાને આ ઠામ, સુખડાં,
દિલ ખુશ રે'જો દલપતરામ, સુખડાં. ૮

ગીત ૧૨૫ મું.

ગોરવનું ગીત સાતમું.

રંગરસનું [૧] ગીત.

"માંડવામાં કોણ કોણ સાજન બેઠા રે." એ રાગ.

રંગરસ માંડવામાં ધોળાયરે, રંગરસ સાજનને છંટાયરે;

૧ કવીશ્વર દલપતરામ લખે છે કે "જાનને પહેરામણી કરે છે તે દહાડે તથા ગોરવને દહાડે કંકુનો રંગ કરીને વેવાઇઓ અને વેવાણો એક બીજાની દાઢી પીળે છે અને કંકુ છાંટે છે. કંકુનાં રંગનું નામ રંગરસ અને તેનો ભાવાર્થ પરસ્પર પ્રેમનો રસ છે. મુસલમાનો પોયીનો રંગ વિવાહમાં પરસ્પર છાંટે છે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રંગરસમોંઘેમૂલેવેચાયરે, રંગરસરાજવળામાંવખણાયરે.૧
રંગરસ પાવ લાખે પાશેરરે, રંગરસ લાખ ટકાનો શેરરે;
રંગરસરંગમહેલમાંબિરાજેરે, રંગરસછેલછબીલીનેછાજેરે;
રંગરસ દેવને દુર્લભ દીઠોરે, રંગરસ લાગેછેમનનેમીઠોરે;
રંગરસ ભોગવે ભાગ્યશાળી ભોગીરે, રંગરસપામેનજોગી વિજોગીરે. ૩
રંગરસ કન્યાની ચુડીએચળકેરે, રંગરસ વરની પાઘડીએ ઝળકેરે;
રંગરસ શોભે કન્યાને ચુડેરે, રંગરસ વરને છોગલે રૂડેરે.૪
રંગરસ ગુલાબવહુને ઘુંઘટેરે, રંગરસ ધનપાળભાઇને દુપટ્ટેરે;
જેવો રંગ રાખે ધનપાળભાઇરે, એવો રંગ રાખજો ખેચર વેવાઇ રે. ૫
રાખે રંગ કનકાવતી સુજાણરે, એવો રંગ રાખજો ફુલાંદે વેવાણરે;
રાખે રંગ ગુલાબવહુ આજ જેવોરે, રાખજો રંગ જીવકોરવહુ તમે તેવોરે. ૬
રંગરસપામિયેપ્રભુનેપ્રતાપેરે, રંગરસ ઇશ્વરરીઝીનેઆપેરે;
રંગરસ સંસારમાં છે સારરે, રંગરસસ્થિતિણોશણગારરે.૭
રંગરસનીઆજેઉછળેછોળરે, રંગરસ છાંટેનેકરેછેકલ્લોલરે;
રંગરસ પ્રેમતણોપરિણામરે, દેખીદીલરીઝેદલપતરામરે.૮

ગીત ૧૨૬ મું.

પહેરામણી કરતાં ગાવાનું ગીત પહેલું.[૧]

દાયજાનું ગીત.

"ધોળકામાં ધરમશી ફુલતો, મોઘા ડંબર ગાજે." એરાગ.

કનકેરાણે પૂર્યો દાયજો, ચાલો જોવાને જૈએ;
ચંપાં કુંવરીને અપાયજો, ચાલો જોવાને જૈએ;
શણગાર્યા હાથીને ઘોડલા, ચાલો જોવાને જૈએ.
ઉંટનાં ઉત્તમ જોડલાં, ચાલો જોવાને જૈએ. ૧

રથ છે રૂડા ભાતભાતના, ચાલો જોવાને જૈએ,
બળદ જોવા જેવી જાતના, ચાલો જોવાને જૈએ;
ગાયો ભેંશો દીસે દૂઝતી, ચાલો જોવાને જૈએ,
સંખ્યા તેની નથી સૂઝતી, ચાલો જોવાને જૈએ. ૨

જડિત પટારા પટારિયો, ચાલો જોવાને જૈએ,
કનકના કળશ ને ઝારિયો, ચાલો જોવાને જઇએ;
સોના રૂપાના થાળ છે, ચાલો જોવાને જૈએ,
ગોળિયો ગોળા વિશાળ છે, ચાલો જોવાને જૈએ. ૩

૧ આગીત વર તથા કન્યા બેઉ પક્ષવાળાને ગાવાલાયકછે.

પાટલા બાજઠ બેસણાં, ચાલો જોવાને જૈએ,
દીવણિયાં મુક્યાં છે ઘણાં, ચાલો જોવાને જૈએ;
છાજતા છપર પલંગ છે, ચાલો જોવાને જૈએ,
સાંગા માંચીઓ તે સંગ છે, ચાલો જોવાને જૈએ.૪

ગાદલાં ગાલમશુરિયાં, ચાલો જોવાને જૈએ,
ઓશીકામાં રૂ પૂરિયાં, ચાલો જોવાને જૈએ;
સરસ છે સુજની રજાઇઓ, ચાલો જોવાને જૈએ,
તકિયા ઓછાડ તળાઇઓ, ચાલો જોવાને જૈએ. ૫

કાંશકિયો હાથીદાંતની, ચાલો જોવાને જૈએ,
આરશિયો ભાત ભાતની, ચાલો જોવાને જૈએ;
વસ્ત્ર છે વિવિધ પ્રકારનાં, ચાલો જોવાને જૈએ,
શોભીતાં સોનેરી તારનાં, ચાલો જોવાને જૈએ. ૬

હીરા મોતીના હાર છે, ચાલો જોવાને જૈએ,
આભૂષણ તો અપાર છે, ચાલો જોવાને જૈએ;
નામ બધાં નવ જાણિયે, ચાલો જોવાને જૈએ,
વાહવાહ કહીને વખાણિયે, ચાલો જોવાને જૈએ. ૭

દાબડિયો ને દાબડા, ચાલો જોવાને જૈએ,
ઘાટ કારીગરોએ ઘડયા, ચાલો જોવાને જૈએ;
જોઈ જોઇ વસ્તુ તમામને, ચાલો જોવાને જૈએ,
દીલ ખુશી દલપતરામને, ચાલો જોવાને જૈએ. ૮

ગીત ૧૨૭ મું.

પહેરામણી કરતાં ગાવાનું ગીત બીજું.[૧]

સંતોષ રાખવા વિષેનું ગીત.

" વઢુંરે પાટણ વડું ધોળકું, કોઈ માળવે જાય રે. " એ રાગ.

આપિયે તે સુખથી, એ તો રીત વ્હેવારી રે;
માગે વારે વારે મુખથી, તે તો ભગત ભીખારીરે.૧
સંતોષ જે રાખે સહી, એ તો રીત વ્હેવારી રે;
લોભનો થોભ મળે નહિ, તે તો ભગત ભીખારીરે.૨
પામે સંતોષ પ્રીતિ વડે, એ તો રીત વ્હેવારીરે;
પૈસાને માટે લઢી પડે, તે તો ભગત ભીખારીરે. ૩
આપ કમાઇએ ઉદર ભરે, એ તો રીત વ્હેવારીરે;
પારકી આશા અંતર ધરે, તે તો ભગત ભીખારીરે.૪
પીરસે તે જમે રોટલો, એ તો રીત વ્હેવારીરે;
પેટ ઉપર બાંધે પોટલો, તે તો ભગત ભીખારીરે. ૫
સંપ સગાં સાથે જોડશે, એ તો રીત વ્હેવારીરે;
તુચ્છ માટે સંપ તોડશે, તે તો ભગત ભીખારીરે. ૬

૧ આ ગીત માત્ર કન્યાવાળાને ગાવા લાયક છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શોભા સગાંને આપશે, એતો રીત વ્હેવારી રે;
ઉલટું જે માન ઉથાપશે, તે તો ભગત ભીખારી રે. ૭
દલપતનું કહ્યું દીલ ધરે, એ તો રીત વ્હેવારી રે;
ઓછું પાતર ઉલટું કરે, તે તો ભગત ભીખારી રે. ૮

ગીત ૧૨૮ મું.

કન્યા વળાવતી વખતે વર તરફથી ગાવાનું ગીત.

"આવીછે વરવાણુ ગામની ફેરજે,
ઝરમરીઆઝાલા." એ રાગ.

કન્યા વળાવો રૂડી રીતરે, નવલા વેવાઈ;
ચિંતા ન ધરશો કાંઈ ચિતરે નવલા વેવાઇ.
કન્યા રૂપી રૂડું રતન રે, નવલા વેવાઈ;
જીવ જોડી કરશું જતન રે, નવલા વેવાઇ. ૧
પાણી માગે ત્યાં દેશું દુધ રે, નવલા વેવાઇ;
સંભાળ કરશું ભાવ શુદ્ધ રે, નવલા વેવાઈ.
લાખેણાં લડાવીશું લાડ રે, નવલા વેવાઈ;
ગણશું તમારો પુરો પાડ રે, નવલા વેવાઇ. ૨
પ્રીતે ઉછેરી રૂડી પેર રે, નવલા વેવાઇ;
આપી કન્યા અમારે ઘેર રે, નવલા વેવાઈ.
કરશે ઉજ્વળ અમારૂં કુળ રે, નવલા વેવાઈ;
તરૂને શોભાવે જેમ ફુલ રે, નવલા વેવાઇ. ૩
ગોરી છે રૂડી ગુણવાન રે, નવલા વેવાઇ;
મળશે અમારે ઘેર માન રે, નવલા વેવાઈ.
સર્વ કળામાં છે સુજાણ રે, નવલા વેવાઈ;
વિધ વિધ પામશે વખાણ રે; નવલા વેવાઇ. ૪
માયાળુ મનની છે વિશેષ રે, નવલા વેવાઇ;
હળી મળી ચાલશે હમેશ રે, નવલા વેવાઇ.
જાણીશું જેની જીવ જાન રે, નવલા વેવાઇ;
સાચવશું જેમ ફૂલ પાન રે, નવલા વેવાઇ. ૫
હેતથી કરીશું હાથે છાંય રે, નવલા વેવાઈ;
શંકા ન ધરશો મન માંય રે, નવલા વેવાઈ.
તમને વ્હાલી જેવી તેહ રે, નવલા વેવાઇ;
અમને પણ એવી વ્હાલી એહરે,નવલા વેવાઇ. ૬
જેવો હૈયાનો હોય હાર રે, નવલા વેવાઇ;
આંખો ઉપર જેવો પ્યાર રે, નવલા વેવાઈ.
પૂરણ ધરશું એવો પ્રેમ રે, નવલા વેવાઈ;
કોઈ દીન દુભાવીશું કેમ રે, નવલા વેવાઈ. ૭
પરણ્યાને મળો રૂડી પેર રે, નવલા વેવાઈ;
કન્યા વળાવી વળો ઘેર રે, નવલા વેવાઇ.
કરજો સદૈવ સારાં કામ રે, નવલા વેવાઈ;
દે દુવા દલપતરામ રે, નવલા વેવાઇ. ૮

ગીત ૧૨૯ મું.

કન્યાને સાસરે વળાવતાં કન્યાવાળાને ગાવાનું માતાના વિરહનું ગીત.

"ભમરા પહેલો વધાવો મારે આવિયો." એ રાગ.

ચંપાબાઇને સાસરે વળાવતાં;માતા કનકાવતી વદે વેણરે,
દીલડાહી દીકરી, પરણીને પિયરથી પધારિયાં;
દીકરી જુદાં પડ્યાનું જીવમાં લાવતાં;
મારાં નીરે ભરાઈ આવે છે નેણરે, દીલડાહી. ૧
મારી છાતીથી કદી મેં છોડી નથી;
દીકરી ધાર્યું મેં તુજ વિષે ધ્યાનરે. દીલડાહી.
દીકરી કદિયે મેં તને તરછોડી નથી;
દીલમાં જાણી મેં દીકરા સમાનરે, દીલડાહી. ૨
લાડે કોડે હું તુજને લડાવતી;
હું તો જાણતી તુજને જીવન પ્રાણરે, દીલડાહી;
નિરખી નિરખીને હૈડે હર્ષ લાવતી;
તેતો ચંદ્રને ચકોરી પ્રમાણરે, દીલડાહી. ૩
મેં તો હાથે છાયા કરી હેતથી;
માગ્યું પાણી ત્યાં દીધું લાવી દુધરે, દીલડાહી;
મેં તો સંભાળી તુજને સચેતથી;
સદા રાખીને મનમાં ભાવ શુદ્ધરે, દીલડાહી. ૪
દીકરી જ્યારે તું શેરીમાં રમવા જતી;
ત્યારે જો કાંઇ વિશેષ થતી વારરે, દીલડાહી.
તારૂં મુખ જોવા કાલી ઘેલી હું થતી;
હું તો જાણતી હૈયાતણો હારરે, દીલડાહી. ૫
દીકરી તારો વિજોગ નહિ વીસરે;
તારા સદગુણ સાંભરશે સદાયરે, દીલડાહી;
દીકરી તુજ વિના દિવસો નહિ નીસરે;
જેમ વચ્છ વિછોઈ પડી ગાયરે, દીલડાહી. ૬
દીકરી એકવાર નેહથી નિહાળ તું;
તારો ટળવળે સૈયરોનો સાથરે, દીલડાહી;
તારાં ભાઈ ભોજાઇ સામું ભાળ તું;
તેનાં હૈડાં તો રે'તાં નથી હાથરે, દીલડાહી. ૭
દીકરી આંગણા માંહી તું ઉભી રહે;
નેહે એકવાર નિરખું તારૂં મુખરે, દીલડાહી;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમ કહીને માએ કહ્યું, દલપત કહે;
દીકરી પામજે સંપૂરણ સુખરે, દીલડાહી. ૮

ગીત ૧૩૦ મું.

કન્યાને સાસરે વળાવતાં કન્યાવાળાને ગાવાનું માતાની શિખામણનું ગીત.

"જાદવરાય પરણ્યા રૂકમણી રે." એ રાગ.

સાસરવાસણીને માતા કહે સ્નેહથી રે;
દીકરી ધરજો મનમાં નારીતણો ધર્મ, મારી
લાડકવાઇ લાખેણી રે;
દીકરી પતિવ્રતાવ્રત પ્રેમે પાળવું રે;
કરવાં કંથ રીઝે એવાં રૂડાં કર્મ, મારી. ૧
દીકરી ઘરધણી તે તો ઘરનો રાજા ગણોરે;
દીકરી પ્રેમદા તે ઘરનો પ્રધાન, મારી;
દીકરી ઘરની સંભાળ સારી રાખવી રે;
સર્વે સાચવીને રાખવો સામાન, મારી. ૨
કરકસરથી ધનને બચાવવું રે;
થવા દેવો નહિ કાંઇ પણ બિગાડ, મારી;
સારી નારી વડે ઓપે ઘર ઉજળું રે;
ગંદી નારી વડે દિસે ગંદવાડ, મારી. ૩
સાસુ સસરાની પ્રતિમા પ્રેમે પાળવી રે;
કોઇને કદિયે નવ કહિયે કડવું વેણ, મારી;
મીઠાં વચનથી મરમ મનાવિયે રે;
જેથી સુણતાં લાગે દીલમાં સુખ દેણ, મારી. ૪
આઘી પાછી એકે વસ્તુ થવા દેવી નહિરે;
લૈને ગોઠવવી જ્યાં હોય જેતું સ્થાન, મારી;
સર્વે સમયનો સાજ હાજર રાખિયે રે;
ખાન પાન તથા સોપારી ને પાન, મારી. ૫
આવ્યાં ગયાંને આદરમાન આપિયે રે;
જેથી વિશ્વ વિષે થાય વિવિધ વખાણ, મારી;
દીકરી ઠગારા જનોથી ન ઠગાઇએ રે;
જાદુ જંત્ર મંત્ર સર્વે જુઠા જાણ, મારી. ૬
લખિયે ખાનગી ખરચનો હિસાબ પોતે રે;
સર્વે વસ્તુ તણી લખિયે સારી નોંધ, મારી;
ભરતચીતરની કળા નવ ભૂલિયે રે;
ભલા ભણતરનો ભૂલિયે ન બોધ, મારી. ૭
ઘણી ઉદ્યમ કરીને ધન ધાન્ય રળે રે;
ઘર ધંધો તે તો કામનીનું કામ, મારી;
સારી રીતે કરવી સ્વામીને સહાયતા રે;
દેછે શિખામણ દલપતરામ. મારી. ૮

ગીત ૧૩૧ મું.

પરણીને ઘેર આવતાં ગાવાનું ગીત પહેલું.

માતા લીધ્યા ને ગુંપ્યા મારા ઓરડા." એ રાગ.

કહે સૈયરને સૈયર સાંભળો; લાડો આવ્યો ને મારે
મન ભાગ્યો, સાહેલડી, લાખેણી લાગ્યો લાડણી;
એને બેચરસિંહ જેવા બંધવે;
પરણાવ્યો ને હૈડે હરખાવ્યો, સાહેલડી લાખેણી. ૧
ધન્ય ધન્ય કહું ફુલાદે માતને;
જેનો જાયો તે પૃથ્વીમાં પંકાયો, સાહેલડી લાખેણી;
મળ્યા લાખેણા લોકો તેમાં લાડણો;
દીસે ડાહ્યો તે સર્વથી સવાયો, સાહેલડી લાખેણી.૨
જો તું સાંભળ આજ એની જાનમાં;
વાજાં વાજે તે ગગનમાં ગાજે, સાહેલડી લાખેણી;
વર કન્યા શોભીતા સારા રથમાં;
છટા છાજે એવી રીતે બિરાજે, સાહેલડી લાખેણી.૩
હાથી દાંત કેરો કન્યાના હાથમાં;
ચુડો ચળકે ને કાને ઝાલ લળકે, સાહેલડી લાખેણી;
એનું આછા ઘુંઘટડામાં મુખડું;
ઝાઝું ઝળકે વીજળી જેમ ચળકે, સાહેલડી લાખેણી.૪
જોવા જેવી છે જુગિત જેની જાનમાં;
બેઠા હાથી ઉપર વરના સાથી, સાહેલડી લાખેણી;
કંઇક બખતરિયા શોભે બખતરે;
શોભે ભાથી તો ભાથાની શોભાથી,સાહેલડી લાખેણી.૫
લાડો વૃદ્ધ જનોને બહુ વિનવે;
પગે લાગે ને આશિષ તે માગે, સાહેલડી લાખેણી;
સૈનો ભાગ્યો તે વિરહ વિજોગનો;
જ્ઞાન જાગે ને વ્હેમ જેમ ભાગે, સાહેલડી લાખેણી.૬
સગાં સ્નેહીની સર્વે મળી સુંદરી;
મળવા આવે ને મોતીડે વધાવે, સાહેલડી લાખેણી;
લાડો મિત્ર પોતાના સહુને મળે;
પાન ચાવે ને સુખ મલકાવે, સાહેલડી લાખેણી.૭
લાડે લાજ વધારી ઘણી લોકમાં;
એને નામે વખાણે ઠામે ઠામે, સાહેલડી લાખેણી;
એની કીર્તિ ફેલાવી કવિતા કરી;
ગામો ગામે તે દલપતરામે, સાહેલડી લાખેણી. ૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગીત ૧૩૨ મું.

પરણીને ઘેર આવતાં ગાવાનું ગીત બીજું.

" પેલા વેવાઇના ઝુંપડામાં શું જોશો." એ રાગ.

કુંવર પરણીને પદમણી લાવિયા, સાથે અસવારીનો
સારો ઠાઠરે, વર પરણી પધારિયા;
રસ્તા શુદ્ધજળે છંટકાવિયાં;
વેર્યાં ફુલડાં રૂડાં ઉભી વાટરે, વર. ૧
સામાં આવ્યાં સગાં સ્નેહી સૈ મળી;
આવ્યા શહેર સુબા સરદારરે, વર;
ગાય મંગળ માનનિયો મળી;
અંગો અંગ ઉમંગ અપાર રે, વર. ૨
મદ માતા ઘોડા ઘૂમે છે ઘણા;
ચાલે મલપતા મોટા માતંગ રે, વર;
મોટા રથની શોભામાં નથી મણા;
ઉડે વાવટા રૂડા નવરંગરે, વર. ૩
બહુ કેસર કસ્તુરી મઘમઘે;
અતિ ઉડેછે અબીર ગુલાલ રે, વર;
ઘોરી ચાલે ત્યાં ધરણી ધમધમે;
ઘણી ધમધમે ઘુઘરમાળ રે. વર. ૪
લાડાલાડીને શિર તો ચમર ઢળે;
મુખ રવિ શશી તેજ અંબાર રે, વર;
જોવા શેરીએ શેરીએ જન મળે;
કરે સર્વે આશીષ ઉચ્ચાર રે, વર. ૫
વાજાં વાજે અધિક ઉછરંગનાં;
સોના રૂપાની ઉછળે છે છોળરે, વર;
સર્વે ઉચરેછે વચન ઉમંગનાં;
કરે છે નરનારી કલ્લોલ રે, વર. ૬
આજ સ્નેહી સગાંનાં અંતર ઠર્યાં;
જોઇ લાડણી લખમી સ્વરૂપ રે, વર;
મન વાંચ્છિત કારજ સહુ સર્યાં;
આજ ત્રુઠિયા ત્રિભુવન ભૂપ રે, વર. ૭
આજ મોતીડે મેહુલા વરસિયા;
આજ સિદ્ધ થયાં સર્વે કામ રે, વર;
આજ સોનાના ડુંગર દરશિયા;
દિલે હરખિયા દલપતરામ રે, વર. ૮

ગીત ૧૩૩ મું.

એકીબેકી રમતી વેળા ગાવાનું ગીત.[1]

" વર કન્યા બેઠાં છે એક પાટેજી." એ રાગ.

એકી બેકી લાડો ને લાડી રમેછેજી,
ગુણ તેના સમજુના મનમાં ગમેછેજી;
જુવતિયો જોવા મળી ટોળે ટોળેજી,
કંકુ કેરી આડ કરીછે કપાળેજી. ૧
વારે વારે કરેછે હાસ્યવિનોદજી,
પેખી પામેછે પૂરો પ્રમોદજી;
વર કન્યા દીસેછે તેવ તેવડાંજી,
માંહો માંહી કરેછે મરકલડાંજી. ૨
આગળ મુકયો સોનાનો સુંદર થાળજી,
માંહી મુકયાં માણેક મોતી પ્રવાળજી;
માંહી શ્રીફળ ખારેકો અખોડજી,
હરખથી રમે કરીને હોડજી. ૩
મુઠી વાળી પ્રેમથી લાડો પૂછેજી,
કહો આમાં એકી કે બેકી શું છેજી ?
આંગળીએ ઉત્તર લાડણી આપેજી,
એમ અન્યોઅન્યની અક્કલ માપેજી. ૪
ખુશી ભર્યો ખેલ કરેછે ખાસોજી,
તરૂણીઓ મળીને નિરખે તમાસોજી;
લાડી પુછે લાડાને એવીજ રીતેજી,
પરસ્પર આનંદ પામે પ્રીતેજી. ૫
ગોરી મળી ગીત મંગળ રૂડાં ગાયજી,
મનમાં તો હરખ ન સૈને માયજી;
જીત્યો જીત્યો લાડો તે જુગતે જોઇજી,
હારી હારી લાડણી હિમ્મત ખોઇજી. ૬
જીતવાને હૈયામાં હઠ નથી ધરતાંજી,
હારે તેથી ખેદ ખચીત નથી કરતાંજી;
હારજીત હસી કાઢ્યાનો ખેલજી,
રૂદેમાં તો પ્રેમની પસરે રેલજી. ૭
આવે નહિ ઉરમાં અભાવ લગારજી,
એકી રમી એવા લીધો સારજી;
અંતરમાં સદૈવ સમજે આમજી,
શીખામણ દેછે દલપતરામજી. ૮

---

[1] આ ગીત થોડા ફેરફારથી વર તથા કન્યા બેઉના તરફથી ગાઇ શકાય તેવું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગીત ૧૩૪ મું.

કંકણદોરા છોડતાં વર તરફથી ગાવાનું ગીત.[1]

"તારે દોરડિયે દશ ગાંઠ, કે લાડી દોરડો નવ છુટે." એ રાગ.

તારે દોરડિયે દશ ગાંઠ, છબીલી દોરડો નવ છુટે;
તું તો નીવડી લક્ષણે લાંઠ, છબીલી.
તેં તો ગોઠવીને ગાંઠ વાળી, છબીલી.
ઉખળે નહિ કોઇની ઉખાળી છબીલી. ૧
બાંધ્યું પ્રેમનું બંધન પૂરૂં, છબીલી.
નથી એક રતીએ અધૂરૂં, છબીલી.
કાંઇ મોહની મંત્ર છે એમાં, છબીલી.
કાંઇ તંત્રની જુક્તિ છે તેમાં, છબીલી. ૨
તારી દીસે પ્રવીણતા પૂરી, છબીલી.
નથી કોઇ કળાએ અધૂરી, છબીલી.
તારી ઉમ્મર છે હજી છોટી, છબીલી.
એવી વિદ્યા તું ક્યાં શીખી મોટી? છબીલી. ૩
કહે તું ભણી કોની નિશાળે? છબીલી.
વશીકરણની વિદ્યા વિશાળે, છબીલી
પ્રેમ પાસલો છે તુજ પ્રાસ, છબીલી.
તારો કોણ કરશે વિશ્વાસ? છબીલી. ૪
કેવા સાધનથી કામ સાધ્યું? છબીલી.
કાચે તાંતણે બંધન બાંધ્યું, છબીલી.
તાંતણે ગાંઠ પડી વજર જેવી, છબીલી.
તેતો કદીએ ન છુટે એવી, છબીલી. ૫
તારાં વેણમાં છે વશીકરણ; છબીલી.
તારાં નેણ દીસે મન હરણ, છબીલી.
મંત્ર જંત્ર સાચા નથી એકે, છબીલી.
લાડો વશ કર્યો વિનય વિવેકે, છબીલી. ૬
મીઠી વિનય ભરી તારી વાણી, છબીલી.
વાણી વિનયથી સૌએ વખાણી, છબીલી.
તારી કીર્ત્તિ જગતમાં જામી, છબીલી.
તારા સદ્‌ગુણમાં નથી ખામી, છબીલી. ૭
ધન્ય ધન્ય તારાં માત તાત; છબીલી.
વાટે ઘાટે કરે લોક વાત, છબીલી.
તેં તો સાસરિયું શોભાવ્યું, છબીલી.
સાચું દલપતરામે બતાવ્યું. છબીલી. ૮

૧ કન્યા તરફથી ગાવું હોય તો થોડો ફેરફાર કરીને ગાઈ શકાય તેવું છે.

ગીત ૧૩૫ મું.

ઉકરડી ઉઠાડતાં ગાવાનું ગીત.

"ઉંકરડી ઉઠાડતાં વનમાળીરે." એ રાગ.

ઉકરડી ઉઠાડિયે, સખી શાણીરે;
ઝાડિયે જગ્યા ઝપટ, શુણો સખી શાણીરે;
મેલી જમીન મટાડિયે, સખી શાણીરે;
કાહાડિયે ચીચરવટ, શુણો સખી શાણીરે. ૧
આંગણું આધક ઓપાવિયે, સખી શાણીરે;
વાવિયે નાગરવેલ, શુણો સખી શાણીરે;
ફૂલના રોપા રોપાવિયે, સખી શાણીરે,
વાવિયે કોમળ કેળ, શુણો સખી શાણીરે. ૨
દ્રાખનો માંડવો છાઇએ, સખી શાણીરે;
પાઇએ જળ ધરી પ્રીત, શુણો સખી શાણીરે;
હૈડામાં અતિ હરખાઇએ, સખી શાણીરે;
ગાઇએ મંગળ ગીત, શુણો સખી શાણીરે. ૩
પરણાવ્યાં ચંપાં[1] બાઇને સખી શાણીરે;
ભાઇને જશછે ખચીત, શુણો સખી શાણીરે;
તેડયા બનેવી જમાઇને, સખી શાણીરે;
ચાહીને પોતાને ચિત, શુણો સખી શાણીરે. ૪
જશ પસર્યો જન જાતમાં, સખી શાણીરે;
નાતમાં લીધોછે લ્હાણ, શુણો સખી શાણીરે;
સંતોષ્યા સૌના આતમા, સખી શાણીરે;
વાતમાં થાય વખાણ, શુણો સખી શાણીરે. ૫
વિવા' તો સૌએ વખાણિયો, સખી શાણીરે;
જાણિયો જગત મોઝાર, શુણો સખી શાણીરે;
પંચે મળીને પ્રમાણિયો સખી શાણીરે;
પ્રાણિયો પોખ્યા અપાર, શુણો સખી શાણીરે. ૬
જગત બધામાં જોઇએ, સખી શાણીરે;
કોઇએ ન કરી આવી રીત, શુણો સખી શાણીરે;
શુણી હૈયે હરખીત હોઇએ, સખી શાણીરે;
ખોઇએ ખેદ ખચીત, શુણો સખી શાણીરે. ૭
કનકારાણાની હામના, સખી શાણીરે;
ગામના જન ગુણ ગાય, શુણો સખી શાણીરે;
દીલ વિષે દલપતરામના, સખી શાણીરે;
નામના રે'શે સદાય, શુણો સખી શાણીરે. ૮

૧ વરને ઘેર હોય તો "પરણાવ્યા ચતુરભાઇને" એમ ગાવું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગીત ૧૩૬

માતાને વધામણું દેવા જતાં ગાવાનું ગીત.

"માતા નવસેં કળીનો વિંઝણો." એ રાગ.

વળી વળીને વિનવીં મુખે માગિયે;　દેજો મંગળ દિવસ સદાય રે,
　　દેવ[1] માતાપિતા તમે સત્ય છો;
ઢમકે ઢોલ ને નોબત ગડગડે;　સાથે મંગળ ગીત ગવાય રે,　દેવ.　૧
વારે વારે ચતુરભાઈ વિનવે;　ઈચ્છા પૂરજો કરજો કૃપાય રે,　દેવ;
નમી નમીને ચંપાંવહુ એમ કહે;　હરજો સંકટ કરજો સહાય રે,　દેવ.　૨
પગે લાગે ને માંગે છે પુત્ર દો;　રિદ્ધિ સિદ્ધિ દેજો જગરાય રે,　દેવ;
તિથિ ત્રણસેં ને સાઠ છે વર્ષની;　દાહડા સર્વે તે સુખના દેખાયરે,　દેવ.　૩
મળજો સ્નેહી સગાંનો મેળાવડો,　સદાસજ્જનનો દેજો સંગ રે,　દેવ;
હાથ ઝાલી નિભાવજો હેતથી;　વિશ્વમાં દેજો અધિક ઉમંગ રે,　દેવ.　૪
રાજ સાજ આપો રળિયામણો;　હાથી ઘોડા ને રથ સુખપાલ રે;　દેવ;
નામ રટિયે તમારૂં નેહથી;　રીઝીને કરો અમને નિહાલ રે,　દેવ.　૫
શ્રીફળ ફોફળ પાન સમર્પિયે;　દાસ જાણી થજો દીલદાર રે,　દેવ;
દાનવ દેવને મુનિવર માનવી;　સર્વ જગત તમે સ્રજનાર રે,　દેવ.　૬
જીભે ગાઇએ જશ અમે તમતણા;　કાપો કષ્ટ થઈ મ્હેરબાન રે,　દેવ;
રાખો અખંડ એવાતણ ઓપતું;　રહો રૂદયે તમારૂં ધ્યાન રે,　દેવ.　૭
જન જાત ને જગત વિષે કરો;　ભાગ્યાળી ભલા ઠામોઠામ રે,　દેવ;
જીરે કરજોડી શુભ કવિતા કરી;　રીઝવે તમને દલપતરામ રે,　દેવ.　૮

સીમંતમાં ગાવાનાં ગીત.

ગીત ૧૩૭ મું.

ઘેણને પંચમાસીની રાખડી બાંધતાં ગાવાનું ગીત પહેલું.

રાખડી બાંધવાનું ગીત.

"સાબરમતીએ આવ્યાં પૂર, ભાગો રૂશણાં રે."
એ રાગ.

લાવ્યાં નણુદી ઘડાવીને ઘાટ, ઘેણની રાખડી રે;
તેનો ઠીક બન્યો છે ઠાઠ,　ઘેણના રાખડી રે;
રાખડીમાં છે રૂડાં રતંન,　ઘેણની રાખડી રે;
કરજો જીવની પેરે જતંન　ઘેણની રાખડી રે. ૧
રૂડું રાખડી સાથે છે બોર,　ઘેણની રાખડી રે;
કર્યું કનકનું ચિત્તનું ચોર,　ઘેણની રાખડી રે;
માંહી નીલમણિ છે જડેલ,　ઘેણની રાખડી રે;
સોના સાંકળીઓ ગુંથેલ,　ઘેણની રાખડી રે. ૨
બાંધી નણદીએ ભાભીને હાથ, ઘેણની રાખડી રે;
ઘણો સ્નેહ ધરી દીલ સાથ,　ઘેણની રાખડી રે;
આપી અંતરથી આશીષ,　ઘેણની રાખડી રે;
કરજો રક્ષણ શ્રી જગદીશ,　ઘેણની રાખડી રે. ૩
રૂડો પુત્ર પ્રસવજો પવિત્ર,　ઘેણની રાખડી રે;
જેનું ચરચાય જગમાં ચરિત્ર, ઘેણની રાખડી રે;
રાખડીમાં છે મોટો મર્મ,　ઘેણની રાખડી રે;
સુચવે છે ઘેણનો ધર્મ,　ઘેણની રાખડી રે; ૪
પંચમાસી પવિત્ર ગણાય,　ઘેણની રાખડી રે;
રૂડી રાખડી ત્યારે બંધાય,　ઘેણની રાખડી રે;
ઘેણ રાણી કહે બધું ગામ,　ઘેણની રાખડી રે;
તેને કાંઈ ન સોંપવું કામ,　ઘેણની રાખડી રે. ૫

---

૧ કવીશ્વર દલપતરામ લખે છે કે "દેવી ગાવું હોય તોપણ ગવાય, કેમકે પરમેશ્વર પુરૂષને કે સ્રીને આકારે નથી."

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

એને જે ઉર ઇચ્છા થાય, ધેણની રાખડી રે;
તેવું ભોજન તેને અપાય, ધેણની રાખડી રે;
રે'વું આનંદ માંહી હમેશ, ધેણની રાખડી રે;
ચિત ચિંતા ન ધરવી લેશ, ધેણની રાખડી રે. ૬
કરિયે આનંદ ઉત્સવ રંગ, ધેણની રાખડી રે;
જેથી અંગમાં ઉપજે ઉમંગ, ધેણની રાખડી રે;
ગવરાવિયે મંગળ ગીત, ધેણની રાખડી રે;
જેથી થાય પ્રફુલિત ચિત, ધેણની રાખડી રે, ૭
જેવું તન મન માતું જણાય, ધેણની રાખડી રે;
તેવું સંતાન તેવું થાય, ધેણની રાખડી રે;
સર્વ સમજુ તો સમજેછે આમ, ધેણની રાખડી રે;
દાખે દ્વિજવર દલપતરામ, ધેણની રાખડી રે. ૮

ગીત ૧૩૮ મું.

ધેણને પંચમાસાની રાખડી બાંધતાં ગાવાનું ગીત બીજું.

ધેણની સુખસેજના વર્ણનનું ગીત.

"જીરે મેડીએથી ચંપાવહુ ઉતર્યાં." એ રાગ.

રંગ મેહેલમાં ચંપાવહુ પોઢિયાં,
નાની નણદલે પુછ્યું રૂડી પેર;
ભાભી આવા ઢોલિયા કયાં નીપજે?
નણદી ઢોલિયા મળે ધોરાજી શેહેર,
તમારા વીરાની સુખ સેજડી. ૧
ભાભી ભરત ભરેલો ભલો વિંઝણો,
તેની દાંડી દીસે રૂપાની તમામ;
એવા સારા વિંઝણા કયાં સાંપડે?
નણદી વિંઝણા સાંપડે વીરમગામ, તમારા. ૨
ભાભી રકાબીમાં પાન ને સોપારીછે,
તેમાં સુડીની ભજેછે ભલી ભાત;
એવી સારી સુડિયો કયાં સાંપડે?
નણદી સુડી તો પાટણની પ્રખ્યાત. તમારા. ૩
ભાભી આરસો આ ઉત્તમ પ્રકારનો,
એની નિર્મળતા વખાણું વિશેષ;
એવો રૂડો આરસો કયાં નીપજે?
નણદી આરસો નીપજે ચીનદેશ. તમારા. ૪
ભાભી રૂપાના પાસા સોનાનાં સોગઠાં,
બાજી રૂડી રંગ મ્હેલનો શણગાર;
બાજી તે બનેલી કિયા શેહેરમાં?
નણદી બાજી બને મુંબાઇ મોઝાર. તમારા. ૫
ભાભી સરસ આ અત્તરની શીશિયો,
એનો સુગંધ વખાણે સુલતાન;
એવું તે અત્તર કયાંથી આવિયું?
નણદી અત્તર મળેછે મુલતાન, તમારા. ૬
ભાભી સુંદર દીસેછે આ તો ડાબડા,
એમાં ઘરેણાં મુકાય રૂડી પેર;
એવા ડાબડા કયાંથી વેસાવિયા,
નણદી ડાબડા વસાવ્યા સૂરત શેહેર, તમારા. ૭
ભાભી આબખોરા લોટા અતિ ઓપતા,
આવા ચીતરેલા મળે કિયે ગામ?
નણદલ વાસણ એતો કાશીનાં,
લાવ્યા સોગાતમાં દલપતરામ, તમારા. ૮

ગીત ૧૩૯ મું.

સીમંતને દહાડે ગાવાનું ગીત.

મામેરાનું ગીત.[૧]

"મામેરૂં મોંઘા મૂલનું." એ રાગ.

ધેણને મૈયરથી મામેરૂં મોકલ્યું;
ધેણનીભાભીએ લીધીછે છાબ, મામેરૂં આવે મલપતું;
છટાદાર વરતર ધર્યા છાબમાં;
બીજા બહુબહુ ભરિયા છે બાબ, મામેરૂં. ૧
ચરણા ચોળી ને ચીર છે ચળકતાં;
જેમાં ઝગમગે છે જરિયાન, મામેરૂં;
ઘણો શોભે ઘુઘરવટ ઘાઘરો;
નાડી રેશમની છે નિદાન, મામેરૂં. ૨
ઘરચોળાં તથા ઘરસાડિયો;
એક એકથી ઉતમ એક, મામેરૂં;
બુટાદાર બનાવટ બહુ ભલી;
એનું મૂલ સોનૈયા અનેક, મામેરૂં. ૩
શેલાં સાળુ દુશાલા ને પાઘડી;
શિરબંધની શોભા અપાર, મામેરૂં;
જોયા જામા રૂડા જરિયાનના;
બીજા શોભીતા બહુ શણગાર, મામેરૂં. ૪
હીરા મોતી ને હેમના હાર છે;
ઝાલ ઝુમણાં ઝાંઝર જોડ, મામેરૂં;

૧ આ ગીતની સાથે ૮૪ મું ગીત ઘણું ગવાય તેવું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બાજુબંધ છે પોંચીને બેરખી;
માંહી મૂક્યાં છે ચુંદડી ને મ્હોડ, મામેરૂં. ૫
નાડાછડીને કંકુનો પડો ધર્યો;
ધર્યાં શ્રીફળ ફોફળ પાન, મામેરૂં;
ઘેણના શણગાર સરવેછે છાબમાં;
જોવા મળિયા સુબા સુલતાન, મામેરૂં. ૬
વાજાં વાજેછે વિવિધ પ્રકારનાં;
શોભે સાજન માહાજન સાથ, મામેરૂં;
ઘેણ રાણી તો સ્થમાં બીરાજિયાં;
રંગે રાતા દીસે પગ હાથ, મામેરૂં. ૭
ઘેણ પિયર પનોતી સુભાગણી;
તેના ગુણ ગણે લોક તમામ, મામેરૂં;
છાબ ભરી તે છબીલીને છાજજો;
દે છે આશીષ દલપતરામ, મામેરૂં. ૮

ગીત ૧૪૦ મું.

સીમંતને દહાડે ગાવાનું ગીત બીજું.

ઘેણ રથમાંથી ઉતરીને પગલાં ભરે ત્યારે ગાવાનું ગીત.

"રંગચોળ, રંગચોળ, માંહી ભર્યારે કપૂર, ચણોઠીનાં ચીર મારે લાવજોરે." એ રાગ.

સૈયર જોજો, સૈયર જોજો, આ ઘેણનું સ્વરૂપ,
ઘેણરાણી ધીરે પગલાં ધરે રે;
તેની તોલે, તેની તોલે, નાવે ભલા ભૂપ,ઘેણરાણી. ૧
ઘેણને માથે, ઘેણને માથે છે મોતીનો મ્હોડ, ઘેણરાણી;
ઘેણને કંકુ, ઘેણને કંકુની પીળના ક્રોડ, ઘેણરાણી. ૨
ઘેણને કાને, ઘેણને કાને, ઝળકતી છે ઝાલ, ઘેણરાણી;
ઘેણને ત્રાજું ઘેણનેત્રાજવું, છે ગોરેગાલ, ઘેણરાણી. ૩
ઘેણને નાકે, ઘેણને નાકે, છે નથડી અનુપ, ઘેણ રાણી;
ઘેણના દાંત, ઘેણના દાંત, દાડમ બીજરૂપ, ઘેણ. ૪
ઘેણનું મુખ,ઘેણનું મુખ,શશીપૂર્ણ પ્રમાણ, ઘેણરાણી;
ઘેણનાં નેણાં,ઘેણનાં નેણાં,છે તિક્ષણ બાણ, ઘેણરાણી.૫
ઘેણની કોટે, ઘેણની કોટે, એકાવળહાર, ઘેણરાણી;
ઘેણને પાયે,ઘેણને પાયે, ઝાંઝર ઝમકાર, ઘેણરાણી. ૬
ઘેણને હાથે, ઘેણને હાથે, ચળકતો છે ચુડો, ઘેણરાણી;
તેનો રંગ, તેનો રંગ, દીસે ઘણો રૂડો, ઘેણ રાણી. ૭
ઘેણનાં સિદ્ધ ઘેણનાં સિદ્ધ, થજો સર્વ કામ, ઘેણરાણી;
દુવા દેછે, દુવા દેછે, દ્વિજ દલપતરામ, ઘેણરાણી. ૮

ગીત ૧૪૧ મું.

સીમંતને દહાડે ગાવાનું ગીત ત્રીજું.

[૧]ઘેણને તથા તેનાં સાસરિયાંને પેહેરામણી કરતાં ગાવાનું ગીત.

"ધોળકામાં ધરમસી ફુલતો,મેઘાડંબર ગાજે." એ રાગ.

આંગણે ઘેણ રાણી આવિયાં, રૂડી રાજવી રીતે;
સાસુએ આવી વધાવિયાં, પોતે પુરણ પ્રીતે. ૧
બાજઠ ધરણી ઉપર ધર્યો, ઘેણ બેઠાં તે ટાણે;
કુળનો આચાર ગોરે કર્યો, શુદ્ધ શાસ્ત્ર પ્રમાણે. ૨
ભાવથી ઘેણના ભાઇએ, પેહેરામણી કીધી;
સાસરિયાંની સગાઇએ, જેમ લાયક લીધી. ૩
ઘેણના ખોળામાં તે સમે, બાળ લાવી બેસાર્યો;
અભરામી એક એ સમે, એને આપી ઉતાર્યો. ૪
દિયર ધુસડિયે આવીને, ઘેણને ધુસટ મારી;
આપી એને સમજાવીને, ચાર મ્હોર વિચારી. ૫
નણદીએ બાંધેલી રાખડી, તેને પણ રાજી કીધી;
ફુલને ઠેકાણે પાંખડી, પગે લાગીને દીધી. ૬
સર્વને સંતોષિત કરે, ધરી અંતર ધીર;
જોનારા જન એમ ઉચરે, ધન્ય ઘેણનો વીર. ૭
સૌ જન સુખ ભરપુરથી, હરખ પૂરણ પામે;
આશીષ એવી ઉરથી, દીધી દલપતરામે.[૨] ૮

૧ ઘેણના પિયર તરફની સ્ત્રીઓ આ પ્રસંગે ૧૨૭ મું ગીત ગાઇ શકે. ૨ એ પછી ઘેણને ગોત્રજને પગે લગાડતાં ૧૩૬ મું ગીત ગાવા લાયક છે.

સમાપ્ત

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીમાં મળતાં પુસ્તકોની યાદી.

જીવનચરિત્રો.

૧ **અકબર ચરિત્ર.** કર્તા રા. સા. મહીપતરામ રૂપરામ **નીલકંઠ, સી. આઈ. ઈ;** મુંબઇ ઇલાકાના કેળવણી ખાતા તરફથી **લાઈબ્રેરી અને** ઈનામ માટે મંજુર. **આવૃત્તિ છઠ્ઠી** પૃ. ૧૯૨. **કીંમત આઠ આના.**

૨ **આલફ્રેડ (મહાન્) નું જીવન ચરિત્ર.** ઇંગ્લાંડના એંગ્લો સેક્ષન રાજ્યોને એકત્ર કરનાર અને ઇંગ્લાંડપર હલ્લો કરનાર ડેન લોકોને હંફાવનાર. તૈયાર કરનાર. **ચુનીલાલ બાપુજી મોદી. ઇનામ માટે મંજુર. આવૃત્તિ પાંચમી.** પૃ. ૭૬ **કીંમત પાંચ આના.**

૩ **ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર** સુપ્રસિદ્ધ બંગાળી સુધારકનું જીવનચરિત્ર. બંગાળી પરથી અનુવાદ કરનાર. કૃપાશંકર દોલતરામ (રૂશિયા. રાજા રામ મોહનરાય વગેરે ગ્રંથોના લેખક) પુસ્તક સરળ અને સાદી ભાષામાં લખાયું છે. પૃ. ૨૧૦ **કીંમત નવ આના.**

૪ **ઉદ્યોગી પુરૂષો.** દુનિયાના જાણુતા મહાન પુરૂષોનાં સંક્ષિપ્ત જીવન વૃત્તાંત. લેખક **નારાયણ હેમચંદ્ર.** પૃ. ૯૦ **કીંમત ચાર આના.**

૫ **એલ્ફિન્સ્ટન. (માઉન્ટ સ્ટુઅર્ટ)** મુંબાઈના માજી ગવર્નર સાહેબનું જીવનચરિત્ર. રૂલર્સ ઓફ ઇંડિયા માળામાંનું ભાષાંતર. કર્તા ચુનીલાલ માણેકલાલ ગાંધી. બી. એ. એલ. એલ. બી. **ઈનામ અને લાઇબ્રેરી** માટે મંજુર. પૃ. ૨૬૦ **કીંમત બાર આના.**

૬ **કુમારી કાર્પેન્ટરનું ચરિત્ર.** જન સેવામાં પોતાનું જીવન અર્પણ કરનાર ઇંગ્રેજ બાઇનું રસિક અને બોધદાયી જીવનચરિત્ર. લેખક, હેવરામ શિવરામ ત્રિવેદી પૃ. ૧૪૪ **કીંમત ત્રણ આના.**

૭ **જાવજી દાદાજી ચોધરીનું ચરિત્ર.** મુંબાઇના નિર્ણયસાગર પ્રેસના માલિકનું ચરિત્ર. એમાં જાવજી શેઠ ગરીબાઇમાંથી તવંગર શી રીતે થયા અને આટલી ખ્યાતિ પ્રાપ્ત કરી તેનું સુંદર વર્ણન છે. લેખક, છગનલાલ વિદ્યારામ રાવળ. પૃ. ૪૦ **કીંમત બે આના.**

૮ **ડીમોસ્થનીસનું ચરિત્ર.** ગ્રીસના મહાન વક્તા કે જેનાં ભાષણો દુનિયામાં પ્રભુત્વના આદર્શ રૂપ ગણાય છે તેનું ચરિત્ર મરાઠી ઉપરથી ભાષાંતર કરનાર, પરમાનંદદાસ ભોળાભાઇ પારેખ. પૃ. ૯૬ **કીંમત એક આનો.**

૯ **ધાર્મિક પુરૂષો.** હિન્દુસ્તાનના પ્રસિદ્ધ આચાર્યો અને સાધુ સંતોનાં સંક્ષિપ્ત જીવન વૃત્તાંત. લેખક. **નારાયણ હેમચંદ્ર.** વિષય. "**નાનક,** કબીર, કુકાગુરૂ, **બિલ્વમંગળ, લાલાચાર્ય, હરિદાસ, ચૈતન્ય,** રઘુનાથ **સનાતન** ગોસ્વામી **પરમહંસ** રામકૃષ્ણ, તુકારામ." પૃ. ૯૬. **કીંમત ચાર આના.**

૧૦ **નામાંકિત નારીઓ.** યુરોપની પ્રસિદ્ધ સ્ત્રીઓનાં જીવનચરિત્ર. ઇંગ્રેજીપરથી રચનાર **દાવર બહેનો.** વિષય. મહારાણી **વિક્ટોરીઆ,** લેડી જેન ગ્રે, રૂશિયાની કેથેરાઇન, શહેનશાહબાનુ જોસફાઇન, મેરિયા થેરીસા, મેરી ઍનટોઇનેટ. વગેરે. પૃ. ૧૧૨. **કીંમત છ આના.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૧ પ્રેસિડન્ટ લિંકનનું ચરિત્ર, અમેરિકાના પ્રજાસત્તાક મંડળના પ્રેસિડન્ટનું બોધદાયી ચરિત્ર, લેખક સુપ્રસિદ્ધ સાક્ષર મણિશંકર રત્નજી ભટ્ટ. બી. એ.; સ્વર્ગ અને નર્કના કર્ત્તા. ભાવનગર રાજ્યના કેળવણી ખાતાના ડીરેકટર (પ્રો. બળવંતરાય-ક-ઠાકોરે. તેનો ઐતિહાસિક ઉપોદ્‌ઘાત લખ્યો છે.) પૃ. ૨૦૪. **કીંમત બાર આના.**

૧૨ **પાર્વતી કુંવર ચરિત્ર.** ગુજરાતના મહાન્ સુધારક રા. સા. મહીપતરામભાઇનાં પત્નીનું સુબોધ જીવન વૃત્તાંત. લેખક સુપ્રસિદ્ધ કવિ ગણપતરામ **રાજારામ ભટ્ટ.** લઘુભારત અને **પ્રતાપ** નાટકના કર્તા. આ પુસ્તક હરિદ્વાઇના ઈનામના નિબંધોમાંથી પસંદ કરીને છપાવવામાં આવ્યું છે. **ઈનામ અને લાઇબ્રેરી** માટે મંજુર. આવૃતિ ત્રીજી. પૃ. ૬૦ **કીંમત ત્રણ આના.**

૧૩ **ફાર્બસ જીવનચરિત્ર અને ફાર્બસ વિરહ.** રાસમાળાના લેખક, ને ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના સ્થાપનાર. કર્તા-સુપ્રસિદ્ધ વિદ્વાન સાક્ષર મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી. ફારબસ સાહેબનું નામ સમસ્ત ગુજરાતી ભાષા બોલનારી આલમમાં જાણીતું છે. **ઇનામ અને લાઇબ્રેરી** માટે મંજુર. પૃ. ૮૦ **કીંમત છ આના.**

૧૪ **ફ્રાન્સિસ બેકનનું જીવન ચારત્ર.** ઇંગ્લાંડના મહાન્ તત્વચિંતક અને ઇલીઝાબેથ રાણીના ચાન્સેલર-સુપ્રસિદ્ધ વિદ્વાન્ બેકનનું વૃત્તાંત. ઇંગ્રેજી પરથી લખનાર **મોતીલાલ** છોટાલાલ દેસાઇ, બી. એ. એલ. એલ. બી. **લાઇબ્રેરી** માટે મંજુર. પૃ. ૩૯૩ **કીંમત સવા રૂપિયો.**

૧૫ **બેન્જામિન ફ્રાંકલિનનું ચરિત્ર.** અમેરિકાના મહાન પુરૂષનું વૃત્તાંત અનુક્રમણિકા. પ્ર. ૧ લું. બાળપણ. પ્ર. ૨ જું છાપખાનામાં શાર્ગિદ. પ્ર. ૩ જું પલાયન. પ્ર. ૪ થું. ફિલોડેલ્ફિયાથી લંડન. પ્ર. ૫ મું. લંડનમાં. પ્રકરણ ૬ ઠ્ઠું ફિલાડેલ્ફિયામાં પ્ર. ૭ મું. "જન્ટો" મંડળી. પ્ર. ૮ મું. ફ્રાંકલિન અને મેરિડિથની પેઢી. પ્ર. ૯ મું લગ્ન તથા પુસ્તકાલયની સ્થાપના. પ્ર. ૧૦ મું અધિપતી અને "ગરીબ રીચર્ડનું" પંચાંગ. પ્ર. ૧૧ મું જાત કેળવણી. પ્ર. ૧૨ મું લોક હિતેચ્છુ શહેરી, પ્ર. ૧૩ મું વીજળી સંબંધી શોધો વગેરે ૩૪ પ્રકરણો. **ઈનામ અને લાઈબ્રેરી** માટે મંજુર. **આવૃતિ બીજી** પૃ. ૩૬૨ **કીંમત બે રૂપિયા.**

૧૬ **બોધકચારત્ર.** સદાચરણી પુરૂષોનાં વૃત્તાંતો. ચરિત્રશાળી પિંગાળ, ચાર્લસ ડોમેટ, મૂળરાજ, વગેરેનાં ચરિત્રો. લેખક **નારાયણ** હેમચંદ્ર પૃ. ૨૪૦ **કીંમત ચાર આના.**

૧૭ **મિસ ફ્લોરન્સ નાઈટીંગેલ,** દુઃખી માણસનું દુઃખ નિવારનાર અને દર્દી માંદા મનુષ્યોની સારવાર માટે જાણીતી વિદુષી બાઇનું જન્મ વૃત્તાંત. પુસ્તક બહુ રસિક અને સુંદર ભાષામાં. ગુજરાતનાં પ્રથમ સ્ત્રી ગ્રેજ્યુએટ **સૌ. શારદા મહેતા,** બી. એ.; એ લખ્યું છે. **ઈનામ અને લાઈબ્રેરી** માટે મંજુર. પૃ. ૧૦૪ **કીંમત ચાર આના.**

૧૮ **રણજીતસિંહ. પંજાબના** સિંહનું ચરિત્ર. (રૂલર્સ ઓફ ઇંડિયા સિરિઝનું ભાષાંતર) કર્તા. ડાહ્યાભાઇ. **પી.** દેરાસરી. બાર૦ એટ૦ લો. સરલ પદાર્થ વિજ્ઞાન, બુલબુલ, વનસ્પતિ શાસ્ત્ર વગેરેના લેખક. **ઈનામ અને લાઈબ્રેરી** માટે મંજુર. આવૃત્તિ **બીજી** પૃ. ૨૪૦ **કીંમત બાર આના.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૯ **રાજા રામમોહનરાયનું જીવન ચરિત્ર.** બંગાળાના આદિ સુધારક બાબુ રામમોહનરાયનું જીવન વૃત્તાંત. પ્ર. ૧ પૂર્વજો, માતાપિતા, બાલ્યકાળ. પ્ર. ૨ જું. ઘેર પાછા આવવું, શાસ્ત્ર ચર્ચા. પ્ર. ૩ જું. કલકત્તામાં. પ્ર. ૪ થું. વેદાન્ત અને વેદાન્ત સુત્રના ભાષ્યની પ્રસિદ્ધિ. પ્ર. ૫ મું. પંડિતો સાથે વાદવિવાદ. પ્ર. ૬ ઠું. ગ્રંથકાર. પ્ર, ૭ મું પાદરી સાથે ચર્ચા. પ્ર. ૮ મું. ખ્રિસ્તિ ધર્મની ચર્ચા. પ્ર. ૯ મું. બ્રાહ્મ સમાજની સ્થાપના. પ્ર. ૧૦ મું. સામાજિક ગરબડાત સતીદાહ. પ્ર. ૧૧ મું. બંગાલી ભાષા અને સાહિત્ય. પ્ર. ૧૨ મું. રાજનૈતિક ઉદ્યોગ. પ્ર. ૧૩ મું. વિલાયત જવાનો ઉદ્યોગ. પ્ર. ૧૪ મું ઇંગ્લાંડ વાસી. પ્ર. ૧૫ મું. સ્વર્ગારોહણ વગેરે. કર્તા કૃપાશંકર દોલતરામ ત્રવાડી. (ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરનું જીવન ચરિત્ર લખનાર). પૃ. ૨૫૬

કીંમત એક રૂપિયો.

૨૦ **લૉર્ડ લોરેન્સ.** (રૂલર્સ ઑફ ઇંડિયા સિરિઝમાંનું ભાષાન્તર). કર્તા વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય. બી. એ. **ઇનામ અને લાઇબ્રેરી** માટે મંજુર. પૃ. ૨૩૨. **કીંમત બાર આના.**

૨૧ **સર વિલિયમ વોલેસ.** સ્કોટલાંડના દેશાભિમાની નરનું જન્મ વૃત્તાંત. લેખક જગજીવનભાઇ ભવાનીશંકર કાપડીઆ. પૃ. ૧૦૪. **કીંમત બે આના.**

૨૨ **સદ્‌ગુણી સ્ત્રીઓ.** ઇંગ્રેજી પરથી અનુવાદ કરનાર સૌ. સુમતિ (શાંતિદા, કમળકુમાર વગેરે ગ્રંથોના લેખક) ૧ શારલોટા બ્રોન્ટિ, ૨ લેડી રસલ, ૩ લેડી ફેનશો, ૪ લેડી જેન ગ્રે, ૫ મેરીયા થેરીસા, ૬ મીસીસ વર્ડસવર્થ ૭ એને ફ્લેક્સ મેન ૮ લેડી મેકીનટોશ. ૯ લેડી હાના મુર. પૃ. ૧૧૨. **કીંમત ચાર આના.**

૨૩ **સીતા દમયંતીનાં આખ્યાન.** આદર્શ સતીઓ, અને દમયંતીનાં વૃતાંત. લખનાર શાસ્ત્રી નાગેશ્વર જેષ્ટારામ. **ઇનામ અને લાઇબ્રેરી** માટે મંજુર. આવૃતિ **સાતમી.** પૃ. ૬૮. **કીંમત અઢી આના.**

૨૪ **સ્ત્રી બોધક સતી ચરિત્રો.** કર્તા **સૌ. સગુણા ભાનુસુખરામ નિર્ગુણરામ.** સ્ત્રી ઉપયોગી પુસ્તક. આમાં સીતા, દ્રૌપદી, તારા, દમયંતી, સાવિત્રી વગેરેનાં બોધદાયક જીવન વૃત્તાંતો આપ્યાં છે. **ઇનામ અને લાઇબ્રેરી** માટે મંજુર. પૃ. ૧૦૮ **કીંમત ત્રણ આના.**

૨૫ **શેઠ હરિવલ્લભદાસનું જીવન ચરિત્ર.** સુરતના સખી ગૃહસ્થ અને પોતાની સર્વ મિલ્કત સાહિત્ય પ્રચાર અને ખીલવણી અર્થે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને બક્ષિસ કરનાર ઉદાર પુરૂષનું જન્મ વૃતાંત (સચિત્ર) કર્તા. એક સ્નેહી પૃ. ૯૨. **કીંમત છ આના.**

૨૬ **હિન્દનાં મહારાણી અને તેમનું કુટુંબ.** આ પુસ્તકમાં મહારાણી વિક્ટોરીયા અને તેમના કુટુંબનો ઇતિહાસ છે. તે સિવાય મહારાણીના રાજ્યમાં હિન્દુસ્તાનમાં થયેલા સુધારાનું ટુંક દિગ્દર્શન આપ્યું છે. લેખક જગજીવનદાસ ભવાનીશંકર. પૃ. ૧૦૪. **કીંમત બે આના.**

૨૭ **હેન્રી ફોસેટનું જીવન ચરિત્ર.** સુપ્રસિદ્ધ અર્થશાસ્ત્રી હેનરી ફોસેટનું જન્મ વૃત્તાંત, બહુ સુંદર અને સરલ ભાષામાં કર્તા. રા. જીવાભાઇ રેવાભાઇ પટેલ, બી. એ. એલ. એલ. બી. એ લખ્યું છે. **લાઇબ્રેરી** માટે મંજુર. પૃ. ૨૬૦. **કીંમત બાર આના.**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust